بسم الله الرحمن الرحيم

મુલ્કે સુખન કી શાહી તુમ કો 'રઝા' મુસલ્લમ
જિસ સિમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈં



## શરહે કલામે રઝા ફી નઅતિલ્ મુસ્તફા ﷺ

# શરહે હ઼દાઈકે બખ઼્શિશ

(ભાગ : પહેલો)


અઝ

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رحمة الله عليه

શરહકર્તા

**મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)**

અનુવાદક તથા સંપાદક

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)



પ્રકાશકો

**અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www. barkatekhwaja.net Email :anjuman2006@hotmail.com

noorani art
Mob. 9427464411

હદિયો
₹200/-

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا رَسُوۡلَ اللّٰہِ ﷺ

وَعَلٰی آلِکَ وَاَصۡحَابِکَ یَا حَبِیۡبَ اللّٰہِ ﷺ

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન


કિતાબનું નામ : શરહે કલામે રઝા ફી નઅતિલ્ મુસ્તફા ﷺ

**શરહે હદાઈકે બખ્શિશ (ભાગ : ૧)**

અઝ : આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

શરહકર્તા : હાફિઝો કારી મૌલાના મુફ્તી ગુલામહસન કાદરી (લાહોર)

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, Email : anjuman2006@hotmail.com

કંપોઝિંગ : સાદિક યાકૂબ પટેલ–દયાદરા (મો. ૯૪૨૭૮ ૧૭૩૯૯)

: મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ–ઈખર (૯૭૨૩૮ ૬૨૭૨૮)

પેજીસ : ૪૪૦ ★ કિંમત : ₹200/- ★ આવૃત્તિ : પ્રથમ

પ્રકાશકન વર્ષ : ૧૪ મુહર્રમુલ હરામ હિ. સ. ૧૪૪૦ ★ પ્રકાશન નં. : ૨૪૦

અંગ્રેજી તારીખ : ૨૫/સપ્ટેમ્બર/૨૦૧૮, મંગળવાર

પ્રાપ્તિસ્થાન : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

મુ.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,

ફોન : (૦૨૬૪૨) (ઓફિસ)૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

Email : anjuman2006@hotmail.com

www.barkatekhwaja.net

પ્રકાશકો

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા | સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

★ નકલ : ૨૦૦૦ | ★ નકલ : ૫૦૦

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા,

તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪૬૪૪૧૧


નોંધ : ડોનરો–મેમ્બરોને દરેક કિતાબની એક કોપી ફ્રીમાં મોકલવામાં આવે છે. **(મેમ્બર ફી રૂા. ૫૦૦/-)**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ★ | કલેમાતે ખૈર.... | 005 |
| ★ | પ્રાસંગિક બે વાતો... | 006 |
| ★ | કિતાબ તથા શરહકર્તા વિશે કાંઈક | 008 |
| ★ | હમ્દે બારી તઆલા | 011 |
| ૦૧ | વાહ ક્યા જૂદો કરમ હે શહે બત્હા તેરા | 015 |
| ૦૨ | હમ ખાક હૈં ઔર ખાક હી માવા હે હમારા | 020 |
| ૦૩ | ગમ હો ગએ બેશુમાર આક઼ા ...... | 023 |
| ૦૪ | મુહમ્મદ ﷺ મઝહરે કામિલ હે હક્ક઼ કી... | 028 |
| ૦૫ | લુત્ફ ઉન્કા આમ હો હી જાએગા... | 034 |
| ૦૬ | લમ ય'તે નઝીરુક ફી નઝરિન... | 037 |
| ૦૭ | ન આસ્માં કો યૂં સર કશીદહ્ હોના થા | 041 |
| ૦૮ | શોરે મહે નવ સુનકર તુઝ તક મૈં દવાં આયા | 046 |
| ૦૯ | ખરાબ હાલ કિયા દિલ કો પુર મલાલ કિયા | 050 |
| ૧૦ | બંદા મિલનેકો ક઼રીબે હઝરતે ક઼ાદિર ગયા | 053 |
| ૧૧ | નેઅમતેં બાંટતા જિસ સમ્ત વો ઝીશાન ગયા | 059 |
| ૧૨ | તાબે મિર્આતે સહર ગર્દે બયાબાને અરબ | 062 |
| ૧૩ | ફિર ઉઠા વલ્વલએ યાદે મુગીલાને અરબ | 066 |
| ૧૪ | જોબનોં પર હે બહારે ચમન આરાઈ દોસ્ત | 069 |
| ૧૫ | તૂબા મેં સબસે ઊંચી નાઝુક સીધી નિકલી શાખ | 073 |
| ૧૬ | ઝહે ઈઝ્ઝતો એ'તેલાએ મુહમ્મદ ﷺ | 075 |
| ૧૭ | અય શાફએ ઉમમ શહે ઝી જાહ લે ખબર | 080 |
| ૧૮ | ગુઝરે જિસ રાહસે વો સૈયદેવાલા હોકર | 083 |
| ૧૯ | નારે દોઝખ કો ચમન કર દે બહારે આરિઝ | 086 |
| ૨૦ | તુમ્હારે ઝર્રે કે પરતવ સિતારહાએ ફલક | 090 |
| ૨૨ | કયા ઠીક હો રુખે નબ્વી પર મિષાલે ગુલ | 093 |
| ૨૨ | સર તા બક઼દમ હે તને સુલ્તાને ઝમન ફૂલ | 097 |
| ૨૩ | હે કલામે ઈલાહીમેં શમ્સો દુહા તેરે ચેહરએ નૂરે | 102 |
| ૨૪ | પાટ વો કુછ ધાર યે કુછ ઝાર હમ | 106 |
| ૨૫ | આરિઝે શમ્સો ક઼મર સે ભી હૈં અન્વર એળિયાં | 113 |
| ૨૬ | ઈશ્કે઼ મૌલા મેં હૂં ખૂંબાર કિનારે દામન | 116 |
| ૨૭ | રશ્કે ક઼મર હૂં રંગે રુખે આફતાબ હૂં | 118 |
| ૨૮ | પૂછતે કયા હો અર્શ પર યૂં ગએ મુસ્તફા કે યૂં | 122 |
| ૨૯ | ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં | 125 |
| ૩૦ | યાદે વતન સિતમ કિયા દશ્તે હરમ સે લાઈ ક્યૂં | 129 |
| ૩૧ | એહલે સિરાત રૂહે અમીં કો ખબર કરેં | 132 |
| ૩૨ | વો સૂએ લાલાઝાર ફિરતે હૈં | 134 |
| ૩૩ | ઉનકી મહકને દિલ કે ગુંચે ખિલા દિએ હૈં | 138 |
| ૩૪ | હે લબે ઈસાસે જાં બખ્શી નિરાલી હાથમેં | 141 |
| ૩૫ | રાહે ઈર્ફાં સે જો હમ નાદીદહ્ રૂ મહરમ નહીં | 145 |
| ૩૬ | વો કમાલે હુસ્ને હુઝૂર હે કે ગુમાને નક઼સ જહાં નહીં | 148 |
| ૩૭ | રુખ દિન હે યા મહરે સમા, યહ ભી નહીં વહ ભી નહીં | 153 |
| ૩૮ | વસ્ફે રુખ ઉન્કા કિયા કરતે હૈં, શરહે વશશમ્સો દુહા... | 156 |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૯ | ઝાઈરો પાસે અદબ રખો હવસ જાને દો | 162 | ૫૮ | કિસ કે જલ્વા કી ઝલક હૈ યહ ઉજાલા ક્યા હૈ | 263 |
| ૪૦ | ચમને તયબહ મેં સુંબુલ જો સંવારે ગેસૂ | 166 | ૫૯ | સરવર કહૂં કે માલિકો મૌલા કહૂં તુઝે | 271 |
| ૪૧ | ઝમાના હજકા હૈ જલ્વા દિયા હૈ શાહિદે ગુલ કો | 171 | ૬૦ | મુઝદાબાદ અય આસીયો ! શાફેઅ શહે અબરાર હૈ | 275 |
| ૪૨ | યાદમેં જિસકી નહીં હોશે તનો જાં હમકો | 176 | ૬૧ | અર્શકી અક઼લ દંગ હૈ ચર્ખમેં આસ્માન હૈ | 279 |
| ૪૩ | હાજીઓ ! આઓ ! શહનશાહકા રૌઝા દેખો | 182 | ૬૨ | ઉઠા દો પર્દા દિખા દો ચેહરા કે નૂરે બારી હિજાબમેં.... | 284 |
| ૪૪ | પુલસે ઉતારો રાહ ગુઝરકો ખબર ન હો | 190 | ૬૩ | અંધેરી રાત હૈ ગમ કી ઘટા ઈસ્યાં કી કાલી હૈ | 288 |
| ૪૫ | ક્યા હી ઝૌક઼ અફઝા શફાઅત હૈ તુમ્હારી વાહ !.. | 193 | ૬૪ | ગુનેહગારોં કો હાતિફસે નવૈદે ખુશ મઆલી હૈ | 292 |
| ૪૬ | રોનકે બઝ્મે જહાં હૈં આશિક઼ાને સોખ્તહ | 198 | ૬૫ | સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ | 297 |
| ૪૭ | સબસે અવલા વ આ'લા હમારા નબી ﷺ | 202 | ૬૬ | નબી સરવરે હર રસૂલો વલી હૈ | 303 |
| ૪૮ | અર્શે હક્ક઼ હૈ મસ્નદે રિફઅત રસૂલુલ્લાહ કી ﷺ | 210 | ૬૭ | ન અર્શે અયમન ન اِنِّىْ ذَاهِبٌ મેં મયહમાની હૈ | 309 |
| ૪૯ | ક઼ાફલેને સૂએ તયબહ કમર આરાઈ કી | 216 | ૬૮ | સુનતે હૈં કે મેહશરમેં સિર્ફ ઉનકી રસાઈ હૈ | 318 |
| ૫૦ | દિલકો ઉનસે ખુદા જૂદા ન કરે | 220 | ૬૯ | હિર્ઝે જાં ઝિક્રે શફાઅત કીજિએ | 323 |
| ૫૧ | મો'મિન હૈ વો જો ઉન્કી ઈઝ્ઝતપે મરે દિલસે | 224 | ૭૦ | દુશ્મને અહમદ પે શિદ્દત કીજિએ | 331 |
| ૫૨ | અલ્લાહ અલ્લાહકે નબી સે | 228 | ૭૧ | શુક્રે ખુદા કે આજ ઘળી ઉસ સફર કી હૈ | 337 |
| ૫૩ | પેશે હક્ક઼ મુઝદા શફાઅતકા સુનાતે જાએંગે | 233 | ૭૨ | ભીની સુહાની સુબ્હમેં ઠંડક જિગરકી હૈ | 358 |
| ૫૪ | ચમક તુઝસે પાતે હૈં સબ પાનેવાલે | 238 | ૭૩ | વો સરવરે કિશ્વરે રિસાલત જો અર્શ પર જલ્વાગર... | 380 |
| ૫૫ | આંખેં રો રો કે સુજાનેવાલે | 242 | ★ | વાહ ક્યા મર્તબા અય ગ઼ૌષ હૈ બાલા તેરા | 427 |
| ૫૬ | ક્યા મહકતે હૈં મહકનેવાલો | 248 | ★ | બંદા ક઼ાદિરકા ભી ક઼ાદિર ભી હૈ અબ્દુલક઼ાદિર | 433 |
| ૫૭ | રાહ પુર ખાર હૈ ક્યા હોના હૈ | 254 | ★ | અલ અમાં કહર હૈ અય ગ઼ૌષ વો તીખા તેરા | 435 |

# કલેમાતે ખૈર....

**અઝ : અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી (મુંબઈ)**

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

**કામ વો લે લીજીએ તુમકો જો રાઝી કરે**
**ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળોં દુરૂદ**

મહબ્બતે રસૂલ ﷺ મો'મિનકે લિએ મતાએ ઈમાન હે ઔર ઉસમેં ઈઝાફેકી કઈ સૂરતેં હે. કભી શમાઈલે મુસ્તફા ﷺ, કભી ફઝાઈલે મુસ્તફા ﷺ, કભી ખસાઈલે મુસ્તફા ﷺ ઔર કભી મોજિઝાતે મુસ્તફા ﷺ કે બયાનકે ઝરીએ ઉસમેં ઈઝાફા ઔર બક઼ાકા સામાન કિયા જાતા હે.

અગર યહ સારી ચીઝેં અશ્આરકી શક઼લ ઈખ્તિયાર કરકે કિસી સચ્ચે આશિક઼ે રસૂલ ﷺ કી ઝબાનો ક઼લમસે નિકલેં તો ઈશ્ક઼ે રસૂલ ﷺમેં પુખ્તગી ઔર હુઝૂર ﷺ પર તન, મન, ધન કુર્બાન કરનેકા જઝબા પૈદા હોતા હે.

૧૪ વીં સદીકે મુજદ્દિદે આ'ઝમ, બિલાલે હિંદ, આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ઉન્હીં આશિક઼ે રસૂલ ﷺ મેં હેં જિનકી નઅતિયહ શાઈરી દિલોંમેં ગર્મીએ ઈશ્ક઼ પેદા કરતી હે, ઔર હુઝૂર ﷺકી મહ઼બ્બતમેં તળપનેકા જઝબા પૈદા કરતી હે.

આજ ઉન્હીં કે નઅતિયહ અશ્આરકા મજમૂઆ "હદાઈક઼ે બખ્શિશ" જો ઉર્દૂમેં હે ઉસ્કા ગુજરાતીમેં મજમૂઆ આપકે હાથોંમેં હે જિસે ગુજરાતીમેં પેશ કરનેકી સઆદત મુહિબ્બે ગિરામી અલમ બરદારે સુન્નિયત અલ્હાજ શબ્બીર પટેલ સાહબને કિયા હે.

યક઼ીનન ! હિંદુસ્તાનકી સરઝમીન પર અહલે સુન્નત વ જમાઅતમેં ગુજરાતી ઝબાનમેં ઈલ્મી સરમાયા મુન્તક઼િલ કરનેવાલા યહ મર્દે કલંદર અપની મિષાલ આપ હે !

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઉનકી ઈસ કાવિશ કો શર્ફે ક઼ુબૂલિયતસે નવાઝે ઔર દારૈનમેં ઉસકા અજ્ર અતા ફર્માએ.

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈસ નઅતિયા મજમૂઆ કે ઝરીયે લોગોંકે સીનોંકો મહબ્બતે રસૂલ ﷺસે મુનવ્વર વ મુજલ્લા ફર્માએ ઔર ઈમામે ઈશ્ક઼ો મહબ્બતકે ફયઝાનસે અલ્હાજ શબ્બીર પટેલ સાહબ ઔર જુમ્લા ક઼ારેઈનકો માલામાલ ફર્માએ. اٰمِيۡن بِجَاهِ حَبِيۡبِهٖ سَيِّدِ الۡمُرۡسَلِيۡنَ صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيۡهِ وَسَلَّمَ

**–મુહમ્મદશાકિર નૂરી રઝવી (મુંબઈ)** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

૦૯–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૦, અંગ્રેજી તા. ૨૦–૦૯–૨૦૧૮, બરોજ જુમ્આ

# નબીકે ઈશ્ક઼ સે પુર હે હદાઈક઼ે બખ્શિશ !

## (પ્રાસંગિક બે વાતો...)

અઝ : આક઼િબખાન ઉર્ફે 'આક઼િબ' બરકાતી-પેટલાદ
*(ખાદિમે ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા)*

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَارَسُوۡلَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيۡكَ يَاحَبِيۡبَ اللّٰهِ   اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيۡكَ يَا نُوۡرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَيۡكَ وَسَلَّمَ

**પળ્હો કુછ ઐસે કે હો જાઓ લાઈક઼ે બખ્શિશ**
**નબી કે ઈશ્ક઼સે પુર હૈ હદાઈક઼ે બખ્શિશ**

સરાપા ઈશ્ક઼ે રસૂલકી સૂરતોં મેં આશિક઼ાને રસૂલ ﷺ કે દીદાર સે હર દૌરમેં યે આલમ મુશર્રફ હોતા રહા હૈ. ઈસી ગિરોહે ઈશ્ક઼ મેં એક ચમકતા હુવા નામ સરકારે આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہકા ભી હૈ જો ફુક઼ાહતમેં અપને દૌરકે ઈમામે આ'ઝમ અબૂ હનીફા હૈ તો તસવ્વુફ મેં ઈમામ ગિઝાલી વ ઈમામ રાઝી તો નઅતગોઈમેં હસ્સાને વક઼્ત વ સઅદીઓ રૂમીઓ જામી થે, જિન્હોંને તક઼રીબન ૧૪૦૦ તસાનીફે કષીરા કી દૌલતે બેબહા ક઼ૌમ કી ફલાહો બેહબૂદી કે લિયે અતા ફર્માઈ.

અગર આપ ચાહતે હૈં જો ઈશ્ક઼ે રસૂલ આશિક઼ો કે સીનોંમેં નકશ હોકર ચમક રહા હૈ ઉસે અશ્આર કી સૂરતે જમીલ મેં દેખેં તો બળે હી અદબ કે સાથ ઉઠાઈએ સહીફએ ઈશ્ક઼ યાની હદાઈક઼ે બખ્શિશ ઔર ઉસે બળે હી ખુલૂસો મહબ્બત કે સાથ, ઈશ્ક઼ે રસૂલ કા ચરાગ જલાકર ઉસકી રોશનીમેં ડૂબકર પળ્હિયે હર શેઅર ઈશ્ક઼ે હક઼ીક઼ી કા પૈકરે જમીલ નઝર આયેગા.

*જિસકે હર શેઅરસે ટપકે ઈશ્કે રસૂલ–ઐસે દીવાને મિદહત કી ક્યા બાત હૈ*

આમ તરીકેસે કોઈ કલામ એકબાર દો બાર યા બાર બાર પળ્હને સુનને સે લુત્ફે તબીઅત મેં કમી મેહસૂસ હોતી હૈ મગર કયા બાત હૈ કે આજ એક સદી હોને આઈ હદાઈકે બખ્શિશ કા હર શેઅર તાઝા વ તાબિન્દા લગતા હૈ. હઝાર બાર પળ્હને સુનને કે બાવજૂદ ઈસકી જાઝબિયત કમ નહીં, હોતી, બલ્કે હર બાર મઝીદ લુત્ફ પૈદા હોતા હૈ, ઔર યે જાઝબિયત ક્યૂં ન હો ખુદ સાહિબે હદાઈકે બખ્શિશ ફર્માતે હૈં કે :–

*''કુર્આનસે મૈંને નઅતગોઈ સીખી.''*

ઈસ જાઝબિયત સે લુત્ફ અંદોઝ આ'લા હઝરતકે પીરખાને સે યે આવાઝ ગુંજી કે :–

*બહુત બલંદ હૈ કસ્રે રઝા કા મીનારા–તુમ ઈસકે એક હી ઝીને પે ચળ્હકે દિખલાઓ*

*ફતાવાએ રઝવિયા તો ઈક કરામત હૈ–ઝરા હદાઈકે બખ્શિશ હી પળ્હકે દિખલાઓ*

*–હઝરત ''અશરફ'' મારેહરવી*

ઈશ્કે રસૂલ વ મહબ્બતે આલો અસ્હાબે રસૂલ કે મહકતે હૂએ ઈસ ગુલદસ્તેસે સિર્ફ આ'લા ઉર્દૂ જાનને વાતે હી મુકમ્મલ તૌર પર મુસ્તફીઝ હોતે રહે મગર આસાન ઉર્દૂદાં હઝરાત કી મેહરૂમી દૂર કરને કે લિયે હઝરત હાફિઝો કારી **મૌલાના ગુલામ હસન કાદરી** (મુફતી : દારુલ ઉલૂમ હિઝ્બુલ અહનાફ–લાહોર) સાહબ કિબ્લાને ઉર્દૂ લુગત કે સાથ આસાન મુખ્તસર શરહ ફર્માઈ. અલ્લાહ પાક ઈસ ખિદમત કે બદલ ઉન્હે જઝાએ ખૈર અતા ફર્માએ. આમીન

ફિર ભી સિર્ફ ગુજરાતી ઝુબાનસે આ'લા હઝરત કા કોઈ મદાવા નહીં હો સકા કે ઈસ સહીફએ ઈશ્ક સે મુસ્તફીઝ હો. ઈસલિયે યે મેહરૂમી મેહસૂસ કરતે હૂએ અપને સીને મેં એક હસ્સાસ કલ્બ રખનેવાલે યાની હમદર્દે કૌમો મિલ્લત ખલીફએ તાજુશ્શરીઅહ, મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી આલી જનાબ પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી ઉટ્ઠે ઔર શરહે હદાઈકે બખ્શિશ કો ગુજરાતી જામા પેહનાકર ગુજરાતી દાં શાઈક હઝરાત પર બહુત બળા એહસાન ફર્માયા હૈ. વૈસે તો હઝરતે વાલાને સૈંકળોં કિતાબચે વ કિતાબેં ગુજરાતી કરકે ગુજરાતી આલમે ઈસ્લામ કો ફૈઝયાબ કિયા હૈ ઔર યે સિલસિલએ ખિદમતે સુન્નિયત અભી ભી જારી વ સારી હૈ.

મૌલા કરીમ ઈનકી તમામ ઉમ્રકી ખિદમતે દીનિયા કબૂલ ફર્માએ ઔર મઝીદ જઝ્બએ ખિદમત અતા ફર્માએ ઔર ઉન્હેં સલામતીએ ઈમાન કે સાથ રખ્ખે ઔર ઈલ્મો, અમલ, સહત વ ઉમ્રમે બરકતોં કા નુઝૂલ ફર્માએ. આમીન. اٰمِیۡن بِجَاہِ حَبِیۡبِہٖ سَیِّدِ الۡمُرۡسَلِیۡنَ صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡہِ وَسَلَّمَ

**–આકિબખાન ઉર્ફે 'આકિબ' બરકાતી–પેટલાદ** *(ખાદિમે ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા)*

૦૯–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૦, અંગ્રેજી તા. ૧૯–૦૯–૨૦૧૭, બુધવાર

# કિતાબ તથા શરહકર્તા વિશે કાંઈક

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત, ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ ઈશ્કે મુસ્તફા ﷺથી ચૂર શેઅરોનો જે મશહૂર મક઼બૂલ ગુલદસ્તો બનામે ''હદાઈક઼ે બખ્શિશ'' બારગાહે રિસાલતમાં પેશ કર્યો જેના શેઅરોના અર્થ તથા ભાવાર્થ સમજવા સામાન્ય જણ બલ્કે ક્યાંક કહેવાતા આલિમને પણ સમજવા કઠિન જણાતા હોય છે. તેવા સંજોગોમાં કલામે રઝાની અસલ લિજ્જત પામવા માટે તથા દિલોમાં ઈશ્કે મુસ્તફા ﷺની નૂરાનિયતને જગમગાવવા માટે **''શરહે કલામે રઝા ફી નઅતિલ મુસ્તફા''** ﷺ જે **''શરહે હાદાઈક઼ે બખ઼્શિશ''**ના નામથી મશહૂર છે જેના શરહ કર્તા **હઝરત અલ્હાજ હાફિઝ ક઼ારી અલ્લામા મૌલાના ગુલામ હસન ક઼ાદરી** (મુફતી : દારુલ ઉલૂમ હિઝબુલ અહનાફ–લાહોર) છે. તો એ મુનાસિબ ગણાશે કે આપના જીવન ચરિત્ર વિશે સંક્ષિપ્ત ચિતાર રજૂ કરવામાં આવે.

**જન્મ મુબારક :** હઝરત અલ્લામા મૌલાના મુફતી ગુલામ હુસૈન સાહબ ક઼ાદરી مدظلہ العالی એક મઝહબી દીની ઘરાનાના ચશ્મો ચિરાગ છે. આપ હાફિઝાબાદના એક મશહૂર ગામ પકખરલમાં ૧૩ ઓક્ટોબર ઈ.સ. ૧૯૬૨ના રોજ મિયાં મુહમ્મદહુસૈન ભટ્ટી ઈબ્ને મિયાં અલી મુહમ્મદ ભટ્ટી رحمۃ اللہ علیہને ત્યાં પેદા થયા. પોતાનાં વાલિદા માજિદા رحمۃ اللہ علیہاથી કુર્આને કરીમ નાઝરા પઢયું. આપનાં વાલિદા માજિદા رحمۃ اللہ علیہاનો ઈન્તેક઼ાલ ૨૫–જુલાઈ ૨૦૦૪ પીરના દિવસે થયો જ્યારે કે આપના વાલિદ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡ એના આઠ મહિના અગાઉ ૭–રમઝાન હિ.સ. ૧૪૨૪, ૨–નવેમ્બર ૨૦૦૩માં અલ્લાહને પ્યારા થઈ ગયા.

**હિફ્ઝે કુર્આન :** અમુક અરસા સુધી મુફતી સાહબ પોતાના પિતાની સાથે રોજી રોજગારની જિમ્મેદારીઓ નિભાવતા રહ્યા. પછી ફિતરતે આપની દીની ઈલ્મો તથા વિદ્યાઓ તરફ રહનુમાઈ કરી, જાણે કે જે મક઼સદના માટે સર્જન પામ્યા હતા એ તરફ રુખ ફેરવી આપ્યું. જેથી ઈ.સ. ૧૯૭૭માં આપ જામિઆ હનફિયા રઝવિય્યહ શૈખૂપુરામાં કુર્આનના હિફ્ઝ માટે દાખલ થયા અને દોઢ વરસના ટૂંકા ગાળામાં સંપૂર્ણ કુર્આન મજીદ હિફ્ઝ કરીને તે જ વરસે તરાવીહમાં સંભળાવ્યું જેનાથી આપની અઝીમુશ્શાન યાદ શક્તિ તથા ગ્રહણ શક્તિના કમાલની ભાળ મળે છે.

**દર્સે નિઝામી :** ઈમામે સુન્નત, મુફતીએ આ'ઝમ પાકિસ્તાન હઝરત સૈયદ અબુલ બરકાત સૈયદ અહમદ શાહ સાહબ ક઼ાદરી અશરફી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡ ઈબ્ને શૈખુલ મુહદ્દિષીન હઝરત સૈયદ અબૂ મુહમ્મદ મુહમ્મદ દીદાર અલી શાહ સાહબ અલ્વરી અશરફી عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡ બાની મર્કઝી દારુલ ઉલૂમ હિઝબુલ અહનાફ–લાહોરના પહેલા ઉર્સે મુક઼દ્દસની તક઼રીબે સઈદના મોક઼ા પર આપના ઉસ્તાઝે મોહતરમ ફક઼ીર સુલ્તાની عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانۡએ કમાલની મહેરબાની ફર્માવતાં શારેહે બુખારી અલ્લામા સૈયદ મહમૂદઅહમદ સાહબ રઝવીને સુપરત કર્યા. ઈલ્મો તથા વિદ્યાઓના સુલ્તાનો થકી સાત વરસો સુધી ઈલ્મી જવાહિરોને ઘણી શાનની સાથે પ્રાપ્ત કર્યા અને એ જ દારુલ ઉલૂમથી ફરાગત તથા દસ્તાર હાંસલ કરી. જે મહા મર્તબાવાળા ઉસ્તાદોથી

આપે ઉલૂમે અક઼લિયહ તથા નક઼લિયહની હમેશાંની દૌલતની નેઅમત પામી તેમના અમુક નામો આ પ્રમાણે છે : ★ ઉસ્તાઝુલ અસાતેઝા હઝરત અલ્લામા મૌલાના મુહમ્મદ મહેર દીન સાહબ رحمۃ اللہ علیہ શૈખુલ હદીષ હિઝબુલ અહનાફ વ જામિઆ નિઝામિયા–લાહોર ★ હઝરત અલ્લામા મૌલાના મુફ્તી અબ્દુલક઼ૈયૂમ ખાન હઝારવી ★ હઝરત મૌલાના હાફિઝ મુહમ્મદ યાક઼ૂબ નકશંબંદી..... વગેરે.

**રાહે અમલ** : હઝરત અલ્લામા મૌલાના મુફ્તી ગુલામ હસન સાહબ ક઼ાદરી مدظلہ العالیએ શરૂથી જ રાહે અમલ અપનાવી હતી. તાલીમ દરમ્યાન જ આપે ઈમામત તથા ખિતાબતની ફરજો સંભાળી લીધી હતી. જેમ કે ઈ.સ. ૧૯૮૨ થી આ લખાણ (મૂળ લેખક થકી) લખાતા સુધી (ઈ.સ. ૨૦૦૬ સુધી) જામેઅ મસ્જિદ હઝરત મૌલાના રૂમી સાહબ رحمۃ اللہ علیہમાં એ જ મન્સબ તથા મર્તબા પર બિરાજમાન છે. તેમજ શવ્વાલ હિ. ૧૪૦૮ / જૂન–૧૯૮૭થી મર્કઝી દારુલ ઉલૂમ હિઝબુલ અહનાફ–લાહોરની પ્રગતિ કરતી અઝમતને વધારી રહેલ છે. સર્વ અક઼લિયહ નક઼લિયહ કિતાબોની તદરીસની સાથોસાથ તજવીદ તથા કિ઼રાઅતથી પણ તલબાએ કિરામને નવાઝી રહેલ છે તેમજ એક અરસાથી દારુલ ઉલૂમમાં આવનારા સવાલોના શરઈ જવાબોની જિમ્મેદારી પણ આપની ફિક઼ાહત પર નિર્ભિત છે. અત્યાર સુધીમાં આપના ક઼લમથી હજારો ફત્વા જારી થઈ ચૂક્યા છે. કુ઼ર્આન તથા હદીષનો દર્સ પણ લાંબા અરસાથી મઝકૂર મસ્જિદમાં આપતા આવી રહ્યા છે. ખિતાબતની કળામાં આપ અનોખાપણુ ધરાવે છે. જુમ્આ મુબારકમાં જોવા જેવા મજમો થાય છે. માહે રમઝાનમાં કુ઼ર્આન શરીફ સંભળાવવું આપનો ખાસ વઝીફો છે.

ઈલ્મ તથા ક઼લમને ગહરો સંબંધ રહેલો છે. એક સદી પહેલાંના ઈતિહાસનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે એ વખતે દરેક આલિમ ખુશ નવેશ (સારા અક્ષરોવાળુ લખાણ કરનાર) રહેતો હતો, પરંતું હવે આ ક્ષેત્રે કમી આવી ગઈ. કોમ્પ્યુટરના આ દૌરમાં ખુશ નવેશી ખુશખતી તો અદશ્ય થતી જઈ રહી છે. આ સંજોગોમાં પણ આપે આ ક્ષેત્રે પણ ઘણુ નામ કમાયું છે. દરેક પ્રકારના રસ્મુલ ખત પર નિપૂણતા ધરાવે છે.

**ઝિયારતે હરમૈન શરીફૈન** : ઈ.સ. ૧૯૮૯માં હરમૈન શરીફૈનની ઝિયારતથી મુશર્રફ થયા. પછી હિ.સ. ૧૪૭૭માં રમઝાન શરીફમાં ઉમરાની તથા મસ્જિદે નબવીમાં એ'તેકાફની સઆદત હાંસલ કરી.

**બયઅતનો શરફ** : તરીકતમાં બયઅત શર્ત છે. તેમજ ઈસ્લામના અગ્રેસરોનો નિયમ ચાલતો આવી રહ્યો છે કે જાહેરી ઈલ્મો તથા વિદ્યાકલાઓની સાથોસાથ રૂહાની ફયઝો તથા બરકતોની પ્રાપ્તિના માટે સહીહુલ અક઼ીદા ઈલ્મો ફઝ્લવાળા મુર્શિદથી બયઅતનો શરફ હાંસલ કરવામાં આવે. જેથી આ હેતુ પામવાના માટે આપે કુતબુલ વક્ત હઝરત હાફિઝ સુલ્તાન ગુલામ બાહૂ (ઔલાદે પાક સુલ્તાનુલ આરિફીન હઝરત સુલ્તાન બાહૂ) رحمۃ اللہ علیہથી બયઅતનો શરફ મેળવીને સુલૂકની મંઝિલો પાર પાડી.

**કિતાબો તથા તર્જુમાઓ** : ષિક઼હ આલિમે દીનમાં ઉલૂમો ફુનૂનના પ્રચાર તથા પ્રસાર તથા તબ્લીગના માટે ત્રણ ગુણોનું હોવું અનહદ જરૂરી છે. એ કે તે મુદર્રિસ હોય અથવા લેખક અથવા મુક઼ર્રિર હોય. ખુશ બખ્ત છે તે ઉલમાએ કિરામ જેઓ આ ત્રણેવ ગુણોથી સજેલા છે અને તેઓ ગણ્યા ગાંઠયા જ છે. કેટલાક લેખક તથા અનુવાદક હોય છે તો અમુક મુક઼ર્રિરની સફમાં સામેલ થતા હોય છે. હઝરત મૌલાના મુફ્તી ગુલામહસન ક઼ાદરી مدظلہ العالی એ ખુશનસીબ ઉલમાએ કિરામમાં સામેલ છે જેમનામાં સર્વ ગુણો, ખૂબીઓ જોવા મળે છે. અત્યાર સુધીમાં આપના ક઼લમથી ૧૮ કિતાબો માર્કેટમાં પોતાની હેસિયત મનાવી ચૂકી છે :–

**૧.** શાને મુસ્તફા બઝબાને મુસ્તફા ﷺ ("અના" શબ્દથી શરૂ થનારી ૧૦૦ હદીષોની ભરપુર સમજૂતી તથા સ્પષ્ટતા. આ અઝીમુશશાન કિતાબ ૧૦૦૦ પેજીસ ધરાવે છે.) **૨.** મક્ામે ગૌષે આ'ઝમ આ'લા હઝરતકી નઝરમેં. **૩.** બોસ્તાને સઅદી (તર્જુમો) **૪.** ગુલિસ્તાને સઅદી (તર્જુમો) **૫.** કુર્આન ઔર હામિલીને કુર્આન **૬.** કર્બલકી હૈ યાદ આઈ **૭.** યારાને મુસ્તફા મઅ વારિષાને ખિલાફતે રાશિદા **૮.** કવાકિબે સબઆ **૯.** તૌહીદ વ શિર્કકા સહીહ મઅના **૧૦.** અલ્બરકાત **૧૧.** ૧૮ તક્રીરેં **૧૨.** મક્ામે ઈબ્રાહીમ علیہ السلام **૧૩.** ફઝાઈલો મસાઈલે સિયામો રમઝાન **૧૪.** ફઝાઈલો મસાઈલે નમાઝ **૧૫.** ફઝાઈલો મસાઈલે હજ **૧૬.** તક્રીરી નુક્ાત **૧૭.** શરહે કલામે રઝા ફી નઅતિલ મુસ્તફા ﷺ (શરહે હદાઈકે બખ્શિશ) **૧૮.** અદુરુસિલ અશ્રા ફી સૂરતિલ ફાતિહા (તફસીરે સૂરએ ફાતિહા...ત્યારબાદ કિતાબો લખાયી હશે.)

## ★ પ્રસ્તુત કિતાબ "શરહે ઈદાઈકે બખ્શિશ" વિશે ★

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની ઝાતે બાબરકત વિશ્વના મુસ્લિમો માટે અલ્લાહની એક નેઅમત હતી જેમણે ઈશ્કે રસૂલે કરીમ ﷺની ખેતીનું એ રીતે સીંચન કર્યુ કે વર્તમાન તથા ભાવિની પેઢીઓ ઈશ્કો મહ્બ્બતે મુસ્તફા ﷺથી સરશાર (તૃપ્ત) થતી રહેશે. ખાસ કરીને આપનો નઅતિયા સંગ્રહ હદાઈકે બખ્શિશ જે આપની જેમ આંતર રાષ્ટ્રીય કક્ષાએ સુવિખ્યાત તથા મશહૂર થઈ ચૂક્યો છે. હઝરત અલ્લામા ગુલામહસન કાદરીને એની શરહ લખવાનો શરફ નસીબ થયો કેમ કે આપને તદરીસની સાથો સાથ તેહરીર (લેખન કાર્ય) તથા તક્રીરમાં પણ નિપૂણતા હાંસલ છે. એટલા માટે આ શરહ ઈલ્મી તથા વિદ્યાકલાની ખૂબીઓથી સજ્જ હોવા ઉપરાંત આમ ફહમ તથા આસાનતરીન પણ છે જેનાથી જિંદગીના દરેક ક્ષેત્રથી સંબંધ રાખનારા વાંચકો સંપૂર્ણપણે ફાયદો ઉઠાવી શકે છે. આનાથી પહેલાં પણ બે ત્રણ શરહો પ્રકાશિત થઈ ચૂકી છે પણ આ શરહનો અંદાઝ અતિ નિરાળો તથા અનોખો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકા એનાથી ખૂબ ખૂબ ફયઝયાબ થવાની સુન્ની ભાઈઓ બહેનોને તૌફીક બખ્શે અને શરહકર્તાને તથા નાચીઝ અનુવાદકને પણ તેની રહમતોથી બરકતોથી બંનેવ જહાનમાં નવાઝે, આ અદના કોશિશના સદકામાં અમારી તથા અમારા મર્હૂમ સગાંઓની મગફેરત ફર્માવે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

પ્રસ્તુત કિતાબ **શરહે હદાઈકે બખ્શિશ (ભાગ–૧)** રૂપે ગુજરાતીમાં પ્રગટ થઈ રહી છે જેની નઅતો **બરકાતે ખ્વાજા (માસિક)**માં કેટલાક સમય ક્રમશઃ રજૂ થતી હતી. જેમાં શરૂઆતની અમુક નઅતોનો અનુવાદ જનાબ મૌલાના સાદિક સાબરી દહેગામી (મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા)એ રજૂ કરેલ છે, જે બદલ અમો આપના આભારી છીએ. પછી અનિવાર્ય સંજોગોમાં તેમણે કામ અટકાવ્યું હતું જેને ફકીર હકીરે ચાલુ રાખ્યું અને અલ્હમ્દુલિલ્લાહ ! આજે આ કિતાબ **"શરહે હદાઈકે બખ્શિશ (ભાગ–૧)"** રૂપે આપના મુબારક હાથોમાં મૌજૂદ છે. એની તૌફીક મળવા બદલ અમો અલ્લાહનો ખૂબ ખૂબ શુક્ર અદા કરીએ છીએ. ઉમ્મીદ છે ઈશ્કે નબી ﷺના મસ્તાનાઓ એનાથી ભરપુર ફયઝ ઉઠાવશે અને દિલોમાંની ઈશ્કની શમ્અને ઔર તેજ કરી દારૈનની સઆદતના હક્દાર બનશે.

**–પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી** *(ખલીફા : હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

૧૪–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૦, અંગ્રેજી તા. ૨૫–૦૯–૨૦૧૮, મંગળવાર

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

## હમ્દ : ૧

૦૧. *અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ કૌને વલબશ્ર–હમ્દન દયદૂમુ વામન ગૈર મુન્કસર*

૦૨. *વઅફદ્લુસ્સાલાતિ ઝ્ઝાકિયાતિ અલા–ખૈરિલ બરીય્યતિ મુન્જિન્નાસિ મિન સકર*

૦૩. *બિકલ અયાઝુ ઈલાહી ઈન અશા હુકમન–સિવાક યા રબ્બના યા મુન્ઝિલ નઝર*

### ★ તર્જુમો અને ભાવાર્થ ★

૦૧. સર્વ પ્રશંસાઓ અલ્લાહ તઆલા માટે છે જે સર્વ જગત અને માનવને પાલનહાર છે અને તેની પ્રશંસાઓ હમેશાં બેહિસાબ અને અસીમિત થતી રહેશે.

૦૨. અને સૌથી ઉત્તમ ખુદાની રહમત પાકીઝગી અને હોશિયારીથી ભરપૂર તેઓ પર જે મખ્લૂકાત (જગતભર)માં સૌથી ઉત્તમ અને લોકોને જહન્નમ (નેક)થી બચાવનારા છે (એટલે કે આપણા પ્યારા આકા ﷺ)

૦૩. અય અલ્લાહ ! તારા સિવાય કોઈનો પણ હુકમ નથી ચાલતો. હું તારી પનાહ (શરણ) ચાહું છું અને મને તે મુકામ પર પહોંચાડી દે જેનો તેં વાયદો ફર્માવ્યો છે.

## હમ્દ : ૨

૦૧. *અલ્હમ્દુલિલ્લાહિ મુતવહ્હદિ –બિજલાલિ હિલ્મુતફર્રદિ*

૦૨. *વ સલાતિહી દવામન અલા–ખૈરિલ્અનામિ મુહમ્મદિ*

૦૩. *વલ્આલિ વલ્અસ્હાબિ હિમ–માવા ઈન્દિ શદાઈદિ*

૦૪. *ફઝલલ્ અઝૈમિ તવસ્સુલી–બિકિતાબિહિ વ બિઅહમદિ*

### ★ તર્જુમો અને ભાવાર્થ ★

૦૧. સર્વ પ્રશંસાઓ એકલા અલ્લાહ માટે જેનો કોઈ ભાગીદાર નથી, જે પોતાની મહાનતા અને અજોડતામાં સર્વોત્તમ છે.

૦૨. અને તેની (દુરૂદ) રહમતો હમેશાં નાઝિલ થતી રહે મુહમ્મદ ﷺ પર જે સર્વ મખ્લૂક (જગત)માં સર્વ શ્રેષ્ઠ છે.

૦૩. અને આપની આલ–ઔલાદ અને સહાબા પર જે તકલીફોમાં અમારા માટે સહારો અને રક્ષણ છે.

૦૪. હું સખત સંકટો અને તકલીફોના સમયે ખુદાની બારગાહમાં અહમદે મુજતબા ﷺ અને તેમના ઉપર ઉતરેલ કિતાબ કુર્આનને વસીલો બનાવું છું.

## હમ્દ : 3

*૦૧. યા ઈલાહી ! હર જગહ તેરી અતા કા સાથ હો–જબ પળે મુશ્કિલ શહે મુશ્કિલ કુશા કા સાથ હો*

*૦૨. યા ઈલાહી ! ભૂલ જાઉં નઝઅ કી તકલીફ કો–શાદીએ દીદારે હુસ્ને મુસ્તફા કા સાથ હો*

*૦૩. યા ઈલાહી ! ગોરે તીરહ કી જબ આએ સખ્ત રાત–ઉન કે પ્યારે મુંહ કી સુબ્હે જાંફિઝા કા સાથ હો*

*૦૪. યા ઈલાહી ! જબ પળે મેહશરમેં શોરે દારો ગીર–અમ્ન દેનેવાલે પ્યારે પેશ્વા કા સાથ હો*

### ★ સમજૂતી ★

૦૧. અય મારા મઅબૂદ ! દરેક વખતે અને દરેક જગ્યાએ તારી અતા અને બખ્શિશ મારી સાથે હોય અને જ્યારે પણ મુશ્કેલી આવી પડે ત્યારે મુશ્કિલકુશા (મુશ્કિલોને દૂર કરનાર !) બાદશાહ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો કરમ મારી સાથે હોય.

૦૨. અય ખુદા ! મારી સકરાતના કઠિન સમયે જ્યારે ઘણી તકલીફો હશે ત્યારે પ્યારા હબીબ ﷺના હુસ્નનો દીદાર એટલે કે આક઼ા ﷺની સુંદરતાના દર્શન આપજે જેની ખુશીમાં હું મારી સકરાતની બધી જ તકલીફો ભૂલી જાઉં.

૦૩. યા ઈલાહી ! જ્યારે ક઼બ્રમાં રાત જેવો ગાઢ અંધકાર હોય ત્યારે આક઼ા ﷺના સુંદર ચેહરાની ખુશ કરનાર સવારનો સાથ આપજે કે આક઼ા ﷺના આવતાં જ ક઼બ્રમાં પ્રકાશ ફેલાઈ જાય અને અંધારૂ દૂર થઈ જાય.

૦૪. અય ખુદા ! જ્યારે ક઼યામતના દિવસે ગુનેહગારોની ધરપકડની અવાજો આવે એટલે કે અવાજ આવે કે પકડો ! ફલાણાની ધરપકડ કરો ! ફલાણાને કેદ કરો ! ત્યારે આશ્રય, રક્ષણ આપનાર પ્યારા પેશ્વા અને રહબર હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો સાથ અતા કર.

*૦૫. યા ઈલાહી ! જબ ઝુબાનેં બાહર આએં પ્યાર સે–સાહિબે કૌષર શહે જૂદો અતા કા સાથ હો*

*૦૬. યા ઈલાહી ! સર્દ મહરી પર હો જબ ખુર્શિદે હશ્ર–સૈય્યિદે બે સાયા કે ઝિલ્લે લેવા કા સાથ હો*

*૦૭. યા ઈલાહી ! ગર્મીએ મેહશર સે જબ ભળકે બદન–દામને મહબૂબ કી ઠંડી હવા કા સાથ હો*

*૦૮. યા ઈલાહી ! નામએ અઅ્માલ જબ ખુલને લગે–ઐબ પોશે ખલ્ક઼ સત્તારે ખતા કા સાથ હો*

### ★ સમજૂતી ★

૦૫. યા ઈલાહી ! જ્યારે હશ્રના મેદાનમાં ગરમી અને પ્યાસ (તરસ)ના કારણે જીભો મોંમાંથી બહાર નીકળી જશે ત્યારે કૌષર (જન્નતની એક નહેર જેનું પાણી મધથી વધારે મીઠુ દૂધથી વધારે સફેદ અને બરફથી વધારે ઠંડુ હશે)ના માલિક, સખાવતના બાદશાહનો સાથ અતા કરજે.

૦૬. અય મારા મઅબૂદ ! જ્યારે ખુર્શિદ (સૂરજ) નિર્દયતા પર હશે જેની ગરમીથી દિમાગો ઉકળતાં હશે તે વખતે અમારા સરદાર જેમનો પડછાયો ન હતો તેમના ઝંડાના પડછાયામાં અમને જગ્યા અતા કરજે.

૦૭. અય પરવરદિગાર ! જ્યારે મેદાને મેહશરમાં સૂરજ સવા નેજા પર હશે તેની ગરમીથી શરીર બળવા લાગશે, તે કઠિન સમયે તારા મહબૂબ ﷺના દામનની ઠંડી હવાનો સાથ અતા કરજે.

૦૮. અય ખુદા ! મેહશરમાં મારા કર્મોની કિતાબ ખોલવામાં આવશે અને જે કાંઈ કર્યું તે આંખો સામે હશે તે વખતે લોકોની બુરાઈઓને છુપાવનાર ભૂલોને ગુપ્ત રાખનાર મારા આક઼ા ﷺનો સાથ અતા કર જેથી મારા ગુનાહો છુપા રહે અને હું મેહશરમાં બેઈજ્જતીથી બચી જાઉં.

૦૯. *યા ઈલાહી ! જબ બહેં આખેં હિસાબે જુર્મ મેં–ઉન તબસ્સુમરેઝ હોટોં કી દુઆ કા સાથ હો*

૧૦. *યા ઈલાહી ! જબ હિસાબે ખન્દએ બેજા રૂલાએ–ચશ્મે ગિરયાને શફીએ મુર્તઝા કા સાથ હો*

૧૧. *યા ઈલાહી ! રંગ લાએં જબ મેરી બેબાકિયાં–ઉનકી નીચી નીચી નઝરોં કી હયા કા સાથ હો*

૧૨. *યા ઈલાહી ! જબ ચલું તારીક રાહે પુલ સિરાત–આફતાબે હાશમી નૂરુલ હુદા કા સાથ હો*

★ સમજૂતી ★

૦૯. અય ખુદા ! જ્યારે ગુનાહોનો હિસાબ આપતી વખતે આંખોમાંથી આંસૂં નીકળે ત્યારે સ્મિત ભરેલ, રડનારાઓને હસાવનાર પ્યારા હોઠોની દુઆનો સાથ નસીબ થાય.

૧૦. અય અલ્લાહ ! જ્યારે ખોટી મઝાક મસ્તીના કારણે હશ્રમાં અમે રડીએ ત્યારે શફીએ મેહશ્ર જેમની શફાઅતની અમને ઉમ્મીદ (આશા) છે એટલે કે અમારા આક઼ા ﷺની ઉમ્મતના ગમમાં રડનાર આંખોનો સાથ અતા કરજે.

૧૧. અય ખુદા ! જ્યારે મારી નીડરતા રંગ દેખાડે અને આઝમાઈશમાં પડું ત્યારે હુઝૂર ﷺની નીચી નજરોની શર્મો હયાનો સાથ આપજે.

૧૨. અય ખુદા ! જ્યારે પુલસિરાતના અંધકાર ભરેલ રસ્તા પર ચાલુ ત્યારે હાશ્મી સૂરજ હિદાયતના નૂર (પ્રકાશ) મુહમ્મદ મુસ્તફા ﷺનો સાથ નસીબ થાય.

૧૩. *યા ઈલાહી ! જબ સરે શમ્શીર પર ચલના પળે–'રબ્બિ સલ્લિમ' કહનેવાલે ગમ ઝુદા કા સાથ હો*

૧૪. *યા ઈલાહી ! જો દુઆએં નેક મૈં તુઝ સે કરું–કુદ્સિયોં કે લબ સે આમીન રબ્બના કા સાથ હો*

૧૫. *યા ઈલાહી ! જબ 'રઝા' ખ્વાબે ગિરાં સે સર ઉઠાએ–દૌલતે બેદાર ઈશ્કે઼ મુસ્તફા ﷺ કા સાથ હો*

★ સમજૂતી ★

૧૩. અય અલ્લાહ ! જ્યારે બાલથી વધુ બારીક અને તલ્વારની ધારથી અધિક તેજ ધારવાળા રસ્તા પુલ સિરાતથી હું પસાર થાઉં ત્યારે રબ્બિ સલ્લિમ (મારા રબ સલામત રાખ)ની દુઆ કરનાર ગમઝુદા (ગમ દૂર કરનાર) પ્યારા નબીની સંગત અતા કરજે. (યાદ રાખો ગમઝદા જે ગમ અને તકલીફમાં હોય તેને કહેવામાં આવે છે. અહીંયા મુરાદ ગમ દૂર કરનાર છે જેના માટે ગમઝુદા બોલાય છે)

૧૪. યા ઈલાહી ! હું જ્યારે પણ તારી બારગાહમાં કોઈપણ નેક દુઆ માંગુ ત્યારે કુદ્સીઓ (ફરિશ્તાઓ)ની આમીન (ખુદા દુઆ ક઼બૂલ કર)નો સાથ અતા થાય.

૧૫. અય ખુદા ! જ્યારે "રઝા" (આ'લા હઝરતનો તખલ્લુસ) મૌતની ગાઢ ઉંઘમાં સૂઈ જાય અને જ્યારે જાગે ત્યારે ઈશ્કે઼ મુસ્તફા ﷺની જાગતી કિ઼સ્મતનો સાથ અતા થાય. (આમીન)

# ઈન્તેસાબ

શાઈરે દરબારે રિસાલત **હઝરત હસ્સાન બિન ષાબિત** رضی اللہ عنہ કે બારગાહે રિસાલત મઆબ صلی اللہ علیہ وسلم મેં ઈસ શેઅરકી નઝર .......

ما ان مدحت محمد ابمقالتی۔لکن مدحت مقالتی بمحمّد

જિસકા તર્જમા ષનાખ્વાને મુસ્તફા علیہ الصلوٰۃ والسلام જનાબ મુહમ્મદ આ'ઝમ ચિશ્તી મરહૂમને શેઅરકી સૂરતમેં કિતના હી ખૂબસૂરત કિયા હે !

**આ'ઝમ મેરી ઝબાન કહાં ઔર કહાં વો ઝાત**
**નામ અપના ઉનકે ઝિક્રસે ચમકા રહા હૂં મૈં**

**–મૌલાના ગુલામ હસન ક઼ાદરી**

*(મુફ઼્તી : દારુલ ઉલૂમ હિઝબુલ અહનાફ–લાહોર)*

**સદ સાલા જશ્ને**

**આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ **ના નિમિત્તે.....**

# અર્પણ

નબીરએ આ'લા હઝરત હઝરત, જાનશીને હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, હુઝૂર ક઼િબ્લા તાજુશ્શરીઅહ, **મુફ્તી મુહમ્મદ અખ્તર રઝા અઝહરી મિયાં** رحمۃ اللہ علیہ ની બારગાહમાં નઝરાનએ અક઼ીદતના તૌર પર અમો અમારી આ પાકીઝા કૃતિને આપના આ ઈશ્ક઼ે રસૂલ علیہ الصلوٰۃ والسلام થી લબરેઝ શેઅરની સાથે પેશ કરીએ છીએ......

**નબીસે જો હો બેગાના ઉસે દિલસે જુદા કર દે**
**પિદર માદર બિરાદર જાન સબ ઉન પર ફ઼િદા કર દે**

**–પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી**

*(ખલીફ઼ા : હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

## (નઅત શરીફ઼ : ૦૧)

**વાહ ક્યા જૂદો કરમ હૈ શહે બત્હા તેરા**
**નહીં સુનતા હી નહીં માંગનેવાલા તેરા**

**અર્થાત** : બતહા (મક્કા)ના શહેનશાહ ! આપની સખાવત અને મહેરબાનીનું કહેવું જ શું ? આપની બારગાહમાં આવનાર ભિખારીએ નહીં (નથી) શબ્દ કદી સાંભળ્યો જ નથી. કેમ કે આપની બારગાહથી કોઈ ખાલી હાથ પાછો મોકલવામાં આવતો નથી. હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે કે ઘણા લોકો હુઝૂર ﷺની બારગાહમાં આવતા અને જરૂરત પ્રમાણે સવાલ કરતા પણ કદી હુઝૂર ﷺના મોઢા મુબારકથી ''નથી'' શબ્દ નીકળ્યો નથી.

**ધારે ચલતે હૈં અતા કે વો હૈ ક઼તરા તેરા**
**તારે ખિલતે હૈં સખા કે વો હૈ ઝર્રા તેરા**

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ આપની અતા (દાન, સખાવત)નો ક઼તરો (ટીપું) એવો છે જેવો કે દરિયો મોજાં મારતો હોય અને આપની સખાવતનો ઝર્રો (કણ) એવો ચમકદાર છે કે જેનાથી સખાવતના તારાઓ પ્રકાશિત થાય છે.

**ફ઼ૈઝ હૈ યા શહે તસ્નીમ નિરાલા તેરા**
**આપ પ્યાસોં કે તજસ્સુસ મેં હૈ દરિયા તેરા**

**અર્થાત** : કહેવત છે કે તરસ્યો કૂવા પાસે જાય, પણ અય કૌષર અને તસ્નીમ (જન્નતની એક નહેર)ના માલિક ! આપનો ફ઼ૈઝ (ફ઼ાયદો) પહોંચાડવાનો અંદાઝ અનોખો અને નિરાલો છે કે આપના ફ઼ૈઝનો દરિયો તરસ્યાઓને શોધીને તરસ મટાડે છે.

**અગ઼્નિયા પલતે હૈં દર સે વો હૈ બાળા તેરા**
**અસ્ફ઼િયા ચલતે હૈં સર સે વો હૈ રસ્તા તેરા**

**અર્થાત :** હુઝૂર ! આપનો દર (દરવાજો) એવો બાળા (ખૈરાત વહેંચવાની જગ્યા) છે જ્યાં મોટા મોટા માલદારો અને સુલ્તાનો પરવરિશ પામે છે. અને આપના રસ્તા ઉપર માથા વડે ચાલવાનુ સૂફીઓ પસંદ કરે છે, કારણ કે આપના રસ્તા ઉપર પગ મૂકીને ચાલવાને આશિક઼ો નાપસંદ સમજે છે. ઈમામ માલિકે જીવનભર મદીના શરીફમાં બુટ નથી પહેર્યા કે ક્યાંક તે જગ્યા પર પગ પડી જાય જ્યાં સરકારે ક઼દમ શરીફ મૂક્યા હોય. ઈમામે આ'ઝમે મદીના પાકમાં રહેઠાણ દરમ્યાન અગ્યાર દિવસ સુધી અદબના કારણે પેશાબ, જાજરૂ ન કર્યા, જ્યારે જરૂરત પડતી મદીના શરીફની બહાર જતા રહેતા. આ'લા હઝરત બીજી જગ્યાએ ફર્માવે છે :–

*હરમકી ઝમીં ઔર ક઼દમ રખકે ચલના–અરે સર કા મૌક઼ા હૈ ઓ જાને વાલે*

**ફર્શવાલે તેરી શૌક઼ત કા ઉલૂ ક્યા જાને**
**ખુસ્રવા અર્શ પે ઉળતા હૈ ફરેરા તેરા**

**અર્થાત :** આક઼ા ! ફર્શ (જમીન) પર વસનાર લોકો આપની શૌક઼ત (શાન–મર્તબા)ની ઊંચાઈને શું જાણે ! આપનો શાહી ઝંડો અર્શે આઝમ પર લહેરાઈ રહ્યો છે.

**આસ્માં ખ્વાન ઝમીન ખ્વાન ઝમાના મહેમાન**
**સાહિબે ખાના લક઼બ કિસકા તેરા તેરા**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આકાશ અને પૃથ્વી દસ્તરખ્વાન (ખાવા બેસવાની ચટાઈ) છે અને તેમાં વસનાર તમારા મહેમાન છે અને કાએનાત તમારું ઘર છે અને મકાન માલિક તમારો જ લક઼બ (ઉપનામ) છે. મખ્લૂક઼ને જે કાંઈ મળી રહ્યું છે તે તમારા સદક઼ામાં છે. હદીષમાં છે કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અય નબી ! જો હું તમને પેદા ન કરતો તો આસમાનને પેદા ન કરત અને મારું રબ હોવું પણ જાહેર ન કરત. (જે કાંઈ છે તે તારા સદક઼ાથી પેદા થયેલું છે) હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ મને આપે છે અને હું વહેંચણી કરું છું એટલે કે આખી દુનિયા સરકારની મહેમાન છે અને સરકાર મહેમાન નવાઝ અને મકાન માલિક છે.

**મૈં તો માલિક હી કહુંગા કે હો માલિક કે હ઼બીબ**
**યા'ની મહબૂબો મુહ઼િબમેં નહીં મેરા તેરા**

**અર્થાત :** હુઝૂર ! આપ તો માલિકે હક઼ીક઼ી અલ્લાહ તઆલાના (હ઼બીબ) દોસ્ત છો એટલે હું આપને પણ માલિક જ કહીશ, કારણ કે મહ઼બૂબ (જેનાથી પ્રેમ કરવામાં આવે) અને મુહિબ (પ્રેમ કરનાર)માં તારું મારું નથી હોતું.

**તેરે ક઼દમો મેં જો હૈં ગ઼ૈર કા મુંહ ક્યા દેખેં**
**કૌન નઝરોં પે ચળ્હે દેખ કે તલ્વા તેરા**

**અર્થાત :** અય આક઼ા ! જે આપના ક઼દમો (પગ)માં પડેલ છે તે પોતાનું ધ્યાન બીજી બાજુ કેન્દ્રિત નથી

કરતા, કારણ કે આપના તળિયાની ઝિયારત કરનારને બીજો કોઈ નજરોમાં સારો લાગતો નથી.

**બેહરે સાઈલ કા હૂં સાઈલ ન કૂએં કા પ્યાસા**
**ખૂદ બુજા જાએ કલેજા મેરા છીંટા તેરા**

**અર્થાત :** હું મારી તરસ દરિયા અને કૂવાથી મટાડવાનો ઈચ્છુક નથી, આપના કરમનો જે છાંટો મારા જિગરને ઠંડુ કરી મારી તરસ મટાડી જાય.

**ચોર હાકિમ સે છુપા કરતે હૈં યાં ઉસ કે ખિલાફ**
**તેરે દામન મેં છુપે ચોર અનોખા તેરા**

**અર્થાત :** દુનિયાનો દસ્તૂર છે કે જે ચોર હોય છે તે હાકિમથી છુપાઈ જાય છે, પકડાઈ જવાના ડરથી. પરંતુ બારગાહે રિસાલતમાં તેનાથી વિરૂદ્ધ છે કે નાફર્માન ચોરને આપના જ દામનમાં પનાહ મળે છે અને આપ જ તેને છોડાવશે. હુઝૂરે ફર્માવ્યું, મારી શફાઅત મોટા ગુનાહ (કબીરા) કરનારાઓ માટે છે. આ'લા હઝરત બીજી જગ્યાએ ફર્માવે છે :–

*કરકે તુમ્હારે ગુનાહ માંગે તુમ્હારી પનાહ–તુમ કહો દામન મેં આ તુમપે કરોળોં દુરૂદ*

**આંખે ઠંડી હોં જિગર તાઝે હોં જાનેં સૈરાબ**
**સચ્ચે સૂરજ વો વો દિલ આરા હૈ ઉજાલા તેરા**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપના દીદારથી આંખો ઠંડી, જિગર તાજાં અને રૂહ સૈરાબ થાય છે. અય સિરાજે મુનીર ! (રોશન સૂરજ) આપનો પ્રકાશ દિલને પ્રકાશિત અને તેની સજાવટ કરે છે.

**દિલ અબષ ખૌફ્સે પત્તાસા ઉળા જાતા હૈ**
**પલ્લા હલકા હી સહી ભારી હૈ ભરોસા તેરા**

**અર્થાત :** મહેશરના ડરથી દિલ ફોગટમાં પાનાની જેમ ઉડે છે (ધ્રુજે છે) ભલે મારી નેકીઓનો પલ્લો હલ્કો હશે પરંતુ આપની શફાઅતમાં ભરોસો ખૂબ ભારી છે કે આપની શફાઅત અમને બચાવી લેશે.

**એક મૈં ક્યા મેરે ઈસ્યાં કી હક઼ીક઼ત કિતની**
**મુઝ સે સો લાખ કો કાફી હૈ ઈશારા તેરા**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપની શફાઅતની સામે મારા ગુનાહોની શું હક઼ીક઼ત છે, મારા જેવા એક કરોડ ગુનેહગારો માટે આપનો એક ઈશારો કાફી છે.

**મુફ્ત પાલા થા કભી કામ કી આદત ન પળી**
**અબ અમલ પૂછતે હૈ હાએ નિકમ્મા તેરા**

**અર્થાત :** મફતમાં પાળ્યો એટલે કામની આદત ન પડી અને હવે હિસાબ લેનાર અમલ પૂછે છે, યા

રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ કરો ! હું તો બેઅમલ, બેકાર આપનો ઉમ્મતી છું.

**તેરે ટુકળોં સે પલે ગૈર કી ઠોકરપે ન ડાલ**
**ઝિર્કિયાં ખાએઁ કહાં છોળ કે સદક઼ા તેરા**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ અમોએ આપની બારગાહની ભીખથી ગુજરાન ચલાવ્યું હવે બીજાની ચોખટ પર ન મોકલો, આપનો સદક઼ો છોડી બીજાની ધુત્કાર અને અમે કેવી રીતે વેઠીશું.

**ખ્વારો બીમાર, ખતાવાર, ગુનાહગાર હૂં મૈં**
**રાફેઓ નાફેઓ શાફેઅ લક઼બ આક઼ા તેરા**

**અર્થાત :** હું ઝલીલ, ગુનાહગાર, બુરી આદતોનો બીમાર મુજરિમ છું, મારા સરકાર આપ તો રાફેઅ (તકલીફ દૂર કરનાર) નાફેઅ (ફાયદો પહોંચાડનાર) શાફેઅ (શફાઅત કરનાર, બખ્શાવનાર) જેવા લક઼બ ધારી છો તો મને ચિંતા શાની ?!

**મેરી તક઼દીર બુરી હો તો ભલી કર દે કે હૈ**
**મહવો ઈષ્બાત કે દફ્તર પે કળોળા તેરા**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ જો મારી કિ઼સ્મત ખરાબ હોય તો આપ તેને સારી કહી દો, કેમ કે આપને અલ્લાહે મુખ્તાર બનાવ્યા છે. તક઼દીરને બનાવવા અને બગાડવાના રજિસ્ટર પર તમારો હુકમ ચાલે છે.

**તૂ જો ચાહે તો અભી મૈલ મેરે દિલ કે ધુલેં**
**કે ખુદા દિલ નહીં કરતા કભી મૈલા તેરા**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ જો આપ ચાહો તો ગુનાહોના મેલથી મારુ દિલ સાફ થઈ જાય, ગુનાહોની જે મેશથી દિલ કાળુ થઈ ગયું છે તે ઉજળુ થઈ જાય, કારણ કે નબીઓ ગુનાહોથી માસૂમ હોય છે એટલે કે કદી ગુનાહ થઈ શકતા જ નથી.

**કિસકા મુંહ તકીયે કહાં જાઈએ કિસ સે કહીયે**
**તેરે હી ક઼દમોં પે મિટ જાએ યે પાલા તેરા**

**અર્થાત :** બીજા પાસે શું કરવા જઈએ, બીજાનું મોઢુ કેમ જોઈએ, બીજાને દુઃખની વાતો કેમ કહીએ ?! અમો આપના પાળેલ છે, આપના ક઼દમોમાં જ જાન આપી દઈશું.

**તૂને ઈસ્લામ દિયા તૂને જમાઅત મેં લિયા**
**તૂ કરીમ અબ કોઈ ફિરતા હૈ અતિયા તેરા**

**અર્થાત :** આક઼ા ! આપે જ અમને મુસલમાન બનાવ્યા અને એહલે સુન્નતની જમાઅતમાં રાખ્યા. આપ તો કરીમ (મહેરબાની કરનાર) છે, અને કરીમ આપેલ ઈનામ અને ભેટ કદી પાછી લેતો નથી.

**મૌત સુનતા હૂં સિતમ તલ્ખ હૈ ઝહરા બએ નાબ**
**કૌન લાદે મુઝે તલ્વોં કા ગુસાલા તેરા**

**અર્થાત :** અય પરેશાન લોકોની મદદ કરનાર ! સાંભળ્યું છે, મૌત મોટી આફત અને મુસીબત છે (ઝહરા બએ નાબ) શુધ્ધ ઝેરી પાણી છે, એવા સખત સમયે મુસીબતને દૂર કરવા ઝેરી પાણીની કડવાશને મીઠી બનાવવા કોઈ મને આપના તળિયાનું ધોવણ લાવી આપે જેથી મૌતની સખ્તાઈ દૂર થઈ જાય.

**દૂર ક્યા જાનીયે બદકાર પે કૈસી ગુઝરી**
**તેરે હી દરપે મરે બેકસો તન્હા તેરા**

**અર્થાત :** શું ખબર કે દૂર રહીને શું કેટલી તકલીફો આવશે ?! બેહતર એ કે આકા ! આપનો આ ગુનેહગાર ઉમ્મતી આપના દરવાજા પર જ જિંદગી ગુજારીને જાન આપે જેથી હંમેશનો આરામ પ્રાપ્ત થાય. આ શેઅરમાં હુઝૂર આ'લા હઝરતે મદીના શરીફમાં મૌતની આરઝૂ કરી છે. હદીષ શરીફમાં છે : જેનું મૌત મદીના શરીફમાં આવે હુઝૂર ફર્માવે છે હું તેની ખાસ શફાઅત કરીશ અને તેના ઈમાનની ગવાહી આપીશ.

**તેરે સદકે મુઝે એક બુંદ બહુત હૈ તેરી**
**જિસ દિન અચ્છોં કો મિલે જામ છલકતા તેરા**

**અર્થાત :** અય સાહિબે કૌષર ! કયામતના દિવસે જ્યારે આપ સારા લોકોને જામ ભરી ભરીને આપશો તે વખતે આપના કરમની એક બુંદ (ટીપુ) મારા માટે કાફી છે.

**હરમો તયબાહ વ બગદાદ જિધર કીજિયે નિગાહ**
**ઝાત પળતી હૈ તેરી નૂર હૈ છનતા તેરા**

**અર્થાત :** મક્કા, મદીના, બગદાદ જે તરફ નજર કરો આપનું જ નૂર ચમકી રહ્યું છે. આખી દુનિયામાં જે રોશની છે તે હુઝૂરના નૂરથી ફેલાયેલ છે.

**તેરી સરકાર મેં લાતા હૈ 'રઝા' ઉસકો શફીઅ**
**જો મેરા ગૌષ હૈ ઔર લાડલા બેટા તેરા**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપની સરકાર (બારગાહ)માં "રઝા" (ઈમામ અહમદ રઝાનો લકબ) એક અઝીમ હસ્તીને સિફારશી અને જામિન બનાવીને લાવ્યો છે, જે આપનો લાડલો બેટો છે, એટલે કે હસનો હુસૈનની નસલથી છે અને મારો ગૌષ (મદદ કરનાર) છે જેમનું નામ હઝરત શૈખ અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ છે.

## (નઅત શરીફ : ૦૨)

**હમ ખાક હૈં ઔર ખાક હી માવા હૈ હમારા**
**ખાકી તો વો આદમ જદ્દે આ'લા હૈ હમારા**

*(ખાક = માટી, માવા = અસલ, ખાકી = માટીથી બનાવેલ, જદ્દે આ'લા=દાદા હઝરત આદમ)*

**અર્થાત :** "આપણે સર્વ માટીથી જ પૈદા થયેલ છે અને માટી આપણુ ઠેકાણુ છે કારણ કે હઝરત આદમ عليه السلام જે આપણા બાપ છે તે માટીથી જ બનેલ છે, જેવું કે કુર્આનથી સાબિત છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**૦૧.** તે અલ્લાહ જેણે તમો સર્વને માટીથી પેદા કર્યા. *(પારા–૨૪, રુકૂઅ–૭)*

**૦૨.** તેણે ઈન્સાનને વાગતી માટીથી બનાવ્યો. *(પારા–૨૭)*

**૦૩.** અમોએ તમને તેનાથી (માટીથી) પેદા કર્યા અને તેમાં જ પલટાવીશું અને તેમાંથી જ બીજી વખત કાઢીશું. *(પારા–૧૬)*

એક સૂફીએ પોતાના પીરો મુર્શિદના વિષે કોઈ મોલ્વીના સંબંધમાં કહ્યું, "ચે નિસ્બત ખાક રા બા આલમે પાક" અર્થ : ખાક (મોલ્વી સાહબ)ને આલમે પાક (વલીએ કામિલ)થી શું નિસ્બત ? આ વાત પર કોઈએ મહેણુ (ટોણો) માર્યું કે આલિમે દીનને ખાક કેમ કહી દીધા ? તેના રદમાં ફર્માવ્યું કે ખાક કોઈ મામૂલી વસ્તુ નથી ! તેનાથી નફરત શાથી ? તેનાં ઘણા ઉદાહરણો આપ્યાં જેમાં પહેલું એ કે આપણા બાપ આદમ عليه السلام માટીથી જ પેદા થયા અને આપણે માટીમાં જ જવાના છીએ."

**અલ્લાહ હમેં ખાક કરે અપની તલબ મેં**
**યે ખાક તો સરકાર સે તમ્ગા હૈ હમારા**

*(ખાક કરે = માટી બનાવી દે, મોત આપે, તલબ = ઢુંઢવુ, સરકાર = આપણા નબી, તમ્ગા = સરકારી મોહર, મેડલ)*

**અર્થાત :** "અલ્લાહ તઆલા પોતાની તલાશમાં આપણને ખાક (માટી) બનાવી દે, તેની આરઝૂમાં મૌત આપે. ખાકી હોવું તો સરકાર ﷺ તરફથી મળેલ ઈજ્જતનું નિશાન છે." કુર્આનમાં છે : "ઔલાદે આદમને અમે ઈજ્જત આપી." *(પારા–૧૫)*

**જિસ ખાક પે રખતે થે કદમ સૈયદે આલમ**
**ઉસ ખાક પે કુર્બાં દિલે શૈદા હૈ હમારા**

**અર્થાત :** "જે માટી પર હુઝૂર ﷺ કદમ મુબારક મૂકતા હતા એટલે મદીના શરીફમાં જ્યાં આકા ﷺ ચાલતા હતા તે માટી પર અમારો આશિક દિલ કુર્બાન છે કારણ કે જે જમીન પર હુઝૂર ﷺ કદમ રાખે છે તે ઘણી ઈજ્જતવાળી થઈ જાય છે અને તે જગ્યાની ખુદા કસમ યાદ ફર્માવે છે." કુર્આનમાં છે આ મક્કા શહેરની કસમ ! જેમાં આપ પધારેલ છો. *(પારા–૩૦)*

**ખમ હો ગઈ પુશ્તે ફલક ઈસ તઅ્‌ને ઝમીં સે**
**સુન હમ પે મદીના હૈ વો રુતબા હૈ હમારા**

*(ખમ હો ગઈ = ઝુકી ગઈ, વાંકી થઈ, પુશ્તે ફલક = આકાશની પીઠ, તઅ્‌ને ઝમીનસે = જમીનના ટોણા મહેણાથી)*

**અર્થાત :** "માનવી જ્યારે આકાશના કિનારા પર નજર કરે છે તો તે વાંકુ દેખાય છે. ભાવાર્થ એ છે કે જ્યારે જમીને આકાશને કહ્યું કે સાંભળ ! મારો મર્તબો એ છે કે મારા ઉપર મદીના શરીફ છે જેમાં સરવરે કાએનાત ﷺ આરામ ફર્માવી રહ્યા છે. અને આ વાત પર ઉલ્માનો ઈજમાઅ (સર્વ સંમતિ) છે કે જમીનનો જે ભાગ હુઝૂર ﷺના પાક બદનથી લાગેલ છે તે જન્નત, કુર્સી અને અર્શે આ'ઝમથી પણ અફઝલ છે. જમીનની આ વાત સાંભળી આકાશની પીઠ ઝુકી ગઈ. "

**★ મદીના શરીફની ફઝીલતો હદીષોથી ★**

**૦૧.** હુઝૂર ﷺ ફર્માવે છે : મદીના લોકો માટે બેહતર છે જો જાણતા મદીનાને. *(મુસ્લિમ શરીફ)*

**૦૨.** જેનાથી થઈ શકે કે મદીનામાં મરે તો મદીનામાં જ મરે કે જે માણસ મદીનામાં મૃત્યુ પામશે હું તેની શફાઅત કરીશ. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**૦૩.** જે મદીનાના લોકો સાથે ધોકો કરશે તે એવો ઓગળી જશે જેવું કે મીઠુ પાણીમાં ઓગળી જાય છે. *–(બુખારી, મુસ્લિમ)*

**૦૪.** મારા હુજરા (રૂમ) અને મિમ્બર વચ્ચેની જગ્યા જન્નતનો બાગ છે.

**૦૫.** મને એવી વસ્તી તરફ હિજરતનો હુકમ કરવામાં આવ્યો છે જે બધી વસ્તીઓ પર ગાલિબ થશે, અને તે મદીના છે જે લોકોને એવા પાક સાફ કરશે (ગુનાહોથી) જેવું કે ભટ્ટી લોખંડના મેલને સાફ કરે છે. *–(બુખારી, મુસ્લિમ)*

**૦૬.** મદીનાના રસ્તાઓ પર ફરિશ્તાઓ પહેરો આપે છે, તેમાં ન દજ્જાલ આવે ન પ્લેગ (તાઉન). *–(બુખારી, મુસ્લિમ)*

**૦૭.** જેણે મારા વિસાલ પછી મારી કબરની ઝિયારત કરી તો એવું છે કે તેણે મારી હયાતીમાં ઝિયારત કરી. *–(તબરાની)*

**૦૮.** જેણે મારી ક઼બરની ઝિયારત કરી તેના પર મારી શફાઅત વાજિબ છે. *(બયહકી)*

**ઉસને લક઼બે ખાક શહેન્શાહ સે પાયા**
**જો હૈદરે કર્રાર કે મૌલા હૈ હમારા**

*(લક઼બે ખાક = માટીનો લક઼બ, શહેન્શાહ = બાદશાહોનો બાદશાહ,*
*હૈદરે કર્રાર = હઝરત અલી رضی اللہ عنہનો લક઼બ, મૌલા = આક઼ા સરદાર)*

**અર્થાત :** હદીષ શરીફમાં છે કે એક દિવસ હઝરત અલી رضی اللہ عنہ મસ્જિદે નબ્વીમાં આરામ ફર્માવી રહ્યા હતા. આપના બદન પર માટી લાગેલી હતી તે દરમ્યાન હુઝૂર ﷺ તશરીફ લાવ્યા અને ફર્માવ્યું, "કુમ યા અબાતુરાબ" અય માટીવાળા ! ઉઠો ! ત્યારથી હઝરત અલી رضی اللہ عنہનો લક઼બ અબૂ તુરાબ થઈ ગયો એટલે કે

''માટીવાળા'' જે હુઝૂર તરફથી મળ્યો હતો અને જો કોઈ હઝરત અલી رضی اللہ عنہને અબૂ તુરાબ કહીને બોલાવતો તો હઝરત અલી رضی اللہ عنہ ઘણા પ્રસન્ન થતા હતા.

**અર્થાત :** આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે શેરેખુદા, હૈદરે કર્રાર લક઼બધારી હઝરત અલીને શહેન્શાહ હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم તરફથી માટીનો લક઼બ અબૂ તુરાબ મળેલ છે જે અલી અમારા મૌલા, આકા અને સરદાર છે. હદીષ શરીફમાં છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જેનો હું મૌલા છું હઝરત અલી رضی اللہ عنہ તેના મૌલા છે.

**અય મુદ્દઈયો ખાક કો તુમ ખાક ન સમઝે**
**ઈસ ખાક મેં મદફૂન શહે બત્હા હૈ હમારા**

*(મુદ્દઈયો = દાવો કરનાર, વિરોધીઓ, ખાક = માટી, ખાક ન સમઝે = કશુ ન સમજ્યા, મદફૂન = દફન થયેલ, શહેબત્હા = મક્કાના બાદશાહ)*

**અર્થાત :** ''અય વિરોધીઓ તમે માટીના મર્તબાને કશુ ન સમજી શક્યા, માટીનો મર્તબો એનાથી સમજો કે શહે બત્હા સરવરે કાએનાત સર્વોત્તમ પેયગમ્બર صلی اللہ علیہ وسلم માટીમાં આરામ ફર્માવી રહ્યા છે કે તે માટી અર્શથી પણ અફઝલ છે, જેવું ઉપર વર્ણન થયું.''

**હૈ ખાક સે તામીર મઝારે શહે ક઼ૌનેન**
**મઅમુર ઈસી ખાક સે ક઼િબ્લા હૈ હમારા**

*(તામીર = બાંધકામ, મઝાર = ક઼બર, શહે ક઼ૌનેન = દુન્યા અને આખેરતના બાદશાહ, મઅ્મૂર = તામીર કરેલ)*

**અર્થાત :** ''માટીની ઉચ્ચતા એનાથી પણ છે કે બંનેવ જહાનના બાદશાહ હુઝૂર صلی اللہ علیہ وسلمનો મઝાર શરીફ પણ માટીથી બનાવેલ છે અને આપણો ક઼િબ્લો ખાનએ કા'બા પણ માટીથી તામીર થયેલ છે.''

**નોંધ :** પથ્થર પણ માટીના પ્રકારમાં ગણાય છે. વધુ વિગત માટે જુઓ ફતાવાએ રઝવિય્યહ, ભાગ–૧, બાબુત્તયમ્મુમ.

**હમ ખાક ઉળાએંગે જો વો ખાક ન પાઈ**
**આબાદ 'રઝા' જિસપે મદીના હૈ હમારા**

*(ખાક ઉળાએંગે = હેરાન પરેશાન થઈશું, રઝા = આ'લા હઝરતનો તખલ્લુસ)*

**અર્થ :** ''અય રઝા ! મદીના શરીફ જ્યાં હુઝૂર صلی اللہ علیہ وسلم આરામ ફર્માવે છે ત્યાંની માટી નહીં મળે એટલે કે ત્યાંની ઝિયારત નહીં થાય તો જીવનભર પરેશાન અને બેચેન ફરતા રહીશું.''

*''દિખા દે ઈલાહી દયારે મદીના કે આંખે ભી દેખે બહારે મદીના''* (આમીન)

## (નઅત શરીફ : 03)

### ગમ હો ગએ બેશુમાર આકા–બંદા તેરે નિષાર આકા

**અર્થાત** : "હે અમારા આકા ! અમારા સરદાર ! ﷺ ગુલામ આપ પર કુર્બાન થાય, મારા ગમ, દુઃખ ઘણા વધી ગયા છે. આપ ગમોને દૂર કરનાર છો, અમારા ગમને દૂર કરી દો. બીજો શેઅરમાં આ'લા હઝરતે સહાબાએ કિરામની સુન્નત પર અમલ કરીને અર્ઝ કરી છે જેવું કે હદીષોમાં ઘણી જગ્યાએ જોવા મળે છે કે જ્યારે કોઈ સહાબી હુઝૂર ﷺની બારગાહમાં કાંઈક અર્ઝ કરતા તો કહેતા કે "ફિદાક અબી વ ઉમ્મી યા રસૂલલ્લાહ ! ﷺ આપ પર મારા માબાપ કુર્બાન !"

### બિગળા જાતા હૈ ખેલ મેરા–આકા ! આકા ! સંવાર આકા !

**અર્થાત** : "હે મારા સરદાર ! ﷺ મારા કામો બગડી રહ્યાં છે, આપ મારા કામો બનાવી દો. હુઝૂર ﷺને મુશ્કેલીના વખતે પુકારવાથી કામો બને છે અને મુશ્કેલીઓથી છૂટકારો મળે છે, આ વિશે ઘણી રિવાયતો જોવા મળે છે, ઉદાહરણ રૂપે એક હદીષ આપની સમક્ષ રજૂ કરું છું :–

હઝરત અમ્ર બિન સાલિમ રાજિઝ رضی اللہ عنہ જ્યારે મક્કા શરીફથી હિજરત કરી મદીના મુનવ્વરહ્ જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં કાફિરોએ આપના પર હુમલો કર્યો. જનાબ રાજિઝે હુઝૂરને પુકાર્યા "હુઝૂર ! મને બચાવો !" તે સમયે હુઝૂર હઝરત મયમૂનહ رضی اللہ عنہاના ઘરે વુઝૂ બનાવી રહ્યા હતા, ત્યાંથી જ હુઝૂર ﷺએ રાજિઝની પુકાર સાંભળી અને લબ્બેક ! કહ્યું અને રાજિઝની મદદ કરી બચાવી લીધા. જ્યારે હઝરત અમ્ર બિન સાલિમ રાજિઝ મદીના શરીફ પહોંચ્યા તો આપે અમુક શેઅરો કહ્યા તેમાંથી એક આ પણ છે :–

**(તર્જુમો)** : "તું રસૂલુલ્લાહ ﷺથી મદદ માંગ કેમ કે આપની મદદ હમેશાં તૈયાર છે, અને અલ્લાહના બંદાઓને પુકાર તારી મદદ માટે પહોંચશે."

*–(હવાલો : કિતાબુલ ઈસ્તીયાબ, ભાગ–૨, પેજ–૪૪૬, દલાઈન્નબુવ્વત, બયહકી, ભાગ–૧, પેજ–૩૨)*

આ બનાવની સાબિતી હઝરત મયમૂનહ رضی اللہ عنہاએ પણ આપી. ફર્માવે છે કે, એક વખતે હુઝૂર ﷺ મારા ઘરે વુઝૂ ફર્માવી રહ્યા હતા તો મેં સાંભળ્યું કે આપે ત્રણ વખત લબ્બૈક ! કહી ફર્માવ્યું, "તારી મદદ ! થઈ ગઈ !" મેં અર્ઝ કરી, હુઝૂર ! આપ કોને લબ્બૈક કહી રહ્યા છો ? આપે જવાબ આપ્યો, રાજિઝ (અમ્ર બિન સાલિમ) મને મદદ માટે પુકારી રહ્યા છે. *(હવાલો : તબ્રાની, પેજ–૨૦૧)*

અલ્લામા હાફિઝ ઈબ્ને કષીર "અલબિદાયહ વન્નિહાયહ્"માં લખે છે કે, "જંગના સમયે યા મુહમ્મદા ! (યા રસૂલલ્લાહ ! ﷺ) પુકારવું મુસલમાનોની ઓળખ બની ગઈ હતી."

*યા રસૂલલ્લાહ કે નારે સે હમ કો પ્યાર હૈ–જિસને યે ના'રા લગાયા ઉસકા બેળા પાર હૈ*

આ વિષય પર વધુ માહિતી મેળવવા માટે જુઓ આ'લા હઝરતના રિસાલા :–

(૧) નિદાએ યા રસૂલલ્લાહ, ફતવાએ રઝવિય્યહ્ જદીદ (ભાગ–૨૯) (૨) અલ અમ્નુ વલ ઉલા, ફતાવા રઝવિય્યહ્, ભાગ–૩૦ (૩) બરકાતુલ ઈમ્દાદ, ભાગ–૨૧

**મંજધાર પે આકે નાવ ટૂટી–દે હાથ કે હોઉં મૈં પાર આકા**

**અર્થાત** :"હે મારા આકા ! દરિયાની વચ્ચે આવીને મારી નૌકા તૂટી રહી છે, આપ સહારો આપો જેથી હું દરિયો પાર થઈ જાઉં."

**ટૂટી જાતી હૈ પીઠ મેરી–લિલ્લાહ યે બોજ ઉતાર આકા !**

**અર્થાત** : "ગુનાહોના બોજના કારણે મારી પીઠ તૂટી રહી છે, હુઝૂર ! ખુદાના વાસ્તે મારા આ બોજને ઉતારી આપો જેથી મારી મુશ્કેલીઓ આસાન થઈ જાય.

**હલ્કા હૈ અગર હમારા પલ્લા–ભારી હૈ તેરા વકાર આકા !**

**અર્થાત** : "હિસાબના દિવસે જો અમલના ત્રાજવામાં અમારી નેકીઓનું પલ્લુ હલકુ હોય તો શું થયું ! આપનો વકાર, મર્તબો ઘણો બુલંદ છે, આપની શફાઅતનો વજન ભારી છે જે અમારા હલકા પલ્લાને ભારી બનાવી દેશે."

**મજબૂર હૈં હમ તો ફિક્ર ક્યા હૈ–તુમ કો તો હૈ ઈખ્તિયાર આકા !**

**અર્થાત** : "હે મારા આકા ! શફીએ મેહશર ! જો ગુનાહોના કારણે અમે મજબૂર અને બેઈખ્તિયાર છીએ તો કોઈ ગમ નથી, કારણ કે આપ તો ઈખ્તિયારવાળા છો, આપને શફાઅતનો અધિકાર આપવામાં આવ્યો છે."

હુઝૂર ﷺને ખુદાપાકે શફાઅતનો ઈખ્તિયાર, અધિકાર આપ્યો છે, જેની ચાહે શફાઅત ફર્માવે. આ વિષય પર બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, ઈબ્ને માજહ, અબૂ દાઊદ, ઈબ્ને હબ્બાન, બયહકી, તિર્મિઝી, તબ્રાની, મુસ્નદે ઈમામ અહમદ વગેરે હદીષોની અનેક કિતાબોમાં ઘણી બધી હદીષો જોઈ શકાય છે જેનું સારાંશ એ છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, "ખુદા તઆલાએ મને અધિકાર આપ્યો કે તું શફાઅત લઈ લે અથવા અડધી ઉમ્મત માટે જન્નત. તો મેં શફાઅતને લઈ લીધી જે વધુ કામ આપનાર છે મારી શફાઅત ફક્ત નેક લોકો માટે જ નથી, બલ્કે મોટા મોટા ગુનાહગારો માટે છે." આ વિષય પર વધુ વિગત માટે જુઓ ફતાવાએ રઝવિય્યહ્, ભાગ–૨૯, કિતાબ : શફાઅતે સૈયદિલ મહબૂબીન ﷺ.

**મૈં દૂર હૂં તુમ તો હો મેરે પાસ–સુન લો મેરી પુકાર આકા !**

**અર્થાત** : જો હું જાહેરમાં આપથી દૂર છું તો શું થયું, અય મારા આકા ! આપ તો ખુદાની આપેલ તાકતથી સદા મારી પાસે છો, મારી પુકાર સાંભળીને મારી મદદ કરો ! "

હુઝૂર ﷺનું નજીક હોવું કુર્આનથી સાબિત છે : "નબી ઈમાનવાળાઓની જાનથી પણ વધુ નિકટ છે."

*(પારા–૨૧, રુકૂઅ–૧૭, સૂરએ અહઝાબ)*

હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે, તમામ "ફઝા" (વાતાવરણ, પૃથ્વીની પહોળાઈ) એટલે આખી દુનિયા હુઝૂર ﷺની રૂહથી ભરેલી છે. (હુઝૂર ﷺની રૂહ બધે જ મૌજૂદ છે.)

*–(હવાલો : ફ઼ુયૂઝુલ હરમૈન, પેજ–૨૮)*

ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ તન્વીર, પેજ–૩૫ પર લખે છે : હઝરત જિબ્રઈલ علیہ السلام હુઝૂર ﷺની બારગાહમાં હઝરત દહયા કલ્બી (સહાબી)ની સૂરતમાં હાજર હોવા છતાં સિદરતુલ મુન્તહાથી પણ જુદા ન થતા હતા. (એટલે કે બંને જગ્યાએ હાજર રહેતા હતા)

અને શરહુસ્સુદૂર, પેજ : ૧૩, ૧૭ તથા ફતાવાએ હદીષિયહ઼, પેજ–૩ પર છે કે હઝરત ઈઝરાઈલ علیہ السلام મૌતના ફરિશ્તા દરેક રૂહવાળી વ્યક્તિ પાસે હર ઘડી મૌજૂદ છે.

જ્યારે જિબ્રઈલ علیہ السلام સિદ્રાથી પૃથ્વી પર આવ્યા પછી પણ સિદ્રા પર મૌજૂદ રહે છે અને હઝરત ઈઝરાઈલ علیہ السلام દરેક જગ્યાએ મૌજૂદ છે તો પછી હુઝૂર ﷺની અઝમતનું શું કહેવું જ શું કે હુઝૂર ﷺ તો જિબ્રઈલ علیہ السلام અને ઈઝરાઈલ علیہ السلامના સરદાર છે, જ્યારે ગુલામોની શાન એ છે કે દરેક જગ્યાએ મૌજૂદ છે તો પછી સરદારની હાજરી પર શંકા કેવી ?!

**મુઝસા કોઈ ગમઝદહ ન હોગા–તુમસા નહીં ગમગુસાર આક઼ા !**

**અર્થાત** : "હે મારા પ્યારા આક઼ા ﷺ ! દુનિયામાં મારા જેવો કોઈ ગમઝદા, દુઃખી નહીં હોય અને આપના જેવો ગમગુસાર, ગમ દૂર કરનાર ન થયો છે, ન થશે. તો આપ પર મારા ગમ, દુઃખને દૂર કરી આપો."

**તુમ વહ કે કરમ કો નાઝ તુમસે–મૈં વો કે બદીકો આર આક઼ા !**

**અર્થાત** : "હે મારા આક઼ા ! ﷺ આપની શાને કરીમીનું કહેવું જ શું કે કરમ (સખાવત)ની નિસ્બત, સંબંધ આપની સાથે હોવાથી તે નાઝ કરે છે અને હું એવો ગુનેહગાર છું કે બુરાઈની નિસ્બત મારી સાથે હોવાથી તે શરમાય છે."

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં પોતાની નમ્રતા, આજિઝી વ્યક્ત કરી છે.

**ગરદાબ મેં પળ ગઈ હૈ કશ્તી–ડૂબા ડૂબા ઉતાર આક઼ા !**

**અર્થાત** : "યા રસૂલલ્લાહ ! ﷺ ગુનાહોના ગિરદાબ (ભંવર, ચક્રવાત)માં મારા જીવનની હોડી ફસાઈ ગઈ છે આપ તેમાંથી મને ઉઠાવી લો."

કુર્આનમાં અલ્લાહ તઆલા ફર્માવે છે : "જો તેઓ પોતાની જાન પર જુલ્મ કરી બેસે (ગુનોહ કરે) તો અય મહબૂબ ! તમારી બારગાહમાં હાજર થાય, પછી અલ્લાહથી માફી માંગે અને રસૂલ તેઓની સફારિશ ફર્માવે તો જરૂર અલ્લાહને તૌબા ! ક઼બૂલ કરનાર મહેરબાન પામશે.

**ફિર મુંહ ન પળે કભી ખિઝાં કા–દે દે ઐસી બહાર આક઼ા !**

**અર્થાત** : "હે મારા આક઼ા ! મને એવી બહાર (વસંત ઋતુ) આપો કે મારી જિંદગીમાં ફરી ક્યારેય ખિઝાં

(પાનખર ઋતુ)ને મારી સામે આવવાની હિંમત ન થાય."

**જિસકી મરઝી ખુદા ન ટાલે-મેરા હૈ વહ નામદાર આક઼ા !**

**અર્થાત** : "મારા આક઼ા ﷺની શાન એવી છે કે ક્યારેય ખુદા આપની વાતને ઠુકરાવતો નથી અને હુઝૂર જે કાંઈ ઈચ્છે ખુદાએ પાક તે આપે છે. ખૂદ ખુદાએ પાક ફર્માવે છે : **(તર્જુમો)** : "અને જરૂર તમારો રબ તમને તમારી મરજી પ્રમાણે આપશે." *(કુઅ ર્આન, પારા-૩૦)* અને ક઼યામતના દિવસે પણ ખુદા ફર્માવશે, "મારા મહબૂબ ! માંગો ! તમારી માંગ પૂરી કરવામાં આવશે." આપની ઈચ્છાથી જ ખાનાએ કા'બાને ક઼િબ્લો બનાવવામાં આવ્યો.

*ખુદા કી રઝા ચાહતે હૈં દો આલમ-ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ -(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

**હૈ મુલ્કે ખુદા પે જિસકા ક઼બ્ઝા-મેરા હૈ વો કામગાર આક઼ા !**

**અર્થ** : મારા નબી ﷺ એવા કામગાર (ખુશનસીબ, બાદશાહ) છે જેમને ખુદા પાકે પોતાની ખુદાઈ પર એટલે કે ૧૮૦૦૦ દુનિયાઓ પર કબજો અને અધિકાર આપ્યો છે, હુઝૂર ﷺના મુખ્તિયાર હોવા પર ઘણી બધી દલીલો મૌજૂદ છે, ઉદાહરણ રૂપે થોડીક હદીષોનો અભ્યાસ કરીએ. હુઝૂર ﷺ ફર્માવે છે : (૧) હૂં સૂઈ રહ્યો હતો કે જમીનના બધા જ ખજાનાઓની ચાવીઓ મારા હાથ આપવામાં આવી. *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૪૧૮)* (૨) મને દુનિયાની ચાવીઓ આપવામાં આવી. *(જવાહિરુલ બયાન, ભાગ-૧, પેજ-૩૯૬)* (૩) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે, હઝરત આમેના رضی اللہ عنہાએ ફર્માવ્યું કે જ્યારે હુઝૂર ﷺની વિલાદત (જન્મ) થઈ ત્યારે મેં જોયું કે એક સફેદ વાદળે આપને ઢાંકી દીધા અને આપ મારી સામેથી ગાયબ થઈ ગયા. પછી તે પર્દો હટી ગયો તો શું જોઉં છું કે લીલા રેશમનું વાળેલું કાપડ આપની મુટ્ઠીમાં છે અને કોઈ પુકારી રહ્યો છે, વાહ ! વાહ ! મુહમ્મદ ﷺએ તમામ દુનિયા પર કબ્જો કરી લીધો, પૃથ્વી અને આકાશમાં કોઈ મખ્લૂક઼ એવી નથી રહી જે હુઝૂર ﷺના ક઼બ્જામાં ન આવી હોય. *(દલાઈલુન્નબુવ્વત)*

આ વિષય પર ઘણી કિતાબો લખવામાં આવી છે, વધુ જાણકારી માટે જુઓ : આ'લા હઝરત رحمۃ اللہ علیہની કિતાબ "અલ અમ્નુ વલઉલા, મુનીયતુલ્લબીબ" મુફ્તી અહમદ યારખાં رحمۃ اللہ علیہની કિતાબ "સલતનતે મુસ્તફા ﷺ".

**સોયા કિએ નાબકાર બંદે-રોયા કિએ ઝાર ઝાર આક઼ા !**

**અર્થ** : "નિકમ્મા (બેકાર) ગુલામ (ઉમ્મતી) તો રાત્રે મીઠી નિદ્રામાં સૂતા રહ્યા અને પ્યારા આક઼ા ! આખી આખી રાત ઉમ્મતના ગમમાં રડતા રહ્યા."

**ક્યા ભૂલ હૈ ઉનકે હોતે કેહલાએં-દુન્યા કે યે તાજદાર આક઼ા !**

**અર્થાત** : "કેટલી મોટી ભૂલ છે કે શહનશાહે કાઈનાતની હાજરીમાં દુનિયાનો કોઈ બાદશાહ ખૂદને આક઼ા (સરદાર) કહેવડાવે, કારણ કે મોટાથી મોટા પણ હુઝૂરના અદના ખાદિમની હૈસિયતથી જ છે. જુઓ હઝરત જિબ્રઈલ علیہ السلام ફરિશ્તાઓના સરદાર છે પરંતુ હુઝૂર ﷺની બારગાહના ખાદિમ છે, બલ્કે તમામ નબીઓ પણ હુઝૂર ﷺને પોતાનો આક઼ા, સરદાર માને છે જેનું ઉદાહરણ મેઅરાજની રાત્રે મસ્જિદે અકસામાં

જોવા મળ્યું કે હુઝૂર સર્વના ઈમામ બન્યા.''

**ઉનકે અદના ગદા પે મિટ જાએં–ઐસે ઐસે હઝ઼ાર આક઼ા !**

**અર્થાત** : ''પ્યારા આક઼ા ! ﷺની શાનો શૌકતની તો વાત જ શું ?! આપના અદના ગુલામ પર હજારો સરદારો અને બાદશાહો કુર્બાન થઈ જાય છે.''

**બે અબ્રે કરમ કે મેરે ધબ્બે–લા તગ઼્સિલુ હલ્ બિહાર આક઼ા !**

**અર્થાત** : ''મારા આક઼ા ! ﷺ આપના કરમના વરસાદ વગર મારા ગુનાહોના ધબ્બા (ડાઘ)ને સમંદરો પણ નથી ધોઈ શકતા. ''લા તગસિલુ હલ બિહાર'' અરબી વાક્ય છે, અર્થ તેને સમંદરો નથી ધોઈ શકતા.

**ઈતની રહમત 'રઝ઼ા' પે કર લો–લા યક઼રબુહુલ્ બવાર આક઼ા !**

**અર્થાત** : ''મારા આક઼ા ! ﷺ ''રઝ઼ા'' (ઈમામ અહમદ રઝ઼ા બરેલ્વી رحمۃ اللہ علیہ) પર એટલી મહેરબાની ફર્માવો કે દીનો દુનિયાની મુસીબતો અને તકલીફો તેના નજીક ન આવી શકે.''

''લા યક઼રબુહુલ બવાર'' અરબી શબ્દો છે. અર્થ : તકલીફો તેના નજીક ન આવે.''

## (નઅત શરીફ : ૦૪)

**મુહમ્મદ ﷺ મઝહરે કામિલ હૈ હક્ક઼ કી શાને ઈઝ્ઝત કા**
**નઝર આતા હૈ ઈસ કષરત મેં કુછ અંદાઝ વહ્દત કા**

**અર્થાત :** હુઝૂર ﷺ અલ્લાહ તઆલા ﷻની શાને ઈઝ્ઝતના સંપૂર્ણ મઝહર છે. મઝહર એટલે જાહેર થવાની જગ્યા, જેનાથી જાહેર થાય. અલ્લાહ તઆલાની શાન હુઝૂર ﷺ થી જાહેર થાય છે. હદીષે કુદ્સીમાં છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે, હું ગુપ્ત ખજાનો હતો, ઈચ્છા કરી કે ઓળખાઈ જાઉં એટલે હુઝૂર ﷺને પોતાના મઝહર બનાવ્યા. જેવું કે બીજી હદીષે કુદ્ષીમાં છે કે, અય મહબૂબ ! જો હું તમને પેદા ન કરત તો મારું રબ હોવું પણ જાહેર ન કરત. આટલી બધી કષરતથી (વધુ પ્રમાણમાં) ખૂબીઓ હોવામાં રસૂલ એકલા જ દેખાય છે. આપ બેમિષ્લો બેમિષાલ (અજોડ) છે.

**યહી હૈ અસ્લે આલમ માદ્દા ઈજાદે ખલ્ક઼ત કા**
**યહાં વહદત મેં બરપા હૈ અજબ હંગામા કષરત કા**

*(માદ્દા = મૂળ, બુનિયાદ, આલમ = દુનિયા, અજબ = અનોખુ)*

**અર્થાત :** આપણા આકા ﷺ દુનિયાની અસ્લ છે. આપની જાત તમામ મખ્લૂક઼ની બુનિયાદ છે અને આપના એકલાપણામાં કષરતની ધૂમ મચેલ છે. હદીષ શરીફમાં છે કે સર્વ પ્રથમ ખુદા પાકે મારા નૂરને પોતાના નૂરથી પેદા કર્યું અને પછી સર્વ મખ્લૂક઼ને મારા નૂરથી પેદા કરી. *(તફસીરે રૂહુલ બયાન, પેજ–૫૪૮, મદારિજુન્નબુવ્વત–ફારસી, ભાગ–ર, પેજ–ર)* જેથી સાબિત થયું કે દુનિયા અને તમામ મખ્લૂક઼ની પેદાઈશનો માદ્દો (મૂળ) હુઝૂર ﷺની ઝાત છે.

**ગદા ભી મુન્તઝિર હૈ ખુલ્દ મેં નેકોં કી દઅવત કા**
**ખુદા દિન ખૈર સે લાએ સખી કે ઘર ઝિયાફ઼ત કા**

*(મુન્તઝિર = રાહ જોનાર, ઉમ્મીદવાર, ખુલ્દ = હમેશાં રહેવાની જગ્યા, જન્નત, ઝિયાફત = મહેમાની)*

**અર્થાત :** ગદાથી આ'લા હઝરતે પોતાને મુરાદ લીધા છે એટલે કે હું અહમદ રઝા પણ જન્નતમાં નેક લોકો અંબિયા, ઔલિયાની દા'વતની રાહ જોઈ રહ્યો છું, ખુદા સખીના ઘરની દા'વતનો દિવસ સલામતી સાથે લાવે.

**ગુનાહ મગફૂર, દિલ રોશન, ખુન્ક આંખેં, જિગર ઠંડા**
**તઆલલ્લાહ, માહે તયબાહ આલમ તેરી તલ્અત કા**

*(મગફૂર = બખ્શિશ કરેલ, ખુન્ક = ઠંડક, માહે તયબાહ = મદીના શરીફનો ચાંદ, તલ્અત = દીદાર)*

**અર્થાત :** અય મદીનાના ચાંદ ! ﷺ સુબ્હાનલ્લાહ ! આપના દીદારની રોનક એટલી સુંદર છે કે જેનાથી ગુનાહ માફ થાય, દિલ રોશન, પ્રકાશિત થાય છે, આંખોને ઠંડક અને જિગરને સુકૂન નસીબ થાય છે.

**ન રખી ગુલ કે જોશે હુસ્નને ગુલશનમેં જા બાકી**
**ચટકતા ફિર કહાં, ગુન્ચા કોઈ બાગે રિસાલત કા**

*(જોશે હુસ્ન = અતિ સુંદરતા, ગુલ = ફૂલ, ગુલશન = બાગ, બગીચો, ચટકવુ = ફૂલ ખિલવું, ગુન્ચા = ફૂલની કળી, જા = જગ્યા)*

**અર્થાત :** નબુવ્વત અને રિસાલતના બાગમાં લગભગ એક લાખ ચોવીસ હજાર કળીઓ નબી અને રસૂલોના રૂપમાં ખીલતી રહી જેની મહકથી દુનિયા સુગંધિત થતી રહી, પરંતુ જ્યારે આ નબુવ્વત અને રિસાલતના બાગમાં આખરી ફૂલ મુહમ્મદ મુસ્તફા ﷺની સૂરતમાં ખીલ્યું તો તેની અતિ સુંદરતાના કારણે બાગમાં બીજી કોઈ કળીને ખીલવાની જગ્યા બાકી ન રહી. આ'લા હઝરતે આ શેઅરમાં ખત્મે નબુવ્વતનો અક઼ીદો જાહેર કર્યો છે કે હુઝૂર સરાપા નૂર ﷺના આગમનથી દુનિયા રોશન થઈ ગઈ, હવે કોઈ બીજો નબી કેવી રીતે આવે ?! હુઝૂર આખરી નબી છે, આપના પછી કોઈ નબી આવ્યો નથી અને આવશે પણ નહીં, જે કુર્આન અને હદીષોથી સ્પષ્ટપણે સાબિત છે.

**બળ્હા યે સિલસિલા રહમત કા દૌર ઝુલ્ફેવાલા મેં**
**તસલસુલ કાલે કોસોં રહ ગયા ઈસ્યાં કી ઝુલમત કા**

*(બળ્હા = વધ્યુ, તસલસુલ = લગાતાર, કાલેકોસોં = ખૂશ્બુદાર, વરસોનો રસ્તો, ઈસ્યાં = ગુનાહ, ઝુલ્મત = અંધકાર)*

**અર્થાત :** હુઝૂરે અકરમ ﷺની આલીશાન ઝુલ્ફો (લાંબાવાળ)માં રહમતનો સિલસિલો એવો વધ્યો એટલે કે હુઝૂર ﷺની મહેરબાનીઓ પોતાની ઉમ્મત પર એટલી વધી કે સતત ગુનાહોનો અંધકાર હુઝૂરેવાલાની કાળી ઝુલ્ફોની સુંદરતાથી ઘણો દૂર થઈ ગયો. હુઝૂર ﷺની ઝુલ્ફોની ક઼સમ ! કુર્આને યાદ ફર્માવી છે : **وَالَّیۡلِ اِذَا سَجٰی** "આપની ઝુલ્ફોની ક઼સમ ! જ્યારે તે છવાય જાય." *(કુર્આન : પારા–૩૦, આ. ૨, તફસીરે રૂહુલ બયાન)*

**સફે માતમ ઉઠે, ખાલી હો ઝિન્દાં, ટૂટેં ઝંજીરેં**
**ગુનાહગારો ચલો મૌલાને દર ખોલા હૈ જન્નત કા**

*(સફે માતમ ઉઠે = માતમ ખતમ થઈ ગઈ, ઝિંદાં = જેલ, દર = દરવાજા)*

**અર્થાત :** હે ગુનેહગારો ! હવે ગમનું માતમ ખતમ કરો ! કારણ કે ખુદા પાકે દુનિયામાં જ તમારા માટે જન્નતના દરવાજા ખોલી દીધા છે અને હુઝૂર શાફએ યૌમુન્નુશૂર ﷺની ચોખટ છે ગુનાહની કેદમાંથી છૂટકારો મળ્યો, અઝાબની ઝંજીરો તૂટી અને છૂટકારો મળ્યો. આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ શફાઅતે મુસ્તફા તરફ ઈશારો કર્યો છે. કુર્આનમાં છે, જો તેઓ પોતાની જાન પર જુલ્મ કરી બેસે, તો હે મહબૂબ ! તમારી બારગાહમાં હાજરી આપે, પછી ખુદાથી માફી માંગે અને રસૂલ તેમના માટે શફાઅત ફર્માવે તો જરૂર અલ્લાહને તૌબા ક઼બૂલ કરનાર, મહેરબાન પામશે. *(પારા–૫, રુકૂઅ–૫)* અને હદીષોમાં ઘણી જગ્યાએ શફાઅતનો ઉલ્લેખ છે. જેનું બયાન પાછળ ગુજર્યું.

**સિખાયા હૈ કિસ ગુસ્તાખને આઈના કો યા રબ !**
**નઝ્ઝારા રૂએ જાનાં કા બહાના કર કે હૈરત કા**

**અર્થાત :** શાયરો આઈનાને હૈરત (આશ્ચર્ય) દર્શાવે છે. આ'લા હઝરતે તેનો એ'તેબાર કરીને અજીબો ગરીબ મઝમૂન (લખાણ) પેદા કર્યું કે નબીએ કરીમ ﷺની ઝિયારત આઈનો હૈરતનું બહાનુ બનાવીને કરી રહ્યો છે આ વાત કયા ચાલાકે શીખવાડી ?!

**હુઝૂર ﷺના આઈનાનો કમાલ :** હુઝૂર ﷺના આઈનાને હુઝૂરની ઝિયારતનો શર્ફ મળ્યો તો એવું ઈનામ મળ્યું કે હુઝૂર ﷺ સિવાય કોઈની પણ સૂરત તેમાં દેખાતી નથી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ખ્વાબમાં હુઝૂર ﷺની ઝિયારત કરી તો આ હદીષ ખયાલમાં આવી, જેણે મને ખ્વાબમાં જોયો તો નિકટમાં મને જાગૃતાવસ્થામાં જોશે, તેથી તેમને ગમ થયો કે ન જાણે મને જાગૃતાવસ્થામાં ઝિયારત થશે કે નહીં ? આ ખયાલમાં ગુમ થઈ બીબી મયમૂનહ رضی اللہ عنہا પાસે ગયા અને હકીકત બતાવી તો તેમણે હુઝૂર ﷺનો આઈનો કાઢયો. હઝરત ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે મેં હુઝૂર ﷺના આઈનામાં જોયું તો હુઝૂર ﷺની સૂરત મુબારક દેખાઈ અને મારી સૂરત નજર ન આવી. *(અલ્ હાદી લિલ્ ફતાવા, ભાગ–૨, પેજ–૪૪૯)*

**ઈધર ઉમ્મત કી હસરત પર ઉધર ખાલિક કી રહ્મત પર**
**નિરાલા તૌર હોગા ગરદિશે ચશ્મે શફાઅત કા**

**અર્થાત :** કયામતના દિવસે હુઝૂર ﷺની નિગાહે શફાઅતનો અનોખો તરીકો હશે, ક્યારેક ઉમ્મતની હસરત–આરઝૂઓ પર નજર હશે અને ક્યારેક ખુદાની રહ્મતની તરફ જોશે. અંતમાં ખુદા ﷻની રહમત હુઝૂર ﷺની શફાઅતના સદકામાં ઉમ્મતને નજાત આપશે.

**બળ્હી ઈસ દરજા મૌજેં કષરતે અફઝાલે વાલા કી**
**કનારા મિલ ગયા ઈસ નહર સે દરયાએ વૈહદત કા**

*(બળ્હી = વધી, ઈસ દરજા = એટલી હદે, અફઝાલ = ફઝલનું બહુવચન, મહેરબાનીઓ, વાલા = ઊંચો, નહર = નદી)*

**અર્થાત :** હુઝૂર ﷺની મહેરબાનીઓનાં મોજાંઓ એટલી હદે વધ્યાં કે હુઝૂર ﷺની રહ્મતભરી નદીનો કિનારો ખુદાની રહ્મતના દરિયામાં સમાય ગયો. આ શેઅરમાં બુખારી શરીફની હદીષે કુદ્સી તરફ ઈશારો કરવામાં આવ્યો છે કે અલ્લાહ તઆલા ફર્માવે છે, જ્યારે કોઈ બંદો મારી નિકટ આવી જાય છે ત્યારે તેને હું મેહબૂબ બનાવી લઉં છું અને તેના કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે, અને તેના હાથ બની જાઉં છું જેનાથી તે પકડે છે, અને તેના પગ થઈ જાઉં છું જેનાથી તે ચાલે છે, અને તે મારાથી જે કાંઈ માંગે છે હું જરૂર આપુ છું. *(બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૯૬૩)*

**ખમે ઝુલ્ફે નબી સાજિદ હૈ મેહરાબે દો અબરૂમેં**
**કે યા રબ તૂ હી વાલી હૈ, સિયાકારાને ઉમ્મત કા**

*(ખમે ઝુલ્ફે નબી = નબીની ઝુલ્ફોના વળાંક, સાજિદ હૈ = સજદો કરે છે, દો અબરૂ = બે ભવાં, વાલી = માલિક, સિયાકારાને ઉમ્મત = ઉમ્મતના ગુનેહગાર લોકો)*

**અર્થાત :** જ્યારે હુઝૂર ﷺ સજદામાં જઈ ઉમ્મત માટે દુઆ માંગતા તો આપની ઘુંઘરાલુ ઝુલ્ફ મેહરાબ જેવી દેખાતી બંનેવ ભ્રંવા પર આવી જતી હતી, જાણે કે તે પણ સજદો કરીને દુઆ માંગી રહી છે કે મૌલા ! તું જ ઉમ્મતના ગુનેહગારોનો માલિક છે, તેમને માફ કરી દે.

**મદદ અય જોશિશે ગિરયા, બહા દે કોહ ઔર સહરા**
**નઝર આ જાએ જલ્વા બેહિજાબ ઉસ પાક તુરબત કા**

*(જોશિશ = જોશ, જુસ્સો, ગિરયા = રડવું, કોહ = પહાડ, સહરા = જંગલ, બેહિજાબ = બેપર્દા, તુર્બત = ક઼બ્ર)*

**અર્થાત :** હે મારા ઈશ્કે઼ રસૂલના જોશ ! મારી મદદ કર ! હુઝૂર ﷺની ઝિયારતની તડ઼પમાં એટલા આંસૂંઓ વહાવી દે કે મારા અને મદીના શરીફના દરમિયાન જેટલા પહાડો અને રૂકાવટો છે તે દૂર થઈ જાય અને હું રોઝએ અક઼દસ ﷺનો બેપર્દા દીદાર કરી લઉં.

**હુએ કમ ખ્વાબીએ હિજરાં મેં સાતોં પર્દે કમખ્વાબી**
**તસવ્વુર ખૂબ બાંધા આંખોંને અસ્તારે તુર્બત કા**

*(કમખ્વાબી = ઓછુ સૂવું, ઉજાગરો, કમખ્વાબી અથવા કિમખ્વાબી = મોઘું, સોનાના તારથી બનાવવામાં આવેલ કાપડ, હિજરાં = જુદાઈ, સાતોં પર્દે = આંખોના સાત પર્દા, અસ્તારે તુર્બત = ક઼બ્રના પર્દા)*

**અર્થાત :** હુઝૂર ﷺની જુદાઈમાં આંખોએ નબીએ કરીમ ﷺની ક઼બ્રે અન્વરનો એવો સારો તસવ્વુર, ખ્યાલ જમાવ્યો કે આંખોના સાતેય પર્દા પર નક઼્શો દોરાઈ ગયો એટલા માટે મારી આંખોના સાતેય પર્દા ઘણા કિંમતી તથા મોંઘા થઈ ગયા.

**ચક઼ીં હૈ વક઼્તે જલ્વહ્ લગઝિશેં પાએ નિગાહ પાએ**
**મિલે જોશે સફ઼ાએ જિસ્મ સે પાબોસ હઝરત કા**

*(લગઝિશ = લપસવું, સફ઼ાએ જિસ્મ = શરીરની પાકીઝગી, પા બોસ = પગ ચૂમનાર)*

**અર્થાત :** જ્યારે હુઝૂર ﷺનો જલ્વો નજર આવે તો તે વખતે આપના જિસ્મની પાકીઝગીના કારણે નિગાહોના પગ લપસે અને હુઝૂર ﷺના મુબારક પગોનો બોસો નસીબ થઈ જાય.

**યહાં છિળકા નમક, વાં મરહમે કાફૂર હાથ આયા**
**દિલે ઝખ્મી નમક પરવરદા હૈ કિસ કી મલાહત કા**

*(મરહમ = ઘા પર લગાડવામાં આવતી દવા, કાફૂર = કપુર જે ઠંડક આપે છે, હાથ આયા = મેહસૂસ થયું, નમક પરવરદહ = ગુલામ, મલાહત = સુંદરતા, વાં = ત્યાં)*

**અર્થાત :** આ ઝખ્મી દિલ કયા હુસ્નનો ગુલામ છે કે અહીંયાં દુનિયામાં ઝખ્મો પર ઈશ્ક઼નો નમક (મીઠુ) નાખ્યું તો ત્યાં આખેરતમાં કાફૂરની ઠંડક (હુઝૂર ﷺના દીદારથી) મરહમ ઝખ્મો પર લગાડવા મળી.

**ઈલાહી મુન્તઝિર હૂં વો ખરામે નાઝ ફ઼ર્માએ**
**બિછા રખા હૈ ફ઼ર્શ આંખોંને કમ ખ્વાબે બસારત કા**

*(મુન્તઝિર = રાહ જોનાર, ખરામે નાઝ ફ઼ર્માએ = શાનો શૌકતથી તશરીફ લાવે, ફ઼ર્શ = પાથરણુ, ગાલીચો, કમખ્વાબ = કિંમતી, બસારત = આંખો)*

**અર્થાત** : હે મારા મઅબૂદ ! હું રાહ જોઈ રહ્યો છું કે ક્યારે મારા ગરીબખાના પર તશરીફ લાવે, મારી આંખોંએ બસારતનો કિંમતી ગાલીચો બિછાવી રાખ્યો છે.

**ન હો આક઼ા કો સજદહ, આદમો યૂસુફ કો સજદહ હો**
**મગર સદ્દે ઝરાએ દાબ હૈ અપની શરીઅત કા**

*(આક઼ા = સરદાર આપણા નબી, ઝરાએ = સબબો, સદ્દ = રૂકાવટ, દાબ = તરીક઼ો)*

**અર્થાત** : સજદાહ બે પ્રકારના હોય છે : એક સજદએ દઆબ્બુદી એટલે **ઈબાદતનો સજદો** જે ખુદા સિવાય બીજા માટે કરવો **કુફ્ર** છે. બીજો **તા'ઝીમી સજદો** એટલે ઈજ્જત કરવા માટે જે પહેલી શરીઅતમાં જાઈઝ હતો જેવું કે કુર્આનમાં છે કે ફરિશ્તાઓએ હઝરત આદમ علیہ السلامને સજદો કર્યો અને હઝરત યૂસુફ علیہ السلامને તેમના ભાઈઓએ સજદો કર્યો. પરંતુ આપણા નબી ﷺની શરીઅતમાં આ સજદો **હરામ** કરી દેવામાં આવ્યો. (વધુ વિગત માટે જુઓ આ'લા હઝરતની કિતાબ "અઝ : ઝુબદતુઝ્ ઝકિય્યહ્ તહરીમે સુજુદિત્તહિય્યહ્ અને મૌલાના યૂનુસ મિસ્બાહી વાગરાવાલા (હાલ : લેસ્ટર, યુ.કે.)ની ગુજરાતી કિતાબ "તોહફાએ નજાત" ભાગ–૧૨) આ શેઅરનો અર્થ એ છે કે ઈશ્ક઼ તો કહે છે કે જ્યારે હઝરત યૂસુફ علیہ السلام અને હઝરત આદમ علیہ السلامને સજદો કરવામાં આવ્યો તો પછી આપણા આક઼ાને કેમ નહીં ?! પરંતુ આપણી શરીઅત આપણને અનુમતિ નથી આપતી. હદીષે પાકમાં છે એક ઊંટ જ્યારે હુઝૂર ﷺની બારગાહમાં સજદો કરે છે તો અમે સજદો કરવાના વધારે હક્ક઼દાર છીએ ! *(ખસાઈસે કુબ્રા, ભાગ–૧, પેજ–૫૨)* પરંતુ **હુઝૂરે સજદો કરવાની મનાઈ ફ઼ર્માવી દીધી.**

**ઝબાને ખાર કિસ કિસ દર્દ સે ઉનકો સુનાતી હૈ**
**તળપના દશ્તે તયબાહ મેં જિગર અફ઼ગારે ફ઼ુર્કત કા**

*(ખાર = કાંટો, દશ્તે તયબાહ = મદીનાનો જંગલ, જિગર અફગાર = ઝખ્મી કાળજુ, ફ઼ુર્કત = જુદાઈ)*

**અર્થાત** : મદીના શરીફના કાંટા હુઝૂર ﷺની જુદાઈમાં તડપનાર આશિક઼ અને ઝખ્મી દિલોનું દર્દ કેવા કેવા અંદાઝમાં હુઝૂર ﷺને સંભળાવે છે.

**સિરહાને ઉનકે બિસ્મિલ કે યે બેતાબી કા માતમ હૈ**
**શહે કૌષર તરહહુમ, તિશ્ના જાતા હૈ ઝિયારત કા**

*(બિસ્મિલ = બેચેન, તડપનાર, બેતાબી = બેક઼રારી, શહે કૌષર = કૌષરના માલિક, તરહહુમ = રહમ કરો, તિશ્ના = તરસ્યો, પ્યાસો)*

**અર્થાત** : આપની મહોબ્બતમાં તડપનારની સામે બેક઼રારી ખૂદ માતમ કરી રહી છે અને અર્ઝ કરી રહી

છે કે હે કૌષરના માલિક ! મહેરબાની કરો કે આપના દીદારનો પ્યાસો તરસ્યો જ જઈ રહ્યો છે, તેની પ્યાસ બુજાવો.

**જિન્હેં મરકદમેં તા હશ્ર ઉમ્મતી કેહકર પુકારોગે**
**હમેં ભી યાદ કર લો ઉનમેં સદક઼ા અપની રહ઼મત કા**

*(મરકદ = સૂવાની જગા, ક઼બ્ર, તાહશ્ર = હશ્ર સુધી)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપ ક઼બ્ર અન્વરમાં હશ્ર સુધી જે મુક઼દ્દસ લોકોને ઉમ્મતી ! ઉમ્મતી ! કહીને પુકારશો તે ખુશનસીબ લોકોમાં અમોને પણ યાદ કરી લો ! સામેલ કરી લો, આપને આપની રહ઼મતનો વાસ્તો !

**વો ચમકે બિજલિયાં યા રબ તજલ્લીહાએ જાનાંસે**
**કે ચશ્મે તૂર કા સુરમા હો દિલ મુશ્તાક઼ રૂયત કા**

*(તજલ્લી = ચમકર, જાનાં = મહબૂબ, ચશ્મેતૂર = તૂર પહાડની આંખ, દિલે મુશ્તાક઼ = આતૂર દિલ, રૂયત = દીદાર, જોવું)*

**અર્થાત :** યા ઈલાહી ! મહબૂબની ચમકની વીજળીઓ જ્યારે ચમકવા લાગે ત્યારે હુઝૂર ﷺના દીદારનું આતૂર દિલ તૂર પહાડની આંખોનો સુરમો બની જાય. એટલે કે જેવી રીતે તૂર પહાડ તજલ્લિયાતે ઈલાહીની તાબ ન લાવી શક્યો અને બળીને સુરમો બની ગયો, એવી જ રીતે મારું આરઝૂમંદ દિલ પોતાના મહબૂબની રોશનીઓની ચમકની તાબ નથી રાખતું પરંતુ મારું દિલ હુઝૂર ﷺની ઝિયારતની આતૂરતામાં શહીદ થવાનો ઈરાદો રાખે છે જેથી કોહે તૂરની આંખો માટે હમેશાં હમેશ માટે મારું મુશ્તાક઼ દિલ સુરમો બની જાય.

**'રઝા'એ ખસ્તા જોશે લહરે ઈસ્યાં સે ન ગભરાના**
**કભી તો હાથ આ જાએગા દામન ઉનકી રહ઼મત કા**

*(રઝા = મૌલાના અહમદ રઝા આ'લા હઝરત رحمۃ اللہ علیہનું ઉપનામ, ખસ્તા = ઝખ્મી,*
*જોશે બહરે ઈસ્યાં = ગુનાહના દરિયાનો જોશ, કભી તો હાથ આ જાએગા = ક્યારેક હાથમાં આવી જશે)*

**અર્થાત :** હે ગમગીન રઝા ! ગુનાહોના સમંદરના જોશ અને ઉભારથી ગભરાશો નહીં ! રહ઼્મતુલ્ લિલ્ આલમીન ﷺનો રહ઼મત ભરેલ દામન એક દિવસ હાથ આવી જશે અને દરેક બલાથી છૂટકારો મળી જશે.

## (નઅત શરીફ : ૦૫)

**લુત્ફ ઉન્કા આમ હો હી જાએગા–શાદ હર નાકામ હો હી જાએગા**

*(લુત્ફ =મહેરબાની, આમ =સર્વ વ્યાપી, શાદ =ખુશ)*

**અર્થાત** :હુઝૂર પુરનૂર ﷺ ની કૃપાઓ, મહેરબાનીઓ આમ થઈ જશે, બધા માટે જ આપની રહમતના દરવાજા ખુલી જશે તો દરેક નામુરાદ ખુશ થઈ જશે.

આ શેઅરમાં લુત્ફથી મુરાદ શફાઅતે કુબરા પણ થઈ શકે છે કે જ્યારે બધી જ ઉમ્મતો કયામતના દિવસે દરેક નબી પાસે જઈ પરેશાનીઓ દૂર કરવાની અપીલ કરશે પરંતુ દરેક નબી જવાબમાં "બીજા પાસે જાવ" કહેશે, જ્યારે હુઝૂર ﷺ ની બારગાહમાં પહોંચશે તો આકા ﷺ ફર્માવશે, હું આ કામ માટે જ છું ! જ્યારે આપની રહમત સર્વવ્યાપી થશે ત્યારે જ બધી જગ્યાએ નાકામ થયેલ ઉમ્મતો ખુશ થઈ જશે. શફાઅત વિષે વિગતવાર ખુલાસો પાછલા અંકમાં થઈ ગયો.

**જાન દે દો વઅ્દએ દીદાર પર–નક્દ અપના દામ હો હી જાએગા**

*(જાન દે દો = પ્રાણ આપી દો, વઅદએ દીદાર = દર્શનનો વાયદો, નક્દ = રોકડ, દામ = કીંમત)*

**અર્થાત** : દરેક મરનારને કબ્રમાં ત્રણ સવાલો કરવામાં આવે છે : (૧) તારો રબ કોણ ? (૨) તારો દીન કયો ? (૩) આ મર્દ વિશે તું શું કહેતો હતો ? ત્રીજા સવાલ વખતે હુઝૂર ﷺનો દીદાર કરાવવામાં આવે છે જે જગજાહેર છે, અને આ દીદારનો વાયદો દરેક મોમિનને કરવામાં આવ્યો છે. જ્યારે મોમીન કબ્રમાં હુઝૂર ﷺ ની ઝિયારત કરશે તો તરત જ જવાબ આપશે, આ તો અલ્લાહના નબી અને તેના રસૂલ ﷺ છે. પરંતુ કાફિર કહેશે કે મને કશી જ ખબર નથી ! મોમિનનો જવાબ સાંભળી ફરિશ્તા કહેશે, "તેં સાચું કહ્યું ! હવે સૂઈ જા એવી રીતે જેવી રીતે દુલ્હન સૂએ છે કે તેના માલિક સિવાય કોઈ તેને જગાડી શક્તો નથી. આ'લા હઝરત ફર્માવે છે કે હુઝૂર ﷺ ના દીદાર પર જાન કુર્બાન કરી દો કે કિંમતી જાન બેકાર નહીં જાય, કેમ કે જાન જતાં જ હુઝૂર ﷺ નો દીદાર થશે અને કિંમત રોકડી મળી જશે."

**શાદ હૈ ફિરદોસ યઅ્ની એક દિન–ક્સ્મિતે ખુદ્દામ હો હી જાએગા**

*(ફિરદોસ = જન્નત, ક્સ્મિત = નસીબ,ખુદ્દામ = ખાદિમો, ખિદમત કરનાર)*

**અર્થાત** : જન્નતુલ ફિરદોસ ખુશ છે કે એક દિવસ તે હુઝૂર ﷺ ના ખાદિમો, ગુલામોને નસીબ થઈ જશે કારણ કે ખુદા પાકે ફર્માન જારી કર્યું છે, "નિઃશંક ! જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામ કર્યું તો જન્નતુલ ફિરદોસ તેમની મહેમાની માટે તૈયાર છે, તેઓ હમેશાં તેમાં રહેશે." *(પારા–૧૬, રુકૂઅ–૩)*

**યાદ રહ જાએંગી યે બે બાકિયાં–નફ્સ તૂ તો રામ હો હી જાએગા**

*(બે બાકિયાં = દિલેરીઓ, નીડરતાઓ, રામ = ફર્માબરદાર, તાબેદાર)*

**અર્થાત** : જવાની ગુજર્યા પછી ગુનાહોની નીડરતાઓ ફક્ત યાદ રહી જશે અને નફસ તું તો ખુદાનો ફર્માબરદાર બની જશે, તો હમણાં જ તૌબા કરી લે અને ખુદાનો તાબેદાર બની જા.

**બે નિશાનોં કા નિશાં મિટતા નહીં–મિટતે મિટતે નામ હો હી જાએગા**

**અર્થાત** : જે લોકો હુઝૂર ﷺ ની મહોબ્બતમાં કુર્બાન થઈને બેનિશાન થઈ જાય, જાન–માલ બધુ હુઝૂર ﷺ પર ફિદા કરી બેનામ થઈ જાય છે તેવા બે નામોનિશાન લોકોનું નિશાન મટતુ નથી બલ્કે મિટતા મિટતા એટલા મશહૂર થઈ જાય છે કે દરેક તેમને ઓળખી લે છે. દા.ત. સહાબાએ કિરામ અને અવલિયા કિરામ વગેરે.

**યાદે ગૈસૂ ઝિક્રે હક્ક઼ હૈ આહ કર–દિલ મેં પૈદા લામ હો હી જાએગા**

**અર્થાત** : અલ્લાહ શબ્દમાં ચાર ا-ل-ل-ہ હુરૂફ છે હુઝૂર ﷺ ની ઝુલ્ફો મુબારક જે ل (લામ) જેવી છે તેને યાદ કરી આહ કર (આહ)માં બે હર્ફ છે. ا-ہ જ્યારે તું આહ કરશે તો હુઝૂર ﷺ ની ઝુલ્ફોના બે લામ ا-ہ વચ્ચે પૈદા થઈ જશે અને ઝિક્રે ખુદા એટલે الله (અલ્લાહ) થઈ જશે.

**એક દિન આવાઝ બદલેંગે યે સાઝ–ચહચહા કોહરામ હો હી જાએગા**

*(સાઝ = વાજુ, ચહચહા = પક્ષીઓનો મીઠો કલરવ, કોહરમ = વાવેલો)*

**અર્થાત** : એક દિવસ વાજાઓ (એટલે દુનિયાની રંગીલીઓ) પોતાનો અવાજ બદલી નાખશે અને પક્ષીઓના મીઠા સૂરો (કલરવ) ચીસો તથા કોહરામ બની જશે. એટલે ક઼યામત આવશે તો બધુ ખતમ થઈ જશે.

**સાઈલો ! દામન સખીકા થામ લો–કુછ ન કુછ ઈન્આમ હો હી જાએગા**

*(સાઈલો = સવાલ કરનારાઓ, સખી = દાનવીર, ઈન્આમ = ઈનામ)*

**અર્થાત** : અય સવાલીઓ ! સખી હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ નો દામન પકડી રાખો, કાંઈ ન કાંઈ ઈનામ મળી જ જશે કે આ સખીદાતાના દરવાજાથી કોઈ ખાલી જતુ નથી.

**યાદે અબરૂ કરકે તળપો બુલબુલો–ટુકળે ટુકળે દામ હો હી જાએગા**

*(અબ્રુ = ભવાં, બુલબુલ = કોયલ, દામ = જાળ, ફંદો)*

**અર્થાત** : અય મુસ્તફા ﷺના ગીત ગાનાર આશિક઼ો ! જો તમે દુનિયાની તકલીફો અને પરેશાનીઓની જાળમાં ફસાઈ ગયા હોઉ તો તલવાર જેવી દેખાતી હુઝૂર ﷺની ભવાં મુબારકની યાદમાં તડપો, તમારી જાળ ટુકડે ટુકડા થઈ જશે.

**મુફ્લિસો ઉન્કી ગલીમેં જા પળો–બાગે ખુલ્દ ઈકરામ હો હી જાએગા**

*(બાગે ખુલ્દ = જન્નત, ઈકરામ = ઈનામ, ઈજ્જત)*

**અર્થાત** : અય જન્નતના તલબગારો ! હુઝૂરની ગલીઓમાં પડાવ નાખી દો જન્નત ઈનામમાં મળી જશે.

**ગર યુહીં રહમત કી તાવીલેં રહીં–મદહ હર ઈલ્ઝામ હો હી જાએગા**

*(તાવીલ = ખુલાસો, મદહ = પ્રશંસા, ઈલ્ઝામ = તોહમત)*

**અર્થાત :** જો હુઝૂર સરાપા નૂર ﷺની રહમત ખુદાની બારગાહમાં અમારા ગુનાહો વિશે તાવીલો કરતી રહેશે તો દરેક તોહમત પ્રશંસામાં બદલાઈ જશે, એટલે કે ગુનાહો નેકીઓમાં તબદીલ થઈ જશે.

**બાદહ ખ્વારી કા સમાં બંધને તો દો–શૈખ દુર્દ આશામ હો હી જાએગા**

*(બાદહ ખ્વારી = શરાબપીવું, સમાં બંધને તો દો = રંગ જામવા તો દો, આશામ = પીનાર, શૈખ = સૂફી, દુર્દ = પ્રવાહીના નીચે બેસી વહેતો, ઠરતો કાંપ)*

**અર્થાત :** હુઝૂર ﷺ ની મહોબ્બતની શરાબનો રંગ જામવા તો દો ! શેખ જે હુઝૂર ﷺની મહોબ્બતથી પરિચિત નથી તે શરાબે મહોબ્બતમાં રંગાઈ જશે તો રગડો પણ પી જશે.

**ગમ તૂ ઉનકો ભૂલ કર લિપટા હૈ યૂં–જૈસે અપના કામ કો હી જાએગા**

**અર્થાત :** અય ગમ ! તું હુઝૂરને ભૂલીને મારી સાથે વળગેલો છે જાણે કે તારું કામ થઈ જશે અને તારી મુરાદ પૂરી થશે, પણ તું ભૂલી ગયો કે હુઝૂર મારી ગમ ખ્વાહી ફર્માવનાર છે.

**મિટ ! કે ગર યૂં હી રાહ ક઼ર્ઝે હયાત–જાન કા નીલામ હો હી જાએગા**

*(મિટ = ફના થઈ જા, ક઼ર્ઝે હયાત = ઝિંદગીનો કર્ઝો, નિલામ = હરાજી)*

**અર્થાત :** ઈશ્ક઼ે રસૂલમાં ફના થઈ જા, જો એવી રીતે નહીં મિટે તો જિંદગીનો કર્ઝો રહી જશે અને તારા જાનની હરાજી થઈ જશે કે એક દિવસ ફરિશ્તો તારી રૂહ લઈ જશે.

**આક઼િલો ! ઉન્કી નઝર સીધી રહે–બૌરોંકા ભી કામ હો હી જાએગા**

*(આક઼િલો = બુધ્ધિમાનો, બૌરોં = મંદબુધ્ધિઓ)*

**અર્થાત :** અય અકલમંદો ! તમે પોતાના ઈલ્મ અને બુધ્ધિ પર નાઝ કરો છો અને અમને મંદબુધ્ધિ અને હકીર સમજો છો, પણ યાદ રાખો જો તેમની એક નજર અમારા પર પડી ગઈ તો અમારો બેડો પાર થઈ જશે.

**અબ તો લાઈ હૈ શફાઅત અફ્વ પર–બઢ્હતે બઢ્હતે આમ હો હી જાએગા**

**અર્થાત :** હવે તો હુઝૂર ﷺની શફાઅત માફીના દરવાજા પર લઈ આવી, માફી વધતાં વધતાં આમ (સર્વ વ્યાપી) થઈ જશે, એટલે આખી ઉમ્મત બખ્શાઈ જશે.

**અય 'રઝા' હર કામ કા એક વક઼્ત હૈ–દિલકો ભી આરામ હો હી જાએગા**

**અર્થાત :** અય રઝા ! (આ'લા હઝરત) દરેક કામનો એક વખત હોય છે, જો તારું દિલ હુઝૂર ﷺની યાદમાં બેચેન છે તો ગભરા નહીં ! એક દિવસ મદીના જઈશું તો તેને પણ આરામ થઈ જશે.

(નઅત શરીફ : ૦૬)

## આ'લા હઝરત رحمۃ اللہ علیہની ચતુર્ભાષી અજોડ નઅત શરીફ
(અરબી, ફારસી, હિંદી અને ઉર્દૂમાં)

**લમ ય'તે નઝીરુક ફી નઝરિન-મિષ્લે તૂ ન શુદ પૈદા જાના**
**જગ રાજ કો તાજ તોરે સર સોહે-તુઝ કો શહે હર દો સરા જાના**

*(લમ ય'તે નઝીરુક ફી નઝરિન = યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપની નઝીર (આપ જેવું) કોઈ જોવા ન મળ્યું, મિષ્લે તૂ ન શુદ પૈદા જાના = અય મહબૂબ ! તમારા જેવો કોઈ પૈદા ન થયો, જગ રાજ કો તાજ = જગતની બાદશાહીનો તાજ, તોરે સર સોહે = તમારા જ માથે શોભે, શહે દોસરા = બંનેવ જહાનનો બાદશાહ, જાના = માન્યો)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપ જેવો કોઈ નજરમાં નથી આવ્યો અને આપ જેવો પૈદા જ નથી થયો. જગતની બાદશાહી આપને જ શોભે છે અને આપને જ બંનેવ જગતના બાદશાહ માન્યા.

આ'લા હઝરતે આ શેઅરમાં બારગાહે રસૂલ صلی اللہ علیہ وسلمના મશ્હૂર નઅતખ્વાં હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہના અક઼ીદા પ્રમાણે પોતાનો અક઼ીદો જાહેર કર્યો છે. હઝરત હસ્સાન رضی اللہ عنہ માટે હુઝૂર صلی اللہ علیہ وسلم મિમ્બર મૂકાવતા હતા, તેના પર ઊભા થઈ હઝરત હસ્સાન رضی اللہ عنہ નઅત સંભળાવતા હતા. હઝરત હસ્સાને હુઝૂર صلی اللہ علیہ وسلم વિશે પોતાનો અક઼ીદો અરબી અશ્આરમાં આ પ્રમાણે દર્શાવ્યો છે :-

વ અહસન મિન્ક લમ તરકત્તુ અયની = યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપથી અધિક સુંદર મારી આંખોએ કોઈને જોયો નથી. વ અજમલુ મિન્ક લમતદિન્નિ સાઉ = આપના જેવો ખૂબ સૂરત કોઈ ઔરતે પૈદા કર્યો નથી, ખુલિક્ત મુબર્રઅમ મિન કુલ્લિ અ્યબીન = આપ દરેક ઐબથી પાક સાફ પૈદા કરવામાં આવ્યા, કઅન્નક ક઼દ ખુલિક્ત કમા તશાઉ = જાણે કે આપને આપની ઈચ્છા પ્રમાણે પૈદા કરવામાં આવ્યા.

**અલ બહરુ અલા વલ મવજુ તગ઼ા-મન બેકસો તુફાં હોશ રૂબા**
**મંજધાર મેં હૂં બિગળી હૈ હવા-મોરી નૈયા પાર લગા જાના**

*(અલ બહરુ અલા = સમંદર ઊંચે ચઢયો, વલ મવજુ તગ઼ા = લેહરો ખતરનાક થઈ ગઈ, મન બેકસ = હું નિરાધાર છું, તુફાં હોશ રૂબા = ચક્વાત હોશ ઉડાવી દેનાર છે, મંજધાર = વચ દરિયે, બિગળી હૈ હવા = હવામાન બગડયું છે, મોરી નૈયા = મારી હોડી, પાર લગા જાના = કિનારા પર પહોંચાડી આપો)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم બદ્‌મઝહબીનો સમંદર જોશ પર છે, બદ્‌અક઼ીદાઓની મોજ ઊંચી થવા લાગી છે, હું દુશ્મનોના વચમાં છું, ઈમાનનું વાતાવરણ ખરાબ થઈ રહ્યું છે. એહલે સુન્નતની મારી હોડીને સલામતી આપો કે ઈમાનની હિફાઝત થઈ જાય.

આ'લા હઝરત رحمة الله عليه પોતાની નમ્રતા જાહેર કરતાં હુઝૂર ﷺની બારગાહમાં મદદ માંગી રહ્યા છે, જેવું કે બીજી જગ્યાએ ફર્માવે છે :–

*એક તરફ અઅ્દાએં દીં એક તરફ હૈ હાસેદીં–બંદા હૈ તન્હા શહા તુમ પે કરોળોં દુરૂદ*

**યા શમ્સુ નઝર્તિ ઈલા લૈલી–ચૂ બ તયબહ રસી અર્ઝે બ કુની**
**તોરી જોત કી ઝલ ઝલ જગ મેં રચી–મોરી શબને ન દિન હોના જાના**

*(યા શમ્સ = અય સૂરજ, નઝર્તિ ઈલા લૈલી = તેં મારી રાત્રીને જોઈ, અર્થ = મારી રાત સૂરજની મૌજૂદગીમાં પણ રાત જ રહી, ચૂ = જ્યારે, બ તૈયબા રસી = તું મદીના શરીફ પહોંચે, અર્ઝે બકુની = એક અરજ કરજે, તોરી = તારી, જોત = જ્યોત, પ્રકાશ, ઝલઝલ = જગમગ, રોશની, જગ = જગત, રચી = રોનક થઈ, રચાઈ, મોરી = મારી, શબ = રાત, ન દિન હોના જાના = દિવસ થયો નથી)*

**અર્થાત :** હે સૂર્ય ! તેં મારા રાત દિવસ જોયા છે, જેવી રીતે લોકો રાત્રે મહબૂબની જુદાઈમાં બેચૈન રહે છે, એવી જ રીતે હું દિવસે પણ હુઝૂર ﷺની જુદાઈમાં બેચૈન રહું છું. મારો દિવસ પણ રાત જેવો જ છે. જ્યારે તું મદીના શરીફમાં ઉગે ત્યારે હુઝૂર ﷺની બારગાહમાં મારી અર્ઝ કરજે કે અય નૂરે મુજસ્સમ ! ﷺ આપના નૂરથી દુનિયા જગમગી રહી છે, પણ મારી રાત તો અંધેરી જ છે. એટલે કે આપ ક્યારે દરબારમાં બોલાવશો કે મારી જુદાઈના દિવસો ખતમ થઈ જાય અને મારી જુદાઈની કાળી રાતો રોશન થઈ જાય.

**લક બદરૂન ફીલ વજહિલ અજમલ–ખત હાલએ મહ ઝુલ્ફ અબરે અજલ**
**તોરે ચંદન ચંદ્ર પરો કુન્ડલ–રહમત કી ભરન બરસા જાના**

*(લક = તારા માટે, બદરૂન = ચૌદમીનો ચાંદ, ફીલ વજ હિલ અજમલ = સુંદર ચેહરામાં, ખત = દાઢી, હાલએ મહ = ચંદ્રની આસપાસનું કુંડાળુ, ઝુલ્ફ = લાંબા વાળ, અબરે અજલ = તક્દીરનો વાદળ, તોરે = તારી, ચંદન = સુગંધિત લાકડુ, પરો = પર છે, કુન્ડલ = દાયરો, મેઘધનુષ, ભરન = ધોધમાર, વરસાદ)*

**અર્થાત :** અય મારા આકા ! ﷺ આપનો ખૂબસૂરત ચેહરો જેવો કે ચૌદમીનો ચંદ્ર અને દાઢી મુબારક જાણે કે ચંદ્રનું કુંડાળુ અને આપની કાળી ઝુલ્ફો તક્દીરના કાળા વાદળ અને આપના સુગંધિત ચેહરા પર નૂરાની પેશાની જાણે કે પોષ મહીનામાં મેઘ ધનુષ દેખાય છે. તો આપની રહમતોનો ધોધમાર વરસાદ વરસાવી દો !

લોકોની માન્યતા છે કે જ્યારે મેઘધનુષ દેખાય ત્યારે ખૂબ વરસાદ થાય છે. આ'લા હઝરત رحمة الله عليه ફર્માવે છે કે આપના સુંદર ચેહરા પર દાઢી અને ઝુલ્ફ મુબારકથી મેઘધનુષ પ્રગટ થાય છે તો આપની રહમતભરી ખૂબ વર્ષા વરસાવી દો !

**અના ફ઼ી અત શિવ્વ સખાક અતમ-અય ગેસૂએ પાક અય અબરે કરમ**
**બરસન હારે રિમ ઝિમ રિમ ઝિમ-દો બુંદ ઈધર ભી ગિરા જાના**

*(અના = હું, ફ઼ી અતશ = પ્યાસો છું, વ સખાક અતમ = અને તમારી સખાવત કામિલ છે, ગેસૂએ પાક = પાક લટો, ઝુલ્ફ પાક, અબરે કરમ = કરમના વાદળ, બરસન હારે = વરસનાર, રિમઝિમ = ધીમી ગતિનો વરસાદ, દો બુંદ = બે ટીપાં)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ હું આપની મહેરબાનીના વરસાદનો પ્યાસો છું અને આપની સખાવત ભરપૂર છે, કોઈ આપના દરબારથી ખાલી જતો નથી. અય કરમના વાદળો સમાન ગૈસૂએ પાકવાળા ! આપની રિમઝિમ રિમઝિમ વર્ષામાંથી બે ટીપાં આ પ્યાસા ઉપર પણ વરસાવી આપો.

**યા ક઼ાફ઼િલતી ઝીદી અજલક-રહમે બર હસરતે તિશના લબક**
**મોરા જીયરા લરજે દરક દરક-તયબહ સે અભી ન સુના જાના**

*(યા ક઼ાફ઼િલતી = અય મારા ક઼ાફ઼લાવાળઓ, ઝીદી = તું વધારી દે, અજલક = તારી મુદ્દત, મોરા જીયરા = મારુ દિલ, લરજે = ધ્રુજે, દરક દરક = ધક ધક, રહમે = થોડી રહમ થાય, બર હસરતે તિશ્ના લબક = પ્યાસા હોઠોની આરઝૂ પર, તયબહ સે અભી ન સુના જાના = અત્યારે મદીના શરીફથી જવાની ખબર ન સંભળાવો)*

**અર્થાત** : અય મારા સફરના સાથીઓ ! તમારા પડાવની મુદ્દત વધારી દો. મારા પ્યાસા હોઠોની આરઝૂઓ પર રહમ કરો. હજુ રોઝએ મુબારકના દીદારની પ્યાસ મટી નથી. અત્યારે મદીના શરીફથી રવાનગીની ખબર ન સંભળાવો, મારું હૃદય ધક ધક કરી રહ્યું છે, તે મદીનાથી જવાની ખબર સાંભળી ધ્રુજે છે !

**વાહન લિસુવૈઆતિન ઝહબત-આં અહદે હુઝૂરે બાર ગહત**
**જબ યાદ આવત મોહે કરના પરત-દરદા વો મદીને કા જાના**

*(વાહન = હાય અફસોસ, લિ સુવૈઆતિન ઝહબત = થોડી ઘડીઓ વહી ગઈ, આં = તે, અહદ = જમાનો, હુઝૂરે બારગહત = તમારી બારગાહમાં હાજર થવાનો, યાદ આવત = યાદ આવે છે, મોહે = મને, કરના પરત = કરવું પડે છે, દરદા = અફસોસ)*

**અર્થાત** : હાય અફસોસ ! તે મુબારક ઘડીઓ વિતી ગઈ જ્યારે હું હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયો હતો, જ્યારે મને તે મંઝર યાદ આવે છે તો આહ નીકળે છે કે અફસોસ ! મદીનાથી પાછા આવી ગયા ! હવે ક્યારે મદીના શરીફ જવાનુ થશે ?!

**અલ્ ક઼લ્બુ શજીન વલ્ હમ્મુ શુજૂન-દિલઝાર ચુનાં જાં ઝેરે ચુનૂં**
**પત અપની બિપત મૈં કાસે કહૂં-મોરા કૌન હૈ તેરા સિવા જાના**

*(અલ ક઼લ્બ શજીન = દિલ ઝખ્મી છે, વલ હમ્મુ શુજૂન = અને ભાત ભાતના ગમો છે, ઝાર = કમઝોર, ચુનાં = એવું, જાં = જાન ઝેર, ભારે, ચુનૂં = એવું, પત = આક઼ા, બિપત = દુ:ખ, મૈં કાસે કહૂં = હું કોને કહું, જાનાં = મહબૂબ)*

**અર્થાત** : અય મારા ગ઼મ ખ્વાર આક઼ા ! ﷺ મારું દિલ ઝખ્મી છે અને જાત જાતના ગ઼મ તેને ઘેરેલ છે. દિલ એવુ કમજોર અને જાન એવા ભારે ભોજ નીચે દબાયેલ છે. હું મારી આ દુ:ખભરી દાસ્તાન કોને કહું ?! મારા મહબૂબ ! તમારા સિવાય મારું કોણ છે જે મારી મદદ કરે ?!

**અઈહુ ફ઼િદાક ફ઼ઝ઼િલ હરક઼ા–યક શોઅલા દિગર બરઝન ઈશ્ક઼ા**
**મોરા તન મન ધન સબ ફૂંક દિયા–યે જાન ભી પ્યારે જલા જાના**

*(અર્રૂહુ ફ઼િદાક = અય આક઼ા ! ﷺ રૂહ આપ પર ફ઼િદા છે, ફ઼ઝ઼િલ હરકા = તો ઈશ્ક઼ની આગને ભડકાવી દો, યક શોઅલા દિગર બર ઝન ઈશ્ક઼ા = એક બીજી આગની લપેટ મારા અય ઈશ્ક઼, મોરા = મારું, તન = બદન, મન = દિલ, ધન = દોલત, માલ, ફૂંક દિયા = બાળી દીધું)*

**અર્થાત :** અય મારા આક઼ા ! ﷺ આપ પર મારી રૂહ ફ઼િદા, કુર્બાન થઈ જાય, મારા ઈશ્ક઼ની આગને વધારી દો. અય મારા ઈશ્કે઼ નબી ! ﷺ તું બીજી ઈશ્ક઼ની લપેટ માર. મારું શરીર, હૃદય, માલ, દૌલત બધુ હુઝૂર ﷺના ઈશ્ક઼માં કુર્બાન થઈ ગયું છે, આખરી જાન પર હુઝૂર ﷺના નામ પર કુર્બાન થઈ જાય.

**બસ ખામએ ખામ નવાએ 'રઝા'–ન યે તર્ઝ મેરી ન યે રંગ મેરા**
**ઈર્શાદે અહિબ્બા નાતિક઼ થા–ના ચાર ઈસ રાહ પળા જાના**

*(બસ = ફકત, ખામા = ક઼લમ, ખામ = કાચુ, વગર તજર્બાનું, નવાએ રઝા = આ'લા હઝરતની સદા, અવાજ, તર્ઝ = તરીક઼ો, રંગ = ઢંગ, ઈર્શાદે અહિબ્બા = દોસ્તોની ફ઼ર્માઈશ, નાતિક઼ = બોલનાર, નાચાર = મજબુરન, ઈસ રાહ = આ રસ્તે, પળા જાના = જવું પડયું)*

**અર્થાત :** આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليه નમ્રતા દર્શાવતાં કહે છે કે જે ચાર ભાષા અરબી, ફ઼ારસી, હિંદી, ઉર્દૂમાં નઅત લખી છે તે તર્જબા વગરની છે (કોઈ રિહર્સલ નથી કર્યુ) આના પહેલાં મેં કોઈ એવી નઅત નથી લખી, ન આવી નઅતો લખવાનો મારો તરીક઼ો અને ઢંગ છે. આ તો દોસ્તોની ફ઼ર્માઈશો આવતી હતી જેથી મજબૂરન મારે આ રસ્તા પર જવું પડયુ અને ચાર ભાષાઓમાં નઅત લખી.

*મુલ્કે સુખન શાહી તુમ કો 'રઝા' મુસલ્લમ – જિસ સિમ્ત આ ગએ હો સિક્કે બિઠા દિએ હૈં*

## (નઅત શરીફ : ૦૭)

**ન આસ્માં કો યૂં સર કશીદહ્ હોના થા**
**હુઝૂરે ખાકે મદીના ખમીદહ્ હોના થા**

*(સર કશીદહ્ = માથાને ઊંચે રાખવુ, હુઝૂરે ખાકે મદીના = મદીના શરીફની માટે સામે, ખમીદહ્ = ઝુકેલુ હોવુ)*

**અર્થાત :** આકાશ ભલે ઉપર છે પણ તે પૃથ્વી તરફ ઝુકેલ છે કારણ કે પૃથ્વી પર સરવરે કાઈનાત علیہ الصلوٰۃ والسلامની આરામગાહ છે એટલે મદીના શરીફ સામે આકાશ અદબથી શીશ ઝુકાવેલ છે.

**અગર ગુલોં કો ખિઝાં ના રસીદહ્ હોના થા**
**કિનારે ખાકે મદીના દમીદહ્ હોના થા**

*(ગુલોં = ફૂલોં, ખિઝાં = પાનખર ઋતુ, ના રશીદહ્ = ના મળવુ, કિનારે ખારે મદીના = મદીના શરીફના કાંટાની ગોદમાં, દમીદહ્ = ઉગવું)*

**અર્થાત :** જો ફૂલોએ પાનખર ઋતુ જોવી ન હતી તો મદીના પાકના મુબારક કાંટાઓની ગોદ–કૂખમાં ઉગવું જોઈતુ હતું, કારણ કે આ પાક જમીન પર સૂકી અને બેજાન વસ્તુઓ પણ હરીભરી અને જાનદાર રહે છે અને મદીના શરીફના કાંટા દુનિયાના ફૂલોની સામે ઉચ્ચ દરજ્જો ધરાવે છે.

*ફૂલ ક્યા દેખું મેરી આંખોં મેં–દશ્તે તૈયબા કે ખાર ફિરતે હૈ –(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

*મૈં ખારે મદીના કો તર્જીહ દુંગા–ગુલોં કો બતા દો, બહારોં સે કેહ દો –(શૈખુલ ઈસ્લામ مدظلہ العالی)*

**હુઝૂર ઉનકે ખિલાફે અદબ થી બેતાબી**
**મેરી ઉમ્મીદ તુઝે આરમીદહ્ હોના થા**

*(હુઝૂર ઉનકે = તેમની સામે, ખિલાફે અદબ = અદબના વિરુદ્ધ, બેતાબી = બેચેની, આરમીદહ્ = આરામથી રહેવું)*

**અર્થાત :** હુઝૂર ﷺની બારગાહમાં બેચેની બેકરારી અદબના વિરુદ્ધ છે. અય મારી ઉમ્મીદો ! તમન્નાઓ ! તમારે આરામથી બેસી રહેવું જોઈએ.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં હુઝૂર ﷺની બારગાહમાં હાજરીના અદાબ (નિયમો)ની તા'લીમ આપી છે. તમામ મુફસ્સિરીન, મુહદ્દિષીન, ઈમામોની એકમતિ છે કે હુઝૂર ﷺનો અદબ અને તા'ઝીમ જેવી રીતે આપ ﷺના જાહેરી જીવનમાં ફર્ઝ હતી એવી રીતે આપના વિસાલ પછી પણ ફર્ઝ છે, કારણ કે આપ علیہ الصلوٰۃ والسلام આજે પણ જીવંત છે, જેવું કે હદીષોથી સાબિત છે.

**નઝારા ખાકે મદીના કા ઔર તેરી આંખ**
**ન ઈસ કદર ભી કમર શોખદીદહ્ હોના થા**

*(નઝારા = જોવું, ખાકે મદીના = મદીના શરીફની માટી, ઈસ કદર = એટલું, કમર = ચંદ્ર, શોખદીદહ્ = બેશરમ)*

**અર્થાત** : હે ચાંદ ! તારે આટલું બેશરમ ન હોવું જોઈતું હતું કે મદીના શરીફનો દીદાર કરવા આવે અને પોતાની આંખને પણ ન ઝુકાવે. અહીંયાં દરેક આવનાર નઝરો ઝુકાવીને આવે છે તારે પણ એવી રીતે જ આવવું જોઈતુ હતું.

**કિનારે ખાકે મદીના મેં રાહતેં મિલતીં**
**દિલે હઝીં તુઝે અશ્ક ચકીદહ્ હોના થા**

*(કિનારે ખાકે મદીના = મદીના શરીફની માટીની ગોદ, કૂખ, રાહતેં = આરામ, દિલે હઝીં = દુઃખી હૃદય, અશ્ક ચકીદહ્ = ટપકેલ આંસૂ)*

**અર્થાત** : હે મારા દુઃખી દિલ ! તારે ટપકેલ આંસૂ હોવું જોઈતુ હતું કે મદીના શરીફની પાક માટીમાં સમાઈ જાત તો તને આરામ જ આરામ મળત. આ એક આશિક઼ની શાન છે કે તે પોતાની હસ્તીને મદીના શરીફની પાક માટીમાં ફના કરવા ઈચ્છે છે.

હદીષ શરીફમાં છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, "ક઼સમ છે તે જાતની જેના કબજામાં મારી જાન છે ! બેશક ! મદીનાની માટી મો'મિન છે." *(વફાઉલ વફા)*

જામેઉલ ઉસૂલમાં છે કે જ્યારે હુઝૂર ﷺ જંગે તબૂક઼થી પાછા તશરીફ લાવ્યા તો મદીના શરીફના જે લોકો જંગમાં ગયા ન હતા તે સ્વાગત માટે આગળ આવ્યા. ભીડના કારણે ધૂળ ઉડી તો એક સહાબીએ ધૂળના કારણે મોઢું ઢાંકી લીધું. હુઝૂર ﷺએ તેમના મોઢા પરથી કપડુ હટાવી ફર્માવ્યું, "ક઼સમ છે તેની જેના કબજામાં મારી જાન છે ! બેશક ! મદીના શરીફની ધૂળ દરેક બીમારી માટે શિફા છે." *(ખુલાસતુલ વફા)*

**પનાહે દામને દશ્તે હરમ મેં ચૈન આતા**
**ન સબ્રે દિલ કો ગઝાલે રમીદહ્ હોના થા**

*(પનાહે દામને દશ્તે હરમ = હરમ મદીના શરીફના જંગલની છાયા, ચેન = શાંતિ, સબ્રે દિલ = દિલની ધીરજ, ગઝાલ = હરણનુ બચ્ચુ, રમીદહ્ = ભાગેલ, નાસી છૂટેલ)*

**અર્થાત** : હુઝૂર علیہ الصلوٰۃ والسلامના હરમની છાયામાં શાંતિ મળી જાત, મારા બેચેન દિલની ધીરજે હરણના બચ્ચાની જેમ ભાગદોડ ન કરવી જોઈતી હતી.

**યે કૈસે ખુલતા કે ઉનકે સિવા શફીઅ નહીં**
**અબષ ન ઔરોં કે આગે તપીદહ્ હોના થા**

*(ખુલતા = જાહેર થાત, શફીઅ = શફાઅત કરનાર, અબષ = બેકાર, ઔરોં કે આગે = બીજાઓ સામે, તપીદહ્ = પરેશાન)*

**અર્થાત** : એ કેવી રીતે જાહેર થાત કે હુઝૂર ﷺ સિવાય મેહશરમાં કોઈ શફાઅત કરનાર નથી, જો બીજા નબીઓ પાસે પરેશાન થઈને મોકલવામાં ન આવત. એટલે કે ક઼યામતના દિવસે જ્યારે લોકો પરેશાન થઈ જશે અને શફાઅત માટે બીજા બધા જ નબીઓ પાસે જશે અને દરેક નબી કહેશે કે બીજા પાસે જાવ ! તો આ પરેશાનીની હાલતમાં બીજાઓ પાસે મોકલવું બેકાર નથી, બલ્કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શાન બતાવવા માટે છે કે જ્યારે કોઈ કામ નહીં આવે ત્યારે હુઝૂર ﷺ ફર્માવશે, હું એટલા માટે જ છું ! અને હુઝૂર ﷺ બધાની શફાઅત કરશે.

*ફક઼ત ઈતના સબબ હૈ ઈન્એકાદે બઝ્મે મેહશર કા—કે ઉનકી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ*

**હિલાલ કૈસે ન બનતા કે માહે કામિલ કો**
**સલામે અબરૂએ શહમેં ખમીદહ્ હોના થા**

*(હિલાલ = પેહલો ચાંદ, માહે કામિલ = આખો ચાંદ, ચૌદમીનો ચાંદ, સલામે અબરૂએ શહમેં = શહનશાહે કૌનેનની મુબારક ભંવોની સલામી માટે, ખમીદહ્ = ઝુકવું)*

**અર્થાત :** હિલાલ એટલે પહેલો ચાંદ જે કમાન જેવો નમેલો દેખાય છે, ચૌદમીનો ચાંદ આખો હોય છે. હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, ચાંદ ગોળ હોય છે અને અદબની સાથે ઝુકીને સલામ કરવી તેના માટે શક્ય નથી માટે તે ધીરે ધીરે ઘટીને પાતળો થઈ ઝુકી જાય છે જેથી અદબ સાથે ઝુકીને હુઝૂર ﷺની બારગાહમાં સલામ પેશ કરી શકે. પહેલો ચાંદ કેમ ન બનત કે પૂરા ચાંદને શાહેવાલાની બારગાહમાં ઝુકવુ હતું.

ઉપરના એક શેઅરમાં ચાંદની નજર વિશે બયાન થયું જેનાથી ચાંદના બેઅદબ હોવા વિશે કોઈ શક થઈ શકે છે. જેથી આ શેઅરમાં બતાવવામાં આવ્યું કે ચાંદ જેટલો બાઅદબ કોણ હોય કે જેણે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ખાતર પોતાના ટુકડા કરી દીધા અને સલામી માટે પોતે પાતળો થઈ ઝુકી જાય છે.

**લ અમલઅન્ન જહન્નમ થા વઅદએ અઝલી**
**ન મુન્કિરોં કા અબષ બદ્ અકીદહ હોના થા**

*(લ અમલઅન્ન જહન્નમ = જરૂર હું જહન્નમને ભરી દઈશ, વઅદએ અઝલી = પહેલાનો વાયદો, મુન્કિરો = રસૂલના ગુસ્તાખો, અબષ = બેકાર)*

**અર્થાત :** ગુસ્તાખે રસૂલ લોકો હુઝૂર ﷺની અઝમત તથા શાનનો ઈન્કાર કરી બેકારમાં બદ્ અકીદા નથી થયા ! તેનું એક કારણ છે કે ખુદા પાકે ઘણા પહેલાંથી વાયદો કર્યો છે કે હું જહન્નમને લોકોથી ભરી દઈશ, એટલે કે ગુસ્તાખોનુ ઠેકાણુ જહન્નમ છે.

**નસીમ ક્યૂં ન શમીમ ઉનકે તયબહસે લાતી**
**કે સુબ્હે ગુલ કો ગરીબાં દરીદહ્ હોના થા**

*(નસીમ = સવારની ઠંડી હવા, શમીમ = ખૂશ્બૂ, સુબ્હે ગુલ = સવારનુ ફૂલ, ગરીબાન = કોલર, દરીદહ્ = ફાટેલુ)*

**અર્થાત :** સવારની ઠંડી હવા તયબહથી ખૂશ્બૂ એટલા માટે લઈને આવે છે કે સવારનાં ફૂલોને ગરીબાં ચાક કરવું છે, એટલે કે ખીલવું છે, અને દુનિયાને ખૂશ્બૂ આપવી છે, તો તયબહની ખૂશ્બૂથી ફૂલો સુગંધિત થાય છે.

**ટપકતા રંગે જુનૂં ઈશ્કે શહ મેં હર ગુલ સે**
**રગે બહાર કો નશ્તર રસીદહ્ હોના થા**

*(રંગે જૂનું = દીવાનગીનો રંગ, ઈશ્કે શહ = શાહે તયબહ હુઝૂર ﷺનો ઈશ્ક, હર ગુલ = દરેક ફૂલ, બહાર = વસંત ઋતુ, નશ્તર રસીદહ્ = નશ્તર લગાવેલ)*

**અર્થાત :** દરેક ફૂલમાંથી હુઝૂર ﷺના ઈશ્કમાં દીવાનગીનો રંગ ટપકે છે, કારણ કે વસંતને હુઝૂર ﷺની મહોબ્બતનું નશ્તર લગાડવામાં આવ્યું છે.

**બજા થા અર્શ પે ખાકે મઝારે પાક કો નાઝ**
**કે તુઝ સા અર્શનશીં આફરીદહ્ હોના થા**

*(બજા થા = યોગ્ય હતું, અર્શનશીં = અર્શ પર બેસનાર, તુઝસા = તારા જેવો, આફરીદહ્ = જનમ લેવું,જન્મેલ)*

**અર્થાત :** મદીના શરીફની પાક સરજમીન પર જ્યાં હુઝૂરે અકરમ ﷺ આરામ ફર્માવી રહ્યા છે તે માટીને અર્શથી અફઝલ હોવા પર નાઝ કરવું યોગ્ય હતું, કારણ કે આપ જેવા અર્શ પર પધારેલા તે જગ્યાએ આરામ ફર્માવવાના હતા. બીજો અર્થ એ છે કે જે વ્યક્તિ જે માટીથી પેદા થયો છે તે જ જગ્યાએ દફન થશે, જેથી અર્શથી અફઝલ હોવા પર આપના મઝારની માટીનુ ફખ્ર કરવુ યોગ્ય છે, કારણ કે આપ જેવા અર્શ પર જનારા તે માટીથી પેદા થયેલ છે.

આ વાત પર તમામ ઉલમાનો ઈજમાઅ (એકમતિ) છે કે મદીના શરીફની જે જમીન હુઝૂર ﷺના મુક઼દસ બદન સાથે લાગેલી છે તે અર્શ, કુર્સી, લોહ, ક઼લમ, જન્નત અને કાઈનાતની દરેક જગ્યાથી અફઝલ છે. *(જવાહિરુલ બિહાર, અલ્લામા યૂસુફ નબહાની, મવાહિબે લદુન્નિયહ્, શારેહે બુખારી ઈમામ કસ્તુલાની, ફીરિહાબિલ્ બૈતિલ હરમ, અલ્લામા મુહમ્મદ અલ્વી, મક્કા શરીફ)*

**ગુઝરતે જાન સે એક શોરે યા હબીબ કે સાથ**
**ફુગ઼ાં કો નાલએ હલક઼ે બુરીદહ્ હોના થા**

*(ગુઝરતે જાં સે = મરી જતા, એક શોર = એક અવાજ, ફુગ઼ાં = આક્રંદ, નાલએ હલક઼ બુરીદહ = કપાયેલ ગળાની ફરિયાદ)*

**અર્થાત :** અમે પોતાની જાન "યા હબીબલ્લાહ !" ﷺના નારા સાથે આપી દેતા, અમારા આક્રંદને કપાયેલ ગળાની છેલ્લી ફરિયાદ હોવું જોઈતી હતી એટલે કે અમો હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નામ પર જાન આપી દઈએ.

**મેરે કરીમ ! ગુનહ ઝહર હૈ મગર આખિર**
**કોઈ તો શહદે શફાઅત ચશીદહ્ હોના થા**

*(મેરે કરીમ = મારા મહેરબાન, શહદે શફાઅત = શફાઅતનુ મધ, ચશીદહ્ = ચાખેલુ)*

**અર્થાત :** મારી બખ્શિશ કરાવનાર મહેરબાન ! ગુનાહ કડવુ ઝેર છે પરંતુ છેલ્લે તો આપની શફાઅતના મધને ચાખવાનુ છે ! એટલે કે છેલ્લે આપની શફાઅતનો સહારો મળવાનો છે.

**જો સંગે દર પર જબીંસાઈઓં મેં થા મિટના**
**તો મેરી જાન શરારે જદીદહ્ હોના થા**

*(સંગે દર = હુઝૂરની ચોખટ, જબીંસાઈયોં = પેશાની રગળનારા, શરારે જદીદહ = ઉડનાર ચિંગારી)*

**અર્થાત :** જ્યારે હુઝૂર ﷺની ચોખટ પર માથુ રગડીને જ મરી જવાનુ હતું તો મારી જાન ! તારે ચિંગારી થવું જોઈતુ હતું. જેવી રીતે ચિંગારી જલ્દી ભડકીને ઠંડી થઈ જાય છે તેવી રીતે તું પણ ઈશ્કે રસૂલ علیہ الصلوٰۃ والسلامની આગમાં ભડકીને જલ્દીને ફના થઈ જાત.

**તેરી કુબા કે ન ક્યૂં નીચે નીચે દામન હો**
**કે ખાકસારોં સે યાં કબ કશીદહ્ હોના થા**

*(કુબા = જબ્બો, ખાકસારોં = ગરીબો, કશીદહ્ = ખેંચેલુ)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપની શફાઅતના જબ્બાઓના દામન લાંબા લાંબા કેમ ન હોય, કે અમારા જેવા ગુનેહગારોને તેની નીચે છુપાવવાનુ છે. આપનો દામન ગુનેહગારોથી કદી ખેંચી લેવામાં આવતો નથી.

*ચોર હાકિમ સે છુપા કરતે હૈં યાં ઉસકે ખિલાફ–તેરે દામનમેં છુપે ચોર અનોખા તેરા*
*–(આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

**'રઝા' જો દિલ કો બનાના થા જલ્વાગાહે હબીબ**
**તો પ્યારે ! ક઼ૈદે ખૂદી સે રહીદા હોના થા**

*(જલ્વાગાહે હબીબ = હુઝૂર ﷺના રહેવાની જગ્યા, ક઼ૈદે ખૂદી = નફસની કેદ, રહીદા = આઝાદ થયેલ)*

**અર્થાત :** આ'લા હઝરત પોતાને સંબોધીને નમ્રતાપૂર્વક કહે છે કે હે રઝા ! જ્યારે દિલને હુઝૂર ﷺની જલ્વાગાહ મદીના બનાવવું છે તો તેને નફ્સાની ક઼ૈદથી આઝાદ કરી દેવું જોઈએ કે જે હુઝૂર ﷺના ઈશ્ક઼નો ક઼ૈદી હોય તે બીજાની ક઼ૈદમાં નથી રહી શકતો.

## (નઅત શરીફ઼ : ૦૮)

**શોરે મહે નવ સુનકર તુઝ તક મૈં દવાં આયા**
**સાક઼ી મૈં તેરે સદક઼ે મય દે રમઝાન આયા**

*(શોર = શોહરત, મહે નવ = નવો ચાંદ, દવાં = દોડી આવ્યો, સાક઼ી = પીવડાવનાર, મય દે = પાક શરાબ આપ)*

**અર્થાત :** નવો ચાંદ નીકળવાનો શોર સાંભળી હું ભાગ્યો ભાગ્યો આપની બારગાહમાં આવ્યો છું. હે મારા હબીબ ! ﷺ પ્યાસાઓને મહોબ્બતની શરાબ પીવડાવનાર સાક઼ી ! હું આપની મહેરબાનીઓ પર કુર્બાન થાઉં, મને પણ ઈશ્કે ખુદા અને આપના દીદારનો મીઠો શરબત પીવડાવી દો, રમઝાનનો મુબારક મહીનો આવી ગયો છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ નઅતના અશઆર તે વખતે કહ્યા જ્યારે આપે રમઝાનનો પૂરો મહીનો મદીના શરીફમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં ગુઝાર્યો અને ત્યાંથી જ હજ્જનો ઈરાદો કરી હજ્જ અદા કરી.

**ઈસ ગુલ કે સિવા હર ફ઼ૂલ બા ગોશે ગિરાં આયા**
**દેખે હી ગી અય બુલબુલ જબ વક઼્તે ફ઼ુગાં આયા**

*(ગુલ = ફૂલ, ગોશે ગિરાં = ભારી કાન, બહેરો, ફ઼ુગાં = ફરિયાદ, કિલકિલાટ)*

**અર્થાત :** હે બુલબુલ ! તું જોઈશ કે જ્યારે તકલીફની ઘડીઓ આવશે ત્યારે આ પ્યારા ફૂલ સિવાય બધા જ ફૂલો કાન બંધ કરી લેશે, તારી ફરિયાદ તારી દુઃખભરી ચીસ કોઈ નહીં સાંભળે.

જ્યારે ક઼યામત ક઼ાયમ થશે ત્યારે લોકો પરેશાન થઈને પોતાની મદદ માટે પુકાર અને રૂદન કરશે. દરેક નબી પાસે જશે પણ કોઈ પણ ફરિયાદ નહીં સાંભળે. ફક્ત તે દિવસે પ્યારા આક઼ા ﷺ દુઃખીઓના હમદર્દ શફાઅત ફર્માવશે.

**જબ બામે તજલ્લી પર વો નય્યરે જાં આયા**
**સર થા જો ગિરાં ઝુક કર દિલ થા જો તપાં આયા**

*(બામે તજલ્લી = રોશનીની છત, પ્રકાશિત સવાર, નય્યર = ચમકાવનાર, સૂરજ, તપાં = તડપનાર)*

**અર્થાત :** જ્યારે મેહશરની સવાર થશે ત્યારે શાફએ મેહશર નય્યરે આ'ઝમ ﷺ તશરીફ લાવશે તો દરેક માથુ નમ્રતાથી ઝુકી જશે અને દરેક દિલ તેમની મહોબ્બતમાં તડપશે.

**જન્નત કો હરમ સમજા આતે તો યહાં આયા**
**અબ તક કે હર એક કા મુંહ કેહતા હૂં કહાં આયા**

*(હરમ = મદીના શરીફ, તક કે = જોઈને)*

**અર્થાત :** જન્નતને હુઝૂર ﷺની બારગાહ મદીના શરીફ સમજીને આવી ગયો, પછી ખબર પડી કે આ મદીના શરીફ નથી, તો દરેકના મોઢાને જોઈને પૂછુ કે હું ક્યાં આવી ગયો ?!

આ'લા હઝરત ઉપરોક્ત શેઅરમાં આશિક્ની હાલત બયાન કરે છે. આશિકે રસૂલ મદીનાથી બહેદ મહોબ્બત કરે છે અને એને જન્નતથી પણ વધુ પસંદ કરે છે કે મદીના શરીફમાં જન્નતના માલિક આરામ ફર્માવી રહ્યા છે. જન્નતમાં ત્યારે જ આરામ અને ચૈન મળશે જ્યારે કે હુઝૂર ﷺનો દીદાર થાય. એટલા માટે સહાબાએ કિરામે જન્નતમાં હુઝૂર ﷺના પડોશી બનવા ગુઝારિશો કરી.

હદીષ શરીફમાં છે કે હઝરત રબીઆ رضی اللہ عنہ હુઝૂર ﷺને વુઝૂ માટે પાણી આપતા હતા. એક દિવસે ખુશ થઈને હુઝૂર ﷺએ ફર્માવ્યું, હે રબીઆ ! માંગો ! શું માંગો છો ? હઝરત રબીઆએ અર્ઝ કરી, હુઝૂર ! જન્નતમાં પણ આપની સંગત નસીબ થાય. *(મિશ્કાત શરીફ)*

તફસીરની કિતાબોમાં છે કે સહાબાએ કિરામે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ તો જન્નતમાં ઊંચા મકામમાં હશો અને અમે આપથી નીચેના દરજામાં હોઈશું, તો આપનો દીદાર કેવી રીતે કરી શકીશું ?! તો આ આયતે કરીમા નાઝિલ થઈ, ''અને જે લોકો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના ફર્માંબરદાર હશે તે એવા લોકો સાથે હશે જેની ઉપર અલ્લાહ તઆલાએ ઈનઆમ ફર્માવ્યું છે, અને તે લોકો નબીઓ, શહીદો, સિદીકો અને સાલેહીનો છે અને કેટલા સારા સાથીઓ છે.'' *(કુર્આન, પારા–૫, રુકૂઅ :૫, આયત : ૬૯)*

ખુલાસો એ છે કે આશિક્ને જન્નત પણ ત્યારે જ પસંદ છે જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દીદારથી માલામાલ થઈ શકે.

**તયબહ કે સિવા સબ બાગ પામાલે ફના હોંગે**
**દેખોગે ચમનવાલો જબ અહદે ખિઝાં આયા**

*(પામાલ = બર્બાદ, અહદે ખિઝાં = પાનખર ઋતુ, બર્બાદીનો સમય)*

**અર્થાત** : હે બાગ બગીચાવાળાઓ ! તમે જોશો કે તયબહ સિવાય બધા જ બાગ બર્બાદ થઈ જશે જ્યારે બર્બાદીની ઋતુ આવશે. ખુદાના અટલ કાનૂન પ્રમાણે દરેક વસ્તુને ફના થવાનુ છે, આખી દુનિયા ફના થશે પરંતુ મદીના શરીફ માટે સૌથી છેલ્લે આ કાનૂન પર અમલ કરવામાં આવશે. જેવું કે હદીષ શરીફમાં છે કે ઈસ્લામની આબાદીઓમાં સૌથી છેવટમાં મદીના પાક ખતમ થશે. *(નિસાઈ)* એટલે આખી દુનિયા ફના થઈ જશે પરંતુ મદીના શરીફ કયામત સુધી કાયમ રહેશે.

**સર ઔર વો સંગે દર ! આંખ ઔર વો બઝ્મે નૂર**
**ઝાલિમ કો વતન કા ધ્યાન આયા તો કહાં આયા !**

*(સંગેદર = આકાની ચોખટ, બઝ્મે નૂર = નૂરની મેહફિલ)*

**અર્થાત** : માથુ હુઝૂર ﷺની ચોખટ પર અને આંખો નૂરાની મેહફિલના દર્શનમાં મગ્ન, એવા સુહાના સમયે ઝાલિમ દિલને વતનનો ખયાલ આવ્યો ?!

**કુછ નઅત કે તબકે કા આલામ હી નિરાલા હૈ**
**સકતા મેં પળી હૈ અક઼્લ ચક્કરમેં ગુમાં આયા**

*(તબક઼ે = મર્તબા, આલમ = હાલત, સકતા = બેહોશી, ગુમાં = ખયાલ)*

**અર્થાત** : હુઝૂર ﷺની તારીફ કરનાર નઅત શરીફ પઢનારાઓનો મર્તબો એટલો ઊંચો છે કે જેને જોઈને બુદ્ધિજીવીઓની બુદ્ધિના હોશ ઉડી ગયા અને અનુમાન કર્તાઓના અનુમાનોને ચક્કર આવી ગયા !

**જલતી થી ઝમીં કૈસી, થી ધુપ કળી કૈસી**
**લો વો ક઼દે બેસાયા અબ સાયા ફ઼ુના આયા**

*(ક઼દ = બદન, બેસાયા = પડછાયા વગરનો, સાયા ફ઼ુના = છાયો કરનાર)*

**અર્થાત** : મેદાને મેહશરમાં જ્યારે સૂરજ સવા નેઝા પર હશે, જમીન તાબાની હશે ત્યારે તડકો કેટલો સખત હશે ?! અને જમીન કેટલી ઉકળતી હશે ?! એવા સમયે જીવનભર જેમના શરીરનો પડછાયો નથી પડયો તેવા બેસાયા નબી ﷺ ગુનેહગાર ઉમ્મતીઓ માટે શફાઅતનો સાયો (છાંયડો) બનીને આવશે. (સુબ્હાનલ્લાહ !)

**તયબહ સે હમ આતે હૈં કહિયે તો જેનાવાલો**
**ક્યા દેખ કે જીતા હૈ જો વાં સે યહાં આયા**

*(તયબાહ = મદીના શરીફ, જેના = જન્નત, વાં = ત્યાં)*

**અર્થાત** : હે જન્નતવાળાઓ ! અમને બતાવો કે જો અમે તયબહને છોડીને જન્નતમાં આવી જઈએ તો કોને જોઈને જીવીશું ?! કારણ કે અમારી ખોરાક તો મુસ્તફા ﷺના રોઝાની ઝિયારત છે. જો તે રોઝાને છોડીને જન્નતમાં આવતા રહીએ તો કોને જોઈને જીવીશું ?! અર્થ એ કે આશિક઼ જન્નતમાં પણ હુઝૂર ﷺના દીદારને કારણે જવાનું પસંદ કરે છે જેની વિગત ઉપર ગુજરી.

**લે તૌક઼ે અલમ સે અબ આઝાદ હો અય કુમરી**
**ચિઠ્ઠી લીએ બખ઼્શિશ કી વો સર્વેરવાં આયા**

*(તૌક઼ = ગળાનો ફંદો, અલમ = દુ:ખ, કુમરી = પક્ષી, હોલો, સર્વેરવાં = મહબૂબ)*

**અર્થાત** : દુ:ખના ફંદાથી હવે આઝાદ થઈ જા, હે દુ:ખી પક્ષી ! (ગુનહગાર) તારી બખ઼્શિશની ચિઠ્ઠી લઈને તારો મહબૂબ આવી ગયો છે ! ક઼યામતના દિવસે અમુક લોકોના ગુનાહ નેકીઓ કરતાં વધારે હશે જેથી હુકમ થશે કે તેઓને દોઝખમાં નાખી દો ! તો કપરા સમયે દુ:ખીઓના આક઼ા મીઝાન પાસે પધારશે અને જે લોકો આપ ﷺથી મહોબ્બત કરતા હતા તેઓની નેકીઓના પલ્લામાં એક ચિઠ્ઠી મૂકી દેશે જેથી તેઓની નેકીઓ વધી જશે અને જન્નતમાં જવાનો હુકમ થશે. લોકો આપની બારગાહમાં અર્ઝ કરશે કે આપ કોણ છો અને આ ચિઠ્ઠી કેવી છે ?! તો આપ ﷺ ફર્માવશે, હું તારો નબી છું અને ચિઠ્ઠી તે તારું દુરૂદ હતું જે દુનિયામાં તેં મારી બારગાહમાં મોકલ્યુ હતું. *(જવાહિરુલ બિહાર, ભાગ–૨, પેજ–૩૫૭, મવાહિબે લદુન્નિયા)*

**નામા સે રઝા કે અબ મિટ જાઓ બુરે કામો**
**દેખો મેરે પલ્લે પર વો અચ્છે મિયાં આયા**

*(નામા = નામાએ આમાલ, અચ્છે મિયાં = આ'લા હઝરત رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ જેઓ મારેહરા શરીફના રહેવાસી છે.)*

**અર્થાત :** હે બુરાઈઓ ! અહમદ રઝા (رحمۃ اللہ علیہ)ના નામએ આમાલથી હટી જાવ ! જુઓ ! મારા પીરો મુર્શિદ આલે નબી ખુદાના વલી હઝરત અચ્છેમિયાં رحمۃ اللہ علیہ મારી મદદ માટે આવી ગયા છે.

**બદ્કાર 'રઝા' ખુશ હો બદ્કામ ભલે હોંગે**
**વો અચ્છે મિયાં પ્યારા અચ્છોં કા મિયાં આયા**

**અર્થાત :** આ'લા હઝરતે નમ્રતા અને આજીજીરૂપે પોતાને ગુનહગાર તરીકે દર્શાવ્યા છે જે બુઝુર્ગોની આદત છે. ફર્માવે છે, હે અહમદ રઝા ! તું ખુશ થઈ જા ! તારા બધા બુરાં કામો ધોવાઈ જશે અને નેકીઓમાં બદલાઈ જશે, કારણ કે પ્યારા એવા સારા લોકોના સરદાર અચ્છેમિયાં رحمۃ اللہ علیہ આવી ગયા છે.

હઝરત અચ્છેમિયાં رحمۃ اللہ علیہ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ છે. આપનું નામ આલે અહમદ છે અને અચ્છેમિયાં આપનો લકબ છે. આપ હિ.સ. ૧૧૬૦માં ૨૮ રમઝાને પૈદા થયા. આપ મહાન આલિમે દીન અને વલીએ કામિલ હતા. આપના ઈલ્મની મહાનતા એવી હતી કે શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ જેવા મહાન આલિમ વહદતુલ વુજૂદ જેવા બારિક મસ્અલાને સમજવા લોકોને આપની પાસે મોકલતા હતા. આપનો વિસાલ હિ.સ. ૧૨૩૫માં થયો. આપનો મઝાર શરીફ મારેહરા શરીફ, જિ. ઈટા, યુ.પી.માં આવેલ છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہને પોતાના પીરો મુર્શિદથી ઘણી મહોબ્બત હતી અને હુઝૂર અચ્છેમિયાં رحمۃ اللہ علیہ પણ હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہને ખૂબ ચાહતા હતા. આપ ફર્માવતા હતા કે જો કયામતના દિવસે ખુદા મને પૂછશે કે હે આલે અહમદ ! દુનિયામાંથી શું લાવ્યો છે ? તો હું આ'લા હઝરતને પેશ કરીને અર્ઝ કરીશ, મૌલા ! દુનિયામાંથી તારી બારગાહમાં અહમદ રઝાને ભેટરૂપે લાવ્યો છું ! (સુબ્હાનલ્લાહ !)

## (નઅત શરીફ : ૦૯)

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ હિ.સ. ૧૨૯૬માં પહેલીવાર હજ્જ અને ઝિયારતથી પાછા ફરી આ નઅત કહી :–

**ખરાબ હાલ કિયા દિલ કો પુર મલાલ કિયા**
**તુમ્હારે કૂચે સે રુખસતને ક્યા નિહાલ કિયા**

*(પુરમલાલ = ગમગીન, કૂચા = ગલી, નિહાલ = ખુશ)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم આપના દરબારમાં હાજરી આપી પાછા ફર્યો તો આપની ગલીથી રુખસત થઈને મને શું ખુશી મળી ? બલ્કે આપની ગલીની જુદાઈમાં હાલત ખરાબ થઈ ગઈ અને દિલ ગમગીન થઈ ગયું !

**ન રૂએ ગુલ અભી દેખા ન બુએ ગુલ સુંઘી**
**ક઼ઝ઼ાને લા કે ક઼ફ઼સ મેં શિકસ્તા બાલ કિયા**

*(રૂએ ગુલ = ફૂલનો ચેહરો, બુએ ગુલ = ફૂલની ખૂશ્બૂ, ક઼ઝ઼ા = તકદીર, ક઼ફ઼સ = પિંજરો, શિકસ્તા બાલ = પાંખ તૂટેલ)*

**અર્થાત** : ન તો હજુ મેં બાગે નબુવ્વતના ફૂલ પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلمના પ્યારા ચેહરાની ઝિયારત કરી છે, ન એ સુગંધિત ફૂલની ખૂશ્બૂ સુંઘી છે કે તક઼દીરે મને મદીના શરીફથી વતન ભારતમાં પાછો લાવી દૂરીના પિંજરામાં નાખી દીધો ! અને મારી પાંખો તૂટી ગઈ છે કેમ કે બઝાહિર ફરી મદીના શરીફ જવાના સંજોગો દેખાતા નથી.''

**વો દિલ કે ખું શુદા અરમાન થે જિસમેં મલ ડાલા**
**ફ઼ુગાં કે ગોરે શહીદાં કો પાએમાલ કિયા**

*(ખુંશુદા = મુર્દા, અરમાન = તમન્ના, મલ ડાલા = મસળી, ગોરે શહીદાં = શહીદોનું ક઼બ્રસ્તાન, પાએમાલ = બરબાદ)*

**અર્થાત** : મારા જે દિલમાં મુર્દા તમન્નાઓ ઉઠી રહી હતી તે દિલને મસળી નાખ્યું. મારી તમન્નાઓ ખુદાની રાહમાં મટીને શહીદ થઈ ગઈ છે. હું ફરિયાદ કરું છું કે શહીદોના ક઼બ્રસ્તાનને વિરાન કરી નાખ્યું.

**યે રાય ક્યા થી વહાંસે પલટને કી અય નફ઼્સ !**
**સિતમગર ઉલ્ટી છૂરી સે હમેં હલાલ કિયા**

*(રાય = સલાહ, સિતમ ગર = જાલિમ, ઉલટી છૂરી સે હલાલ કિયા = મુહાવરો, તડપાવવું, જુલ્મો કરવા)*

**અર્થાત** : હે મારા નફ઼્સ ! (દિલ) તેં આ કેવી સલાહ આપી કે હુઝૂર صلی اللہ علیہ وسلمના દરબારમાં જઈ પાછા આવી જઈશું, તે આવો ઈરાદો પૈદા કરીને મોટો જુલ્મ કર્યો !

**યે કબ કી મુઝ સે અદાવત થી તુઝકો અય જાલિમ !**
**છુળા કે સંગે દરે પાક સરો બાલ કિયા**

*(સંગે દરેપાક = ચોખટ મુબારક, સરો બાલ = અઝાબ)*

**અર્થાત** : હે જાલિમ દિલ ! મારી સાથે તારી દુશ્મની ક્યારની થઈ ગઈ છે કે તેં આ હરકત કરી ? મને આક઼ા ﷺની મુબારક ચોખટ છોડાવી મુસીબતમાં નાખી દીધો !

**ચમન સે ફેંક દિયા આશિયાનએ બુલબુલ**
**ઉજાળા ખાનએ બેકસ બળા કમાલ કિયા**

*(ચમન = બાગ, આશિયાના = માળો, ઉજાળા = વિરાન કર્યું, ખાનએ બેકસ = ગરીબનું ઘર)*

**અર્થાત** : હે જાલિમ દિલ ! તેં બાગે મદીનામાં વસી ગયેલ આક઼ા ﷺના ગીત ગાનાર બુલબુલના માળાને ફેંકી દીધો. એક ગરીબના ઘરને વેરાન કરી તું એ સમજે છે કે તેં મોટો કમાલ કર્યો !

**તેરા સિતમઝદહ આંખોને ક્યા બિગાળા થા**
**યે ક્યા સમાઈ કે દૂર ઉનસે જમાલ કિયા**

*(સિતમઝદા = સતાવેલ, સમાઈ = શું ખ્યાલ સમાયો, જમાલ = સુંદરતા)*

**અર્થાત** : હે નફ્સ ! મારી દુઃખી આંખોએ તારું શું બગાડયું હતું કે તારી અંદર મદીનાથી દૂર જવાનો ખ્યાલ આવ્યો અને આંખોથી હુઝૂર ﷺનો જમાલ દૂર કર્યો ?!

**હુઝૂર ઉનકે ખયાલે વતન મિટાના થા**
**હમ આપ મિટ ગએ અચ્છા ફરાગબાલ કિયા**

*(હુઝૂર ઉનકે = તેમની પાસે, હમ આપ = અમે પોતે, ફરાગ બાલ = બે ફિકર)*

**અર્થાત** : જ્યારે મદીના પાક હાજર થયા તો હે દિલ ! ત્યાં વતનનો ખયાલ મટી જવો જોઈતો હતો, પરંતુ તેં વતનમાં પાછા જવાનો ખયાલ આપી અમને મિટાવી દીધા, કે ખૂદ મટી ગયા તો બધાથી બેફિકર કરી દીધા.

**જો દિલને મરકે જલાયા થા મન્નતોં કા ચિરાગ**
**સિતમ કે અર્ઝ રહે સરસરે ઝવાલ કિયા**

*(મરકે જલાયા = સંઘર્ષ કરીને સળગાવ્યું, મન્નતોં કા ચિરાગ = મન્નત પૂરી થવા પર સળગાવવામાં આવતો દીપક, રહ = રસ્તો, સરસર = આંધી)*

**અર્થાત** : મારા દિલે ઘણા સંઘર્ષ કરીને મદીના પહોંચવાની મન્નત પૂરી થવા પર ખુશીનો દીપ સળગાવ્યો, પણ હે નફ્સ ! તેં વતનમાં પાછા લાવીને તે દીપકને આંધીના રસ્તાના હવાલે કરી દીધો જેથી તે ઓલવાઈ જાય !

**ન ઘર કા રખ્ખા ન ઉસ દર કા હાય નાકામી**
**હમારી બેબસી પર ભી ન કુછ ખયાલ કિયા**

*(હાય = અફસોસ, બેબસી = મજબૂરી)*

**અર્થાત :** હે દિલ ! તેં આ શું કર્યું ? વતન પાછા લાવીને ન ઘરનો રાખ્યો, ન હુઝૂર ﷺના દર (બારગાહ)માં રહેવા દીધો. આ મારી નાકામી પર અફસોસ ! તને અમારી મજબૂરીનો પણ ખયાલ ન આવ્યો કે મદીના શરીફથી જુદા થયા પછી અમને ચૈન નહીં મળે ?!

**મદીના છોળકે વીરાના હિંદ કા છાયા**
**યે કૈસા હાય હવાસોંને ઈખ્તેલાલ કિયા**

*(વીરાના = ઉજ્જડ, હિંદ = ભારત, હવાસોં = હોશ, અક્કલ, ઈખ્તેલાલ = બગાડ)*

**અર્થાત :** હાય અફસોસ ! કે મદીનાની નૂરાની સુંદર વાદીને છોડી હું મારા વતન ભારત પહોંચી ગયો ! મદીનાની ખૂબસૂરત ગલીઓ સામે ભારત વીરાન લાગે છે. અહીંયાં મારું દિલ લાગતુ નથી, મારા હોશે કેમ આવો બગાડ કર્યો ?!

**તૂ જિસકે વાસ્તે છોળ આયા તયબહ સા મહબૂબ**
**બતા તૂ ઈસ સિતમ આરાને ક્યા નિહાલ કિયા**

*(તયબાહ સા = તયબહ જેવું, સિતમ આરા = સિતમ કરનાર)*

**અર્થાત :** હે દિલ ! જે વતન ભારતના ખ્યાલને લઈને તું તયબહ જેવું મહબૂબ, પ્યારુ શહેર છોડીને ચાલ્યો આવ્યો, હવે બતાવ ? તે જાલિમે તને શું ખુશી આપી કે કામયાબ કર્યો ?!

**અભી અભી તો ચમનમેં થે ચહચહે નાગાહ**
**યે દર્દ કૈસા ઉઠા જિસને જી નિઢાલ કિયા**

*(ચહચહે = પક્ષીઓનું સુંદર કલરવ, નાગાહ = અચાનક, જી = જીવ, નિઢાલ = કમઝોર)*

**અર્થાત :** હમણા હમણા તો ચમને તયબાહમાં આશિક઼ોના સુંદર મધુર અવાજો સંભળાઈ રહ્યા હતા કે અચાનક વતન પાછા આવવાના સમાચાર સાંભળતાં જ એવું દર્દ ઉઠયું કે મારું શરીર કમજોર થઈ ગયું !

**ઈલાહી ! સુન લે 'રઝા' જીતે જી કે મૌલાને**
**સગાને કુચામેં ચેહરા મેરા બહાલ કિયા**

*(જીતે જી = જીવતાં જીવત, જીવનમાં, મૌલા = માલિક, સગાને કૂચા = ગલીના કૂતરા, બહાલ : બર ક઼રાર = નિયુક્ત)*

**અર્થાત :** હે ખુદા ! અહમદ રઝા رحمۃ اللہ علیہ જીવતાં જીવંત સાંભળી લે કે મારા આક઼ા ﷺએ મને પોતાની ગલીના ખાદિમોમાં બરક઼રાર રાખ્યો છે.

## (નઅત શરીફ : ૧૦)

**બંદા મિલનેકો ક઼રીબે હઝરતે ક઼ાદિર ગયા**
**લમ્અએ બાતિનમેં ગુમને જલ્વએ ઝાહિર ગયા**

*(બંદા = પ્યારા નબી, હઝરત = નજીક, ક઼ાદિર = ખુદાનુ સિફ઼તી નામ, લમ્અએ બાતિન = ગુપ્ત, પ્રકાશ, ગુમને = ગુમ થવા)*

**અર્થાત :** ખુદાના ખાસ બંદા હુઝૂર પુરનૂર ﷺ ખુદાએ ક઼ાદિરની બારગાહમાં ગયા એટલે કે જાહેર જલ્વો ગુપ્ત નૂરમાં ગુમ થવા ગયો. આ શેઅરમાં મેઅરાજનું વર્ણન છે કે પ્યારા આક઼ા علیہ الصلوٰۃ والسلام મેઅરાજની રાત્રે ખુદાની પાસે ગયા, જેવું કે કુર્આને પાકમાં છે : "પછી હુઝૂર નજીક થયા અને એટલા નજીક થયા કે બે કમાનોથી પણ ઓછુ અંતર રહી ગયું." *(પારા : ૨૭, સૂરએ નજમ)*

અને હુઝૂર પુરનૂર ﷺ ખુદાના દીદારમાં ગુમ થઈ ગયા. જેવું કે હદીષોમાં છે : "મેં મારા રબનો દીદાર કર્યો." *(મિશ્કાત, ખસાઈસે કુબ્રા)*

**તેરી મરઝી પા ગયા સૂરજ ફ઼િરા ઉલ્ટે ક઼દમ**
**તેરી ઉંગલી ઉઠ ગઈ મહ કા કલેજા ચિર ગયા**

*(તેરી મરઝી = તમારી ઈચ્છા, પા ગયા = જણાઈ ગઈ, ઉલ્ટે ક઼દમ = પાછા પગે, મહ = ચાંદ)*

**અર્થાત :** હે મુખ્તારે કાઈનાત નબી ! ﷺ આપની ઈચ્છા જણાઈ ગઈ કે તરત જ ડૂબેલ સૂરજ પાછા પગે પાછો નીકળ્યો અને આપની આંગળીનો ઈશારો થયો કે ચાંદ પોતે ટુકડા થઈ ગયો. આ શેઅરમાં બે મો'જિઝાનું વર્ણન કરવામાં આવ્યું છે :–

**(૧) ડૂબેલા સૂરજનું પાછુ ફરવું :** જેવું કે કિતાબોથી સાબિત છે કે હુઝૂર ﷺ અસરની નમાઝ પછી હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની ગોદમાં માથુ મૂકી વિસામો લઈ રહ્યા હતા અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની નમાઝ બાકી હતી, અને સૂર્ય ડૂબી ગયો. નમાઝ ક઼ઝા થવાના ગમમાં હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم રડી પડયા અને હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની મુબારક આંખો ખુલી. આપે પૂછયું, અલી શા માટે રડો છો ?! આપે અર્ઝ કરી, હુઝૂર ! ﷺ મારી અસરની નમાઝ ક઼ઝા થઈ ગઈ છે ! હુઝૂરે ખુદાની બારગાહમાં અર્ઝ કરી, "મૌલા ! અલી તારી ઈતાઅતમાં હતા." એટલામાં ડૂબેલ સૂરજ પાછો નીકળ્યો અને હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ અસરની નમાઝ અદા પઢી.

*–(નસીમુર્રિયાઝ, શિફ઼ા શરીફ઼, મવાહિબે લદુન્નિયા, મક઼ાસિદે હુસ્ના, રદ્દુલ મુહતાર, શરફ઼ે શિફ઼ા, તહતાવી)*

**(૨) ચંદ્રના ટુકડા થવા :** જેનું બયાન કુર્આન શરીફ઼માં છે, "ક઼યામત નજીક થઈ અને ચાંદ ટુકડા થયો." *(પારા : ૨૭, સૂરએ ક઼મર, આયત : ૧)*

અને બુખારી તથા મુસ્લિમ શરીફ઼ તથા હદીષોની ઘણી બધી કિતાબોમાં આ મો'જિઝાનું વિગતવાર બયાન છે કે કુફ઼્ફ઼ારે મક્કાના કહેવા પર હબીબ યમનીએ હુઝૂર ﷺ ની બારગાહમાં અર્ઝ કરી કે જો આપ નબી હોય તો ચાંદના ટુકડા કરી આપો ! આપે આંગળી ઉઠાવીને ચાંદના બે ટુકડા થઈ ગયા.

**બળ્હ ચલી તેરી ઝિયા અંધેર આલમ સે ઘટા**
**ખુલ ગયા ગેસૂ તેરા રહમત કા બાદલ ઘિર ગયા**

*(બળ્હ ચલી = વધતી ગઈ, ઝિયા = રોશની, અંધેર = અંધાર્યા, આલમ = દુનિયા, ઘટા = ઓછુ થયું, ગેસૂ = ઝુલ્ફ મુબારક)*

**અર્થાત :** હે નૂરે ખુદા, પ્યારા નબી ! ﷺ આપનું નૂર દુનિયામાં ફેલાય ગયું છે, જેના કારણે દુનિયામાં કુફ્ર અને ગુમરાહીનું અંધારું ભાગી રહ્યું છે અને જ્યારે આપની ઝુલ્ફો ખુલે છે તો રહમતના વાદળ છવાય જાય છે.

હઝરત આમેના رضی اللہ عنہا ફર્માવે છે કે, જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام મારા ઘેર પધાર્યા (જન્મ્યા) તો પૂર્વથી પશ્ચિમ સુધી નૂર ફેલાઈ ગયું અને તેના પ્રકાશથી મેં શામના મહેલો જોઈ લીધા.

**બંધ ગઈ તેરી હવા સાવા મેં ખાક ઉળને લગી**
**બળ્હ ચલી તેરી ઝિયા આતિશ પે પાની ફિર ગયા**

*(બંધ ગઈ તેરી હવા = જ્યારે આપની ધાક બેસવા લાગી, સાવા = એક દરિયાનું નામ જેની પૂજા કરવામાં આવતી હતી, ખાક = માટી, આતિશ = આગ, પાની ફિર ગયા = ઓલવાઈ ગઈ)*

**અર્થાત :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પયદાઈશ થઈ તો આપનો રૂઆબ અને દબદબો એવો જામી ગયો કે દરિયાએ સાવા કે જેની પૂજા કરવામાં આવતી હતી તે સૂકાઈ ગયો અને ધૂળ ઉડવા માંડી. અને જ્યાં વર્ષોથી આગની પૂજા કરવામાં આવતી હતી હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નૂરના આગમનથી તે આગ પર પાણી ફરી વળ્યું અને તે બુઝાઈ ગઈ.

આ શેઅરમાં હુઝૂર ﷺની પયદાઈશની બરકતથી જોવા મળેલ આશ્ચર્યચકિત બનાવ તરફ ઈશારો કરવામાં આવ્યો છે. જેવું કે હદીષમાં છે. ઈમામ બયહક઼ી, અબૂ નુઐમ, ઈબ્ને અસાકિર વગેરેએ રિવાયત નક઼લ કરી છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની પયદાઈશની રાત્રે કિસરાના મહેલોમાં ભૂકંપ આવ્યો, તેના ૧૪ કાંગરા તૂટી ગયા, અને ફારસની આગ બુઝાઈ ગઈ કે જે વર્ષોથી સળગી રહી હતી, સાવા દરિયો સૂકાઈ ગયો (જેની પૂજા કરવામાં આવતી હતી). અર્થાત કે જૂઠા મઅબૂદોની તબાહી થઈ ગઈ.

**તેરી રહમત સે સફ઼ીયુલ્લાહ કા બેળા પાર થા**
**તેરે સદક઼ે સે નજીયુલ્લાહ કા બજરા તિર ગયા**

*(સફ઼ીયુલ્લાહ = હઝરત આદમ علیہ السلام, બેળા = હોડી, કામ્યાબી, નજીયુલ્લાહ = હઝરત નૂહ علیہ السلام, બજરા = હોડી)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપની રહમતના વસીલાથી જ હઝરત આદમ علیہ السلامની તકલીફો દૂર થઈ અને તૌબા ક઼બૂલ થઈ અને આપના સદક઼ામાં ઈતિહાસના સૌથી મોટા તોફાન અને પુરમાં હઝરત નૂહ علیہ السلامની હોડી તરવા લાગી અને ડૂબવાથી બચી ગઈ.

અહીંયાં બે જ પયગંબરોનો ઝિક્ર કરવામાં આવ્યો છે જેમને હુઝૂર ﷺનો વસીલો કામ લાગ્યો. આમ તો દરેક પયગંબરને હુઝૂર ﷺનો વસીલો કામ લાગ્યો. હદીષ શરીફમાં છે કે હઝરત આદમ علیہ السلام ૩૫૦ વર્ષો સુધી રડતા રહ્યા પછી આપે દુઆ ફર્માવી, હે અલ્લાહ ! عزوجل હું તારા ખાસ બંદા મુહમ્મદ ﷺના સદક઼ામાં

મગફિરત ચાહું છું. (તબ્રાની) તો આપની દુઆ ક઼બૂલ થઈ. હઝરત નૂહ عليه السلامની હોડી છ મહિના સુધી પાણીમાં તરતી રહી, છેવટે જૂદી પહાડ પર ઉભી થઈ ગઈ અને ડૂબવાથી બચી ગઈ. આ નજાત પણ હુઝૂર عليه الصلوٰة والسلامના સદક઼ામાં મળી. *(શર્હે મવાહિબ)*

અલ્લામા ઝુર્કાની શર્હે મવાહિબમાં લખે છે કે જ્યારે નૂહ عليه السلام હોડી બનાવવા લાગ્યા તો ખુદાનું ફર્માન થયું કે ૧૧૨૦ પાટીયાંથી બનાવો અને દરેક પાટીયા પર એક એક નબીનું નામ લખો. તો હઝરત નૂહ عليه السلامએ એ જ પ્રમાણે કર્યું અને દરેક પાટીયા પર નબીનાં નામ લખ્યાં, પરંતુ જ્યારે સવાર થઈ તો બધાં જ નામો ભૂસાઈ ગયાં. ફરી બીજી વખતે નામ લખ્યાં, પરંતુ સવારે તે પણ ભૂસાઈ ગયાં. આપ પરેશાન થયા કે રોજની મહેનત બેકાર જાય છે. તો ખુદા પાકે હુકમ આપ્યો, હે નૂહ ! એ બધા નામોની શરૂઆતમાં મારું નામ અને છેલ્લે મારા હબીબનું નામ લખો જેથી નામો ભૂસાય નહીં ! જ્યારે હઝરત નૂહ عليه السلامએ પહેલાં ખુદાનુ નામ પછી નબીઓનાં નામો અને છેવટમાં પ્યારા નબી عليه الصلوٰة والسلامનું નામ લખ્યું તો ફરિશ્તાઓ પોકારી ઉઠયા, હે નૂહ ! હવે તમારી હોડી મુકમ્મલ થઈ. *(શર્હે મવાહિબ, ભાગ : ૧)*

**તેરી આમદ થી કે બૈતુલ્લાહ મુજરે કો ઝુકા**
**તેરી હૈબત થી કે હર બુત થર થરાકર ગિર ગયા**

*(બૈતુલ્લાહ = કા'બા શરીફ, મુજરા = સલામી, અદબ, હૈબત = ડર, બુત = મૂર્તિ, આમદ = આગમન)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપ જ્યારે ધરતી પર પધાર્યા તો કા'બા શરીફ આપની સલામી અને અદબ માટે ઝુકી ગયો અને આપની હૈબતથી કા'બામાં મૂકેલ બૂતો (મૂર્તિઓ) ધ્રુજીને ગબડી પડયાં. આ શેઅરમાં પણ હુઝૂર عليه الصلوٰة والسلامની પયદાઈશના સમયે થયેલ મો'જિઝાનું વર્ણન છે. જેવું કે હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺના દાદા હઝરત અબ્દુલ મુત્તલિબ ફર્માવે છે કે, હું હુઝૂર (ﷺ)ની પયદાઈશ વખતે કા'બા શરીફનો તવાફ કરી રહ્યો હતો તો કા'બા શરીફ ઝુકી પડયો અને હુઝૂરના ઘર તરફ સજદો કર્યો અને મેં જોયું કે અચાનક ! મૂર્તિઓ પોતાના સ્થાનેથી નીચે પડી ગઈ અને સજદો કર્યો.

*–(નુઝહતુલ મજાલિસ, પેજ : ૧૦૦, સીરતે હલબિયા, ભાગ : ૧, પેજ : ૧૧૪, ખસાઈસે સુગરા)*

**મો'મિન ઉનકા ક્યા હુવા અલ્લાહ ઉસકા હો ગયા**
**કાફિર ઉનસે ક્યા ફિરા અલ્લાહ હી સે ફિર ગયા**

*(મો'મિન = ઈમાનવાળો, કાફિર = ઈન્કાર કરનાર, ગુસ્તાખ)*

**અર્થાત :** જ્યારે મો'મિન બંદો હુઝૂર عليه الصلوٰة والسلامની મહોબ્બત અને ઈતાઅતથી હુઝૂર ﷺનો થઈ જાય છે તો અલ્લાહ તે મો'મિન બંદાનો થઈ જાય છે. જેવું કે કુર્આન શરીફમાં છે, "હે મહબૂબ ! ફર્માવી દો કે જો તમે મારી પૈરવી કરશો તો અલ્લાહ તમારાથી મહોબ્બત કરશે." (પારા : ૩, રુકૂઅ : ૧૨) અને જે હુઝૂર عليه الصلوٰة والسلامનો મુન્કિર થઈ આપથી મોઢું ફેરવી લે છે તે હુઝૂર ﷺથી જ મોઢું નથી ફેરવતો બલ્કે ખુદાથી જ મોઢું ફેરવી લે છે. અર્થ એ કે જે હુઝૂર ﷺનો મુન્કિર છે તે ખુદાનો મુન્કિર છે.

**વો કે ઉસ દરકા હુવા ખલ્કે ખુદા ઉસકી હૂઈ**
**વો કે ઉસ દરસે ફિરા અલ્લાહ ઉસસે ફિર ગયા**

*(વો = તે, કે (ફારસી) = જે, દર = હુઝૂર ﷺની બારગાહ, ખલ્કે ખુદા = ખુદાની મખ્લૂક, ફિરા = ભાગ્યો)*

**અર્થાત :** જે વ્યક્તિ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહનો ગુલામ થઈ ગયો, ખુદાની મખ્લૂક તેની થઈ ગઈ અને જેણે હુઝૂર ﷺની બારગાહથી મોઢું ફેરવી લીધું અલ્લાહ તઆલા તેની તરફથી પોતાની રહમતો ભરી નજર ઉઠાવી લેશે. અર્થાત કે જે હુઝૂર ﷺનો છે આખી દુનિયા તેની છે અને જે રસૂલ ﷺનો નથી ખુદા પાક પણ તેનો નથી.

*કી મુહમ્મદસે વફા તૂને તો હમ તેરે હૈં–યે જહાં ચીઝ હૈ ક્યા લોહો કલમ તેરે હૈં*

*–(ડૉ. ઈકબાલ)*

**મુઝ કો દીવાના બતાતે હો, મૈં વો હુશયાર હૂં !**
**પાઉં જબ તૌફે હરમ મેં થક ગએ સર ફિર ગયા**

*(દીવાના = પાગલ, હુશયાર = હોશિયાર, બુદ્ધિમાન, તોફે હરમ = હરમનો તવાફ, સર = માથુ)*

**અર્થાત :** મને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં દીવાનાવાર ફરતો જોઈને પાગલ સમજો છો, પરંતુ હું તો હોશિયાર છું કે હુઝૂર ﷺની બારગાહના ચક્કર લગાડતાં પગ થાકી જાય છે તો માથાથી ચાલુ છું. ખૂદ ફર્માવે છે : *હરમ કી ઝમીં ઔર કદમ રખકે ચલના–અરે સર કા મૌકા હૈ અય જાનેવાલે*

**રહમતુલ્ લિલ્ આલમીન આફતમેં હૂં કૈસી કરું**
**મેરે મૌલા મૈં તો ઈસ દિલસે બલામેં ઘિર ગયા**

*(રહ્મતુલ લિલ્ આલમીન = કાઈનાત માટે રહમત એક માત્ર હુઝૂર ﷺનો લકબ, કૈસી કરું = કેવી રીતે દૂર કરું, શું કરું)*

**અર્થાત :** હે રહમતે આલમીન ! હું મુસીબતોમાં ફસાઈ ગયો છું ! તેમાંથી નીકળવા શું કરું ? મારા આકા ! હું મારા નફ્સથી બલામાં ઘેરાય ગયો છું કે તે મને આપનાથી અલગ કરવા માંગે છે.

**મૈં તેરે હાથોં કે સદકે કૈસી કંકરિયા થીં વો**
**જિન સે ઈતને કાફિરોં કા દફઅતન મુંહ ફિર ગયા**

*(મૈં તેરે હાથોં કે સદકે = હું આપના હાથોની અઝમત પર કુર્બાન જાઉં, કંકરિયા = કાંકરીઓ,*
*નાના પથ્થર, ઈતને = એટલા બધા, દફઅતન = એકદમ, તુરત)*

**અર્થાત :** હે મારા આકા ! ﷺ હું આપના મુબારક હાથો પર કુર્બાન થઈ જાઉં કે આપના હાથોએ જ્યારે કાફિરો પર કાંકરીઓ ફેંકી તો તેઓ આંધળા થઈ ગયા અને આપથી મોઢું ફરી ગયું. આ શેઅરમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મહાન મો'જિઝા તરફ ઈશારો કરવામાં આવ્યો જે સીરતની ઘણી બધી કિતાબોમાં જોવા મળે છે.

જ્યારે હિજરતની રાત્રે કાફિરોએ આપના ઘરનો ઘેરાવ કરી લીધો કે હુઝૂર ﷺને કતલ કરી દે. તે સમયે સરકાર ﷺએ હઝરત અલી علیہ الصلوٰۃ والسلامને પોતાની પથારી પર સૂવડાવી એક મુઠ્ઠી લઈ કાફિર પર નાખી દીધી જેના કારણે કાફિરો આંખો હોવા છતાં જોઈ ન શક્યા અને હુઝૂર ﷺ તેમની સામેથી પસાર થઈ ગયા. એવી જ

રીતે જંગે બદર અને હુનૈનમાં પણ આપે કાફિરો પર કાંકરીઓ ફેંકી તો તેઓ મોઢું ફેરવીને ભાગી ગયા.

**ક્યૂં જનાબે બૂ હુરૈરા થા વો કૈસા જામે શીર**
**જિસ સે સત્તર સાહિબોં કા દૂધ સે મુંહ ફિર ગયા**

*(બૂ હુરૈરહ્ = એક સહાબીનુ ઉપનામ, જામે શીર = દૂધનો પ્યાલો, સત્તર = સિત્તેર, ૭૦, સાહિબો = સહાબા, મુંહ ફિર ગયા = પેટ ભરાઈ ગયું)*

**અર્થાત :** જનાબ અબૂ હુરૈરહ્ ! رضی اللہ عنہ તે દૂધનો પ્યાલો કેવો હતો કે એક પ્યાલાથી સિત્તેર સહાબાએ પેટ ભરીને દૂધ પી લીધું. આ શેઅરમાં હુઝૂર ﷺના એક મો'જિઝા તરફ ઈશારો છે. જેવું કે હદીષમાં છે કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હું ભૂખના કારણે પેટ પર પથ્થર બાંધતો હતો. એક દિવસ હું જાહેર રસ્તા પર બેઠો તો હઝરત અબૂબક્ર સિદીક્ رضی اللہ عنہ તશરીફ લાવ્યા. મેં તેમને કુર્આન મજીદની એક આયત વિશે પૂછયું. મેં એટલા માટે જ પૂછયું કે તેઓ મને પોતાના ઘરે લઈ જાય અને ખવડાવે, પરંતુ તેઓ ચાલ્યા ગયા. થોડીકવાર પછી હઝરત ઉમર ફારૂક્ رضی اللہ عنہ મારી પાસેથી ગુજર્યા, મેં તેમને પણ આયત વિશે પૂછયું અને પૂછવાનું કારણ તે જ હતું, પરંતુ તે પણ ચાલ્યા ગયા ! તેઓ બાદ હુઝૂર علیہ الصلوٰۃ والسلام તશરીફ લાવ્યા. આપે મને જોયો અને મારી હાલત જાણી મુસ્કુરાયા અને તેઓ મને પોતાની સાથે ઘરે લઈ ગયા. મેં ત્યાં એક દૂધનો પ્યાલો જોયો. હુઝૂર ﷺએ ઘરમાં પૂછયું, આ દૂધનો પ્યાલો ક્યાંથી આવ્યો છે ? જવાબ મળ્યો કે ફલાણાએ આપને હદિયો મોકલ્યો છે. હુઝૂરે ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! અસ્હાબે સુફ્ફાને મારી પાસે લઈ આવો ! અસ્હાબે સુફ્ફા તે સહાબાએ કિરામ હતા જેમની પાસે મકાન દૌલત કશું જ ન હતું. જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પાસે કોઈ વસ્તુ આવતી તો હુઝૂર તેમને આપી દેતા. મારા દિલમાં ખયાલ આવ્યો કે એક પ્યાલો દૂધ અસ્હાબે સુફ્ફાને શું કામ આવશે ?! હુ ઈચ્છતો હતો કે દૂધ મને મળી જાય ! જેથી મારા શરીરમાં કાંઈક શક્તિ આવે. પરંતુ હુઝૂર ﷺનો હુકમ હતો એટલે હું બોલાવી લાવ્યો. (તેઓ ૭૦ હતા). હુઝૂરે મને હુકમ આપ્યો કે અબૂ હુરૈરહ્ ! પ્યાલો તે લોકોને આપી દો ! મેં એક વ્યક્તિને આપ્યો તેમણે દૂધ પીધું એટલે સુધી કે પેટ ભરાઈ ગયું. તેણે મને પ્યાલો પાછો આપ્યો. એવી જ રીતે એક પછી એક બધાએ જ પેટ ભરી દૂધ પી લીધું. તો હુઝૂર ﷺએ પ્યાલો પોતાના મુબારક હાથમાં લીધો અને મારી તરફ જોઈ હસ્યા અને ફર્માવ્યું, અબૂ હુરૈરહ્ ! હું અને તમે બાકી રહી ગયા છીએ, મેં અર્ઝ કરી, હુઝૂર ! આપે સાચુ ફર્માવ્યું. આપે હુકમ આપ્યો, બેસી જાવ અને પીઓ ! તો મેં દૂધ પીધું. ફર્માવ્યું, હજુ પીઓ ! મેં પાછુ પીધું. આપ લગાતાર એવું કહેતા રહ્યા કે હજુ પીઓ ! અને હું પીતો રહ્યો. મેં અર્ઝ કરી, ક્સમ છે તે ઝાતની જેણે આપને હક્ક્ સાથે મોકલ્યા, હવે બિલ્કુલ જગ્યા નથી ! અને તે પ્યાલો મેં હુઝૂર ﷺને પેશ કર્યો તો આપે અલ્લાહની હમ્દ કરી અને બિસ્મિલ્લાહ પઢી બચેલુ દૂધ પી ગયા. *(બુખારી શરીફ)*

**વાસ્તા પ્યારે કા ઐસા હો જો સુન્ની મરે**
**યૂં ન ફર્માએ તેરે શાહિદ કે વો ફાજિર ગયા**

*(વાસ્તા પ્યારે કા = ખુદાના પ્યારા હબીબનો વાસ્તો, ઐસા હો = એવું જ થાય, જો સુન્ની મરે = જે પણ સુન્ની મૃત્યુ પામે, શાહિદ = ગવાહ, હાજર, ફાજિર = ગુનેહગાર)*

**અર્થ :** હે ખુદા ! તારા હબીબ ﷺના સદક઼ામાં એવું કરી દે કે જે પણ સુન્ની દુનિયાથી જાય તે નેક બનીને જાય કે કોઈ કલ્મએ શહાદત પઢનાર એવું ન કહે કે જુએ તે ગુનેહગાર મર્યો !

**અર્શ પર ધૂમેં મચેં વો મો'મિને સાલેહ મિલા**
**ફ઼ર્શ સે માતમ ઉઠે વો તૈય્યિબો તાહિર ગયા**

*(ધૂમેં મચેં = ધૂમધામ થાય, સાલેહ = નેક, માતમ ઉઠે = અફસોસ કરે, તૈયિબો તાહિર = પાક સાફ)*

**અર્થાત :** હે ખુદા ! જ્યારે સુન્ની મૃત્યુ પામે અને તેની રૂહ અર્શ પર પહોંચે તો તે જોઈને અર્શવાળા ધૂમ મચાવે કે દુનિયાથી નેક મો'મિન આવ્યો છે અને જમીન તેના જવા પર અફસોસ કરે કે એક પાક સાફ ઝાત જતી રહી.

હદીષ શરીફમાં છે કે જ્યારે મો'મિન મૃત્યુ પામે છે તો ક઼બ્રસ્તાન પોતાને સજાવી લે છે અને દરેક હિસ્સો તમન્ના કરે છે કે તે મારી અંદર દફન થાય. *(ઈબ્ને અસાકિર)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે મો'મિનના મૃત્યુ પર ચાલીસ દિવસ સુધી જમીન રૂદન કરે છે. *–(હાકિમ)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ બંને શેઅરોમાં સુન્નીઓ માટે ભલાઈની દુઆ ફર્માવી છે, ખુદા આપને બેહતર બદલો આપે. (આમીન)

**અલ્લાહ અલ્લાહ યે ઉલુવ્વે ખાસે અબ્દિયત 'રઝા'**
**બંદા મિલને કો ક઼રીબે હઝરતે ક઼ાદિર ગયા**

*(ઉલૂ = ઊંચાઈ, ખાસે અબ્દિયત = ખાસ બંદો)*

**અર્થાત :** હે રઝા ! સુબ્હાનલ્લાહ ! અલ્લાહ તઆલાએ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને પોતાના ખાસ બંદા થવાની કેવી ઉચ્ચતા આપી કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઝાતે કિબ્રિયાની બારગાહમાં તે ઝાતના દીદાર માટે પહોંચ્યા જેનો દીદાર કોઈને નસીબ થયો નથી. આ શેઅરમાં હુઝૂર ﷺના ખાસ બંદા હોવા પર કુર્આનની આ આયતે કરીમા તરફ ઈશારો કર્યો છે : "પાક છે તે ઝાત જે પોતાના ખાસ બંદાને લઈ ગઈ રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી." *(પારા : ૧૫, આયત : ૧)*

**ઠોકરેં ખાતે ફિરોગે ઉનકે દર પર પળ રહો**
**ક઼ાફિલા તો અય 'રઝા' અવ્વલ ગયા આખિર ગયા**

*(ઠોકરેં ખાતે ફિરોગે = ભટકતા ફરશો, પળ રહો = પડી રહો, વસવાટ કરી લો, ક઼ાફિલા = મુસાફિર સાથીઓની ટોળકી)*

**અર્થાત :** હે રઝા ! હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં વસવાટ કરી લો, આ બારગાહ છોડશો તો ભટકતા ફરશો ! કાફલા તો આવે છે અને જતા રહે છે પરંતુ તમે અહીંયાં પડી રહો.

## (નઅત શરીફ : ૧૧)

**નેઅમતેં બાંટતા જિસ સમ્ત વો ઝીશાન ગયા**
**સાથ હી મુન્શીએ રહમત કા ક઼લમદાન ગયા**

*(નેઅમતેં = બખ્શિશો, બાંટતા = વહેંચતો, સમ્ત = દિશા, ઝીશાન = શાનવાળો, મુન્શીએ રહમત = રહમત લખવાવાળો, ક઼લમદાન = પેન મૂકવાનો ડબ્બો)*

**અર્થાત :** અઝમતવાળા ઝીશાન પ્યારા નબી ﷺ નેઅમતોની વહેંચણી કરતા જે પણ દિશામાં જાય રહમત લખવાવાળા ફરિશ્તાઓ ક઼લમો ઉઠાવીને તે તરફ ચાલવા માંડે છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે, નિઃશંક ! હું જ વહેંચું છું અને અલ્લાહ મને અતા કરે છે. *(બુખારી શરીફ)*

**લે ખબર જલ્દ કે ગૈરોં કી તરફ ધ્યાન ગયા**
**મેરે મૌલા મેરે આક઼ા તેરે કુ઼ર્બાન ગયા**

*(લે ખબર = મારી મદદ કરો, ગૈરોં કી તરફ = બીજાઓ તરફ, મેરે મૌલા = મારા મદદગાર, કુ઼ર્બાન ગયા = કુ઼ર્બાન થયો)*

**અર્થાત :** અય મારા આક઼ા ! મારા માલિક ! મારી જાન આપ પર કુ઼ર્બાન ! મારી જલ્દીથી ખબર લો, મારી તરફ જલ્દી તવજ્જુહ ફર્માવો. મારો નફ્સ ખ્યાલને દુશ્મનો તરફ લઈ જઈ રહ્યો છે. આ શેઅરમાં પ્યારા નબી ﷺથી ઈસ્તેગાષા એટલે કે મદદ માંગવામાં આવી છે. આ બુઝુર્ગોનો તરીક઼ો છે જેના વિશે પાછળની શરહમાં વિગતવાર વર્ણન થઈ ગયું.

**આહ ! વો આંખ કે નાકામે તમન્ના હી રહી**
**હાએ વો દિલ જો તેરે દર સે પુર અરમાન ગયા**

*(આહ = અફસોસ, નાકામે તમન્ના = મુરાદ પૂરી ન થઈ, પુર અરમાન = અરમાન ભરેલ, ઈચ્છુક)*

**અર્થાત :** અફસોસ ! તે આંખો પર જે પોતાની ઉમ્મીદોને પૂરી કરવામાં નિષ્ફળ રહી અને અફસોસ ! તે દિલ પર જે આપના દરની હાજરીના અરમાનોથી ભરેલુ જ રહી ગયું.

**દિલ હૈ વો દિલ જો તેરી યાદ સે મા'મૂર રહા**
**સર હૈ વો સર જો તેરે ક઼દમોં પે કુ઼ર્બાન ગયા**

*(મા'મૂર = આબાદ, સર = માથુ, ક઼દમોં પે કુ઼ર્બાન ગયા = પગો પર કુ઼ર્બાન થઈ ગયો)*

**અર્થાત :** દિલ/હૃદય અસલમાં તે જ દિલ છે જે હુઝૂર પુરનૂર ﷺની યાદથી આબાદ રહે જે દિલમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامની યાદ ન હોય તે ફક્ત માસનો લોથળો છે દિલ નથી અને માથુ તે જ માથુ કહેવા લાયક છે જે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મુક઼દ્દસ ક઼દમો પર કુ઼ર્બાન થઈ જાય.

**ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈરસે કામ**
**લિલ્લાહિલ્ હમ્દ મૈં દુન્યા સે મુસલમાન ગયા**

*(ઉન્હેં જાના = તેમને જાણ્યા, ઉન્હેં માના = તેમને માન્યા, ન રખ્ખા ગૈરસે કામ = બીજાથી કોઈ મતલબ ન રાખી, લિલ્લાહિલ્ હ઼મ્દ = સર્વ પ્રશંસાઓ ખુદા માટે, ખુદાનો શુક્ર છે)*

**અર્થાત :** ફક્ત આપ હઝરત ﷺને ઓળખ્યા અને માન્યા, બીજાઓથી કોઈ લેવા દેવા ન રાખી. ખુદાનો શુક્ર છે હું દુનિયાથી એવી હાલતમાં જઈ રહ્યો છું કે પાકો સાચો મુસલમાન છું. સચ્ચાઈ એ જ છે કે જેણે રસૂલુલ્લાહ ﷺને માન્યા તેણે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ બંનેવને માન્યા. પણ જે ફક્ત અલ્લાહ તબારક વ તઆલાને જ માનવાની વાત કરે તે કદી મુસલમાન થઈ શકતો નથી, કારણ કે પહેલા કલમામાં પણ અલ્લાહ રસૂલને માનવાનું બયાન છે.

શર્હે અક઼ાઈદ નસ્ફમાં ઈમાનની વ્યાખ્યા વિશે લખ્યું છે, "જે કાંઈ રસૂલુલ્લાહ ﷺ અલ્લાહ પાસેથી લાવ્યા તેને માનવું ઈમાન છે."

**ઔર તુમ પર મેરે આક઼ા કી ઈનાયત ન સહી**
**નજદિયો ! કલ્મા પળ્હાને કા ભી એહસાન ગયા**

(નજદીયો = નજદીનું બહુવચન, શૈખે નજદી = શૈતાનનું ઉપનામ છે, નજદી = નજદ/રિયાઝના રહેવાસીને પણ કહે છે.)

**અર્થાત :** હવે નજદી એક ફિર્કો છે ઈબ્ને અબ્દુલ વહાબ નજદીથી સંબંધિત છે, જેના અક઼ીદા અને અમલ કુર્આન, હદીષ અને બુઝુર્ગોના કથનોથી વિરુદ્ધ છે. વધુ જાણકારી માટે વાંચો કિતાબ તારીખે નજદો હિજાઝ. દેવબંદી અને કહેવાતા અહલે હદીષ વગેરે જમાઅતો પણ તેની જ અનુયાયી છે. વહાબી પણ નજદીને જ કહેવામાં આવે છે.

હે ગુમરાહ નજદીઓ ! વહાબીઓ ! નમક હરામો ! જો તમે ક઼ાસિમે નેઅમત علیہ الصلوٰۃ والسلامની તમારા ઉપર થયેલી ઈનાયતને નથી માનતા તો ન માનો, પણ હે એહસાન ફરામોશો ! તમે જે કલ્મો પઢીને લોકો સામે મુસલમાન જાહેર થાવ છો તે કલ્મો કોણે પઢાવ્યો તે એહસાન પણ ભૂલી ગયા !

**આજ લે ઉન્કી પનાહ આજ મદદ માંગ ઉનસે**
**ફિર ન માનેગેં ક઼્યામત મેં અગર માન ગયા**

*(આજ લે ઉન્કી પનાહ = આજે હુઝૂર ﷺનો આશરો લે, ફિર ન માનેગેં = પછી નહીં માને)*

**અર્થાત :** હે મુન્કિરો ! હુઝૂર ﷺ આખા જગત માટે રહમત બનીને આવ્યા છે. સર્વ મખ્લૂક઼ આપની ગુલામ છે. બધા જ આપનો સહારો લે છે. એક તમે છો કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈખ્તિયાર, હુઝૂર ﷺની શફાઅતનો ઈન્કાર કરો છો ! હજુ પણ સમય છે, માની જાવ ! નહીં તો ક઼યામતમાં જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો મર્તબો અને મક઼ામ જોઈને ક઼દમોમાં પડી ભીખ માંગશો કે હુઝૂર ! હું આપના ઈખ્તિયારને માનુ છું ! તો હુઝૂર ﷺ તે ઘડીએ તમારી વાત નહીં માને.

**ઉફ઼ રે મુન્કિર ! યે બળ્હા જોશે તઅસ્સુબ આખ઼િર**
**ભીળ મેં હાથ સે કમ બખ્ત કે ઈમાન ગયા**

*(ઉફ઼ = અફ઼સોસ, રે = અરે, જોશે તઅસ્સુબ = તઅસ્સુબ (પૂર્વગ્રહ)નો જોશ, આખ઼િર = આખરે, ભીળ = ભીડ, કમબખ્ત = કમનસીબ)*

**અર્થાત** : અફ઼સોસ ! હે મુન્કિરો ! તમારી નફ઼રત એટલી હદે પહોંચી ગઈ કે હક઼્ક઼ને ઓળખવાથી ઈન્કાર કરી દીધો અને પૂર્વગ્રહ (અદાવત) તથા વગર કારણની તરફ઼દારીના લીધે ઈમાન હાથમાંથી જતુ રહ્યું !

**જાનો દિલ હોશો ખ઼િરદ સબ તો મદીના પહુંચે**
**તુમ નહીં ચલતે 'રઝ઼ા' સારા તો સામાન ગયા**

*(જાન = પ્રાણ, દિલ = હૃદય, હોશ = સમજ, ખ઼િરદ = બુદ્ધિ)*

**અર્થાત** : હે અહમદ રઝ઼ા ! રૂહ, દિલ, દિમાગ બધાં તો મદીનાની પાક ગલીઓમાં ગુમ થઈ ગયાં છે, જીવનનો સામાન તો બધો મદીના ચાલ્યો ગયો છે, તમે એકલા શરીર સાથે શું કરશો ? ઉઠો ! અને તૈયારી કરો ! મદીના શરીફ઼ રવાના થવાની.

*ઈલાહી દિખા દે દયારે મદીના કે આંખે ભી દેખે બહારે મદીના*
*રહે ઉનકે જલ્વે બસે ઉનકે જલ્વે, મેરા દિલ બને યાદગારે મદીના*

*–(હસન રઝ઼ા ખાં رحمۃ اللہ علیہ)*

## (નઅત શરીફ : ૧૨)

**તાબે મિર્આતે સહર ગર્દે બયાબાને અરબ**
**ગાઝએ રૂએ ક્મર દૂદે ચરાગાને અરબ**

*(તાબા = પ્રકાશ, મિર્આત = અરીસો, સહર = સવાર, ગર્દ = ધૂળ, ગાઝા = મેકપ, રૂએ ક્મર = ચંદ્રનો ચેહરો, દૂદે ચરાગાને અરબ = અરબના ચરાગોના ધૂમાડા)*

**અર્થાત :** અરબના મેદાનની ધૂળ સવારના આયનાની ચમક છે અને અરબના દીપકોના ધૂમાડા ચાંદના ચેહરાનો પાવડર (મેકઅપ) છે.

**અલ્લાહ ! અલ્લાહ ! બહારે ચમનિસ્તાને અરબ**
**પાક હૈં લૌષે ખિઝાં સે ગુલો રયહાને અરબ**

*(બહાર = વસંત, ચમનિસ્તાન = બગીચો, લૌષ = મિલાવટ, ઐબ, ગુલો રયહાન = ફૂલ, ખિઝાં = પાનખર ઋતુ)*

**અર્થાત :** દરેક બાગ બગીચામાં વસંત અને પાનખર ઋતુ આવે છે પરંતુ બાગે મદીનાનું શું કહેવું ?! સુબ્હાનલ્લાહ ! મદીનામાં સદા બહાર રહે છે મદીના શરીફના બાગના ફૂલો પાનખરથી સુરક્ષિત છે.

**જોશિશે અબ્રસે ખૂને ગુલે ફિરદોસ ગિરે**
**છેળ દે રગ કો અગર ખારે બયાબાને અરબ**

*(જોશિશ = જોશ, અબ્ર = વાદળ, ગુલે ફિરદોસ = બાગે ફિરદોસનુ ફૂલ, ગિર પળે, રગ = નસ, ખારે બયાબાને અરબ = અરબના જંગલનો કાંટો)*

**અર્થાત :** જો અરબના જંગલનો કાંટો બાગે ફિરદોસના ફૂલની રગને છેડી દે તો તેમાંથી ખૂનનો વરસાદ વરસવા લાગે એટલે કે અરબના કાંટા પર ફિરદૌસનુ ફૂલ પોતાનું ખૂન કુર્બાન કરી દે.

**તિશ્નએ નહ્રે જેનાં હર અરબી વ અજમી**
**લબે હર નહ્રે જેનાં તિશ્નએ નેસાને અરબ**

*(તિશ્ના = પ્યાસો, નહરે જેના = જન્નતોની નહેર, હર અરબી વ અજમી = અરબ અને ગૈર અરબનો દરેક રહેવાસી, લબે હર નહરે જેના = જન્નતોની દરેક નહેરના હોઠ, તિશ્નએ નેસાને અરબ = અરબના વરસાદનો પ્યાસો)*

**અર્થાત :** દરેક અરબી અને ગૈર અરબી જન્નતની નહેરના પ્યાસા છે અને જન્નતની દરેક નહેરના હોઠ અરબના વરસાદના પ્યાસા છે. અર્થ એવો પણ થઈ શકે છે કે દરેક વ્યક્તિ જન્નતની નહેરનો પ્યાસો છે અને જન્નતની નહેરો શહનશાહે અરબ પ્યારા નબી ﷺના કરમ અને નવાઝિશના વરસાદની પ્યાસી છે.

**તોકે ગમ આપ હવાએ પરે કુમરી સે ગિરે**
**અગર આઝાદ કરે સર્વે ખરામાને અરબ**

*(તૌકે ગમ = ગમનો ફંદો, હવાએ પર = પાંખની હવા અથવા ઉત્તેજના, કુમરી = વિલાયતી હોલો, અગર અઝાદ કરે = છોડી દે, સર્વે ખરામાને અરબ = અરબ જેના પર ફખ્ર કરે છે તે મહબૂબ)*

**અર્થાત :** જો હુઝૂર સરાપા નૂર ફખ્રે અરબો અજમ ﷺ પોતાના દીદારની છૂટ આપી દે તો દીદારનો ઉત્તેજીત પક્ષીનો ફંદો પોતાની જાતે જ તૂટી જાય.

**મેહર મીઝાંમેં છુપા હો તો હમલ મેં ચમકે**
**ડાલે એક બુંદ શબે દૈ મેં જો બારાને અરબ**

*(મેહર = સૂર્ય, મીઝાન = ત્રાજવુ, બાર આકાશી બુર્જોમાંથી એક બુર્જ, તુલા રાશિ, હમલ = સાતમો બુર્જ, મેષ રાશિ, શબ = રાત, દૈ = પાનખર ઋતુનો મહિનો, માઘ, બારાને અરબ= અરબનો વરસાદ)*

**અર્થાત :** સૂર્ય જો મીઝાન (તુલા રાશિ)માં છુપાઈ ગયો અને વરસાદના કોઈ સંજોગો ન હોય પણ જો શાહે અરબ પાનખર ઋતુ (માઘ)માં પણ પોતાની રહમતની એક બુંદ વરસાવી દે તો સૂર્ય હમલ (મેષ રાશિ)માં પહોંચી ચમકવા લાગે અને વરસાદ ખૂબ વરસે. આ ફક્ત અકીદતનો ઈઝહાર જ નથી બલ્કે હકીકત છે. સીરતે નબવી અને હદીષે પાકની ઘણી બધી કિતાબોમાં અનેક એવા બનાવો જોવા મળે છે. દા.ત. હુઝૂર ﷺના મુકદ્દસ હાથથી પાણીનાં ઝરણાં વહેવા લાગ્યાં, સૂકાયેલ કૂવા પાણીથી ભરાઈ ગયા..... વગેરે. *(બુખારી, મુસ્લિમ, મુસ્નદે ઈમામ અહમદ)*

અર્થ એ કે જો વર્ષા ઋતુ ન હોય, ભલે દુકાળ પડયો હોય પણ જો પ્યારા રહમતવાળા આકા ﷺ કરમની એક બુંદ વરસાવે તો ભાદરવાનો વરસાદ વરસે.

**અર્શ સે મુઝ્દએ બિલ્કીસે શફાઅત લાયા**
**તાઈરે સિદરહ નશીં મુર્ગે સુલેમાને અરબ**

*(મુઝ્દહ = ખુશ ખબરી, બિલ્કીસ = મુલ્કે સબાની મહારાણી હઝરત સુલેમાન عليه السلامનાં પત્ની. અહીંયાં મુરાદ શફાઅતના ધણી હુઝૂર નબીએ પાક ﷺની ખુશ ખબરી છે. તાઈરે સિદરહ નશીં = સિદરાહ જે અર્શની નીચે એક ખાસ જગ્યા છે ત્યાં જ બિરાજમાન પરવાળા જિબ્રઈલ عليه السلام, મુર્ગ = પક્ષી, સુલેમાન عليه السلام = મશ્હૂર પયગંબર જેમની હુકૂમત પૂરી દુનિયા બલ્કે હવા, પાણી, જાનવરો, પક્ષીઓ પર હતી. અહીંયાં હઝરત સુલૈમાને અરબથી મુરાદ પૂરી કાઈનાતના સરદાર રસૂલે અરબી ﷺ છે.)*

**અર્થાત :** હઝરત સુલેમાન عليه السلامને મુલકે સબાની મહારાણી હઝરત બિલ્કીસની ખુશ ખબરી આપી હતી એ જ રીતે અર્શથી હુઝૂર ﷺના ખાસ ખાદિમ હઝરત જિબ્રઈલ عليه السلام કાઈનાતના સુલૈમાન એટલે હુઝૂર ﷺ પાસે કાસિદ બનીને ઉમ્મતની શફાઅતની ખુશ ખબરી લાવ્યા.

**હુસ્ને યૂસુફ પે કટીં અંગુશ્તે ઝનાં**
**સર કટાતે હૈં તેરે નામ પે મર્દાને અરબ**

*(હુસ્ને યૂસુફ = મશ્હૂર નબી યૂસુફ عليه السلامની સુંદરતા, કટીં = કપાઈ ગઈ, અંગુશ્તે ઝના = સ્ત્રીઓની આંગળીઓ, મર્દાને અરબ = અરબના બહાદુરો)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ હઝરત યૂસુફ عليه السلامના જાહેરી જમાલ, સુંદરતાને જોઈને મિસ્રની ઔરતોની બેખૂદીમાં આંગળીઓ કપાઈ ગઈ પરંતુ અરબના બહાદુરો આપના નામ પર હોશો હવાસ, સુઝબુઝ સાથે પોતાનાં માથાં કપાવી દે છે.

આ શેઅર ફસાહત અને બલાગતથી ભરપૂર છે તેના એક એક શબ્દમાં હઝરત યૂસુફ عليه السلام અને હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના શાને હુસ્નમાં સરખામણી છે.

(૧) હઝરત યૂસુફ علیہ السلامની સુંદરતા જોઈને સ્ત્રીઓની આંગળીઓ કપાઈ ગઈ પરંતુ દીવાનાઓ ફક્ત હુઝૂર ﷺનું નામે પાક સાંભળીને માથાં કપાવે છે. (૨) ત્યાં આંગળી કપાઈ ગઈ એ ભૂતકાળ છે, જ્યારે અહીંયાં કપાવી રહીયા છે, એ ઈસ્તેમરાર (લગાતાર) છે. (૩) ત્યાં બેખૂદી (બેહોશી)માં કપાઈ ગઈ, અહીંયાં જાણીબુઝીને ઈરાદાપૂર્વક કુર્બાની આપે છે. (૪) ત્યાં મિસ્ર હતું જ્યાં સંસ્કાર અને તેહઝીબ જોવા મળતી હતી જ્યારે અહીંયાં અરબમાં અજ્ઞાનતા અને સરકશી મશ્હૂર હતી. (૫) ત્યાં ફક્ત આંગળીઓ કપાઈ અહીંયાં શરીરનો સર્વોત્તમ ભાગ મસ્તક (માથુ) કપાવે છે. (૬) ત્યાં સ્ત્રીઓ હતી, અહીંયાં અરબના બહાદુરો પુરૂષ. *(વધુ માહિતી માટે જુઓ કિતાબ "સર કટાતે હૈં તેરે નામ પે મર્દાને અરબ", લેખક : અ.સત્તાર હમદાણી–પોરબંદર)*

**કૂચા કૂચા મેં મહકતી હૈ યહાં બૂએ ક઼મીસ**
**યૂસુફિસ્તાન હૈ હર એક ગૌશએ કિન્આને અરબ**

*(કૂચે કૂચેમેં = ગલી ગલીમાં, બૂએ ક઼મીસ = કુર્તા મુબારકની ખૂશ્બૂ, યૂસુફિસ્તાન = હઝરત યૂસુફ علیہ السلامના રહેવાની જગ્યા, હર ગોશા = દરેક જગ્યા, કિન્આન = હઝરત યાકૂબ علیہ السلامનું શહેર)*

**અર્થાત :** જ્યારે હઝરત યૂસુફ علیہ السلامએ પોતાના વાલિદ હઝરત યાકૂબ علیہ السلامને મિસ્રથી કુર્તો મુબારક મોકલ્યો તો હઝરત યાકૂબ علیہ السلامને કિન્આનમાં તેની સુગંધ આવી. ફર્માવ્યું, મને હઝરત યૂસુફ علیہ السلامની ખૂશ્બૂ આવે છે. હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, મદીનએ પાકની ગલી ગલીમાં હુઝૂર પૂરનૂર ﷺના કુર્તા મુબારકની ખૂશ્બૂ ફેલાયેલી છે. અરબની દરેક જગ્યા યૂસુફિસ્તાન બનેલ છે કે દરેક જગ્યાએ કિન્આનની જેમ ખૂશ્બૂ આવી રહી છે.

*ક્યા મહકતે હૈં મહકને વાલે–બૂ પે ચલતે હૈ ભટકનેવાલે (હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

**બઝ્મે કુદ્સીમેં હૈ યાદે લબે જાંબખ્શ હુઝૂર**
**આલમે નૂર મેં હૈ ચશ્મએ હ઼યવાને અરબ**

*(બઝમે કુદ્સી = ફરિશ્તાઓની મેહફિલ, યાદે લબે જાં બખ્શ = જીવન આપનાર હોઠોની યાદ, ચર્ચા, આલમે નૂર = પ્રકાશિત દુનિયા, ચશ્મએ હૈવાન = આબે હયાતનું ઝરણુ)*

**અર્થાત :** હુઝૂરે પાક ﷺના જિંદગી બખ્શનાર હોઠોની ચર્ચા ફરિશ્તાઓની નૂરાની મેહફિલમાં થઈ રહી છે. પ્રકાશિત દુનિયામાં અરબનુ આબે હયાતનુ ઝરણુ વહી રહ્યું છે.

**પાએ જિબ્રીલને સરકાર સે ક્યા ક્યા અલ્ક઼ાબ**
**ખુસ્રવે ખૈલે મલક, ખાદિમે સુલ્તાને અરબ**

*(પાએ = મેળવ્યા, જિબ્રીલ = મશ્હૂર ફરિશ્તાઓના સરદાર હઝરત જિબ્રઈલ علیہ السلام, સરકાર = હુઝૂર નબીએ પાક ﷺ, અલ્ક઼ાબ = લક઼બનું બહુવચન, ઉપનામ, ખુસ્રવે = બાદશાહ, સુંદર, ખૈલ = જમાઅત, મલક = ફરિશ્તા, ખાદિમે સુલ્તાને અરબ = અરબ સુલ્તાનના ખિદમત ગુજાર)*

**અર્થાત :** હઝરત જિબ્રઈલ علیہ السلامએ હુઝૂર ﷺની બારગાહથી કેવા કેવા ઊંચા લક઼બ મેળવ્યા કે આપ ફરિશ્તાઓની જમાઅતના સરદાર છે અને સુલ્તાને અરબના ખાદિમ, આ કોઈ કાલ્પનિક વાત નથી બલ્કે રિવાયતોમાં છે કે હઝરત અબ્દુલ અઝીઝ દબ્બાગ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત જિબ્રઈલ علیہ السلام નબી પાક ﷺની ખિદમત માટે પૈદા કરવામાં આવ્યા. *(જવાહિરુલ બેહાર, ભાગ : ૧, પેજ : ૬૪૫)*

અને આ વાતનું સમર્થન હદીષોથી થાય છે કે જંગે બદ્રમાં હઝરત જિબ્રઈલ عليه السلام ફરિશ્તાઓની ફૌજ સાથે હુઝૂર ﷺના લશ્કરમાં સામેલ થયા હતા. *(ખસાઈસે કુબ્રા, ભાગ : ૧, પેજ : ૨૦૦)*

**બુલબુલો નીલપરો કબક બનો પરવાનો**
**મહો ખુરશીદ પે હંસતે હૈં ચરાગાને અરબ**

*(બુલબુલ = મશ્હૂર પક્ષી, નીલપર = નીલકંઠ, વાદળી રંગનું પક્ષી, કબક = ચકોર નામનું પક્ષી, પરવાનો = પતંગીઓ, મહો ખુરશીદ = ચાંદ સૂરજ, ચરાગાને અરબ = અરબના ચરાગો, દીવાઓ)*

**અર્થાત :** હે શમ્એ રિસાલત ﷺના પરવાનાઓ! ચૂપકીદીથી કુર્બાન થનારાઓ ! તમે બુલબુલ, નીલકંઠ, ચકોર બનીને સરકાર عليه السلامના ગીત ગાવ, હુઝૂર ﷺના દરબારના ચિરાગો ચાંદ સૂરજની રોશનીમાં જોઈને હસી મઝાક ઉડાડે છે.

**હૂર સે ક્યા કહેં મૂસા સે મગર અર્ઝ કરેં**
**કે હૈ ખૂદ હુસ્ને અઝલ તાલિબે જાનાને અરબ**

*(હૂર = જન્નતી અતિ સુંદર સ્ત્રીઓ, મૂસા = મશ્હૂર નબી, હુસ્ને અઝલ = અનાદિકાલી હુસ્ન, તાલિબ = ઈચ્છુક, જાનાને અરબ = અરબના મહબૂબ)*

**અર્થાત :** હૂર જે અતિ સુંદર તો છે પણ તેને ખુદાના જલ્વા વિશે શું પૂછીએ કે તેણે કદી ખુદાનો દીદાર કર્યો નથી. પરંતુ હઝરત મૂસા عليه السلامથી અર્ઝ કરીએ કે આપે તો ખુદા પાસે માંગ કરી, હે અલ્લાહ ! عزوجل હું તને જોવા ઈચ્છું છું, પરંતુ "લનતરાની" જવાબ મળ્યો એટલે કે હે મૂસા ! عليه السلام તમે જોઈ શકતા નથી ! (કુર્આન) વારંવાર માંગ કરવા પર ફક્ત એક તજલ્લી દેખાડવામાં આવી. ખુદાના હુસ્નના એક હિસ્સાની (તજલ્લીની) ઝલક જોઈ, પરંતુ અરબના મહબૂબની શાન તો એટલી ઊંચી છે કે તે જ હુસ્ને અઝલ હુઝૂર ﷺનો ચાહક છે અને ખુદાએ પાક عزوجلનો દીદાર બેપર્દા કર્યો જેવું કે કુર્આન અને હદીષમાં છે કે મહબૂબની નજર ન તો હટી અને ન ભટકી. *(કુર્આન)* મેં મારા રબને સારી સૂરતમાં જોયો. *(મિશ્કાત શરીફ)*

**કરમે નઅત કે નઝદીક તો કૂછ દૂર નહીં**
**કે 'રઝાએ' અજમી હો સગે હસ્સાને અરબ**

*(કરમે નઅત = નઅત કહેવા પર મળતી બખ્શિશ, રઝાએ અજમી = ગૈર અરબી, રઝા = ઈમામ અહમદ રઝા હિંદી رحمة الله عليه, સગ = કૂતરો મુરાદ ગુલામ, હસ્સાને અરબ = મશ્હૂર અરબી નઅતખ્વાં સહાબી હુઝૂર ﷺ જેમના માટે મિમ્બર મૂકાવતા અને જેઓ મિમ્બર પર ઊભા થઈ નઅત પઢતા અને હુઝૂર ﷺ પોતાની મુબારક ચાદર વગેરે બખ્શિશમાં આપતા)*

**અર્થાત :** જે હઝરત હસ્સાન رضي الله عنهને નઅતના બદલામાં હુઝૂર બખ્શિશ આપતા હતા. મારી નઅતખ્વાની પર બખ્શિશમાં મને હઝરત હસ્સાન رضي الله عنهની ગુલામી મળે તો કોઈ મુશ્કેલ વાત નથી.

હુઝૂર આ'લા હઝરત رحمة الله عليهની આ મહાન નમ્રતા છે કે અમુક શાયરો પોતાની શાયરીના ઘમંડમાં કોઈને કશું સમજતા નથી ! પરંતુ હુઝૂર આ'લા હઝરત رحمة الله عليه અરબી શાયર અને નઅતખ્વાં હઝરત હસ્સાન رضي الله عنهના કૂતરા (ગુલામ) બનવાની તમન્ના કરે છે.

*મુલ્કે સુખન કી શાહી તુમ કો રઝા મુસલ્લમ–જિસ સમ્ત આ ગએ હો સિક્કે બિઠા દીએ હૈં*

## (નઅત શરીફ : ૧૩)

**ફિર ઉઠા વલ્વલએ યાદે મુગીલાને અરબ**
**ફિર ખિંચા દામને દિલ સૂએ બયાબાને અરબ**

*(વલ્વલા = જોશ, મુગીલાન = બાવળનું ઝાડ, બયાબાન = જંગલ)*

**અર્થાત** : ''ફરી અરબના કાંટાદાર વૃક્ષોની યાદને જોશ આવ્યું છે અને મારા દિલનો દામન અરબના જંગલો તરફ ખેંચાઈ રહ્યો છે.

**બાગે ફિરદૌસ કો જાતે હૈં હિઝારાને અરબ**
**હાય ! સહરાએ અરબ, હાય ! બયાબાને અરબ**

*(બાગે ફિરદૌસ = જન્નતુલ ફિરદૌસ, હિઝારાને અરબ = અરબની બુલબુલો, હાય = દર્દ, અવાજ, સહરાએ અરબ = અરબનું મેદાન)*

**અર્થાત** : ''અરબની બુલબુલો તો જન્નતુલ ફિરદૌસ તરફ જઈ રહી છે પરંતુ મારા દિલથી દર્દભરી અવાજ નીકળે છે. હે અરબના મેદાન ! હે અરબના જંગલ ! એટલે કે લોકો જન્નતની યાદ કરે છે અને હું મદીનાની યાદમાં તળપુ છું.

**મીઠી બાતેં તેરી દીને અજમ ઈમાને અરબ**
**નમકીં હુસ્ન તેરા જાને અજમ શાને અરબ**

*(દીને અજમ = ગૈર અરબનું ધર્મ, નમકીન હુસ્ન = મનભાવતી સુંદરતા)*

**અર્થાત** : ''હે પ્યારા આકા ! (ﷺ) આપની મધભરી મીઠી મીઠી વાતો અજમનો ધર્મ અને અરબનું ઈમાન છે અને આપનું હુસ્ન અજમની જાન અને અરબની શાન છે.

**અબ તો હૈ ગિર્યએ ખૂં ગોહરે દામાને અરબ**
**જિસમેં દો લઅલ થે ઝહ્રા કે વો થી કાને અરબ**

*(ગિર્યએ ખૂન = લોહીના આંસૂં, ગોહર = મોતી, લઅલ = લાલ રંગનો કિંમતી પથ્થર, ઝહરા = ફૂલની કળી,*
*હઝરતે ફાતિમાનો લકબ, કાન = ખાણ)*

**અર્થાત** : અરબની તે ખાણ જેમાં ફાતિમતુઝ્ઝહરા رضی اللہ عنہا ના બે હીરા હસન તથા હુસૈન હતા તે હવે ખૂનના આંસૂંના મોતીઓની ખાણ બની ગઈ છે કે જ્યારથી યઝીદીઓએ ઈમામે હુસૈનને શહીદ કર્યા છે અરબની વાદીઓ ખૂનનાં આંસૂ રડે છે.

**દિલ વહી દિલ હૈ જો આંખોંસે હો હૈરાને અરબ**
**આંખેં વો આંખેં હૈં જો દિલ સે હોં કુર્બાને અરબ**

**અર્થાત** : ''દિલ અસલમાં તે જ દિલ છે જે અરબને જોઈને આશ્ચર્યમાં પડી જાય, અને આંખોમાં અસલ

તે જ આંખો છે જે દિલથી અરબ પર કુર્બાન થઈ જાય.

**હાય ! કિસ વક્ત લગી ફાંસ અલમ કી દિલમેં**
**કે બહુત દૂર રહે વો ખારે મુગીલાને અરબ**

*(હાય = અફસોસ, અલમ = ગમ, ખાર = કાંટો)*

**અર્થાત :** "અફસોસ ! ગમની ફાંસ દિલમાં કેવા સમયે લાગી કે અરબના બાવળના કાંટા તો ઘણા દૂર છે."

**ફસ્લે ગુલ લાખ ન હો વસ્લ કી રખ આસ હઝાર**
**ફૂલ્તે ફલ્તે હૈં બે ફસ્લ ગુલિસ્તાને અરબ**

*(ફસ્લે ગુલ = વસંત ઋતુ, લાખ ન હો = ભલે ન હોય, વસ્લ = મુલાકાત, આસ = ભરોસો, આશા, બે ફસ્લ = વગર મોસમે, ગુલિસ્તાને અરબ = અરબના બાગ)*

**અર્થાત :** "ફૂલ ખીલવાની મોસમ વસંત ઋતુ, લાખ ન હોય પરંતુ મુલાકાત અને ઉમ્મીદ પૂરી થવાની હજાર આશા રાખ, કારણ કે અરબના ફૂલ વગર મૌસમે ખીલે અને ફલે છે. એટલે કે હુઝૂર ﷺની મહેરબાની આમ છે, તેના માટે કોઈ માસની જરૂરત નથી. હુઝૂર ﷺની મહેરબાનીનાં ફૂલ દરેક વખતે ખીલતાં રહે છે."

**નોંધ :** અહીંયાં "હઝાર" બુલબુલના અર્થમાં પણ લઈ શકાય છે.

**સદક઼ે હોને કે ચલે આતે હૈં લાખોં ગુલ્ઝાર**
**કુછ અજબ રંગ સે ફૂલા હૈ ગુલિસ્તાને અરબ**

*(સદક઼ે હોને કો = કુર્બાન થવા, ગુલઝાર = બાગ)*

**અર્થાત :** "લાખો બાગ કુર્બાન થવા ચાલ્યા આવે છે, કાંઈક અનોખા રંગથી અરબનો બાગ ખીલ્યો છે.

**અંદલીબી પે ઝઘળતે હૈં કટે મરતે હૈં**
**ગુલો બુલબુલ કો લળાતા હૈ ગુલિસ્તાને અરબ**

*(અંદલીબી પર = ગીત ગાવા પર, ગુલો બુલબુલ = ફૂલ અને બુલબુલ)*

**અર્થાત :** "અરબના બાગમાં ફૂલ અને બુલબુલો હુઝૂર ﷺની પ્રશંસાના ગીત ગાવા માટે ઝઘડા કરે છે અને કપાઈ મરે છે."

**સદક઼ે રહમત કે કહાં ફૂલ, કહાં ખાર કા કામ**
**ખૂદ હૈ દામન કશે બુલબુલ ગુલે ખંદાને અરબ**

*(સદક઼ે રહમત કે = રહમત પર કુર્બાન, દામન કશે બુલબુલ = બુલબુલના દામનને ખેંચનાર, ગુલે ખંદાને અરબ = અરબનું ખીલેલું ફૂલ)*

"હું રહમત પર કુર્બાન જાઉં ક્યાં ફૂલ અને ક્યાં કાંટાનું કામ ?! કે ફૂલ નરમ હોય છે અને કાંટાના દામનને પકડીને ખેંચે છે. અરબના ફૂલો કાંટાનું કામ કરી રહ્યા છે કે ખૂદ અરબના ખીલેલા ફૂલ આશિક઼ોના દામનોને મદીના તરફ ખેંચે છે.

**શાદીએ હશ્ર હૈ સદક઼ેમેં છૂટેંગે ક઼ૈદી**
**અર્શ પર ધૂમ સે હૈ દા'વતે મહેમાને અરબ**

*(શાદી = ખુશી, હશ્ર = ભેગા થવું, મેહશર, ભેગા થવાની જગ્યાને કહેવામાં આવે છે)*

**અર્થાત :** "મેઅરાજની રાત્રે અલ્લાહથી મુલાકાતની ખુશી છે કે હુઝૂર ﷺના સદક઼ામાં ગુનેહગાર ઉમ્મતીઓ જહન્નમથી છૂટકારો મેળવવાના છે, અર્શ પર ધામધૂમથી અરબના મહેમાન પ્યારા મુસ્તફા ﷺની દા'વત થઈ રહી છે."

**ચર્ચે હોતે હૈં યે કુમ્લાએ હૂએ ફૂલોં મેં**
**ક્યૂં યે દિન દિખતે, પાતે જો બયાબાને અરબ**

*(ચર્ચે હોતે હૈં = ચર્ચા, વાર્તાલાપ થાય છે, કુમ્લાએ = મુરઝાયેલ)*

**અર્થાત :** "મુરઝાઈ ગયેલા ફૂલોમાં ચર્ચાઓ થાય છે કે આ મુરઝાવાના દિવસો શું કામ જોવા પડતા, જો અરબના જંગલમાં ખીલ્યાં હોત ! એટલે કે જો અરબના જંગલમાં પણ ખિલ્યાં હોત તો પણ કદી મુરઝાવાના દિવસે ન આવત, કારણ કે અરબના ફૂલો હમેશાં ખીલેલાં રહે છે."

**તેરે બેદામ કે બંદે હૈં રઈસાને અજમ**
**તેરે બેદામ કે બંદી હૈં હઝારાને અરબ**

*(બેદામ = મફત, કિંમત વગરના, બંદે = ગુલામ, રઈસાને અજમ = અજમના માલદારો, બંદી = કૈદી,*
*હઝારાને અરબ = અરબની બુલબુલો)*

**અર્થાત :** "યા રસૂલલ્લાહ ! ﷺ અજમના મોટા મોટા રાજા, મહારાજા, માલદારો આપની બારગાહના અદના ગુલામ છે અને અરબની આપની ચાહતનાં ગીત ગાનાર બુલબુલો આપના ઈશ્ક઼ો મહબ્બતના મફતમાં કેદી બની ગયા છે."

**હશ્ત ખુલ્દ આએં વહાં કસ્બે લતાફત કો 'રઝા'**
**ચાર દિન બરસે જહાં અબ્રે બહારાને અરબ**

*(હશ્ત ખુલ્દ : આઠ જન્નતો, કસ્બે લતાફત : તાજગી મેળવવા, અબ્ર : વાદળ)*

**અર્થાત :** હે અહમદ રઝા !(رحمۃ اللہ علیہ) અરબની રહમત ભરી વસંત ઋતુના વાદળો જ્યાં ચાર દિવસ વરસી પડે આઠેવ જન્નતો ત્યાં તાજગી મેળવવા આવી જાય."

## (નઅત શરીફ : ૧૪)

**જોબનોં પર હૈ બહારે ચમન આરાઈ દોસ્ત**
**ખુલ્દ કા નામ ન લે બુલબુલે શૈદાઈયે દોસ્ત**

*(જોબન = જવાની, બહાર = વસંત ઋતુ, ચમન = બાગ, આરાઈ = સજાવટ, દોસ્ત = મહબૂબ (હુઝૂર ﷺ), ખુલ્દ = જન્નત, શૈદાઈ = આશિક઼)*

**અર્થ :** મહબૂબ ﷺના દુનિયાના બગીચાની સજાવટના કારણે બહાર (વસંતઋતુ) જવાની અને જોશ પર છે. મહબૂબનો આશિક઼ બુલબુલ આ દૃશ્યને જોઈ જન્નતનુ નામ સુદ્ધાં નથી લેતો.

**થક કે બૈઠે તો દરે દિલ પે તમન્નાઈયે દોસ્ત**
**કૌનસે ઘર કા ઉજાલા નહીં ઝેબાઈયે દોસ્ત**

*(થક કે બેઠે = થાકીને બેસે, તમન્નાઈયે દોસ્ત = મહબૂબના દીદારની ઈચ્છા રાખનારા, ઝેબાઈયે દોસ્ત = મહબૂબની સુંદરતા)*

**અર્થ :** હે મહબૂબના દીદારના ઈચ્છુક ! જ્યારે પોતાના મહબૂબને શોધતાં શોધતાં થાકી જાય તો પોતાના દિલના દરવાજા પર બેસી જા, મહબૂબના હુસ્નો જમાલનો નૂર જોઈ લેશે, કારણ કે કયુ એવુ ઘર છે જેમાં મહબૂબની સુંદરતાનું ઉજાસ નથી. તારા હૃદયના ઘરમાં પણ નિઃશંક ! હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું પ્રકાશ મૌજૂદ છે.

**અરસએ હશ્રુ કુ઼જા ? મૌકિ઼ફે મહમૂદ કુ઼જા ?**
**સાઝ હંગામોંસે રખતી નહીં યકતાઈયે દોસ્ત**

*(અરસએ હશ્ર = મેદાને મેહશર, કુ઼જા = કયાં, મૌકિ઼ફ = ઊભા રહેવાનું સ્થાન, મહમૂદ= પ્રશંસા કરેલ, અર્થ મક઼ામે મહમૂદ જ્યાં ઊભા રહી હુઝૂર ﷺ શફાઅત ફર્માવશે અને બધા જ લોકો આપની પ્રશંસા કરશે, સાઝ = સરખામણી, હંગામા = ભીડભાડ, યકતાઈ = અજોડપણુ)*

**અર્થ :** ક્યાં હશ્રનુ મેદાન અને ક્યાં મક઼ામે મહમૂદ ! ક઼યામતની ભીડભાડ સાથે હુઝૂર علیہ الصلوٰۃ والسلامનુ એકાકીપણુ અજોડ હોવાને કોઈ લેવા દેવા નથી, કે જ્યારે બધા હેરાન તથા પરેશાન હશે, બધા નબીઓ પણ નફ્સી નફ્સી કરી રહ્યા હશે ત્યારે ફક્ત શાફએ મહેશર ﷺ એકલા જ બધા માટે શફાઅતનો દરવાજો ખોલશે. આ શેઅરમાં શફાઅતે મુસ્તફા ﷺની તરફ ઈશારો છે. મુસ્તફા ﷺની શફાઅત હક઼્ક઼ છે, જે કુ઼ર્આન અને હદીષોથી સાબિત છે. ઉલમાએ અહલે સુન્નતે આ વિષય પર ઘણી કિતાબો લખેલી છે જે અભ્યાસના પાત્ર છે.

**મેહર કિસ મુંહ સે જલુદારીયે જાનાં કરતા**
**સાયા કે નામ સે બેઝાર હૈ યક્તાઈયે દોસ્ત**

*(મેહર = સૂર્ય, જલુદારી = મુક઼ાબલો અથવા સાથી, જાનાં = હુઝૂર ﷺ, સાયા = પડછાયો, બેઝાર = વિમુખ)*

**અર્થ :** સૂર્ય કયા મોઢે હુઝૂર عليه الصلوٰة والسلامનો મુક઼ાબલો અથવા સાથી હોવાનો દાવો કરે કે હુઝૂર ﷺની અજોડ શાન તો એવી છે કે નામ સુદ્ધાંનો પણ આપનો પડછાયો પડતો ન હતો. ઉપરોક્ત શેઅરમાં હુઝૂર ﷺના બેસાયા હોવાનું વર્ણન છે. હુઝૂર عليه الصلوٰة والسلامનો પડછાયો સૂર્ય, ચંદ્ર અને દીવાના પ્રકાશમાં પડતો ન હતો. આ વાત ઘણી બધી રિવાયતોથી સાબિત છે, કારણ કે આપ ﷺ નૂર છે એટલે પ્રકાશ, અને પ્રકાશનો પડછાયો નથી હોતો. આ વિષય પર ઘણી બધી કિતાબો લખાયેલ છે. હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہની પણ બે કિતાબ આ વિષય પર અજોડ છે : (૧) ક઼મરૂત્તમામ (૨) નફીયુલ ફયદ.

**મરનેવાલોં કો યહાં મિલતી હૈ ઉમ્રે જાવિદ**
**ઝિંદા છોળેગી કિસીકો ન મસીહાઈયે દોસ્ત**

*(ઉમ્રે જાવિદ = હમેશનું જીવન, મસીહાઈ = મુડદાને જીવંત કરનાર)*

**અર્થ :** પ્યારા નબી ﷺના ઈશ્ક઼માં મરનારને હમેશનું જીવન આપનાર કોઈ દુનિયાની મર્યાદિત સમયની જિંદગીને જીવંત નહીં રહેવા દે. અર્થ એ કે દરેક આશિક઼ હુઝૂર عليه الصلوٰة والسلامના ઈશ્ક઼માં જાન આપીને હમેશની જિંદગી મેળવી લે છે.

**ઉનકો યક્તા કિયા ઔર ખલ્ક઼ બનાઈ યા'ની**
**અંજુમન કરકે તમાશા કરેં તન્હાઈયે દોસ્ત**

*(યક્તા = એકલા, અજોડ, ખલ્ક઼ = મખ્લૂક઼, યા'ની = એટલે કે, અંજુમન = મેહફિલ,*
*તમાશા = નઝારો, દશ્યો, તન્હાઈ = અનોખાપણુ)*

**અર્થ :** ખુદાપાકે પોતાના મહબૂબ ﷺને સર્વ પ્રથમ એકલા પેદા કર્યા અને પછી આપના નૂરથી બધી મખ્લૂક઼ પૈદા કરી. જેથી સર્વ મખ્લૂક઼ પોતાની મેહફિલ જમાવીને હુઝૂર ﷺની બેમિષાલી અને અજોડતાનો નઝારો કરે, જેવું કે હદીષે પાકથી સાબિત છે કે હુઝૂર عليه الصلوٰة والسلامએ ફર્માવ્યું, ''સર્વ પ્રથમ ખુદા પાકે પોતાના નૂરથી મારા નૂરને પેદા કર્યું. અને પછી મારા નૂરથી સર્વ મખ્લૂક઼ને પેદા ફર્માવી. *(શર્હે શિફા, મવાહિબે લદુન્નિયા)*

**કા'બા વ અર્શ મેં કોહરામ હૈ નાકામીકા**
**આહ કિસ બઝ્મ મેં હૈ જલ્વએ યક્તાઈયે દોસ્ત**

*(કોહરામ = હંગામો, આહ = અફસોસ, બઝ્મ = મેહફિલ)*

**અર્થ :** હુઝૂર عليه الصلوٰة والسلام મક્કા શરીફથી મેઅરાજ માટે અર્શે આ'ઝમ પર ગયા અને પાછા આવી મદીના શરીફમાં આરામ ફર્માવી રહ્યા છે. કા'બા અને અર્શ હુઝૂર عليه الصلوٰة والسلامની આરામગાહ બનવામાં નાકામ થયાં તે અફસોસ કરી રહ્યાં છે કે કઈ મેહફિલમાં બેમિષાલ મહબૂબનો જલ્વો થઈ રહ્યો છે.

**હુસ્ને બેપર્દા કે પર્દેને મિટા રખ્ખા હૈ**
**ઢુંઢને જાએં કહાં જલ્વએ હર્જાઈયે દોસ્ત**

*(હુસ્ને બેપર્દા = વગર પર્દાની સુંદરતા, જલ્વએ હર્જાઈયે દોસ્ત = મહબૂબ ﷺનો દરેક જગ્યાએ મૌજૂદ જલ્વો)*

**અર્થ :** પ્યારા મહબૂબ ﷺના હુસ્નો જમાલના બેપર્દા હોવાની આઝાદીના પર્દાએ ભૂલાવી રાખ્યા છે, એટલા માટે જ્યારે પણ નજરોથી ગાયબ થયા કે ઢુંઢવા નીકળી પડે છે, જ્યારે કે મહબૂબ ﷺના દરેક જગ્યાએ મૌજૂદ હુસ્નને ઢુંઢવા ક્યાં જઈએ ?! આ શેઅરમાં હુઝૂર ﷺના હાઝિરો નાઝિર હોવા પર ઈશારો છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું હાઝિર નાઝિર હોવું કુર્આન અને હદીષોથી સાબિત છે. દા.ત. કુર્આન શરીફમાં છે કે, "નબીએ પાક મો'મિનોની જાનથી વધુ નિકટ છે." બીજી જગ્યાએ છે : "નબી ! અમોએ આપને શાહિદ (હાઝિરો નાઝિર) બનાવીને મોકલ્યા."

**શૌક઼ રોકે ન રૂકે પાંવ ઉઠાએ ન ઉઠે**
**કૈસી મુશ્કિલ મેં હૈ અલ્લાહ તમન્નાઈયે દોસ્ત**

*(શૌક઼ = આરઝૂ, ઉમંગ, રોકે ન રુકે = રોકવાથી ન રોકાય, તમન્નાઈયે દોસ્ત = મહબૂબના મિલનની ઈચ્છા)*

**અર્થ :** મહબૂબ ﷺના દીદારની તમન્નાનો જોશ રોકવાથી રોકાતો નથી અને મહબૂબ ﷺના જલાલ અને અઝમતના કારણે પગ ઉઠાવવાથી ઉઠતા નથી. હે અલ્લાહ ! મહબૂબ ﷺના દીદારની ઈચ્છા કેવી મુશ્કિલમાં પડી ગઈ છે !

**શર્મસે ઝુકતી હૈ મેહરાબ કે સાજિદ હૈં હુઝૂર**
**સજદા કરવાતી હૈ કા'બા સે જબીંસાઈયે દોસ્ત**

*(શર્મસે = શરમથી, સાજિદ = સજદો કરનાર, જબીંસાઈ = પેશાની જમીન પર મૂકવી, અર્થ સજદો કરવું)*

**અર્થ :** હુઝૂર ﷺ જ્યારે દુનિયામાં તશરીફ લાવ્યા તો માથુ સજદામાં મૂકી દીધું. જ્યારે હુઝૂર ﷺ સજદામાં ગયા તો કા'બા શરીફ પણ શરમના માટે સજદામાં જતો રહ્યો કે કા'બાના કા'બા આખા જગતના આક઼ા علیہ الصلوٰۃ والسلام સજદો કરી રહ્યા છે. હુઝૂર ﷺનો સજદો કા'બા શરીફને સજદો કરાવે છે, જેવું કે રિવાયતોથી સાબિત છે કે જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પેદા થયા તો જન્મ સ્થળ તરફ કા'બા શરીફ ઝુક્યો અને સજદો કર્યો.

*–(નુઝહતુલ મજાલિસ, ૨/૯૮)*

**તાજવાલોં કા યહાં ખાક પે માથા દેખા**
**સારે દારાઓં કી દારા હૂઈ દારઈયે દોસ્ત**

*(તાજવાલોં = રાજા, ખાક = માટી, દારાઓં કી દારા = રાજાઓની બાદશાહત, દારાઈયે દોસ્ત = હુઝૂર ﷺની હુકૂમત)*

**અર્થ :** બધા જ બાદશાહોને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં શિશ નમાવેલ અર્થાત ગુલામ જોયા અને દરેક બાદશાહોની ઉપર હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બાદશાહી છે.

**તૂર પર કોઈ, કોઈ ચર્ખ પે, યે અર્શ સે પાર**
**સારે બાલાઓં પે બાલા રહી બાલાઈયે દોસ્ત**

*(તૂર = એક પહાડ જ્યાં મૂસા علیہ السلامએ ખુદાની તજલ્લીનો દીદાર કર્યો, ચર્ખ = આકાશ, અર્શસે પાર = અર્શથી પણ આગળ, બાલાઓં = ઊંચાઓ, બાલા = ઊંચે, બાલાઈયે દોસ્ત = મહબૂબ ﷺની ઊંચાઈ)*

**અર્થ :** કોઈ તૂર પર ગયો જેવી રીતે હઝરત મૂસા علیہ السلام, કોઈ આકાશ પર ગયો જેવી રીતે હઝરત ઈસા علیہ السلام, પરંતુ આ હબીબ صلی اللہ علیہ وسلم તો અર્શથી પણ આગળ નીકળી મેઅરાજની રાતે લામકાં જ્યાં ફરિશ્તાઓના સરદાર પણ નથી પહોંચી શક્તા ત્યાં આપ صلی اللہ علیہ وسلم પહોંચી ગયા. દરેક ઊંચાઓની ઊંચાઈથી વધુ ઊંચી છે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ઊંચાઈ.

*સારે ઊંચોસે ઊંચા સમજિયે જિસે–હૈ ઉસ ઊંચે સે ઊંચા હમારા નબી*

**'અન્ત ફીહિમ'ને અદૂ કો ભી લિયા દામનમેં**
**ઐશે જાવિદ મુબારક તુઝે શૈદાઈયે દોસ્ત**

*(અન્ત ફીહિમ = તમે એમની અંદર મૌજૂદ છો, અદૂ = દુશ્મન, ઐશે જાવિદ = હંમેશનો આરામ, શૈદાઈયે દોસ્ત = મહબૂબના દીવાના)*

**અર્થ :** કુર્આન શરીફમાં ખુદાનું ફર્માન છે : "પ્યારા રસૂલ صلی اللہ علیہ وسلم આપ જ્યાં સુધી તેમની અંદર છો ત્યાં સુધી અલ્લાહ તબારક વ તઆલા આપના કારણે આપના દુશ્મન કાફિરો પર અઝાબ નહીં મોકલે." ખુદાના આ ફર્માનથી દુશ્મનો પણ મહેફૂઝ થઈ ગયા. હે નબી صلی اللہ علیہ وسلمના આશિક઼ ! તને હંમેશની સલામતી મુબારક થાય કે તું તો નબીનો ગુલામ છે. જ્યારે દુશ્મનો નબી صلی اللہ علیہ وسلمના સદક઼ામાં અઝાબથી બચી ગયા તો તું તો નબી علیہ الصلوٰۃ والسلامનો શૈદાઈ છે, તું તો દરેક બાજુએથી મેહફૂઝ થઈ ગયો.

**રંજે આ'દા કા 'રઝા' ચારા હી કયા હૈ જબ ઉન્હેં**
**આપ ગુસ્તાખ રખે હિલ્મો શકીબાઈયે દોસ્ત**

*(રંજે આ'દા = દુશ્મનોનું દુઃખ, ચારા = ઈલાજ, આપ ગુસ્તાખ રખે = જાતે જ ગુસ્તાખ બનાવે, હિલ્મો = ધીરજ, શકીબાઈ = સબર)*

**અર્થ :** હે અહમદ રઝા ! (رحمۃ اللہ علیہ) મુસ્તફા صلی اللہ علیہ وسلمના દુશ્મનોના દુઃખનો શો ઈલાજ છે કે તેઓ રસૂલે પાક صلی اللہ علیہ وسلمની સબ્રનો દુરુપયોગ કરે છે કે તેઓ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ગુસ્તાખી કરે છે અને રહમતુલ્ લિલ્ આલમીન صلی اللہ علیہ وسلم ધીરજ અને સબ્રથી કામ લઈ રહ્યા છે કે ગુસ્તાખોને તરત જ સજા નથી કરતા !

## (નઅત શરીફ઼ : ૧૫)

**તૂબા મેં સબસે ઊંચી નાઝુક સીધી નિકલી શાખ**
**માંગું નઅતે નબી લિખને કો રૂહે કુ઼દ્દસ સે ઐસી શાખ**

*(તુબા = જન્નતનું એક વૃક્ષ, શાખ = ડાળી, રૂહે કુ઼દ્દસ = હઝરત જિબ્રઈલ عليه السلام)*

**અર્થાત :** "તુબા જન્નતની વૃક્ષની સૌથી ઊંચી અને નાઝુક ડાળી નીકળી હોય એવી જ ડાળી હઝરત જિબ્રઈલ અમીન عليه السلامથી માગુ છું કે તે જન્નતની ખુશ્બુદાર ડાળીની ક઼લમ બનાવીને હુઝૂર عليه الصلوٰة والسلامની નઅતે પાક લખું."

**મૌલા ગુલબુને રહમત, ઝહરા સિબ્તૈન ઉસકી કલ્યાં ફૂલ**
**સિદ્દીક઼ વ ફારૂક઼ વ ઉષ્માન હૈદર હર એક ઉસકી શાખ**

*(મૌલા = પ્યારા નબી, આક઼ા ﷺ, ગુલબુને રહમત = રહમતના ગુલાબનો છોડ, ઝહ્‌રા = હઝરત ફાતિમા رضی اللہ عنہاનું ઉપનામ, લક઼બ, સિબ્તૈન = બે નવાસા હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہما, કલ્યાં : કળીઓ)*

**અર્થાત :** "હુઝૂર ﷺ રહમતના ગુલાબના છોડ છે અને ફાતિમા رضی اللہ عنہا ફૂલ અને હઝરત હસનો હુસેન رضی اللہ عنہما બંનેવ નવાસા ફૂલની કળીઓ છે અને ખુલ્ફાએ રાશેદીન હુઝૂર સિદ્દીક઼ે અકબર, હઝરત ફારૂક઼ે આ'ઝમ, હઝરત ઉષ્માને ગની, હઝરત અલી હૈદર رضوان اللہ تعالیٰ علیہم اجمعین આ રહમતના ઝાડની ડાળીઓ છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરોમાં એહલે બૈત અને ખુલ્ફાએ રાશેદીનની મન્કબત અને હુઝૂર عليه الصلوٰة والسلامની નઅત એક કાવ્યમાં બયાન ફર્માવી."

**શાખે ક઼ામતે શહમેં, ઝુલ્ફ વ ચશ્મ વ રુખ્સારો લબ હૈં**
**સુમ્બુલ, નર્ગિસ, ગુલ, પંખળિયાં કુ઼દરત કી કયા ફૂલી શાખ**

*(ક઼ામતે શહ = બાદશાહ હુઝૂર ﷺનું મુબારક શરીર, ઝુલ્ફ = લાંબા વાળ, ચશ્મ = આંખ, રૂખ્સાર = ગાલ, લબ = હોટ, સુમ્બુલ= એક સુગંધિત ઘાસ, નર્ગિસ = એક ફૂલ જે આંખ જેવું હોય છે, ગુલ = ફૂલ, પંખળિયાં = ફૂલની પાંખડીઓ, ફૂલી = ફૂલ લાગ્યાં, કુ઼દરત = ખુદાની શાન)*

**અર્થાત :** "હુઝૂર عليه الصلوٰة والسلامનું શરીર મુબારક ખુદાની કુ઼દરતની ડાળી છે જેમાં ઝુલ્ફ (વાળ) સુમ્બુલ જેવી સુગંધિત છે અને આંખો નર્ગિસના સુંદર ફૂલ જેવી અને ચહેરો મુબારક ગુલાબના ફૂલ જેવા સુંદર અને હોઠ મુબારક ફૂલની પાંખડીઓ જેવા છે. ખુદાની કુ઼દરતની ડાળ કેવાં ફૂલો ખિલાવી રહી છે !

**અપને ઈન બાગોં કા સદક઼ા વો રહમત કા પાની દે**
**જિસ સે નખ્લે દિલમેં હો પૈદા પ્યારે તેરી વિલા કી શાખ**

*(બાગો = બગીચાઓ, નખ્લ = ખજૂરનું વૃક્ષ, વિલા = પ્રેમ)*

**અર્થાત :** "હે સરવરે કાઈનાત ! عليه الصلوٰة والسلام આપના આ બગીચાઓના સદક઼ામાં રહમતનું એવું પાણી

પીવડાવો કે જેનાથી મારા દિલના વૃક્ષ પર આપની મહોબ્બતની ડાળી પૈદા થાય."

**યાદે રુખ મેં આહેં કર કે બનમેં મૈં રોયા આઈ બહાર**
**ઝુમીં નસીમેં, નીસાં બરસા, કલ્યાં ચટકીં મહકી શાખ**

*(યાદે રૂખમેં = નબી પાક ﷺના હસીન ચહેરાની યાદમાં, આહેં કર કે = અફસોસ કરીને, બનમેં = જંગલમાં, મૈં રોયા = હું રડયો, બહાર = વસંત ૠતુ, નસીમે = ઠંડી ઠંડી હવાઓ, નીસાં = વરસાદ, કલ્યા ચટકીં = ફૂલની કળીઓ ખિલી, મહકી = સુગંધિત થઈ)*

**અર્થાત :** "પ્યારા નબી علیہ الصلوٰۃ والسلامના સુંદર ચહેરા મુબારકની યાદમાં રડયો તો વિરાન જંગલમાં વસંતૠતુ આવી ગઈ, ઠંડી ઠંડી હવા ઝુમવા લાગી, વરસાદ વરસવા લાગ્યો, કળીઓ ખિલવા માંડી અને ડાળીઓ સુગંધ ફેલાવવા લાગી."

**ઝાહિરો બાતિન અવ્વલો આખિર ઝૈબે ફ઼ુરૂઅ વ ઝૈને ઉસૂલ**
**બાગે રિસાલતમેં હૈ તૂહી ગુલ ગુન્ચા જળ પત્તી શાખ**

*(ઝાહિર = જાહેર, બાતિન = ગુપ્ત, આંત્રિક, અવ્વલો આખિર = આગળ પાછળ, ઝૈબે ફ઼ુરૂઅ = ડાળીઓની સજાવટ, ઝૈને ઉસૂલ = મૂળોની ઝીનત, ગુલ = ફૂલ, ગુન્ચા= કળી, જળ = થડ)*

**અર્થાત :** "યા રસૂલલ્લાહ ! ﷺ આપ જ જાહેર અને બાતિન, પહેલા અને છેલ્લા છો. માનવવંશની ડાળીઓની આપ જ રોનક છો અને માનવવંશના મૂળોની ઝીનત પણ આપ જ છો. રિસાલતના બાગમાં આપ જ ફૂલ, કળી, થડ, પાંદડીઓ અને ડાળી છો, એટલે આ બધુ આપના જ સદક઼ામાં છે, જો આપ ન હોત તો કશું પૈદા જ ન થાત."

**આલે અહમદ ખુઝ બેયદી યા સૈયદ હમ્ઝહ ક઼ુન મદદી**
**વક઼્તે ખિઝાને ઉમ્રે 'રઝા' હો બર્ગે હુદાસે ન આરી શાખ**

*(આલે અહમદ = આ'લા હઝરત رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ, અચ્છેમિયાં, ખુઝ બેયદી = મારો હાથ પકડો, યા સૈયદી = હે મારા સરદાર, હમ્ઝહ = હઝરત અચ્છેમિયાં આલે અહમદના વાલિદ સાહબ, ક઼ુન મદદી = મારી મદદ કરો, ખિઝાં = પાનખર ૠતુ, બર્ગે હુદા =હિદાયતના પાંદડા, આરી = નગ્ન–ખાલી)*

**અર્થાત :** "હે મારા પીરો મુર્શિદ આલે અહમદ અચ્છેમિયાં ! અહમદ રઝાનો હાથ પકડો ! હે સૈયદી હમ્ઝહ ! મારી મદદ કરો ! જ્યારે અહમદ રઝાની ઉમરની પાનખર ૠતુ આવે એટલે કે મૌતનો સમય આવે ત્યારે નેકીઓના પાંદડાઓથી ડાળ ખાલી ન થાય."

## (નઅત શરીફ : ૧૬)

**ઝહે ઈઝ઼્ઝતો એ'તેલાએ મુહમ્મદ ﷺ**
**કે હે અર્શે હક઼્ક઼ ઝેરે પાએ મુહમ્મદ ﷺ**

*(ઝહે = શું સરસ, એ'તેલાએ મુહમ્મદ ﷺ = હુઝૂર ﷺની બુલંદી ઉચ્ચતા, અર્શે હક઼્ક઼ = ખુદાનું અર્શ, ઝેરે પા = પગ નીચે)*

**અર્થાત :** શું સરસ છે મેઅરાજના દુલ્હા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની શાન, ઈઝ઼્ઝત અને ઉચ્ચતા કે અલ્લાહનું અર્શ પણ આપની નીચે છે અને હુઝૂર અર્શે આ'ઝમથી પણ ઉપર લામકાં પધાર્યા છે. આ શેઅરમાં હુઝૂર ﷺના મક઼ામની બુલંદીનું વર્ણન છે. હદીષો અને રિવાયતોથી સાબિત છે કે આપ ﷺ મેઅરાજની રાતે લામકાં પહોંચ્યા. *(શિફા શરીફ, મવાહિબે લદુન્નિયા, હાશિયા તકમીલુલ ઈમાન, શર્હે શિફા, શર્હે હમ્ઝીયહ ઈમામ મક્કી, ફુતૂહાતે અહમદિયહ, નસીમુર્રિયાઝ, ફુતૂહાતે મક્કિયહ, અશિઅતુલ્લમ્આત શર્હે મિશ્કાત, મદારિજુન્નબુવ્વત, બુખારી શરીફ)*

**મકાં અર્શ ઉનકા ફલક ફર્શ ઉન્કા**
**મલક ખાદિમાને સરાએ મુહમ્મદ ﷺ**

*(ફલક = આકાશ, ફર્શ = બેસવાની જગ્યા, મલક = ફરિશ્તા, ખાદિમાન = ખિદમત કરનારા,*
*સરાએ મુહમ્મદ = હુઝૂર ﷺની બારગાહ)*

**અર્થાત :** અર્શે આ'ઝમ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ક઼યામગાહ છે અને આકાશ આપની સફરગાહ અને ફરિશ્તાઓ આપની બારગાહના ખાદિમ છે.

**ખુદા કી રઝા ચાહતે હૈં દો આલમ**
**ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ﷺ**

*(રઝા = ખુશી, મરજી, દો આલમ = બંનેવ જહાન)*

**અર્થ :** આખી કાઈનાત ખુદાને રાજી કરવા ચાહે છે અને ખુદા ચાહે છે કે મુસ્તફા રાજી રહે. આ શેઅર એક હદીષ શરીફનો તર્જુમો છે. હદીષ શરીફમાં છે કે ખુદા ફર્માવે છે :"હે નબી ! બધા મારી રઝા ચાહે છે અને હું તારી રઝા ચાહું છું." *(તકમીલુલ ઈમાન, શૈખ અબ્દુલ હક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી, પેજ : ૩૨, નુઝહતુલ મજાલિસ, ભાગ : ૨, પેજ : ૧૩૫, ફતાવા રશીદિયહ, પેજ : ૩૭૪, મક્તૂબાતે ખ્વાજા, પેજ : ૩૭, મિર્ક઼ાત શર્હે મિશ્કાત, ભાગ : ૫, પેજ : ૩૬૯, તફસીરે ફુયૂઝુર્રહમાન, પારા : ૨)*

સૌ કોઈ ખુદાને રાજી કરવા ચાહે છે અને ખુદા નબીને રાજી રાખે છે. ઉપરોક્ત હદીષ અને તેના અર્થની બીજી બધી રિવાયતો ઉપરના હવાલાની કિતાબમાં જોઈ શકાય છે અને આ હદીષ મઅનવી (અર્થની) રીતે બિલકુલ સહીહ છે. *(મૌઝૂઆતે કબીર)*

વધુ વિગત જાણવા માટે અલ્લામા ફૈઝ અહમદ ઓવૈસીની કિતાબ શર્હે હદીષે લવલાકનો અભ્યાસ કરો.

ઉપર દર્શાવેલ હદીષને કુર્આન શરીફની ઘણી આયતો અને ઘણી બધી અન્ય હદીષોથી સમર્થન મળે છે.

નમૂના રૂપે અમુક આયતો આ પ્રમાણે છે : (તર્જુમા) (૧) અને નિકટ છે તમારો રબ તમને એટલુ આપશે કે તમે રાજી થઈ જશો. *(સૂરએ દુહા, પારા : ૩૦, આયત : ૫)* (૨) તો જરૂર તમને ફેરવી દઈશું તે કિબ્લા તરફ જેમાં તમારી ખુશી (રઝા) છે. *(પારા : ૨, રુકૂઅ : ૧, આયત : ૧૪૪)* (૩) તેઓ માટે છે જે તે ચાહે પોતાના રબની પાસે.'' *(પારા : ૨૪, રુકૂઅ : ૧, આયત : ૩૪)* (૪) દૂર કરો જેને તમે ચાહો તેઓમાંથી, અને પાસે રાખો જેને તમે ચાહો. *(પારા : ૨૨, રુકૂઅ : ૩, આયત : ૫૧)*

હદીષમાં છે : (તર્જુમો) : (૧) હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું આપના રબને જોઉં છું કે આપની ઈચ્છાને પૂર્ણ કરવા જલ્દી કરે છે. *(બુખારી શરીફ)* (૨) જ્યારે ક઼યામતમાં હુઝૂર صلی اللہ علیہ وسلم શફાઅત માટે સજદામાં જશે તો ખુદા ફર્માવશે, હે નબી ! માથુ ઉઠાવો અને તમારી મરજી પ્રમાણે માંગો, તમને આપવામાં આવશે. *(મુસ્લિમ શરીફ, ભાગ : ૧, પેજ : ૧૦૯)* (૩) સૂરએ દુહાની આયત ૫ની તફસીરમાં ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત નક઼લ કરે છે, ''નબીએ પાક علیہ الصلوٰۃ والسلام રાજી નહીં થાય જ્યાં સુધી આપનો એક પણ ઉમ્મતી દોઝખમાં રહી જશે.'' સારાંશ આપ જ્યાં સુધી ઉમ્મતીઓને જન્નતમાં નહીં મોકલી આપે ત્યાં સુધી રાજી થશે નહીં. *(તફસીરે દુર્રે મન્થૂર, ભાગ : ૬, પેજ : ૩૬૧)* (૪) મારા રબે મારી ઉમ્મત વિશે મારાથી મશ્વરો કર્યો કે તેની સાથે કેવો સુલૂક કરું. *(ઈબ્ને અસાકિર, ખસાઈસે કુબ્રા)* (૫) જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઉમ્મતને બખ્શાવી રહ્યા હશે તો અલ્લાહ તબારક વ તઆલા છેલ્લે ફર્માવશે, ''હે નબી ! શું તમે રાજી થઈ ગયા ?'' (૬) હઝરત હસ્સાન رضی اللہ عنہ ફર્માવે છે : ''હુઝૂર ! ખુદા પાકે આપને આપની મરજી પ્રમાણે પેદા કર્યા.''

આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ વહાબી દેવબંદીઓનું રદ પણ કર્યું છે જેવું કે તેમની માન્યતા છે કે, ''રસૂલના ચાહવાથી કશું થતુ નથી ! અને તેમની ઈચ્છા કશી ચાલતી નથી.'' *(તક઼્વિયતુલ ઈમાન, પેજ : ૨૪–૭૧, ઈસ્માઈલ દહેલ્વી)* આ અક઼ીદો કુર્આન અને હદીષની સરાસર વિરુદ્ધ છે.

**અજબ ક્યા અગર રહમ ફર્માએ હમ પર**
**ખુદાએ મુહમ્મદ બરાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم**

*(અજબ ક્યા = આશ્ચર્યની વાત શું છે, બરાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم = હુઝૂર صلی اللہ علیہ وسلم ના સદક઼ામાં)*

**અર્થાત :** એમાં આશ્ચર્ય શું છે જો હુઝૂર صلی اللہ علیہ وسلم નો ખુદા હુઝૂર صلی اللہ علیہ وسلم ના સદક઼ામાં આપણા ઉપર રહમ ફર્માવે. કારણ કે તેણે ખૂદ કુર્આનમાં ફર્માવ્યું છે : ''જેથી અલ્લાહ તઆલા બખ્શી આપે આપના સદક઼ામાં આપની ઉમ્મતના આગલા અને પાછલા ગુનાહ.'' *(પારા : ૨૬, સૂરએ ફતહ, આયત : ૧)* ઉપર ગુજર્યું કે ખુદા તઆલા મુસ્તફા صلی اللہ علیہ وسلم ની રઝા અને મરજી ચાહે છે અને હુઝૂર صلی اللہ علیہ وسلم ત્યારે જ રાજી થશે જ્યારે આપની ઉમ્મત બખ્શાઈ જશે એટલે કે ખુદાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم બરાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم ઉમ્મત પર મહેરબાન થશે.

**મુહમ્મદ બરાએ જનાબે ઈલાહી**
**જનાબે ઈલાહી બરાએ મુહમ્મદ صلی اللہ علیہ وسلم**

*(બરાએ = માટે)*

**અર્થાત :** હુઝૂર صلی اللہ علیہ وسلم અલ્લાહ માટે છે અને અલ્લાહ હુઝૂર صلی اللہ علیہ وسلم નો છે.

આ શેઅર એક હદીષનો ભાવાર્થ દર્શાવે છે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી મરવી છે કે, "અલ્લાહ તઆલાએ બંદાઓનાં દિલો તરફ નજર ફર્માવી અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દિલ મુબારકને સૌથી બેહતર પામ્યું, તો ખુદાએ પોતાની જાતના લીધે પસંદ કરી લીધા." *(નસીમુર્રિયાઝ)*

**બસી ઈત્રે મહબૂબીયે કિબ્રિયાસે**
**એ઼બાએ મુહમ્મદ ક઼બાએ મુહમ્મદ ﷺ**

*(બસી = સુગંધિત થઈ ગઈ, ઈત્રે મહબૂબીયે કિબ્રિયાસે = અલ્લાહની મહબૂબીના અત્તરથી, એબા = લાંબો ઝભ્ભો, ક઼બા = આગળથી ખુલ્લો પોશાક)*

**અર્થાત :** હુઝૂર ﷺનો પોશાક મુબારક ખુદાની મહબૂબિયતના અત્તરથી સુગંધિત છે એટલે હુઝૂર ﷺ ખુદાના મહબૂબ અને ચહીતા છે.

**બહમ અહદ બાંધે હૈં વસ્લે અબદ કા**
**રઝાએ ખુદા ઔર રઝાએ મુહમ્મદ ﷺ**

*(બહમ = આપસમાં, અહદ = ક઼રાર, વસ્લે અબદ = હંમેશના મિલાપ)*

**અર્થાત :** ખુદાની રઝામંદી અને મુસ્તફા ﷺની રઝામંદીએ આપસમાં ક઼રાર કર્યો છે કે કદી એકબીજાથી જુદા નહીં થઈએ. એટલે મુસ્તફા ﷺની ખુશીમાં ખુદાની રઝામંદી છે. કોઈ કામ મુસ્તફા ﷺનું એવું નથી જેમાં ખુદાની રઝામંદી સામેલ ન હોય અને ખુદાનું કોઈ કામ એવું નથી જેમાં મુસ્તફા ﷺની રઝામંદી ન હોય. જેવું કે કુર્આનની ઘણી આયતોથી માલૂમ પડે છે. દા.ત. કુર્આન શરીફમાં છે : "જેણે રસૂલની ઈતાઅત કરી તેણે ખુદાની ઈતાઅત કરી." *(પારા : ૫, રુકૂઅ : ૮)* "ઈતાઅત કરો અલ્લાહની અને ઈતાઅત કરો રસૂલની." *(પારા : ૫, રુકૂઅ : ૫)*

**દમે નઝઅ જારી હો મેરી ઝુબાં પર**
**મુહમ્મદ મુહમ્મદ ખુદાએ મુહમ્મદ ﷺ**

**અર્થાત :** દમે નઝઅ એટલે સકરાતના સમયે મારી જબાન પર "મુહમ્મદ, મુહમ્મદ અને મુહમ્મદ ﷺના ખુદા" જારી રહે એટલે કે હું પહેલો કલ્મો પઢતો રહુ. હદીષમાં છે : જેનું છેલ્લુ કલામ એટલે મૃત્યુ વખતે છેલ્લુ વિર્દ "લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ" હશે તે જન્નતમાં દાખિલ થશે.

**અસાએ કલીમ અઝદહાએ ગઝબ થા**
**ગિરોં કા સહારા અસાએ મુહમ્મદ ﷺ**

*(અસાએ કલીમ : મૂસા علیہ السلامની લાકડી, અઝદહાએ ગઝબ : ભયાનક મોટો સાપ, અજગર, ગિરોં : કમજોરો)*

**અર્થાત :** મૂસા علیہ السلامનો અસો (લાકડી) જાદૂગરો માટે ભયાનક સાપ હતી અને હુઝૂર ﷺના હાથમાં આવનાર લાકડી ગુલામો માટે સહારો હતી.

હઝરત મૂસા કલીમુલ્લાહ علیہ السلامનો મો'જિઝો હતો કે આપ લાકડી જમીન પર ફેંકતા તો તે ભયાનક અજગર બની જતી અને હુઝૂર ﷺનો મો'જિઝો એ છે કે હુઝૂર ﷺની લાકડી પરેશાનો માટે સહારો બનતી હતી. આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ઘણી હદીષો તરફ ઈશારો ફર્માવ્યો છે : (૧) એક અંધારી રાતમાં હઝરત

ક઼તાદા બિન નોઅમાન رضی اللہ عنہને ખજૂરના ઝાડની એક લાકડી આપી જે રસ્તામાં દસ હાથ આગળ અને દસ હાથ પાછળ પ્રકાશ આપતી હતી ત્યાં સુધી કે તેઓ મસ્જિદે નબવીથી પોતાના ઘરે પહોંચી ગયા.

*–(શિફા શરીફ, દલાઈલુન્નબુવ્વત, હુજ્જતુલ્લાહિ અલલ્ આલમીન, પેજ : ૧૬)*

આવી જ રિવાયતો ઈમામ બુખારીએ સહીહ બુખારી શરીફ તથા તારીખે બુખારીમાં અને ઈમામ બૈહક઼ીએ બૈહક઼ી શરીફમાં તથા અબૂ નુઐમે અલગ અલગ સહાબા સાથે બનેલ બનાવોના રૂપમાં બયાન ફર્માવેલ છે.

જંગે બદ્રમાં હઝરત અક્કાશા رضی اللہ عنہની અને જંગે ઓહદમાં હઝરત અબ્દુલ્લાહ બિન જહશ رضی اللہ عنہની તલવાર તૂટી ગઈ. હુઝૂર ﷺએ તેમને લાકડી આપી જે તલવારનું કામ કરતી હતી અને બંનેવ જિંદગીભર તેના વડે જેહાદ કરતા રહ્યા. *(સીરતે ઈબ્ને હિશામ, અલ ઈસાબહ વલઈસ્તિયાબ)*

**મૈં ક઼ુર્બાન ! ક્યા પ્યારી પ્યારી હૈ નિસ્બત**
**યે આને ખુદા વો ખુદાએ મુહમ્મદ ﷺ**

*(મૈં ક઼ુર્બાન = હું ક઼ુર્બાન થાઉં, નિસ્બત = સંબંધ, આને ખુદા = ખુદાની શાન, ખુદાએ મુહમ્મદ = હુઝૂર ﷺનો ખુદા)*

**અર્થાત :** ખુદા جل جلاله અને રસૂલ ﷺની નિસ્બત પર ક઼ુર્બાન જાઉં કે હુઝૂર ﷺ ખુદાની શાન છે અને અલ્લાહ રસૂલનો ખુદા છે કે જે અલ્લાહ તો દરેકનો રબ છે પરંતુ ક઼ુર્આનમાં જગ્યા જગ્યા, "રબ્બુક", "મહબૂબ ! તારો રબ", "ફવરબ્બિક" "મહબૂબ ! તારા રબની ક઼સમ" વગેરે વાક્યો બયાન કરવામાં આવ્યાં છે જેમાં ખુદા પાકે પોતાની નિસ્બત હુઝૂર ﷺ સાથે સંબંધિત કરી છે.

**મુહમ્મદ કા દમ ખાસ બેહરે ખુદા હૈ**
**સિવાએ મુહમ્મદ બરાએ મુહમ્મદ ﷺ**

*(દમ = જિંદગી, બેહરે ખુદા = ખુદા માટે, સિવાએ મુહમ્મદ ﷺ = હુઝૂર સિવાય, બરાએ મુહમ્મદ = હુઝૂર માટે)*

**અર્થાત :** ખુદા પાકે રસૂલે પાક ﷺને ખાસ પોતાના માટે બનાવ્યા અને હુઝૂર સિવાય જે કાંઈ છે તે બધું હુઝૂર ﷺ માટે બનાવ્યું. આ શેઅરમાં હદીષે ક઼ુદ્સીનું સારાંશ છે. હદીષે પાકમાં છે કે અલ્લાહ હુઝૂર ﷺને ફર્માવે છે : હે મહબૂબ ! જો હું તને પૈદા ન કરત તો જમીન, આસમાન, જન્નત, દોઝખ, દુનિયાને પેદા ન કરત. આ બધી કાઈનાત તારા માટે છે. *(મુસ્નફે અબ્દુર્રઝ્ઝાક, ઈબ્ને અસાકિર, મતાલિઉલ મસર્રાત, પેજ : ૧૧૪, શર્હે ક઼સીદએ બુર્દહ, પેજ : ૭૧–૭૨)* મુલ્લા અલી ક઼ારી رحمۃ اللہ علیہ ફર્માવે છે, આ હદીષ મઅનવી (અર્થના) એ'તેબારથી સહીહ છે. *(મૌઝૂઆતે કબીર)*

**ખુદા ઉન્કો કિસ પ્યાર સે દેખતા હૈ**
**જો આંખેં હૈ મહ્વે લિક઼ાએ મુહમ્મદ ﷺ**

*(મહવ = મગ્ન, લિક઼ાઅ = મુલાક઼ાત અથવા દીદાર)*

**અર્થાત :** ખુદા પાક તે આંખોને કેવા પ્યારથી જુએ છે જે આંખો પ્યારાના દીદારમાં મગ્ન અને ખોવાયેલી રહે છે. આ શેઅરમાં ખુદાની બારગાહ સહાબાના મક઼ામને બયાન કર્યો છે જેઓએ પોતાની આંખોથી હુઝૂર ﷺના મુક઼દ્દસ ચેહરાનો દીદાર કર્યો છે. હુઝૂર ﷺ ફર્માવે છે કે તે મુસલમાનને દોઝખની આગ સ્પર્શશે પણ નહીં જેણે મારો દીદાર કર્યો અને જેણે મારો દીદાર કરનાર સહાબીને જોયા. *(તિર્મિઝી)* ક઼ુર્આન અને હદીષોમાં અનેક જગ્યાએ સહાબાની ફઝીલત બયાન કરવામાં આવી છે.

**જુલૂમેં ઈજાબત, ખવાસીમેં રહમત**
**બળ્હી કિસ તુઝ્ક સે દુઆએ મુહમ્મદ ﷺ**

*(જુલૂ = સાથ, ઈજાબત = ક઼બૂલિયત, ખવાસી = સાથી, તુઝ્ક = શાનો શૌકત)*

**અર્થાત :** ઈજાબતનો સાથ છે અને રહમત સાથી છે, કેવી શાનો શૌકતથી હુઝૂર ﷺની દુઆ ખુદાની બારગાહમાં પહોંચી રહી છે.

**ઈજાબતને ઝુક કર ગલેસે લગાયા**
**બળ્હી નાઝ સે જબ દુઆએ મુહમ્મદ ﷺ**

*(ઈજાબતને ઝુક કર = ક઼બૂલિયતે ઝુકીને, નાઝ = ફખ્ર)*

**અર્થાત :** મક઼બૂલિયતે ઝુકીને ગળેથી લગાડી લીધી જ્યારે હુઝૂર ﷺની દુઆ નાઝ સાથે ખુદાની બારગાહમાં પહોંચી.

**ઈજાબત કા સેહરા ઈનાયત કા જોળા**
**દુલ્હન બન કે નિકલી દુઆએ મુહમ્મદ ﷺ**

**અર્થાત :** ક઼બૂલિયતનો સેહરો માથે બાંધી ઈનાયત, મહેરબાનીનો પોશાક પહેરીને દુલ્હન બનીને ચાલી મુસ્તફા ﷺની દુઆ.

ઉપરોક્ત ત્રણેવ શેઅરોમાં હુઝૂર ﷺની દુઆઓ ખુદાની બારગાહમાં મક઼બૂલ થવા તરફ ઈશારો છે, જેવું કે હદીષોથી સાબિત છે કે હુઝૂર ﷺની કોઈ દુઆ રદ થતી નથી. દલાઈલુન્નબુવ્વત, પેજ : ૩૭૫ પર છે કે અલ્લાહ તઆલા હુઝૂર ﷺના દરેક સવાલને પૂરો કરે છે, ઈમામ કસ્તલાની શારેહે બુખારી ફર્માવે છે કે હુઝૂર ﷺની કોઈ દુઆ રદ કરવામાં નથી આવી.

*–(અલ્ મવાહિબ, ભાગ : ૮, પેજ : ૨૩૮, જવાહિરુલ બિહાર, ભાગ : ૨, પેજ : ૩૩)*

**'રઝા' પુલ સે અબ વજ્દ કરતે ગુઝરિએ**
**કે હે રબ્બે સલ્લિમ સદાએ મુહમ્મદ ﷺ**

*(રઝા = આ'લા હઝરત રહમતુલ્લાહિ અલૈહ, પુલ = સિરાત, વજદ = બેખુદી/ખુશી,*
*રબ્બે સલ્લિમ = હે મારા રબ ! સલામતી સાથે ગુજાર, સદા = અવાજ)*

**અર્થાત :** હે અહમદ રઝા ! મસ્તી અને બેખૂદીમાં પુલસિરાતથી ગુજરી જાવ ! કેમ કે હુઝૂર ﷺ તમારી સલામતીની સદા લગાડી રહ્યા છે. શાહ રફીઉદ્દીન મુહદ્દિષ દહેલ્વી રહમતુલ્લાહિ અલૈહ ક઼યામતનામા, પેજ : ૬૧ પર રિવાયત કરે છે કે દોઝખની ઉપર પુલસિરાત જે વાળથી વધુ પાતળો અને તલવારથી વધુ તેજ હશે, હુકમ થશે કે તેના પર પસાર થઈને જન્નતમાં જાવ. પંદર હજાર વર્ષની મુસાફરી જેટલું અંતર હશે. આ મક઼ામના ડરથી કોઈનો અવાજ સુદ્ધાં નહીં નીકળે, પરંતુ પૈગંબર ﷺ ઉમ્મતીઓ માટે રબ્બે સલ્લિમ ફર્માવશે. *(રવાહુ બુખારી વ મુસ્લિમ)* આ જ હદીષ તરફ હુઝૂર આ'લા હઝરત રહમતુલ્લાહિ અલૈહએ ઈશારો ફર્માવ્યો છે.

## (નઅત શરીફ઼ : ૧૭)

**અય શાફ઼એ ઉમમ શહે ઝી જાહ લે ખબર**
**લિલ્લાહ લે ખબર મેરી લિલ્લાહ લે ખબર**

*(શાફ઼એ ઉમમ = ઉમ્મતોની શફ઼ાઅત કરનાર, શહે ઝી જાહ = ઊંચા મર્તબાવાળા બાદશાહ, લિલ્લાહ = અલ્લાહના વાસ્તે)*

**અર્થાત :** હે ઉમ્મતીઓની શફ઼ાઅત ફ઼ર્માવનાર ઊંચી શાનવાળા આક઼ા ﷺ ! મારી ખબર લો ! ખુદાના વાસ્તે મારી ખબર લો !

**દરયા કા જોશ નાવ ન બેળા ન નાખુદા**
**મૈં ડૂબા, તૂ કહાં હે મેરે શાહ લે ખબર**

*(નાવ = હોડી, બેળા = હોડીઓની લાઈન, નાખુદા = હોડી હાંકનાર)*

**અર્થાત :** દરિયો જોશ પર છે તેને પાર કરવા માટે ન હોડી છે, ન બેડો છે, ન હોડી ચલાવનાર, હું ડૂબી રહ્યો છું આપ ક્યાં છો ?! મારા મદીનાવાળા શહનશાહ મારી ખબર લો !

**મંઝિલ કળી હે રાત અંધેરી મૈં ના બલદ**
**અય ખિઝ્રર લે ખબર મેરી અય માહ લે ખબર**

*(મંઝિલ = સફ઼ર, કળી = મુશ્કિલ, નાબલદ = અજાણ, ખિઝ્રર = રહબર, માહ = ચાંદ)*

**અર્થાત :** મારો સફ઼ર ઘણો ખતરનાક છે, રાત અંધારી છે અને હું રસ્તાથી અજાણ છું. હે ભટકેલાઓને રાહ દેખાડનાર ! મારી ખબર લો ! હે અરબના ચાંદ ! આપ મારી ખબર લો ! જેથી અંધારુ દૂર થઈ જાય અને મને મારી મંઝિલ મળી જાય.

**પહોંચે પહોંચનેવાલે તો મંઝિલ મગર શહા**
**ઉનકી જો થક કે બૈઠે સરે રાહ ખબર લે**

*(શહા = બાદશાહ, સરે રાહ = રસ્તાની વચ્ચે)*

**અર્થાત :** હે મારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام અલ્લાહના નેક બંદા તો પોતાની મંઝિલ પર પહોંચી ગયા, પરંતુ જે ગુનહગારો થાકીને રસ્તા પર બેસી ગયા છે, જેમને મંઝિલ મળવી મુશ્કેલ છે, તેવા ગુલામોની શાહે મદીના ખબર લો !

**જંગલ દરિન્દોં કા હે મૈં બેયાર શબ ક઼રીબ**
**ઘેરે હૈં સિમ્ત સે બદ ખ્વાહ લે ખબર**

*(દરિન્દોં = ફ઼ાડી ખાનાર જાનવરો, બેયાર = વગર સાથીનો, શબ ક઼રીબ = રાત નિકટ, ચાર સિમ્ત = ચારેવ બાજુ, બદ્ખ્વાહ = બુરુ ઈચ્છનાર, દુશ્મન)*

**અર્થાત** : હે મારા સરકાર ! عليه الصلوٰة والسلام જે રસ્તે હું જઈ રહ્યો છું તેમાં જંગલ ખતરનાક જાનવરોથી ભરેલું છે અને રાત આવવાની તૈયારી છે, ચારેવ બાજુથી દુશ્મનોએ ઘેરી લીધો છે, કોઈ મારો યાર મદદગાર નથી, આપ મારી ખબર લો !

**મંઝિલ નઈ અઝીઝ જુદા લોગ ના શનાસ**
**ટૂટા હૈ કોહે ગમ મૈં પરે કાહ લે ખબર**

*(મંઝિલ નઈ = રસ્તો નવો છે, અઝીઝ જુદા = સગાઓ જુદા થઈ ગયા, લોગ નાશનાસ = લોકો અજાણ છે, કોહે ગમ = દુઃખનો પહાડ, પરેકાહ = મામૂલી)*

**અર્થાત** : મૌતની ઘડીની હાલત દર્શાવતાં આ'લા હઝરત رضی اللہ عنہ હુઝૂર صلی اللہ علیہ وسلم ની બારગાહમાં ફરિયાદ કરે છે, આક઼ા ! દુનિયા છૂટી અને નવી દુનિયામાં જઈ રહ્યો છું. સગા સંબંધીઓ જુદા થઈ ગયા અને અજાણ ફરિશ્તાઓ જોવા મળે છે, મારી ઉપર ગમનું પહાડ તૂટયું છે અને હું એક કમજોર માણસ છું, આપ મારી ખબર લો !

**વો સખ્તિયાં સુવાલ કી વો સૂરતેં મુહીબ**
**અય ગમઝદોં કે હાલ સે આગાહ લે ખબર**

*(સખ્તિયાં = મુશ્કિલો, સુવાલ = ક઼બ્રસ્તાનવાલો, સૂરતેં = શક્લો, મુહીબ = ભયાનક, ગમઝદોં = દુઃખીઓ, આગાહ =ખબર રાખનાર)*

**અર્થાત** : ક઼બ્રની હાલત બયાન કરતાં આ'લા હઝરત رضی اللہ عنہ અર્ઝ કરે છે કે સવાલોની મુશ્કેલીઓ, મુન્કર નકીરની ડરાવની સૂરતો, ક઼બ્રમાં હું ગભરાઈ રહ્યો છું, દુઃખીઓની હાલતથી વાકેફ મારા આક઼ા ! મારી ખબર લો !

**મુજરિમ કો બારગાહે અદાલતમેં લાએ હૈં**
**તક્તા હૈ બેકસી મેં તેરી રાહ લે ખબર**

*(મુજરિમ = ગુનહગાર, બારગાહે અદાલત =ઈન્સાફની જગ્યા, તક્તા હૈ = જુએ છે, બેકસી = પરેશાની, રાહ = રસ્તો)*

**અર્થાત** : હે મારા આક઼ા ! عليه الصلوٰة والسلام ફરિશ્તાઓ મને અદાલતમાં લઈ આવ્યા છે, હું પરેશાનીની ઘડીએ આપનો રસ્તો જોઈ રહ્યો છું, આપ જલ્દીથી આવી મારી ખબર લો !

**એહલે અમલ કો ઉનકે અમલ કામ આએંગે**
**મેરા હૈ કૌન તેરે સિવા આહ ! લે ખબર**

*(એહલે અમલ = અમલાવાળા, આહ = દુઃખ વખતે નીકળતું સ્વર)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم નેક લોકોને તો તેમની નેકીઓ કામ લાગશે, મારી પાસે આપના સહારા સિવાય કશું જ નથી. આપ જલ્દીથી મારી ખબર લો ! હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે, "મારી શફાઅત મારી ઉમ્મતના મોટા ગુનેહગારો માટે છે." *(અલ્ હદીષ)*

**પુરખાર રાહ બરહના પા તિશ્ના આબ દૂર**
**મૌલા પળી હૈ આફ઼તે જાનિકાહ લે ખબર**

*(પુરખાર રાહ = કાંટાથી ભરેલ રસ્તો, બરહના પા = ખુલ્લા પગ, આફ઼તે જાનિકાહ = જીવલેણ આફ઼ત, તિશ્ના = પ્યાસો, આબ = પાણી)*

**અર્થાત :** હે મારા મૌલા ! કાંટેદાર રસ્તા પર ખુલ્લા પગે ચાલી રહ્યો છું, પ્યાસો છું અને પાણી ઘણુ દૂર છે, મારી ઉપર જીવલેણ મુસીબત પડી છે, આમ મારી ખબર લો !

**બાહર ઝબાનેં પ્યાસ સે હૈં આફ઼તાબ ગરમ**
**કૌષર કે શાહ કષ્ષરહુલ્લાહ લે ખબર**

*(આફ઼તાબ = સૂર્ય, શાહ = બાદશાહ, કષ્ષરહુલ્લાહ = દુઆ છે, અલ્લાહ તેને વધારે કરે, કૌષર = જન્નતની એક નહેર)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ હશ્રનો દિવસ છે, સૂરજ સવા નેઝા પર છે, તેની ગરમી ખૂબ સખત છે, પ્યાસથી જીભો બહાર આવી ગઈ છે. હે કૌષરના માલિક ! ﷺ મારી ખબર લો ! અલ્લાહ આપને વધુ ફ઼ઝીલત તથા ઈન્આમ અતા ફ઼ર્માવે.

**માના કે સખ્ત મુજરિમો નાકારા હૈ 'રઝા'**
**તેરા હી તો હૈ બંદએ દરગાહ લે ખબર**

*(માના કે = માન્યું કે, સખ્ત = ખૂબ, નાકારા = બેકાર, રઝા = ઈમામ અહમદ રઝા, બંદએ દરગાહ = દરબારનો ગુલામ)*

**અર્થાત :** માન્યું કે અહમદ રઝા ગુનહગાર છે, પરંતુ હુઝૂર علیہ الصلوٰۃ والسلام આપની બારગાહનો ગુલામ છે, આપ મારી ખબર લો.

આ નઅતમાં હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હુઝૂર ﷺની બારગાહ ઈસ્તેગાષા ફ઼રિયાદ કરી છે અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં ઈસ્તેગાષા (મદદ માટે યાચના) કરવું સહાબાથી સાબિત છે. જેનું વર્ણન હવાલા સાથે પાછલી નઅતોમાં બયાન થઈ ગયું.

દરેક શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હુઝૂર ﷺની બારગાહમાં કમાલે આજીઝી અને નમ્રતા દર્શાવી છે, જે બુઝુર્ગોનો તરીક઼ો છે. દુનિયા જાણે છે કે આ આ'લા હઝરત મહાન શખ્સિયત છે પરંતુ પોતે ખૂદને ઈન્કેસારી અને આજઝી રૂપે મુજરિમ, ગુનેહગાર, નાકારા જેવા શબ્દોથી સંબંધિત કરે છે જે તેમની મહાનતાની દલીલ છે.

## (નઅત શરીફ઼ : ૧૮)

**ગુઝરે જિસ રાહસે વો સૈયદેવાલા હોકર**
**રહ ગઈ સારી ઝમીન અંબરે સારા હોકર**

*(સૈયદેવાલા = મહાન સરદાર. અંબરે સારા = પ્યાર ખુશ્બુ, સૌથી ઉચ્ચ ખુશ્બુનું નામ)*

**અર્થાત :** આક઼ાએ દો જહાં ﷺ જે માર્ગોએથી એકવાર પસાર થઈ ગયા તે રસ્તાઓ ક઼યામત સુધીના પ્યોર અંબરથી અધિક ખુશબોદાર થઈ ગયા. કેટલીય રિવાયતોમાં આ હક઼ીક઼તનો ઉલ્લેખ છે કે સહાબાએ કિરામે હુઝૂર ﷺને તલાશ કરવાના હોતા તો જે ગલીથી ખુશ્બુ આવી રહી હોતી એ બાજુ ચાલી નીકળતા તો સામે હુઝૂર ﷺ મૌજૂદ હોતા. *(હુજ્જતુલ્લાહિ અલલ્ આલમીન)*

હુઝૂર ﷺના જેવા હોવાનો દાવો કરવાવાળા વિચારવાની તકલીફ઼ ઉઠાવશે ?! આ પ્રકારનો એક શયખુલ કુર્આન મર્યો જેના પર ઘણુ મોઘુ દુબઈનું હજારો રૂપિયાનુ અત્તર છાંટવામાં આવ્યું, તેમ છતાં જનાઝામાં હાજર સાક્ષીઓ બતાવે છે કે વિચિત્ર પ્રકારની (ગુસ્તાખીએ રસૂલ ﷺની) બદબૂ પાગલ કરી રહી હતી ! અને મારા નબી પોતાની ઝુલ્ફ઼ો ખોલી દે તો આખુ મદીના ખુશ્બુથી મહેકવા લાગે.

**રુખે અન્વરકી તજલ્લી જો ક઼મરને દેખી**
**રહ ગયા બોસાદેહ વો નક઼્શે કફ઼ે પા હોકર**

**અર્થાત :** મારા આક઼ા ﷺનો રોશન ચહેરો જ્યારે ચાંદે એક નજર જોયો તો એવો દીવાનો બન્યો કે આપ ﷺના ક઼દમોનાં નિશાન પર બોસા આપવા લાગ્યો. ત્યારે જ તો આપે ઈશારો કર્યો તો બે ટુકડા થઈને જમીન પર આવી ગયો અને પૂરી દુનિયામાં જોવા મળ્યો. *(મુસ્નદે અબૂ દાઊદ વ તયાલ્સી, ૧/૩૮)*

*ચાંદ ક઼દમોં પર ગિરા જો ઉન્કા ઈશારા હુવા–વો ભી ક્યા વક઼્ત થા જબ ઉંગલી ઉઠાઈ હોગી !*

**વાએ મહરૂમીએ ક઼િસ્મત કે ફ઼િર અબકે બરસ**
**રહ ગયા હમ રહ ઝવારે મદીના હો કર**

**અર્થાત :** હાય ! અફ઼સોસ ! મારી કિસ્મતમાં કેવો ચક્કર આવ્યો છે કે ગયા વરસે પણ મદીનાની હાજરી ન થઈ શકી અને આ વરસે પણ તયબહના ઝાઈરીન (ઝિયારત કરનારાઓ)ના સંગાથથી વંચિત રહ્યો.

મદીનાની મહોબ્બતના આ જઝબાત ઈમાનવાળાઓ તથા આશિક઼ાને મુસ્તફ઼ા ﷺના માટે જીવનની મૂડી છે અને જીવનની સાર્થકતા છે. મૌલાના જામીથી લઈને તેમનાથી પહેલાં અને બાદના સર્વ બુઝુર્ગો મદીના શરીફ઼ની મહોબ્બતમાં તડપવાને પોતાના ઈમાનની જાન તથા રૂહની ગિઝા (આત્માનો ખોરાક) સમજતા આવ્યા છે.

*નસીમા જાનિબે બતહ઼ા ગુઝર કુન–ઝા હવાલમ મુહમ્મદરા ખબર કુન*

(હે હવાઓ ! મહબૂબ ﷺના દેશ જાવ તો મારી હાલત હઝરતને સંભળાવજો)

મૌલાના જામીનો શેઅર છે બલ્કે પૂરી નઅમતમાંનો એક શેઅર છે. અને જે લોકો આ દૌરમાં મદીનાની જુદાઈમાં આ'લા હઝરતના આ રીતે તડપવાને પાગલપન કહે છે તેઓ જરા હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہ જે તે સૌના સર્વ માન્ય બુઝુર્ગ છે, તેમની હાલત મદીનાની જુદાઈ વખતે કેવી થતી હતી કે ક્યારેક મેહરાબે નબવી પાસે જઈને રડી રહ્યા છે અને ક્યારેક ગુંબદે ખઝરાને જોઈને અર્ઝ કરી રહ્યા છે : *દરે મુસ્તફા પે ગરીબ આ ગયા હૈ.* અને પછી બાબે મજીદની પાસે બેકરારીના આલમમાં આ નઅત લખી.

*કરકે નિષાર આપ પે ઘરબાર યા રસૂલ—અબ આ પળા હૂં આપકે દરબાર યા રસૂલ*

*આલિમ ન મુત્તક઼ી હૂં ન ઝાહિદ ન પારસા—હૂં ઉમ્મતી તુમ્હારા ગુનેહગાર યા રસૂલ*

*હો આસ્તાના આપકા 'ઈમ્દાદ' કી જબીં—ઔર ઈસસે ઝયાદા કુછ નહીં દરકાર યા રસૂલ ﷺ*

**ચમને તયબહ હૈ વો બાગ કે મુર્ગે સિદરહ**
**બરસોં ચહકે હૈં જહાં બુલબુલે શયદા હોકર**

**અર્થાત :** ચમને મદીના અને બાગે તયબહની શું અઝમત લખુ ?! કે સિદરતુલ મુન્તહાનું પક્ષી (જિબ્રઈલે અમીન) કેટલાયે વરસ (સતત ૨૩ વરસ) બુલબુલે શયદાની જેમ બાગે મદીનામાં ચહેકતુ રહ્યું.

તફસીરે ઈત્કાનમાં છે કે જિબ્રઈલ علیہ السلام હુઝૂર ﷺની બારગાહમાં અલ્લાહના હુકમથી ચોવીસ હજાર વખતે હાજર થયા. જ્યારે કે કોઈ નબીની પાસે ત્રણ વાર આવ્યા, કોઈની પાસે પાંચવાર, કોઈની પાસે દસ અગ્યારવાર, પણ આપ ﷺની પાસે ૨૪ હજાર વાર !

*બે લિક઼ાએ યાર ઉન્કો ચૈન આ જાતા અગર—બાર બાર આતે ન યૂં જિબ્રીલ સિદરા છોળકર*

*—(ઉસ્તાદે ઝમન 'હસન રઝા' બરેલ્વી)*

**સર સરે દશ્તે મદીના કા મગર આયા ખયાલ**
**રશ્કે ગુલશન જો બના ગુન્ચે દિલ વા હોકર**

**અર્થાત :** ફૂલ તો તેજ તથા ગરમ જ્યોતથી મુરઝાઈ જતુ હોય છે, પરંતું મદીના તયબહની ગરમ જ્યોતનો જ્યારે મારા દિલમાં ખયાલ આવ્યો તો મારા દિલની કળી ખીલી ઉઠી અને એવી ખીલી કે ચાંદ પર એના પર રશ્ક કરતો થઈ ગયો.

*મદીનાકી બહારોંસે સુકૂને ક઼લ્બ મિલતા હૈ—ઉસીકે લાલાઝારોંસે સુકૂને ક઼લ્બ મિલતા હૈ*

*વો મક્કા હો મદીના હો કે શહરે કુદ્દસકી કલિયાં—અક઼ીદતકે દયારોંસે સુકૂને ક઼લ્બ મિલતા હૈ*

**ગોશે શહ કહતે હૈં ફર્યાદ રસીકો હમ હૈ**
**વઅ઼દએ ચશ્મ હૈં બખ્શાએંગે ગોયા હો કર**

**અર્થાત :** ગુનેહગાર ઉમ્મતીની સાથે મારા આક઼ા ﷺના મુબારક વજૂદના એકે એક અંગે ખૈરખ્વાહી ફર્માવી છે. જેમ કે આપના કાન મુબારકનો વાયદો છે કે હે સિયાહકાર ! અમે તારી દાદારસી (ફરિયાદ સાંભળવા) માટે છીએ.

અને મુબારક આંખોનો વાયદો છે કે અમે રડી રડીને તને અલ્લાહથી બખ્શાવવા માટે પૂરતી નથી ?!

*જિસ તરફ ચશ્મે મુહમ્મદકે ઈશારે હો ગએ (ﷺ)–જિતને ઝર્રે સામને આયે સબ સિતારે હો ગએ*

**પાએ શહ પર ગિરે યા રબ તપિશે લહરસે જબ**
**દિલ બેતાબ ઉળે હશ્રમેં પારા હો કર**

**અર્થાત :** હે અલ્લાહ ક્યામતના ક્યામતખેઝ તાપમાં જ્યારે મારુ દિલ પારાની જેમ બેક્રાર થઈને તડપે તો દુઆ છે કે તારા મહબૂબના ક્દમો પર પડીને કુર્બાન થઈ જાય, અને એ બહાને હબીબના ક્દમોના બોસા નસીબ થઈ જાય.

**હય યહ ઉમ્મીદ 'રઝા' કો તેરી રહ્મતસે શહા**
**ન હો ઝિન્દાનીએ દોઝખ તેરા બંદા હો કર**

*(ઝિન્દાની = કૈદી. બંદા = નોકર)*

**અર્થાત :** મારા આકા ! ﷺ હું અલ્લાહની રહમતથી એટલો પણ નાઉમ્મીદ નથી કે એવું વિચારી લઉં કે આપના હોવા છતાં મને જહન્નમમાં કેદી બનાવી લેવામાં આવશે, બલ્કે પૂરી રીતે આશાવાદી છું કે જેના માથા પર આપના જેવો આકા શફાઅતના માટે ઉભો હોય તો પછી તે દોઝખનું મોં શાથી તાકશે ?! કેમ કે હુઝૂર ﷺનો પોતાનો જ ઈર્શાદ છે કે હું ત્યાં સુધી રાજી થઈશ નહીં જ્યાં સુધી કે મારો એક પણ ઉમ્મતી દોઝખમાં હશે.

هو الحبيب الذی ترجی شفاعته۔لکل هول من الا هوال مقتحم

## (નઅત શરીફ : ૧૯)

**નારે દોઝખ કો ચમન કર દે બહારે આરિઝ**
**ઝુલ્મતે હશ્ર કો દિન કર દે નહારે આરિઝ**

*(નારે દોઝખ = જહન્નમની આગ, ચમન = બાગ, બહારે આરિઝ = રુખ્સાર, ગાલ મુબારકની બહાર (શોભા), ઝુલ્મત = અંધારુ, દિન = દિવસ, નહાર = સવાર, અજવાળુ)*

**અર્થાત :** દોઝખની આગને બાગ બનાવી દેશે હુઝૂરે પાક ﷺના રૂખ્સાર (ગાલ) મુબારકની ચમક અને હશ્રના અંધારાને દિવસ બનાવી દેશે એટલે કે પ્રકાશિત કરી દેશે. હુઝૂર ﷺના રુસ્ખારની રોશની મેદાને મેહશરમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દીદારથી જહન્નમની આગથી નજાત અને મેદાને મેહશ્રની તકલીફોથી છૂટકારો મળશે.

**મૈં તો ચીઝ હૂં ખૂદ સાહિબે કુર્આં કો શહા**
**લાખ મુસ્હફ્ક સે પસંદ આઈ બહારે આરિઝ**

*(સાહિબે કુર્આં = કુર્આનનો માલિક અલ્લાહ, શહા = બાદશાહ, મુસ્હફ = કુર્આન, ચીઝ = વસ્તુ)*

**અર્થાત :** હે શાહે અરબ ! હું શું વસ્તુ છું ? મારી શું હક઼ીક઼ત છે કે આપ મને પસંદ આવ્યા ! જ્યારે કે ખૂદ સાહિબે કુર્આન ખુદાએ પાક ﷻને કુર્આનની જેમ એક લાખ ચોવીસ હજાર અંબિયાએ કિરામમાંથી આપના ચહેરાની ચમક વધારે પસંદ આવી, એટલા માટે જ કુર્આનમાં આપના ચહેરાની ક઼સમ યાદ ફર્માવી : "ક઼સમ છે ચાશ્તની અને રાતની ! જ્યારે પર્દો નાખે !" *(પારા : ૩૦)*

મુફસ્સિરીને કિરામ ફર્માવે છે કે ચાશ્તથી હુઝૂર ﷺનો ચહેરો મુબારક અને રાતથી ઝુલ્ફ મુબારક મુરાદ છે. *(તફસીરે રૂહુલ બયાન)*

અને ખૂદ ખુદા હુઝૂર علیہ الصلوٰۃ والسلام ચહેરા મુબારકને જોયા કરે છે.

જેવું કુર્આનમાં છે : "હે મહબૂબ ! અમે જોઈ રહ્યા છીએ આપનું વારંવાર આકાશ તરફ શિશ ઉઠાવવું."

*–(પારા : ૨, રુકૂઅ : ૧, આયત : ૧૪૪)*

બીજી જગ્યાએ ફર્માવે છે : "જે (ખુદા) તમોને જુએ છે જ્યારે તમે ઊભા રહો છો અને નમાઝીઓમાં તમારા દોરાને પણ જોઈ રહ્યો છે." *(પારા : ૧૯, રુકૂઅ : ૧૫, શોઅરા, આયત : ૨૧૮, ૨૧૯)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એ જ ફર્માવ્યું જે હઝરત અમીરુલ ખુસ્રૂએ ફર્માવ્યું :–

*ન તન્હા હસ્ત ખુસ્રૂ નઅત ખ્વાનશ–ખુદાએ મા ષનાખાને મુહમ્મદ ﷺ*

અમીર ખુસ્રૂ એકલો નબી ﷺનો નઅતખ્વાં નથી, આપણો ખુદા પણ મુસ્તફા ﷺનો ષનાખ્વાં છે.

લાખોમાં રસૂલ ﷺની પસંદગી આ હદીષથી સાબિત થાય છે. હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત છે : "નિઃશંક ! અલ્લાહ તઆલાએ બંદાના દિલો તરફ તવજ્જોહ ફર્માવી તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દિલ મુબારકને સૌથી અફઝલ પામ્યુ તો તેને પોતાના માટે પસંદ કરી લીધું.

**જૈસે કુર્આન હૈ વિર્દ ઉસ ગુલે મહબૂબી કા**
**યૂંહીં કુર્આં કા વઝીફા હૈ વકારે આરિઝ**

*(વિર્દ = વઝીફો, ગુલે મહબૂબી = પ્યારા ફૂલ, વકાર = ઈજ્જત)*

**અર્થાત :** જેવી રીતે મહબૂબે ખુદા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો વઝીફો અને વિર્દ તથા મામૂલ કુર્આને પાકની તિલાવત છે એવી જ રીતે કુર્આને પાકનો વઝીફો અને અમલ હુઝૂર ﷺની શાન અને ઈજ્જત બયાન કરવી છે કે અલ્હમ્દુની અલીફથી વન્નાસની સીન સુધી કુર્આન મુસ્તફા ﷺના ગીત ગાય છે.

*આગાઝ સે અખીર તક કુર્આં હૈ નઅતે મુસ્તફા—મહબૂબ કે બયાન કા કૈસા અનોખા ઢંગ હૈ*

*—(નઝમી)*

**ગરચે કુર્આં હૈ ન કુર્આં કી બરાબર લેકિન**
**કુછ તો હૈ જિસ પે હૈ મદહ નિગારે આરિઝ**

**અર્થાત :** જો કે કુર્આન છે ન કુર્આનના બરાબર પરંતુ કોઈ ભેદની વાત જરૂર છે કે કુર્આન આપના મુકદ્દસ રુખ્સારની પ્રશંસા કરે છે.

**તૂર કયા અર્શ જલે દેખકે વો જલ્વએ ગરમ**
**આપ આરિઝ હો મગર આઈનાદારે આરિઝ**

*(તૂર = એ મશ્હૂર પહાડ જ્યાં મૂસા عليه السلامએ ખુદાની તજલ્લીનો દીદાર કર્યો, અર્શ = એક તખ્ત જેને અર્શે ઈલાહી કહેવાય છે, જલે = બળે, જલ્વએ ગરમ = તેજ જલ્વો, આપ = ખૂદ, આરિઝ = અરજ કરનાર, આઈનાદાર = ખિદમત ગુજાર)*

**અર્થાત :** તૂર પહાડ શું અર્શે આ'ઝમ પણ હુઝૂર عليه الصلوٰة والسلامના ચહેરાએ વદુહાની રોશની જોઈને રશ્ક કરવા લાગે છે અને ખૂદ જાતે જ હુઝૂર ﷺની બારગાહનો ખિદમત ગુજાર બનવા અરજ કરે છે.

**તુરફા આલમ હૈ વો કુર્આન ઈધર, દેખેં ઉધર**
**મુસ્હફે પાક કો હૈરાન બહારે આરિઝ**

*(તુરફા આલમ = અજીબ વાત છે, એનોની હાલત છે, વો = તે હુઝૂર, દેખેં = જુએ, મુસ્હફે પાક = કુર્આન શરીફ, હૈરાન = આશ્ચર્યચકિત, બહારે આરિઝ = હુઝૂર ﷺના રુખ્સારની ચમક)*

**અર્થાત :** અનોખી હાલત છે કે આ બાજુ હુઝૂર عليه الصلوٰة والسلام કુર્આન શરીફને જુએ છે તો તે બાજુ કુર્આન હુઝૂર ﷺના જલ્વાને જોઈ ચહેરએ વદુહાની ચમકથી આશ્ચર્યજનક છે !

**તર્જુમા હૈ યે સિફત કા વો ખૂદ આઈનાઝાત**
**ક્યૂં ન મુસ્હફ સે ઝયાદા હો વકારે આરિઝ**

*(તર્જુમા = ભાષાંતર, સિફત = ખૂબી, આઈના ઝાત = ખુદાની જાતના આઈના, મઝહર)*

**અર્થાત :** કુર્આન શરીફ તો હકીકતમાં સિફતે ઈલાહીયાનો તર્જુમાન છે પરંતુ હુઝૂર ﷺ તો ખૂદ ખુદાએ પાકના મઝહર છે. આ રીતે હુઝૂર ﷺની ઈજ્જત કુર્આને પાકથી વધારે કેમ ન હોય ?!

આ શેઅર પાછલા શેઅરના દાવાની દલીલ છે અને એક સવાલનો જવાબ છે. તેનું દલીલ હોવું જાહેર છે કે

પાછલા શેઅરમાં દાવો કરવામાં આવ્યો કે ખૂદ મુસ્હફ (કુર્આન)ને હુઝૂર علیہ الصلوٰۃ والسلامના હુસ્ન પર આશ્ચર્ય છે તે કેવી રીતે ? જવાબ એ કે કુર્આન તો ખુદાની સિફતોનો તર્જુમાન છે અને હુઝૂર ﷺ ખુદાની સિફતોના મઝહર છે.

હુઝૂર ﷺના ખુદાની ઝાતો સિફતના મઝહર હોવા પર હદીષ : (૧) હું જમાલે ખુદાનો આઈનો (મઝહર) છું. –હદીષ (૨) હું એક છુપાયેલ ખઝાનો હતો મેં ઈચ્છયું કે હું ઓળખાઉં તો મેં નૂરે મુહમ્મદી (ﷺ)ને પેદા કર્યો. *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ઝુર્કાની, મદારિજ)*

**જલ્વા ફર્માએં રુખ દિલ કી સિયાહી મીટ જાએ**
**સુબહ હો જાઓ ઈલાહી શબે તારે આરિઝ**

*(જલ્વા ફર્માએં = દર્શન આપે, રુખે દિલ = દિલનો ચહેરો, સિયાહી = કાળાશ, શબે તાર = અંધારી રાત)*

**અર્થાત :** હુઝૂર ﷺ દર્શન આપે તો દિલ પર પડેલ ગુનાહોની કાળાશ નીકળી જાય. હે અલ્લાહ ! મારા ચહેરાની કાળી રાતની પણ સવાર થાય એટલે કે તે પણ ચમકી ઉઠે.

**નામે હક્ક઼ પર કરે મહબૂબ દિલો જાં કુર્બાં**
**હક્ક઼ કરે અર્શ સે તા ફર્શ નિષારે આરિઝ**

*(નામે હક્ક઼ = ખુદાનું નામ, તા ફર્શ = જમીન સુધી, નિષાર = કુર્બાન)*

**અર્થાત :** મહબૂબે ખુદા علیہ الصلوٰۃ والسلام અલ્લાહના નામ પર દિલો જાન કુર્બાન ફર્માવે છે તો ખુદા હુઝૂર ﷺના ચહેરાના સદક઼ા રૂપે અર્શથી જમીન સુધી બધુ જ નિછાવર ફર્માવે છે. હદીષે લવલાક એટલે કે "હે મહબૂબ ! જો હું તને પૈદા ન કરત તો આકાશ, પૃથ્વી પૈદા ન કરતો"માં આનો મતલબ છુપાયેલ છે. અને એટલા માટે અલ્લાહ પાસે દરેક મહાન મક઼ામ પર પોતાના નામ સાથે મહબૂબના નામને લખાવેલ છે. જેના અમુક નમૂના ભેટ રૂપે આપુ છું :–

૦૧. ઈબ્ને અસાકિરે કઅબ બિન અહબારથી રિવાયત કરી છે કે આદમ علیہ السلامએ પોતાના પુત્રને વસિયત ફર્માવી કે મારા બાદ તું મારો ખલીફા છે જેથી ઝિક્રે ખુદાની સાથે ઝિક્રે મુસ્તફા ﷺ કરજે. કારણ કે મેં આસ્માનનો ચક્કર લગાડયો તો જોયું કે આસ્માનના દરેક કિનારા પર હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું નામ લખેલ છે, મારા રબે મને જ્યારે જન્નતમાં ઠહેરાવ્યો તો જન્નતના દરેક મહેલ અને રૂમ તથા હુરોની પેશાની તથા જન્નતના દરેક ઝાડ અને દરેક તેના પાંદડાં અને સિદ્રાના દરેક પાંદડાં અને તુબા ઝાડ હજબની આજુબાજુ અને ફરિશ્તાઓની આંખો વચ્ચે હુઝૂર ﷺનું નામ લખેલ છે, જેથી આપના ઝિક્રથી ગાફિલ ન રહેજે ! કારણ કે ફરિશ્તાઓ પણ તે મુઅઝ્ઝમ નબી ﷺનો ઝિક્ર કરે છે. *(ખસાઈસે કુબ્રા, ૧/૭)*

૦૨. ઈબ્ને અસાકિરથી મરવી હુઝૂર ﷺએ ફર્માવ્યું, જન્નતના દરવાજા પર **"લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"** લખાયેલ છે.

૦૩. અબૂ નુઐમ હિલયતુલ ઔલિયામાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રાવી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જન્નતનું કોઈ ઝાડ, કોઈ પાંદડું એવું નથી જેના પર **"લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"** લખેલ ન હોય. (ﷺ)

૦૪. ઈબ્ને અસાકિર હઝરત અલી كرم الله تعالى وجهه الكريم થી રિવાયત કરે છે કે હુઝૂર عليه الصلوة والسلام એ ફર્માવ્યું, "હું જે આસ્માનથી ગુજર્યો ત્યાં અને અર્શ પર મારું નામ લખેલું જોયું."

૦૫. ઈમામ તબ્રાની હઝરત ઓબાદા બિન સામિતથી રાવી કે હુઝૂર صلى الله عليه وسلم એ ફર્માવ્યું, હઝરત સુલૈમાન عليه السلام ની અંગૂઠીના નગીના પર **"લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"** કોતરાવેલુ હતું." (صلى الله عليه وسلم)

૦૬. ઈમામ તબ્રાની હઝરત જાબિર رضى الله عنه થી રિવાયત કરે છે કે હુઝૂર صلى الله عليه وسلم એ ફર્માવ્યું, હઝરત આદમ عليه السلام ના બંનેવ ખભાની વચ્ચે **"મુહમ્મદુર્રસૂલુલ્લાહ ખાતમુન્નબીય્યીન"** લખેલુ હતું. *(ખસાઈસે કુબ્રા)*

**મુશ્કબૂ ઝુલ્ફસે રુખ ચેહરે સે બાલો મેં શુઆઅ**
**મોઅજિઝા હૈ હલબે ઝુલ્ફ વ તતારે આરિઝ**

*(મુશ્કબૂ = ખૂશ્બૂદાર, ઝુલ્ફ = વાળ, રુખ = ચહેરો, શુઆ = પ્રકાશ, હલબે ઝુલ્ફ = કાળી ઝુલ્ફો, તતાર = લેપ)*

**અર્થાત :** હુઝૂર عليه الصلوة والسلام ની સુગંધિત ઝુલ્ફોથી ચહેરો ખૂશ્બુદાર છે અને ચહેરાની ચમકથી ઝુલ્ફો ચમકે છે, તો કાળી ઝુલ્ફો અને ચમકદાર ચહેરો મો'જિઝો છે.

**હક઼્ક઼ને બખ્શા હૈ કરમ નઝરે ગદાયાં હો કુબૂલ**
**પ્યારે ઈક દિલ હૈ વો કરતે હૈં નિષારે આરિઝ**

*(હક઼્ક઼ = ખુદા, બખ્શા = આપ્યું, કરમ = સખાવત, નઝરે ગદાયાં = ગુલામોનો તોહફો, નિષાર = કુર્બાન)*

**અર્થાત :** હે મારા આક઼ા ! صلى الله عليه وسلم અલ્લાહ તઆલાએ આપને સખાવત અતા કરી છે, અમારી પાસે તો એક દિલ જ છે જે આપ પર કુર્બાન કરીએ છીએ આપ ગુલામોની આ ભેટને સ્વીકારો !

**આહ બે માયગીયે દિલ કે 'રઝા'એ મોહતાજ**
**લે કે એક જાન ચલા બેહરે નિષારે આરિઝ**

*(આહ = અફસોસ, બે માય ગિયે દિલ = દિલની ગરીબી, ઈક = એક, બેહેરે નિષાર કુર્બાન કરવા માટે)*

**અર્થાત :** હાય અફસોસ ! મારા દિલની મુફલિસી કે રઝા ગરીબ છે, મારી પાસે કશું નથી, આપના રુખ્સાર પર કુર્બાન કરવા ચાલ્યો છે એક જાન (પ્રાણ) લઈને.

આશિક઼ોની આદત હોય છે કે મહબૂબ પર સર્વ કુર્બાન કરીને પણ તેને કશું સમજતા નથી બલ્કે બીજુ કુર્બાન કરવાની ઈચ્છા રહે છે. ઈન્સાન માટે સૌથી કિંમતી વસ્તુ જાન છે તે છે તો બધુ છે અને તે નથી તો કશું જ નથી ! તેને કુર્બાન કરીને પણ આશિક઼ો કહે છે કે કશું કુર્બાન કર્યું જ નથી ! બીજી જગ્યાએ આ'લા હઝરત رحمة الله عليه ફર્માવે છે :–

*કરું તેરે નામ પે જાં ફિદા–ન બસ એક જાં દો જહાં ફિદા*
*દો જહાં સે ભી નહીં જી ભરા –કરું કયા કરોળોં જહાં નહીં*

હઝરત શૈખ સઅદી رحمة الله عليه ફર્માવે છે :–

*યક જાં ચે કુનદ સઅદિયે મિસ્કીન કે દો સદ્ જાન–સાઝૈમ ફિદાએ સગે દરબાને મુહમ્મદ (صلى الله عليه وسلم)*

એક જાનથી ગરીબ સઅદી શું થાય ?! બસો જાન હોય તો સઅદી હુઝૂર رحمة الله عليه ના દરબાન કૂતરા પર કુર્બાન કર !

## (નઅત શરીફ : ૨૦)

**તુમ્હારે ઝર્રે કે પરતવ સિતારહાએ ફલક**
**તુમ્હારે નઅલ કી નાક઼િસ મષલ ઝિયાએ ફલહ**

*(પરતવ = પડછાયો, સિતારહા = તારાઓ, ફલક = આકાશ, નઅલ = જુતા મુબારક, નાક઼િસ = અધૂરી, મષલ = કહાવત, ઝિયાએ ફલક = આકાશની રોશની)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપના મામૂલી ઝર્રાઓનો પડછાયો આકાશના તારા છે અને આપની નાલૈન પાકની અદના મિષાલ આકાશની રોશની છે. આ શેઅરમાં હદીષે પાક : **اَوَّلَ مَا خَلَقَ اللّٰهُ نُوْرِیْ وَکُلُّ خَلَائِقِ مِّنْ نُوْرِیْ** તરફ ઈશારો છે કે સૌથી પહેલાં હુઝૂર ﷺના નૂરને બનાવવામાં આવ્યું. અને પછી દરેક મખ્લૂક હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નૂરથી પૈદા કરવામાં આવી. તો દરેક વસ્તુમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નૂરનો સાયો છે. *(વધુ વિગત માટે જુઓ આ'લા હઝરતની કિતાબ ''સલાતુસ્સફા ફી નૂરિલ મુસ્તફા ﷺ'')*

**અગરચે છાલે સિતારોં સે પળ ગએ લાખોં**
**મગર તુમ્હારી તલબમેં થકે ન પાએ ફલક**

*(તલબ = તલાશ, થકે = થાક્યા, પાએ ફલક = આકાશના પગ)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આકાશ આપની તલાશમાં ફરી રહ્યું છે પરંતુ તેના પગ થાક્તા નથી ભલે લાખો તારાઓના રૂપમાં છાલાં પડી ગયાં છે.

**સરે ફલક ન કભી તાબા આસ્તાં પહુંચા**
**કે ઈબ્તેદાએ બંલદી થી ઈન્તેહાએ ફલક**

*(સરે ફલક = આકાશનું માથુ, તાબા આસ્તાં = ચોખટ સુધી, ઈબ્તેદાએ બુલંદી = ઊંચાઈની શરૂઆત, ઈન્તેહાએ ફલક = આકાશની આખરી હદ)*

**અર્થાત :** આકાશનું માથુ કદી હુઝૂર علیہ الصلوٰۃ والسلامના આસ્તાના સુધી નથી પહોંચી શકતુ, કારણ કે જ્યાં આકાશની ઊંચાઈ પૂરી થાય છે ત્યાંથી હુઝૂર ﷺની ઊંચાઈ શરૂ થાય છે, કેમ કે આપ આકાશની ઉપર અર્શે આ'ઝમ અને લામકાં સુધી પહોંચ્યા છે.

**યે મિટ કે ઉનકી રવિશ પર હુવા ખૂદ ઉનકી રવિશ**
**કે નક઼્શે પા હૈ ઝમીં પર ન સૌતે પાએ ફલક**

*(મટકે = મટીને, કુર્બાન થઈને, રવિશ = ચાલ, નક઼્શે પા = પગનું નિશાન, સૌતે પાએ ફલક = આકાશના પગોનો અવાજ)*

**અર્થાત :** આ આકાશ આપની ઉપર કુર્બાન થઈને હુઝૂર ﷺની ચાલ બની ગયો કે જમીન પર હુઝૂર

ﷺ પગ મૂકે તો ક઼દમનાં નિશાન ન ઉભરે અને આકાશ ચાલે તો તેના પગનો અવાજ ન આપે.

**તુમ્હારી યાદમેં ગુઝ઼રી થી જાગતે શબભર**
**ચલી નસીમ હૂએ બંદ દીદહાએ ફ઼લક**

*(શબભર = આખી રાત, નસીમ = સવારની ઠંડી હવા, દીદહા = આખોં)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપની યાદમાં આખી રાત જાગતાં ગુજરી કે આકાશની આંખો ખુલ્લી હતી એટલે તારા ઝગમગી રહ્યા હતા જ્યારે સવારની ઠંડી હવા ચાલી તો આકાશની આંખો બંધ થઈ ગઈ, એટલે કે તારા છુપાઈ ગયા.

**ન જાગ ઉઠેં કહીં અહલે બક઼ીઅ કચ્ચી નીંદ**
**ચલા યે નર્મ ન નિકલી સદાએ પાએ ફ઼લક**

*(ન જાગ ઉઠેં = જાગી ન જાય, એહલે બક઼ીઅ = મદીના શરીફ઼માં આવેલ ક઼બ્રસ્તાન બક઼ીઅમાં દફ઼ન થયેલા,*
*કચ્ચી = કાચી, નીંદ = ઊંઘ)*

**અર્થાત :** ક્યાંક ઊંઘથી જાગી ન જાય બક઼ીઅવાળા, આકાશ એવી ચાલ ચાલ્યો કે પગનો અવાજ નીકળ્યો નહીં.

**યે ઉનકે જલ્વાને કીં ગર્મિયાં શબે અસ્રા**
**કે જબસે ચર્ખ઼મેં હૈં નુક઼રા વ તિલાએ ફ઼લક**

*(શબે અસ્રા = મેઅરાજની રાત, ચર્ખ઼ = ચક્કર, ગરદિશ, નુક઼રા = ચાંદી, તિલા = સોનેરી, ગર્મિયાં = જોશ)*

**અર્થાત :** મેઅરાજની રાતે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના જલ્વાથી જોશ પેદા થઈ ગયો જેના કારણે આકાશમાં સફેદી અને સોનેરી સૂરતો દેખાવા લાગી.

**મેરે ગનીને જવાહિર સે ભર દિયા દામન**
**ગયા જો કાસએ મહ લેકે શબ ગદાએ ફ઼લક**

*(ગની = માલદાર, જવાહિર = મોતીઓ, કાસા = પ્યાલો, મહ = ચાંદ, શબ = રાત, ગદાએ ફ઼લક = ફ઼ક઼ીર આકાશ)*

**અર્થાત :** મારા આક઼ા علیہ الصلوٰۃ والسلام ની બારગાહમાં મેઅરાજની રાતે આકાશ ગદા બનીને ચાંદનો પ્યાલો લઈ પહોંચ્યું તો હુઝૂર ﷺએ મોતીઓથી તેનો દામન ભરી દીધો.

**રહા જો ક઼ાનેએ યક નાને સોખ્તા દિનભર**
**મિલી હુઝૂર સે કાને ગોહર જઝ઼ાએ ફ઼લક**

*(કાનેઅ = સબ્ર કરનાર, યક = એક, નાને સોખ્તા = બળેલી રોટલી, કાને ગોહર = મોતીઓની ખાણ, જઝ઼ા = બદલો)*

**અર્થાત :** આકાશ દિવસભર એક બળેલી રોટલી (સૂરજ) પર સબ્ર કરતું તો તેના બદલામાં હુઝૂર ﷺની બારગાહથી હીરાની ખાણ મળી, એટલે કે લાખો તારા મળ્યા.

**તજમ્મુલે શબે અસ્રા અભી સિમટ ન ચુકા**
**કે જબ સે વૈસે હી કોતલ હૈં સબ્ઝહાએ ફલક**

*(તજમ્મુલે = ધુમધામ, શબે અસ્રા = મેઅરાજની રાત, સિમટ ન ચુકા = પૂરી નથી થઈ, કોતલ = તે ઘોડો જે અમીરોની આગળ આગળ સજાવીને ચલાવવામાં આવે છે, સબ્ઝહા = હરીયાળીઓ)*

**અર્થાત :** મેઅરાજની રાતે હુઝૂર ﷺના સ્વાગતમાં જે સજાવટો આકાશમાં કરવામાં આવી હતી તે ઉતારી લેવામાં નથી આવી બલ્કે ત્યારથી આજ સુધી તે સજાવટો એવી ને એવી જ છે.

**ખિતાબે હક઼ ભી હૈ દર બાબે ખલ્ક઼ મિન અજલિક**
**અગર ઈધર સે દમે હમ્દ હૈ સદાએ ફલક**

*(ખિતાબે હક઼ = ખુદાનું એલાન, દર બાબે ખલ્ક઼ = મખ્લૂક઼ના બયાનમાં, મિન અજલિક = તારા કારણે, હદીષનો ટુકડો છે, દમે હમ્દ = તારીફનો શ્વાસ, સદા = અવાજ)*

**અર્થાત :** ખુદાનું ફર્માન છે, હે મહબૂબ ! તારા કારણે જ મેં બધી મખ્લૂક઼ પેદા કરી, જો તું ન હોત તો ન પૃથ્વી હોત ન આકાશ, આ ફર્માન સામે આકાશનો અવાજ દરેક શ્વાસમાં ખુદાનો શુક્રિયા અદા કરે છે.

**યે અહલે બૈત કી ચક્કી સે ચાલ સિખી હૈ**
**રવાં હૈ બે મદદે દસ્ત આસ્યાએ ફલક**

*(અહલે બૈત = હુઝૂર ﷺની આલ, મુરાદ સૈયદા ફાતિમા رضی اللہ عنہا, ચક્કી = દાણા દળવાની ઘંટી, રવાં હૈ = ચાલુ છે, બેમદદે દસ્ત = હાથની મદદ વગર, આસ્યા = ઘંટી)*

**અર્થાત :** હઝરત ફાતિમા رضی اللہ عنہاની ચક્કીથી ચાલ શીખી છે કે વગર હાથની મદદે આકાશની ચક્કી ચાલી રહી છે.

**'રઝા' યે નઅતે નબીને બુલંદિયાં બખ્શી**
**લક઼બ ઝમીને ફલક કા હુવા સમાએ ફલક**

**અર્થાત :** હે રઝા ! નઅતે નબીએ એક ઊંચાઈ આપી કે જમીનના આકાશનું નામ પણ સમાએ ફલક એટલે આકાશોનું પ્રથમ આકાશ થઈ ગયું.

## (નઅત શરીફ઼ : ૨૧)

**કયા ઠીક હો રુખે નબ્વી પર મિષાલે ગુલ**
**પામાલ જલ્વએ કફ઼ેપા હૈ જમાલે ગુલ**

*(કયા ઠીક હો = શું યોગ્ય થઈ શકે, રુખે નબ્વી = હુઝૂર علیہ الصلوٰۃ والسلام નો મુબારક ચહેરો, મિષાલ = કહાવત, દષ્ટાંત, પામાલ = તબાહ, જલ્વએ કફ઼ેપા = તલ્વાની ચમક, જમાલે ગુલ = ફૂલની સુંદરતા)*

**અર્થાત :** શું હુઝૂર علیہ الصلوٰۃ والسلامના રુખે પાક સાથે ફૂલની મિષાલ (સરખામણી) યોગ્ય થઈ શકે છે ? આ સરખામણી યોગ્ય નથી કારણ કે ફૂલની સુંદરતા તો આપ ﷺના તલ્વા મુબારકની ખૈરાત છે તો આ દષ્ટાંત હુઝૂર ﷺના ચહેરા સાથે કેવી રીતે ફીટ થાય ?!

**જન્નત હૈ ઉનકે જલ્વે સે જોયાએ રંગો બૂ**
**અય ગુલ હમારે ગુલ સે હૈ ગુલ કો સુવાલે ગુલ**

*(જોયાએ = ઢુંઢનાર, રંગો બૂ = રંગ અને ખૂશ્બૂ, અય ગુલ = હે ફૂલ !,*
*હમારે ગુલ = અમારા ફૂલ, મુરાદ અમારા નબી ﷺ, સુવાલે ગુલ = ફૂલનો સવાલ)*

**અર્થાત :** જન્નત હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જલ્વાથી સુંદરતા માંગે છે તો હે ફૂલો ! એટલે કે હે હુસ્નવાળાઓ ! ફૂલ અમારા નબી ﷺથી ફૂલોની સુંદરતા માગે છે.

મવાહિબે લદુન્નિયામાં છે કે શબે મેઅરાજ આપ ﷺ અર્શે આ'ઝમથી પાછા ફર્યા તો આપનો પસીનો (પરસેવો) જમીન પર પડયો જેથી જમીન ખુશ થઈને હસી જેનાથી ગુલાબનું ફૂલ પેદા થયું.

**ઉનકે ક઼દમ સે સિલ્અએ ઘાલી હૂઈ જેના**
**વલ્લાહ મેરે ગુલ સે હૈ જાહો જલાલે ગુલ**

*(સિલ્અએ ઘાલી = કિંમતી સામાન, હદીષ શરીફ઼માં જન્નતને સિલ્અએ ઘાલી કહેવામાં આવી છે,*
*જેના = જન્નત, વલ્લાહ = અલ્લાહની ક઼સમ, જાહોજલાલ = શાનો શૌકત)*

**અર્થાત :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મુક઼દ્દસ ક઼દમના સદક઼ામાં જન્નત ખૂબ કિંમતી જગ્યા બની ગઈ અને અલ્લાહની ક઼સમ ! મારા ફૂલ હુઝૂર ﷺના સદક઼ામાં જ ફૂલોની ઈજ્જત અને શાન છે.

**સુનતા હૂં ઈશ્કે઼ શાહ મેં દિલ હોગા ખૂંફ઼િશા**
**યા રબ ! યે મુઝ્દહ સચ હો મુબારક હો ફ઼ાલે ગુલ**

*(ઈશ્કે઼ શાહ = બાદશાહનો પ્રેમ, ખૂંફ઼િશા = લોહી ટપકાવનાર, મુઝ્દહ = ખુશખબરી, ફ઼ાલે ગુલ = ફૂલની પેશનગોઈ, ભવિષ્યવાણી)*

**અર્થાત :** સાંભળું છું કે ઈશ્કે઼ મુસ્તફ઼ા ﷺમાં દિલ લોહીનું નઝરાણુ પેશ કરે છે, હે મારા રબ ! આ ખુશ ખબરી સાચી હોય અને ફૂલની ભવિષ્યવાણી મુબારક થાય.

**બુલબુલ હરમ કો ચલ ગમે ફ઼ાની સે ફ઼ાયદા**
**કબ તક કહેગી હાય વો ગુન્ચા વો લાલે ગુલ**

*(હરમ = મક્કા–મદીના, ગમે ફ઼ાની = ફ઼ના થનાર, ગમ = ગુન્ચા : કલી, લાલે ગુલ = ફૂલની લાલી)*

**અર્થાત :** હે બુલબુલ ! મદીના શરીફચાલ ! ફ઼ાની ગમોથી કશો ફાયદો થવાનો નથી. તું ક્યાં સુધી હાય કલી ! અને હાય ફૂલ ! ક્યાં સુધી કરીશ ?! હુઝૂર ﷺની બારગાહમાં પહોંચી જા તો બધા ગમ ભૂલી જઈશ.

**ગમગીન હૈ શૌક઼ે ગ઼ાઝએ ખાકે મદીનામેં**
**શબનમ સે ધુલ સકેગી ન ગર્દે મલાલે ગુલ**

*(ગમગીન = દુ:ખી, ગાઝા = પાવડર, ખાકે મદીના = મદીના શરીફની પાક માટી, શબનમ = ઝાકળ,*
*ધુલ સકેગી = ધોવાઈ શક્શે, ગર્દ = ધૂળ, મલાલ = દુ:ખ)*

**અર્થાત :** ખાકે મદીનાના પાવડર લગાડવાના શોખમાં દુ:ખી છે અને ફૂલો પર આ દુ:ખની ધૂળ પડી છે તે ઝાંકળથી ધોવાઈ જવાની નથી, જ્યારે તેની ઈચ્છા પૂરી થશે ત્યારે જ તે ધૂળ ધોવાશે.

**બુલબુલ યે ક્યા કહા મૈં કહાં ફ઼સ્લે ગુલ કહાં ?!**
**ઉમ્મીદ રખ કે આમ હૈ જુદો નવાલે ગુલ**

*(યે ક્યા કહા = બુલબુલે આ શું કહ્યું ?! મૈં કહાં ફ઼સ્લે ગુલ કહાં ? = ક્યાં હું અને વસંતઋતુ ક્યાં ?!,*
*આમ હૈ = સર્વ વ્યાપી, બધા જ માટે છે, જુદો નવાલ = મહેરબાની, સખાવત)*

**અર્થાત :** હે બુલબુલ ! આ તેં શું કહ્યું કે હું ક્યાં અને ક્યાં (વસંતઋતુ) બહારે મદીનામાં ?! ઉમ્મીદ રાખ, હુઝૂર علیہ الصلوٰۃ والسلام ઘણા સખી અને મહેરબાન છે. આપ રહમતુલ્ લિલ આલમીન ﷺ સર્વ માટે દયાળુ છે, આપ મને જરૂર મદીના શરીફ બોલાવશે.

**બુલબુલ ઘિરા હૈ અબ્રેવિલા મુઝદહ હો કે અબ**
**ગિરતી હૈ આશિયાને પે બર્કે઼ જમાલે ગુલ**

*(ઘિરા હૈ = ઘેરાયેલ છે, અબ્રે વિલા = મહોબ્બતનાં વાદળ, મુઝદા હો = ખુશ ખબરી થાય,*
*આશિયાના = મકાન, માળો, બર્કે઼ જમાલે ગુલ = ફૂલની સુંદરતાની વીજળી)*

**અર્થાત :** હે બુલુબલ ! જો મહોબ્બતનાં વાદળો ઘેરાવા લાગ્યાં છે. તને મુબારક થાય કે હવે તારા મહબ્બતે રસૂલના મકાન પર ફૂલ યા'ની હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જમાલની વીજળી પડવાની છે.

**યા રબ ! હરા ભરા રહે દાગે જિગર કા બાગ**
**હર મહ મહે બહાર હો હર સાલ સાલે ગુલ**

*(દાગે જિગર કા બાગ = જિગરના દાગનો બાગ એટલે કે પ્રેમનો બગીચો, મહ = મહીનો,*
*મહે બહાર = વસંતનો મહીનો, સાલે ગુલ = ફૂલોનું વર્ષ)*

**અર્થાત :** હે અલ્લાહ ! મારા દિલમાં હુઝૂર ﷺની મહોબ્બતનો બાગ હમેશાં લીલોછમ રહે અને દરેક

મહીનો અને દરેક વર્ષ વસંત ઋતુ રહે જેથી મહોબ્બતનાં ફૂલ ખિલતાં રહે.

**રંગે મિઝાં સે ફરકે ખજલ યાદે શાહ મેં**
**ખીંચા હૈ હમને કાંટો પે ઈત્રે જમાલે ગુલ**

*(રંગે મિઝાં = પલકનો રંગ, ખજલ = શરમિંદા = ઈત્રે જમાલે ગુલ = ફૂલની સુંદરતાનો રસ)*

**અર્થાત :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامની યાદમાં આંખોની પલકોના ન રડવાનાં કારણે શર્મિંદા થઈને મેં કાંટાઓ પર ફૂલોની સુંદરતાનું અત્તર લગાડી આંખોમાં લગાડી લીધું.

**મૈં યાદ શહમેં રોઊં અનાદિલ કરે હુજૂમ**
**હર અશ્કે લાલ ફામ પે હો એહતેમાલે ગુલ**

*(યાદે શહ = બાદશાહની યાદ, અનાદિલ = અન્દલીબનુ બહુવચન અર્થ બુલબુલો, હુજૂમ = ભીડ,*
*અશ્ક = આંસૂં, લાલા ફામ = લાલ રંગના ચહેરાવાળો, એહતેમાલ = શંકા કુશંકા)*

**અર્થાત :** હે અલ્લાહ ! મને તૌફીક આપ કે હું હુઝૂર શાહે અરબ صلی اللہ علیہ وسلمની યાદમાં એટલો રડું કે મારા લાલ આંસૂંમાં ફૂલની શંકા થઈ જાય અને બુલબુલો તેને ફૂલ સમજીને ભીડ જમાવી દે.

**હૈં અક્સે ચેહરા સે લબે ગુલ ગૂં મેં સુર્ખિયાં**
**ડૂબા હૈ બદ્રે ગુલ સે શફક મેં હિલાલે ગુલ**

*(અક્સ = પડછાયો, લબે ગુલ ગૂં = લાલ રંગના ફૂલ જેવા હોટ, સુર્ખિયાં = લાલીઓ, બદ્ર = ચૌદમીનો પૂરો ચંદ્ર,*
*શફક = સૂર્ય ડૂબવાના સમયે પશ્ચિમ દિશામાં આકાશ પર દેખાતી લાલી, હિલાલ = પહેલો બારીક ચાંદ)*

**અર્થાત :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ચહેરાએ વદુહાની ચમકના પડછાયાની લાલી ગુલાલ જેવા હોઠો પર છે અને એવું લાગુ છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمના ગુલાબ જેવા પૂરા ચાંદ બદ્રની લાલીમાં હોઠનો હિલાલ ડૂબી રહ્યો છે.

**નઅતે હુઝૂર મેં મુતરન્નિમ હૈ અન્દલીબ**
**શાખોં કે ઝુમન સે અયાં વજ્દો હાલે ગુલ**

*(મુતરન્નિમ = ગાનાર, ગાયક, અન્દલીબ = બુલબુલ, શાખોં = ડાળીઓ, અયાં = જાહેર, વજ્દો હાલ = બેખૂદ થઈને ઝુમવું)*

**અર્થાત :** હુઝૂર صلی اللہ علیہ وسلمની નઅતો બુલબુલો પઢી રહી છે અને બગીચાના છોડવાઓની ડાળીઓ ઝુમી રહી છે અને ફૂલોને વજદ આવી રહ્યો છે અને નઅતે હુઝૂર علیہ الصلوٰۃ والسلام સાંભળી બેખૂદ થઈ ગયાં છે.

**બુલબુલ ગુલે મદીના હમેશા બહાર હૈ**
**દો દિન કી હૈ બહાર ફના હૈ મઆલે ગુલ**

*(ગુલે મદીના = મદીના શરીફનાં ફૂલ, બહાર = વસંત ઋતુ, મઆલ = અંજામ)*

**અર્થાત :** હે બુલબુલો ! મદીના શરીફ આવી જાવ ! અહીંયાં હમેશાં બહાર (વસંતઋતુ) રહે છે, બાકી બીજી જગ્યાએ થોડાક દિવસ બહાર હોય છે અને છેવટે ખિઝાં (પાનખર ઋતુ) આવે છે.

**શૈખૈન ઈધર નિષાર, ગની વ અલી ઉધર**
**ગુન્ચા હૈ બુલ બુલોં કા યમીનો શિમાલે ગુલ**

*(શૈખૈન = બે બુઝુર્ગો, હદીષની પરીભાષામાં હઝરત અબૂબક્ર સિદ્દીક઼ અને હઝરત ઉમર ફ઼ારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہما, નિષાર = કુર્બાન, ગની = હઝરત ઉષ્માન رضی اللہ عنہ, અલી = અલી મુશ્કિલકુશા کرم اللہ وجہہ الکریم, યમીન = જમણી બાજુ, શિમાલ = ડાબી બાજુ)*

**અર્થાત :** હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર رضی اللہ عنہما એક બાજુ હુઝૂર ﷺ પર કુર્બાન થવા ઊભા છે તો બીજી બાજુ હઝરત ઉષ્માન ગની અને હઝરત અલી رضی اللہ عنہما ઊભા છે, જાણે કે ગુલ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની જમણી ડાબી બાજુ બુલબુલો ભીડ લગાડી રહ્યાં છે.

**ચાહે ખુદા તો પાએંગે ઈશ્ક઼ે નબી મેં ખુલ્દ**
**નિકલી હૈ નામએ દિલ પુર ખૂં મેં ફ઼ાલે ગુલ**

*(ચાહે = ઈચ્છે, ખુલ્દ = જન્નત, નામા = કાગળ, પુરખૂં = લોહીથી ભરેલ દિલ, ફ઼ાલ = પેશન ગોઈ)*

**અર્થાત :** ખુદા પાક ચાહશે તો જરૂર જન્નત મળશે. ઈશ્ક઼ે નબી ﷺના સદક઼ામાં દિલના કાગળ પર ફૂલની પેશનગોઈ નીકળી છે.

**કર ઉસકી યાદ જિસસે મિલે ચૈન અન્દલીબ**
**દેખા નહીં કે ખારે અલમ હૈ ખયાલે ગુલ**

*(ચૈન = આરામ, ખારે અલમ = દુ:ખના કાંટા)*

**અર્થાત :** હે બુલબુલ ! તેની યાદ કર જેનાથી આરામ મળે છે. તેં જોયું નથી કે દુ:ખના કાંટા એટલે કે હુઝૂર ﷺની યાદમાં તડપવાથી ગુલ હુઝૂર علیہ الصلوٰۃ والسلام નો ખયાલ પૈદા થાય છે.

**દેખા થા ખ્વાબે ખારે હરમ અન્દલીબને**
**ખટકા કિયા હૈ આંખ મેં શબભર ખયાલે ગુલ**

*(ખારે હરમ = મક્કાનો કાંટો, ખટકા કિયા = ચૂભતો રહ્યો, શબભર = રાતભર)*

**અર્થાત :** બુલબુલે મક્કાના કાંટાનું સ્વપ્નું જોયું અને આખી રાત આંખમાં ફૂલનો ખયાલ ચૂભતો રહ્યો, કારણ કે જ્યારે કાંટો યાદ આવે એટલે ફૂલ યાદ આવવાનું જ છે.

**ઉન દો કા સદક઼ા જિનકો કહા મેરે ફૂલ હૈં**
**કીજીએ "રઝા" કો હશ્ર મેં ખંદા મિષાલે ગુલ**

*(ઉન દો = તે બે, મુરાદ હઝરત હસન તથા હુસૈન رضی اللہ عنہما, ખંદા = હસતો, મિષાલે ગુલ = ફૂલ જેવો)*

જેમને આપે પોતાનાં ફૂલ કહ્યા, તેમનો સદક઼ો અહમદ રઝાને હશ્રના દિવસે ફૂલ જેવો હસતો રાખજો. હુઝૂર ﷺએ ફ઼ર્માવ્યું, "હસન તથા હુસૈન મારાં બે ફૂલ છે." *(હદીષ)*

## (નઅત શરીફ઼ : ૨૨)

**સર તા બક઼દમ હૈ તને સુલ્તાને ઝમન ફૂલ**
**લબ ફૂલ, દહન ફૂલ, ઝક઼ન ફૂલ, બદન ફૂલ**

*(સર તા બક઼દમ = માથાથી પગ સુધી, તન = શરીર, સુલ્તાને ઝમન =સમયનો બાદશાહ, લબ = હોઠ, દહન = મોઢું, ઝક઼ન = દાઢીના નીચેનો ભાગ, બદન = શરીર, ફૂલ = પુષ્પ)*

**અર્થાત :** સુલ્તાને ઝમાના શાહે મદીનાનું બદન માથાથી પગ સુધી ફૂલ જેવું સુગંધિત, સુંદર, લતીફ, નરમ નાઝુક છે. હોઠ, મોઢું, હડપચી બધું શરીર ફૂલ છે.

હુઝૂર ﷺના જિસ્મેપાકને ફૂલ કહેવામાં આવ્યું છે કારણ કે ફૂલ લતીફ એટલે નરમ, નાઝુક, મુલાયમ, સાફ સુથરુ, ખુશ્બુદાર હોય છે, હુઝૂર علیہ الصلوٰۃ والسلام પણ એવા જ હતા બલ્કે આપ સર્વ મખ્લૂક઼થી વધુ લતીફ હતા. ઈમામે રબ્બાની મુજદિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : મખ્લૂક઼માં હુઝૂર ﷺથી વધારે કોઈ વસ્તુ લતીફ નથી કારણ કે ખુદા પાકે આપનો પડછાયો નથી બનાવ્યો, કેમ કે સાયો દરેક વસ્તુનો તે વસ્તુ કરતાં વધારે લતીફ હોય છે, જો આપનો સાયો હોત તો આપના શરીરથી લતીફ હોત, પરંતુ આપના શરીરથી વધુ કોઈ ચીજ લતીફ નથી એટલે આપનો સાયો નથી.

### હુઝૂર ﷺના જિસ્મ મુબારકના સુગંધિત હોવાની રિવાયતો

★ હઝરત હલીમા સાદીયા رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર ﷺની મારા ઘરમાં પધરામણી બાદ બની સઅદના ક઼બીલાના દરેક ઘરમાંથી કસ્તૂરીની જેમ ખુશ્બુ આવતી હતી. *(સુબુલુલ હુદા, પેજ–૪૭૭)*

★ હઝરત આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે હુઝૂર ﷺની પેદાઈશ વખતે આખુ ઘર સુગંધિત થઈ ગયું.

★ હઝરત અનસ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પોતાના ઘર મુબારકથી મસ્જિદે નબવીમાં આવવા માટે નીકળતા તો સહાબાએ કિરામને આપની ખુશ્બુથી ખબર પડી જતી હતી.

*(દારમી, બયહક઼ી, અબૂ યઅલા, બઝ્ઝાઝ)*

★ ઈબ્રાહીમ નખઈ رحمۃ اللہ علیہ થી રિવાયત છે કે સહાબીઓ રાત્રીના અંધારામાં હુઝૂર ﷺને ખુશ્બુથી ઓળખી લેતા હતા. *(દારમી)*

★ હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام જે રસ્તાથી પસાર થતા હતા તે આપની ખુશ્બુથી સુગંધિત થઈ જતો હતો. દરેક રાહદારી જાણી લેતો હતો કે હુઝૂર ﷺ અહિયાંથી પસાર થયા છે.

★ હઝરત હુઝૈફા તથા યઝીદ બિન અસ્વદ رضی اللہ عنہماની રિવાયત છે, હુઝૂર ﷺના હાથ મુબારક બરફથી વધુ ઠંડો અને મુશ્ક઼થી વધારે સુગંધિત હતો.

★ હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના વિસાલ બાદ જ્યારે મેં ગુસ્લ આપ્યું તો આપના શરીરથી એવી ખુશ્બુ મહેકી કે એવી ખુશ્બુ મેં કદી નથી સુંઘી. *(દલાઈલુન્નબુવ્વત-૩૮૦)*

**સદકે મેં તેરે બાગ તો ક્યા, લાએ હૈં બન ફૂલ**
**ઈસ ગુંચએ દિલ કો ભી ઈમા હો કે બન ફૂલ**

*(સદકે મેં તેરે = તારા વસીલાથી, બન = જંગલ, ગુંચએ દિલ = દિલની કળી, ઈમા = ઈશારો, બન = બની જા)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપના સદકામાં બાગ બગીચાઓમાં જ નહીં બલ્કે જંગલોમાં પણ ફૂલ ઉગ્યાં છે અને વેરાન જંગલ આબાદ થયાં છે, મારા દિલની કળીને પણ ઈશારો કરી દો કે તે આપની મહોબ્બતનું ફૂલ બની જાય.

**તિન્કા ભી હમારે તો હિલાએ નહીં હિલતા**
**તુમ ચાહો તો હો જાએ અભી કોહે મિહન ફૂલ**

*(તિન્કા = તણખલુ, હિલાએ = હલાવવાથી, કોહ = પહાડ, મિહન = મહેનતનું બહુવચન, પરેશાનીઓ, તકલીફો)*

**અર્થાત :** અમારાથી તો તણખલુ પણ હલાવી શકાતુ નથી પરંતું યા રસૂલલ્લાહ ! ﷺ આપ જો ચાહો તો હમણાં જ દુઃખના પહાડ ફૂલ બની જાય, એટલે દુઃખી સુખી થઈ જાય.

આપના ઈશારાથી ચાંદ ટુકડા થયા, સૂરજ રોકાઈ ગયો અને ડૂબેલો પાછો ફર્યો, બીમારો સારા થયા, વગેરે અસંખ્ય વાકિઆ છે જેનાથી હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના ઈખ્તિયાર અને તાકતનું સબૂત મળે છે.

**વલ્લાહ જો મિલ જાએ મિરે ગુલ કા પસીના**
**માંગે ન કભી ઈત્ર ન ફિર ચાહે દુલ્હન ફૂલ**

*(વલ્લાહ = અલ્લાહની કસમ, ગુલ = ફૂલ, ઈત્ર = અત્તર, ચાહે = ઈચ્છે)*

**અર્થાત :** ખુદાની કસમ ! જો હુઝૂર ﷺ નો પસીનો (પરસેવો) મળી જાય તો શાદી માટે દુલ્હન ન તો કોઈ અત્તર (પરફ્યુમ) માંગશે ન કોઈ ફૂલોની ઈચ્છા કરશે.

## હુઝૂર ﷺ ના પસીનાનું ખુશ્બુદાર હોવા વિશે રિવાયતો

★ હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا હુઝૂર ﷺ ના પસીનાને એક શીશીમાં ભરી લેતાં હતાં અને શાદીમાં દુલ્હનોને લગાડવા માટે આપતાં હતાં અને દુલ્હનો અત્તરના બદલે હુઝૂર علیہ الصلوٰۃ والسلام નો પસીનો લગાડતી હતી કારણ કે હુઝૂર ﷺ નો પસીનો અત્તર કરતાં વધારે ખુશ્બુદાર હતો અને જો કોઈ તે પસીનાને પોતાના બદન પર લગાડી લેતો તો મરતા દમ સુધી તેના શરીરથી ખુશ્બુ જતી ન હતી.

★ એક વ્યક્તિએ હુઝૂર ﷺ ની બારગાહમાં અરજ કરી : હું મારી બેટીની શાદી કરી રહ્યો છું મારી મદદ ફર્માવો ! આપે ફર્માવ્યું, એક શીશી અને ડાળી લઈ આવ ! તે લાવ્યો તો હુઝૂર ﷺ એ પોતાના હાથ પરનો પસીનો તે શીશી ભરી દીધો અને ફર્માવ્યું, આ શીશી તારી બેટીને આપી દેજે અને કહેજે કે આ

લાકડી શીશીમાં ડૂબાડીને ખુશ્બુ લગાડે. તો તે છોકરીએ એવું જ કર્યું એના કારણે તે ઘર બૈતુલ મુતીબીન (ખુશ્બુવાળાઓનું ઘર)થી મશ્હૂર થઈ ગયું. *(ખસાઈસે કુબ્રા)*

**દિલ બસ્તા વ ખૂં ગશ્તા ન ખુશ્બૂ ન લતાફ઼ત**
**ક્યૂં ગુંચા કહૂં હૈ મેરે આક઼ા કા દહન ફૂલ**

*(દિલ બસ્તા = બંધાયેલું દિલ, ખું ગશ્તા = લોહીમાં ડૂબેલુ, લતાફ઼ત = સફાઈ, ગુંચા = ફૂલની કળી, દહન = મોઢું)*

**અર્થાત** : દિલ બાંધેલું લોહીમાં ડૂબેલું છે, ન કોઈ ખુશ્બુ છે ન સફાઈ. મારા આક઼ાના મોઢા મુબારકને કળી કેમ કરીને કહું ! આપનું મોઢું મુબારક તો ફૂલ છે. કારણ કે કળી તો બંધ હોય છે અને તે ખિલે તો ફૂલ બની જાય છે જ્યારે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام નું મોઢું મુબારક તો ખિલેલું છે અને રુશ્દો હિદાયતનાં ફૂલ વસાવી રહ્યું છે.

**શબ યાદ થી કિન દાંતોં કી શબનમ કે દમે સુબ્હ**
**શોખાને બહારી કે જળાઉ હૈં કિરન ફૂલ**

*(શબ = રાત, શબનમ = ઝાકળ, દમે સુબ્હ = સવારનો સમય, શોખાને બહારી = વસંત ઋતુની ઝિંદા દિલી, જળાઉ = ઝવેરાતથી જડેલ, કિરન = ચમક)*

**અર્થાત** : રાત્રે કયા દાંતોથી યાદ આવી રહી હતી જે સવારના શબનમ જે ચમકે છે વસંત ઋતુની ઝિંદા દિલીએ જડેલા ચમકદાર ફૂલ છે. સારાંશ કે રાત્રે હુઝૂર ﷺની મુસ્કુરાહત યાદ આવી રહી હતી કે જ્યારે હુઝૂર ﷺ મુસ્કુરાતા તો આપના મુબારક દાંત જાહેર થતાં એવું લાગતું જાણે ઝાંકળના ઉપર સૂર્યનાં કિરણ પડવાથી ચમકતી હોય છે, એવા લાગે છે હુઝૂર ﷺના દાંત મુબારક.

**દન્દાનો લબો ઝુલ્ફ વ રુખે શહ કે ફ઼િદાઈ**
**હૈં દુર્રે અદન, લઅલે યમન, મુશ્કે ખુતન ફૂલ**

*(દન્દાન = દાંતનું બહુવચન, લબ = હોઠ, રૂખે શહ = બાદશાહનો ચહેરો મુરાદ, હુઝૂર ﷺનો મુકદ્દસ ચહેરો, દુર્રે અદન = અદનનું મોતી, અદન અરબના દક્ષિણી પશ્ચિમી ખૂણામાં આવેલ ટાપુ છે, લઅલે યમન = યમનનો કિંમતી લાલ પથ્થર, મુશ્કે ખુતન = ખુતનની ખૂશ્બુ આપનાર મુશ્ક઼, ખુતન તુર્કીસ્તાનનો એક ઈલાકો જ્યાંની મુશ્ક઼ મશ્હૂર છે, ફ઼િદાઈ = કુર્બાન થનાર)*

**અર્થાત** : હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દાંત મુબારક પર અદનનાં મોતી, લબ મુબારક પર યમનના લઅલ, ઝુલ્ફ મુબારક પર ખુતનની મુશ્ક અને શાહે અરબના મુબારક ચેહરા પર ફૂલ જાન કુર્બાન કરે છે.

**બૂ હો કે નિહાં હો ગએ તાબે રુખે શહ મેં**
**લૂ બન ગએ હૈં અબ તો હસીનોં કે દહન ફૂલ**

*(બૂ = મહક, નિહાં = છુપી, તાબ = ચમક, રૂખે શહ = બાદશાહનો ચહેરો, લૂ = ગરમ હવા)*

**અર્થાત** : હુઝૂર ﷺના ચહરેએ મુબારકના સામે તમામ હસીનોના હુસ્ન સુંદરતાની ચમક મહક બનીને છુપાઈ ગઈ છે અને તેઓનાં દહન મોઢાં જે ફૂલની જેમ હતાં તે મહબૂબે ખુદા ﷺની ખુશ્બુની સામે લૂ બની ગયાં છે.

**હોં બારે ગુનાહ સે ન ખજિલ દોશે અઝીઝાં**
**લિલ્લાહ મેરી નઅશ કર અય જાને ચમન ફૂલ**

*(બારે ગુનાહ = ગુનાહનો બોજ, ખજિલ = શર્મિંદા, દોશ = ખભા, અઝીઝાં = સબંધીઓ, લિલ્લાહ = ખુદા વાસ્તે, નઅશ = લાશ, જાને ચમન = બગીચાની જાન)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ ગુનાહોના બોજ સાથે દુનિયાથી રુખ્સત થઈશ તો મારા જનાઝાને ઉઠાવનાર મારા સગા સંબંધીઓ એ બોજના કારણે શર્મિંદા ન થઈ જાય, એટલા માટે હે ચમને કાઈનાતની જાન ! અલ્લાહના વાસ્તે મારી લાશને ફૂલની જેમ ગુનાહોથી પાક કરી હલ્કી બનાવી દો.

**દિલ અપના ભી શૈદાઈ હૈ ઉસ નાખૂને પા કા**
**ઈતના ભી મહે નૌ પે ન અય ચર્ખે કોહન ફૂલ**

*(શૈદાઈ = કુર્બાન થનાર, નાખૂને પા = પગના નખ, મહે નૌ = નવો ચાંદ, પહેલો ચાંદ, ચર્ખે કોહન = જૂનો આકાશ, ફૂલ = ખુશીથી ફૂલાઈ જવું)*

**અર્થાત** : હે આકાશ ! તું નવા ચાંદને જોઈને ખુશીથી ન ફૂલાઈ જા ! મારું દિલ તો હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના મુબારક પગના ચાંદ જેવા નખ પર કુર્બાન છે !

**દિલ ખોલકે ખૂં રોલે ગમે આરિઝે શહમેં**
**નિકલે તો કહીં હસરત ખૂંનાબા શુદન ફૂલ**

*(ખૂં રોલે = લોહી રડી લે, ગમે આરિઝ = આવનાર ગમ, ખૂંનાબા = લોહીનાં આસૂં, શુદન = થવું)*

**અર્થાત** : હે મારી આંખો ! નિકટમાં મદીનાથી રવાના થવાનું છે શાહે મદીનાની જુદાઈના આવનાર ગમમાં લોહીના આસું રડી લે કે તે આસૂં ફૂલ બની જાય અને તારી હસરત નીકળી જાય.

**ક્યા ગાઝા મલા ગર્દે મદીના કા જો હૈ આજ**
**નિખરે હુએ જોબનપે ક઼યામતકી ફબન ફૂલ**

*(ગાઝા = પાવડર, મલા = લગાડયું, ગર્દે મદીના = મદીના શરીફની ધૂળ, જોબન = જવાની, સુંદરતા, ફબન = સજાવટ)*

**અર્થાત** : ફૂલોએ મદીના શરીફની ધૂળનો પાવડર લગાડી લીધો છે એટલે આજે નિખરેલી જવાનીમાં ક઼યામતની સજાવટ છે.

## મદીના શરીફની ધૂળની ફઝીલત

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, મને તે ઝાતની ક઼સમ જેના કબ્ઝામાં મારી જાન છે ! મદીના પાકની ધૂળમાં દરેક બીમારીની શિફા છે. *(ખુલાસતુલ વફા)*

જંગે તબૂક઼થી વાપસી પર ધૂળ ઉડી તો એક સહાબીએ મોઢું ઢાંકી દીધું. તો હુઝૂર ﷺ એ તેના મોઢા પરથી કપડુ હટાવી ફર્માવ્યું, મદીનાની ધૂળમાં દરેક બીમારીની શિફા છે.

**ગર્મીએ કયામત હૈ કે કાંટે હૈં ઝબાં પર**
**બુલબુલ કો ભી અય સાકી સહબા વ લબન ફૂલ**

*(કાંટે હૈં ઝબાં પર = પ્યાસના કારણે જીભ સુકાઈ ગઈ છે, સાકી = પીવડાવનાર, સહબા = સફેદ દ્રાક્ષની શરાબ, લબન = દૂધ)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ કયામત કાયમ થઈ ગઈ છે, પ્યાસના કારણે ઝબાનો કાંટા થઈ ગઈ છે, તમારાં ગીત ગાનાર બુલબુલ ગુલામોને હોઝે કૌષરથી પવાડાવીને પ્યાસ મટાડો !

**હો કૌન કે ગિર્યા કરે યા ફાતેહા કો આએ**
**બેકસ કે ઉઠાએ તેરી રહમત કી ભરન ફૂલ**

*(ગિર્યા = રૂદન કરવું, ફાતેહા = મર્હૂમ માટે મગફેરતની દુઆ, બેકસ = મોહતાજ, ભરન = તેજ વરસાદ)*

**અર્થાત** : મારા મોહતાજનું કોણ છે જે રડે અથવા કબ્ર પર આવી ફાતેહા પઢે ! આપની રહમતનાં ફૂલ ભાદરવાના વરસાદની જેમ વરસી જાય તો મારું કામ થઈ જાય.

**દિલ ગમ તુઝે ઘેરે હૈં ખુદા તુઝકો વો ચમકાએ**
**સૂરજ તેરે ખિરમન કો બને તેરી કિરન ફૂલ**

*(ઘેરે હૈં = ઘેરી લીધેલ છે, ખિરમન = ખલયાન જ્યાં અનાજ કાઢવામાં આવે છે, કિરન = ચમક)*

**અર્થાત** : દિલ તને ગમે ઘેરી લીધું છે, ખુદા તને એવું ચમકાવશે કે સૂરજ તારી ખળીના ફૂલોની એક કિરણ બની જશે.

**ક્યા બાત 'રઝા' ઉસ ચમનિસ્તાને કરમ કી**
**ઝહ્‌રા હૈ કલી જિસમેં હુસૈન ઔર હસન ફૂલ**

*(ચમનિસ્તાન = બાગ, કરમ = સખાવત, ઝહ્‌રા = હઝરત ફાતિમા બિન્તે રસૂલનો મુબારક લકબ, અર્થ જન્નતની કળી, હુસૈન–હસન = હુઝૂર ﷺના નવાસા)*

**અર્થાત** : હે અહમદ રઝા ! (رحمة الله عليه) તે બાગે કરમની શું વાત છે ! એહલે બૈતની ફઝીલતમાં અસંખ્ય હદીષો ભરોસાપાત્ર કિતાબોમાં વર્ણન થયેલ છે જે અહિયાં લખવી અશક્ય છે. વધુ જાણકારી માટે અલ્લામા યુસૂફ નબહાનીની કિતાબનો ઉર્દૂ તર્જૂમો શર્ફુસ્સાદતનો અભ્યાસ કરો.

*તેરી નસ્લે પાક મેં હૈ બચ્ચા બચ્ચા નૂર કા–તૂ હૈ અયને નૂર તેરા સબ ઘરાના નૂર કા*

## (નઅત શરીફ : ૨૩)

**હૈ કલામે ઈલાહીમેં શમ્સો દુહા તેરે ચેહરએ નૂરે ફિઝા કી કસમ**
**કસમે શબે તારમેં રાઝ યહ થા કે હબીબ કી ઝુલ્ફે દોતા કી કસમ**

*(કલામે ઈલાહી = કુર્આન મજીદ, શમ્સ = સૂરએ વ શમ્સ, વદુહા = સૂરએ વદુહા, નૂરે ફિઝા = પ્રકાશ વધારનાર, કસમ = સોગંદ, શબે તાર = અંધારી રાત વલ્લૈલ ઈઝા સજા, દોતા = વળેલી)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ કુર્આને મુકદસમાં ખુદા પાકે **وَالضُّحٰی-وَالشَّمۡس** (કસમ સૂર્યની અને કસમ ચાશતની) ફર્માવી આપના નૂરાની ચહેરાની કસમ ફર્માવી છે. જેવું કે *તફસીરે અઝીઝી*, લેખક શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ, પેજ : ૧૮૮, ૨૧૭, *તફસીરે રૂહુલ બયાન*, લેખક : અલ્લામા ઈસ્માઈલ હક્કી, ભાગ : ૬, પેજ : ૭૧૩, *તફસીરે કબીર*, ભાગ : ૮, પેજ : ૫૯૬, લેખક : અલ્લામા ફખ્રુદ્દીન રાઝીમાં દર્શાવેલ છે કે **વશશમ્સ** અને **વદુહા**થી મુરાદ હુઝૂરે પાક علیہ الصلوٰۃ والسلامનો ચહેરો મુબારક છે. બીજા મિસ્રામાં ફર્માવ્યું, કસમે શબે તારમેં રાઝ યે થા કે હબીબ કી ઝુલ્ફે દોતા કી કસમ. કુર્આન શરીફમાં, **واللیل اذا سجا** આવ્યું. અર્થ રાતની કસમ ! જ્યારે છવાઈ જાય. અહીંયાં રાતથી મુરાદ હુઝૂર ﷺની ઝુલ્ફ મુબારકનું છે જેવું કે તફસીરે અઝીઝી, તફસીરે રૂહુલ બયાનમાં છે.

**તેરે ખુલ્ક કો હક્કને અઝીમ કહા તેરી ખલ્ક કો હક્કને જમીલ કિયા**
**કોઈ તુઝસા હુવા હૈ ન હોગા શહા તેરે ખાલિકે હુસ્નો અદા કી કસમ**

*(ખુલ્ક = આદત, બહુવચન અખ્લાક, હક્ક = ખુદાએ પાક, અઝીમ = મહાન, ખલ્ક = પેદાઈશ, જન્મ, જમીલ = સુંદર, શહા = મારા આકા, ખાલિકે હુસ્નો અદા = આપના હુસ્ન અને અદાને પેદા કરનાર)*

**અર્થ** : યા રસૂલલ્લાહ ! ﷺ આપના અખ્લાકને ખુદા પાકે મહાન ફર્માવ્યું કે કુર્આન શરીફમાં છે, **اِنَّکَ لَعَلٰی خُلُقٍ عَظِیۡمٍ** "હે મહબૂબ ! આપના અખ્લાક મહાન છે." *(પારા, ૨૯, સૂરએ કલમ)* અને આપની પયદાઈશને સુંદર દર્શાવી. જેવું કે કુર્આન શરીફમાં છે, **لَقَدۡ خَلَقۡنَا الۡاِنۡسَانَ فِیۡۤ اَحۡسَنِ تَقۡوِیۡمٍ** "નિ:શંક ! અમોએ ઈન્સાનને ખૂબ સુંદર તરીકાથી પેદા કર્યા." અહીંયાં ઈન્સાનથી મુરાદ મુફસ્સિરીન હઝરાતે હુઝૂરે પાક ﷺને લીધા છે. યા રસૂલલ્લાહ ! ﷺ આપ જેવો કોઈ ન થયો છે ન કદી થશે. આપના હુસ્ન, સુંદરતા અને અદાઓના ખાલિક ખુદાની કસમ !

અલ્લાહ પાકે હુઝૂર ﷺના અખ્લાકને મહાન ફર્માવ્યા. જ્યારે કે દુનિયા વિશે ફર્માવ્યું, દુનિયાનો સામાન થોડો છે. *(કુર્આન)* હઝરત આઈશા رضی اللہ عنہاથી કોઈએ પૂછયું, હુઝૂર ﷺના અખ્લાક કેવા છે ? તો સૈયદા આઈશા સિદ્દીકા رضی اللہ عنہاએ ફર્માવ્યું, શું તમે કુર્આન નથી પઢતા ? હુઝૂર علیہ الصلوٰۃ والسلامના અખ્લાક કુર્આન છે. અર્થ આપનું જીવન ચાલતુ ફરતુ કુર્આન છે.

અલ્લાહ પાકે હુઝૂર ﷺની પયદાઈશને સુંદર બનાવી કે જ્યારે આપ હઝરત આમિના رضی اللہ عنہاને ભાર કે તકલીફ માલૂમ ન પડતી હતી જે ગર્ભાવસ્થામાં સ્ત્રીઓને થાય છે. આપ નાફ (દૂંટી) કપાયેલ પૈદા થયા. આપ જ્યારે પૈદા થયા ત્યારે સાફ અને સ્વચ્છ હતા. જ્યારે કે બીજાં બાળકો પેદા થાય છે ત્યારે તેમના બદન પર ગંદકી હોય છે. આપની પયદાઈશ વખતે એક નૂર જાહેર થયું જેના પ્રકાશમાં હઝરત આમિના رضی اللہ عنہاએ શામના મહેલો જોઈ લીધા. આપની પયદાઈશ વખતે મૂર્તિઓ ઉંધી પડી ગઈ અને કા'બા શરીફને વજદ આવ્યું. ઉપરોક્ત શેઅરમાં હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હઝરત હસ્સાનના અશ્આરની તર્જુમાની કરેલ છે.

**વો ખુદાને હૈ મર્તબા તુઝકો દિયા ન કિસી કો મિલે ન કિસી કો મિલા**
**કે કલામે મજીદને ખાઈ શહા તેરે શહરો કલામો બક઼ા કી ક઼સમ**

*(શહર = શહેર, સીટી, કલામે મજીદ = કુર્આન શરીફ, કલામ = વાત, બક઼ા = જિંદગી)*

**અર્થ** : હે બેમિષાલ (અજોડ) આક઼ા ! علیہ الصلوٰۃ والسلام ખુદા તઆલાએ જે મક઼ામ (મર્તબો) આપને આપ્યો છે તે ભૂતકાળમાં કોઈને મળ્યો નથી અને ભવિષ્યમાં કોઈને મળવાનો નથી કે કુર્આન પાકે આપના શહેર, આપના કલામ અને આપના જીવનની ક઼સમ ખાધી છે.

કુર્આને પાકમાં હુઝૂર ﷺના સંબંધિત ઘણી ક઼સમોનું વર્ણન છે. અહીંયાં ત્રણનું વર્ણન કરવામાં આવ્યું છે : (૧) મુસ્તફા ﷺના શહેરની ક઼સમ : કુર્આને પાકના ત્રીસમાં પારાની સૂરએ બલદની શરૂઆતમાં છે : **لَآ اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ ۔ وَاَنْتَ حِلٌّۢ بِهٰذَا الْبَلَدِ** "મને શહેર (મક્કા)ની ક઼સમ, હે મહબૂબ ! (ﷺ) જ્યાં આપ બિરાજમાન છો." (૨) કલામની ક઼સમ : **وَقِيۡلِهٖ يٰرَبِّ اِنَّ هٰٓؤُلَاۤءِ قَوۡمٌ لَّا يُؤۡمِنُوۡنَ** "મને રસૂલના તે કલામની ક઼સમ ! હે મારા રબ ! આ લોકો ઈમાન ન લાવ્યા." *(પારા : ૨૫, સૂરએ ઝુખરુફ)* (૩) બક઼ા–જીવનની ક઼સમ : **لَعَمۡرُكَ اِنَّهُمۡ لَفِىۡ سَكۡرَتِهِمۡ يَعۡمَهُوۡنَ** "હે મહબૂબ ! મને આપના જીવનની ક઼સમ ! આ કાફિરો પોતાના નશામાં આંધળા થઈ રહ્યા છે." *(પારા : ૧૪, સૂરએ હિજર)* **وَالۡعَصۡرِ اِنَّ الۡاِنۡسَانَ** "હુઝૂર (ﷺ)ના મુબારક જીવનકાળની ક઼સમ !" *(પારા : ૩૦, સૂરએ અસ્ર)* **لَعَمۡرُكَ اِنَّهُمۡ لَفِىۡ سَكۡرَتِهِمۡ يَعۡمَهُوۡنَ** વિશે ઝુર્કાની, ભાગ : ૬, પેજ : ૨૩૧માં છે કે ઈબ્ને કય્યિમએ કહ્યું છે કે એનાથી કોઈને મતભેદ નથી કે એનાથી મુરાદ અલ્લાહ તબારક વ તઆલા તરફથી હુઝૂર ﷺના જીવનની ક઼સમ છે. ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે અલ્લાહ عزوجلએ હુઝૂર ﷺના જીવન સિવાય કોઈના જીવનની ક઼સમ નથી યાદ ફર્માવી. *(બયહક઼ી, ઈબ્ને અબી શૈબા, ઈબ્ને જરીર)*

**તેરા મસ્નદે નાઝ હૈ અર્શે બરીં તેરા મહરમેં રાઝ હૈ રૂહે અમીં**
**તૂ હી સરવરે હર દો જહાં હૈ શહા તેરા મિષ્લ નહીં હૈ ખુદા કી ક઼સમ !**

*(અર્શે બરીં = અર્શે આ'ઝમ, મહરમે રાઝ = ભેદ જાણનાર, રાઝદાર, રૂહુલ અમીન = હઝરત જિબ્રઈલ علیہ السلام, સરવર = સરદાર, મિષ્લ = જેવું)*

**અર્થ** : હે અર્શની ઝીનત આક઼ા ! ﷺ આપનો મસ્નદે નાઝ (ગૌરવમય સ્થાન) તો અર્શે બરીં છે અને

જિબ્રઈલે અમીં عليه السلام આપના હમરાઝ છે. અને આપ જ બંનેવ જહાનના સરદાર છો. ખુદાની ક઼સમ ! આપ જેવો કોઈ છે જ નથી ! હુઝૂર ગૌષે પાક رحمة الله عليه ફર્માવે છે, અહલે સુન્નત આ વાત પર અક઼ીદો રાખે છે કે અલ્લાહ તબારક વ તઆલા પોતાના રસૂલ મુસ્તફા ﷺને ક઼યામતના દિવસે પોતાની સાથે અર્શ પર બેસાડશે.

*–(ગુન્યતુત્તાલિબીન, પેજ : ૧૭૪)*

હુઝૂર عليه الصلوٰة والسلامએ ફર્માવ્યું, "મારા ચાર વઝીર છે, બે આકાશમાં અને બે પૃથ્વી પર. આકાશના બે વઝીર : હઝરત જિબ્રઈલ અને મીકાઈલ. અને પૃથ્વીના વઝીર : હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર." *(મિશ્કાત શરીફ)*

વઝીર બાદશાહના ખાદિમ હોય છે અને રાઝ જાણનાર પણ, જેથી જિબ્રઈલ عليه السلام હુઝૂરની બારગાહના ખાદિમ અને મહરમે રાઝ છે.

**યહી અર્ઝ હે ખાલિક઼ે અર્ઝો સમા વો રસૂલ હૈં તેરે મૈં બંદા તેરા**
**મુઝે ઉનકે જવારમેં દે વો જગહ કે ખુલ્દ કો જિસ્કી સફ઼ા કી ક઼સમ**

*(અર્ઝ = વિનંતિ, અર્ઝો સમા = આકાશ તથા પૃથ્વી, જવાર = પડોશ, ખુલ્દ = જન્નત, સફ઼ા = પાકીઝગી)*

**અર્થ :** હે આકાશ તથા પૃથ્વીના પૈદા કરનાર ! તારી બારગાહમાં મારી એ જ વિનંતિ છે કે હુઝૂર ﷺ તારા રસૂલ છે અને હું પણ તારો બંદો છું. મને જન્નતમાં હુઝૂર ﷺના પડોશમાં એવી જગ્યા આપ કે જેની પાકીઝગીની ક઼સમ જન્નતને આપવામાં આવી છે.

**તૂ હી બંદોં પે કરતા હૈ લુત્ફ઼ો અતા હૈ તુઝી પે ભરોસા તુઝીસે દુઆ**
**મુઝે જલ્વએ પાકે રસૂલ દિખા તુઝે અપની હી ઈઝ્ઝો ઉલાકી ક઼સમ**

*(તુલ્ફ઼ો અતા = મહેરબાની અને બખ્શિશ, ઈઝ્ઝો ઉલા = ઈજ્જત અને બુઝુર્ગી)*

**અર્થ :** હે મારા પરવરદિગાર ! તું જ બંદોઓ પર મહેરબાની અને અતાનો વરસાદ વરસાવે છે, હું તારા પર જ ભરોસો કરું છું અને તારી બારગાહમાં દુઆ ગુજારું છું કે મને હુઝૂરે પાક ﷺના નૂરાની ચહેરાની ઝિયારત અતા કર તને તારી ઈજ્જત અને બુલંદી તથા મર્તબાની ક઼સમ !

**મેરે ગરચે ગુનાહ હૈં હદ સે સિવા મગર ઉનસે ઉમ્મીદ હે તુઝસે રજા**
**તૂ રહીમ હે ઉનકા કરમ હે ગવાહ વો કરીમ હૈં તેરી અતા કી ક઼સમ**

*(ગરચે = અગરચે, દસે સિવાય = હદથી વધીને, રજા = આરઝુ, ઉમ્મીદ)*

**અર્થ :** યા ગફ઼ૂર ! ﷻ મારા ગુનાહો ભલે હદથી વધારે છે પણ મને હુઝૂર ﷺની શફ઼ાઅતની ઉમ્મીદ છે અને તારાથી આરઝૂ છે. કારણ કે તું અરહમુર્રાહિમીન છે ! તું રહીમ છે ! સરકાર عليه الصلوٰة والسلامનો કરમ તેની ગવાહી આપે છે કે તેં હુઝૂર ﷺને રહ્‌મતુલ્ લિલ્ આલમીન, રહીમ, રઉફ બનાવ્યા. તારી આ અતાની ક઼સમ ! હુઝૂર કરીમ છે. કુર્આન શરીફમાં છે, અલ્લાહની રહમતથી નાઉમ્મીદ ન થાવ ! *(પારા : ૧૩, ૨૪)*

**યહી કહતી હૈ બુલબુલે બાગે જિનાન કે 'રઝા' કી તરહ કોઈ સહર બયાં**
**નહીં હિંદ મેં વાસિફે શાહે હુદા મુઝે શૌખીએ તબ્એ 'રઝા' કી ક઼સમ**

*(બાગે જિનાન = જન્નતનો બાગ, રઝા = ઈમામ અહમદ રઝા, સહેર બયાં = જાદુઈ બોલીવાળો,*
*હિંદ = અખંડ ભારત, વાસિફ = તારીફ, પ્રશંસા કરનાર, શાહે હુદા = સિધો રસ્તો દેખાનડાર બાદશાહ,*
*શૌખી = નિડરતા, બેબાકી, તબ્એ રઝા = ઈમામ અહમદ રઝાની તબીઅત)*

**અર્થ** : જન્નતના બાગોની બુલબુલો કહે છે કે ઈમામ અહમદ રઝા જેવા સહર બયાં (જાદૂઈ બોલી બોલનાર) કોઈ નથી. અમને ઈમામ અહમદ રઝાની તબીઅતની બેબાકીની ક઼સમ ! અખંડ ભારતમાં હુઝૂર ﷺની નઅતો લખનાર હુઝૂર ﷺની તારીફ કરનાર અહમદ રઝા જેવો કોઈ નથી. હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅર તહદીષે નેઅમત એટલે કે અલ્લાહની નેઅમતના ચર્ચા રૂપે કહ્યો છે.

એ હક઼ીક઼ત પણ છે કે આજે આખા જગતમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના કલામો પઢવામાં આવે છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہની લખેલ સલામ *"મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ"* આખી દુનિયામાં પઢાય છે અને હુઝૂર આ'લા હઝરત رحمۃ اللہ علیہના કલામમાં ઈશ્કે રસૂલનો સમુદ્ર છલકાય છે જેને જોઈને દુશ્મનો પણ કહેવા પર મજબૂર થયા કે આ'લા હઝરત આશિક઼ે રસૂલ છે.

*મુલકે સુખ્ન કી શાહી તુમ કો **'રઝા'** મુસલ્લમ–જિસ સિમ્ત આ ગએ હો સિક્કે બિઠા દિએ હૈં*

## (નઅત શરીફ઼ : ૨૪)

**પાટ વો કુછ ધાર યે કુછ ઝાર હમ**
**યા ઈલાહી ક્યૂં કર ઉતરેં પાર હમ**

*(પાટ = દરિયાની પહોળાઈ, ધાર = પાણીનો જોશ, ઝાર = કમજોર)*

**અર્થ :** હે અલ્લાહ ! દરિયાની પહોળાઈ ઘણી છે, પાણી પણ જોશપૂર્વક વહી રહ્યું છે, અમે કમજોર લોકો કેવી રીતે પાર થઈ શકીશું ?! મૌલા ! તારી મદદની જરૂરત છે. દુનિયા અને આખેરતના વળાંકો ઘણા કઠિન છે. અમારા જેવા કમજોર લોકો એ રસ્તાને કેવી રીતે પાર કરી શકશે ? હે મારા રબ ! તું સલામતી સાથે ગુજારી દે.

**કિસ બલા કી મય સે હૈં સરશાર હમ**
**દિન ઢલા હોતે નહીં હુશ્યાર હમ**

*(બલા = મુસીબત, મય = દારૂ, સરશાર = મસ્ત, દિન ઢલા = સૂરજ ડૂબી ગયો, હુશ્યાર = બાહોશ, ખબરદાર)*

**અર્થ :** અમે આ જીવનની શરાબના નશામાં કેવા મસ્ત થઈ ગયા છીએ કે જીવનનો સૂરજ ડૂબી રહ્યો છે, જવાની ખતમ થઈ પરંતું હજુ ગાફિલ છીએ.

**તુમ કરમ સે મુશ્તરી હર ઐબ કે**
**જિન્સે ના મક઼બૂલે હર બાઝાર હમ**

*(કરમ = સખાવત, મુશ્તરી = ખરીદાર, ઐબ = ખામી, જિન્સ = વસ્તુ, ના મક઼બૂલ = જેને કોઈ ક઼બૂલ ન કરે)*

**અર્થ :** યા રસૂલલ્લાહ ﷺ ! આપ તો મહાન સખી છો કે દરેક ખામીવાળો સામાન પણ ખરીદી લો છો, એટલે કે દરેક ગુનેહગારને અપનાવી લો છો, જેમ કે આપે ફર્માવ્યું, મારી શફાઅત મારી ઉમ્મતના મોટા ગુનેહગાર માટે છે. આપે મહેરબાની ફર્માવીને અમોને ગુલામીમાં દાખલ કરી લીધા, નહીં તો અમે તો એવો સામાન છીએ જેને લેવા કોઈ તૈયાર નથી.

*જબ તલક બીકે ન થે કોઈ પૂછતા ન થા—તુમને ખરીદ કર હમેં અનમોલ કર દિયા*

**દુશ્મનોં કી આંખ મેં ભી ફૂલ તુમ**
**દોસ્તોં કી ભી નઝર મેં ખાર હમ**

**અર્થ :** હે રહમતવાળા આક઼ા ! ﷺ તમે એટલા સદગુણવાળા છો કે શત્રુઓની નજરમાં પણ ફૂલ જેવા છો કે દુશ્મનો પણ આપને સાદિક઼ (સાચો) તથા અમીન (અમાનતદાર) કહે છે અને માને છે, અને બીજી બાજુ અમારી હાલત એવી છે કે દોસ્તોની નજરમાં પણ અમે કાંટા જેવા ખૂંચીએ છીએ, અમને કોઈ પસંદ નથી કરતો.

**લગ્ઝિશે પા કા સહારા એક તુમ**
**ગિરનેવાલે લાખોં નાહંજાર હમ**

*(લગ્ઝિશે પા = પગ લપસી જવું, ના હંજાર = બેકાર, નાલાયક)*

**અર્થ :** અમે લાખો બેકાર લોકો શૈતાન અને નફસાનિયતના બેહકામાં આવી ક઼દમ ક઼દમ પર લપસી રહ્યા છીએ અને હજુ મોટી લપસવાની જગ્યા ક઼બ્ર તથા હશ્ર આવી રહી છે. અય બેકસોને થામનાર પ્યારા નબી ! આપ ﷺના સિવાય અમારો કોઈ સહારો નથી, અમને લપસવાથી બચાવી લો.

**સદક઼ા અપને બાઝૂઓં કા અલ મદદ**
**કૈસે તોળેં યે બુતે પિન્દાર હમ**

*(સદક઼ા = ખૈરાત, બાઝૂઓં = હાથ, કોણીથી ખભા સુધીનો ભાગ, અલ મદદ = મદદ ફર્માવો,*
*તોળેં = તોડીએ, બુત = મૂર્તિ, પિન્દાર = ઘમંડ)*

**અર્થ :** યા રસૂલલ્લાહ ! ﷺ અમે ઘમંડના પૂતળાને કેવી રીતે તોડીએ ?! આપના તાક઼તવર બાઝૂઓનો સદક઼ો અતા કરો અને આ બુતને તોડી ટુકડા ટુકડા કરી નાખો. આપણા નબીએ પાક ﷺને ૪૦ નબીઓની તાક઼ાત આપવામાં આવી અને દરેક નબીને ૧૦૦ જન્નતીઓની બરાબર તાક઼ાત આપવામાં આવી અને એક જન્નતીમાં દુનિયાના ૪૦ મર્દોની તાક઼ત હોય છે જેથી હુઝૂર મહા બળવાન છે.

**દમ ક઼દમ કી ખૈર અય જાને મસીહ**
**દર પે લાએ હૈં દિલે બીમાર હમ**

*(દમ ક઼દમ = પ્રાણ, જીવન, જાને મસીહ = મુર્દાઓને ઝિંદા કરનાર હઝરત મસીહ ઈસા عليه السلام ની જાન પ્યારા નબી, દર = ચોખટ)*

**અર્થ :** હે પ્યારા આક઼ા ! ﷺ અમે ગુનાહોથી બીમાર દિલ લઈને આપની બારગાહમાં આવ્યા છીએ, અમારા દિલને જીવનની ખૈરાત આપો, આપ તો હઝરત મસીહની પણ જાન છો.

**અપની રહમત કી તરફ દેખેં હુઝૂર**
**જાનતે હૈં જૈસે હૈં બદકાર હમ**

**અર્થ :** યા હઝરત સરાપા રહમત ! ﷺ અલ્લાહ પાકે આપને રહમતુલ લિલ આલમીન બનાવ્યા છે, આપ પોતાની રહમત તરફ નજર ફર્માવો. અમારા ગુનાહો અને ના ફર્માનીઓ તરફ ન જુઓ. અમે જાણીએ છીએ કે અમે કેટલા ગુનેહગાર અને પાપી છીએ આપ રહમત ફર્માવી અમને માફ કરી દો.

**અપને મેહમાનોં કા સદક઼ા એક બુંદ**
**મર મિટે પ્યાસે ઈધર સરકાર હમ**

**અર્થ :** હુઝૂર ! ﷺ આપ તો મહાન મહેમાન નવાઝ છો, આપના જેવો મેહમાની કરનાર ન કોઈ થયો છે ન થશે. આપના ગુલામો અહીંયા પ્યાસા મરી રહ્યા છે. આપના મેહમાનોના સદક઼ામાં રહમતની એક બુંદ (ટીપુ) અપને અતા ફર્માવી દો.

**અપને કૂચા સે નિકાલા તો ન દો**
**હૈં તો હદ ભર કે ખુદાઈ ખ્વાર હમ**

*(કુચા = ગલી, નિકાલા = કાઢી મૂકવું, હદ ભર = હદથી વધારે, ખુદાઈ ખ્વાર = રુસ્વા)*

**અર્થ :** હુઝૂર ! આપની પ્યારી ગલીઓથી કાઢી ન મૂકો, અમે માનીએ છીએ કે નાફર્માની અને ગુનાહોના

કારણે હું રુસ્વા અને ઝલીલ છું પરંતું આપ રહમતુલ્ લિલ્ આલમીન છો.

**હાથ ઉઠા કર એક ટુકળા અય કરીમ**
**હૈં સખી કે માલમેં હક્દાર હમ**

**અર્થ** : હુઝૂર ! કુર્આને પાકમાં છે : અને તેમના માલમાં હક્ છે તેના માટે જે માંગે અને ન માંગે. (પારા–૨૯) માંગનારાઓને ન ધમકાવો. (પારા–૩૦) હુઝૂર ! આપની સખાવતના અમે પણ હક્દાર છીએ કારણ કે અમે આપની બારગાહના ગદા અને ફક઼ીર છીએ, એક ટુકડો આપની સખાવતનો હાથ ઉઠાવીને અતા ફર્માવી દો તો અમે માલદાર થઈ જઈશું.

**ચાંદની ચટકી હૈ ઉનકે નૂર કી**
**આઓ દેખેં સૈરે તૂરો નાર હમ**

*(ચાંદની = ચંદ્રનું પ્રકાશ, છટકી = ફેલાઈ ગઈ, સૈર = પ્રવાસ,*
*તૂર = એક મશ્હૂર પહાડ જ્યાંથી હઝરત મૂસા عليه السلام એ ખુદાથી કલામ કર્યું, નાર = આગ)*

**અર્થ** : હુઝૂર પુરનૂર ﷺના નૂરની રોશની ફેલાઈ રહી છે, ચાલો કોહેતૂર પર આગનો નઝારો જોઈએ, નબીએ પાક ﷺ ખુદાના નૂરથી બનાવવામાં આવ્યા છે જે હદીષોથી સાબિત છે. હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ તેની દલીલ આપી હઝરત મૂસા عليه السلامના એક વાકિ઼યા તરફ ઈશારો ફર્માવ્યો છે.

કુર્આને પાકમાં પારા ૧૬–સૂરએ તાહા, આયત–૧૦, પારા ૧૯–સૂરએ નમ્લ, આયત–૭ અને પારા ૨૦–સૂરએ કસસ, આયત–૨૯માં મૂસા عليه السلام વિશે એક વાકિ઼યો બયાન થયેલ છે જેનો ખુલાસો સંક્ષિપ્તમાં આ પ્રમાણે છે.

હઝરત મૂસા عليه السلام ખુદાના હુકમથી હઝરત શોએબ عليه السلامની ઈજાઝત લઈ પોતાની પત્ની સાથે મદયનથી મિસ્ર તરફ રવાના થયા. ઠંડીની ઋતુ હતી, હિમવર્ષા પણ થઈ રહી હતી, એવામાં હઝરત મૂસા عليه السلامની બીબી સાહેબાને ડિલિવરીનું દર્દ શરૂ થયું, એવામાં મૂસા عليه السلامને આગ નજર આવી. આપે બીબી સાહેબાને કહ્યું, હું આગ લઈને આવું છું જેથી તાપણુ કરી શકાય. આપે નજીક જઈને જોયું તો માલૂમ પડયું કે તે એક નૂરાની ઝાડ છે જે પ્રકાશિત છે, આપ જેટલા તેની પાસે જતા તેટલુ તે દૂર થઈ જતું, પછી નિદા આવી, હે મૂસા ! હું તારો રબ છું. અને પછી અલ્લાહ તઆલાએ મૂસા عليه السلامને કલામથી શર્ફયાબ ફર્માવ્યા. અસલમાં આગ નહીં કોહેતૂર પર ખુદાનું નૂર હતું. આ'લા હઝરત આ શેઅરમાં તે વાકિ઼આને હુઝૂર ﷺ તરફ સંબંધિત કરે છે કે હુઝૂર ﷺ જે નૂરે ખુદા છે અને આપના નૂરની રોશની ફેલાઈ છે, ચાલો કોહેતૂર અને આગવાળા વાકિ઼યાનું પુનરાવર્તન કરીએ.

**હિંમત અય ઝોઅફ ઉનકે દર પે ગિર કે હોં**
**બે તકલ્લુફ સાયએ દીવાર હમ**

*(હિમ્મત = હોસલો, તાક઼ત, બેતકલ્લુફ = બેધડક, સાયએ દીવાર = દીવારનો પડછાયો)*

**અર્થ** : હે ગુલામે મુસ્તફા ! હુઝૂર ﷺની બારગાહમાં પડી રહેવાથી જ હિંમત મળે છે. દીવારના સાયાની જેમ આપની બારગાહમાં નચિંત પડી રહો કે બંનેવ જહાનની ભલાઈઓ આપના દરથી મળે છે.

**બા અતા તુમ, શાહ તુમ, મુખ્તાર તુમ**
**બેનવા હમ ઝ઼ાર હમ નાચાર હમ**

*(બાઅતા = સખાવતવાળા, શાહ = બાદશાહ, મુખ્તાર = સ્વતંત્ર, ઈખ્તિયારવાળા, બેનવા = ફકીર, નાચાર = મજબૂર)*

**અર્થ** : હે હબીબે ખુદા ! ﷺ આપ સખાવતવાળા, ઈખ્તિયારવાળા અને બાદશાહ છો અને અમે ફકીર, કમજોર અને મજબૂર છીએ, આપ અમારી મદદ ફર્માવો. આ વિષય પર વધારે જાણકારી માટે આ'લા હઝરત رضی اللہ عنہની કિતાબ ''અલ્ અમ્નુ વલ ઉલા''નો અભ્યાસ કરો

**તુમને તો લાખોં કી જાનેં ફેર દીં**
**ઐસા કિતના રખતે હૈં આઝ઼ાર હમ**

*(જાનેં = પ્રાણો, ફેર = લોટાવી દીધી, આઝ઼ાર = દુ:ખ)*

**અર્થ** : હે જાને મસીહ ! આપે તો લાખો લોકોને જીવન અર્પણ કર્યું છે, અમને પણ એવાં કેટલાંક દુ:ખો સતાવી રહ્યાં છે, આપ કરમ ફર્માવો અને અમારા દુ:ખને દૂર ફર્માવી દો.

હુઝૂરે પાક ﷺએ મુડદાઓને જાન આપી દીધી. દા.ત. હઝરત જાબિર رضی اللہ عنہના બે બાળકોને જીવંત કર્યાં. *(શિફા શરીફ)* બલ્કે હુઝૂર ﷺએ પથ્થરો, કાંકરીઓ, વૃક્ષો, થાંભલાઓ વગેરેને પણ જાન આપી જે હદીષોથી સાબિત છે. હુઝૂર ﷺના સદક઼ામાં આપની ઉમ્મતના વલીઓએ પણ મુડદાંઓને જીવંત કર્યાં છે. (જુઓ બેહજતુલ અસ્રાર, અન્ફાસુલ આરિફીન, ઝુબ્દતુલ અસ્રાર અને અશરફઅલી થાનવીની કિતાબ, જમાલે ઔલિયા)

**અપની સત્તારી કા યા રબ વાસ્તા**
**હોં ન રુસ્વા બર સરે દરબાર હમ**

*(સત્તારી =પર્દાપોશી, ઐબ છુપાવવું, રુસ્વા = બેઈજ્જત)*

**અર્થ** :હે ગફ્ફારો સત્તાર ખુદા ! તને તારી શાને સત્તારીનો વાસ્તો, તારા દરબારમાં લોકોની વચ્ચે મેદાને મેહશરમાં અમે રુસ્વા (બેઈજ્જત) ન થઈ જઈએ, તું અમારા ગુનાહોને માફ ફર્માવી દે.

**ઈતની અર્ઝે આખરી કહ દો કોઈ**
**નાવ તૂટી આ પળે મજધાર હમ**

*(અર્ઝે આખરી = છેલ્લી અરજ, મજધાર = સમુદ્રની વચ્ચે)*

**અર્થ** : મારી આ છેલ્લી વિનંતી કોઈ હુઝૂર ﷺની બારગાહમાં પહોંચાડી આપો કે હું મજધારમાં આવી ગયો છું અને મારી નાવડી તૂટી ગઈ છે, હુઝૂર ! મને બચાવી લે.

**મુંહ ભી દેખા હૈ કિસી કે અફ્વ કા**
**દેખ ઓ ઈસ્યાં નહીં બે પાર હમ**

*(અફ્વ = માફી, ઈસ્યાં =ગુનાહો, બે યાર = વગર સાથી)*

**અર્થ** : હે ગુનાહો ! તમોએ કોઈ માફ કરાવનારનો ચહેરો નથી જોયો, પરંતું અમે સાથી અને મદદગાર વગરના નથી ! અમારી પાસે મોટા મોટા ગુનાહો માફ કરાવનાર શફીએ મેહશર મૌજૂદ છે.

આ શેઅરમાં આ'લા હઝરત رضی اللہ عنہએ પોતાના નબી ﷺ પર નાઝ કરીને અનોખો અંદાજ પેશ કર્યો છે કે ગુનાહોને ધમકાવ્યા છે.

**મૈં નિષાર ઐસા મુસલમાન કિજીએ**
**તોળ ડાલેં નફ્સ કા ઝુન્નાર હમ**

*(નિષાર = કુ઼ર્બાન, નફ્સ = ગુનાહો પર ઉભારનાર, ઝુન્નાર = જનોઈ, તે દોરી જે હિંદુઓ બદન પર બાંધે છે)*

**અર્થ** : હુઝૂર ! આપ પર કુ઼ર્બાન થઈ જાઉં એવો મુસલમાન બનાવી દો કે અમે નફસની કૈ઼દની જનોઈ તોડી નાખીએ અને અલ્લાહ રસૂલ ﷺના સાચા ફર્માબરદાર બની જઈએ.

**કબ સે ફેલાએં હૈં દામન તેગે ઈશ્ક઼**
**અબ તો પાએં ઝખ્મ દામનદાર હમ**

*(તેગે ઈશ્ક઼ = ઈશ્ક઼ની તલ્વાર, દામનદાર = દામનવાળો)*

**અર્થ** : અમે ક્યારના દામન ફેલાવીને બેઠા છીએ હે ઈશ્ક઼ની તલ્વાર ! અમને પણ ઈશ્ક઼ના દામન પર ઝખમ મળી જાય.

**સુન્નિયત સે ખટકે સબકી આંખ મેં**
**ફૂલ હોકર બન ગએ ક્યા ખાર હમ**

*(ખટક = ચૂભવું, ખોટુ લાગવું, ખાર = કાંટા)*

**અર્થ** : અમે સુન્ની છીએ એટલે દુશ્મનોની આંખમાં ખટકીએ છીએ, અમે તો ગુલશને ઈશ્કે઼ રસૂલ ﷺના ફૂલ છીએ પણ દુશ્મનાને રસૂલ માટે કાંટા બની ગયા.

**નાતવાની કા ભલા હો બન ગએ**
**નક઼્શે પાએ તાલિબાને યાર હમ**

*(નાતવાની = કમજોરી, નક઼્શે પાએ = પગના નિશાન, તાલિબાને યાર = મેહબૂબને ઢુંઢનાર)*

**અર્થ** : નાતવાની, આજીઝીનું ભલુ થાય કે અમે હુઝૂર ﷺના આશિકો઼ના પગના નિશાન બની ગયા

**દિલ કે ટુકડે નઝર હાઝિર લાએં હૈં**
**અય સગાને કુચએ દિલદાર હમ**

*(નઝર = ભેટ, હાઝિર = સામે, સગાન = કૂતરાઓ, કુચએ દિલદાર = મેહબૂબની ગલી)*

**અર્થ** : હે મારા મેહબૂબની ચોખટ પર પહેરો આપનાર કૂતરાઓ ! અમે તમારા માટે ભેટરૂપે દિલના ટુકડા લાવ્યા છીએ.

આશિકા઼ને મુસ્તફા હમેશાં પોતાને હુઝૂર ﷺના દરબારના કૂતરાથી સંબોધે છે અને પોતાને 'સગે મદીના' કહે છે મૌલાના અબ્દુર્રહમાન જામી رحمۃ اللہ علیہ ફર્માવે છે : હું ભલા કોણ છું કે આપથી દોસ્તીની વાત કરું ! હું તો આપની ગલીનો કૂતરાઓમાંથી એક અદના કૂતરો છું !

શેરએ જામી : *મન કિસ્તમ દમે દોસ્તી મી ઝનમ–કમીન સગાને કુએ તૂ યક કમતરીન મનમ*

શેખ સઅદી رحمۃ اللہ علیہ ફર્માવે છે : એક જાન નહીં સો જાન પણ હોય તો હુઝૂર ﷺની બારગાહના દરબાન કૂતરાઓ પર કુર્બાન કરી દઉં.

શેઅરે સઅદી : *ચે કુનદ સઅદી મિસ્કીન કે સદ જાન–સાઝેમ ફિદાએ સગે દરબાને મુહમ્મદ ﷺ*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પણ પોતાને બુઝુર્ગોના માર્ગ પર ચલાવતાં ફર્માવ્યું :–

*કોઈ ક્યૂં પૂછે તેરી બાત 'રઝા'–તુઝ સે કુત્તે હઝાર ફિરતે હૈં*

ઉપરોક્ત શેઅરનો મતલબ થયો કે હે હુઝૂર ﷺના આશિકો હું તમારા તો હફામાં દિલના ટુકડા લાવ્યો છું.

**કિસ્મતે ષૌરો હિરા કી હિર્સ હે**
**ચાહતે હૈં દિલ મેં ગેહરા ગાર હમ**

*(ષૌર = મક્કામાં આવેલ એક ગુફાનું નામ જ્યાં હિજરતની રાતે હુઝૂર ﷺએ આરામ ફર્માવ્યો. કુર્આનમાં સૂરએ તૌબામાં જેનું વર્ણન છે, હિરા = મક્કામાં આવેલ જબલે નૂરની ગુફાનું નામ જ્યાં હુઝૂર ﷺ એલાને નબુવ્વત પહેલાં કયામ ફર્માવતા હતા. અને ત્યાં કુર્આનની પહેલી વહી નાઝિલ થઈ, ગેહરા = ઊંડો, ગાર = ગુફા, હિર્સ = લાલચ, ઈચ્છા)*

**અર્થ** : ગારે ષૌર અને હિરાની કિસ્મત હતી કે હુઝૂર ﷺએ ત્યાં કયામ ફર્માવ્યો. અમારી પણ ઈચ્છા છે કે અમને પણ એવી કિસ્મત નસીબ થાય અને અમારા દિલમાં ગેહરી ગુફા થઈ જાય કે હુઝૂર ﷺ તેમાં કયામ ફર્માવી અમારી કિસ્મત ચમકાવી આપે.

**ચશ્મ પોશી વ કરમ શાને શુમા**
**કારે મા બેબાકી વ ઈસ્રાર હમ**

*(ચશ્મ પોશી = જાણી જાઈને દરગુજર કરવું, કરમ = બખ્શિશ, શાને શુમા = તમારી શાન, કારે મા = અમારું કામ, બેબાકી = નીડરતા, ઈસ્રા = જીદ, વારંવાર, હમ = (ફારસી) પણ)*

**અર્થ** : મહેરબાની કરવી એ આપની ઊંચી શાન છે અને અમારું કામ બેખૌફ થઈ ગુનાહ કરવું અને જીદ કરવી પણ છે.

**ફસ્લે ગુલ સબ્ઝા સબા મસ્તીયે શબાબ**
**છોડેં કિસ દિલ સે દરે ખુમાર હમ**

*(ફસ્લે ગુલ = વસંત ઋતુ, સબ્ઝા = હરિયાળી, સબા = પૂર્વની હવા, મસ્તીયે શબાબ = યુવાનીની મસ્તી, દરે ખુમાર = નશાનો દરવાજો)*

**અર્થ** : વસંત ઋતુ હોય, ચારો તરફ હરિયાળી હોય, ઠંડી હવા ચાલી રહી હોય અને યુવાનીની મસ્તી છવાઈ હોય ત્યારે કેવી રીતે મદહોશ કરનારનો દરવાજો છોડીએ.

**મયકદા છુટતા હે લિલ્લાહ સાકિયા**
**અબ કે સાગર સે ન હોં હુશ્યાર હમ**

*(મયકદા = શરાબખાનુ, છૂટતા હે = છૂટે છે, લિલ્લાહ = ખુદા વાસ્તે, સાકિયા = પીવડાવનાર, અબ કે = આ વખતે, સાગર = શરાબનો પ્યાલો, હુશ્યાર = બા હોશ)*

**અર્થ** : હે સાક઼ીએ કૌષર પ્યારા નબી ! ﷺ ઈશ્ક઼ો મહોબ્બતનો મયકદો છૂટી રહ્યો છે, અમે મદીનાથી પાછા જઈ રહ્યા છીએ, ખુદા વાસ્તે આ વખતે મહોબ્બતની શરાબનો એવો પ્યાલો પીવડાવી દો કે જીવનભર નશો ઉતરે નહીં.

**સાક઼િયે તસ્નીમ જબ તક આ ન જાએઁ**
**અય સિયહ મસ્તી ન હોં હુશ્યાર હમ**

*(તસ્નીમ = જન્નતની એક નહેર, સિયહ મસ્તી = નશો)*

**અર્થ** : તસ્નીમ અને કૌષર પીવડાવનાર પ્યારા નબી ﷺનો જ્યાં સુધી દીદાર ન થઈ જાય, હે ઈશ્ક઼ે નબી ﷺની મદહોશી ! અમે હોશમાં ન આવીએ.

**નાઝ઼િશેં કરતે હૈં આપસ મેં મલક**
**હૈ ગુલામાને શહે અબ્રાર હમ**

*(નાઝ઼િશેં = ગર્વ, નાઝ, મલક = ફરિશ્તા, ગુલામાન = ગુલામો, શહે અબ્રાર = નેકોના સરદાર)*

**અર્થ** : હે મારા પ્યારા નબી ! ﷺ હું આપની ગુલામી પર કેમ ગર્વ ન કરું ! જ્યારે કે માસૂમ ફરિશ્તાઓ પણ આપસમાં એક બીજાને કહે છે કે અમે ગુલામે મુસ્તફા છીએ.

**તુલ્ફે અઝ ખૂદ રફ્તગી યા રબ નસીબ**
**હોં શહીદે જલ્વએ રફ્તાર હમ**

*(તુલ્ફ = લિજ્જત, ખૂદ રફ્તગી = બેખૂદી, જલ્વએ રફ્તાર = ચાલવાના અંદાઝનો જલ્વો)*

**અર્થ** : હે પરવરદિગાર ! ઈશ્ક઼ે નબીમાં બેખૂદીનો એવો મર્તબો આપ કે હુઝૂર ﷺના ચેહરએ વદુહા પર જ નહીં, બલ્કે હુઝૂર ﷺની ચાલના અંદાઝ પર પણ જાન કુર્બાન કરી આપું.

હુઝૂર ﷺની ચાલ પર આશિક઼ો જાન કુર્બાન કેમ ન કરે, જ્યારે કે પથ્થરો આપના ક઼દમ પર પોતાનાં જિગર ફાડી નાખતા હતા, જેવું કે હદીષોમાં છે કે હુઝૂર ﷺ જે પથ્થર પર ક઼દમ મૂકતા હતા તે મીણ જેવો નરમ થઈ જતો હતો અને હુઝૂર ﷺના નક઼્શે ક઼દમને પોતાના સીનામાં સમાવી લેતો હતો.

*–(મિશ્કાત, તિર્મિઝી, બૈહક઼ી, ઈબ્ને અસાકિર, ઝુર્કાની)*

**ઉનકે આગે દઅવયે હસ્તી 'રઝા'**
**ક્યા બકે જાતે હૈં યે હરબાર હમ**

*(દઅવા = દાવો, હસ્તી = હોવુ, મોટાઈ, બકે જાતા હૈ = બકવાસ કરે છે, હરબાર = દરેક વખતે)*

**અર્થ** : હે અહમદ રઝા ! "હમ" એ બહુવચન છે અને તેમાં મોટાઈપણુ સમાયેલું છે. હુઝૂર ﷺની બારગાહમાં મોટાપણાનો દાવો ન કરાય, આ શું દરેક શેઅરની છેવટમાં "હમ ! હમ !" કરે છે ?!

## (નઅત શરીફ઼ : ૨૫)

**આરિઝ઼ે શમ્સો ક઼મર સે ભી હૈં અન્વર એળિયાં**
**અર્શ કી આંખો કે તારે હૈં વો ખ઼ુશ્તર એળિયાં**

*(આરિઝ઼ = ગાલ, શમ્સો ક઼મર = સૂર્ય, ચંદ્ર, અનવર = ખૂબ પ્રકાશિત, ખ઼ુશ્તર = ખૂબ સરસ, એળિયાં = એડીઓ)*

**અર્થાત** : હુઝૂર સરાપા નૂર ﷺની મુબારક એડીઓ સૂર્ય અને ચંદ્ર કરતાં પણ વધારે નૂરાની છે બલ્કે આપની આ ખૂબ સરસ એડીઓ અર્શે આ'ઝમની આંખોના તારા છે કે મેઅરાજની રાતે અર્શે આ'ઝમે આપની એડીઓનો બોસો લીધો.

**જા બજા પરતવ ફ઼ગન હૈં આસમાં પર એળિયાં**
**દિન કા હૈં ખ઼ુર્શિદ શબ કો માહ અખ્તર એળિયાં**

*(જા બજા = દરેક જગ્યાએ, પરતવ ફ઼ેગન = રોશની આપનાર, દિન = દિવસ, ખ઼ુર્શિદ = સૂર્ય, શબ = રાત, માહ વ અખ્તર = ચાંદ તારા)*

**અર્થાત** : આકાશમાં દરેક જગ્યાએ હુઝૂર ﷺની મુબારક એડીઓનું નૂર ફ઼ેલાયેલ છે, દિવસમાં એડીઓની બરકતથી સૂર્ય ચમકે છે અને રાત્રે ચંદ્ર જગમગે છે.

**નજમે ગરદું તો નઝ઼ર આતે હૈં છોટે ઔર વો પાઉં**
**અર્શ પર ફ઼િર ક્યૂં ન હોં મેહસૂસ લાગર એળિયાં**

*(નજમે ગરદું = આકાશના સિતારા, પાઉં = પગ, લાગર = કમજોર)*

**અર્થાત** : આકાશમાં તારા ઘણા મોટા છે પરંતુ પૃથ્વી પર જોનારને નાના દેખાય છે. જ્યારે પહેલા આકાશના તારા દૂર હોવાના કારણે આટલા નાના દેખાય છે. તો અર્શે આ'ઝમ તો સાતેવ આસ્માનની પણ ઉપર છે તો જોનારને આપની એડીઓ નાની દેખાશે. આ ખુલાસો છે એ વાતનો કે અર્શની આંખોના તારા એડીઓ બતાવી છે તેનું કારણ શું છે.

**દબ કે ઝ઼ેરે પા ન ગુંજાઈશ સમાનેકી રહી**
**બન ગયા જલ્વા કફ઼ે પા કા ઉભર કર એળિયાં**

*(દબ કે = દબાઈને, ગુંજાઈશ સમાનેકી = સમાવવાની જોગવાઈ, જલ્વા = ચમક, કફ઼ે પા = પગનું તળિયુ)*

**અર્થાત** : હુઝૂર ﷺના ક઼દમ નીચે દબાઈ જવાની તાક઼ત કોઈ નથી ધરાવતું એટલે હુઝૂર ﷺના મુબારક તળિયાની ચમક ઉભરાઈને એડીઓ બની ગઈ.

**ઉનકા મંગતા પાઉં સે ઠુકરા દે વો દુન્યા કા તાજ**
**જિસ્કી ખાતિર મર ગએ મુન્ઈમ રગળકર એળિયાં**

*(ઉનકા મંગતા = હુઝૂર ﷺની બારગાહનો ભિખારી, મુન્ઈમ = માલદાર)*

**અર્થાત** : દુનિયાની ઈજ્જતના તાજ માટે માલદારો એડીઓ રગડી રગડીને મરી ગયા, હુઝૂર ﷺના ગુલામો એવા તાજને ઠોકર મારી દે છે.

**દો ક઼મર દો પંજએ ખૂર દો સિતારે દસ હિલાલ**
**ઉનકે તલ્વે પંજે નાખૂને પાએ અત્હર એળિયાં**

*(દો ક઼મર = બે ચાંદ, પંજ એ ખૂર = સૂર્યનો પંજો, હિલાલ = પહેલો ચાંદ, પાએ અત્હર = પવિત્ર પગ)*

**અર્થાત** : હુઝૂર ﷺનાં મુબારક તળિયાં બે ચાંદ છે અને બંનેવ પંજા બે સૂર્ય, એડીઓ બે સિતારા અને મુબારક પગની દસ આગળીઓના નખો નવા ચાંદ જેવા લાગે છે.

**હાએ ! ઉસ પથ્થર સે ઈસ સીને કી કિસ્મત ફોળિયે**
**બે તકલ્લુફ જિસ્કે દિલમેં યૂં કરેં ઘર એળિયાં**

**અર્થાત** : જે પથ્થર પર હુઝૂર ﷺએ કદમ મુબારક મૂક્યા અને તે પથ્થરે પોતાના સિનામાં હુઝૂર ﷺના કદમને સમાવી લીધા અને તેના પર હુઝૂર ﷺના મુકદ્દસ કદમના નિશાન બની ગયા. એવા મુબારક પથ્થરને સીનાથી લગાડીને કિસ્મત જગાડી લો. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ જે પથ્થર પર પગ મૂક્તા હતા તે નરમ થઈ જતો હતો. *(બૈહક઼ી)*

**તાજે રૂહુલ કુદ્દસ કે મોતી જિસે સજદા કરેં**
**રખતી હૈં વલ્લાહ વો પાક઼ીઝા ગોહર એળિયાં**

*(તાજ = મુગટ, રૂહુલ કુદ્દસ = હઝરત જિબ્રઈલ علیہ السلامનો લક઼બ, વલ્લાહ = અલ્લાહની ક઼સમ, ગોહર = મોતી, મર્તબો)*

**અર્થાત** : મારા અઝમતવાળા નબી ﷺની શાન તો એવી છે કે જ્યારે મેઅરાજની રાતે હઝરત જિબ્રઈલ علیہ السلام પોતાના કાફૂરી નૂરાની હોટ વડે હુઝૂર ﷺના મુકદ્દસ કદમને બોસો આપી રહ્યા હતા ત્યારે આપના તાજનાં મોતી હુઝૂર ﷺની એડીઓને સજદો કરી રહ્યા હતાં.

**નોંધ** : શરીઅતે મુહમ્મદી ﷺમાં માનવીએ કોઈને તાઝીમી સિજદો કરવો હરામ છે પણ નિર્જીવ વસ્તુઓ માટે હરામ નથી. જાનવરો અને વૃક્ષોનું હુઝૂર ﷺની બારગાહમાં સિજદો કરવો હદીષોથી સાબિત છે.

**એક ઠોકર મેં ઓહદ કા ઝલઝલા જાતા રહા**
**રખતી હૈં કિતના વક઼ાર અલ્લાહુ અકબર એળિયાં**

*(ઓહદ = મદીના શરીફનો એક પહાડ, ઝલઝલા = ધરતીકંપ, ધ્રુજારી, વક઼ાર = ઈજ્જત)*

**અર્થાત** : ઓહદ પહાડનો ઝલઝલો એક જ ઠોકરમાં જતો રહ્યો ! અલ્લાહુ અકબર ! હુઝૂર ﷺની

એડીઓ કેટલી ઈજ્જત ધરાવે છે. આ શેઅરમાં એક હદીષ શરીફ તરફ ઈશારો કરવામાં આવ્યો છે. હદીષે પાકમાં છે કે એક વખત નબીએ પાક ﷺ હઝરત અબૂબક્ર સિદ્દીક઼, હઝરત ઉમર, હઝરત ઉષ્માન ગની رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن ની સાથે ઓહદ પહાડ પર તશરીફ લઈ ગયા, તો ઓહદ પહાડ ધ્રુજવા લાગ્યો. (હુઝૂર ﷺની આમદની ખુશીમાં વજદમાં આવી ઝુમવા લાગ્યો !) તો આપે એડીની ઠોકર મારી અને ફર્માવ્યું, અય ઓહદ ! શાંત થઈ જા ! તારી ઉપર હમણા એક નબી (હુઝૂર ﷺ), એક સિદ્દીક઼ (અબૂબક્ર) અને બે શહીદ (ઉમર અને ઉષ્માન رضی اللہ عنہما) છે. તો પહાડ શાંત થઈ ગયો. *(બુખારી શરીફ, તિર્મિઝી શરીફ)*

આ હદીષથી સાબિત થયું કે અલ્લાહ પાકે હુઝૂર ﷺને ઈલ્મે ગયબ અતા ફર્માવ્યો છે કારણ કે હઝરત ફારૂકે઼ આ'ઝમ رضی اللہ عنہ (હિ.સ. ર૩માં અને હઝરત ઉષ્માન ગની હિ.સ. ૩પમાં એટલે કે હુઝૂર ﷺના વિસાલ બાદ અનુક્રમે ૧૩ અને રપ વરસ પછી શહીદ થયા અને હુઝૂર ﷺએ પોતાની પાક હયાતીમાં જ બંનેવની શહાદતની ખબર આપી. કોઈનું મૃત્યું કેવી રીતે થશે તે ગયબ છે અને  હુઝૂર ﷺએ તે ગયબ વર્ષો પહેલાં હઝરત ઉમર અને ઉષ્માન رضی اللہ عنہما માટે બયાન કરી આપ્યું.

**ચર્ખ પર ચળ્હતે હી ચાંદીમેં સિયાહી આ ગઈ**
**કર ચૂકી હૈં બદ્ર કો ટિકસાલ બાહર એળિયા**

*(ચર્ખ = આકાશ, ચાંદી = સફેદી, સિયાહી = કાળશ, બદ્ર = ચાંદ, ટિકસાલ બાહર = ખોટો સિક્કો઼)*

**અર્થાત** : જ્યારે હુઝૂર સરાપા નૂર ﷺ મેઅરાજમાં આકાશ પર તશરીફ લઈ ગયા તો આપના નૂર સામે ચાંદનું પ્રકાશ ફીકુ પડી ગયું અને ચાંદમાં કાળો ડાઘ પડી ગયો અને આપની એડીઓએ ચાંદને ખોટો સિક્કો઼ બનાવી દીધો.

**અય રઝા ! તુફાને મેહશર કી તલાતુમ સે ન ડર**
**શાદ હો, હૈં કશ્તીએ ઉમ્મત કો લંગર એળિયાં**

*(તલાતુમ = મોજાં, અર્થ : મેહશરની ભયાનક્તા, શાદ હો = ખુશ થઈ જા, લંગર = મદદગાર, તે વજનદાર વસ્તુ જેને દોરડા વડે જહાઝ જોડે બાંધી જહાઝને ઉભુ રાખવામાં આવે છે)*

**અર્થાત** : હે અહમદ રઝા ! (رضی اللہ عنہ) મેહશરના તોફાની મોજાંઓથી ગભરાઈ ન જા ! ખુશ થઈ જા ! ઉમ્મતની કશ્તીને બચાવવા માટે હુઝૂર ﷺની એડીઓ લંગરનું કામ આપશે. અર્થ એ કે હુઝૂર ﷺ ઉમ્મતને બચાવી લેશે.

## (નઅત શરીફ઼ : ૨૬)

**ઈશ્ક઼ે મૌલા મેં હૂં ખૂંબાર કિનારે દામન**
**યા ખુદા ! જલ્દ કહ આએ બહારે દામન**

*(ખૂંબાર = લોહીના આંસૂં, કિનારે દામન = દામનનો છેડો, જલ્દ = જલ્દી, બહાર = વસંત ઋતુ)*

**અર્થાત :** દામનના કિનારા પ્યારા આક઼ા ﷺના ઈશ્ક઼માં લોહીનાં આંસૂં વરસાવી રહ્યા છે. હે ખુદા ! દામનનો વસંતઋતુ અતા ફ઼ર્માવ. એટલે કે જલ્દીથી મદીનાની હાજરી નસીબ કર.

**બેહ ચુકી આંખ ભી અશ્ક઼ોં કી તરહ દામન પર**
**કે નહીં તારે નઝ઼ર જુઝ઼ દો સેહ તારે દામન**

*(બેહ ચુકી = વહી ગઈ, અશ્ક઼ોં = આંસૂંઓ, તાર = દારી, જુઝ઼ = સિવાય, દો સે = બે–ત્રણ)*

**અર્થાત :** મારી આંખો પણ આંસૂ બનીને દામન પર વહી ગઈ છે દામન પર આંસૂંઓનાં બે ત્રણ દોરા સિવાય કશું નથી.

**અશ્ક઼ બરસાઉં ચલે કુચએ જાનાંસે નસીમ**
**યા ખુદા ! જલ્દ કહીં નિકલે બુખારે દામન**

*(કુચએ જાનાં = મહબૂબની ગલી, નસીમ = ઠંડી હવા, બુખાર = જોશ)*

**અર્થાત :** હું યાદી નબી ﷺમાં આંસૂ વરસાવતો ચાલુ કે મદીનાની ઠંડી હવા ચાલે, હે ખુદા ! મને મદીના શરીફ઼ની ઝ઼િયારતનો શરફ઼ અતા કર કે મારા દામનનો જોશ નીકળી જાય.

**દિલ શુદોં કા યે હુવા દામને અતહર પે હુજૂમ**
**બે દિલ આબાદ હુવા નામ દયારે દામન**

*(દિલશુદોં = દિલ આપનાર આશિક઼ો, દામને અતહર = પવિત્ર દામન, હુજૂમ = ભીડ, બેદિલ = આશિક઼, દયાર = ઘર)*

**અર્થાત :** હુઝ઼ૂરે પાક ﷺના પવિત્ર દામન પર આશિક઼ોની એવી ભીડ જમા થઈ ગઈ છે કે આપના દામનના આસપાસનું નામ "બેદિલ આબાદ" (આશિક઼ોની વસ્તી) થઈ ગયું છે.

**મુશ્ક઼ સા ઝ઼ુલ્ફ઼ે શહ વ નૂરફ઼શાં રૂએ હુઝ઼ૂર**
**અલ્લાહ ! અલ્લાહ ! હલ્બે જૈબ વ તતારે દામન**

*(મુશ્ક઼ = ખુશ્બુ, સા = જેવું, ઝ઼ુલ્ફ઼ે શહ= બાદશાહ એટલે કે આક઼ા ﷺની ઝ઼ુલ્ફ઼ મુબારક, વ = અને, નૂર ફ઼શાં = પ્રકાશ ફ઼ેલાવનાર, રૂએ હુઝ઼ૂર = હુઝ઼ૂરે પાક ﷺનો સુંદર ચહેરો, અલ્લાહ ! અલ્લાહ ! = આશ્ચર્ય વખતે બોલાતા શબ્દો, હલ્બ = કાળાશ, જૈબ = ગરીબાન, મુરાદ હુઝ઼ૂર ﷺના ગૈસૂ મુબારક, તતાર = લંબાઈ)*

**અર્થ** : હુઝૂર ﷺની ઝુલ્ફ મુબારક મુશ્ક઼ જેવી સુગંધિત છે અને હુઝૂરનો ચહેરો મુબારક નૂર ફેલાવે છે. વાહ વાહ ! શું હુઝૂર ﷺની ઝુલ્ફોની સિયાહી છે ! અને કેવી હુઝૂર ﷺના દામનની લંબાઈ છે !

**તુઝ સે અય ગુલ મૈં સિતમ દીદએ દશ્તે હિરમાં**
**ખલિશે દિલ કી કહું યા ગમે ખારે દામન**

*(ગુલ = ફૂલ, સિતમદીદા = સતાવેલ, પરેશાન, દશ્ત = જંગલ, હિરમાં = મેહરમી, ખલિશ = ચુભન, ખાર = કાંટો)*

**અર્થ** : હે ફૂલ ! હું મેહરૂમીના જંગલનો પરેશાન વ્યક્તિ છું, તારી સામે દિલના દુઃખની વાત કરું કે દામનમાં ફેસાયેલ કાંટાઓની.

**અક્સ અફગન હૈ હિલાલે લબે શહ જૈબ નહીં**
**મહરે આરિઝ કી શુઆઐં હૈં ન તારે દામન**

*(અક્સ = સાયો, અફગન = નાખનાર, હિલાલ : પહેલો ચાંદ, લબે શહ : હુઝૂર ﷺના હોઠ મુબારક,*
*જૈબ = ગરીબાન, સીનો, મહર = સૂરજ, આરિઝ = ગાલ, શુઆઐં = કિરણો)*

**અર્થ** : હુઝૂર ﷺના મુબારક હોઠ સાયો કરેલ છે ગરીબાન નહીં, અને હુઝૂર ﷺના રૂખ્સારના સૂરજનાં આ કિરણો છે, દામનના દોરાની નહીં.

**અશ્ક઼ કહતે હૈં યે શૈદાઈ કી આંખેં ધોકર**
**અય અદબ ગર્દે નઝર હો ન ગુબારે દામન**

*(શૈદાઈ = આશિક઼, અશ્ક઼ = આંસૂં, ગર્દે નઝર = આંખોની ધૂળ, ગુબાર = ધૂળ)*

**અર્થ** : યાદે નબવીમાં આશિક઼ની આંખોમાંથી નીકળતાં આંસૂ કહે છે કે અમે આંખોને ગુસલ આપી દીધું છે પરંતુ અદબનો ખયાલ કરજો કે તમારી ધૂળ હુઝૂરે પાક ﷺના દામનને ન લાગી જાય.

**અય 'રઝા' આહ વો બુલબુલ કે નઝરમેં જિસ્કી**
**જલ્વએ જૈબે ગુલ આએ ન બહારે દામન**

*(રઝા = ઈમાન અહમદ રઝા, આહ = અફસોસ !)*

**અર્થ** : હે અહમદ રઝા ! અફસોસ છે તે બુલબુલ પર જેને ન ફૂલનો ચહેરો પસંદ આવે છે ન ફૂલનો દામન.

## (નઅત શરીફ : ૨૭)

**રશ્કે કમર હૂં રંગે રુખે આફતાબ હૂં**
**ઝર્રા તેરા જો અય શહે ગરદૂં જનાબ હૂં**

*(રશ્ક = બરાબરીની તમન્ના, કમર = ચંદ્ર, રુખ = ચેહરો, આફતાબ = સૂર્ય, ઝર્રા = રજકણ, શહ = બાદશાહ, ગરદૂં = આકાશ, જનાબ = બારગાહ)*

**અર્થાત :** અય મારા અઝમતવાળા આકા ! ﷺ આપની ગુલામીમાં આવી મને એવી ઊંચાઈ નસીબ થઈ કે ચાંદ મારા પર રશ્ક કરવા લાગ્યો અને મારા ચેહરાનો રંગ આફતાબના રુખનો મુકાબલો કરવા લાગ્યો. આ ફક્ત એટલા માટે જ કે આપની ખાકે પા નો એક ઝર્રો છું અને આપ તે છે કે આકાશની બુલંદી પણ આપની બારગાહની પાકીઝગીનો મુકાબલો નથી કરી શકતી.

**દુર્રે નજફ હૂં ગોહરે પાકે ખુશાબ હૂં**
**યાની તુરાબે રહ ગુઝરે બૂ તુરાબ હૂં**

*(દુર્રે = મોતી, નઝફ = હઝરત અલીના રોઝાવાળો શહેર, ગોહર = કિંમતી પથ્થર, ખુશાબ = ઉત્તમ પાણી, યાની = એટલે કે, તુરાબ = માટી, રહગુઝર = રસ્તો, અબૂ તુરાબ = માટીવાળો, હઝરત અલીની કુન્નિયત)*

**અર્થાત :** નજફ અશરફનો મોતી છું અને ઉત્તમ પાણીનો કિંમતી પથ્થર છું એટલે કે હું અબૂ તુરાબ અલી رضی اللہ عنہના રસ્તાની માટી છું અર્થ હું મૌલા અલી رضی اللہ عنہનો ગુલામ છું.

**ગર આંખ હૂં તો અબ્ર કી ચશ્મે પુર આબ હૂં**
**દિલ હૂં તો બર્ક કા દિલે પુર ઈઝતેરાબ હૂં**

*(ગર = અગર, અબ્ર = વાદળ, ચશ્મ = આંખ, પુર આબ = પાણી ભરેલ, બર્ક = વીજળી, પુર ઈઝતેરાબ = બેચેન)*

**અર્થાત :** જો હું આંખ છું તો એવી આંખ છું જે એવા વાદળ જેવી છે જેમાં પાણી ભરેલ છે. જેવી રીતે તેમાંથી પાણી ઓછું નથી થતું એવી જ રીતે મારી આંખથી પણ તય્યબહની જુદાઈમાં રડી રડીને આંસૂ ખતમ થવાનું નામ નથી લેતાં, અને જો હું દિલ છું તો એવું દિલ છું કે વીજળીની જેમ દરેક સમયે દીદારે મુસ્તફા ﷺની તડપમાં બેચેન બેકરાર છું.

**ખૂની જિગર હૂં તાઈરે બે આશિયાં શહા**
**રંગે પરીદએ રૂખે ગુલકા જવાબ હૂં**

*(ખૂની જિગર = લોહીવાળુ જિગર, તાઈર = પક્ષી, બે આશિયાં = માળા વગરનું, ઘર વગરનું, પરીદા = ઉઠેલુ, રુખે ગુલ = ફૂલનો ચેહરો)*

**અર્થાત :** અય મારા આકા ! હું તે પક્ષીની જેમ ખૂની જિગર છું જેનું કોઈ ઘર નથી, ઠેકાણુ નથી. હું તો ફૂલના ચેહરાના ઉડેલા રંગ જેવો મુરઝાએલો છું એટલે કે દુ:ખી છું અને આપની મદદનો મોહતાજ છું.

**બે અસ્લો બે ષબાત હૂં બહરે કરમ મદદ**
**પરવરદએ કિનારે સરાબો હબાબ હૂં**

*(બે અસ્લ = બે બુન્યાદ, બે ષબાત = ફાની, બહરે કરમ = સખાવતનો મહાસાગર, પરવરદા = પાલતુ, કિનાર = ગોદ, સરાબ = ચમકદાર રેતી જે દૂરથી પાણી જેવી દેખાય, હબાબ = પાણીનો પરપોટો)*

**અર્થાત :** હું બે સહારા અને ફાની છું અય સખાવતના મહાસાગર મારા પ્યારા નબી ! ﷺ મારી મદદ ફર્માવો ! ચમકદાર રેતી અને પાણીના પરપોટાની આશા પર જીવી રહ્યો છું એટલે કે ક઼યામતના દિવસે મારી નેક઼ીઓ ચમકદાર રેતીની જેમ હશે ફક્ત આપની શફાઅતનો આશરો છે, મારી મદદ કરજો.

**ઈબ્રત ફઝા હે શર્મે ગુનાહ સે મેરા સુકૂત**
**ગોયા લબે ખમોશે લહદકા જવાબ હૂં**

*(ઈબ્રત ફઝા = શીખામણ રૂપી, સુકૂત = ખામોશી, ગોયા = જેવું કે, લબ = હોઠ, ખમોશ = ચુપ, લહદ = ક઼બર)*

**અર્થાત :** ગુનાહોની શરમથી મારું ચૂપ રહેવું લોકો માટે શીખામણરૂપ છે કે લોકો તેને જોઈ નસીહત હાંસલ કરે જાણે કે ખામોશ ક઼બરની જેમ મારા હોઠ પણ જવાબ આપે છે એટલે કે કશુ બોલતાં નથી.

**ક્યું નાલા સોઝ લૈ કરું ક્યું ખૂને દિલ પિયું**
**સીખે ક઼બાબ હૂં ન મૈં જામે શરાબ હૂં**

*(નાલા = રૂદન, સોઝ = દુઃખ, લૈ = સુર, સીખે કબાબ = તે લોખંડનો સળીયો જેના ઉપર ગોશ્તને કબાબ બનાવવામાં આવે છે)*

**અર્થાત :** હું શું કરવા રૂદનનો સૂર ગાઉં અને દિલનું લહું પીઉં. ન તો હું ક઼બાબની સીખ છું કે આગમાં બળ તો રહું અને ન હું શરાબનો જામ છું કે બીજાઓના હાથમાં ફર્યા કરું. હું તો મુખ્તારે કાએનાત ﷺનો ગુલામ છું.

**દિલે બસ્તા બે ક઼રાર જિગર ચાક અશ્કબાર**
**ગુન્ચાં હૂં ગુલ હૂં બર્કે તપાં હૂં સહાબ હૂં**

*(દિલે બસ્તા = મજબૂર હૃદય, ચાક = કપાયેલુ, અશ્કબાર = આંસૂં પાડનાર, ગુન્ચાં = કળી, ગુલ = ફૂલ, બર્કે તપાં = તડપતી વીજળી, સહાબ = વાદળ)*

**અર્થાત :** મારું દિલ મજબૂર અને બેક઼રાર છે અને જિગર સદમાઓથી ટુકડે ટુકડા થઈ ગયેલ છે. આંખો અશ્રુ વરસાવે છે. કળીની જેમ કેદ છું અથવા ફૂલ છું જે કાંટોમાં ફસાયેલ છે અથવા બેચન વીજળીની જેમ છું જે તડપ્યા કરે છે અથવા વાદળની જેમ છું કે હવાઓ આમથી તેમ ધકેલ્યા કરે છે.

**દાવા હૈ સબસે તેરી શફાઅત પે બેશ્તર**
**દફતર મેં આસિયોંકે શહા ઈન્તેખાબ હૂં**

*(બેશ્તર = મોટાભાગે, દફતર = રજિસ્ટર, આસિયોં = ગુનેહગારો, શહા = આક઼ા, ઈન્તેખાબ = ચૂંટેલ, પસંદ કરેલ, પહેલા નંબર પર)*

**અર્થાત :** હું ચૂંટાયેલ છું, પસંદ કરેલો છું, પરંતું આપની શફાઅત માટે પણ હું પહેલા નંબર પર દાવેદાર

છું, મારી શફાઅત ફર્માવી બચાવી લે જો.

**મૌલા દુહાઈ નઝરોંસે ગિરકર જલા ગુલામ**
**અશ્કે મિઝહ રસીદએ ચશ્મે કબાબ હૂં**

*(મૌલા = આકા, દુહાઈ = ફરિયાદ, મિઝહ = પલક, રસીદા = પહોંચેલ,*
*ચશ્મે કબાબ = કબાબ એટલે કે આગમાં પકાવવામાં આવતા ગોશ્તની આંખ)*

**અર્થાત :** અય મારા મૌલા ! મારી ફરિયાદ સાંભળો ! આપની નજરોથી ઉતરીને હું જહન્નમમાં બળી જઈશ. મારું ઉદાહરણ એવું છે કે જેવી રીતે કબાબને આગની ઉપર શેકતી વખતે પાણી આંસૂ ટપકે છે એવી જ રીતે આપના ઈશ્કની ગરમીથી મારી પલકોમાં આંસૂ આવી ગયાં છે, મને આપ ભૂલશો નહીં, હું આપનો ગુલામ છું.

**મિટ જાએ યે ખૂદી તો વો જલ્વા કહાં નહીં**
**દરદા મેં આપ અપની નઝરકા હિજાબ હૂં**

*(ખૂદી = ખૂદ ગર્ઝી, જલ્વા = નઝારો, દરદા = અફસોસ, હિજાબ = પર્દો)*

**અર્થાત :** જો પોતાની જાતને મટાડી દેવામાં આવે એટલે કે ફના ફિર્રસૂલ કરી દેવામાં આવે તો હુઝૂર ﷺનો જલ્વો દરેક જગ્યાએ નજર આવે. અફસોસ ! મારી જાત જ મારા માટે પર્દો બની ગઈ છે.

**સદકે હૂં ઉસપે નાર સે દેગા જો મુખલિસી**
**બુલબુલ નહીં કે આતિશે ગુલ પર કબાબ હૂં**

*(સદકે હૂં ઉસપે = હું કુર્બાન છું તેમના પર, નાર = આગ, દોઝખ, મુખલિસી = છુટકારો, આતિશ = આગ, ગુલ = ફૂલ)*

**અર્થાત :** હું તો તે મુસ્તફા ﷺના જલ્વા પર કુર્બાન છું જે મારી શફાઅત કરી દોઝખની આગથી બચાવી લેશે, હું તે બુલબુલની જેમ નથી જે આગને ફૂલ સમજી બેસી જાય છે અને અંતે કબાબ બની જાય છે.

**કાલિબ તહી કિએ હમા આગોશ હૈ હિલાલ**
**અય શહ સવારે તૈબા મૈં તેરી રિકાબ હૂં**

*(કાલિબ = શરીરનો ઢાંચો, તહી = ખાલી, હમા આગોશ = પૂરી રીતે ગળે મળેલ, ગળે લાગેલુ,*
*રિકાબ = પગ મૂકવાની જગા, હિલાલ = પહેલો ચાંદ, શેહ સવાર = સવારોનો સરદાર)*

**અર્થાત :** હિલાલ પ્રથમ ચાંદ પાતળો અને કમાન જેવો કેમ દેખાય છે ? એટલા માટે કે જ્યારે તયબહનો શેહ સવાર સવારી પર સવાર થાય છે તો ચાંદ પોતાના બદનને ખાલી કરી રિકાબ (પેંગડા) જેવો બની જાય છે અને અર્ઝ કરે છે, આકા ! હું આપના કદમ મુબારકનો ગુલામ છું, મારા પર પગ મૂકી સવાર થઈ જાવ.

**ક્યા ક્યા હૈ તુઝ સે નાઝ તેરે કસ્ર કો કે મૈં**
**કાબા કી જાન અર્શે બરીં કા જવાબ હૂં**

*(નાઝ = લાડ, કસ્ર = મહેલ, અર્શેબરીં = અર્શે આ'ઝમ)*

**અર્થાત :** અય અઝમતવાળા પ્યારા નબી ! ﷺ આપની નિસ્બતથી આપની આરામગાહ રોઝા

મુબારકને કેવી ઈજ્જત અને શ્રેષ્ઠતા હાંસલ છે કે તે કહે છે કે હું કા'બાની જાન કા'બાનો કાબા અને અર્શેબરીંનો હમસર મુકામ ધરાવું છું.

અલ્લામા મુહમ્મદ બિન અબ્બાસ અલ્વી માલિકી (મક્કા મુકર્રમા) ફર્માવે છે કે જે જગ્યાએ હુઝૂર ﷺ આરામ ફર્માવી રહ્યા છે તે અર્શેબરીંથી પણ અફઝલ છે એ વાત પર ઉલમાનો ઈજમાઅ (સહમતિ, સર્વસંમતિ) છે. *(ફી રિહાબીલ બૈતીલ હરમ, પ્રકાશન—મક્કા શરીફ)*

**શહા બુઝે સક઼ર મેરે અશ્ક઼ોં સે તા ન મૈં**
**આબે અબષ ચકીદએ ચશ્મે ક઼બાબ હૂં**

*(શહા = અય સરદાર, બુઝે = બુઝાઈ જાય, સક઼ર = જહન્નમ, તા ન મૈં = જેથી હું ન બનું,*
*આબે અબષ = બેકાર પાણી, ચકીદા = ટપકેલ)*

**અર્થાત :** અય મારા આક઼ા ! આપની યાદમાં વહેલાં મારાં આંસૂં ક઼બાબમાં ટપકતા પાણીની જેમ બેકાર ન થાય બલ્કે મારી આંખોથી નીકળેલ આંસૂંઓથી જહન્નમ બુઝાઈ જાય એટલે કે મને જહન્નમથી નજાત મળી જાય.

**મૈં તો કહા હી ચાહું કે બંદા હૂં શાહ કા**
**પર લુત્ફ જબ હૈ કહ દેં અગર વો જનાબ હૂં**

*(મૈં તો = હું તો, કહાં હી ચાહું = કહેતો રહું, બંદા = ગુલામ, પર = પરંતું, લુત્ફ = ખુશી, હું = હાં છે)*

**અર્થાત :** હું તો કહ્યા જ કરું છું કે હું હુઝૂર પૂરનૂર ﷺનો ગુલામ છું પણ મારા કહેવાથી શું થાય ! ખુશી તો ત્યારે થાય જ્યારે જનાબ હુઝૂર ﷺ ખૂદ ફર્માવે કે, હા ! તું મારો ગુલામ છે.

**હસ્રત મૈં ખાક બોસીયે તૈબાકી અય 'રઝા'**
**ટપકા જો ચશ્મે મહર સે વો ખૂનેનાબ હૂં**

*(હસ્રત = તમન્ના, ખાક = બોસીયે તૈબા = મદીના શરીફની માટીને ચૂમવું, ચશ્મે મહર = સૂરજની આંખ, ખૂનેનાબ = શુધ્ધ લોહી)*

**અર્થાત :** અય ગુલામે મુસ્તફા અહમદ રઝા ! મદીના પાકની ખાકે શિફાને ચૂમવાની આરઝૂ સાથે સૂરજથી જે લોહી ટપકયું તે હું જ છું, કારણ મારા દિલ અને ખયાલમાં મદીના મદીના જ રહે છે.

## (નઅત શરીફ઼ : ૨૮)

**પૂછતે કયા હો અર્શ પર યૂં ગએ મુસ્તફ઼ા કે યૂં**
**કૈફ કે પર જહાં જલેં કોઈ બતાએ કયા કે યૂં**

*(યૂં = આવી રીતે, કૈફ઼ = અરબી શબ્દ છે મતલબ, કેવી રીતે = કેવું, પર = પાંખ, જહાં = જ્યાં, જલે = બળે)*

**અર્થ :** શું પૂછો છો કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام મેઅરાજમાં અર્શ પર આવી રીતે ગયા કે આવી રીતે ?! જ્યાં કૈફિયત આવું કે તેવું વગેરેની પાંખ બળી જાય કે હુઝૂર સિવાય બીજુ કોઈ ગયું જ નથી. ત્યાં સુધી કે સિદ્રા સુધી સાથે રહેનાર જિબ્રઈલ علیہ السلام પણ સિદ્રાથી આગળ નથી ગયા તો કોઈ કેવી રીતે બતાવે કે આવી રીતે ગયા.

જિબ્રઈલ અમીન علیہ السلامના ક઼ૌલને શૈખ સઅદી رحمۃ اللہ علیہ આવી રીતે બયાન ફર્માવે છે :–

*અગર યક સરે મૂએ બરતર પરમ–ફરોગે તજલ્લા બસોઝદ પરમ*

જો હું વાળની ટોચ બરાબર પણ આગળ વધુ તો તજલ્લીઓની ચમકથી મારી પાંખો બળી જાય.

હદીષે પાકમાં છે કે જ્યારે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ જિબ્રઈલ علیہ السلامને સિદ્રાથી આગળ જવા માટે કહ્યું તો જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, જો હું એક ક઼દમ પણ આગળ વધ્યો તો બળીને રાખ થઈ જઈશ.

*–(ઈમામ શઅરાની : અલ યવાકીતો વલ જવાહિર)*

તફસીરે ઈબ્ને કષીર, ભાગ : ૩ માં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, સિદ્રાથી જિબ્રઈલ علیہ السلامએ મારો સાથ છોડી દીધું, આવી જ રિવાયત તફસીરે નીશાપુરી, પારા : ૨૭, પેજ ૩૨ પર લખેલ છે.

### હુઝૂર ﷺના અર્શ પર જવા વિશે અમુક રિવાયતો

મુહદ્દિષે કબીર ઈબ્ને અબીદુન્યા રિવાયત કરે છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, મેઅરાજની રાતે મેં એક વ્યક્તિને જોયો જે નૂરે અર્શમાં ગાયબ હતો. *(ઝુર્કાની, ભાગ : ૬, પેજ : ૧૦૬)*

ઈમામ કસ્તલાની શારેહે બુખારી رحمۃ اللہ علیہ રિવાયત ફર્માવે છે કે જ્યારે હુઝૂર ﷺ અર્શ પર પહોંચ્યા તો અર્શે ઈલાહીએ દામને મુસ્તફા ﷺને પકડી લીધુ. *(મવાહિબે લદુન્યા, ભાગ : ૨, પેજ : ૩૪)*

અલ્લામા સૈયદ મહમૂદ આલૂસી علیہ السلام સૂરએ નજમની તફસીરમાં લખે છે કે ઈમામ જાફર સાદિક઼ رضی اللہ عنہ ફર્માવે છે કે "વન્નજમ" (તારાની ક઼સમ)થી મુરાદ હુઝૂર ﷺની ઝાત છે. અને "હવા" (જે ઉતર્યુ)થી મુરાદ મેઅરાજની રાત્રે હુઝૂર ﷺનું ઉતરવું મુરાદ છે જેનાથી હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું ઉપર ચઢવું અને લામકા સુધી મેઅરાજ કરવી માન્ય છે. *(તફસીરે રુહુલ મઆની, પારા : ૨૭)*

**કસ્રે દના કે રાઝ મેં અકલેં તો ગુમ હૈં જૈસી હૈં**
**રૂહે કુદ્સ સે પૂછીએ તુમને ભી કુછ સુના કે યૂં**

*(કસ્રે દના = નજીકનું સ્થાન, રાઝ = ભેદ, રૂહે કુદ્સ = જિબ્રઈલે અમીન عليه السلام)*

**અર્થાત :** કુર્આને પાકમાં સૂરએ નજમની એક આયતમાં છે કે **દના ફતદલ્લા** એટલે કે હુઝૂર ﷺ ખુદાની નજીક થયા તો તે નઝદીકીના સ્થાન વિશે બુદ્ધિ ગુમ થઈ છે એટલે કે એટલા નઝદીક થયા એ એક ભેદ છે જેને કોઈ માનવી જાણતો નથી. પરંતુ જિબ્રઈલ عليه السلام તો મેઅરાજના સફરમાં સિદ્રા સુધી સાથે હતા તો તેમને પૂછો કે તમોએ **દના**ના ભેદ વિશે કશું સાંભળ્યું છે કે આવું હતું ?

**મૈંને કહા કે જલ્વએ અસ્લમેં કિસ તરહ ગુમેં**
**સુબ્હને નૂરે મહર મેં મિટ કે દિખા દિયા કે યૂં**

*(જલ્વએ અસ્લ = ખુદાના નૂરનો જલ્વો, ગુમેં = ગુમ થયા, સુબ્હ = પ્રભાત, નૂરે મહર = સૂર્યનો પ્રકાશ)*

**અર્થાત :** હુઝૂર ﷺ ખુદાના નૂરથી પૈદા કરવામાં આવ્યા. અલ્લાહનું નૂર અસલ છે તો મેં પૂછયું કે નૂરે ખુદા મુહમ્મદ મુસ્તફા ﷺ અસલ ખુદાના નૂરના જલ્વામાં કેવી રીતે ગુમ થયા ? તો જવાબમાં સવાર જેની અસલ સૂર્યનું પ્રકાશ છે તે ધીરે ધીરે સૂર્યના આગમન સાથે ગુમ થઈ જાય છે તો સવારે સૂર્યના પ્રકાશમાં ગુમ થઈને બતાવ્યું કે આવી રીતે નૂરના જલ્વામાં નૂર ગુમ થાય છે.

આ'લા હઝરત رحمة الله عليهનો અંદાઝ પ્રશંસાના લાયક છે કે એક ગુચવણમય વાતને કેટલી આસાનીથી સમજાવી દીધી !

*મુલ્કે સુખન કી શાહી તુમકે રઝા મુસલ્લમ–જિસ સમ્ત આગયે હો સિક્કે બિઠા દીએ હૈ*

**હાય રે ઝૌકે બેખૂદી દિલ જો સંભલને સા લગા**
**છક કે મહકમેં ફૂલ કી, ગિરને લગી સબા કે યૂં**

*(ઝૌક = લિઝ્ઝત, બેખૂદી = બેહોશી, છક = નશામાં ચૂર, મહક = સુગંધ, સબા = વસંતઋતુની પૂર્વી હવા)*

**અર્થાત :** હાય અફસોસ ! બેખૂદીની લઝ્ઝત પામ્યા પછી જ્યારે હોશ ઠેકાણે આવવા લાગ્યો તો એ એહસાનની દુનિયામાં ઉપરોક્ત વર્ણવેલ જવાબનું બીજુ ઉદાહરણ મળી ગયું અને તે આ છે, સબા મહેકના નશામાં ચૂર થઈને ફૂલમાં ગુમ થઈ ગઈ અને તેનાથી માલૂમ પડયું કે મેઅરાજના વાકયામાં પણ આવુ બન્યું હશે કે હુઝૂર ﷺ ખુદા عزوجلના નૂરના જલ્વાના દીદારમાં ગુમ થઈ ગયા હશે.

**દિલ કો દે નૂરો દાગે ઈશ્ક ફિર મૈં ફિદા દો નીમ કર**
**માના હૈ સુન કે શક્કે મહ આંખો સે અબ દિખા કે યૂં**

*(નૂરો દાગે ઈશ્ક = નૂર અને મહબ્બતનો નિશાન, દો નીમકર = બે ટુકડા કર,*
*માના હૈ સુન કે = સાંભળીને માન્યું છે, શક્કે મહ = ચાંદનું ટુકડે ટુકડા થવું)*

**અર્થાત** : યા રસૂલુલ્લાહ ! ﷺ આપે ચાંદના બે ટુકડા કર્યા છે તેના પર મારું ઈમાન છે. પણ તે સાંભળીને માન્યું છે, હવે મારા દિલને નૂર તથા ઈશ્ક઼નો દાગ આપો અને હું આપ પર કુર્બાન થઈ જાઉં. પછી આપ તેને બે ટુકડા કરીને મને આંખોથી દેખાડી દો કે ચાંદ આવી રીતે ટુકડા થયો !

**દિલ કો હૈ ફ઼િક્ર કિસ તરફ઼ મુર્દે જિલાતે હૈં હુઝૂર**
**અય મૈં ફ઼િદા લગાકર એક ઠોકર ઉસે બતા કે યૂં**

*(મુર્દે ઝિલાતે હૈં = મુડદાંઓને જીવંત કરે છે. હુઝૂર = નઝદીક, નબીએ પાકની સિફતે કરીમા)*

**અર્થાત** : પ્યારા આક઼ા ! ﷺ મને એ વાત પર ઈમાન છે કે આપે મુડદાંઓને જીવંત કર્યા. પરંતુ મારા દિલની ચાહત છે કે તે આંખોથી જુએ કે હુઝૂર મુડદાંને કેવી રીતે જીવંત કરતા હતા ? તો હે મારા મસીહા ! આપ ઠોકર મારી મારા દિલને બતાવી દો કે આવી રીતે !

**બાગ મેં શુક્રે વસ્લ થા હિજરમેં હાએ હાએ ગુલ**
**કામ હૈ ઉન્કે ઝિક્ર સે ખૈર વો યૂં હુવા કે યૂં**

*(શુક્રે વસ્લ = મિલાપનો આભાર, હિજર = જુદાઈ, હાએ હાએ = આહો ભરવી, ઝિક્ર = યાદ, ખૈર = ભલે)*

**અર્થાત** : બુલબુલ જ્યાં સુધી બાગમાં રહે છે ફૂલના મિલાપનો શુક્રિયા અદા કરીને યાદ મનાવે છે, અને જ્યારે બાગથી જુદાઈ થાય તો હાય હાય ફૂલ કરીને યાદ કરે છે. તેવી જ રીતે ગુલામે મુસ્તફા ﷺ જ્યારે હુઝૂર ﷺની બારગાહમાં હાજરી આપે છે તો તૌબાની હાજરીમાં વ્યસ્ત રહે છે અને જ્યારે મદીનાથી જુદાઈ થાય છે તો મદીનાની યાદમાં હાયવોય કરે છે અને હુઝૂર ﷺને યાદ કરે છે. મક઼સદ તો આપને યાદ કરવું છે ચાહે તે આવી રીતે થાય કે એવી રીતે.

**જો કહે શેઅર વ પાસે શરઅ, દોનોં કા હુસ્ન ક્યૂં કર આએ**
**લા ઉસે પેશે જલ્વએ ઝમઝમએ રઝા કે યૂં**

*(જો કહે = જે વ્યક્તિ કહે, શેઅર = શાયરી, પાસે શરઅ = શરીઅતની મર્યાદા, લેહાઝ, હુસ્ન = સુંદરતા, ઝમઝમા = સૂર, ગીત)*

**અર્થાત** : શેરો શાયરી એક કઠિન ફન (કલા) છે. દુનિયાના પ્રેમીઓ માટે લખવામાં તો લોકો આઝાદ છે પણ જ્યારે આ શેઅરો હુઝૂર ﷺની બારગાહમાં નઅતે પાકના રૂપમાં કહેવામાં આવે તો ખૂબ એહતિયાત (સાવધાની)ની જરૂરત છે કે હુઝૂર ﷺની તારીફ એવી રીતે થાય કે મર્તબાથી નીચી ન હોય અને બંદાના રુત્બાથી ઉંચી ન હોય કે ખુદા સાથે સરખામણી કરી દેવામાં આવે. જેવું કે અમુક શાયરો ગફલતમાં કરી ગયા. તો શેઅરમાં શરીઅતનો લેહાઝ (મર્યાદા) જરૂરી છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જે કોઈ એવું કહેતો હોય કે શેઅર અને શરીઅતના લેહાઝનો સંગમ કેવી રીતે થાય તો તેને અહમદ રઝા رضی اللہ عنہની નઅતિયા શાયરીનો જલ્વો દેખાડી દો કે શેઅર પણ છે અને શરીઅતનો લેહાઝ પણ મહબૂબની શાન પર બયાન થાય છે અને શરીઅતની મર્યાદા પણ જળવાઈ રહે છે.

## (નઅત શરીફ઼ : ૨૯)

**ફિર કે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએ ક્યૂં**
**દિલ કો જો અક઼્લ દે ખુદા તેરી ગલી સે જાએ ક્યૂં**

**અર્થ** : અમે ગલી ગલીમાં ભટકીને સૌની ઠોકરો શા માટે ખાઈએ ?! ખુદાપાકે અક઼લ (બુધ્ધિ) આપી છે તો હુઝૂર પુરનૂર ﷺની ગલીઓને છોડીને બીજે શા માટે જઈએ ?!

**રુખ્સતે કાફ઼લા કા શોર ગશ સે હમેં ઉઠાએ ક્યૂં**
**સોતે હૈં ઉનકે સાયામેં કોઈ હમેં જગાએ ક્યૂં**

*(રુખ્સતે કાફ઼લા = કાફ઼લાની રવાનગી, શોર = ઘોંઘાટ, ગશ = બેહોશી, સાયા = પનાહ)*

**અર્થ** : અમે ઈશ્કે઼ રસૂલ ﷺની મદહોશીમાં છીએ વિદાય થતા કાફ઼લાનો ઘોંઘાટ કેવી રીતે અમને ઉઠાવે ?! અમે તો હુઝૂર ﷺની પનાહમાં સૂઈ રહ્યા છીએ કોઈ અમને કેવી રીતે જગાડી શકે !

**બાર ન થે હબીબ કો પાલતે હૈં ગરીબ કો**
**રોએં જો અબ નસીબ કો ચૈન કહો ગંવાએ ક્યૂં**

*(બાર = બોજ, નસીબ = ક઼િસ્મત, રોએં = રડે, ગંવાએ = બર્બાદ કરે)*

**અર્થ** : હુઝૂરે પાક ﷺ તો ગરીબોના પાલનાર છે અમે આપની ઉપર બોજ ન હતા તો તેમના દરને છોડીને કમનસીબી પર રડી રડીને ચૈન સુકૂનને શાથી બર્બાદ કરીએ ?!

**યાદે હુઝૂર કી ક઼સમ ગફ઼લતે ઐશ હૈ સિતમ**
**ખૂબ હૈં કૈદે ગમ મેં હમ, કોઈ હમે છુળાએ ક્યૂં**

*(ઐશ = આરામ, સિતમ = જુલ્મ, ખૂબ = સારું, કૈદે ગમ = ગમમાં ગિરફતાર રહેવું, છુળાએ = છોડાવે)*

**અર્થ** : હુઝૂર શાફ઼એ યૌમુન્નુષૂર ﷺ ઉમ્મતને ખૂબ યાદ કરતા હતા, ક્યારેક રબ્બિ હબ્લી ઉમ્મતી કહી ઉમ્મતની મગફ઼િરત માટે રડતા, તો મેઅરાજમાં રબની બારગાહમાં અસ્સલામુ અલયના વઅલા ઈબાદિલ્લાહિસ્સાલિહિન (સલામતી અમારા પર અને નેક બંદાઓ પર) કહી ઉમ્મતને યાદ કરી. સારાંશ કે હુઝૂર ﷺ વારંવાર ઉમ્મતને યાદ કરતા હતા એ હુઝૂર ﷺની યાદની ક઼સમ ! ઐશો આરામમાં પડી તે ગમખ્વાર આક઼ાને ભૂલી જવું મહા જુલ્મ છે અને જેથી હુઝૂર ﷺની યાદના ગમની કૈદમાં ખૂબ સારા છીએ, કોઈ અમને શું કામ છોડાવે ?!

**દેખ કર હઝરત ગની ફૈલ પળે ફક઼ીર ભી**
**છાઈ હૈં અબ તો છાવની હશ્ર હી આ ન જાએ ક્યૂં**

*(હઝરત = બુઝુર્ગ, ગની = માલદાર, છાવની = છાવણી)*

**અર્થ** : સખાવતના ધણી હઝરત ગની رضی اللہ عنہની મહેબાનીઓ જોઈને ફકીરોએ પડાવ નાખી દીધો છે. છાવણી બાંધીને બેસી ગયા છે. ઉઠવાનું નામ લેતા નથી ભલે કયામત આવી જાય.

**જાન હૈ ઈશ્ક઼ે મુસ્તફા રોઝ ફુઝૂં કરે ખુદા**
**જિસકો હો દર્દ કા મઝા નાઝે દવા ઉઠાએ ક્યૂં**

*(જાન = પ્રાણ, ફુઝૂં = વધારે, નાઝે દવા = દવાના નખરા)*

**અર્થ** : ઈમાનની જાન ઈશ્ક઼ે મુસ્તફા છે, ખુદા પાક દરરોજ તે ઈશ્ક઼માં વધારો ફર્માવે ! જેને ઈશ્ક઼ના દર્દમાં મજા મળતી હોય તે દવાના એહસાન શું કામ ઉઠાવે ?!

**હમ તો હૈં આપ દિલ ફગાર ગમ મેં હંસી હૈ ના ગવાર**
**છેળ કે ગુલકો નવ બહાર ખૂન હમેં રુલાએ ક્યૂં**

*(આપ = ખૂદ, દિલ ફગાર = ઝખ્મી હૃદય, ના ગવાર = અયોગ્ય, છેળકે = છેડીને, ગુલકો = ફૂલને, નવ બહાર = વસંતઋતુ)*

**અર્થ** : અમે ખૂદ જ પહેલેથી હુઝૂર ﷺની યાદના ગમમાં ઝખ્મી દિલ છીએ અને ગમમાં મજાક કરવું અયોગ્ય છે, તો વસંતઋતુ ફૂલને છેડીને લોહીનાં આસૂં ન રડાવે.

**યા તો યહીં તળપ કે જાએં યા વહી દામ સે છુળાએં**
**મિન્નતે ગૈર ક્યૂં ઉઠાએં કોઈ તરસ જતાએં ક્યૂં**

*(દામ = કૈદ, મિન્નતે ગૈર = બીજાનો ઉપકાર, તરસ = હમદર્દી)*

**અર્થ** : અમે યાદે નબી ﷺની કૈદમાં ગિરફતાર થઈ ગયા છે, ક્યાં તો યાદે નબી ﷺમાં એમ જ તડપી તડપીને જાન આપી દઈશું અથવા હુઝૂર ﷺ ખૂદ જલ્વો દેખાડી જાળમાંથી છોડાવી લે, બીજાનું એહસાન શા માટે માથે લઈએ ! કોઈ બીજો હમદર્દી શાથી જતાવે ?!

**ઉનકે જલાલ કા અસર દિલ સે લગાએ હૈં ક઼મર**
**જો કે હો લોટ ઝખ્મ પર દાગે જિગર મિટાએ ક્યૂં**

*(ક઼મર = ચાંદ, લોટ = આશિક઼, દાગ = નિશાન)*

**અર્થ** : ચાંદ પર કાળા રંગનો જે ધબ્બો છે તે હુઝૂર ﷺની શાનો શૌકતના અસરથી પડેલ છે અને તે ધબ્બાને ચાંદ મિટાવવા નથી ચાહતો. જે ઝખ્મ પર ફિદા હોય તે જિગરના ડાઘને શાથી મિટાવે ?!

**ખુશ રહે ગુલ પે અન્દલીબ, ખારે હરમ મુઝે નસીબ**
**મેરી બલા ભી ઝિક્ર પર ફૂલ કે ખાર ખાએ ક્યૂં**

*(ગુલ = ફૂલ, અન્દલીબ = બુલબુલ, ખારે હરમ = મદીનાનો કાંટો, નસીબ = ક઼િસ્મત, બલા = મુસીબત, ખાર = હસદ)*

**અર્થ** : બુલબુલો ફૂલથી ખુશ રહે અને મને મદીના શરીફના કાંટા નસીબ થાય, ફૂલના ઝિક્ર પર મારી બલાને હસદ કેમ થાય ?! મને તો મહબૂબે ખુદા ﷺના દયારના કાંટાથી પ્રેમ છે !

**ગર્દે મલાલ અગર ધુલે દિલ કી કલી અગર ખિલે**
**બર્ક઼ સે આંખ ક્યૂં જલે રોને પે મુસ્કુરાએં ક્યૂં**

*(ગર્દે મલાલ = દુ:ખની ધૂળ, બર્ક઼ = વીજળી, જલે = બળે)*

**અર્થ** : મુસ્તફા ﷺની જુદાઈના દુ:ખની ધૂળ જો ધોવાઈ જાય અને દીદારે મુસ્તફા ﷺથી દિલથી કળી ખિલીને ફૂલ થઈ જાય તો વીજળીથી આંખો બળે નહીં અને ગમે મુસ્તફા ﷺ પર રોતા જોઈને કોઈ હંસે નહીં.

**જાને સફર નસીબ કો કિસને કહા મઝે સે સો**
**ખટકા અગર સહર કા હો શામ સે મૌત આએ ક્યૂં**

*(જાને સફર = સફરનો પ્રાણ, મદીના શરીફનો સફર, મઝે સે = આરામથી, સો = સૂઈ જાવ,*
*ખટકા = ડર, સહર = પ્રભાત, મૌત = ઊંઘ)*

**અર્થ** : જાને સફર એટલે કે તમામ સફરોની જાન મદીનાનો સફર છે. નસીબને કોણે કહ્યું કે આરામથી સૂઈ જા ! જો સવારે ન ઉઠવાનો ડર છે તો સાંજે સૂઈ કેમ જાય છે ? આખી રાત સવારની રાહ જોતા ગુજારી દે !

**અબ તો ન રોક અય ગની આદતે સગ બિગળ ગઈ**
**મેરે કરીમ પેહલે હી લુક્મએતર ખિલાએ ક્યૂં**

*(ગની = માલદાર, આદતે સગ = શ્વાનની આદત, કરીમ = સખી, લુક્મએતર = તાજા સ્વાદિષ્ટ કોળીયા)*

**અર્થ** : અય મારા કરીમ, સખી, ગની આક઼ા ! આપે મારા પર બેપનાહ મહેરબાનીઓ ફર્માવી છે, અને આ મહેરબાનીઓના કારણે આપની ચોખટના કૂતરાને આપના દરના ટુકડા ખાવાની આદત પડી ગઈ ! હવે દસ્તે કરમ ન રોકો ! જો મહેરબાની રોકવી જ હતી તો પહેલા તાજા તાજા સ્વાદિષ્ટ લુકમા કેમ આપ્યા જે ખાઈને તાજુ ખાવાની આદત પડી ગઈ હવે સુકી રોટલીથી સબર નહીં થાય.

**રાહે નબી મેં ક્યા કમી ફર્શે બયાઝે દીદહ કી**
**ચાદરે ઝિલ હૈં મલગજી ઝેરે ક઼દમ બિછાએ ક્યૂં**

*(રાહે નબી = નબી પાક ﷺનો રસ્તો, ફર્શ = જાઝમ, બયાઝે દીદહ = આંખોની સફેદી, ચાદરે ઝિલ = સાયાની ચાદર,*
*મલગજી = મેલી, ઝેરે ક઼દમ = પગ નીચે, બિછાએ = પાથળે)*

**અર્થ** : હુઝૂર ﷺની રાહ ગુઝરમાં આંખો બિછાવનારાઓની શું કમી છે ! કરોડો લોકો હુઝૂર ﷺની

બારગાહમાં આંખો બિછાવવા તૈયાર છે. તો પછી ખુદા પાક આપના કદમ મુબારક નીચે સાયાની ચાદર કેમ પાથળે જે કાળી મેલી જેવી છે.

આ શેઅરમાં હુઝૂર ﷺના બે સાયા હોવાની અકલી દલીલ પેશ કરવામાં આવી છે. આ વિષય પર વધુ વિગત માટે જુઓ આ'લા હઝરતની કિતાબો ''કમરૂત્તમામ નફયુફય'' મુલ્લા અલી કારીની કિતાબ ''જમ્ઉલ વસાઈલ'' ભાગ–૧, પેજ–૧૭૬ અને અલ્લામા ઈબ્ને જૌઝીની કિતાબ અલવફા બે અહવાલિલ મુસ્તફા, પેજ–૪૦૭ અને ઈમામ મુનાવીની કિતાબ શર્હે શમાઈલ, ભાગ–૧, પેજ–૧૪૭

**સંગે દરે હુઝૂર સે હમ કો ખુદા ન સબ્ર દે**
**જાના હૈ સર કો જા ચુકે દિલ કો કરાર આએ ક્યૂં**

*(સંગે દરે હુઝૂર = હુઝૂરની ચોખટનો પથ્થર, સર = માથુ)*

**અર્થ** : ખુદા કરે કે હુઝૂર ﷺની ચોખટના બોસાથી દિલ ન ભરાય બલ્કે બોસો લેતા રહીએ, જો કોઈ માથુ કાપી પણ નાખે તો પણ દિલ ભરાય નહીં.

**હૈ તો 'રઝા' નિરા સિતમ જુર્મ પે ગર લજાએં હમ**
**કોઈ બજાએ સોઝે ગમ સાઝે તરબ બજાએ ક્યૂં**

*(નિરા સિતમ = ખુલ્લો જુલ્મ, જુર્મ = ગુનાહ, લજાએં = શર્મિંદા થવું, બજાએ = વગાડે, સોઝે ગમ = દુઃખનુ વાજુ, સોઝે તરબ = ખુશનુ વાજુ)*

**અર્થ** : અય અહમદ રઝા ! જ્યારે આપણે ગુનાહોથી શર્મિંદા થઈને રડી રહ્યા હોય એવી હાલતમાં હમદર્દીની જગ્યાએ ખુશીના ગીત ગાવા ખુલ્લો જુલ્મ છે.

## (નઅત શરીફ : 30)

**યાદે વતન સિતમ કિયા દશ્તે હરમ સે લાઈ ક્યૂં**
**બૈઠે બિઠાએ બદ્‌નસીબ સર પે બલા ઉઠાઈ ક્યૂં**

*(યાદે વતન = વતનની યાદ, દશ્તે હરમ = મદીના શરીફનું જંગલ)*

**અર્થાત :** વતનની યાદે સિતમ કર્યો કે તે હરમે રસૂલ عليه الصلوٰة والسلام મદીના શરીફથી પાછી લઈ આવી તેં લેવા દેવા વગર (નિરર્થક રીતે) હે કમનસીબ ! મદીનાથી જુદા પાડવાની બલા કેમ લીધી ?

**દિલમેં તો ચોટ થી દબી હાય ગઝબ ઉભર ગઈ**
**પૂછો તો આહે સર્દ સે ઠંડી હવા ચલાઈ ક્યૂં**

*(ચોટ = દર્દ, દબી = છુપાયેલી, ઉભર ગઈ = ઉભરાઈ, આહે સર્દ = ઠંડી શ્વાસ)*

**અર્થાત :** મારા દિલમાં ઈશ્કે રસૂલનું દર્દ છુપાયેલુ હતું પરંતુ અજબ થયું કે કોઈએ મદીનાની જુદાઈમાં ઠંડી શ્વાસ લીધી અને છુપાયેલ દર્દ ઉભરાઈ ગયું.

**છોળકે ઉસ હરમ કો આપ બનમેં ઠગોં કે આ બસો**
**ફિર કહો સર પે ધર કે હાથ લૂટ ગઈ સબ કમાઈ ક્યૂં**

*(બન = વન, ઠગો = ગઠીયાઓ, આ બસો = વસી જાવ, સર પે ધર કે હાથ = માથા પર હાથ મૂકીને, લૂટ = લૂટાઈ ગઈ, કમાઈ = કમાણી)*

**અર્થાત :** તમે પોતે જ મદીનાની બહારોને છોડી ઠગોના જંગલમાં વસી ગયા અને હવે માથે હાથ મૂકીને કહો છો કે બધી કમાણી લૂટાઈ ગઈ ?!

**બાગે અરબ કા સર્વે નાઝ દેખ લિયા હૈ વરના આજ**
**કુમરીયે જાને ગમઝદહ ગુંજ કે ચેહચહાઈ ક્યૂં**

*(સર્વેનાઝ = ખૂબ સરસ છોડવો, કુમરી = એક પક્ષી, જાને ગમઝદહ = દુઃખી જાન, ગુંજ કે = ગુંજીને, ચેહચહાઈ = ખુશીમાં બોલવું)*

**અર્થાત :** એવું લાગે છે કે આશિક (કુમરી)એ અરબના દુલ્હાનો દીદાર કરી લીધો છે નહીં તો દુઃખી જાનનું પક્ષી આજે ખુશીમાં કેમ ગાઈ રહ્યું છે.

**નામે મદીના લે દિયા ચલને લગી નસીમે ખુલ્દ**
**સોઝિશે ગમ કો હમને ભી કૈસી હવા બતાઈ ક્યૂં**

*(લે દિયા = લઈ લીધું, નસીમે ખુલ્દ = જન્નતની હવા, સોઝિશે ગમ = ગમની બળતરા, જલન)*

**અર્થાત :** જન્નતની મીઠી મીઠી હવા એટલા માટે ચાલવા લાગી છે કે અમોએ મદીના શરીફનું નામ લઈ લીધું છે, ગમે મુસ્તફાની જલનને અમોએ એવી હવાની ખબર કેમ આપી કે હવે તે જલન ખતમ થઈ જશે. જો કે જુદાઈના ગમની જલનમાં જે સ્વાદ છે તે જન્નતની ઠંડી હવામાં ક્યાં છે !

**કિસ નિગાહ કી હયા ફિરતી હૈ મેરી આંખોં મેં**
**નરગિસે મસ્ત નાઝને મુઝસે નઝર ચુરાઈ ક્યૂં**

*(હયા = શરમ, નરગિસ = આંખ જેવું ફૂલ, મસ્તનાઝ = મસ્તીથી નાઝ કરનાર, નઝર ચુરાઈ = આંખો ફેરવી લીધી)*

**અર્થાત :** મારી આંખોમાં પ્યારા હબીબ ﷺની નિગાહોની હયા ફરી રહી છે જેથી નરગિસે મસ્તનાઝ જેને પોતાની નિગાહ પર ગર્વ છે તે મારી સામે શરમાઈને આંખો ફેરવી લે છે.

**તૂને તો કર દિયા તબીબ આતિશે સીના કા ઈલાજ**
**આજ કે દુદે આહમેં બુએ કબાબ આઈ ક્યૂં**

*(આતિશે સીના = સીનાની જલન, દુદે આહ = આહનો ધુમાડો, બૂએ કબાબ = ગોશ્તના બળવાની ગંધ)*

**અર્થાત :** હે તબીબ ! ડોકટર તમોએ તો સીનાની જલનનો ઈલાજ કરી દીધો હતો પરંતુ આજે મેં મદીનાની જુદાઈમાં આહ ભરી તો કબાબની ગંધ કેમ આવી.

**ફિક્રે મઆશ બદ બલા હોલે મિઆદ જાં ગઝા**
**લાખોં બલામેં ફંસને કો રૂહ બદનમેં આઈ ક્યૂં**

*(ફિક્રે મઆશ = રોજીની ફિકર, બદ બલા = બુરી મુસીબત, હોલે મિઆદ = કયામતની ગભરામણ,*
*જાંગઝા = જાનને ઘટાડનાર)*

**અર્થાત :** દુનિયામાં રોજીની ફિકરની બલા માથા પર અને ઉપરથી કયામતની ભયાનક્તાઓ જાન ઘટાડનારી છે, લાખો મુસીબતોમાં ફસાવવા રૂહ શરીરમાં કેમ આવી !

**હો ન હો આજ કુછ મેરા ઝિક્ર હુઝૂરમેં હુવા**
**વરના મેરી તરફ ખુશી દેખકર મુસ્કુરાઈ ક્યૂં**

**અર્થાત :** જરૂર આજે મારું ઝિક્ર હુઝૂર ﷺની બારગાહમાં થયું છે એટલે ખુશી મારી તરફ જોઈને હસે છે.

**હૂરે જિના સિતમ કિયા તૈયબા નઝરમેં ફિર ગયા**
**છેળકે પરદએ હિજાઝ દેસ કી ચીઝ ગાઈ ક્યૂં**

*(હૂરે જિના = જન્નતનોની હૂર, નઝરમેં ફિર ગયા = નઝરથી ગાઈબ થઈ ગયું, પરદએ હિજાઝ = અરબનો રાગ, દેસ = દેશ, મુલ્ક)*

**અર્થાત :** હે જન્નતની હૂર ! તેં સિતમ કર્યો કે રાગ તો હિજાઝી છેડયો જેના કારણે મારી આંખોમાં મદીના શરીફના નઝારા ઘુમવા લાગ્યા પરંતુ ગીત તેં દેશી ગાયું જેનાથી મારા દિલને દર્દ થયું.

**ગફ઼લતે શૈખો શાબ પર હંસતે હૈં તિફ઼્લે શીરખ્વાર**
**કરને કો ગુદગુદી અબષ આને લગી બહાઈ ક્યૂં**

*(શૈખો શાબ = વૃદ્ધ તથા યુવાન, તિફ઼્લ = બાળક, શીરખ્વાર = દૂધ પીતુ, ગુદગુદી = ખુજલી, અબષ = બેકાર, બહાઈ = બાળકોને ઊંઘમાં હંસાવનારી રૂહ)*

**અર્થાત :** આજના વૃદ્ધો અને યુવાનોની ગફ઼લત જોઈને દૂધ પીતા બાળકો હસે છે, બેકારમાં બાળકોને ગુદગુદી કરવા બહાઈ કેમ આવી ગઈ ?

**અર્ઝ કરું હુઝ઼ૂર સે દિલ કી તો મેરે ખૈર હૈ**
**પિટતી સરકો આરઝ઼ૂ દશ્તે હરમ સે આઈ ક્યૂં**

*(અર્ઝ = અરજ, ખૈર = ભલાઈ, પિટતી = રડતી પિટતી, આરઝ઼ૂ = તમન્ના, દશ્તે હરમ = મદીનાનું જંગલ)*

**અર્થાત :** હુઝ઼ૂરે પાક علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં અરજ કરું કે મારા દિલની તો ખૈર છે પણ આરઝ઼ૂ માથુ પછાડીને કહે છે કે તયબહની બહારોને છોડી કેમ પાછા આવી ગયા ?!

**હસ્રતે નૌકા સાનેહા સુનતે હી દિલ બિગળ ગયા**
**ઐસે મરીઝ઼ કો 'રઝ઼ા' મર્ગે જવાં સુનાઈ ક્યૂં**

*(હસ્તરેનૌ = નવી હસ્રત, આરઝ઼ૂ, સાનેહા = બુરી ખબર, મરીઝ઼ = બીમાર, મર્ગે જવાં = જવાન મૌત)*

**અર્થાત :** મદીના શરીફ઼ની જુદાઈની ખબર સાંભળી એવું લાગ્યું જાણે જવાનની મૌતની ખબર સંભળાવી દીધી હોય, દિલ બેક઼ાબૂ થઈ ગયું, નવા અરમાનોનું ખૂન થઈ ગયું, હે અહમદ રઝ઼ા ! તમોએ આવા ગંભીર બીમારને એટલી ભયાનક ખબર કેમ સંભળાવી ?!

## (નઅત શરીફ : ૩૧)

**એહલે સિરાત રૂહે અમીં કો ખબર કરેં**
**જાતી હૈ ઉમ્મતે નબવી ફર્શ પર કરેં**

*(એહલે સિરાત = પુલ સિરાતવાળા, રૂહે અમીં = જિબ્રઈલ عليه السلام, ફર્શ પર કરેં = પર એટલે પાંખને બિછાવે)*

**અર્થાત** : પુલસિરાત પર નિયુક્ત ફરિશ્તાઓ જિબ્રઈલ અમીનને ખબર કરો કે મુસ્તફા જાને રહમત ﷺની ઉમ્મત પુલ સિરાતથી ગુજરવાની તૈયારીમાં છે તે પોતાની પાંખો બિછાવી ઉમ્મતને પસાર કરી શબે મેઅરાજમાં હુઝૂર ﷺની બારગાહમાં વ્યક્ત કરેલી ઈચ્છા પૂરી કરે.

**રિવાયત** : મેઅરાજની રાતે સિદરાથી આગળ જતા પહેલાં હુઝૂર ﷺએ જિબ્રઈલ عليه السلامથી ફર્માવ્યું, કોઈ ઈચ્છા છે જે રબની બારગાહમાં પેશ કરું. જિબ્રઈલ عليه السلامએ અર્ઝ કરી, મારા માટે સવાલ કરજો કે કયામતના દિવસે જ્યારે આપની ઉમ્મત પુલસિરાતથી પસાર થઈ રહી હોય ત્યારે હું મારી પાંખો બિછાવી શકું જેથી આપની ઉમ્મત આસાનીથી પસાર જાય. *(તફસીરે રૂહુલ બયાન–૫૨/૨૨૧)*

**ઈન ફિત્નાહાએ હશ્ર સે કેહ દો હિઝર કરે**
**નાઝોં કે પાલે આતે હૈં રહ સે ગુઝર કરે**

*(ફિત્નાહાએ હશ્ર = મેહશરના હંગામા, હિઝર = પરહેઝ, નાઝોં કે પાલે = લાડ પ્યારથી ઉછરેલા, રહ = રસ્તો, ગુઝર = પસાર થવું)*

**અર્થાત** : મેહશરના હંગામાઓને કહો કે રસ્તામાંથી હટી જાવ ! હવે કોઈ મામૂલી લોકો નહીં બલ્કે લાડ પ્યારથી ઉછરેલ જેને અલ્લાહે ઉમ્મતે ખૈર, ઉમ્મતે વસ્ત કહી, જેને હજાર મહિનાઓથી બેહતર એક રાત શબે કદ્ર આપી, જે સૌ ઉમ્મતોમાં સર્વોત્તમ છે જેમાં સામેલ થવા નબીઓએ તમન્ના કરી એટલે કે હુઝૂર સરાપા નૂર ﷺની લાડલી ઉમ્મત જેના માટે પ્યારા નબી ﷺ જીવનભર બખ્શિશની દુઆ કરતા રહ્યા તે પ્યારી ઉમ્મત આવી રહી છે.

**બદ હૈં તો આપકે હૈં ભલે હૈં તો આપ કે**
**ટુકડોં સે તો યહાં કે પલે રુખ કિધર કરેં**

*(બદ = બુરો, ભલે = સારા, રુખ = ચહેરો, પલે = ઉછર્યા)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ﷺ અમે બુરા છીએ કે સારા છીએ પરંતું આપની બારગાહના ટુકડાથી ઉછરેલ છીએ હવે આપની ચોખટ છોડી કઈ બાજુ મોઢુ કરીએ ?!

**સરકાર હમ કમીનોંકે અતવાર પર ન જાએં**
**આકા હુઝૂર અપને કરમ પર નઝર કરેં**

*(સરકાર = પ્યારા નબી, કમીનોં = બેકારો, અતવાર = આદતો, તૌર તરીકો)*

**અર્થ** : અય પ્યારા આક઼ાએ કરીમ ﷺ અમારી બુરી આદતો અને કામો તરફ ધ્યાન ન આપો ! આપના કરમ પર નઝ઼ર કરો ! અમારા ગુનાહો આપના કરમ સામે શું હૈસિયત ધરાવે છે ! અમારી બખ્શિશ માટે આપનો એક ઈશારો કાફી છે.

**ઉનકી હરમ કે ખાર કશીદા હૈં કિસ લિએ**
**આંખોં મેં આએં સર પે રહેં દિલમેં ઘર કરેં**

*(ઉનકી હરમ = હુઝ઼ૂર ﷺ નું હરમ મદીના શરીફ, ખાર = કાંટા, કશીદા = ખેંચાયેલ)*

**અર્થાત** : પ્યારા નબી ﷺના હરમના કાંટા દૂર કેમ છે ?! મારી આંખોમાં આવો ! માથા પર રહો ! દિલમાં ઘર બનાવી લો.

**જાલોં પે જાલ પળ ગએ લિલ્લાહ વક઼્ત હૈ**
**મુશ્કિલ કુશાઈ આપકે નાખૂન અગર કરે**

*(જાલોં પે જાલ પળ ગએ = જાળો પર જાળ પડી ગઈ છે, લિલ્લાહ = અલ્લાહ વાસ્તે,*
*મુશ્કિલ કુશાઈ = મુસીબત દૂર કરવી, નાખૂન = નખ)*

**અર્થાત** : અય પ્યારા નબી ﷺ હું ગુનાહોની જાળોમાં ફસાય ગયો છું, મદદનો વખત છે, ખુદા વાસ્તે મારી મદદ ફર્માવો ! જો આપની મુકદસ અગાળીના નખ મુબારક ઈશારો કરી દે તો મારી જાળો તૂટી જાય.

**મંઝ઼િલ કળી હૈ શાને તબસ્સુમ કરમ કરે**
**તારોંકી છાઓં નૂર કે તળકે સફર કરે**

*(મંઝ઼િલ કળી હૈ = રસ્તો ખતરનાક છે, શાને તબસ્સુમ, મુસ્કુરાહટની શાન, તળકે = પ્રભાત)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ આખિરતની મંઝ઼િલ ઘણી કઠિન છે, જો આપ મુસ્કુરાહટ આપી દો તો મુસીબતોનુ અંધારું હટી જાય અને નૂરના પ્રકાશમાં સફર આસાન થઈ જાય.

**કિલ્કે 'રઝ઼ા' હૈ ખંજરે ખૂંખાર બર્કબાર**
**આ'દા સે કેહ દો ખૈર મનાએં શર ન કરે**

*(કિલ્કે રઝ઼ા = મુરાદ ઈમામ અહમદ રઝ઼ાની ક઼લમ, ખંજરે ખૂંખાર = ખૂની ચાકુ, બર્કબાર = વીજળીઓ ગિરાવનાર,*
*આ'દા = દુશ્મન, ખૈર = ભલાઈ, શર = નુકસાન, ફ઼િત્નો)*

**અર્થાત** : અય મુસ્તફા ﷺના ગુસ્તાખો ! અહમદ રઝ઼ાનો ક઼લમ તમારા માટે ખૂંખાર ખંજર છે ! તમારી બદ અક઼ીદગીનો સફાયો કરી નાખશે, તમારા જૂઠા મઝહબ પર મારો ક઼લમ વીજળી બનીને પડશે. અય નબી ! ﷺના દુશ્મનો ! ભલાઈની વાત કરો, ફ઼િત્ના બાજી ન કરો.

## (નઅત શરીફ : ૩૨)

**વો સૂએ લાલાઝાર ફિરતે હૈં**
**તેરે દિન અય બહાર ફિરતે હૈં**

*(લાલાઝાર = બગીચો, સૂએ = તરફ, ફિરતે હૈં = આવી રહ્યા છે, તેરે દિન = તારા દિવસો, બહાર = વસંતઋતુ)*

**અર્થાત** : અય રસૂલે પાક ﷺના દીદારની તમન્નાના ફૂલો ધરાવનાર બાગ ખુશ થઈ જા, હુઝૂર તશરીફ લાવી રહ્યા છે અને વસંતઋતુના તારા દિવસો પાછા આવી રહ્યા છે.

આ'લા હઝરત رضی اللہ عنہ જ્યારે બીજી વખત મદીના શરીફ તશરીફ લઈ ગયા તો દીદારે મુસ્તફા ﷺની તડપમાં મવાજેહ શરીફ (રોઝા મુબારક)ની સામે દુરૂદ શરીફ પઢતા રહ્યા અને એંધાણ એવા દેખાયા કે હુઝૂર ﷺ બસ કરમ ફર્માવવાના જ છે. પરંતુ પહેલી રાત ગુજરી ગઈ. બીજી રાત આવતા પહેલાં આપે દીદારના શોખમાં આ નઅત લખી જેની તરફ આ નઅતના મકતઅમાં ઈશારો કરવામાં આવ્યો છે : "કોઈ ક્યું પૂછે તેરી બાત રઝા"

બસ આ નઅત રોઝા મુબારક સામે પેશ કરી અને બાઅદબ બેસી ગયા કિસ્મતનો તારો ચમક્યો અને માથાની આંખોથી જાગૃતાવસ્થામાં દીદારે મુસ્તફા ﷺની દૌલત નસીબ થઈ.

*–(માહનામા સાલિક, રાવલપિંડી, જુલાઈ–ઓગસ્ટ–૧૯૨૩)*

ઘણા બુઝુર્ગોને જાગૃતાવસ્થાની હાલતમાં દીદારે મુસ્તફા નસીબ થયો જેમાં ઈમામ જલાલુદ્દીન સિયુતીનુ નામ મશ્હૂર છે, તેમને ૭૫ વખત જાગૃતાવસ્થાની હાલતમાં હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ. જાગૃતાવસ્થાની હાલતમાં હુઝૂર ﷺની ઝિયારત નસીબ થવું ઘણી રિવાયતોથી સાબિત છે.

હદીષે પાકમાં છે : જેણે મને સ્વપ્નમાં જોયો તે જાગૃતાવસ્થામાં મને જોશે. તફસીરે રૂહુલ મઆની, પારા–૨૨, પેજ–૨૩ ૫૨ છે કે હુઝૂર ﷺના વિસાલ પછી ઘણા બુઝુર્ગોને જાગૃતાવસ્થામાં હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ છે, વધુ દલીલો માટે જુઓ ઈમામ જલાલુદ્દીન સિયુતીની કિતાબ "તન્વીરુલ હલક ફી ઈમકાને રુયતિન્નબીય્યે વલ મલક" અલ્લામા ફૈઝ અહમદ ઓવૈસીની કિતાબ "તોહફતુસ્સુલહા."

**જો તેરે દર સે યાર ફિરતે હૈં**
**દર બદર યૂંહી ખ્વાર ફિરતે હૈં**

*(દર = દરવાજો, દર બદર = એક દરવાજાથી બીજા દરવાજા પર, યૂંહી = એવી રીતે, ખ્વાર = ઝલીલ, રુસ્વા)*

**અર્થ** : અય મારા પ્યારા આકા ! જે આપની ચોખટથી મોઢુ ફેરવી લે છે તે દર બદર ઝલીલ રુસ્વા થઈને ધક્કા ખાતો ફરતો રહે છે, તેને કોઈ ઠેકાણુ નથી મળતું.

**આહ કલ ઐશ તો કિયે હમને**
**આજ વો બેકરાર ફિરતે હૈં**

*(આહ = અફસોસ, કલ = કાલે, મુરાદ દુન્યા, ઐશ = આરામ)*

**અર્થાત** : મેદાને મેહશરના નકશાને ધ્યાનમાં રાખી આશિક કહે છે, અફસોસ ! કાલે દુનિયામાં અમે આરામ જ કરતા રહ્યા, આખેરતની કોઈ ફિકર ન કરી ન હુઝૂર ﷺના ઉમ્મતી હોવાના ગર્વની લાજ રાખી.

પરંતુ આજે હશ્રમાં શફીઉલ મુઝનબીન, શાફએ મેહશર પ્યારા આકા ઉમ્મતીના ગમમાં બેકરાર બેચેન ફરી રહ્યા છે. ક્યારેક અલ્લાહની બારગાહમાં ઉમ્મતની બખ્શિશ માટે શફાઅત કરે છે તો ક્યારેક પુલસિરાત પર, મીઝાન પર, હૌઝે કૌષર પર ઉમ્મતીઓના ગમમાં ફેરા લગાડી રહ્યા છે.

**ઉનકે ઈમા સે દોનોં બાગોં પર**
**ખૈલે લયલો નહાર ફિરતે હૈં**

*(ઈમા =ઈશારો, બાગોં =લગામો, ખૈલે લયલો નહાર = રાત દિવસના ઘોડા)*

**અર્થાત** : રાત દિવસના ઘોડાઓની લગામ હુઝૂર ﷺના હાથમાં છે જયારે ઈશારો કરે ત્યારે રોકાઈ જાય અને જયારે ઈશારો કરે ચાલવા માંડે છે.

આ શેઅરમાં હુઝૂર ﷺના મુખ્તાર હોવા તરફ ઈશારો કરવામાં આવ્યો છે જેવું કે રિવાયતોથી સાબિત છે કે જયારે મક્કાના કાફિરોએ મેઅરાજ વિશે નિશાનીઓ માંગી તો હુઝૂરે ફર્માવ્યું કે એક કાફલો સૂર્ય નીકળતા પહેલાં આવી જશે. તો કાફિરોએ કાફલાને મક્કાની બહાર જ રોકી રાખ્યો જેથી સૂર્ય નીકળતાં પહેલાં મક્કામાં દાખલ ન થાય તો હુઝૂર ﷺ જૂઠા પડે. પરંતું સૂર્ય ત્યાં સુધી નીકળ્યો જ નહીં જ્યાં સુધી કાફલો મક્કામાં પ્રવેશ્યો નહીં. અને મકામે સહબામાં હઝરત અલી رضي الله عنهની નમાઝ માટે ડૂબેલો સૂર્ય હુઝૂર ﷺએ પાછો બોલાવ્યો. આ ઉપરાંત હદીષે પાક છે કે હું સૂઈ રહ્યો હતો અને તમામ જમીનના ખજાનાઓની ચાવીઓ લાવીને મારા હાથમાં મૂકી દેવામાં આવી. *(બુખારી શરીફ–૪૧૮)* કયામતના દિવસે જન્નતની ચાવીઓ મારી પાસે હશે *(દલાઈલુન્નબુવ્વત–૮, પેજ–૬૪, ૬૫)*

હઝરત આમેના رضي الله عنها બયાન ફર્માવે છે કે હુઝૂર ﷺની પેદાઈશ મુબારક સમયે આ એલાન થયું : "તમામ દુનિયા મુહમ્મદ ﷺના કબ્ઝામાં છે." *(ઝુર્કાની–૧, પેજ–૧૧૪)* હુઝૂર ﷺ ફર્માવે છે કે આકાશમાં મારા બે વજીર છે, જિબ્રઈલ અને મિકાઈલ, અને પૃથ્વી પર મારા બે વજીરો છે અબૂબક્ર અને ઉમર (તિર્મિઝી શરીફ) ઈખ્તિયારે મુસ્તફા પર વધુ જાણકારી માટે પઢો અલઅમ્નો વલ ઉલા, સલ્તનતે મુસ્તફા.

**હર ચરાગે મઝાર પર કુદસી**
**કૈસે પરવાના વાર ફિરતે હૈં**

*(ચિરાગ = દીપ, કુદસી = ફરિશ્તો, પરવાના વાર = પતંગિયાની જેમ)*

**અર્થાત** : હુઝૂર પુરનૂર ﷺના મુબારક મઝારની નૂરાનિયત પર ફરિશ્તાઓ પરવાનાઓની જેમ કુર્બાન થઈ રહ્યા છે. જેવું કે હદીષે પાક છે કે સવારે સિત્તેર હજાર અને સાંજે સિત્તેર હજાર ફરિશ્તાઓ હુઝૂર ﷺની બારગાહમાં સલામ પેશ કરવા આવે છે, જે એકવાર આવી જશે બીજી વખત તેનો નંબર નહીં આવે.

**ઉસ ગલી કા ગદા હૂં મૈં જિસમેં**
**માંગતે તાજદાર ફિરતે હૈં**

*(ગદા = ભિખારી, તાજદાર = રાજા)*

**અર્થાત** : મને ગર્વ છે કે હું હુઝૂર ﷺની તે ગલીનો ભિખારી છું જ્યાં મોટા મોટા રાજાઓ ભિખ માંગે છે.

**જાન હૈં જાન ક્યા નઝર આએ**
**ક્યૂં અદૂ ગિર્દેગાર ફિરતે હૈં**

*(જાન = પ્રાણ, અદૂ = દુશ્મન, ગિર્દેગાર = ગુફાની આસપાસ)*

**અર્થાત** : હિજરતની રાતે હુઝૂર ﷺ ગારે ષૌરમાં આરામ ફર્માવી રહ્યા હતા, દુશ્મનો ગારની આસપાસ ફરીને જતા રહ્યા, હુઝૂર ﷺ નજર ન આવ્યા. હુઝૂર ﷺ કેવી રીતે દેખાતા ?! કેમ કે હુઝૂર ﷺ તો કાઈનાત, ઈસ્લામ, ઈમાનની જાન છે અને જાન દેખાતી નથી.

**ફૂલ ક્યા દેખું મેરી આંખો મેં**
**દશ્તે તૈબા કે ખાર ફિરતે હૈં**

*(દશ્તે તૈબા = મદીનાનો જંગલ, ખાર = કાંટા)*

**અર્થ** : હે ફૂલો ! હું તમને કેવી રીતે જોઉં ? મારી આંખોમાં તો આકા ﷺના શહેરના કાંટા સમાયેલ છે જે મને તમારા કરતાં વધારે પ્યારા છે.

**લાખોં કુદસી હૈં કામે ખિદમત પર**
**લાખોં ગિર્દે મઝાર ફિરતે હૈં**

**અર્થાત** : લાખો ફરિશ્તાઓ હુઝૂર ﷺની ખિદમતમાં હાજર રહે છે અને લાખો મઝારની આજુબાજુ ફરે છે.

**વરદિયાં બોલતે હૈં હર કારે**
**પેહરા દેતે સવાર ફિરતે હૈં**

*(વરદિયા = વાજુ વગાડવુ અથવા એલાન કરવું, હર કારે = એલાન કરનાર અથવા પિયાદા લશ્કર)*

**અર્થાત** : મદીનએ મુનવ્વરામાં પાયદળ સિપાહીઓ હુઝૂર ﷺની અઝમતની નોબત વગાડે છે અને હુઝૂર ﷺની રહમતોનું એલાન કરે છે તથા નૂરી સવાર ફરિશ્તાઓ મદીનાની ચારો તરફ પેહરેદાર રૂપે ગશ્ત લગાડે છે. જેવું કે હદીષે પાકમાં છે : મદીના શરીફના દરેક રસ્તા પર ફરિશ્તાઓની નિગરાની છે, એટલા માટે એમાં ન દજ્જાલ આવી શકે છે ન તાઉન. (ખુલાસતુલ્વફા) મદીના મુનવ્વરાની હિફાઝત માટે દરેક ગલીમાં ફરિશ્તાઓની જમાઅત ઉભી છે. *(બુખારી, મુસ્લિમ)*

**રખીયે જૈસે હૈં ખાનાઝાદ હૈં હમ**
**મોલ કે ઐબદાર ફિરતે હૈં**

*(ખાનાઝાદ = ઘરમાં પેદા થયેલ ગુલામ, મોલ = કિંમત, ઐબદાર=ઐબવાળુ)*

**અર્થાત** : હે ગરીબોના દાતા ! અમે જેવા પણ છીએ પૈદાઈશી તમારા ગુલામ છીએ, અમને આપની ગુલામીમાંથી કાઢશો નહીં. જો આપ નહીં રાખો તો અમને કોણ રાખશે ?! કે મોટી કિંમતવાળાને પણ ઐબના કારણે લોકો લેતા નથી તો અમને કોણ લેશે ?!

**હાય ગાફિલ વો ક્યા જગહ હૈ જહાં**
**પાંચ જાતે હૈં ચાર ફિરતે હૈં**

**અર્થાત** : અફસોસ ! હે દુનિયાની મહોબ્બતમાં આખેરતને ભૂલી જનાર ! તે જગ્યા કબ્રસ્તાન આખેરતની પહેલી મંઝિલને યાદ કર જ્યાં પાંચ જાય છે, ચાર જનાઝો ઉઠાવનાર અને એક મય્યત, પરંતુ પાછા ચાર જ આવે છે ! તું પણ ત્યાંથી પાછો નહીં આવે.

**બાએઁ રસ્તે ન જા મુસાફિર સુન**
**માલ હૈ રાહમાર ફિરતે હૈં**

*(બાએઁ રસ્તે = ઊંધા રસ્તે, રાહમાર = ડાકૂ)*

**અર્થાત** : હે ઈશ્કે઼ રસૂલની દૌલતથી ધનવાન ! તું ચૌદસો વર્ષથી ચાલ્યા આવેલ સીધા રસ્તા એહલે સુન્નત પર ચાલ્યા કર ! ઊંધા રસ્તે ન જતો. કારણ કે તે ઊંધા રસ્તા દેવબંદિયત, વહાબિયત, ક઼ાદયાનિયત વગેરે પર ઈશ્કે઼ રસૂલને લૂટનાર ખતરનાક લૂટારાઓ બેઠેલા છે.

**જાગ સુનસાન બન હૈ રાત આઈ**
**ગુર્ગ બેહરે શિકાર ફિરતે હૈં**

*(સુનસાન = વેરાન, બન = જંગલ, ગુર્ગ = વરૂ, વાઘ, બેહરે શિકાર = શિકાર માટે)*

**અર્થાત** : હે ફિત્નાઓથી ગાફિલ ! જાગી જા ! તું દુનિયાના વેરાન જંગલમાં છે અને બદઅક઼ીદગીના અંધકારવાળી રાત આવી રહી છે, ઈમાન ખરાબ કરનાર વરૂઓ શિકારની તલાશમાં ફરી રહ્યા છે. ક્યાંક તું એમનો શિકાર ન બની જાય.

**નફ્સ યે કોઈ ચાલ હૈ જાલિમ**
**જૈસે ખાસે બેજાર ફિરતે હૈં**

*(ખાસે=સારા ભલા, બેજાર=તાઝા તગડા, સાંડ)*

**અર્થાત** : હે જાલિમ નફ્સ ! આ પણ તારી ચાલ છે કે ઈબાદત કરવાની હોય તો બીમારી કમજોરીના ખયાલો આપે છે અને એમ તાજા તગડા સાંઢની જેમ ફરે છે !

**કોઈ ક્યૂં પૂછે તેરી બાત 'રઝા'**
**તુઝ સે કુત્તે હજાર ફિરતે હૈં**

**અર્થાત** : કોઈ તારી ખબર શા માટે પૂછે હે અહમદ રઝા ! તારા જેવા હજારો મુસ્તફા ﷺની ચોખટના સ્વાનો ફરતા રહે છે.

જ્યારે આ'લા હઝરતે દીદારે મુસ્તફા ﷺની તમન્નામાં આ નઅત પઢી પણ ઝિયારત ન થઈ તો આપે પોતાને સંબોધીને કહ્યું, હે અહમદ રઝા ! તારા જેવા તો હજારો આશિક઼ો અહિંયા ફરતા રહે છે, તારી વાત કોઈ કેમ પૂછે ?! નઅત પૂરી કરી દુરૂદ પઢતા રહ્યા અને દીદાર મુસ્તફા નસીબ થયું.

આશિક઼ો માટે હુઝૂર ﷺની બારગાહનો સ્વાન થવું મોટા ગર્વની વાત છે. ઘણા મહાન બુઝુર્ગોએ પોતાને હુઝૂર ﷺની બારગાહનો સ્વાન બતાવ્યો છે. આ'લા હઝરત પણ બુઝુર્ગોના નક઼શે ક઼દમ પર ચાલી પોતે આશિક઼ હોવાની દલીલ આપી રહ્યા છે.

આ શેઅરમાં આ'લા હઝરતે નમ્રતારૂપે પોતાને કુત્તે કહી સંબોધેલ છે. અમુક આશિક઼ાને આ'લા હઝરત આ શેઅર પઢતી વખતે મહોબ્બતમાં "કુત્તે"ની જગ્યાએ "કિત્તે" એટલે કે કેટલા અથવા શૈદા પઢે છે. નિઃશંક ! આ એમની આ'લા હઝરત પ્રત્યે મહોબ્બતની નિશાની છે પણ આ'લા હઝરતની રૂહ ત્યારે જ ખુશ થશે જ્યારે આપ બારગાહે રિસાલતમાં મક઼બૂલ થયેલ શબ્દ કુત્તે જેની આજીજીને કારણે હુઝૂર ﷺની ઝિયારત નસીબ થઈ. *(અઝ : શારેહે હદાઈકે બખ્શિશ અલ્લામા અહમદ ઓવૈસી, અલ્લામા ગુલામ હસન ક઼ાદરી, સાદિક઼ સાબરી)*

## (નઅત શરીફ : ૩૩)

**ઉનકી મહકને દિલ કે ગુંચે ખિલા દિએ હૈં**
**જિસ રાહ ચલ ગએ હૈં કૂચે બસા દિએ હૈં**

*(મહક = ખૂશ્બુ, ગુંચે = કળીઓ, રાહ = રસ્તો, કૂચે = ગલીઓ, બસા દિએ = આબાદ કરી દીધા, વસાવી દીધા)*

**અર્થાત** : મારા પ્યારા આક઼ા ﷺની શાન એ છે કે આપના જિસ્મે મુક઼દસની ખુશ્બુથી દિલોની બંધ કળીઓ ખિલી ઉઠી અને જે રસ્તાથી પણ હુઝૂર ﷺ પસાર થયા ત્યાંની વેરાન ગલીઓને આબાદ કરી દીધી.

**જબ આ ગઈ હૈં જોશે રહમત પે ઉનકી આંખેં**
**જલ્તે બુઝા દિએ હૈં રોતે હંસા દિએ હૈં**

**અર્થાત** : મારા રહમતુલ્લિલ્આલમીન આક઼ા ﷺની આંખો જ્યારે જોશમાં આવી ત્યારે ગુનેહગાર ઉમ્મતની બખ્શિશમાં આંસૂં વહાવી જહન્નમમાં બળનારને બચાવી લીધા અને રડનારાઓને હસાવી દીધા.

**ઈક દિલ હમારા ક્યા હૈ આઝાર ઉસ્કા કિતના**
**તુમને તો ચલતે ફિરતે મુર્દે જિલા દિએ હૈં**

*(આઝાર = દુ:ખ, જિલા દિએ હૈં = જીવિત કર્યા છે)*

**અર્થાત** : યા રસૂલલ્લાહ ! ﷺ આપની મહાન શાન સામે અમારા એક દિલના દુ:ખોની શું હૈસિયત છે ?! તમારી શાન તો એ છે કે ચાલતા ફરતા મુડદાં (કાફિરો)ને ઈશારામાં જીવિત કરી દીધાં છે.

**મુર્દાઓને જીવિત કરવાં** : ઈમામ બયહક઼ીએ દલાઈલુન્નબુવ્વતમાં રિવાયત કરી છે કે પ્યારા આક઼ા ﷺએ એક વ્યક્તિને ઈસ્લામ સ્વીકારવાની દાવત આપી. તેણે જવાબ આપ્યો, હું આપ પર ત્યારે જ ઈમાન લાવીશ જ્યારે આપ મારી બેટીને જીવિત કરી આપો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, મને તેની ક઼બ્ર દેખાડો, તેણે કબર દેખાડી. હુઝૂર ﷺએ તે છોકરીનું નામ લઈ પોકારી તો છોકરીએ કબરમાંથી નીકળીને કહ્યું, હું હાજર છું ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, શું તું પસંદ કરે છે કે દુનિયામાં પાછી આવી જાય ? તેણીએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહની ક઼સમ ! મેં અલ્લાહ પાકને માતા પિતાથી બેહતર પામ્યો અને આખિરતને દુનિયાથી સારી પામી.

*–(મવાહિબે લદુન્નિયા)*

હુઝૂર ﷺએ પોતાના વાલિદૈનને જીવંત કરી ઈસ્લામની દૌલતથી માલામાલ કર્યા.

*–(મવાહિબે લદુન્નિયા, માષબત બિસ્સુન્નહ–૩૭)*

હઝરત જાબિર رضی اللہ عنہના ઘરે દાવતમાં ખાધેલ બકરીને જીવંત ફર્માવી, આ ઉપરાંત પથ્થરોએ કલ્મા પઢયા, વૃક્ષોએ આપની નબુવ્વતની ગવાહી આપી, કાફિરો જેમને કુર્આને મુર્દા કહ્યા છે તેમને મુસલમાન બનાવી જીવન આપ્યું. આ બધા મોઅજિઝાઓ મુર્દાઓને જીવંત કરવામાં ગણાય છે.

**ઉન કે નિષાર કોઈ કૈસે હી રંજમેં હો**
**જબ યાદ આ ગએ હૈં સબ ગમ ભુલા દિએ હૈં**

*(નિષાર = કુર્બાન, રંજ = તકલીફ)*

**અર્થાત** : હુઝૂર ﷺની મહેરબાનીઓ પર કુર્બાન જાઉં ! કોઈ ગમે તેવી પણ તકલીફ તથા પરેશાનીમાં હોય પણ જ્યારે હુઝૂર ﷺની યાદ આવી જાય છે તો બધા જ ગમ દુ:ખ દૂર થઈ જાય છે.

**હમ સે ફ઼ક઼ીર ભી અબ ફ઼ેરી કો ઉઠતે હોંગે**
**અબ તો ગ઼ની કે દર પર બિસ્તર જમા દિએ હૈં**

*(હમ સે = અમારા જેવા, ફેરી = ફેરા મારવા, જમા દિએ = જમાવી દીધા)*

**અર્થાત** : અમારા જેવા ફક઼ીરો ભીખ માંગવા માટે વસ્તીનો ફેરો મારવા શા માટે જાય, બસ ! હવે તો ગની સરકાર ﷺના દરવાજા પર બિસ્તર પાથરીને ડેરો નાખી દીધો છે.

**અસ્રામેં ગુઝ઼રે જિસ દમ બેળે પે કુ઼દસિયોં કે**
**હોને લગી સલામી પરચમ ઝુકા દિએ હૈં**

*(અસ્રા = મેઅરાજનો સફર, ગુઝરે = પસાર થયા, જિસ દમ = જે સમયે, બેળા = જમાઅત, કુદસિયોં = ફરિશ્તા, પરચમ = ઝંડા)*

**અર્થાત** : શબે અસ્રાના દુલ્હા હુઝૂર પુરનૂર ﷺ જ્યારે મેઅરાજની રાતે સિદરતુલ મુન્તહાથી પસાર થયા ત્યાં બધા જ ફરિશ્તાઓ હુઝૂર ﷺના સ્વાગત માટે ઉપસ્થિત હતા. સૌ ફરિશ્તાઓએ હુઝૂર ﷺની બારગાહમાં ઝંડા ઝુકાવીને સલામી પેશ કરી.

**આને દો યા ડૂબો દો અબ તો તુમ્હારી જાનિબ**
**કશ્તી તુમ્હીં પે છોળી લંગર ઉઠા દિએ હૈં**

*(આને દો = આવવા દો, ડૂબો દો = ડૂબાડી દો, કશ્તી = હોડી, છોળી = છોડી, લંગર = લોખંડની સાકળ અથવા તે દોરડુ જેનાથી હોડીને કિનારા પર કોઈ વસ્તુ સાથે બાંધવામાં આવે છે.)*

**અર્થાત** : પ્યારા આક઼ા ﷺ મદીના શરીફની હાજરી માટે અમે સ્ટીમર (કશ્તી)માં સવાર થઈ ગયા છીએ લંગર છોડી લીધી છે, સ્ટીમર ચાલવા લાગી છે. હવે આપની મરજી પર છે, ચાહો તો આપની બારગાહમાં આવવા દો અથવા ડૂબાડી દો.

**દુલ્હા સે ઈતના કહ દો પ્યારે સવારી રોકો**
**મુશ્કિલ મેં હૈં બરાતી પુર ખાર બાદિએ હૈં**

*(દુલ્હા = વર, પુરખાર = કાંટોથી ભરપૂર, બાદિયે = જંગલ)*

**અર્થાત** : મહેશરના દુલ્હાને ફરિશ્તાઓ કહો કે સવારી રોકી લે, તેમના બરાતી (ઉમ્મતી) મહેશરની મુશ્કિલોમાં ફસાયેલા છે, મહેશરની વાદી તકલીફોના કાંટાઓથી ભરપૂર છે.

**અલ્લાહ ક્યા જહન્નમ અબ ભી ન સર્દ હોગા**
**રો રો કે મુસ્તફાને દરયા બહા દિએ હૈં**

**અર્થાત** : હે અલ્લાહ ! શું ઉમ્મતે મુસ્તફા ﷺ માટે જહન્નમ હજી પણ ઠંડી નહીં થાય ?! કે ઉમ્મતની બખ્શિશ માટે મુસ્તફા જાને રહમતે રડી રડીને આંસૂના દરિયા વહાવી દીધા.

**મેરે કરીમ સે ગર ક઼તરા કિસીને માંગા**
**દરયા બહા દિએ હૈં દુર બે બહા દિએ હૈં**

*(કરીમ = સખી, ગર = અગર, ક઼તરા = બુંદ, દુર = મોતી, બે બહા = કિંમતી)*

**અર્થાત** : મારા કરીમથી જો કોઈએ એક બુંદનો સવાલ કર્યો તો સરકાર ﷺએ તેના માટે સખાવતના દરિયા વહાવી દીધા અને કિંમતી મોતીઓ અર્પણ કર્યા.

**મુલ્કે સુખન કી શાહી તુમ કો 'રઝા' મુસલ્લમ**
**જિસ સિમ્ત આ ગએ હો સિક્કે બિઠા દિએ હૈં**

*(મુલ્કે સુખન = વાતચીત, કલામનો દેશ, શાહી = હુકૂમત, મુસલ્લમ = માન્યતા પ્રાપ્ત, સિમ્ત = દિશા, સિક્કે બિઠા દિએ હૈં = રૂઆબ જમાવી દીધો છે, ડંકો વગાડી દીધો છે)*

આ'લા હઝરતે આ શેઅર "તહદીષે નેઅમત"ના તૌર પર કહ્યો છે, એટલે કે નેઅમતોને જાહેર કરવા માટે કહ્યું છે કે નેઅમતોને જાહેર કરવું જરૂરી છે. અલ્લાહ તઆલા ફર્માવે છે, પોતાની રબની નેઅમતોનો ખૂબ ખૂબ ચર્ચા કરો. *(પારા–૩૦)*

હદીષે પાકમાં છે, નેઅમતનું બયાન કરવું શુક્ર છે અને તેને છોડી દેવું નાશુક્રી છે.

અલ્લાહ પાકે આ'લા હઝરતને ૫૦થી વધુ ઈલ્મ અને ફનો (વિદ્યા કલાઓ)માં મહારત આપી હતી જેના બયાન રૂપે આ'લા હઝરતે આ શેઅર કહ્યો, અને આ એક સત્ય હક઼ીક઼ત પણ છે. આ વિશે વધુ માહિતી માટે "હયાતે આ'લા હઝરત", "અફકારે આ'લા હઝરત" વગેરે કિતાબોનો અભ્યાસ કરો.

## (નઅત શરીફ : ૩૪)

**હૈ લબે ઈસાસે જાં બખ્શી નિરાલી હાથમેં**
**સંગરેઝે પાતે હૈં શીરીં મક઼ાલી હાથમેં**

*(લબે ઈસા = હઝરત ઈસા عليه السلام ના હોટ મુબારક, જાં બખ્શી = જાન અતા કરવાની ખૂબી, નિરાલી = અનોખી, સંગરેઝે = નાના નાના પથ્થર, કાંકરીઓ, શીરીં મક઼ાલી = મીઠી બોલી)*

**અર્થાત** : હઝરત ઈસા عليه السلامની શાન નિરાલી છે કે આપ હોઠથી 'કુમ બિઈઝ્નિલ્લાહ !' કહેતા તો મુડદાં જીવંત થઈ જતાં હતાં, પણ મુસ્તફા ﷺની શાન એનાથી અનોખી છે કે હુઝૂર ફક્ત હાથ લગાડી દે છે તો મુડદાં જીવંત થઈ જાય છે અને પથ્થર કલ્મો પઢવા લાગે છે.

આ શેઅરમાં ઘણા મો'જિઝાઓ તરફ ઈશારો કરવામાં આવ્યો છે. હઝરત જાબિર رضي الله عنهના ઘરે દા'વત ખાધા પછી હુઝૂર عليه الصلوٰة والسلامએ ખાધેલાં બકરીનાં હાડકાં પર હાથ ફેરવ્યો તો બકરી જીવંત થઈ ગઈ. હુઝૂર ﷺના હાથમાં કાંકરીઓએ તસ્બીહ પઢી. *(તિબ્રાની, બયહકી, મવાહિબે લદુન્નિયા)*

અબૂ જહલના હાથમાં પથ્થરોએ કલ્મો પઢયો. *(મસ્નવી શરીફ)*

હઝરત અલી رضي الله عنه ફર્માવે છે, હું હુઝૂર ﷺ સાથે મક્કાના એક રસ્તા પર જઈ રહ્યો હતો તો હુઝૂર عليه الصلوٰة والسلامની સામે જે પણ પહાડ કે ઝાડ આવતું તે હુઝૂર ﷺને સલામ પેશ કરતું હતું. *(તિર્મિઝી શરીફ)*

**બે નવાઓં કી નિગાહેં હૈં કહાં તહ઼રીરે દસ્ત**
**રહ ગઇં જો પાકે જૂદે લાયઝાલી હાથમેં**

*(બેનવાંઓ = ગરીબો, તહરીરે દસ્ત = હાથનું લખાણ, રેખાઓ, જૂદ = સખાવત, લા યઝાલી = હમેશાં રહેનાર)*

**અર્થાત** : બેનવાઓં ફકીરોની નિગાહો જોવા માટે તરસી રહી છે કે મુબારક હાથની રેખાઓ ક્યાં છે જેમાં હમેશાં માટે સખાવત લખેલ છે.

**ક્યા લકીરોં મેં યદુલ્લાહ ખત્તે સર્વ આસા લિખા**
**રાહ યૂં ઈસ રાઝ લિખને કી નિકાલી હાથમેં**

*(લકીરો = રેખાઓ, યદુલ્લાહ = અલ્લાહનો હાથ, ખત્તે સર્વ = સીધુ લખાણ, આસા = જેવું)*

**અર્થાત** : હે પ્યારા નબી ! ﷺ આપના યદુલ્લાહવાળા હાથમાં સર્વ ઝાડની જેમ સીધી રેખાઓ કુદરતનું રાઝ (ભેદ) છે. જેને અલ્લાહ તબારક વ તઆલાએ રેખાઓના (કોડ વર્ડ)ના અનોખા અંદાઝમાં લખ્યું છે.

અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આને પાકમાં હુઝૂર ﷺના હાથને 'યદુલ્લાહ'થી સંબોધન કર્યું છે :—

"હે નબી ! જે આપના હાથમાં બયઅત કરી રહ્યા છે તે હક઼ીક઼તમાં અલ્લાહથી બયઅત કરી રહ્યા છે (તારા હાથના સ્વરૂપમાં) તેઓના હાથ પર અલ્લાહનો હાથ છે." *(સૂરએ ફતહ, પારા : ૨૬, રુકૂઅ : ૧)* "હે મહબૂબ ! (હિજરતની રાતે) જે કાંકરીઓ તમે તારા હાથથી ફેંકી હતી તે તમે નહીં અલ્લાહે ફેંકી હતી." *(કુર્આન, પારા : ૯)*

**જૂદે શાહે કૌષર અપને પ્યાસોં કા જોયા હૈ આપ**
**ક્યા અજબ ઉળ કર જો આપ આએ પ્યાલી હાથમેં**

*(જૂદ = સખાવત, શાહે કૌષર = કૌષર જન્નતની નહેરના માલિક, જોયા = ઢુંઢનાર, આપ = ખૂદ, અજબ = નવાઈ)*

**અર્થાત** : માલિકે કૌષર હુઝૂર عليه الصلاة والسلامની સખાવત પોતાના પ્યાસાઓને ખૂદ શોધે છે, કોઈ નવાઈની વાત નથી કે પ્યાલા ઉડી ઉડીને હુઝૂર ﷺના ગુલામોના હાથમાં પહોંચી જાય.

**અબ્રે નીસાં મો'મિનોં કો તેગે ઉર્યાં કુફ્ર પર**
**જમા હૈં શાને જમાલી વ જલાલી હાથમેં**

*(અબ્ર = વાદળ, નીસાં = રૂમીઓની માન્યતા મુજબ તેમનો સાતમો મહીનો જેમાં ખૂબ વરસાદ થાય છે, તેગે ઉર્યાં = ખુલ્લી તલ્વાર, જમાલી = રહમતભરી સિફત, જલાલી = ગઝબભરી સિફત)*

**અર્થાત** : હુઝૂર ﷺના મુક઼દ્દસ હાથ તો મો'મિનો માટે, હુઝૂર ﷺના ગુલામો માટે રહમતનો વરસાદ વરસાવે છે કે મો'મિનો આપના મુક઼દ્દસ હાથોથી બંનેવ જહાનની નેઅમતો પ્રાપ્ત કરે છે અને હુઝૂર ﷺના મુબારક હાથ કુફ્ર માટે ખુલ્લી તલ્વાર છે. હુઝૂર ﷺના હાથની શું નિરાલી શાન છે કે જમાલી અને જલાલી બંનેવ સિફતો આપના મુબારક હાથમાં ભેગી છે.

**માલિકે ક઼ૌનૈન હૈં ગો પાસ કુછ રખતે નહીં**
**દો જહાં કી નેઅમતેં હૈં ઉનકે ખાલી હાથ મેં**

*(માલિકે ક઼ૌનૈન = બંનેવ જહાનના માલિક, ગો = જો કે)*

**અર્થાત** : હુઝૂર ﷺ સરાપા નૂર બંનેવ જહાનના, દુનિયા અને આખિરતના માલિક છે જો કે પાસે કશું રાખતા નથી, આપના બંનેવ ખાલી હાથમાં અલ્લાહ તબારક વ તઆલા પાસે બંનેવ જહાનની નેઅમતો અતા ફર્માવી છે. હુઝૂર ﷺના માલિકે ક઼ૌનૈન હોવા પર અમુક હદીષો :–

**(૧)** "સાતેવ જમીનના તમામ ખજાનાઓની ચાવીઓ મને આપવામાં આવી અને મારા હાથમાં મૂકવામાં આવી." *(બુખારી : ૨/૧૦૪૨, મુસ્લિમ : ૨/૨૪૪)* **(૨)** "મને બે ખજાના લાલ અને સફેદ અતા કરવામાં આવ્યા." (મુરાદ સોના, ચાંદી) *(મિશ્કાત શરીફ, પેજ : ૫૧૨)* **(૩)** "મને દરેક વસ્તુની ચાવીઓ આપવામાં આવી." *(તિબ્રાની, મુસ્નદે અહમદ, ખસાઈસે કુબ્રા, ૧/૧૯૫)* **(૪)** હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, "મને બધી જ દુનિયાની ચાવીઓ આપવામાં આવી છે." *(ખસાઈસે કુબ્રા, ૨/૧૯૫, શર્હે મવાહિબ)* **(૫)** હઝરત આમિના رضی اللہ عنہا ફર્માવે છે કે, હુઝૂરની વિલાદત (પયદાઈશ) પછી એક કહેનાર કહી રહ્યો હતો, "મુહમ્મદ (ﷺ)એ નુસ્રત અને નફાની ચાવી પર કબ્જો કરી લીધો, કોઈ મખ્લૂક઼ એવી નથી જે આપના કબ્જામાં ન આવી હોય."

*(ખસાઈસે કુબ્રા, ૧/૪૮)*

આ વિષય પર વધુ જાણકારી માટે અલ્ અમ્નુ વલ ઉલા, સલ્તનતે મુસ્તફા, ખઝાઈનુલ્લાહિ ફી યદી હબીબિલ્લાહ...વગેરે કિતાબોનો અભ્યાસ કરો.

**સાયા અફગન સર પે હો પરચમે ઈલાહી ઝુમકર**
**જબ લિવાઉલ હમ્દ લે ઉમ્મત કા વાલી હાથમેં**

*(સાયા અફગન = સાયો કરનાર, પરચમે ઈલાહી = અલ્લાહ પાકનો ઝંડો, લિવાઉલ હમ્દ = હમ્દનો ઝંડો જે મેદાને મેહશરમાં હુઝૂર ﷺને આપવામાં આવશે.)*

**અર્થાત** : કયામતના દિવસે અલ્લાહ તબારક વ તઆલા શાને કહ્હારી સાથે મખ્લૂકને મેદાને મેહશરમાં ભેગી કરશે અને ઉમ્મતો બધા જ નબીઓ પાસે શફાઅતની દરખાસ્ત કરશે પરંતુ દરેક જગ્યાએ જવાબ મળશે, બીજા પાસે જાવ ! જ્યારે હુઝૂર ﷺની બારગાહમાં દરખાસ્ત કરશે તો હુઝૂર લિવાઉલ હમ્દ હાથમાં લઈ શફાઅત ફર્માવશે. તો જ્યારે ઉમ્મતના વાલી લિવાઉલ હમ્દ લેશે તો રહમતે ઈલાહીનો પરચમ ઝુમી ઝુમીને ઉમ્મતો પર સાયો કરવા લાગશે.

**હર ખતે કફ હૈ યહાં અય દસ્તે બૈઝાએ કલીમ**
**મોજઝન દરયાએ નૂરે બેમિષાલી હાથમેં**

*(ખતે કફ = હથેળીની રેખા, દસ્તે બૈઝા = ચમકદાર હાથ, કલીમ = હઝરત મૂસા علیہ السلامનો લકબ, મોજઝન = મોજા મારનાર, નૂરે બેમિષાલી = અજોડ રોશની)*

**અર્થાત** : હઝરત મૂસા કલીમુલ્લાહ علیہ السلامનો મો'જિઝો હતો કે આપ પોતાનો હાથ બગલમાં નાખી બહાર કાઢતા તો ચમકવા લાગતો હતો, જેને "યદે બૈઝા" કહેવામાં આવે છે. નિઃશંક ! આ હઝરત મૂસા علیہ السلامનો કમાલ છે કે હાથ ચમકતો હતો, પરંતુ મારા પ્યારા નબી ﷺના મુબારક હાથની દરેક લકીરમાંથી અજોડ નૂરના દરિયા મોજાં મારે છે કે હુઝૂર ﷺનો મુબારક હાથ જેને ઈચ્છતા સ્પર્શ કરીને તે વસ્તુને ચમકાવી દેતા. જેવું કે હદીષે પાકમાં છે કે હઝરત કતાદા رضی اللہ عنہને હુઝૂર ﷺએ પોતાના હાથથી સ્પર્શીને એક લાકડી આપી જે હઝરત કતાદા رضی اللہ عنہની દસ હાથ આગળ અને દસ હાથ પાછળ પ્રકાશ આપતી હતી. (શિફા શરીફ) આ જ પ્રકારની હદીષો બુખારી, મિશ્કાત, હુજ્જતુલ્લાહ, ખસાઈસે કુબ્રા...વગેરે કિતાબોમાં મૌજૂદ છે.

**વહ ગિરા સંગી કદરે મિસ વો અરઝાનીયે જૂદ**
**નવઈયહ્ બદલા કિએ સંગો લાલી હાથ મેં**

*(ગિરા સંગી = ભારી પથ્થર જેવી સખત, કદર = જેટલી, મિસ = તાંબુ, અરઝાની = સસ્તાઈ, જૂદ = સખાવત, નવઈયહ્ = પ્રકાર, સંગ = પથ્થર, લાલી = મોતીઓ)*

**અર્થાત** : હુઝૂર ﷺના હાથની કમાલ તો જુઓ કે હિજરતની રાતે કાંકરીઓને હુઝૂર ﷺએ પોતાના હાથમાં લીધી તો તે તાંબા જેવી સખત અને ભારે થઈ ગઈ કે દુશ્મનો આંધળા થઈ ગયા અને જે મુબારક હાથની સખાવતથી મિસ્કીનો માલામાલ થઈ ગયા. આપના હાથમાં પથ્થર અને મોતી પોતાના પ્રકાર બદલી નાખે છે.

**દસ્તગીરે હર દો આલમ કર દિયા સિબ્તૈન કો**
**અય મૈં કુર્બાન જાને જાં અંગુશ્ત કયા લી હાથ મેં**

*(દસ્તગીર = મદદગાર, દો આલમ = બે જગત, સિબ્તૈન = બેનવાસા, અંગુશ્ત : આંગળી, કયા = શું, લી = પકડી)*

**અર્થાત** : નબી ﷺના પ્યારા નવાસા હઝરત ઈમામ હસન અને હુસૈન رضی اللہ عنہماએ પ્યારા નબીની આંગળી

બાળપણમાં શું પકડી કે મુખ્તારે કાઈનાત નાનાજાન ﷺએ બંનેવ જહાનમાં દસ્તગીર (મદદગાર) બનાવી દીધા.

**આહ વહ આલમ કે આંખે બંદ ઔર લબ પર દુરૂદ**
**વક઼્ફ઼ે સંગે દર જબીં રૌઝે કી જાલી હાથ મેં**

*(આહ = અફસોસ, આલમ = હાલત, વક઼્ફ = મૂકવુ, સંગેદર = હુઝૂર ﷺની ચોખટનો પથ્થર, જબીં = પેશાની, રોઝા = હુઝૂર ﷺનો મઝાર મુબારક, જાલી = હુઝૂર ﷺની સોનેરી જાળી)*

**અર્થાત :** આહ ! તે સમય ક્યારે આવશે જ્યારે હુઝૂર ﷺની બારગાહમાં હાજરી થશે, રોઝએ મુબારક પર આંખો બંધ, હોઠો પર દુરૂદ શરીફ હશે અને પેશાની હુઝૂર ﷺની ચોખટ પર વક઼્ફ થશે અને સોનેરી જાળી હાથમાં હશે.

**જિસને બયઅત કી બહારે હુસ્ન પર કુ઼ર્બાં રહા**
**હૈં લકીરેં નક઼્શે તસ્ખીરે જમાલી હાથ મેં**

*(બયઅત કી = મુરીદ થયા, બહારે હુસ્ન = હુસ્નની સુંદરતા, કુ઼ર્બાન રહા = ફિદા થયો, નક઼્શ = લખવું, તસ્ખીર = તાબે કરવું, જમાલી = ખૂબસૂરત)*

**અર્થાત :** પ્યારા નબી ﷺઆપના હાથ પર જેણે પણ બયઅત કરી (મુરીદ બન્યો) તે આપ ના હુસ્ન પર સદા કુર્બાન થયો, કારણ કે આપના મુબારક હાથની લકીરોમાં આપના હુસ્નના તાબે કરવાની તાક઼ત છે.

**કાશ ! હો જાઉં લબે કૌષર મેં યૂં વારફ્તા હોશ**
**લેકર ઉસ જાને કરમ કાઝૈલે આલી હાથમેં**

*(કાશ = ખુદા કરે, લબે કૌષર = હૌઝે કૌષરનો કિનારો, વારફ્તા હોશ = બેખબર, ઝૈલે આલી = ઊંચા મક઼ામવાળો દામન)*

**અર્થાત :** હે કાશ ! કૌષરના કિનારા પર હુઝૂર ﷺના મુબારક દામનને પકડી હુઝૂર ﷺની મહોબ્બતનો મદ્‌હોશ થઈ જાઉં !

**આંખ મહ્‌વે જલ્વએ દીદાર દિલ પુર જોશે વજ્દ**
**લબ પે શુક્રે બખ્શિશે સાક઼ી પ્યાલી હાથ મેં**

*(મહ્‌વ = ખોવાયેલ, જલ્વએ દીદાર = દીદારની રોનક, જોશે વજ્દ = બેખબરીનો જોશ, બખ્શિશે સાક઼ી = પીવડાવનારની સખાવત)*

**અર્થાત :** (ઉપરના શેઅર સાથે મિલાવી) આંખો હુઝૂર ﷺના જલ્વાના દીદારમાં ખોવાયેલ હોય, દિલ વજ્દમાં ઝુમી રહ્યું હોય, હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મુબારક હાથોથી આપેલ કૌષરનો પ્યાલો હાથમાં હોય અને હોઠો પર હુઝૂર ﷺની સખાવતના શુક્રિયાના શબ્દો હોય.

**હશ્રમેં ક્યા ક્યા મઝે વારફ્તગી કે લૂં 'રઝા'**
**લૌટ જાઉં પાકે વો દામાને આલી હાથમેં**

*(વારાફ્તગી = બેખૂદી, લૌટ જાઉં = મચલી જાઉં, દામાને આલી = ઊંચો દામન)*

**અર્થ :** હે અહમદ રઝા ! (رحمۃ اللہ علیہ) મેદાને મેહશરમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દીદારની બેખૂદીમાં શું શું મજા લઉં ?! બસ ! હું તો હુઝૂર ﷺના મુબારક દામનને પકડી મચલી જાઉં !

## (નઅત શરીફ : ૩૫)

**રાહે ઈર્ફા સે જો હમ નાદીદહ્ રૂ મહરમ નહીં**
**મુસ્તફા હૈ મસ્નદે ઈર્શાદ પર કુછ ગમ નહીં**

*(રાહે ઈર્ફા = મઅરેફતનો રસ્તો, નાદીદહ્ = ન જોયેલ, રૂ = ચહેરો, મહરમ = વાકિફ, જાણકાર, મસ્નદ = ગાદી, ઈર્શાદ = સીધો રસ્તો બતાવવું)*

**અર્થાત :** મઅરેફતના રસ્તાના ચહેરાને અમે જોયો નથી અને તેનાથી વાકિફ નથી. પરંતુ કોઈ ગમ નથી, કારણ કે અમારા પ્યારા નબી ﷺ સીધી રાહ બતાવવાની ગાદી પર બિરાજમાન છે, તેમની નઝરે કરમથી મંઝિલ પર પહોંચી જઈશું.

**હૂં મુસલમાં ગરચે નાક઼િસ હી સહી અય કામિલો !**
**માહિયત પાની કી આખિર યમ સે નમ મેં કમ નહીં**

*(નાકિસ = અપૂર્ણ, કામિલો = પૂર્ણતાએ પહોંચેલા, માહિયત = વાસ્તવ, યમ = દરિયો, નમ = નમી, તરી, કમ = ઓછુ)*

**અર્થાત :** હે કામિલ ઈમાનવાળાઓ ! હું પણ ઈમાનવાળો છું, જો કે અમલમાં નાક઼િસ છું પરંતુ ઈમાનમાં તમારાથી ઓછો નથી. કારણ કે જેવી રીતે દરિયાના પાણીમાં જે નમી હોય તે બીજા પાણીઓમાં પણ હોય છે. નમીમાં બંનેવ બરાબર છે તેવી જ રીતે ઈમાનમાં હું પણ તમારા જેવો જ છું.

**ગુન્ચે 'મા અવહા' કે જો ચટકે 'દના' કે બાગ મેં**
**બુલબુલે સિદરહ્ તક ઉનકી બૂ સે ભી મહરમ નહી**

*(ગુન્ચે = ફૂલો, માઅવહા = અલ્લાહ પાકે જે વહી ફર્માવી, ચટકે = ખિલ્યા, દના = નઝદીકી, બુલબુલે સિદરહ્ = હઝરત જિબ્રઈલ علیہ السلام, બૂ = ખુશ્બુ)*

**અર્થાત :** અલ્લાહ પાકે મેઅરાજની રાતે હુઝૂર ﷺને પોતાની પાસે બોલાવી નઝદીકીના બાગમાં જે ખાસ વહીના ફૂલો અર્પણ કર્યા, તેની ખુશ્બુથી સિદરહ્ના બુલબુલ જિબ્રઈલ علیہ السلام પરચિત ન થઈ શક્યા, એટલે કે તે પણ રાઝો નિયાઝની વાતો જિબ્રઈલ علیہ السلام પણ ન જાણી શક્યા.

**ઉસ્મેં ઝમઝમ હૈ કે થમ થમ, ઈસમેં ઝમ ઝમ હૈ કે બેશ**
**કષરત કૌષર મેં ઝમઝમ કી તરહ કમ કમ નહીં**

*(થમ થમ = રોકાઈ જા, ઝમ ઝમ = અધિક અધિક, બેશ = વધુ, કષરત = અધિક્તા, કૌષર = ખૂબ અધિક, કમ કમ = કેટલું કેટલું)*

**અર્થાત :** જ્યારે હઝરત ઈસ્માઈલ علیہ السلامના મુબારક કદમની બરકતથી ઝરણુ ફૂટી નીકળ્યું તો હઝરત હાઝરા رضی اللہ عنہاએ પાણીને રોકવાની કોશિશ કરી કે વહી ન જાય, અને કહ્યું, ઝમ ! ઝમ ! (સૂર્યાની ભાષાનો શબ્દ)

થોભી જા ! થોભી જા ! તો પાણી રોકાય ગયું અને તેનું નામ ઝમ ઝમ થઈ ગયું. તો હઝરત ઈસ્માઈલ عليه السلامના મો'જિઝા રૂપે પ્રગટ થયેલ ઝરણામાં તો ઝમઝમ એટલે કે થમ થમ ! રોકાઈ જા ! રોકાઈ જા ! છે અને હુઝૂર صلى الله عليه وسلمને જે કૌષરની નહેર આપવામાં આવી છે તેમાં ઝમઝમ એટલે વધુમાં વધુ છે, એટલે કે તે રોકાયેલ નથી, બલ્કે વહે છે. જન્નતની બધી જ નહેરો તેમાંથી પૈદા થાય છે એટલે જ તેનું નામ કૌષર છે એટલે કે વધુથી વધુ. એટલે એમાં કેટલાનો પ્રશ્ન જ નથી.

**પંજએ મહરે અરબ હૈ જિસસે દરિયા બહ ગએ**
**ચશ્મએ ખુર્શિદ મેં તો નામ કો ભી નમ નહીં**

*(પંજએ મહરે અરબ = અરબના સૂરજનો પંજો, ચશ્મએ ખુર્શિદ = સૂરજની આંખ, નામ કો = નામની, નમ = નમી)*

**અર્થાત :** મહરે અરબ પ્યારા નબી صلى الله عليه وسلمના પંજા મુબારકથી પાણીના દરિયા વહી ગયા જેનાથી હઝારો લોકોએ ફાયદો પ્રાપ્ત કર્યો જેવું કે હુદૈબિયહ્ અને બીજી જગ્યાએ જોવા મળ્યું આ અરબના સૂર્યનો કમાલ છે, જ્યારે આકાશના સૂરજમાં નામની પણ નમી નથી, ગરમી જ ગરમી છે. હઝરત આઈશા رضي الله عنها પોતાની નઅતમાં ફર્માવે છે : (તર્જુમો) : ''અમારો સૂરજ છે અને આકાશનો પણ સૂરજ છે, અને અમારો સૂરજ ( એટલે મુસ્તફા صلى الله عليه وسلم) આકાશના સૂરજ કરતાં ઊંચો છે, કે લોકોનો સૂરજ સવારમાં નીકળે છે અને અમારો સૂરજ ઈશા પછી પણ ચમકે છે.

**ઐસા ઉમ્મી કિસ લિએ મિન્નતકશ ઉસ્તાદ હો**
**ક્યા કિફ઼ાયત ઉસ કો 'ઈક઼રા રબ્બુકલ અકરમ' નહીં**

*(ઉમ્મી = જે કોઈ ઈન્સાનથી ન પઢયો હોય, મિન્નત કશ = એહસાન ઉઠાવનાર, કિફ઼ાયત = કાફ઼ી, ઈક઼રા રબ્બુકલ અકરમ = તું પઢનારો રબ ઘણો મહાન છે)*

**અર્થાત :** ઉમ્મી હુઝૂર صلى الله عليه وسلمનો લક઼બ છે. હુઝૂર صلى الله عليه وسلمએ દુનિયામાં કોઈની પાસે નથી પઢયું અને હુઝૂર صلى الله عليه وسلم બીજાને ઉસ્તાદ બનાવી પોતાના પર કોઈનો એહસાન કેમ લે ! એમના માટે તો એમના રબનું નામ કાફ઼ી છે કે જ્યારે ગારે હિરામાં હઝરત જિબ્રઈલ عليه السلامએ કહ્યું, 'ઈક઼રા' પઢો તો આપે ફર્માવ્યું, હું નથી પઢતો ! જ્યારે હઝરત જિબ્રઈલ عليه السلامએ ચોથી વખતે કહ્યું કે આપના રબના નામથી પઢો, તો હુઝૂર صلى الله عليه وسلمએ પઢવાનું શરૂ કરી દીધું એટલે કે જે ઉમ્મીને ખુદા પાકે પઢાવીને મોકલ્યો હોય તે બીજાને ઉસ્તાદ બનાવવાનું એહસાન શું કામ ઉઠાવે ?!

**ઔસ મેહરે હશ્ર પર પળ જાએ પ્યાસો તો સહી**
**ઉસ ગુલે ખંદા કા રોના ગિરયએ શબનમ નહીં**

*(ઔસ = ઝાકળ, ઔસ પળના = મુહાવરો ઠંડી પડી જવું, મેહરે હશ્ર = મેહશરનો સૂરજ, ગુલે ખંદા = હસ્તુ ફૂલ, ગિરયએ શબનમ = ઝાકળનું રૂદન)*

**અર્થાત :** હસ્તા ફૂલ પ્યારા રસૂલ صلى الله عليه وسلمએ ઉમ્મતના ગમમાં જે આંસૂ વહાવ્યાં છે તે શબનમની જેમ નથી

કે સૂરજની ગરમીથી બાષ્પ બની સૂકાય જાય. હુઝૂર ﷺના આંસૂ તો એટલાં અસરકારક છે કે મેદાને મેહશરમાં તેનાથી સૂરજ ઠંડો પડી જશે.

**હૈ ઉન્હીં કે દમ ક઼દમ કી બાગે આલમમેં બહાર**
**વો ન થે આલમ ન થા ગર વો ન હોં આલમ નહીં**

*(દમ ક઼દમ = વજૂદ, બાગે આલમ = દુનિયાનો બાગ, બહાર = વસંતઋતુ)*

**અર્થાત :** હુઝૂરે પાક ﷺ દુનિયાની પૈદાઈશનું કારણ છે, હુઝૂર ﷺના મુબારક વુજૂદના કારણે જ દુનિયામાં બહારો છે, જો હુઝૂર ﷺ ન હોત તો દુનિયા પણ ન હોત, જેવું કે હદીષોથી સાબિત છે.

**હદીષ નં. ૧ :** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે : અલ્લાહ તઆલાએ હઝરત ઈસા علیہ السلام પર વહી મોકલી કે મુહમ્મદ (ﷺ) પર ઈમાન લાવો ! આપની ઉમ્મતને હુકમ આપો જે હુઝૂર ﷺનો જમાનો પ્રાપ્ત કરે તે હુઝૂર પર ઈમાન લાવે, એટલા માટે કે જો મુહમ્મદ (ﷺ) ન હોત તો હું ન આદમને પૈદા કરત અને ન જન્નત અને દોઝખને પૈદા કરત." *(હાકિમ)*

**હદીષ નં. ૨ :** "અલ્લાહ પાકે હઝરત આદમ علیہ السلامને ફર્માવ્યું, જો મુહમ્મદ (ﷺ) ન હોત તો હું ન તમને પૈદા કરત ન જમીન તથા આસ્માનને પેદા કરત." *(મવાહિબિ લદુન્નિયા)*

**હદીષ નં. ૩ :** "અલ્લાહ તઆલા ફર્માવે છે, હે મહબૂબ! મેં દુનિયા અને અહલે દુનિયાને એટલા માટે બનાવ્યા કે તમારો મક઼ામ અને મર્તબો એમને બતાવું." *(હાકિમ, ઈબ્ને અસાકિર)*

**હદીષ નં. ૪ :** "અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, હું ગુપ્ત ખજાનો હતો, જ્યારે મેં ઈચ્છયું કે હું જાહેર થાઉં તો મેં મુહમ્મદ (ﷺ)ને પૈદા કર્યા."

**સાયએ દીવાર વ ખાકે દર હો યા રબ ઔર 'રઝા'**
**ખ્વાહિશે દેહીમે ક઼ૈસર શૌક઼ે તખ્તે જમ નહી**

*(ખાકે દર = હુઝૂર ﷺના દરબારની માટી, દેહીમ = રાજાનો તાજ, ક઼ૈસર = રોમનો બાદશાહ, શૌક઼ = શોખ, તખ્ત = સિહાંસન, જમ = જમશેદનો શોટફાર્મ, જે ઈરાનનો બાદશાહ હતો, ક઼િસરા)*

**અર્થાત :** હે મારા રબ ! તારા નબીના ગુલામ અહમદ રઝાને હુઝૂર ﷺના મુબારક રોઝાની દીવાલનો સાયો અને આપના દરની ખાક નસીબ થાય એ જ આરઝૂ છે, મને ક઼ૈસરો કિસરા અને બાદશાહના તખ્તો તાજની ખ્વાહિશ નથી.

## (નઅત શરીફ઼ : ૩૯)

**વો કમાલે હુસ્ને હુઝૂર હૈ કે ગુમાને નક઼્સ જહાં નહીં**
**યહી ફૂલ ખાર સે દૂર હૈ યહી શમ્અ હૈ કે ધુવાં નહીં**

*(કમાલ = ખૂબી, હુસ્ને હુઝૂર ﷺ = પ્યારા નબી ﷺની સુંદરતા, ગુમાન = વિચાર, નક઼્સ = કમી, ઐબ, જહાં = જ્યાં, ખાર = કાંટા, શમ્અ = મીણબત્તી)*

**અર્થાત :** આ તો હુઝૂર ﷺના હુસ્નનો કમાલ છે કે જ્યાં ઐબ તો શું ઐબનો વિચાર કરવો પણ બેઅદબી છે, બધા જ ફૂલો સાથે કાંટા હોય છે પરંતુ કુદરતના બાગના હુઝૂર ﷺ એવા ફૂલ છે જ્યાં કાંટો નથી. દરેક શમ્અ સાથે ધુમાડા હોય છે પરંતુ હુઝૂર علیہ الصلوٰۃ والسلام રિસાલતની એવી શમ્અ છે જ્યાં ફક્ત પ્રકાશ જ છે, ધુમાડાનું નામ જ નથી. આ શેઅરમાં હુઝૂરના હુસ્નની ખૂબીને બયાન કરવામાં આવી છે જેને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ બયાન કરી : હુઝૂર (ﷺ) જેવો હસીનો જમીલ ન પહેલાં જોવા મળ્યો, ન આપના પછી કોઈ જોવા મળશે. *(મિશ્કાત શરીફ઼)*

સહાબીએ રસૂલ હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہએ શું ખૂબ ફર્માવ્યું, (તર્જુમો) : પ્યારા નબી ! ﷺ આપથી વધારે સુંદર મારી આંખોએ કદી જોયો નથી, અને આપથી વધારે રૂપાળો કોઈ માતાએ જન્મ્યો નથી, આપ તો દરેક ઐબ અને કમીથી પાક સાફ પૈદા કરવામાં આવ્યા, આપને આપની મરજી પ્રમાણે પૈદા કરવામાં આવ્યા.

**દો જહાં કી બેહતરિયાં નહીં કે અમાનિયે દિલોં જાં નહીં**
**કહો કયા હૈ વો જો યહાં નહીં મગર ઈક 'નહીં' કે વો હાં નહીં**

*(બેહતરિયાં = ભલાઈઓ, અમાની = આરઝૂઓ, ઈક = એક, નહીં = નથી)*

**અર્થાત :** બંનેવ જહાનની ભલાઈઓ, દિલો જાનની આરઝૂઓ, કહો કે કઈ એવી વસ્તુ છે કે જે હુઝૂરની હોય કે બારગાહમાં નથી ?! જે માગો તે મળે છે, પરંતુ હા ! એક શબ્દ "નહીં"નો હુઝૂર ﷺની બારગાહમાં નથી કે કોઈને આપ નથી એવું નથી કહેતા. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂર પાસે કોઈ સવાલ કરતો તો જો હુઝૂરને આપવુ મંજૂર ન હોતું તો ખામોશ રહેતા, કોઈને નથી એવું કદી ન ફર્માવતા.

હઝરત અબ્દુલહક઼્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, દુનિયા અને આખેરતની કોઈ આરઝૂ છે તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં આવો અને અરજ કરો જે ચાહો ! અને ફર્માવે છે કે કાઈનાતની દરેક નેઅમત હુઝૂર ﷺના હાથમાં આપવામાં આવી છે કે હુઝૂર ખૂદ ફર્માવે છે કે અલ્લાહ મને આપે છે અને હું વહેચું છું.

–*(મદારિજુન્નબુવ્વત, ભાગ : ૧, પેજ : ૧૪૯)*

**મૈં નિષાર તેરે કલામ પર મિલી યૂં તો કિસ કો ઝબાં નહીં**
**વો સુખન હૈ જિસ્મેં સુખન ન હો વો બયાં હૈ જિસ્કા બયાં નહીં**

*(નિષાર = કુર્બાન, કલામ = વાતચીત, ઝબાં = જીભ, સુખન = વાત, સુખન = ટિપ્પણી, બયાં = બયાન)*

**અર્થાત** : હે ફસીહુલ્લિસાન પ્યારા નબી ! ﷺ હું આપના કલામ પર કુર્બાન જાઉં ! આમ તો જબાન સૌની પાસે છે પરંતુ આપના કલામની કોઈ મિષાલ નથી કે ખુદા ફર્માવે છે : 'અમારો મહબૂબ પોતાની મરજીથી નહીં મારી વહીથી બોલે છે.'' *(કુર્આન)* અને આપના કલામની ક઼સમથી યાદ ફર્માવે છે, ''વકિલીહિ) રસૂલના તે કહેવાની ક઼સમ. *(કુર્આન)* કલામ અસલમાં તે જ છે જેના પર કોઈ કલામ (એતેરાઝ) કરવામાં ન આવે, અને વાત અસલમાં તે જ વાત છે જેની વાત ન થઈ શકે અને જેની ખૂબીઓ બયાન થઈ શકે.

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہએ હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું અરબના શહેરોમાં ફર્યો છું અને મેં અરબના મોટા મોટા ફુસહા (મીઠી વાણીવાળા)ને સાંભળ્યા, પરંતુ આથી વધુ ફસીહને નથી જોયો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, ''મને મારા રબે શિખવાડયુ છે.'' *(ખસાઈસે કુબ્રા, ૧/૬૩, ઝુર્કાની : ૪/૧૦૧)*

**બખુદા ખુદા કા યહી હૈ દર નહીં ઔર કોઈ મફ઼ર મક઼ર**
**જો વહાં સે હો યહીં આકે હો જો યહાં નહીં તો વહાં નહીં**

*(બખુદા = ખુદાની ક઼સમ, દર = દરવાજો, મફ઼ર = પનાહની જગ્યા, મક઼ર = ઠેકાણુ)*

**અર્થાત** : ખુદાની ક઼સમ ! ખુદાની બારગાહમાં પહોંચવાનો દરવાજો હુઝૂર ﷺની બારગાહમાં છે. અહીંયાં સિવાય બીજી કોઈ જગ્યા નથી જ્યાં નજાત અને પનાહ મળે. ખુદાની બારગાહથી જે મળે છે તે હુઝૂર ﷺની બારગાહમાં થઈને મળે છે કે ખુદાએ નેઅમતોના માલિક હુઝૂર ﷺને બનાવ્યા છે, અને હુઝૂર વહેંચણી કરે છે. જે અહીંયાંથી મહેરૂમ રહ્યો તે બારગાહે ખુદાથી પણ મેહરૂમ રહ્યો.

**કરે મુસ્તફ઼ા કી ઈહાનતેં ખુલે બંદોં ઈસ પે યહ જુર્અતેં**
**કે મૈં કયા નહીં હૂં મુહમ્મદી ! અરે ! હાં નહીં ! અરે હાં નહીં !**

*(ઈહાનતેં = તૌહીનો, ગુસ્તાખીઓ, ખુલે બંદો = ખુલ્લે આમ, જાહેરમાં, જુર્અતેં = બહાદુરી, મુહમ્મદી = હુઝૂર ﷺનો ઉમ્મતી)*

**અર્થાત** : વહાબી, નજદી, દેવબંદીઓ ખુલે આમ હુઝૂર ﷺની શાનમાં ગુસ્તાખીઓ કરે છે અને એના પર બહાદુરી તો જુઓ ! કહે છે, શું હું મુહમ્મદી એટલે હુઝૂર ﷺનો ઉમ્મતી નથી ?! અરે ગુસ્તાખે રસૂલ ! હા ! તું હુઝૂર ﷺનો ગદ્દાર છે, વફાદાર નથી ! તું મુસલમાન જ નથી !

## વહાબીઓના ગુસ્તાખીભર્યા લખાણના અમુક નમૂનાઓ

**૦૧.** ''બેશક ! હુઝૂર ﷺ પોતાના જીવનમાં નફા નુકસાનના માલિક નથી.'' *(કશ્ફુશ્શુબહાત, પેજ-૬)*

★ ''જેનું નામ મુહમ્મદ અથવા અલી છે તે કોઈ પણ વસ્તુના માલિકો મુખ્તાર નથી.'' *(તક઼વિયતુલ ઈમાન)*

★ ''નમાઝમાં હુઝૂર ﷺનો ખ્યાલ લાવવો બળદ, ગધેડાના ખ્યાલમાં ડૂબી જવાથી વધારે બુરો છે.''

*(સિરાતે મુસ્તકીમ-૮૬, લેખક : ઈસ્માઈલ દહેલ્વી)*

**૦૨.** ''અમુક ઈલ્મે ગૈબ મુરાદ હોય તો એમાં હુઝૂરની શું વિશિષ્ટતા ! એવો ઈલ્મે ગૈબ તો ઝૈદ, અમ્ર બલ્કે બાળક, પાગલ, તમામ હૈવાનો અને જાનવરોને પણ પ્રાપ્ય છે.''

*-(હિફ્ઝુલ ઈમાન, પેજ-૧૬, લેખક : અશ્રફ અલી થાનવી)*

**૦૩.** ''શૈતાનનો ઈલ્મ તો કુર્આનથી સાબિત છે અને હુઝૂર ﷺના ઈલ્મની કોઈ દલીલ નથી.''

★ "હુઝૂરને દીવાર પાછળનો પણ ઈલ્મ નથી." ★ "હુઝૂર ﷺની મીલાદ કનૈયાના જન્મ દિવસની ઉજવણી જેવું છે." *–(બરાહીને કાતિઅહ્, પેજ–૧૮૪, લેખક : ખલીલ અહમદ અંબેટવી)*

**૦૪.** "અમુક સમયે ઉમ્મતી અમલમાં નબીથી આગળ નીકળી જાય છે."

*–(તહઝીરુન્નાસ, પેજ : પર, લેખક : કાસિમ નાનોત્વી)*

લખાણ ટૂંકાવવાના હિસાબે આટલી ગુસ્તાખીઓનો ખુલાસો લખ્યો, નહીં તો તેમની અનેક કિતાબો ગુસ્તાખીભર્યા લખાણોથી ભરેલી છે. વધુ જાણકારી માટે "તારીખે નજદો હિજાઝ"નો અભ્યાસ કરો.

વહાબી, નજદી, દેવબંદીઓના ગુસ્તાખીભર્યા લખાણને કારણે અરબ અને અજમ, મક્કા મદીનાના મુફતીઓએ તેમને કાફિર ઠરાવ્યા છે જેનો ખુલાસો આ'લા હઝરત رضی اللہએ આ શેઅરમાં *"અરે હાં નહીં ! અરે હાં નહીં !"* કહીને કર્યો છે. વધુ વિગત માટે આ'લા હઝરતની કિતાબ "હુસ્સામુલ હરમૈન"નો અભ્યાસ જરૂર કરશો.

**તેરે આગે યૂં હૈં દબે લચે ફુસહા અરબ કે બળે બળે**
**કોઈ જાને મુંહ મેં ઝબાં નહીં, નહીં બલ્કે જિસ્મમેં જાં નહીં**

*(દબે લચે = શરમથી ઝુકેલા, ફુસહા = સુંદર વાણીવાળા, બળે = મહાન)*

**અર્થાત** : હે પ્યારા નબી ! ﷺ આપની બારગાહમાં અરબના મોટા મોટા ફસીહો શાઈરો શરમથી માથુ ઝુકાવેલ છે, આપની સામે બોલવાની હિમ્મત નથી, જાણે મોઢામાં જીભ નથી બલ્કે એવું લાગે છે કે શરીરમાં જાન નથી.

**વો શરફ કે કતઅ હૈં નિસ્બતેં વો કરમ કે સબસે કરીબ હૈં**
**કોઈ કહ દો યાસો ઉમ્મીદ સે વો કહીં નહીં વો કહાં નહીં**

*(શરફ = બુઝુર્ગી, મહાનતા, કતઅ = જુદા, કરમ = મહેરબાની, યાસ = નાઉમ્મીદી)*

**અર્થાત** : બુઝુર્ગી અને મહાનતામાં હુઝૂર ﷺથી કોઈને સંબંધ નથી, આપના મકામ સુધી પહોંચી શકતો જ નથી. આ તો મહેરબાની છે કે આપ મો'મિનોની જાનથી વધારે નજીક છે. કુર્આનમાં છે, "નબી મો'મિનોની જાનથી પણ વધુ નિકટ છે." તો નાઉમ્મીદીને કહી દો કે તારા માટે અહીંયાં કોઈ જગ્યા જ નથી, અહીંયાં તો ચારેવ બાજુ ઉમ્મીદ જ ઉમ્મીદ છે.

**યહ નહીં કે ખુલ્દ ન હો નિકો વો નિકોઈ કી ભી હૈ આબરૂ**
**મગર અય મદીને કી આરઝૂ જિસે ચાહે તૂ વો સમાં નહીં**

*(ખુલ્દ = જન્નત, નિકો = સારી, નેકોઈ = ભલાઈ, આબરૂ = ઈજ્જત, આરઝૂ = તમન્ના = સમાં = બરાબરી)*

**અર્થાત** : હું એવું નથી કહેતો કે જન્નત સારી નથી બલ્કે તે તો દરેક ભલાઈની આબરૂ છે, પરંતુ હે મદીનાની આરઝૂ ! જેને તું પસંદ કરે તેની બરાબરી કોઈ કરી શક્તુ જ નથી !

**હૈ ઉન્હીં કે નૂર સે સબ અયાં હૈ ઉન્હીં કે જલ્વામેં સબ નિહાં**
**બને સુબ્હ તાબિશે મહર સે રહે પેશે મહર મેં જાં નહીં**

*(અયાં = જાહેર, જલ્વા = ચમક, નિહાં = ગુપ્ત, તાબિશે મહર = સૂર્યનો પ્રકાશ, પેશ = સામે, જાં = તાકત)*

**અર્થાત :** હુઝૂર ﷺના નૂરથી દરેક વસ્તુ જાહેર છે. હદીષમાં છે કે દરેક વસ્તુને મારા નૂરથી પૈદા કરવામાં આવી. અને આપની ચમકની સામે દરેક વસ્તુ છુપાઈ જાય છે અને જેવી રીતે સૂર્ય નીકળતાની સાથે સવાર થઈ જાય છે અને રાત છુપાઈ જાય છે એવી જ રીતે શમ્સુદુહાની સામે કોઈ રોશન રહે એવી કોઈનામાં તાક઼ાત જ નથી.

**વહી નૂરે હક઼ વહી ઝિલ્લે રબ હૈ ઉન્હીં સે સબ હૈ ઉન્હીં કા સબ**
**નહીં ઉન્કી મિલ્ક મેં આસમાં કે ઝમીં નહીં કે ઝમાં નહીં**

*(ઝિલ = સાયો, મઝહર, મિલ્ક = મિલ્કત)*

**અર્થાત :** હુઝૂર પૂરનૂર ﷺને અલ્લાહ પાકે પોતાના નૂરથી બનાવ્યા અને આપના નૂરથી સર્વ જગતને બનાવ્યું, તો આપ અલ્લાહના નૂર અને તેનુ કુદરતના મઝહર (ઉદ્ભગ સ્થાન) છે અને દરેક ચીજ આપના નૂરથી બની એટલે આપ દરેક વસ્તુના માલિક છે, જમીન, આકાશ, જહાન કઈ વસ્તુ આપની નથી ?!

**વહી લામકાં કે મકીં હૂએ સરે અર્શ તખ્તનશીં હૂએ**
**વો નબી હૈં જિસકે હૈં યે મકાં વો ખુદા હૈ જિસ્કા મકાં નહીં**

*(લામકાં = જેને જગ્યા કે મકાન ન કહેવાય, મકીં = રહેવાસી, સરે અર્શ = અર્શની ઉપર, તખ્તનશીં = તખ્ત પર બિરાજમાન, મકાં = જગ્યા)*

**અર્થાત :** હુઝૂર ﷺ લામકાં મકીં બન્યા અને અર્શના મહેમાન બન્યા, આ બધી જગ્યાઓ હુઝૂર ﷺની છે કારણ કે અલ્લાહ તો જગ્યા અને મકાનથી પાક છે.

**સરે અર્શ પર હૈ તેરી ગુઝર દિલે ફ઼ર્શ પર હૈ તેરી નઝર**
**મલકૂતો મુલ્ક મેં કોઈ શય નહીં વો જો તુઝ પે અયાં નહીં**

*(ગુઝર = પસાર થવું, મલકૂત = ફરિશ્તાઓની રહેવાની જગ્યા, મુલ્ક = દેશ, શય = વસ્તુ, અયાં = જાહેર, ફ઼ર્શ = જમીન)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ અર્શે આ'ઝમની ઉપર આપની ગુઝર છે. ફ઼ર્શ (પૃથ્વી) પર વસનારાઓના દિલ પર આપની નજર છે. કાઈનાતમાં કઈ એવી વસ્તુ છે જે આપ પર જાહેર ન હોય. કુર્આને પાકમાં છે : (૧) "અને આ રસૂલ તમારા ગવાહ છે." (૨) "હે મહબૂબ ! અમોએ તમને શાહિદ બનાવીને મોકલ્યા."

અલ્લામા રાગિબ મુફ઼રિદાતમાં લખે છે કે શાહિદનો અર્થ છે હાઝિરો નાઝિર. હુઝૂર ફ઼ર્માવે છે, ખુદાની ક઼સમ ! તમારો ખુશૂઅ (દિલની કૈફિયત) મારા માટે ગુપ્ત નથી." *(બુખારી શરીફ઼, પેજ : ૧૫૩)*

**કરું તેરે નામ પે જાં ફ઼િદા ન બસ એક જાં દો જહાં ફ઼િદા**
**દો જહાં સે ભી નહીં જી ભરા કરું કયા કરોરોં જહાં નહીં**

**અર્થાત :** યા હબીબલ્લાહ ! ﷺ હું તમારા ઉપર મારી જાન કુર્બાન કરી દઉં ! કેવળ જાન જ નહીં, પરંતુ બંનેવ જહાન ફ઼િદા કરી દઉં ! બંને જહાનથી પણ દિલ નથી ધરાતું, પણ શું કરું કરોડો જહાન નથી ! જો કરોળો જહાન હોત તો હું તે સૌ આપના પર ફ઼િદા કરી દેત.

**તેરા કદ તો નાદિરે દહર હૈ કોઈ મિષ્લ હો તો મિષાલ દે**
**નહીં ગુલ કે પૌદોં મેં ડાલિયાં કે ચમન મેં સર્વેચમાં નહીં**

*(કદ = જિસ્મ મુબારક, નાદિરે દહ્ર = જમાનામાં અનોખુ, મિષ્લ = બરાબર, મિષાલ = દાખલો,*
*ગુલ = ફૂલ, પૌદોં = છોડવા, ચમન = બાગ, સર્વે ચમાં = નખરા સાથે ચાલનાર)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ આપના કદ (શરીર) મુબારકને ખુદા પકે જમાનામાં અનોખુ બનાવ્યું છે, દુનિયામાં કોઈ એવું નથી જેની સાથે આપનો દાખલો આપી શકીએ. બાગમાં કોઈ ફૂલ, ડાળી, છોડ એવો નથી, જેનાથી આપની મિષાલ આપી શકીએ.

**નહીં જિસ્કે રંગ કા દુસરા ન તો હો કોઈ ન કભી હુવા**
**કહો ઉસકો ગુલ કહે કયા કોઈ કે ગુલોં કા ઢેર કહાં નહીં**

*(ગુલો = ફૂલો, ઢેર = ઢગલો)*

**અર્થાત :** હુઝૂર ﷺના જેવો ન કોઈ છે, ન કોઈ થશે અને ન કદી થયો. એમને ફૂલ કેવી રીતે કહું કે ફૂલોના ઢગલા છે અને હુઝૂર ﷺ જેવો બીજો કોઈ નથી.

**કરું મદ્હે અહલે દોવલ 'રઝા' પળે ઈસ બલામેં મેરી બલા**
**મૈં ગદા હું અપને કરીમ કા મેરા દીન પારએ નાન નહીં**

*(મદ્હ = પ્રશંસા, અહલે દોવલ = માલદાર, દીન = ધર્મ, પારએ નાન = રોટીનો ટુકડો)*

**અર્થાત :** નાનપારાના નવાબે આ'લા હઝરત رضی اللہ عنہની બારગાહમાં અરજ મોકલી કે મારા વિશે કોઈ પ્રશંસારૂપે પંક્તિઓ લખી આપો તો આ'લા હઝરત رضی اللہ عنہએ ઉપરોક્ત શેર લખ્યો, (અર્થાત) : ''હે રઝા ! હું માલદારોની તારીફ કરું ?! અરે ! હું તો મારા કરીમ આકાનો ગુલામ છું, હુઝૂરની તારીફ કરનારો છું, મારો દીન પારએ નાન (નાનપારાનું ઉલ્ટુ એટલે કે રોટીનો ટુકડો) નથી કે ગમે તેને વેચી દઉં.''

## (નઅત શરીફ : ૩૭)

**રુખ દિન હૈ યા મહરે સમા, યહ ભી નહીં વહ ભી નહીં**
**શબ ઝુલ્ફ યા મુશ્કે ખતા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(રુખ = ચહેરો, મહરે સમા = આકાશનો સૂરજ, શબ = રાત, મુશ્ક = કસ્તૂરી)*

**અર્થ :** હું મારા પ્યારા નબી ﷺના ચહેરાને દિવસ કહું અથવા આસ્માનનો સૂરજ કહું ! પરંતુ સૂરજને પણ રોશની તો મહબૂબે ખુદા ﷺના રુખે વદુહાથી મળી છે, અને દિવસનો ઉજાસ પણ આકા علیہ الصلوٰۃ والسلامના હુસ્નનો જલ્વો છે, જેથી ન આ દિવસ હુઝૂરના ચહેરા જેવો થઈ શકે છે ન તે સૂરજ. અને સરકાર ﷺની ઝુલ્ફે અંબરીને રાત કહેવામાં આવે અથવા એકલી કસ્તૂરી (જે અતિ ખુશ્બોદાર તથા કાળી હોય છે), પરંતુ એ પણ મારો ખયાલ ગલત છે, કેમ કે રાતનો અંધકાર અને કસ્તૂરીની ખુશ્બુ પણ હુઝૂરની ઝુલ્ફોનો ફયઝ છે અને ફયઝ આપનાર તથા લેનાર તો એક સમાન નથી થઈ શક્તા.

**મુમ્કિનમેં યહ કુદરત કહાં, વાજિબમેં અબ્દિયત કહાં**
**હયરાં હૂં યહ ભી હૈ ખતા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(મુમ્કિન = મખ્લૂક)*

**અર્થ :** આપણા આકા મૌલા ﷺ એટલી કુદરતોના માલિક છે કે દા.ત. ચાંદના ટુકડા કરવા, ડૂબેલા સૂરજને પાછો લાવવો, ઝાડોને પોતાની પાસે બોલાવી લેવાં, પથ્થરોને કલ્મો પઢાવવું, આંગળીઓ વડે પાણીનાં ઝરણાં વહેતાં કરવાં વગેરે.... તો મુમ્કિનુલ વજૂદ (મખ્લૂક)માં આ શક્તિઓ ક્યાંથી હોય ? વળી આપને વાજિબુલ વજૂદ એટલે ખુદા માનવું પણ જાઈઝ નથી, કેમ કે આપ તો ખુદાના રસૂલ તથા નબી છે અને અલ્લાહ તઆલા કોઈની (અબ્દિયત) બંદગીથી પાક છે. જેથી હું હૈરાન છું કે આપને શું કહું ?!

**હક્ક યહ કે હૈં અબ્દે ઈલાહ, ઔર આલમે ઈમ્કાં કે શાહ**
**બરઝખ હૈં વહ સિર્રે ખુદા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(અબ્દે ઈલાહ = ખુદાના ખાસ બંદા, આલમે ઈમ્કાં = દુનિયાની મખ્લૂક, બરઝખ = માધ્યમ, સિર્ર = રાઝ)*

**અર્થ :** સાચી વાત તો એ છે કે આપ ﷺ ખુદાના ખાસ બંદા છે અને ખુદાઈ (મખ્લૂક)ના બાદશાહ છે, અને અલ્લાહ તથા તેની મખ્લૂકના વચ્ચે પર્દો તથા માધ્યમ હોવાની સાથોસાથ અલ્લાહ તઆલાનું ખાસ રાઝ છે.

**બુલબુલને ગુલ ઉન્કો કહા, કુમરીને સરવે જાંફિઝા**
**હયરતને ઝુંઝલાકર કહા, યહ ભી નહીં વો ભી નહીં**

*(કુમરી = એક સફેદ પક્ષી, જાંફિઝા = રૂહની તાઝગી આપનાર, ઝુંઝલાકર = ધમકાવીને)*

**અર્થ :** મદીનાના તાજદાર, ઉમ્મતના ગમખ્વારને બુલબુલે જોયા તો ફૂલ કહી દીધા. કુમરીએ જોયા તો

પોતાના મહબૂબ (સરવે જાંફિરા) કહી આપ્યા. હયરતે બંનેને ધમકાવતાં કહ્યું, ખબરદાર ! જો મહબૂબે ખુદાને ફૂલ કે સનોબર (ખૂબસૂરત ઝાડ) કહ્યા તો ! તમારા સૌના મહબૂબ, મહબૂબે ખુદાના કદમો પર કુર્બાન ! તે તો કાદિરે મુત્લકના અબ્દુલકાદિર છે અને કાઈનાત (સૃષ્ટિ)ના સર્જનનો સબબ છે.

**ખુર્શિદ થા કિસ ઝોર પે, ક્યા બળ્હકે ચમકા થા કમર**
**બે પર્દા જબ વો રુખ હુવા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(ખુર્શિદ = સૂરજ, કમર = ચાંદ)*

**અર્થાત** : સૂરજ પોતાની પૂરી ચમકની સાથે ઉગી ગયો અને સર્વ જહાનને રોશન કરી આપ્યું. ચાંદ પોતાની સંપૂર્ણ ચમક દમક સાથે ચમક્યો અને આખા જગતને નૂરનો પુંજ બનાવી દીધું, પણ જ્યારે રુખે વદુહાથી પર્દો હટયો તો ચાંદની ચમક રહી ન સૂરજની દમક બચી ! બંનેવે શર્મિંદા થઈને મોં છુપાવી લીધું અને મહબૂબે ખુદા ﷺના હુસ્નો જમાલની આગળ પોતાનું માથુ ઝુકાવી દીધું.

**ડર થા કે ઈસ્યાં કી સઝા, અબ હોગી યા રોઝે જઝા**
**દી ઉન્કી રહમતને સદા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(ઈસ્યાં = ગુનાહ, રોઝે જઝા = કયામતના દિવસે)*

**અર્થાત** : ઘણો જ ડર લાગી રહ્યો હતો કે એટલા પ્રમાણમાં ગુનાહ ભેગા થઈ ગયા છે કે એ ગુનાહોની સજા ખુદા જાણે આ દુનિયામાં મળશે કે કયામતના દિવસે ?! અલ્લાહ તઆલાની રહમત (રહ્મતુલ્ લિલ્ આલમીન)ને આપણી પરેશાની માન્ય થઈ નહીં, અને આપે અલલ એલાન ફર્માવી આપ્યું, ''મારી શફાઅત મારી ઉમ્મતના કબીરા ગુનાહોવાળા માટે છે.'' ગભરાવ નહીં ! ન અહીં સજા થશે ન ત્યાં થશે. *(પરંતુ આગળના શેઅરોમાં આ'લા હઝરતે લોકોને ગુનાહોથી દૂર રહેવા ચેતવ્યા છે. –તંત્રી)*

**કોઈ હૈ નાઝાં ઝુહદ પર, યા હુસ્ને તૌબા હૈ સિપર**
**યાં હૈ ફકત તેરી અતા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(સિપર = ઢાલ)*

**અર્થાત** : કોઈ પોતાની પરહેઝગારી પર નાઝ કરી રહ્યું છે તો કોઈના માટે એની તૌબા ઢાલ બની ગઈ છે. હે મારા આકા ! ﷺ મારા પલ્લામાં ન તો ઈબાદતની કોઈ પૂંજી છે ન તો મને મારી તૌબા પર ભરોસો છે, બસ ! હું તો આપની રહમત તથા બખ્શિશના સહારા પર બેઠેલો છું.

**દિન લહ્વમેં ખોના તુઝે, શબ સુબ્હ તક સોના તુઝે**
**શર્મે નબી ખૌફે ખુદા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(લહ્વ = ખેલકૂદ)*

**અર્થાત** : હે ગાફિલ મુસલમાન ! તારા દિવસો ખેલકૂદમાં પસાર થાય છે, રાતોને તું યાદે ઈલાહીથી ગફલતોમાં વીતાવી દે છે. ન તને ખુદાનો ખૌફ છે કે છેવટે મરીને તેની બારગાહમાં જવાનું છે અને ન તને પોતાના

નબીની શરમ તથા હયા છે કે ક઼યામતના દિવસે એમને પણ મોઢું બતાવવાનું છે. તો ખ઼ુદાથી ડર ! અને ગફ઼લતની નીંદનો ત્યાગ કર અને બારગાહે રબમાં તૌબા કરીને ખ઼ુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનાં ફ઼ર્માનો પર અમલવાળી પાકીઝ઼ા જિંદગી અપનાવ

**રિઝ઼્ક઼ે ખ઼ુદા ખાયા કિયા, ફ઼ર્માને હક઼્ક઼ ટાલા કિયા**
**શુક્રે કરમ, તરસે સઝ઼ા, યહ ભી નહીં વહ ભી નહીં**

*(તરસે સઝ઼ા = સજાની બીક)*

**અર્થાત :** હે ખ઼ુદાના બંદા ! તું ખ઼ુદા તઆલાનું આપેલું રિઝ઼્ક઼ પણ ખાય છે, તેમ છતાં તેના અહકામો પર અમલ કરીને તેની નેઅમતનો શુક્ર અદા કરવાને બદલે હિલાં બહાનાં કરીને તેના હુકમોથી જાન છોડાવવાની કોશિશમાં લાગેલો રહે છે ! ન તારી અંદર એની નેઅમતોનો શુક્ર કરવાનો જઝ઼બો પેદા થઈ રહ્યો છે ! ન તો તને તેના અઝ઼ાબનો ડર છે. તો આ રીતના જીવનમાં બંને જહાનની બર્બાદી છે, જેથી સુધરી જા ! અને ઈસ્લામી જીવન શુક્ર તથા ફિક્રવાળુ જીવન અપનાવ કે જેથી તું જહન્નમથી બચી જાય.

**હૈ બુલબલે રંગી 'રઝ઼ા' યા તૂતીએ નગ્મા સરા**
**હક઼્ક઼ યહ કે વાસિફ઼ હૈ તેરા, યહ ભી નહીં વહ ભી નહીં**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّم આપના દરનો ગદા (અહમદ રઝ઼ા) પોતે પોતાને બુલબુલે રંગી મિઝ઼ાજ કહે (જે દરેક વખતે આપની નઅતમાં મસ્ત રહે છે) અથવા તૂતીએ નગ્મા સરા કહે (જે આપની શાને અક઼દસમાં દરેક વખતે ગાતી રહે છે) પણ હું આ બંનેવમાંથી કોઈપણ નથી, હું તો બસ આપનો અદના સરખો (મામૂલી) ષનાખ્વાં અને આ ષનાખ્વાની કેટલુ સારું થાય કે ક઼બૂલ થઈ જાય !

## (નઅત શરીફ : ૩૮)

**વસ્ફે રુખ ઉન્કા કિયા કરતે હૈં, શરહે વશ્શમ્સો દુહા કરતે હૈં**
**ઉન્કી હમ મદહો ષના કરતે હૈં, જિન કો હમ મહમૂદ કહા કરતે હૈં**

*(વસ્ફે રુખ = ચહેરાની પ્રશંસા, શરહે વશ્શમ્સુ દુહા = સૂરએ શમ્સ તથા સૂરએ દુહાની તફસીર, મદહ = પ્રશંસા, મહમૂદ = પ્રશંસા પામેલ)*

**અર્થાત :** આપણે જે આપણા આક઼ા તથા મૌલા ﷺના રુખે અન્વર (ચહેરા મુબારક)ની તારીફ કરીએ છીએ તો કોઈ નાજાઈઝ અથવા મામૂલી કામ નથી કરતા બલ્કે સૂરએ શમ્શ તથા વદુહાની તશરીહ કરીએ છીએ અને તેમની તારીફ કરીએ છીએ જેની ખુદાએ તારીફ કરીને તેમને મહમૂદ (પ્રશંસા પામેલ) બનાવી દીધા છે.

**માહે શક ગશ્તાકી સૂરત દેખો, કાંપકર મહરકી રજઅત દેખો**
**મુસ્તફા પ્યારેકી કુદરત દેખો, કૈસે એઅ્જાઝ હુવા કરતે હૈં**

*(માહે શક ગશ્તા = ટુકડા થયેલ ચાંદ, મહર = સૂરજ, રજઅત = પલટવું, એઅ્જાઝ = મોજિઝા)*

**અર્થાત :** હે અઝમતે મુસ્તફા ﷺના મુન્કિરો ! જરા જુઓ તો મારા આક઼ા ﷺએ કેવા ચાંદના બે ટુકડા કર્યા, અને કેવી રીતે સૂરજ કાંપતો કાંપતો (આથમી ગયા બાદ) પરત આવ્યો ?! મારા પ્યારા આક઼ા ﷺની કુદરત તથા તાક઼તનો જરા અંદાઝો તો લગાડો અને વિચાર કરો કે કેવા કેવા મોજિઝા થતા રહે છે ?! કે ચાંદનું ટુકડા થવું અને સૂરજનું પલટવું આપણા હુઝૂર ﷺના આજિઝ કરી દેનારા કમાલોનું આજે પણ એલાન કરી રહેલ છે.

**તૂ હૈ ખુર્શિદે રિસાલત પ્યારે, છુપ ગએ તેરી ઝિયા મેં તારે**
**અંબિયા ઔર હૈં સબ માહ પારે, તુઝ સે હી, નૂર લિયા કરતે હૈં**

*(ખુર્શિદ = સૂરજ, ઝિયા = રોશની, માહ પારે = ચાંદના ટુકડા)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ આપ નબુવ્વતના આસ્માનના સૂરજ છો જેના પ્રકાશમાં તારાઓ છુપાય જાય છે. બાકીના સર્વ નબીઓ عَلَيْهِمُ السَّلَام ચાંદના ટુકડાઓ છે જેમને આપના જ ફયઝથી નૂર મળ્યું છે.

**અય બે ખિર્દીએ કુફ્ફાર ! રખતે હૈં ઐસે કે હક઼્મેં ઈન્કાર ?!**
**કે ગવાહી હો ગર ઉસ્કો દરકાર, બે ઝબાં બોલ ઉઠા કરતે હૈં !**

*(બે ખિર્દી = મૂર્ખાઈ, દરકાર = જરૂરી)*

**અર્થાત :** હાય ! અફસોસ ! કમ અક઼લી (મૂર્ખતા) કેટલી બુરી મુસીબત છે કે કાફિરોએ તેમની

નુબુવ્વત તથા કમાલોનો ઈન્કાર કર્યો જેની અઝમત તથા રિસાલતની ગવાહી બેઝબાન (ચાંદ, સૂરજ, પથ્થર, ઝાડ, ગુંગા બોલીને) આપે છે.

આ શેઅરમાં અસંખ્ય મોજિઝાઓની તરફ નિર્દેશ છે જે સમયે બેઝબાં તથા નિર્જીવ ચીજોએ હુઝૂર ﷺની નુબુવ્વત તથા રિસાલતની ગવાહી આપી. જેમ કે અબૂ જહલની મુટ્ઠીમાં કાંકરીઓનું કલ્મો પઢવું, અને પથ્થરોનું આપ પર શબ્દોમાં સલામ મોકલવું કે અસ્સલાતુ વસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! *(તિર્મિઝી, શિફા અન અલી رضی اللہ عنہ)* અને ઈકરમા બિન અબૂ જહલની માગણી પર પથ્થરનું પાણી પર તરતાં અને કલ્મો પઢતાં આવવું. *–(અન્વારે મુહમ્મદિયહ્ તફસીરે કબીર)*

**અપને મૌલા કી હૈ બસ શાને અઝીમ, જાનવર ભી કરેં જિન્કી તા'ઝીમ**
**સંગ કરતે હૈં અદબ સે તસ્લીમ, પેળ સજદે મેં ગિરા કરતે હૈં**

*(સંગ = પથ્થર, તસ્લીમ = સલામ, પેળ = ઝાડ)*

**અર્થાત** : ઈમામુલ અંબિયા ﷺની જરા શાન તો જુઓ કે જાનવર પણ આપની તાઝીમ કરે છે, પથ્થર આપનું સન્માન દુરૂદો સલામ પઢીને કરે છે અને ઝાડ આપની બારગાહમાં હાજર થઈને સિજદામાં પડી જાય છે! આપના આ સર્વ મોજિઝાઓ તિબ્રાની, મિશ્કાત, મિર્ક઼ાત શરહે મિશ્કાતમાં જોઈ શકાય છે.

**રિફઅતે ઝિક્ર હૈ તેરા હિસ્સા, દોનોં આલમમેં હૈ તેરા ચર્ચા**
**મુર્ગેફિરદોસ પસ અઝ હમ્દે ખુદા, તેરી હી મદહો ષના કરતે હૈં**

*(રિફઅત = બુલંદી, ચર્ચા = ખ્યાતિ, મુર્ગે ફિરદોસ = જન્નતી પક્ષીઓ, ફરિશ્તા, પસ અઝ હમ્દ = અલ્લાહની તારીફ પછી)*

**અર્થાત** : મારા આક઼ા ﷺ આપની બુલંદીઓનો કોણ અંદાઝો લગાડી શકે છે કે અર્શ તથા ફર્શ અને જમીન તથા આસ્માન પર આપની મહાનતાના ડંકા વાગી રહ્યા છે. જમીન પર અઝાન તથા નમાઝોમાં, કલ્મા તથા ખુત્બામાં, જ્યારે આસ્માનના ફરિશ્તાઓ અલ્લાહની હમ્દો ષના પછી આપની ઝાતે બાબરકાત પર દુરૂદો સલામનાં નઝરાણાં પેશ કરવામાં લાગેલા રહે છે. ان اللہ وملکتہ یصلون علی النبی અને આ રીતે અલ્લાહ તઆલા ورفعنالك ذكرك નો વાયદો પૂરો ફર્માવી રહ્યો છે.

**ઉંગલિયાં પાઈ વોહ પ્યારી પ્યારી, જિન સે દરયા એ કરમ હૈ જારી**
**જૌશ પર આતી હૈ જબ ગમ ખ્વારી, તિશ્ને સૌરાબ હુવા કરતે હૈં**

*(દરયાએ કરમ = દયાની નદીઓ, જારી = વહે છે, ગમખ્વારી = હમદર્દી, તિશ્ને = તરસ્યા, સૈરાબ તૃપ્ત)*

**અર્થાત** : આપણા પ્યારા આક઼ા ﷺની નરમ તથા નાઝુક અને પ્યારી પ્યારી આંગળીઓ કેટલા પ્રમાણમાં શાન ધરાવે છે કે તેના વડે કરમના દરિયા વહેતા થઈ જાય છે, અને જ્યારે આક઼ા ﷺ પોતાના ગુલામો પર મહેરબાન થઈ જાય છે તો એ તરસ્યાઓને એ જ પંજાબે રહમતથી તૃપ્ત કરી આપે છે. મશહૂર બનાવની પ્રતિ નિર્દેશ છે જ્યારે હુદૈબિયહના સ્થળે પાણી ગયું તો હુઝૂર ﷺની આંગળીઓ થકી રહમતના દરિયા જારી થઈ ગયા અને ચૌદસો સહાબાએ કિરામે પાણી પીધું વુઝૂ, ગુસ્લ કર્યું, સવારીઓએ પણ પીધું. સહાબા ફર્માવે છે કે જો અમે એક લાખ પણ હોત તેમ છતાંય પાણી ખત્મ ન થાત.

ઈશ્ક઼ો મહબ્બતવાળા ફર્માવે છે કે આબે ઝમઝમ કરતાંય આપની આંગળીઓથી નીકળનારું પાણી અફ઼ઝલ છે. *(દલાઈલુન્નબુવ્વહ, પેજ. ૩૪૫, ઝ઼ુર્કાની ૫/૧૫૮)*

કેમ કે એ પાણી હુઝૂર ﷺનાં હાડકાં, નસો, ગોશ્ત અને ખૂનથી જારી થયું હતું અને ઝમઝમ શરીફ ગમે તેમ તોય પથ્થરથી જારી થયું અને આજ સુધી વહી રહ્યું છે અને ક઼યામત સુધી વહેતું રહેશે. જ્યારે કે સરકાર ﷺની આંગળીઓથી જે પાણી નીકળ્યું એનો સંબંધ હૌઝ઼ે કૌષરથી કરી દેવામાં આવ્યો હતો. અને પથ્થરોની જ્યાં સુધી વાત છે તો સાંભળો તેમની સ્થિતિ આ પ્રમાણે છે :–

*પથ્થરો તુમ તો હો પથ્થર મગર આક઼ા મેરે–તુમસે ગર ચાહેં તો કલ્મા ભી પળ્હા લેતે હૈં !*

**હાં યહી કરતી હૈં ચિળ્યાં ફ઼ર્યાદ, યહીંસે ચાહતી હે હિરની દાદ,**
**ઈસી દર પર શુતુરાને નાશાદ, ગિલાએ રંજો અ઼ના કરતે હૈં**

*(યહીં = આપની જ બારગાહમાં ફ઼ર્યાદ = મદદ માટે પુકાર, દર = દરવાજા, શુતુરાને નાશાદ = ગમગીન ઊંટો, ગિલાએ રંજો અના = દુ:ખ તથા મુસીબતની ફરિયાદ)*

**અર્થાત** : હા ! મારા આક઼ા ﷺની બારગાહ તો તે છે જ્યાં પક્ષીઓ પણ આવીને ફરિયાદ કરે છે અને એમની ફરિયાદ સાંભળવામાં આવે છે, પછી ઈન્સાફ માગે છે અને તેમને ઈન્સાફ મળે છે. ઊંટ પોતાની તકલીફની શિકાયત કરે છે તો તેની શિકાયત દૂર કરી દેવામાં આવે છે. આ ત્રણેવ મોજિઝાઓનું વર્ણન મિશ્કાત, નુઝહતુલ મજાલિસ, શિફા શરીફ તથા હુજ્જતુલ્લાહિ અલલ આલમીનમાં મૌજૂદ છે.

હરણના બનાવ પર કોઈનો ઘણો પ્યારો શેઅર છે કે જ્યારે હુઝૂર ﷺની સિફારિશ પર હરણને જાળમાં ફસાવનારાએ તેને છોડી આપી કે જઈને બચ્ચાને દૂધ પીવડાવી આવે. તો હરણ વાયદા પ્રમાણે દૂધ પીવડાવીને પરત આવ્યું, તો અઅરાબી આ મોજિઝો જોઈને મુસલમાન થઈ ગયો અને કહ્યું કે મારા ઈસ્લામ લાવવાનો સબબ બની છે જેથી હું તેને બીજીવાર જાળમાં ફસાવીશ નહીં. તો સરકાર ﷺએ બંનેવને શું સરસ ખુશખબરી સંભળાવી તે આ શેઅરમાં વર્ણવવામાં આવી છે :–

*ફિર બશારત ઉસ (હિરની)કો ઉસ (અઅરાબી)કો મિલી સરકારસે–જાલસે હૈ તૂ આઝાદ, ઔર તૂ અઝાબે નારસે*

**આસ્તીન રહમતે આલમ ઉલ્ટે, કમરે પાકપે દામન બાંધે**
**ગિરનેવાલોંકો કૂચાએ દોઝખસે સાફ, અલગ ખીંચ લિયા કરતે હૈં**

**અર્થાત** : મારા આક઼ા વ મૌલા ﷺ પોતાની રહમતનો દામન ચઢાવીને (તૈયાર થઈને) પુલ સિરાત પર ઉભા છે જેથી આસાનીની સાથે પોતાના ગુનેહગાર ઉમ્મતીઓને દોઝખના ખાડાઓથી કાઢીને જન્નતના બાગોમાં પહોંચાડી આપે.

**જબ સબા આતી હે તયબહસે ઈધર, ખિલ ખિલા પળતી હૈં કલિયાં યકસર**
**ફૂલ જામાસે નિકલ કર બાહર, રુખે રંગીંકી ષના કરતે હૈં**

*(સબા = હવા, ખિલખિલાના = ખીલી ઉઠવું, યકસર = એકાએક, જામા = લિબાસ, રુખે રંગી = ખૂબસૂરત ચહેરો)*

**અર્થાત** : જ્યારે મદીના તરફથી ખુશ્બુદાર ઠંડી ઠંડી હવા ચાલીને બાગની તરફ આવે છે તો ગુંચાઓ વજદમાં ઝુમી ઉઠે છે અને એકદમ અટ્ટહાસ્ય કરતા ખીલી ઉઠે છે અને પછી આપણા આક઼ા ﷺની શાનમાં (બુલબુલો) ગીત ગાવા માંડે છે, અને આપની અઝમત પર હસદ કરનારાઓનું મો ચઢાવતાં કહે છે :–

*રસૂલુલ્લાહ ﷺ હમકો જાનસે પ્યારે હૈં નાદાનો ! – રસૂલુલ્લાહ ﷺ પે જાનેં ફિદા કરતે રહેંગે હમ*
*નબુવ્વત તખ્ત ઉનકા ખાતમિય્યત તાજ ઉનકા – યૂં હી તઅરીફે શાહે દોસરા કરતે રહેંગે હમ*

**તૂ હૈ વો બાદશાહે કૌનો મકાં, કે મલકે હફ્ત ફલક કે હર આં**
**તેરે મૌલાસે શહે અર્શે અચવાં, તેરી દૌલતકી દુઆ કરતે હૈં**

*(કૌનો મકાં = સર્વ જહાન, મલકે હફ્ત ફલક = સાતેવ આસમાનના ફરિશ્તા,*
*હર આં = દરેક પળે, શહે અર્શ અયવાં = અલ્લાહના મહેલના બાદશાહ)*

**અર્થાત** : હે સર્વ જહાનોના આક઼ા ! ﷺ સાતેવ આસ્માનોના સર્વ નૂરી ફરિશ્તાઓ દરેક સમયે આપ ﷺની ઈક઼બાલમંદીના માટે આપ ﷺના રબની બારગાહે બેકસ પનાહમાં દુઆ કરતા રહે છે : **ان اللہ وملکتہ یصلون علی النبی**

**જિસકે જલ્વે સે ઓહદ હૈ તાબાં, મઅદને નૂર હૈ ઉસકા દામાં**
**હમ ભી ઉસ ચાંદ પર હોકર કુર્બાં, દિલે સંગીકી જિલા કરતે હૈં**

*(તાબાં = પ્રકાશિત, મઅદને નૂર = નૂરાની ખાણ, દામાં = દામન, દિલે સંગી = પથ્થર દિલ, જિલા = સફાઈ)*

**અર્થાત** : જે સિરાજમ્મુનીરાના બાબરકાત જલ્વાઓ વડે ઓહદ પહાડ પણ આજ સુધી અને ક઼યામત સુધી ચમકતો રહેશે તે નૂરના કેન્દ્ર અને નબુવ્વતના ચંદ્ર પર કુર્બાન થઈને આપણે પણ કેમ આપણા સિયાહ તથા પથ્થર દિલની સફાઈ કરાવીને એનો ઈલાજ ન કરાવી લઈએ ?!

આપ ﷺએ ઓહદ પહાડના બારામાં બુખારીમાં ઈર્શાદ ફર્માવ્યો, "આ એવો પહાડ છે કે (પહાડ થઈને પણ) અમારાથી મહોબ્બત કરે છે અને અમે (મહબૂબે ખુદા થઈને જવાબમાં) એ પહાડથી મહોબ્બત કરીએ છીએ ! અને આપ ﷺએ જે ચાર પહાડોને જન્નતી ઠરાવ્યા એમાંથી એક ઓહદ પણ છે (બાકીના ત્રણ વરક઼ાન, વત્તૂર તથા વલ્બનાન–જઝબુલ કુલૂબ) સહાબી સ્ત્રીઓ પોતાના બાળકોને ઓહદ પહાડની ઝિયારતના માટે મોકલતી અને તબર્રુકના માટે ત્યાંની ઘાસ મંગાવ્યા કરતી. કેમ કે જ્યારે એ જન્નતી પહાડ છે તો તેની ઘાસ જન્નતી મેવો થયો.

**ક્યૂં ન ઝૈબા હો તુઝે તાજવરી, તેરે હી દમકી હૈ સબ જલ્વાગરી**
**મલકો જિન્નો બશર હૂરો પરી, જાં સબ તુઝપે ફિદા કરતે હૈં**

*(ઝૈબા હો = શોભે, તાજવરી = બાદશાહી, દમથી = વજૂદથી, જલ્વાગરી = રોશની, મલક = ફરિશ્તા,*
*હૂરો પરી = જન્નતની હૂરો, ફિદા = કુર્બાન)*

**અર્થાત** : હે તાજદારે શફ઼ાઅત ! ﷺ અસલ હુકૂમત તો આપની જ છે, કેમ કે કાઈનાતની સર્વ બહારો આપના જ દમથી છે. અને આખેરતની સર્વ રોનકો આપની જ શફ઼ાઅતે કુબરાના તુફ઼ૈલથી છે. એ જ કારણે ફ઼રિશ્તા હોય કે જિન્નાત, જન્નતની હૂરો હોય કે પરીઓ સૌ આપના ક઼દમો પર જાન કુર્બાન કરે છે.

ફ઼રિશ્તાઓની જાંનિષારી જોવી હોય તો ગઝ઼વએ બદરના હાલાતનો અભ્યાસ કરો, અને જિન્નોની ફ઼િદાકારી જોવી હોય તો સૂરએ જિનનો પ્રથમ રુકૂઅ તથા સૂરએ અહક઼ાફ઼નો છેલ્લો રુકૂઅ તર્જુમા તફ઼સીર સાથે વાંચી જાવ.

*તેરે વસીલે ખુદા બેહિસાબ દેતા હૈ યહ ઔર બાત કે દિલ હમકો નાસબૂર મિલા*
*તેરે ખયાલકી વાદીમેં જો ભી રહતે હૈં ઉન્હેં ખુદાકી ક઼સમ ! રિફ઼અતોંકા નૂર મિલતા હૈ*

**ટૂટ પળતી હૈં બલાએં જિન પર, જિનકો મિલતા નહીં કોઈ યાવર,**
**હર તરફ઼સે વો પુર અરમાં ફ઼િરકર, ઉનકે દામનમેં છુપા કરતે હૈં**

*(બલાએં = મુસીબતો, યાવર = મદદગાર, પુર અરમાં = ઉમ્મીદવાર)*

**અર્થાત** : જેઓ આપ ﷺનો દામને કરમ છોડી આપે છે તેમના પર મુસીબતોના, દુ:ખોના પહાડ તૂટી પડે છે અને ચો તરફ઼થી ધક્કા ખાય ખાયને છેવટે જ્યારે કોઈ પણ તેમનો સહારો નથી બનતો તો છેવટે આપના જ દામનમાં તેમને પણ પનાહ મળે છે. અને જે આપના દરના થઈને બેસી જાય છે તેમના માટે મુસીબતો તથા તકલીફ઼ો પણ જન્નતનાં ફૂલ બની જાય છે. યક઼ીન ન આવે તો હઝ઼રત બિલાલ તથા ખુબૈબના હાલાત વાંચી લો. *(વાંચો કિતાબ 'સહાબાનો ઈશ્ક઼ રસૂલ' ﷺ)*

*પૂછે કોઈ બિલાલો ખુબૈબો ઉવૈસસે, હુબ્બે નબીમેં ઝ઼િંદગી કૈસે ગુઝ઼ર ગઈ !*

જ્યારે હઝ઼રત આદમ علیہ السلام તથા નૂહ علیہ السلامની મુશ્કેલીઓ પણ હુઝ઼ૂર ﷺના નામના સદક઼ામાં હલ થઈ રહી છે તો કોઈ અન્ય પોતે પોતાને શું સમજે છે કે દામને મુસ્તફ઼ા ﷺ છોડીને તેને દુનિયામાં સુકૂન મળી જાય ?!

*વસીલેસે તેરે મક઼બૂલ આદમકી હૂઈ તૌબા–નજાતે નૂહકા બાઈસ મુબારક નામ થા તેરા,*
*દિખાએ મો'જિઝે઼ ઐસે કે હયરાં હો ગએ મુન્કિર–વો કરના ચાંદકો દો પારા અદના કામ થા તેરા*

**લબપે આ જાતા હૈ જબ નામે જનાબ, મુંહમેં ઘુલ જાતા હૈ શહદે નાયાબ**
**વજદમેં હો કે હમ અય જાં બેતાબ, અપને લબ ચૂમ લિયા કરતે હૈ**

*(લબ = હોઠ, ઘુલ જાતા હૈ = ફ઼ેલાય જાય છે, શહદે નાયાબ = શુધ્ધ મધ, વજદ = બેખૂદી, બેતાબ = બેચેન)*

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ આપની જાતમાં શું શું કમાલો હશે, જ્યારે કે આપનું મુબારક નામ (મુહમ્મદ ﷺ) અમારા હોઠો પર આવે છે તો એવું લાગે છે કે જાણે કોઈએ પ્યોર મધ અમારા મોઢામાં નાખી આપ્યું છે ! જે તરત જ મોઢામાં ઓગળી જાય છે અને પૂરા શરીરને રાહત તથા સુકૂન મયસ્સર થઈ જાય છે, એની ખુશીમાં હોઠો આપસમાં ભેગા થઈ જાય છે અને એકબીજાનો બોસો લઈ લે છે.

**લબ પે કિસ મુંહસે ગમે ઉલ્ફત લાએં, ક્યા બલા દિલ હૈ અલમ જિસકા સુનાએં**
**હમ તો ઉન્કે કફે પા પર મિટ જાએં, ઉનકે દર પર જો મિટા કરતે હૈં**

*(ગમે ઉલ્ફત = મહોબ્બતનો ગમ, અલમ = પીડા, કફે પા = પગોનુ તળીયુ)*

**અર્થાત :** અમે શા માટે અમારું દુઃખડુ આપ ﷺને સંભળાવીએ અને حريص عليكم بالمومين رؤف رحيمની શાન વાળા આકાને પરેશાન કરીએ ! આ અમારા દિલની હેસિયત જ શું છે કે જેનો ગમ સંભળાવી સંભળાવીને હુઝૂર ﷺના દિલને ગમગીન કરીએ, અમે તો એવું ચાહીએ છીએ કે આ દિલની બલા સહિત એ આશિકાને મુસ્તફાના કદમો પર કુર્બાન થઈ જઈએ જે ખુશનશીબ આપની ખાકે પા પર ફિદા થઈ ગયા છે.

**અપને દિલકા હૈ ઉન્હીંસે આરામ, સોંપે હૈં અપને ઉન્હીંકો સબ કામ**
**લૌ લગી હૈ કે અબ ઈસ દરકે ગુલામ, ચારાએ દર્દે 'રઝા' કરતે હૈં**

*(લૌ = ધ્યાન, ચારા = ઉપાય)*

**અર્થાત :** કેમ કે આપણા દિલનો આરામ તથા સુકૂન પણ હુઝૂર ﷺના દમ કદમથી છે, એટલા માટે અમે અમારાં સર્વ કામો હુઝૂર ﷺને સુપરત કર્યાં છે કે જ્યારે દુનિયાનો સુકૂન સરકાર અબદ કરાર ﷺની ઝાતે બાબરકાતના દામને કરમથી જોડાએલ છે, અને દુનિયા આખેરતની ખેતી છે જેથી અમારો દીન પણ આપ છો, ઈમાન પણ આપ છો, દુનિયા પણ આપ છો, આખેરત પણ આપ છો. જ્યારે આપણે આટલુ કામ કરી લીધુ તો હવે ઉમ્મીદ લાગી ગઈ છે કે હુઝૂરના દરબારના ખાસ કાર્યકરો (અવલિયા અલ્લાહ જે દિલોના તબીબ છે) અહમદ રઝાના ગમનો ઈલાજ કરવાના માટે સક્રિય થઈ ગયા છે, કેમ કે એમને જાણ થઈ ગઈ છે કે આ તો આપણી જ પાર્ટીનો બંદો તથા સભ્ય છે. સુબ્હાનલ્લાહ !

## (નઅત શરીફ઼ : ૩૯)

**ઝાઈરો પાસે અદબ રખો હવસ જાને દો**
**આંખેં અંધી હૂઈ હૈં ઉન્કો તરસ જાને દો**

*(ઝાઈરો = હે ઝિયારત કરવાવાળાઓ !, પાસ = લેહાઝ, ખયાલ, હવસ = શોખ, લાલચ, તરસ = ડર)*

**અર્થાત** : "બા મુહમ્મદ હોશ્યાર"ની ફ઼િલોસોફી વર્ણવવામાં આવી રહી છે કે હે મદીનાની ઝિયારત કરનારાઓ ! જો કે મદીનાની મહોબ્બત અને અત્યાર સુધી મહબૂબથી જુદા રહેવાનો ખયાલ એ વાત માટે ઉત્તેજીત કરી રહ્યો છે કે રોઝાએ રસૂલની જાળીઓને ચોંટી જઈએ અને દરો દીવારને સીનાથી લગાડીને રડીએ, પણ એ દીવાનગીનું પ્રદર્શન યોગ્ય નથી, કેમ કે આ હુઝૂર ﷺનો દરબાર છે. ખબરદાર ! હોશિયાર ! અદબને સાચવી રાખવામાં આવે. પોતાની આંખોને બેઅદબી કરવા પર ઈમાન નષ્ટ થઈ જવાનો ડર સંભળાવો અને પોતે પોતાની જાતને એના પાત્ર જ ન સમજો કે રોઝા મુબારકની જાળીઓને તમે હાથ લગાડી શકો છો ! ક્યાં આપણે અને ક્યાં તે અદબની જગા કે જે અર્શથી નાઝુકતર છે ! ફતાવાની કિતાબોમાં છે કે રોઝાએ પાકની સામે એ રીતે ઉભા રહો જેવી રીતે નમાઝમાં ઉભા રહેવામાં આવે છે. હાથ બાંધીને ઉભા રહો એટલે જમણો હાથ ડાબા હાથ પર રાખીને, અને એ જ પ્રમાણે અદબ તથા એહતેરામ કરવામાં આવે, જાણે કે આપણે હુઝૂરે ﷺની જાહેરી હયાતમાં આપની સામે બેઠેલા છીએ.

*હાઝિર હૂએ જિબ્રઈલે અમીન ભી તો અદબસે—નાઝિલ હુવા કુર્આં ભી તો બેસૂતો સદા થા*

**સૂખી જાતી હૈ ઉમ્મીદે ગુરબાકી ખેતી**
**બુંદિયાં લિકએ રહમતકી બરસ જાતી હૈ**

*(સૂખના = સૂકાવું, ઉમ્મીદે = ગુરબા = ગરીબોની તમન્ના, બુંદિયાં = ટીપાં, લિકએ રહમત = રહમતના વાદળનો ટુકડો)*

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! આપના ગુનેહગાર ઉમ્મતીઓ બિચારાની ઉમ્મીદની ખેતીઓ સૂકાતી જઈ રહી છે, તમારી રહમતના, કરમના વાદળથી થોડાંક છાંટાઓ પાડી દો જેથી સૂકી ખેતીઓ હર્યી ભર્યી થઈ જાય.

ડૉ. ઈકબાલે હુઝૂર ﷺની બારગાહમાં એ તમન્નાનો આ પ્રમાણે ઈઝહાર કર્યો :—

*હુઝૂર ! દહરમેં આસૂદગી નહીં મિલતી—તલાશ જિસ્કી હૈ વો ઝિંદગી નહીં મિલતી*
*હઝારો લાલાઓ ગુલ હૈં રિયાઝે હસ્તીમેં—વફ઼ાકી જિસમેં બૂ હો વો કલી નહીં મિલતી*

ઘણા બધા બનાવો કિતાબોમાં મૌજૂદ છે કે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થનારાઓની રૂહાની ભૂખ તરસ તો ખત્મ થઈ જાય છે, શારીરિક તથા જાહેરી ભૂખ પ્યાસ પણ સરકાર ﷺના કરમથી મટી છે. *(જુઓ : જઝ્બુલ કુલૂબ, રૌઝુર્રિયાહીન, વફ઼ાઉલ વફ઼ા)*

એક બનાવ જઝ્બુલ કુલૂબના હવાલાથી નક઼્લ કરી રહ્યો છું અને તે એ કે ઈબ્ને જિલાઅ્ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું મદીના મુનવ્વરા હાજર થયો તો બે દિવસ સુધી ખાવાનું કાંઈ ન મળ્યું. સરકાર ﷺના રોઝાએ અન્વર પર હાજર થયો અને અર્ઝ કરી, હુઝૂર ! હું આપનો મહેમાન છું પણ ભૂખ્યો છું. બસ, આટલુ કહીને હું સૂઈ ગયો, તો સરકાર ﷺ ખૂદ તશરીફ લાવ્યા અને એક રોટલી મને અતા ફર્માવી. મેં ખ્વાબમાં જ અડધી રોટલી ખાધી અને પછી જાગ્યો તો જોયું કે બાકીની અડધી રોટલી મારા હાથમાં હતી ! *(જઝ્બુલ કુલૂબ, પેજ–૨૨૩)*

**પલ્ટી આતી હૈ અભી વજદમેં જાને શીરીં**
**નગ્મએ કુમ કા ઝરા કાનોંમેં રસ જાને દો**

*(પલ્ટી = પાછી ફરી, જાને શીરીં = મીઠી જાન, નગ્મા = ગીત, સૂરીલો અવાજ,*
*કુમ = ક઼યામથી છે, ઉભા થઈ જવું મુરાદ છે, મુડદુ જીવંત કરવું મુરાદ છે, રસ જાના = વસી જવું)*

**અર્થાત** : હે મારા આક઼ા ! મારી રૂહ (જે ગુનાહોના કારણે અને ગફલતનો શિકાર થઈને) મુર્દા થઈ ચૂકી છે. જરા એના કાનમાં "કુમ બિઈઝનિલ્લાહ" (હે મુર્દા ! અલ્લાહના હુકમથી જીવંત થઈ જા !)નો હયાતબખ્શ નારો પોતાના સૂરીલા અવાજથી બુલંદ ફર્માવ ! પછી દુનિયા જોશે કે આ મુર્દા રૂહમાં કેવી રીતે જાન પડે છે, અને કેવી રીતે વજ્દ કરતી કરતી પોતાનું કામ શરૂ કરી આપે છે !

*જિસકી તસ્કીંસે રોતે હૂએ હંસ પળે–ઉસ તબસ્સુમકી આદતપે લાખોં સલામ*

જ્યારે તબસ્સુમ (સ્મિત)માં આટલી અસર છે તો وما ينطق عن الهوىٰ ان هو الا وحى يوحىٰ *(હુઝૂર પોતાની ઈચ્છાથી કાંઈ નથી કહેતા પણ અલ્લાહની વહીથી કહે છે)*ની કૌષર તથા તસ્નીમ (જન્નતી નહેર)માં ધોયેલી ઝબાનમાં કેટલી અસર હશે. શું દરેક નબીનો દરેક કમાલ હુઝૂર ﷺમાં હોવાનું માનવું જરૂરી નથી ? તો પછી ઈસા علیہ السلامના માટે (મુર્દાને જીવંત કરવું) તો માનવામાં આવે અને તેમના આક઼ા (મુહમ્મદ મુસ્તફા ﷺ) માં કેમ ન માનવામાં આવે ?!

એક શખ્સ જે હુઝૂર ﷺની નક઼લ ઉતારતો હતો અને એ રીતે આપ ﷺની તૌહીનમાં મઝાક કરતો હતો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે એ જ પ્રમાણે થઈ જા ! જેથી મરતાં સુધી વાંકુ મોઢું લઈને ફરતો રહ્યો.

*–(તિબ્રાની, મુસ્તદરક, બયહક઼ી, ખસાઈસ, ૨/૭૯)*

મિશ્કાત શરીફમાં છે કે એક શખ્સને હુઝૂર ﷺએ ડાબા હાથે ખાવા ખાતો જોયો તો પૂછયું, જમણા હાથે કેમ ખાવા નથી ખાતો ? તે જૂઠુ બોલ્યો કે બીજો હાથ કામ નથી કરતો એટલે કે બેકાર છે. ફર્માવ્યું, જા ! તો બેકાર જ રહેશે. ત્યાર બાદ તે હાથ એવો નકામો થઈ ગયો કે મોં સુધી ઉઠી જ ન શક્યો. *(મુસ્લિમ, મિશ્કાત, પેજ–૫૩૬)*

હુઝૂર ﷺએ એક મુર્તદના બારામાં જમીનને હુકમ આપ્યો કે એનો સ્વીકાર ન કરતી. જેથી મૃત્યુ બાદ એને જમીનમાં દફન કરવામાં આવતો તો જમીન એને કાઢીને બહાર ફેંકી દેતી.

*વો ઝબાં જિસ્કો સબ કુનકી કુંજી કહેં–ઉસકી નાફિઝ હુકૂમતપે લાખોં સલામ*

**હમ ભી ચલતે હૈં ઝરા કાફ઼લેવાલો ઠહરો**
**ગઠરિયાં તોશએ ઉમ્મીદકી કસ જાને દો**

**અર્થાત :** આ'લા હઝરત رحمۃ اللہ علیہ મદીના શરીફની તરફ જનારા કાફલાને જોઈને તડપી ઉઠયા અને તેમને સંબોધીને ફર્માવ્યું કે હે મદીના જનારા કાફલા ! થોડીવાર રોકાઈ જા કે અમે પણ અમારી ઉમ્મીદોનો ઝાદે રાહ (વાટખર્ચ) બાંધીને તારી સાથે દયારે મહબૂબ ચાલીએ.

**દીદે ગુલ ઔર ભી કરતી હૈ કયામત દિલ પર**
**હમ સફીરો ! હમેં ફિર સૂએ કફસ જાને દો**

*(દીદ = જોવું, કયામત = મુસીબત, હમ સફીર = હમ આવાઝ, સૂએ કફસ = જાળની તરફ)*

**અર્થાત :** ફૂલને જોઉં છું તો (મહબૂબની યાદ આવી જાય છે જેનાથી) દિલ પર જાણે એક કયામત ગુજરી જાય છે, જેથી હે મારા સાથીઓ ! હવે હું તમારા કામનો નથી રહ્યો, મને હવે પિંજરા અને જાળની તરફ જ લઈ ચાલો, કેમ કે હવે હું શિકારી સાથે કાંઈક એવો હરી મળી ગયો છું કે હવે રિહાઈ (મહબૂબના ઈશ્કથી જુદાઈ) મૌત નજર આવે છે.

જો કે કબ્રથી વધીને શું કયામત તથા મુસીબત હશે ?! પરંતુ સિદ્દીકે અકબર رضی اللہ عنہ હુઝૂર ﷺના વિસાલ બાદ જ્યારે બીમાર પડયા તો કોઈ ઈલાજ કરવા આવતુ તો ફર્માવતા કે એનો ઈલાજ વિસાલે યાર જ છે !

હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ એકવાર ઊંટોને નહર (ઝબહ) કરવા લાગ્યા તો ઊંટો દોડી દોડીને આપની તરફ આવતાં કે મહબૂબના હાથે અમારી ગરદન પર પ્રથમ છરી ચાલે !

**આતિશે દિલ ભી ભળકાઓ અદબદાં નાલો**
**કૌન કહતા હૈ કે તુમ ઝબ્તે નફ્સ જાને દો**

*(આતિશ = આગ, અદબદાં નાલો = અદબ જાણનાર ફરિયાદીઓ ! ઝબ્ત = કાબૂ)*

**અર્થાત :** હે વિરહ તથા ફિરાકના પછી મહબૂબના વિસાલ (મિલન) માટે આહોઝારી તથા આર્તનાદ સાથે ફરિયાદ કરનારા ! અને કેવળ આંખો વડે આંસૂ વહાવવા પર બસ કરનારા ! ઈશ્કના દર્દ માટે તને નથી કહેતો કે તું આંખોથી આંસૂ ન વહેવા દે, બેશક ! આંખોનાં આંસૂ ઘણા બરકતવાળાં છે, પરંતુ કેવળ આંખો સુધી જ સીમિત ન રહે, બલ્કે દિલની તરફ પણ આવ, અને મારા દિલને સરકાર ﷺના ઈશ્કમાં ગુલનાર કરી આપ, અથવા પછી નારથી ગુલઝાર કરી આપ, કેમ કે આ દિલ પણ આપનું છે અને જાન તથા રૂહ પણ સરકાર ﷺના માટે જ છે, અને બેહતર થશે કે આકા ﷺની મહોબ્બતમાં ફના થઈને બકા (સલામતી) પામી જઈએ.

ઈશ્કે રિસાલત મઆબ ﷺમાં ડૂબેલા આ જઝબાઓ પર કુર્બાન થવા દિલ ચાહે છે ! કોઈ દૌલતની તલાશમાં માર્યો માર્યો ફરે છે, કોઈ ખ્યાતિનો, નામનાનો ભૂખ્યો છે અને આપણા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہતો પોતાનું સર્વ કાંઈ કુર્બાન કરીને કેવળ નિગાહે મુસ્તફા ﷺને હાંસલ કરવાના માટે તડપી રહ્યા છે અને આકાની ગલીના ગદા બનવા માટે મર્યા માર્યા ફરી રહ્યા છે. *યહ મર્તબા જિસકો મિલા, મિલ ગયા !*

**યૂં તને ઝાર કે દરપે હુએ દિલ કે શોઅલો**
**શેવએ ખાના બરઅંદાઝીએ ખસ જાને દો**

*(તનેઝાર =કમજોર શરીર, દરપે હોના = પીછો કરવો, શેવા = અંદાઝ, તૌર તરીક઼ો,*
*ખાના બરઅંદાઝીએ ખસ = તણખલાંની ઝુપડીનું ઘર)*

**અર્થાત :** જ્યારે દિલમાં ઈશ્ક઼ની આગના શોલાઓ ભડકી ઉઠે તો તણખલાંની બનેલી આ શરીરની ઝુપડીની પરવા ન કર ! એનું સળગી જવું જ બેહતર છે કે એ મહબૂબના દીદાર માટે રુકાવટ બનેલ છે. એટલા માટે જાનની કુર્બાની આપીને પણ યારનો જલ્વો (દીદાર) નસીબ થાય તો સોદો મોઘો નથી.

**અય 'રઝા' આહ કે યૂં કટેં જુર્મ કે સાલ**
**દો ઘળીકી ભી ઈબાદત તો બરસ જાને દો**

**અર્થાત :** ઝોહદો તક઼્વા, તહારત તથા પાકીઝગીની જાન, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ મહબૂબ ﷺની ઝિયારતના નુસ્ખા બતાવતાં ફર્માવે છે : હે રઝા ! આખી જિંદગી તેં નાફર્માનીઓ, ગુનાહો તથા જુર્મોમાં આસાની સાથે ગુજારી આપી અને વાતો એમને મળવાની કરે છે જે રૂશ્દો હિદાયતનો શ્રોત છે ?! કમસે કમ થોડી ઘડીઓની ઈબાદત તો કરી લીધી હોત ! જેથી ક઼યામતમાં એમના દરબારમાં મોં બતાવતાને પાત્ર થઈ જાત ! જ્યારે હઝરત રબીઅહ رضی اللہ عنہને સરકાર ﷺએ "સલ" (માગ !) શું માગે છે ?! તેમણે અર્ઝ કરી, હુઝૂર ﷺ મને જન્નતમાં પણ આપનો સાથ જોઈએ ! તો અલ્લાહના મહબૂબ ﷺએ એ જ નુસ્ખો ફર્માવ્યો, કે સારું ! સજદાઓ પર સજદા કરતો રહે કે જેથી તને તારી ચહીતી ચીજ મળી જાય.

માગવાની પધ્ધતિઓ વિવિધ પ્રકારની હોય છે, કોઈ હસીને યારને મનાવી લે છે અને કોઈને આંસૂંઓ વહાવવાથી આ દોલત નસીબ થઈ જાય છે, કેમ કે એમની બારગાહમાં કોઈ કમી નથી, ત્યાં તો સાચી તલબ તથા દિલનો ખુલૂસ જોવામાં આવે છે. ત્યાં તો સખાવતનો આલમ એ છે કે કાસા (ભીખનું પાત્ર) પણ મળે છે અને ભીખ પણ મળી જાય છે !

## (નઅત શરીફ઼ : ૪૦)

**ચમને તયબહ મેં સુંબુલ જો સંવારે ગેસૂ**
**હૂર બળ્હકર શિકને નાઝ પે વારે ગેસૂ**

*(સુંબુલ = ખુશ્બુદાર ઘાસ, શિકને નાઝ = નખરાની કરચલી, વારે = નિછાવર કરે)*

**અર્થાત :** મદીનાના બાગમાં જ્યારે સુંબુલ (અલ્લાહના પ્યારા મહબૂબ ﷺ)એ પોતાના વાળ સંવારવાનું શરૂ કર્યું તો (ગાઢ વાળો પર કાંસકી કરતી વખતે ચહેરા પર જે કરચલીઓ પડે છે) મહબૂબની પેશાનીની કરચલીઓ પર જન્નતી હૂરો પોતાના વાળો કુર્બાન કરવા માટે દોડતી આવી ગઈ, એટલા માટે આખા જગતનું વાતાવરણ મહેકી ઉઠયું છે.

વાળોને રાખવા તેને સંવારવા, કાંસકી કરવી સુન્નત છે. આપે ફ઼ર્માવ્યું, પોતાના વાળોની તકરીમ (ક઼દર) કરો. હઝરત અબૂ ક઼તાદા رضی اللہ عنہએ જ્યારે વાળોની ક઼દર કરવાવાળી હદીષ સાંભળી તો ત્યારબાદ દિવસમાં બે વાર વાળોને તેલ લગાડતા હતા. એક શખ્સને હુઝૂર ﷺએ જોયો કે તેના વાળો વિખેરાયેલા છે તો આપે ફ઼ર્માવ્યું કે એને લઈ જાવ અને એના વાળ ઠીક કરીને લાવો ! હુકમના પાલન બાદ તે શખ્સને પરત લાવવામાં આવ્યા તો આપે ફ઼ર્માવ્યું, શું આ શકલ શૈતાનવાળી શકલથી બેહતર નથી ?! એટલે કે પહેલી શકલને શૈતાનની શકલ ઠરાવવામાં આવી. એ જે રોજ કાંસકી કરવાથી મના કરવામાં આવ્યું છે તે વિના જરૂરતે કાંસકી કરવું છે કે દરેક વખતે કોઈ સ્ત્રીઓ જેમ બનાવ શિંગારમાં ન લાગેલો રહે! હદીષ શરીફ઼માં છે : હુઝૂર ﷺ પોતાના દાઢી મુબારકને સંવાર્યા કરતા હતા, એટલે કે લંબાઈમાં છેડેથી કાપીને સંવારતા (પરંતુ મુટ્ઠીભરથી ઓછી કરતા ન હતા જેવું કે સહાબાએ કિરામ رضی اللہ عنہمના અમલે આપણને દર્શાવ્યું છે. એટલા માટે ઉલમાએ એક મુટ્ઠીભર દાઢી રાખવી વાજિબ ઠરાવેલ છે.) વાળોના વિશે વિગતે વર્ણન મિશ્કાત શરીફ઼ના બાબુત્તરજિલમાં વાંચશો.

**કી જો બાલોંસે તેરે રોઝાકી જારૂબ કશી**
**શબકે શબનમને તબર્રુકકો હૈં ધારે ગેસૂ**

**અર્થાત :** હે મારા હુસ્નવાળા આક઼ા ! ﷺ આપના રોઝા અક઼દસને રાતની શબનમે એટલા માટે વાળો વડે ઝાડુ આપ્યુ છે જેથી કરીને પોતાના વાળોને આપના રોઝાએ પાકની સાથે લગાડીને બરકતવંત પણ બનાવે અને એના વાળોના હુસ્નમાં પણ વધારો થઈ જાય.

જ્યારે સહાબાએ કિરામ જેવી શખ્સિયતો હુઝૂર ﷺના વાળ મુબારક, કટ થયેલા નાખો તેમજ અન્ય ચીજો વડે બરકત હાંસલ કરતા, તેને મોતબર્રક (બરકતવંત) સમજતા અને વસિયતો કરતા હતા કે કે મૃત્યુ બાદ આપના આ તબર્રુકો અમારા કફ઼નમાં રાખવામાં આવે. જેમ કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہની વસિયત અહયાઉલ ઉલૂમના હવાલાથી અગાઉ વર્ણન થઈ ચૂકી. તો પછી શબનમની શું મજાલ કે આ ખયાલ સાથે સરકાર ﷺના રોઝા મુબારકને ઝાડુ ન આપે ! જેથી આમાં અતિશયોક્તિવાળી કોઈ વાત નથી.

**હમ સિયહકારોંપે યા રબ તપિશે મહશરમેં**
**સાયા અફ઼ગન હોં તેરે પ્યારે કે પ્યારે ગેસૂ**

**અર્થાત :** હે મારા પરવર દિગાર ! ક઼યામતની ક઼યામતખેઝ (ભયંકર) ગરમીમાં મને તારા મહબૂબ ﷺની ઝુલ્ફે વલ્લૈલનો સાયો નસીબ કરી આપજે જેથી એ દઝાડી મૂકનાર તાપથી મેહફૂઝ રહી શકુ.

*અઝલ હો યા અબદ દોનોં અસીરે ઝુલ્ફે મુહમ્મદ ﷺ હૈં–જિધર નઝરેં ઉઠાઓગે યહી ઈક સિલસિલા હોગા*

*–(જિગર મુરાદાબાદી)*

**ચર્ચે હૂરોંમેં હે દેખો તો ઝરા બાલે બુર્રાક઼**
**સુંબુલ ખુર્દ કે કુર્બાન ઓ તારે ગેસૂ**

**અર્થાત :** જન્નતની હૂરોમાં મેઅરાજની રાત્રે એ નેઅમતને હાંસલ કરવાની હરીફાઈ લાગી હતી કે ચાલે છે અને જઈને હુઝૂર ﷺની સવારી (બુર્રાક઼)ની ગરદનના વાળો પર પોતાની ઝુલ્ફો કુર્બાન કરે છે. અથવા મતલબ એ છે કે હૂરોમાં આમ ચર્ચા છે કે હુઝૂર ﷺની સવારીના વાળ તો જુઓ ! એવા લાગે છે જાણે કે જન્નતની ખુશ્બુદાર ઘાસ (સુંબુલ)એ પોતાની ઝુલ્ફો એમના પર કુર્બાન કરેલી છે. સવારીની શાન આ છે તો સવારની શાન શું હશે ?!

**આખિર હજ ગમે ઉમ્મતમેં પરેશાં હોકર**
**તીરા બખ્તોંકી શફાઅત કો સુધારે ગેસૂ**

*(આખિર હજ્જ = હજ્જતુલ વિદાઅ, તીરા બખ્તોં = બદબખ્ત, ગુનેહગારો, સુધારે = સંવારે)*

**અર્થાત :** હજ્જતુલ વિદાઅના મોક઼ા પર આપણા આક઼ા વ મૌલા ﷺએ ગુનેહગાર ઉમ્મતીઓની બખ્શિશના બારામાં પરેશાન થઈને તેમની શફાઅતના માટે પોતાની મુબારક ઝુલ્ફોને સંવારી. (અથવા વાળ મુબારક સરે અન્વરથી અલગ કર્યા એટલે કે કપાવ્યા, અથવા હજામત કરાવી તો એ વાળોને આપે સહાબાએ કિરામમાં વહેંચી આપ્યા, અને સહાબાએ કિરામના થકી આપના વાળો પૂરી દુનિયામાં ફેલાઈ ગયા જેથી કરીને જે ગુનેહગાર એમની ઝિયારત કરે તેને ક઼યામતના દિવસે સરકાર ﷺની શફાઅત નસીબ થઈ જાય)

**ગોશ તક સુનતે થે ફર્યાદ અબ આએ તા દોશ,**
**કે બને ખાના બદોશોંકો સહારે ગેસૂ**

*(ગોશ = કાન, તા દોશ = ખભાઓ સુધી)*

**અર્થાત :** જ્યારે પોતાની ઝુલ્ફે અંબર (વાળ મુબારક) કાનો સુધી હોય (હજી કાંસકી ન કરી હોય તો ઝુલ્ફોમાં અધિક વાળ હોવાને કારણે કાનોથી ઉપર થઈ જાત) તો એ ઈશારો હતો કે એ મુબારક કાનોથી હુઝૂર ﷺ પોતાની ગુનેહગાર ઉમ્મતની ફરિયાદો સાંભળે છે. અને જ્યારે (કાંસકી કરતા તો કેટલાક અંશે ઝુલ્ફો સીધી થઈને) ખભાઓ પર આવી જતી તો જાણે ગુનેહગાર ઉમ્મતને એવું બતાવતી કે હે નકામા આવારા લોકો! (ખાના બદોશો) ગભરાવ નહીં, તમારા ગુનાહોનો બોજ ઉઠાવવાના માટે આ ખભાઓ પૂરતા છે. (સુબ્હાનલ્લાહ !)

**સૂખે ધાનોંપે હમારે ભી કરમ હો જાએ**
**છાએ રહમતકી ઘટા બનકે તુમ્હારે ગેસૂ**

**અર્થાત :** હે પોતાની ઉમ્મતના ગમમાં રડનારા આકા ! મહશરની ગરમીએ અમારાં મોઢાં શુષ્ક કરી નાખ્યાં છે (અથવા અમારા ઈમાનની ખેતીને ગુનાહોની નહૂસતે સૂકવી નાખેલ છે) ખુદારા ! કરમ ફર્માવો ! જેથી આપના ગેસૂએ અન્વર (વાળ મુબારક) રહમતની ઘટાઓ બનીને અમારા પર વરસે, અમારી પ્યાસ ખત્મ થઈ જાય અને ઈમાનની ખેતી હર્યી ભર્યી થઈ જાય.

**કઅબએ જાં કો પહનાયા હૈ ગિલાફે મુશ્ક**
**ઉળકે આએ હૈં જો અબરૂપે તુમ્હારે ગેસૂ**

*(કઅબએ જા = જાનોના કિબ્લા ﷺ ગિલાફે મુશ્ક = ખુશ્બોદાર કાળા રંગનો ગિલાફ, અબરૂ = ભવાં)*

**અર્થાત :** (હે મારા નબી ﷺના પ્યારા સહાબીઓ ! તમે તો એ મન્ઝર વારંવાર જોયો છે કે) જ્યારે મારા આકા ﷺની કાળી ઝુલ્ફો લહેરાઈને ચહેરાએ અન્વરને ઢાંકતી હતી તો શું એવું ન લાગતું હતું કે જાણે જાનના કા'બા (રૂખે વદ્દુહા)ને ખુશ્બોદાર કાળો ગિલાફ પહેરાવવામાં આવ્યો છે ?!

**સિલસિલા પાકે શફાઅત કા ઝુકે પળતે હૈં**
**સજદએ શુક્ર કે કરતે હૈં ઈશારે ગેસૂ**

**અર્થાત :** અલ્લાહ તઆલા જ્યારે સરકારે મદીના ﷺને કયામતના દિવસે શફાઅતની ઈજાઝત તથા શાન અતા ફર્માવશે તો આપનું સરે અન્વર જ્યારે આ નેઅમત પર શુક્ર અદા કરવા સજદામાં જશે તો સરકાર ﷺની ઝુલ્ફો પણ ઝુકી જશે, અને એમનું ઝુકવું બે કારણે હશે, એક તો શુક્રના સજદાના માટે અને બીજુ ગુનેહગારોને ઈશારો કરવાના માટે કે આવી જાવ સિયાહકારો ! શફાઅતનો દરવાજો ખુલી ગયો છે.

**મુશ્ક બૂ કૂચા પે કિસ ફૂલ કા ઝાળા ઉનસે**
**હૂરિયો અંબર સારા હૂએ સારે ગેસૂ**

*(મુશ્ક બૂ = કસ્તૂરી જેવી ખૂશ્બુ, ઝાળા = ઝાળવું, ઉતારવું, ધૂળ સાફ કરવી,*
*હરિયો = હૂર એટલે જન્નતની ઔરત, હૂરિયો એટલે જન્નતવાળાઓ, અંબર સારા = નિહટ્ટા અંબરની ખુશ્બુ)*

**અર્થાત :** આ ગલી કૂચાને કયા ફૂલનો ઝાળો (ઉતારો) નસીબ થયો છે કે મુશ્ક જેવી ખુશ્બુ આવી રહી છે ! અને હે જન્નતની હૂરો ! અમારા આકા ﷺની હાલત તો એ છે કે આપના તમામે તમામ વાળો (એકે એક વાળ મુબારક) પ્યોર અંબર છે !

*ઉનકે ગેસૂ નહીં રહમત કી ઘટા છાઈ હૈ–ઉન્કે અબ્રૂ નહીં દો કિબ્લોંકી યકજાઈ હૈ –(હસન રઝા)*

**દેખો કુર્આં મેં શબે કદર હૈ તા મત્લએ ફજર**
**યઅની નઝદીક હૈં આરિઝકે વો પ્યારે ગેસૂ**

*(તા = ત્યાં સુધી, મત્લએ ફજર = સુબ્હ સાદિક સુધી, આરિઝ = ચહેરો)*

**અર્થાત :** કુર્આન મજીદ સૂરએ કદર પઢવાથી ليلة القدر તથા هی حتی مطلع الفجرથી નિર્દેશ મળે છે કે

ફજર હક્ક જેવી રીતે "લયલતુલ કદ્ર"ની નજીક છે એ જ પ્રમાણે સરકાર ﷺનો ચહેરો વદુહા પણ ઝુલ્ફે વલ્લૈલની નજીક છે. એટલે કે લયલતુલ કદ્રમાં હુઝૂર ﷺની બાબરકત ઝુલ્ફોની તરફ ઈશારો (નિર્દેશ) છે અને મત્લઉલ્ ફજરમાં હુઝૂર ﷺના પુરનૂર ચહેરાની તરફ નિર્દેશ છે.

**ભીની ખુશ્બુ સે મહક જાતી હૈં ગલિયાં વલ્લાહ !**
**કૈસે ફૂલોંમેં બસાએ હૈં તુમ્હારે ગેસૂ**

*(ભીની ખુશ્બુ = હલકી હલકી ખૂબ જ ઉમદા સુગંધ)*

**અર્થાત** : હે મારા અલ્લાહ ! તેં તારા મહબૂબ ﷺની ઝુલ્ફોને કયા બાગના ફૂલો વડે વસાવી, બનાવી, સંવારી છે કે જે તરફ જાય છે એ તરફ તારી જાતની કસમ છે મહોલ્લા તથા બજાર મહેકી ઉઠે છે, અને એવાં કે દુનિયાના કોઈ ફૂલ સાથે તો આ ખુશ્બુ મળતી નથી આવતી ! યકીનન ! તેં જન્નતનાં ફૂલોથી જ મહબૂબ ﷺની ઝુલ્ફોને સજાવી છે.

સૈયદના અલી શેરે ખુદા كرم الله وجهه الكريم ફર્માવે છે કે જ્યારે મેં હુઝૂર ﷺને ગુસ્લ આપ્યું તો એવી ખુશ્બુ ફૂટી કે એવી ખુશ્બુ અમે કદી ન જોયી ન સુંઘી ન સાંભળી. *(શિફા શરીફ, પેજ-૪૧, ભાગ-૧)*

**શાને રહમત હૈ કે શાના ન જુદા હો દમ ભર**
**સીના ચાકોં પે કુછ ઈસ દરજા હૈં પ્યારે ગેસૂ**

*(શાના = કાંસકી, દમભર = પળવાર, સીના ચાક = ગરેવાન ફાડનાર એટલે આશિકો)*

**અર્થાત** : રહમતની શાન તો જુઓ કે દરેક વખતે કાંસકી પોતાની સાથે રાખતા જેથી કરીને આશિકાને મુસ્તફા ﷺ (સીના ચાક) દરેક વખતે તૈયાર રહે કે આપ કાંસકી કરો તો કોઈ બાલ મુબારક જમીન પર પડવા ન પામે બલ્કે તેને જાનથી અધિક અઝીઝ સમજીને મહફૂઝ કરી લેવામાં આવે. જેમ કે હઝરત ખાલિદ બિન વલીદ رضي الله عنه બરાબર જંગની હાલતમાં ટોપી શોધી રહ્યા હતા કેમ કે એમાં સરકારે દો આલમ ﷺના બાલ મુબારક હતા જેની બરકતથી સર્વ જંગો જીતી હતી. અને હઝરત અમીર મુઆવિયહ رضي الله عنهએ મૃત્યુ બાદ બાલ મુબારક પોતાના કફનમાં રાખવાની વસિયત કરી.

**શાના હૈ પંજએ કુદરત તેરે બાલોંકે લિયે**
**કૈસે હાથોંને શહા તેરે સંવારે ગેસૂ**

**અર્થાત** : હે મારા આકા ! અલ્લાહે આપને વાળોને સમારવા માટે ઘણી કુદરતવાળો અને તાકતોવાળો યદુલ્લાહનો ગોરો ગોરો નૂરાની હાથ અતા કર્યો છે, જેની આંગળીના એક બેડકાના એક ઈશારાથી આસ્માનના ચાંદનું કલેજુ ચિરાય જાય, તે હાથ દુઆના માટે ઉઠે તો ડૂબી ગયેલો સૂરજ પરત આવી જાય, જો તે હાથ ખાલી પ્યાલામાં રાખી દે તો તેમની આંગળીઓએથી પંજાબે રહમત જારી થઈ જાય કે જેના વડે આખુ લશ્કર તૃપ્ત થઈ જાય તેમ છતાં પાણી ખત્મ ન થાય ! એ બાબરકત તથા કુદરતોવાળો હાથ આપે કેટલાંયે સીનાઓ પર ફેરવીને કેટલાય વરસોનું કુફ્ર તથા શિર્ક કાઢી નાખ્યું અને સીનાને મદીના બનાવી દીધો.

*હાથ જિસ સમ્ત ઉઠા ગની કર દિયા-મૌઝે બહરે સમાહતપે લાખો સલામ*

**ઓહદે પાક કી ચોટી સે ઉલઝ લે શબભર**
**સુબ્હ હોને દો શબે ઈ઼દને હારે ગેસૂ**

**અર્થાત :** આખી રાત ઓહદ પહાડની ટોચથી ઉલઝવાવાળા ! સવારની રાહ જો, કેમ કે ઈદની રાત પોતાના ગેસૂ (વાળ) સરકાર ﷺની બારગાહમાં નઝર કરનારી છે. (લગભગ ચાંદને કહ્યું)

**મુઝ઼દા હો ક઼િબ્લાસે ઘનઘોર ઘટાએ ઉમડેં**
**અબરૂઓં પર વો ઝુકે ઝુમકે બારે ગેસૂ**

*(મુઝ઼દા = ખુશ ખબરી, ઘનઘોર ઘટાએં = ગાઢ તથા ખૂબ કાળા વાળ, ઉમડેં = ઉમટી પડે, બારે = એકવાર)*

**અર્થાત :** હે શમ્એ રિસાલતના પરવાનાઓ ! તમને ખુશખબરી થાય કે ક઼િબ્લા તરફથી કાળી ઘટાઓ ઉઠી છે, એવું લાગે છે કે મહબૂબે દો આલમ ﷺની ઝુલ્ફો ભવાંઓ પર ઝુકીને આવી ગઈ છે અને ચેહરાએ અક઼દસ પર કુર્બાન થઈ રહી છે.

**તારે શીરાઝાએ મજમૂઆએ કૌનેન હૈ યહ**
**હાલ ખુલ જાએ જો એક દમ હોં કિનારે ગેસૂ**

*(શીરાઝા = બંધન, મજમૂઆએ કૌનૈન = બંને જહાનોનો સંગમ)*

**અર્થાત :** બંને જહાનની શીરાઝાબંદી (બાંધણી) મારા આક઼ા ﷺની ઝુલ્ફોની વચ્ચે છે, જો એક પળના માટે પણ હુઝૂર ﷺ ગેસૂઓ (વાળોને) જહાનથી અલગ કરી લે તો બંનેવ જહાનને પોતાની હક઼ીક઼તની જાણ થઈ જાય કે અમે આ ગેસૂઓના સહારા વિના શૂન્ય (ઝીરો) છીએ, આ ઝુલ્ફોએ જ એમને હીરો બનાવેલાં છે. જે દેશોમાં ઈસ્લામી ખયાલ રાખવાવાળા લોકો નથી તેમનો હાલ જોઈ લો કે કેવા જહન્નમના કિનારા પર પહોંચી ચૂક્યા છે અને ઝલીલ તથા રુસ્વા (બેઈજ્જત) થઈ રહ્યા છે.

**તેલકી બુંદેં ટપકતી નહીં બાલોંસે 'રઝા'**
**સુબ્હ આરિઝપે લુટાતે હૈં સિતારે ગેસૂ**

**અર્થાત :** જેવી રીતે પરસેવાનાં ટીપાંઓ નબી કરીમ ﷺની મુબારક પેશાની પર મોતી જણાતાં હતાં એ જ રીતે જ્યારે આપ વાળો પર તેલનો ઉપયોગ કરતા તો તેલ મોતીઓ જેમ ચમકતું. આ મન્ઝરને આ'લા હઝરતે આ શેઅરમાં આ પ્રમાણે વર્ણવ્યો છે : હે રઝા ! આ તેલનાં ટીપાંઓ તો વાળોએથી નથી ટપકી રહ્યાં, મને તો એવું લાગી રહ્યું છે કે તારાઓથી ભરપુર રાત રુખે વદુહા (ચહેરા મુબારક) પર તારાઓ નિછાવર કરી રહી છે. આ સર્વ પ્રોગ્રામ રાતે એટલા માટે થઈ રહ્યો છે કે જેવી રીતે હુઝૂર ﷺના ચમકવાથી તમામ અંબિયાએ કિરામ જેઓ આસ્માને નબુવ્વતના સિતારાઓ છે તે છુપાય ગયા, કેમ કે આપ મમ્બએ અન્વાર (નૂરોની શ્રોત) છે અને તમામ અંબિયાને નૂર આપના થકી જ મળે છે. તો પછી આપની સામે તેઓ કેમ કરીને ચમકી શક્તા હતા ?! એ જ પ્રમાણે સૂરજ કેમ કે ચાંદ તથા તારાઓના નૂરનું મર્કઝ (કેન્દ્ર) છે જેથી એના તુલૂઅ થવા (ઉગવા) પર ચાંદ તારાઓ પોતાનું બિસ્તર લપેટી લે છે. જેમ કે એ જ કારણે રાતે રાતોરાત જ પોતાના તારાઓ આપના ચહેરા પર નિછાવર કરી આપ્યા. જાણે ગેસૂઓની રાત્રીએ તેલનાં ટીપાંઓ તારાઓના સ્વરૂપમાં હુઝૂર ﷺના રોશન ગાલો પર નિછાવર કર્યા છે.

## (નઅત શરીફ : ૪૧)

**ઝમાના હજકા હૈ જલ્વા દિયા હૈ શાહિદે ગુલ કો**
**ઈલાહી તાક઼તે પરવાઝ દે પરહાએ બુલબુલ કો**

*(શાહિદ = અરબીમાં સાક્ષીને કહે છે. ફારસીવાળા મહબૂબને કહે છે, અહીં એ જ મુરાદ છે. પરવાઝ = ઉડવું, પરહાએ = પાંખો, બુલબુલ = આશિક઼ મુરાદ છે)*

**અર્થાત** : હે અલ્લાહ ! હજનો મોસમ શરૂ થઈ ગયો છે, તેં પોતાના ફૂલ (મહબૂબ)ને ખૂબ સંવાર્યા હશે. (કેમ કે એને ચાહવાવાળા દૂર દૂરથી એની ઝિયારતના માટે ખેંચાતા જઈ રહ્યા છે). આ બુલબુલે તયબહ (અહમદ રઝા)ની પાંખોમાં પણ ઉડવાની શક્તિ પેદા કરી આપ.

*દરવાઝા ખોલતે હૈં ફરિશ્તે કુબૂલકા–ઈક સિલસિલા હૈ રહમતે હક્ક઼કે નુઝૂલકા*
*દાનો જહાં ગોશ બર આવાઝ હો ગએ – મૈં નામ લે રહા હૂં ખુદા કે રસૂલ ﷺ કા*

**બહારેં આઇં જોબન પર ઘિરા હૈ અબ્ર રહમત કા**
**લબે મુશ્તાક઼ ભીગેં, દે ઈજાઝત સાક઼િયા મિલકર**

*(જોબન = ઉભરતી જવાની, ઘિરા = ઘેરાયું છે, અબ્ર = વાદળ, લબે મુશ્તાક઼ = આશાવાદી હોઠો, સાક઼િયા = હે પીવડાવનાર)*

**અર્થાત** : બહારો (વસંતો – યારનો જલ્વો) પોતાના પૂરા યૌવન પર છે. રહમતની કાળી ઘટા છવાયેલી છે. મૌસમ પણ છે, તરીક઼ો પણ છે, દસ્તૂર પણ છે. પીનારાઓના હોઠ સૂકા છે, પીવડાવનાર ! આ હોઠોને ખાલિસ (શુધ્ધ) શરાબ (શરાબે તહૂર એટલે જમાલે યારની દીદ) વડે ભીંજાવાની ઈજાઝત આપ.

*તયબહસે મંગાઈ જાતી હૈ સીનોંમેં છુપાઈ જાતી હૈ*
*તૌહીદ કી મય સાગરસે નહીં નઝરોંસે પિલાઈ જાતી હૈ*

**અર્થાત** : હજના મોસમમાં અલ્લાહ તઆલાની અતાઓને શુધ્ધ શરાબ સાથે સરખાવવામાં આવેલ છે કે જેવી રીતે શરાબી લોકો શુધ્ધ શરાબ ઘણી જ ચાહત અને શોખથી પીએ છે, તો અલ્લાહ તઆલાના બંદાઓ તેનાથી પણ વધુ ચાહત તથા શોખપૂર્વક હજ તથા ઝિયારતે જવાની તમન્ના ધરાવે છે.

જો કોઈ કહે કે હજની શરાબ સાથે સરખામણી શાથી કરવામાં આવી ? તો વાત સમજાવવા માટે આ અંદાઝ કોઈ અયબદાર નથી, જેમ કે હદીષમાં છે કે ખુશ આવાઝી સાથે કુર્આને પાક પઢવાને અલ્લાહ તઆલા એટલી મહોબ્બતની સાથે સાંભળે છે જેટલા શોખથી કોઈ શખ્સ ગાળાવાળી અતિ પ્રિય અવાજને સાંભળે છે. *(ઈબ્ને માજહ)* બહારો અને અબ્રે રહમતથી મુરાદ પણ મક઼ામાતે ઈલાહિયા છે. મૌલાના હસન રઝાખાન رحمۃ اللہ علیہ એ પણ એક જગાએ આ ઈશ્ક઼ે રસૂલની મય (શરાબ)નો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે.

*મય સે મૈંને કબ કી તૌબા ? તૌબા ! તૌબા ! કૈસી તૌબા ?!*
*તાક઼સે હમને ઉઠાકર શીશા તાક઼મેં હમને રખ દી તૌબા*

**મિલે લબસે વો મશક઼ેં, મોહરવાલી દમ મેં દમ આએ**
**ટપક સુનકર કુમે ઈસા કહૂં મસ્તીમેં કુલકુલ કો**

*(ટપક = ફોર્સનો અવાજ, કુલકુલ = બોટલથી ગેસના અવાજનું નીકળવું)*

**અર્થાત :** જ્યારે તે પ્યોર મોહરવાળી શરાબ મારા હોઠોએ સ્પર્શે તો જાનમાં જાન આવી જાય. અને બોટલ જેમાં શરાબ જોશ મારી રહી છે તેને "કુમ બિ ઈઝ્નિલ્લાહ" (જે ઈસા علیہ السلام મુડદાને ઝિંદા કરતી વખતે ફર્માવતા હતા) કહું કે બોટલની અંદર જ શૂં શૂં ન કર, અલ્લાહના હુકમથી બહાર પણ આવી જા.

**મચલ જાઊં સવાલે મુદ્દઆ પર થામ કર દામન**
**બહકને કા બહાના પાઊં કુસ્દ બે તામ્મુલકો**

*(મચલ જાઉં = ઝુમી ઉઠું, મુદ્દઆ = મક઼સદ, બહકના = ભટકવું, કુસ્દ = ઈરાદો, બે તામ્મુલકે = વગર વિચાર્યે)*

**અર્થાત :** મહબૂબના દામનને મજબૂતી સાથે પકડી લઉં અને મારો હેતુ જીદ કરીને મનાવી લઉં, ચાહે બહાનુ બહેકી જવાનું કે ભૂલી જવાનું બનાવવું પડે (કે ગલતી થઈ ગઈ છે) ભલે વિચાર્યા વિના જાણી બુઝીને જ જુર્મ કર્યા હોય.

**હજ્જે બયતુલ્લાહ અને રહમતે ઈલાહી :** એટલે કે કા'બાના પડદાઓથી ચોંટીને રડી રડીને અલ્લાહ તઆલાથી પોતાના ગુનાહોના માટે બખ્શિશની દુઆ કરું અને એટલો આગ્રહ કરું કે લોકો સમજે કે છોડો ! કોઈ દીવાનો છે ! જ્યારે કે હું તો ઈરાદાપૂર્વક ભલે વગર વિચાર્યે જ ગુનાહોમાં ખરડાઈ ચૂક્યો છું.

હરમ શરીફમાં એવા ઘણા દ્રશ્યો જોવા મળે છે. શયખ સઅદી رحمۃ اللہ علیہએ હઝરત ગૌષે પાક رحمۃ اللہ علیہનો બનાવ લખ્યો છે કે આખી રાત દુઆ કરતા રહ્યા હે અલ્લાહ ! ક્યાં તો મારા ગુનાહો માફ કરી આપ, ક્યાં તો ક઼યામતના દિવસે મને નાબીના કરીને ઉઠાડજે જેથી તારી મખ્લૂક઼ની સમક્ષ શર્મિંદા ન થવું પડે. *(ગુલિસ્તાને સઅદી)*

એક બુઝુર્ગના બારામાં કહેવામાં આવે છે કે કા'બા શરીફનો ગિલાફ પકડીને કહી રહ્યા હતા, યા અલ્લાહ ! હું હજ કરવા આવ્યો છું અને હજ શબ્દમાં બે અક્ષરો છે "હા" અને "જીમ" છે. "હા"થી તારા હિલમ (સંયમ)ની સમજ આવે છે અને "જીમ"થી તારો જૂદ (સખાવત) મુરાદ છે, તું તારા જૂદો કરમથી મારી હાજતો પૂરી ફર્માવી આપ, અથવા "હા"થી મારી હલાવતે ઈમાની (ઈમાની મિઠાશ) અને જીમથી તારી જલાલત તથા સુલ્તાની મુરાદ છે, જેથી તારી જલાલત વડે મારી હલાવતે ઈમાનીને શૈતાનથી મેહફૂઝ રાખ. અલ્લાહ તઆલાને એની દુઆ પસંદ આવી અને ફર્માવ્યું, જે તેં માગ્યું તે મેં અતા કરી આપ્યું.

હઝરત માલિક બિન દીનાર رحمۃ اللہ علیہ ફર્માવે છે, મેં એક શખ્સને સતત ચૌદ વરસ હજના માટે આવતાં જોયો, અને જ્યારે પણ "લબ્બૈક" કહેતો તો "લા લબ્બૈક"નો બાકાયદા જવાબ આવતો. એટલે કે તે કહેતો, હે અલ્લાહ ! હું હાજર છું ! તો જવાબ આવતો, નહીં ! તારી હાજરી ક઼બૂલ નથી ! હઝરત માલિક કહે છે કે મેં તેને કહ્યું, ચૌદ વરસથી તું લા લબ્બેકનો અવાજ નથી સાંભળી રહ્યો ?! તેમ છતાં દર વરસે આવી લબ્બૈક કહે છે ?! તેણે કહ્યું, તું ચૌદ વરસની વાત કરે છે ! હું ચૌદ હજાર વરસ પણ લા લબ્બૈક સાંભળીને હાજરી છોડીશ નહીં. આટલી વાત થઈ તો આસ્માનથી એક કાગળ પડયો જે મેં વાંચ્યો તો તેના પર લાખ્યું હતું, હે માલિક બિન

દીનાર ! તું મારા બંદાને મારાથી દૂર કરવા ચાહે છે ? મેં મારા આ બંદાના કારણે ચૌદ વરસના સર્વ હાજીઓનો હજ કબૂલ કરી લીધો છે.

હઝરત બાબા ફરીદુદ્દીન મસ્ઊદ ગંજે શકર رحمۃ اللہ علیہ ફર્માવે છે કે બની ઈસ્રાઈલના એક ઈબાદત ગુઝારે સિત્તેર વરસ એ રીતે ગુજાર્યા કે દિવસે રોઝો રાખતો અને જેહાદ કરતો અને રાતે નમાઝ પઢતો. સિત્તેર વરસો પછી તે સમયના નબીને વહી આવી કે એને જઈને કહી દો કે તારી સિત્તેર વરસોની મહેનત બેકાર થઈ ગઈ કે મેં તારી કોઈ નેકી કબૂલ નથી કરી. જ્યારે અલ્લાહના નબીએ તેને જણાવ્યું તો તે ઉઠીને ખુશીથી વજદ કરવા લાગ્યો. અલ્લાહના નબી આશ્ચર્યમાં પડી ગયા કે કેવો પાગલ છે ! એક દિવસની મહેનત બેકાર થાય તો કેટલો અફસોસ થાય જ્યારે એની તો સિત્તેર વરસની ઈબાદત બેકાર થઈ છે ! તેણે કહ્યું, હે અલ્લાહના પ્યારા નબી ! હું પાગલ નથી ! વાત અસલમાં એ છે કે કૃબૂલ કરવાનું મારું કામ નથી, મારું કામ તો ઈબાદત કરવાનું છે, તો મેં મારું કામ પૂરું કર્યું, હવે એની મરજી એ જાણે ! મારે એનાથી શું ?! એ જ વખતે વહી આવી ગઈ કે એને કહી દો, સૌ કૃબૂલ છે !

અલ્લાહની રહમતનો દરિયો અતિ વિશાળ છે, હજારો આવા બનાવો હોય છે, કોને કોને વર્ણવવામાં આવે !

**દુઆ કર બખ્તે ખુફતા જાગ હંગામે ઈજાબત હૈ**
**હટાયા સુબ્હે રુખસે શાહને શબ્હાએ કાકુલ કો**

*(બખ્તે ખુફતા = સૂતેલુ નસીબ, હંગામે ઈજાબત = કબૂલિયતનો સમય, સુબ્હે રુખ = રોશન ચહેરો,*
*શબહાએ કાકલકો = ઝુલ્ફની કાળાશોને. શબ (રાત)નું બહુવચન સ્બહા એ)*

**અર્થાત** : હે સૂતેલા નસીબવાળા હરમના મુસાફિર ! ઉઠ અને સુસ્તી ન કર ! કૃબૂલિયતનો સમય છે. તારા મહબૂબે રોશન ચહેરાથી કાળી ઝુલ્ફોને હટાવી લીધી છે. એટલે અલ્લાહે પોતાની રહમતોના સર્વ દરવાજા ખોલી આપ્યા છે. તું માગતો જા તે અતા કરતો જશે.

**ઝબાને ફલસફીસે અમ્નો ખિરક્ વ ઈલ્તિયામે અસ્રા**
**પનાહે દોરે રહમત હાએ યક સાઅત તસલસુલ કો**

*(ફલસફી = ફિલોસોફર, ભૌતિકવાદી, અમ્ન = હિફાઝત, ખર્કૂ = ફાટવું, ફાડવું, ઈલ્તિયામ = મળવું, મિલાવવું,*
*અસ્રાઅ = રાતે સૈર કરવું, મેઅરાજુન્નબી ﷺ, દૌરે રહમત = રહમતનું ચક્ર, યક સાઅત = એક પળ,*
*તસલસુલ = હાર પરોવવો, ક્રમ બધ્ધ)*

**અર્થાત** : ફિલોસોફર (ભૌતિકવાદી) જેઓ મેઅરાજુન્નબી ﷺના ઈન્કારી છે કે આસ્માન ફાટવા અને પછી ફાટીને મળવાથી મેહફૂઝ છે, તો આપ ﷺ કેવી રીતે ચાલ્યા પણ ગયા અને પરત આવી પણ ગયા. તો એને અમે પણ એ જ જવાબ આપીશું કે હુઝૂર ﷺ અલ્લાહની રહમતના વહેણમાં મેઅરાજ પર ગયા અને પરત આવ્યા, અને એની રહમત સામે કોઈ બાધ નથી, જેમ કે એક પળ તથા ઘડીને કોઈના માટે લાંબી કરી આપે, કોઈના માટે એક પળ જ રહેવા દે. જેમ કે અસ્હાબે કહફના માટે એક દિવસ કે અડધો દિવસ, અને અન્યોના માટે ત્રણસો નેવું વરસ ! ઉઝૈર علیہ السلامના માટે "યૌમ અવ બઅદ યૌમ" (એક દિવસ કે એથી અડધો)

પરંતુ અન્ય લોકોના માટે સો વરસ. એની રહમતથી સમયને લપેટવું પણ અશક્ય નથી અને સ્થળને સમેટવું પણ અશક્ય નથી, કેમ કે એની શાન છે, علی کل شیٔ قدیر તે સર્વ કાંઈ કરી શકે છે.

**દો શમ્બાએ મુસ્તફ઼ા જુમ્આએ આદમસે બેહતર હૈ**
**સિખાના ક્યા લિહાઝે હૈષિયત ખૂએ તામ્મુલ કો**

*(દો શમ્આ = પીરનો દિવસ, ખૂએ તામ્મુલ = વિચારવાની આદત)*

**અર્થાત :** આદમ علیہ السلام ની વિલાદત બાસઆદત જુમ્આ મુબારકના બાબરકત દિવસમાં થઈ અને પીર (સોમવાર)ના દિવસે દુનિયાનો પીર આવી ગયો તો એ લેહાઝથી જોવામાં આવે તો પીરનો દિવસ જુમ્આ કરતાં અફ઼ઝલ છે, એમાં વિચારવાની કે ખચકાટ અનુભવવાની શું જરૂર છે ?!

આપણા હુઝૂર ﷺ કાઈનાતના સર્જનનો સબબ છે, જો આપ ન હોત તો ન આદમ હોત ન કોઈ અન્ય નબી, ન જુમ્આ હોત, ન કોઈ દિવસ ન કોઈ રાત હોત.

મુસલમાનો હમેશાંથી વિલાદતે નબવીવાળા દિવસનો એહતેરામ કરતા આવ્યા છે. એ દિવસે સદક઼ા તથા ખયરાત, મેહફિલે મીલાદ, ખુશીનો ઈઝહાર, ખાવા ખવડાવવું વગેરે મુસલમાનોનો તરીક઼ો છે. *(જુઓ મવાહિબે લદુન્નિયા, ૧/૧૪૮, મૌલુદે ખયરે ખલ્ક઼, શયખ ફ઼તહુલ્લાહ બુનાની – મિસર, અલ્મુદખલ – ઈમામ ઈબ્નુલ હાજ)*

અલ્હાવી લિલ ફ઼તાવામાં ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ લખે છે કે શયખ અબૂ તૈયબ મુહમ્મદ બિન ઈબ્રાહીમ અલ્બસ્તી (વફ઼ાત : હિ. ૩૯૫) બાર રબીઉલ અવ્વલ શરીફ઼ના એક રોજ મદ્રસા પાસે થઈને પસાર થયા જ્યાં ઉસ્તાદ બાળકોને પઢાવી રહ્યા હતા. શયખે મદ્રસાના ઈન્ચાજને ફ઼ર્માવ્યું કે, હે ઉસ્તાદ ! આજે તો ખુશીનો દિવસ છે, બાળકોને છૂટ્ટી કરો ! *(૨/૧૯૭)*

**વફ઼ૂરે શાને રહમતકે સબબ જુર્અત હૈ અય પ્યારે**
**ન રખ બહરે ખુદા શર્મિંદા અર્ઝ બેતામ્મુલ કો**

*(વફ઼ૂરે = અધિક્તા, જુર્અત = હિમ્મત, બહરે ખુદા = ખુદાના વાસ્તે)*

**અર્થાત :** હે અમારા પ્યારા આક઼ા ! આપની રહમતના દરિયાની વિશાળતાઓને જોઈને આપની બારગાહમાં બેધડક વાત કરવાની હિંમત કરી લઈએ છીએ, નહીં તો ક્યાં અમારી જેવા કોડીના ફ઼ક઼ીર ! ખુદારા ! અમારો આવી જ રીતે પડદો રહેવા દો જેથી કાલે ક઼યામતના દિવસે શર્મિંદગી ઉઠાવવી ન પડે.

**પરેશાનીમેં નામ ઉન્કા દિલ સદ ચાકસે નિકલા**
**ઈજાબત શાના કરને આઈ ગેસૂએ તવસ્સુલકો**

*(સદ ચાક = સો ઝખમ, સો ટુકડા, ઈજાબત = ક઼બૂલિયત, શાના = કાંસકી, તવસ્સુલ = વસીલા, ઝરીયા)*

**અર્થાત :** જ્યારે અમે દુઃખી દિલ વડે અમારા આક઼ાનું નામ લીધું તો ક઼બૂલિયતે આગળ વધીને હુઝૂર ﷺના નામે અક઼દસના વસીલાના વાળોને નૂરની કાંસકી કરવાનું શરૂ કરી આપ્યું. એટલે કે અમારી ગુનાહગારીને તો નઝર અંદાઝ કરી દીધી અને નામે અક઼દસના વસીલાના કારણે દુઆ ક઼બૂલ થવામાં કાંઈ મુશ્કેલી ઉભી ન થઈ. કેમ કે : *યહ નામ કોઈ કામ બિગળને નહીં દેતા–બિગળે ભી બના દેતા હૈ યહ નામે મુહમ્મદ* ﷺ

એટલા માટે હદીષ શરીફમાં છે કે જે દુઆમાં દુરૂદ શરીફ ન પઢવામાં આવે તે જમીન આસ્માન વચ્ચે લટકતી રહે છે, ક઼બૂલિયતની તરફ જઈ જ નથી શક્તી. બલ્કે બીજી હદીષમાં છે કે જો દુઆની જગાએ કોઈ કેવળ દુરૂદ શરીફ પઢતો રહે તો દુઆ જરૂર ક઼બૂલ થઈ જાય છે, કેમ કે અલ્લાહ તો જાણે જ છે કે બંદાને શું જોઈએ.

**‘રઝા’ યહ સબ્ઝાએ ગરદૂં હૈં કોતલ જિસકે મુવક્કબ કે**
**કોઈ ક્યા લિખ સકે ઉસ્કી સવારી કે તજમ્મુલ કો**

*(ગરદૂં = આકાશ, કોતલ = ખાસ ઘોડો, મુવક્કબ = મુરક્કબ, સવારી કે લશ્કર, તજમ્મુલ = હુસ્નો જમાલ, શાનો શૌકત)*

**અર્થાત :** હે (ગદાએ દરે ખયરુલ વરા હઝરત ઈમામ !) અહમદ રઝા ! જરા જો તો ખરો તારા નબીની કેવી શાન તથા અઝમત છે ?! આ નવુ આસ્માન તારા નબીને ઝુકીને સલામ અર્ઝ કરી રહ્યું છે, જન્નતની હૂરો અને ફરિશ્તા આપની સવારીની સાથે ઈજ્જત વધારવા માટે ચાલી રહ્યા છે, તો પછી જાતે જ વિચારી લે કે મેઅરાજના દુલ્હાની સવારીનો મક઼ામ શું હશે ?! અને એના પર સવાર થનારા તાજદારે કાઈનાત ﷺની અઝમત તથા મર્તબો શું હશે !

## (નઅત શરીફ : ૪૨)

**યાદમેં જિસકી નહીં હોશે તનો જાં હમકો**
**ફિર દિખા દે વો રુખ અય મહરે ફિરોઝાં હમકો**
*(તનો જાં = શરીર તથા જીવ, મહરે ફિરોઝાં = ચમકતો સૂરજ)*

**અર્થાત :** (આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે) : મહબૂબે ખુદા صلی اللہ علیہ وسلم ની યાદે એવો બેખૂદ તથા દીવાનો બનાવી આપ્યો છે કે જિસ્મ તથા જાનનો હોશ પણ નથી રહ્યો. હે રોશન સૂરજ ! (સિરાજમ્મુનીરા) એકવાર ફરી તમારું રુખે વદુહા (ચહેરો મુબારક) દેખાડી દો. (જેવી રીતે પહેલાં કેટલીયે વાર કરમ ફર્માવીને ઝિયારતથી નવાઝયો છે, હવે પણ મહેરબાની ફર્માવો) જેવી રીતે **ગૌષે આ'ઝમ** رضی اللہ عنہ **તથા ઈમામ જલાલુદ્દીન સિયૂતી તથા અન્ય કેટલાયે અવલિયાએ કિરામ** رضوان اللہ تعالیٰ علیہم اجمعین **ને જાગૃતાવસ્થામાં કેટલીયેવાર સરકાર** صلی اللہ علیہ وسلم **નો દીદાર નસીબ થયો,** એ જ પ્રમાણે **આ'લા હઝરત** رحمۃ اللہ علیہ **ને પણ એકથી અધિક વાર આ નેઅમત નસીબ થઈ,** જેને ક્યારેક *"વો સૂએ લાલાઝાર ફિરતે હૈં.......'*થી તાબીર કરી, અને ક્યારેક *"ફિર દિખા દે વો રુખ અય મહરે ફિરોઝાં હમકો....."* વડે ઈશારતન્ વર્ણવ્યું.

એકવાર જબલપુરના જલ્સાએ આમમાં (મેહફિલે મીલાદ શરીફ)માં તક઼રીર દરમ્યાન ઉભા થઈને સલાતો સલામ પઢવા લાગ્યા. બાદમાં કેટલાયે ઉલમાએ કિરામ (મુફતી બુરહાનુલ હક઼્ વગેરે)એ બતાવ્યું કે બરાબર એ જ વખતે મારી આંખ લાગી ગઈ હતી તો મને હુઝૂર صلی اللہ علیہ وسلم ની ઝિયારતમાં નસીબ થઈ અને **આ'લા હઝરત** رحمۃ اللہ علیہ **ને જાગતામાં દીદાર થઈ રહ્યો હતો.** (સુબ્હાનલ્લાહ !)

**દેરસે આપમેં આના નહીં મિલતા હૈ હમેં**
**ક્યાં હી ખૂદ રફતા કિયા જલ્વએ જાનાં હમકો**
*(જલ્વાએ જાનાં = મહબૂબનો નઝારો, ખૂદ રફતા = હોશ ગુમાવેલ)*

**અર્થાત :** હે મારા આક઼ા ! صلی اللہ علیہ وسلم હું માનું છુ કે એક અરસા પછી આપના દરબારની હાજરી નસીબ થઈ રહી છે, પરંતુ મારા પ્યારા આક઼ા صلی اللہ علیہ وسلم ભલે મજબૂરીના કારણે આટલો લાંબો ગાળો પડી ગયો, પણ જ્યાં પણ રહું આપના જ ખયાલમાં મસ્ત તથા બેખૂદ રહું છું અને આપના દીનનું કામ મને સતત વ્યસ્ત રાખે છે. કેમ કે :–

*મનશા યહી હૈ સિલસિલએ ક઼ીલો ક઼ાલકી–હોતી રહે તઅરીફ તેરે હુસ્નો જમાલ કી*

**જિસ તબસ્સુમને ગુલિસ્તાંપે ગિરાયી બિજલી**
**ફિર દિખા દે વો અદાએ ગુલ ખન્દાં હમકો**
*(તબસ્સુમ = સ્મિત, ગુલે ખન્દાં = સ્મિત કરતું ફૂલ)*

**અર્થાત :** જે સૂરત (ચહેરો મુબારક) દેખાડીને આપે અમને એટલા પ્રમાણમાં બેખૂદ બનાવી દીધા છે કે

પોતાનો હોશ પણ નથી રહ્યો, જાણે અમારી જિંદગીના બાગની બહાર (વસંત) આપના ક઼દમો પર કુર્બાન થઈ ગઈ. એકવાર ફરી ફૂલની મુસ્કુરાતો ચહેરો મહબૂબાના અંદાઝમાં દેખાડી દો.

**કાશ ! આવેઝાએ કન્દીલ મદીના હો વો દિલ**
**જિસકી સોઝિશને કિયા રશ્કે ચિરાંગાં હમકો**

*(આવેઝા = લટકાવેલ, કન્દીલ = ફાનસ, સોઝિશ = જલન, રશ્કે ચિરાગાં = ચિરાગોનું અમારા પર હસદ કરવુ)*

**અર્થાત** : હે મારા દિલ ! કાશ ! તું મદીના શરીફમાં ફાનસ હોત કે જ્યારે તારે લટકાવાનું જ છે તો મહબ્બતે મુસ્તફા ﷺમાં લટકીને ગુલામાને મુસ્તફાને રોશની પહોંચાડીને કોઈ ખિદમત અંજામ આપી હોત, કેમ કે તારી જલને તો અમને રશ્કે ચિરાગાં બનાવી દીધા છે કે દુનિયાના ચિરાગ મારા દિલની નૂરાનિયત પર રશ્ક કરે છે કે આ રોશની આટલી સાફ ચોખ્ખી ક્યાંથી આવી છે ! કદાચ, જાણતા નથી કે આ મહબ્બતે રસૂલની રોશની છે જેમાં ધૂમાડાનું નામો નિશાન સુધ્ધાં નથી.

**અર્શ જિસ ખૂબીએ રફ્તારકા પામાલ હુવા**
**દો ક઼દમ ચલકે દિખા સરો ખિરામાં હમકો**

*(ખૂબીએ રફતાર = ચાલવાનો અનોખો અંદાઝ, પામાલ = પગોમાં રગદોળેલુ, સરો ખિરામાં = મહબૂબાના ચાલ)*

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! ﷺ જે મહબૂબાના ચાલ વડે આપ નાલૈન સહિત અર્શે મુઅલ્લાની બુલંદીઓ પર ચાલતા રહ્યા, તે જ નાઝ તથા અદા વડે બે ક઼દમ મારા દિલની ઉજડી ગયેલી વસ્તીમાં પણ ચાલી દો જેથી તેને આરામ તથા સુકૂનની દૌલત મયસ્સર આવી શકે. કેમ કે આપના જ દમ ક઼દમથી મુસીબતો દૂર થાય છે અને દિલનું સુકૂન નસીબ થાય છે.

**શમ્એ તયબહસે મૈં પરવાના રહું કબ તક દૂર**
**હા ! જલા દે શરરે આતિશે પિન્હાં હમકો**

*(શમ્એ તયબહ = મદીનાનો ચિરાગ, શરર = શોલો, આતિશ = આગ, પિન્હાં = છુપો)*

**અર્થાત** : હું તો મદની શમ્અનો પરવાનો છું અને પરવાનો વળી શમ્અથી ક્યાં સુધી દૂર રહી શકે છે ?! જેથી હે દિલમાં છુપાયેલી ઈશ્કની ચિન્ગારી ! ભડકો બનીને અમને સળગાવી દે. મતલબ એ કે ક્યાં તો દિલ મદીના પહોંચી જાય અથવા દિલમાં મદીના આવી જાય. એનું કારણ કોઈકે આ પ્રમાણે વર્ણવ્યું છે કે :

*શમ્અ જલતી હૈ તો પરવાનેં ભી જલ જાતે હૈં–દૌલતે દીદ પે આશિક઼ તો મચલ જાતે હૈં*

**ખૌફ હૈ સમએ ખરાશીએ સગે તયબહકા**
**વરના ક્યા યાદ નહીં નાલાએ અફ્ઘાં હમકો**

*(સમએ ખરાશી = તંગ કરવું, જબરદસ્તી વાતો સંભળાવવું, સગે તયબહ = મદીનાનો કૂતરો, નાલાએ અફઘાં =આહોઝારી)*

**અર્થાત** : આહોઝારી (રૂદન આક્રંદ) કરવાનું દિલ ચાહે છે. ખ્વાબ આવે છે અને મહબૂબના દરબારમાં હાજરીના સમયે દિલ મચલે છે કે પોતાનું રોવું રડું અને દુ:ખડાં સંભળાવવું, પણ એવું નથી કરતો. એટલા માટે

કે ક્યાંક તયબહ નગરની ગલીઓના કૂતરાના આરામમાં ખલેલ ન પેદા થઈ જાય, એટલા માટે હાથથી અદબનો દામન નથી છોડતો અને સર્વ કાંઈ સીનામાં લઈને પરત થઈ જાઉં છું

*રહી દિલકી દિલ હી મેં હસ્રતેં—ન વો સુન સકે ન મૈં સુના સકા*

કેમ કે, અદબ પ્રથમ તકાઝો છે મહોબ્બતના તકાઝાઓમાંથી.

**ખાક હો જાએ દરે પાક પે હસ્રત મિટ જાએ**
**યા ઈલાહી ! ન ફિરા બે સરો સમાં હમકો**

*(ખાક હો જાએં = ફના થઈ જઈએ, હસ્રત = તમન્ના, ફિરા = પાછા કાઢ, બે સરો સામાં = ખાલી હાથ)*

**અર્થાત :** હે મારા અલ્લાહ ! આ વખતની હાજરીમાં મારી એ જ એક દુઆ છે કે તારા મહબૂબના દરબાર પર ફના થઈને ખાક બની જાઉં જેથી તમન્ના તો બાકી ન રહે, તારાથી અરજ તથા ઉમ્મીદ છે કે મારી આ દુઆને પૂરી કરીશ અને મને મેહરૂમ પાછો કાઢીશ નહીં.

**ખારે સહરાએ મદીના ન નિકલ જાએ કહીં**
**વહશતે દિલ ન ફિરા બે સરો સામાં હમકો**

*(ખારે સહરાએ મદીના = મદીનાના જંગલના કાંટા, વહશતે દિલ દિલની ગભરાહટ)*

**અર્થાત :** ક્યાંક એવું ન બને કે મદીનાના આશિક઼ોની અધિકતાના કારણે મદીનાના કાંટા ખત્મ થઈ જાય અને અમારા હાથે કોઈ કાંટો ન આવે, હે દિલની ગભરાહટ ! તું અમને જંગલો તથા પહાડોમાં ન ફેરવ અને જલ્દી મદીના પહોંચાડવાનો ઈન્તેઝામ કર. અથવા મતલબ એ છે કે જે કાંટો મદીનાની ગલીનો મારા પગમાં ખૂપેલો છે જેને મેં અક઼ીદતના કારણે નથી કાઢયો, હે દિલ ! તારી ગભરાહટ જે મને પહાડો તથા જંગલોમાં ઘુમાવી રહી છે, તો ક્યાંક એવું ન બને કે ચાલી ચાલીને તે કાંટો પગેથી નીકળી જાય અને હું આ નેઅમતથી મેહરૂમ થઈ જાઉં.

**તંગ આયે હૈં દો આલમ તેરી બેતાબીસે**
**ચૈન લેને દે તપે સીનાએ સોઝાં હમકો**

**અર્થાત :** હે મારા દિલ ! તારી બેચૈની તથા અજંપાએ બંને જહાનને બેઝાર કરી મૂક્યાં છે, જરા થોભી તો જા ! અને તારી જલનને ઓછી કર, જેથી બે ઘડીઓ સુકૂનપૂર્વક મારા મહબૂબની સાથે પસાર કરી લઉં. બીજો મતલબ આ શેઅરનો એ પણ થઈ શકે છે કે દિલથી મહબૂબે ખુદા ﷺ મુરાદ હોય અને અજંપાથી આપનો વિરહ, તો હવે મતલબ એ થશે કે હે મારા આક઼ા ! બંનેવ જહાન આપના વિરહમાં બેચૈન તથા બેક઼રાર છે, આપનો જમાલે જહાંઆરા દેખાડો જેથી અમારા સીનામાં વિરહની આગે જે ભટ્ટી સળગાવી રાખેલ છે તે જન્નતની હવાઓમાં તબદીલ થઈ જાય અને અમને ચૈન તથા ક઼રાર નસીબ થાય.

**પાઉં ગિરબાલ હૂએ રાહે મદીના ન મિલી**
**અય જૂનું ! અબ તો મિલે રુખસતે ઝિંદાં હમ કો**

*(ગિરબાલ = છણાઈ ગયા, જૂનું = પાગલપન, રુખ્સતે ઝિંદાં = જેલથી મુક્તિ)*

**અર્થાત :** આશિકાંને રસૂલ ﷺને જ્યારે મહબૂબ ﷺની યાદ સતાવે છે તો માધ્યમોની પરવા કર્યા વિના ઉઘાડા પગે અને પગપાળા જ મદીના શરીફ તરફ ચાલી નીકળે છે. આજથી કેવળ ૫૦ વરસો પહેલાં સુધી કાફલા ને કાફલા આ રીતે ચાલતા હતા. જેમ કે મુફતીએ આ'ઝમ પાકિસ્તાન સૈયદી અબુલ બરકાત رحمۃ اللہ علیہએ પણ પગપાળા હજ્જ કર્યો. પછી હાલત શું થઈ એને આ'લા હઝરત આ શેઅરમાં વર્ણવે છે, પગો છણાઈ ગયા પણ હજી સુધી ગુંબદે ખદ્રા દેખાય નથી રહ્યો. ચાલ હવે જવા દે હે ઈશ્ક ! હવે તો જેલથી મુક્તિ મળી જાય ! એટલે કે દૂરી ખત્મ થઈ જાય અને મસ્જિદે નબવીના મીનારા જોવા મળે.

**મેરે હર ઝખ્મે જિગરસે નિકલતી હૈ સદા**
**અય મલીહે અરબી ! કર દે નમકદાં હમ કો**

*(મલીહ = નમકીન, નમકદાં = જેમાં નમક રાખવામાં આવે છે)*

**અર્થાત :** હબીબ ﷺની તલબનો સરસ અંદાઝ તથા યારના વિસાલ (મિલન) માટેના બહાનાનો અંદાઝ જુઓ, હે મારા પ્યારા આકા ! મારા જિગરના દરેક ઝખ્મથી સતત એ શોખનો અવાજ ઉઠતો રહે છે કે હે અરબના નમકીન હુસ્નવાળા આકા ! કાશ ! હું તારો નમકદાં હોત જેથી એક તો નમકથી મારા ઝખ્મો તાજા રહેત અને દર્દે ઈશ્કની લિજ્જત ઉઠાવતો રહેત. (કેમ કે ઝખ્મ પર નમક લાગે તો પીડા વધી જાય છે) અને બીજુ કે આપના દીદારની દૌલત મળતી રહેતી. એટલા માટે કહ્યું છે :–

*જબ નહીં મિલતી કહીં સે ભી સુકૂન કી દૌલત – તેરી મહેફિલ તેરે દીવાને સજા લેતે હૈં*

**સૈરે ગુલશનસે અસીરાંને ચમન કો ક્યા કામ**
**ન દે તકલીફ ચમન બુલબુલે બુસ્તાં હમ કો**

*(ગુલશન = ચમન, બુસ્તાં = બાગ)*

**અર્થાત :** મુસ્તફા ﷺના બાગના કેદીઓને હે બુલબુલ ! તું ક્યા ચમનની સૈરનું કહી રહી છે ? અમને આ કેદથી મુક્તિની ખબર સંભળાવીને તકલીફ ન પહોંચાડ ! હે મારા આકા ! એને મના કરો કે અમને આપના કદમોથી જુદા થવાની દા'વત ન આપે. શું એને એટલું પણ માલૂમ નથી કે :–

*સૈરે ગુલશન કૌન જાએ દસ્તે તયબહ છોળકર – સૂએ જન્નત કૌન દેખે દર તુમ્હારા છોળકર*

**જબ સે આંખોમેં સમાઈ હૈ મદીના કી બહાર**
**નઝર આતે હૈં ખિઝાં દીદા ગુલશન હમ કો**

**અર્થાત :** અમારી નજરોમાં જ્યારથી મદીનાની બહારો સમાયી છે ત્યારથી દુનિયાભરના ખૂબસૂરતથી ખૂબરસૂરત બાગો પણ પાનખર જેવા અને વેરાન જેવા ભાસે છે એટલે કે :–

*અબ મેરી નિગાહોંમેં જચતા નહીં કોઈ...*

**ગર લબે પાક સે ઈકરારે શફાઅત હો જાએ**
**યૂં ન બેચૈન રખે જોશિશે ઈસ્યાં હમ કો**

*(જોશિશે ઈસ્યાં = ગુનાહોનો જોશ, અગણિત ગુનાહો)*

**અર્થાત :** હે પ્યારા આકા ! ﷺ આપની શફાઅત પર યકીન તો છે, પણ ઈલ્મુલ યકીન જ છે ને ! જો મહેરબાની કરીને દીદાર કરાવીને ભલે ખ્વાબમાં જ સહી, પોતાની ખાસ ઝબાન વડે મારા માટે ફર્માવી આપો કે, "હા ! હું તારી શફાઅત પણ કરીશ, હે અહમદ રઝા !" જેથી અયનુલ યકીનની દૌલત નસીબ થઈ જાય. પછી હક્કુલ યકીન તો થશે ને થશે જ ! અને મારા ગુનાહોનો જોશ મને તંગ પણ કરી શકશે નહીં.

આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ હઝરત રબીઅહ رضی اللہ عنہની અદા અપનાવી છે કે જ્યારે એમને હુઝૂર ﷺએ ફર્માવ્યું, માગ ! શું માગે છે ?! તો તેમણે અર્ઝ કરી, "હુઝૂર ! જન્નતમાં આપનો સાથ માગુ છું ?!" એટલે કે જન્નત પણ માગી લીધી અને જન્નતમાં સાથ પણ માગી લીધો.

અને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ શફાઅતની ભીખ પણ ઘણા જ સરળ અંદાઝમાં માગી લીધી, અને એની આડમાં દીદારની તમન્નાને પણ પ્રદર્શિત કરી આપી.

**નૈયરે હશ્રને એક આગ લગા રખ્ખી હૈ**
**તેઝ હૈ ધૂપ મિલે સાયાએ દામાં હમકો**

*(નૈયર = સૂર્ય)*

**અર્થાત :** હે મારા શફાઅતવાળા આકા ! ﷺ કયામતના સૂરજે પોતાની ગરમી તથા ધૂપ વડે મહશરવાળાઓને બાળી દીધા છે, મહેરબાની ફર્માવો અને તમારા ગુલામોને તમારા રહમતના દામનનો સાયો અતા ફર્માવો.

**રહમ ફર્માઈયે યા શાહ કે અબ તાબ નહીં**
**તા બકે ખૂન રુલાએ ગમે હિજરાં હમ કો**

**અર્થાત :** હે મારા કરીમ આકા ! ﷺ આપાના વિરહના સદમાઓને સહન કરવાની શક્તિ હવે નથી રહી, મારું લોહી તો આંસૂઓના રૂપમાં કાઢી ચૂક્યો છું : હવે જાન બાકી છે. *યહ દિલ ભી તુમ્હારા હૈ, યે જાન ભી તુમ્હારી હૈ.* પરંતુ એના શરીરથી નીકળતા પહેલાં બસ એકવાર આપના દીદારની ભીખ અતા કરી આપો.

**ચાક દામાંમેં ન થક જાઈયો અય દસ્તે જુનૂં**
**પુરઝે કરના હૈ અભી જૈબો ગરીબાં હમકો**

**અર્થાત :** હે જુનૂન, દીવાનગી તથા ખુદ રફતગીના હાથ ! કેવળ દામન ફાડીને જ થાકી ન જજે, હજી તો આપણે વિરહના સદમામાં ગરેવાનનાં પણ ચિથરાં ઉડાડવાનાં છે અને એને રજકણ રજકણ કરી દેવાનું છે. કેમ કે મહબૂબ જ એવો છે કે :–

*હુસ્ને યૂસુફ દમે ઈસા યદે બયઝાં દારી – આંચે ખૂબાં હમા દારંદ તૂ તન્હા દારી*

તો પછી અમારી હાલત કેમ આવી ન થાય કે :–

*સર કટે કુમ્બાં મરે ઔર ઘર લુટે – દામને અહમદ ન હાથોંસે છૂટે*

**પર્દા ઉસ ચહરએ અન્વરસે ઉઠકાર એકબાર**
**અપના આઈના બના અય મહે તાબાં હમકો**

*(મહે તાબાં = ચમકતા ચાંદ)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ બસ એકવાર અને કેવળ એકવાર, ચહેરા મુબારકથી પર્દો હટાવો ! અને આઈનો તો આપ જુઓ જ છો, બસ એ એક નજર અમારી તરફ તાકી લો જેથી અમારા દિલના આઈનામાં આપની તસવીર આવી જાય અને પછી હું ઝુમતો ફરું અને ઝુમી ઝુમીને કહેતો રહું કે :–

*દિલ કે આઈનેમેં હૈ તસ્વીરે યાર – જબ ઝરા ગર્દન ઝુકાઈ દેખ લિયા*

**અય 'રઝા' વસ્ફે રુખે પાક સુનાને કે લિયે**
**નઝર દેતે હૈં ચમને મુર્ગ ગઝલખ્વાં હમ કો**

*(નઝર =નઝરાણુ, મુર્ગ ગઝલખ્વાં = કલરવ કરનારાં પક્ષીઓ)*

**અર્થાત :** એવું ન સમજશો કે હું સરકાર ﷺની નઅત કહું છું તો મને કાંઈ નથી મળતું ! બલ્કે મને તો બાગની બુલબુલ (કોયલ) પણ મહોબ્બતનું નઝરાણુ પેશ કરે છે ! અને વળી શું એ ઓછુ ઈનામ છે કે આક઼ા ﷺની બારગાહમાં મારી નઅતો ક઼બૂલ છે, અને મને મારા આક઼ા ﷺએ પોતાના દરબારી નઅતખ્વાં હઝરત હસ્સાન رضی اللہ عنہની પાર્ટીમાં સામેલ કરી લીધો છે. જ્યારે કે અમારા લીડરની માન્યતા હતી કે :–

(અર્થ) : "હું મારા શેઅરો વડે હુઝૂર ﷺની તારીફમાં વધારો તો નથી કરી શક્તો, બલ્કે હુઝૂર ﷺના ઝિક્રથી મારા શબ્દોની શાન વધારું છું." તો પછી અહમદ રઝા ! ગદાએ ખૈરુલવરાની પણ એ જ માન્યતા હોવી જોઈએ કે :–

*આ'ઝમ મેરી ઝબાં કહાં ઔર કહાં વો ઝાત – નામ અપના ઉન્કે ઝિક્રસે ચમકા રહા હૂં*

## (નઅત શરીફ : ૪૩)

(માહે મુહર્રમુલ હરામ હિ.સ.૧૨૯૬ બીજો હજ્જ કર્યા બાદ મક્કા મુકર્રમાથી મદીના મુનવ્વરા જવાના ઈરાદા પર લખી)

**હાજીઓ ! આઓ ! શહનશાહકા રૌઝા દેખો**
**કા'બા તો દેખ ચુકે કા'બે કા કા'બા દેખા**

*(શહેનશાહ = બાદશાહોનો બાદશાહ)*

**અર્થાત :** હે હજ્જાજે કિરામ ! ખુશનસીબ છો કે તમને હજ્જની સઆદત નસીબ થઈ. તમે બયતુલ્લાહ શરીફના અન્વારો તજલ્લિયાતને પોતાના દામનમાં સમેટયા. હવે તમે મારી વાત સાંભળો ! ચાલો ! ચાલો ! તયબહ તરફ જઈએ ! તે બંને જહાનના શહેનશાહની બારગાહમાં જેણે કા'બાને સનમખાનાથી બયતુલ્લાહ તથા કિ઼બ્લો બનાવ્યો છે. જો એ કા'બા છે અને યકી઼નન ! કા'બા છે, તો મદીનાના તાજદાર તો કા'બાના પણ કા'બા (કિ઼બ્લા) છે.

જો કા'બાનો હજ કરવાનો હુકમ છે અને એનાથી ગુનાહોની બખ્શિશ થાય છે, અને હાજી (**كيعم ولد ته امه**) એવો થઈ જાય છે કે આજે માના પેટથી પેદા થયો છે. એટલે ગુનાહોથી પાક થઈ જાય છે, તો મુસ્તફા ﷺના રોઝાની ઝિયારતનો કુર્આનમાં પણ હુકમ છે : **ولو انهم اذ ظلموا انفسهم جائوك** "જ્યારે તમો તમારી જાનો પર જુલ્મ (ગુનોહ) કરો તો મારા મહબૂબની બારગાહમાં આવી જાવ....." *(સૂ. નિસાઅ્, આ. ૬૪, પારા : ૫)* અને હદીષમાં છે : **من زار قبری وجبت له شفاعتی** "જેણે મારી ક઼બ્રની ઝિયારત કરી મારી શફાઅત તેના માટે વાજિબ છે." તથા બીજી હદીષમાં છે : **من حج البيت ولم يزرنی فقد جفانی** "જેણે હજ્જ કરી અને મારી ક઼બ્રની ઝિયારત ન કરી તેણે મારાથી જફા કરી." અને આ ઝિયારતથી હુઝૂરની શફાઅત નસીબ થાય છે, અને આ ઝિયારતથી મેહરૂમી બંને જહાનની નેકબખ્તીઓથી મેહરૂમી તથા બદબખ્તી છે.

આ'લા હઝરત رحمة الله عليهએ પોતાના આ શેઅરમાં રોઝએ અન્વરને કા'બાનો કા'બા લખ્યો છે તો એમાં કોઈ શંકાને સ્થાન નથી, એ હકી઼ક઼ત જ છે. કા'બા જે અત્યારે સૌનો કિ઼બ્લો છે તે સર્વનો કિ઼બ્લો થવું હુઝૂરે અક઼દસ ﷺના સદકા઼ તથા તુફૈલથી જ છે. જેમ કે આ કિ઼બ્લો જેની તરફ મોઢું કરીને આપણે નમાઝ પઢીએ છીએ તે પહેલાં એવો ન હતો, બલ્કે એનાથી પહેલાં કિ઼બ્લો બયતુલ મુક઼દસ હતો. અને હુઝૂર બયતુલ મુક઼દસની તરફ મોં કરીને નમાઝ પઢતા રહ્યા. પણ હુઝૂરની મરજી એ હતી કે મારો કિ઼બ્લો બયતુલ મુક઼દસને બદલે કા'બાએ ઈબ્રાહીમી નિશ્ચિત થઈ જાય. જેમ કે **فَلَنُوَلِّيَنَّكَ قِبْلَةً تَرْضَاهَا** "અમે તમારી મરજીના પ્રમાણે કિ઼બ્લો નિશ્ચિત કરી દઈશું." *(પારા–૨, રૂકૂઅ–૧)* અને પછી ફર્માવ્યું : **فَوَلِّ وَجْهَكَ شَطْرَ الْمَسْجِدِ الْحَرَام** "તમે તમારું મોં હમણા કા'બાની તરફ ફેરવી લો." *(પારા–૨, રૂકૂઅ–૧)*

ખુદાનો ઈર્શાદ પામીને હુઝૂરે નમાઝની હાલતમાં જ પોતાનું મોઢું કા'બાની તરફ ફેરવી લીધું, તો એ જ વખતથી કા'બા આલમનો કિ઼બ્લો બની ગયો ! હાજીઓ મસ્જિદે કિ઼બ્લતૈનની ઝિયારત કરે છે આ ગુનેહગારે પણ

કરી છે, એ મસ્જિદે ઉપરોક્ત આયત નાઝિલ થઈ અને હુઝૂરે બયતુલ મુક઼દ્દસની તરફ નમાઝ પઢતાં પઢતાં કા'બાની તરફ ચેહરો ફેરવી લીધો. *ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ ! (ﷺ)*

**રુકને શામીસે મિટી વહશતે શામે ગુર્બત**
**અબ મદીનાકો ચલો સુબ્હે દિલારા દેખો**

*(રૂકને શામી = કા'બા શરીફનો ઉત્તર બાજુનો ખૂણો, વહશત = ભય, શામે ગુર્બત = સફરની રાત, સુબ્હે દિલારા = દિલને અમારા આપનારી રાત)*

**અર્થાત** : હે ખુશ કિ઼સ્મત હાજીઓ ! તમારા સફરની સર્વ તકલીફો તો રુકને શામીની ઝિયારતથી જો કે દૂર થઈ ચૂકી, પણ જો દિલને પાક, સાફ તથા ઉજ્જવળ બનાવવા ચાહો છો તો ચાલો ! મદીના તયબહની સુહાની સવારનો નઝારો કરો ! જે દિલોને હુઝૂર ﷺના નૂરની બરકતથી ઈમાનનું હુસ્ન અને તક઼વાનું અલંકાર અતા કરે છે.

આ શેઅરથી આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ મુલાકાતીઓને એ દર્શાવવા ચાહે છે કે તવાફ દરમ્યાન રુકને શામીથી સમય પૂરતો ભય તો જરૂર દૂર થઈ ગયો છે પણ દારૈન (બંનેવ જહાન)ની ગભરામણ દૂર કરવા માટે અને ક઼ાયમી દિલી સુકૂનના માટે મદીનાની હાજરી અકસીરે આ'ઝમ છે.

**આબે ઝમઝમ તો પિયા ખૂબ બુઝાઈ પ્યાસેં**
**આઓ જૂદે શહે કૌષર કા ભી દરયા દેખો**

*(જૂદ = સખાવત,અતા, શહે કૌષર = હૌઝે કૌષરના માલિક ﷺ)*

**અર્થાત** : હે હરમના ઝાઈરીન ! તમે મક્કા મુકર્રમામાં આબે ઝમઝબ પી પીને ખૂબ જ પ્યાસ બુઝાવી અને પોતાના દિલ તથા જાનને ઠંડા કર્યા, રૂહને સુથરી કરી, ઘણુ જ સારું કર્યુ. પરંતે હવે અહીં જ બેઠેલા ન રહો ! બલ્કે ચાલો મદીના ચાલો ! અને ત્યાં જઈને જુઓ, માલિકે કૌષર મુસ્તફા કરીમ ﷺના કરમનો સમુદ્ર કેવો મોજાં મારી રહ્યો છે. આપની બારગાહથી ભીખ પણ મળશે, સાથોસાથ દુઆ પણ મળશે, કાસા પણ મળશે અને ગદાઈ પણ મળશે. બીમારીઓ પણ દૂર થશે અને દરેક બીમારી, દુઃખદર્દથી શિફા પણ મળશે, કેમ કે મદીનાની માટીમાં શિફા છે.

શેઅરનો ભાવાર્થ એ છે કે આબે ઝમઝબથી પ્યાસ બુઝાય છે, બરકત હાંસલ થાય છે, બીમારીઓ દૂર થાય છે પણ માલિકે આબે કૌષરની બારગાહથી બંને જહાનોની નેઅમતો નસીબ થઈ જાય છે.

**ઝેરે મીઝાબ મિલે ખૂબ કરમ કે છીંટે**
**અબ્રે રહમત કા યહાં રોઝ બરસના દેખો**

*(અબ્ર = વાદળ)*

**અર્થાત** : હે હરમ શરીફના ઝાઈરો ! મીઝાબે રહમતમાં તમને રહમતની વર્ષાના અમુક છાંટાઓ નસીબ થયા હશે, એના પર તમે ઘણા જ ખુશ છો, અને થવું પણ જોઈએ. પણ કયા ઈંતેઝારમાં બેઠા છો ?! ઉઠો અને મદીના તરફ ચાલતા થઈ જાવ ! કેમ કે અહીં કદી કદી વરસાદ થાય છે, જ્યારે કે ત્યાં રહમતુલ્ લિલ્આલમીનના દરબારમાં દરેક વખતે રહમતની વર્ષા વરસતી રહે છે.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હે હાજીઓ ! મીઝાબે રહમતની નીચે તો જ્યારે કદીક વરસાદ પડે છે તો એટલી ભીડ થઈ જાય છે કે કોઈ કોઈને તો અડધો છાંટો નસીબ થઈ જાય છે. જ્યારે કે મદીના શરીફમાં તો જ્યાં પણ રહેશો દરેક સમયે રહમતવાળા આ'કાના સદકામાં તમારા પર રહમતોનો નુઝૂલ થતો રહેશે, કદી રિમઝિમ રિમઝિમ ફૂવારો તો કદી મૂશળાધાર વર્ષા !

**ધૂમ દેખી હૈ દરે કા'બાપે બેતાબોંકી**
**ઉન્કે મુશ્તાક઼ોંમેં હસ્રતકા તળપના દેખો**

*(ધૂમ= હલચલ, ભીડભાડ, બેતાબ = બેક઼રાર, મુશ્તાક઼= તાલિબ, હસ્રત = આરઝુ)*

હે ઝાઈરીન ! તમે કા'બાના દર પર આશિક઼ોને કેવા બેચૈન તથા બેક઼રાર થઈને પોતાના ગુનાહોની માફી માગતા જોયા ?! એક બેખુદી તથા દીવાનગીની ધૂમધામ તથા હલચલ હતી. તો ચાલોને ! હવે અલ્લાહના રસૂલ ﷺના દર પર આવો ! અને જુઓ કે સરકારના અમુક દીવાનાઓ કેવી રીતે દરે અક઼દસ પર હસ્રતે દીદાર અને શોખની આરઝૂમાં તડપી રહ્યા છે ! અને અમુક ખુશનસીબ મુરાદ મળવા પર કેવા હુઝૂરની રહમત પર મચલી રહ્યા છે.

**મિષ્લે પરવાના ફિરા કરતે થે જિસ શમ્અ કે ગિર્દ**
**અપની ઉસ શમ્અકો પરવાના યહાંકા દેખો**

*(પરવાના = પતંગિયુ, શમ્અ = મીણબત્તી, ગિર્દ = આસપાસ)*

**અર્થાત :** હે હાજીઓ ! તમે જોયું કે લોકો કા'બાની આસપાસ કેવી રીતે તવાફ કરી રહ્યા હતા ! જાણે શમ્અની આસપાસ પરવાનાઓ છે ! પરંતુ જરા મદીના તો ચાલો ! અને જઈને પોતાની આંખો વડે જુઓ કે આ જ શમ્અ કેવી રીતે જમાલે મુસ્તફાનો પરવાનો બનેલી છે.

ઈમામે અહલે સુન્નત આ શેઅરથી એવું બતાવી રહ્યા છે કે જે રીતે હજ્જાજે કિ઼રામ ઠંડી, ગરમી તથા સફરના થાકની પરવા કર્યા વિના કા'બાની આસપાસ દીવાનાવાર તવાફમાં મગ્ન રહે છે. ખુદ કા'બા મોઅઝ્ઝમા ગુંબદે ખદ્‌રાના વાલીનો ન કેવળ પરવાનો છે, બલ્કે દીવાનો પણ છે. જેમ કે રિવાયતમાં છે કે હુઝૂરે અક઼દસ ﷺની વિલાદત થઈ તો કા'બા શરીફ (ખુશીમાં વજદ કરતાં) ત્રણ દિવસ અને ત્રણ રાત હરકત કરતો રહ્યો. આ'લા હઝરતે એ જ મોકા઼ના માટે શું સરસ કહ્યું છે ! :–

*તેરી આમદ થી કે બયતુલ્લાહ મુજરે કો ઝુકા–તેરી હયબત થી કે હર બુત થરથરાકર ગિર ગયા*

**ખૂબ આંખોંસે લગાયા ગિલાફે કા'બા**
**ક઼સ્રે મહબૂબકે પર્દેકા ભી જલ્વા દેખો**

*(ક઼સ્રે મહબૂબ = અલ્લાહના મહબૂબનો મહલ, જલ્વા = નઝારો)*

**અર્થાત :** હે હાજીઓ ! તમે ગિલાફે કા'બાને પોતાની આંખોંએ લગાડીને ખૌફે ખુદામાં ખૂબ જ રડી રડીને અલ્લાહથી માફી માગી અને તમારા ગુનાહોથી તૌબા કરી, હવે મદીના જઈને પણ તો જુઓ કે હુઝૂર તાજદારે મદીના ﷺના આલીશાન મહેલનો પર્દો કેટલો હસીન છે જેના સાયામાં મુહમ્મદ ﷺના આશિક઼ ખુશી તથા આનંદના આવેશમાં કેવી રીતે પોતાનાં આંસૂઓનું નઝરાણુ પોતાના કરીમ આક઼ાની બારગાહમાં પેશ કરી રહ્યા છે

એટલે કે અહીં મક્કા શરીફમાં ખૌફેથી રડવાનાં આંસૂ છે તો ત્યાં ખુશીના અતિરેકમાં આંસૂઓ છે.

**કા'બાનો ગિલાફ અને ક઼સ્રે મહબૂબનો પર્દો** : કા'બા શરીફનો ગિલાફ તો ઈસ્લામ પહેલાંથી ચાલ્યો આવે છે. હઝરત ઈબ્રાહીમ علیہ السلام અથવા હુઝૂર ﷺના જદ્દે આ'લા અદનાન બિન આદ અથવા યમનના બાદશાહ તબઅ કરાબ અસ્વદે કા'બા શરીફ પર પહેલો ગિલાફ ચઢાવ્યો. વિવિધ દૌરમાં એના વિવિધ રંગો બદલાતા રહ્યા. મામૂનના દૌરમાં સફેદ રેશમી, અબ્બાસી ખલીફા નાસિરના દૌરમાં પહેલાં લીલો અને પછી કાળો થયો, જે આજ સુધી ચાલતો આવ્યો છે, એના કુલ ૪૭ ટુકડા હોય છે. દરેક ટુકડો ૧૪ મિટર અથવા ૪૬ ફૂટ લાંબો અને ૧૩૭ ઈંચ પહોળો હોય છે.

જ્યારે સરકારે અન્વર ﷺની ક઼બ્રે અન્વર પર ગુંબદ મુબારક સાતમી સદી હિજરીમાં માલિક મન્સૂર સાલહીએ તૈયાર કરાવ્યો. (વફાઉલ વફા લિ સમ્હૂદી, ૨/૬૦૯,૬૭૮) તે વખતે ગુંબદે ખદ઼રા લીલાને બદલે સફેદ હતો. હિ.સ. ૮૮૬માં બીજીવાર બાંધકામ થયું અને હિ.સ. ૧૨૫૫માં સુલ્તાન મહમૂદ તુર્કીએ તેને ખદ઼રા (લીલો) કરાવી આપ્યો. અને આજ સુધી ગુંબદ લીલો જ છે અને ઈન્શા અલ્લાહ ક઼યામત સુધી ખદ઼રા (લીલો) જ રહેશે. સઊદીઓએ તુર્કીઓની સર્વ નિશાનીઓ તો નષ્ટ કરી આપી છે પણ એને ન મિટાવી શક્યા. સૌથી મોટી વાત એ છે કે **والله يعصمك من الناس** "અલ્લાહ ખુદ પોતાના મહબૂબનો મુહાફિઝ છે."

*જિસ્કા હામી હો ખુદા ઉસ્કો મિટા સક્તા હૈ કોન !*

સરકાર ﷺની ક઼બ્રે અન્વર પર તુર્કીઓએ જ લીલા પર્દા લટકાવ્યા જે આજે પણ યથાવત છે. આજ પર્દા તથા ગુંબદે ખદ઼રા છે જેને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના આ શેઅરમાં ક઼સ્રે મહબૂબના પર્દા ગણાવેલ છે. (વલ્લાહુ તઆલા અઅ્લમ વ રસૂલુહુ અઅ્લમ)

**વાં મુતીઓંકા જિગર ખૌફસે પાની પાયા**
**યાં સિયાહકારોંકા દામન પે મચલના દેખો**

*(વાં = ત્યાં મક્કામાં, મુતીઓં = ફર્માંબરદારો, સિયાહકારોં = ગુનેહગારો)*

**અર્થાત** : કોઈએ આ'લા હઝરત رحمۃ اللہ علیہને પૂછયું કે આપે દરબારે ખુદાવંદી પણ જોયો અને હવે મદીના શરીફમાં દરબારે મુસ્તફા ﷺની હાજરી પણ થઈ રહી છે તો બતાવો શું ફર્ક઼ મેહસૂસ કરી રહ્યા છો ? એ વખતે આપે આ શેઅર કહ્યો.

ત્યાં (મક્કા શરીફ)માં મોટા નેકોકાર તથા ફર્માંબરદાર એ ખયાલથી કે અહીં એક ગુનોહ થઈ ગયો તો એક લાખ લખી દેવામાં આવશે, અલ્લાહના જલાલથી કાંપી રહ્યા હતા અને ખુદાના ખૌફથી તેમનું જિગર પાણી પાણી થઈ રહ્યું હતું. અને અહીં મદીના તયબહમાં સુબ્હાનલ્લાહ ! મારી જેવા નાકામા પાપી પણ હુઝૂર ﷺની રહમતના સહારા પર મચલી રહ્યા છે, શર્મસારી પર કરમની ઉમ્મીદ છવાઈ ગઈ છે. અને એટલા માટે પણ ખુશીથી મચલી રહ્યા છે કે જો ખુદાનખ્વાસ્તા ગુનોહ થઈ પણ ગયો તો એક જ લખવામાં આવશે, જ્યારે એક નેકીની પચાસ હજાર લખવામાં આવશે. બલ્કે હુઝૂરની આ દુઆના પ્રમાણે કે, "હે અલ્લાહ ! જેટલી બરકત તેં ઈબ્રાહીમ علیہ السلامના કારણે મક્કામાં રાખી, તો મારી દુઆના કારણે એનાથી બમણી બરકત મદીનામાં રાખ," તો શક્ય છે બે લાખ

મળે. કેમ કે મક્કામાં એક નેકી એક લાખ નેકી છે તો એનું ડબલ બે લાખ થશે. અથવા રહે તો પચાસ હજાર જ પણ એ પચાસ હજાર બે લાખ પર ભારી થાય, જેમ કે હજાર રૂપિયાની એક જ નોટ પાંચ પાંચની સેંકડો નોટો પર ભારી તથા સવાર હોય છે. એટલે કે સંખ્યામાં ભલે આંકડા ત્યાં વધારે છે પણ કૈફિયતમાં મર્તબો તથા દરજો અહીં વધુ છે. અને ટૂંકમાં એ કે :–

*તયબહ ન સહી અફઝલ મક્કા હી બળા ઝાહિદ–હમ ઈશ્ક઼ કે બંદે હૈં ક્યૂં બાત બળ્હાઈ હે*

મક્કા હોય કે મદીના શાન બંનેવને મુસ્તફા ﷺના ક઼દમોથી જ મળી છે : **لا اقسم بهذا البلد وانت حل بهذا البلد**

**અવ્વલીન ખાનાએ હક્ક઼કી ઝિયાએં તો દેખી**
**આખરીં બયતે નબીકા ભી તજલ્લા દેખો**

*(અવ્વલીન = પહેલાં, આખરીં = હવે છેવટમાં, બયત = ઘર, તજલ્લા = નૂર)*

**અર્થાત** : હે હાજીઓ ! પહેલાં તમે હજ્જે બયતુલ્લાહ શરીફની સઆદત (નેક નસીબી) પ્રાપ્ત કરી અને કા'બાના અન્વારો તજલ્લિયાતથી ખૂબ ખૂબ લાભ ઉઠાવ્યો, હવે એના પછી બીજી સઆદત પણ હાંસલ કરો અને તે એ છે કે મહબૂબે ખુદાના ઘરે ગુંબદે ખદ્‌રાના નૂરથી પણ તમારા દિલને મુનવ્વર કરવાની સઆદત હાંસલ કરો. ત્યાં તમે **લબ્બૈક અલ્લાહુમ્મ લબ્બૈક**ની સદાઓ લગાડો તો હવે અહીં દુરૂદોના ગજરા અને સલામોના તોહફા તમારા પ્યારા મહબૂબ ﷺની બારગાહમાં પેશ કરવાની ખુશનસીબી હાંસલ કરો, જેથી આ હક઼ીકતના પાત્ર બની જાવ કે : પહેલાં હમ્દથી જીભને પાક કરી લો તો પછી નામ લો હબીબે ખુદાનું. (ﷺ)

અમુક ઉલમાએ ફર્માવ્યું કે હરમૈન શરીફની ઝિયારતનો મોક઼ો મળે તો પ્રથમ મદીના શરીફ હાજરી આપો, કેમ કે હજની સઆદતો પણ મહબૂબે પાક ﷺની બરકતથી જ હાંસલ થાય છે.

*ઉનકે તુફ઼ૈલ હજ્જ ભી ખુદાને કરા દીયે–અસ્લે મુરાદ હાઝરી ઉસ પાક દરકી હે*

જ્યારે કે અમુક ઉલમાએ એવું લખ્યું છે કે પ્રથમ મક્કા શરીફ જાવ, હજ્જ કરો જેથી ગુનાહોથી પાક સાફ થઈ જાવ, અને પાક સાફ થઈને હવે મદીના શરીફ જાવ. કેમ કે અલ્લાહ ચાહે છે કે મારા મહબૂબની બારગાહમાં પાક સાફ થઈને હાજરી આપવામાં આવે. કેમ કે હજ્જ મક્કામાં થાય છે અને એના ક઼બૂલ થવાની સનદ મદીનામાં મળે છે. બલ્કે અહલે મહબ્બતનો તો એ અક઼ીદો છે કે અલ્લાહની દરેક જ નેઅમત અલ્લાહના મહબૂબ થકી મળે છે. અલ્લાહ અતા કરે છે અને મહબૂબ વહેંચે છે : **والله معطی وانا قاسم**

*અલ્લાહકે ખઝાનોંકે, માલિક હે નબી–યહ સચ હૈ "નિયાઝી" તુમ સરકારકા*

**ઝીનતે કા'બામેં થા લાખ ઉરૂસોંકા બનાવ**
**જલ્વા ફર્મા યહાં કૌનૈનકા દુલ્હા દેખો**

*(ઉરૂસોં = દુલ્હનો)*

**અર્થાત** : બેશક ! કા'બા મુકર્રમાની શોભામાં લાખો દુલ્હનોનો શણગાર તથા હુસ્નો જમાલ છે, પરંતુ દુલ્હનના માટે દુલ્હો ન હોય તો દુલ્હન શું કામની ! અને જો બંને જહાનોનો દુલ્હો જોવો હોય તો તે મદીના તયબહમાં જલ્વાફર્મા છે.

**અયમને તૂરકા થા રુકને યમાનીમેં ફરોગ**
**શોલાએ તૂર, યહાં અન્જુમન આરા દેખો**

*(અયમને તૂર = વાદીએ અયમન, ફરોગ = રોનક, ઈજ્જત, અંજુમન આરા = મેહફિલની રોનક)*

**અર્થાત** : રુકને યમાની પર તમે હે હાજીઓ ! અય્મનની વાદી (કોહે તૂર)ના જેવી બુલંદી તથા રોશની જોયી. હવે મદીના મુનવ્વરા પણ આવો અને જુઓ કે જે જલ્વાના કારણે તૂર પહાડ અય્મનની વાદી બન્યો અને મૂસા عليه السلام એ જલ્વાની તાબ ન લાવીને બેહોશ થઈ ગયા હતા, ખૂદ એ જલ્વાનો એક શોલો (લપેટ) મદીનામાં મેહફિલની રોનક બનેલો છે.

**મહર માદરકા મઝા દેખી હૈ આગોશે હતીમ**
**જિનપે મા બાપ ફિદાયાં કરમ ઉનકા દેખો**

**અર્થાત** : એમાં શંકાને સ્થાન જ નથી કે હતીમે કા'બામાં જવાથી એવું લાગે છે કે જાણે માની ગોદ મળી ગઈ છે, પણ મદીના શરીફમાં તે જાન મૌજૂદ છે કે જેના કદમો પર મા બાપ પણ ફિદા થાય છે, અને તે જાન હજાર માઓ તથા કરોડો બાપો જેટલો પ્યાર પોતાની ઉમ્મતના માટે પોતાના સીનામાં ધરાવે છે.

*અર્ઝ હાજત મેં રહા કા'બા કફીલુલ હજ્જાજ–આવો ! અબ દાદ રસીએ શહે તયબહ દેખો*

કા'બા શરીફ હાજીઓની હાજતોનો જામિન બનેલો રહ્યો અને તેણે અલ્લાહ તઆલાની બારગાહમાં આવનારાઓની હાજતો ખૂબ પેશ કરી, હવે મદીના શરીફમાં પણ આવો અને મહબૂબ ﷺને તમારી હાજતના જામિન બનાવો, પછી જુઓ કે કોની ઝમાનત કુબૂલિયતના પ્રથમ દરજે પહોંચે છે ?! તમે ખૂદ ઈકરાર કરશો કે !

*કાબિલ થા નારકે મુઝે જન્નત હૂઈ નસીબ–ઈસ દરકી હાઝરીસે મેરી કિસ્મત બદલ ગઈ !*

**અર્ઝે હાજત મેં રહા કા'બા કફીલુલ હજ્જાજ**
**આવો ! અબ દાદ રસીએ શહે તયબહ દેખો**

**અર્થાત** : કા'બા શરીફ હાજીઓની હાજતોનો જામિન બનેલો રહ્યો અને તેણે અલ્લાહ તઆલાની બારગાહમાં આવનારાઓની હાજતો ખૂબ પેશ કરી, હવે મદીના શરીફમાં પણ આવો અને મહબૂબ ﷺને તમારી હાજતના જામિન બનાવો, પછી જુઓ કે કોની ઝમાનત કુબૂલિયતના પ્રથમ દરજે પહોંચે છે ?! તમે ખૂદ ઈકરાર કરશો કે !

*કાબિલ થા નારકે મુઝે જન્નત હૂઈ નસીબ–ઈસ દરકી હાઝરીસે મેરી કિસ્મત બદલ ગઈ !*

**ધો ચુકા ઝુલ્મતે દિલ બોસએ સંગે અસ્વદ**
**ખાક બોસીએ મદીનાકા ભી રુત્બા દેખો**

*(ઝુલ્મતે = કાળાશ, સંગે અસ્વદ = હજરે અસ્વદ)*

**અર્થાત** : હદીષ શરીફના પ્રમાણે હે હાજીઓ ! તમે હજરે અસ્વદને ચૂમીને તમારા દિલો પર ચઢેલી ગુનાહોની કાળાશ ધોયી. મુબારક થજો ! હવે મદીના શરીફની ખાકનો બોસો લઈને પણ જુઓ તો ખરા કે (જન્નતના નઝારા ન જોવા મળે તો મને કહેજો) આ રુત્બો પણ તેની જગાએ અજોડ તથા લાજવાબ તથા બાકમાલ છે કે એનાથી દિલની કાળાશ પણ દૂર થશે અને સર્વ શારીરિક બીમારીઓથી પણ શિફા થશે.

**કર ચુકી રિફઅતે કા'બા પર નઝ઼ર પરવાઝ઼ેં**
**ટોપી અબ થામ કે ખાકે દરેવાલા દેખો**

*(રિફઅત =ઊંચાઈ, દરેવાલા =ઊંચી શાનવાળો દરવાજો)*

**અર્થાત** : કા'બાની ઉચ્ચતાઓનો તો તમારી નજરોએ અનુભવ કરી લીધો અને આસાનીથી કરી લીધો, હવે જરા પોતાની ટોપી પકડીને (જેથી બહું ઊંચે જોવાના કારણે પડી ન જાય !) મારા આક઼ા ﷺના ઉચ્ચ દરવાજાની ખાકે પાકનો નઝ઼ારો પણ જોઈ લો. એને આસાનીથી નહીં જોઈ શકો, કેમ કે અહીં કેવળ દર જ નથી દરેવાલા પણ જલ્વા ફર્મા છે જેની શાન એ છે કે :–

*જારી હૈ દો જહાંમેં હ઼ુકૂમત રસૂલ ﷺ કી–કરતે હૈં મહરો માહ ઈતાઅત રસૂલ ﷺ કી*
*ઈમાન એક નામ હૈ હ઼ુબ્બે રસૂલ ﷺ કા–હૈ ખુલ્દકી બહાર મહ઼બ્બત રસૂલ ﷺ કી*

જેટલી મહાન હસ્તી હોય તેટલું જ એના તરફ જોવામાં હયા તથા અદબ આડ બને છે એટલા માટે ટોપી થામીને એટલે કે સાવધાન થઈને જોવાનો મશ્વરો આપવામાં આવી રહ્યો છે.

**બેનિયાઝ઼ીસે વહાં કાંપતી પાઈ તાઅ઼ત**
**જોશે રહમતપે યહાં નાઝ઼ ગુનહકો દેખો**

**અર્થાત** : અલ્લાહ બેનિયાઝ઼ છે અને એની બેનિયાઝ઼ીની સિફત બયતુલ્લાહ શરીફમાં પણ ઉઘાડી જોવા મળે છે, એટલા માટે મોટા મોટા ફર્માબરદાર તથા ઈબાદતગુઝ઼ારો આ ખયાલથી કાંપતા જોવા મળ્યા કે ક્યાંક અમારી ઈબાદત તેની બેનિયાઝ઼ીની નઝ઼ર ન થઈ જાય ! અને સુબ્હાનલ્લાહ ! હાજીઓ જરા મદીના શરીફ આવીને તો જુઓ ! હ઼ુઝ઼ૂરની રહમતનો દરિયો પોતાના પુરા જોશમાં છે કે ગુનેહગારો પરવરદિગારની રહમત, રહમતુલ્લિલ્ આલમીન ﷺની શાને રહમત પર નાઝ઼ કરી રહ્યા છે કે ભલે ગુનેહગાર છીએ પણ શફાઅત તો મળશે !

*શફાઅતકે સદક઼ેમેં જન્નત મિલેગી–અમલ થે જહન્નમમેં જાને કે ક઼ાબિલ*

**જુમ્આએ મક્કા થા ઈદે અહ્લે ઈબાદતકે લિયે**
**મુજરિમો ! યહાં ઈદે દો શમ્બા દેખો**

**અર્થાત** : ઈબાદતગુઝ઼ારો માટે મક્કા મુકર્રમામાં જુમ્આનો દિવસ ઈદથી ઓછો ન હતો. હે સિયાહકારો! (જેના સદક઼ામાં જુમ્આ મળી, ઈદ મળી, રમઝ઼ાન મળી, ઈમાન મળ્યું, કુર્આન મળ્યું, બલ્કે ખુદ રહમાન મળ્યો) શું મદીના શરીફમાં પીરનો (સોમવાર)નો દિવસ (સરકાર ﷺની વિલાદતનો દિવસ, તે પેદા ન થાત તો કાંઈ જ ન હોત) તમારા માટે ઈદથી કમ છે ?! જે દિવસ (પીરના રોજ) નબી પાક ﷺની વિલાદતની ખુશી મનાવવા પર અબૂ જહલ જેવા સખ્તતરીન કાફિરને એ દિવસે અઝ઼ાબમાં કાંઈક રાહત થતી હોય તો પછી મીલાદ મનાવનારા ઈમાનવાળા (સુન્ની)ઓને એ દિવસે કેમ નવાઝ઼વામાં ન આવે ! અને દોશમ્બા (પીર)નો દિવસ કેમ ઈદ ન બને ?!

**મુલ્તઝ઼િમસે તો ગલે લગ કે નિકાલે અરમાં**
**અદબ વ શૌક઼કા યહાં બાહમ ઉલઝ઼ના દેખો**

**અર્થાત :** હે ઝાઈરીનો ! તમે મુલ્તઝિમ સાથે લપેટાઈને રડી રડીને પોતાના દિલના અરમાનો તથા આરઝૂઓ કાઢી લીધી, અલ્લાહ ક઼બૂલ ફ઼માવે, પરંતુ હવે મારું માનો ! અને ચાલો મદીના શરીફ઼ અને ત્યાં જઈને જુઓ કે શોક઼ (ઉમંગ, ઉત્સાહ) તથા અદબ કેવી રીતે આપસમાં ઉલઝી રહ્યાં છે ! શૌક઼ કહી રહ્યો છે કે સિજદો કરું ! પણ અદબ એને એવું કરવાથી રોકી રહેલ છે કે ખબરદાર ! એવું ન કરીશ ! કેમ કે મદીનાવાળી સરકારે જ તો એવુ કરવાથી મના કરેલ છે, પછી એમની જ બારગાહમાં આવીને એમની જ નાફ઼ર્માની ?! એટલા માટે અહલે અદબે જાળી મુબારકને પણ હાથ લગાડવાથી મના કર્યું છે કે ક્યાં તું નકામો અને ક્યાં એમના રોઝાની જાળી ! અર્શે આ'ઝમથી આલી ! હા ! એવું અર્ઝ કરો કે, આક઼ા ! :–

*દરપે આએ હૈં સવાલી ! અબ જાએંગે ન હાથ ખાલી !*

**ખૂબ મસ્આમેં બઉમ્મીદે સફ઼ા દોળ લીએ**
**રહે જાનાંકી સફ઼ાકા ભી તમાશા દેખો**

**અર્થાત :** પોતાના દિલેથી ગુનાહોની કાળાશ તથા મેલને ઉતારવાના માટે તમે સફ઼ા તથા મરવાના ખૂબ ચક્કર કાપ્યા, એનાથી થાકી ગયા હશો ! ક્યારેક તવાફ઼, ક્યારેક સઈ, ક્યારેક એહરામ, ક્યારેક કુર્બાની, ક્યારેક કાંઈ તો, ક્યારેક કાંઈ ! હવે આવી જાવ મદીના શરીફ઼ ! કે ન ચક્કર ન દોડ ન મેદાનોમાં જઈને તડકામાં તપવું, બસ ! મારા આક઼ાના રોઝાની સાથે જ જન્નતની કયારી છે, ઠંડી હવાઓ પણ ! બેસો ! જન્નત પણ લો અને દિલની સફ઼ાઈ પણ કરાવી લો ! અલ્લાહે જ જેમને રહ્‌મતુલ્‌લિલ્ આલમીન બનાવીને મોકલ્યા તેમની રહમતથી ઠંડક માણી લો !

**રકસે બિસ્મિલકી બહારેં તો મિનામેં દેખીં**
**દિલે ખૂનનાબા ફ઼શાંકા ભી તળપના દેખો**

*(રકસ = ઉછળકૂદ, બિસ્મિલ = ઘાયલ, બેચેન, ખૂનનાબા = લોહી લુહાણ, લોહીનાં આંસૂં, ફ઼શાં = ઝાળનાર)*

**અર્થાત :** હાજીઓ ! તમે મિનામાં જાનવરોનો લોહી વહાવ્યું, કુર્બાની કરીને સવાબ મેળવ્યો, અને પોતાની આંખો વડે જાનવરોનું લોહીમાં લથપથ થઈને અલ્લાહની રઝાના માટે લોટપોટ થવું જોઈ લીધું ને ?! હવે જરા તયબહની તરફ઼ ચાલો અને જુઓ કે આશિક઼ાને મુસ્તફ઼ા પોતાના આક઼ાના રોઝએ પાક પર હાજરી આપતી વેળા તડપી તડપીને આંખોએથી લોહીનાં આંસૂ વહાવીને કેવી રીતે જાણે પોતાની જાનોનાં નઝરાણા પેશ કરે છે.

**ગૌરસે સુન તો 'રઝા' કા'બે સે આતી હૈ સદા**
**મેરી આંખોંસે મેરે પ્યારેકા રૌઝા દેખો**

**અર્થાત :** કા'બાની બુલંદીનો તમારી નજરો વડે નઝારો કર્યો અને આસાનીથી કરી લીધો હશે, હવે જરા કા'બાના પરનાલાને ધ્યાનપૂર્વક જુઓ કે એનુ રુખ સીધુ મદીનાની તરફ઼ નથી ?! જાણે કે ઝબાને હાલથી કહી રહેલ છે કે હાજીઓ ! તમને શું ખબર મદીનાવાળી સરકારનો મર્તબો તથા મક઼ામ શું છે ?! મને પૂછો ! કે હું મૂર્તિઓની નજાસતથી ભરેલો હતો તો આ નબીએ આવીને મને પાક કરીને બયતુલ્લાહ બનાવી આપ્યો. એટલા માટે તો હું એમના આગમનની ખુશીમાં ત્રણ દિવસ તથા ત્રણ રાતો વજદ કરતો રહ્યો ! જેથી તમારી આંખો એના પાત્ર ક્યાં કે મહબૂબ ﷺના રોઝાને જોવાનો હક્ક઼ અદા કરી શકો, એટલા માટે મારી આંખો વડે મારા પ્યારાનો રોઝો જુઓ !

## (નઅત શરીફ઼ : ૪૪)

**પુલસે ઉતારો રાહ ગુઝ઼રકો ખબર ન હો**
**જિબ્રીલ પર બિછાએં તો પર કો ખબર ન હો**

*(ઉતારો = પાર કરો, રાહ ગુઝ઼ર કો = રસ્તાને, પર = પાંખ)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ જેવી રીતે આપના અમારા પર અગણિત એહસાનો છે તેવી રીતે એ પણ એહસાન આપની ઉમ્મત પર ફ઼ર્માવી દો કે જ્યારે ક઼યામતના વિસે આપની ઉમ્મત પુલસિરાતથી પસાર થવા લાગે તો આપની મદદ કામ આવી જાય અને ઉમ્મત એટલી સરળતાપૂર્વક એ બાલથી અધિક બારીક અને તલ્વારથી અધિક તેજ પુલ પરથી પસાર થઈ જાય કે ખુદ પુલને પણ ખબર ન પડે કે કોઈ મારા પર છે કે નહીં ! અને જ્યારે જિબ્રઈલે અમીન علیہ السلام પોતાની તમન્ના પૂરી કરવાના માટે આપની ઉમ્મતના ક઼દમોની નીચે પુલસિરાત પર પાંખો બિછાવે તો એમની પાંખોને પણ ખબર ન પડે. જેથી ન પુલનું કોઈ એહસાન અમારા પર થાય અને ન તો જિબ્રઈલ علیہ السلامના એહસાનમંદ રહીએ, અમો આપના ચાહવાવાળાઓ કેવળ આપના જ એહસાનોથી ઝ઼ુકેલા રહીએ. કેમ કે અમારા માટે તો સર્વ કાંઈ આપ જ છો. અમે જિબ્રઈલ علیہ السلامને પણ આપના થકી ઓળખ્યા છે, બલ્કે આપ ન બતાવત તો અમને ખુદાનો પણ પતો કઈ રીતે મળતો !

**કાંટા મેરે જિગરસે ગમે રોઝ઼ગાર કા**
**યૂં ખીંચ લીજિએ કે જિગર કો ખબર ન હો**

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ દુનિયાનાં દુઃખ દર્દ તથા રોજી રોટીની ચિંતાનો કાંટો મારા દિલેથી એ રીતે કાઢી હટાવી દો કે મારા દિલ તથા જિગરને એ કાંટાના નીકળવાનો એહસાસ તથા ખબર પણ ન પડે, જેથી હું એકાગ્રતા તથા સંપૂર્ણ ધ્યાનપૂર્વક આખી જિંદગી નચિંત થઈને આપના દીનના કામમાં ખોવાયેલો રહું અને એના સિવાય મારે બીજું અન્ય કોઈ કામ ન હોય.

**ફ઼ર્યાદ ઉમ્મતી જો કરે હાલે ઝ઼ારમેં**
**મુમ્કિન નહીં કે ખયરે બશર કો ખબર ન હો**

*(હાલે ઝ઼ાર = કફ઼ોડી હાલત)*

**અર્થાત :** વળી એવું કેવી રીતે થઈ શકે છે કે કોઈ આપનો મુસીબતમાં ફસાયેલ ઉમ્મતી ખુલૂસ નિય્યતની સાથે આપને પોકારે તો આપ તમામ ક઼ાઈનાત (સૃષ્ટિ)ના સરદાર થઈને પણ તેની ફરિયાદ ન સાંભળો ! જ્યારે કે આપના ગુલામોની એ શાન છે કે હઝ઼રત ઉમર ફ઼ારૂક઼ رضی اللہ عنہએ મસ્જિદે નબવીના મિમ્બર પર ઉભા રહીને સેંકડો માઈલ દૂર નહાવન્દમાં ઈસ્લામી લશ્કરની કેવળ એક શબ્દ "યા સારિયતલ્ જબલ" (હે સારિયા ! પહાડ !) બોલીને એવી મદદ ફ઼ર્માવી કે હાર, જીતમાં ફેરવાઈ ગઈ. *(મિશ્કાત, તારીખુલ ખુલફ઼ા)*

**કહતી થી યહ બુરાક઼સે ઉસ્કી સુબુક રવી**
**યૂં જાઈએ કે ગર્દે સફ઼ર કો ખબર ન હો**

**અર્થાત :** મેઅરાજની રાત્રે જ્યારે આપણા આક઼ા વ મૌલા ﷺ પોતાની સવારી (બુરાક઼) પર સવાર

થયા તો બુરાક઼ની ઝડપી ગતિ બુરાક઼ને કહી રહી હતી કે એવી સહૂલત તથા આરામથી ચાલજે કે રસ્તાને પણ ખબર ન પડે કે મારી ઉપર કોઈ જઈ રહ્યું છે.

**ફ઼ર્માતે હૈં યહ દોનોં હૈં સરદારે દો જહાં**
**અય મુર્તઝા અતીક઼ો ઉમર કો ખબર ન હો**

**અર્થાત :** સૈયદના અબૂબક્ર સિદ્દીક઼ તથા સૈયદના ઉમર ફ઼ારૂક઼ رضی اللہ عنہما ની ફઝીલતમાં એક હદીષના ભાવાર્થને આ શેઅરમાં વર્ણન કરવામાં આવી રહ્યો છે કે હુઝૂર ﷺએ સૈયદના હઝરત અલી رضی اللہ عنہને ઈર્શાદ ફર્માવ્યો, હે અલી ! આ બંનેવ (અબૂબક્ર, ઉમર) સરદાર છે. *(સિહાહ સિત્તહ)*

ઈબ્ને માજહ શરીફની એક હદીષ કે આપ ﷺએ ફર્માવ્યું, અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما આગલા પાછલા આધેડ એટલે બુઝુર્ગ ઉમ્મતીઓના (અંબિયા સિવાય) સરદાર છે. કદાચ એટલા માટે જ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ પોતાના ખિલાફતકાળમાં કૂફાની જામા મસ્જિદના મિમ્બર પર એલાન ફર્માવ્યું કે જે શખ્સ મને અબૂબક્ર તથા ઉમર (رضی اللہ عنہما) પર ફઝીલત આપશે તેને હું કોરડાઓની સજા આપીશ.

*બુગ્ઝ જિસ સીનેમેં હૈ સિદ્દીક઼ કા ફ઼ારૂક઼ કા—હૈ મુનાસિબ પીટને કે, હશ્ર તક પીટતા રહે !*

**ઐસા ગુમા દે ઉન્કી વિલામેં ખુદા હમેં**
**ઢૂંઢા કરે પર અપની ખબર કો ખબર ન હો**

**અર્થાત :** અલ્લાહ તબારક વ તઆલાથી દુઆ છે કે આપ ﷺ આપણને તેમની તથા આપના સહાબાએ કિરામ, વિશેષતઃ અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہما તેમજ હઝરત અલી رضی اللہ عنہની કે જે શૈખેન (અબૂબક્ર, ઉમર)ની ફઝીલતોને વર્ણન કરનારા છે, તેઓની મહોબ્બતમાં એવા ફના કરી આપે કે ખુદ આપણી ખબરને પણ ખબર ન પડે કે આપણે ક્યાં છીએ !

**અવ્વલ હરમ કો રોકનેવાલોં સે છુપકે આજ**
**યૂં ઉઠ ચલેં કે પહલૂઓ બરકો ખબર ન હો**

**અર્થાત :** હરમે નબવીથી રોકવાવાળાની સાથે આજે એક ચાલ ચાલીએ છીએ અને તે એ કે આજે એ રીતે હાજર થઈએ છીએ કે રોકવાવાળાઓને તો શું ખબર પડશે, ખુદ આપણા પાસાં તથા અંગોને પણ પતો લાગશે નહીં ! અને તે હાજરી દિલની હાજરી છે કે : *બૈઠે બૈઠે મેરી હાઝરી હો ગઈ !*

**તયરે હરમ હૈં યહ કહીં રિશ્તા બપા ન હોં**
**યૂં દેખિએ કે તારે નઝર કો ખબર ન હો**

**અર્થાત :** ક્યાંક હરમે નબવીના પક્ષીઓ સાથે આપણી (મહોબ્બતમાં) ભાગીદારી ન પેદા થઈ જાય જેથી સરકાર ﷺના રોઝાને એટલા અદબ સાથે જુઓ કે આંખની કીકી પણ જોતી જ રહી જાય અને એને ખબર જ ન પડે કે અમે કોને જોઈ લીધેલ છે !

મહોબ્બતની નઝાકતને સમજનારાઓ જાણે છે કે આંખો ઉપર પણ ગૈરત આવી જાય છે કે મહબૂબ મારો હોય અને આંખોને શું લાગે છે કે એનો દીદાર કરે ! અને કાન કોણ લાગે છે કે મારા મહબૂબની રાઝની વાતો સાંભળે !

*મહ઼બ્બત મઅના વ અલ્ફ઼ાઝમેં લાઈ નહીં જાતી–યહ એક ઐસી હક઼ીક઼ત હૈ જો સમજાઈ નહીં જાતી*

**અય ખારે તયબહ દેખ કે દામન ન ભીગ જાએ**
**યૂં દિલમેં આ કે દીદએ તરકો ખબર ન હો**

**અર્થાત :** હે મદીનાના કાંટા ! જો જે ક્યાંક મારી આંખ તને જોઈ ન લે અને તારા દામન પર કાંઈ છાંટો ન પડી જાય. એનો બેહતર ઉકેલ એ છે કે આંખને છોડ ! એ તારી શાનને લાયક જ નથી. (દરેકને જોતી રહે છે) આવ ! પ્યારા ! મારા દિલમાં ઉતરી જા ! જ્યાં મદીના મદીના જ સમાયેલ છે, જેથી મારી ભીની થયેલી આંખને ખબર પણ ન પડે અને મારું કામ પણ થઈ જાય.

*અર્ઝો સમા કહાં તેરી વુસ્અત કો પા સકે–મેરા હી દિલ હૈ વો કે જહાં તૂ સમા સકે*
*ક઼ાસિદ નહીં યહ કામ તેરા, અપની રાહ લે–ઈસકા પયામ દિલ કે સિવા કૌન પા સકે*

**અય શૌક઼ે દિલ યહ સજદા ગર ઉનકો રવા નહીં**
**અચ્છા વો સજદા કીજિયે કે સરકો ખબર ન હો**

**અર્થાત :** શરીઅતે મુહમ્મદી (ﷺ)માં અલ્લાહના સિવાય કોઈને પણ કોઈ પ્રકારનો પણ સજદો કરવો જાઈઝ નથી, વળી જો ઈબાદતનો સિજદો છે તો શિર્ક છે અને તા'ઝીમના માટે સજદો કર્યો તો હરામ છે. પરંતુ દિલનું મુશ્તાક઼ હોવું કે હુઝૂર ﷺને સજદો કરવામાં આવે, એ કેવળ ન જાઈઝ બલ્કે સહાબાએ કિરામના જઝબાતની તર્જુમાની છે, કે કેટલાયે મોક઼ાઓ પર તેમણે હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી કે જ્યારે જાનવર આપને સજદા કરે છે તો અમો કેમ ન કરીએ ?! આપ ﷺ ફર્માવે છે કે, "જો મારી શરીઅતમાં અલ્લાહના સિવાય કોઈને સજદો કરવો જાઈઝ હતો તો હું સ્ત્રીઓને હુકમ આપત કે પોતાના પતિઓને સિજદો કરે." *(કુતુબે અહાદીષ)*

પરંતુ તે સહાબીઓનું બતાવવું એ તો દર્શાવી જ રહ્યું છે કે દિલમાં શોખ તો હતો જ ! આ દિલના શોખને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં વર્ણન કર્યો છે. હે મારા દિલના ઉમંગની ભાવનાઓ ! ભલે સરકાર ﷺને સિજદો કરવું તો આપ ﷺએ મને ફર્માવી આપ્યું છે કે અલ્લાહના સિવાય કોઈના માટે જાઈઝ નથી, ચાલો ! કાંઈ વાંધો નહીં, ન ઈબાદતનો કરો, ન તા'ઝીમનો, પણ આશિક઼ીનો સજદો કરી લો કે જેની માથાને ખબર પણ નહીં થઈ શકે ! કે જેથી ઈશ્ક઼ો અદબનો તક઼ાઝો પણ પૂરો થઈ જાય અને શરીઅત તથા દીનનો તક઼ાઝો પણ પૂર્ણ થઈ જાય. એટલે કે સાપ પણ મરી જાય અને લાઠી પણ બચી જાય. એક અન્ય જગાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ ભાવાર્થ આ શબ્દોમાં રજૂ કરેલ છે :–

*પેશે નઝર વો નવબહાર, સજદે કો દિલ હૈ બેક઼રાર–રોકિયે સરકો રોકિયે ! હાં ! યહી ઈમ્તિહાન હૈ*

**ઉનકે સિવા 'રઝા' કોઈ હામી નહીં જહાં**
**ગુઝરા કરે પિસર પે પિદર કો ખબર ન હો**

**અર્થાત :** હે અહમદ રઝા ! તું એ કરીમ આક઼ા (ﷺ)નો ઉમ્મતી છે જે માબાપથી પણ ક્યાંક વધીને ઉમ્મતી પર મહેરબાન છે, અને એની દલીલ એ છે કે ક઼યામતના દિવસે બાપ તથા મા તો ઔલાદથી દૂર ભાગશે, અને આક઼ા ﷺ બાપની પણ શફ઼ાઅત ફ઼ર્માવશે અને બેટાની પણ ફર્માવશે. બાપને તો બેટાની પરવા નહીં હોય કે જન્નતમાં જાય કે જહન્નમમાં ! અને મુસ્તફ઼ા કરીમ ﷺને દરેકની ફ઼િકર હશે. આ કરમ નથી તો શું છે ?!

## (નઅત શરીફ઼ : ૪૫)

**ક્યા હી ઝ઼ૌક઼ અફ઼ઝ઼ા શફ઼ાઅત હૈ તુમ્હારી વાહ ! વાહ !**
**ક઼ર્ઝ઼ લેતી હૈ ગુનાહ પરહેઝ઼ગારી વાહ ! વાહ !**

*(ઝ઼ૌક઼ અફ઼ઝ઼ા = ઉમંગ શોખમાં વધારો કરનારી, ક઼ર્ઝ઼ = ઉધાર, ગુનાહ = ગુનો, પરહેઝ઼ગારી = તક઼્વો)*

**અર્થાત :** વાહ ! વાહ ! સુબ્હાનલ્લાહ ! કુર્બાન જાઉં ! હે મારા શફ઼ાઅતવાળા આક઼ા ! આપની બાબરકત શફ઼ાઅતની તો વાત જ શું કરીએ ? એટલા પ્રમાણમાં ઝ઼ૌક઼ તથા શૌક઼ અને લિજ્જત તથા ખુશીમાં વધારો કરી રહી છે કે પરહેઝ઼ગારી પણ કેટલાક ગુનાહ કોઈ ગુનેહગારથી કરજ રૂપે લેવા ચાલી નીકળી છે.

એટલે કે જ્યારે મુત્તક઼ી તથા પરહેઝ઼ગાર લોકો ક઼યામતના દિવસે હ઼ુઝ઼ૂર ﷺને ગુનેહગારોની શફ઼ાઅત કરતા જોશે તો તમન્ના કરશે કે જાતે પોતે પોતાની પરહેઝ઼ગારીથી જન્નતમાં જવા કરતાં તો સારું થાત કે હ઼ુઝ઼ૂર ﷺની શફ઼ાઅતથી જન્નતમાં જાત ! પછી એ સઆદત (સદ્ભાગ્ય) હાંસલ કરવા માટે તે કોઈ ગુનેહગારને કહેશે, યાર ! થોડા ગુનાહ અમને પણ કરજ રૂપે આપો જેથી અમે પણ હ઼ુઝ઼ૂર ﷺની શફ઼ાઅતની મજા પામીને જન્નતમાં જઈએ !

શફ઼ાઅતની ભીખ માંગનારાઓમાં કેવળ આપણા જેવા ગુનેહગારો જ નથી બલ્કે અતાએ રસૂલ, હિંદલ વલી, ગરીબ નવાઝ઼, ખ્વાજાએ ખ્વાજગાન, નવ્વાણુ લાખ કાફિરોને કલ્મો પઢાવનારા હ઼ઝ઼રત ખ્વાજા મોઈનુદ્દીન હસન સંજરી ચિશ્તી અજમેરી رحمۃ اللہ علیہ જેવા પણ સામેલ છે. આપ અર્ઝ઼ કરે છે : (અર્થ) : "યા રસૂલલ્લાહ ! ﷺ સેંકડો જુર્મો હોવા છતાં ક઼યામતના દિવસે આપનાથી હું શફ઼ાઅતની ઉમ્મીદ રાખુ છું."

અને એ જ તડપનું પ્રદર્શન આ'લા હ઼ઝ઼રત رحمۃ اللہ علیہના બિરાદર ઉસ્તાદે ઝ઼મન હ઼ઝ઼રત મૌલાના હસન રઝ઼ાખાં رحمۃ اللہ علیہ આ શબ્દો કરે છે :–

*મેહશરમેં કિસીને ભી મેરી બાત ન પૂછી–હામી નઝ઼ર આયા તો બસ ઈક તૂ નઝ઼ર આયા*
*બાઝ઼ારે ક઼યામતમેં જિન્હેં કોઈ ન પૂછે–ઐસોં કા ખરીદાર હમેં તૂ નઝ઼ર આયા*

**ખામાએ કુદરત કા હુસ્ન દસ્તકારી વાહ ! વાહ !**
**ક્યા હી તસ્વીર અપને પ્યારે કી સંવારી વાહ ! વાહ !**

*(ખામાએ કુદરત = અલ્લાહની કુદરતનો ક઼લમ, દસ્તકારી = કારીગરી)*

**અર્થાત :** હે મારા રબ ! તારી કારીગરી અને તારા ક઼લમની શક્તિ, સર્જનની કળા પર કુર્બાન જાઉં ! તેં તારા પ્યારા મહબૂબ ﷺની સૂરત કેવી અનુપમ, લાજવાબ અને બાકમાલ બનાવી છે કે તેને જોઈને કહેવું પડે છે : *તેરી સૂરતસે નહીં મિલતી કિસી કી સૂરત–હમ જહાંમેં તેરી તસ્વીર લિએ ફિરતે હૈં*

**અર્થાત :** હ઼ઝ઼રત જિબ્રઈલ علیہ السلامએ હ઼ુઝ઼ૂર ﷺની બારગાહમાં અર્ઝ઼ કરી જેને હ઼ઝ઼રત ઈબ્ને મસઊદ

رضی اللہ عنہએ રિવાયત કર્યું કે અલ્લાહ ફર્માવે છે : હઝરત યૂસુફ علیہ السلامને મેં કુર્સીના નૂરનું હુસ્ન આપ્યું અને હે મહબૂબ! તારા ચહેરાને મેં મારા અર્શનું નૂર પહેરાવી દીધું. *(નુસ્રતુલ વાઈઝીન)*

**અશ્ક શબભર ઈન્તેઝારે અફ્વે ઉમ્મતમેં બહેં**
**મૈં ફિદા ચાંદ ઔર યૂં અખ્તર શુમારી વાહ ! વાહ !**

*(અશ્ક = આસૂં, શબભર = રાતભર, અફ્વ = માફી, અખ્તર શુમારી = તારાઓની ગણત્રી)*

**અર્થાત** : હે પૂરી રાત ઉમ્મતના ગુનાહોની બખ્શિશ માટે રડનાર માહતાબે આસ્માને નબુવ્વત ! હું આપના કદમો પર કુર્બાન થઈ જાઉં કે આપે અમ ગુનેહગારોના માટે કઈ રીતે જાગી જાગીને અને તારાઓ ગણી ગણીને રાતો ગુજારી છે.

**ઉંગ્લિયાં હૈં ફૈઝ પર ટૂટે હૈં પ્યાસે ઝુમકર**
**નદ્યિાં પંજાબે રહમત કી હૈં જારી વાહ ! વાહ !**

**અર્થાત** : સુલહે હુદૈબિયહ તથા અન્ય કેટલાયે મોકાઓ પર જ્યારે પાણી ખત્મ થઈ ગયું તો સરકારે મદીના صلی اللہ علیہ وسلمએ પોતાનો દસ્તે અતા વાસણમાં રાખ્યો તો પાણીની નહેરો વહેતી થઈ ગઈ. હજારથી અધિક સહાબાએ કિરામે પાણી પીધું, વુઝૂ કર્યું, ગુસ્લ કર્યું, સવારીઓને પીવડાવ્યું અને અન્ય જગાઓ પર પણ ઉપયોગમાં લીધું, પણ પાણી છે કે ખત્મ થવાનું નામ જ નથી લેતું ! અને સહાબાને જ્યારે પૂછવામાં આવ્યું કે તમે કેટલા હતા ? તો તેમણે તરત જવાબ આપ્યો કે ૧૪૦૦ હતા, પણ જો એક લાખ પણ હોત તો પણ પાણી ખત્મ ન થાત. આ વાત એટલા માટે જણાવી દીધી કે સવાલ કરનારો એવું ન સમજે કે કદાચ એના પછી થોડુક જ બચ્યું હશે. ઓછુ કેવી રીતે થઈ શકે છે કે કેમ કે હૌઝે કૌષરના ખાલિકે, કૌષરના માલિકની આંગળીઓનું કનેકશન હૌઝે કૌષર સાથે કરી આપ્યું હતું. ત્યારે તો આ'લા હઝરત رضی اللہ عنہએ એને પંજાબે રહમત કહ્યું કે રહમતના પાંચ દરિયા અને નહેરો હતી જે વહી રહી હતી. આપની ફયઝ પહોંચાડનારી આંગળીઓએથી જ્યારે પાંચ નહેરો જારી થઈ તો હુઝૂરના આશિક સહાબાએ કિરામ પોતાની તરસ બુઝાવવા માટે વજ્દ કરતા દોડયા કે એ પાણીમાં યકીનન હૌઝે કૌષરની લિજ્જત હશે, પીવાની મજા તો આજે આવશે કે એ પાણી વજૂદે મુસ્તફાની ખુશ્બુથી મોઅત્તર છે.

**નૂર કી ખયરાત લેને દોળતે હૈં મહરો માહ**
**ઉઠતી હૈ કિસ શાનસે ગર્દે સવારી વાહ ! વાહ !**

**અર્થાત** : શબે મેઅરાજ સરકાર صلی اللہ علیہ وسلمની સવારી કાંઈક એવી સજીધજીને, આન બાન તથા શાનો શૌકતથી ચાલી અને આપના ચહેરાનું નૂર અંધારી રાતને એ પ્રમાણે રોશન કરી રહ્યું હતું અને પોતાનો પૂરો શબાબ તથા જોબન દેખાડી રહ્યું હતું કે સવારીની ઉઠતી નૂરાની ધૂળમાં જ ચાંદ તથા સૂરજ આપનાથી નૂરની ખૈરાત લેવા માટે ભીખ પાત્ર લઈને દોડી પડયા, અને દરેક અર્ઝ કરવા લાગ્યા કે :–

*મૈં ગદા તૂ બાદશાહ ભર દે પિયાલા નૂર કા–નૂર દિન દૂના તેરા દે ડાલ સદકા નૂર કા*

અને આસમાનમાં સૈર કરતા દરેકને (તારાઓને) આ પણ કહેતા સાંભળવામાં આવ્યા કે :–

*ભીક લે સરકાર સે લા જલ્દ કાશા નૂર કા–માહે નવ તયબહમેં બટતા હૈ મહીના નૂર કા*

**નીમ જલ્વે કી ન તાબ આએ ક઼મર સાં તો સહી**
**મહર ઔર તલ્વોં કી આઈનાદારી વાહ ! વાહ !**

*(નીમ = અડધુ, તાબ = સહન કરવું, ક઼મર સાં = ચાંદ જેમ, મહર = સૂરજ, તલ્વોં = પગનાં તળિયાં, આઈનાદારી = ચમક)*

**અર્થાત :** જેમના તળિયાઓનું ધોવણ આબે હયાત, અને જે જમીન પર તે તળિયાં સ્પર્શે તેની કુર્આન ક઼સમો ઉઠાવતું હોય, અને જે ક્યારેક તાઈફના બજારોમાં લોહીલુહાણ થતા હોય તો કદીક અર્શ પર જલ્વાગર થાય, તો ભલા ચાંદ તથા સૂરજમાં એ તળિયાંઓના જલ્વામાંથી અડધા જલ્વાની આઈનાદારીની તાબ પણ ક્યાંથી હોય શકે છે ?!

*ઉનકા દર ચુમને કા સિલા મિલ ગયા—સર ઉઠાયા તો મુઝકો ખુદા મિલ ગયા*
*કુછ ન પૂછ કે મૈં કૈસે 'બેકલ' હુવા—મુઝકો કમલીમેં નૂરે ખુદા મિલ ગયા*

**નફ્સ પે કયા ઝુલમ હૈ જબ દેખો તાઝા જુર્મ હૈ**
**નાતવાં કે સરપે ઈતના બોજ ભારી વાહ ! વાહ !**

**અર્થાત :** હે બુરા નફ્સ ! નફ્સે અમ્મારા ! આ શું જુલ્મ છે અને તું કેવો જાલિમ છે કે દરેક ક્ષણે તું એક નવો જુર્મ કરીને મારા કમજોર ખભાઓ પર આટલો બોજ નાખતો જઈ રહ્યો છે ?! (અમારા આક઼ા ! ﷺ માફ કરાવવાના પર લાગેલા છે અને તું છે કે જુર્મ પર જુર્મ કર્યે જાય છે ! તને શરમ આવવી જોઈએ અને અલ્લાહના નબી ﷺને ગુનાહો કરીને પેરશાન ન કરવા જોઈએ.)

*સરકાર કી રહમતસે માયૂસ નહીં હૂં—હૈં ગરચે ગુનાહ મેરે સમંદર કે બરાબર*

**મુજરિમોંકો ઢુંઢતી હૈ રહમતકી નિગાહ**
**તાલેએ બરગશ્તા તેરી સાઝગારી વાહ ! વાહ**

*(તાલેએ બરગશ્તા = ઉલ્ટા નસીબવાળા, બદનસીબ, સાઝગારી = નિભાવવું)*

**અર્થાત :** આ બાજુ આપણી હાલત તો એવી છે કે દરેક પળે એક નવો ગુનોહ કરી રહ્યા છીએ અને પેલી બાજુ ક઼યામતના દિવસે આપણા આક઼ા ﷺની હાલત એ હશે કે આપની રહમત ખુદ મુજરિમો પર શફાઅતનો સાયો કરવાના માટે શોધી રહી હશે. વાહ રે મુજરિમ ! તું હતો તો બદનસીબ, પરંતુ તારી બદનસીબીની સાથે હુઝૂર ﷺની રહમતે કેવી રીતે નિભાવીને તારો બેડો પાર કર્યો છે !

*જાએગી હંસતી હૂઈ ખલામેં ઉમ્મત ઉન્કી—કબ ગવારા હૂઈ અલ્લાહકો રિક્ક઼ત ઉન્કી*
*પાર હો જાએગા એક આનમેં બેળા અપના—કામ કર જાએગી મહશરમેં શફાઅત ઉનકી*

**અર્ઝ બચગી હૈ શફાઅત અફ્વકી સરકાર મેં**
**છટ રહી હૈ મુજરિમોંકી ફ઼ર્દ સારી વાહ ! વાહ !**

*(છટ રહી હૈ = પૂછતાછ થઈ રહી છે, ફ઼ર્દ = હિસાબ કિતાબની યાદી,*
*અર્ઝ બચગી હૈ = અહલકાર (કાર્યકર)ની સાથે દરખાસ્ત મોકલી છે)*

**અર્થાત :** અલ્લાહ તઆલાની બારગાહના ખાસ કાર્યકર્તાઓ (ફરિશ્તાઓ) હુઝૂર ﷺની શફાઅતના કારણે યાદીઓ લઈને બેસી ગયા છે અને ધડાધડ હુઝૂરની શફાઅતની ખુશખબરી ગુનેહગારોને સંભળાવી રહ્યા છે. ફલાણો આવી જાય ! ફલાણીની શફાઅત થઈ ગઈ ! ફલાણો પણ બખ્શવામાં આવ્યો ! લો હવે મારી પણ જુર્મના હિસાબ કિતાબની યાદી રજૂ થઈ ગઈ ! આ લો મને પણ શફાઅતની ખુશખબરી સંભળાવવામાં આવી ! કેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું છે : "મારી શફાઅત મોટા મોટા ગુનેહગારો માટે છે." અને આપ ﷺએ એ પણ ફર્માવ્યું છે કે "હું ત્યાં સુધી રાજી નહીં થાઉં જ્યાં સુધી કે મારો એક ઉમ્મતી પણ દોઝખમાં રહેશે." અને અલ્લાહે તો તેમને ગમે તેમ રાજી કરવાના છે. ولسوف يعطيك ربك فترضىٰ (સુબ્હાનલ્લાહ !)

**ક્યા મદીનેસે સબા આઈ કે ફૂલોંમેં હૈ આજ**
**કુછ નઈ બૂ ભીની ભીની પ્યારી વાહ ! વાહ !**

**અર્થાત :** ત્યારે હું કહીશ કે આજે ફૂલોએથી ઘણી ભીની ભીની તથા પ્યારી પ્યારી ખુશ્બુ શાથી આવી રહી છે ? આ તેમની પોતાની તો નથી લાગતી ?! હા ! હા ! ખબર પડી કે મદીનાથી બાદે સબા (સવારની હવા) ચાલી છે જેણે ફૂલોમાં આટલી ઉમદા પ્રકારની ખુશ્બુ પેદા કરી દીધી છે.

*હૈ તેરે હી દમ ક઼દમસે મેરી ઝિંદગી સુહાની–હૈ ચમનકી તાઝગીમેં તેરે નૂરકા નઝારા*

**ખૂદ રહે પર્દે મેં ઔર આઈના અકસ ખાસકા**
**ભેર કર અંજાનોંસે કી રાઝદારી વાહ ! વાહ !**

*(રાઝદારી = રાઝ છુપુ રાખવું, અમુક નુસ્ખાઓમાં "રાહદારી" છે જેનો અર્થ રસ્તેથી પસાર થવાનો પરવાનો)*

**અર્થાત :** આ શેઅર જો કે અમુક નુસ્ખાઓમાં નથી તેમ છતાં એના બે ભાવાર્થ થઈ શકે છે, એક એ કે અલ્લાહ તઆલા ખુદ તો નજર નથી આવતો પરંતુ પોતાના જલ્વા મહબૂબને અતા કરી આપ્યા અને મહબૂબના થકી પોતાની મખ્લૂક઼ની (કે જે ગુમરાહીમાં ફસાતી ફરી રહી હતી) રહનુમાઈ ફર્માવી. કુર્આન મજીદની આયત : وان كانوا من قبل الفى ضلل مبين તથા من رانى فقدراى الحق હદીષને મિલાવીને અને સમજીને પઢવાથી જમાલના અકસ (પ્રતિબિંબ)નો આઈનો અને અજાણ્યાઓનો તસવ્વુર આયત વડે સારી રીતે સમજમાં આવી જાય છે. ડો. ઈકબાલ ફર્માવે છે :–

*રુએ મુસ્તફા હૈ વો આઈના કે અબ ઐસા દુસ્રા આઈના*
*ન હમારી બઝ્મે ખયાલમેં ન દુકાને આઈના સાઝમેં*

જ્યારે કે બીજો ભાવાર્થ એ છે કે અલ્લાહના પ્યારા મહબૂબ ﷺ ખુદ તો પર્દામાં (રોઝા અન્વરમાં) તશરીફ લઈ ગયા, પરંતુ પોતાના ખાસ પ્રતિબિંબ (આઈનાએ અકસ ખાસ એટલે સહાબા, અહલે બયતે અત્હાર તથા અવલિયાએ કિરામ)ને લોકોના માર્ગદર્શન માટે દુનિયાના વિવિધ ભાગોમાં મોકલી આપ્યા. તેમની તઅલીમાત, અખ્લાક઼ તથા કિરદાર હુઝૂર ﷺના જલ્વાઓથી ફયઝયાબ છે અને તેમની સૂરતમાં હુઝૂર મદીનામાં રહીને પણ જાણે દરેકના સામે જલ્વાફર્મા (હાજર) છે.

*કૌન કહતા હૈ આક઼ા મદીનેમેં હૈં, મેરી આંખોંમેં હૈં મેરે સીને મેં હૈં*
*જલ્વએ મુસ્તફા હો અગર સામને, લઝ઼્ઝતેં કિસ ક઼દર અશ્ક પીનેમેં હૈં*

**ઈસ તરફ઼ રોઝેકા નૂર ઉસ સિમ્ત મિમ્બરકી બહાર**
**બીચમેં જન્નતકી પ્યારી પ્યારી કયારી વાહ ! વાહ !**

**અર્થાત** : સુબ્હાનલ્લાહ ! હે મુસ્તફા ﷺના આશિક઼ો ! જરા મદીના શરીફ જઈને તો જુઓ ! એક તરફ રોઝાએ અન્વરનું નૂર છે અને બીજી તરફ મારા આક઼ા ﷺના મિમ્બરની બહારો છે, અને વાહ ! વાહ ! દરમિયાનનો હિસ્સો ફર્માને રસૂલ ﷺ છે : "મારા ઘર (રોઝા) અને મારા મિમ્બરની વચ્ચેની જગા જન્નતના બાગોમાંથી એક બાગ છે." એ તો જન્નતની પ્યારી પ્યારી જમીનનો પ્યારો પ્યારો ટુકડો છે ! આવો હસીન મંઝર વળી તમને ક્યાં જોવા મળશે ?! ત્યાં જાવ અને પોતાના આક઼ા ﷺની બારગાહમાં, રોઝાએ રસૂલ ﷺ અને મિમ્બરે રસૂલ ﷺની વચ્ચે જન્નતની કયારીમાં બાઅદબ માથુ ઝુકાવીને આપણા આક઼ા તથા શબે અસ્રાના દુલ્હાને દુરૂદોના ગજરા અને સલામોના સેહરા ઝુમી ઝુમીને પેશ કરો.

**સદક઼ે ઈસ ઈનામ કે કુર્બાન ઈસ ઈકરામ કે**
**હો રહી હૈ દોનોં આલમમેં તુમ્હારી વાહ ! વાહ !**

**અર્થાત** : હે મારા પ્યારા નબી ! ﷺ અલ્લાહના આ ઈનામ પર નિછાવર થઈ જાઉં ! અને જે તેણે આપને ઈજ્જત અતા કરી છે એના પર કુર્બાન જાઉં કે બંને જહાનમાં આપની જ અઝમતની ચર્ચાઓ થઈ રહી છે, અને કેમ ન થાય કે આપના જ માટે અને આપના જ સદક઼ામાં બંનેવ જહાન બનાવવામાં આવ્યાં છે. આપ ન હોત તો ન ફૂલમાં ખુશ્બુ હોત ન બુલબુલનું તરન્નુમ (ગીત, કલરવ) હોત ન કળીઓનું તબસ્સુમ (સ્મિત) હોત.
**لو لاک لما خلقت الا فلاک۔ لولاک لما اظہرت الربوبیۃ**

**પારાએ દિલ ભી ન નિકલા દિલસે તોહફ઼ે મેં 'રઝ઼ા'**
**ઉન સગાને કૂસે ઈત્ની જાં પ્યારી વાહ ! વાહ !**

**અર્થાત** : હે અહમદ રઝા ! (પોતે પોતાને કહે છે) તમે કેવા આશિક઼ે રસૂલ છો કે સૈયદે આલમ ﷺની ગલીના કૂતરાઓના માટે પોતાના દિલનો એક ટુકડો પણ ન કાઢી શક્યા ?! વાહ ! વાહ ! પોતાની જાનથી આટલો પ્યાર ?! અને મદીનાની ગલીના કૂતરાઓથી પોતાના દિલને બચાવી બચાવીને રાખી રહ્યા છો ! શું તમે જાણતા નથી કે એમના દરના કૂતરાનો શો મક઼ામ છે ?!

*સર વહી જો ઉન્કે ક઼દમોંસે લગે – દિલ વહી જો ઉનપે શયદા હો ગયા*
*ઉસકો શેરોં પર શરફ હાસિલ હુવા – આપકે દરકા જો કુત્તા હો ગયા*

## (નઅત શરીફ઼ : ૪૬)

**રોનકે બઝ્મે જહાં હૈં આશિક઼ાને સોખ્તહ**
**કહ રહી હૈ શમ્અ કી ગોયાં ઝબાને સોખ્તહ**

*(રોનક = ચમક દમક, બઝ્મ = મેહફિલ, આશિક઼ાને સોખ્તહ = દિલ જલે)*

**અર્થાત :** આ સૃષ્ટિની સર્વ રોનકો આશિક઼ાને રસૂલ ﷺના જ કારણે છે અને આ વાતની ગવાહી શમ્અ પણ આપી રહી છે કે જે ખુદ સળગતી રહે છે અને મેહફિલને રોશનીઓ વહેંચતી રહે છે.

*ઈશ્ક઼ જિસ દિલમેં નહીં વો દિલ નહીં—યાર કે રહને કી વો મંઝિલ નહીં*

**જિસકો ક઼ુર્સે મહર સમઝા હૈ જહાં અય મુન્ઈમો**
**ઉનકે ખ્વાને જૂદ સે હૈ એક નાને સોખ્તહ**

*(ક઼ુર્સે મહર = સૂરજનો ગોળો, મુન્ઈમો = મુન્ઈમનું બહુવચન માલદારોના અર્થમાં, ખ્વાને જૂદ = સખાવતનું દસ્તરખાન, નાને સોખ્તહ = સળગેલી રોટી)*

**અર્થાત :** હે દુનિયાવાળાઓ ! ઈશ્ક઼થી અજાણ અને માલો દૌલતના લાલચુ દુનિયાદારો ! જેને સૂરજ સમજો છો, ભલા આશિક઼ાને મુસ્તફા ﷺને પૂછો કે એ શું છે ?! તો એ તમને બતાવશે કે એ અમારા આક઼ા ﷺના દસ્તરખાનની સળગી ગયેલી કેવળ એક રોટી છે.

*અબ ઈસકો જોશે ઈશ્ક઼ સમઝ યા જુનૂને ઈશ્ક઼—આતા હૈ નામ તેરા લબોં પર ખુદા કે બાદ*

**માહે મન યહ નૈયરે મહશર કી ગર્મી તા બકે**
**આશિતે ઈસ્યાં કે ખૂદ જલતી હૈ જાને સોખ્તહ**

*(માહે મન = મારા ચાંદ, નૈયર = સૂરજ, તા બકે = ક્યાં સુધી, ઈસ્યાં = ગુનાહ)*

**અર્થાત :** હે મારા (મદની) ચાંદ (આક઼ાએ દો જહાં ﷺ) ! આપના હોવા છતાં આ મેહશરના સૂરજની ક઼યામતખેઝ ગરમી ક્યાં સુધી રહેશે ?! અમારી જાન તો ગુનાહોની આગમાં પહેલાંથી જ સળગી રહી છે. આ સૂરજે તો શરીરને પણ સળગાવવાનું શરૂ કરી આપ્યું છે. થઈ જાય જરા અબરે કરમનો એક છાંટો તેના મોં પર કે જેથી તેનો જોશ તો ખત્મ થાય, અને આપના દીદારના મતવાલાઓને જોઈને જાણી લે કે આ દીવાના મને જોવાને માટે નથી એકઠા થયા પણ એ તો પોતાના મહબૂબને જોવા ભેગા થયા છે !

*ફ઼ક઼ત ઈતના સબબ હૈ ઈન્એક઼ાદે બઝ્મે મેહશર કા—કે ઉન્કી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ*

**બર્ક઼ે અંગુશ્તે નબી ચમકી થી ઈસ પર એકબાર**
**આજ તક હૈ સીનએ મહ મેં નિશાને સોખ્તહ**

*(બર્ક઼ે અંગુશ્તે નબી = હુઝૂર ﷺની આંગળીની વીજળી (નૂર), સીનએ મહ = ચાંદનો સીનો)*

**અર્થાત :** હબીબે યમની અને મક્કાના કાફિરોની માંગણી પર આપે રોશન ચાંદ પર એક જ વાર પોતાની આંગળીની વીજળી પાડી હતી, આજ સુધી એના સીના પર સળગેલાનું નિશાન મૌજૂદ છે, જે દુનિયાવાળાઓને એ દર્સ આપી રહેલ છે કે શું પૂછો છો આંગળીના ઈશારાનું ?!

*ઉઠે તો બિજલી પનાહ માંગે–ગિરે તો ખાના ખરાબ કર દે*

**મહરે આલમ તાબ ઝુકતા હૈ પએ તસ્લીમ રોઝ**
**પેશે ઝર્રાતે મઝાર બયદલાને સોખ્તહ**

*(મહરે આલમ તાબ = જગતને રોશન કરનારો સૂરજ, પએ તસ્લીમ = સલામીના માટે, રોઝ = દરરોજ, પેશ = સામે, ઝર્રાતે મઝાર = કબ્રના રજકણો, બયદલાં = આશિકાને રસૂલ)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ આપની મહોબ્બતમાં જેઓ પોતાના જાન તથા દિલને સળગાવી ચૂક્યાં છે તેમનો કેવો મકામ થઈ ગયો કે તેમના મઝારની ખાકને સૂરજ પણ સલામ કરીને પસાર થાય છે. જો કોઈને યકીન ન આવે તો અસ્હાબે કહફનો બનાવ પઢી લે.

**وَتَرَى الشَّمْسَ اِذَا طَلَعَتْ تَّزٰوَرُ عَنْ كَهْفِهِمْ ذَاتَ الْيَمِيْنِ وَاِذَا غَرَبَتْ تَّقْرِضُهُمْ ذَاتَ الشِّمَالِ وَهُمْ فِيْ فَجْوَةٍ مِّنْهُ**

**તર્જુમો :** "અને હે મહબૂબ ! તમે સૂર્યને જોશો કે જ્યારે નીકળે છે તો તેમની ગુફાથી જમણી બાજુ ફંટાય જાય છે અને જ્યારે અસ્ત થાય છે ત્યારે તેમની ડાબી બાજુ વંકાય જાય છે. જો કે તેઓ ગુફાના ખુલ્લા મેદાનમાં છે.
*–(સૂરએ કહફ, આ. ૧૭)*

કોઈ પોતાના અનુવાદકનો તર્જુમો જોઈ લે, જો આ'લા હઝરત رحمۃ اللہ علیہનો તર્જુમો કન્ઝુલ ઈમાન પસંદ નથી તો ! પરંતુ એકવાર યાદ રાખશો કે જ્યારે હઝરત ઈસા علیہ السلامના "બે દિલાને સોખ્તહ" (આશિકો)ની શાન આ છે તો મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ પર જાન નિછાવર કરનારાઓનો મકામ શું હશે ?!

*ક્યા અકલને સમઝા હૈ ક્યા ઈશ્કને સમઝા હૈ–ઉન ખાક નશીનોં કી ઠોકરમેં ઝમાના હૈ*

**કૂચએ ગેસૂએ જાનાંસે ચલી ઠંડી નસીમ**
**બાલો પર અફશાં હોં યા રબ બુલબુલાને સોખ્તહ**

*(કૂચએ ગેસૂએ જાનાં = મહબૂબની ઝુલ્ફોની ગલી, નસીમ = નરમ અને સુગંધીદાર હવા, અફશાં = ઝટકવું, છાંટવું)*

**અર્થાત :** હે અલ્લાહ ! તારા મહબૂબ ﷺના ગેસૂઓ (મુબારક બાલો)ને સ્પર્શીને ચાલનારી હવા ક્યારે અહીં પહોંચશે ?! કેમ કે સોખ્તા બુલબુલો (આશિકાને મુસ્તફા ﷺ) પોતાનો વાળો તથા પાંખો એ હવા પર નિછાવર કરવા તૈયાર લઈને બેઠેલ છે કે મદીનાની હવા આવે અને અમે સરકાર ﷺની નઅતખ્વાનીમાં વ્યસ્ત થઈ જઈએ. "કૂચએ ગેસૂએ જાન"થી હુઝૂર ﷺની સીધી તથા નૂરાની માંગ (સેંથો) મુરાદ છે જેના બારામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ પોતાના મશહૂરે ઝમાના સલામમાં ફર્માવે છે :–

*લયલતુલ કદ્રમેં મત્લઉલ ફજરે હક્ક–માંગ કી ઈસ્તિકામતપે લાખોં સલામ*

તો ગેસૂએ જાનાંનો કૂચો (ગલી) કહેવામાં જે હુસ્ન તથા ઈતાઅત છે એની મજા અહલે ઈશ્કો મહબ્બત જ

લઈ શકે છે. ઈશ્કનો શબ્દ સાંભળીને લકવાગ્રસ્તની જેમ થઈ જનારા ઈશ્ક઼ના રાઝને શું સમજી શકે ?!

**બહરે હક્ક઼ અય બહરે રહ઼મત ઈક નિગાહે લુત્ફ બાર**
**તા બકે બેઆબ તળપેં માહિયાને સોખ્તહ**

*(બહર = વાસ્તે, બહર = સમુદ્ર, બાર = વરસાવ, બેઆબ = પાણી વિના, માહિયાન = માહીનું બહુવચન, માછલીઓ)*

**અર્થાત :** હે મારા પ્યારા રહ઼મતવાળા આક઼ા ! અબ્રે રહ઼મત (રહ઼મતના વાદળ)થી એક છાંટો વરસાવી દો, આપના દીદારના પ્યાસા ક્યાં સુધી પાણી વિનાની માછલીઓ જેમ તડપતા રહેશે ?!

**રૂકશે ખુર્શિદે મહશર હો તુમ્હારે ફયઝસે**
**ઈક શરારે સીનાએ શયદાઈયાને સોખ્તહ**

*(રૂકશ = શર્મિંદા, શરાર = ચિન્ગારી)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! આપના ફયઝે કરમથી આપના આશિક઼ોનો ક઼યામતના દિવસે શું મક઼ામ હશે કે તેમના સીનાઓએથી આપના ઈશ્ક઼નો એક જ શોલો (ભડકો) સૂરજને શર્મિંદા કરી દેશે અને એ દીવાનાઓનો સામનો ન કરી શક્તાં પરત થઈ જશે. તો આપનું એ શયદાઈયાને દિલ સોખ્તહ (આશિક઼ાને મુસ્તફા ﷺ) પર કેટલું એહસાન છે કે :–

*ગમ દે કે અપને ઈશ્ક઼ કે ક઼ાબિલ બના દિયા–મમનૂન હૂં કે દિલ કો મેરે દિલ બના દિયા*

**આતિશે તર દામનીને દિલ કિએ ક્યા ક્યા કબાબ**
**ખિઝર કી જાં હો જિલા દો માહિયાને સોખ્તહ**

*(આતિશે તરદામની = ગુનેહગારીની આગ, ખિઝર કી જાન = હુઝૂર ﷺ, જિલા દો = જીવંત કરી દો)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ ગુનાહોની આદતે દિલને સળગાવી સળગાવીને કબાબ પર કબાબ બનાવી દીધું છે. હું આપની નિગાહે રહ઼મતથી શા માટે માયૂસ થઈ જાઉં અને સમજવા લાગું કે આ મુર્દા થયેલા દિલને આપ જીવંત નથી કરી શક્તા ?! જો હઝરત મરયમનો હાથ લાગે તો ખજૂરની સૂકી ડાળી ખજૂરો આપી શકે છે : **وَهُزِّيٓ اِلَيۡكِ بِجِذۡعِ النَّخۡلَةِ تُسٰقِطۡ عَلَيۡكِ رُطَبًا جَنِيًّا** તર્જુમો : "અને ખજૂરનું મૂળ પકડીને પોતાની તરફ હલાવ, તારા પર તાજુ ખજૂર પડશે."*(સૂરએ મરયમ, આ. ૨૫)* હઝરત ખિઝર عليه السلام શેકેલી માછલીને જીવંત કરી શકે છે, તો આપ તો હે મારા આક઼ા ! ﷺ આપ તો હઝરત ખિઝરની પણ જાન છો ! આપના માટે એને જિંદગી આપવી કયુ મુશ્કેલ કામ છે ? આપની એક નઝરે કરમ થઈ જાય તો મારા મુર્દા દિલ જેવાં હજારો લાખો દિલ જીવંત થઈ જાય !

*ઈક દિલ હમારા કયા હૈ આઝાર ઉસકા કિતના–તુમને તો ચલતે ફિરતે મુર્દે જિલા દિયે હૈં*

**આતિશે ગુલહાએ તયબહ પર જલાને કે લિએ**
**જાન કે તાલિબ હૈં પ્યારે બુલબુલાને સોખ્તહ**

*(ગુલહાએ તયબહ = મદીનાનાં ફૂલ, જાનકે તાલિબ = જાન કુર્બાન કરવાની ઈજાઝત તલબ કરનારા)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ આપના તયબહ શહેરનાં ખિલેલાં લાલ રંગનાં ફૂલો આશિકોને પોતાની તરફ ખેંચી રહ્યાં છે, જો આપ ઈજાઝત ફર્માવો તો એને શોલા (જેવાં ફૂલો)ને અમારી જાન જલાવી (નિછાવર કરી) દઈએ જેથી દિલ જલા બુલબુલોની તરફથી મહોબ્બતનું નઝરાણુ થઈ જાય, અને આ રીતે અમને આપની રઝામંદી પણ હાંસલ થઈ જાય. જાન આપીને પણ આપની રઝા મળી જાય તો મોંઘી નથી બલ્કે સસ્તી છે.

**લુત્ફે બર્કે જલ્વએ મેઅરાજ લાયા વજ્દમેં**
**શોલાએ જવાલા સાં હૈ આસ્માન સોખ્તહ**

*(લુત્ફ = મહેરબાની, બર્ક = વીજળી, જલ્વએ મેઅરાજ = મેઅરાજનો જલ્વો, વજ્દ = ઝૌક શોખ ઉમંગ, દીવાનગી, શોલએ જવાલા સાં = ફરનારા શોલાની જેમ)*

**અર્થાત :** મેઅરાજે પાકના જલ્વાએ સોખ્તહ આસ્માન પર એટલા પ્રમાણમાં વજ્દ પેદા કરેલ છે કે એ જ દિવસથી શોલએ જવાલા (ઘુમનારા શોલાઓ)ની જેમ ચક્કર મારી રહેલ છે અને આસ્માન કેમ ન કયામત સુધી ઘુમતુ ફરે કે આપ ﷺનું વજૂદે બાવજૂદ જ એવું છે કે :–

*અય કે તેરે વજૂદ પર ખાલિકે દો જહાં કો નાઝ !–અય કે તેરા વજૂદ હૈ વજૂદે કાઈનાત*

**અય 'રઝા' ! મઝમૂન સોઝ દિલ કી રિફઅતને કિયા**
**ઈસ ઝમીને સોખ્તહ કો આસ્માને સોખ્તહ**

**અર્થાત :** હે રઝા ! (ગદાએ દરે ખયરુલ વરા) તારા આ મઝમૂન (નઅત)ને તારા દિલના દર્દે એવી બુલંદી તથા રિફઅત પર પહોંચાડી આપ્યું છે કે આ દાઝેલી જમીન હવે એ દાઝેલા આસ્માનનો મુકાબલો કરવા લાગી છે કે તારા કલામની ગરમીએ એ ઉષ્મા પેદા કરી દીધી છે જે સૂરજ પણ ન કરી શક્યો અને આસ્માન જમીન પર રશ્ક કરવા લાગ્યું છે.

અને એવું કેમ ન થાય કે તું એ આકાની મહોબ્બતનાં ગીત સંભળાવે છે કે જેનો ઝિક્ર પથ્થરોમાં પણ જાન પેદા કરી આપે છે અને જેની ઝાત જ્યારે મેઅરાજ પર જાય છે તો આસ્માન તેના માર્ગની ગર્દ (ધૂળ) બની જાય છે અને સર્વ ફરિશ્તાઓ તથા નબીઓ એમનું સ્વાગત કરે છે, તેમનાથી રહમતની ભીખ માગે છે !

## (નઅત શરીફ : ૪૭)

**સબસે અવલા વ આ'લા હમારા નબી ﷺ**
**સબસે બાલા વ બાલા હમારા નબી ﷺ**

*(અવલા = સૌથી બેહતર, આ'લા = સૌથી ઉચ્ચ, બાલા = ઊંચા, વાલા = ઉચ્ચ મર્તબાવાળા)*

**અર્થાત :** સર્વ મખ્લૂક઼ કરતાં અફઝલ તથા આ'લા અને બુલંદો બાલા આપણા આક઼ા તથા મૌલા હઝરત મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺની ઝાતે બાબરકત છે. જ્યારે નબીઓ તથા રસૂલોમાં આપના જેવો કોઈ નથી તો અન્ય કોણ થઈ શકે છે ? શૈતાન સિવાય કોણ બરાબરીનો દાવો કરી શકે છે ?! જો કે આપ ﷺએ આ પ્રમાણે ફર્માવીને શૈતાનનો માર્ગ પણ બંધ કરી આપ્યો કે **فان الشيطان لا يتمثل بی** "શૈતાન પણ મારી જેમ નથી બની શકતો, મારું સ્વરૂપ નથી ધારણ કરી શકતો." જેથી હવે તો કોઈ શૈતાનથી પણ વધીને મલ્ઊન હશે જે હુઝૂર ﷺને પોતાના જેવા કહે અથવા સમજે.

આપ ﷺ એ લેહાઝથી પણ તમામ અંબિયાએ કિરામ તથા મુરસલીને એઝામથી અફઝલ છે કે આપની નબુવ્વત સૌથી પ્રથમ છે. આપે ઈર્શાદ ફર્માવ્યો કે, હું એ સમયે પણ નબી હતો જ્યારે કે **ادم بین الماء والطین** હજી આદમ علیہ السلامનો ગારો તૈયાર થઈ રહ્યો હતો.

ઉલૂલ અઝ્મ પયગંબર હઝરત મૂસા علیہ السلامએ રબ તઆલાના દીદારની ખ્વાહિશ જાહેર કરી તો રબ તઆલાએ ફર્માવ્યું, "લન્તરાની" તમે નથી જોઈ શક્તા. પછી પહાડ પર પોતાની તજલ્લી જાહેર કરી તો પહાડ રજકણ રજકણ થઈ ગયો, અને મૂસા علیہ السلام બહોશ થઈ ગયા. જ્યારે હુઝૂર ﷺને ઊંઘમાંથી ઉઠાડીને મેઅરાજમાં લામકાં બોલાવીને રબે પોતાના દીદાર અતા કર્યા. આ છે શાને મુસ્તફા ! ﷺ

હઝરત મૂસા علیہ السلامએ પથ્થર પર અસા માર્યો તો પાણીના ઝરણા વહેવા માંડયાં, જ્યારે આપ ﷺની આંગળીઓએથી પાણીના ઝરણાં વહ્યાં અને હજારો સહાબાએ પાણી પીધુ. વગેરે.....અનેક બનાવો આપ ﷺની સૌ અંબિયામાં ઉચ્ચતાને દર્શાવે છે.

**અપને મૌલા કા પ્યારા હમારા નબી ﷺ**
**દોનોં આલમ કા દુલ્હા હમારા નબી ﷺ**

**અર્થાત :** આપણા આક઼ા વ મૌલા ﷺ પોતાના રબને ઘણા જ પ્યારા છે, એટલા માટે આપના સિવાય હબીબુલ્લાહ કોઈ નથી. આપનું ફર્માન છે કે (ભાવાર્થ) કોઈ કલીમુલ્લાહ, કોઈ સફીયુલ્લાહ, કોઈ ઝબીહુલ્લાહ થયું **الا وانا حبیب الله ولا فخر** અને હું હબીબુલ્લાહ છું અને કોઈ ગર્વ નથી. એમ સમજો કે આપ એવા દુલ્હા છો કે બંનેવ જહાન આપના બારાતી છે.

**બઝ્મે આખિરકા શમ્એ ફરોઝાં હુવા**
**નૂરે અવ્વલકા જલ્વા હમારા નબી ﷺ**
*(બઝમે આખિર = અંતિમ મેહફિલ, શમ્એ ફરોઝાં = રોશન શમ્અ)*

**અર્થાત :** આપણા આકા તથા મૌલા ﷺ દુનિયાની મેહફિલમાં સૌથી છેલ્લે તશરીફ લાવ્યા અને આખેરતમાં મેદાને મેહશરમાં સર્વ જહાનની મેહફિલ રચાશે ત્યાં પણ મેહફિલની શમ્અ હુઝૂર ﷺની જ ઝાત હશે. અને કેમ ન હોય કે આપ નૂરે અવ્વલ (ઝાતે ખુદાવંદી)નો જલ્વો છે. એટલે કે આપ ખાતમુન્નબીય્યીન પણ છે, મેહશરની બઝ્મના સદર પણ છે, હક્ક નિગર તથા હક્કનુમા પણ છે.

**જિસકો શાયાં હે અર્શે ખુદા પર જુલૂસ**
**હે વો સુલ્તાનેવાલા હમારા નબી ﷺ**
*(શાયાં = પાત્રતા, જુલૂસ = બેસવું, સુલ્તાનેવાલા = બુલંદ શાનવાળો બાદશાહ)*

**અર્થાત :** આપણા પ્યારા નબી ﷺ તમામ અંબિયાએ કિરામ તથા મહાન રસૂલો عليهم السلام થી અફઝલ તથા આ'લા છે અને મકામોમાં અર્શે મુઅલ્લા અફઝલ તથા આ'લા છે, જેથી હુઝૂર علیہ السلام ના બેસવા માટે અર્શે મુઅલ્લા જ યોગ્ય તથા મુનાસિબ જગા ઠરી. કેમ કે અર્શે ખુદાને મહબૂબે ખુદાના કદમોનો બોસો લઈને ઈજ્જત નસીબ થઈ હશે જેથી રહમતુલ્લિલ આલમીન ﷺની રહમતના દરિયાથી એ અર્શે આ'ઝમનો હિસ્સો ઠર્યો.

ફતાવા હદીષિયહમાં છે કે જ્યારે અલ્લાહ તઆલાએ અર્શને પાણી પર રાખ્યો તો અર્શ કાંપવા લાગ્યો, તો એના પર لا اله الا الله محمد رسول الله લખી દેવામાં આવ્યું. એટલે અર્શ પર અલ્લાહ તઆલાએ હુઝૂર علیہ السلام ના નામની મોહર લગાડી આપી, તો અર્શ કાંપતુ બંધ થઈ ગયું અને તેને સુકૂન મળી ગયું, અને ઝબાને હાલથી જાણે કહ્યું કે : *બુઝ ગઈ જિસ્કે આગે સભી મશ્અલે–શમ્અ વહ લે કર આયા હમારા નબી ﷺ*

નબીએ મુકર્રમ શફીએ મોઅઝ્ઝમ નૂરે મુજસ્સમ ﷺ જે દીને હક્ક દીને ઈસ્લામની રોશન શમ્અ લઈને આવ્યા તેની સામે પહેલાના સર્વ અંબિયાએ કિરામ عليهم السلام ના દીનોની શમ્આઓ બુઝાઈ ગઈ અને આપના દીને સર્વ દીનોને મન્સૂખ કરી દીધા, હવે નજાત આ જ દીનમાં છે અને ખુદાની મઅરેફતનો ઝરીયો કેવળ રસૂલુલ્લાહ ﷺની ઈત્તેબાઅ (આજ્ઞાપાલન) તથા મહોબ્બતમાં છે (ﷺ)

આપ ﷺએ ફર્માવ્યું, **لو كان موسىٰ حيالم يسعه الا اتباعى** ''જો આજે મૂસા علیہ السلام પણ જાહેરી હયાતમાં હોત તો મારી જ પયરવી તથા ઈત્તેબાઅ કરતા.'' હદીષોમાં આવ્યું છે કે આપ ﷺએ ફર્માવ્યું, યહૂદી કે ઈસાઈ (અહલે કિતાબ હોવાના ગુમાનમાં ન રહે) જો મારા પર ઈમાન લાવ્યા વિના મૃત્યુ પામ્યો તો સીધો જહન્નમમાં જશે.

**જિનકે તલ્વોંકા ધોવન હે આબે હયાત**
**હે વો જાને મસીહા હમારા નબી ﷺ**
*(આબે હયાત = જીવન બખ્શનાર પાણી, મસીહા = જિંદગી બખ્શનાર)*

**અર્થાત :** સરવરે આલમ ﷺના કદમૈન શરીફૈનથી વુઝૂ વખતે પડનારુ પાણી એવું છે કે ઈમાનવાળાઓને હયાતે જાવેદાની નસીબ થાય છે, એટલા માટે તો સહીહ બુખારીમાં આવે છે કે સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن એ પાણીને તબર્રુક રૂપે શરીર પર ચોપડતા, પી જતા, અને જેને ન મળતું તે અન્યોના હાથે સ્પર્શ કરીને પોતાના શરીર પર ઘસી લેતો.

આબે હયાતના બારામાં કહેવાય છે કે એ એવું પાણી છે જેને એકવાર પી લેવામાં આવે તો મૃત્યુ નથી થતું. લગભગ આ પાણી પણ એવું જ કાલ્પનિક છે જેવી રીતે પક્ષીઓમાં કાલ્પનિક પક્ષી, કે જેના બારામાં કહેવામાં આવે છે કે જેના પર તેનો પડછાયો પડી જાય તે બાદશાહ બની જાય છે ! પરંતુ દષ્ટિવાળા પણ કયામતની દ્રષ્ટિ ધરાવે છે ! આશિકે રસૂલે એની ભાળ મેળવી લીધી કે જો ક્યાંકથી એ પાણી મળે છે તો હુઝૂરે પાક ﷺની બારગાહથી જ મળે છે. એ જ કારણે જે ખુશ નસીબોએ એ પાણી પી લીધું તેમના બારામાં ફર્માવી દેવામાં આવ્યું : ولا تقولو المن يقتل فى سبيل الله اموات بل احياء ولكن لاتشعرون "જેઓ અલ્લાહની રાહમાં કત્લ થઈ જાય તેમને મુર્દા ન કહો, બલ્કે તેઓ ઝિંદા છે પણ તમને એની સમજ નથી."

હા ! હુઝૂર ﷺનો સદકો છે કે "નેહરે હયાત"નું હદીષોમાં વર્ણન આવેલું છે કે ગુનેહગાર મુસલમાનોને સજાના માટે જહન્નમમાં રાખીને જ્યારે કાઢવામાં આવશે તો તેમનાં શરીર કોલસાની જેમ કાળાં થઈ જશે, પછી એ નહેરમાં ડૂબકી લગાડવામાં આવશે તો સજા થઈને ચમકવા માંડશે.

**અર્શો કુર્સીકી થીં આઈના બંદિયાં**
**સૂએ હક્ક જબ સિધારા હમારા નબી ﷺ**

*(આઈના બંદિયાં = રંગબેરંગી કાચ વડે ઘરને ડેકોરેટ કરવામાં આવે, સૂએ હક્ક = રબ સમક્ષ, સિધારા = રવાના થયા)*

**અર્થાત :** જ્યારે નબી અકરમ તાજદારે અરબો અજમ ﷺ શબે મેઅરાજના દુલ્હા બન્યા તો આપની ઈજ્જત અફઝાઈ તથા ઈસ્તિકબાલના માટે અલ્લાહ તઆલાએ અર્શ તથા કુર્સીને (પણ જમીન તથા આસ્માન, મકાન તથા લામકાન, જન્નત અને સર્વ જહાનની જેમ) ખૂબ જ પ્રમાણમાં સજાવી.

એક હદીષ શરીફમાં છે, "જન્નતને વરસભર રમઝાનના માટે સજાવવામાં આવે છે." (મિશ્કાત, પેજ–૧૭૪) તો જ્યારે રમઝાનને માટે જન્નતને વરસભર સજાવવામાં આવી શકે છે તો શબે અસ્રાના દુલ્હાના માટે અર્શ તથા કુર્સીને મેઅરાજમાં કેમ ન સજાવવામાં આવે ?!

**ખલ્કસે અવલિયા, અવલિયાસે રુસુલ**
**ઔર રસૂલોંસે આ'લા હમારા નબી ﷺ**

*(ખલ્ક = મખ્લૂક, રુસુલ = રસૂલો)*

**અર્થાત :** તમામ મખ્લૂકમાં ઈન્સાન અફઝલ તથા આ'લા لقد خلقنا الا نسان فى احسن تقويم, ઈન્સાનોમાં એવલિયાએ કિરામ અફઝલ તથા આ'લા الا ان اولياء الله لا خوف عليهم ولا هم يحزنون, અવલિયાએ કિરામથી અંબિયા વ મુરસલીન અફઝલ تلك الرسل فضلنا بعضهم على بعض અને સર્વ રસૂલોથી આ'લા આપણા નબી ﷺ.

**હુસ્ન ખાતા હૈ જિસ્કે નમકકી કસમ**
**વો મલીહ દિલઆરા હમારા નબી ﷺ**

*(હુસ્ન = જમાલ, ખૂબસૂરતી, મલીહ = નમકીન, જેને જોવાથી તૃપ્તિ ન થાય)*

**અર્થાત :** હુસ્ને મુસ્તફા ﷺમાં એવી નમકીની મલાહત તથા સલોનાપન હતું કે ખુદ હુસ્ન પણ એ મલાહતની કસમો ખાય છે અને તે મલાહતવાળા પ્યારા, આંખોના તારા, દિલના સહારા, આમિનાના રાજ દિલદાર, દિલોને ઈમામનનુ નૂર અતા કરીને મુનવ્વર તથા રોશન કરનારા આપણા જ નબી છે.

**ઝિક્ર સબ ફીકે જબ તક ન મઝકૂર હો**
**નમકીન હુસ્નવાલા હમારા નબી ﷺ**

*(ફીકે = મજા વિનાનાં મઝકૂર = જેનું વર્ણન કરવામાં આવે)*

**અર્થાત :** જેવી રીતે ખાણુ નમક વિના સ્વાદ વિનાનું ફીકુ હોય છે એ જ પ્રમાણે જો ખુદાનો ઝિક્ર કરી લેવામાં આવે અને મહબૂબે ખુદા ﷺનો ઝિક્ર ન કરવામાં આવે તો સર્વ ઝિક્રો ફીકા રહે છે. એમાં મીઠાશ પેદા કરવી છે તો સરકારે અબદ કરાર ﷺના શીરીં લબો તથા અંબરી ઝુલ્ફોનો ઝિક્ર પણ કરવો જ પડશે.

અને અલ્લાહ તઆલા કોઈ ઝિક્ર બલ્કે પોતાનું ઝિક્ર પણ મહબૂબના ઝિક્ર વિના કબૂલ નથી ફર્માવતો, કેમ કે એનો મહબૂબથી વાયદો છે : **ورفعنا لك ذكرك** અને આ આયતની તફસીર તેણે ખુદ જિબ્રઈલ علیہ السلامના હાથે મોકલી : **اذا ذكرت ذكرت معى** હે પ્યારા ! જ્યાં મારો ઝિક્ર થશે ત્યાં સાથે તારો પણ ઝિક્ર થશે. એ જ કારણે અઝાન, નમાઝ, ખુત્બો દરેક જગાએ ખુદાનો ઝિક્ર છે તો સાથે મુસ્તફા ﷺનો પણ ઝિક્ર છે.

*ઝિક્રે ખુદા જો ઉનસે જુદા ચાહો નજદિયો ! – વલ્લાહ ! ઝિક્રે હક્ક નહીં કુન્જી સકરકી હૈ*

**જિસકી દો બુંદ હૈં કૌષરો સલ સબીલ**
**હય વહ રહ્મત કા દરયા હમારા નબી ﷺ**

**અર્થાત :** આપણા આકા ﷺના રહ્મતના દરિયાની વિશાળતાઓનો ઉલ્લેખ કરવામાં આવી રહ્યો છે કે હૌઝે કૌષરને તો જાણતા હશો કે જેનાથી સર્વ કાઈનાત આદમ علیہ السلامથી લઈને કયામત સુધી (જેઓ જન્નતી હશે) પાણી પીશે, પણ એના પાણીમાં કમી આવશે નહીં. એના કિનારાઓ પર પ્યાલા આસ્માનના તારાઓથી પણ વધુ હશે. એ જ પ્રમાણે સલસબીલ પણ જન્નતનું એક મોટુ ઝરણુ છે, પરંતુ મારા આકા ﷺની રહ્મતનો મોજાં મારતો સમુદ્ર એટલો વિશાળ છે કે આ કૌષર તથા સલસબીલ એ સમુદ્રનાં બે ટીપાં છે.

**જૈસે સબ કા ખુદા એક હૈ વૈસે હી**
**ઈનકા ઉનકા તુમ્હારા હમારા નબી ﷺ**

**અર્થાત :** જેવી રીતે અલ્લાહ તઆલા ખુદા હોવામાં વહદહૂ લાશરીક છે, એવી જ રીતે અલ્લાહના મહબૂબ ﷺ સર્વ ખુદાઈના રસૂલ હોવામાં એક છે. તે ખુદા હોવામાં અજોડ, તો આ મુસ્તફા હોવામાં અજોડ. કોઈ રજકણ તેની ખુદાઈથી બહાર નથી, તો કોઈ રજકણ તેની મુસ્તફાઈથી બહાર નથી. તે રજ રજનો રબ છે,

તો આપ ﷺ રજ રજના રસૂલ છે. અલ્લાહ હુઝૂર ﷺનો રબ છે તો હુઝૂર અલ્લાહના રસૂલ છે. ولكن رسول الله وخاتم النبيين એટલા માટે તો હુઝૂર પેદા થયા તો જિન્નતો, પક્ષીઓ, પથ્થરો, ઝાડો, ફરિશ્તાઓ અને સર્વ ખુદાઈએ ખુશીઓ મનાવી કે પેદા થનારો પેદા તો આ આમિનાની ગોદમાં થયો છે પણ રસૂલ તો સૌનો છે. આપે ફર્માવ્યું, હું સર્વ કાઈનાતની તરફ રસૂલ બનાવીને મોકલવામાં આવ્યો છું.

**ક઼રનોં બદલી રસૂલોંકી હોતી રહી**
**ચાંદ બદલીકા નિકલા હમારા નબી ﷺ**

*(ક઼રન એટલે જમાનો, બદલી = બદલવું, વાદળનો ટુકડો)*

**અર્થાત :** હઝરત આદમ عليه السلامથી લઈને હઝરત ઈસા عليه السلام સુધી નબી આવતા રહ્યા જતા રહ્યા. કોઈ કોઈક જમાનાનો નબી, કોઈ કોઈક વિસ્તારનો નબી, કોઈક કોઈ ક઼ૌમનો કે ક઼બીલાનો નબી. એક પછી બીજો, બીજા પછી ત્રીજો ક્રમ ચાલુ રહ્યો. પરંતુ જ્યારે આપણા નબી, આસ્માને નબુવ્વતના સૂર્ય તથા ચંદ્ર બનીને કુફ્રની ઘનઘોર ઘટાઓમાં ચમક્યા તો કુફ્ર તથા શિર્કના અંધકારો નાબૂદ થઈ ગયા અને ક઼યામત સુધી કોઈ અન્ય નબીની નબુવ્વતની જરૂરત બાકી ન રહી. ફર્માવ્યું, "હું નબુવ્વતને ખત્મ કરનારો છું, મારા બાદ કોઈ નબી નથી." અલ્લાહની ગૈરતે ગવારા જ ન કર્યું કે મુસ્તફા કરીમ ﷺ પછી કોઈને નબુવ્વત અતા ફર્માવે.

**કૌન દેતા હૈ દેનેકો મુંહ ચાહિયે**
**દેને વાલા હૈ સચ્ચા હમારા નબી ﷺ**

**અર્થાત :** હુઝૂર ﷺની ઝાતે બાબરકત સિવાય કોણ છે જે દરેક સવાલીને તેની ચાહત કરતાં અધિક અતા કરે ?! કોઈને ઈમાન આપે, કોઈને હિદાયત આપે, કોઈને એકવાર જન્નત આપે તો હઝરત ઉષ્માનેગની رضي الله عنهને અઢાર વાર જન્નત આપી દે ! એ કેવળ અલ્લાહના મહબૂબ જ છે જે અલ્લાહની અતાથી દરેકની દરેક હાજત પૂરી ફર્માવી રહેલ છે. કેમ કે "દો જહાંકી નેઅમતેં હૈં ઉન્કે ખાલી હાથમેં !"

**ક્યા ખબર કિતને તારે ખિલે છુપ ગએ**
**પર ન ડૂબે ન ડૂબા હમારા નબી ﷺ**

**અર્થાત :** કોઈને શું ખબર કે કેટલાયે અંબિયાએ કિરામ તથા રસૂલાને એઝામ નબુવ્વતના આસ્માન પર તારાઓની જેમ પોત પોતાના યુગમાં ચમકતા રહ્યા અને જ્યારે તેમની મુદ્દત ખત્મ થઈ તો છુપાઈ ગયા, પરંતું જ્યારે આપણા આક઼ા ﷺની વારી આવી તો આપ પૂરા આલમને ચમકાવતા સૂરજ બનીને આસ્માને નબુવ્વત પર જલ્વાગાર થયા અને એવા ચમક્યા કે કદી ડૂબવાનો સવાલ જ પેદા નથી થયો.

આ શેઅરમાં ખત્મે નબુવ્વતના અક઼ીદાની સાથો સાથ અંબિયાએ કિરામ عليهم السلامની અધિકતાની તરફ પણ નિર્દેશ છે. 'શર્હે અક઼ાઈદ'માં છે કે કુલ અંબિયાએ કિરામની સંખ્યા એક લાખ ચોવીસ હજાર અથવા બે લાખ ચોવીસ હજાર છે. અલ્લાહ બેહતર જાણનાર છે, પણ અમે તો એટલુ જાણીએ છીએ કે હે અમારા આક઼ા ! :–

*તેરે બગૈર હો ન સકી રૌનકે ચમન–ફૂલોંકો લાખ બાર સજાયા બહારને*

અને એ પણ જાણીએ છીએ કે :–

*કૌનેન બનાએ ગએ સરકારકી ખાતિર–કોનૈનકી ખાતિર તુમ્હેં સરકાર બનાયા*

**મુલ્કે કોનૈનમેં અંબિયા તાજદાર**
**તાજદારોંકા આક઼ા હમારા નબી ﷺ**

અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام બંનેવ જહાનોના બાદશાહ હોય છે અને આપણા આક઼ા ﷺનો મક઼ામ તથા મર્તબો એ છે કે આપ બાદશાહોના પણ બાદશાહ છે. કેમ કે :–

*હૈ ઉન્હીં કે દમ ક઼દમસે બાગે આલમમેં બહાર – વો ન થે આલમ ન વો ન હોં આલમ ન હો*

**લામકાં તક ઉજાલા હૈ જિસ્કા વહ હૈ**
**હર મકાનકા ઉજાલા હમારા નબી ﷺ**

ચાંદ સૂરજની રોશની તો જો કે મર્યાદિત છે કે ચાંદ રાત્રે ચમકે છે અને સૂરજ દિવસે ચમકે છે, તેમજ બંનેવ જમીન તથા મકાનને રોશની આપે છે, પરંતું માહે તયબહ તથા સિરાજમ્મુનીરાની નૂરાનિયતનો આલમ એ છે કે તેના વજૂદના કારણે ફર્શ (જમીન) પણ ચમક્યું અર્શ પણ ચમક્યું, જમીનો પણ ચમકી. અસ્માનો પણ ચમક્યાં, મકાન પણ ચમક્યાં, લામકાન પણ ચમક્યું.

*માહે અરબ કે જલ્વે ઊંચે નિકલ ગયે–ખુર્શિદો માહતાબ મુક઼ાબિલસે ટલ ગયે*

**સારે અચ્છોંમેં અચ્છા સમઝીએ જિસે**
**હૈ ઉસ અચ્છેસે અચ્છા હમારા નબી ﷺ**

દુનિયામાં જેટલા પણ બેહતરીન તથા સારા લોકો છે આપ એમનામાં સૌથી બેહતરીન તથા સારા છે. આપે ફર્માવ્યું, અલ્લાહે મને શ્રેષ્ઠ લોકોમાં, શ્રેષ્ઠ ખાનદાન, શ્રેષ્ઠ ક઼બીલાઓમાં મોકલ્યો, તેમજ હું તમારા સૌથી બેહતરીન છું નસબ તથા હસબ (વંશ)ના લેહાઝથી પણ અને જાતના એતબારથી પણ.

*સારે ઊંચોંમે ઊંચા સમઝિએ જિસે–હૈ ઉસ ઊંચે સે ઊંચા હમારા નબી ﷺ*

બંને જહાનમાં જેને પણ ઉચ્ચ તથા બુલંદ શાનવાળો કહેશો પણ જ્યારે હુઝૂર ﷺની શાનને જોશો તો યક઼ીન કરી લેશો કે આપ તો એનાથી પણ ઉચ્ચ છે.

*અંબિયાસે કરું અર્ઝ ક્યૂં માલિકો–ક્યા નબી હૈ તુમ્હારા હમારા નબી ﷺ*

ઘણો જ વજદ આફરિન શેઅર છે ! આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ક઼યામતના દિવસે જયારે સર્વ અંબિયા તથા રસૂલો પોતાની ઉમ્મતોની સાથે હશ્રના મેદાનમાં હાજર હશે, ત્યારે હું એક એકની બારગાહમાં હાજર થઈને સવાલ કરીશ, હે મારી જાનના માલિકો ! એક સવાલનો જવાબ તો આપો ! કે તમો સૌ ઉમ્મતોવાળા છો અને દરેકની ઉમ્મત એમને નબી કહે છે, પણ એ તો બતાવો કે જે અમારા નબી

મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ છે તે તમારા પણ નબી છે કે નહીં ?! સુબ્હાનલ્લાહ ! એનો જવાબ એના સિવાય શો હશે કે, હા ! અહમદ રઝા ! તારા નબીની શાન તો એ છે કે તે સર્વ ઉમ્મતોના પણ નબી છે અને સર્વ નબીઓના પણ નબી છે !

*યા શફીઅલ વરા સલામુન અલૈક–યા નબીય્યલ હુદા સલામુન અલૈક*
*ઈશ્ફઈ યા હબીબી યૌમલ્ જઝા–અન્ત શાફિઅના સલામુન અલૈક*

**જિસને ટુકળે કિયે ક઼મર કે વહ હૈ**
**નૂરે વહદતકા ટુકળા હમારા નબી ﷺ**

**અર્થાત :** અંબિયાએ કિરામ علیہم السلام માંથી આપણા નબી ﷺ જ તો છે જેમણે ચાંદના બે ટુકડા કર્યા છે, બસ ! એ જ આપણા આક઼ા ﷺની નિશાની છે કે ચાંદના ટુકડા કરનાર નબી ! ﷺ અને સાંભળો ! સાંભળો ! આપણા નબી ﷺ અલ્લાહના નૂરનો જલ્વો તથા પ્રતિબિંબ (અકસ) પણ છે : **هو نور الانوار والنبی المختار** *(રૂહુલ મઆની)* ટુકડાના શબ્દથી અમુક બદનસીબ ધોકો આપવાની કોશિશ કરે છે ! કહે છે, તેમને પૂછો કે જેવી રીતે તમારા દિમાગમાં ટુકડાનો ખયાલ છે કે જેવી રીતે દોરીના ટુકડા વગેરેના ટુકડા હોય છે, તો શું નૂર એ રીતે ટુકડા થઈ શકે છે ?! જ્યારે નથી થઈ શકતુ ! તો સમજી લો કે ટુકડાથી મુરાદ જલ્વો તથા અકસ તથા પ્રતિબિંબ છે. અને યાદ રાખો ! આ પ્રકારનાં બહાનાંઓ વડે તમે ઝિક્રે મુસ્તફાની વિશાળતાઓ સામે બંધ નહીં બાંધી શકો. તમારા જેવા કેટલાય એવી ચાલાકીઓ કરીને ફના થઈ ગયા પણ હુઝૂર ﷺનો ઝિક્ર બુલંદતર જ થઈ રહ્યો છે, કેમ કે ખુદ રબે ફર્માવ્યું : **ورفعنالك ذكرك** "અમે તમારા ઝિક્રને બુલંદ કર્યું." *(અલમ નશ્રહ, સૂ. ૯૪, આ. ૪)* તો હવે કોણ છે ઘટાડી શકે ?!

**સબ ચમકવાલે ઉજલોંમેં ચમકા કીયે**
**અંધે શીશોંમેં ચમકા હમારા નબી ﷺ**

**અર્થાત :** અંબિયાએ કિરામ علیہم السلام ભણેલા ગણેલા સભ્યતાવાળા નેક લોકોમાં તશરીફ લાવતા રહ્યા, પરંતું આપણા નબી ﷺ જે લોકોમાં તશરીફ લાવ્યા તેઓ કુફ્ર તથા શિર્ક, જહાલત તથા ગુમરાહીની ચુંગાલમાં ફસાયેલા, અતિ અસભ્ય તથા નાફર્માની તથા ગુનાહોના પૂતળાં હતા. પોતાના ગુનાહો પર નાઝ કરનારા, બાળકીઓને જીવતી દાટી દેનારા, મૂર્તિઓની પૂજા કરનારા, જિદ્દી, હઠધરમ, હયા વિનાના લોકો હતા. આવા જાલિમ લોકો (અંધે શીશોં)માં આપણા નબી ﷺ એવા ચમક્યા કે તેઓને પણ ચમકાવી દીધા! અને જેઓ શરાબી હતા તેઓ સહાબી બની ગયા, જે લૂટારા હતા તે રહબર બની ગયા, બદ કિરદાર નેકોકાર બની ગયા, ખતાકાર પરહેઝગાર બની ગયા, બદકિરદાર વફા શિઆર બની ગયા. ફઝીલત તો એ છે કે ગૈર પણ ગવાહી આપે ! એક હિન્દુ કહે છે :–

*કિસને ઝર્રોંકો ઉઠાયા ઔર સહરા કર દિયા–કિસને ક઼તરોં કો મિલાયા ઔર દરયા કર દિયા*
*કિસ કી હિક્મતને યતીમોં કો કિયા દુર્રે યતીમ– ઔર ગુલામોં કો ઝમાને ભરકા મૌલા કર દિયા*
*શૌકતે મગરૂરકા કિસ શખ્સને તોળા તિલિસ્મ–મુન્હદિમ કિસને ઈલાહી ! ક઼સ્રા કર દિયા*
*ઝિંદા હો જાતે હૈં જો મરતે હૈં ઉનકે નામ પર–અલ્લાહ ! અલ્લાહ ! મૌતકો કિસને મસીહા કર દિયા*
*આદમીયત કા ગર્ઝે સામાન મોહય્યા કર દિયા–ઈક અરબને આદમીકા બોલબાલા કર દિયા*
*–(પંડિત હરીચંદ)*

કુર્આને પાકમાં છે : **وان كانوا من قبل لفى ضلال مبين** "એનાથી (હુઝૂર ﷺની આમદ) પહેલાં તેઓ ઉઘાડી ગુમરાહીમાં (ડૂબેલા) હતા." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૬૪)*

એક અન્ય હિંદુ લખે છે :–

*પ્રેમકી બંસી બજાયી સૈયદે અબરારને–પાપકી કાયા મિટાઈ સૈયદે અબરારને*
*પાપમેં ડૂબે થે જો ઉનકો ડૂબાયા પ્રેમમેં–ખૂબ હી બિગળી બનાઈ સૈયદે અબરારને*
*–(પી. બ્રહ્મચારી)*

**જિસને મુર્દા દિલોંકો દી ઉમ્રે અબદ**
**હૈ વો જાને મસીહા હમારા નબી ﷺ**

*(અબદ = ક઼ાયમી, મસીહા = મુર્દાને જીવંત કરનાર)*

**અર્થાત :** આપણા આક઼ા તથા મૌલા ﷺએ તો તૌહીદે ખુદાવંદીનું એવો સૂર આલાપ્યો કે જે દિલો ગુનાહો કરીને મુર્દા થઈ ચૂક્યાં હતાં તેમનામાં નવી જિંદગી પેદા થઈ ગઈ કે મરીને પણ ઝિંદા રહ્યા. **بل احياء ولكن لا تشعرون** તો ખરેખર આપણા નબી ﷺ જાને મસીહા છે.

**ગમઝદોંકો 'રઝા' મુઝદા દીજિયે કે હૈં**
**બે કસોંકા સહારા હમારા નબી**

*(ગમઝદોં = દુ:ખિયારાઓ, મુઝદા = ખુશ ખબર, બેકસ = બેસહારા)*

**અર્થાત :** હે અહમદ રઝા ! ગમના માર્યા બેસહારા ! ગુનેહગાર બીચારાઓ જેમને પોતાના ગુનાહો તથા નાફર્માનીઓની ફિકર સતત સતાવી રહી છે તેમને (મુઝદાએ જાંફિઝા) ખુશખબરી સંભળાવી દો કે તમે એકલા નથી, બલ્કે તમારા ગમખ્વાર આક઼ા ﷺ તમારી સાથે છે જે તમને તમારા ગુનાહોના હવાલે નહીં કરે બલ્કે પોતાની શફાઅતના ખાતામાં નાખી દેશે.

**ચેતવણી :** આનો અર્થ એ નથી કે નબી ﷺની શફાઅત પર તકીયો કરીને ગુનાહો પર ગુનાહ કર્યે જ જાવ ! બલ્કે જે ગુનાહો થઈ ગયા તેનાથી તૌબા કરીને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની ફર્માબરદારી કરે અને હુઝૂર ﷺની શફાઅતથી ગુનાહોની માફીની ઉમ્મીદ રાખે. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## (નઅત શરીફ : ૪૮)

**અર્શે હક્ક્ હૈ મસ્નદે રિફ્અત રસૂલુલ્લાહ કી ﷺ**
**દેખની હૈ હશ્રમેં ઈઝઝ્ત રસૂલુલ્લાહ કી ﷺ**

*(મસ્નદે = બેઠક, રિફ્અત = ઉચ્ચારતા)*

**અર્થાત :** આપણે સૌએ (આપણા તથા ગૈરોએ, માનવાવાળાઓ તથા નકારનારાઓએ હશ્રમાં અલ્લાહના મહબૂબ ﷺની જે શાન (દુનિયામાં પઢી અને માનવાવાળા થઈ ગયા અને મુન્કિરો પઢીને પણ ઈન્કારી થઈ ગયા) આપણી આંખો વડે જોવાની છે કે ખુદાના અર્શે મુઅલ્લા પર હુઝૂર ﷺ ટેક લગાડીને બેઠેલા હશે. કેમ કે :

*હૈં મઝહરે ઝાતે હક્ક્ રસૂલે અકરમ – મુખ્તાર વ ખલીફાએ ખુદાએ આલમ*
*સિર્ફ ઉનકે સબબસે સબ ઉલુલ અઝ્મ હૂએ – હઝરત ઈસા, હઝરત મૂસા, હઝરત ખલીલો નૂહો આદમ*
*–('જમીલ' રઝવી)*

અહલે ઈશ્કો મહ્બ્બત તથા ઉલમાએ રબ્બાનિય્યીન તો ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ અર્શને બનાવ્યું જ મહબૂબના માટે છે, કેમ કે અર્શ તો બેસવા માટે છે અને અલ્લાહ તઆલા બેસવા ઉઠવાથી પાક છે.

"અર્શ હુઝૂર ﷺના કદમો નીચે છે." *(શયખ સઅદી رحمۃ اللہ علیہ)*

કહેવાતા અહલે હદીષ (ગૈર મુકલ્લિદો)ના ટોચના પેશવા નવાબ સિદીક હસન ભોપાલી લખે છે : "કાલે કયામતના દિવસે જાહેર થઈ જશે કે અલ્લાહ તઆલાની બારગાહમાં તેના મહબૂબનો શું મકામ છે ?"

તફસીરે ઈબ્ને જહીરમાં છે : "કયામતના દિવસે હુઝૂર علیہ الصلوٰۃ والسلام તથા આપની ઉમ્મતને બુલંદ મકામ પર બેસાડવામાં આવશે." *(તફસીરે ઈબ્ને જરીર, રવાહુ અહમદ)*

*આલમકા ઉન્હેં ખુદાને સુલ્તાન કિયા – જિબ્રીલે અમીંકો ઉન્કા દરબાન કિયા*
*હર ચીઝકા ઈખ્તિયાર ઉન્કો દેકર – કૌનૈનકો હક્ક્ને ઉનકા મહમાન કિયા*

હુઝૂર علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, "મારી ઉમ્મત કયામતના દિવસે એટલી બુલંદીઓ પર હશે કે દરેકે દરેક મેહશરવાળાઓ ખ્વાહિશ કરશે કે કાશ ! અમે પણ એમનામાંથી હોત !"

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : "હુઝૂર علیہ الصلوٰۃ والسلام ને કયામતના દિવસે અલ્લાહની જમણી બાજુ (નૂરની) ખુરશી પર બેસાડવામાં આવશે, ઈન્શાઅલ્લાહ !

આ વિષયમાં કોઈને અભ્યાસનો શોખ હોય તે આ'લા હઝરત رحمۃ اللہ علیہની કિતાબ "તજલ્લિયુલ યકીન"ને જુએ.

**ક઼બ્રમેં લહરાએંગે તાહશ્ર ચશ્મે નૂર કે**
**જલ્વાફ઼ર્મા હોગી જબ તલ્અ઼ત રસૂલુલ્લાહ કી ﷺ**

*(તલ્અ઼ત = ચહેરો, નૂરાની સૂરત)*

**અર્થાત :** મુસ્તફ઼ા ﷺના આશિક઼ોની ક઼બ્રમાં હુઝૂર ﷺના આગમન પર આપના ચહેરાએ અક઼દસથી નૂરના એવા જલ્વા ઉઠશે જે ઝંડાઓની જેમ દરેક મો'મિનની ક઼બ્રમાં ક઼યામત સુધી લહેરાતા રહેશે. ક઼બ્રમાં ત્રીજો સવાલ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જ વિશે થશે અને આપ જાતે પોતે ત્યાં તશરીફ઼ લાવશે. (છબી દેખાડવામાં આવે, પર્દા હટાવી દેવામાં આવે કે ખૂદ તશરીફ઼ લાવે, એક જ વાત છે ! અને નૂરનાં ઝરણાં હશ્ર સુધી મો'મિનની ક઼બ્રમાં લહેરાવવા માટે આટલું પૂરતુ છે.)

**કાફ઼િરોંપે તેગેવાલાસે ગિરી બર્ક઼ે ગઝબ**
**અબ્રે આસા છા ગઈ હયબત રસૂલુલ્લાહ કી ﷺ**

*(તેગેવાલા = બુલંદ તલવાર, બર્ક઼ે ગઝબ = ક઼હેરની વીજળી, અબ્રે આસા = વાદળની જેમ, હયબત = પ્રભાવ)*

**અર્થાત :** મારા આક઼ા علیہ الصلوٰۃ والسلامએ જ્યારે પોતાના દસ્તે અક઼દસમાં તલ્વારને લઈને એને બુલંદી અતા ફ઼ર્માવી તો આપની હયબત (ધાક) આટલી વાતથી કાફ઼િરોના દિલોમાં એવી બેઠી કે એવું લાગ્યું કે જાણે એમના પર કહેરની વીજળી પડી ગઈ છે ! જાણે રોઅબનું એક કાળુ સિયાહ વાદળ હતું જે એમના દિલો પર છવાઈ ગયું અને તેમનાં દિલ "હયબતે મુસ્તફ઼વી"થી બેસી ગયાં.

આપ ﷺએ ખુદ ફ઼ર્માવ્યું છે કે, હું હજી એક મહિનાના અંતરે હોઉ છું તો કાફ઼િરો પર મારો રૂઆબ (ધાક) છવાઈ જાય છે."

**લા વ રબ્બિલ અર્શે જિસકો જો મિલા ઉનસે મિલા**
**બટતી હૈ કૌનૈનમેં નેઅમત રસૂલુલ્લાહ કી ﷺ**

*(લા વ રબ્બિલ અર્શ = ક઼સમ છે અર્શના રબની)*

**અર્થાત :** કેમ નહીં ?! મને અર્શના રબની ક઼સમ છે, બંને જહાનમાં જેને જે નેઅમત પણ મળે છે, દરે રસૂલથી જ મળે છે. રસૂલુલ્લાહ ﷺના ક઼દમોના સદક઼ામાં જ નેઅમતો વહેંચવામાં આવે છે.

આપ ﷺએ ફ઼ર્માવ્યું : انما انا قاسم والمعطی ھو اللہ "અલ્લાહ જ આપે છે અને હું વહેંચુ છું."

**વહ જહન્નમમેં ગયા જો ઉનસે મુસ્તગ઼ની હુવા**
**હૈ ખલીલુલ્લાહકો હાજત રસૂલુલ્લાહ ﷺ કી**

*(મુસ્તગ઼ની = બેપરવા)*

**અર્થાત :** આ શેઅરમાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ તે બદઅક઼ીદાઓની રદ કરી છે કે જેઓ નબીને કેવળ 'એલચી' કહે છે, હવે આપણે એમની કોઈ જરૂરત નથી ! (મઆઝલ્લાહ !) આ'લા હઝરત કહે છે : તે સીધો જહન્નમમાં જશે જે મારા આક઼ા ﷺથી બેપરવા, બેનિયાઝ થઈ ગયો, અને એવું કહે કે હવે આપણે એમની

જરૂરત નથી રહી. અરે ! જાલિમ ! જ્યારે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام ને પણ આકા઼ ﷺની જરૂરત છે અને અલ્લાહથી દુઆ કરી રહ્યા છે : ربنا وابعث فيهم رسولا હે અલ્લાહ ! (કા'બા તો મેં બનાવી આપ્યો છે, હવે એને આબાદ કરવા માટે તારા પ્યારાને મોકલ) રસૂલ મોકલ ! તો પછી તું કોણ છે હુઝૂર ﷺથી બેપરવા થનારો ?!

હુઝૂર ﷺએ ફર્માવ્યું : وان ابراهيم يرغب فى دعائى ذلك اليوم ક઼યામતના દિવસે સઘળી મખ્લૂક઼ મારી બારગાહમાં આવશે, ત્યાં સુધી કે ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام પણ અને એ દિવસે ઈબ્રાહીમ علیہ السلام પણ મારી દુઆના જ ખ્વાહિશમંદ હશે. *(મુસ્લિમ શરીફ)*

**સૂરજ ઉલ્ટે પાંવ પલ્ટે ચાંદ ઈશારેસે હો ચાક**
**અંધે નજદી દેખ લે કુદરત રસૂલુલ્લાહ કી ﷺ**

**અર્થાત** : હે આંધળા નજદી ! ગુસ્તાખે નબી ! એ અકી઼દો રાખનારા દેવબંદીઓ ! કે "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી." અને નબી ﷺની તાઝીમ "મોટાભાઈ" જેટલી કે ગામના ચૌધરી જેટલી કરવાની તાલીમ દેનારાઓ ! નબીને મજબૂર લાચાર બંદા કહેનારાઓ ! એનાથી વધીને હુઝૂર ﷺની કુદરત તથા ઈખ્તિયારની શું દલીલ હોય શકે છે કે આપ ઈશારો કરે છે તો ડૂબેલો સૂરજ પાછો ફરી જાય છે અને ચાંદ બે ટુકડા થઈ જાય છે. હે આંધળા નજદી ! દેવબંદી ! જરા આંખોએથી પૂર્વગ્રહના ચશ્માને ઉતારીને જો તો ખરો !

મોજિઝાએ રદ્દુશ્શમ્સનું બયાન શિફા શરીફ, હુકૂકુલ મુસ્તફા, કા઼ઝી અયાઝમાં વાંચો અને મોજિઝએ શક઼કુલ ક઼મરનું વર્ણન કુર્આને પાકની સૂરત અલ્ક઼મરની પહેલી આયતની તફસીર તથા સહીહ બુખારી શરીફમાં જુઓ.

**તુઝસે ઔર જન્નતસે ક્યા મતલબ વહાબી દૂર હો**
**હમ રસૂલુલ્લાહ કે જન્નત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત** : હે નબી ﷺના ગુસ્તાખ ! વહાબી, દેવબંદી ! પાછો હટ ! તને જન્નત સાથે શું લેવા દેવા ?! જન્નત તો હુઝૂર ﷺના કેવળ તે ગુલામો માટે છે જેઓ હુઝૂરની એ અઝમતનો ઈકરાર કરે છે કે, "હુઝૂર ﷺ જન્નતના માલિક છે." ત્યારે જ તો આપે કેટલીયે વાર હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہને હાથે જન્નતને વેચી. અને શું તું એટલુ પણ નથી જાણતો કે કબજો કર્યા વિના સોદો ફાસિદ થાય છે અને માલિકીપણા વિના ખરીદ વેચાણ બાતિલ થાય છે. જેથી સાબિત થયું કે તું માન કે ન માન ! જા જહન્નમમાં જા ! પણ મારા આકા઼ ﷺ જન્નતના માલિક પણ છે અને જન્નત પર તેમનો ક઼બજો પણ છે.

**ઝિક્ર રોકે ફઝ્લ કાટે નક્સ઼ કા જોયાં રહે**
**ફિર કહે મર્દક કે હૂં ઉમ્મત રસૂલલ્લાહ કી**

*(ફઝ્લ = ફઝીલત, કાટે = કાટ છાટ કરે, ફઝીલતને નકારવાનાં બહાનાં શોધે કે આ હદીષો ઝઈફ છે વગેરે, નક્સ઼ = અયબ, ખામી, જોયાં = શોધમાં રહે, મર્દક = કમીનો, નીચ)*

**અર્થાત :** તને શરમ આવવી જોઈએ હે નજદી કમીના ! કે જેમનો કલ્મો પઢીને પોતાની જાતને મુસલમાન કહે છે બલ્કે ઈસ્લામ અને તૌહીદનો ઠેકેદાર બનીને ફરે છે, એમની અઝમતની વાત આવે છે તો શિર્કના ફત્વા લગાડીને રોકવાની કોશિશ કરે છે ! (યા રસૂલલ્લાહ ! ﷺ ન કહો, હાઝિર નાઝિર ન કહો, નૂર ન કહો..... જ્યારે કે એ સર્વ અકીદાઓ કુર્આન તથા હદીષ તથા સહાબાની સુન્નતથી સાબિત છે, પરંતુ) જ્યાં પણ અઝમતે મુસ્તફાની વાત આવે છે તો એવું કહીને ઈન્કાર કરી આપે છે કે આ હદીષ ઝઈફ છે, એ સનદના એ'તબારથી કમજોર છે. અને જે ખુદ હુઝૂરની શાનમાં અયબો કાઢવાની નિષ્ફળ કોશિશ કરે છે (કે નઊઝુબિલ્લાહ ! મરીને માટી થઈ ગયા, દીવાલ પાછળનો ઈલ્મ નથી.... વગેરે માટે તારી પાસે શું દલીલ છે ?) હે કમીના ! તેમ છતાં પણ તારો દાવો છે કે તું હુઝૂરનો ઉમ્મતી છે ? નહીં ! હરગિઝ નહીં ! હજારવાર નહીં !

*ખુદા કા વો નહીં, ખુદા ઉસ્કા નહીં હોતા–જિસે હોના ન આતા હો તુમ્હારા યા રસૂલલ્લાહ ! ﷺ*

**નજદી ઉસને તુઝકો મોહલત દી કે ઈસ આલમમેં હૈ**
**કાફિરો મુર્તદ પે ભી રહ્મત રસૂલલ્લાહ ﷺ કી**

**અર્થાત :** હે નજદી ! જો તું એવું કહે કે જો અમે એવા છીએ તો અલ્લાહ અમને પોતાના મહબૂબના ગુસ્તાખ હોવાને કારણે અઝાબમાં કેમ નથી સપડાવી દેતો. તો અલ્લાહે તને પોતાના મહબૂબના સદકામાં આવું ફર્માવીને ما كان ليعذ بهم وانت فيهم તને મોહલત આપી રાખી છે (એ નહીં કે હું તને અઝાબ આપી નથી શકતો, હું علىٰ كل شيءٍ قدير દરેક ચીજ પર શક્તિમાન છું. મેં ભલ ભલાનાં નામો નિશાન મિટાવી દીધાં છે તો તમે શું ચીજ છો ?!) કે દુનિયામાં કાફિર તથા મુર્તદ પર પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامની રહ્મત વરસી રહી છે કે અઝાબથી બચેલા છે અને નેઅમતો પામી રહ્યા છે. પરંતુ કબ્રમાં તથા કયામતના દિવસે તારો ભરમ ભાગી જશે.

**હમ ભિકારી વો કરીમ ઉનકા ખુદા ઉનસે ફ્ઝૂં**
**ઔર ના કહના નહીં આદત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** અલ્હમ્દુલિલ્લાહ ! આપણે આપણા આકાના દરના ભીખારી છીએ અને આપણને આપણા આકા ﷺ સર્વ કાંઈ આપે છે, કેમ કે તે કરીમ છે, અને એમનો રબ એમને અતા ફર્માવે છે. અલ્લાહ એમનાથી ઘણો કરીમ છે બલ્કે ખુદ કરીમ બનાવનાર છે. અને આપણા નબી علیہ الصلوٰۃ والسلامની શાન એ છે કે "ના પાડવી" તો એમની આદત જ નથી ! જેમ કે હદીષ શરીફમાં છે. તો પછી તારા દિલમાં કેમ કરવતી ચાલે છે જ્યારે અમે અમારા કરીમથી ભીખ માગીએ છીએ ?!

**અહલે સુન્નત કા હૈ બેળા પાર અસ્હાબે હુઝૂર**
**નજ્મ હૈં ઔર નાવ હૈ ઈત્રત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** ઈન્શાઅલ્લાહુ તઆલા ﷻ અમો અહલે સુન્નત વ જમાઅત જે સહાબાએ કિરામ તથા અહલે બયતે અત્હાર બંનેવને માનવાવાળા છીએ, તેમની તા'ઝીમ કરવાવાળા, તેમની મહોબ્બતને અમારા ઈમાનની જાન સમજનારા છીએ. અમારી આખેરતમાં નજાત પામવુ તથા ઈમાનની સલામતી સાથે દુનિયાના ભંવરમાંથી

કિનારે લાગવું એ લોખંડ પર લકીર (રેખા) છે, કેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું : اصحابی کا لنجوم فبایھم اقدتیم اھتد تیم "મારા સહાબા તારાઓની જેમ છે, જેની પણ પયરવી કરશો હિદાયત પામશો." તથા અહલે બયતના બારામાં ફર્માવ્યું, "મારા અહલે બયતનું દષ્ટાંત નૂહ علیہ السلامની કશ્તી (નાવડી)ની જેમ છે, જે નૂહ علیہ السلامની કશ્તીમાં બેસી ગયો તે પાણીના તોફાનથી બચી ગયો." એ જ પ્રમાણે જેણે અહલે બયતનો દામન થામી લીધો તે નજાત પામી ગયો. કશ્તીને તારાઓની મદદથી એ દૌરમાં ચલાવવામાં આવતી હતી, એટલા માટે આ દષ્ટાંત આપવામાં આવ્યું કે જેથી દરેક બંદો સમજી જાય. કશ્તી પણ અમારી પાસે છે અને તારાઓ પણ અમારી પાસે છે જેથી નજાત નિશ્ચિત હોવામાં હવે શું કસર બાકી રહી ?!

અમો અહલે સુન્નતને અલ્લાહે એવો અઝીમુશ્શાન સાચો અક઼ીદો અતા કર્યો છે કે જેમાં કોઈની ગુસ્તાખીની કલ્પના પણ નથી. અન્ય ફિર્ક઼ાઓમાં જુઓ તો કોઈનામાં સહાબાના ગુસ્તાખો છે, તો ક્યાંક અહલે બયતના દુશ્મનો છે, કોઈ નબીઓના ગુસ્તાખ છે તો કોઈ અલ્લાહના વલીઓના બેઅદબો છે. જ્યારે અહલે સુન્નતમાં સૌની મહોબ્બત છે. એટલા માટે અમો અમ્ન પસંદ છીએ અને બીજા બુરાઈ પસંદ. જ્યારે કોઈ ગુસ્તાખી કરે છે તો અમે સમજાવીએ છીએ કે એવું ન કરો, તો એમને સમજાવનાર બુરાઈ પસંદ હોઈ જ નથી શકતો.

**ખાક હોકર ઈશ્ક઼મેં આરામ સે સોના મિલા**
**જાન કી અકષીર હૈ ઉલ્ફત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** અમો હુઝૂરે અક઼દસ ﷺના ક઼દમોની ખાક બન્યા તો અલ્લાહ તઆલાએ અમને ચૈનની નીંદ અતા કરી. એનાથી સાબિત થયું કે અમારા આક઼ા علیہ الصلوٰۃ والسلامની મહોબ્બત માટીને સોનુ બનાવવાનો કીમિયો છે. સારાંશ કે આ ફનાઈયતથી મુહિબ્બાને રસૂલ ﷺને બક઼ા (હમેશાંની સલામતી)ની મંઝિલની તરફ પ્રગતિ નસીબ થાય છે.

**ટૂટ જાએંગે ગુનેહગારોંકે ફૌરન કૈ઼દો બંદ**
**હશ્ર કો ખુલ જાએગી તાક઼ત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** ક઼યામતના દિવસે આપણા આક઼ા તથા મૌલા ﷺની તાક઼ાતનો અંદાઝો થશે કે જ્યારે કરોડો મુજરિમોને પકડીને જંઝીરોમાં જકડીને જહન્નમ તરફ લઈ જવામાં આવતા હશે, તો હુઝૂરનો એક સજદો સર્વ બેડીઓ તોડીને મુજરિમોને મુક્ત કરી આપશે, અને જહન્નમમાંથી લોકોને બહાર કરશે, જેમ કે સહીહ બુખારી હદીષે શફાઅતમાં છે. یا محمد ارفع راسك وقل تسمع وسل تعطیٰ واشفع تشفع

**યા રબ ! ઈક સાઅતમેં ધુલ જાએં સિયાહકારોં કે જુર્મ**
**જોશ પર આ જાએ અબ રહમત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** યા રબ ! તે ઘડી જલ્દી આવે કે તારા મહબૂબની રહમતનો દરિયો મોજાં મારે અને એક જ પળમાં સિયાહકારોના જુર્મો એવી રીતે ધોવાય જાય કે :

*ઢૂંઢા હી કરે સદ્રે ક઼યામત કે સિપાહી, વો કિસકો મિલે જો તેરે દામનમેં છુપા હો*

**હૈ ગુલે બાગે કુદ્સ રુખ્સારે ઝયબાએ હુઝૂર**
**સરૂ ગુલઝારે ક઼િદમ ક઼ામત રસૂલુલ્લાહ ﷺ કી**

*(સરૂ ગુલઝારે ક઼િદમ = ક઼દીમ (ખુદાની સિફ઼ત), બાગનું સનોબર એટલે સિફ઼તે ઈલાહીનો જલ્વો, ક઼ામત : કદ)*

**અર્થાત :** મારા આક઼ા ﷺનો ચહેરાએ અન્વર પાકીઝગીના અઝીમુશ્શાન ગુલિસ્તાનનું ચમકતુ તરોતાઝા ફૂલ છે અને આપનું ક઼દ મુબારક ક઼િદમના હસીન બાગનું સરૂ છે. (કુદ્સ તથા ક઼િદમના શબ્દોથી વહદતુલ વજૂદના અક઼ીદાની ખુશ્બુ મેહસૂસ થઈ રહી છે.) ડો. ઈકબાલ ફર્માવે છે :–

*લોહ ભી તૂ ક઼લમ ભી તૂ તેરા વજૂદ અલ્ કિતાબ–ગુંબદે આબગીના રંગ તેરે મુહીતમેં હિબાબ*
*આલમે આબો ખાકમેં તેરે ઝહૂરસે ફરોગ–ઝર્રાએ રેગકો દિયા તૂને તુલૂએ આફતાબ*

**અય 'રઝા' ! ખુદ સાહિબે કુર્આં હૈ મદ્દાહ઼ે હુઝૂર**
**તુઝસે કબ મુમ્કિન હૈ ફિર મિદહ઼ત રસૂલુલ્લાહ ﷺ કી**

**અર્થાત :** હે (ષનાખ્વાને મુસ્તફા ﷺ પ્યારા) અહમદ રઝા ! તું ગમે તેટલી પણ તારા આક઼ાની પ્રશંસા કરીશ છતાંય એવી પ્રશંસા નહીં જ કરી શકે જેવો કે હક્ક઼ છે, કેમ કે એમનો પરવરદિગાર ખુદ એમની તારીફ કરે (મદ્દાહ) છે તો બીજો કોણ તેમની પ્રશંસા કરવાનો હક્ક઼ અદા કરી શકે છે ?! એમનું તો નામ જ મુહમ્મદ (ﷺ) છે, જેનો અર્થ છે : "જેની ખૂબ જ અધિક પ્રમાણમાં તારીફ કરવામાં આવે." *(મિદ્હત = પ્રશંસા)*

અને બીજુ નામ "અહમદ" છે, જેનો અર્થ છે : "ખૂબ જ અધિક પ્રમાણમાં તારીફ કરનાર" મતલબ એ થયો કે આપ અલ્લાહની સૌથી વધુ પ્રમાણમાં તારીફ કરો છો, અને અલ્લાહ આપની સૌથી અધિક પ્રમાણમાં તારીફ કરે છે. આપની તારીફમાં એટલું જ કહી શકીએ કે :–

*બઅદ જ ખુદા બુઝુર્ગ તૂઈ કિસ્સા મુખ્તસર !*

## (નઅત શરીફ઼ : ૪૯)

**ક઼ાફ઼્લેને સૂએ તયબહ કમર આરાઈ કી**
**મુશ્કિલ આસાન ઈલાહી મેરી તન્હાઈ કી**

*(સૂએ તયબહ = મદીનાની તરફ઼, કમર આઈ = તૈયારી, તન્હાઈ = એકાકીપણુ)*

**અર્થાત :** હે મારા અલ્લાહ ! جَلَّ جَلَالُهٗ ક઼ાફ઼લાએ મદીના શરીફ઼ જવાની તૈયારી કરી લીધી છે, મારી મુશ્કેલી પણ આસાન કરી આપ કે ક્યાંક એવું ન બને કે હું એકલો રહી જાઉં અને ક઼ાફ઼લો ચાલ્યો જાય.

**લાજ રખ લી તમએ અફ઼્વ કે સૌદાઈ કી**
**અય મૈં ક઼ુર્બાન ! મેરે આક઼ા ! બળી આક઼ાઈ કી**

*(તમએ અફ઼્વ = માફ઼ીની લાલચ, સૌદાઈ = દીવાનો, આક઼ાઈ = પેશવાઈ)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم આપના દીવાના (અહમદ રઝ઼ા)એ જે આપનાથી માફ઼ીની ઉમ્મીદ જોડીને રાખી છે, તો આપનો ખૂબ ખૂબ આભાર કે આપે મારી લાજ રાખી લીધી છે અને મને માફ઼ી મળી ગઈ છે. હું આપના પર ક઼ુર્બાન થઈ જાઉં ! આપે ખરેખર પેશવા હોવાનો હક્ક઼ અદા કરી આપ્યો છે.

આ'લા હઝ઼રતના ક઼દમોનો બોસો લઈને (આલમે તસવ્વુરમાં) હું કમીનો (મૂળ શરહકર્તા ગુલામ હસન) પણ આપણા આક઼ાની બારગાહમાં અર્ઝ઼ કરું છું કે હે મારા રહ઼મતવાળા આક઼ા ! :–

*લાજ રખના કે મૈં તુમ્હારા હૂં–ગો કમીના હૂં યા રસૂલલ્લાહ !* صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم

આપણે પણ એ અર્ઝ઼ કરીએ છીએ કે :–

*લાજ રખના કે હમ તુમ્હારે હૈં–ગો કમીને હૈં યા રસૂલલ્લાહ !* صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم

**ફ઼ર્શ તા અર્શ સબ આઈનાએ ઝ઼માઈર હાઝ઼િર**
**બસ ક઼સમ ખાઈએ ઉમ્મી તેરી દાનાઈ કી**

*(આઈનાએ ઝ઼માઈર = દિલોનો આઈનો, ઉમ્મી = જેનો મખ્લૂક઼માં કોઈ ઉસ્તાદ ન હોય, દાનાઈ = જાણકારી)*

ફ઼ર્શથી લઈને અર્શ (તહતુષ્ષરાથી અર્શે મુઅલ્લા) સુધી દરેક છુપી ચીજ આપની સમક્ષ આઈનાની જેમ હાજર તથા મૌજૂદ છે, હે મારા પ્યારા નબી ! صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم ખરેખર આપની દાનાઈ તથા ઈલ્મ તથા ફ઼રાસત (દષ્ટિ)ની ક઼સમ ખાવી જોઈએ.

*ઔર કોઈ ગયબ ક્યા તુમસે નિહાં હો ભલા–જબ ન ખુદા હી છુપા તુમ પે કરોળોં દુરૂદ*

**નિગાહે નબુવ્વત :** હદીષ શરીફ઼માં છે કે હઝ઼રત આઈશા સિદ્દીક઼ા رَضِیَ اللہُ عَنۡہَا ફ઼ર્માવે છે કે **كان رسول الله** صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم **يرى فى ظلماء كمايرى فى الضوء** "આપ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم અંધારામાં પણ એવી રીતે જોતા હતા જેવી રીતે રોશની તથા અજવાળામાં જોતા." *(ખસાઈસે કુબ્રા, ૧/૬૧)*

આપ ﷺએ ફર્માવ્યું : فانی اراکم من امامی ومن خلفی "હું આગળ તથા પાછળથી એક સરખુ જોઉં છું." *(ખસાઈસે કુબ્રા, ૧/૬૧)*

બુખારી શરીફમાં છે : "હું તે જોઉં છું જે તમે નથી જોઈ શક્તા અને તે સાંભળું છું જે તમે નથી સાંભળી શક્તા. વળી અલ્લાહની કસમ ! તમારા ખુશૂઅ (દિલોની સ્થિતિઓ) તથા રુકૂઅ (નમાઝ દરમ્યાન જાહેરી હરકતો) મારાથી છુપી નથી." (૧/૫૯) કેટલાક સહાબીઓને તેમના ઘરની સ્થિતિ વિના પૂછયે બતાવી દીધી.

જંગે મૌતાનો આંખે દેખ્યો હાલ મસ્જિદે નબવીના મિમ્બર પર ઉભા ઉભા બતાવી આપ્યો કે હવે ફલાણાએ ઝંડો પકડયો છે, હવે તે શહીદ થઈ ગયા અને ફલાણાએ ઝંડો પકડી લીધો છે. સહાબાએ કિરામ ફર્માવે છે કે હુઝૂર ﷺએ સંપૂર્ણ વિગતવાર સર્વ હાલાત વર્ણવ્યા. *(૨/૬૫૯)*

એ જ પ્રમાણે આપે હબ્શાના રાજા નજ્જાશીની વફાતની ખબર સહાબાએ કિરામને મદીના શરીફમાં સંભળાવી દીધી, જે દિવસે તે વફાત પામ્યા એ જ દિવસે બલ્કે એ જ સમયે સંભળાવી. *(ખસાઈસે કુબ્રા, ભાગ : ૨)*

સહીહ બુખારીમાં છે કે જ્યારે સૂર્ય ગ્રહણ થયું તો આપ ﷺએ નમાઝ પઢાવી અને બાદમાં ખુત્બો ઈર્શાદ ફર્માવતાં ફર્માવ્યું, હું અહીં ઉભો રહીને દરેક ચીજ જોઈ રહ્યો છું, ત્યાં સુધી કે જન્નત તથા દોઝખ પણ.

તિર્મિઝી શરીફમાં છે કે આપ ﷺએ ફર્માવ્યું કે, હું આસ્માનની ચળચળાહટને પણ સાંભળુ છું અને તે કેમ ચળ ચળ ન કરે ! કેમ કે આસ્માન પર ચાર આંગળ જેટલી જગા પણ એવી નથી જ્યાં કોઈ ન કોઈ ફરિશ્તો સજદામાં ન પડયો હોય.

મેઅરાજ શરીફની એક હદીષમાં છે કે, મેં મારા રબને ઘણી સારી સૂરતમાં જોયો, પછી અલ્લાહે પોતાનો દસ્તે કુદરત મારા ખભાઓ વચ્ચે રાખ્યો તો મેં એની ઠંડક મારી છાતીમાં મેહસૂસ કરી. દરેક ચીજ મારી સમક્ષ રોશન (જાહેર) થઈ ગઈ, તો જે કાંઈ જમીન તથા આસ્માનોમાં હતું મેં સર્વ કાંઈ જાણી લીધું. *(મિશ્કાત, ખસાઈસ)*

એક હદીષમાં આપે ફર્માવ્યું, "હું પૂરી દુનિયાને અને જે કાંઈ કયામત સુધી થનારુ છે તેને એવી રીતે જોઈ રહ્યો છું જેવી રીતે મારા આ હાથની હથેળીને જોઉં છું." *(મવાહિબે લદુન્નિયા, ૨/૧૯૩)*

આ સર્વ વાતોના છતાં એ બીમારીનો ઈલાજ શું થઈ શકે છે કે નિફાક તથા નબી ﷺની અદાવતની બીમારીવાળાઓ કેમ કે પોતે બેખબર છે, અને નબી કરીમ ﷺને પોતાના જેવા સમજે છે જેથી નબી ﷺને પણ બેખબર જાણે છે. (મઆઝલ્લાહ !)

**શશ જેહત સિમ્તે મુક઼ાબિલ શબો રોઝ એક હી હાલ**
**ધૂમ વન્નજમ્ મેં આપ કી બિનાઈ કી**

*(શશ જેહત = છ દિશાઓ, ચો તરફ, મુક઼ાબિલ = સામે, ધૂમ = ચર્ચો, વન્નજ્મ = કસમ તારાની)*

**અર્થાત** : અન્ય સર્વ કોઈ આગળ જુએ તો પાછળ નથી જોઈ શકતા, નીચે જુએ તો ઉપર નથી જોઈ શક્તા, જમણી બાજુ જુએ તો ડાબી બાજુ નથી જોઈ શક્તા, પરંતુ સરકારે મદીના ﷺની નિગાહે નબુવ્વતનો આલમ એ છે કે છએ દિશાઓ, નીચે ઉપર, ડાબી જમણી દરેક વખતે આપ ﷺની સમક્ષ છે, અને આપ એક જ

સમયમાં છએ બાજુની દરેક ચીજ જોતા રહે છે. એટલા માટે તો આપની દષ્ટિની ચર્ચાઓ સૂરએ અન્નજૂમમાં પણ કરવામાં આવેલ છે કે مازاغ البصر وماطغی કે આંખ પણ ન ઝપકી અને ખુદાને પણ જોઈ લીધો.

*જબ ન ખુદા હી છુપા તુમ પે કરોળોં દુરૂદ*

**પાનસો સાલ કી રાહ ઐસી હૈ જૈસે દો ગામ**
**આસ હમ કો ભી લગી હૈ તેરી શુન્વાઈ કી**

*(આસ = લાલચ, આશા, દો ગામ = બેક઼દમ, શુનવાઈ = શ્રવણ (સાંભળવાની) શક્તિ, મુરાદ પહોંચ તથા પ્રભાવ)*

**અર્થાત :** એક આસમાનથી બીજા આસમાન સુધીનું અંતર પાંચસો વરસની સફર જેટલું છે. દરેક આસમાનની પહોળાઈ પણ એટલી છે જેવું કે હદીષોમાં વર્ણન છે. પરંતુ મેઅરાજની રાત્રે આ પાંચસો વરસની સફર આપના તો બે જ ક઼દમ બન્યા ! બલ્કે સાત આસ્માન, સાત જમીન તથા સાત અવકાશો, એ ૧૪૦૦ વરસનું અંતર થઈ ગયું એટલે કે સાત હજાર વરસની સફર કરી અને પરત પણ તશરીફ લાવ્યા, તેમ છતાં બિસ્તર પણ ગરમ છે, વુઝૂનું પાણી પણ વહી રહ્યું છે અને સાંકળ પણ હાલી રહી છે. હા ! હા ! ઉમ્મતીઓ ખુશ થઈ જાવ ! હવે તો ઉમ્મીદ પાકી થઈ ગઈ કે આવા આક઼ાએ આપણી ફરિયાદ સાંભળવું તથા મદદે પહોંચવું એ કોઈ મુશ્કેલ કામ નથી હોઈ શક્તું.

*ઝાહિર હૈં 'હસન' અહમદે મુખ્તાર કે મઅના–કૌનેન પે સરકાર કા ક઼ાબૂ નઝર આયા*

પોતાના પુત્ર હઝરત ક઼ાસિમ رضی اللہ عنہની વફાત પર હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہાને આપ ﷺએ અધિક પરેશાન જોયાં તો ફર્માવ્યું, "હે ખદીજા ! જો તું ચાહે તો હું દુઆ કરું તો અલ્લાહ તઆલા તને ક઼ાસિમનો અવાજ (જન્નતથી જમીન પર) સંભળાવી દેશે. તેમણે અર્ઝ કરી, નહીં ! હુઝૂર ! (મારું ઈમાન છે અને ગયબના પર ઈમાન છે). *(ખસાઈસે કુબ્રા, ૨/૮૮)* એટલે કે અલ્લાહ વ રસૂલે સાચુ જ ફર્માવ્યું છે.

**ચાંદ ઈશારે કા હિલા હુકમ કા બાંધા સૂરજ**
**વાહ ક્યા બાત શહા ! તેરી તવાનાઈ કી**

*(હિલા = માનૂસ થયો, આદી થયો, હરકત કરી, તવાનાઈ = શક્તિ)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ સુબ્હાનલ્લાહ ! શું પહોંચ તથા શક્તિ છે આપની કે આપની આંગળીનો ઈશારો થાય તો ચાંદ આપના ઈશારાઓ પર ચાલવાનો આદી જોવા મળે. જેમ કે બચપનમાં ચાંદ આપનું દિલ બહેલાવવા માટે આપની આંગળીના ઈશારાની સાથે હરકત કરતો હતો, અને હઝરત અબ્બાસ رضی اللہ عنہએ એલાને નબુવ્વત પછી આ બનાવ વર્ણન કર્યો તો આપે ફર્માવ્યું કે, કાકા ! એનાથી પણ અજબની વાત એ છે કે હું મારી માના પેટમાં લોહે મહેફૂઝ પર ચાલનાર ક઼લમનો અવાજ પણ સાંભળતો હતો. સુબ્હાનલ્લાહ !

અને સૂરજ પણ આપના હુકમનો પાબંદ છે કે હઝરત અલી મુર્તઝા کرم اللہ وجہہ الکریم ની કેવળ એક નમાઝના માટે એને આપે ઉલ્ટા પગે પાછો ફેરવ્યો.

*ચાંદ ઝુક જાતા જિધર ઉંગલી ઉઠાતે મહદમેં–ક્યા હી ચલતા થા ઈશારોં પર ખિલૌના નૂર કા*

આપણે માટીનાં પૂતળાં છીએ એટલા માટે આપણા માબાપ આપણને માટીનાં રમકડાં લાવીને આપે, અને આપણા આકા ﷺ નૂર હતા જેથી અલ્લાહ તઆલાએ રમકડુ પણ નૂરનું આપ્યુ.

**તંગ ઠહરી 'રઝા' જિસકે લિએ વુસ્અતે અર્શ**
**બસ જગહ દિલમેં હૈ ઉસ જલ્વએ હરજાઈ કી**

*(વુસ્અત = વિશાળતા, જલ્વએ હરજાઈ = જેનો જલ્વો દરેક જગાએ હોય)*

**અર્થાત :** તે અર્શે અઝીમ જે તમામ જમીનો તથા આસ્માનોને ઘેરેલ છે તે પોતાની સર્વ વિશાળતાઓ છતાં આપણા આકા ﷺના જલ્વાઓ સમક્ષ તેની વિશાળતાઓ સંકોચાઈ ગઈ અને દામનની તંગીની શિકાયત કરવા લાગ્યું. વાહ રે આશિકના દિલ ! તું છે જે એ મહબૂબ (ﷺ)ને જેના જલ્વા દરેક જગાએ છે તેને પોતાના દિલમાં વસાવીને ફરે છે. સારાંશ કે કોઈ ઝિયારતના માટે મદીના જઈ રહ્યું છે અને કોઈના દિલમાં આવીને એને મદીના બનાવવામાં આવી રહ્યું છે.

*યહ બળે કરમ કે હૈ ફૈસલે–યહ બળે નસીબ કી બાત હૈ*

**કબ્રોની ઝિયારતોના સંબંધે એક બનાવ :** આ'લા હઝરત رحمۃ اللہ علیہએ અત્તુર્રદિય્યતિ અલન્નૈયરતિલ્ વદિય્યહમાં રોઝએ નબવી ﷺની ઝિયારતની નિય્યત પર એક ઈમાન અફરોઝ બનાવ લખ્યો છે, જે ઈન્શાઅલ્લાહ ! ફાયદાથી ખાલી નહીં હોય, એટલા માટે અહીં એનો ખુલાસો લખી દેવામાં આવે છે.

શારેહે બુખારી ઈબ્ને હજર અસ્કલાની رحمۃ اللہ علیہ હઝરત ઈબ્રાહીમ علیہ السلامના મઝારે પુર અન્વાર પર હાજરીની નિય્યતથી જઈ રહ્યા હતા, એવામાં કેટલાક આલિમો જેઓ ઈબ્ને તયમિયાના (કે "ત્રણ મસ્જિદોના સિવાય સફરના માટે કાઠલો ન બાંધો"વાળી હદીષ)ના ખયાલવાળા હતા તેઓ સાથે થઈ ગયા, અને તેમણે ઝિયારતની નિય્યત તો કરવાની ન હતી જેથી તેમણે એ નિય્યત કરી કે અમે તો હઝરત ઈબ્રાહમ علیہ السلامની મસ્જિદમાં નમાઝ પઢવાની નિય્યતથી જઈ રહ્યા છીએ. જ્યારે કે ઈમામ ઈબ્ને હજરે ઝિયારતની નિય્યત કરી. તેમણે જ્યારે હઝરત ઈબ્ને હજર رحمۃ اللہ علیہ પર વાંધો ઉઠાવ્યો કે આપે ઝિયારતની નિય્યત શા માટે કરી ? તો ઈબ્ને હજર رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, મેં હદીષ પર અમલ કર્યો છે કે આપ ﷺએ ફર્માવ્યું, "મેં પહેલાં તમને કબ્રોની ઝિયારતથી રોકયા હતા, પણ હવે કબ્રોની ઝિયારત કર્યા કરો."

જ્યારે કે તમે હદીષની વિરુદ્ધ વર્તન કર્યું છે કે તમે જે હદીષને દલીલ બનાવો છો એમાં જે ત્રણ મસ્જિદોનું વર્ણન છે એમાં આ મસ્જિદે ઈબ્રાહીમ નથી આવતી ! અને ઈબ્રાહીમ علیہ السلامની કબ્રે અન્વર "હવે કબ્રોની ઝિયારત કરો" એના આ સામાન્ય હુકમમાં આવી જાય છે ! અલ્લામા ઈબ્ને હજર رحمۃ اللہ علیہની આ દલીલની સામે તે ઉલમા આશ્ચર્યમાં પડી ગયા. (પેજ : ૨૮) હું અર્ઝ કરું છું કે જ્યારે આમ (સામાન્ય) કબ્રોની ઝિયારતનો હુકમ છે તો મહબૂબે ખુદા ﷺની હાજરીની નિય્યતનો શોખ દરેકે રાખવો કેમ ન ઉસૂલનો પાયો અને મહબ્બતવાળાઓની નજીક તમામ ફર્ઝોથી મોટો ફર્ઝ ન બને ?!

## (નઅત શરીફ : ૫૦)

**દિલકો ઉનસે ખુદા જૂદા ન કરે**
**બેકસી લૂટ લે ખુદા ન કરે**

*(બેકસી = મોહતાજી, લૂટ લે = તબાહ કરી દે, છીનવી લે)*

**અર્થાત** : હે અલ્લાહ ! દુનિયા છૂટે તો સો વાર છૂટે, જમાનો રૂઠે તો હજારવાર રૂઠે, પણ મારા દિલને તારા મહબૂબથી અલગ ન કરતો કે એમાં આપ ﷺની મહોબ્બત ન રહે, અને આ બેકસી (ઈશ્કે રસૂલ ﷺનું દર્દ) મારાથી છીનવાઈ જાય ! એવું કદી ન બને. જેમ કે આ'લા હઝરત رحمة الله عليهએ ફર્માવ્યું :–

*અય ઈશ્ક઼ તેરે સદક઼ે જલનેસે છૂટે સસ્તે–જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હે !*

આ'લા હઝરત મુજદ્દિદે આ'ઝમ رحمة الله عليهની જાતમાં આ "બેકસી"ની દૌલતના ખજાના ભરેલા પડયા હતા જેના માટે પૂરુ અરબ તથા અજમ ગવાહ છે.

**ઈસમેં રોઝેકા સજદા હો કે તવાફ**
**હોશમેં જો ન હો વો ક્યા ન કરે**

**અર્થાત** : આ "બેકસી"માં જો કોઈ પોતાના હોશ હવાસ ખોય બેસે, અને રોઝએ અક઼દસનો તવાફ કે સજદો (કે જે હોશ હવાસવાળા માટે નાજાઈઝ છે) કરી લે તો એની શું પૂછતાછ પકડ થઈ શકે છે ?! એ તો બીચારો મરફૂઉલ ક઼લમ (બેહોશ પર કોઈ હુકમ નથી લગાડી શક્તું તે) છે. એવા શખ્સની સાથે હમદર્દી કરવાને બદલે, લાઠી લઈને એવા પાછળ પડી જવું એ ક્યાંની અક઼લમંદી છે ! તથા ક્યાંની ખિદમત છે.

**યહ વહી હૈં કે બખ્શ દેતે હૈં**
**કૌન ઈન જુર્મો પર સઝા ન કરે**

**અર્થાત** : આપણા આક઼ા ﷺની આદતે કરીમા તો એ છે કે આપ મોટા મોટા પાપીઓને પણ માફ કરી આપે છે. આપના સિવાય કોણ છે જે મુજરિમોની સાથે પણ આવો સારો વર્તાવ કરે ?! દુનિયાના રાજાઓ તો મામૂલી સરખી ભૂલ પર સખત સજા આપે છે. તો વળી ક્યારેક એક વ્યક્તિના જુર્મમાં પૂરા ખાનદાનને તબાહ કરી નાખે છે. ઈતિહાસ આવા બનાવોથી ભરેલો પડયો છે. અને હુઝૂર ﷺની આ માફી દરગુઝર કરવાની શાનનું કેવળ કુર્આનમાં જ નહીં બલ્કે તૌરાત તથા ઈન્જીલમાં પણ બયાન હતું : **ولا يدفع بالسئية السيئة ولكن يعفو و يصفحو** "આપ બુરાઈનો બદલો બુરાઈથી નથી આપતા." બલ્કે (શેઅર): *ગાલિયાં દેતા હૈ કોઈ તો દુઆ દેતે હૈં !*

ફતહે મક્કાના મોક઼ા પર પોતાના જાની દુશ્મનોને એવું કહીને માફ કરી આપતા કે : **اذهبوا فانتم الطلقاء**

આનાથી વધુ ઉઘાડુ દ્રષ્ટાંત બીજુ કયુ હોય શકે છે ?! પોતાની પુત્રી હઝરત ઝયનબ رضی اللہ عنہا પર થયેલ તે જુલ્મ કે જેના કારણે જ આપનો વિસાલ થઈ ગયો. પણ હુઝૂર ﷺએ તે જાલિમને પણ માફ કરી આપ્યો. અને તાઈફવાળાઓથી વધુ સખ્તી કોણે કરી હતી ?! કે આપને લોહી લુહાણ કરી દીધા હતા. (મઆઝલ્લાહ !) પણ હુઝૂરે તેમને પણ દુઆઓથી નવાઝયા ! اللھم اھد قومی فانھم لا یعلمون સેંકડો નહીં હજારો બનાવો એકથી એકને ચઢે તેવા ઈતિહાસની કિતાબોમાં આપના માફી આપવા તથા દરગુઝર કરવા વિશેના સૂરજની જેમ ચમકી રહ્યા છે.

**સબ તબીબોંને દે દિયા હે જવાબ**
**આહ ! ઈસા અગર દવા ન કરે**

**અર્થાત** : દુનિયાના ડોકટરોએ તો મને લાઈલાજ કહીને છોડી આપ્યો છે, હવે મારા ઈસા (આક઼ા ﷺ) પણ જો મારો દવા ઈલાજ ન કરે તો પછી જિંદગીની ઉમ્મીદ ક્યાંથી ?! જેથી હે ક઼ાઈનાતના તબીબ ! જેવી રીતે ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہને હકીમોએ જવાબ આપી દીધો હતો અને આપ ﷺએ આવીને તેમનો ઈલાજ કરી આપ્યો હતો, તો હે દર્દમંદોના આકા ! ﷺ મારા દિલમાં પણ ક઼દમ રાખો કે જેથી દરેક બીમારીનો ઈલાજ થઈ જાય, આપના માટે એ કયુ મુશ્કેલ કામ છે ?!

*અપને અચ્છોંકા તસદ્દુક઼–હમ બદોંકો ભી નિભાઓ*

**દિલ કહાં લે ચલા હ઼રમસે મુઝે**
**અરે ! તેરા બુરા ખુદા ન કરે**

**અર્થાત** : અરે ! મારા દિલ ! ખુદા તને હિદાયત આપે ! તું પણ કેવું મૂર્ખ છે કે મારાથી મદીના છોડીવી રહ્યું છે ?! શું મદીનાથી બેહતર કોઈ જગા છે જ્યાં તું મને લઈ જવા ચાહે છે ?! તું જોતું નથી કે :–

*સારી દૌલત ખુદાકી મદીને મેં હૈ–તાજદારે ઝમાના મદીને મેં હૈ*

**ઉઝ્ર ઉમ્મીદે અફ્વ અગર ન સૂનેં**
**રૂ સિયાહ ઔર ક્યા બહાના કરે**

**અર્થાત** : જેમના કરીમાના કરમથી મને માફી તથા દર ગુઝરની ઉમ્મીદ લાગેલી છે, જો તે કરીમ જ મારું બહાનુ તથા માફી ન સ્વીકારે તો આ ગુનેહગારના માટે તો અન્ય કોઈ પનાહ (શરણ)નું સ્થાન પણ નથી !

**દિલમેં રોશન હૈ શમ્એ ઈશ્કે઼ હુઝૂર**
**કાશ ! જોશે હવસ હવા ન કરે**

*(જોશે હવસ = લોભ લાલચની અધિકતા)*

**અર્થાત** : અલ્હમ્દુલિલ્લાહ ! હજી સુધી તો દિલમાં ઈશ્કે઼ મુસ્તફા ﷺની શમ્અ રોશન છે, જો લોભ લાલચના જોશે (હવા ચલાવીને) કામ ન બગાડયું તો ઈન્શાઅલ્લાહ ! મરતી વેળા બતાવીને જઈશું કે :–

*લહ઼દમેં ઈશ્કે઼ રુખે શહકા દાગ લે કે ચલે–અંધેરી રાત સુની થી ચરાગ લે કે ચલે*

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા. બિહમ્દિલ્લાહ ! જો મારા દિલના બે ભાગ કરવામાં આવે તો ખુદાની ક઼સમ એક પર ''લા ઈલાહ ઈલ્લલ્લાહ'' અને બીજા પર ''મુહમ્મદુર્રસૂલુલ્લાહ'' (عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ) લખેલું હશે.

**હશ્રમેં હમ ભી સૈર દેખેં**
**મુન્કિર આજ ઉનસે ઈલ્તિજા ન કરે**

*(સૈર દેખના = તમાશો જોવો)*

**અર્થાત :** ક઼યામતના મેદાનમાં શાને રિસાલતના મુન્કિરોનો અમે ખૂબ તમાશો જોઈશું કે દુનિયામાં કહેતા હતા કે, ''કોઈનાથી ન માગો, કોઈ હાજતરવા નથી, કોઈ મુશ્કલ કુશા, ગરીબ નવાઝ, દાતા, ગ્યારવીં બારવીંવાળો નથી ! બસ ! અલ્લાહની જ મદદ ! બાક઼ી સર્વ શિર્ક, બિદઅત છે. નબીઓ વલીઓની પાસે શું લેવા જાવ છો ?! જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજનો માલિક કે મુખ્તાર નથી ! વગેરે વગેરે.'' (નઊઝુ બિલ્લાહિ મિન ઝાલિક) આને મેહશરમાં જોઈએ છીએ કે શું સીધો અલ્લાહની બારગાહમાં જાય છે કે આદમ علیہ السلام થી લઈને ઈસા علیہ السلام સુધી નબીઓના દરવાજાઓ પર ધક્કા ખાતો ખાતો કરમની ભીખ માગે છે ! આજે કેમ જાય છે નબીઓના દરવાજાઓ પર ! વળી દુનિયામાં તો ખુદા પર્દામાં હતો અને આજે તો ખુદાનો દરબાર સામે લાગેલો છે ! ''ડાયરેકટ'' કેમ નથી જતો ? અરે ! હે મુન્કિર ! હોશમાં આવ ! અને આ'લા હઝરત رحمۃ اللہ علیہની પુર ખુલૂસ તથા ખૈર ખ્વાહી ભરી દિલનવાઝ સદા (પોકાર) પર કાન ધર ! એઓ તારા જ ફ઼ાયદા માટે કહી રહ્યા છે :–

*આજ લે ઉન્કી પનાહ આજ મદદ માંગ ઉન્સે–ફ઼િર ન માનેંગે ક઼યામતમેં અગર માન ગયા*

**ઝોઅફ઼ માના મગર યહ ઝાલિક દિલ**
**ઉન્કે રસ્તે મેં તો થકા ન કરે**

*(ઝોઅફ઼ = કમજોરી)*

**અર્થાત :** પોતાના દિલને ધમકાવવાના અંદાઝમાં તસલ્લી આપી રહ્યા છે કે મારા અશક્ત તથા કમજોર દિલ ! કાંઈ વાંધો નહીં, કમજોરી છે થાક છે, પણ હે જાલિમ ! એટલી બધી તો શું કમજોરી થઈ ગઈ તને ?! મહબૂબનું નામ સાંભળીને તો લોકો જાન આપી દીધા કરે છે ! અને તું કેવું ડરપોક છે કે મદીનાની તરફ઼ જઈ રહ્યું છે અને કમજોરી તથા થાકનું બહાનું બનાવે છે ! હિંમત કર અને આગળ વધતુ જા, ગુંબદે ખ઼ઝ્રાની ઝિયારત કરીશ તો સર્વ કમજોરી તથા થાકલો દૂર થઈ જશે. શું તું જાણતુ નથી આપણે જે બારગાહની તરફ઼ જઈ રહ્યા છીએ તે આક઼ાની રહમતનો આલમ એ છે કે :–

*બળ્હેગી જબ ઝયાદા આફ઼તાબે હશ્રકી ગર્મી–તેરી રહમત પુકારેગી યહી મૈદાને મહશર હૈ*
*ચલે આઓ ! ચલે આઓ ! ગુનેહગારો ચલે આઓ !–હઝારોં કોસકા સાયા હૈ દામાને પયગમ્બર મેં*

**જબ તેરી ખૂ હૈ સબકા જી રખના**
**વહી અચ્છા જો દિલ બુરા ન કરે**

હે મારા પ્યારા આક઼ા ! ﷺ જ્યારે આપની આદતે કરીમાના એ છે બે આપ કોઈનું દિલ નથી દુઃખવતા, આપ તો જાનવરો તથા પક્ષીઓને પણ પરેશાન જોઈને તડપી ઉઠો છો, અને જ્યાં સુધી તેમને પરેશાનીમાંથી કાઢી નથી લેતા ત્યાં સુધી આપને સુકૂન નથી થતું. તો પછી જેવો પણ છું આપનો ઉમ્મતી તો છું ! યક઼ીનન ! આપ મને પણ તમારી નિગાહે રહમતના સાયામાં રાખશો. અને હું મારા દિલને પણ એ જ સમજાવતો રહું છું કે હે કમીના ! તને પણ શરમ આવવી જોઈએ, આવા કરીમ આક઼ાના બારામાં તારી અંદર કોઈ પ્રકારનો મેલ પેદા ન થાય, અને તું હમેશાં એમની મહોબ્બતમાં લબરેઝ (છલકતુ) રહ્યા કર.

*મુરાદોંસે તુમ્હી દામન ભરોગે બે મુરાદોંકે–ગરીબોં બેકસોંકા ઔર પ્યારે કૌન વાલી હૈ*
*તુમ્હારે દર તુમ્હારે આસ્તાંસે મૈં કહાં જાઉં–ન મુઝસા કોઈ બેકસ હૈ ન તુમસા કોઈ વાલી હૈ*
*–(હસન રઝા)*

**દિલસે એક ઝૌક઼ે મયકા તાલિબ હૂં**
**કૌ઼ન કહતા હૈ ઈત્તિક઼ાઅ્ ન કરે**

*(ઝૌક઼ે મય = મહોબ્બતની શરાબની લિજ્જત, તાલિબ = તલબગાર,ઈત્તિક઼ાઅ = પરહેઝગારી)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ હું તો દિલો જાનથી આપની મહોબ્બતની શરાબે તહૂરના ઝૌક઼ તથા લિજ્જતનો તાલિબ તથા ખ્વાહિશમંદ (ઈચ્છુક) છું, મને તો એનો એક ઘૂંટ અતા ફ઼ર્માવી જ દો ! કોઈ જો એનાથી બચે છે તો હજારવાર બચે, હું એને નથી કહેતો કે તું કેમ નથી પીતો ?! એને એનો તક઼વો મુબારક ! અને સાંભળો ! સાંભળો ! આ તે મહોબ્બતની શરાબ છે જે :–

*તયબહસે મંગાઈ જાતી હૈ સીનોમેં છુપાઈ જાતી હૈ–તૌહીદકી મય પ્યાલોંસે નહીં નઝરોંસે પિલાઈ જાતી હૈ*

**લે 'રઝા' સબ ચલે મદીને કો**
**મૈં ન જાઉં અરે ! ખુદા ન કરે**

**અર્થાત :** આ શેઅરમાં અલ્લાહ તઆલાથી દુઆ કરવામાં આવી રહી છે કે હે અલ્લાહ ! હું એ ખબર ન સાંભળું કે સર્વ લોકો તો મદીના શરીફ઼ જઈ રહ્યા છે અને હું (અહમદ રઝા જે મદીનાની હાજરીનો અધિક મુસ્તહિક઼) નથી જઈ રહ્યો, એવું કદાપિ ન થવું જોઈએ.

## (નઅત શરીફ઼ : ૫૧)

**મો'મિન હૈ વો જો ઉન્કી ઈઝ઼્ઝ઼તપે મરે દિલસે**
**તા'ઝ઼ીમ ભી કરતા હૈ નજદી તો મરે દિલસે**

*(મરે દિલસે = કુર્બાન થાય, તાઝ઼ીમ કરના = ઈજ્જત કરવી, નજદી = મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ નજદીના અક઼ીદાવાળા ગુસ્તાખે નબી, મરે દિલસે = મરેલા દિલથી, કમને)*

**અર્થાત :** મો'મિનની ઓળખ એ છે કે તે દિલો જાનથી, કોઈ મજબૂરી તથા દુનિયવી ફાયદા વિના નબી કરીમ ﷺની તારીફ કરે છે. જ્યારે કે ગુસ્તાખ નજદી વહાબીની હાલત એ છે કે હુઝૂર ﷺની તાઝ઼ીમની વાત કરે છે તો મુર્દાદિલી અને મજબૂરીના કારણે કરે છે, કેમ કે તેને એવી લાલચ હોય છે કે આવી વાતો કરીને લોકોને પોતાની જાળમાં ફસાવી લઉં, અને લોકો સમજશે કે આ તો ગુસ્તાખ નથી, કેમ કે ગુસ્તાખ ન હોત તો કિતાબોમાં કાંઈ અલગ અને ઝબાન પર કાંઈ અલગ, એવું ન હોત.

જ્યારે કે સાચો મો'મિન પોતાના ઈમાનના તક઼ાઝ઼ા હેઠળ અલ્લાહના રસૂલ ﷺની ઈજ્જત કરે છે, કેમ કે હદીષ શરીફમાં છે : **لا یومن احد کم حتی اکون احب الیه من ولده ووالده والناس اجمعین** હુઝૂર ﷺને આખી સૃષ્ટિ કરતાં બલ્કે મા બાપ, ઔલાદ કરતાં અધિક મહબૂબ ન સમજે તે મો'મિન જ નથી થઈ શકતો. બલ્કે એક હદીષમાં છે કે પોતાની જાનથી અધિક પ્રિય જાણે તો જ કામિલ મો'મિન ગણાશે. હુઝૂર ﷺના ગુલામોના ક઼દમોની ખાક બની જવું અને આપના ગુસ્તાખોના માટે નગ્ન તલ્વાર બની જવું ઈમાનની નિશાની છે. સહાબાએ કિરામ તો રસૂલુલ્લાહ ﷺના ગુસ્તાખોને આ પ્રમાણે લલકાર્યા કરતા હતા : **واللہ لحمار رسول اللہ ﷺ اطیب ریحامنك** "અમારા આક઼ા ﷺના ગધેડાથી પણ ખુશ્બુ આવે છે અને હે ગુસ્તાખો ! તમારાથી તો અમને બદબૂ આવે છે, કેમ કે ગુસ્તાખીની બદબૂને દુનિયાની કોઈ ખુશ્બુ ખત્મ નથી કરી શકતી ! સારાંશ કે : (શેઅર)

*બહુત સાદા સા હૈ અપના ઉસૂલે ઝ઼િંદગી 'કૌષર'–જો ઉનસે બેતઅલ્લુક઼ હૈ વો હમારા હો નહીં સકતા.*

**વલ્લાહ ! વો સુન લેંગે, ફ઼ર્યાદકો પહુંચેંગે**
**ઈતના ભી તો હો કોઈ જો આહ કરે દિલસે**

*(વલ્લાહ = ખુદાની ક઼સમ !)*

**અર્થાત :** હે સરકારે મદીના સરવરે ક઼લ્બો સીના ﷺના સાચા ઉમ્મતી ! કોઈ ગુસ્તાખની વાતોમાં ન આવી જતો કે નઊઝ઼ુબિલ્લાહ ! નબી મરીને માટીમાં ભળી ગયા, હવે કાંઈ નથી કરી શકતા ! કે આ સર્વ એમની બકવાસ છે. મારા આક઼ા ﷺ પોતાના ઉમ્મતીની ફરિયાદ તથા પુકારને સાંભળે છે, ન કેવળ સાંભળે છે બલ્કે ફ઼ર્યાદરસી (મદદે પહોંચવું, મદદ કરવું) પણ કરે છે અને અહલે હક઼્ક઼ અહલે સુન્નત હમેશાં આપ ﷺની તથા વલીઓની મદદને ખુદાઈ (ખુદા તરફની) મદદ જ સમજતા રહ્યા છે. જેમ કે એક જગાએ આ'લા હઝ઼રત ફ઼ર્માવે છે :

*અપને દિલકા હૈ નહીંસે આરામ, સાંપે હૈં અપને ઉન્હી કો સબ કામ*
*લૌ લગી હૈ કે અબ ઈસ દરકે ગુલામ, ચારાએ દર્દ 'રઝા' કરતે હૈં*

આ'લા હઝરત ફર્માવે છે : એટલું તો હોવું જોઈએ કે ઉમ્મતી દિલથી આપને યાદ કરે, પછી જુએ કે આપની મદદ કવી રીતે એને પહોંચે છે ?! હુઝૂર ﷺએ ફર્માવ્યું, **انی اریٰ ما لا ترون واسمع مالا تسمعون** "હું તે જોઉં છું જે તમે નથી જોઈ શક્તા, અને હું તે સાંભળું છે જે તમે નથી સાંભળી શક્તા !"–*(બુખારી)*

મતાલિઉલ મસર્રાત શરહે દલાઈલુલ ખયરાત"માં છે : આપ ﷺએ ફર્માવ્યું, **اسمع صلاۃ اھل مجتی واعر فھم** "મહોબ્બતવાળા જ્યાંથી પણ મારા દુરૂદો સલામ પઢે છે, હું ખુદ સાંભળુ છું અને તેમને ઓળખુ છું."

**બિછળી હૈ ગલી કૈસી બિગળી હૈ બની કૈસી**
**પૂછો કોઈ યહ સદમા અરમાનભરે દિલ સે**

**અર્થાત** : હે લોકો ! શું પૂછો છો કે જ્યારે મારાથી મદીનાની ગલી છૂટી તો મારા દિલ પર શું ગુજર્યું ?! હાય ! મારી સંવરેલી કિ઼સ્મત બગડી ગઈ ! આ કોઈ મામૂલી સદમો છે ?! એની તકલીફ પૂછવી હોય તો કોઈ આશિકે મુસ્તફા ﷺના દર્દભર્યા દિલને પૂછો.

*મરકે જીતે હૈં જો ઉન્કે દરપે જાતે હૈં "હસન"–જીકે મરતે હૈં જો આતે હૈં મદીના છોળકર*

–*(હસન રઝા رحمۃ اللہ علیہ)*

**ક્યા ઉસ્કો ગિરાએ દહર જિસ પર તૂ નઝર રખ્ખે**
**ખાક ઉસકો ઉઠાએ હશ્ર જો તેરે ગિરે દિલસે**

*(દહર = જમાનો, હશ્ર = ક઼યામતનો દિવસ, ગિરે દિલસે = દિલથી ઉતરી જાય)*

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! જમાનો એ ખુશનસીબનું શું બગાડી શકે છે ! જેના પર આપ ﷺની નિગાહે કરમ હોય ? અને એ બદનસીબને તો હશ્ર પણ નહીં ઉઠાવી શકે જેને આપે આપના દિલથી ઉતારી કાઢ યો અને એનાથી નિગાહે કરમ ફેરવી લીધી. "હશ્ર ઉસ્કો ખાક ઉઠાએગા" એનો મતલબ એ નથી કે તે હશ્રના દિવસે ક઼બ્રએથી નહીં ઉઠે, અને તેનો હિસાબ કિતાબ નહીં થાય, બલ્કે મુહાવરારૂપે આ વાક્ય વપરાયું છે કે તેની હશ્રના દિવસે પણ દસ્તગીરી કરવાવાળો કોઈ નહીં હોય જેનાથી આપે નજરો ફેરવી લીધી. અને 'ઉઠના' તથા 'ગિરના'નો મતલબ એ નથી કે જમીન પરથી ઉઠવું તથા જમીન પર પડવું હોય, બલ્કે નેકબખ્તી તથા બદબખ્તી મુરાદ છે.

સામાન્યત : હશ્રનો શબ્દ વાતની અંતિમ હદ માટે ઉપયોગમાં લેવામાં આવે છે, દા.ત. કહે છે કે ફલાણાએ તો હશ્ર ખડો કરી દીધો ! મતલબ એ છે કે જેનાથી હુઝૂર ﷺએ રહમતની નજર ફેરવી લીધી તે પછી હશ્ર સુધી નહીં ઉઠી શકે.

*તેરી નઝરસે સબકી સલામત હૈ ઝિંદગી – તેરા કરમ ન હો તો ક઼યામત હૈ ઝિંદગી*

**બહકા હૈ કહાં મજનૂ લે ડાલી બનૂકી ખાક**
**દમભર ન કિયા ખૈમા લયલાને પરે દિલસે**

**અર્થાત** : હે પાગલ મજનૂ ! તું ક્યાં બહેકેલો અને ભટકેલો ફર્યા કરે છે ?! અને જંગલોની ખાક છાની રહ્યો છે ? તારી લયલાએ તો તને એક ક્ષણ માટે પણ પોતાના તંબૂથી જુદો નથી કર્યો. દીવાના ! અમને જરા પૂછ કે જુદાઈનો સદમો શું હોય છે ? જો મહ઼બૂબના ક઼દમોથી અલગ થઈ રહ્યા છીએ તો દિલ પર કરવતીઓ ચાલી રહી છે !

અથવા એનો મતબલ એ છે કે જે મજનૂ (ઈશ્કે નબીમાં દીવાના આ'લા હઝરત) કદી પોતાના મહબૂબના દરે અક઼દસથી અલગ ન થયો હતો, તે મદીનાથી પરત આવીને હવે હિંદુસ્તાનના જંગલોની ખાક છાની રહ્યો છે

પરંતું આ અર્થ એટલા માટે મુનાસિબ નથી, કેમ કે આ બનાવ હેઠળ આપ એ વાંચી ચૂક્યા છો કે આ'લા હઝરત رحمۃ اللہ علیہએ અખ્તર હાપૂરીની નઅતની તસ્હીહ (સુધારણા) કરતાં "મજનૂ ખળે હૈં ખૈમાએ લયલા કે સામને" આ મિસ્રાના વિશે ફર્માવ્યું હતું કે, આ શેઅર સરકાર صلی اللہ علیہ وسلمની શાનને પાત્ર નથી, કેમ કે એમાં રોઝાએ અક઼દસને લયલાના ખૈમા (તંબૂ) સાથે સરખાવેલ છે. જેથી આ પ્રમાણે કહો, "કુદ્સી ખળે હૈં અર્શે મુઅલ્લા કે સામને."

તો ત્યાં આ'લા હઝરત رحمۃ اللہ علیہ જે શબ્દોને સરકાર صلی اللہ علیہ وسلمની શાનના માટે અયોગ્ય ઠરાવે, તો પછી અહીં બેઠા એ જ શબ્દો કેવી રીતે વાપરી શકે છે !

*અદબગાહેસ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુકતર – નફસ ગુમકર્દા મી આયદ જુનૈદો બાયઝીદ ઈંજા*

**સોનેકો તપાએં જબ કુછ મેલ હો યા કુછ મેલ**
**ક્યા કામ જહન્નમકે ધરે કો ખરે દિલ સે**

*(તપાએં = ગરમ કરે, પીગળાવે, મેલ = મેલ કુચેલ, મેલ =મિલાવટ, એકમાં મીમ પર ઝબર બીજામાં ઝેર, ધરે = ભળકતી આગ, ખરે = સાફ સુથરા)*

**અર્થાત** : સોનાનું ખરૂ કે ખોટુ માલૂમ કરવા માટે એ તરીકો છે કે એને આગમાં તપાવીને પીગાળી દેવામાં આવે છે આ રીતે એમાંની મેલ કુચેલ, મિલાવટ દૂર થઈ જાય છે. આવું એવા સોના સાથે કરવામાં આવે છે જેનો હાલ માલૂમ ન હોય અથવા ખબર હોય કે એમાં મેલ કુચેલ અથવા અન્ય ધાતુની મિલાવટ છે પરંતું જ્યારે યકીન હોય કે સોનુ ખરૂ છે તો તેને આગ પર તપાવવા કે પીગળાવવાની જરૂરત નથી હોતી اَلْحَمْدُ لِلّٰہ (અલ્હમ્દુલિલ્લાહ !) આશિકાને મુસ્તફા صلی اللہ علیہ وسلمનાં દિલ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمના રહેવાની જગા છે, એમનામાં મેલ કુચેલ કે મિલાવટનો પડછાયો પણ નથી, પછી જહન્નમની આગને એનું શું કામ ?!

હદીષ શરીફમાં છે કે મો'મિન જ્યારે પુલસિરાતથી પસાર થશે તો દોઝખ પોકારી ઉઠશે, જલ્દી પસાર થઈ જા ! તારા નૂરે ઈમાનથી મારી આગ ઠંડી થઈ રહી છે આ'લા હઝરત رحمۃ اللہ علیہ બીજા ઠેકાણે ફર્માવે છે.

*અય ઈશ્ક઼ તેરે સદક઼ે જલનેસે છૂટે સસ્તે – જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હૈ*

**આતા હૈ દરેવાલા યૂં ઝૌક઼ે તવાફ આના**
**દિલ જાનસે સદક઼ે હો સરગર્દ ફિરે દિલ સે**

**અર્થાત** : બારગાહે રિસાલત મઆબ صلی اللہ علیہ وسلمની હાજરીમાં ખુલૂસ પેદા કરીને તવાફની લિજ્જત હાંસલ કરવાનો નુસ્ખો બતાવવામાં આવી રહ્યો છે કે જ્યારે આપનો દરેવાલા (રસૂલે પાક علیہ الصلوٰۃ والسلامના રોઝા પાકની ચૌખટ) સામે આવે તો દિલો જાનથી કુર્બાન થવાના માટે તારું દિલ એ જાને કાઈનાત પર કુર્બાન થઈ જાય અને તારુ માથુ એ દિલ (મહબૂબ صلی اللہ علیہ وسلم)ની આસપાસ ફેરા લગાડીને તવાફનો ઝૌક઼ હાંસલ કરી લે.

*ખમ જિસકી ફઝીલતપે દો આલમ કી ઝબીં હૈ—સજદાગહે કોનૈન વો તયબહ કી ઝમીં હૈ*

*દુન્યા કા અક઼ીદા ભી હૈ અપના ભી યક઼ીં હૈ—જો શય હૈ મદીનેમેં કહીં ઔર નહીં હૈ*

*ઈત્ના કોઈ અલ્લાહ કા મહબૂબ નહીં હૈ—સૂરત ભી હસીં આપકી સીરત ભી હસીં હૈ*

*—(ચંદ્ર પ્રકાશ ગૈર મુસ્લિમ)*

**અય અબ્રે કરમ ફર્યાદ ફર્યાદ જલા ડાલા**
**ઈસ સોઝિશે ગમ કો હૈ ઝિદ મેરે હરે દિલસે**

**અર્થાત :** હે કરમના વાદળ ! (હબીબે કિબ્રિયા ﷺ) આપની દુહાઈ છે, મારી મદદ કરો ! મારા દિલની ખુશીની સાથે તો ગમની જલનને જાણે અદાવત થઈ ગઈ છે, જરા ખુશી નસીબ થાય તો તુરત જ કોઈ ન કોઈ ગમનો પહાડ આવીને પડે છે ! યા રસૂલલ્લાહ ! علیہ الصلوٰۃ والسلام દુહાઈ આપની !

**દરયા હૈ ચળ્હા તેરા, કિતની હી ઉળાએઁ ખાક**
**ઉતરેંગે કહાં મુજરિમ અય અફ્વ તેરે દિલ સે**

**અર્થાત :** હે સરાપા અફવો કરમ ! રહ઼મતે આલમ ﷺ ! આપની બખ્શિશનો દરિયો તો એટલો મોજાં મારતો અને તુફાનમય છે કે કોઈ લાખ ધૂળ ઉડાડતો ફરે, અને નિષ્ફળ કોશિશ કરીને ચાહે કે મુજરિમ આપના દિલથી ઉતરી જાય, અને આપ એમનો સહારો ન બનો, તો પણ તે કામયાબ થશે નહીં, અને આપની શફાઅત ગુનેહગારોને જરૂર બખ્શાવશે. જ્યારે પાણીની મામૂલી તરી પર ધૂળ નથી ઉડી શકતી તો જ્યાં રહ઼મતનો દરિયો વહી રહ્યો હોય, ભલા ત્યાં કોઈ ગમે તેટલી કોશિશ કરે છતાં ધૂળ માટી કઈ રીતે ઉડાડી શકે છે.

**ક્યા જાને યમે ગમમેં દિલ ડૂબ ગયા કૈસા**
**કિસ તહ કો ગએ અરમાં અબ તક ન તેરે દિલસે**

*(યમે ગમ = ગમનો દરિયો)*

**અર્થાત :** કોઈને શું ખબર કે ગમના સમંદરમાં દિલ કેવી રીતે ડૂબી ચૂક્યું છે, અને તમન્નાઓ કેવી રીતે તળીયે જઈ બેઠી છે, પણ આપના પર કુર્બાન ! હે મારા આક઼ા ! કે આપે હમેશાં પોતાની ઉમ્મતને યાદ રાખી છે, અને એમના સર્વ અરમાન આપની બરકતથી ઈન્શાઅલ્લાહ ! પૂર્ણ થશે.

**કરતા તો હૈ યાદ ઉનકી ગફ્લત કો ઝરા રોકે**
**લિલ્લાહ ! 'રઝા' દિલસે, હાં દિલસે, અરે દિલ સે**

**અર્થાત :** હે અહમદ રઝા ! તું તારા આક઼ાને યાદ તો કરે છે, પણ ક્યારેક ગાફેલ પણ થઈ જાય છે, ખુદારા ! આ ગફલતને દૂર કરી આપ, અને દિલથી ! હા ! હા ! દિલથી એમને યાદ કર્યા કર, કેમ કે એ જ તો છે કે :

*ઉનકી મહકને દિલ કે ગુન્ચે ખિલા દિયે હૈં—જિસ રાહ ચલ દિયે હૈં કૂચે બસા દિયે હૈં*

## (નઅત શરીફ : પર)

**અલ્લાહ અલ્લાહકે નબી સે**
**ફર્યાદ હૈ નફ્સકી બદીસે**

**અર્થાત** : ફરિયાદ છે, દુહાઈ છે અલ્લાહની બારગાહમાં, અને તેના પ્યારા મહબૂબ ﷺની બારગાહમાં નફસ (નફસે અમ્માર –બુરાઈ તથા લઈ જનાર)ની શરારત તથા બુરાઈથી, કેમ કે **ان النفس لا مارة بالسوء** નફસ તો સરવાળે બુરાઈની તરફ જ આકર્ષે છે. મૌલાના રૂમ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان ફર્માવે છે :

*દિન ભર ખેલોંમે ખાક ઉળાઈ– લાજ આઈ ન ઝર્રોં કી હંસીકી*

હે જાલિમ નફસ ! તને શરમ ન આવી કે આખો દિવસ તો તું ખેલ કૂદમાં મશગૂલ રહીને સમયને વેડફતો રહ્યો અને રેતીનાં રજકણો સુધ્ધાં તારી મજાક ઉડાડતાં રહ્યાં. (આગલા શેઅરને મિલાવીને પઢો)

**શબભર સોને હી સે ગર્ઝ થી**
**તારોંને હઝાર દાંત પીસે**

**અર્થાત** : અને જ્યારે રાત્રે અલ્લાહના નેક બંદાઓ ઉઠીને ઈબાદતમાં વ્યસ્ત થાય છે, એ સમયે પણ તું ગફલતની ઊંઘમાં સૂતેલો રહ્યો ! સૂવા સિવાય તારે કોઈ કામ જ નથી. તારી આ ગફલત પર આસ્માનના સિતારાઓ તારા પર દાંત પીસતા રહ્યા. (અને તારા પર લઅનત તિરસ્કાર કરતા રહ્યા)

**ઈમાનપે મૌત બેહતર ઔર નફ્સ**
**તેરી નાપાક ઝિંદગીસે**

**અર્થાત** : હે કમીના તથા ઝલીલ નફસ ! તું પોતે પોતાને શું સમજે છે ?! તારા આવા જીવન કરતાં ઈમાન પર મરી જવું હજાર દરજા બેહતર છે.

**ઓ શહદનુમાએ ઝહર દર જામ**
**ગુમ જાઉં કિધર તેરી બદીસે**

*(શહદનુમાએ ઝહેર = જે ઝહેરને મધ બનાવીને પેશ કરવામાં આવે)*

**અર્થાત** : અરે ધોકાબાઝ નફસ ! તું એવો ચક્કરબાઝ તથા ફ્રોડી છે કે ઝહેરને મધ બનાવીને પેશ કરે છે. **وزین لهم الشیطان اعمالهم زین للناس حب الشهوات** હાય ! હું તારી બદીથી બચીને ક્યાંક ગાયબ થઈ ગયો હોત. કહે છે, અલ્લાહે નફસને પેદા કર્યો અને પૂછ્યું કે બતાવ હું કોણ છું ? તો તેણે સામે જવાબ આપ્યો કે તું બતાવ ! હું કોણ છું ? આ પ્રમાણે ત્રણ વાર હજાર હજાર વરસ ભૂખ્યો રાખીને સવાલ કરવામાં આવતો રહ્યો. ત્રીજી વાર પૂછયું તો કહેવા લાગ્યો, *انت ربی* તું મારો રબ છે. જેથી નફસને ભૂખ્યો તરસ્યો રાખીને જ તેનો ઈલાજ કરવામાં આવી શકે છે, એટલા માટે અલ્લાહવાળાઓ રિયાઝતો તથા તકલીફો ઉઠાવતા હોય છે, ખાસ

કરીને કમ બોલવું, કમ ખાવુ, કમ પીવું એના પર કાર્યરત રહે છે, અને નફસની પ્રિય ચીજો તથા દુનિયવી લિજ્જતોથી શક્ય ત્યાં સુધી પરહેઝ કરે છે, કેમ કે જેટલો નફસ કમજોર થશે એટલી જ રૂહ શક્તિવાન થશે.

**ગહરે પ્યારે, પુરાને, દિલ સોઝ**
**ગુઝરા મૈં તેરી દોસ્તીસે**

**અર્થાત :** હે ઝલીલ નફસ ! મેં તારી દોસ્તીની સર્વ આંટી ઘૂંટીઓ અને ચડતી પડતી જોયેલ છે, એ સર્વ તારો ધોકો તથા ફ્રોડ છે. જોવામાં તો તું ઘણો ગાઢ દોસ્ત જણાય છે, પણ તારાથી વધીને મક્કાર (પ્રપંચી) તથા ધોકાબાઝ કોઈ નથી. તું ઘઉંના નામે જવ વેચનાર છે, તેં મોટા મોટાઓને પોતાની જાળમાં ફસાવ્યા છે તો હું શું ચીજ છું ?!

**તુઝસે જો ઉઠાએ મૈંને સદમે**
**ઐસે ન મિલે કભી કિસીસે**

**અર્થાત :** હે મરદૂદ ! તું એવો દોસ્ત છે કે તારી મૌજૂદગીમાં કોઈ દુશ્મનની શું જરૂરત છે ?! તારા થકી મેં જે સદમા વેઠયા છે, તેને તો હું જ જાણું છું તથા મારો રબ જાણે છે. અલ્લાહ કોઈ દુશ્મનને પણ તારા હવાલે ન કરે, તારા સિવાય આવાં દુઃખ કોણ પહોંચાડી શકે છે ?!

**ઉફ રે ! ખૂદ કામ બે મુરવ્વત**
**પળતા હૈ કામ આદમી સે**

**અર્થાત :** હે કમીના ! દુનિયામાં એકબીજા સાથે લોકોને કામ પડતાં જ રહે છે, પણ તું એટલો બેમુરવ્વત બદ્ લિહાઝ છે કે જાણે તને કોઈનાથી વાસ્તો જ નહીં પડે. રજમાત્ર પણ કોઈનો લેહાઝ કે કોઈની દરકાર નથી કરતો, ખુદા તને ગારત કરે !

**તૂને હી કિયા ખુદાસે નાદિમ**
**તૂને હી કિયા ખજલ નબીસે**

*(ખજલ = શર્મિંદો)*

**અર્થાત :** હે જાલિમ ! કમીના ! તેં અમને ખુદાની સામે પણ (તેની નાફર્માનીઓ કરાવીને) શર્મિંદા કર્યા અને તેના પ્યારા મહબૂબ ﷺને પણ અમે મોં બતાવવાને પાત્ર ન રહ્યા ! આ સર્વ તારું કારસ્તાન છે.

**કૈસે આક઼ા કા હુકમ ટાલા**
**હમ મર મિટે તેરી ખૂદ સરી સે**

*(ખૂદ સરી = હઠ, ઘમંડ)*

**અર્થાત :** અરે ખબીષ (ગંદા) નફસ ! કાંઈ તો ખયાલ કરત ! જો અમારા કરીમ આક઼ા ﷺ ઉમ્મત પર કેટલા અંશે મહેરબાન છે ! તારા ઘમંડ અને ઉતાવળે તો અમને પણ નાફર્માન બનાવી દીધા. અરે જાલિમ ! કાંઈ તો શરમ કર ! જોતો નથી અમારાથી કોની નાફર્માની કરાવે છે ?!

પોતાના નફસને સંબોધીને પોતે પોતાને ભલુબુરુ કહેવું એ અવલિયાએ કિરામનો તરીકો રહ્યો છે, બલ્કે અંબિયાએ કિરામમાંથી હઝરત યૂસુફ علیہ السلامનું ફર્માન તો કુર્આન મજીદમાં છે : **وما ابرئ نفسی ان النفس لا مارۃ بالسوء الاما رحم ربی**

એક બુઝુર્ગના બારામાં આવે છે કે જંગલમાં બેસીને એવી રીતે ઝઘડી રહ્યા હતા જાણે કોઈની સાથે ઝઘડો કરી રહ્યા હોય, જ્યારે કે એકલા બેઠા હતા. કોઈકે પૂછયું, શું વાત છે ? તો ફર્માવ્યું, હું મારા નફસની શરારતો પર એને ધમકાવી રહ્યો છું ! હવે એ મારી પાસે ઠંડુ પાણી માગી રહ્યો છે, મેં એને કહ્યું કે જ્યાં સુધી એક હજાર નફલ અને આખુ કુર્આન પઢીશ નહીં ત્યાં સુધી તને ઠંડુ પાણી તો શું પણ સાદુ પાણી પણ નહીં મળે !

કસીદા બુર્દા શરીફમાં અનેક શેઅરો ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہએ આ વિષયે લખ્યા છે જેમાંથી કેવળ બે શેઅર રજૂ કરીએ છીએ : **والنفس کا لطفل ان تهمله شب علی۔حب الرضاع وان تفطمه ینفطم** **અર્થાત** : નફસની દૂધ પીતા બાળક જેવી આદતો છે, ત્યાં સુધી પીતુ રહેશે જ્યાં સુધી આપણે છોડાવીશું નહીં.

**وراعها وهی فی الا عمال سائمۃ۔وان هی استحلت المرعیٰ فلاتسم** **અર્થાત** : સારા અમલોને વાહ વાહી તથા ખ્યાતિની લિજ્જતથી દૂર રાખ ! આ હવસની ચરાગાહથી તારો કદમ દૂર રાખ !

**આતી ન થી જબ બદી ભી તુઝકો**
**હમ જાનતે હૈં તુઝે જભી સે**
*(બદી = બુરાઈ)*

**અર્થાત** : હે બદ્‌બખ્ત નફ્સ ! હવે તો તારી શરારતો અને ધોકાબાઝીઓની ધૂમ મચેલી છે, જ્યારે હજી તેં બુરાઈ ન કરી હતી એ સમયે પણ અમે તને જાણતા હતા કે તું કોઈ ન કોઈ શરારત કરીને જ રહીશ ! હવે જો કે તું પણ વૃદ્ધ થઈ ગયો હશે પણ.....*ખંડર બતા રહે હૈં ઈમારત અજીબ થી !* આ શેઅરમાં શૈતાનની નાફર્માનીથી પહેલાં આલમે અરવાહનો નકશો વર્ણન કરવામાં આવ્યો છે.

**હદ કે ઝાલિમ સિતમ કે કટ્ટર**
**પથ્થર શરમાએં તેરે જી સે**

**અર્થાત** : હે જાલિમ ! જુલ્મની પણ કોઈ હદ હોય છે અને સંગદિલીનું પણ તો કોઈ ઠેકાણુ હોય છે. તું તો એટલો જાલિમ છે કે પથ્થર પણ તારી સંગદિલી (કઠણ હૃદયી) પર આશ્ચર્યમય તથા શર્મસાર છે.

કુર્આન મજીદમાં અમુક દિલોને પથ્થરથી પણ વધુ સખત ફર્માવવામાં આવેલ છે : **ثُمَّ قَسَتۡ قُلُوۡبُکُمۡ مِّنۡۢ بَعۡدِ ذٰلِکَ فَهِیَ کَالۡحِجَارَۃِ اَوۡ اَشَدُّ قَسۡوَۃً** '': ફરી ત્યાર બાદ તમારા દિલ સખત થઈ ગયાં તો તે પથ્થરોની જેમ છે બલ્કે એનાથી વધારે સખત.'' *(સૂરએ બકરહ, આ. ૭૪)* અને એનું કારણ પણ વર્ણન કરી આપ્યું : **وَاِنَّ مِنَ الۡحِجَارَۃِ لَمَا یَتَفَجَّرُ مِنۡهُ الۡاَنۡهٰرُ** ''અને પથ્થરોમાં તો અમુક તે છે જેમાંથી નદીઓ વહી નીકળે છે અને અમુક તે છે જે ફાટી જાય છે તો તેમાંથી પાણી નીકળે છે.'' *(સૂરએ બકરહ, આ. ૭૪)* પથ્થરોથી તો પાણીનાં ઝરણાં પણ ફૂટી નીકળે છે પરંતુ પથ્થર દિલથી તો એટલુ પણ નથી થઈ શકતુ !

**હમ ખાક મેં મિલ ચુકે હૈં કબ કે**
**નિકલા ન ગુબાર તેરે જી સે**

**અર્થાત :** હે કમીના નફ઼્સ ! ખુદા જ તને પૂછે ! અમારી પાસે ગુનાહ કરાવી કરાવીને તેં અમને ઝલીલ તથા બદ્નામ પણ કરી નાખ્યા, પરંતુ હજી સુધી તારી દુશ્મનીની આગ ઠંડી ન થઈ અને તારા દિલનો ધુમાડો હજી સુધી પૂરી રીતે ન નીકળી શક્યો !

**હૈ ઝાલિમ, મૈં નિબાહૂં તુઝસે !**
**અલ્લાહ બચાએ ઉસ ઘળી સે**

**અર્થાત :** હું એ ઘડીથી પણ અલ્લાહની પનાહ માગુ છું કે જે ઘડીએ તારી સાથે નિભાવ કરું ! હું તો એ ઘડીની કલ્પનાથી પણ કાંપી ઉઠુ છું. (આ આ'લા હઝરત رحمۃ اللہ علیہના કામિલ ઈમાનવાળા હોવાની ઉઘાડી દલીલ છે.)

**જો તુમકો ન જાનતા હો હઝરત !**
**ચાલેં ચલીયે ઉસી અજનબી સે**

*(હઝરત = નફસને કટાક્ષમાં કહ્યું, ચાલેં = ચાલાકીઓ)*

**અર્થાત :** અરે હટ પાછો ! બુઝુર્ગ બનતો ફરે છે ! ધોકો આપવો હોય તો કોઈ અજનબી નાવાકેફને આપ ! હું તો તારી ચાલોને સારી પેઠે જાણુ છું. મારા પર તારો દાવપેચ શું ચાલવાનો હતો ?! મેં તો અવલિયાએ કિરામનો દામન થામીને તારો ઈલાજ કરી લીધો છે.

**અલ્લાહ કે સામને વો ગુન થે**
**યારોં મેં કૈસે મુત્તક઼ી સે**

*(ગુન = કરતૂત, મુત્તક઼ી = પરહેઝગાર)*

**અર્થાત :** હે નફ઼્સ (હે રિયાકાર ઈબાદતગુઝાર !) અલ્લાહ તો તારા કરતૂતોને સારી પેઠે જાણે છે કે તું શું છે અને શું નથી ! લોકોની સામે તું મોટો પરહેઝગાર બને છે : فَلَا تُزَكُّوْٓا اَنْفُسَكُمْ ۭ هُوَ اَعْلَمُ بِمَنِ اتَّقٰى "તો પોતે પોતાના પ્રાણોને (બહુ) સ્વચ્છ તરીકે ખપાવો નહીં, જે પરહેઝગારો છે તેમને તે સારી રીતે જાણે છે." *(સૂરએ નજ્મ, આ. ૩૨)* પોતે પોતાને (બનાવટ કરીને) પરહેઝગાર ન બનાવ, અલ્લાહ સારી રીતે જાણે છે કે કોણ અધિક પરહેઝગાર છે.

રિયાકાર ઈબાદતગુઝારને પાણીમાં રહેનાર લાંબી ડોકવાળા બગલાથી સરખાવવામાં આવેલ છે કે સામાન્યતઃ તે એક ટાંગ પર ઉભો રહે છે. માછલી જુએ છે તો સમજે છે કે કોઈ ઈબાદતગુઝાર છે જે એક પગ પર ઉભો રહી ઈબાદત કરી રહેલ છે. તે દોડે છે કે જઈને ક઼દમ ચૂમી લઉં. પરંતુ બિચારી આવે છે તો શિકાર બની જાય છે. રિયાકાર પણ અલ્લાહના બંદાઓને પોતાનો અક઼ીદતમંદ બનાવવાની લાલચમાં અને તેમનાં ખિસ્સાં ખાલી કરવાના ચક્કરમાં ઈબાદતનો ઢોંગ રચે છે.

**રહઝ઼ન ને લૂટ લી કમાઈ**
**ફ઼ર્યાદ હૈ ખ઼િઝ઼રે હાશમી સે**

**અર્થાત :** હે ડાકૂ નફ઼્સ ! તેં તો મારી જીવનભરની કમાણી લૂટી લેવાનું (ઈબાદત તથા નેક અમલો બેકાર કરવાનું) ધારી લીધું છે ! હે મારા કરીમ આક઼ા ! (ખ઼િઝ઼રે હાશમી ﷺ) આપનાથી જ ફરિયાદ છે, કેમ કે આ જાલિમ કમીનાનો માર્ગ આપ જ રોકી શકો છો.

**અલ્લાહ ! કૂંએંમેં ખ઼ૂદ ગિરા હૂં**
**અપની નાલિશ કરું તુઝ઼હી સે**

**અર્થાત :** હે અલ્લાહ ! આ ઝિલ્લત તથા બેઈજ્જતીના કૂવામાં હું પોતે જ પડયો છું, હવે તારાથી જ શિકાયત (નાલિશ) છે. તારા સિવાય આ ગુનાહોના કૂવામાંથી મને કોણ કાઢશે ?!

*માનાં કે બેઅમલ હૂં નિહાયત બુરા હૂં મૈં–કિતને બળે કરીમ કે દરકા ગદા હૂં મૈં*

**હૈં પુશ્તે પનાહ ગ઼ૌષે આ'ઝ઼મ**
**ક્યૂં ડરતે હો તુમ 'રઝ઼ા' કિસીસે**

**અર્થાત :** હે (ગદાએ દરે ખૈરુલવરા પ્યારે ઈમામ) અહમદ રઝ઼ા ! જ્યારે કે તારા હામી તથા સહારા ગ઼ૌષલવરા છે, તો પછી તને કોઈ મુસીબત કે રંજ તથા તકલીફથી શું ખતરો ?!

*સુનો મેરી ફર્યાદ યા ગ઼ૌષે આ'ઝ઼મ–કરો મેરી ઈમદાદ યા ગ઼ૌષે આ'ઝ઼મ*
*હુવા હૂં મૈં ક઼ૈદી ગમોં કે કફ઼સ મેં–કરો મુઝકો આઝ઼ાદ યા ગ઼ૌષે આ'ઝ઼મ*

## (નઅત શરીફ઼ : ૫૩)

**પેશે હક્ક઼ મુઝ઼દા શફ઼ાઅતકા સુનાતે જાએંગે**
**આપ રોતે જાએંગે હમકો હંસાતે જાએંગે**

*(પેશે હક્ક઼ = અલ્લાહ સમક્ષ, મુઝ઼દા =ખુશ ખબરી, શફ઼ાઅત = ભલામણ)*

**અર્થાત :** ક઼યામતના દિવસે આપણા આક઼ા વ મૌલા ﷺ ખુદાની બારગાહમાં આપણને શફ઼ાઅતની ખુશખબરી સંભળાવશે. ડરી ગયેલાં દિલોમાં સુકૂન આવી જશે. પછી જ્યારે ઉમ્મત જન્નત તરફ઼ રવાના થશે તો મન્ઝ઼ર એવો હશે કે હુઝ઼ૂર ﷺ ખુદ તો રડતા હશે. (આ શફ઼ાઅતે ક઼ુબરાની નેઅમત મળવાના કારણે અથવા ઉમ્મતની બખ્શિશ પર ખુશીમાં આંસૂ સારશે અથવા અલ્લાહની બારગાહમાં શફ઼ાઅતના ઈઝ઼્ન (ઈજાઝ઼ત)ના માટે અલ્લાહને મનાવવા માટેનું રૂદન હશે) અને ઉમ્મત હસતી હસતી જન્નતની તરફ઼ આગળ વધશે. કોઈકે આ મન્ઝ઼ર આ પ્રમાણે વર્ણવ્યો છે :–

*હર નઝ઼ર કાંપ ઉઠેગી મેહશરકે દિન–ખૌફ઼ સે હર કલેજા દહલ જાએગા*
*પર યહ નાઝ઼ ઉનકે બંદેકા દેખેંગે સબ–થામ કર ઉન્કા દામન મચલ જાએગા*

**દિલ નિકલ જાનેકી જા હૈ આહ ! કિન આંખોસે વહ**
**હમસે પ્યાસોં કે લિયે દરયા બહાતે જાએંગે**

*(જા = જગા, હમસે = આપણા જેવા)*

**અર્થાત :** આપણુ કલેજુ ફ઼ાટી કેમ નથી જતુ (જ્યારે એ મન્ઝ઼ર ખયાલમાં આવે) કે આપણા આક઼ા ﷺ આપણા જેવા નકામાઓ માટે પોતાની પ્યારી તથા સરમગીં આંખો વડે આંસૂંઓના દરિયા વહાવી રહ્યા હશે.

*હૈ ઉનકો ઉમ્મતસે પ્યાર કિતના, કરમ હૈ રહમતે શિઆર કિતના*
*હમારે જુર્મો કો ધો રહે હૈં, વહ આંસૂં અપને બહા બહા કર*

**કિશ્તગાને ગરમીએ મેહશર કો વો જાને મસીહ઼**
**આજ દામનકી હવા દેકર જલાતે જાએંગે**

**અર્થાત :** અલ્લાહ ! અલ્લાહ ! મેહશરની ભયાનક ગરમીમાં જ્યારે શરીરો દાઝીને મુર્દા થઈ ચૂક્યાં હશે, તે જાને મસીહ, રહમતે આલમ ﷺ પોતાના દામને રહમતની હવા આપીને એ મુડદાંઓને ઝિંદા કરી રહ્યા હશે. એટલે કે શફ઼ાઅત ફ઼ર્માવીને એ મુસીબતથી છોડાવી રહ્યા હશે.

*તાજે શફ઼ાઅત સરપે પહને હશ્રકા દુલ્હા આ પહુંચા*
*આંખેં ખોલો ! ગૌરસે દેખો ! કિસકી હૈ બારાત ન પૂછો*

**ગુલ ખિલેગા આજ યહ ઉનકી નસીમે ફય્ઝસે**
**ખૂન રોતે આએંગે, હમ મુસ્કુરાતે જાએંગે**

**અર્થાત :** જ્યારે આકા કરીમ ﷺના ફય્ઝે કરમની ઠંડી ખુશ્બોદાર હવા ચાલશે તો મુરઝાયેલા ચહેરાઓ ફૂલની જેમ ખીલી ઉઠશે કે આપણે ગુનેહગાર મેહશરના મેદાનમાં ખૌફના માર્યા રડી રડીને આવ્યા હતા, પરંતું હવે જન્નતની તરફ ખૂબ ખુશીઓ મનાવતા મુસ્કુરાતા જઈ રહ્યા છીએ.

**હાં ! ચલો હસરતઝદો ! સુનતે હૈ વો દિન આજ હૈ**
**થી ખબર જિસકી કે વો જલ્વા દિખાતે જાએંગે**

**અર્થાત :** હે ગમના માર્યાઓ ! બેસહારાઓ ! જે દિવસના બારામાં અમે પઢયું અને તમે સાંભળ્યું હતું કે હુઝૂર ﷺનો દીદાર થશે, ચાલો ! એ દિવસ આવી ગયો છે. અને એ જુઓ મહબૂબે ખુદા પોતાના ચહેરાએ અન્વરથી પર્દો હટાવવાના જ છે.

*કયામત જિસકો કહતે હૈં વો ચીઝ હૈ અહલે સુન્નતકી*
*ઉધર દીદારે રબ હોગા, ઈધર સૂરત મુહમ્મદ ﷺ કી*

**આજ ઈદે આશિકાં હૈ ગર ખુદા ચાહે કે વો**
**અબ્રૂએ પેવસ્તાકા આલમ દિખાતે જાએંગે**

**અર્થાત :** હા ! હા ! આજે જ આશિકાંને રસૂલની અસલ ઈદ છે કે દુનિયામાં તો જોયા વિના એમની વાતો કરતા તથા સાંભળતા હતા, આજે જરા આપણી આંખો વડે મહબૂબે ખુદાનાં ભેગાં થયેલાં ભવાં મુબારક જુઓ, અને એમની બારગાહમાં મોહબ્બતની સાથે દુરૂદો સલામનાં નઝરાણા પેશ કરો.

*હશ્રકા દિન હૈ ઉનકી ઝિયારતકા દિન–ઐસે રોઝે કયામતપે લાખોં સલામ*

બુખારી તથા મુસ્લિમની હદીષ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જ્યારે જહન્નમ પર પુલસિરાત બિછાવવામાં આવશે, **فا كون اول من يجوز من الرسل بامته** રસૂલોમાંથી સૌ પ્રથમ હું જ મારી ઉમ્મતને લઈને પુલસિરાત પાર કરીશ. એ રીતે કે : *જિબ્રીલ પર બિછાએં તો પરકો ખબર ન હો*

**ખાક ઉફતાદો ! બસ ઉનકે આને હી કી દૈર હૈ**
**ખૂદ વો ગિરકર સજદામેં તુમકો ઉઠાતે જાએંગે**

*(ખાક ઉફતાદો = અસીરો, કૈદીઓ)*

**અર્થાત :** દુનિયામાં તો આકા ﷺ જન્નતની બશારતો સંભળાવતા રહ્યા પરંતું આજે મેહશરના દિવસે પોતાની ઉમ્મતને જન્નત વહેંચતા જોવા મળશે. એટલા માટે હે ગદાઓ ! હોશિયાર થઈ જાવ ! અને ભાગો દરે મુસ્તફા ﷺ પર અને અર્ઝ કરો, હે દુશ્મનો પર પણ રહમ કરવાવાળા આકા ! અમે તો આપનો કલમો પઢવાવાળા છીએ !

*કરમકી એક નઝર હમ પર ખુદારા યા રસૂલુલ્લાહ ! ﷺ*
*હૂં તુમ્હારા મૈં, તુમ્હારા, તુમ્હારા યા રસૂલુલ્લાહ ! ﷺ*

**કુછ ખબર ભી હૈ ફક઼ીરો આજ વો દિન હૈ કે વો**
**નેઅમતે ખુલ્દ અપને સદક઼ેમેં લુટાતે જાએંગે**

*(નેઅમતે ખુલ્દ = જન્નતની નેઅમત)*

**અર્થાત :** હે ખાકનશીનો ! હવે તમને ખાકમાંથી ઉઠાવીને જન્નતના બાગોમાં પહોંચાડવાનો સમય આવી ગયો છે, બસ એમના આવવાની જ વાર છે ! એક સજદો કરશે તો... *એક હી સજદેમેં સબકી નજાત હો કે રહી*

પોતે તો સજદામાં તશરીફ લઈ જશે અને તમને ખાકમાંથી ઉઠાવીને સુરૈયા સુધી પહોંચાડી આપશે. જ્યારે અલ્લાહ ફર્માવશે : **یا محمد ارفع راسك وقل تسمع وسل تعط واشفع تشفع**

*અબ તો સજદેસે સરકો ઉઠા લો—આપકી સારી ઉમ્મત બરી હૈ*

**વુસ્અતેં દી હૈં ખુદાને દામને મહબૂબ કો**
**જુર્મ ખુલતે જાએંગે ઔર વો છુપાતે જાએંગે**

*(વુસ્અતેં = વિશાળતા)*

**અર્થાત :** સરકારે મદીના ﷺના દામને કરમને અલ્લાહે એટલો વિશાળ કરી આપ્યો છે કે આપણા જેટલા પણ જુર્મો મેહશરના મેદાનમાં રજૂ થશે સર્વ આ રહમતના દામનમાં છુપાય જશે. અને...

*ઢૂંઢા હી કરેં સદ્રે ક઼યામતકે સિપાહી – વો કિસકો મિલે જો તેરે દામનમેં છુપા હો*

**લો વો આયે મુસ્કુરાતે હમ અસીરોંકી તરફ**
**ખિર્મને ઈસ્યાંપે અબ બિજલી ગિરાતે જાએંગે**

*(અસીરોં = કેદીઓ, ખિર્મને ઈસ્યાં = ગુનાહોનો ઢગલો)*

**અર્થાત :** ભાઈઓ ! એક જરૂરી એલાન સાંભળો ! ધ્યાન કરો ! હે મેહશરવાળાઓ ! સર્વ ઉભા થઈ જાવ અને દુરૂદો સલામનાં નઝરાણાં પેશ કરવાનું શરૂ કરી દો. એ જુઓ ! મારા આક઼ાની સવારી આવી ગઈ છે અને હુઝૂર ﷺ પોતાના ગુનેહગાર ઉમ્મતીઓની તરફ જોઈને મુસ્કુરાઈ રહ્યા છે. અને હા ! તમને તમારા ગુનાહોના ઢગલા નજર આવી રહ્યા છે એટલે પરેશાન છો ! તો પછી ખુશ થઈ જાવ ! જુઓ, મારા આક઼ા કેવી રીતે તમારા ગુનાહો પર પોતાના જમાલની વીજળીઓ ફેંકીને તેમને સળગાવીને રાખ કરી રહ્યા છે.

*દોઝખમેં મૈં તો કયા, મેરા સાયા ન જાએગા—ક્યું કે રસૂલે પાક ﷺસે દેખા ન જાએગા*

**આંખ ખોલો ગમઝદો દેખો વો ગિર્યાં આયે હૈં**
**લોહ દિલસે નક઼્શ ગ઼મકે અબ મિટાતે જાએંગે**

*(ગિર્યાં = રડતા રડતા, લોહ દિલ = દિલની સ્લેટ)*

**અર્થાત :** હે મુજરિમો ! હોશમાં આવો ! જુઓ ! તમારા આક઼ા ﷺ અલ્લાહની બારગાહમાં રડી રડીને તમારા ગુનાહોનાં નિશાન સુધ્ધાં તમારા દિલની તખ્તીથી મિટાવી રહ્યા છે.

**સોખ્તા જાનોં પે વો પુરજોશ રહમત આયે હૈં**
**આબે કૌષર સે લગી દિલકી બુઝાતે જાએંગે**

*(સોખ્તા = સળગેલ)*

**અર્થાત :** હે ગુનેહગારો ! તમારાં દિલોને જો ગુનાહોની આગે જલાવી રાખેલ છે, તો જોતા નથી કે તમારા આક઼ા ﷺની રહમતનો દરિયો પણ જોશમાં આવેલો છે ?! તે હૌઝે કૌષરના છાંટાઓ વડે તમારાં દિલોમાં લાગેલી આગ બુઝાવી આપે. (અને ફાયર બ્રિગેડ જેમ સમય પસાર કરીને નહીં, બલ્કે પળવારમાં !)

*દિખાઈ જાએગી મેહશરમેં શાને મહ઼બૂબી – કે આપ હી કી ખુશી આપકા કહા હોગા*

*ખુદાએ પાક કી ચાહેંગે અગલે પિછલે ખુશી – ખુદાએ પાક ખુશી ઉન્કી ચાહતા હોગા*

**આફતાબ ઉન્કા હી ચમકેગા જબ ઔરોંકે ચિરાગ**
**સ઼રસ઼રે જોશે બલાસે ઝિલ મિલાતે જાએંગે**

*(સરસર = આંધી, ઝિલમિલાવું = થોડી રોશની આવવું)*

**અર્થાત :** અન્ય અંબિયાએ કિરામના ચિરાગોની પણ રોશની હશે, પણ મેહશરની તોફાની પીડાઓ તથા મુસીબતોની આંધીઓના કારણે ચમકતા સળગતા બુઝાતા હશે. (ત્યારે જ તો દરેક નબી ફર્માવશે : **اذھبوا الی غیری** જાવ ! કોઈ અન્યની તરફ !) પરંતું આપણા આક઼ા ﷺનો સૂરજ તે સમયે જોબન પર હશે. (અને ફર્માવી રહ્યા હશે : **انا لھا انا لھا** ''લઈ આવો ! કોઈ અન્ય પણ જો છે, હું તેની શફાઅત કરીશ.)

**પાએ કૂબાં પુલસે ગુઝરેંગે તેરી આવાઝ પર**
**રબ્બિ સલ્લિમ કી સદા પર વજ્દ લાતે જાએંગે**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ જ્યારે તમારી શફાઅત ક઼બૂલ થઈ જશે તો પછી આપના ગુનેહગાર ઉમ્મતી (જે હવે ગુનેહગાર નથી રહ્યા !) પુલસિરાત પર જોર જોરથી પગો મારતા (ટોક ટોક કરતા) પસાર થઈ જશે, અને વજ્દ તથા મસ્તીમાં જહન્નમને કહેશે કે જન્નત જો કે દરેકને અલ્લાહે જ આપી છે, પરંતું ભાઈ ! અમને મુસ્તફા ﷺએ લઈને આપી છે ! (તેમના વસીલાથી જ મળી છે !) આપણા આક઼ા ﷺ તો ''રબ્બિ સલ્લિમ'' કહી રહ્યા હશે, અને ઉમ્મતી ''મુસ્તફા જાને રહમતપેં લાખોં સલામ'' તથા ''યા નબી સલામ અલૈક'' વગેરે પઢતા હશે, અને જહન્નમ પોકારી રહી હશે કે જલ્દી પસાર થઈ જાવ ! તમે તો મને પણ ઠંડી કરી દીધી છે ! અને જહન્નમનો દરવાન કહેશે, હે મુહમ્મદ ! ﷺ આપે તો પોતાની ઉમ્મતમાંથી જહન્નમના માટે કાંઈ છોડયું જ નથી ! *(કમાફિલ્હદીષ)*

*યહ ઈકરામ હૈ મુસ્તફા પર ખુદાકા – કે સબ કુછ ખુદાકા હુવા મુસ્તફા કા ﷺ*

**સરવરે દીં લીજિયે અપને ના તવાનોંકી ખબર**
**નફ઼્સો શૈતાન સયદા કબ તક દબાતે જાએંગે**

**અર્થાત :** હે મહબૂબે ખુદા ! ﷺ મહેરબાની કરો અને અમને નફસ તથા શૈતાનની બુરાઈથી બચાવી લો ! આપના કમજોર ઉમ્મતીઓને છેવટે આ જાલિમ ક્યાં સુધી પોતાના તાબેદાર બનાવીને એમના પર હુકમ ચલાવતા રહેશે ?! નફસ તથા શૈતાનની શરારતોથી બચવાનો એક જ તરીક઼ો છે કે કોઈ કામિલ વલીના હાથમાં હાથ આપવામાં આવે. કેમ કે الا عبادك منهم المخلصين ના પ્રમાણે એમના પર શૈતાનનો વશ નથી ચાલી શકતો, તો એની બરકતથી એમની સાથે રહેવાવાળા પણ શૈતાનની બુરાઈથી મેહફૂઝ થઈ જશે. જેમ કે કોઈ ખાસ હસ્તીના માટે પંખો ચલાવવામાં આવે તો સાથેવાળાઓને પણ હવા પહોંચી જાય છે, એ જ પ્રમાણે જો કોઈ નફસ તથા શૈતાનની બુરાઈથી મેહફૂઝ હોય તો એની પાસે બેસવાવાળાઓ પર પણ તે જાલિમોનો દાવ નહીં ચાલી શકે.

**હશ્ર તક ડાલેંગે હમ પૈદાઈશે મૌલાકી ધૂમ**
**મિષ્લે ફ઼ારસ નજદ કે ક઼ીલ્એ઼ ગિરાતે જાએંગે**

**અર્થાત :** અમે અમારા આક઼ા તથા મૌલા, મહબૂબે ખુદા ﷺના મીલાદે પાકનો ચર્ચો કરતા રહીશું અને આ ક્રમ ક઼યામત સુધી ચાલુ રહેશે. જો નજદી એને પસંદ નથી કરતો તો જાય જહન્નમમાં ! જેમ કે હુઝૂર ﷺ પેદા થયા તો ઈરાનના મહેલોમાં ધરતીકંપ આવી ગયો, એ જ પ્રમાણે મીલાદે રસૂલ કરતા રહીશું અને નજદીઓના કિ઼લ્લાઓને ગબડાવતા રહીશું અને મૌલૂદ શરીફના મુન્કિરોના અક઼ીદાઓ પર ક઼યામત વરસાવતા રહીશું.

**ખાક હો જાએં અદૂ જલકર મગર હમ તો 'રઝ઼ા'**
**દમ મેં જબ તક દમ હૈ, ઝ઼િક્ર ઉન્કા સુનાતે જાએંગે**

**અર્થાત :** હે ઝિક્રે મુસ્તફા ﷺના દુશ્મનો ! (موتوا بغيظكم "પોતાના ગુસ્સામાં બળીને મરી જાવ!) તમો બળીને ખાખ થઈ જાવ ! અમારા શરીરમાં જ્યાં સુધી જાન મૌજૂદ છે, અમે અમારા આક઼ા ﷺનો ઝિક્ર કરતા જ રહીશું.

*હૈ જબ તક અહલે સુન્નતકા કોઈ ઈક ફ઼ર્દ ભી બાક઼ી–ફ઼િઝ઼ાઓંમેં સદા ગુંજેગા ના'રા યા રસૂલલ્લાહ ! ﷺ*

## (નઅત શરીફ : ૫૪)

**ચમક તુઝસે પાતે હૈં સબ પાનેવાલે**
**મેરા દિલ ભી ચમકા દે ચમકાને વાલે**

**અર્થાત :** હુઝૂર ﷺ ફર્માન છે : **انامن نور الله وكل الخلائق من نورى او كماقال عليه الصلوة والسلام** "હું અલ્લાહના નૂરથી છું અને સર્વ મખ્લૂક મારા નૂરથી છે." અને આ પ્રકારની અન્ય ઘણી બધી હદીષોથી જાણવા મળ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ જે પણ જમાનાભરમાં ચમકયુ છે તે આપના નૂરથી જ ચમકેલ છે. કેમ કે આપ જ કાઈનાતની અસ્લ અને કાઈનાતના અસ્તિત્વનો સબબ છો. તો પછી હે મારા નૂરવાળા આકા ! ﷺ મારું દિલ જે ગુનાહોથી કાળુ થઈ ચૂક્યું છે એના ઉપર પણ નૂરનું એક કિરણ નાખી દો કે જેથી એમાં પણ ચમક પેદા થઈ જાય.

*તૂ આયા તો હૂઈ કાફૂર દુન્યાસે શબે ઝુલ્મત–તૂ આયા તો હૂએ અર્ઝો સમાં કૌનો મકાં રોશન*
*સનદ માંગી નહીં અહલે નઝરસે આજ તકમેં–કરેગી મિદહતે સરકાર હી નામો નિશાં રોશન*

આ શેઅરની ઈમાન અફરોઝ શરહ "જબલે નૂર" માં આ પ્રમાણે છે. ઈમામ કસ્તલાની શારેહે બુખારી ફર્માવે છે : "હુઝૂર સરવરે આલમ ﷺ રાઝે ઈલાહીના ખજાના અને અમ્રે ઈલાહી લાગુ થવાની જગા (મઝહર) છે. કોઈ હુકમ લાગુ નથી થતો પણ હુઝૂર ﷺના દરબારથી, અને કોઈ નેઅમત કોઈને નથી મળતી પણ હુઝૂર ﷺની સરકારથી મળે છે."

આ જ બયાન મોહક્કિક ઉલમાનું છે અને એ જ જમહૂર (બહુમત) મુસ્લિમોનું ઈમાન છે કે **દુનિયામાં કોઈ પણ નેઅમત જે કોઈને પણ મળી હુઝૂર ﷺના જ દરબારથી મળી.** રસૂલોને રિસાલત તથા નબીઓને નબુવ્વત મળી તો અહીંથી જ મળી. વલીઓને વિલાયત, ઈમામોને ઈમામત, સખીઓને સખાવત, અને બહાદુરોને શુજાઅત (બહાદુરી) મળી તો અહીંથી જ મળી. સાચાઓને સદાકત, આદિલોને અદાલત અને સૈયદોને સિયાદત મળી તો અહીંથી જ મળી. જેમ કે આ'લા હઝરત ફર્માવે છે :

*لَا وَرَبِّ الْعَرْش (લા વ રબ્બિલ અર્શ) જિસકો જો મિલા ઉનસે મિલા–બટતી હૈ કૌનેનમેં નેઅમત રસૂલુલ્લાહ ﷺ કી*

એના ઘણા દ્રષ્ટાંતો હદીષોની કિતાબોમાં ભરેલાં છે : જેમ કે જંગે બદરમાં હઝરત કતાદા رحمة الله عليهની બંનેવ આંખો તીર લાગવાથી ચહેરા પર વહી ગઈ. તો હુઝૂર ﷺએ તેમને તેમના ઠેકાણે મૂકી થૂક મુબારક લગાડી આપ્યું તો તે આંખો રોશન થઈ ગઈ ! જંગે ઓહદમાં હઝરત અબૂઝર رحمة الله عليهની આંખ ફૂટી ગઈ તો આપ ﷺએ ત્યાં થૂંક મુબારક રાખ્યું તો આંખ પહેલાં કરતાં રોશન થઈ ગઈ. આવા અનેક પ્રસંગો હુઝૂર ﷺની ઈનાયતોના સાક્ષી છે.

**બરસતા નહીં દેખ કર અબ્રે રહમત**
**બદોં પર ભી બરસા દે બરસાને વાલે**

*(અબ્રે રહમત = રહમતનું વાદળ, બદોં = ગુનેહગારો)*

**અર્થાત :** હે મારા આક઼ા ! ﷺ અમારા અમલો ભલે ઘણા બુરા છે, કદાચ એને જોઈને જ રહમતનું વાદળ અમારા પર નથી વરસતુ. હે પ્યારા નબી ! ﷺ આપ મહેરબાની ફર્માવો અને રહમતના વાદળને હુકમ આપો કે અમ ગુનેહગારો ઉપર પણ રહમતના છાંટા નાખે જેથી ગુનાહોની ખરાબીઓ અમારાથી દૂર થઈ જાય અને દિલ આપના નૂરથી મુનવ્વર તથા રોશન થઈ જાય.

**મદીને કે ખિત્તે ખુદા તુઝકો રખ્ખે**
**ગરીબોં ફ઼ક઼ીરોં કે ઠહરાને વાલે**

*(ખિત્તે = ટૂકડા, ભૂમિ)*

**અર્થાત :** હે અમારા મદીનાવાળા આક઼ા ! ﷺ ખુદા તઆલા તમને તાક઼યામત સલામત રાખે, કે અમારા જેવા ગરીબો, મિસ્કીનોને તમે પનાહ તથા ઠેકાણુ અતા કરવાવાળા છો.

**તૂ ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ !**
**મેરે ચશ્મે આ઼લમસે છુપ જાને વાલે**

**અર્થાત :** હે મારા આક઼ા ! ﷺ ક઼સમ ખુદાની ! આપ ઝિંદા છો ! હા ! હા ! (આપને મુર્દા કહેવાવાળા ખુદ મુર્દા છે !) મારા આક઼ા ! અલ્લાહની ક઼સમ ! આપ ઝિંદા છો ! (કેમ કે આપે ખુદ ફર્માવ્યું છે કે **નબી પોતાની ક઼બરોમાં પણ જીવંત હોય છે.** ત્યારે જ તો મેઅરાજની રાતમાં તમામ નબીઓએ આપની પાછળ નમાઝ અદા કરી. મૂસા علیہ السلامને આપે ક઼બ્રમાં ઉભા થઈને નમાઝ પઢતા જોયા.) –*(મુસ્લિમ, મિશ્કાત)* ભલા ! અમે આપની વાત માનીએ કે મુન્કિરોની બકવાસ માનીએ ?! બાકી રહ્યું એ કે તો પછી જોવામાં કેમ નથી આવતા ?! તો અમારો સવાલ છે કે શું બાકી રહેનારી સર્વ ચીજો બાકી રહેવા છતાં નજર આવે છે ? શું હવા, ઈમાન, બુધ્ધિ તેમજ નકીરૈન જેઓ દરેક માણસના ખભાઓ પર બેઠેલા છે તે દેખાય છે ?! તો જ્યારે ગુલામ નજર નથી આવતા તો આક઼ા કેવી રીતે નજર આવે ?! મારા આક઼ા ! ﷺ આપે કેવળ મારી જાહેરી આંખોથી જ પર્દો કર્યો છે, દિલ આપના નૂરથી જ આબાદ છે.

**મૈં મુજરિમ હૂં આક઼ા મુઝે સાથ લે લો**
**કે રસ્તેમેં હૈં જા બજા થાને વાલે**

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ હું મુજરિમ તથા કુસૂરવાર છું. અને મુજરિમો પાછળ દરેક સમયે પોલીસવાળા લાગેલા રહે છે. એ જ પ્રમાણે મારી પાછળ પણ અલ્લાહના ફરિશ્તા લાગેલા છે, તો આપ મને આપની પનાહ (શરણ) અતા કરો, જેથી :

*ઢૂંઢા હી કરેં સદરે ક઼યામતકે સિપાહી–વો કિસકો મિલે જો તેરે દામનસે છુપા હો*

અથવા "થાના"વાળાથી મુરાદ દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવીના અક઼ીદાવાળા ગુસ્તાખો મુરાદ છ

જેમણે હુઝૂર ﷺના ઈલ્મ મુબારકને બાળકો, પાગલો તથા જાનવરો સાથે મિલાવ્યો. *(હિફઝુલ ઈમાન)* જેથી બદઅક઼ીદા લોકોથી બચવાના માટે હુઝૂરે અક઼દસ ﷺની પનાહ ઢુંઢવામાં આવી રહી છે કે યા રસૂલલ્લાહ ! ﷺ આવા બદઅક઼ીદાઓથી બચવા આપની પનાહમાં આપના દરેક ઉમ્મતીને લઈ લો.

**હરમકી ઝમીં ઔર ક઼દમ રખકે ચલના ?**
**અરે ! સરકા મૌક઼ા હૈ ઓ જાને વાલે**

**અર્થાત :** હરમૈન શરીફૈન (મક્કા–મદીના શરીફૈન)ની ભૂમિ તો એટલી પવિત્ર તથા પાકીઝા છે કે આપણુ ચાલે તો એના પર કદ્મ રાખીને ચાલવાને બદલે માથાભેર ચાલીને જવું જોઈએ. અવલિયાએ કિરામ અને ઉલમાએ રબ્બાનીના ઘણીવારના બનાવો પેશ કરવામાં આવેલા છે કે તેઓ આ મુક઼દસ શહેરોનો કેટલો એહતેરામ કરતા હતા અને આપણે પણ એ શહેરોનો અદબ જ અલ્લાહથી માગીએ છીએ. ઈમામ માલિક رضی اللہ عنہ મદીના પાકમાં કઝાએ હાજત કરતા ન હતા. હઝરત સઈદ અહમદ ક઼ાઝમી رحمۃ اللہ علیہએ મદીના પાકમાં વાગેલ કાંટો કાઢવાને બદલે તેના પર કપડુ બાંધી તેને સલામત રહેવા દીધો ! સાચુ જ કહ્યું છે કોઈકે :

*ઉનકી ગલી કે ખાર કશીદા હૈં કિસ લિએ–આંખોંમેં આએં, સરપે રહેં, દિલમેં ઘર કરેં*

**ચલ ઉઠ જબિહા ફરસા હો સાક઼ી કે દર પર**
**દરે જૂદ અય મેરે સસ્તાને વાલે**

*(જબિહા ફરસા = પેશાની રગડનાર, સસ્તાને વાલે = ઈશ્ક઼ે રસૂલમાં મસ્ત રહેનાર, જૂદ = સખાવત)*

**અર્થાત :** હે મારા આક઼ા ﷺના ઈશ્ક઼ના દિલમાં સજાવનારા દીવાના ! ચાલ, જા ! સરકારે રહમત ﷺના દરબારમાં કે રહમતનો દરવાજો ખુલી ગયો છે, અને સાક઼ીએ કૌષરનો ફયઝ સતત વહી રહ્યો છે. ત્યાં જઈને માથુ રગડ ! એટલે સર્વ અદબો બજાવી લાવ ! અથવા મતલબ એ છે કે પહેલા અલ્લાહની બારગાહમાં શુક્રાનાના નફલો અદા કર, કેમ કે એણે તને દરે મુસ્તફા ﷺની હાજરીથી નવાઝયો છે અને પછી હુઝૂર ﷺના ક઼દમોમાં આવીને સરકાર ﷺથી ફયઝની ભીખ માગ !

*હૈ અન્વારે રહમત મદીને કી કલિયાં – દિલો જાંકી રાહત મદીને ગલિયાં*
*ફરિશ્તોંમેં કલ રાત યહ ગુફ્તગૂ થી – હૈ જન્નત હી જન્નત મદીનેકી ગલિયાં*

કોઈ એવું ન સમજે કે પહેલા અર્થના હિસાબે તો આ'લા હઝરત رضی اللہ عنہએ હુઝૂર ﷺને સિજદો કરવાની શીખ આપી છે. ઈલ્મવાળા જાણે છે કે આ'લા હઝરત رضی اللہ عنہએ "તાઝીમી સિજદો હરામ" હોવા પર આખી કિતાબ લખી છે જેનું નામ છે "અઝ્ઝુબ્તુઝ્ઝકિય્યહ ફી હુર્મતિસ્સિજદતિત્તહિય્યહ." અને એ પણ દરેક ઈલ્મવાળો જાણે છે કે હાજરીના આદાબ (નિયમો) આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની નજીક કેટલી સાવધાનીના તક઼ાદાવાળા છે ! જેથી સવાલ જ નથી ઉઠતો કે આ'લા હઝરતનો કોઈ એવો મનસૂબો હોય.

**તેરા ખાએં તેરે ગુલામોંસે ઉલઝેં**
**હય મુન્કિર અજબ ખાને ગુર્રાને વાલે**

*(મુન્કિર = નકારાનારા, ગુર્રાના = વિના કારણે ગુસ્સામાં શોર મચાવવો)*

**અર્થાત :** હે મારા આકા ﷺ આ આપની અઝમત (મહાનતા)ના મુન્કિરો પણ અજીબ પ્રકારના લોકો છે કે આપનો સદકો ખાય છે અને આપના જ ગુલામો સાથે ઉલઝે છે. આપના દીનનું જ નામ લઈને લોકોથી પૈસા પડાવે છે અને આપની જ વિરૂધ્ધ લખી લખીને પોતાના નામાએ આમાલની જેમ કાગળો કાળા કરી રહ્યા છે. *શરમ ઉન્કો મગર નહીં આતી !*

**રહેગા યૂંહી ઉન્કા ચર્ચા રહેગા**
**પળે ખાક હો જાએં જલ જાનેવાલે**

**અર્થાત :** હે મુન્કિરો ! તમો સરકારે મદીના ﷺનો ઝિક્ર મુબારક સાંભળીને સળગી મર્યા કરો ! અથવા બળી બળીને મરી જાવ ! અને મરીને ધૂળમાં મળી જાવ ! હુઝૂર ﷺની અઝમતના ડંકા વાગતા જ રહેશે ! કેમ કે જ્યારે અલ્લાહ એમના ઝિક્રને બુલંદ કરવાની વાત કરે છે, તો કોનામાં હિંમત છે કે બંધ કરી શકે ?! અલ્લાહે તો જન્નતના દરવાજાઓ પર અને જન્નતની દરેક ચીજ પર પોતાના હબીબ ﷺનું નામ લખી દીધું છે ! ક્યાં ક્યાંથી મિટાવશો ?!

અને હે મારા પ્યારા નબી ! ﷺ :–

*તેરે દુશ્મન જલતે રહેંગે–જલ જલ કે મરતે રહેંગે*
*હમ યહી પળ્હતે રહેંગે–સલવા તુલ્લા અલૈક*

**અબ આઈ શફાઅતકી સાઅત અબ આઈ**
**ઝરા ચૈન લે મેરે ગભરાને વાલે**

**અર્થાત :** હે મારા દિલ ! અથવા હે મારા જેવા ગુનેહગારો ! જરાદિલોને થામી લો ! શા માટે ગભરાવ છો ?! હમણા તમારી શફાઅતની વારી બસ આવવાની તૈયારીમાં જ છે ! કોઈ પણ મેહરૂમ રહેશે નહીં, હુઝૂર ﷺના કરમની ભીખ સૌને મળશે.

**'રઝા' નફસ દુશ્મન હૈ દમમેં ન આના**
**કહાં તુમને દેખે હૈં ચંદરાને વાલે**
*(ચંદરાના = જૂઠલાવવું)*

**અર્થાત :** હે (મારા આકા ﷺના ભોળા ભાળા ઉમ્મતી ! ) અહમદ રઝા ! પોતાના ભોળપણના કારણે ક્યાંક નફસના ધોકા તથા પ્રપંચમાં ન આવી જતો ! તેં હજી બેહકાવનારા, તથા ફોસલાવનારા જોયા જ ક્યાં છે ?! અને તું શું જાણે કે તેઓ કેવી કેવી રીતે તારા ઈમાન પર હુમ્લો કરીને તારું કેટલું નુકસાન કરી જાય છે ?!

સુબ્હાનલ્લાહ ! ઈમામ તથા પેશવા હોય તો આવો જ હોય, જે દરેક ક્ષેત્રે પોતાના અનુયાયીઓની રહનુમાઈ કરે. ઈશ્કે રસૂલ ﷺની દૌલતની વહેંચણી કરે છે, ગુસ્તાખાને રસૂલ ﷺના હુમ્લાઓથી બચવાની શીખ પણ આપે, અને નફસ તથા શૈતાનના ધોકાઓ અને પ્રપંચોથી પણ માહિતગાર કરે.

## (નઅત શરીફ઼ : ૫૫)

**આંખેં રો રો કે સુજાનેવાલે**
**જાનેવાલે નહીં અનેવાલે**

**અર્થાત :** હે કોઈના વિખૂટા થવાના ગમમાં રડી રડીને પોતાની આંખોને ખરાબ કરનાર ! જે ચાલ્યો ગયો તે તો પાછો આવશે નહીં, બલ્કે આપણે જ એની પાછળ જઈશું. *આજ ઉસ્કી કલ હમારી બારી હૈ !*

**કોઈ દિનમેં સરા યહ ઉજળે**
**અરે ! ઓ છાવની છાનેવાલા**

*(સરા = મુસાફિરખાના, ઉજળે = વિરાન થાય, છાવની = ફોજી કેમ્પ, છાને = ઝુપડી)*

**અર્થાત :** એક દિવસ આવવાનો છે કે મહોલ્લાઓ પણ વિરાન થઈ જશે અને મામૂલી ઝુપડાં પણ તબાહ થઈ જશે. આ દુનિયા તો થોડાક દિવસોની છે. આ મુસાફિરખાનામાં કાયમ માટે વસવાટનો ઈરાદો કરી લેવો મૂર્ખતા છે. હઝરત મૌલાના કાફી શહીદ رحمۃاللہعلیہ જેમના બારામાં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃاللہعلیہએ આ પ્રમાણે ફર્માવ્યું :– *સદરે નઅત ગોયાં હૈ હઝરત કાફી – ઈન્શાઅલ્લાહ ! મૈં વઝીરે આ'ઝમ હોઉં*

એમના કેટલાક શેઅરો જોઈએ :–

*કોઈ ગુલ બાક઼ી રહેગા ન ચમન રહ જાએગા – પર રસૂલુલ્લાહ કા દીને હસન રહ જાએગા*
*અતલસ વ કિમ્ખાબ કે પોશાક પર નાઝાં ન હો – ઈસ તને બેજાન પર ખાલી કફન રહ જાએગા*
*હમ સફીરો કોઈ દમ કે યહ ચહે હૈં બાગમેં – બુલબુલેં ઉળ જાએંગી સૂના ચમન રહ જાએગા*

**ઝબહ હોતા હૈ વતન સે બિછળે**
**દેસ ક્યૂં ગાતે હૈં ગાને**

*(ઝબહ = ક઼ત્લ, બિછળે = વિખૂટા, દેસ = પોતાનું વતન)*

**અર્થાત :** જે બીચારા વતનથી વિખૂટા પડી ગયેલા છે, તેમનું દુનિયા છોડીને જવું જ શું ક઼યામતથી કમ છે ! ઉપરથી તેની મૈયત પર આ દુનિયાના દેશનાં ગીતો આલાપવામાં આવે, આ તો એમના ઝખ્મો પર નમક છીડકવા સમાન છે.

આ શેઅરનો એક મતલબ એ પણ શકે છે કે અમે અમારા મૂળ વતન (આલમે અરવાહ)થી વિખૂટા થઈને નાશવંત દુનિયામાં તો આવી જ ગયા છીએ, અને દરેક પળે નવી મુસીબત નવું દુઃખ વેઠી રહ્યા છીએ. પછી આલમે બાલાનો ઉલ્લેખ વારંવાર કરીને અમારા અફસોસમાં કેમ વધારો કરવામાં આવે છે ?!

**અરે બદ્ફાલ બુરી હોતી હૈ**
**દેસ કા જંગલા સુનાનેવાલે**

*(બદ્ફાલ = બુરો સુકન, જંગલા = એક રાગનું નામ)*

**અર્થાત** : અરે ઓ ખુદાના બંદા ! આ દુનિયાને કાયમી રહેઠાણ સમજનાર ! બદ્ સુકન તો સારો નથી હોતો. થોડા દિવસની એશથી અહીં હમેશાં રહેવાની બદ્ગુમાની પેદા ન કર ! અને પોતે પોતાને આ દુનિયામાં મુસાફિર સમજ. જેમ કે હદીષ શરીફમાં છે : كن فی الدنیا کانك غريب اوعابر سبيل "દુનિયામાં એવી રીતે રહે, જાણે કે તું મુસાફિર છે અથવા વટેમાર્ગુ છે."

*એક દિન મરના હૈ આખિર મૌત હૈ—કર લે જો કરના હૈ આખિર મૌત હૈ*

**સુન લે અઅ્દા મૈં બિગળનેકા નહીં**
**વો સલામત હૈં બનાનેવાલે**

**અર્થાત** : અને હા ! મારુ બુરુ ચાહનારા પણ સાંભળી લે કે ઈન્શાઅલ્લાહ ! મારો ખાત્મો બિલ ખૈર (ઈમાન પર) જ થશે, કેમ કે મારા આકા, મારા બિગડી બનાવનારા સલામત છે અને તે મારાથી બેખબર નથી. જે પણ ઈમાન પર ખાત્મો ચાહે છે તે ગુલામીએ રસૂલ ﷺનો પટ્ટો ગળામાં પરોવી લે, પછી ભલાઈ જ ભલાઈ છે.

*ઉન્કે જો ગુલામ હો ગએ—વો ખલ્ક કે ઈમામ હો ગએ*
*આપકા દિયા જો વાસ્તા—મેરે સારે કામ હો ગએ*
*મુક્તદી હૈં સારે અંબિયા—મુસ્તફા ઈમામ હો ગએ*

**આંખેં કુછ કહતી હૈં તુઝસે પયગામ**
**ઓ દરે યાર કે જાનેવાલે**

**અર્થાત** : હે દરબારે મહબૂબ તથા દરે હબીબ (મદીના શરીફ) જનાર ! જરા મારી આંખોની તરફ પણ જો કે તને કોઈ પયગામ આપી રહી છે અને આંસૂંઓની ભાષામાં તારા હાથે સરકારની બારગાહમાં હાજરીની દરખાસ્ત મોકલવા ચાહે છે, અને સલાતો સલામના તોહફા મોકલવાના માટે બેતાબ છે. જાણે કહે છે :–

*તયબહ કે જાનેવાલે જાકર ઝરા અદબસે – મેરા ભી કિસ્સએ ગ્મ કહના શહે અરબસે...*

**ફિર ન કરવટ લી મદીને કી તરફ**
**અરે ! ચલ ઝૂટે બહાનેવાલે**

**અર્થાત** : હે મારા જૂઠા દિલ ! જ્યારે મદીનાથી જુદા થયા હતા તો તેં કહ્યું હતું કે ફરી આવીશું, અને હવે હિંદમાં આવીને મદીનામાં જવાનું તો એક તરફ, કદી યાદ પણ નથી કરતું અને જાતજાતનાં બહાનાં બનાવે છે ! કે આ મજબૂરી છે તે મજબૂરી છે, ચાલ હટ પાછળ ! દૂર થઈ જા ! તેં મને મહબૂબના કદમોથી અલગ કર્યો, હું હવે તારી સાથે વાત કરીશ નહીં !

બુલબુલ હમેશાં ફૂલની જ વાત કરે છે અને આશિકે મુસ્તફા ﷺ હમેશાં ખુદાના રસૂલ علیہ الصلوٰۃ والسلامની જ વાત કરે છે. વિષય કોઈ પણ હોય તે પોતાના આકાનો ઝિક્ર ચોક્કસ રીતે દરમિયાનમાં લઈ આવે છે.

**નફ્સ મૈં ખાક હૂવા તૂ ન મિટા**
**હૈ મેરી જાન કે ખાનેવાલે**

**અર્થાત :** હે મારા કમીના નફ્સ ! ખુદા તને બર્બાદ કરે, હું તારા હાથે ઝલીલ તથા બેઈજ્જત થઈ ગયો, અથવા તને સમજાવી સમજાવીને મારું દિલ બળીને રાખ થઈ ગયું, પરંતુ તને સમજ ન આવી ! હે મારી જાન ખાનાર ! તને તો ખુદા જ સમજાવે !

**જીતે ક્યા દેખ કે હૈં અય હૂરો**
**તયબહ સે ખુલ્દ મેં આનેવાલે**

**અર્થાત :** હે જન્નતની પાકીઝા ઔરતો ! (હૂરો !) જરા મારા એક સવાલનો જવાબ તો આપો ! મને એટલું બતાવી આપો કે જે લોકો મદીનાથી અહીં આવે છે તેઓ શું જોઈને જીવતા રહે છે ?! એટલે કે જન્નત ખૂબ જ ઉચ્ચ જગા છે, અલ્લાહની નેઅમતોનું મર્કઝ છે, પરંતુ મહબૂબે ખુદાની મહ઼બ્બતનું મર્કઝ તો મદીનામાં છે, અને મદીના ન જોયું તો કાંઈ પણ ન જોયું.

**નીમ જલ્વે મેં દો આલમ ગુલઝાર**
**વાહ વા રંગ જમાનેવાલે**

**અર્થાત :** હે મારા પ્યારા આકા઼ ! આપના દમ કદમથી આખુ જગત નૂરનો પુંજ બનેલું છે, અને આપના અડધા જલ્વાથી જ જ્યારે દુનિયા બાગો બહાર અને ગુલશન તથા ગુલઝાર બનેલ છે, તો પૂરા જલ્વાની રોનકોનો કોણ અંદાજો લગાડી શકે છે ?! તે જો જલ્વો જાહેર કરે તો કોણ તમાશાઈ બને !

**હુસ્ન તેરા સા ન દેખા ન સુના**
**કહતે હૈં અગલે ઝમાનેવાલે**

*(તેરા સા = તારા જેવું, અગલે ઝમાનેવાલે = હઝરત આદમ عليه السلام થી લઈને અત્યાર સુધી)*

**અર્થાત :** હે મારા હુસ્નો જમાલવાળા રસૂલ ! ﷺ આદમ عليه السلام થી લઈને આજ સુધી આખી દુનિયા આપના બારામાં એવું જ કહે છે કે :–

*તુમ્હારે હુસ્ન કા કૌનેનમેં જવાબ નહીં–ગુરૂબ હો જો કહીં યહ વો આફ઼તાબ નહીં*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ હુઝૂર عليه الصلوٰة والسلام ની બારગાહમાં અર્ઝ કરી, "હુઝૂર ! ﷺ જ્યારે હું આપને જોઈ લઉં છું તો મારું દિલ ખુશ ખુશ અને આંખો ઠંડી થઈ જાય છે.

*–(સૈયદના મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ, પેજ : ૪૦૮)*

એક સહાબીએ અર્ઝ કરી, હુઝૂર ! ﷺ મને એવું લાગે છે કે (એક દિવસ) આપની બારગાહમાં હાજરી ન આપીશ તો (આપના વિરહમાં) મરી જઈશ. હુઝૂર ﷺ ની વફાતની ખબર આપી તો એ પોતાના ખેતરોમાં કામ કરી રહ્યા હતા. ખબર સાંભળીને એ જ ઘડીએ દુઆ કરી : **اللهم اذهب بصری لا اریٰ بعد حبیبی محمد احدا** "હે અલ્લાહ ! હવે તેં આપેલી આંખો પરત લઈ લે, હું તારા અને મારા મહબૂબ પછી હવે કોઈને નથી જોવા ચાહતો ! જેથી એ જ વખતે એમની નજર ખત્મ થઈ ગઈ. *(મવાહિબ, ૨/૯૪)*

**વહી ધૂમ ઉન્કી હૈ માશાઅલ્લાહ !**
**મિટ ગએ આપ મિટાને વાલે**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! અલ્લાહ તઆલાએ આપના ઝિક્રને એટલું બુલંદ કરી આપ્યું છે કે આજે પણ આપના ઝિક્રની ધૂમ મચેલી છે અને દિવસે દિવસે વધારો જ થઈ રહ્યો છે.

અલ્લાહનો વાયદો છે : وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ''અને બેશક ! પાછલી તમારા માટે પહેલી કરતાં બેહતર છે.'' *(સૂરએ દુહા, આ. ૪)*

*વો જિસકો ખુદાને બળ્હાયા હૈ–કોઈ ઔર ઘટાના ક્યા જાને !*

મિટાવનારાઓનું પોતાનું નામોનિશાન નાબૂદ થઈ ગયું અને ભાવિમાં પણ એવું જ થશે.

*મિટ ગએ મિટતે હૈં મિટ જાએંગે અઅ્દા તેરે–ન મિટા હૈ ન મિટેગા કભી ચર્ચા તેરા*

**લબે સૈરાબ કા સદક઼ા પાની**
**અય લગી દિલકી બુઝાને વાલે**

**અર્થાત :** હે મારા સાક઼ીએ કૌષર ! અને માલિકે જન્નત પ્યારા નબી ! (ﷺ) આપના તરોતાઝગી તથા સૈરાબી (તૃપ્તિ) અતા કરનારા હોઠોના સદક઼ામાં એવું પણ અતા કરો કે જે મારા દિલને લાગેલી આગને બુઝાવી આપે ! હે દિલોને લાગેલી આગને બુઝાવવાળા !

**સાથ લે લો મૈં મુજરિમ હૂં**
**રાહમેં પળતે હૈં થાનેવાલે**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ મને તો આપ આપની સાથે જ રાખો ! જો હું અહીં પર હોઉં તો મારું દિલ મદીનામાં હોય. કેમ કે આ દુનિયામાં મોટા મોટા ગુસ્તાખ, સિયાહ દિલ, ઈમાનના ડાકૂઓ વેશ બદલી બદલીને ફરતા રહે છે. (થાનવી દેવબંદી અક઼ીદાવાળા જેઓ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ઈલ્મને બાળકો, પાગલો તથા ચોપગાં જાનવરોથી મિલાવે છે. જુઓ : હિફ્ઝુલ ઈમાન, અઝ : મોલ્વી અશરફઅલી થાનવી) શક્ય છે કે નફ્સ તથા શૈતાન મુરાદ હોય કે જેઓ દરેક સમયે ઈમાન પર છાપો મારવાની કોશિશમાં રહે છે.

અને એ પણ બની શકે કે ક઼ઝા તથા ક઼દરના કારકૂનો હોય કે મારા જેવા મુજરિમને શોધી રહ્યા હોય. હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો સાથ નસીબ થશે તો પછી શોધતા જ ફરશે પણ...(શેઅર) : *વો કિસકો મિલે જો તેરે દામનમેં છુપા હો*

**હો ગયા ધકસે કલેજા મેરા**
**હાએ રુખસત કી સુનાનેવાલે**

**અર્થાત :** અરે ઓ મદીનાથી જુદાઈની ખબર સંભળાવનાર ! તેં તો આ કેવો ગઝબ કર્યો કે આ ખબર સંભળાવીને મારા દિલમાં ધરતીકંપ મંચાવી દીધો ! જો જરા મારુ કલેજુ કેવું ધક ધક કરી રહ્યું છે !

*મરકે જીતે હૈં જો ઉન્કે દરપે જાતે હૈં ''હસન''–જી કે મરતે હૈં જો આતે હૈં મદીના છોળકર*

**ખલ્ક઼ તો કયા કે હૈં ખાલિક઼ કો અઝીઝ !**
**કુછ અજબ ભાતે હૈં ભાનેવાલે**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! ﷺ આપ કેવળ મખ્લૂક઼ને જ પ્યારા નથી, બલ્કે પોતાના પેદા કરનારાને પણ ઘણા અઝીઝ તથા મહબૂબ છો. આપ કેટલા અનોખા મહબૂબ છો કે ખુદાના પણ મહબૂબ છો અને સઘળી ખુદાઈના પણ મહબૂબ છો !

આપનું નામ નામી ઈસ્મે ગિરામી પણ અલ્લાહને એટલુ પ્રિય છે કે જ્યારે આદમ علیہ السلامએ પોતાની લગઝિશની માફીના માટે હુઝૂર ﷺનું નામ બારગાહે ઈલાહીમાં વસીલા રૂપે પેશ કર્યું તો હુકમ થયો : **یا ادم لو تشفعت الینا بمحمد صلی اللہ علیہ وسلم فی اھل السماء و الارض تشفعناک** "હે આદમ ! (علیہ السلام) તમે તો કેવળ મારા નબીના નામના વસીલાથી દુઆ કરી છે જે અમે ક઼બૂલ કરી લીધી, જો તમે જમીન તથા આસ્માનના માટે મારા પ્યારાનું નામ લઈને દુઆ કરત તો સૌના માટે ક઼બૂલ કરી લેત." જેનું નામ અલ્લાહને આટલુ પ્યારુ છે, એની જાત કેટલી પ્યારી હશે ?!

*સહરા હુઝૂર આપ કે દમસે ચમન હુવા–પથ્થર કા યહ નસીબ કે વો ગુલબંદ હુવા*

**કુશ્તાએ દશ્તે હરમ જન્નત કી**
**ખિળકિયાં અપને સિરહાનેવાલે**

*(કુશ્તા = કાપવામાં આવેલ, દશ્ત =હરમ, મદીનાનું જંગલ, સિરહાના = તકિયો)*

**અર્થાત :** મદીનાના સહરા (રણ, જંગલ)ના આશિક઼ની શાન તો જુઓ ! કે એના સિરહાને જન્નતની ખિડકીઓ ખોલી દેવામાં આવે છે અને ક઼બ્ર જન્નતનો બાગ બની જાય છે.

ફર્માવ્યું, ક઼બ્ર ક્યાં તો જહન્નમનો ખાડો બનાવી દેવામાં આવે છે અથવા જન્નતનો બાગ. અને મો'મિનની ક઼બ્ર જન્નતનો બાગ હોય છે. તો જ્યારે ક઼બ્ર જન્નત બની ગઈ અને હદીષ શરીફના પ્રમાણે મો'મિનની ક઼બ્રમાં જન્નતની ખિડકી પણ ખુલી જાય છે જેનાથી જન્નતની ખુશ્બુદાર હવાઓ આવતી રહે છે. તો પછી જો બાબા ફરીદગંજ શકર رحمۃ اللہ علیہની ક઼બ્રના દરવાજાને બહિશ્તી દરવાજો, (કે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની ક઼બ્રના દરવાજાને) જન્નતી દરવાજો કહી દેવામાં આવે તો કઈ શરીઅત વિરુદ્ધ વાત થઈ ગઈ ?! જન્નતનો દરવાજો બહિશ્તી દરવાજો જો નહીં કહેવાય તો શું કહેવાશે ?! અને વળી પુષ્ઠભૂમિકામાં મહાન બશારત પણ હોય !

**બહિશ્તી દરવાજા સંબંધે એક લતીફો :** એક મોલ્વી સાહબ બહિશ્તી દરવાજાની વિરુદ્ધમાં ઘણી જ ધુંઆધાર તક઼રીર કરી રહ્યા હતા અને શ્રોતાજનોને પૂછી રહ્યા હતા કે બતાવો ભાઈ ! વાપડા હાઉસ ક્યાં છે ? સૌએ કહ્યું, લાહોરમાં. તો એનો દરવાજો પણ લાહોરમાં જ હશે કે પેશાવરમાં હશે ? શું એ બની શકે છે કે પાર્લામેન્ટ હાઉસ તો ઈસ્લામાબાદમાં હોય અને એનો દરવાજો લાહોરમાં હોય ?! સૌએ કહ્યું કે નહીં ! પછી તેણે કહ્યું, જન્નત ખબર છે ક્યાં છે ?!

**عند سدرۃ المنتھی عند جنت الماویٰ** તો જ્યારે જન્નત સિદરતુલ મુન્તહાની પાસે છે જે છઠ્ઠા આસ્માન

પર છે તો એનો દરવાજો પાકપટ્ટનમાં હોય શકે છે ?! સૌએ કહ્યું, નથી હોય શક્તો. તો એક ગામડીયો ઉભો થઈને કહેવા લાગ્યો, મોલ્વી સાહબ ! અમારા ગામની મસ્જિદના મિયાંજીએ એકવાર મસ્અલો કહ્યો હતો કે, ''જન્નત માના ક઼દમોમાં છે.'' શું આ મસ્અલો સહીહ છે ?! બસ ! આ વાત સાંભળતાં જ એવું લાગ્યું જાણે મોલ્વી સાહબ પર ઠંડા પાણીનો દરિયો ઠાલવી દેવામાં આવ્યો હોય ! પરંતુ જાય ક્યાં ?! કેમ કે સહીહ હદીષમાં છે : **الجنت تحت اقدام الا مهات** અને આ પણ હદીષ છે : **الجنة تحت ظلال السيوف** ''જન્નત તલ્વારોના સાયા નીચે છે.'' મોલ્વી સાહબે કહ્યું, હા ! હદીષમાં એવું જ છે. તો એ ગામડાવાસીએ કહ્યું, જે અલ્લાહ જન્નતને માના ક઼દમોમાં લાવી શકે છે તે ફરીદ ગંજશકરના ક઼દમોમાં નથી લાવી શક્તો ?! **فبهت الذى كفر**

*પળા ફલક કો કભી દિલ જલોંસે કામ નહીં–જલા કે રાખ ન કર દૂં તો દાગ નામ નહીં*

**ક્યૂં 'રઝા' આજ ગલી સુની હૈ**
**ઉઠ મેરે ધૂમ મચાનેવાલે**

**અર્થાત :** હે અહમદ રઝા ! (દીને ઈસ્લામની) ગલી સુની સુની કેમ છે ? ઉઠ અને ગ઼ૌષે જલી, હિંદલ વલી તથા દાતા અલીવાળો નગ્મો આલાપીને ધૂમ મચાવી દે, પછી જો કેવી બહાર આવે છે અને ઈસ્લામની અઝમતના ડંકા કેવા વાગે છે !

*જિસ તરફ ચશ્મે મુહમ્મદ કે ઈશારે હો ગયે – જિતને ઝર્રે સામને આયે સબ સિતારે હો ગયે* ﷺ

## (નઅત શરીફ઼ : ૫૬)

**ક્યા મહકતે હૈં મહકનેવાલો**
**બૂ પે ચલતે હૈં ભટકનેવાલે**

*(મહકના = ખુશ્બુ ફેલાવવું, ભટકના = માર્ગ ભૂલવું, બૂ = સુગંધ)*

**અર્થાત :** આ'લા હઝરત رضی اللہ عنہ પોતાના આક઼ા નબીએ કરીમ صلی اللہ علیہ وسلم ના શરીર મુબારકથી ફૂટનારી ખુશ્બુનું વર્ણન કરી રહ્યા છે કે જ્યારે આપના શરીર મુબારકથી જન્નતની ખુશ્બુઓથી મળતી જુલતી ખુશ્બુ ફેલાતી તો ગલીઓ તથા બજારો સુગંધિત થઈ જતાં ! અને જ્યારે કોઈ સહાબીએ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ને તલાશ કરવાના હોતા અને પતો ન લાગતો તો એ જ સુગંધ પાછળ ચાલતા જતા તો સામે હુઝૂર صلی اللہ علیہ وسلم નજર આવતા. જેમ કે સહાબાએ કિરામનો તરીક઼ો હતો. *(અલ્મવાહિબ)*

**જગમગા ઉઠી મેરી ગોર કી ખાક**
**તેરે ક઼ુર્બાન ચમકનેવાલે**

*(ગોર કી ખાક = ક઼બરની માટી)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! صلی اللہ علیہ وسلم અલ્લાહ તઆલાએ આપને એવી નૂરાનિયત અતા કરી છે કે જ્યારે ક઼બ્રમાં ફરિશ્તાઓએ મને સવાલો કર્યા તો આપ મારી ક઼બ્રમાં જલ્વાગર શું થયા કે મારી ક઼બ્ર રોશન તથા જગમગી ઉઠીને નૂરનો પુંજ બની ગઈ ! પછી હું આપના નૂરની જગમગાહટ પર કેમ ક઼ુર્બાન ન થઈ જાઉં ?!

**મહે બેદાગ કે સદક઼ે જાઉં**
**યૂં દમક્તે હૈં દમકનેવાલે**

*(મહે બેદાગ = ધબ્બા વિનાનો ચમકતો ચંદ્ર, દમકના = ચમકવું)*

**અર્થાત :** હે મારા આક઼ા ! صلی اللہ علیہ وسلم જો આપને ચાંદ કહું તો બેદાગ ચાંદ કહીશ. હું આપના ક઼દમો પર નિછાવર થઈ જાઉં, ભલા આસ્માનનો ચાંદ ચમકવામાં આપનો મુક઼બલો કેવી રીતે કરી શકે છે ?! હે આસ્માનના દાગવાળા ચાંદ ! જરા મદીનાના બેદાગ ચાંદને જો ! આ રીતે રોશની ફેલાવે છે ફેલાવનારા !

**અર્શ તક ફૈલી હૈ તાબે આરિઝ**
**ક્યા ઝલકતે હૈં ઝલકને વાલે**

*(તાબે આરિઝ = ચહેરાની રોશની, ઝલકના = નૂર ફેલાવવું)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા علیہ الصلوٰۃ والسلام આપના ચમકીલા ચહેરાની રોશની તો સાત આસ્માનની ઉપર અર્શે મુઅલ્લા સુધી જઈ રહી છે. હે દુનિયાવાળાઓ ! જરા જુઓ ! જલ્વો દેખાડનારા આવી રીતે જલ્વો દેખાડે છે. સૂરજ તથા ચાંદનું ઝલકવું શું હૈસિયત ધરાવે છે. મુસ્તફા صلی اللہ علیہ وسلم ની ઝલકની સામે ?!

*કાઈનાતે હુસ્ન જબ ફૈલી તો લામહદૂદ થી–ઔર જબ સિમટી મુહમ્મદ મુસ્તફ઼ા ﷺકી ઝાત થી*

હુઝૂર علیہ الصلوٰۃ والسلام જ્યારે આ કાઈનાતમાં જલ્વાગાર થયા તો આપનાં અમ્મી જાન ફ઼ર્માવે છે કે મારાથી એવું નૂર જાહેર થયું કે **اضاء له منه قصور الشام** "મેં મક્કામાં બેસીને શામ (સીરિયા)ના મહેલો જોઈ લીધા."

*ફૈલા હૈ દો જહાંમેં ઉજાલા હુઝૂર કા–કૈસા ચમક રહા હૈ સિતારા હુઝૂર કા*
*ચલતા હૈ સિક્કા આપ કા દો જહાંમેં–દોનોં જહાંમેં બોલ હૈ બાલા હુઝૂર કા (ﷺ)*

**ગુલે તયબહ કા ષના ગાતે હૈં**
**નખ્લે તૂબા પે ચહકનેવાલે**

**અર્થાત** : મદીના મુનવ્વરાના ફૂલ (ઈમામુલ અંબિયા)ની તારીફ઼ કેવળ અમે જ નથી કરી રહ્યા, બલ્કે જન્નતના ઝાડો પર બેસીને ગીત ગાનારા (અલ્લાહના ફરિશ્તાઓ તથા ફરિશ્તાઓના સરદાર હઝરત જિબ્રઈલ علیہ السلام) પણ મદીનાના ફૂલ આપણા આક઼ા તથા મૌલા ﷺની શાનમાં ગીતો ગાય છે અને કહે છે :–

**قلبت الارض مشار قها ومغار بها مارايت احدا مثلك قط او كماقال عليه السلام**

**અર્થ** : "મેં પૂર્વ તથા પશ્ચિમને તપાસી લીધું, પરંતુ આપની જેમ કદી કોઈને નથી જોયો."

તે બદ્‌બખ્ત નથી તો બીજુ શું છે જે અઝમતે રિસાલતના મુન્કિર તથા શાને રિસાલતનો સ્વીકાર કરવાથી ભાગે છે ?!

**આસિયો થામ લો દામન ઉન્કા**
**વો નહીં હાથ ઝટકનેવાલે**

**અર્થાત** : હે ગુનેહગારો ! પૂરા યક઼ીન તથા વિશ્વાસની સાથે મહબૂબે ખુદા ﷺનો દામને રહ઼મત થામી લો ! અન્ય લોકો હશે જેઓ દામન પકડનારાઓને ઝટકી આપતા હોય, મારા આક઼ા علیہ الصلوٰۃ والسلام તો એવા લજપાલ છે કે જે આપનો દામન પકડે છે તે જો રજકણ છે તો તેને આફ઼તાબ બનાવી દે છે, ટીપુ છે તો તેને સમંદર બનાવી દે છે, ઝર છે તો બૂઝર બને છે, બિલાલે હબ્શી છે તો રશ્કે ક઼મર બને છે !

*ક઼તરે કો સમંદર કરતે હૈં ઝર્રે કો સિતારા કરતે હૈં–કોનૈન કો ખમ આ જાતા હૈ, જબ ઝુલ્ફ઼ સંવારા કરતે હૈં*

**અબ્રે રહ઼મત કે સલામી રહના**
**ફ઼લતે હૈં પૌદે લચકનેવાલે**

*(અબ્રે રહ઼મત = રહ઼મતનું વાદળ, પૌદે = છોડ)*

**અર્થાત** : હે ગુનેહગારો ! સિયાહકારો ! ગમના માર્યાઓ ! બેસહારાઓ ! આ કરમ તથા રહ઼મતના વાદળ (સરકારે મદીના ﷺ)ની સલામીમાં ઝુકેલા રહો (અકડાઈ ન જશો) કેમ કે ઝુકવાવાળા છોડો જ ફ઼ળ ફૂલ ધરાવે છે. **من تواضع لله فقد رفعه الله** **અર્થ** : "જેણે અલ્લાહના ખાતર નમ્રતા તથા આજિઝી અપનાવી અલ્લાહે તેને બુલંદ ફ઼ર્માવશે."

**અરે ! યહ જલ્વાગહે જાનાં હૈ**
**કુછ અદબ ભી હૈ ફળકનેવાલે**

**અર્થાત :** ઝૌક તથા શૌક઼ (ઉમંગ)માં આવીને ઉળનારા મુલકાતીઓને નસીહત કરતાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅર લખ્યો કે, "કૈફ તથા સુરૂર (ખુશી)ની હાલતમાં પણ અદબને સાચવી રાખો અને વધુ બેક઼ાબૂ બનવાની જરૂર નથી, એટલા માટે કે આ કોઈ દુનિયાના બાદશાહનો દરબાર નથી, આ "જલ્વાગાહે જાનાં" છે, મહબૂબે ખુદા علیہ الصلوٰۃ والسلامનો દરબારે અક઼દસ છે." *નફસ ગમ કર્દા મી આયદ જુનૈદો બાયઝીદ ઈંજા*

**સુન્નીઓ ! ઉનસે મદદ માંગે જાવ**
**પળે બકતે રહે બકનેવાલે**

**અર્થાત :** અને હે સુન્ની મુસલમાન ભાઈઓ ! સાંભળો અને ધ્યાનપૂર્વક સાંભળો ! કોઈની વાતોથી કે ગલત ફત્વાઓથી ડરીને પોતાના આક઼ાનો દામન છોડી ન આપશો. દરેક મુશ્કેલીમાં એમનાથી મદદ માગતા રહેશો, તે તમારી મદદ ફર્માવતા રહેશે. બેહૂદા બકવાવાળાની બકવાસને ગણકારશો નહીં.

**શમ્એ યાદે રુખે જાનાં ન બુઝે**
**ખાક હો જાએં ભળકને વાલે**

**અર્થાત :** અને દિલમાં ઈશ્કે મુસ્તફા علیہ الصلوٰۃ والسلامની જે શમ્અ તમે રોશન કરીને રાખી છે એની હિફાઝત કરજો. એને ઓલવાવા ન દેશો. જો કોઈને યાદે નબી અને ઝિક્રે સરકાર ﷺ સાંભળીને ગુસ્સો આવે છે તો તેને કહી દો, તમારા ગુસ્સામાં બળી મરો ! અને રાખ બની જાવ ! અમે તો.... *દમમેં જબ તક દમ હૈ, ઝિક્ર ઉન્કા સુનાતે જાએંગે.*

કુર્આને પાકની એક આયતમાં પણ આ જ દર્સે હિદાયત આપવામાં આવ્યો છે :–

يُرِيْدُوْنَ لِيُطْفِـُٔوْا نُوْرَ اللّٰهِ بِاَفْوَاهِهِمْ وَ اللّٰهُ مُتِمُّ نُوْرِهٖ وَلَوْ كَرِهَ الْكٰفِرُوْنَ "કાફિર ઈરાદો કરે છે કે અલ્લાહના નૂર (દીને ઈસ્લામ અથવા ઈસ્લામના પયગંબર)ને પોતાના મોઢાની ફૂંકો વડે બુઝાવી દે, પરંતુ અલ્લાહ એ નૂરને પૂર્ણ કરીને છોડશે, ભલે ને કાફિરોને સારું ન લાગે." *(સૂરએ સફ્ફ, સૂ. ૬૧, આ. ૮)*

**મૌત કહતી હૈ કે જલ્વા હૈ ક઼રીબ**
**ઈક ઝરા સો લેં બિલકનેવાલે**
*(બિલકનેવાલે = બેક઼ાબૂ બની રડનાર)*

**અર્થાત :** જેવી રીતે એક બાજુ મૌતથી ડર લાગે છે તો બીજી તરફ મૌત એક ખુશખબરી પણ લઈને આવે છે, અને તે એ કે મૌત આવશે તો જ મહબૂબનો દીદાર નસીબ થશે. તો હે મહબૂબના જલ્વાની તલબમાં બેક઼ાબૂ બનીને રડનારા આશિક઼ેઝાર ! થોડી વાર ચૈનથી સૂઈ જા, ત્યાર બાદ તને તારા કરીમ આક઼ા ﷺની ઝિયારત કરાવી દેવામાં આવશે. જો કે દુનિયામાંથી તો ક઼બરમાં તારી સાથે કોઈ જશે નહીં પરંતુ ક઼બ્રમાં ગયા પછી એવી રોનક થશે કે ફરી પરત આવવાનું દિલ જ થશે નહીં !

હઝરત બિલાલ હબશી رضی اللہ عنہની મૌતનો સમય નજીક આવ્યો તો ઘરવાળાં રડી રહ્યાં હતાં, "હાય ! મસીબત!" અને આપે આંખો ખોલી અને ફર્માવ્યું, "વાહ રે મારી ખુશી !" પછી આપે આ શબ્દો કહ્યા અને જાન જાને આફરીનના સુપરત કરી આપી : غدا نلقى الا حبه محمدا وصحبه "કાલે અમે અમારા પ્યારાઓને મળીશું ! એટલે કે હુઝૂર ﷺ તથા આપના સહાબીઓ."

**કોઈ ઉન તેઝ રવોંસે કહ દો**
**કિસકે હોકર રહે થકને વાલે**

**અર્થાત :** (મેહશરના મેદાનમાં જ્યારે કે ફરિશ્તાઓ હુઝૂર ﷺને ખાસ ઈનામો સાથે સવારી પર સવાર કરીને મકામે મહમૂદની તરફ ઝપડભેર ચાલી રહ્યા હશે. તો આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફરિશ્તાઓને સંબોધીને અર્ઝ કરી રહ્યા છે :) હે ઝડપભેર ચાલનારાઓ ! અમે થાકેલા પાકેલા અમારા નબી ﷺની શફાઅતની રાહ જોનાર પણ અહીં ઉભા રહી શફાઅતની ભીખ માગી રહ્યા છીએ. જરા મહબૂબને મળવાનો અમને પણ મોકો આપો જેથી અમે અર્ઝ કરીએ કે આકા ! અમને કોને હવાલે કરવાના છે ?!

*યહ આંખેં આપકે દીદારકી તાલિબ હૈં મુદ્દતસે—રુખ પુરનૂરસે પર્દા ઉઠા દો યા રસૂલલ્લાહ !* ﷺ
*યહી હૈ આરઝૂએ ઝિંદગી તાબિશે કિસ્વરી કી—દમે આખિર રુએ ઝયબા દિખા દો યા રસૂલલ્લાહ !* ﷺ

**દિલ સુલગતા હી ભલા હૈ, અય ઝબ્ત !**
**બુઝ ભી જાતે હૈં દહકને વાલે**

*(ભલા = સારું, ઝબ્ત = સહન કરવું, કાબૂ રાખવો, દહકને વાલે = આગથી સળગી જનાર)*

**અર્થાત :** (પછી પોતે જ પોતાની જાતને તસલ્લી આપતાં કહે છે :) હે દિલ ! તેમના દીદારના ઈંતેઝારમાં તારું સળગતુ રહેવું, અને થોડી થોડી ઈશ્કની ગરમી મેહસૂસ કરતા રહેવું જ બેહતર છે, કેમ કે જે અંગારા એકદમ ભડકી ઉઠે છે તે ઓલવાય પણ જલ્દી જ જાય છે. કહેવત મશ્હૂર છે કે "ગાજ્યા મેઘ વરસે નહીં" આ બધુ તો ઠીક પણ :—

*લાઉં કહાંસે ચૈન દિલે બેકરાર કા—આંખોંકા શૌક દીદ હૈ તેરે દયારકા*
*'સુલ્તાના' લબ પે ઝિક્રે મુહમ્મદ જો આ ગયા—અઝ ફર્શ તા બ અર્શ થા મૌસમ બહાર કા* (ﷺ)

**હમ ભી કુમલાનેસે ગાફિલ થે કભી**
**ક્યા હંસા ગુન્ચે ચટનેવાલે**

*(કુમલાના = કરમાવુ, ચટકનેવાલે = ખિલવનાર)*

**અર્થાત :** કદી આ તરફ તો અમારુ ધ્યાન જ ન ગયું કે ફૂલ મુરઝાય પણ જાય છે. અને એ હકીકતથી તો આપણે આજ સુધી ગાફેલ રહ્યા કે જે કળી ખીલીને ફૂલ બની જાય છે તે કેવી મુસ્કુરાય છે, અને જે ફૂલ છોડથી અલગ થઈ જાય છે તે કેટલુ પણ હસી લેશે કે અમુક ઘડીઓ પછી તો જરૂરથી તે મુરઝાય જ જશે.

**નખ્લસે છુટકે યે ક્યા હાલ હુવા**
**આહ ! ઓ પત્તે ખળકને વાલે**

**અર્થાત :** હાય રે ! હે ઝાડના પાંદડા ! તું તારા ઝાડથી અલગ થઈને કેવું ઉડતુ ફરે છે અને ખળ ખળના અવાજો કાઢી રહેલ છે. તું તારી અસલની સાથે રહેતો પછી તારી ઉપર વસંત પણ આવતી અને આ રીતે દર દરની ઠોકરો ન ખાત. *પૈવસ્તા રહ શજરસે ઉમ્મીદે બહાર રખ.*

પાંદડુ ઝાડથી અલગ થઈ જાય તો તેની આ હાલત થઈ જાય છે, અને જો ઉમ્મતીનો પોતાના નબી ﷺથી સંબંધ ન રહે તો તે કેવી રીતે પુર સુકૂન રહી શકે છે. મર્કઝથી અલગ થનાર હમેશાં જમાનાની મુસીબતોનો શિકાર બની જાય છે અને તેને ક્યાંય પણ પનાહ નથી મળતી. આજે દુનિયામાં દૌલતની રેમલછેલ છતાં સુકૂનની ઉણપ પણ એટલા માટે છે, અને દુનિયાભરના મુસલમાનોની ચીખો પુકાર અને તેમના પર થનારા જુલ્મો સિતમ એ ઈસ્લામી જગતના નામ માત્રના મુસલમાન સત્તાધારીઓના કારણે એ થઈ રહ્યું છે.

એ જ વિષયને મૌલાના રૂમ رحمۃ اللہ علیہએ વાંસળીના રૂપમાં વર્ણન કરેલ છે કે એની આહો પુકાર પણ પોતાના અસલથી જુદા થવાના કારણે છે.

*બ–શુનવ અઝ નૈ ચૂં હિકાયત મી કુનદ–વ ઝે જુદાઈહા શિકાયત મી કુનદ*

**જબ ગિરે મુંહ સૂએ મૈખાના થા**
**હોશમેં હૈં યહ બહકને વાલે**

**અર્થાત :** આ શેઅરના બે ભાવર્થ થઈ શકે છે : એક તો એ કે આપણને જ્યારે દુનિયામાં મોકલવામાં આવ્યા તો આપણુ મોં મૈખાનાએ વહદતની તરફ હતું અને દુનિયામાં આવતાં જ આપણા કાનોમાં સદાએ હક્ક઼ (અઝાન) ગુંજી. પછી ક્રમે ક્રમે નફસ તથા શૈતાને આપણને ભટકાવી દીધા.

બીજો ભાવર્થ એ છે કે આશિકેઝાર જ્યારે વિરહના સદમાઓ સહન ન કરી શક્તાં જ્યારે બેહોશ થઈને ગબડી પડે છે તો બેહોશ થઈને પણ એટલો બાહોશ હોય છે કે મોંઢુ તો મયખાનાની તરફ હોય છે અને દિલમાં એ જ તડપ હોય છે કે :–

*મેરી આંખેં દેખેં મુહમ્મદ ﷺકા જલ્વા–બુઝુર્ગોંસે બસ યહ દુઆ ચાહતા હૂં*
*કિસી ઔર શયકી ઝરૂરત નહીં હૈ–મૈં દીદાર બસ આપ કા ચાહતા હૂં*

**દેખ ઓ જખ્મે દિલ આપે કો સંભાલ**
**ફૂટ બહતે હૈં તપકને વાલે**

**અર્થાત :** હે મારા દિલ ! પોતાની જાત પર કન્ટ્રોલ રાખ અને અધિક મનેચ્છાઓના ચક્કરમાં ન પડ ! નહીં તો તારો ઝખ્મ બગડી જશે અને એવો નાસૂર બની જશે કે જેનો કોઈ ઈલાજ પણ હશે નહીં. શું તું જોતો નથી કે જ્યારે વરસાદ પડે છે અને છતથી ટીપાં ટપકાવે છે તો જો એને બંધ ન કરવામાં આવે તો પૂરી છત વહેવાની શરૂ થઈ જાય છે.

એ જ પ્રમાણે જે દિલ દુનિયાનું બનીને રહી જશે તેને ક઼યામતના દિવસે અધિક સદમા ઉઠાવવા પડશે, જેથી થોડાક દિવસની જિંદગીમાં આખેરતની સજાથી બચવાની વ્યવસ્થા કરી લે.

**મય કહાં ઔર કહાં મૈં ઝાહિદ**
**યૂં ભી તો ચહકતે હૈં ચહકને વાલે**

*(ચહકના = ખુશ થઈને ગીત આલાપવું)*

**અર્થાત :** અરે ! ઝાહિદ ! (ઈબાદતગુઝાર, પાબંદે શરીઅત) તું સમજતો હશે કે આ (અહમદ રઝા) બુલબુલે ચમનિસ્તાને રિસાલત, ખૂબ ચહકે છે. તો જરૂર બે ઘૂંટ ઈશ્કે રસૂલ ﷺની શરાબ મયસ્સર આવી ગઈ છે. (આ'લા હઝરત رحمۃ اللہ علیہ) પોતાને આજિઝ દર્શાવી ઈન્કાર કરતાં ફર્માવે છે, મારા નસીબમાં એ મહોબ્બતની શરાબ ક્યાં ?! બસ પીધા વિના જ મહબૂબ ﷺની યાદમાં ગીત લલકારતો રહું છું ! અને અર્ઝ કરતો રહું છું કે હે મારા પ્યારા આક઼ા ! ﷺ જો જાગૃતાવસ્થામાં નહીં તો..... :–

*કિસી દિન ખ્વાબમેં જલ્વા દિખા દેં યા રસૂલલ્લાહ ! ﷺ–મેરે સોએ મુક઼દ્દર કો જગા દેં યા રસૂલલ્લાહ ! ﷺ*
*મેરે ઘરમેં અંધેરા હી અંધેરા હૈ જિધર દેખો–કિસી સૂરત મેરા ઘર જગમગા દેં યા રસૂલલ્લાહ ! ﷺ*

**કફે દરયાએ કરમ મેં હૈ 'રઝા'**
**પાંચ ફવ્વારે છલકને વાલે**

*(કફ = હથેળી)*

**અર્થાત :** બસ, નજાત હુઝૂરે પાક ﷺના કરમથી જ થશે, અને એમનો કરમ એટલો જોશમાં છે કે પાંચ ફુવારા પાંચ આંગળીઓએથી ફૂટીને ઉમ્મતને બતાવી રહેલ છે કે આક઼ા علیہ الصلوٰۃ والسلامના કરમના દરિયાથી દરેકે દરેકની પ્યાસ જરૂર બુઝાશે.

*મંગતે ખાલી હાથ ન લૌટેં–કિતની મિલી ખૈરાત ન પૂછો*
*ઉનકા કરમ ફિર ઉનકા કરમ હૈ–ઉનકે કરમ કી બાત ન પૂછો*

## (નઅત શરીફ઼ : ૫૭)

**રાહ પુર ખાર હૈ ક્યા હોના હૈ**
**પાઉં અફ઼ગાર હૈ ક્યા હોના હૈ**

*(પુરખાર = કાંટાળો, અફ઼ગાર = ઝખ્મી)*

**અર્થાત :** દુનિયાનો સફ઼ર કાંટાઓથી ભરેલો છે (મજબૂરીઓ, વિરોધીઓ, ગફ઼લતો, માલ તથા ઔલાદની આજમાઈશો વગેરે) અને એના પર અધિક્તર મુસીબત એ છે કે પગો પણ ઝખ્મી છે. (ડગલે ને પગલે રુકાવટો છે) ખબર નહીં આ સફ઼ર કેવી રીતે પાર પડશે !

ક઼બ્ર, હશ્ર, હિસાબો કિતાબની મંઝિલો છે, ખુદા ન કરે જો નિષ્ફળતા થઈ તો જહન્નમ ભડકી રહેલ છે. સખત સાવધાનીની જરૂરત છે, મોટા મોટા ફસકી પડયા. કેવળ ઈલ્મ જો બચાવી શકતો હોત તો واضله الله على علم ન ફર્માવવામાં આવત. અને જો કેવળ ઈબાદત બચાવી શકતી હોત તો શૈતાન મરદૂદ ન થાત. તો પછી આ સફ઼ર કેવી રીતે પાર પડે ?! જરૂરી છે કે ઈલ્મ તથા ઈબાદતની સાથે કોઈ વલીએ કામિલનો દામન હાથમાં હોય. કેમ કે કામિલ મુર્શિદના વિના દુનિયાના આ સફ઼રમાં તબાહીઓ જ તબાહીઓ છે અને અવલિયાએ કિરામની સોહબતમાં બરકતો જ બરકતો છે.

**ખુશ્ક હૈ ખૂં કે દુશ્મને ઝાલિમ**
**સખ્ત ખૂંખાર હૈ ક્યા હોના હૈ**

*(ખુશ્ક હૈ ખૂં = મુહાવરા રૂપે એટલે સખત ખૌફ઼, ખૂંખાર = લોહી પીનાર)*

**અર્થાત :** સખત ડર છવાયેલો છે જેનાથી લોહી સૂકાય રહ્યું છે, કેમ કે મહાન જાલિમ દુશ્મન (નફ઼્સ તથા શૈતાન)થી વાસ્તો પડી ગયો છે. અલ્લાહ જ જાણે છે કે શું થશે ? *વહી હોગા જો મંઝૂરે ખુદા હોગા !*

ઈમામ અબૂ જઅફ઼ર કુર્તબી رحمۃ اللہ علیہના મૃત્યુનો સમય નજીક આવ્યો તો હાજરજનો કલમાની તલ્ક઼ીન કરતા અને આપ જવાબમાં "લા" (નહીં, ના) ફર્માવતા. થોડી રાહત થઈ તો લોકોએ બનાવ વર્ણવ્યો. આપે ફર્માવ્યું, હું તમને "લા" કહેતો ન હતો, બલ્કે મારી પાસે બે શૈતાન ઉભા હતા. એક કહેતો યહૂદી થઈને મરો, બીજા કહેતો ઈસાઈ થઈને મરો. એમને જવાબ દેતો હતો કે "લા" (નહીં ! હું તો મુસલમાન થઈને મરીશ). હદીષમાં છે કે શૈતાન મૃત્યુ સમયે આવીને આ પ્રમાણે કહે છે. *(તિર્મિઝી, નિસાઈ)*

**હમકો બદકર વહી કરના જિસસે**
**દોસ્ત બેઝાર હૈ ક્યા હોના હૈ**

*(બદકર = જાણીબુઝીને, બેઝાર = નારાજ)*

**અર્થાત :** الانسان حريص فيما منع માણસને જેનાથી મના કરવામાં આવે એને કરવા માટે લાલચી બને છે, એ ચીજ એની તબીઅતમાં રાખી દેવામાં આવી છે. જ્યારે કે હદીષ શરીફ઼માં છે કે જન્નતને મકરૂહાતે(જે

કામોથી માણસની તબીઅત ઘૃણા અનુભવે જેમ કે ફર્માવવામાં આવ્યું : (كتب عليكم القتال وهو كره لكم) ઘેરી રાખેલ છે અને દોઝખને લોભ લાલચોથી ઘેરેલ છે. સામાન્ય માણસ તો બદ તથા બદી અને જાણીબુઝીને ગુનાહ જ કરે છે, જેનાથી અલ્લાહ તઆલા અને એના રસૂલ નારાજ થઈ જાય છે. જો એવું થયું તો ખુદા જાણે અમારી સાથે શું શું થવાનું છે.

*કર ઝમીંકે નીચે ભી જાનેકી ફિક્ર – રોશનીએ કબ્રકા સામાન કર*

*ઊંચે ઊંચે યાં તૂને બનવાએ મહલ – કામ જો કરને હૈં કર લે આજકલ*

**અર્થાત** : જ્યારે કે ફાની દુનિયાથી આખેરતની સફર તરફ પ્રથમ મંઝિલ પણ કબ્ર છે અને આખેરતનો દરવાજો પણ કબ્ર છે, જેને જોતાં જ હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એટલુ રડતા કે દાઢી મુબારક આંસૂઓથી તર થઈ જતી, અને ફર્માવતા કે દુનિયાની અંતિમ તથા આખેરતની પહેલી મંઝિલ કબ્ર છે, જો એમાં કામયાબી થઈ તો બંનેવ જહાન કામયાબ !

*વો જો કિસ મંઝિલમેં ઔર તૂ કિસ મંઝિલ મેં હૈ–શર્મ સે ગિર જા અગર એહસાસ તેરે દિલમેં હૈ*

**તનકી અબ કૌન ખબર લે હૈ ! હૈ !**
**દિલકા આઝાર હૈ ક્યા હોના હૈ**

*(તન = શરીર, હૈ, હૈ ! = હાય ! અફસોસ !)*

**અર્થાત** : હવે શરીરની ફિકરને છોડ ! એની તો ખૈર છે, અમારું તો દિલ જ ખરાબ થઈ ગયું છે, જેના કારણે શરીરનું ખરાબ થવું તો લાઝમી બાબત હતું. હદીષ શરીફમાં છે કે દિલ જો ખરાબ થઈ જાય તો આખુ શરીર ખરાબ થઈ જાય છે. (મિશ્કાત શરીફ) જેથી હવે તો દિલની ખરાબી થઈ ગઈ છે, ખુદા જાણે હવે શું થશે ?!

**મીઠે શરબત દે મસીહા જબ ભી**
**ઝિદ હૈ ઈન્કાર હૈ ક્યા હોના હૈ**

*(મસીહા = ઈસા علیہ السلام નો લકબ, મુરાદ હુઝૂર صلی اللہ علیہ وسلم છે, ઝિદ = કીનો, વિરોધ)*

**અર્થાત** : હકીમે કાઈનાત, ઈમામુલ અંબિયા صلی اللہ علیہ وسلم પોતાના બીમારો (ઉમ્મતીઓ)ના માટે બેહતરીન શરબત (શરીઅતના હુકમો) અતા કરવા માટે પૂરી ખૈર ખ્વાહી ફર્માવી રહ્યા છે, પરંતું બીમાર છે કે પોતાની હઠ પર અડેલો છે અને તેમના દરેક ઈલાજ તથા દવાથી ઈન્કાર કરી રહ્યો છે. તો એવો બીમાર મરશે નહીં અને તેની બીમારી બગડશે નહીં તો બીજુ શું થશે, અને મરીને જહન્નમનું બળતણ જ બનશે. એવો ખૈર ખ્વાહ (શુભેચ્છક) કોણ હશે કે સર્વ અઝીઝ કબ્ર સુધી સાથે જાય અને આપણા આકા (صلی اللہ علیہ وسلم) કબ્રની અંદર તશરીફ લાવે !

**દિલ કે તીમાર હમારા કરતા**
**આપ બીમાર હૈ ક્યા હોના હૈ**

*(તીમાર = હમદર્દી, ઈલાજ, બીમારની સેવા ચાકરી)*

**અર્થાત** : અને દિલ કે જેમાં આખા શરીરની ખૈરખ્વાહીનો જઝબો હોય છે. અને જો કોઈ એક અંગને તકલીફ થાય તો તરત જ દિલ પરેશાન થઈ જાય. હવે જ્યારે કે તે પોતે જ ગુનાહ કરીને બીમાર થઈ ચૂક્યું છે તો તે આપણી તીમારદારી તથા ખૈરખ્વાહી શું ખાક કરશે ? અલ્લાહ જ જાણે છે આપણુ શું થશે ?!

**પર કટે તંગ કફ઼સ ઔર બુલબુલ**
**નવ ગિરફ઼્તાર હૈ ક્યા હોના હૈ**

*(પર = પાંખ, કફ઼સ = પાંજરુ, નવ ગિરફ઼્તાર = હમણાં જ પકડાયેલ)*

**અર્થાત :** વળી એ બુલબુલ જેની પાંખો કાપીને તેને ઉડવાથી લાચાર કરી દેવામાં આવ્યું હોય અને પછી તેને એવા પિંજરામાં બંધ કરી દેવામાં આવ્યું હોય જે અતિશય સાંકડુ છે, ન ઉડી શકે અને ન તો આઝાદ થઈ શકે. અને વળી તેને હજી હમણાં જ પકડીને કેદ કરવામાં આવ્યું હોય તો એ બુલબુલની પરેશાનીનો અંદાજો કોણ લગાડી શકે છે ?! ક઼બ્રમાં જઈને ખાસ કરીને પહેલી રાતે મુડદાની હાલત આનાથી વિરૂધ્ધની નથી હોતી.

તેમજ આપે એ પણ ફર્માવ્યું કે જ્યારે મુડદાને ક઼બ્રમાં દફન કરે છે તો ક઼બ્રથી અવાજ આવે છે કે, હે શખ્સ ! તું કેટલો ગાફેલ તથા બેખબર હતો કે તું મારા સીનાને ખૂબ ક્રૂરતાપૂર્વક કચડતો રહ્યો, જ્યારે કે તું જાણતો હતો કે તારી મંઝિલ હું છું અને હું રંજ તથા તકલીફની જગા છું, કીડીઓની પનાહગાહ છું. મારી અંદર અંધારુ જ અંધારુ છે, હું કફન ફાડી નાખુ છું, શરીરના સાંધે સાંધા અલગ કરી દઉં છું, લોહી ચૂસી લઉં છું, ગોશ્ત ખાય લઉં છું અને શરીરના ટુકડે ટુકડા કરી દઉં છું. પછી મરનારો આરઝૂ કરે છે :–

*ઓ રાહ જાનેવાલે કુછ પળ્હકે બખ્શ જાના–અગર હો ખયાલ તુમકો ઈસ મેરી બેબસીકા*

**છુપકે લોગોંસે કિયે જિસકે ગુનાહ**
**વો ખબરદાર હૈ ક્યા હોના હૈ ?!**

**અર્થાત : તું તારા ખયાલના પ્રમાણે ઘણી જ સાવધાનીપૂર્વક છુપાઈ છુપાઈને ગુનાહ કર્યા કરતો હતો, ભલે લોકોના ડરથી જ ! પરંતું અફસોસ ! કે તું જાણતો હતો કે તે મારા દરેક છુપા તથા જાહેરને જાણે છે છતાં લોકોનો ડર હતો ખુદાનો ડર ન હતો !**

**અરે ! ઓ મુજરિમ બેપરવા દેખ**
**સર પે તલ્વાર હૈ ક્યા હોના હૈ !**

**અર્થાત :** અરે ! હે મુજરિમ ! તું કેવો મૂર્ખ છે ?! જોતો કેમ નથી, તારા માથા પર દરેક સમયે મૌતની તલ્વાર લટકી રહી છે અને તને કોઈ પરવા જ નથી ! હવે તમને માલૂમ થઈ ગયું હશે કે એવા મુજરિમની સાથે શું થશે ?!

**તેરે બીમાર કો મેરે ઈસા**
**ગશ લગાતાર હૈ ક્યા હોના હૈ**

*(ગશ = બેહોશી)*

**અર્થાત :** હે મારા ઈસા ! (એટલે ઈસાની મહબૂબ જાન ! ﷺ) આપનો બીમાર અંતિમ શ્વાસ લઈ રહ્યો છે, અને બેહોશીના દૌરા પડી રહ્યા છે. કરમ ફર્માવો અને આવા નાઝુક સંજોગોમાં મારી મદદ કરો ! તમે તો જાણો છો કે આગળ શું થવાનું છે.

*આયે જો ચમનમેં તેરે, સૈરે ગુલશન કર ચલે–સંભાલ માલી બાગ અપના, હમ તો અપને ઘર ચલે*

**એક બોધદાયક ખ્વાબ** : એક શખ્સને ખ્વાબ આવ્યો કે તે જંગલમાં જઈ રહ્યો છે. એવામાં તેની પાછળ સિંહ પડી ગયો. તે સિંહના ડરથી નાઠો તો રસ્તામાં એક કૂવો જોયો જેમાં રસ્સી લટકી રહી છે, તે સિંહના ડરથી રસ્સીને પકડીને કૂવામાં ઉતરી ગયો. જ્યારે અડધા કૂવા સુધી પહોંચ્યો અને નીચે જોયું તો એક અજગર મોઢુ ખોલીને બેઠો છે, તો તે વચ્ચે લટકી રહ્યો. ઉપર સિંહ નીચે અજગર અને બે ઉંદરો એક કાળા તથા એક સફેદે રસ્સી કાપવાનુ શરૂ કરી દીધું છે. એ જ હાલતમાં તેને કૂવામાં મધપૂડો દેખાયો તો તે સિંહ, અજગર, ઉંદરોને ભૂલીને મધને ખાવા લાગ્યો. એટલામાં ઉંદરોએ રસ્સી કાપી નાખી અને તે અજગરના મોઢામાં જતો રહ્યો. ડરના માર્યા તેની આંખ ખુલી ગઈ. તેણે તા'બીર માલૂમ કરી તો તેને બતાવવામાં આવ્યું કે જંગલ એ દુનિયા છે, સિંહ મૌતનો ફરિશ્તો, અજગર એ ક઼બ્ર, ઉંદરો દિવસ તથા રાત, રસ્સી ઉમર છે જેને દિવસ રાત ખત્મ કરી રહેલ છે. મધ એ દુનિયાની મજા છે. હે ગાફેલ ! તું સૌને ભૂલીને દુનિયા પ્રાપ્તિમાં લાગી ગયો ! આ તને ખબરદાર કરવામાં આવ્યો છે કે હજી પણ સંભલી જા ! દુનિયાને છોડ અને દીનને હાંસલ કર કેમ કે મોત માથા પર ભમી રહી છે !

*ન કોઈ પેશ તલી, ન ઉઝ઼્ર ન ઈન્કાર હુવા–જબ બશર મૌત કે પંજેમે ગિરફતાર હુવા*

*કોઈ સાથી ન હુવા મરકે બજુઝ મેરે કફન–પહલી મંઝિલ સે હી હર એક જુદા યાર હુવા*

**નફ઼્સે પુર ઝોરકા વહ ઝોર ઔર દિલ**
**ઝેર હૈ ઝાર હૈં ક્યા હોના હૈ**

*(પુર ઝોર = શક્તિવાન, ઝેર = કમજોર, ઝાર = નબળુ)*

**અર્થાત** : નફ઼્સ અતિશય શક્તિવાન તથા જોરાવર છે અને મારું દિલ અતિશય કમજોર પણ છે અને નબળુ પણ છે. ખુદા જાણે હવે મારી સાથે શું મામલો થવાનો છે !

**કામ ઝિન્દાં કે કિયે ઔર હમેં**
**શૌકે઼ ગુલઝાર હૈ ક્યા હોના હૈ**

*(ઝિન્દાન = કૈ઼દ ખાનુ)*

**અર્થાત** : આપણી સોચ પણ કેવી બાળકો જેવી (મૂર્ખામીભરી) છે કે કામ તો એવાં કરીએ છીએ કે જેલમાં લઈ જાય તેવાં અને ઉમ્મીદો જન્નતના બાગોમાં લઈ જવાની બાંધી રાખી છે ! આવા સંજોગોમાં આપણી સાથે શું થશે ! ખુદા આપણી સામે આપણા અમલો મુજબ મામલો કરવાને બદલે પોતાના તરફની બખ્શિશનો, રહમો કરમનો મામલો ફર્માવે તો જ છૂટકારો થશે.

આપણી પબ્લિકની મોટાભાગે એ જ હાલત છે કે અમલો તો જહન્નમીઓવાળા કરે છે અને હુઝ઼ૂર علیہ الصلوٰۃ والسلامની શફાઅત તથા અલ્લાહની રહ઼મતના વાકિ઼યાઓથી ગલત અર્થ તથા ગલત ભાવાર્થ કરીને ખૌફે ખુદાથી બેપરવા થઈ ચૂક્યા છે. જ્યારે કે الایمان بین الخوف والرجاء "ઈમાન નામ છે ખૌફ તથા ઉમ્મીદની દરમિયાની કેફિયતનું." અવલિયા, અલ્લાહ બલ્કે સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینના ખૌફે

ખુદાના એવા એવા દિલ હલાવી નાખનારા વાક઼િઆ છે કે આપણા જેવા નાલાયકોએ સાંભળીને શર્મથી મરી જવું જોઈએ !

*વો થે કિસ મંઝિલમેં ઔર તૂ કૌનસી મંઝિલમેં હૈ–શર્મસે ગિર જા અગર એહસાસ તેરે દિલમેં હૈ*

**હાય રે ! નિંદ મુસાફિર તેરી**
**કુચ તૈયાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** હે ગફલતની નિદ્રામાં સૂનાર દુનિયાના મુસાફિર ! હોશમાં આવ ! તારી સવારી તૈયાર છે અને તું બેકસ તથા લાચાર છે. મંઝિલ ઘણી દૂર છે અને સફર ઘણી જ કઠિન છે. સમય ઘણો જ થોડો છે. ખુદા જાણે તારી સાથે શું થવાનું છે ! જેમ કે કોઈકે કહ્યું છે :–

*દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ–તય કર રહા હૈ જો તૂ દો દિન કા યહ સફર હૈ*
*જબ સે બની હૈ દુન્યા લાખોં કરોળોં આયે–બાક઼ી રહા ન કોઈ મિટ્ટીમેં સબ સમાએ*
*ઈસ બાત કો ન ભૂલો સબ કા યહી હશ્ર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*
*આંખોંસે તૂને અપની કિતને જનાઝા દેખેં–હાથોંસે અપને તૂને કિતને દબાએ મુર્દે*
*અંજામ સે તૂ અપને ઈતના કયૂં બેખબર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*
*યહ ઉંચે ઉંચે મહલ હૈં કુછ કામ કે નહીં હૈ–યહ આલીશાન બંગલે કુછ કામ કે નહીં હૈ*
*દો ગઝ ઝમીં કા ટુકળા છોટાસા તેરા ઘર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*
*મિટ્ટી કે પુતલે તુમ કો મિટ્ટી મેં હૈ સમાના–ઈક દિન યહાં તૂ આયા, ઈક દિન યહાંસે જાના*
*રહતા નહીં યહાં પર, જારી તેરા સફર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*
*અય "ઝકરિયા" અપને મૌલાસે દિલ લગા લે–કર લે ખુદા કો રાઝી કુછ નેકિયાં કમા લે*
*સમાં તેરા યહી હૈ તૂ સાહિબે સફર હૈ–દુન્યા કે અય મુસાફિર મંઝિલ તેરી ક઼બર હૈ*

**દૂર જાના હૈ રહા દિન થોળા**
**રાહ દુશ્વાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** હે મુસાફિર ! દિવસ ઢળી રહ્યો છે અને તારે ઘણો સફર કાપવાનો છે. સુસ્તી છોડ અને તૈયારી કર, અને અત્યારથી મંઝિલની ફિકર શરૂ કરી આપ, કેમ કે રાસ્તો ઘણો ખતરનાક અને મુશ્કેલ છે.

**ઘર ભી જાના હૈ મુસાફિર કે નહીં ?!**
**મત યહ કયા માર હૈ, ક્યા હોના હૈ**

**અર્થાત :** હે મુસાફિર ! શું તારે તારા અસલી ઘરે જવું છે કે નહીં ?! તારી મતિ કેમ મારી ગઈ છે ? બુદ્ધિ બહેર મારી ગઈ છે ? તું સમજદારીથી કામ કેમ નથી લેતો ? હોશમાં આવ અને દુનિયાની મજાઓમાં આખેરતને ન ભૂલ.

**જાન હલ્કાન હૂઈ જાતી હૈ**
**બાર સા બાર હૈ ક્યા હોના હૈ**

*(હલ્કાન = બર્બાદ, થાકેલી, બાર = બોજ, સા = જેવો)*

**અર્થાત :** આખેરતની મુશ્કેલીઓના બારામાં વિચારી વિચારીને મારી જાન હલાક થતી જઈ રહી છે, તને મારી નસીહત કેમ સમજમાં નથી આવતી ?! આ ગુનાહોનો બોજ જે તું વધારતો જઈ રહ્યો છે, તો તને કાંઈ ખબર પણ છે કોઈ બોજ જેવો બોજ છે ?! આ બોજને કેમ કરીને ઉઠાવીશ ?! અલ્લાહ જ જાણે !

**પાર જાના હૈ નહીં મિલતી નાવ**
**રોઝ પુર ધાર હૈ ક્યા હોના હૈ**

*(પાર = બીજો કિનારો, ધાર = પાણીનો તેજ પ્રવાહ)*

**અર્થાત :** દુનિયાનો દરિયો પાર પણ કરવાનો છે અને તરવાનું શીખ્યા જ નથી ! (નેક અમલો નથી !) નાવ પણ કોઈ નથી (કેમ કે એનું ભાડુ નેક અમલો છે જ નથી !) પેલી બાજુ દરિયાનો ફોર્સ પણ ઘણો જ તેજ છે. હે મારા અલ્લાહ ! તારી મદદ વિના કોઈ આરો નથી !

**રાહ તો તેગ પર, ઔર તલ્વોં કો**
**ગિલએ ખાર હૈ, ક્યા હોના હૈ**

*(તેગ = તલવાર, તલ્વોં = પગનાં તળિયાં, ગિલા = ફરિયાદ, ખાર = કાંટા)*

**અર્થાત :** હે ગાફિલ ઈન્સાન ! તારા પગોમાં જો કાંટો પણ ચુભાય જાય તો તડપી ઉઠે છે ! અને હાય વોય શરૂ કરી આપે છે, જ્યારે કે તારે હજી તો પુલસિરાત પરથી પસાર થવાનું છે જે તલવારથી પણ તેજ અને વાળથી પણ બારીક છે ! ત્યાં તારું શું થશે ?!

**રોશની કી હમેં આદત, ઔર ઘર**
**તીર વ તાર હૈ ક્યા હોના હૈ**

*(તીર વ તાર = સાંકડુ તથા અંધાર્યું)*

**અર્થાત :** તને આ દુનિયાના ઘરમાં તો રોશની વિના ઊંઘ નથી આવતી, ન આરામ તથા ચૈન મળે છે (ગરમીમાં જરા લાઈટ જતી રહી તો શું આફત આવી પડે છે !) જ્યારે કે જ્યાં તારે સેંકડો વરસ રહેવાનું છે ત્યાં તો અંધારું જ અંધારુ છે ! તો ત્યાં તારું શું થશે ? અને ત્યાં તું કેવી રીતે દિવસો પસાર કરીશ ?!

**બીચમેં આગ કા દરયા હાઈલ**
**ક઼સ્દ ઈસ પારસે ક્યા હોના હૈ**

*(હાઈલ = આડો, ક઼સ્દ = ઈરાદો)*

**અર્થાત :** શું તને ખબર નથી કે તારા અને જન્નતની વચ્ચે આગનો દરિયો આડ બનેલો છે ! જેને પાર કરીને જ જન્નતમાં પ્રવેશ મળી શકે છે. હાય ! શું થશે ?! હે અલ્લાહ ! અમારી મદદ ફર્માવ ! રબ ફર્માવે છે :

وَاِنۡ مِّنۡكُمۡ اِلَّا وَارِدُهَا‌ ۚ كَانَ عَلٰى رَبِّكَ حَتۡمًا مَّقۡضِيًّا "અને તમારામાં કોઈ એવો નથી જેણે દોઝખ પરથી પસાર થવાનું ન હોય. તમારા રબના જિમ્મા પર આ જરૂર નિશ્ચિત થયેલી વાત છે." *(સૂરએ મરયમ,૧૯/૭૧)*

**ઈસ કળી ધૂપ કો ક્યૂંકર ઝેલેં**
**શો'લાઝન નાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** આટલી સખત મેહશરની ગરમી અને આપણે અશક્ત કમજોર ! હાય અલ્લાહ ! કેવી રીતે વેઠીશું ?! એવું લાગે છે કે જાણે આગનો દરિયો વહી રહ્યો છે. વળી મેહશરની ગરમી પછી જહન્નમ પણ ભળકતી રાહ જોઈને ઉભી છે. હે બેસહારોના સહારા ! ઉમ્મતના ગમખ્વાર નબી ! علیہ الصلوٰۃ والسلام તમારા દામનનો સાયો અતા ફર્માવજો.

**હાએ બિગળી તો કહાં આકર નાવ !**
**અ઼યન મઝધાર હૈ, ક્યા હોના હૈ**

**અર્થાત :** અફસોસ ! સિવાય હવે શું થઈ શકે છે કે દરિયાના બિલકુલ મધ્યમાં જ્યાં દરિયાનું વહેણ પણ ખૂબ જ તીવ્ર ગતિમાં છે અને હવા પણ વિરુદ્ધ દિશામાં ચાલી રહી છે, આવા સંજોગોમાં નાવનું ખરાબ થઈ જવું ! તો હવે સિવાય તબાહી તથા બર્બાદી બીજું શું થશે ?!

**કલ તો દીદાર કા દિન ઔર યહાં**
**આંખ બેકાર હૈ ક્યા હોના હૈ !**

**અર્થાત :** કાલે ક઼યામતના દિવસે દીદારનો દિવસ છે અને આપણી હાલત એ છે કે : *'વો તો હૈ ઝૈબાએ હુસ્ન–ઔર હમમેં બિનાઈ નહીં !'* આપણે એવા અમલો જ નથી કર્યા જેના કારણે આપણી આંખમાં જોવાની ક્ષમતા પેદા થતી. એ કેટલા પ્રમાણમાં મેહરૂમી થશે કે અલ્લાહવાળાઓ જે નેઅમતની પ્રાપ્તિના માટે આખુ જીવન મહેનત કરતા રહ્યા, અમે તેના માટે કાંઈ પણ ન કર્યું, પછી જે થાય તે સૌની સામે છે !

**મુંહ દિખાને કા નહીં ઔર સહર**
**આમ દરબાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** આપણા કરતૂતોના કારણે આપણુ મોઢું તો એને પાત્ર જ નથી કે આપણા આક઼ા (صلی اللہ علیہ وسلم)ને દેખાડી શકીએ, અને કાલે (ક઼યામતની) સવારે ભર્યા દરબારમાં આમ દીદાર થવાનો છે, જે સામે આવ્યા વિના નથી થઈ શક્તો. હાય ! બદ્‌નસીબી દીદારથી ક્યાંક મેહરૂમ ન રહી જઈએ !

**ઉનકો રહમ આએ તો વરના**
**વો કળી માર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** એ અલગ વાત છે કે આપણો અલ્લાહ عزوجل પણ રહીમ તથા કરીમ છે અને આપણા નબી علیہ الصلوٰۃ والسلام પણ وبالمومنین روف رحیم મો'મિનો પર રઉફ તથા રહીમ છે, જો એમનો કરમ મયસ્સર થઈ જાય તો બિગળી બની જશે, મુક઼દ્દર સંવરી જશે, નહીં તો સખત સજા થશે ! બીજું શું થવાનું છે ?!

**લે ! વો હાકિમ કે સિપાહી આયે**
**સુબ્હ ઈઝહાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** લો ! આ જુઓ ! બાદશાહના સિપાહીઓ (ફરિશ્તા) આપણને ગિરફતાર કરવાના માટે આવી રહ્યા છે જેઓ આપણને પકડીને અહકમુલ હાકિમીનના દરબારમાં લઈ જશે અને આપણે એક એક વાતનો હિસાબ આપવો પડશે. ઉમર ક્યાં પસાર કરી, દૌલત ક્યાં વાપરી, જવાની ક્યાં ખર્ચી, તંદુરસ્તીની શું ક઼દર કરી, અલ્લાહના હક્ક઼ો તથા બંદાઓના હક્ક઼ોની ક્યાં સુધી અદાયગી કરી, કોઈ ખુદાનો ખૌફ પણ કર્યો કે નહીં ?! આપણા નબી ﷺની શરમ પણ કરી કે નહીં ? હાય ! હવે અમારી સાથે શું થશે ?!

**વાં નહીં બાત બનાને કી મજાલ !**
**ચારાએ ઈકરાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** આ તે અદાલત છે કે જ્યાં જૂઠ, બહાનુ, ધોકાબાજી ચાલી જ નથી શક્તાં ! اليوم نختم على افواههم وتكلمنا ايديهم وتشهد ارجلهم بما كانوا يكسبون۔ ''આજે અમે તેમનાં મોઢાંઓ પર મોહર કરી દઈશું, અને એમના હાથ અમારી સાથે વાત કરશે, અને એમના પગો એમના કરેલાની ગવાહી આપશે.'' (સૂરએ યાસીન, ૩૬/૬૫) તો આ સંજોગોમાં ઈકરાર કરી લીધા સિવાય કોઈ ચાહો હશે નહીં ! (તો આજથી સુધરી જાવ !)

**સાથવાલોંને યહીં છોળ દિયા**
**બેકસી યાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** આપણા હમદર્દો, સાથીઓ, સગાં વહાલાંઓ તો મને ક઼બ્રમાં ફેંકીને ચાલ્યા ગયાં ! હવે બેકસી તથા મજબૂરી છે જે મારી સાથે જઈ રહી છે. અલ્લાહ રહમ ફર્માવે, હવે શું થશે ?!

**આખરી દીદ હૈ આઓ મિલ લેં !**
**રંજ બેકાર હૈ, ક્યા હોના હૈ**

**અર્થાત :** મારા સગાં વહાલાં, દોસ્તો એકબીજાને કરી રહ્યાં છે કે ચાલો યાર ! ફલાણો અંતિમ શ્વાસ લઈ રહ્યો છે, જઈને તેને છેલ્લી વખત મળી તો લઈએ ! કોઈ શિકાયત ફરિયાદ હોય તો આવા સમયે ભૂલી જવી જોઈએ, ખબર નહીં બીચારાનો આગળ જઈને શું હશ્ર (અંજામ) થશે ?! હાય ! મરનારા ! તું કેટલો દયાને પાત્ર અને બીચારો થઈ ગયો છે કે દુશ્મનો પણ તારી પર દયા ખાય રહ્યા છે ! (હે ઈન્સાન ! હજી સમય છે સુધરી જા ! કે તારો હશ્ર સારો થાય.)

**દિલ હમેં તુમસે લગાના હી ન થા**
**અબ સફર બાર હૈ ક્યા હોના હૈ**
*(બાર = બોજ, કઠિન)*

**અર્થાત :** હે દુનિયાવાળાઓ ! બેવફાઓ ! તમારી સાથે તો મહોબ્બત કરવી જોઈતી જ ન હતી ! હવે હાલત એવી થઈ ગઈ છે કે ન તમને છોડવાનું દિલ ચાહે છે, ન આગળ જવા તબીઅત માને છે. હવેનો સફર કઠિન થઈ ગયો છે, હવે શું થશે ?!

**જાનેવાલોં પે યહ રોના કૈસા**
**બંદા નાચાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** જેણે જવાનું નિશ્ચિત જ છે એના પર અફસોસ કરવાની કે રડવાની શું જરૂરત ?! છેવટે બંદો મજબૂર છે, એનાથી શું થઈ શકે તેમ છે ? *વહી હોતા હૈ જો મંઝૂરે ખુદા હોતા હૈ !*

**નઝઅ મેં ધ્યાન ન બટ જાએ કહીં**
**યહ અબષ પ્યાર હૈ, ક્યા હોના હૈ !**

*(નઝઅ = સકરાતના સમયે, અબષ = નિરર્થક)*

**અર્થાત :** હવે મારા મૃત્યુનો સમય આવી ચૂક્યો છે જેથી મારાથી અલગ થઈ જાવ, જેથી તમારી સાથે મહોબ્બતના જઝબાતનો ઈઝહાર કરતાં કરતાં ક્યાંક મારું ધ્યાન આખેરતથી હટી ન જાય. જેથી હવે તમારી સાથે પ્યાર બેકાર છે, હવે જે થવાનું છે તે થઈને જ રહેશે. મને ખુદાને સોંપી દો અને અલ્લાહ હાફિઝ !

**ઉસકા ગમ હૈ કે હર એક કી સૂરત**
**ગલે કા હાર હૈ ક્યા હોના હૈ**

**અર્થાત :** હવે મને એ અફસોસ રહી ગયો કે તમે મને નહીં જોઈ શકો, અને હું તમારી શક્‌લોને યાદ કરી કરીને રડતો રહીશ ! આ રોગ ન ખત્મ થનાર છે, બીજું શું થવાનું છે !

*તર્ક અબ સારી ફુઝૂલિયાત કર–યૂં ન ઝાએઅ્ તૂ અપને અવક઼ાત કર*
*રહ ન ગાફિલ યાદે હક્ક઼ દિનરાત કર–ઝિક્રો ફિક્રો મૌત કી તૂ બાત કર*
*એક દિન મરના હૈ આખિર મૌત હૈ–કર લે જો કરના હૈ આખિર મૌત હૈ*

**બાતેં કુછ ઔર ભી તુમસે કરતે**
**યહ કહાં વાર હૈ ક્યા હોના હૈ**

*(વાર = મોક઼ો)*

**અર્થાત :** કેટલીયે વાતો અધિક હું તમારી સાથે કરવા ચાહતો હતો, પરંતુ હવે વાતો જ ન કરતો રહું અને કાંઈક આગળની પણ ફિકર કરું. હવે તમારી સાથે વાત કરવાનો મોક઼ો નથી, ખુદ મારી સાથે ખબર નહીં આગળ શું થવાનું છે ?!

**ક્યૂં 'રઝા' કુળહતે હો, હસતે ઉઠો !**
**જબ વો ગફ્ફાર હૈ, ક્યા હોના હૈ !**

*(કુળહના = રંજમય થવું)*

**અર્થાત :** પરંતુ હે ખુદાના બંદા ! (અહમદ રઝા !) એ બાજુ પર પણ તું ધ્યાન કર કે રબ બખ્શનાર છે, તો પછી ખુશ થઈ જા ! અને હસતો હસતો ઉઠ ! ખૈર જ ખૈર છે ! આવા મોક઼ા પર મૌત સારી લાગે છે.

## (નઅત શરીફ : ૫૮)

**કિસ કે જલ્વા કી ઝલક હૈ યહ ઉજાલા ક્યા હૈ**
**હર તરફ દીદએ હૈરતઝદા તક્તા ક્યા હૈ**

*(જલ્વા = ચમક, તજલ્લી, ઝલક = રોશની, દીદએ હૈરતઝદા = આશ્ચર્યમય આંખ)*

**અર્થાત :** મેહશરના મેદાનમાં આ કોના જલ્વાની રોશની છે ? આ નૂરાનિયત તથા અજવાળુ કોનું છે કે આંખ આશ્ચર્યમય બની ચોતરફ જોઈ રહી છે ?!

**માંગ મન માનતી મુંહ માગી મુરાદેં લેગા**
**ન યહાં ન હૈ, ન મંગતા સે યહ કહના, ક્યા હૈ ?**

**અર્થાત :** હે સવાલી ! આ નૂરની ઠંડક બતાવી રહી છે કે આપણા આકા علیہ الصلوٰۃ والسلام ની જલ્વાગરી થઈ રહી છે, તો પછી તૈયારી કરી લે અને મોં માગ્યી મુરાદના માટે જોલી ફેલાવી દે, કેમ કે આપણી સરકારની બારગાહમાં ન તો "ના" છે, ન તો એઓ કોઈ સવાલીને એ ફર્માવે છે કે આ શા માટે માગ્યું ?

*યહ ક્યૂં કહૂં મુઝકો યહ અતા હો યહ અતા હો—વો દો કે હમેશા મેરે ઘર ઘર કા ભલા હો*

**પંદ કળવી લગે નાસેહ ન તુર્શ હવાએ નફ્સ**
**ઝહરે ઈસ્યાંમેં સિતમગર તુઝે મીઠા ક્યા હૈ ?**

*(પંદ = નસીહતની વાત, નાસેહ = નસીહતકર્તા, તુર્શ = ખાટી, હવાએ નફ્સ = નફ્સની ખ્વાહિશો, મનેચ્છાઓ, ઈસ્યાં = ગુનાહ, સિતમગર = જાલિમ)*

**અર્થાત :** હે મારા ખ્વાહિશોવાળા નફ્સ ! શું તને નસીહત કરનારાઓની નસીહત બુરી લાગે છે ?! કે જે તારા માટે લાભદાયી છે. અને તને ગુનાહોનું ઝહેર ખૂબ જ મીઠુ લાગે છે કે જે સરાસર તારા માટે નુકસાનકર્તા છે. અરે ! જાલિમ ! કાંઈ તો ખયાલ કર ! અને પોતાના જ લાભાલાભનું વિચાર અને પોતાનામાં ઓળખ પેદા કર.

*તૂ અગર મેરા નહીં બનતા—ન બન અપના તો બન !*

**હમ હૈં ઉનકે, વો હૈં તેરે, તો હમ હૂએ તેરે**
**ઈસસે બળ્હકર તેરી સિમ્ત ઔર વસીલા ક્યા હૈ**

**અર્થાત :** આપણે આપણા આકા ﷺ ના પ્યારા છીએ, અને આપણા આકા علیہ الصلوٰۃ والسلام પોતાના રબના પ્યારા છે, આ રીતે આપણે અલ્લાહના પ્યારા થયા, કેમ કે દોસ્તનો દોસ્ત પણ તો દોસ્ત જ બને છે. હે અલ્લાહ ! આનાથી વધીને તો અમારી પાસે કોઈ વસીલો નથી.

*ઈલાહી બહક્કે બની ફાતિમા, કે બર કૌલે ઈમાં કુનમ ખાતિમા*
*અગર દઅવતમ રદ કુની વર કુબૂલ, મને દસ્તો દામાને આલે રસૂલ*

**ઉન્કી ઉમ્મત મેં બનાયા ઉન્હેં રહ઼મત ભેજા**
**યૂં ન ફ઼ર્મા કે તેરા રહમ મેં દઅવા ક્યા હૈ**

*(રહમ = મહેરબાની, દાવો = હક્ક઼)*

**અર્થાત :** હે અલ્લાહ ! તેં પોતે જ તો અમોને તારા મહબૂબના ઉમ્મતી થવાનો શરફ઼ અતા કર્યો અને તેમને તેં રહમતુલ લિલ્ આલમીન બનાવીને મોકલ્યા, અને એમની જ ઝબાનથી કહેવડાવ્યું કે તમારા બંદાઓ (ગુલામો)ને કહી આપો : لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ "અલ્લાહની રહ઼મતથી નિરાશ ન થાવ." (સૂરએ ઝુમર, ૩૯/૫૩) તો હવે એવું તો ન ફર્માવ કે રહમતમાં તારો કોઈ હક્ક઼ નથી. ભલે નકામો છું પણ તારા મહબૂબનું નામ લેનારો છું. અને એમનો જ સદક઼ો માગી રહ્યો છું.

**સદક઼ા પ્યારે કી હયા કા કે ન લે મુઝસે હિસાબ**
**બખ્શ બે પૂછે લજાયે કો લજાના ક્યા હૈ!**

*(સદક઼ા = વસીલાથી, લજાએ = શર્મિંદા, લજાના = શર્મિંદા કરવું)*

**અર્થાત :** હે માલિક તથા મૌલા ! ﷻ આ જ પ્યારા મહબૂબનો સદક઼ો, જો મને વિના હિસાબે બખ્શી આપે તો તારું શું નુકસાન છે ? મારી વાત બની જશે ! ભલા ! પહેલેથી શર્મસાર છે તેનો હિસાબ લઈને તેને અધિક શર્મિંદો કરવો એનાથી શું થશે ! હું ઈક઼રારી મુજરિમ છું.

*માના કે બેઅમલ હૂં નિહાયત હી બુરા હૂં મૈં—લેકિન તેરે હબીબ કે દર કા ગદા હૂં મૈં*

**ઝાહિદ ઉન્કા મૈં ગુનેહગાર વો મેરે શાફ઼ેઅ**
**ઈતની નિસ્બત મુઝે ક્યા કમ હૈ તૂ સમઝતા ક્યા હૈ**

**અર્થાત :** હે ઝાહિદ સંકૂચિત દષ્ટિવાળા ! તું તારી ઈબાદત પર નાઝ કરીને મને પણ હક઼ીર ન જાણ ! મારો મક઼ામ પર કાંઈ કમ નથી ! જો તને તારી ઈબાદત અઝાબે ઈલાહીથી બચાવી લેશે તો શું મને હબીબની શફ઼ાઅત નહીં બચાવી લે ! તું શું સમજે છે કે હુઝૂરના ક઼દમોથી નિસ્બત શું મામૂલી ચીજ છે ?! તેમના ક઼દમોની સાથે તો લાગીને જોડા (નઅલૈન પાક) અર્શની ઉપર ચાલ્યા જાય છે તો અમે શું પાછળ બેસી રહીશું ?!

*જો સરપે રખને કો મિલ જાએ નઅલે પાકે હુઝૂર—તો ફ઼િર કહેંગે કે હાં ! તાજદાર હમ ભી હૈં*

**બે બસી હો મુઝે જબ પુર્સિશે આમાલ કે વક઼્ત**
**દોસ્તો ક્યા કહૂં ઉસ વક઼્ત તમન્ના ક્યા હૈ !**

**અર્થાત :** જ્યારે ફરિશ્તા મને જવાબ લેવા માટે બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં લઈને જઈ રહ્યા હશે, તો એ વખતે મારી જે કૈફ઼િયત તથા આરઝૂ હશે તે મારાથી જ સાંભળી લો ! હું મારા આક઼ા ﷺને જ પુકારીશ, અને મારી આહોઝારી (રૂદન) સાંભળીને રેશમથી વધુ નરમ દિલ પોતાના સીનામાં રાખનાર મહબૂબ ભલા મારી દસ્તગીરી નહીં કરે ! હું નથી માનતો કે મહબૂબને મારા પર દયા નહીં આવે.

*હુઝૂર ! એક તબસ્સુમ કી ભીક માંગતા હૂં—રસૂલે રહ઼મતો અમ્નો સખા સલામ અલૈક*
*બસ એક નિગાહે કરમ કી પુકાર હૈ સરકાર—અતાએ ખૈર કે ઈલ્તિજા સલામ અલૈક*

**એક મુજરિમનો હાલ અને દુરૂદની ફઝીલત** : ત્યાર બાદ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જે શાનની સાથે કયામતના મેદાનમાં એક મુજરિમનો નકશો રજૂ કર્યો છે. જો કે આજીજીનારૂપે પોતાનો જ ઉલ્લેખ કર્યો છે, પરંતુ અસલમાં એ એક રિવાયત છે જે હઝરત કઅબ અહબાર رضی اللہ عنہથી મરવી છે કે જ્યારે ફરિશ્તા હુઝૂર علیہ الصلوٰۃ والسلامની ઉમ્મતમાંથી એક ગુનેહગારને ઘસેડીને લઈ જઈ રહ્યા હશે તો હઝરત આદમ علیہ السلام એ મન્ઝર જોઈને હુઝૂર ﷺને અવાજ આપશે કે તમારા ઉમ્મતીનો હાલ તો જુઓ ! હુઝૂર علیہ الصلوٰۃ والسلام ગુનેહગાર ઉમ્મતીને જોઈને બેકરાર થઈ જશે અને ફર્માવશે, હે ફરિશ્તાઓ ! રોકાય જાવ ! તેઓ અર્ઝ કરશે, હુઝૂર ! ﷺ આપના પર નાઝિલ થનારી કિતાબમાં છે : لَا یَعۡصُوۡنَ اللّٰہَ مَاۤ اَمَرَھُمۡ وَ یَفۡعَلُوۡنَ مَا یُؤۡمَرُوۡنَ (એના પર સખત શક્તિશાળી ફરિશ્તા નિયુક્ત છે જેઓ અલ્લાહનો હુકમ નથી ટાળતા અને એમને જે હુકમ થાય છે તે જ કરે છે. *–સૂરએ તહરીમ, ૬૬/૬*) પછી એટલામાં નિદા આવશે, હે ફરિશ્તાઓ ! મારો હબીબ જે કહે છે એના મુતાબિક જ કરો ! જેથી આપ ફર્માવશે, એને મીઝાન પર લઈ ચાલો, અને મારી સામે તેના અમલો તોલો. જ્યારે અમલો તોલવામાં આવશે તો નેકી નહિવત અને ગુનાહ બેહિસાબ હશે. હુઝૂર ﷺ પોતાના ખિસ્સામાંથી કાગળનો એક ટુકડો કાઢશે એને નેકીઓવાળા પલ્લામાં રાખીને ફર્માવશે, હવે તોલો ! હવે ગુનાહોવાળુ પલ્લુ હલકુ થઈ જશે અને નેકીઓવાળુ ભારે થઈ જશે, અને એ ગુનેહગારની બખ્શિશ થઈ જશે. એ મુજરિમ (જે હવે બખ્શીદેવામાં આવેલ છે) સરકાર علیہ الصلوٰۃ والسلامના દામનને થામીને અર્ઝ કરશે, આ કાગળનું શું છે અને આપ કોણ છો ? તો સરકાર ﷺ ફર્માવશે, હું તારો નબી છું ! અને આ કાગળ દુરૂદ શરીફ છે જે તેં મારા પર પઢયું હતું, અને મેં આજના દિવસ માટે જ તારા માટે સાચવી રાખ્યું હતું. તે દીવાનો ઝુમી ઉઠશે અને સરકાર علیہ الصلوٰۃ والسلامના કદમોને બોસો આપીને અર્ઝ કરશે.

*યહ કહાં નસીબ મેરે, મેરા યહ મકામ હોતા–કોઈ જઝબએ મુહબ્બત મેરે કામ આ ગયા હૈ*

આ રિવાયતને જોઈને અને એક મુજરિમ પર હુઝૂર ﷺનો કરમ જોઈને મહાન મહાન અવલિયાએ કિરામે તમન્ના કરી છે કે કાશ ! એ મુજરિમ અમે હોત ! આ'લા હઝરતે પણ અવલિયાએ કિરામની ઈત્તેબાઅ (અનુસરણ)માં આ કૈફિયત પોતાના ઉપર લાગુ કરી છે. જરા સાંભળો ! અને આપણા આકા ﷺના કરમ પર કુર્બાન થઈ જાવ.

*ઉનકા કરમ ફિર ઉનકા કરમ હૈ–ઉન્કે કરમ કી બાત ન પૂછો*

**કાશ ! ફર્યાદ મેરી સુન કે યહ ફર્માએં હુઝૂર**
**હાં, કોઈ દેખો યહ ક્યા શોર હૈ ગોગા ક્યા હૈ**

**અર્થાત** : જ્યારે ફરિશ્તા મને ઘસેડીને જહન્નમની તરફ લઈ જઈ રહ્યા હોય તો કાશ ! કોઈ (આદમ علیہ السلام) મારા આકા ﷺને ખબર કરે કે તમારા ગુનેહગારનો જરા હાલ તો જુઓ ! હુઝૂર ﷺ જ્યારે ધ્યાન કરે તો મારી ચીસ તથા પુકારનો અવાજ સાંભળીને આકા પોતાના ગુલામોને ફર્માવે, જરા જુઓ તો શોર બકોર શાનો છે ?!

*મેરે દુશ્મનો ન છેળો, મેરા હૈ કોઈ જહાંમેં–મૈં અભી પુકાર લુંગા નહીં દૂર હૈ મદીના*
*મેરે ડૂબને મેં બાકી ન કોઈ કસર રહી થી–કહા "અલ મદદ મુહમ્મદ" તો ઉભર ગયા સફીના*

**કૌન આફ઼તઝદા હૈ કિસપે બલા તૂટી હૈ**
**કિસ મુસીબતમેં ગિરફ઼્તાર હૈ સદમા ક્યા હૈ**

**અર્થાત :** આ કોના પર શું મુસીબત તૂટી છે, કોને કઈ આફ઼તે ઘેર્યો છે, આ બીચારો કોણ મુસીબતનો માર્યો છે ! એને પૂછો તેને શું તકલીફ પહોંચી છે, એ કેમ ધ્રુસ્કાં ભરી ભરીને આહોઝારી (રૂદન કકળાટ) કરી રહ્યો છે ?!

**કિસ સે કહતા હૈ કે લિલ્લાહ ખબર લિજીયે મેરી**
**ક્યૂં હૈ બેતાબ યહ બેચૈની કા રોના ક્યા હૈ ?!**

**અર્થાત :** (હુઝૂર عليه الصلوٰة والسلام ફર્માવે) જરા જુઓ તો એ કોને કહી રહ્યો છે કે ખુદારા મારી ખબર લો અને મારી મદદ કરો, કેમ આટલી બેતાબી તથા બેચૈનીનું રૂદન રડી રહ્યો છે ?!

**ઉસકી બેચૈનીસે હૈ ખાતિરે અક઼દસ પે મલાલ**
**બેકસી કૈસી હૈ પૂછો કોઈ ગુઝરા ક્યા હૈ ?!**

**અર્થાત :** હુઝૂર ﷺનું ફર્માન સાંભળીને આપના ગુલામો દોડીને જશે અને ફરિશ્તાઓને કહેશે, હે ફરિશ્તાઓ ! આ કોણ છે ? એણે શું કર્યુ છે ? એની ચીસો તથા બૂમો સાંભળીને તો અમારા આક઼ા عليه الصلوٰة والسلام પણ બેચૈન તથા બેક઼રાર થઈ ગયા છે. જરા એને પૂછીને અમને જણાવો કે તેની સાથે શી ઘટના ઘટી છે ? જેથી એ બીચારાની કાંઈક મદદ કરવામાં આવે. સુબ્હાનલ્લાહ !

**યૂં મલાઈકા કરેં મઅરૂઝ કે ઈક મુજરિમ હૈ**
**ઉસસે પુર્સિશ હૈ બતા તૂને ક્યા ક્યા કિયા હૈ**

**અર્થાત :** જ્યારે હુઝૂર ﷺના ખાદિમે ખાસ ફરિશ્તાઓ સાથે આટલી વાત કરશે તો ફરિશ્તા જવાબ આપશે કે એ એક મુજરિમ (ગુનેહગાર) છે (નામ એનુ અહમદ રઝા છે) એને અમે હિસાબના માટે લઈ જઈએ છીએ. ત્યાં તેને પૂછવામાં આવશે, તેં ક્યા ક્યા ગુનાહ કર્યા છે ? બસ આટલી જ વાત છે જેના પર એ ચીખી રહેલ છે. જાણે છે ને ! પોતાનાં કરતૂતોને ! એટલા માટે મદદ માટે દુહાઈ આપી રહેલ છે.

**સામના કહર કા હૈ દફ઼્તર આમાલ કે હૈં પેશ**
**ડર રહા હૈ કે ખુદા હુકમ સુનાતા ક્યા હૈ**
*(કહર = ગઝબ, દફ઼્તર = રજીસ્ટરો)*

**અર્થાત :** (ફરિશ્તા વધુમાં કહેશે કે) આ બાજુ ખુદાના કહરો ગઝબને જોઈ રહ્યો છે અને આ બાજુ પોતાનું આમાલનામુ ગુનાહોથી ભરેલુ પણ એની નજરો સમક્ષ છે, અને ડરી રહ્યો છે કે મારા બારામાં ખબર નહીં અલ્લાહ તઆલા શું હુકમ સંભળાવે છે ! (એટલા માટે બેક઼રાર થઈને દુહાઈ આપી રહ્યો છે કે)

*ગમ કે મારોં કી લાજ રખ લીજિયે–બેનવાં પર ભી કરમ કીજિયે*
*ગમ કા મારા હૂં યા રસૂલલ્લાહ ! ﷺ–બેસહારા હૂં યા રસૂલલ્લાહ ! ﷺ*

**આપસે કરતા હૈ ફ઼ર્યાદ કે યા શાહે રુસૂલ**
**બંદા બેકસ હૈ શહા રહમમેં વક઼્ફ઼ા ક્યા હૈ**

**અર્થાત :** (ફરિશ્તાઓનો જવાબ સાંભળીને હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની બારગાહના ખિદમતગાર આવીને અર્ઝ કરે) હુઝૂર ! આપનો ગુનેહગાર ઉમ્મતી છે અને પોતાના હિસાબથી ભયભીત થઈને આપનાથી ફરિયાદ કરી રહ્યો છે અને આક઼ા ! અને ખરેખર બંદો ઘણો જ મજબૂર તથા બેકસ છે, એની મદદ કરવામાં મોડુ ન થવું જોઈએ.

**અબ કોઈ દમમેં ગિરફ઼્તારે બલા હોતા હૂં**
**આપ આ જાએં તો ક્યા ખૌફ઼ હૈ ખટકા ક્યા હૈ**

**અર્થાત :** (હુઝૂર ! તે આ પ્રમાણે અર્ઝ કરી રહ્યો છે) હે મારા પ્યારા આક઼ા ! ﷺ જો આપ એક ક્ષણ સુધીમાં મારી મદદે નહીં પહોંચો તો અઝાબમાં સપડાય જઈશ, અને આપ જો તશરીફ લઈ આવ્યા તો પછી મને કોઈ ગમ નહીં થાય.

કેમ કે :– *દોઝખમેં મૈં તો ક્યા મેરા સાયા ન જાએગા–ક્યૂં કે મેરે હુઝૂરસે દેખા ન જાએગા*

**સુન કે યહ અર્ઝ મેરી બહરે કરમ જોશમેં આયે**
**યૂં મલાઈક કો હો ઈર્શાદ ઠહરના, ક્યા હૈ !**

**અર્થાત :** મારી ફરિયાદ સાંભળીને હુઝૂર ﷺ નો કરમનો દરિયો જોશમાં આવી ગયો અને આપ તશરીફ લઈ આવ્યા. આપે આવતાં જ ફરિશ્તાઓને ફર્માવ્યું, પાછા હટો ! પ્રથમ મને બતાવો કે શું છે ?! અને પછી મને પણ હોસલો મળી જશે અને હું પણ કહીશ, હે ફરિશ્તાઓ ! થોભો ! પ્રથમ જુઓ મારા આક઼ા علیہ الصلوٰۃ والسلام નો ઈરાદો શું છે ?

**કિસકો મૂરિદે આફ઼ાત કિયા ચાહતે હો**
**હમ ભી તો આ કે ઝરા દેખેં તમાશા ક્યા હૈ**

**અર્થાત :** (હુઝૂર ﷺ ફર્માવશે) હે ફરિશ્તાઓ ! આ તમે કોને પરેશાન કરી રાખેલ છે ? આ શું તમાશો છે ? તમે શું ચાહો છો ? અમને પણ તો બતાવો કે મામલો શું છે ? આ ગરીબને શા માટે ઘસેડી રહ્યા છો ? બસ, અહીં જ રોકાય જાવ અને પ્રથમ મૂળ વાત બતાવો ! (અહીં રોકાયને જરા દેવબંદી પેશવા મોલ્વી ક઼ાસિમ નાનોત્વીની પોકાર પણ સાંભળો ! શું દેવબંદીઓ એને શિર્કનો ફત્વો મારે છે ?!)

*યહ હૈ ઈજાબતે હક઼્ક઼ કો તેરી દુઆ કા લિહાઝ–ક઼ઝાએ મુબરમ વ મશરૂત કી સુનેં ન પુકાર*
*મદદ કર ! અય કરમે અહમદી ! કે તેરે સિવા–નહીં હૈ ક઼ાસિમે બેકસ કા કોઈ હામીએ કાર*

**ઉનકી આવાઝપે કર ઉઠું મૈં બે સાખ્તા**
**ઔર તળપકર યહ કહું અબ મુઝે પરવા ક્યા હૈ**

**અર્થાત :** અપને આક઼ા કરીમ ﷺ નો અવાજ સાંભળીને હું તરત ઉભો થઈ જઈશ અને હુઝૂર علیہ الصلوٰۃ والسلام ના

દામને કરમનો સહારો લઈને ફરિશ્તાઓથી અર્ઝ કરીશ, હે ફરિશ્તાઓ ! હવે મને કોઈ પરવા નથી કેમ કે મને બખ્શાવનાર આવી ગયા !

વાહ ! આ'લા હઝરત (رضی اللہ عنہ) તમારા હોસલા પર કુર્બાન ! તમારી અઝમત પર નિછાવર થઈએ ! અમને દરે હબીબ ﷺથી માગવાનો સલીક઼ો શીખવી દીધો. તમે અમને આક઼ા ﷺની રહમતનો અમારા તરફ ધ્યાનિત કરવાનો તરીક઼ો બતાવી આપ્યો.

**લો વો આયા મેરા હામી મેરા ગમખ્વારે ઉમમ**
**આ ગઈ જાં તને બે જાંમેં યહ આના ક્યા હૈ !**

**અર્થાત :** બસ, પછી શું થશે ?! મારા મુર્દા શરીરમાં જાન પડી જશે. હુઝૂર શું આવ્યા કે ખુદ જન્નત ચાલીને મારી પાસે આવી ગઈ અને મેં ઝુમીને અર્ઝ કરી :–

*યહ કહાં નસીબ મેરે કે વો આપ ચલકે આએં–કોઈ જઝબએ મહ઼બ્બત મેરે કામ આ ગયા હૈ*

જેથી હું ફરિશ્તાઓને અર્ઝ કરીશ, હે ફરિશ્તાઓ ! હવે શું કહો છો ? જોતા નથી કે મારો મદદગાર, મારો સહારો તથા ગમખ્વાર, સર્વ નબીઓનો સરદાર મારી દસ્તગીરી કરવા આવી ગયો છે !

**ફિર મુઝે દામને અક઼દસમેં છુપા લેં સરવર**
**ઔર ફર્માએં, હટો ! ઈસપે તક઼ાઝા ક્યા હૈ**

**અર્થાત :** (ત્યારબાદ શું થશે ? એ જ થશે જે ખુદાને મંઝૂર હશે, પણ ખુદાને એ જ મંઝૂર હશે જે મુસ્તફા ﷺને મંઝૂર હશે !) પછી મારા આક઼ા ﷺ મને પોતાના દામને અક઼દસમાં છુપાવી લેશે અને ફરિશ્તાઓને ઈર્શાદ ફર્માવશે, હા ! હવે બતાવો, શું વાત છે ?

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની બારગાહે નબુવ્વતમાં અર્ઝ ગુઝારીની સાથોસાથ આપણો અક઼ીદો ગૈરો (શિર્ક શિર્કની બૂમો પાડનારાઓ)ની ઝબાની પણ સાંભળતા ચાલો ! જાદૂ તેને કહેવાય જે માથા પર ચઢીને બોલે ! માજી મોહતમિમ દારુલ ઉલૂમ દેવબંદ, ક઼ારી તૈયબના બે શેઅર આ પ્રમાણે છે :–

***શિકસ્તા કશ્તી હૈ, તેઝ ધારા, નઝરસે રૂ પોશ હૈ કનારા–નહીં કોઈ નાખુદા હમારા, ખબર તો આલી મક઼ામ લે લો***
***યહ કૈસી મંઝિલ પે આ ગયે હૈં, ન કોઈ અપના ન હમ કિસી કે–તુમ અપને દામનમેં આજ આક઼ા, તમામ અપને ગુલામ લે લો !***

*–(માહનામા અર્રશીદ, નઅત નં. ૧૦૩૯)*

કુર્બાન જાવ ! કોઈ દામને રહમતમાં જવાની ભીખ માગી રહ્યું છે અને આપણો ઈમામ દામને રહમતમાં છુપાયેલ છે. *યહ મર્તબા બુલંદ મિલા જિસકો મિલ ગયા–હર બુલ હવસ કે વાસ્તે દારો રસન કહાં ?!*

**બંદા આઝાદ શુદા હૈ યહ હમારે દર કા**
**કૈસા લેતે હો હિસાબ ઈસપે તુમ્હારા ક્યા હૈ**

**અર્થાત :** (હુઝૂર ﷺ મને દામને રહમતમાં છુપાવીને ફરિશ્તાઓને ફર્માવશે) શું તમો નથી જાણતા કે (આ અહમદ રઝા, ગદાએ ખૈરુલવરા છે એટલે) અમારો પોતાનો જ આઝાદ કરેલો ગુલામ છે, હવે બતાવો

એનાથી શું હિસાબ લેવો છે ?! હું તમને એનો હિસાબ કિતાબ ચૂકાવું છું ! સુબ્હાનલ્લાહ !

આપણા આક઼ા عليه الصلوة والسلامને અર્ઝ ન કરીએ તો કોને કહીએ કે હ઼બીબી યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم

*ભરા હૈ મેરા સીના ભી ગુનાહોં કી સિયાહીસે–મેરે સીને કે દાગોં કો મિટા દો યા રસૂલલ્લાહ !* صلى الله عليه وسلم

*ગુનાહોં કી સિયાહી ખા ગઈ હુસ્ને તખૈયુલ કો–મેરા હુસ્ને તખૈયુલ જગમગા દો યા રસૂલલ્લાહ !* صلى الله عليه وسلم

*ભંવરમેં ફંસ ચુકી હૈ ઉસ્કો તુફ઼ાનને ઘીરા હૈ–મેરી નૈયા કિનારે પર લગા દો યા રસૂલલ્લાહ !* صلى الله عليه وسلم

**છોળકર મુઝ કો ફરિશ્તે કહેં મહકૂમ હૈં હમ**
**હુકમેવાલા કી ન તઅમીલ હો ઝહરા ક્યા હૈ**

*(મહકૂમ = હુકમના પાબંદ, વાલા = બુલંદોબાલા, ઝહરા = તાક઼ત)*

**અર્થાત :** હુઝૂર صلى الله عليه وسلمનો આ હુકમ સાંભળીને ફરિશ્તા મારો પીછો છોડી દેશે અને આક઼ા કરીમ صلى الله عليه وسلمની બારગાહમાં અર્ઝ કરશે, યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم અમે તો આપના જ હુકમના પાબંદ છીએ, કેમ કે આપ અલ્લાહના મહબૂબ છો અને આપના આ ગદાએ કહ્યું છે કે : *ગોયા મહબૂબો મુહિબ્બિમેં નહીં મેરા તેરા !* જ્યારે અમારા સરદાર જિબ્રઈલે અમીન عليه السلام આપના ક઼દમોના બોસા લઈને અર્ઝ કરે છે :–

*ન જન્નત ન જન્નત કી કલિયોંમેં દેખા–મઝા જો મુહમ્મદ صلى الله عليه وسلم કે તલ્વોંમેં દેખા*

એ આપનો હુકમ નથી ટાળી શકતા તો અમારી શું મજાલ છે કે આપના ફ઼ર્માન પર અમલ ન કરીએ !

**યહ સમાં દેખ કે મેહશરમેં ઉઠે શોર કે વાહ**
**ચશ્મે બદ્ દૂર હો, ક્યા શાન હૈ, રુત્બા ક્યા હૈ**

*(સમાં = મન્ઝર, ચશ્મે બદ્ દૂર = અલ્લાહ બુરી નજરવાળાઓથી બચાવે)*

**અર્થાત :** (મારી નજાતનો) આ મન્ઝર જોઈને મેહશરવાળાઓ પોકારી ઉઠશે, વાહ ભાઈ વાહ ! શું વાત છે ! ખુદા નઝરે બદથી બચાવે. બખ્શિશનો અંદાઝ તો જુઓ કે ખુદ શાફ઼એ મહશર પોતાના (અહમદ રઝા) ગુલામને ફરિશ્તાઓના હાથોથી છોડાવીને લઈ જઈ રહ્યા છે. તો હું અર્ઝ કરીશ, હે મેહશરવાળાઓ ! મારી શું શાન થવાની છે, આ સૌ આ શાનવાળાની શાન છે, અને કેમ ન હોય કે :–

*અલ્લાહ કી સર તા બક઼દમ શાન હૈં યહ–ઈનસા નહીં ઈન્સાન વો ઈન્સાન હંય યહ*
*કુર્આન તો ઈમાન બતાતા હૈ ઈન્હેં–ઈમાન યહ કહતા હૈ મેરી જાન હૈં યહ*

**સદક઼ે ઈસ રહમ કે ઈસ સાયએ દામન પે નિષાર**
**અપને બંદે કો મુસીબતસે બચાયા ક્યા હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! صلى الله عليه وسلم હું આપની રહમત પર કુર્બાન જાઉં અને આપના દામને કરમની ઠંડી ઠંડી છાંવ પર નિછાવર થઈ જાઉં ! આપે આપના બેદામ બંદા (અહમદ રઝા)ને કેવી સખત મુશ્કેલીથી, કેવા સખત સ્થળે ખુદ જઈને બચાવ્યો અને પોતાના કરમથી પછી તેને પોતાની સાથે પણ લઈ આવ્યા છો !

હે પ્યારા આક઼ા ! عليه الصلوٰة والسلام જેવી રીતે પોતાની ગુનેહગાર ઉમ્મત પર કરમ ફર્માવીને આખેરતના મુશ્કેલ સ્થાનોએથી એમને છૂટકારો અપાવશો, નિગાહે કરમ ફર્માવો અને ઉમ્મતની આ દુનિયાની મુશ્કેલીઓના હલના માટે પણ અલ્લાહની બારગાહમાં સિફારિશ કરી આપો ! આજે યહૂદી તથા ઈસાઈ અરબસ્તાનની ભૂમિ પર જુલ્મ વરસાવી રહ્યા છે, અને ક઼િબ્લએ અવ્વલ તો યહૂદીઓના નાપાક કબજામાં ચાલ્યો ગયો છે, ક઼િબ્લએ ષાની તો એમના ક઼બજાથી બચેલો રહે. નજદી હાકિમો તો એમના તાબા હેઠળ આવી ગયા છે, તો આ મુક઼દ્દસ સ્થળો તો એમના હાથ નીચે આવવાથી બચેલાં રહે.

**અય ‘રઝા’ ! જાને અનાદિલ તેરે નગ્મોં પે નિષાર**
**બુલબુલે બાગે મદીના તેરા કહના ક્યા હૈ**

**અર્થાત :** હે (ષનાખ્વાને મુસ્તફા) અહમદ રઝા ! તારું તો શું કહેવું ! જે અંદાઝથી તેં પોતાના આક઼ા ﷺની તારીફમાં નગ્મા સરાઈ કરી છે કે બાગની બુલબુલો પણ તારી નઅતગોઈ પર ઝુમીઝુમીને જાનો કુર્બાન કરી રહી છે ! તું ખરેખર બુલબુલે ચમનિસ્તાને મદીના છે. તેં ખરેખર નાઈબે હસ્સાન હોવાનો હક્ક઼ અદા કરી આપ્યો છે. એમાં શંકા નથી કે મહબૂબે ખુદાની પ્રશંસા કરવા માટે અહમદ રઝાનો અંદાઝ જોઈએ, કેમ કે તારો ક઼લમ કોઈ દુનિયાદારની પ્રશંસામાં હરકત નથી કરતો. અને જો કોઈ આગ્રહ પણ કરે તો તું ઘણી જ બેપરવાહીથી લખી આપે છે : *મૈં ગદા હૂં અપને કરીમ કા–મેરા દીન પારાએ નાં નહીં !*

તને તો કેવળ પોતાના આક઼ા عليه الصلوٰة والسلامની ગદાઈ જ જોઈએ છે, એટલા માટે ક્યારેક તેમની ઝુલ્ફે વલ્લૈલની વાત કરે છે તો કદી રુખે વદ્દુહાની, અને તારી નઅતો દરબારે રિસાલતમાં એવી મક઼બૂલ થઈ છે કે આખી દુનિયામાં તારી નઅતો તથા સલામની ધૂમ મચી છે. આ યક઼ીનન ! તારા આક઼ા ﷺની ખાસ તવજ્જોહ (ધ્યાન)નું જ પરિણામ હોય શકે છે.

## (નઅત શરીફ઼ : ૫૯)

**સરવર કહૂં કે માલિકો મૌલા કહૂં તુઝે**
**બાગે ખલીલ કા ગુલે ઝૈબા કહૂં તુઝે**

*(સરવર = સરદાર, મૌલા = આક઼ા, ખલીલ = ઈબ્રાહીમ علیہ السلام નો લક઼બ, ગુલે ઝૈબા = ખૂબસૂરત ફૂલ)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! علیہ الصلوٰۃ والسلام આપને (નબીઓ, રસૂલોના) સરદાર કહું, મારા આક઼ા તથા મૌલા કહું, હઝરત ખલીલ علیہ السلام ના ગુલિસ્તાનનું સુંદર ફૂલ કહું કે પછી શું કહું ?! કેમ કે આપનામાં એ સર્વ સિફ઼તો (ગુણો) પણ છે, અને એના ઉપરાંત પણ અગણિત ખૂબીઓ અલ્લાહ તઆલાએ આપનામાં રાખી છે.

આપ ﷺ નું પોતાનું ફ઼ર્માન છે : **انا سید ولد ادم ولا فخر** "હું આદમ علیہ السلام ની સર્વ ઔલાદનો સરદાર છું પણ ફ઼ખ્ર નથી." અને આપનાં વાલિદા માજિદાને (જ્યારે સગર્ભા થયાં તો) ગયબથી અવાજ આવ્યો : **انک حملت بسید ھذہ الامۃ فاذا وضعتہ فسمیہ محمد (صلی اللہ علیہ وسلم)** તું આ ઉમ્મતના સરદારની સાથે હામેલા થઈ ચૂકી છે, એનો જન્મ થતાં એનું નામ 'મુહમ્મદ' રાખજે. (ﷺ)

**હિર્માં નસીબ હૂં તુઝે ઉમ્મીદગહ કહૂં**
**જાને મુરાદ વ કાને તમન્ના કહૂં તુઝે**

*(હિર્માં નસીબ = મેહરૂમ, ઉમ્મીદગહ = ઉમ્મીદ પૂરી થવાની જગા, જાને મુરાદ = મક઼સદ પ્રાપ્તિની જાન,*
*કાને તમન્ના = ઉમ્મીદોની ખાણ)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ ભલે હું કમનસીબ, મેહરૂમ ક઼િસ્મતવાળો છું, પરંતુ જ્યારે આપ મારી ઉમ્મીદોના કેન્દ્ર, મુરાદોની જાન અને તમન્નાઓની ખાણ છો તો પછી મેહરૂમી કેવી ?! આપની નિગાહે ઈનાયતથી બદ્‌નસીબી, નેકનસીબીમાં બદલાય જશે, રજકણ આફ઼તાબ (સૂરજ) અને ટીપુ સમુદ્ર બની જશે.

*જિસ તરફ઼ ચશ્મે મુહમ્મદ કે ઈશારે હો ગએ (ﷺ)–જિતને ઝર્રે સામને આયે સબ સિતારે હો ગએ*

**ગુલઝારે ક઼ુદ્દસ કા ગુલે રંગી અદા કહૂં તુઝે**
**દરમાને દર્દે બુલબુલે શયદા કહૂં તુઝે**

*(ગુલઝારે ક઼ુદ્દસ = પાકીઝગીનો બાગ, દરમાન = ઈલાજ)*

**અર્થાત :** હે મારા અઝમત તથા કમાલવાળા નબી ! આપને જન્નતના મુક઼દ્દસ તથા પાકીઝા બાગના સૌથી ખૂબસૂરત, નાઝનીન ફૂલ કહેવામાં આવે અથવા દર્દે વિરહમાં દરેક સમયે તડપતા રહે છે, અને આપનું નામ સાંભળીને અથવા આપનો જલ્વો જોઈને તેમનાં બેચૈન દિલોને ચૈન તથા ક઼રાર મળી જાય છે. આપ એમના દર્દનો ઈલાજ પણ છે.

*ન હો આરામ જિસ બીમાર કો સારે ઝમાનેસે–ઉઠા લે જાએ થોડી ખાક તેરે આસ્તાને સે*

**સુબ્હે વતન પે શામે ગરીબાં કો દૂં શરફ**
**બેકસ નવાઝ ગેસૂંઓંવાલા કહૂં તુઝે**

*(બેકસ નવાઝ = મજબૂરોને નવાઝનાર)*

**અર્થાત :** હે મારા આક઼ા ! હું મારા દેશની સવાર પર આપના મદીના શરીફમાં ન મુસાફિરપણાને તથા વતનથી બેવતનીને અગ્રતા આપુ છું. આપ તો ગરીબનવાઝ છે, અને એવી પ્યારી ઝુલ્ફોવાળા છે કે સર્વ જહાનો આપની ઝુલ્ફોના કૈદી છે. અને આપની ઝુલ્ફના દરેક વાળની સાથે હજારો ગુનેહગારોનું મુક઼દ્દર બંધાયેલ છે, જેને આપને ઝુલ્ફોના બાબરકત બાલ મુબારક જ નજાત અપાવશે.

**અલ્લાહ રે ! તેરે જિસ્મે મુનવ્વર કી તાબિશેં**
**અય જાને જાં મૈં જાને તજલ્લા કહૂં તુઝે**

*(તાબિશેં = ચમક, જાને તજલ્લા = નૂરની જાન)*

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! આપના નૂરાની શરીરમાં નૂરની એવી તજલ્લીઓ ભરી દેવામાં આવી છે કે હે મારા જાનની પણ જાન ! (જાને કાઈનાત ﷺ) મારું દિલ તો ચાહી રહ્યું છે કે હું આપને નૂરની પણ જાન કહું, કેમ કે :–

*છાયા તુમ્હારા નૂર હૈ અય શાહે બેકસાં–તૂ હી ચિરાગે તૂર હૈ શફીએ઼ આસિયાં*
*આંખોં કે અયન સામને કૂએ હબીબ હો–દિલમેં તુમ્હારા નૂર હો અય શાહે બેકસાં*

**બેદાગ લાલા યા ક઼મર બેકલ્ફ કહૂં**
**બેખાર ગુલબન ચમન આરા કહૂં તુઝે**

*(બે દાગ લાલા = દાગ વિનાનું ફૂલ, બેખાર = કાંટા વિનાનું, ગુલબન = લાલ ગુલાબ, ચમન આરા = બાગને શોભાવનાર)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! عليه التحية والتسليم જો આપને ગુલે લાલા કહું તો તે ખૂબસૂરત તો હોય છે પણ એમાં પણ કાળો દાગ હોય છે, જેથી હું તમોને તે ગુલે લાલા કહું છું જેમાં દાગ ન હોય. વળી આપને ચાંદ કહું છું પરંતું ચાંદમાં પણ નિશાનીઓ તથા પડછાયાઓ છે, જેથી આપને ચાંદ કહીશ પણ આ ચાંદ જેવા નહીં, બલ્કે આપ એવા ચાંદ છો કે જેમાં કોઈ એવું નિશાન નથી જે ખૂબસૂરતીમાં ખામી પેદા કરે. અને આપને એવું ફૂલ પણ કહીશ જેની સાથે કાંટા ન હોય, અને તે ફૂલ પૂરા બાગનો હુસ્નો જમાલ અને ઝૈબો ઝીનત (શોભા) હોય.

**મુજરિમ હૂં અપને અફ્વ કા સામાં કરું શહા**
**યા'ની શફીઅ રૌઝે જઝા કા કહૂં તુઝે**

**અર્થાત :** .........તો હા મને યાદ આવ્યું કે હું તો ખુદ મુજરિમ તથા ખતાકાર છું અને આપ શફીએ રોઝે શુમાર (ક઼યામતના દિવસે શફાઅત કરનાર) છો, તો કેમ ન કોઈ એવો વસ્ફ (ખૂબી) આપના માટે કહું કે આપની પ્રશંસા પણ થઈ જાય અને મારું પણ કામ બની જાય. એટલે કે : *નઅત ભી બન ગઈ, બાત ભી બન ગઈ !*

તો મારા પ્યારા આક઼ા عليه الصلوٰة والسلام જ્યારે અલ્લાહ તઆલા એવા જલાલમાં હશે કે કોઈ નબીની પણ મજાલ ન હશે કે વાત કરવાની હિંમત કરી શકે, એ દિવસે કેવળ આપની શફાઅતથી અલ્લાહ તઆલાનો કહેર તથા ગઝબ, રહમો કરમમાં તબદીલ થઈ જશે, અને આપને સરે અન્વર પર શફાઅતનો તાજ પહેરાવવામાં આવશે.

*કિસ લિએ ફ઼િક્ર કરેં હશ્ર કે દિન ક્યા હોગા ?!–સામને ઉનકે જો હોગા વો અચ્છા હોગા*

**ઈસ મુર્દા દિલ કો મુઝ્દા હયાતે અબદ કા દૂં**
**તાબે તવાને જાને મસીહા કહૂં તુઝે**

*(મુઝદા = ખુશખબર, હયાતે અબદ = હમેશાંની જિંદગી, તાબો તવાં = તાક઼ત તથા શક્તિ,*
*જાને મસીહા = મુડદાને જીવંત કરનાર ઈસા عليه السلام ની જાન)*

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم હું મારા આ મુર્દા દિલને હમેશાંની જિંદગીની ખુશખબરી સંભળાવું છું, આપને હઝરત ઈસા عليه السلام ની જાનમાં મુર્દાને ઝિંદા કરવાની જે શક્તિ છે તે ઠરાવું છું, કે તેમણે તો મુર્દા માણસોને ઝિંદા કર્યા કે જેમનામાં એક અરસા સુધી જાન રહી ચૂકી હતી, જો કે એમાં શક નથી કે આ એમનો મો'જિઝો હતો. પરંતુ હે મારા પ્યારા નબી ! عليه التحية والتسليم આપે તો પથ્થરો, ઝાડો તથા લાકડીઓમાં પણ જાન નાખી દીધી છે. પથ્થરોનું સલામ કરવું, ઝાડોનું આપના હુકમ પર ચાલવું, સુતૂને હન્નાના (લાકડી)નું રડવું વગેરે અનેક મો'જિઝા એના માટે સાક્ષી છે. *(જુઓ કિતાબ : સીરતે રસૂલે અરબી صلى الله عليه وسلم)*

**તેરે તો વસ્ફ અયબે તનાહી સે હૈં બરી**
**હયરાં હૂં મેરે શાહ મૈં ક્યા ક્યા કહૂં તુઝે**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! صلى الله عليه وسلم આપના ઉમદા ગુણો (ખૂબીઓ)ની તો કોઈ હદ જ નથી ! (એ અર્થ છે "અયબે તનાહી"નો કે આપના કમાલોની હદબંધી કરવી પણ આપને અયબ લગાડવાવાળી વાત છે, જેનાથી કેવળ આપ જ નહીં આપની શાન પણ દૂર છે) હું એ વાત પર આશ્ચર્યચકિત છું કે આપની અઝમત તથા શાનના માટે હું ક્યાંથી શબ્દો લઈને આવું ! કેમ કે જે કાંઈ પણ કહીશ આપ એના કરતાં બુલંદોબાલા (અતિ ઉચ્ચ) છો.

*ઝિંદગિયાં ખત્મ હુઈ કલમદાં ટૂટ ગએ–તેરે અવસાફ કા એક બાબ ભી પૂરા ન હુવા*

**કહ લેગી સબ કુછ ઉન્કે ષનાખ્વાં કી ખામોશી**
**ચુપ હો રહા હૈ કહ કે મૈં ક્યા ક્યા કહું તુઝે**

**અર્થાત :** આપ صلى الله عليه وسلم ના પ્રશંસકોનું આપની અઝમત તથા શાનની સામે આશ્ચર્યમાં ડૂબીને ખામોશ થઈ જવું અને "અયબે તનાહી"થી દૂર હોવાની વાત કરવું, પોતાના શબ્દોને આપની બારગાહને લાયક ન સમજવું અને થાકી હારીને પોતાની બેબસીનો ઈકરાર કરી લેવું, એમાં હુઝૂરનો પ્રશંસક સર્વ કાંઈ કહી ગયો છે, અને જે સમજવાવાળા છે તે સમજી ગયા છે.

*અક઼લવાલા તેરી દુન્યાસે પરેશાન ગયા–ઈશ્ક઼વાલા તુઝે હર રંગમેં પહચાન ગયા*

**લેકિન 'રઝા'ને ખત્મે સુખન ઈસ પે કર દિયા**
**ખાલિક઼ કા બંદા ખલ્ક઼ કા આક઼ા કહૂં તુઝે**

**અર્થાત :** અને હે મારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام મેં વાત અહીં ખત્મ કરી દીધી છે કે આપનો ગુલામ અહમદ રઝા આપને અલ્લાહનો ખાસ બંદો કહેશે અને અલ્લાહની સર્વ મખ્લૂક઼નો આક઼ા તથા મૌલા (માલિક) કહેશે.

**یا صاحب المجال ویا سید البشر　　من وجهك المنیر لقد نور القمر**
**لا یمکن الثناء کما کان حقه**　　بعد از خدا بزرگ توئی قصه مختصر

અલ્લાહ તઆલાએ મેઅરાજ શરીફના વર્ણનમાં પણ આપ ﷺની હજારો ખૂબીઓમાંથી કેવળ અબ્દિયતની સિફત (બંદાપણાનો ગુણ) વર્ણવ્યો છે. **سبحن الذی اسری بعبده** જયારે કે **برسوله، بنوره، بنبیه** વગેરે પણ કહી શકાતું હતું, પરંતું બતાવી આપ્યું કે અઝમત (બુઝુર્ગી) બંદગીથી જ મળે છે. કોઈએ નીચેથી ઉપર જવું હોય તો બંદો બનીને જ જવું પડશે. *ઝિંદગી બે બંદગી શર્મિંદગી !*

*યા ખુદા જિસ્મમેં જબ તક કે મેરી જાન રહે—તુઝપે સદકે઼ તેરે મહબૂબ પે કુ઼ર્બાન રહે*
*કુછ રહે યા ન રહે, યહ દુઆ હૈ કે અમીર—નઝઅ કે વક઼ત સલામત મેરા ઈમાન રહે*

## (નઅત શરીફ : ૬૦)

**મુઝ્દાબાદ અય આસીયો ! શાફેઅ શહે અબરાર હૈ**
**તહનિયત અય મુજરિમો ! ઝાતે ખુદા ગફ્ફાર હૈ**

*(મુઝ્દાબાદ = મુબારકબાદ, આસીયો = શફાઅત કરનાર, શહે અબરાર = નેકીઓના બાદશાહ, તહનિયત = ખુશખબરી, ગફ્ફાર = બખ્શનાર)*

**અર્થાત :** હે ગુનેહગારો ! (તમારા માટે કુર્આન હદીષથી એક ઘણી જ મહાન ખુશખબરી લાવ્યો છું) મુબારક થજો કે (કયામતના દિવસે આપણા જ આકા તથા મૌલા) જે નેકીઓના સરદાર છે તે આપણી શફાઅત કરશે. અય ગુનેહગારો ! ખુશખબર કે એ ઝાતે ખુદા પણ ખૂબ જ બખ્શનાર (માફ કરનાર) જાત છે.

*યા રબ તૂ કરીમી વ રસૂલ તૂ કરીમ–સદ શુક્ર કર હસ્તીમ મિયાને દો કરીમ*

હે અલ્લાહ ! તું પણ કરમ કરનારો છે અને તારો રસૂલ પણ કરીમ છે. અને કરીમને કોઈ ગુનેહગાર, રહમને પાત્ર તો જોઈએ ! અને તે ગુનેહગાર તથા રહમને પાત્ર હું છું.

**અર્શ સા ફર્શે ઝમીન હૈ ફર્શ પા અર્શે બરીં**
**કયા નિરાલી તર્ઝ કી નામે ખુદા રફતાર હૈ**

*(અર્શ સા = અર્શ જેમ, ફર્શ પા = પગો નીચેની જમીન, બરીં = ઊંચી, નિરાલી તર્ઝ, અનોખો તરીકો, રફતાર = ચાલ)*

**અર્થાત :** જે ભૂમિ પર હુઝૂર ﷺ કદમ મુબારક રાખે છે તે ફર્શ થઈને પણ અર્શની જેમ છે કે અલ્લાહ તઆલા એની કસમ યાદ ફર્માવે છે : **لا اقسم بهذ البلد** અને જ્યારે મેઅરાજની રાત્રે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના કદમ મુબારક અર્શથી લાગ્યા તો અર્શને બુઝુર્ગી મળી અને તે આપના કદમોની નીચે ફર્શ બની ગયું, પછી એના પર હુઝૂર ﷺનું ચાલવું, અલ્લાહ ! અલ્લાહ ! શું અનોખી ચાલ હશે ! *હૈ અર્શે હક્ક ઝેરે પાએ મુહમ્મદ* ﷺ

આપના કદમ જમીન પર લાગ્યા તો અલ્લાહ તઆલાએ સર્વ જમીનને મસ્જિદનો દરજો આપી દીધો. હુઝૂર ﷺએ ખુદ ફર્માવ્યું, **جعلت لی الارض مسجدا و طهورا** "મારા માટે સઘળી જમીન મસ્જિદ બનાવી દેવામાં આવી." *(મિશ્કાત)*

*તારીક શબમેં આપને રખા જહાં કદમ–મહતાબે નક્શે પા સે વહાં રોશની હૂઈ*

**ચાંદ શક હો, પેળ બોલે જાનવર સજદા કરેં**
**બારકલ્લાહ ! મરજએ આલમ યહી સરકાર હૈ**

*(શક = ફાટી જાય, પેળ = ઝાડ, બારકલ્લાહ = અલ્લાહ આપને બરકત આપે, મરજઅ = શરણ સ્થાન)*

**અર્થાત :** હે લોકો ! જુઓ ! આપણા આકા ﷺ પર અલ્લાહ તઆલાનો કેટલો કરમ છે કે આપની

આંગળીના ઈશારાથી ચાંદ ટુકડા થઈ રહ્યો છે. *(બુખારી વ મુસ્લિમ મિશ્કાત, પેજ : ૫૨૪)* આપના હુકમથી ઝાડોને બોલવાની શક્તિ મળી રહી છે. *(મોઅજિઝાતે સૈયદુલ મુરસલીન ﷺ, તિર્મિઝી)* જાનવરો આપને સજદો કરે છે.
*–(મોઅજિઝાત)*

સુબ્હાનલ્લાહ ! આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلام કેવળ માનવોના જ શરણસ્થાન (મરજઅ઼) નથી બલ્કે મરજએ઼ આ઼લમ એટલે તમામ મખ્લૂક઼ આપના પ્રતિ રુજૂઅ કરે છે અને આપ સૌનું શરણસ્થાન છો.

*મહબૂબે કિબ્રિયા કા દરે પાક છોળકર–અલ્લાહ તક રસાઈ હો કિસ તરહ*
*જબ દિખાએ રાહ ન સીરત હુઝૂર કી–ભટકે હૂઓં કી રાહનુમાઈ હો કિસ તરહ*

**જિનકો સૂએ આસ્માં ફૈલાકે જલ થલ ભર દિયે**
**સદક઼ા ઉન હાથોં કા પ્યારે હમકો ભી દરકાર હૈ**

*(સૂએ = તરફ, જલ થલ = પાણી જ પાણી કરી દેવું, દરકાર = જરૂરી)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! જે ગોરા ગોરા નૂરાની તથા બાબરકત હાથોને આસ્માનની તરફ વરસાદના માટે દુઆ કરવા ફેલાવીને આપે મદીના તયબહમાં પાણી જ પાણી કરી આપ્યું, ત્યાં સુધી કે આખુ અઠવાડિયુ વરસાદ પડતો રહ્યો અને પછી આપની ખિદમતમાં બીજીવાર અરજ કરવામાં આવી કે યા રસૂલલ્લાહ ! ﷺ પહેલાં વર્ષા થતી ન હતી, હવે રોકાતી નથી ! કદાચ કહેતી હશે કે જેણે થવાનું કહ્યું તે કહેશે તો જ રોકાઈશ ! પછી આપે અર્ઝ કરી : **اللّٰھم حوالینا ولا علینا** "હે અલ્લાહ ! મદીનાની ઉપર વરસાદ રોકાય જાય અને આસપાસ થતી રહે." તો જ્યાં સુધી આપે આપની મુબારક આંગળી વડે વર્તુળ બનાવ્યું ત્યાં સુધી આસ્માન સાફ થઈ ગયું અને આસપાસ વરસાદ પડતો રહ્યો. (આ હદીષને ઈમામ બુખારીએ લગભગ ૧૭ વાર સહીહ બુખારીમાં નક઼લ કરી છે.) હે પ્યારા આક઼ા ! ﷺ આ નૂરાની હાથોનો સદક઼ો અમને પણ અતા થાય. એટલે કે અમારી બખ઼્શિશના માટે પણ એકવાર ઉઠાવી દો.

*ખુદા જાને સરે મહેશર ગુનેહગારોંપે ક્યા ગુઝરે–કે જબ મૌજૂદ કુલ બંદે વહાં પર બેગુમાં હોંગે*
*ન ગભરા અય બશીરે નાતવાં અપને ગુનાહોં પર–શફાઅત તેરી ફર્માએંગે વો આક઼ા જહાં હોંગે*

**લબે ઝુલાલ ચશમએ કુનમેં ગુંધે વક઼્ત ખમીર**
**મુર્દે ઝિંદા કરના અય જાં તુમકો ક્યા દુશ્વાર હૈ**

*(ઝુલાલ = સાફ સુથરૂ તથા ઠંડુ મીઠુ પાણી, કુન = થઈ જા, ગુંધે = ગુંદવું જેમ કે આટો)*

**અર્થાત :** આપણા આક઼ા વ મૌલા ﷺની બશરિયતને બનાવવાના માટે જ્યારે અલ્લાહે આપનુ ખમીર તૈયાર કર્યું તો ચશમએ કુનના સાફ સુથરા, નીતરેલા અને ઠંડા મીઠા પાણીથી આપ علیہ الصلوٰۃ والسلامના મુબારક લબો (હોઠો) બનાવવામાં આવ્યા, પછી મુડદાં જીવંત કરવાં એ આપના માટે કયુ મુશ્કેલ કામ છે. આ કામ તો આપની ઉમ્મતના સેંકડો અવલિયાએ કિરામે પણ કરી દેખાડયું. જેમ કે કેટલીયે કિતાબોમાં ગ઼ૌષ પાક رضی اللہ عنہનું મુડદાંઓને

જીવંત કરવાનુ વર્ણન છે. હુઝૂર ﷺ તો એની ઉપરનો કમાલ દેખાડે છે કે પથ્થર તથા ઝાડ બોલીને આપને અર્ઝ કરે છે : **السلام عليك يا رسول الله** *(રવાહુત્તિર્મિઝી)*

**ગોરે ગોરે પાઉં ચમકા દો ખુદા કે વાસ્તે**
**નૂર કા તળકા હો પ્યારે ગોર કી શબે તાર હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા રસૂલ ! ﷺ ખુદાના ખાતર આપના ગોરા ગોરા તથા નૂરાની મુબારક કદમો મારી અંધારી કબ્રમાં રાખીને મારી કબ્રની કાળી રાતને સુબ્હે નૂર (રોશન સવાર) બનાવી દો જેથી મારી ગભરાહટ દૂર થઈ જાય અને આપના નૂરથી નકીરૈનના સવાલોના સરળતાપૂર્વક જવાબો આપી શકું.

**તેરે હી દામન પે હર આસી કી પળતી હૈ નઝર**
**એક જાને બે ખતા પર દો જહાંકા બાર હૈ**

*(આસી = ગુનેહગાર, બે ખતા = માસૂમ, બાર = બોજના દામનો)*

**અર્થાત :** હે મારા લજપાલ ! દરેક ગુનેહગારની નિગાહો આપના જ રહમતના દામનો પર લાગેલી છે. ભલે ઉમ્મત અગણિત છે અને આપની એકલી માસૂમ જાત છે, પરંતુ અલ્લાહે આપને એવી પાકીઝા જાન અતા ફર્માવી છે કે આખી ઉમ્મતના ગુનાહોનો બોજ ઉઠાવવાના માટે આપની અકેલી જાન જ પૂરતી છે.

**જોશે તુફાને બહરે બેપાયાં હવા નાસાઝ ગાર**
**નૂહ કે મૌલા કરમ કર દે તો બેળા પાર હૈ**

*(બહરે બેપાયાં = અસીમ સમુદ્ર, નાસાઝગાર = વિરોધી હવાઓ, મૌલા = આકા ﷺ)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ તોફાન (ગુનાહોનું) જોરમાં છે, સમુદ્ર એવો છે કે એનો કિનારો નથી દેખાતો, જ્યારે કે હવા પણ વિરુદ્ધ દીશામાં ચાલી રહી છે. હે પ્યારા આકા ! ﷺ નૂહ علیہ السلام એ તો પોતાની નાવમાં પોતાના માનવાવાળાઓને બેસાડીને તોફાનથી બચાવી લીધા હતા, અને આપ તો નૂહ علیہ السلام ના પણ આકા છો, આપના માટે તો કોઈ મુશ્કેલ કામ નથી કે પોતાની સઘળી ઉમ્મતને શફાઅતના બેળા પર બેસાડીને આ સમુદ્રથી પાર લગાડી દો.

**રહ્મતુલ્ લિલ્ આલમીન તેરી દુહાઈ દબ ગયા**
**અબ તો મૌલા બેતરહ સરપે ગુનાહોં કા બાર હૈ**

*(દુહાઈ = ફરિયાદ, બેતરહ = અસહય રીતે)*

**અર્થાત :** હે મારા રહ્મતુલ્ લિલ્ આલમીન આકા ! ﷺ હું ગુનાહોના બોજ નીચે દબાય ગયો છું અને ખૂબજ બુરી રીતે ગુનાહોના જાળમાં ફસાઈ ગયો છું. બસ આપની જ દુહાઈ છે, આપના ભવાંના એક ઈશારાથી ગુનાહોનો બોજ ઉતરી શકે છે.

**હયરતેં હૈં આઈના દારે વફૂર વસ્ફે ગુલ**
**ઉનકે બુલબુલ કી ખામોશી ભી લબે ઈઝહાર હૈ**

*(હયરતેં = આશ્ચર્યો, આઈનાદાર = આઈનો બતાવનારુ, વફૂર = પુષ્કળ, વસ્ફે ગુલ : ફૂલની ખૂબી)*

**અર્થાત :** મારા આક઼ા عليه الصلوٰة والسلام માં એટલા પ્રમાણમાં અસંખ્ય ખૂબીઓ તથા કમાલો છે કે જીભ વડે બોલીને તો એ ખૂબીઓને વર્ણવવી અશક્યતામાંથી છે. આશ્ચર્યોએ આઈનો સામે રાખીને વિચારવાનું શરૂ કર્યું તો ખામોશીની ઝબાનથી એ કમાલોને વર્ણન કરવામાં જ આસાની સમજી. કેમ કે જેવી રીતે એક ક્ષણના ખ્વાબમાં વરસોનાં કામો થઈ જાય છે, એ જ પ્રમાણે ખામોશીની જીભથી પણ તે સર્વ કાંઈ વર્ણન થઈ જાય છે કે જીભ વડે જેને વર્ણવવું મુશ્કેલ હોય છે. મૌલાના હસન રઝા رحمۃ اللہ علیہ એ આ જ મોક઼ા પર કહ્યું હશે :–

*દિલમેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો–ફિર તો ખલ્વતમેં અજબ અંજુમન આરાઈ હો*
*બંદ જબ ખ્વાબે અજલસે હોં 'હસન' કી આંખેં–ઉસ્કી નઝરોંમેં તેરા જલ્વએ ઝેબાઈ હો*

જેવી રીતે લોકો પોતાના પ્યારાઓને નજરો ઉઠાવીને જુએ છે, અને અહલે મહ઼બ્બત નજરો ઝુકાવી દે તો એમને દીદાર નસીબ થઈ જાય છે. એ જ પ્રમાણે લોકો પોતાના પ્રિય પાત્રોની પ્રશંસા જીભ વડે કરે છે, જ્યારે અહલે ઈશ્ક઼ ખામોશીમાં જ સર્વ કાંઈ કહી આપે છે.

*કહ લેગી સબ કુછ ઉન્કે ષનાખ્વાં કી ખામોશી–ચુપ હો રહા હૈ કહ કે મૈં ક્યા ક્યા કહું તુઝે*

**ગુંજ ગુંજ ઉઠે હૈં નગ્માતે 'રઝા' સે બોસ્તાં**
**ક્યૂં ન હો કિસ ફૂલ કી મિદહતમેં વા મિન્ક઼ાર ક્યા હૈ**

*(નગ્માત = સૂરીલા અવાજો, બોસ્તાં = બાગ, મિદહત = પ્રશંસા, વા = ઉઘાડી, મિન્ક઼ાર = પક્ષીની ચાંચ)*

**અર્થાત :** હે રઝા ! તેં એવો મહબૂબ પસંદ કર્યો છે કે જેના ઈશ્ક઼માં તેં ગીત છેડયું તો દિલોની બંધ કળીઓ ખીલી ઉઠી, બાગની દુનિયામાં વસંત ખીલી ઉઠી અને જમીન તથા આસ્માનમાં તારા નગ્માઓની ધૂમ મચેલી છે. કેમ ન હોય ! આ ફૂલ જ એવું છે જેની પ્રશંસામાં બુલબુલે ચમનિસ્તાને રિસાલતે પોતાની ચાંચ ખોલી છે અને રતબુલ્લિસાન (પ્રશંસામાં મસ્ત) થઈ છે. (સુબ્હાનલ્લાહ !)

*ક઼સ્રે બાતિલમેં જો ઝલઝલા ડાલ દે–ઐસે ફિર શેઅર અહમદ રઝા ચાહિયે*

## (નઅત શરીફ઼ : ૬૧)

**અર્શકી અક઼્લ દંગ હૈ ચર્ખમેં આસ્માન હૈ**
**જાને મુરાદ અબ કિધર હાએ તેરા મકાન હૈ**

*(ચર્ખ = ચક્ર, જાને મુરાદ = હેતુઓની જાન, હાએ =અફ઼સોસ માટે બોલાય છે)*

**અર્થાત** : શબે મેઅરાજ જ્યારે આક઼ાએ દો આલમ ﷺ આસ્માન તથા અર્શથી પણ ઉપર તશરીફ઼ લઈ જઈ રહ્યા હતા તો મકાન કે જે છ દિશાઓમાં ઘેરાયેલું હોય છે તે તો ખત્મ થયું અને લામકાંનો ઈલાકો શરૂ થઈ ગયો જે દિશા તથા બાજુથી પાક છે. અર્શે મુઅલ્લા પણ આશ્ચર્યમાં હતો અને આસ્માન પણ ચક્કર ખાઈ ગયું અને બંનેવે હુઝૂર ﷺની બુલંદીને લક્ષમાં રાખીને આપની ખિદમતમાં અર્ઝ કર્યું, હે અમારી મુરાદો તથા તમન્નાઓની જાન ! હવે આપનો ક઼યામ (રોકાણ) કયા મક઼ામ પર થશે ! અને હઝરત જિબ્રઈલે અમીન علیہ السلام તો પહેલાં જ સિદરતુલ મુન્તહા પર રોકાયેલા હતા.

**બઝ્મે ષનાએ ઝુલ્ફ઼મેં મેરી ઉરૂસે ફ઼િક્ર કો**
**સારી બહારે હશ્ત ખુલ્દ છોટા સા ઈત્રદાન હૈ**

*(ષનાએ ઝુલ્ફ઼ = મુબારક વાળોની પ્રશંસા, ઉરૂસે ફ઼િક્ર = સોચ વિચારની દુલ્હન, હશ્ત ખુલ્દ = આઠેવ જન્નતો, ઈત્રદાન = ખુશ્બુવાળો ડબ્બો જેમાં અત્તર રાખે છે)*

**અર્થાત** : જે બાબરકત ઝુલ્ફ઼ોની ખુદા પણ ક઼સમ યાદ ફ઼ર્માવે **والیل اذا سجی** તેની એ શાન તથા અઝમત કેમ ન હોય કે જ્યારે એ ઝુલ્ફ઼ોની અઝમત તથા શાન વર્ણન કરવાના માટે "મેહફ઼િલે ઝુલ્ફ઼ે રસૂલ" ﷺને સજાવવામાં આવે અને મને (ઈમામ અહમદ રઝાને) બયાન કરવાના માટે કહેવામાં આવે, તો મારી સોચ વિચાર તથા ચિંતન મનનની દુલ્હન (ઝબાન તથા બયાન)ને છેવટે ઈત્ર તથા ખુશ્બુ તો જોઈએ. કેમ કે ઝુલ્ફ઼ે અંબરીની શાન વર્ણવવી છે તો પછી સાંભળ ! એ ઝુલ્ફ઼ોનો મક઼ામ એ છે કે એમની તારીફ઼ કરવાના માટે આઠેવ જન્નતોનું ઈત્રદાન જોઈએ જેમાં ખુશ્બુ ભરેલી હોય, જ્યારે બાકીની જરૂરતો એના સિવાયની છે.

એ જ કારણે તો સહાબાએ કિરામ મુક઼દ્દસ બાલ મુબારકને જમીન પર પડવા દેતા ન હતા. અને બાલ મુબારકને હાંસલ કરવા માટે એમની હાલત એ થતી કે સહાબાએ કિરામ હજામતના સમયે સરકાર ﷺની આસપાસ ઘેરાવ કરી લેતા જેથી જે મુબારક વાળ પડે તેમના હાથોમાં જ પડે. આ દુનિયામાં હાલ છે અને આખેરતમાં શું હાલ હશે ?!

**અર્શપે જા કે મુર્ગે અક઼્લ થક કે ગિરા ગશ આ ગયા**
**ઔર અભી મંઝિલોં પરે પહલા હી આસ્તાન હૈ**

*(મુર્ગે અક઼્લ = અક઼્લનું પંછી, ગશ = બેહોશી, પરે = આગળ, દૂર, આસ્તાન = આસ્તાને આલિયા, દરે અક઼્દસ, ચોખટ)*

**અર્થાત** : મારા આક઼ા ! ﷺના મર્તબા તથા મક઼ામની બુલંદી બુધ્ધિની સમજથી પર છે, કેમ કે અક઼લનું પક્ષી અર્શ સુધી જ ગયું અને બેહોશ થઈને પડી ગયું, કેમ કે એની પહોંચ જ અહીં સુધીની હતી. તેને શું ખબર કે મારા આક઼ા ﷺના આસ્તાને આલિયા (ચોખટ)નું પ્રથમ પગથિયુ જ એનાથી કેટલુ આગળ છે. એટલા માટે મેઅરાજે પાક હુઝૂર ﷺનો મહાન મો'જિઝો છે અને મોજિઝો (તથા કરામત) એ જ હોય છે કે જેની સામે બુધ્ધિ આજિઝ આવી જાય.

*નઝરવાલો ! ઝરા દેખો મુહમ્મદ ﷺ કી બુલંદી કો–ઉઠે બૈતુલ હરમસે ઔર ખ઼ુદા કે નૂર તક પહૂંચે*

**અર્શ પે તાઝા છેળછાળ ફ઼ર્શ પે તુર્ફ઼ા ધૂમધામ**
**કાન જિધર લગાઈયે તેરી હી દાસ્તાન હૈ**

*(છેળછાળ = વાતચીત, શોર, તુર્ફ઼ા = અજીબો ગરીબ)*

**અર્થાત** : ખાસ કરીને શબે મેઅરાજમાં અર્શ પર પણ એક નવીન પ્રકારની બહષ (ચર્ચા) ચાલી રહી છે અને ફ઼ર્શ પર પણ એક અજબ પ્રકારનો શોર છે. જ્યારે મેં કાન લગાડયો (ચિંતન કર્યું) તો જાણવા મળ્યું કે અર્શ તથા ફ઼ર્શ પર આપની જ શાનના ડંકા વાગી રહ્યા છે.

જાણે અલ્લાહનો વાયદો નિભાવવામાં આવી રહ્યો છે. **ورفعنا لك ذكرك** (કુ઼ર્આન શરીફ઼) તથા **اذا ذكرت ذكرت معی** (હદીષે કુ઼દસી) અમે આપના ઝિક્રને આપના માટે એટલુ બુલંદ કરી આપ્યું છે કે હવે જ્યાં મારો ઝિક્ર થશે ત્યાં સાથે સાથે આપનો પણ ઝિક્ર થશે. (આયત તથા હદીષનો ભાવાર્થ)

*મેઅરાજ કી રતિયા ધૂમ યહ થી–એક રાજ દુલારા આવત હૈ*
*લવલાક કા સેહરા સર સોહે–વહ અહમદ પ્યારા આવત હૈ*
*ધરતીસે ઉઠા આફ઼ાક઼ ચળ્હા–મુમતાઝ યહ ગોલ થા ચારોં તરફ઼*
*લો હક્ક઼સે મિલને સલ્લિ અલા–સરદાર હમારા આવત હૈ (ﷺ)*

**ઈક તેરે રુખકી રોશની ચૈન હૈ દો જહાન કી**
**ઈન્સકા ઉન્સ ઉસીસે હૈ, જાનકી વહી જાન હૈ**

**અર્થાત** : હે પ્યારા આક઼ા ! ﷺ આપના રુખે અન્વર અને ચેહરએ વદ્દુહાની રોશની(ની લિજ્જત)એ તો બંને જહાનોને સુકૂન અર્પણ કરી આપ્યું છે. દરેક ઈન્સાનમાં મહોબ્બતના જઝબાત એ ચેહરએ અન્વરના કારણે છે અને દરેક જાનની જાન પણ આપનો મુક઼દ્દસ ચહેરો છે.

કેમ કે હુઝૂર ﷺ જ અસ્લે કાઈનાત, કાઈનાતના સબબ છે. જેમ કે હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત થયેલ હદીષમાં છે : **یا جابر ان اللہ تعالیٰ خلق قبل الا شیاء نور نبیك من نورہ۔ اول ما خلق اللہ نوری** અને એના ઉપરાંત અન્ય અગણિત હદીષો જેનું વર્ણન શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہએ મદારિજુન્નબુવ્વત ભાગ–૨, પેજ–૪ પર કર્યુ છે અને ''મતાલિઉલ મસર્રાત શરહે દલાઈલુલ ખૈરાત''માં પણ વર્ણન કરવામાં આવેલ છે.

શું સરસ ફર્માવ્યું હઝરત સૈયદી અલી વફાર رحمۃ اللہ علیہએ હુઝૂર ﷺના ચેહરએ અન્વરની રોશનીના બારામાં પોતાના ક઼સીદામાં કે :– (અર્થાત) :

★ જો શૈતાન પણ હુઝૂરે અન્વર ﷺના ચેહરએ અન્વરના નૂરને (કમા હક્ક઼હૂ) જોઈ લેત જે આદમ علیہ السلامની પેશાનીમાં ચમકી રહ્યું હતું તો આદમ علیہ السلامને સજદો કરવામાં સૌથી આગળ હોત.

★ અને જો ખલીલ علیہ السلامની પેશાનીમાં નમરૂદ લઈન પણ નૂરે મુસ્તફા ﷺ જોઈ લેત તો તેમની (હઝરત ઈબ્રાહીમ علیہ السلامની) સાથે જ અલ્લાહની ઈબાદતમાં વ્યસ્ત થઈ જાત, અને કદી એમની સાથે અદાવત ન રાખત.

★ હુઝૂર ﷺતો એવા છે કે જાણે હઝરત ઈસા તથા આદમ તથા તમામ અંબિયા તથા રસૂલો علیہم السلام આંખો છે અને આપ એ આંખોની દરમિયાન ચહેરાની હૈસિયત ધરાવે છે." *(ઝુર્કાની, ૧/૪૬)*

**વહ જો ન થે તો કુછ ન થા, વહ જો ન હોં તો કુછ ન હો**
**જાન હૈં વહ જહાનકી, જાન હૈ તો જહાન હૈ**

**અર્થાત** : આ શેઅરમાં કેટલીયે મુબારક હદીષોનો ખુલાસો આવી ગયો છે જેનો સંબંધ હુઝૂર ﷺના કાઈનાતના સર્જનના સબબ હોવાની સાથે છે. દા.ત. :–

**لو لاک لما خلقت الا فلاک۔ لو لالک لما خلقت الدنیا۔ لو لا محمد ما خلقتک (یاآدم) ولا ارضاو لا سماء**

*–(સહીહ મુસ્તદરક લિલ્હાકિમ)*

ઈમામે રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہએ મકતૂબાત શરીફ નં. ૮, પેજ નં. ૧૮ પર એક હદીષે કુદ્સી નક઼્લ કરી છે કે મેઅરાજની રાતે હુઝૂર ﷺએ અલ્લાહ તઆલાની બારગાહમાં અર્ઝ કરી : **اللّٰھم انت وانا وما سواک ترکت لا جلک** "હે અલ્લાહ ! તું છે અને હું છું, બાકી સર્વ કાંઈ હું તારા ખાતર છોડીને આવ્યો છું." જેના જવાબમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : **یا محمد انا وانت وما سواک خلت لا جلک۔** "હે પ્યારા ! (મુહમ્મદ ! ﷺ) એક હું છું અને એક તું છે, બાકીનું સર્વ કાંઈ મેં તારા ખાતર પેદા કર્યું છે."

*આપકી ખાતિર બનાએ દો જહાં–અપની ખાતિર જો બનાયા આપ હૈં –(તાજુશ્શરીઅહ مدظلہ العالی)*

**અર્થાત** : જેથી આ'લા હઝરત رحمۃ اللہ علیہના શેઅરનો ભાવાર્થ એ બન્યો કે હુઝૂર ﷺથી પહેલાં કાંઈ ન હતું. સર્વ કાંઈ આપના બાદ જ બનાવવામાં આવ્યું. **اول ما خلق اللہ نوری** અને જો આપ ન હશે તો જહાનનું અસ્તિત્વ ન હશે. આ દાવો છે અને એની બૌધ્ધિક દલીલ એ છે કે આપ ﷺ જાને જહાન છે, જ્યારે જાન જ ન હશે તો જહાન કેવી રીતે હશે ?!

**ગોદમેં આલમે શબાબ હાલે શબાબ કુછ ન પૂછ**
**ગુલબને બાગે નૂર કી ઔર હી કુછ ઉઠાન હૈ**

*(આલમે શબાબ = યુવાનીનો સમય, ગુલબન = લાલ ગુલાબનુ ફૂલ)*

**અર્થાત** : મારા પ્યારા આક઼ા ﷺએ જ્યારે આલમે શબાબ (યુવાનીમાં) ક઼દમ રાખ્યો તો તે વખતે તેમની

યુવાનીની શાન શું હતી એનો અંદાઝ આપણે શું લગાડી શકીએ ! જે પોતાની વાલિદા અકદસના પેટ મુબારકમાં લોહે મહફૂઝ પર ચાલનારા કલમના અવાજો સાંભળે, અને જે પારણામાં પોતાની આંગળીને હરકત આપે તો ચાંદ હરકત કરીને તેમનું દિલ બહેલાવે. જ્યારે બચપન આવું છે તો જવાની કેવી શાનવાળી હશે ?! બસ એટલી વાત કહી શકાય છે કે આપની જવાની નૂરના બાગનું એક હસીન ફૂલ હતી જેની કાંઈ અજબની બુલંદી હતી.

*નમાઝે ઈશ્ક કા ઈક રુકને મોહરતમ યહ હૈ–શબીહે સૈયદે કૌનૈન રૂબરૂ રખતા*

**તુઝસા સિયાહકાર કૌન ઉનસા શફીઅ હૈ કહાં !**
**ફિર ભી વો તુઝહી કો ભૂલ જાએ ! દિલ યહ તેરા ગુમાન હૈ**

*(સિયાહકાર = ગુનેહગાર, શફીઅ = શફાઅત કરનાર)*

**અર્થાત :** હે સરકારે મદીના ﷺના ગુનેહગાર ઉમ્મતી ! માન્યું કે તું ઘણો મોટો ગુનેહગાર છે, પરંતું નિરાશ શા માટે થાય છે ?! જો તારા જેવો કોઈ ગુનેહગાર નથી તો આપ علیہ الصلوٰۃ والسلام જેવો શફાઅત કરનાર પણ તો કોઈ નથી ! વળી તે જ્યારે ફર્માવે છે કે મારી શફાઅત મોટા મોટા ગુનેહગારો માટે છે, شَفَاعَتِیْ لِاَهْلِ الْكَبَائِرِ مِنْ اُمَّتِیْ ભલા ! આપ علیہ الصلوٰۃ والسلام તને કયામતના મેદાનમાં ભૂલી જશે ?! હાય અફસોસ ! તાર પર ! આ તારી ભૂલ અને બાતિલ ગુમાન જ હોય શકે છે.

*ઉસ શખ્સ કો હૈ નારે જહન્નમસે ક્યા ખતર !–મેહશર મેં જિસકો મિલ ગઈ ઈમદાદે આં હુઝૂર ﷺ*

**પેશે નઝર વો નવ બહાર સજદે કો દિલ હૈ બેકરાર !**
**રોકિયે સરકો રોકિયે ! હાં ! યહી ઈમ્તિહાન હૈ**

*(પેશે નઝર = નજરો સમક્ષ, નવબહાર = વસંત ઋતુનું જોબન)*

**અર્થાત :** હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો જલ્વએ જહાંઆરા (નવ બહાર) આંખોની સામે હોય તો (આગલી ઉમ્મતો માટે તા'ઝીમી સજદો જાઈઝ હોવાનો ખયાલ દિમાગમાં ચક્રાવો લે છે) દિલ બેકરાર થઈને સજદો કરવા ચાહે છે. (જેમ કે અગાઉ વિગતવાર વર્ણન આવી ગયું છે કે સહાબાએ કિરામે કેટલાક મોકાઓ પર અર્ઝ કરી કે, હુઝૂર ! જ્યારે જાનવરો આપને સજદો કરે છે તો અમે કેમ ન કરીએ ?! એનો મતલબ એ થયો કે એ બેકરારી એમનામાં પણ હતી. પરંતુ ખબરદાર ! થોભી જાવ ! એવું ન કરશો. આ જ તો ઈમ્તિહાનની ઘડી છે, કે આપ علیہ الصلوٰۃ والسلامએ એનાથી મના ફર્માવ્યું છે અને ઈર્શાદ ફર્માવ્યો છે કે, જો સજદો અલ્લાહ સિવાય કોઈના માટે જાઈઝ હોત તો હું સ્ત્રીઓને હુકમ આપત કે પોતાના પતિઓને સિજદો કરે. હા ! એવું થઈ શકે છે કે :–

*શૌક તેરા ન હો મેરી નમાઝ કા ઈમામ–મેરા કયામ ભી હિજાબ મેરા સજૂદ ભી હિજાબ –(ડો. ઈકબાલ)*

*હર વક્ત નિગાહોંમેં ખયાલોંમેં વહી–મૈંને કભી અપને કો અકેલા નહીં દેખા –(રાઝ મુરાદાબાદી)*

**શાને ખુદા, ન સાથ દે ઉનકે ખિરામ કા વો બાઝ**
**સિદરાસે તા ઝમીં જિસે નરમ સી એક ઉડાન હૈ**

*(શાન = મર્તબો, મકામ = ખિરામ = નાઝ ચાલ તથા અદાંઝવાળી)*

**અર્થાત :** અલ્લાહની શાન જુઓ કે હુઝૂર عليه الصلوة والسلامની નાઝ તથા અંદાઝવાળી રફતારનો સાથ આપવાની સિદરતુલ મુન્તહાના શહબાઝ (સૈયદુલ મલાઈકા હઝરત જિબ્રઈલ عليه السلام)માં પણ તાક઼ત ન રહી કે આપની સાથે જઈ શકતા ! અને વળી એ તો મહબૂબની બરકતથી તેમની સવારીની ઉડાન તથા પરવાઝ તથા રફતાર હતી કે સિદરાથી લઈને જમીન સુધી જે ફરિશ્તાની મામૂલી સરખી એક ઉડાન છે તે હુઝૂર صلى الله عليه وسلمની પરવાઝની સામે, બલ્કે આપની બરકતથી આપની સવારીની ઉડાન સામે બેબસ જણાય રહ્યા છે, તો હુઝૂર عليه الصلوة والسلامની પોતાની નૂરાની તથા નબવી પરવાઝનો કોણ અંદાઝો લગાડી શકે છે !

*નૂર કે તલ્વોં કો સહલાકર જગાયા ખ્વાબસે–યૂં હુઈ સરદાર કી મેઅરાજે જિસ્માની શુરૂઅ*
*પહલે તો વહ હર કાબ સરવરે કૌનૈન થા–હો ગઈ જિબ્રઈલ કી સિદરાસે હયરાની શરૂઅ*

**બારે જલાલ ઉઠા લિયા ગરચે કલેજા શક હુવા**
**યૂં તો યહ માહે સબ્ઝ રંગ, નઝરોંમેં ધાન પાન હૈ**

**અર્થાત :** જોવામાં આપણા આક઼ા عليه الصلوة والسلام માહે સબ્ઝ રંગ ઉમદા તથા દિલરૂબા (લીલા હુસ્નવાળા. લીલો રંગ આંખોને ગમે પણ છે અને ફાયદામંદ પણ છે. એટલા માટે ડોકટર જેની આંખોનું ઓપરેશન કરે છે તેને લીલી પટ્ટી અથવા લીલુ આંજણ લગાડી આપે છે. આ આ'લા હઝરત رحمة الله عليهની મેડિકલમાં મહારત છે) ભલે દૂબળા પાતળા અને નાઝુક બદનવાળા છે પરંતુ આપ صلى الله عليه وسلمની શાન તો જુઓ કે જલાલે ઈલાહીનો બોજ ઉઠાવી લીધો. ભલે કલેજુ ફાટી ગયું (શક્કે સદર થયું) જેમાં અસંખ્ય હિકમતો ઉપરાંત એક એ પણ હિકમત હતી કે કુદરતના નઝારા કરવામાં અને રબની ઝાતે પાકનો મુશાહેદો કરવાની મંઝિલોમાં આસાની થાય. وَوَضَعْنَا عَنْكَ وِزْرَكَ "અને તમારા પરથી તમારો બોજ ઉતારી લીધો." *(સૂરએ ઈન્શિરાહ, ૯૪/૨)*

*આજકી રાત હૈ તકમીલે ઉરૂજે આદમ–હુસ્ને તખ્લીક઼પે નાઝાં હૈ ખુદા આજ કી રાત*
*શૌકે઼ દીદાર કી ક્યા બાત હૈ અલ્લાહ ! અલ્લાહ !–દરમિયાં મીમ કા પર્દા ભી નહીં આજ કી રાત*
*જાનેવાલા ઉસે સમઝે યા બુલાનેવાલા–કોઈ ઈસ રાઝ કા હમરાઝ નહીં આજ કી રાત*

**ખૌફ ન રખ 'રઝા' ઝરા તૂ તો હૈ અબ્દે મુસ્તફા**
**તેરે લિયે અમાન હૈ તેરે લિયે અમાન હૈ**

*(અબ્દે મુસ્તફા = હુઝૂર صلى الله عليه وسلمનો નિયાઝમંદ તથા નોકર તથા ગુલામ, અમાન = અમ્ન)*

**અર્થાત :** હે (ગદાએ ખૈરુલવરા ! ઈમામે અહલે સુન્નત પ્યારા !) ઈમામ અહમદ રઝા ! તું શા માટે ગભરાય રહ્યો છે ?! અને ક઼યામતની ભયાનક્તાઓથી ડરી રહ્યો છે ? તારે તો રજમાત્ર ફિકર કરવી ન જોઈએ. કેમ કે તું કોઈ મામૂલી દરનો નોકર નથી બલ્કે ગદાએ દરે મુસ્તફા صلى الله عليه وسلم છે અને જેઓ આ દરના ગુલામ હોય છે તેમના માટે અમ્ન જ અમ્ન છે.

*ઉન્હેં જાના ઉન્હેં માના ન રખ્ખા ગૈર સે કામ–લિલ્લાહિલ હમ્દ મૈં દુન્યાસે મુસલમાન ગયા !*

## (નઅત શરીફ : ૬૨)

**ઉઠા દો પર્દા દિખા દો ચેહરા કે નૂરે બારી હિજાબમેં હૈ**
**ઝમાના તારીક હો રહા હૈ કે મહર કબસે નિક઼ાબમેં હૈ**

*(બારી = પેદા કરનાર, અલ્લાહનું સિફાતી નામ, મહર = સૂરજ, નિક઼ાબ = મર્દો, તારીક = અંધકાર)*

**અર્થાત** : હે મારા નૂરવાળા પ્યારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام જરા ચહેરેથી પર્દો તો હટાવો, કેમ કે આપનો મુબારક ચહેરો જો પર્દામાં હોય તો જાણે ખુદાનું નૂર પર્દામાં થઈ જાય છે, એટલા માટે કે આપ જ તો નૂરે ખુદા છો. (انا من نور الله) અને આપનો ચહેરો મુબારક પર્દામાં હોવાના કારણે એકવાર ફરી જમાના પર જુલ્મ, જેહાલત, બેદીની તથા બદ્ અક઼ીદગીનાં કાળાં વાદળો છવાય ગયાં અને હવે બસ એ જ ઈન્તેઝાર છે કે આસ્માને નબુવ્વતનો આફતાબે આલમતાબ પોતાનો ચહેરો મુબારક પર્દાથી કાઢે અને ચો તરફ નૂર જ નૂર ફેલાય જાય.

સૈયદના હઝરત અબ્બાસ رضی اللہ عنہએ ગઝવએ તબૂક઼થી પરત થતાં હુઝૂર ﷺની બારગાહમાં એક નઅતનું નઝરાણુ પેશ કર્યું જેના અમુક શેઅરો આ પ્રમાણે છે :–

تنقل من صلب الی رحم　　اذا مضیٰ عالم بد اطبق
وردت نار الخلیل مکتتما　　فی صلبه انت کیف تحترق
وانت لما ولدت اشرقت　　الارض وضائت بنورك الافق

"યા રસૂલલ્લાહ ! ﷺ આપ (આદમ علیہ السلام તથા હવ્વા رضی اللہ عنہاથી લઈને હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ તથા સૈયદ આમિના رضی اللہ عنہا સુધી) એક એક પીઠોએથી પાક ગર્ભોની તરફ તબદીલ થતા રહ્યા, ત્યાં સુધી કે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلامનો દૌર આવી ગયો અને એમના માટે નમરૂદે આગ જલાવી તો આપનું નૂર તેમની પીઠમાં હોવાથી આગ એમના પર ગુલઝાર બની ગઈ, અને તે સળગવાથી બચી ગયા. અને જ્યારે આપ પેદા થયા તો આપની જમીન આસ્માનો આપના નૂરથી ચમકી ઉઠયાં.

**જલી જલી બૂ સે ઉસકી પૈદા હો સોઝિશે ઈશ્ક઼ ચશ્મેવાલા**
**કબાબા આહૂમે ભી ન પાયા, મઝા જો દિલ કે કબાબમેં હૈ**

*(જલી જલી બૂ = કોઈ ચીજના સળગવાની ગંધ, સોઝિશ = જલન, ચશ્મેવાલા = અઝમતવાળી આંખ, આહૂ = હરણ)*

**અર્થાત** : ઈશ્કે઼ રસૂલ તથા હુઝૂર علیہ الصلوٰۃ والسلامના વિરહની આગમાં દિલના સળગવાની જે હલકી હલકી બૂ આવી રહી છે એ મારા આક઼ાની મુબારક આંખોના ઈશ્ક઼ની જલનથી પેદા થાય છે. અને આ દિલના ઈશ્કે઼ રસૂલમાં કબાબ થવામાં જે લિજ્જત છે ભલા તે હરણના કબાબોમાં ક્યાંથી હોય શકે છે !

જો વિગતમાં જવા ચાહો તો બિલાલ હબ્શી, સુહૈબ રૂમી, સલ્માન ફારસી, હઝરત ખુબૈબ તથા ખબ્બાસ, હઝરત સુમૈયા તથા જનાબ ઉવૈસ કરની رضوان اللہ تعالیٰ علیہم اجمعینની મુબારક જિંદગીઓનો અભ્યાસ કરવામાં આવે અને

તેમને પૂછવામાં આવે કે બતાવો હે અલ્લાહના મહબૂબની મહબ્બત તથા ઈશ્ક઼માં જાત જાતની તકલીફો સહન કરનારાઓ ! હુબ્બે નબીમાં જિંદગી કેવી રીતે પસાર થઈ ?

**ઉન્હીં કી બૂ માયએ સમન હૈ, ઉન્હીં કા જલ્વા ચમન ચમન હૈ**
**ઉન્હીં સે ગુલશન મહક રહે હૈં, ઉન્હીં કી રંગત ગુલાબ મેં હૈ**

*(બૂ = ખુશ્બુ, માયએ સમન = ચમેલીનો સરમાયો)*

**અર્થાત :** મારા આક઼ા ﷺના મુબારક પસીનાની ખુશ્બુ ચમેલીના ફૂલનો સરમાયો છે અને બાગો હુઝૂર ﷺના જલ્વાથી જ બાગ બાગ છે. ગુલશન (હસ્તી) એમની જ ખુશ્બુથી મહેકી રહ્યો છે, અને ગુલાબના ફૂલનું હુસ્ન પણ એમના પર નભેલું છે. (ﷺ)

**તેરી જલૂ મેં હૈ માહે તયબહ, હિલાલ હર મર્ગ વ ઝિંદગી કા**
**હયાતે જાં કા રિકાબમેં હૈ, મમાત અઅ્દા કા દાબમેં હૈ**

*(જલૂ = સાથ, હમરાહ અને ક઼બજા તથા ઈખ્તિયારના અર્થમાં છે, માહે તયબહ = મદીનાના ચાંદ, હિલાલ = પ્રથમ રાતનો ચાંદ, મર્ગ = મૌત, હયાતે જાં = જાનની જિંદગી, રિકાબ = ઘોડા પર બેસવાનું પેંગડુ, મમાતે અઅ્દા = દુશ્મનોની મૌત, દાબ = કબજામાં)*

**અર્થાત :** હે મારા મદીનાના ચાંદ આક઼ા ! ﷺ જિંદગી તથા મૌતનો કમજોર ચાંદ આપના સાયા હેઠળ જ તો ઉગી રહ્યો છે. (આપની જ નિગાહે રહ઼મતથી જ પથ્થરોને પણ જિંદગી નસીબ થઈ રહી છે અને ઝાડો પણ હર્યાભર્યા છે. કાફિર આપનો ઈન્કાર કરી **اموات غیر احیاء** બની ગયા અને શહીદો આપના ફયઝથી **بل احیاء ولکن لا تشعرون** બની ગયા) ઈમાનવાળાઓની જાન તથા રૂહ પણ આપના પગો નીચે છે અને દુશ્મનોની મૌત પણ આપના કબજા તથા ઈખ્તિયારમાં છે.

**સિયાહ લિબાસાને દારે દુન્યા, વ સબ્ઝ પોશાને અર્શે આ'લા**
**હર ઈક હૈ ઉન્કે કરમ કા પ્યાસા, ફયઝ ઉન્કી જનાબમેં હૈ**

*(સિયાહ = કાળો, લિબાસન = પોશાક પહેરનાર, સબ્ઝ = લીલા રંગનો)*

**અર્થાત :** આ દુનિયાના કાળા લિબાસવાળા (ઈન્સાન) હોય કે આલમે બાલાના લીલા રંગનો પોશાક પહેરવાવાળા (ફરિશ્તા) હોય, તમામે તમામ હુઝૂરે અન્વર ﷺની રહ઼મતના પ્યાસા છે અને સૌને ફયઝ આપની જ બારગાહથી મળે છે.

*ખુશી મિલ ગઈ હૈ મુહમ્મદ કે સદક઼ે—મેરી ઝિંદગી હૈ મુહમ્મદ કે સદક઼ે (ﷺ)*
*મેરી ઉમ્ર સારી યહીં અબ કટેગી—ગુઝારા હૈ મેરા મુહમ્મદ કે સદક઼ે (ﷺ)*

**વો ગુલ હૈ લહરાએ નાઝુક ઉન્કે, હઝારોં ઝળતે હૈં ફૂલ જિનસે**
**ગુલાબ ગુલશનમેં દેખે બુલબુલ, યહ દેખ ગુલશન ગુલાબ મેં હૈ**

*(લબહા = હોટો)*

**અર્થાત :** આક઼ાએ દો જહાં ﷺના મુબારક હોટો પણ કેવી અજીબ શાન ધરાવે છે ! ગુલાબની પાંખડીઓથી પણ વધારે નરમ તથા નાઝુક. અને જ્યારે આપ એ હોટોને હરકત આપો છો તો (કુર્આન તથા હદીષનાં) હજારો ફૂલો એમાંથી બહાર પડે છે. બાગમાં ફૂલ તો હે બુલબુલ ! તેં ઘણા જોયાં હશે, આ તરફ પણ જો તને અજીબ નઝારો જોવા મળશે કે આખો ગુલશન જ અમારા ફૂલ, આક઼ા ﷺમાં સમાયેલો છે.

આવા મુબારક શેઅરો એવા શાયરના જ હોય શકે છે જે દરેક સમયે મુસ્તફા ﷺના ખયાલમાં ગુમ રહે અને ઈશ્કે રસૂલ ﷺના સમુદ્રમાં ડૂબકીઓ મારતો રહે. અને તે અમારા ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ છે જે યકીનન ! એવા જ છે કે જેમની જિંદગીની દરેક પળ મુસ્તફા ﷺના ખયાલથી પુરનૂર રહેતી હતી. અને જેમનું દિલ દરેક સમયે ઈશ્કે મુસ્તફાથી ખિલેલુ રહેતુ હતું. એવા જ લોકોની બારગાહે મુસ્તફામાં નઝદીકી જોઈને કોઈએ તેમના બાબરકત અક઼ીદાને આ પ્રમાણે વર્ણવ્યો છે :–

*કૈસે કહ દૂં વો હાઝિર નહીં હૈં–કૈસે માનું વો નાઝિર નહીં હૈ*
*ઈસસે બળ્હકર ષબૂત ઔર કયા હો–વો તસવ્વુર મેં આયે હૂએ હૈ*

**જલી હૈ સોઝે જિગરસે જાં તક, હૈ તાલિબે જલ્વએ મુબારક**
**દિખા દો વો લબ કે આબે હયવાં કા લુત્ફ જિન કે ખિતાબમેં હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ મારી જાન જે આપના નૂરાની જલ્વાની તમન્નામાં બળી ચૂકી એને એકવાર આપના લબહાએ મુબારક (હોઠો)નો દીદાર અતા કરો, જે હોઠો વડે જ્યારે આપ કલામ ફર્માવો (વાત કરો) છો તો આબે હયાતની લિજ્જત નસીબ થાય છે.

**ખળે હૈ મુન્કર નકીર સર પર, ન કોઈ હામી ન કોઈ યાવર**
**બતા દો આકર મેરે પયંબર કે સખ્ત મુશ્કિલ જવાબ મેં હૈ**

**અર્થાત :** હે મારા કરીમ આક઼ા ! હું ક઼બ્રની અંધારી ઓરડીમાં દાખલ થઈ ચૂક્યો છું, ક઼બ્રના ફરિશ્તા મારા માથા પર ઉભેલા છે. આપના સિવાય કોઈ હામી તથા મદદગાર દેખાતો નથી. સખત મુસીબતમાં છું તશરીફ લાવીને ક઼બ્રને મુનવ્વર (રોશન) પણ ફર્માવો અને તમારા ગુનેહગારને બતાવો કે તેમને શું જવાબ આપવાનો છે.

*નઝરે કરમ બસ આપ કી સરકાર ચાહિયે–હર રાત મુઝ કો આપ કા દીદાર ચાહીએ*
*મરને કે બાદ દફન મદીનેમેં હો સકૂં–દો ગઝ ઝમીં મુઝે મેરી સરકાર ચાહિયે*
*મૈં અપની સારી ઝીસ્ત વહીં પર ગુઝાર દૂં–મુઝ કો હુઝૂર આપ કા દરબાર ચાહીએ*

**ખુદાએ કહ્હાર હૈ ગઝબ પર, ખુલે હૈં બદ્કારિયોં કે દફ્તર**
**બચા લો આકર શફીએ મેહશર તુમ્હારા બંદા અઝાબમેં હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! علیہ الصلوۃ والسلام અલ્લાહ તઆલા આજે પૂરી રીતે પોતાની કહ્હારી તથા જબ્બારી શાનને પ્રદર્શિત કરી રહ્યો છે. અને એની સામે મારાં ગુનાહોનાં રજીસ્ટર ખુલેલાં છે. કોઈ નબીને પણ

મજાલ નથી કે કાંઈ અરજ કરી શકે બસ, મારી નજરો આપને જ શોધી રહી છે. હે મેહશરના મેદાનમાં ગુનેહગારોની શફાઅત કરવાવાળા આકા ! ﷺ તશરીફ લાવો અને તમારા ગુલામને જહન્નમથી બચાવો.

**કરીમ ઐસા મિલા કે જિસ કે ખુલે હૈં હાથ ઔર ભરે ખઝાને**
**બતાઓ અય મુફલિસો કે ફિર ક્યૂં તુમ્હારા દિલ ઈઝ્તિરાબમેં હૈ**

**અર્થાત :** આપણને અલ્લાહ કરીમે એવા કરીમ (કૃપાળુ) નબી અતા ફર્માવ્યા જેમના હાથ આપવા માટે દરેક સમયે ખુલ્લા છે અને તેમના ખજાનાઓ ભરેલા છે. اوتيت مفا تيح خزائن الارض પછી જરા બતાવો હે માગનારાઓ ! તમારું દિલ કેમ ધડકી રહ્યું છે અને એવું વિચારી રહ્યો છે કે ખબર નહીં, મળે કે ન મળે ! આ'લા હઝરત رحمۃ اللہ علیہ એક જગાએ ફર્માવે છે :–

*મુજરિમ બુલાએ આયે હૈં જાઊક હૈ ગવાહ–ફિર રદ હો, ક્યા યે શાન કરીમોં કે દર કી હૈ ?*

એની સ્પષ્ટતા એ નઅતના સ્થાને આવશે અને ઈન્શાઅલ્લાહ ! વાંચીને વજૂદ આવી જશે.

**ગુનાહ કી તારીકિયાં પે છાઇં–ઉમંડ કે કાલી ઘટાએં આઈ**
**ખુદા કે અર્શિદ મહર ફર્મા કે ઝર્રા બસ ઈઝતિરાબમેં હૈ**

**અર્થાત :** હે મારા રહ્મતવાળા આકા ! ગુનાહોની કાળાશે અમને ઘેરી લીધા છે અને કાળી ઘટાઓએ અમારો ઘેરાવ કર્યો છે. હે અલ્લાહ તઆલાના નબીઓના સરદાર ! અને આફતાબે નબુવ્વતના મદની આકા ! મહેરબાની કરો અને આ નાચીઝ રજકણને જે સખત તોફાની આંધીઓના થપેડાઓના કારણે જંગલમાં એકલો ક્યારેક આ બાજુ પડે છે તો કદી પેલી બાજુ. તેને તમારા નૂરનાં કિરણો વડે માહતાબ (ચાંદ) બનાવી દો. કેમ કે આપ તે છો કે :–

*કતરે કો સમંદર કરતે હૈં, ઝર્રે કો સિતારા કરતે હૈં–કૌનેન કો ખમ આ જાતા હૈ, જબ ઝુલ્ફ સંવારા કરતે હૈં*

**કરીમ અપને કરમ કા સદકા, લઈમે બેકદ્ર કો ન શર્મા**
**તૂ ઔર 'રઝા' સે હિસાબ લેના, 'રઝા' ભી કોઈ હિસાબ મેં હૈ**

*(લઈમ = કમીનો)*

**અર્થાત :** હે મારા કરીમ આકા ! ﷺ આપને આપના જ કરમનો સદકો, આ કમીના અને બેકદર (તુચ્છ) ઈન્સાન (અહમદ રઝા)નો હિસાબ લઈને તેને શર્મિંદો ન કરો ! આ અહમદ રઝા બીચારો એ લાયક જ નથી કે તેનો હિસાબ લેવામાં આવે.

સુબ્હાનલ્લાહ ! અલ્લાહ વ રસૂલની બારગાહમાં કેવી આજિઝી તથા ઈન્કેસારી છે ! જે પોતાને જેટલો પણ મિસ્કીન તથા આજિઝ બનાવીને હુઝૂર علیہ الصلوۃ والسلامની બારગાહમાં પેશ કરે છે તેને એટલી જ અધિક પ્રમાણમાં ઉમ્મતની સરદારી અર્પણ કરી દેવામાં આવે છે. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના ડંકા ચો તરફ આજે એ જ કારણે વાગી રહ્યા છે અને તેમના વિરોધીઓની હાલત એ છે કે : *ફિરતે હૈ મીર ઔર કોઈ પૂછતા નહીં !*

## (નઅત શરીફ઼ : ૬૩)

**અંધેરી રાત હૈ ગમ કી ઘટા ઈસ્યાં કી કાલી હૈ**
**દિલે બેકસ કા ઉસ વક઼્તમેં આક઼ા તૂ હી વાલી હૈ**

*(ઈસ્યાં = ગુનાહો)*

**અર્થાત :** એમાં કોઈ શંકાને સ્થાન નથી કે (ક઼બ્રની) રાત અંધારી હશે અને એના પર બીજી મુસીબત એ કે ગુનાહોની કાળી સિયાહ ઘટા પણ છવાયેલી હશે. હે મારા પ્યારા નબી ! ﷺ મારા કમજોર તથા મજબૂર, લાચાર દિલના (કે જે આ કલ્પનાથી જ બેસી રહ્યું છે) આપ જ મદદગાર તથા શુભેચ્છક છો.

કેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام પર આપણી તકલીફ઼ો ભારે ગુજરે છે, પછી આપ સરકાર ﷺ કેવી રીતે સહન કરશે કે આપણે દોઝખનું બળતણ બનીએ ? عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿۱۲۸﴾

**તર્જુમો :** "જેમના પર તમારું તકલીફ઼ોમાં પડવું ભારે છે. તમારી ભલાઈના ખૂબ જ ચાહવાવાળા. મુસલમાનો પર કમાલના મહેરબાન મહેરબાન." *(સૂરએ તૌબા, ૯/૧૨૮)* આટલો મજબૂત સહારો હોવા છતાં મૌત તથા ક઼બ્રને યાદ કરીને રડવું અને પોતાના ઉપર ખૌફની કૈફિયત લાગુ કરવી ઈમાનની નિશાની છે, અને ઈમાનવાળાઓનું કામ નથી તો બીજુ શું છે ? કેમ કે الایمان بین الخوف والرجاء ઈમાન અલ્લાહથી ડરવાની અને તેની રહ઼મતથી ઉમ્મીદ હોવાની દરિમયાની હાલતનું નામ છે. ખાસ કરીને તે લોકો જેમની જિંદગી ઢળી ગઈ અને ઘડપણ શરૂ થઈ ગયું છે, જો કે મૌત તો બાળક, વૃદ્ધ તથા જવાન સૌને ખૂબ જ ઝડપભેર ખાતુ જ રહ્યું છે, તેમ છતાં બાળક તથા યુવાનની જિંદગીની શક્યતાઓ વૃદ્ધ કરતાં અધિક હોય છે, જેથી હે પોતાની જિંદગીની અધિક પળો ગુજારનાર ! તારા માટે કોઈએ કહ્યું છે :–

*કર ન પીરીમેં તૂ ગફ઼લત ઈખ્તિયાર–ઝ઼િંદગી કા અબ નહીં કુછ એ'તબાર*
*હલક઼ પર હૈ મૌત કે ખંજર કી ધાર–કર બસ અબ અપને કો મુર્દોં મેં શુમાર*
*એક દિન મરના હૈ આખિર મૌત હૈ–કર લે જો કરના હૈ આખિર મૌત હૈ*

**ન હો માયૂસ આતી હૈ સદા ગોરે ગરીબાં સે**
**નબી ઉમ્મત કા હામી હૈ ખુદા બંદોં કા વાલી હૈ**

*(ગોરે ગરીબાં = મુસાફ઼રો કે ફ઼ક઼ીરોનું ક઼બ્રસ્તાન, મુરાદ મહોબ્બતવાળા છે)*

**અર્થાત :** પરંતુ હે ગુનેહગાર ! માયૂસી (નિરાશા) જાઈઝ નથી. જરા ગરીબોના ક઼બ્રસ્તાનની તરફ઼ કાન ધર

(કે તેમને મહબૂબની રહ્મતનો સહારો મળી ગયો છે જેથી) ત્યાંથી સતત આ દિલને ખુશ કરનારી સદા આવી રહી છે : ઉદાસ થવાની જરૂરત નથી ! કેમ કે :–

*મેરા અલ્લાહ ભી કરીમ ઉસ્કે મુહમ્મદ ભી કરીમ–દો કરીમોં મેં ગુનેહગાર કી બન આઈ હે*

**ઉતરતે ચાંદ ઢલતી ચાંદની જો હો સકે કર લે**
**અંધેરા પાખ આતા હૈ યહ દો દિન કી ઉજાલી હૈ**

*(પાખ = પખવાડીયું, ૧૫ દિવસ)*

**અર્થાત** : હે દુનિયાના ગાફિલ મુસાફિર ! તારી યુવાનીનો ચાંદ તો ડૂબવાની નજીક જઈ રહ્યો છે અને રોશની (યુવાનીના આલમનું જોબન) દિન પ્રતિ દિન ઘટતી જઈ રહી છે. કાંઈ ન કાંઈ તો કરી લે નહીં તો તેના પછી જ પખવાડીયુ (ઘડપણ) આવી રહ્યું છે તે અંધકારમય હશે, એમાં તું લાચાર તથા મજબૂર થઈ જઈશ.

**અરે ! યહ ભેળિયોં કા બન હૈ, ઔર શામ આ ગઈ સર પર !**
**કહાં સોયા મુસાફિર ? હાએ ! કિતના લા ઉબાલી હૈ**

*(લા ઉબાલી = બેપરવા)*

**અર્થાત** : હે દુનિયાના થોડા દિવસોના મહેમાન તથા મુસાફર ! આ દુનિયા તો વરૂઓનું જંગલ છે અને હવે રાત થવાની છે, જ્યારે તું હજી સુધી બેખબર બનીને સૂતેલો છે. હાય ! અફસોસ ! તું કેટલા પ્રમાણમાં બેપરવા તથા ગાફિલ છે ! એવા ગાફેલ મુસાફરનો જે અંજામ થશે તે સૌની સામે છે.

**અંધેરા ઘર અકેલી જાન, દમ ઘુટતા, દિલ ઉકતાતા**
**ખુદા કો યાદ કર પ્યારે, વો સાઅત આને વાલી હૈ**

*(સાઅત = ઘડી)*

**અર્થાત** : દુનિયાના ઘરની તો તને ઘણી જ ફિકર લાગેલી છે. ક્યારેક આખેરતના ઘર ક્બ્રની પણ કાંઈ ખબર લીધી ? જ્યાં સખત અંધારુ હશે, શ્વાસ ઘુંટાતો હશે અને દિલ ગભરાતુ હશે. હે અલ્લાહના બંદા ! અલ્લાહને યાદ કર્યા કર, કેમ કે નજીકમાં જ આ સમય તારા ઉપર પણ આવનારો છે.

*એક દિન મરના હૈ આખિર મૌત હૈ–કર લે જો કરના હૈ આખિર મૌત હૈ*

**ઝમીન તપતી, કટીલી રાહ, ભારી બોજ, ઘાઈલ પાઉં**
**મુસીબતેં ઝેલનેવાલે તેરા અલ્લાહ વાલી હૈ**

*(કટીલી = કાંટાળી)*

**અર્થાત** : યાદ કર હે ગાફિલ મુસલમાન ! તે મન્ઝરને કે જ્યારે જમીન તાંબાની જેમ તપતી હશે, રસ્તો ભોંકાય જનાર કાંટાઓ વડે (મુશ્કેલીઓ તથા મુસીબતોથી) ભરપુર હશે. ગુનાહોનો બોજ તેં પહેલેથી જ ઘણો ભારી કરી લીધો છે જ્યારે કે તારા પગો પણ ઝખ્મોથી ચૂર ચૂર છે. હાય ! હે બીચારા ગાફેલ મુસલમાન ! આ હાલતમાં તો અલ્લાહ જ માલિક છે ! ખુદા તારી ઉપર રહમ કરે !

**ન ચૌંકા દિન હૈ ઢલને પર, તેરી મંઝિલ હૂઈ ખોટી**
**અરે ઓ જાનેવાલે ! નીંદ યહ કબ કી નિકાલી હૈ**

**અર્થાત** : હે દુનિયાના મુસાફિરખાનાના થોડા દિવસોના મુસાફર ! તેં હજી સફરની તૈયારી નથી કરી ? જ્યારે કે મંઝિલ તારી ઘણે દૂર છે, સફર લાંબો છે, ઉઠીને ચાલીશ તો મંઝિલ પર પહોંચીશ. સફર જ કામયાબીનો સબબ હોય છે, ભલે કહેવામાં આવ્યું કે السفر سقر ولو كان ميلا સફર અઝાબ છે, ભલે એક જ માઈલનો હોય. અરે થોડા દિવસો પછી દુનિયાને છોડીને જનાર ! તેં આટલી મીઠી ઊંઘ કેવી રીતે લીધી છે કે જાગવાનું નામ જ નથી લેતો !

**'રઝા' મંઝિલ તો જૈસી હૈ, વોહ એક મૈં ક્યા સભી કો હૈ**
**તુમ ઉસકો રોતે હો યહ તો કહૂં યહાં હાથ ખાલી હૈ**

**અર્થાત** : હે અહમદ રઝા ! (ગદાએ દરે ખૈરુલ વરા !) ભલે સંજોગો એવા જ છે જેમ કે તું મારા શેઅરો વર્ણવી રહ્યો છે, પરંતુ કેવળ તારા એકલાના માટે જ તો નથી, બલ્કે સૌના માટે આ સફર તો ગમે તે રીતે પાર થઈ જ જશે, એનું શું રડવું ?! પણ રડવું તો એનું છે કે હાથ પણ ખાલી છે ! અમલની પુંજી પણ પાસે નથી, એટલા માટે પરિણામે પણ ખતરો છે ! અથવા બીજા શેઅરનું અંતિમ ટુકડો સવાલ રૂપે છે, એટલે કે કેમ રડે છો ?! જુઓ તો તમારા આકા ﷺના હાથ કાંઈ ખાલી નથી ! એનામાં શફાઅત છે, રહ્મત છે, કરમ છે, બખ્શિશ છે, સારાંશ : *દો જહાં કી નેઅમતેં હૈં ઉન્કે ખાલી હાથમેં !*

આ નઝમમાં ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ અહલે સુન્નતને કેવી રીતે મધ્યમ માર્ગ પર લાવવાની કોશિશ કરી છે, કેમ કે આપણામાંથી અમુક લોકો એવા બેઅમલ છે કે અલ્લાહની રહમત અને હુઝૂર ﷺની શફાઅતનો મતલબ તેમણે એ સમજી રાખ્યો છે કે નેક અમલોની જરૂરત જ નથી ! (નઊઝુબિલ્લાહ !) જ્યારે કે કુર્આન મજીદમાં અનેક જગાએ આખેરતની કામયાબીનો દારોમદાર ઈમાન તથા નેક અમલો પર રાખ્યો છે.

اِنَّ الَّذِیۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا الصّٰلِحٰتِ سَیَجۡعَلُ لَهُمُ الرَّحۡمٰنُ وُدًّا **તર્જુમો** : "બેશક ! તે જેઓ ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં નજીકમાં જ એમના માટે રહમાન મહોબ્બત કરી આપશે." *(સૂરએ મરયમ, ૧૯/૯૬)*

اِنَّ الَّذِیۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا الصّٰلِحٰتِ کَانَتۡ لَهُمۡ جَنّٰتُ الۡفِرۡدَوۡسِ نُزُلًا **તર્જુમો** : "બેશક ! જો ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં, ફિરદોસના બાગ તેમની મહેમાની છે." *(સૂરએ કહફ, ૧૮/૧૦૭)*

وَ بَشِّرِ الَّذِیۡنَ اٰمَنُوۡا وَ عَمِلُوا الصّٰلِحٰتِ اَنَّ لَهُمۡ جَنّٰتٍ تَجۡرِیۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ **તર્જુમો** : "અને ખુશખબરી આપ તેમને જે ઈમાન લાવ્યા અને સારાં કામો કર્યાં કે તેમના માટે બાગ છે જેની નીચે નહેરો વહે છે."

*(સૂરએ બક્રહ, ૨/૨૫)*

વળી કેટલાક એવા લોકો પણ છે જેઓ કેવળ અમલો પર જ સઘળુ જોર લગાડે છે અને અક્રીદા તથા ઈમાન

પ્રતિ ધ્યાન જ નથી કરતા, જ્યારે કે અમલોની કૃબૂલિયતનો આધાર અકીદાના સહીહ હોવા પર જ છે. એટલા માટે ઉપરોક્ત આયતોમાં દરેક જગાએ اٰمَنُوْا (હે ઈમાનવાળાઓ) છે પછી عَمِلُوا الصّٰلِحٰتِ (નેક અમલ કરો) છે.

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત رحمۃ اللہ علیہ એ બંનેવ નેઅમતો હાંસલ કરવા પ્રતિ આકર્ષ્યા છે. જેથી બંનેવ સઆદતો (નેક નસીબીઓ)ને હાંસલ કરવાની કોશિશ કરવામાં આવે અને દરેક પ્રકારની મેહરૂમીથી બચવામાં આવે. અકીદાની પુખ્તગીનો હરગિઝ એ મતલબ નથી કે નેક અમલો કરવાથી બેપરવા થઈ જાય, બલ્કે સહીહ અકીદાવાળાઓએ નેક અમલો લોકો કરતાં અધિક કરવા જોઈએ. અને ન તો રિસાલતને માનવાનો એ મતલબ છે કે તૌહીદનું નામ જ ન લેવામાં આવે. આ બારામાં અમુક કમીઓ જે આપણી અંદર છે તેની સુધારણા પ્રતિ ઉલમાએ ખાસ ધ્યાન આપવું જોઈએ અને લોકો સમક્ષ ''આખેરતની ચિંતા, ખુદાનો ડર, કૃબ્રની હાલતો, કૃયામતની ભયાનક્તાઓ કયા ગુનેહગારને કઈ સજા જહન્નમમાં થશે, ઈબાદતો તથા મામલાઓના વિષયોમાં બયાન કરવાની સખત જરૂરત છે. આ જ આ'લા હઝરત رضی اللہ عنہ ની તા'લીમ છે. કેવળ કિસ્સા મો'જિઝાઓ કરામતો પર જ ન અટકી જવું જોઈએ બલ્કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام તથા બુઝુર્ગોમાં કેવો ખુદાનો ડર હતો અને કેવો અમલો કરતા હતા તે પણ અવશ્ય દર્શાવવું જોઈએ.

## (નઅત શરીફ : ૬૪)

**ગુનેહગારોં કો હાતિફસે નવૈદે ખુશ મઆલી હૈ**
**મુબારક હો શફાઅત કે લિયે અહમદ સા વાલી હૈ**

*(હાતિફ = ગૈબી અવાજ, નવૈદ = ખુશખબરી, ખુશ મઆલી = સારો અંજામ)*

**અર્થાત :** આકાએ દો જહાં ﷺની ઉમ્મતના ગુનેહગારોને હાતિબે ગયબ (ગયબી ફરિશ્તા)એ આ ખુશખબરી તથા બશારત સંભળાવી આપી છે કે હે હુઝૂર ﷺની ઉમ્મતના ગુનેહગારો ! તમારું કામ બની ગયું છે ! અલ્લાહ તઆલાએ તમારો સારો અંજામ લખી આપ્યો છે. તમને મુબારક થાય કે તમારી શફાઅત કરવા માટે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ જેવી જાતે કમર કસી લીધી છે. બસ, હમણા ફૈસલો થશે અને તમો તમારા પ્યારા રસૂલ ﷺની સાથે જન્નતના બાગોમાં હશો. અલ્લાહે ફર્માવી આપ્યું છે : وَلَسَوْفَ يُعْطِيْكَ رَبُّكَ فَتَرْضٰى ؕ કે હે મહબૂબ ! તારો રબ તને જરૂર રાજી કરશે. *(સૂરએ દુહા, ૯૩/૫)* અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી આપ્યું છે કે હે અલ્લાહ ! જો મારો એક ઉમ્મતી પણ દોઝખમાં રહેશે તો હું રાજી થઈશ નહીં. ઉમ્મતની યાદમાં હુઝૂર ﷺનું રડવું કબૂલ થઈ ગયું છે અને અલ્લાહે હુઝૂર ﷺની મરજી મુજબ જ ફૈસલો કરી આપ્યો છે અને હવે તમને જન્નત મળી રહી છે, પરંતુ તમારા અમલોના સબબે નહીં, હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શફાઅત કારણે.

*દો આલમ કે મુશ્કિલ કુશા બન ગયે, મેરી કશ્તી કે નાખુદા બન ગયે*
*ઈસ કરીમી કે કુર્બાન સલ્લિ અલ્લા, કયા વસીલા મિલા મુઝે મઝધારમેં*

**કઝા હક્ક હૈ મગર ઈસ શૌક કા અલ્લાહ વાલી હૈ**
**જો ઉન્કી રાહમેં જાએ વો જાન અલ્લાહ વાલી હૈ**

**અર્થાત :** મૌત તો બરહક્ક છે પણ વાહ રે નસીબ ! તેને જે અલ્લાહના શોક અને હુઝૂર ﷺની મહોબ્બતમાં જાન આપી રહ્યો છે. એવાઓ પર તો અલ્લાહનો ખાસ કરમ છે. અને આ જાન જે રાહે હક્કમાં આપવામાં આવી રહી છે એ યકીનન ! અલ્લાહવાળી જાન છે. ચાહે તે જેહાદે અસગર (જંગના મેદાન)માં અલ્લાહના માટે લડતાં લડતાં જાય, ચાહે જેહાદે અકબર (નફસ સાથેના જેહાદ)માં કુર્બાન થઈ જાય. (رجعنا من الجهاد الاصغر الى الجهاد الاكبر "હવે આપણે નાના જેહાદથી મોટા જેહાદ તરફ જઈ રહ્યા છીએ.") સૌના માટે અલ્લાહનો વાયદો છે : وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا ؕ *(સૂ. અન્કબૂત, ૨૯/૬૭)* જેમણે અમારા માટે મહેનત કરી, અમે તેમને સીધા માર્ગ પર લઈ જઈશું. (સીધા જન્નતમાં જશે) આ નેઅમતો પણ ઈમાનવાળાઓને હુઝૂર ﷺના વસીલાથી મળે છે, કેમ કે આપનો કલમો પઢવા તથા આપનો દીન કબૂલ કરવાની બરકતથી જ મળશે. નહીં તો કાફિર પણ આ જ મેદાનમાં માર્યો જાય છે પણ તે મુરદાર તથા જહન્નમી હોય છે કેમ કે તેણે હુઝૂર ﷺનો દીન તથા કલમો કબૂલ નથી કર્યો.

**તેરા કદે મુબારક ગુલબને રહ્મત કી ડાલી હૈ**
**ઉસે બો કર તેરે રબને, બિના રહ્મત કી ડાલી હૈ**

*(ગુલબન = ફૂલ, ડાલી = ડાળી, બો કર = વાવીને, બિના = પાયો, ડાલી = નાખ્યો)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! આપનું કદ મુબારક, સુબ્હાનલ્લાહ ! રહ્મતના લાલ ગુલાબની ડાળી છે જેને અલ્લાહે કાંઈક એવા પ્યારથી સીંચ્યું અને પોતાની રહ્મતનું પાણી આપ્યું કે આપના વજૂદને રહ્મતનો પાયો બનાવી દીધો. અને ફર્માવ્યું : وَمَآ اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ "અમે તમને નથી મોકલ્યા પણ સર્વ જહાનો માટે રહમત." *(સૂરએ અંબિયા, ૨/૧૦૭)* દુનિયામાં દરેક રહ્મત દરેક જણના માટે નથી, પણ હે મારા મહબૂબ ! તું દરેક જણના માટે રહ્મત છે. જેનો હું ખાલિક તથા રબ છું તેના માટે તું રહ્મત છે. કોઈ ચીજ મારી રબૂબિયતથી બહાર નથી અને કોઈ ચીજ તારી રહ્મતથી બહાર નથી. અને બંદાઓને ફર્માવી આપ્યું કે لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَةِ اللّٰهِ "અલ્લાહની રહમતથી નિરાશ ન થાવ." *(સૂ. ઝુમર, ૩૯/૫૩)* અલ્લાહની રહ્મતથી નિરાશ ન થશો. અને રહ્મતનો હાલ શું છે ?! : *વાહ કયા જૂદો કરમ હૈ શહે બત્હા તેરા–નહીં સુનતા હી નહીં માંગનેવાલા તેરા*

યાદ રાખશો ! પાણી રહ્મત છે કે એના વિના માનવ જીવન ખેતી વગેરે શક્ય નથી. પણ જો એ વધુ પ્રમાણમાં પડે તો તબાહી મચાવીને ઝેહમત બની જાય છે. એ જ પ્રમાણે હવા રહ્મત છે પણ હવા તોફાનનું સ્વરૂપ પકડે તો ઝહમત બની જાય છે. એ જ પ્રમાણે આગ રહ્મત છે, એનાથી હજારો કામો થાય છે પણ જો કોઈ દુકાન મકાનમાં લાગી જાય તો તબાહી મચાવી ઝહમત બની જાય છે. સારાંશ કે દરેક રહ્મત ઘણી વાર ઝહમત બની જાય છે, પણ આપણા આકા علیہ الصلوٰۃ والسلام એવી રહ્મત છે કે જેમાં ઝહમતનું પાસુ છે જ નથી ! દરેકના માટે રહ્મત છે, આપને સતાવનારાઓ માટે પણ રહ્મત છે. તાઈફવાળાઓએ જ્યારે આપને પથ્થરો વરસાવી ઝખ્મી કર્યા હતા ત્યારે પહાડોના ફરિશ્તાએ તેમના પર પહાડ ફેંકી નેસ્તો ના'બૂદ કરી દેવા આપની ઈજાઝત ચાહી હતી પણ આપ રહ્મત જ રહ્મત હોવાથી આપે એની ના પાડી હતી. એવા અનેક બનાવો છે જેમાં આપે દુશ્મનો પર પણ રહ્મત વરસાવી હતી.

અને આપની રહ્મતનું એક પાસુ એ પણ યાદ રાખશો અને આ એહસાનના બદલામાં આપની ઝાતે બાબરકત પર ખૂબ જ અધિક પ્રમાણમાં દુરૂદો સલામ પેશ કરતા રહો કે હુઝૂર ﷺ આલમીન માટે રહમત છે, અને આલમ અલ્લાહ સિવાયના સર્વને કહે છે. (તફસીરે કબીર) તો હુઝૂર ફરિશ્તાઓ માટે પણ રહ્મત, ઈન્સાનો માટે પણ રહ્મત, જમીન, આસ્માન, અર્શ તથા ફર્શના ફરિશ્તાઓના માટે રહ્મત છે. પણ હુઝૂર علیہ الصلوٰۃ والسلامને માલૂમ હતું કે ફરિશતા તો ગુનોહ કરી જ નથી શકતા અને ઈન્સાન ગુનાહ વગર રહેતો નથી જેથી આપ ﷺએ ફરિશ્તાઓમાં રહેવાને બદલે પોતાના ગુનેહગાર ઉમ્મતીમાં રહેવાનું પસંદ કર્યુ.

*વો હર આલમ કી રહ્મત હૈ કિસી આલમમેં રહ જાતે*
*યહ ઉનકી મહેરબાની હૈ કે યહ આલમ પસંદ આયા*

**અર્થાત : જિબ્રઈલે અમીન** علیہ السلام**નો રહ્મતે મુસ્તફવીમાં હિસ્સો :** એકવાર આપ ﷺએ જિબ્રઈલે અમીન علیہ السلامને પૂછયું, હે જિબ્રઈલ ! તું પણ તો આલમીનમાં સામેલ છે, મારી રહ્મતથી તને શું હિસ્સો મળ્યો

છે ? જિબ્રઈલે અમીન علیہ السلام એ અર્ઝ કરી, હુઝૂર ! આપના આગમન સુધી હું મારા અંજામના બારામાં ચિંતિત હતો, પરંતું આપ તશરીફ લાવ્યા તો મારી આ ફિકર ખત્મ થઈ ગઈ અને મારા બારામાં અલ્લાહ તઆલાએ આ ફર્માનથી મને અમ્ન આપી દીધું : ذِیْ قُوَّۃٍ عِنْدَ ذِی الْعَرْشِ مَکِیْنٍ ۙ مُّطَاعٍ ثَمَّ اَمِیْنٍ ؕ "જે કુવ્વતવાળો છે, અર્શના માલિકની નજીક ઈજ્જતવાળો, ત્યાં એનો હુકમ માનવામાં આવે છે." *(સૂ. તકવીર, આ. ૮૧/૨૦, ૨૧) (રૂહુલ બયાન, આયત* لَا تَقْنَطُوْا مِنْ رَّحْمَۃِ اللّٰہِ *હેઠળ)*

**તુમ્હારી શર્મ સે શાને જલાલે હક્ક ટપકતી હૈ**
**ખમ ગર્દને હિલાલ આસ્માન ઝુલ જલાલી હૈ**

*(ખમ = નમાવવું)*

**અર્થાત :** હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની શરમ તથા હયા જેની કુર્આને શહાદત આપી છે : فیستحی منکم *(સૂ. અહઝાબ, ૩૩/૫૩)* "મારો મહબૂબ તમારાથી હયા ફર્માવે છે." (સૂરએ અહઝાબ) આ'લા હઝરત رحمۃ اللہ علیہ એની બુલંદીઓને આ પ્રમાણે વર્ણવે છે કે, "હે આકા ! આપની શર્મો હયાથી ખુદાના જલાલની શાન ટપકી રહી છે અને આપના ગરદન મુબારકના ઝુકાવથી (આજિઝી ઈન્કેસારીના લીધે) એવું લાગી રહ્યું છે કે જલાલવાળા રબના આસ્માન પર પહેલી રાતનો ચાંદ ચમકી રહ્યો છે. (કે જે બારીક તથા નમેલો હોય છે) સરકાર علیہ الصلوٰۃ والسلام ની ઝાતે બાબરકતથી મહોબ્બત કરવાના ઢંગ શીખવા હોય તો આ'લા હઝરત જેવા આશિકે રસૂલથી જ શીખી શકાય છે.

**ઝહે ખુદ ગુમ જો ગુમ હોને પે ઢુંઢે કે ક્યા પાયા**
**અરે ! જબ તક કે પાતા હૈ, જબ હી તક તો હાથ ખાલી હૈ**

**અર્થાત :** ઘણો જ બાબરકત છે તે ઉમ્મતી જે પોતાના આકા ﷺ ની મહોબ્બતમાં ફના થઈ ગયો, પણ એ કે જે ફના થયા બાદ એવું ન વિચારે કે મને આ ફના થવાએ શું આપ્યું છે. કેમ કે ફનાફિર્રસૂલ થઈ જવું જ એ શું ઓછી નેઅમત છે ? કે કોઈ અન્ય નેઅમતની પ્રાપ્તિની તમન્ના કરવામાં આવે. જો આ દૌલતના મળવા પર પણ પોતાના દામનને ખાલી સમજે તો એ સમજે કે ખરેખર તેણે (નાશુક્રી કરીને) કાંઈ નથી પામ્યું અને એનો હાથ હજી સુધી ખાલી છે. કેમ કે આ મેદાનમાં "થવું" ન થવું છે અને "ન થવું" અયન થવું છે. કોઈનો શું સરસ શેઅર છે : *ડૂબોયા મુઝકો "હોને"ને મૈં "ન હોતા" તો કયા હોતા !*

મૌલાના રૂમ عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَان એ લખ્યું છે કે એકવાર અલ્લાહના મહબૂબ ﷺ ની બારગાહમાં (ફનાઈય્યતની હાલતમાં) હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا હાજર થયાં. આપ علیہ الصلوٰۃ والسلام એ પૂછયું, કોણ છે ? અર્ઝ કરી, આઈશા છું ! ફર્માવ્યું, કોણ આઈશા ? અર્ઝ કરી, અબૂબક સિદીકની પુત્રી. ફર્માવ્યું, કોણ અબૂબક ? બોલ્યાં, યારેગારે મુહમ્મદ ! (ﷺ) ફર્માવ્યું, કોણ મુહમ્મદ ? હઝરત આઈશા સમજી ગયાં કે આ તે જ સમય છે જેના બારામાં આપે પોતે જ ફર્માવ્યું છે : لی مع اللہ وقت لا یسعنی فیہ ملک مقرب ولا نبی مرسل "મારા તથા અલ્લાહની વચ્ચે એક સમય એવો આવે છે કે ન તેમાં કોઈ મુકર્રબ ફરિશ્તો આડ બની શકે છે અને ન કોઈ નબી રસૂલ." *(ગુલિસ્તાને સઅદી)*

આ મકામે ફનાઈયતને આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરમાં વર્ણવ્યો છે, ફિક્રે હુઝૂરનો મર્તબો "ફના ફિલ્લાહ"ના ગિરોહમાં આવે છે અને ઉપર વર્ણવેલ શેઅરમાં "ફનાફિર્રસૂલ"ની વાત થઈ રહી છે.

*જો ફિક્રે મુસ્તફામેં ગિરફતાર હો ગયા–આઝાદી એ હયાત કા હક્કદાર હો ગયા*
*રોશન હૂઈ જો ઈશ્કે મુહમ્મદી મશ્અલેં–ઝુલ્મતકદા ભી મત્લએ અન્વાર હો ગયા*

**મૈં એક મોહતાજ બેવકઅત ગદા તેરે સગે દર કા**
**તેરી સરકાર વાલા હૈ તેરા દરબાર આલી હૈ**

**અર્થાત** : હે મારા પ્યારા આકા ! علیہ الصلوٰۃ والسلام મને તમારી દરબારે આલીના કૂતરાઓનો ગદા સમજીને જ કબૂલ કરી લો. અલ્લાહ આપનો દરબારે મુઅલ્લા સલામત રાખે અને આપની અઝીમ દરગાહની ખૈર થાય.

સુબ્હાનલ્લાહ ! આ'લા હઝરતની ગલીના કૂતરાઓના પણ પગો ચૂમવાને જીવ ચાહે છે ! કેવી નિયાઝમંદી છે ?! અસલમાં માગવાનો આ પણ એક અંદાઝ છે કે પોતે પોતાને "લા શઈ"ના સ્થાન પર લાવવામાં આવે, તો જેનાથી માગવું છે તેનાથી જાહેરી રીતે માંગવામાં તો કાંઈ ન આવે, પણ તેની તારીફ કરવામાં આવે. જેમ કે આપણે ત્યાં ભીખારી કરે છે, અલ્લાહ આપનાં બાળકોને તંદુરસ્તી આપે, અલ્લાહ આપને હજ્જ કરાવે, ખુદા બંનેવ જહાનમાં આપને ઈજ્જત આપે વગેરે વગેરે. અને હકીકતમાં આ અંદાઝ માગવા કરતાં વધુ ખૂબ જ અસરકારક હોય છે. એટલા માટે આ શેઅરમાં આ'લા હઝરતે એ જ અંદાઝ અપનાવ્યો છે : *તેરી સરકાર વાલા હૈ તેરા દરબાર આલી હૈ*. આ'લા હઝરત رحمۃ اللہ علیہના નાના ભાઈ હઝરત મૌલાના હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ "ઝૌકે નઅત"માં એક જગાએ સરકાર ﷺની બારગાહમાં આ પ્રમાણે અર્ઝ કરે છે :–

*કિસ કે દામનમેં છુપે કિસકે કદમ પર લોટે–તેરા સગ જાએ કહાં છોળ કે ટુકળા તેરા*
*કયૂં ન હો નાઝ મુઝે અપને મુકદરપે કે હૂં–સગ તેરા, બંદા તેરા, માંગનેવાલા તેરા*

**તેરી બખ્શિશ પસંદી ઉઝ્ર જોઈ તૌબા ખ્વાહી હૈ**
**ઉમૂમ બે ગુનાહી જુર્મ, શાને લા ઉબાલી હૈ**

*(ઉઝર જોઈ = મઅઝેરત (બહાનુ, માફી) કબૂલ કરવાની શાન, તૌબા ખ્વાહી = તૌબાનો સવાલ, તૌબા કરવાની આદત, ઉમૂમ = સામાન્યતઃ, લા ઉબાલી = બેપરવાહી)*

**અર્થાત** : હે મારા રહીમો કરીમ આકા ! આપની આદત મુબારક છે કે આપ માફ કરવાને પસંદ કરો છો. فاسعف عنهم واسغفر لهم "તો તેમને માફ ફર્માવો અને એમની શફાઅત કરો." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૫૯)* મઅઝેરત કબૂલ કરો છો, અને ગુનેહગારોની તૌબાને કબૂલિયત સુધી પહોંચાડવામાં દિલચસ્પી લો છો. એટલા માટે તો આપનો ગુનેગાર ઉમ્મતી અસંખ્ય ગુનાહો છતાં પણ પોતે પોતાને સંતુષ્ઠ તથા મહેફૂઝ સમજી રહ્યો છે અને લાપરવાહીની શાનથી કહી રહ્યો છે કે :–

*મૈં ગુલામે ગુલામાને અહમદ મૈં સગે આસ્તાને મુહમ્મદ ﷺ*
*કાબિલે ફખ્ર હૈ મૌત મેરી કાબિલે રશ્ક હૈ મેરા જીના*
*–(સિકંદર લખનવી)*

**અબૂબક્રો ઉમર, ઉષ્માનો હૈદર જિસકે બુલબુલ હૈં**
**તેરા સરો સહમી ઉસ ગુલબને ખૂબી કી ડાલી હૈ**

*(સરો સહમી = શમસાદ તથા સનોરનું તદ્દન સીધુ ઝાડ)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! આપનુ સરૂ જેવું કદ મુબારક એ બાગે કુદ્દસના લાલ ગુલાબની હસીનો જમીલ ડાળી છે, જેમાં અબૂબક્ર સિદ્દીક઼, ઉમર ફ઼ારૂક઼, ઉષ્માન ગની તથા અલીએ મુર્તઝ઼ા رضوان اللہ تعالی علیہم اجمعین જેવી બુલબુલો ચમકી રહી છે અને બાગ આપની ખુશ્બુથી મહેકી રહ્યો છે.

*ફૂલોંસે બાગ મહકે શાખોં પે મુર્ગ ચહકે–ઈદે બહાર આઈ સુબ્હે શબે વિલાદત*
*મેહરૂમ રહ ન જાએં દિન રાત બરકતોંસે–ઈસ વાસ્તે વો આયા સુબ્હે શબે વિલાદત*
*–(ઝૌકે઼ નઅત, અઝ઼ : હસન રઝ઼ા બરેલ્વી)*

**'રઝ઼ા' કિ઼સ્મત હી ખુલ જાએ જો ગિલાંસે ખિતાબ આએ**
**કે તૂ અદના સગે દરગાહે ખુદ્દામે મઆલી હૈ**

**અર્થાત :** હે ગદાએ દરે મુસ્તફ઼ા વ દરે ગૌષુલ વરા (صلی اللہ علیہ وسلم અને رضی اللہ عنہ) અહમદ રઝ઼ા ! તારી કિ઼સ્મત તો એ ઘડીએ બદલાશે જ્યારે મહબૂબે સુબ્હાની, કુત્બે રબ્બાની, કંદીલે નૂરાની, શહબાઝે લામકાની, શીરાઝે દાની, પીરાને પીર દસ્તગીર, સૈયદના ગ઼ૌષે આ'ઝ઼મ, મીરાં મુહયુદ્દીન જીલાની હસની હુસૈનીના દેશથી ઠંડી હવા ચાલે અને એમાં તારા માટે ગ઼ૌષે પાક رضی اللہ عنہની બારગાહથી આ લક઼બ અને ખિતાબ હોય કે, હા ! હે અહમદ રઝ઼ા ! ખરેખર તું અમારા દરબારે મુઅલ્લાના ખાદિમોનો કૂતરો છે. (સુબ્હાનલ્લાહ !)

આ'લા હઝ઼રત رحمۃ اللہ علیہની આ જ અક઼ીદતોના કારણે સૈયદના ગ઼ૌષે આ'ઝ઼મ رضی اللہ عنہએ આપને હિંદ તથા પાક.માં પોતાના નાયબ ઠરાવ્યા. જેમ કે વિવિધ બનાવો છે, જેમાંથી એક શેરે રબ્બાની હઝ઼રત મિયાં શેર મુહમ્મદ શરક઼પૂરી رحمۃ اللہ علیہનો ખ્વાબ પણ છે કે ગ઼ૌષે પાકે ફ઼ર્માવ્યું કે અહમદ રઝ઼ા બરેલ્વી હિંદુસ્તાનમાં મારો નાયબ છે. આ ખ્વાબને મિયાં સાહબ رحمۃ اللہ علیہએ ખુદ બરેલી જઈને આ'લા હઝ઼રતની સામે વર્ણન કર્યો અને ફ઼ર્માવ્યું, મેં જોયું છે કે આ'લા હઝ઼રત رحمۃ اللہ علیہ તે જ બોલે અને લખે છે જે સરકાર علیہ الصلوۃ والسلام ફ઼ર્માવે છે. બરાબર એ જ પ્રમાણેનો ખ્વાબ મુહદ્દિષ અલીપૂરી હઝ઼રત પીર જમાઅત અલીશાહ رحمۃ اللہ علیہને પણ આવ્યો જેના કારણે આપ ફ઼ર્માવે છે કે મારા દિલમાં આ'લા હઝ઼રતની કદ્ર઼ ઓર વધી ગઈ.

*–(જુઓ કિતાબ : અશ્શાહ અહમદ રઝ઼ા, પેજ : ૧૧૦, અઝ઼ : મુફ્તી ગુલામ સરવર કા઼દરી)*

## (નઅત શરીફ઼ : ૯૫)

**સૂના જંગલ રાત અંધેરી છાઈ બદલી કાલી હૈ**
**સોનેવાલો જાગતે રહીયો ચોરોં કી રખવાલી હૈ**

**અર્થાત :** હે લોકો ! (દુનિયાનું) જંગલ વિરાન તથા બેઆબાદ છે, જ્યારે રાત પણ અંધારી છે અને ઉપરથી કાળી ઘટા પણ છવાય ચૂકી છે. ખબરદાર ! આવી હાલતમાં તો ઊંઘ આવતી જ નથી. જો સૂતેલા હોય તો પણ જાગી જાવ, કેમ કે અહીં હિફ઼ાઝ઼ત કરવાવાળા ખુદ લૂટારુઓ છે. એટલે કે તમારા દીન તથા ઈમાનની માલ સંપત્તિને નફ઼્સ તથા શૈતાનની ડાકૂગીરીથી મહેફૂઝ રાખો. બાકી રહ્યાં ખુદ નફ઼્સ તથા શૈતાન જે દરેક માણસની સાથે સાથે રહે છે. જાણે એ સાબિત કરે છે કે અમે તારા મુહાફિઝ છીએ, જ્યારે કે હક઼ીક઼તમાં આ જ ઈન્સાનના ઈમાન તથા અમલોને લૂટનારા સૌથી મોટા ચોર તથા લૂટારા છે. જ્યારે કે આ શેઅરમાં અંધારી રાત અને કાળી વાદળીથી મુરાદ ગુનાહોની કાળાશ હોય શકે છે. તેની જ આડમાં શૈતાન બંદાનો દીન તથા ઈમાન બર્બાદ કરે છે.

**આંખસે કાજલ સાફ઼ ચુરા લેં યાં વો ચોર બલા કે હૈં**
**તેરી ગઠળી તાકી હૈ ઔર તૂને નીંદ નિકાલી હૈ**

**અર્થાત :** આ દુનિયામાં એવા એવા ચાલાક તથા હોશિયાર ચોર ફરી રહ્યા છે જે આંખથી સુરમો પણ કાઢી લે અને તને ખબર સુદ્ધાં ન પડે. એ જ ચોરોએ તારી ગઠળી (દીન તથા ઈમાન) પર નજર રાખેલી છે અને તું આટલો બેખબર થઈને ઊંઘ પૂરી કરી રહ્યો છે કે પરવા જ નથી !

આ શેઅરમાં આ'લા હઝ઼રતે બદ્ મઝ઼હબોની ફરેબકારી (પ્રપંચ)નો પર્દો ખોલ્યો છે અને ભોળા ભાળા સુન્નીઓને તેમની બુરી સોહબતથી બચવાની તાકીદ કરી છે. થોડાક દિવસ એ ચોરો પાસે બેસનાર કેટલાય અક઼ીદામાં મજબૂત કેમ ન હોય પણ જરૂર કાંઈક ન કાંઈક વસવસા લઈને પાછો ફરે છે. કેમ કે તેમની ધોકાબાજી શૈતાનને પણ પાછળ છોડી આપે છે. ચાલીસ ચાલીસ વરસો સુધી આપણી મસ્જિદોમાં ઈમામ રહી જાય છે પણ આપણા ભોળા ભાળા સુન્ની ભાઈઓને ખબર પણ નથી પડતી કે અમારી સાથે શું થઈ રહ્યું છે ? ફ઼ાતેહા, ખતમ, દુરૂદ સર્વ કાંઈ કરતા રહે છે અને સાથે સાથે પોતાની બદ્અક઼ીદગીને પણ ધીમે ધીમે મુનાફ઼િક઼ાના તરીક઼ાથી ફેલાવતા રહે છે. આ રીતે કેટલાય ગામો તથા આબાદીઓ પર કબજો જમાવી ચૂક્યા છે.

**યહ જો તુઝકો બુલાતા હૈ યહ ઠગ હૈ માર હી રખ્ખેગા**
**હાએ મુસાફ઼િર દમમેં ન આના, મત કૈસી મતવાલી હૈ**

**અર્થાત :** આ બદ્મઝ઼હબ જે તને વારંવાર પોતાની તરફ઼ બોલાવે છે અને દીનની વાતો સંભળાવવાના ચક્કરમાં પોતાના પ્રોગ્રામમાં સામેલ કરીને તારા દીનનો બેડો ગરક કરી રહ્યો છે. એ ઘણો જ મોટો ઠગ અને ધોકેબાઝ઼ છે, એની વાતોમાં આવીને તારો સાચો અક઼ીદો બર્બાદ ન કરી નાખતો. એની કોશિશ છે કે તું જહન્નમનું

બળતણ બની જાય, કેમ કે તેના વડીલે પણ તારાં માબાપ (આદમ તથા હવ્વા علی نبینا علیهما السلام)ને આ જ રીતે જૂઠી ક઼સમો ખાય ખાયને જન્નતથી કાઢયાં હતાં. وقاسمهما انی لکما لمن الناصحین, જો આટલુ બધુ જાણ્યા બાદ પણ હે ભોળા મુસાફર ! તું એની જાળમાં ફસાય ગયો તો હું સમજીશ કે તારી બુદ્ધિ જ નશાથી બદ્‌મસ્ત અને ચૂર ચૂર છે.

**સોના પાસ હૈ, સૂના બન હૈ, સોના ઝહર હૈ ઉઠ પ્યારે**
**તૂ કહતા હૈ મીઠી નીંદ હૈ ! તેરી મત હી નિરાલી હૈ**

**અર્થાત** : તારી પાસે દીન તથા ઈમાનની દૌલત જે છે તે શુદ્ધ સોનુ છે અને આ બાજુ દુનિયાનું જંગલ જો કેટલુ (સૂના) વેરાન અને બર્બાદ છે, ચો તરફ ડાકૂઓના પહેરા છે, છતાં પણ આ હાલતમાં તારું (સૂના) ઊંઘવું મૂર્ખામી નથી તો બીજુ શું છે ?! આટલા ખતરાઓ હોવા છતાં જે મીઠી નીંદર સૂઈ રહ્યો હોય તે અજબની બુદ્ધિવાળો કહેવાશે.

**આખેં મલના, ઝુંઝલા પળના, લાખોં જમાઈ, અંગળાઈ**
**નામ પર ઉઠને કે લળતા હૈ ઉઠના ભી કુછ ગાલી હૈ**

*(જમાઈ = બગાસુ)*

**અર્થાત** : તને અલ્લાહની ઈબાદત માટે જો ઉઠાડવામાં આવે (અથવા બદ્‌મઝહબોની સોહબતથી બચવાનું જો કહેવામાં આવે) તો બગાસાં ખાવાનુ તથા આળસ મરડવાનું શરૂ કરી આપે છે, અને તરહ તરહાનાં બહાનાં બનાવી ઉઠવાનું નામ નથી લેતો. આંખો મસળવું અને સુસ્તી કરવી તારી એવી આદત બની ગઈ છે કે હવે ઊંઘમાંથી ઉઠવાનું નામ સાંભળીને (અને બદ્‌અક઼ીદા લોકોની સોહબતથી "બચવાનું") સાંભળીને તું લડવાનું શરૂ કરી આપે છે. ભલા ! આ કોઈ ગાળ તો છે નથી, બલ્કે તારી ભલાઈની વાત છે.

આ'લા હઝરતે દરેક ક્ષેત્રે ચો મુખી લડાઈ લડીને ખૂબ જ સારી રીતે પોતાનો ફરીઝો અદા કર્યો છે, ભલે એના બદલામાં આપને ખૂબ જ પ્રમાણમાં ગાળોથી પણ નવાઝવામાં આવ્યા, પણ આપે કોઈ પણ ચીજની ડર્યા વિના પોતાનું કામ ચાલુ રાખ્યું. જેમ કે એકવાર આપના કોઈ મુખ્લિસ મુરીદે ગાળોથી ભરેલો એક પત્ર આપની ખિદમતમાં પેશ કર્યો અને અર્ઝ કરી કે આ પત્ર લખનારની વિરુદ્ધ ક઼ાનૂની કાર્યવાહી કરીને તેને સજા અપાવવામાં આવે. આ'લા હઝરત અંદર તશરીફ લઈ ગયા અને પોતાના ઘરમાંથી ઘણા બધા પત્રો જે આપની પ્રશંસામાં દાદ આપતા લખેલા હતા તે ઉઠાવીને લાવ્યા અને ફર્માવ્યું, પહેલાં આ બધાને ઈનામ આપી દો પછી તેને સજા અપાવજો ! અને જો ચાહકને ફાયદો ન પહોંચાડી શકો તો દુશ્મનને નુકસાન પહોંચાડવાની જરૂરત પણ નથી.

*—(મઆરિફે રઝા, કરાચી—૧૯૯૦)*

**જુગ્નૂ ચમકે, પત્તા ખળકે, મુઝ તન્હા કા દિલ ધળકે**
**ડર સમઝા લે કોઈ પવન હૈ યા અગ્યા બેતાલી હૈ**

*(જુગનૂ = અંધારામાં ચમકનાર જીવડુ, ખળકના = અવાજ કરવું,*
*તન્હા = એકલો, પવન = ખબીષ રૂહ, મવક્કલ, અગ્યા બેતાલી = ભૂત પ્રેત)*

**અર્થાત** : જરાક વાદળ ગરજે છે કે વીજળી ચમકે છે તો મારુ દિલ ધડક ધડક કરવા માંડે છે, જરા જુઓ તો કાળી ઘટાની શક્કલ કેટલી ડરામણી તથા કાળી છે !

**ખૌફે ખુદા તથા મહબૂબે ખુદા** ﷺ : મુબારક હદીષોની કિતાબોમાં નબીયે કરીમ علیہ الصلوٰۃ والسلام ના પોતાના બનાવો જેનો સંબંધ ખૌફે ખુદા તથા ફિક્રે આખેરતથી છે એ અગણિત છે, એમાંથી અમુકનું વર્ણન કરવામાં આવે છે. આ સર્વ બનાવો હદીષોની વિશ્વસનીય કિતાબોમાં મૌજૂદ છે. દરેક બનાવની સાથે હદીષની કિતાબનું નામ લખી દેવામાં આવ્યું છે. લખાણ ન લંબાવતાં મૂળ અરબી લખાણ લખ્યું નથી. ઈલ્મવાળા જાણે છે કે આ હદીષોમાં કોઈ પણ ઝઈફ કે મૌઝૂઅ હદીષ નથી, અમુક બનાવોની સાથે ઈલ્મવાળાઓમાંથી એક સાહબનું વિવેચન પણ લખવામાં આવ્યું છે જેના સહીહ હોવાના તે ખુદ જિમ્મેદાર છે. જુઓ :–

- ❑ હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ રિવાયત કરે છે કે જનાબ રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે હું મજાની જિંદગી કેવી રીતે ગુજારું જ્યારે સૂર ફૂંકનાર ફરિશ્તાએ સૂર મોંઢામાં લઈને રાખેલું છે અને અલ્લાહના હુકમની તરફ કાન લગાડી રાખેલા છે અને પેશાની નમાવેલી રાખી છે, અને એ ઈન્તેઝારમાં છે કે ક્યારે સૂર ફૂંકવાનો હુકમ થઈ જાય અને હું તુરત જ ફૂંકી દઉં. *(તિર્મિઝી શરીફ)*

મતલબ એ છે કે સૂર ફૂંકી દેવામાં આવશે અને ખબર નહીં કે ક્યારે ફૂંકી દેવામાં આવશે, જેથી આ ફાની દુનિયામાં મજાઓ માણવી યોગ્ય કામ નથી કે જેની ફના એકદમ થઈ જશે અને સર્વ કાંઈ વેરવિખેર થઈ જશે. બંદાએ જોઈએ કે દરેક સમયે અલ્લાહની તરફ ધ્યાનિત રહે. એ વાત તદ્દન અસ્થાને છે કે મજા ઉઠાવતાં ઉઠાવતાં દુનિયાને છોડીને આલમે આખેરતમાં પહોંચે.

- ❑ હઝરત ઉબય બિન કઅબ રિવાયત કરે છે કે જ્યારે ત્રીજા ભાગની રાત બાકી રહી જતી તો જનાબ રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યા કરતા હતા કે હે લોકો ! અલ્લાહને યાદ કરો ! પ્રથમ સૂર ફૂંકવામાં આવનાર છે તેના બાદ બીજુ ફૂંકવામાં આવશે. મૌત આવી પહોંચ્યું પોતાની સખ્તીઓને લઈને, મૌત આવી પહોંચ્યું પોતાની સખ્તીઓને લઈને. *(તિર્મિઝી)*

મતલબ એ કે તમે કેમ સૂતેલા પડયા છો ?! તમે તો એવા સૂતા છો જાણે કે ન મરવાનું છે, ન હિસાબો કિતાબથી વાસ્તો પડવાનો છે. ઉઠો ! ઉઠો ! અલ્લાહને યાદ કરો ! મૌત માથા પર ઉભેલી છે અને તમે સૂતા છો ?!

- ❑ હઝરત અબૂઝર رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો કે હું તે દશ્યો જોઉં છું જે તમે નથી જોતા અને તે હાલાત સાંભળું છું જે તમે નથી સાંભળતા. (હું સાંભળી રહ્યો છું) કે આસ્માન (અલ્લાહના ડરથી) ચર ચર બોલે છે, એને જોઈએ પણ એ જ કે આ રીતે બોલે. ક઼સમ એ જાતની જેની કુદરતના કબજામાં મારી જાન છે ! આસ્માનમાં ચાર આંગળી બરાબર પણ એવી જગા નથી જેમાં કોઈ ન કોઈ ફરિશ્તો પોતાની પેશાની રાખીને અલ્લાહ તઆલાને સજદો કરેલ સ્થિતિમાં ન પડેલ હોય.

  પછી ફર્માવ્યું, અલ્લાહની ક઼સમ ! જો તમને એ ચીજો માલૂમ પડી જાય જેને હું જાણું છું તો જરૂર તમે હસો થોડુ અને ખૂબ જ પ્રમાણમાં રડો, અને બિછાનાઓ પર સ્ત્રીઓથી મજા ન માણો અને જંગલ ભણી નીકળી જઈને અલ્લાહથી લૌ લગાડી લો. અને રિવાયત કરીને હઝરત અબૂ ઝરે ફર્માવ્યું,

یا لیتنی کنت شجرة ''કાશ ! હું ઈન્સાન ન હોત, એક ઝાડ જ હોત જેને કાપીને ફેંકી દેવામાં આવતું.

*–(અહમદ, તિર્મિઝી તથા ઈબ્ને માજહ)*

- હઝરત અબૂ જુહૈફા રિવાયત ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺને સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપના પર વૃદ્ધાવસ્થાની અસરો કમજોરી જાહેર થઈ ગઈ ! ફર્માવ્યું, મને સૂરએ હૂદ અને એના જેવી બીજી સૂરતોએ જેમનામાં ક़યામતના અહવાલ અને અઝાબોનું વર્ણન છે એણે વૃદ્ધાવસ્થા લાવી દીધી. બીજી રિવાયતમાં છે કે હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ વૃદ્ધ લાગવા માંડયા ! આપે ફર્માવ્યું, મને સૂરએ હૂદ તથા સૂરએ વાક़િયા તથા મુરસલાત વ અમ્મ યતસા અલૂન, ઈઝશશમ્સુ કુવ્વિરતએ વૃદ્ધ કરી દીધો. *(તિર્મિઝી)*

એટલે કે હું આ સૂરતોને પઢીને જેમાં ક़યામતનો ઉલ્લેખ છે, વૃદ્ધ થઈ ગયો છું. ક़યામતના હાલત માલૂમ થવા પર અને એ યક़ીન હોવા પર કે આ સખ્ત દિવસોમાં આપણે પણ મૌજૂદ હોઈશું.

**પાઉં ઉઠા ઔર ઠોકર ખાઈ કુછ સંભલા ફિર ઊંધે મુંહ**
**મૈનાને ફિસલન્ કર દી હૈ ઔર ધળ તક ખાઈ નાલી હૈ**

*(મૈના = વરસાદ, ફિસલન = સરકીયુ, ધળ = કમર સુધી)*

**અર્થાત :** ચાલવા માટે પગ ઉઠાવું છું (તો ખૌફે ખુદા અને પોતાના અમલોને જોઈને) પોતે પોતાને સંભાળી નથી શક્તો તો ઠોકર ખાયને પડી જઉં છું, પછી જરા સંભલું છું તો ઊંધા મોંએ જમીન પર આવી પડું છું. કેટલીક (ગુનાહોની અધિક્તાએ) વરસાદે લપસણા અધિક કરી આપેલ છે અને કેટલાક કમર સુધી ખાડાઓ (ક़બ્રની ફિકર)એ ઢીલો કરી નાખ્યો છે.

**સાથી સાથી કહ કે પુકારું સાથી હો તો જવાબ આએ !**
**ફિર ઝુંઝલા કર સર દે પટકું ચલરે મૌલા વાલી હૈ**

**અર્થાત :** આ બેબસીના આલમમાં જમણે ડાબે જોઉં છું કે કોઈ દોસ્ત કે ગમખ્વાર હોય તો તેને પુકારું. પરંતુ ત્યાં કોણ કોઈનું થાય છે ?! یوم یفر المرء من اخیه وامه وابیه وصاحبته وبنیه અને الاخلاء یوم مئذ بعضهم لبعض عدوّ ગભરાયને કોઈને બોલાવું પણ છું તો જવાબ નથી આવતો. પછી થાકી હારીને માથુ જમીન પર પટકુ છું અને કહું છું, ચાલો ! અલ્લાહ માલિક છે !

**ફિર ફિર કર હર જાનિબ દેખું કોઈ આસ ન પાસ કહીં**
**હાં ! એક તૂટી આસને હારે જી સે રિફાક़ત પાલી હૈ**

**અર્થાત :** ચારેવ તરફ નજરો દોડાવું છું પણ ક્યાંય પણ આશાનું કિરણ જોવા નથી મળતુ, ન તો કોઈને મારી નજીક જોઉં છું કે તેને મારું દુઃખ સંભળાવી શકું. છેવટે મારી અપૂર્ણ તથા તૂટેલી આશાથી જ દોસ્તી કરી લીધી છે કે હે ઉમ્મીદ ! તું પૂરી નથી થઈ રહી અને મારું દિલ પણ હારેલું છે, તો તમે બંનેવ આપસમાં મળી જાવ અને રડી રડીને એ જાતને પુકારો કે :–

*જો હારે હુએ દિલ કો ઢારસ દેતી હૈ–હમ તો ફક़ત તેરી કરીમી પે નઝર રખતે હૈં*

**તુમ તો ચાંદ અરબ કે હો પ્યારે, તુમ તો અજમ કે સૂરજ હો**
**દેખો મુઝ બેકસ પર શબને કૈસી આફત ડાલી હૈ**

**અર્થાત :** હે મારા નૂરવાળા કરીમ આકા ! જુઓ આપનો ગુલામ ક્યાં ધક્કા ખાય રહ્યો છે. આપ તો અરબના ચાંદ અને અજમના સૂરજ છો, જરા જુઓ તો આપના બેબસ ઉમ્મતી પર કબ્રની રાતે કેવી મુસીબત લાવીને ખડી કરી દીધી છે. ખુદારા ! તમારા નૂરની એક કિરન અતા કરો જેથી આ ભયાનક રાતના અંધારાથી તો છૂટકારો મળે.

**દુન્યા કો તો કયા જાને યહ બિસ કી ગાંઠ હૈ હર્રાફા**
**સૂરત દેખો ઝાલિમ કી તો કૈસી ભોલી ભાલી હૈ**

*( બિસ = ઝહેર, ગાંઠ = પોટલુ, હર્રાફા = ધોકાબાઝ)*

**અર્થાત :** આ દુનિયા જે દેખાવમાં તને ભોળીભાળી તથા સીધી સાદી જણાય છે પણ તું નથી જાણતો કે આ જાલિમ કેવી પ્રપંચી તથા ઝહેરનું પોટલુ છે. એણે મોટા મોટાઓની હાલત ખરાબ કરી છે અને બેડો ગરક કરી દીધો છે.

**શહદ દિખાયે ઝહર પિલાએ કાતિલ ડાઈન શોહર કુશ**
**ઈસ મુરદાર પે કયા લલચાયા, દુન્યા દેખી ભાલી હૈ ?!**

*(શહદ = મધ, ડાઈન = જાદૂગર સ્ત્રી, કદરૂપી, શોહરકુશ = પતિની ખૂની)*

**અર્થાત :** આ દુનિયા જાલિમ, ધોકાબાઝ, મધ દેખાડીને ઝહેર પીવડાવનારી છે અને એવી કાતિલ છે કે પોતાના પતિનું (કે જે તેની સાથે મહોબ્બત કરે છે તેનું) જ લોહી ચૂંસી જાય છે અને તેને તબાહ કરીને છોડે છે. તો પછી આવી મુરદાર દુનિયા પર શા માટે મરવામાં આવે ? હજારો લોકો તેને અજમાવી ચૂક્યા છે, તો હવે એ અજમાવાયેલીને શું અજમાવવું ?!

**વો તો નિહાયત સસ્તા સોદા બેચ રહે હૈં જન્નત કા**
**હમ મુફલિસ કયા મોલ ચુકાએં અપના હાથ હી ખાલી હૈં**

**અર્થાત :** આ બાજુ અલ્લાહ તઆલા અને તેના પ્યારા રસૂલ ﷺ કેટલો સસ્તો સોદો જન્નતનો વેચી રહ્યા છે ! ان اللّٰہ اشتریٰ من المؤمنین انفسھم واموالھم بان لھم الجنۃ "અમારી જ આપેલી જાન તથા માલ આપી દો અને જન્નત લઈ લો !" પણ હાય નસીબ ! આપણા પાસે (અમલની) પુંજી જ નથી તો આપણે શું કિંમત લગાડીશું ?! આપણુ માથુ જે લોહીની એક મામૂલી સરખી કુપ્પી છે, જો એના બદલે મોતીઓની ખાણ મળે તો શું એ સોદો મોંઘો છે ? નહીં ! હરગિઝ નહીં ! પણ જે એ પણ ન કરી શકે, તો પછી તે ખરીદાર પણ નથી અને દિલદાર પણ નથી.

**મૌલા તેર અફવો કરમ હોં મેરે ગવાહ સફાઈ કે**
**વરના 'રઝા' સે ચોર પે તેરી ડિગ્રી તો ઈકબાલી હૈ**

**અર્થાત** : હે મારા પ્યારા મૌલા કરીમ ! જો તારો લુત્ફો કરમ મારો સફાઈનો ગવાહ (મારી બેગુનાહીની ગવાહી આપનાર) બની ગયો તો નજાતની મજબૂત ઉમ્મીદ છે, નહીં તો ‘રઝા’ બીચારો તો પોતાના જુર્મનો બૂમ પાડીને ઈકરાર કરી બેઠો (ઈક઼બાલી મુજરિમ) છે.

આ પૂરી નઝમમાં ઈમાનવાળાઓ સામે દુનિયાનું ફાનીપણુ તથા તેની ધોકાબાજીઓ તથા પ્રપંચો વર્ણવવામાં આવેલ છે, જેથી કરીને તેની સાથે દિલ લગાડીને પોતાની આખેરત બર્બાદ કરવાના બદલે દીનની તરફ આકર્ષિત થાવ અને અલ્લાહ તઆલા તથા તેના પ્યારા રસૂલ ﷺના ઈશ્ક઼ને દિલમાં પેદા કરો અને પોતાની આખેરત સંવારો, એ આદેશ આપવામાં આવ્યો છે.

## (નઅત શરીફ : ૬૬)

**નબી સરવરે હર રસૂલો વલી હૈ**
**નબી રાઝદારે مَعَ اللّٰهِ لِى (મઅલ્લાહિ લી) હૈ**

*(સરવર = સરદાર, રાઝદાર = રહસ્ય જાણનાર, મઅલ્લાહિ લી = અલ્લાહનો સાથ મારા માટે એક હદીષ પ્રતિ નિર્દેશ છે.)*

**અર્થાત** : આપણા આકા વ મૌલા નબીયુલ અંબિયા, હબીબે કિબરિયા علیہ الصلوٰۃ والسلام દરેક નબી તથા રસૂલ અને દરેક વલીના આકા તથા સરદાર છે, અને આપ જ لی مع اللّٰہ (લીમઅલ્લા)ના રાઝદાર છે. لی مع اللّٰہ એટલે તે હદીષ છે જેમાં આપે ઈર્શાદ ફર્માવ્યો : لی مع اللّٰہ وقت لا یسعنی فیہ ملک مقرب ولا نبی مرسل "મારા માટે અને કેવળ મારા જ માટે અલ્લાહની સાથે ખાસ એક એવો સમય છે જેમાં ન કોઈ મુકર્રબ ફરિશ્તો અને ન કોઈ નબી કે રસૂલ પહોંચ હાંસલ કરી શકે છે." (જવાહિરુલ બિહાર) આ ખાસ સમયથી મુરાદ તે જ સમય છે જે મષ્નવી શરીફના હવાલાથી હઝરત આઈશા સિદીકા رضی اللّٰہ عنہا થી રિવાયત પામેલ હદીષમાં થોડાક પેજો આગળ વર્ણન થઈ ચૂક્યું. વિરોધીઓએ પણ મષ્નવી શરીફની આ હદીષને સ્વીકારી છે. *(જુઓ માહનામા લૌલાક, ફૈઝાબાદ)*

બલ્કે દરેક નબી علیہ السلام ને તેમના હાલના પ્રમાણે આ સમય નસીબ થાય છે. જેવું કે હઝરત યાકૂબ علیہ السلام ને પૂછવામાં આવ્યું કે યૂસુફ علیہ السلام કૂવામાં નજીક જ હતા તો આપે એમના બારામાં કાંઈ ન બતાવ્યું અને હવે ફર્માવી રહ્યા છો : انی لاجد ریح یوسف لو لا ان تفندون "જો તમે ભલુ બુરૂ ન કહો તો મને યૂસફ علیہ السلام ની ખુશ્બુ આવી રહી છે." *(સૂરએ યૂસુફ)* જ્યારે કે એ વખતે યૂસુફ علیہ السلام ખૂબ જ દૂર મિસ્રમાં હતા ?! તો એના પર યાકૂબ علیہ السلام એ ફર્માવ્યું, "એક સમય હોય છે કે જ્યારે અમે આલમે બાલા (ઉપરની દુનિયા) તથા અર્શે આ'લાની સૈર પર હોઈએ છીએ. અને એક સમય એવો પણ હોય છે (જ્યારે ઈસ્તેગરાકે કુલ્લી હાંસલ હોય છે) કે પગોની પીઠ પર પણ ધ્યાન નથી હોતું." *(ગુલિસ્તાને સઅદી)* મૌલાના રૂમે આ હદીષ બાદ એક શેઅર પણ લખ્યો છે જેને કેવળ મહોબ્બતવાળા જ સમજી શકે છે.

لی مع اللّٰہ *(લીમઅલ્લા) દર શાને ખુદ ફરમૂદા–મન ન દાનમ બંદા યા હક્ક તૂઈ*

من رانی فقد رانی الحق "જેણે મને જોયો તેણે હક્ક જોયો." *(બુખારી શરીફ)*

આ બંનેવ હદીષોની રોશનીમાં આ શેઅરને સમજવામાં આવે, અને આમ તેમ ભટકવાથી બચવામાં આવે.

**વો નામી કે નામે ખુદા નામ તેરા**
**રઊફો રહીમો અલીમો અલી હૈ**

**અર્થાત** : આપ علیہ الصلوٰۃ والسلام તે નામી ગિરામી પયગંબરે ખુદા છે કે અલ્લાહ તઆલાએ આપ ﷺ ને પોતાનાં નામો અતા કરી આપ્યાં છે. દા.ત. અલ્લાહ પણ રઊફ હુઝૂર પણ રઊફ, અલ્લાહ પણ રહીમ

હુઝૂર પણ રહીમ, અલ્લાહ પણ અલીમ હુઝૂર પણ અલીમ. અલ્લાહ પણ અલી હુઝૂર પણ અલી. (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)

સાબિત થયું કે કેવળ શબ્દની સમાનતાથી શિર્ક લાગુ નથી થઈ જતું, નહીં તો અલ્લાહ તઆલા આપ ﷺને પોતાનાં નામો ન અતા કરત. આ મસ્અલાને સમજવા માટે જુઓ મારી (લેખકની) કિતાબ ''તૌહીદ વ શિર્ક કા સહીહ મા'ના વ મફહમ'' જેનું વર્તમાન નામ છે દો તેહક઼ીક઼ી મક઼ાલે.

*મીઠા મીઠા હૈ મેરે મુહમ્મદ કા–ઉનપે લાખોં કરોડોં દુરૂદો સલામ (ﷺ)*
*જિસકી રહ઼મતને ઢાંપા હૈ કૌનૈન કો–જિસને આ કે સંભાલા હૈ દારૈન કો*
*જિસકે દમસે હૈં દુન્યામેં રૌનકેં તમામ–ઉન પર લાખોં કરોડોં દુરૂદો સલામ*

**હૈ બેતાબ જિસકે લિયે અર્શે આ'ઝમ**
**વો ઈસ રહ રવે લા મકાં કી ગલી હૈ**

**અર્થાત :** જેના ક઼દમોને બોસા આપવા માટે અર્શે આ'ઝમ બેતાબ નજર આવી રહ્યું છે (તે આપણા આક઼ા عليه الصلوٰة والسلام છે) અને અર્શે મુઅલ્લા તો આ સૈયાહે લામકાંના માટે એક રાહ અને ગલી બનીને રહી ગયું છે !

**નકીરૈન કરતે હૈં તા'ઝીમ મેરી !**
**ફિદા હો કે તુઝ પે યે ઈઝ્ઝત મિલી હૈ**

*(નકીરૈન = મુન્કર નકીર ફરિશ્તા જે ક઼બ્રમાં આવે છે મુડદા પાસે સવાલ કરવા)*

**અર્થાત :** અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺની ગુલામીના તુફૈલ મને એ ઈજ્જત આપી છે કે ક઼બ્રમાં બીજા લોકોને ધમકાવીને સવાલ કરનારા ફરિશ્તા (મુન્કર નકીર) મારી સામે જ્યારે આવ્યા તો (હુઝૂરના મારી ક઼બ્રમાં આગમનના કારણે) હુઝૂરના ગુલામની પણ તા'ઝીમ થવા લાગી. એટલે કે ફરિશ્તા મારી હયા કરવા લાગ્યા કે ગુલામ પોતાના આક઼ાની પનાહમાં છે.

**તલાતુમ હૈ કશ્તી પે તુફાને ગમ કા**
**યહ કૈસી હવાએ મુખાલિફ ચલી હૈ**

*(તલાતુમ = મોજાં પાણીનાં, મુખાલિફ = વિરોધી)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! عليه الصلوٰة والسلام ગમના તોફાનના મોજાંઓએ મારી કશ્તીને ઘેરી રાખી છે અને અજબની વિરોધી હવા પણ ચાલી રહી છે. આપની નજરથી જ મામલો ઠીક થઈ શકે છે.

*ફર્યાદ હૈ અય કશ્તીએ મિલ્લત કે નિગેહબાન–બેળા યહ તબાહી કે ક઼રીબ આન પળા હૈ*

**ન ક્યૂંકર કહૂં યા હબીબી અગિષ્ની**
**ઈસી નામસે હર મુસીબત ટલી હૈ**

**અર્થાત :** સહાબા તથા અહલે બયત તથા અવલિયાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعین પર અમલ કરતાં, જેવો

કે અગાઉ હઝરત મૈમૂનાથી રિવાયત થયેલ એક સહાબી (હઝરત જાબિર)નો કિસ્સો વર્ણન થઈ ચૂક્યો છે. હઝરત આદમ عليه السلامની તૌબા પણ આપના નામની બરકતથી કૃબૂલ થઈ. જુઓ આદમ عليه السلامની વસિયત તેમના પુત્ર હઝરત શીષ عليه السلامને જેમ કે મવાહિબમાં છે. અને કૃયામતના દિવસે જેનું નામ મુહમ્મદ હશે, તો કેવળ એ નામની બરકતથી તેની નજાત થઈ જશે. *(નસીમુર્રિયાઝ, મદારિજ)*

તો પછી હું કેમ ન કહું, (ﷺ) اَغِثْنِیْ یَا رَسُوْلَ اللّٰہ۔اَغِثْنِیْ یَا حَبِیْبِیْ હે અલ્લાહના મહબૂબ રસૂલ ! ﷺ મારી પણ મદદ ફર્માવો. કેમ કે આપના જ નામની બરકતથી દરેક જણની મુસીબત ટળી છે.

*લબ પે જબ ઉનકા નામ આતા હૈ—લામકાં સે સલામ આતા હૈ*
*નામ નામી રસૂલે અકરમ કા—હર મુસીબતમેં કામ આતા હૈ*

**સબા હૈ મુઝે સર સરે દશ્તે તૈયબહ**
**ઉસીસે કલી મેરે દિલ કી ખિલી હૈ**

*(સબા = પ્રથમ રાતની ઉમદા સુહાની હવા, સર સર = તેજ આંધી)*

**અર્થાત :** મારા માટે તો મદીના તયબહના જંગલની ગરમ હવા પણ બાદે સબા (સવારની ઠંડી હવા, જન્નતની હવા) છે, કેમ કે મારા દિલની કળી આ બાબરકત હવાથી ખીલી છે, અને જ્યારે એ હવા ચાલે છે તો મહબૂબની યાદમાં એવો મગ્ન થઈ જાઉં છું કે સરસરની (તેજ આંધીની) ગરમી પણ મને લિજ્જત આપે છે. એક પંજાબી શેઅરનો અર્થ છે : યારના નામ પર ફાંસી પણ મળે તો પાછળ ન હટો અને ફંદાને ચૂમીને ગળામાં નાખી દો.

**તેરે ચારોં હમદમ હૈં યક જાન યક દિલ**
**અબૂબક્ર ફારૂક ઉષ્માં અલી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આકૃા ! ﷺ આપની નિસ્બતથી જ્યારે સર સર (તેજ આંધીની ગરમ હવા) પણ પ્યારી લાગે છે તો પછી આપના પ્યારા યાર અબૂબક્ર,ઉમર, ઉષ્માન, અલી رضوان الله تعالیٰ علیهم اجمعین ભલા કેમ ન અમને પ્યારા હોય ?! જ્યારે કે તેઓ આપસમાં એક તથા મુત્તહિદ હતા. (رحماء بینهم)

**આ'લા હઝરત અને નિસ્બતનો એહતેરામ :** મુહદ્દિષે આ'ઝમે હિંદ સૈયદ મુહમ્મદ અશરફી જીલાની કછોછવી رحمة الله علیه જેઓ હઝરત ફાઝિલે બરેલ્વીના ફયઝ પામેલ અને ખાસ શાગિર્દ હતા. તેમણે પોતાનો એક ખાસ આંખે જોયેલ બનાવ વર્ણવ્યો છે જેને સાંભળીને દરેક મુસલમાનના દિલમાં ફિતરી (પ્રાકૃતિક) તૌર પર હઝરત ગૌષુલ વરા رضی الله عنهની મુકૃદ્દસ જાત અને તેમના નામે પાકથી પણ ગહરી અકૃીદત અને અનહદ દિલી લગાવ પેદા થઈ જશે. મુસલમાનોના એક અઝીમુશ્શાન મજમાને સંબોધન કરતાં તેમણે ફર્માવ્યું :–

''બીજા દિવસે ઈફતા (ફત્વા લખવા)ના કામમાં લગાડતાં પહેલાં જાતે ૧૧ રૂા.ની શીરીની મંગાવી પોતાના પલંગ પર મને બેસાડીને અને શીરીની રાખીને ફાતિહાએ ગૌષિયા પઢીને પોતાના મુબારક હાથ વડે શીરીની મને પણ અતા ફર્માવી. અને હાજરજનોમાં વહેંચવાનો હુકમ આપ્યો. એવામાં અચાનક આ'લા હઝરત પલંગ પરથી ઉઠી પડયા તો સર્વ હાજરજનો પણ તેમની સાથે ઉભા થઈ ગયા કે કદાચ કાંઈ સખત જરૂરતને ખાતર અંદર તશરીફ લઈ જશે.

પરંતુ આશ્ચર્ય અતિઆશ્ચર્ય એ થયું કે આ'લા હઝરત જમીન પર બે પગો ઉભા રાખી બેસી ગયા. સમજમાં ન આવ્યું કે આ શું થઈ રહ્યું છે. જોયું તો એ જોયું કે વહેંચનારની ગફલતથી શીરીનીની એક રજકણ જમીન પર પડી ગઈ હતી અને આ'લા હઝરત એ રજકણને જીભની ટોચ વડે ઉઠાવી રહ્યા છે ! અને પછી પોતાની બેઠક પર રાબેતા મુજબ બેસી ગયા. આ બનાવને જોઈને સર્વ હાજરજનો સરકાર ગ઼ૌષિયતની અઝમત તથા મહોબ્બતમાં ડૂબી ગયા, અને ફાતિહા ગ઼ૌષિયાની શીરીનીના એક એક રજકણના તબર્રુક બની જવામાં કોઈને બીજી કોઈ દલીલની જરૂરત ન રહી. અને હવે સમજ્યું કે વારંવાર મને ફર્માવવામાં આવતું કે હું કાંઈ નથી આ આપના જદ્દે અમજદનો સદકો છે, એ કેવળ મને ખામોશ કરવા માટે ન હતું, અને ન કેવળ મને શરમ અપાવવાનું હતું બલ્કે હકીકતમાં આ'લા હઝરત ગ઼ૌષ પાકના હાથમાં ''ચૂં કલમ દર દસ્તે કાતિબ'' હતા. જેવી રીતે કે ગ઼ૌષ પાક رضی اللہ عنہ સરકારે દો આલમ ﷺના ''ચૂં કલમ દર દસ્તે કાતિબ'' હતા. *(ખુત્બએ સદારત–નાગપુર)*

ખુદ ઈર્શાદ ફર્માવે છે : ''સૈયદ મુહમ્મદ અશરફી સાહબ તો મારા સાહબઝાદા છે. મારી પાસે જે કાંઈ છે તે તેમના જદ્દે અમજદ (એટલે હુઝૂર સૈયદના ગ઼ૌષે આ'ઝમ رضی اللہ عنہ)નો અતિયો છે. *(મલ્ફૂઝાત, ૩/૧)*

*ક઼દ્ર વાલે જાનતે હૈં ક઼દ્ર શાને અહલે બયત*

સારાંશ કે નિસ્બતની અદબ શીખવી હોય કોઈએ તો આ'લા હઝરતથી શીખે. આપ સહાબા, અહલે બયત, અવલિયા સૌની તા'ઝીમ કરતાં શીખવાડે છે.

**ખુદાને કિયા તુઝ કો આગાહ સબસે**
**દો આલમમેં જો કુછ ખફીયો જલી હૈ**

*(ખફી વ જલી = છુપુ તથા જાહેર)*

**અર્થાત** : હે મારા પ્યારા આકા ! અલ્લાહ તઆલાએ આપને એવો ઈલ્મ અતા ફર્માવ્યો છે : اَلرَّحْمٰنُ ۙ عَلَّمَ الْقُرْاٰنَ ۙ ''રહમાને પોતાના મહબૂબને કુર્આન શીખવાડયું.'' *(સૂ. અર્રહમાન, ૫૫/૧–૨)* وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ''અને તમને શીખવાડયું જે કાંઈ તમે ન જાણતા હતા.'' *(સૂ. નિસાઅ્, ૪/૧૧૩)* فعلمت ما فی السموات وما فی الارض કે આપ બંને જહાનની દરેક છુપી તથા દરેક જાહેર હકીકતને જાણવાવાળા છો. *(હદીષ)*

*મગર બેખબર, બેખબર જાનતે હૈં*

**કરું અર્ઝ કયા તુઝસે અય આલિમિસ્સિર્ર**
**કે તુઝ પર મેરી હાલતે દિલ ખુલી હૈ**

**અર્થાત** : હે મારા સર્વ કાંઈ જાણવાવાળા ! આલિમે માકાન વમા યકૂન ﷺ હું આપની બારગાહમાં મારુ દુઃખડુ પેશ કરું છું. તો એનો મતલબ એ નથી કે નઊઝુબિલ્લાહ ! આપને મારા બતાવવાથી માલૂમ થાય છે. આપને તો અલ્લાહ તઆલાએ સર્વ કાંઈ બતાવી દીધું છે, હું તો મારા દિલનો બોજ હલકો કરવા માટે રોદણા રડુ છું, નહીં તો આપ તો છુપી ચીજોને પણ જાણવાવાળા છે. એક મારા બીમાર દિલની શું વિશાળતા છે, આપ પર

તો દરેક દિલની હાલત ઉઘાડા દિવસની જેમ સ્પષ્ટ છે.

**તમન્ના હૈ ફર્માઈયે રોઝે મહશર**
**યહ તેરી રિહાઈકી ચિઠ્ઠી મિલી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! علیہ الصلوٰۃ والسلام મારી જિંદગીની સૌથી મોટી એ તમન્ના છે કે ક઼યામતના દિવસે જ્યારે નફસા નફસીનો આલમ હશે, કોઈ કોઈનો હાલ પૂછનાર ન હશે. હું પણ અન્ય લોકોની જેમ માર્યો માર્યો ફરતો હોઈશ, તો અન્ય લોકોને ફરિશ્તાઓ દોઝખથી મુક્તિ તથા જન્નતમાં દાખલ થવાની જો ખબર સંભળાવે તો તેમને એ મુબારક ! પરંતુ હું ચાહું છું કે મારા બારામાં આપ وَمَا يَنْطِقُ عَنِ الْهَوٰى ''અને તે કોઈ વાત પોતાની ઈચ્છાથી નથી કરતા.'' *(સૂરએ નજ્મ, ૫૩/૩)*ની ઝબાનથી ખુદ ફર્માવો કે, ''હે અહમદ રઝા ! આ તરફ આવી જા ! આ તારી મુક્તિની ચિઠ્ઠી મારા હાથમાં છે.'' મિશ્ક઼ાત શરીફમાં કલ્માએ શહાદતની એક એવી જ ઈમાન અફરોઝ ચિઠ્ઠીનો હસીન બનાવ પણ મૌજૂદ છે. જે બંદાના ૯૯ રજીસ્ટરો ગુનાહોથી ભરેલાં હશે. એક રજીસ્ટર નજરની હદ સુધી ફેલાયેલું હશે. છેવટે એની નજાત એક કાગળના ટુકડાથી થઈ જશે જેના પર કલ્મએ શહાદત લખેલો હશે. –*(તિર્મિઝી, અહમદ, ઈબ્ને માજહ)*

**જો મક઼સદ ઝિયારત કા બર આયે ફિર તો**
**ન કુછ ક઼સ્દ કિજિયે ન ક઼સ્દે દિલી હૈ**

*(બર આયે = પૂર્ણ થાય, ક઼સ્દ = ઈરાદો)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! આપની બારગાહમાં મહોબ્બતવાળાઓની ભીડમાં એ વાતની તમન્નાવાળો છું કે આપની ઝિયારત થઈ જાય, એ સિવાય ન કોઈ અન્ય ઈરાદો છે અને ન તો કોઈ દિલી તમન્ના છે.

**તેરે દર કા દરબાન હૈ જિબરીલે આ'ઝમ**
**તેરા મદહખ્વાં હર નબીઓ વલી હૈ**

*(મદહખ્વાં = પ્રશંસક)*

**અર્થાત :** હે મારા અઝમત તથા શાનવાળા નબી ! (صلی اللہ علیہ وسلم) આપની કઈ કઈ શાન વર્ણન કરવામાં આવે ! સૈયદુલ મલાઈકા જિબ્રીલે અમીન علیہ السلام આ પના દરના દરવાન છે, અને દરેક નબીએ પોત પોતાના દૌરમાં પોત પોતાની ઉમ્મતની સમક્ષ અને મસ્જિદે અકસામાં દરેક નબીએ તમામ રસૂલો સામે જિબ્રઈલ علیہ السلام અને ખુદ આપની મૌજૂદગીમાં આપની શાનના ખુત્બા પઢયા છે. (અમુક નબીઓનું હુઝૂર علیہ الصلوٰۃ والسلامની શાનમાં બયાન કુર્આનમાં આજે પણ ચમકી રહ્યું છે. જેમ કે હઝરત ઈસા علیہ السلامએ ફર્માવ્યું : مُبَشِّرًۢا بِرَسُوْلٍ يَّاْتِيْ مِنْۢ بَعْدِي اسْمُهٗٓ اَحْمَدُ ''અને તે રસૂલની બશારત સંભળાવું છું જે મારા બાદ તશરીફ લાવશે, તેમનું નામ અહમદ છે.'' *(સૂરએ સાફ્ફ, ૬૧/૬)* હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ દુઆ કરી : رَبَّنَا وَابْعَثْ فِيْهِمْ رَسُوْلًا ''હે અમારા રબ ! અને મોકલ એમાં એક રસૂલ.'' *(સૂ. બક઼રહ, ૨/૧૨૯)*

હુઝૂર ﷺએ ફર્માવ્યું : دعوة ابراهيم وبشارة عيسىٰ "હું ઈબ્રાહીમની દુઆ, ઈસાની બશારત અને મારાં વાલિદાનો ખ્વાબ છું." (على نبينا عليهما السلام)

*વો જિસ્કે નામસે દાઊદને નગ્મા સરાઈ કી–વો જિસકી યાદ મેં શાહ સુલૈમાનને ગદાઈ કી*
*ખલીલુલ્લાહને જિસકે લિએ હક઼ સે દુઆએં કીં–ઝબીહુલ્લાહને વક઼તે ઝબહ જિસ્કી ઈલ્તિજાએં કી*
*–(હફ઼ીઝ જલંધરી)*

**શફ઼ાઅત કરે હશ્રમેં જો 'રઝા' કી**
**સિવા તેરે કિસ કો યહ કુદરત મિલી હૈ**

**અર્થાત :** મારા જેવા ગુનેહગાર (અહમદ રઝા)ની શફ઼ાઅત હશ્રના મેદાનમાં મારા આક઼ા ! ﷺ ભલા આપના સિવાય કોણ કરી શકે છે ? કેમ કે મારા જેવા ગુનેહગારને બખ્શાવવું ભલા કોઈ મામૂલી વાત છે ?! કોઈ મહાન શાનવાળો જ હશે જે આ કામ કરી શક્શે. અને આપનાથી વધીને કોણ મહાન શાનવાળો હોય શકે છે ?! *બઅદઝ ખુદા બુઝુર્ગ તુઈ કિસ્સા મુખ્તસર.*

## (નઅત શરીફ઼ : ૬૭)

**ન અર્શે અયમન ન إِنِّي ذَاهِبٌ મેં મયહમાની હે**
**ન લુત્ફ઼ أُدْنُ يَا أَحْمَد નસીબ لَنْ تَرَانِي ની હે**

*(અયમન : અમ્નવાળો نودی من شاطئ الواد الایمن કુર્આની આયત તરફ઼ ઈશારો છે, ઈન્ની ઝાહિબ = બેશક ! હું જાણનારો છું. હઝરત મૂસા علیہ السلام નો ક઼ૌલ إِنِّي ذَاهِبٌ ની તરફ઼ ઈશારો છે, ઉદનુ યા મુહમ્મદ = હે પ્યારા અહમદ ! નજીક થઈ જા !, શબે મેઅરાજ અલ્લાહે પોતાના હબીબને ફ઼ર્માવ્યું. લન્તરાની = તુ મને હરગિઝ નથી જોઈ શકતો. મૂસા علیہ السلام ની દીદારે રબની માગણી પર રબે ફ઼ર્માવ્યું)*

**અર્થાત :** ન તો અમ્નની વાદી (કોહે તૂર અમને સુકૂન અતા કરે) અને નથી હું એ લાયક કે કહું, انی ذاھب الیٰ ربی سیھدین "હું મારા રબની તરફ઼ જાઉં છું તે જ મને હિદાયતની રાહે ચલાવશે." (અને) ત્યાં મારી મહેમાન નવાઝી કરવામાં આવશે, ન તો હું اُدنی منی یا احمد "હે પ્યારા અહમદ ! મારા નજીક આવો."ની દિલનવાઝ સદાનો લુત્ફ઼ ઉઠાવી શકું છું. કેમ કે આપણુ તો નસીબ لَنْ تَرَانِي છે કે તું હરગિઝ મને નથી જોઈ શકતો. (આ દુનિયામાં અલ્લાહને જાગૃતાવસ્થામાં જોવું કેવળ હુઝૂર ﷺનો વિશિષ્ટ મો'જિઝો છે) આ શેઅરને આગલા શેઅર સાથે મિલાવવામાં આવશે તો પૂરો ભાવાર્થ સમજમાં આવી જશે.

**નસીબ દોસ્તાં ગર ઉનકે દર પર મૌત આતી હે**
**ખુદા યૂં હી કરે ફિર તો હમેશાં ઝિન્દગાની હે**

**અર્થાત :** દોસ્તોનું મુક઼દ્દર જો મને પણ સાથે લઈ જાય અને આક઼ાએ દો જહાં ﷺના દરે અક઼દસ પર મૌત નસીબ થઈ જાય ! જો ખુદા તઆલા એ સઆદત (નેક નસીબી) અતા કરી આપે, તો પછી હમેશાંની જિંદગી તથા કાયમનો ચૈન તથા ક઼રાર યક઼ીની છે.

*મિટ્ટી ન હો બર્બાદ પસે મર્ગ ઈલાહી–જબ ખાક ઉળે મેરી મદીને કી ગલી હો*

**ઉસી દરપે તળપતે હૈં, મચલતે હૈં, બિલકતે હૈં**
**ઉઠા જાતા નહીં, ક્યા ખૂબ અપની નાતવાની હે**
*(નાતવાની = કમજોરી)*

**અર્થાત :** અમે અમારા આક઼ા ﷺના દરે અક઼દસની ચોખટને થામીને તડપતા રહીશું, ધ્રુસ્કાં ખાય ખાયને રડતા રહીશું અને અમારી સરકારથી રડી રડીને વારંવાર કરમની ભીખ માગતા રહીશું. કેમ કે આપના ડરથી ઉઠવા પણ ચાહીશું તો ન ઉઠી શકીશું. કમજોરી તથા અશક્તિ જ એટલી થઈ છે. અને આ કમજોરી કેટલી સારી છે જેણે અમને આક઼ા علیہ الصلوٰۃ والسلام ના દર પર પાડી દીધા છે !

**કલામે રઝા અને તેના શરઈ તકાઝા :** દુનિયાનો કયો પ્રદેશ એવો છે જ્યાં ઈમામુલ અંબિયા ﷺની પ્રશંસા ન થઈ રહી હોય. દરેક ભાષા દરેક સ્થળ અને દરેક ઝબાનમાં સરકારે મદીના ﷺની અઝમત તથા

શાનના ડંકા વાગી રહ્યા છે અને આ ક્રમ ક઼યામત સુધી ખુદાના વાયદા પ્રમાણે વધતો જ જશે અને ક઼યામતના દિવસે પોતાના પૂરા જોબન તથા ઊંચાઈ પર હશે, કેમ કે : وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ''અને બેશક ! પાછલી તમારા માટે પહેલી કરતાં બેહતર છે.'' *(સૂ. ઝુહા, ૯૩/૪)*

એ જ પ્રમાણે અખંડ ભારતની ભૂમિ પર ઉલમાના તબક઼ામાં ઘણા જ મહાન ઈલ્મો દાનિશ તથા દીની દુન્યવી ઈલ્મના ફ઼ાઝિલ (સ્કોલર) પેદા થયા પરંતુ એમાંથી કોઈ પણ એવો નથી જે ૧૦૬ થી વધુ ઈલ્મો તથા વિદ્યા કલાઓ પર સંપૂર્ણ નિપૂણતા ધરાવવા ઉપરાંત સાથોસાથ પ્રથમ હરોળનો ક઼ાદિરુલ કલામ નઅત ગો શાઈર પણ હોય. આ એતબારથી મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની શખ્સિયત બિલ્કુલ અનોખી તથા અનુપમ જોવા મળે છે.

ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہએ નઅતગોઈની વિદ્યામાં જે આ'લા તથા ઉચ્ચ સ્થાન હાંસલ કર્યુ તે ઘણા જ ઓછા શાઈરોના હિસ્સામાં આવ્યું છે. નઅત શરીફ આ'લા હઝરત رحمۃ اللہ علیہથી પહેલાં પણ કહેવામાં આવતી હતી અને એમના બાદ પણ નઅત ગોઈનો ચશ્મએ ફયઝ જારી છે અને ઈન્શાઅલ્લાહ ! હમેશા માટે ચાલુ રહેશે.

નઅત ગોઈના મેદાનમાં રસ્મી તૌર તથા રિવાજ પ્રમાણે દુનિયાના લગભગ સર્વ મઝહબોના શાઈરોએ હિસ્સો લીધો છે પણ નઅત ગો હસ્તીઓના ઈમામ, હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ જે જઝ્બ તથા કૈફ સાથે નઅતો લખી છે, તેમની નઅતનો એક એક શબ્દ ઈશ્કે રસૂલમાં ડૂબેલો છે, અને આપની મોટાભાગની નઅતો કુર્આની આયતો અને મુબારક હદીષોના હવાલાઓથી સજજ છે. આશ્ચર્યનો મક઼ામ છે કે આપે નઅતગોઈની વિદ્યામાં કોઈની શાગિર્દી સુદ્ધાં અપનાવી નથી, બલ્કે કેવળ સરકારે રસૂલ صلی اللہ علیہ وسلمની દરબારના મક઼બૂલ શાઈર હઝરત હસ્સાન رضی اللہ عنہના નક઼શે ક઼દમ પર સાબિત ક઼દમ રહ્યા. ખુદ ફર્માવે છે :–

*રહબર કી રહે નઅતમેં અગર હાજત હો–નક઼શે ક઼દમે હઝરતે હસ્સાન બસ હૈ*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કોઈ નઅત શરીફ કોઈ મુશાયરામાં પઢીને સાંભળવાવાળાઓથી દાદ વસૂલ કરવા માટે નથી લખી, બલ્કે જે વખતે જાને જાનાં صلی اللہ علیہ وسلمની યાદ તડપાવતી તો ઝબાન પર નઅત શરીફ ચાલુ થઈ જતી. ક઼ાદિરુલ કલામ શાઈર હોવા છતાં કદાપિ શાઈર હોવાનો દાવો નથી કર્યો. ફર્માવે છે :–

*પેશા મેરા શાઈરી ન દાવા મુઝ કો–હાં ! શરઅ કા અલ્બત્તા હૈં જંબહ મુઝ કો*
*મૌલા કી ષનામેં હુકમે મૌલા કે ખિલાફ–લૌ ઝીના મેં સૈર તો ન ભાયા મુઝ કો*

એક બીજી જગાએ કહ્યું :–

*ષનાએ સરકાર હૈ વઝીફ઼ા–કુબૂલે સરકાર (صلی اللہ علیہ وسلم) હૈ તમન્ના*
*ન શાઈરી કી હવસ ન પરવાઝ–વિય્ય થી કયા કૈસે ક઼ાફ઼િયે થે*

ઈમામે નઅત ગોયાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની નઅતો કુર્આન તથા હદીષની તશરીહાત (ખુલાસાઓ) પર આધારિત છે. તદ્દન દિલના હક઼ીક઼ી હાલાત પર આધારિત છે. અમુક શાઈરો નઅત શરીફમાં પણ અતિશયોક્તિ પર ઉતરી આવે છે, પરંતુ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કદી નઅત શરીફમાં અતિશયોક્તિપણાને સાંભળવું પણ

પસંદ નથી કર્યું. મૌલાના મુહમ્મદ મહેબૂબઅલીખાં ક઼ાદરી رحمۃ اللہ علیہ એક નજરે જોયેલો બનાવ આ પ્રમાણે વર્ણવે છે :–

''આ બનાવ મેં મારી આંખો વડે જોયો છે અને બીજા પણ એને જોવાવાળા બિહમ્દિહી તઆલા મૌજૂદ છે કે એક હાફિઝ સાહબ જે હુઝૂર પુરનૂર ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મુખ્લિસ ચાહકોમાંથી હતા. અમુક કલામ લખીને સુધારણાની ગરજે સંભળાવવા માટે હાજર થયા. ઈજાઝત આપી તો સંભળાવવાનું શરૂ કરી આપ્યું. દરમ્યાનમાં એક શેઅરના શબ્દો હતા કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું હુઝૂરની મહોબ્બતમાં દિન રાત તડપુ છું, ખાવા પીવા સૂવાનું સૌ મૌકૂફ થઈ ગયું છે ! કોઈ સમયે મદીના તયબહની યાદ દિલથી અલગ નથી થતી.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હાફિઝ સાહબ ! જે કાંઈ તમે લખ્યું છે એ જો ખરેખર હક઼ીક઼ત છે તો એમાં શક નથી કે આપનો ઘણો જ મહાન મર્તબો છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની મહોબ્બતમાં આપ ફના થઈ ચૂક્યા છો અને જો આ કેવળ શાઈરના અતિશયોક્તિ છે તો ખયાલ કરો કે જૂઠ અને તે કઈ સરકારમાં ?! જેમને દિલના ઈરાદાઓ, વસવસાઓ, દિલોની ખ્વાહિશો અને નિય્યતોની ખબર છે, જેમને માટે અલ્લાહ جل جلالہએ મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)નું કાંઈ રજકણ ન છુપાવ્યું. અને ત્યારબાદ આ પ્રકારના શેઅરો કટ કરાવી દીધા.

*–(ફ઼લાદાએ બખ્શિશ, પેજ : ૯, ૧૦)*

ઈમામ અહમદ મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની નઅતો સફહાએ કિ઼રતા઼સ (લેખિત રૂપે) ક્યારે આવવાની શરૂ થઈ અને નઅતિયા દીવાન ક્યારે અસ્તિત્વમાં આવ્યો એના અનુસંધાનમાં મસ્ઊદે મિલ્લત પ્રો. ડો. મુહમ્મદ મસ્ઊદ અહમદ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ આ આ પ્રમાણે દર્શાવે છે :–

''પ્રારંભમાં મૌલાના બરેલ્વી رحمۃ اللہ علیہનું કલામ વિવિધ મેગેઝિનોમાં છપાતુ રહ્યું. દા.ત. ''માહનામા અર્રઝા''–બરેલ્વી, માહનામા તોહફાએ હનફિયા–પટના વગેરે. એ મેગેઝિનોના અમુક અંકો નજરથી ગુજર્યા જેમાં અરબી, ઉર્દૂ તથા ફારસીના કલામ સામેલ છે. ઈ.સ. ૧૯૦૭, હિ.સ. ૧૩૨૫માં મૌલાના બરેલ્વી رحمۃ اللہ علیہના કલામનો એક સંગ્રહ બે હિસ્સાઓમાં પટના તથા બરેલીથી પ્રકાશિત થયો. અત્યાર સુધી ''હદાઈકે઼ બખ્શિશ''ના દીવાનને સર્વ કલામોનો સંગ્રહ સમજવામાં આવતો રહ્યો પણ એ સહીહ નથી. માહનામા તોહફાએ હનફિયા–પટનામાં જાહેરાત નજરથી ગુજરી જેમાં ''હદાઈકે઼ બખ્શિશ''ને ઈન્તેખાબે દીવાન લખ્યું છે. એના પરથી અંદાઝો થાય છે કે મૌલાના બરેલ્વી رحمۃ اللہ علیہનાં કલામ હજી પણ પૂરા ભેગા નથી થઈ શકયા. અભ્યાસ દરમિયાન જે હક઼ીક઼તો તથા સાક્ષીઓ સામે આવી એનાથી આ ખયાલને અધિક સમર્થન મળીગયું.

*–(ઈમામે અહલે સુન્નત, પેજ : ૫૬)*

હદાઈકે઼ બખ્શિશે નઅતની દુનિયામાં તહેલકો મચાવી દીધો. જેણે એને પઢયું અનાયાસે ઝુમી ઉઠયો, દર્દ તથા સોઝો ગુદાઝમાં કેદ થઈ ગયો, તેના અશ્આર દિલમાં ઉતરતા ચાલ્યા ગયા. મૌલાના હસરત મોહની عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ પણ સારા શેઅરોની આ જ રીતે તારીફ કરી છે :–

*શેઅર દર અસ્લ વહી ''હસ્રત''–દિલમેં સુનતે હી જો ઉતર જાએં !*

આ'લા હઝરત બરેલ્વી رحمۃ اللہ علیہની સવાનેહ (જીવન ચરિત્ર) લખનાર બદરે મિલ્લત અલ્લામા બદરુદ્દીન અહમદ ક઼ાદરી હદાઈકે઼ બખ્શિશના બારામાં આ પ્રમાણે સરસ વિવેચન લખે છે :–

''આપનો નઅતિયા દીવાન 'હદાઈકે઼ બખ્શિશ' હમ્દ તથા નઅત, દુઆ તથા ઈલ્તિજા, સલામ તથા મન્ક઼બત,

ઈશ્કો મહોબ્બત, હકી઼કતો મઅરેફત, મો'જિઝાઓ તથા કરામતો, આયતો તથા હદીષોની શરહો વગેરે વિષયોનો એક એવો મોજાં મારતો સમુદ્ર છે જેની વિશાળતા તથા ગહરાઈનો અંદાઝો બસીરતવાળાઓ જ કરી શકે છે. જેવી રીતે આપ ઈમામે અહલે સુન્નત છે, એવી જ રીતે આપનું કલામ પણ કલામો સુખનનો ઈમામ છે. જેમ કે આપના હદાઈકે઼ બખ્શિશના દીવાન પર 'કલામુલ ઈમામ ઈમામુલ કલામ'નું કહેણ શબ્દે શબ્દ સાચુ ઠરે છે. અને કેમ ન સાચુ ઠરે કે, 'હદાઈકે઼ બખ્શિશ', હસ્સાનુલ અસ્ર, ખુસ્રવા ક઼લીમે સુખન, શહેનશાહે નઅત ગોયાં, આ'લા હઝરત, અબ્દુલ મુસ્તફા, અહમદ રઝા رحمۃ اللہ علیہના ઈશ્ક઼ભર્યા દિલનો અવાજ છે અને મદ્દાહાને રસૂલ صلی اللہ علیہ وسلمના માટે દીવાદાંડી સમાન છે." *(ઈમામ અહમદ રઝા ઔર ઉન્કે મુખાલિફીન, પેજ : ૩૫)*

નઅતની દુનિયામાં ફન્ને શાઈરીના લેહાઝથી પણ આ'લા હઝરત બરેલ્વી رحمۃ اللہ علیہનો દીવાન "હદાઈકે઼ બખ્શિશ" પોતાનું દષ્ટાંત પોતે જ છે. ઉચ્ચ કક્ષાના અદીબ (સાહિત્યકાર), કહનાએ મશ્ક શાઈર તથા નક્કા઼દ અલ્લામા શમ્સુલ હસન "શમ્સ" બરેલ્વી مدظلہ العالیએ જ્યારે "હદાઈકે઼ બખ્શિશ"નું તેહકી઼કી઼ તથા અદબી રીતે નિરીક્ષણ કર્યું તો પોતાને ન્યાયી ફેંસલો આ મુજબ સંભળાવ્યો :–

"હું આપની સમક્ષ હદાઈકે઼ બખ્શિશનું અદબી તથા તેહકી઼કી઼ પરીક્ષણ રજૂ કરી રહ્યો છું. આપ યકી઼ન કરો કે મેં અકી઼દત તથા ઈરાદતને આ માર્ગમાં આડ બનવા નથી દીધી અને મારા ક઼લમે અકી઼દત સામે માથુ નથી નમાવ્યું. એ અલગ વાત છે કે ઈમામે અહલે સુન્નત (رحمۃ اللہ علیہ)ની ઝાતે ગિરામી તથા આપનો મહાન મર્તબો, આપની ઈલ્મી સમૃદ્ધતા અને આપની સમયની અજોડ હસ્તીનો ફાઝિલાના વક઼ાર ક઼દમ ક઼દમ પર લગામ પકડતો રહ્યો, પરંતુ અલ્લાહ તઆલાનો ફઝલો કરમ અને તેના મહબૂબે ઝીશાન صلی اللہ علیہ وسلمની નિગાહે ઉલ્ફત મારા હાલમાં સામેલ રહી અને મેં હઝરત રઝા رحمۃ اللہ علیہની શાયરીનું દરેકે દરેક પાસા તથા એંગલથી નિરીક્ષણ કર્યું. મારા ચિંતનની પહોંચે દરેક રીતે તપાસ તથા નિરીક્ષણમાં કોઈ ઉણપ વર્તી નથી, છતાં હું શું કરું કે આ વહીદે અસ્ર તથા સમયની અજોડ હસ્તીની અનુપમ નઅતિયા શાઈરીમાં ભાષાના એતેબારે તથા વર્ણન શૈલીમાં મને ક્યાંય કોઈ ઉણપ નજર ન આવી, અને મને ક્યાંય એવું કહેવાનો મોકો઼ ન મળ્યો કે શાઈરીની કલાના એતેબારથી હઝરત રઝા رحمۃ اللہ علیہના કલામમાં આ ઉણપ કે આ ક્ષતિ મૌજૂદ છે."

ડો. સરવર અકબરાબાદી **M.A.P.hd.** આ પ્રમાણે વિવરણ કરે છે :–

"હદાઈકે઼ બખ્શિશ"માં એવી અગણિત નઅતો છે જેમની સાદગી તથા આપોઆપ સ્ફૂરણા તથા ફસાહત તથા બલાગત (ભાષાનું ઉમદાપણુ, અલંકારિકતા)નાં ઉદાહરણો બીજા શાઈરોને ત્યાં નથી મળતી. જેવાં નવાં તથા દુર્લભ દષ્ટાંતો, અજીબો ગરીબ ઈસ્તે આરાત, જેવા રુમુઝ તથા અલાઈમ (રહસ્યો) અને જે ઝાએઅ બદાએઅ (નવી ચીજો) આપે વાપરી છે તે બીજાઓને ત્યાં ખૂબ જ ઓછી જોવા મળે છે." *(મઆરિફે રઝા, કરાચી)*

જનાબ અશ્ફાક઼ અહમદ રઝવી **(B.A.)** કહે છે :–

"આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનું કલામ માલાકલામ ફિયહ છે. શરીઅત તથા કુર્આને પાકની રોશનીમાં દરેક શરઈ ખામીઓ તથા દરેક પ્રકારના અયબ તથા અતિશયોક્તિથી પાક તથા સાફ છે. હાલ તો આ'લા હઝરત નઅતિયાના કલામે અયવાનના વિશે એમનો જ મિસ્રો લખીને ખામોશ થઈ જાઉં છું :–

*વો સુખન હૈ જિસમેં સુખન ન હો–વો બયાં હૈ જિસ્કા બયાં નહીં*

પ્રોફેસર ફારૂક અહમદ સિદીકી (ચકયા કોલેજ—બિહાર)એ જ્યારે ''હદાઈકે બખ્શિશ''ને વિવેચનની દષ્ટિએ અભ્યાસ કર્યો તો આપે જઝબાતને આ રીતે પ્રદર્શિત કર્યો :–

''હદાઈકે બખ્શિશ પર શરૂથી અંત સુધી વિવેચનાત્મક નજર નાખવામાં આવે, દોસ્તની નજરથી નહીં ! દુશ્મનની નજરથી કે પક્ષપાતી નજરનથી નહીં ! પણ નિષ્પક્ષ દષ્ટિથી, દૂરબીનથી નહીં ખુર્દ બીની નજરથી, ક્યાંય એક શેઅર પણ એવો નહીં મળે જે કિતાબ તથા સુન્નતથી ટકરાતો તથા એહકામે શરીઅતથી વિરુદ્ધ હોય. ન ક્યાંય ઈફરાત તથા તફરીત (અસંતુલિતપણુ) જોવા મળશે બલ્કે એક ખુશગવાર મધ્યમપણુ, સમતોલપણાની ચાંદની દરેક જગાએ છલકતી જોવા મળે છે. અને બેશક ! આટલી કામયાબી તથા સુંદર શૈલીમાં તે જ ઉભરી શકે છે જે બારગાહે રિસાલત મઆબ ﷺની અદબનો માહિર તથા મુવીદે મિનલ્લાહ (અલ્લાહની અતા પામેલ) હોય. ખરેખર કદાપિ આ'લા હઝરતે કોઈનાથી દાદ પામવાની ઉમ્મીદ નથી કરી અને બદલાની પરવા નથી કરી, તો એ જ દરબારે ગોહરબારથી જેમની શાન તેમની ઝબાનમાં આ પ્રમાણે છે :–

*માંગેગે માંગે જાએંગે મુંહ માંગી પાયેંગે–સરકાર મેં ન લા હૈ ન હાજત અગર કી હૈ*
*લબ વાં હૈં આખેં બંદ હૈં ફૈલી હૈ જોલિયાં–કિતને મઝે કી ભીક તેર પાક દરકી હૈ*

*(અલ્કૌલુસ્સદીદ–લાહોર, સૈયદ સાબિરહુસૈન શાહ સાહબ અલ્હકાઈક ફીલ્ હદાઈક, ફયઝે મિલ્લત અલ્લામા અહમદ ઉવૈસી સાહબ)*

**હર એક દીવારો દર પર મહરને કી હૈ જબીં સાઈ**
**નિગારે મસ્જિદે અકદસમેં કબ સોને કા પાની હૈ ?!**

**અર્થાત :** સરકારે દો આલમ ﷺની મસ્જિદે અકદસ (મસ્જિદે નબવી)ની દીવાલો પર જે સોનેરી રંગના નૂરાની નકશો નિગાર તથા જલ્વા જોવા મળે છે તો કોઈ એવું ન સમજે કે દરો દીવાર પર સોનાના પાણી વડે નકશીકામની કારીગરી કરવામાં આવી છે, બલ્કે સૂરજે દરેક દરો દીવારો પર સજદારેઝીઓ કરીને પોતાના નૂરની કિરણો વિખરેલી છે.

*જાઓ જો મદીને તો સુનો કાન લગાકર–સરકાર કી બાતેં દરો દીવાર કરેંગે*

**તેરે મંગતા કી ખામોશી શફાઅત ખ્વાહ હૈ ઉસ્કી**
**ઝબાને બેઝબાની તર્જમાને ખસ્તા જાની હૈ**

*(ખસ્તાજાની = કફોડી હાલત)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ હું આપના દરનો તે મંગતો છું કે તદન ચુપ રહું અને કાંઈ પણ અર્ઝ ન કરું તો મારો કફોડી હાલત અને બદ્આમાલી જ બતાવી રહી છે કે હું આમનાથી શફાઅતની ભીખ માગી રહ્યો છું.

**ખુલે કયા રાઝે મહબૂબો મુહિબ્બ મસ્તાને ગફલત પર**
**શરાબે قَدْ رَأَى الحق (કદરાઉલ હક્ક) ઝેબ જામે من رانی (મન રઆની) હૈ**

*(قَدْ رَأَى الحق = હદીષ من رانی فقد رای الحق ''જેણે મને જોયો તેણે હક્ક જોયો.''નો અંતિમ હિસ્સો, ઝેબ = પહેરવું)*

**અર્થાત :** લોકો જેને ગાફેલ સમજે છે એ ગફલતના મસ્તો પર મહાન મહાન અજબનાં રહસ્યો ખુલ્લા પડે

છે, કેમ કે મહબૂબનો જલ્વો એક એવા પર્દામાં છે કે قَدْ رَأَى الحق "એણે હક્ક જોયો"ની શરાબ તે જ પીએ છે જે من رانی "જેણે મને જોયો"ને જામ હાથમાં લે છે. આ હદીષ મિશ્કાત શરીફમાં પેજ : ૩૯૪ પર છે. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જેણે મને જોયો તેણે હક્ક જોયો." આ હદીષને અમુક હદીષોથી મિલાવીશું તો અર્થ સમજવામાં આસાની થશે. બુખારી શરીફની અમુક હદીષો આ પ્રમાણે છે :–

ومحمد حق "અને મુહમ્મદ હક્ક છે." આ લાંબી હદીષનું એક વાક્ય છે. એમાં છે, જન્નત હક્ક છે, દોઝખ હક્ક છે...... વગેરે.

એક હદીષમાં છે, "જેણે મને ખ્વાબમાં જોયો તેણે યક઼ીનન ! મને જ જોયો. فان الشیطان لا یتمثل بی કેમ કે શૈતાન મારુ સ્વરૂપ નથી અપનાવી શકતો." *(બુખારી, મિશ્કાત, પેજ : ૩૯૪)*

એક હદીષમાં ફર્માવ્યું, "જેણે મને ખ્વાબમાં જોયો તો નજીકમાં જ મને જાગતાંમાં પણ જોશે." (મૌતના સમયે અથવા જિંદગીના કોઈ પણ મોડ પર જેમ કે ઈમામ જલાલુદ્દીન સિયૂતી رضی اللہ عنہને જાગૃતાવસ્થામાં ૭૨ વખત હુઝૂર ﷺની ઝિયારત (દીદાર) નસીબ થવું મશહૂર છે) ولا یتمثل الشیطان بی, "અને શૈતાન મારી સૂરત અપનાવવાની હિંમત નથી કરતો." *(બુખારી, પેજ : ૨૫, મિશ્કાત, પેજ : ૪૯૪, મુસ્લિમ શરીફ, પેજ : ૨/૨૪૩)*

હવે એક હદીષ વધુ જોઈ લો તો શેઅરને સમજવાની કોશિશ ઈન્શાઅલ્લાહ ! કામયાબ થશે કે આ મસ્તોને કેવી રીતે જલ્વા જોવા મળે છે. આપ ﷺએ ફર્માવ્યું :–

رب اشعث اغبر مدفوع بالا بواب لو اقسم علی اللّٰہ لابرہ (او کما قال النبی ﷺ) "ઘણા બધા લોકો જેમના વાળ વિખેરાયેલા અને ધૂળમય હોય છે, દરવાજાઓ પરથી ધક્કા દઈને ખસેડી મૂકવામાં આવે છે. પરંતુ અલ્લાહને ત્યાં એમનો એ મક઼ામ હોય છે કે જો કોઈ વાત પર ક઼સમ ખાયને અડી જાય કે આવું જ થશે ! તો અલ્લાહને તેમની ક઼સમની હયા આવે છે અને તેમની ઝબાનને તક઼દીર ઠરાવી દઈને એવું જ કરી આપે છે જેવું તેમણે કહ્યું." કોઈએ આ મોક઼ા પર જ કહ્યું : *ખાકસારાને જહાં રા બહિકારત મંગર–તૂ ચેહ દાની દરીં ગર્દ સવારે બાશદ*

આ શેઅરનો ભાવાર્થ મૌલાના ફયઝ અહમદ ઉવૈસી સાહબ (رحمۃ اللہ علیہ)એ આ પ્રમાણે વર્ણવ્યો છે કે ગફલતની નીંદ સૂનારાઓ પર મહબૂબ તથા મોહિબ્બનું રાઝ કેવી રીતે ખુલી શકે છે, કેમ કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જામમાં દીદારે ઈલાહીની શરાબ ભરેલી હોય છે. (વલ્લાહુ તઆલા અઅ્લમુ બિસ્સવાબ) તેમણે શેઅરમાં "કયા" શબ્દને ઈસ્તિફહામિયહ (પ્રશ્ન સૂચક) ઠરાવ્યો છે, જ્યારે કે મેં ઈસ્તિઅજાબ (આશ્ચર્ય) માટેના પ્રતિક તરીકે સમજૂતી કરી છે.

સમજૂતી જે પણ હોય શેઅરમાં વર્ણવેલ હદીષથી આ અક઼ીદો તો જરૂર સ્પષ્ટ થાય છે કે :–

*કુર્આનને ખોલા આયએ مَا يَنْطِقُ (મા યન્તિક઼ુ)સે રાઝ–અલ્લાહ કા કલામ હૈ ઈર્શાદે આં હુઝૂર*
*કુફ્ફાર કે દિલોંમેં ઉતરતી ચલી ગઈ–હિકમતસે પુરથી દઅવતો ઈર્શાદ આં હુઝૂર*
*–(રાજા રશીદ મહમૂદ–૯૮)*

**જહાં કી ખાક રૂબીને ચમન આરા કિયા તુઝકો**
**સબા હમને ભી ઉન ગલિયોં કી કુછ ખાક છાની હૈ**

*(ખાક રૂબી = માટી ખંખેરવી, સફાઈ કરવી, ચમન આરા = બાગને સંવારવો, સબા = હવા)*

**અર્થાત :** હે બાદે સબા ! (ઠંડી હવા) મદીના તયબહની ગલીઓની સફાઈ કરવા પર તને ચમનઆરા (બાગને શણગારનાર) હોવાનું સંમાન હાંસલ થયું છે તો ખૂબ મુબારક છે. પરંતુ અમારી સામે ગર્વ કરવાની એટલા માટે જરૂર નથી કે જે ગલીઓની તે માટી સાફ કરી છે, કેટલાક દિવસો અમે પણ એ મુબારક ગલીઓની ખાક છાનતા રહ્યા છીએ !

**શહા ક્યા ઝાત તેરી હક઼્ક઼ નુમા હૈ ફ઼ર્દા મકાં મેં**
**કે તુઝસે કોઈ અવ્વલ હૈ ન તેરા કોઈ ષાની હૈ**

*(ફ઼ર્દા મક઼ાંમેં = આલમે મુમ્કિનાતમેં, હક઼્ક઼નુમા = હક઼્ક઼ બતાવનાર)*

**અર્થાત :** હે દુર્રે યતીમ ! પ્યારા આક઼ા ! જેવી રીતે અલ્લાહ તઆલાએ આપને વાલિદા માજિદાના પેટથી એકલા પેદા ફ઼ર્માવીને (આપનાં કોઈ બહેન ભાઈ ન હતાં. જે છીપમાં એક મોટી બને તે મોતીને દુર્રે યતીમ કહે છે) અલ્લાહે આપને અજોડ બનાવ્યા છે. એ જ પ્રમાણે ન કોઈ આપથી મખ્લૂક઼માં આપનાથી પહેલો હતો (اول ما خلق اللہ نوری۔ کنت نبیا و ادم بین الماء والطین) અને ન કોઈ આપના સમાન પેદા થયો છે ન થશે. એટલા માટે તો આપની જાત હક઼્ક઼નું માર્ગદર્શન કરનારી જાત છે.

**કહાં ઉસ કોશકે જાને જિનાંમેં ઝરકી નક઼્ક઼ાશી**
**ઈરમ કે તાઈરે રંગે પરીદા ક્યા નિશાની હૈ**

*(કોશક = ઊંચો મહેલ, જાને જિનાં = જન્નતીઓની જાન, ઈરમ કે તાઈર = જન્નતનું પક્ષી, પરીદા = રંગ ઉડેલુ)*

**અર્થાત :** (રોઝએ અન્વર ﷺ જન્નતની પણ જાન છે) અને આ જન્નતની જાન કાશાનાએ નબુવ્વતમાં સોનાનું નકશીકામ હુસ્નો જમાલ નથી જેને જોઈને જન્નતનાં પક્ષીઓ આશ્ચર્યમાં છે, અને એના રંગો ઉડેલા એની નિશાની છે. કેમ કે સોનાનું નકશીકામ હોય તો શું આશ્ચર્ય હતું ? જેવું કે એના પહેલાં એક શેઅરમાં ફ઼ર્માવવામાં આવ્યું કે : *સૂરજને ચપ્પે ચપ્પે મેં ઝબીં સાઈ કી હૈ*

**ذِیاب فِیْ ثِیَابٍ (ઝયાબ ફી ષિયાબ) લબ પે કલ્મા દિલમેં ગુસ્તાખી**
**સલામ ઈસ્લામ મુલ્હિદ કો કે તસ્લીમે ઝબાની હૈ**

**અર્થાત :** (તે દૌર આવી ચૂક્યો છે જેના બારામાં ફ઼ર્માવવામાં આવ્યું કે એવા લોકોથી બચો જેઓ આખર જમાનામાં જાહેર થશે. સખત ધોકાબાઝ (દજ્જાલ) એવી વાતો કરશે જે તમારા બાપ દાદાએ પણ સાંભળી નહીં હોય. ایاھم لا یضلونکم ولا یفتنونکم તેમનાથી બચો કે ક્યાંક તમને ગુમરાહીના ફ઼િત્નામાં ન નાખી દે.) *(મિશ્ક઼ાત, પેજ : ૨૮)*

આ તે જ લોકો છે કે જેઓ માનવ લિબાસમાં વરૂઓનો રોલ ભજવી રહ્યા છે. એમની ઝબાન પર કલ્મો તો છે જેને હથિયાર રૂપે વાપરે છે પણ દિલની ગુસ્તાખી જાહેર નથી કરતા. (નબી મરીને માટીમાં મળી ગયા, નબીની તા'ઝીમ મોટા ભાઈ જેટલી કરો, નબી પોતાના અંજામથી પણ બેખબર છે, નબીના ચાહવાથી કાંઈ થતુ નથી, નબી તો અલ્લાહની સામે નાચીઝ રજકણથી પણ તુચ્છે છે......વગેરે) આવા બેદીનોનું પોતે પોતાને

મુસલમાન કહેવું પણ મોઢાની બોલી છે. તેમને દૂરથી આવતાં જુઓ તો તેનાથી દૂર થઈ જાવ. (واذا خاطبهم الجاهلون قالو اسلاما)

**યે અકષર સાથ ઉનકે શાના વ મિસ્વાક કા રહના**
**બતાતા હૈ કે દિલ રેશોં પે ઝાઈદ મહેરબાની હૈ**

*(દિલ રેશ = ઝખ્મી દિલવાળો, શાના = કાંસકી, ઝાઈદ = વધારે)*

**અર્થાત :** નબી અકરમ ﷺનું દરેક સમયે કાંસકી તથા મિસ્વાક પોતાની પાસે રાખવું બતાવે છે કે આપ علیہ الصلوٰۃ والسلامને ઝખ્મી દિલ ઉમ્મતીઓથી કાંઈક અધિક પ્યાર હતો. કાંસકીના દાંતાએ અને મિસ્વાકના રેસાઓથી ઝખ્મી દિલ (દિલ રેશ) ઉમ્મતીઓ પર અધિક મહેરબાની હોવાની દલીલ પુરવાર કરવું કેટલું સરસ દિલને ખુશ કરનારુ છે.

**ઈસી સરકાર સે દુન્યાઓ દીં મિલતે હૈં સાઈલ કો**
**યહી દરબારે આલી કન્ઝે આમાલ વ અમાની હૈ**

*(કન્ઝ = ખજાનો, આમાલ = અમલનું બહુવચન અર્થ ઉમ્મીદ આરઝુ, અમાની = તમન્ના)*

**અર્થાત :** આપણા આકા ﷺનો દરબાર જ તે દરબારે મુઅલ્લા છે કે જેનાથી દીન તથા દુનિયાની દરેક નેઅમત મળે છે. માગવાવાળાઓ માટે આપની બારગાહ દુનિયા તથા આખેરતની તમન્નાઓ તથા આરઝૂઓને પ્રાપ્ત કરવાનો ન ખત્મ થનારો ખજાનો છે. જન્નત તલાશ કરનારાઓને જન્નત મળે, ઈમાન તથા હિદાયતના તાલિબોને ઈમાન તથા હિદાયત મળે, આ જ બારગાહથી કુર્આન, ઈમાન, રમઝાન તથા રબ્બે રહમાન મળે છે. દરેક મુરાદવાળાની જોલી ભરી દેવામાં આવે છે અને કોઈને ઈન્કાર કરવામાં નથી આવતો, બલ્કે દરેક પોતાની તંગ દામનીની ફરિયાદ કરતા જોવા મળે છે : *જોલી હમારી હી તંગ હૈ તેરે યહાં કમી નહીં !*

**દુરૂદેં સૂરતે હાલા મુહીત માહે તયબહમેં**
**બરસતા ઉમ્મતે આસીપે અબ રહ્મત કા પાની હૈ**

*(હાલા = ચાંદની ફરતેનું વર્તુળ, મુહીત = ઘરેલુ)*

**અર્થાત :** આપણા આકા ! علیہ الصلوٰۃ والسلام (તયબહના ચાંદ)ની આસપાસ ઉમ્મતીઓના દુરૂદો સલામે એ પ્રમાણે વર્તુળ બનાવેલું છે જેમ કે ચાંદની આસપાસ વર્તુળ હોય છે, જે એ વાતની નિશાની સમજવામાં આવે છે કે રહ્મતની વર્ષાનો નુઝૂલ થવાનો છે. અને માહે તયબહ (મદીનાના ચાંદ)ની આસપાસ દુરૂદોનું વર્તુળ બતાવી રહ્યું છે કે હમણા આપના પર મહોબ્બતની સાથે દુરૂદો સલામ મોકલનારાઓ પર આપ علیہ الصلوٰۃ والسلامની રહમત છમાછમ વરસવાવાળી છે.

*ફિરદોસમેં વો જા ન સકેગા કિસી ભી તૌર–ઉન પર દુરૂદ ભેજનેમેં જો ભી બખીલ હૈ (ﷺ)*

**તઆલલ્લાહ ! ઈસ્તગ્ના તેરે દરકે ગદાઓંકા**
**કે ઉનકો આર ફર્રો શૌકતે સાહિબે કુર્આન હૈ**

*(તઆલલ્લાહ ! = અલ્લાહ મહાન છે. આશ્ચર્યના મોકા પર બોલાય, આર = શરમ, ફર્ર = શાનો શૌકત)*

**અર્થાત :** હે મારા આક઼ા ! ﷺ આપના દરબારના માગનારાઓની શાને ઈસ્તગ્ના (બેપરવાહીની શાન)નો એ આલમ છે કે તેઓ મહાન મહાન શાનો શૌકત તથા રૂઆબ અને દબદબાવાળા બાદશાહોને પણ ગણત્રીમાં લેતા નથી, કેમ કે આપની અઝમત તથા શાનની સમક્ષ કોઈની જાહોજલાલ શું હૈસિયત ધરાવે છે ?! (જો સાહિબે કુર્આની પેશ સાથે પઢે તો ઉપરવાળો અર્થ થશે, પણ તેના બદલે સાહિબે ક઼િરાની ઝેર સાથે પઢવામાં આવે તો સાહિબે ક઼િરાની અમીર તૈમૂરનો લક઼બ છે, જેને શાનવાળો સમજવામાં આવે છે.)

*સબકુછ તુમ્હારે વાસ્તે પૈદા કિયા ગયા—સબ ગાયતોં કી ગાયતે ઉલા તુમ્હી તો હો*

*આલમે આબો ખાકમેં તેરે ઝહૂરસે ફરોગ—ઝર્રએ રેગ કો દિયા તૂને તુલૂએ આફતાબ*

**વો સરગર્મે શફાઅત હૈં અર્ક઼ અફશાં હૈ પેશાની**

**કરમકર ઈત્રે સંદલ કી ઝમીં રહમત કી ઘાની હૈ**

*(સરગર્મ : વ્યસ્ત, અર્કઅફશાં : પેશાનીથી પરસેવો પડવો, ઈત્રે સંદલ : ખુશ્બોદાર લાકડીની ખુશ્બુ)*

**અર્થાત :** હુઝૂરે અકરમ ﷺની પેશાની અન્વરનાં પરસેવાનાં ટીપાંઓ એવું દર્શાવી રહ્યાં છે કે આપ ﷺ ઉમ્મતની શફાઅતને માટે ખૂબ જ વ્યસ્ત છે જાણે રહમતની ઘાણી (ચક્કી)માં સંદલની જમીન પર (બખ્શિશ)નું ઈત્ર કાઢી રહ્યા છે, જેથી કરીને ઉમ્મતના ધૂળમય સૂકા વાળોને રહમત તથા કરમના ઈત્ર વડે સાફ સ્વચ્છ કરી આપે. (જેઓ બખ્શિશના માટે દોડી દોડીને ધૂળવાળા થઈને વિખેરાય ગયા છે જેથી તેમની પરેશાન હાલી ખત્મ થાય. વાળોનું વેર વિખેર હોવું દિલની પરેશાની માટે દલીલ પૂરી પાડે છે અને તેમની દુરુસ્તગી દિલી ઈત્મિનાન પ્રદર્શિત છે.

એક જગાએ આ'લા હઝરત આ પ્રમાણે ફર્માવે છે :—

*અંબરઝમેં ઉબેર હુવા મુશ્તકતર ગુબાર—અદના સી યે શનાખ્ત તેરી રાહ ગુઝર કી હૈ*

**યહ સર હો ઔર વો ખાકે દર હો ઔર યહ સર**

**'રઝા' વો ભી અગર ચાહેં તો અબ દિલમેં થાની હૈ**

**અર્થાત :** (ગદાએ દરે ખયરુલ વરા ઔર અબ્દે મુસ્તફા) અહમદ રઝાએ પાકો નિશ્ચય કરી લીધો છે કે જો હુઝૂર ક઼બૂલ ફર્માવી લે અને અય કાશ ! એવું થઈ જાય કે હવે જ્યારે દરબારે રિસાલત મઆબ ﷺની હાજરી થાય તો મારુ સર આલમે બેખુદીમાં હુઝૂર عليه الصلوة والسلامની ચોખટ પર રાખી દઉં અને વાંધો ઉઠાવવાવાળાઓને એવું કહું કે : *યહ સર, સરે ઝાહિદ નહીં સૌદાઈ કા સર હૈ—તા ઉમ્ર કીએ જાઉંગા ઈસ દર હી પે સજદે*

## (નઅત શરીફ : ૬૮)

**સુનતે હૈં કે મેહશરમેં સિર્ફ ઉનકી રસાઈ હૈ**
**ગર ઉનકી રસાઈ હૈ લો જબ તો બન આઈ હૈ**

**અર્થાત :** (અરે ! ગુનેહગારો ! કાંઈ સાંભળ્યું !) ભાળ મળી છે કે મેહશરમાં કેવળ હુઝૂર ﷺની જ અલ્લાહની બારગાહ સુધી પહોંચ છે. (બાકી સર્વ અંબિયા તો اذهبوا الى غيرى ફર્માવશે કે, "કોઈ અન્યની પાસે જાવ !" કેવળ હુઝૂર ﷺ اَنَا لَهَا "અના લહા" ફર્માવશે કે, "હું છું આ કારે શફાઅતના માટે") તો હે ગુનેહગારો ! જો હુઝૂર ﷺની પહોંચ છે તો તો કામ બિલ્કુલ સરળ થઈ ગયું કે હુઝૂર તો ઉમ્મતીઓ પર કરમ કરનારા છે, એમના પર તો આપણી તકલીફો ભારે ગુજરે છે, عَزِيزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ "જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે છે." *(સૂ. તૌબા, ૯/૧૨૮)* તો તો આપણે છૂટકારો થઈ જશે.

**મચલા હૈ કે રહમતને ઉમ્મીદ બંધાઈ હૈ**
**ક્યા બાત તેરી મુજરિમ ક્યા બાત બન આઈ હૈ**

*(મચલા = હિઠ કરી બેઠો)*

**અર્થાત :** હે મુજરિમ ! તું એટલા માટે જીદ કરી બેઠો છે કે આપની રહમત કોઈને નિરાશ નથી કરતી, તારા મુકદ્દર પર કુર્બાન ! હે ગુનેહગાર ! તેં પણ ખૂબ તાવીલો કરીને ઉઝ્ર તથા બહાનાંઓ બનાવીને વાત એવી બનાવી છે કે તારા ગુનાહો નેકીઓ બની જશે અને તું હારેલી બાજી જીતી જઈશ. فَاُولٰٓئِكَ يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنٰتٍ "તો એવાઓની બુરાઈઓને અલ્લાહ ભલાઈઓથી બદલી નાખશે."

–*(સૂરએ ફુર્કાન, ૨૫/૭૦)*

**સબને સફે મેહશરમેં લલકાર દિયા હમ કો**
**અય બે કસોં કે આકા ! અબ તેરી દુહાઈ હૈ**

**અર્થાત :** તમામ અંબિયાએ કિરામ તથા મુર્સિલીને એઝામ (નબીઓ તથા રસૂલો) عَلَيْهِمُ السَّلَام એ મેદાને મેહશરની સફથી અમને તતડાવીને કાઢી મૂક્યા કે જાવ ! અમે તમારી શફાઅત નથી કરી શકતા. (તમે એટલા મોટા મુજરિમ કો છો કે અમારી શફાઅતથી તમારું કામ બની શક્શે નહીં.) હે મોહતાજોના આકા ! હવે આપની બારગાહમાં જ ફરિયાદ છે.

*જિસ્કા ભરી દુન્યામેં કોઈ ભી ન હો વાલી–ઉસકો ભી મેરે આકા સીનસે લગાતે હૈં*

**યૂં તો સબ ઉન્હીં કા હૈ મગર દિલ કી અગર પૂછો**
**યહ ટૂટે હુએ દિલ હી ખાસ ઉન્કી કમાઈ હૈ**

**અર્થાત :** આમ તો અમારી દરેક ચીજ સરકારે મદીના ﷺ માટે જ છે, કેમ કે તેમના જ સદકાથી દરેક

નેઅમત મળી છે. પણ અમારું તૂટેલું અને ઝખ્મી દિલ ખાસ એમની જ મહોબ્બતના માટે છે, એમાં કોઈ અન્ય નથી સમાય શકતું.

મતલબ એ છે કે તેનું એમની બારગાહમાં ખૂબ જ મહત્વ છે.

અમુક સૂફિયાએ કિરામે આ હદીષે કુદ્સી તસવ્વુફની કિતાબોમાં નકલ કરી છે : انا عند المنکسرة قلوبھم "હું (મારી મહોબ્બતમાં) તૂટેલાં દિલોની પાસે રહું છું." *યહ દિલ ભી તુમ્હારા હૈ યહ જાં ભી તુમ્હારી હૈ*

**ઝાઈર ભી ગએ કબકે દિન ઢલનેપે હૈ પ્યારે**
**ઉઠ મેરે અકેલે ! ચલ યા દેર લગાઈ હૈ**

**અર્થાત :** મદીના શરીફની ઝિયારત કરવાવાળા તો ક્યારના જઈ ચૂક્યા છે અને (હે અહમદ રઝા !) તું હજી આરામથી બેઠેલો છે ? (જિંદગીનો) સૂરજ અસ્ત થવાની નજીક છે, ઉઠ ! મોડુ ન કર ! અને જો કોઈ સંગાથ પણ નથી તો એકલો જ મદીના તરફ રવાના થઈ જા.

**બાઝારે અમલમેં તો સૌદા ન બના અપના**
**સરકારે કરમ તુઝમેં અયબી કી સમાઈ હૈ**

*(સૌદા = સામાન, હિસાબ કિતાબ, કિંમત, અયબ = રોગી, ગુનેહગાર, સમાઈ = ગુંજાઈશ)*

**અર્થાત :** હે પ્યારા આકા વ મૌલા ! ﷺ અમલના લેહાઝથી તો અમે તદ્દન નકામા છીએ, કોઈ નેકી છે ન કોઈ તૈયારી. હે આકા ! કરમ ફર્માવો ! જો આપ અમારા જેવા ગુનેહગારોને નહીં સાંભળો તો કોણ સંભાળશે ? આપના કરમના દામનમાં તો મારા જેવો કરોડો સમાય શકે છે. અને એવા છુપાશે કે પછી :–

*ઢુંઢા હી કરેં સદરે કયામત કે સિપાહી–વો કિસકો મિલે જો તેરે દામનમેં છુપા હો*

**ગિરતે હુવોં કો મુઝદા સજદે મેં ગિરે મૌલા**
**રો રો કે શફાઅત કી તમ્હીદ ઉઠાઈ હૈ**

*(મુઝદા = ખુશખબર, તમ્હીદ = મહદથી છે ગોદના અર્થમાં)*

**અર્થાત :** હે જહન્નમમાં પડવા પાત્ર ગુનેહગારો ! અથવા ગુનાહોની લપસણીથી પડી જનારા મુજરિમો ! મુબારક થજો ! જુઓ તો ! આકા علیہ الصلوٰۃ والسلام એ સજદામાં માથુ રાખીને શફાઅતનો દરવાજો ખોલી નાખ્યો છે. અને જુઓ ! રડી રડીને ઝુલ્ફો વિખેરીને અલ્લાહની હમ્દો ષના એવા પ્યારા અંદાઝમાં શરૂ કરી છે કે (કમાફી અલ્હદીષ) અલ્લાહને દયા આવી ગઈ છે, અને તેણે એલાન ફર્માવી આપ્યું છે કે :–

*અબ તો સજદે સે સર કો ઉઠાઓ–આપ કી સારી ઉમ્મતી બરી હૈ*

**અય દિલ ! યે સુલગના ક્યા, જલના હૈ તો જલ ભી ઉઠ !**
**દમ ઘુટને લગા ઝાલિમ ! ક્યા ધૂની રમાઈ હૈ**

*(સુલગના = અંદરને અંદર સળગતા રહેવું, ધૂની રમાઈ = ધૂણી લીધી)*

**અર્થાત :** હે દિલ તારી આ આદત મને હરગિઝ પસંદ નથી જે તું અંદરને અંદર સળગતુ રહે છે, જો તારે સળગવું છે તો બળીને રાખ થઈ જા કે જેથી વાત જ પૂરી થઈ જાય. આ શું ધીરે ધીરે ધૂમાડો કાઢતુ રહે છે અને ખુશીના બદલે બેચેની પેદા કરે છે ?!

*દિલ દર્દસે બિસ્મિલ કી તરહા લૌટ રહા હો–સીને પે તસલ્લી કો તેરા હાથ ધરા હો*
*ગર વક્તે અજલ સર તેરી ચૌખટ પે પળા હો–જિતની હો કઝા એક હી સજદે મેં અદા હો*

**મુજરિમ કો ન શરમાઓ અહબાબ કફન ઢક દો**
**મુંહ દેખ કે કયા હોગા ! પર્દેમેં ભલાઈ હૈ**

**અર્થાત :** હે દોસ્તો ! મૃત્યુ બાદ વારંવાર મારા ચહેરો શું જુઓ છો ? હું મુજરિમ તથા સિયાહકાર (કુકર્મી) છું, મને શા માટે શર્મિંદો કરો છો ? કફન વડે મારો ચહેરો ઢાંકી દો, મુજરિમ એના પાત્ર નથી કે વારંવાર તેનું મોં ખોલીને તેને બદનામ કરવામાં આવે. એની ભલાઈ એમાં જ છે કે તેને પર્દામાં જ રહેવા દેવામાં આવે.

*ડર થા કે ઈસ્યાં કી સઝા અબ હોગી યા રોઝે જઝા–દી ઉનકી રહમતને સદા, યહ ભી નહીં વો ભી નહીં*

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા ખાં મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ તક્વા તથા તહારતનો તથા સબ્ર અડગતાનો મહાન પહાડ હતા, અને નેકી તથા પરહેઝગારીથી સજ્જ હતા છતાં પોતે પોતાને કયા અંદાઝમાં પેશ કરી રહ્યા છે ! આ પરથી વર્તમાનકાળના નકામા તથા નાલાયક છતાં ઊંચા ઊંચા દાવા કરવાવાળા નામ પૂરતા મશાઈખે જરૂર સબક લેવો જોઈએ કે બુલંદી આજિઝીમાં છે.

રબનો ઈર્શાદ છે : فَلَا تُزَكُّوْۤا اَنْفُسَكُمْ ؕ هُوَ اَعْلَمُ بِمَنِ اتَّقٰى "તો પોતે પોતાની જાનોને સુથરી ન બતાવો. તે સારી રીતે જાણે છે જેઓ પરહેઝગાર છે." (સૂરએ નજ્મ, ૫૩/૩૨)

**અબ આપ હી સંભાલેં તો કામ સંભલ જાએં**
**હમને તો કમાઈ સબ ખેલોંમેં ગંવાઈ હૈ**

**અર્થાત :** હે પ્યારા આકા ! علیہ الصلوۃ والسلام હવે આપ જ કરમ ફર્માવશો તો અમ ગુનેહગારોની વાત બનશે, નહીં તો અમે તો અમારો મસ્અલો ખરાબ કરી બેઠા છીએ. અને જે પણ પુંજી હતી તે ખેલ તમાશાઓમાં લૂટાવી ચૂક્યા છીએ.

**અય ઈશ્ક તેરે સદકે જલનેસે છૂટે સસ્તે**
**જો આગ બુઝા દેગી વો આગ લગાઈ હૈ**

**અર્થાત :** હે ઈશ્કે મુસ્તફા તથા ગમે રસૂલ ! صلی اللہ علیہ وسلم હું તારા પર કુર્બાન થાઉં, તેં અમારા દિલમાં જે વિરહ તથા ગમે રસૂલ صلی اللہ علیہ وسلمની આગ લગાડી, તેનો એ ફાયદો તો થયો કે જહન્નમથી છૂટકારો પામી ગયા, કેમ કે તારી આગે તો જહન્નમની આગને પણ ઓલવી નાખી છે ! العشق نار یحرق ما سوی اللہ ઈશ્ક એવી આગ છે જે અલ્લાહ સિવાયનાને ભસ્મ કરીને રાખી દે છે.

હદીષ શરીફમાં છે કે મો'મિન જ્યારે પુલસિરાતથી ગુઝરશે તો દોઝખ પુકારી ઉઠશે કે જલ્દી પસાર થા ! તારા નૂરે ઈમાનની ઠંડકથી મારી આગ ઠંડી પડી રહી છે. *ગમે મુસ્તફા તેરે શુક્રિયા, મૈં કહાં કહાં સે ગુઝર ગયા !*

**હિર્સો હવસે બદસે દિલ તૂ ભી સિતમ કર લે**

**તૂ હી નહીં બેગાના દુન્યા હી પરાઈ હૈ**

*(હિર્સો હવસ = લાલચ, લોભ કરી શકતુ)*

**અર્થાત :** હે બુરા દિલ ! લાલચ તથા લોભની સાથે જેટલો જુલ્મ કરી શકતુ હોય કરી લે, કેમ કે બેગાના તથા અજનબી (પરાયો) આખો જમાનો છે કેવળ તું જ તો નથી. એ મતલબ પણ થઈ શકે છે કે જ્યારે હું આખી દુનિયાનો જુલ્મ સહી રહ્યો છું તો એક તારો પણ સહન કરી લઈશ તો તારો શોખ પૂરો થઈ જશે.

**હમ દિલ જલે હૈં કિસકે, હટ ફિત્નોં કે પરકાલે**

**ક્યૂં ફૂંક દૂં ઈક ઉફ઼સે કયા આગ લગાઈ હૈ**

*(પરકાલે = ચિન્ગારી, ઉફ = ફૂક)*

**અર્થાત :** હે વિરોધી ! અમે દિલના બળ્યા આશિક઼ તો છીએ, પરંતું તું જાણે પણ છે કે કોના ? (અમારા મહબૂબ ﷺના !) તું પાછળ હટી જા ! ફિત્નાઓની ચિન્ગારી ! હું એક ફૂંકથી સળગાવીને રાખ કરી દઈશ ! આ તેં શું બદ્અક઼ીદગીની આગ લગાડી રાખી છે ?!

**તયબહ ન સહી અફઝલ મક્કા હી બળા ઝાહિદ**

**હમ ઈશ્ક઼ કે બંદે હૈં, ક્યૂં બાત બળ્હાઈ હૈ !**

*(ઝાહિદ = ઈબાદત ગુઝાર, બંદે = ગુલામ)*

**અર્થાત :** હે ખુશ્કી (શુષ્ક દિમાગવાળા)ના માર્યા ઈબાદતગુઝાર ! અને નીમ મુલ્લા ખતરે જાન ! અમારી સાથે ઝઘડો ન કર કે મક્કા અફઝલ છે કે મદીના ? ચાલો તારું જ માની લઉં છું કે મક્કા અફઝલ છે બસ ! મદીના નહીં. (પણ એ તો બતાવ કે મક્કાને અફઝલ બનાવ્યું કોણે ? કોના લીધે ખુદા મક્કાની ગલીઓની ક઼સમ યાદ ફર્માવે છે ?! وَاَنْتَ حِلٌّ بِهٰذَا الْبَلَدِ ''કે હે મહબૂબ ! તમે આ શહેરમાં રહેલા છો.'' *(સૂરએ બલદ, ૯૦/૨)* એટલા માટે કે એ ગલીઓમાં મહબૂબના ક઼દમ લાગેલા છે !) સારું ! સારું ! ચાલ જા ! બહષ ન કર ! અમ ઈશ્ક઼વાળાઓ સાથે તકરાર કરવાની જરૂરત નથી. તું કેવળ મક્કાની વાત કરી રહ્યો છે ! હું કહું છું કે મક્કાને બનાવનાર હઝરત ખલીલુલ્લાહ علیہ السلام છે, અને જો મદીનાવાળો ન હોત તો :–

*હોતે કહાં ખલીલો બિના કા'બા વ મિના–લૌલાકવાલે સાહિબી સબ તેરે ઘર કી હૈ*

અને હા ! હે ઝાહિદ સાંભળ ! :–

*ગ઼ૌર સે સુન તો 'રઝા' કા'બેસે આતી હૈ સદા–મેરી આંખોંસે મેરે પ્યારે કા રોઝા દેખો*

**મત્લઅમેં યહ શક ક્યા થા વલ્લાહ ! 'રઝ઼ા' વલ્લાહ !**
**સિર્ફ઼ ઉનકી રસાઈ હૈ સિર્ફ઼ ઉનકી રસાઈ હૈ**

*(રસાઈ = પહોંચ, મત્લઅ = પ્રથમ શેઅર)*

**અર્થાત :** કોઈ એવું ન સમજે કે હું અહમદ રઝ઼ા નઅતના પ્રથમ શેઅરમાં એવું કહી ચૂક્યો છું કે, "મહશરના મેદાનમાં બારગાહે ઈલાહીમાં કેવળ હુઝ઼ૂર ﷺની જ પહોંચ છે" કદાચ મેં કોઈ ગલત વાત કહી છે અને હવે પસ્તાઈ રહ્યો છું કે શા માટે એવું કહી દીધું ! જો કોઈને આ અક઼ીદામાં શક હોય તો તે પોતાનો શક કાઢી નાખે. ખુદાની ક઼સમ ! હા ! હા ! અલ્લાહની ક઼સમ ! કુર્આન તથા હદીષનો નિચોડ છે આ અક઼ીદો કે : –

*સિર્ફ઼ ઉન્કી રસાઈ હૈ ! સિર્ફ઼ ઉન્કી રસાઈ હૈ !*

વાહ ! વાહ ! હે ગદાએ ખૈરુલ વરા અહમદ રઝ઼ા ! તારી ક઼બ્ર પર અલ્લાહ કરોડો રહ઼મતો નાઝ઼િલ ફ઼ર્માવે, તેં અમોને કેટલો મજબૂત નજાત માટેનો અક઼ીદો આપ્યો છે ! યક઼ીનન ! તું દરે મુસ્તફ઼ાનો તે અઝ઼ીમુશ્શાન મંગતો છે કે જેમના બારામાં કહેવામાં આવ્યું છે કે :–

*ઝ઼માને કે સિકંદર હૈં સખી દરબાર કે મંગતે–નિરાલી શાન રખતે હૈં નબી મુખ્તાર કે મંગતે*
*ગદાએ મુસ્તફ઼ા કી અઝ઼મતેં અલ્લાહસે પૂછો–શહનશાહોંસે અચ્છે હૈં મેરે સરકાર કે મંગતે (ﷺ)*

## (નઅત શરીફ઼ : ૬૯)

**હિર્ઝે જાં ઝિક્રે શફ઼ાઅત કીજિએ**
**નારસે બચને કી સૂરત કીજિએ**

*(હિર્ઝે જાં = તાવીઝ, જાનની હિફ઼ાઝત, શરણસ્થાન, નાર = જહન્નમ)*

**અર્થાત :** પોતાની જાનને મહેફૂઝ કરવા માટે શફ઼ાઅતના ઝિક્રને પોતાના ગળાનું તાવીઝ બનાવી લો, કે જેવી રીતે તાવીઝ દરેક વખતે ગળામાં રહે છે એ જ રીતે શફ઼ાઅતના ઝિક્રથી દરેક સમયે તમારી જીભને તર રાખો. આ રીતે હે ગુનેહગારો ! દોઝખની આગથી બચવાની તમારા માટે કોઈ સ્થિતિ બની શકે છે, અમલો પર ભરોસો નથી કરી શકાતો, હુઝૂર عليه الصلوة والسلامની શફ઼ાઅતથી જ કામ બનશે.

*કરમ કી બાત કરો ! ઉનકી અતા કી બાત કરો !–ઝબાં કો પાક કરો, મુસ્તફ઼ા કી બાત કરો (ﷺ)*
*–ખિઝર હુસૈન*

અમલોનો મામલો તો એ છે કે **હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક જેવી શખ્સિયતને મૃત્યુ બાદ અલ્લાહે કેવળ એટલી વાત પર કે તેં એક બિદઅતીને મહોબ્બતથી જોયો હતો તો ત્રીસ વરસ પોતાના સમક્ષ ઉભા રાખીને ધમકાવ્યા !** *(રૂહુલ બયાન)* અને એક શખ્સ પોતાના સગા પુત્રને લપેટાઈને રડશે કે મને કેવળ એક નેકી આપી દે કે જેથી મારી બખ્શિશ થઈ જાય ! પણ તે હટાવી દેશે કે જેવી રીતે તું જરૂરતમંદ છે તો હું પણ છું ! એવી જ રીતે પત્ની, બાપ, મા, બહેન, ભાઈઓનો હાલ હશે. એટલા માટે :–

*કરો ન બાત ઝમાને કે મઝહબીનોં કી–મેરે નબી કે રુખે વદુહ઼ા કી બાત કરો*
*–(ખિઝર હુસૈન ખિઝર)*

**ઉન્કે નક઼્શે પા પે ગૈરત કીજિએ**
**નારસે બચને કી સૂરત કીજિએ**

**અર્થાત :** જો શરમ તથા હયાનો અંશ છે તો ખાનદાન, બિરાદરી તથા જૂઠી ઈજ્જત તથા પ્રતિષ્ઠા પર ગૈરત કરવાને બદલે હુઝૂર عليه الصلوة والسلامના કદમ પર મરી ફિટો અને ગૈરત કરો, અને પછી જાહેરી આંખોથી છુપાયને દિલની આંખ વડે મુસ્તફ઼ા ﷺનો દીદાર કરો જેવી રીતે અબૂબક્ર સિદ્દીક઼ رضى الله عنهએ ગારે ષૌરમાં કર્યો.

**ઉનકે હુસ્ને બામલાહત પર નિષાર**
**શીરએ જાં કી હલાવત કીજિએ**

*(બામલાહત = સુહાના, સલોના, શીરહ = શરબત, હલાવત = મીઠાશ)*

**અર્થાત :** આપણી જાનનું મીઠુ શરબત, એટલે આપણી જાન હુઝૂર ﷺના સુહાના સલોના હુસ્નની લિજ્જત પર નિછાવર કરી દો. કેમ કે :–

*હુસ્ન હૈ બે મિષ્લ સૂરત લાજવાબ–મૈં ફ઼િદા, તુમ આપ હો અપના જવાબ*

**ઉનકે દર પે જૈસે હો મિટ જાઈએ**
**નાતવાનો કુછ તો હિંમત કીજિએ**

*(નાતવાનો = અશક્તો)*

**અર્થાત :** હે નાદારો ! ગુનેહગારો ! આટલા નાહિંમત પણ ન બની જાવ ! જેવી રીતે પણ બની શકે (અસ્હાબે સુફ્ફા رضوان الله تعالیٰ علیہم اجمعین ની જેમ) હુઝૂર ﷺના દરે અક઼્દસ પર બેઠા બેઠા ફના થઈ જાવ ! જરા હિંમત કરો, બહુ મુશ્કેલ કામ નથી.

આપ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો કે જો શક્તિ હોય મદીનામાં આવીને મરો ! અહીં આવીને મરવું તમારું કામ છે, શફાઅત કરીને તમને બખ્શાવવા એ મારું કામ છે. આનાથી પહેલાં આ હદીષ અરબી લખાણ તથા તર્જુમા સાથે મિશ્કાત શરીફના હવાલાથી કેટલીકવાર આ જ શરહમાં વર્ણન થઈ ચૂકી છે.

*સદા કરના થી મેરે બસમેં, મૈંને તો સદા કર દી–વો કયા દેંગે, મૈં કયા લુંગા, સખી જાને ગદા જાને*

**ફેર દીજિયે પંજએ દેવ લઈન**
**મુસ્તફ઼ા કે બલપે તાક઼ત કીજિએ**

**અર્થાત :** ઉઠો ! હે ગુલામાને મુસ્તફા ! ﷺ અને હુઝૂરની તાકત તથા કુવ્વત (બળ) પર શૈતાન લઈન (લઅનતી)નો પંજો મરડી નાખો. હિંમત કરો ! ગૌષ પાક رضی اللہ عنہના દરનો કૂતરો સિંહને પણ ચીરી ફાડી કાઢે છે, ગૌષે આ'ઝમ رضی اللہ عنہના આકાનો દામન હાથમાં લો, શૈતાન તમારું કાંઈ પણ બગાડી શકશે નહીં. જોતા નથી કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہએ શૈતાનને પકડી લીધો હતો તો તેણે આયતુલ કુર્સીનો વઝીફો બતાવીને જાન છોડાવી લીધી હતી !

**ડૂબ કર યાદે લબે શબાબમેં**
**આબે કૌષર કી સબાહત કીજિએ**

*(લબે શબાબ = તરો તાઝા હોઠ, સબાહત = તરવું)*

**અર્થાત :** અલ્લાહના પ્યારા મહબૂબ ﷺના ગુલાબની પાખંડીઓથી વધુ નરમ તથા નાઝુક અને તરોતાઝા મુબારક હોઠોની યાદમાં મસ્ત બનીને હૌઝે કૌષરમાં ડૂબકી મારવાના નઝારા મેળવો.

**યાદે ક઼યામત કરતે ઉઠીયે ક઼બ્રસે**
**જાને મહશર પર ક઼યામત કીજિયે**

**અર્થાત :** હે ગુલામને મુસ્તફા ! ﷺ જયારે તમે ક઼યામતના દિવસે તમારી ક઼બ્રોએથી પોતાના આક઼ા علیہ الصلوٰۃ والسلامના ક઼દ્દે અન્વરનો ઝુમી ઝુમીને ઝિક્ર કરતા કરતા ઉઠશો તો ક઼યામત ભલે ગમે તેટલી મોટી ક઼યામત (આફત) હશે પણ એ આફત પર પણ તમે આફત ફેંકશો અને એણે તમારી ફિકર છોડીને પોતાની ફિકર કરવી પડશે, કે ક્યાંક મારા કારણે ગુલામાને મુસ્તફા ﷺને તકલીફ થાય અને એ કારણે મહબૂબે ખુદા ﷺ મારાથી નારાજ ન થઈ જાય. છેવટે હુઝૂર علیہ الصلوٰۃ والسلام એના પણ તો રસૂલ છે અને છેવટે એ પણ તો હુઝૂર ﷺની નિયાઝમંદ છે.

**ઉનકે દર પર બૈઠિએ બનકર ફ઼ક઼ીર**
**બેનવાઓ ફ઼િક્રે ષરવત કીજિએ**

**અર્થાત :** આક઼ાએ દોજહાં ﷺના દરે અક઼દસ પર ફ઼ક઼ીર બનીને બેસી જાવ અને દુનિયાની દૌલતથી નહીં, બલ્કે હુઝૂર ﷺના દરની ગદાઈ (ભીખ) હાંસલ કરવાની ફિકર કરો, એ જ અસલ માલદારી તથા દૌલત છે. *ઉન્કે જો ગુલામ હો ગએ–વો ખલ્ક઼ કે ઈમામ હો ગએ*

**જિસ્કા હુસ્ન અલ્લાહ કો ભી ભા ગયા**
**ઐસે પ્યારે સે મહોબ્બત કીજિએ**

**અર્થાત :** જે પ્યારા આક઼ા ﷺનો હુસ્નો જમાલ અલ્લાહને પણ પસંદ આવ્યો છે, હે ગુનેહગારો ! દુનિયાના બર્બાદીવાળા હુસ્નની પાછળ પડવાને બદલે આ મહબૂબના 'રુખે વદ્દુહ઼ા' અને 'ઝુલ્ફે વલ્લૈલ'થી પ્યાર કરો જેના કારણે પૂરી સૃષ્ટિમાં વસંત ખીલી ઉઠી.

**હ઼ય્ય બાક઼ી જિસ્કી કરતા હૈ ષના**
**મરતે દમ તક ઉસ્કી મિદહત કીજિએ**

**અર્થાત :** તો ખુદાવંદ જે હ઼ય્ય તથા બાક઼ી છે (હમેશાં જીવંત તથા બાક઼ી રહેનારી જાત) છે, જ્યારે તે પોતાના પ્યારાની તારીફ કરે છે તેના બંદાઓએ સમજી લેવું જોઈએ કે તે એવું જ ચાહે છે કે મારા મહબૂબની દરેક જણ દરેક વખતે પ્રશંસા કરે કે જેથી મારા મહબૂબનો મહબૂબ બનીને મારો પણ મહબૂબ બની જાય. કેમ કે દોસ્તનો દોસ્ત પણ દોસ્ત હોય છે.

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِیْ یُحْبِبْكُمُ اللّٰهُ "તમે ફર્માવી દો કે, લોકો ! જો તમે અલ્લાહને દોસ્ત રાખો છો તો મારા ફર્માંબરદાર બની જાવ. અલ્લાહ તમને દોસ્ત રાખશે." *(સૂરએ આલે ઈમરાન, ૩/૩૧)*

**નીમ વા તચબહ કે ફૂલોં પર હો આંખ**
**બુલબુલો ! પાસે નઝાકત કીજિએ**

**અર્થાત :** હે આશિક઼ાને મુસ્તફ઼ા ! ﷺ ચમનિસ્તાને રિસાલતની બુલબુલો ! મહબૂબની ગલીમાં જાવ તો અદબનો દામન હાથથી ન છોડો. ફૂલો પર નજર ફેંકો તો પૂરી આંખ ન ખોલો કે ક્યાંક બેઅદબી ન થઈ જાય, બલ્કે ઝુકાવીને તેમની પણ ઈજ્જત તથા તા'ઝીમની કાળજી રાખો.

*હરમ કી ઝમીં ઔર ક઼દમ રખકે ચલના–અરે સરકા મૌક઼ા હૈ ઓ જાનેવાલે !*

**સરસે ગિરતા હૈ અભી ચારે ગુનાહ**
**ખમ ઝરા ફ઼ર્ક઼ે ઈરાદત કીજિએ**

*(ખમ = ઝુકવું, ફ઼ર્ક઼ = માથુ, ઈરાદત = અક઼ીદત)*

**અર્થાત :** જો તમને ગુનાહોનો બોજ માથા પર ઘણો જ ભારે લાગી રહ્યો છે તો જરા અક઼ીદત તથા ઈરાદતથી માથાને તેમની બારગાહમાં ઝુકાવીને તો જુઓ ! ગુનાહોનો બોજ તેમની એક નિગાહે કરમની બરકતથી

એવો પડશે કે તમને એહસાસ પણ નહીં થાય. જેવી રીતે એમની બેઅદબીથી નેકીઓ બર્બાદ થઈ જાય છે, અને ખબર પણ નથી પડતી ! اَنۡ تَحۡبَطَ اَعۡمَالُكُمۡ وَ اَنۡتُمۡ لَا تَشۡعُرُوۡنَ "ક્યાંક તમારા અમલો બેકાર ન થઈ જાય અને તમને ખબર ન પડે." *(સૂરએ હુજુરાત, ૪૯/૨)* એવી જ રીતે એમની તા'ઝીમ કરવાથી ગુનાહોનું પણ એવું જ થાય છે.

**અર્શ પર જિસ્કી કમાનેં ચળ્હ ગઇં**
**સદકે ઉસ બાઝૂપે કુવ્વત કીજિએ**

*(કમાનેં ચળ્હ ગઈ = ડંકો વાગી ગયો)*

**અર્થાત :** તે આકા તથા મૌલા જેની અઝમતની ચર્ચાઓ અર્શ પર છે, અને જેના બાહુબળથી ચાંદ ટુકડા થયો અને ડૂબેલો સૂરજ પાછો પલટી આવ્યો, એ પ્યારા આકા ﷺ (દીનના) માટે ઉમ્મતે મુસ્તફા પોતાની સઘળી તાકાત તથા કુવ્વતને કામે લગાડો અને દીનના દુશ્મનોને જાકારો આપો.

**આંખ તો ઉઠતી હી નહીં દેં કયા જવાબ**
**હમપે બે પુરસિશ હી રહ્મત કીજિએ**

**અર્થાત :** હે પ્યારા આકા ! علیہ الصلوٰۃ والسلام અમે તો આપની નાફર્માનીઓ કરીને એટલી શર્મિંદા છીએ કે આપની સમક્ષ નજર પણ નથી ઉઠાવી શકતા, અમારાથી હિસાબ કિતાબ લેવો એ અમને અધિક શર્મિંદા કરવા સમાન છે. સવાલો જવાબ વિના જ અમારા પર આપની રહ્મતની વર્ષા કરી આપો.

*ઉઝરે બદ્તર અઝ ગુનાહ કા ઝિક્ર કયા—બેસબબ હમ પર ઈનાયત કીજિએ*

યા રસૂલલ્લાહ ! ﷺ અમે અમારા ગુનાહોનું શું બહાનુ આપની સમક્ષ રજૂ કરીએ ?! કે અમારાં બહાનાં પણ એવાં છે કે ગુનાહોથી બુરાં છે. અમારાં બહાનાં પણ અમારી વિરુદ્ધ જ જશે, જેથી કરમ ફર્માવો કે અમારી બખ્શિશ વિના સબબે જ થઈ જાય.

**ના'રા કીજિએ યા રસૂલલ્લાહ કા (ﷺ)**
**મુફલિસો ! સામાને દૌલત કીજિએ**

**અર્થાત :** હે મુસ્તફા ﷺના ગુલામો ! જો અમલોના લિહાઝથી તમે કંગાળ તથા મુફલિસ છો તો એક કામ તો કરો કે સૌ વજદમાં આવીને નારએ રિસાલત લગાડો, પછી જુઓ તમારી મોહતાજી કેવી રીતે ખત્મ થાય છે અને આખી દુનિયા તમારા કદમોમાં આવી જાય છે.

*યા રસૂલલ્લાહ ﷺ કે ના'રેસે હમ કો પ્યાર હૈ—જિસને યહ ના'રા લગાયા ઉસ્કા બેળા પાર હૈ*

**હમ તુમ્હારે હો કે કિસકે પાસ જાએં**
**સદકા શહઝાદોં કા રહમત કીજિએ**

**અર્થાત :** હે પ્યારા આકા ! ﷺ જ્યારે અમે તમારા જ છીએ, ભલે ગમે તેવા છીએ. તો પછી અમે મુસીબતના માર્યા આપનો દર છોડીને કોની પાસે જઈએ ?! અને આપે જો અમોને તમારા ઘરેથી ધુત્કારી કાઢયા

તો અમને કોણ પૂછશે ? જેથી આપના પ્યારા શહઝાદાઓ (હસનો હુસૈન رضی اللہ عنہما)ના સદક઼ામાં અમારા પર આપની રહમતનો છાંયડો કરો.

**مَنْ رَاٰنِیْ قَدْرَاَی الحَقّ (મનરઆની ફ઼ક઼દરા અલહક઼્ક઼) જો કહે**
**ક્યા બયાં ઉસકી હક઼ીક઼ત કીજિએ**

*(مَنْ رَاٰنِیْ قَدْرَاَی الحَقّ = જેણે મને જોયો તેણે હક઼્ક઼ જોયો)*

**અર્થાત :** જે જાત પોતાના બારામાં ફ઼ર્માવે કે જેણે મને જોયો તેણે હક઼્ક઼ જોયો, ભલા એની હક઼ીક઼ત પછી કોણ વર્ણવી શકે છે. આપે ખુદ ઈર્શાદ ફ઼ર્માવ્યો, یا ابا بکر لم یعرفنی حقیقۃ سوٰی ربی "હે અબૂબક્ર ! મારી હક઼ીક઼તને મારા રબના સિવાય કોઈ નથી જાણતુ."

**આલિમે ઈલ્મે દો આલમ હૈ હુઝૂર**
**આપસે ક્યા અર્ઝે હાજત કીજિએ**

**અર્થાત :** આક઼ાએ દો જહાં ﷺ જ્યારે બંનેવ જહાનોની ખબર રાખે છે : فعلمت مافی السموات والارض પછી આપની બારગાહમાં હાજત પેશ કરવાની પણ શું જરૂરત છે ? કેમ કે આપ તો અમારા જાહેરી તથા છુપાને સારી રીતે જાણો છો. એક દિવસ જરૂર પોતે જ નઝરે કરમ ફ઼ર્માવશે અને સંજોગો બદલાય જશે.

**આપ સુલ્તાને જહાં હમ બે નવા**
**યાદ હમ કો વક઼્તે નેઅમત કીજિએ**

**અર્થાત :** હે પ્યારા આક઼ા ! ﷺ અમારી ભલા આપથી શું નિસ્બત થઈ શકે છે ! આ તો આપનો કરમ છે કે અમારા જેવોઓને નિભાવી રહ્યા છો, નહીં તો કયાં અમે નકામા મિસ્કીન અને ક્યાં આપ સુલ્તાનુલ અંબિયા ?! બસ, આ પ્રમાણે અમને નિભાવતા રહેજો. અને જેવી રીતે દરેક પ્રસંગે (વિલાદત, મેઅરાજ, વિસાલ) પોતાની ગુનેહગાર ઉમ્મતને યાદ કરતા રહ્યા છો, એ જ પ્રમાણે જ્યારે આપના પર અલ્લાહ તઆલા પોતાનાં ઈનામો તથા ઈકરામોની વર્ષા વરસાવે ત્યારે અને ખાસ કરીને જ્યારે શફ઼ાઅત કરવા ઈજાઝતની આપને નેઅમત મળે તો એ વખતે પણ અમને ન ભૂલશો.

**તુઝસે ક્યા ક્યા અય મેરે તયબહ કે ચાંદ**
**ઝુલ્મતે ગમ કી શિકાયત કીજિએ**

**અર્થાત :** હે પ્યારા આક઼ા ! ﷺ અમને કેવી કેવી જાતના ગમો તથા દુ:ખોએ ઘેરી રાખેલા છે અને ગુનાહોનાં અંધકારોએ અમને કોઈ કામના નથી છોડયા. આપને શું શું અર્ઝ કરીએ આપ તો સૌ જાણો છો. હે અરબના ચાંદ ! આપની આલમને પ્રકાશિત કરતી રોશનીથી અમને આ અંધારાંઓથી નજાત અપાવો.

*ચમક તુઝસે પાતે હૈ સબ પાનેવાલે–મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે*

**દર બદર કબ તક ફિરેં ખસ્તા ખરાબ**
**તયબહમેં મદફ઼ન ઈનાયત કીજિએ**

**અર્થાત :** હે પ્યારા આક઼ા ! ﷺ અમે ક્યાં સુધી દરવાજા દરવાજાના ધક્કા ખાતા રહીશું, મહેરબાની ફ઼ર્માવો ! અમને જિંદગીમાં પણ આપના દરવાજેથી ન ઉઠાડો અને મૃત્યુ બાદ મદીના શહેરમાં ક઼બ્રની જગા ઈનાયત કરો.

**હર બરસ વો ક઼ાફ઼લોં કી ધૂમ ધામ**
**આહ સુનીયે ઔર ગફ઼લત કીજિએ**

**અર્થાત :** દર વ રસે તયબહના ઝાઈરીન (મુલાકાતીઓ)ના ક઼ાફ઼લા મદીના તરફ઼ ઘણી જ શાનો શૌકત સાથે રવાના થાય છે. એમની જઝ્બ તથા શૌક઼માં આહોઝારી સાંભળો (હે લોકો !) અને તેમને જે કરે છે તે કરવા દો જેથી એમના દિલની ભડાશ નીકળે, અને તેમને મઅઝૂર સમજીને આંખ આડા કાન કરતા રહો. કેમ કે ઈશ્ક઼ના માર્યા વિરહના બીમાર આવું જ કર્યા કરે છે. અથવા હે આક઼ા ! આપ એમની આહોઝારી સાંભળો છો, મારો હાલ એમનાથી કાંઈ જુદો નથી. મારા તરફ઼ ક્યારે આપની નિગાહે કરમ થશે અને મને પણ ક઼ાફ઼લાવાળાઓ સાથે ક્યારે આપના દર પર બોલાવશો ?!

**ફ઼િર પલટ કર મુંહ ન ઉસ જાનિબ કિયા**
**સચ હૈ ઔર દઅવાએ ઉલ્ફ઼ત કીજિએ**

**અર્થાત :** (પોતે પોતાને આ'લા હઝ઼રત સંબોધન કરતાં ફ઼ર્માવે છે કે હે નામના આશિક઼ !) તું એકવાર મદીના તયબહ હાજર થયો પછી વળીને બીજીવાર ન ગયો. જો આ વાત સાચી છે અને યક઼ીનન ! સાચી છે તો પછી તું જ બતાવ કે શું મહોબ્બત આવી હોય છે ? અને તું મહોબ્બતના દાવામાં ક્યાં સુધી સાચો છે ?

**અક઼રબા, હુબ્બે વતન, બેહિમ્મતી**
**આહ ! કિસ કિસ કી શિકાયત કીજિએ**

**અર્થાત :** (પોતાની મજબૂરીઓ વર્ણન કરતાં હુઝ઼ૂર عليه الصلوة والسلامની બારગાહમાં અર્ઝ઼ કરે છે) સગાં સંબંધીઓ, વતનની મહોબ્બત અને મારી પોતાની નાહિંમતી તથા નાલાયકી મને આપની બારગાહમાં હાજર થવાથી આડરૂપ છે અને એ સિવાય પણ મારી જે કમજોરીઓ છે, હું આપની બારગાહમાં શું અર્ઝ઼ કરું ? હુઝ઼ૂર ! આપ તો મારી સર્વ હાલતોથી માહિતગાર છો.

**અબ તો આક઼ા મુંહ દિખાને કા નહીં**
**કિસ તરહ રફ઼એ નિદામત કીજિએ**

**અર્થાત :** હે મારા આક઼ા ! ﷺ હું એટલા પ્રમાણમાં શર્મિંદો છું કે આપને મોં દેખાડવાને પાત્ર નથી રહ્યો અને દરેક વખતે એ સોચમાં ડૂબેલો રહું છું કે આ શર્મિંદગીને કેવી રીતે ખત્મ કરું કે આપની બારગાહમાં હાજર થઈને આપનો સામનો કરી શકું. હે અલ્લાહ ! તું જ મારી મુશ્કેલી આસાન ફ઼ર્માવ અને તારા હબીબના સામે શર્મિંદગીથી બચાવ.

**અપને હાથોં ખુદ લુટા બૈઠે હૈં ઘર**
**કિસપે દા'વાએ બઝાઅત કીજિએ**

**અર્થાત :** અમે તે બદ્નસીબ છીએ કે જેમણે પોતાના હાથો વડે પોતે જ પોતાનુ ઘર બર્બાદ કરી લીધું છે. હવે કોની વિરુદ્ધ દાવો કરીએ, કેમ કે, "ખુદ કર્દારા ઈલાજ નેસ્ત" પોતે જ પેદા કરેલી બીમારીનો શું ઈલાજ થઈ શકે.

**કિસસે કહીએ કયા કિયા કયા હો ગયા**
**ખુદ હી અપને પર મલામત કીજિએ**
*(મલામત = ભલુ બુરુ કહેવું)*

**અર્થાત :** કોને કહીએ કે અમારે શું કરવું જોઈતુ હતું અને અમે શું કરી બેઠા ?! (અમે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની ફર્માંબરદારી કરવાને બદલે તેમની નાફર્માની કરી અને તેમને નારાજ કરી લીધા) હવે કોઈ અન્યને ભલુ બુરુ કહેવાને બદલે પોતે પોતાને ભલુ બુરુ કહીને પોતાનો ગુસ્સો કાઢી રહ્યા છીએ, જેનો કોઈ ફાયદો નથી.

**અર્ઝ કા ભી અબ તો મુંહ પળતા નહીં**
**કયા ઈલાજે દર્દે ફ઼ુર્ક઼ત કીજિએ**

**અર્થાત :** આપને નારાજ કરીને હવે તો અમે એ લાયક પણ ન રહ્યા કે કાંઈ અર્ઝ કરી શકીએ, કે હુઝૂર ! અમને આપની પાસે બોલાવી લો. હાય ! આ જુદાઈના સદમાનો હવે શું ઈલાજ થઈ શકે ?!

**અપની એક મીઠી નઝર કે શહદસે**
**ચારાએ ઝહરે મુસીબત કીજિએ**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ હવે આપના સિવાય અમારું છે પણ કોણ ? ફરી મજબૂરન્ આપની જ ખિદમતમાં અર્ઝ કરવું પડે છે. આપની પ્યારી પ્યારી આંખોની એક મીઠી મીઠી નજરથી અમારી મુસીબતના ઝહેરનો ઈલાજ ફર્માવી આપો.

**દે ખુદા હિંમત કે યહ જાને હઝીં**
**આપ પર વારેં વો સૂરત કીજિએ**

**અર્થાત :** અમારી અમારા રબથી પણ એ દુઆ છે કે હે અલ્લાહ ! જે થઈ ગયું તે માફ કરી દે અને હવે અમને હિંમત તથા તાક઼ત અતા કરી આપ કે અમારી આ નકામી તથા દુઃખી જાન તારા મહબૂબના મુબારક ક઼દમો પર કુર્બાન કરી દઈએ કે જેથી અમને થયેલ નુકસાનની ભરપાઈ માફી થઈ જાય અને ફરીથી તારા હબીબ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَના દેશની ઠંડી હવાઓ અમારાં નસકોરાંને સુગંધિત કરવાનું શરૂ કરી આપે.

**આપ હમસે બળ્હકર હમ પર મહરબાન**
**હમ કરેં જુર્મ આપ રહમત કીજિએ**

**અર્થાત :** હુઝૂર صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ આપ તો એવા રહીમો કરીમ આક઼ા છો કે અમને ખુદ અમારી એટલી ફિકર નથી

જેટલી કે આપને અમારી ફિકર હોય છે. આપ અમારા પર અમારાથી વધુ મહેરબાન છો. અમારું કામ જુર્મ કરવાનું છે, આપનું કામ કરમ કરવાનું છે. અમે ખતાઓ કરીએ છીએ, આપ અતા ફર્માવો છો, અમે ગુનાહ કરીએ છીએ આપ દુઆ કરો છો.

**જો ન ભૂલા હમ ગરીબોં કો 'રઝ઼ા'**
**યાદ ઉસકી અપની આદત કીજિએ**

**અર્થાત :** હે અહમદ રઝ઼ા ! જો પ્યારા આક઼ા ﷺ આપણને ન ફર્શ પર ભૂલ્યા ન અર્શ પર જઈને ભૂલ્યા. જિંદગીના દરેક મોડ પર આપણને યાદ રાખ્યા, એ પ્યારા આક઼ા ﷺને હમેશાં યાદ રાખો અને એમના ઝિક્રને પોતાની આદત તથા પોતાનો મામૂલ બનાવી લો.

## (નઅત શરીફ : ૭૦)

**દુશ્મને અહમદ પે શિદ્દત કીજિએ**
**મુલ્હિદોં કી કયા મુરવ્વત કીજિએ**

*(શિદ્દત = સખ્તી, કડકાઈ, મુલ્હિદ = બેદીન, મુરવ્વત = લેહાઝ)*

**અર્થાત :** [(يَاَيُّهَا النَّبِيُّ جَاهِدِ الْكُفَّارَ وَ الْمُنٰفِقِيْنَ وَ اغْلُظْ عَلَيْهِمْ) ના (તર્જુમો : "હે ગયબની ખબર આપનાર (નબી) જેહાદ કરો કાફિરો તથા મુનાફિકો પર, અને તેમના પર સખ્તી કરો."–*સૂરએ તૌબા, ૯/૧૭૩)* ખુદા તઆલાના હુકમ પ્રમાણે)] હુઝૂર علیہ الصلوۃ والسلامના દુશ્મન પર ખૂબ સખ્તી કરો અને બેદીન લોકોની સાથે જરા પણ રિઆયત (લેહાઝ) ન કરો. એ તમામ લોકો જેઓ હુઝૂર ﷺની સાથે દુશ્મનાવટભર્યો વહેવાર રાખે છે. દા.ત. એવુ કહે કે હુઝૂર علیہ الصلوۃ والسلامના ઈલ્મ કરતાં શૈતાનનો ઈલ્મ વધારે, હુઝૂર ﷺ પછી નબી થઈ શકે છે, હુઝૂરને પીઠ પાછળની, દીવાલ પાછળની ખબર નથી....વગેરે અથવા આપના સહાબાએ કિરામ અને અહલે બયતે એઝામની સાથે અદાવત રાખે અને હિંદુઓની હોળી, દીવાળીની પૂરી પકોડી, મીઠાઈ ખાવી જાઈઝ અને ઈમામ હુસૈનના નામની સબીલનું શરબત તથા પાણી હરામ તથા નાજાઈઝ બતાવે. એ બધુ ગુમરાહી તથા બદ્અકીદગી છે. તો એવા મુલ્હિદોનો શું લેહાઝ કરવો ને શું નરમી કરવી ? આપણા માબાપના દુશ્મનથી તો સખ્તી વર્તીએ તો પછી જેમનાં પર આપણા માબાપ કુર્બાન છે એવા નબીના ગુસ્તાખો સાથે સખ્તી વર્તવામાં શરમ રાખવી એ ઈમામનો તકાઝો છે જ નથી.

**ઝિક્ર ઉનકા છેળીયે હર બાતમેં**
**છેળના શયતાં કા આદત કીજિએ**

**અર્થાત :** હે ગુલામાંને મુસ્તફા ! ﷺ આકાએ દો આલમ ﷺનો ઝિક્ર કરવાથી જો કોઈને આગ લાગે છે તો હુઝૂર علیہ الصلوۃ والسلامનો ઝિક્ર દરેક વાતમાં છેડયા કરો, અને એવું સમજો કે અમે હુઝૂર ﷺનો ઝિક્રે ખૈર કરીને શયતાનને ગુસ્સો ચઢાવીએ છીએ. શૈતાન નારાજ થશે તો અલ્લાહ રાજી થઈ જશે. આ રીતે શયતાનને તંગ કરવાને પોતાની આદત તથા નિયમ બનાવી લો. قُلْ مُوْتُوْا بِغَيْظِكُمْ "તમે ફર્માવો મરી જાવ તમારી ઘુટન (દિલીજલન)માં." *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૧૯)* અને શૈતાનના ચેલાઓને કહો, મરતા રહો તમારા ગુસ્સમાં પણ અમે તો : *દમ મેં જબ તક દમ હૈં ઝિક્ર ઉન્કા સુનાતે જાએંગે*

**મિષ્લે ફારસ ઝલઝલે હોં નજ્દમેં**
**ઝિક્રે આયાતે વિલાદત કીજિએ**

**અર્થાત :** જેવી રીતે હુઝૂર ﷺની બઅષતના સમયે ઈરાનમાં ધમાકાની સાથે ઈરાનના કિસ્રાના મહેલના કંગુરા પડી ગયા. હે ગુલામાને મુસ્તફા ! ﷺ મીલાદુન્નબી ﷺ વાળી આયતોને વધુમાં વધુ પઢો અને નજદીઓ બદ્અકીદાઓ પર પણ અને એમના જૂઠા મઝહબના મહેલમાં ધરતીકંપ પેદા કરી દો.

**ગયઝમેં જલ જાએં બેદીનોં કે દિલ**
**યા રસૂલલ્લાહ કી કષરત કીજિએ**

*(ગયઝ = ગુસ્સો)*

**અર્થાત :** અને જો કોઈ યા રસૂલલ્લાહ ! (ﷺ)ના નારાથી ગુસ્સામાં સમસમી જાય છે અને તેના દિલમાં દુશ્મનીની આગ ભડકી ઉઠે છે તો આ નારાએ રિસાલત ખૂબ જ અધિક પ્રમાણમાં લગાડો અને એમનાં દિલોને એ જ ગુસ્સાની આગમાં જલાવીને રાખ કરી દો. ઈન્શા અલ્લાહ !

**કીજિએ ચર્ચા ઉન્હીં કા સુબ્હો શામ**
**જાને કાફિર પર કયામત કીજિએ**

**અર્થાત :** જે આપણા આકા ﷺના ઝિક્રે ખૈરથી અદાવત રાખે અને તેને સારો ન સમજે બલ્કે બંધ કરવાની નિષ્ફળ કોશિશ કરે, તો હે ગુલામાને મુસ્તફા ! ﷺ સવાર સાંજ હુઝૂર ﷺનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર કરીને આવા મુન્કિરોની જાન પર આફતો પર આફતો વરસાવતા રહો અને આપણા આકાને યાદ કરીને કહેતા રહો :–

*તેરા ઝિક્ર લબ પર ખુદા દિલ કે અંદર–યૂંહી ઝિંદગાની ગુઝારા કરું મૈં*
*મુઝે અપની રહમત સે તૂ અપના કર લે–સિવા તેરે સબસે કનારા કરું મૈં*

**આપ દરગાહે ખુદામેં હૈં વજીહ**
**હાં ! શફાઅત બિલ્ વજાહત કીજિએ**

*(વજીહ = બાઈજ્જત, બિલ્વજાહત = રૂઆબ તથા દબદબા સાથે)*

**અર્થાત :** હે પ્યારા નબી ! ﷺ તે મરદૂદ (ઈસ્માઈલ દહેલ્વી) જે એવું કહે કે, "ચાહે નાનો હોય કે મોટો દરેક અલ્લાહની સામે ચમારથી પણ અધિક ઝલીલ (નીચ) છે." અને "આપની શફાઅતે બિલ વજાહતનો ઈન્કાર કરતાં કહે કે જેવી રીતે બાદશાહ કોઈ મુજરિમને માફ કરવા ચાહે, તો ચાહે છે કે કોઈ સિફારિશ કરે જેથી હું તેને છોડી મૂકૂ. તો રસમ પૂરતો સિફારિશી માનીને એ મુજરિમને છોડી મૂકવામાં આવે." એવા મરદૂદની વાત માનીએ કે આપના ખુદાના હુકમો જોઈએ ?! કે મૂસા علیہ السلامના બારામાં ફર્માવવામાં આવ્યું : وَكَانَ عِنْدَ اللّٰهِ وَجِيْهًا "અને મૂસા અલ્લાહને ત્યાં આબરૂવાળા છે." *(સૂરએ અહઝાબ, ૩૩/૬૯)* ઈસા علیہ السلامને ફર્માવવામાં આવ્યું : وَجِيْهًا فِى الدُّنْيَا وَالْاٰخِرَةِ "તે દુનિયા તથા આખેરતમાં ઈજ્જતવાળા હતા." *(સૂરએ આલે ઈમરાન, ૩/૪૫)* આ પ્યારા નબીઓ તો આપના ઉમ્મતી હોવાની દુઆ કરતા રહ્યા ! અને શબે મેઅરાજ આપના મુકતદી બનીને રહ્યા, તો પછી આપની વજાહત (ઈજ્જત, દબદબા)નો આલમ કેવો હશે ?! આપ યકીનન ! બારગાહે ઈલાહીમાં ઈજ્જત તથા શાનવાળા છે અને મકામવાળા છે, તો આપના ઉમ્મતીઓની ઈજ્જત તથા શાનની સાથે શફાઅત કરો.

**હક્ક તુમ્હેં ફર્મા ચુકા અપના હબીબ**
**અબ શફાઅત બિલ્ મહબ્બત કીજિએ**

**અર્થાત :** હે પ્યારા આકા ! ﷺ જ્યારે અલ્લાહ તઆલા આપની સાથે મહોબ્બત કરે છે, અને આપે ખુદ ફર્માવ્યું, الا وانا حبیب اللّٰہ "હા ! સાંભળો ! હું અલ્લાહનો મહબૂબ છું." તો પછી તમારા ગુનેહગાર ઉમ્મતીઓની શફાઅત મહોબ્બતની સાથે કરો, કેમ કે આપ તો દુશ્મનો સાથે પણ મહોબ્બતથી પેશ આવો છો, જ્યારે અમે તો તમારા ગુલામ છીએ, ભલે જેવા પણ છીએ !

**ઈઝ્ન કબકા મિલ ચુકા અબ તો હુઝૂર**
**હમ ગરીબોં કી શફાઅત કીજિએ**

**અર્થાત :** અલ્લાહે આપને શફાઅતનો ઈઝ્ન (પરવાનગી) અતા કરી આપેલ જ છે. (وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ "અને રસૂલ એમની શફાઅત ફર્માવે." –સૂ. નિસાઅ્, ૪/૬૪, وَاسْتَغْفَرَ لَهُمْ) તો હવે અમ ગરીબોની શફાઅત કરવામાં વાર ન લગાડો કે જેથી : *ફકત ઈશારે સે સબકી નજાત હો કે રહે.*

**મુલ્હિદોં કા શક નિકલ જાએ હુઝૂર**
**હમ ગરીબોં કી શફાઅત કીજિએ**

**અર્થાત :** આ મુલ્હિદો (બદ્અકીદાઓ), બેઈમાનો આપના ઈખ્તિયારો અને આપની તાકત તથા કુદરતના મુન્કિરો જેઓ કહે છે કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી.", "રસૂલના ચાહવાથી કાંઈ નથી થતું...વગેરે." *(તકવિયતુલ ઈમાન)* એ બેદીનોનો શક દૂર કરવા માટે હે મારા પ્યારા આકા ! ﷺ અમ ગરીબોની શફાઅત કરી આપો.

**શિર્ક ઠહરે જિસમેં તા'ઝીમે હબીબ**
**ઉસ બુરે મઝહબપે લઅનત કીજિએ**

**અર્થાત :** અને જે બેઈમાન એવું કહે કે, "હુઝૂર علیہ الصلوٰۃ والسلامની તા'ઝીમ મોટાભાઈ જેટલી કરો કે ગામના ચૌધરી જેટલી કરો, એમાં પણ કમી કરો કે ક્યાંક શિર્ક ન થઈ જાય." *(તકવિયતુલ ઈમાન)* એવા બદ્અકીદા (વહાબી દેવબંદી) મઝહબવાળાને આપણે એવું કહીશું કે જ્યારે તારા મઝહબમાં તારા અકીદા પ્રમાણે અલ્લાહના હબીબ ﷺની શિર્ક છે તો અમે તારા મઝહબ પર હજારો લઅનત મોકલીએ છીએ.

**ઝાલિમો ! મહબૂબ કા હક્ક યા યહી ?**
**ઈશ્ક કે બદલે અદાવત કીજિએ !**

**અર્થાત :** અરે ઓ અલ્લાહના મહબૂબ ﷺની અઝમત તથા શાનમાં આવી ગંદી વાતો લખનારા જાલિમો ! મને જરા એ તો બતાવો કે કઈ દુશ્મનીનો બદલો લઈ રહ્યા છો ?! શું મહબૂબે ખુદાનો તમારા પર આ જ હક્ક હતો કે આપ ﷺના સાથે મહોબ્બત તથા અકીદત રાખવામાં આવે, તેના બદલે તમે ઉલ્ટા આપ ﷺથી અદાવત તથા દુશ્મનીનો ક્રમ કાયમ કરી રાખ્યો છે.

*ઢીઠ ઔર બેશરમ તો દુન્યામેં દેખે હૈં બહુત–સબસે સબકત લે ગઈ હૈ બેહયાઈ આપકી*

### વદ્દુહ઼ા, હુજુરાત, અલમ નશ્રહસે ફિર
### મો'મિનો ઈત્માામે હુજ્જત કીજિએ

*(ઈત્માએ હુજ્જત = દલીલ સંપૂર્ણ કરવી)*

**અર્થાત** : હે ગુલામાને મુસ્તફા ! ﷺ જ્યારે આ બદ્અક઼ીદા (વહાબી, દેવબંદી, મૌદૂદી વગેરે) તમારા આક઼ા ﷺની અઝમતને ઘટાડવા માટે આવી બધી વાતો કરે તો તમે એમનું મોં બંધ કરવા માટે (ન કે મનાવવા માટે, કેમ કે માનવાવાળી એમની ફિતરત નથી !) એમને સૂરએ વદ્દુહ઼ા સંભળાવો (જેમાં અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબના રુખે વદ્દુહ઼ા તથા ઝુલ્ફે વલ્લૈલની ક઼સમ યાદ ફર્માવી છે), સૂરએ હુજુરાત સંભળાવો (જેમાં અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺની બારગાહનો અદબ તથા એહતેરામ શીખવાડયો, અને ફર્માવ્યું કે જો તમે તમારો અવાજ પણ મારા મહબૂબના અવાજથી ઊંચો કર્યો તો તમારા અમલો નષ્ટ કરી દેવામાં આવશે) અને સૂરએ અલમ નશ્રહ સંભળાવો. (જેમાં અલ્લાહે ફર્માવ્યું, وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ۝ હે મહબૂબ ! અમે તારા ઝિક્રને તારા ખાતર બુલંદ કરી આપ્યું. –*સૂ. નશ્રહ, ૯૪/૪*) અને ઈમાનવાળાઓ દલીલ પૂર્ણ કરવા માટે એ જાલિમોને કહે કે :

*વો જિસકો ખુદાને બળ્હાયા હૈ કોઈ ઔર ઘટાના કયા જાને !*

*તૂ કિસી કે ઘટાયે સે ન ઘટે જબ બળ્હાયે તુઝે–પ્યારા અલ્લાહ તેરા ચાહનેવાલા તેરા*

### બૈઠે ઉઠતે હુઝૂરે પાકસે
### ઈલ્તિજા વ ઈસ્તિઆનત કીજિએ

*(ઈલ્તિજા = અરજ, ઈસ્તિઆનત = મદદ માગવી)*

**અર્થાત** : હે ગુલામાને મુસ્તફા ! ﷺ બેસો ત્યારે પણ તમારા નબીથી મદદ ચાહો, ઉઠો ત્યારે પણ તમારા નબી ﷺથી મુશ્કેલીઓના હલ માટે અરજ કરો. દરેક હાલતમાં હુઝૂર عليه الصلوٰة والسلامથી ચાહવાને તમારો વઝીફો બનાવી લો. કેમ ? આ "કેમ"નો જવાબ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા નોઅમાન બિન ષાબિત رضي الله عنهની ઝબાનથી આશિક઼ાના અંદાજમાં પઢો :–

انت الذی لو لاک ما خلق امرأ۔ کلا ولا خلق انوری لو لا کا "યા રસૂલલ્લાહ ! ﷺ આપની જાત તે જાત છે કે જો આપ ન હોત તો કોઈ શખ્સ પૈદા કરવામાં ન આવત, બલ્કે આપ ન હોત તો તમામ મખ્લૂક઼ જ પેદા ન થાત."

انت الذی من نورک البدر اکتسی۔ والشمس مشرقه بنوربها کا "આપ તે શખ્સિયત છે કે આપના જ નૂરથી ચૌદમીના ચાંદે રોશનીનો લિબાસ પહેર્યો અને સૂરજ પણ આપના જ નૂરથી ચમકી રહ્યો છે."

انت الذی لما تسول آدم۔ من زله بک فاز وهو اباکا "આપની હસ્તી તે હસ્તી છે કે જ્યારે હઝરત આદમ عليه السلامએ આપનો વસીલો ઈખ્તિયાર કર્યો પોતાની લગ્ઝિશના હવાલાથી તો કામયાબ થઈ ગયા, જ્યારે કે તે આપના જદ્દે કરીમ છે."

والماء فاض بر حتیک وسبحت۔ صم الحصی بالفضل فی یمنا کا "આપની હથેળીઓથી પાણી વહયું અને સખત કાંકરીઓએ આપના દસ્તે મુબારકમાં તસ્બીહ પઢી."

ماذا يقول المادحون وما عسى ان يجمع الكتاب من معناكا "આપના પ્રશંસકો આપની પ્રશંસામાં શું કહી શકે છે ? અને લખવાવાળા આપની ખૂબીઓને સીમિત કરી શકતા નથી." *(ઈમામે આ'ઝ઼મ અબૂ હનીફ઼ા)*

**યા રસૂલલ્લાહ ! ﷺ દુહાઈ આપકી**
**ગોશમાલે અહલે બિદઅત કીજિએ**

*(ગોશમાલે અહલે બિદઅત = બિદઅતીઓને સજા આપવી)*

**અર્થાત :** હે પ્યારા આકા઼ ! ﷺ અમારા દૌરના બદ્અકી઼દા બિદઅતી આપના ગુસ્તાખ એવા ઢીઢ તથા બેશરમ છે કે હજાર દલીલ આપે છતાં માનવાની તરફ નથી આવતા. આપની જ બારગાહમાં ફરિયાદ છે કે એ પથ્થર દિલોની ગોશમાલ ફર્માવો, એમને સખત સજાઓ આપો કે દુનિયા તેમના ગુસ્તાખીભર્યા અકી઼દાઓથી બચી જાય.

**ગ઼ૌષે આ'ઝ઼મ આપસે ફર્યાદ હૈ**
**ઝિંદા ફિર યે પાક મિલ્લત કીજિએ**

**અર્થાત :** હે કુત્બુલ અક઼તાબ, ગ઼ૌષુલ અગ઼વાષ, નાઈબે મુસ્તફા ﷺ પ્યારા ગ઼ૌષે આ'ઝ઼મ ! رضی اللہ عنہ આપનો લક઼બ મોહીયુદ્દીન (દીનને જીવંત કરનાર) છે. આપની બારગાહમાં પણ દરખાસ્ત છે કે આપની કરામત દેખાડો અને મિલ્લતના મુર્દા શરીરમાં જાન નાખીને એ રીતે જીવંત કરી આપો કે જેવી રીતે આપે ઈસાઈની માગણી પર કેટલાયે સેંકડો વરસ પૂરાણા મુર્દાને ઝિંદા કરી આપ્યું હતું. અને એક વૃદ્ધાના દિલના ઈત્મિનાન ખાતર મરઘીનાં હાડકાંને قم باذن الله الذى يحى العظام وهى رميم કહીને મરઘી જીવંત કરી આપી હતી. *(જમાલુલ અવલિયા)*

**યા ખુદા તુઝ તક હૈ સબકા મુન્તહા**
**અવલિયા કો હુકમે નુસ્રત કીજિએ**

*(મુન્તહા = છેડો, નુસ્રત = મદદ)*

**અર્થાત :** હે મારા ખુદા ! ﷻ તારી બારગાહમાં દુઆ છે. છેવટે દરેક કામ કરનાર તો તું જ છે, પણ કદી ફરિશ્તાઓ થકી, કદી વરસાદના ઝરીયાથી, કદી હવાના ઝરીયાથી, તારા બંદાઓના ઝરીયાથી. તારી જ બારગાહમાં છેવટે અમારે અર્ઝ કરવી છે કે તારા પ્યારા બંદાઓ અવલિયાએ કિરામને હુકમ ફર્માવ જેથી તારી મદદ તથા નુસ્રત અમારા સુધી પહોંચાડે. છેવટે એમની મદદ તારી જ તો મદદ છે અને તેઓ તારા હુકમ હેઠળ છે, તું જો ન ચાહે તો એક પાંદડુ પણ નથી હાલી શકતું.

**મેરે આકા઼ હઝરત અચ્છેમિયાં**
**હો 'રઝા' અચ્છા વો સૂરત કીજિએ**

**અર્થાત :** હે મારા આકા઼એ નેઅમત હઝરત અચ્છે મિયાં ! આપ તો ઈસ્મે બામુસમ્મા (નામ તેવા ગુણવાળા) છો, અને અચ્છાઓની સાથે મળવાવાળો પણ એક દિવસ અચ્છો (સારો) થઈ જ જાય છે. જિંદગીની ખબર નથી,

કોઈ એવી સૂરત (રીત) કાઢો કે આપનો (મુરીદ) અહમદ રઝા પણ જલ્દીથી અચ્છો થઈ જાય. માગવાના માટે અંદાઝ હોવો જોઈએ. આ નઅતમાં આ'લા હઝરત ઈમામે અહલે સુન્નતે, નારએ રિસાલત પોકારવાની અને ખૂબ જ અધિક પ્રમાણમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની બારગાહમાં મદદ તલબ કરવાની તા'લીમ અતા કરી છે.

## નારએ રિસાલતની બરકતના અમુક નમૂના

ઈબ્રાહીમ બિન મરઝૂક બયાનીનું બયાન છે કે શકર ટાપુનો એક શખ્સ કૈદ થઈ ગયો અને તેને અતિશય સાંકડી જગામાં જંજીરો સાથે બાંધી દેવામાં આવ્યો. તે وَیستغیث وَیَقُوْلُ یَا رَسُوْلَ اللّٰہِ یَا رَسُوْلَ اللّٰہِ પોકારી પોકારીને ફરિયાદ કરતો હતો. તેના મોટા દુશ્મન કાફિરે કટાક્ષ કરતાં કહ્યું : قُلْ یُنْقِذُکَ "એને કહો કે તમને છોડાવી જાય !" જ્યારે રાત થઈ તો એક શખ્સે તેને હલાવ્યો અને કહ્યું કે અઝાન આપો ! તે બોલ્યો કે તમે નથી જોતા કે હું કઈ હાલતમાં છું ? પછી તેણે અઝાન કહી. જે વખતે તેણે اَشْھَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰہِ (અશહદુઅન્ન મુહમ્મદર્રસૂલુલ્લાહ) પઢયું તો તેની બેડીઓ આપોઆપ જ ખુલી ગઈ. જેનાથી તે શકર દ્વિપમાં જઈ પહોંચ્યો અને તેનો કિસ્સો તેના શહેરમાં મશહૂર થઈ ગયો. *(શવાહિદુલ હક્ક વ હુજ્જતુલ્લાહિ અલલ્ આલમીન, ૨/૪૦૯)*

એક બીજા મુસલમાન કેદીએ કહ્યું કે કાફિર બાદશાહનું જહાઝ દરિયામાં ફસાઈ ગયું. હજારો માણસોએ જોર લગાડયું પણ જહાઝ ન નીકળી શક્યું. છેવટે મુસલમાન કેદીઓને કહ્યું કે જહાઝ કાઢો. فَقُلْنَا بِاَجْمَعِنَا یَا رَسُوْلَ اللّٰہِ અમે મુસલમાન કેદીઓએ મળીને યા રસૂલલ્લાહ ﷺનો નારો લગાડીને જોર લગાડયું તો જહાઝ બહાર આવી ગયું, જો કે કેવળ ચારસો પચાસ હતા. *(હુજ્જતુલ્લાહ, ૨/૪૧૦)*

હઝરત અબૂ યૂનુસ رحمۃ اللہ علیہને માલૂમ થયું કે ૨૦૦ આલિમોને અમીર બલદાએ ગિરફતાર કરી લીધા છે. અબૂ યૂનુસે તેમના છૂટકારા માટે હુઝૂરે અકદસ ﷺની બારગાહમાં આ શબ્દોમાં ફરિયાદ કરી : یَا اَحْمَدُ یَا مُحَمَّدُ یَا اَبَا الْقَاسِمِ یَا خَاتَمَ النَّبِیِّیْنَ یَا سَیِّدَ الْمُرْسَلِیْنَ یَا مَنْ جَعَلَہُ اللّٰہُ رَحْمَۃً لِّلْعَالَمِیْنَ તો ખ્વાબમાં રસૂલુલ્લાહ ﷺએ બશારત આપી કે, غَدًا یُطْلَقُوْنَ اِنْشَاءَ اللّٰہُ "કાલે બફઝલિહી તઆલા મુકત થઈ જશે. જેથી સવાર થતાં જ સૌને મુક્ત કરી દેવામાં આવ્યા." *(હુજ્જતુલ્લાહ, ૨/૪૧૦)*

**એક સહાબીનો હવાલો :** ઈમામ બુખારીએ આ રીતે બાબ(પ્રકરણ) પાડયું છે કે જો કોઈનો પગ સુન મારી જાય (લકવો થાય) તો તે શું કહે ? આ પછી નીચેની હદીષ નકલ કરી છે કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને સઅદ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો પગ સૂઈ ગયો (બ્હેર મારી ગયો.) કોઈએ કહયું કે તેની યાદી કરો જે આપને વધુ પ્રિય હોય ! ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે બુલંદ અવાજથી "યા મોહમ્મદાહ્ !" કહ્યું ને તુર્ત જ શિફા થઈ ગઈ." *(બુખારી શરીફ)*

**એક સહાબીનો હવાલો :** ઈમામ નવવી મુસ્લિમ શરીફના શારેહે (વિવરણ કરનારે) 'કિતાબુલ અઝકાર' માં પ્રસ્તુત દ્રષ્ટાંત જેવું જ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસથી નકલ કર્યું છે. હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہનો પગ સૂઈ ગયો કિવાં લકવા મારી ગયો હતો. તેમણે "યા મુહમ્મદ !" કહયું તો તરત જ સારો થઈ ગયો. 'નસીમુર્રિયાઝ શર્હે શિફા અયાઝ'માં છે કે, મદીનાવાસીઓમાં પ્રથમથી જ આ "યા મુહમ્મદ !" કહેવાની આદત ચાલતી આવી છે.

## (નઅત શરીફ : ૭૧)

આ નઅતનું નામ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ "હુઝૂર જાને નૂર" રાખ્યું છે. હિ.સ. ૧૩૨૪ *વસ્લે અવ્વલ 'રંગ ઈલ્મી' (આલિમાના અંદાઝ) જુઓ. –મલ્ફૂઝ, ૨/૩૩*

**શુક્રે ખુદા કે આજ ઘળી ઉસ સફર કી હૈ**
**જિસ પર નિષાર જાને ફલાહો ઝફર કી હૈ**

**અર્થાત** : હે અલ્લાહ ! તારો ઘણો જ શુક્ર છે કે તેં આજે આ બાબરકત સફરનો મોક઼ો અતા કર્યો છે (મદીને કા સફર હૈ ઔર મૈં નમદીદા નમદીદા) કે જે મુક઼દ્દસ સફર પર કેવળ કામયાબી જ નથી બલ્કે કામયાબીઓ અને કામરાનીઓની જાન પણ કુર્બાન કરી દેવામાં આવે તો પણ ઓછુ છે.

**આ'લા હઝરતનો હજ્જ અને આપના વાલિદા માજિદાનો ઝિક્ર ખૈર :-**

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ નઅત હજ્જે બયતુલ્લાહ શરીફની હાજરી તથા મદીના શરીફની ઝિયારતના મોક઼ા પર લખી એટલા માટે એને જો આપનું સફરનામાએ હરમૈન શરીફૈન સમજી લેવામાં આવે તો પણ દુરુસ્ત છે. પરંતુ આ'લા હઝરતના હજ્જના સફરની રુદાદ આપના સાહબઝાદા મુફતીએ આ'ઝમે હિંદ મૌલાના અશ્શાહ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہએ વિસ્તારપૂર્વક લખી છે, જેનું નામ તેમણે "હુવૈદાદે હજ્જે ઈમામ અહમદ રઝા" રાખ્યું છે. ખૂબ જ આશિક઼ાના તથા આલિમાના વિગત છે.

આ'લા હઝરતે પ્રથમ હજ્જ હિ.સ. ૧૨૯૩માં પોતાના વાલિદૈન કરીમૈનની સાથે કર્યો, જે વખતે આપની ઉમર લગભગ ત્રેવીસ વરસ હતી. એ જ પ્રથમ હજ્જનો બનાવ છે કે હજ્જથી વાપસી પર સમુદ્રનુ જહાઝ ત્રણ દિવસ સખત તોફાનની અંદર સપડાયેલુ રહ્યું. ઝિયારત કરવાવાળા મુસાફરો તદન નિરાશ થઈ ગયા અને સૌએ કફન પહેરી લીધાં. આ'લા હઝરતે પોતાનાં વાલિદૈનને પણ અન્ય ઝાઈરીનની જેમ પરેશાન જોયાં અને અર્ઝ કરી, પરેશાન ન થાવ ઈન્શા અલ્લાહ ! આ જહાઝ ડૂબશે નહીં, અને ખુદાની ક઼સમ ! ખાઈને કહ્યું કે નહીં ડૂબે. ફર્માવે છે કે મેં અલ્લાહની બારગાહની તરફ રજૂઅ કર્યું અને હુઝૂર ﷺથી મદદ ચાહી તો ત્રણ દિવસ સતત ચાલવાવાળુ સખત તોફાન બે ઘડીઓમાં બંધ પડી ગયું અને જહાઝે મુક્તિ મેળવી. ફર્માવે છે કે મેં જે ક઼સમ ખાઈને કહ્યું કે ખુદાની ક઼સમ જહાઝ નહીં ડૂબે, તો એનું કારણ એ હતું મેં હુઝૂર علیہ الصلوۃ والسلامના ફર્માન પ્રમાણે કશ્તી (વહાણ) પર સવાર થવાની દુઆ સવાર થતી વખતે પઢી લીધી હતી અને મને હદીષમાં વર્ણન કરેલા હુઝૂર ﷺના સાચા વાયદા પર સંપૂર્ણપણે ઈત્મિનાન હતું.

પરત આવ્યા તો ઘરમાં ક઼દમ રાખતાં જ અમ્મીજાને ફર્માવ્યું કે અહમદ રઝાએ ફર્ઝ હજ્જ અદા કરવાની સઆદત (નેક નસીબી) તમને અતા ફર્માવી દીધી અને તે પણ માબાપની સાથે, બસ હવે મારી જિંદગીમાં બીજીવાર હજ્જના સફરનો ઈરાદો કરવાની જરૂરત નથી. ફર્માવે છે કે મા બાપની મના પર નફલી હજ્જ જાઈઝ નથી,

એટલા માટે મજબૂરી હતી. પરંતુ વાલિદા માજિદાની જિંદગીમાં જ આપના સાહબઝાદા હઝરત હામિદ રઝા ખાં અને નાના ભાઈ નન્નેમિયાં જ્યારે પોતાના સંબંધીઓ સાથે હજ્જ માટે રવાના થયા તો આ'લા હઝરત લખનૌ સુધી તેમની સાથે ગયા અને પાછા આવી ગયા પણ યાદે મદીનાએ ખૂબ સતાવ્યા. છેવટે વાલિદા માજિદાના ક઼દમો પર માથુ રાખીને ઈરાદો જાહેર કર્યો તો તેમણે ખુશીભેર ઈજાઝત આપી દીધી. માની મમતા પર કુર્બાન ! આપ ફર્માવે છે કે હજ્જથી પરત આવ્યો તો માલૂમ પડયું કે હજી આપ સ્ટેશન પર પણ પહોંચ્યા ન હતા કે વાલિદા સાહિબાએ ફર્માવ્યું, એને બોલાવી લો, હું ઈજાઝત પાછી લઉં છું. (એ જ સમંદરી તોફાન દિમાગમાં ફરતુ હતું !) પણ હું તો નીકળી ચૂક્યો હતો. ફર્માવે છે કે જતી વખતે મેં જે ટબમાં વુઝૂ કર્યું હતું, મારી માએ એ પાણી પણ સંભાળીને રાખ્યું હતું કે મારા બેટાના વુઝૂનું પાણી છે. સુબ્હાનલ્લાહ !

**ગરમી હૈ તપ હૈ દર્દ હૈ કુલ્ફત સફર કી હૈ**
**નાશુક્રિયા તૂ દેખ અઝીમત કિધર કી હૈ**

*(કુલ્ફત = તકલીફ, અઝીમત = નિશ્ચય)*

**અર્થાત :** (પોતાના નફ્સ તથા તબીઅત તથા મિઝાજને ધમકાવતાં કહે છે) માન્યું કે ગરમી પણ છે, તને તાવ પણ છે અને સફરની તકલીફ પણ છે, પણ નાશુક્રા ક્યાંના ! એ તો જો કે નિય્યત કઈ બાજુની છે ?! જ્યાં રહમતોનો દરેક વખતે નુઝૂલ થાય છે. તારી ગરમી ખત્મ થઈ જશે. તયબહ નગરની માટી ખાકે શિફા છે, તારો તાવ મટી જશે અને રોઝએ અન્વરના નઝારાઓથી તારી સર્વ તકલીફો દૂર થઈ જશે. અરે પાગલ ! આ સઆદત દરેક જણને નસીબ થતી નથી, ન દરેક સમયે નસીબ થતી રહે છે. મોક઼ાથી ફાયદો ઉઠાવ અને તયબહ તરફ ખુશ થઈને જા. દરેક તકલીફ સ્વીકારી લે અને કહેતો જા :–

*તેરે રોઝે કી નૂરી જાલિયોં કો–લબોંસે ચુમતા હૈ કોઈ કોઈ*
*ખિલે હૈં ફૂલ ગુલશનમેં હઝારોં–નિગાહોંમેં જચા હૈ કોઈ કોઈ*

**કિસ ખાકે પાક કી તૂ બની ખાકે પા શિફા**
**તુઝ કો ક઼સમ જનાબ મસીહા કે સર કી**

*(મસીહા = હઝરત ઈસા عليه السلام)*

**અર્થાત :** હે મદીનાની ખાક (માટી) એક વાત તો બતાવ ! કે તું ક્યારની ખાકે શિફા બની છે ? બોલતી કેમ નથી ? અરે ! એવું કેમ નથી કહેતી કે જ્યારે મારા ઉપર મુસ્તફા ﷺના ક઼દમ લાગ્યા છે તો હું માટીથી ખાકે શિફા બની ગઈ છું. તને ઈસા عليه السلامના માથાની અથવા મસીહાઈની ક઼સમ છે, જવાબ આપ ! શું હું સાચી કહી રહ્યો છું ?!

હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : غبار المدينة فيه شفاء "મદીનાની માટી પણ સરાસર શિફા છે."

**આબે હયાત રૂહે હૈ ઝરક઼ા કી બુંદ બુંદ**
**અકસીરે આ'ઝમ મસે દિલે ખાક દર કી હૈ**

*(આબે હયાત = જીવંત રાખનાર પાણી, ઝરક઼ા = મદીના શરીફની નહેરનું નામ, અકસીરે આ'ઝમ = દરેક બીમારીથી શિફા આપનાર)*

**અર્થાત** : એમાં શક નથી કે મદીના શહેરની નહેર ઝરક઼ાના પાણીનું એક એક ટીપુ રૂહના માટે આબે હયાત છે, જેને પીવાથી રૂહાની જિંદગી નસીબ થાય છે. પરંતુ મારા આક઼ાના દરવાજાની ખાક દિલની દુનિયાને આબાદ કરવા માટે અકસીરે આ'ઝમનો દરજો ધરાવે છે. એટલે કે દરેક બીમારીનો ઈલાજ પણ છે, આંખોનું નૂર પણ છે અને દિલનો સુરૂર (ખુશી) પણ છે. યાદ રાખશો કે આ નઅતના કેટલાય શેઅરોની સ્પષ્ટતા આ'લા હઝરતે ખુદ ફર્માવી છે જેને આ શરહમાં સામેલ કરી લેવામાં આવેલ છે.

**હમકો તો અપને સાએ મેં આરામ હી સે લાએ**
**હીલે બહાને વાલોં કો યહ રાહ ડરકી હૈ**

*(કુલ્ફત = તકલીફ)*

**અર્થાત** : (એ દૌરમાં હજનો સફર ખૂબ જ ખતરાઓથી ભરપુર હતો. એ ખતરાઓ તરફ ઈશારો કરતાં ફર્માવે છે) આપણા આક઼ા ﷺએ ઘરથી લઈને મદીના શરીફ પહોંચતા સુધી અમારી હિફાઝત કરી અને પોતાની રહમતના સાયામાં ઘણી જ સહૂલત સાથે અમને મદીના શરીફ પહોંચાડયા. પરંતુ જેઓ હીલા બહાનાં બનાવવાવાળાઓ છે અને ઈબ્ને તયમિયહ તથા ઈબ્ને કૈયિમની જેમ રોઝાએ પાકની ઝિયારતની નિય્યત કરવાવાળાઓને ગુનેહગાર કહે છે, તો દુનિયા તથા આખેરતની સર્વ રાહો એ જ લોકો માટે પુરખતર હશે.

*મદીને કી હર શય નફાસત ભરી હૈ—મદીનેસે ક઼ાબે કો ઈઝ્ઝત મિલી હૈ*
*વહીં કી તો ફૂલોં મેં ખુશ્બુ બસી હૈ—સબા વજ્દમેં ઝુમ કર કહ રહી હૈ*
*અજબ દિલ કુશા હૈં મદીનેકી ગલિયાં—મોઅત્તર હૈં યૂં જૈસે ફૂલોંકી કલિયાં*
*—(સૂફી જમીલુર્રહમાન રઝવી)*

**લુટતે હૈં મારે જાતે હૈં યૂં હી સુના કીયે**
**હર બાર દી વો અમ્ન કી ગૈરત હઝરકી હૈ**

*(લુટતે હૈં = લૂટી લેવામાં આવે છે, હઝર = રોકાણની સ્થિતિ, સફર નહીં)*

**અર્થાત** : બહું સાંભળ્યું હતું કે મદીના શરીફ જતા ક઼ાફલાઓને લૂટી લેવામાં આવે છે. ક઼ાફલાવાળાઓને મારવામાં આવે છે, ક઼ત્લ કરી દેવામાં આવે છે, આમ થઈ જાય છે, તેમ થઈ જાય છે, પણ કાંઈ જ ન થયું ! અમારા ક઼ાફલાને દરેક વખતે (પહેલીવાર પણ અને આ વખતે પણ) આક઼ા ﷺએ એવો અમ્ન બખ્શ્યો છે કે ઘરમાં રહેવું એટલે કે ઘરમાં રોકાણની સ્થિતિ અમારા આ સફર પર રશ્ક કરી રહી છે કે આટલુ સુકૂન તો ઘરમાં પણ નથી મળતુ જેટલુ અમને સફરમાં મળી રહ્યું છે, કેમ ન મળે ? મદીનાનો સફર છે !

*મદીનેસે હોતી હૈ તક઼સીમ નેઅમત—વહીંસે બટા કરતી હૈ સારી દૌલત*
*ફિદા ઉસપે હોતી હૈ હર વક઼્ત જન્નત—બરસતી હૈ દિનરાત વાં હક઼્ક઼ી રહમત*
*અજબ દિલકુશા હૈં મદીને કી ગલિયાં—મોઅત્તર હૈં યૂં જૈસે ફૂલોંકી કલિયાં*
*—(જમીલુર્રહમાન રઝવી)*

**વો દેખો જગમગાતી હૈ શબ ઔર કમર અભી**
**પહરોં નહીં કે બસ્ત વ ચહારૂમ સફરકી હૈ**

**અર્થાત** : હે મદીનાના ઝાઈરો ! (ઝિયારત માટે આવનારાઓ !) જરા જુઓ તો ખરા નૂરવાળા આકાનો દરબાર કેવો ચમકી રહ્યો છે, જ્યારે કે રાત છે અને રાત પણ ૨૪ સફરની જેમાં ચાંદનું નામો નિશાન પણ (એ સમય સુધી) નથી હોતુ. યકીનન ! આ નૂરવાળા આકાના દરબાર પર ફરિશ્તાઓના જુલૂસ આવેલા છે જેઓ આકાના ગુલામો માટે રોશનીનો ફરીઝો અંજામ આપી રહ્યા છે.

આટલી બધી રોશની તથા નૂર વરસી રહ્યું છે છતાં પણ એક આશિકનું દિલ એટલા માટે નથી જામી રહ્યું કે એની માન્યતા એ છે કે રોશનીઓ, ફરિશ્તાઓ, નૂરનાં દશ્યો એની જગાએ બરાબર, પણ હું શું કરું કે :

*અબ મેરી નિગાહોં મેં જચતા નહીં કોઈ—જૈસે મેર સરકાર હૈ ઐસા નહીં કોઈ*

**ચાહે મદીના અપની તજલ્લી અતા કરે**
**યહ ઢલતી ચાંદની તો પહર દો પહરકી હૈ**

**અર્થાત** : જેથી અર્ઝ કરે છે, મને તો માહે મદીના (મદીનાના ચાંદ, મહબૂબે ખુદા ﷺ) જ પોતાની એક તજલ્લી ઈનાયત ફર્માવી આપે તો મારો દામન ભરાય ! આ રોશનીનું તો શું ? એ તો ઢળતી ચાંદની છે, હમણા ખત્મ થઈ જશે. સિરાજે મુનીરની રોશની છે જે ખત્મ થનારી નથી.

**મન્ઝાર તુર્બતી વજબત્ લહૂ શફાઅતી**
**ઉન પર દુરૂદ જિનસે નવેદ ઉન બશરકી હૈ**

**અર્થાત** : હુઝૂર ﷺનો પોતાનો ઈર્શાદે ગિરામી છે : مَنْ زَارَ تُرْبَتِیْ وَجَبَتْ لَهٗ شَفَاعَتِیْ "જેણે મારી કબ્રે અન્વરની ઝિયારત કરી એના પર મારી શફાઅત વાજિબ થઈ ગઈ." કુર્બાન એ જાત પર ! જે આલમે બશરિયતને બશારતો પર બશારતો સંભળાવતા જઈ રહ્યા છે.

**ઉસકે તુફૈલ હજ ભી ખુદાને કરા દીયે**
**અસ્લે મુરાદ હાઝરી ઉસ પાક દરકી હૈ**

**અર્થાત** : મને (અહમદ રઝાને) જો કોઈ પૂછે કે હજ્જે બયતુલ્લાહ શરીફ અને રોઝએ પાકની ઝિયારતમાંથી કોણ અસલ છે અને કોણ તુફૈલી અથવા શાખ છે ? તો હું તો એવું જ કહીશ. ફર્ઝ હજ તો ફર્ઝ થયો તો મેં બિહમ્દિલ્લાહિ તઆલા હિ.સ. ૧૨૯૩માં મારાં વાલિદૈનની સાથે કરી લીધો અને આ હજ્જ નફલી છે. આ હોય કે તે હોય સૌ મહબૂબે ખુદા ﷺના સદકા તથા તુફૈલથી છે, અસલમાં દરે રસૂલની હાજરીનો હેતુ છે, એ અલગ વાત છે કે એ દરની હાજરીના કારણે અલ્લાહે હજની સઆદત (સદ્નસીબી) પણ અતા કરી આપી.

**કા'બા કા નામ તક ન લિયા તયબહ હી કહા**
**પૂછા થા હમસે જિસને કે નેહઝત કિધર કી હૈ**

*(નેહઝત = નિય્યત)*

**અર્થાત** : જેમ કે (હજના) સફર દરમ્યાન મને જ્યારે પણ કોઈએ પૂછયું કે ક્યાં જવાનો ઈરાદો છે ? તો મેં કા'બાનું નામ તો લીધુ જ નહીં, બસ એવું જ કહ્યું કે મદીના જઈ રહ્યો છું.

એનું કારણ આ સિવાય બીજુ શું હોય શકે છે કે ખુદા તો દરેક જગાએ મૌજૂદ છે, જો કોઈ એવું કહે કે ખુદા કા'બામાં રહે છે તો એ ગલત છે કે અલ્લાહ કોઈ મકાનમાં આવવાથી પાક છે. કેવળ નિસ્બતના કારણે કા'બાને અઝમત મળી ગઈ છે કે બયતુલ્લાહ છે એટલે કે અલ્લાહનું ઘર. જ્યારે કે એ અર્થમાં તો નહીં પરંતું અમારાં ઘરો પણ તો અલ્લાહનાં જ છે, આખુ જગત અલ્લાહનું, મકાન તથા લામકાં અલ્લાહનું, જમીન તથા આસ્માન અલ્લાહનાં, પણ બયતુલ્લાહ શરીફને બુઝુર્ગીની નિસ્બત અલ્લાહના નામની મળી ગઈ અને રોઝએ પાકમાં તો હુઝૂર ﷺ રહે છે, અને હુઝૂર તે છે કે :–

*હૈં કા'બએ કૌનેન રસૂલુષ્ષક઼લૈન–હૈં ક઼િબ્લએ દારૈન નબીયુલ હરમૈન*
*ક્યૂં દોનોં જહાં ન ઉન્કે દરપે જાએં–હૈં ક઼ાસિમે કુલ શય જદ્દુલ હસ્નૈન*

**કા'બા ભી હૈ ઉન્હીં કી તજલ્લીકા એક ઝિલ્લ**
**રોશન ઉન્હીં કે અકસ સે પુત્લી હજર કી હૈ**

*(ઝિલ્લ = અક્સ, પ્રતિબિંબ, પુત્લી હજરકી = હજરે અસ્વદની શકલ આંખની પુતળીથી મળતી જુલતી છે)*

**અર્થાત** : અમે કા'બાની અઝમતનો ઈન્કાર નથી કરતા બલ્કે દિલ તથા જાનથી એની ફઝીલતને માનીએ છીએ, કેમ કે કા'બા મોઅઝ્ઝમા પણ આપણા આક઼ા ﷺની તજલ્લીઓના અન્વારમાંની એક નજલ્લીનું પ્રતિબિંબ છે, અને આપના નૂરના જલ્વાથી જ હજરે અસ્વદ રોશન તથા મુનવ્વર છે અને કાઈનાતમાં પોતાનો ફયઝ વહેંચી રહ્યો છે.

**હોતે કહાં ખલીલો બિના કા'બઓ મિના**
**લૌલાકવાલે સાહિબી સબ તેરે ઘર કી હૈ**

**અર્થાત** : આ શેઅરમાં એનાથી ઉપલા શેઅરમાંના દાવાની દલીલ આપવામાં આવી રહી છે કે દરેક ચીજનું અસ્તિત્વ હુઝૂર ﷺના નૂરના ફયઝથી છે, જો હુઝૂર ﷺ ન હોત તો ન કા'બાનું બાંધકામ કરનાર ખલીલુલ્લાહ علیہ السلام હોત, ન કા'બાનો પાયો રાખવામાં આવત અને ન તો મિનાની રોનકો હોત. કેમ કે હે મારા પ્યારા આક઼ા ! ﷺ અલ્લાહે હદીષે કુદ્સીમાં ખુદ ફર્માવ્યું છે :–

لو لاک لما خلقت الافلاک-لو لاک لما خلقت الدنیا-لو لاک لما اظہرت الربوبیہ "જો હે મહબૂબ ! તને પેદા કરવાનો હેતુ ન હોત તો ન આસ્માન પેદા કરતો, ન દુનિયા પેદા કરત અને ન તો મારી રબૂબિયતને જાહેર કરતો."

*હૈ ઉન્હીં કે દમ ક઼દમસે બાગે આલમમેં બહાર–વો ન થે આલમ ન થા ગિરોહ ન હોં આલમ ન હોં*

**મૌલા અલીને વારી તેરી નીંદ પર નમાઝ**
**ઔર વો ભી જો અસ્ર સબસે જો આ'લા ખતરકી હૈ**

**અર્થાત** : ખયબરથી પરત થતાં સહબા સ્થળે નબી કરીમ ﷺએ અસ્રની નમાઝ પઢીને મૌલા અલી

کرم اللہ وجہہ الکریم ની જાંગો પર સરે અકદસ રાખીને આરામ કર્યો. મૌલા અલી کرم اللہ وجہہ الکریم એ નમાઝ પઢી ન હતી. આંખથી જોતા રહ્યા કે સમય વહી રહ્યો છે પણ એ વિચારે કે જાંગો સરકાવીશ તો કદાચ હુઝૂર પુરનૂર ﷺની ઊંઘ મુબારકમાં ખલેલ આવે, જેથી હરકત ન કરી, ત્યાં સુધી કે સૂર્ય આથમી ગયો.

આ રીતે હઝરત અલી کرم اللہ وجہہ الکریم આપની ઊંઘ પર અસ્ર જેવી મહત્વની નમાઝ કુર્બાન કરી આપી કે જેનું અલ્લાહે આ શબ્દોમાં મહત્વ દર્શાવ્યું છે : حٰفِظُوْا عَلَى الصَّلَوٰتِ وَ الصَّلٰوةِ الْوُسْطٰى *(સૂ. બકરહ, ૨/૨૩૮)* સર્વ નમાઝોની હિફાઝત કરો ખાસ કરીને વચલી નમાઝ એટલે અસરની.

ઉપરના શેઅરોની સ્પષ્ટતા અબૂન્નૂર મૌલાના મુહમ્મદ બશીર رحمۃ اللہ علیہએ આ પ્રમાણે કરી છે :

## ★ મૌલા અલીને વારી તેની નીંદ પર નમાઝ ★

એક દિવસે સહબા સ્થળે હુઝૂર ﷺએ ઝોહરની નમાઝ પઢીને હઝરત અલી رضی اللہ عنہને કોઈ કામના માટે ક્યાંક મોકલી આપ્યા. હઝરત અલી જ્યારે આવ્યા તો હુઝૂર ﷺ અસરની નમાઝ પઢી ચૂક્યા હતા. હુઝૂર સરવરે આલમ ﷺએ પોતાનુ માથુ મુબારક હઝરત અલી رضی اللہ عنہની ગોદમાં રાખ્યું અને સૂઈ ગયા. હઝરત અલી رضی اللہ عنہએ અસરની નમાઝ પઢવાની બાકી હતી. સમય વહી રહ્યો હતો પણ હુઝૂર ﷺના આરામનો ખયાલ કરીને હુઝૂરને ન જગાડયા, ત્યાં સુધી કે સૂર્ય આથમી ગયો. હુઝૂર ઉઠયા તો ફર્માવ્યું, હે અલ્લાહ ! તારો બંદો અલી તારા નબીની ખાતર બેઠેલો રહ્યો, તું સૂરજને એના માટે પલટાવી દે. હુઝૂર ﷺએ આટલુ જ કહ્યું હતું એટલામાં સૂરજ ફરી નીકળી આવ્યો, ત્યાં સુધી કે તેનો તડકો પહાડો તથા જમીન પર પડવા લાગી.

હઝરત અલી کرم اللہ وجہہ الکریم ઉઠયા, વુઝૂ કર્યું અને અસ્રની નમાઝ પઢી પછી સૂરજ આથમી ગયો. આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હઝરત અલીએ હુઝૂર ﷺની ઊંઘ માટે નમાઝ કુર્બાન કરી આપી, અને નમાઝ પણ તે જેના માટે અલ્લાહે ખાસ તાકીદ કરી છે.

વિચારો ! હુઝૂર ﷺ હઝરત અલી رضی اللہ عنہની ગોદમાં આરામ કરી રહ્યા છે. મૌલા અલી رضی اللہ عنہએ નમાઝ પઢવાની બાકી છે. સમય વહી રહ્યો છે છતાં હઝરત અલી رضی اللہ عنہ હુઝૂર ﷺને બોલાવતા કે નથી જગાડતા. જાણે વિચારે છે કે : *નમાઝેં ફિર અદા હોં ગર કઝા હોં–નિગાહોંકી કઝાએં કબ અદા હોં*

આમ વિચારીને પોતાની નમાઝ હુઝૂર ﷺની ઊંઘ પર કુર્બાન કરી દીધી. એ નમાઝ અસરની નમાઝ હતી. નમાઝ આમ પણ મહત્વનો ફરીઝો છે. એક નમાઝો આપણી છે જે મહત્વની છે એક નમાઝ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની પણ છે નમાઝે કર્બલા ! એનું મહત્વ કોણ વર્ણવે ? અને વળી હુસૈનના પણ પિતા મૌલા અલી رضی اللہ عنہની નમાઝ ? પોતે જ વિચારી લો કે કેટલા પ્રમાણમાં મહત્વની હશે. સહબા સ્થળે હુઝૂર ﷺની ઊંઘ પર આ આટલી મહાન અઝમતવાળી નમાઝ કુર્બાન કરવામાં આવી રહી છે. અને વળી આ હૈદરે કર્રારની નમાઝ કોની ઊંઘ પર કુર્બાન કરવામાં આવી રહી છે ? અલ્લાહુ અકબર ! જેની ઊંઘની અઝમતનો આલમ આ છે તો પછી એ સૂવાવાળાની અઝમતનો આલમ તો ખુદા જ જાણે !

## ★ સિદ્દીક બલ્કે ગારમેં જાન ઉસપે દે ચુકે ★

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ (હિજરતની રાતે) જ્યારે હુઝૂર ﷺની સાથે ગુફા સુધી પહોંચ્યા તો હુઝૂર

ﷺને અર્ઝ કરી કે હુઝૂર ! ગુફામાં આપ પહેલા તશરીફ ન લઈ જાવ, પ્રથમ હું જાઉં છું જેથી એમાં કોઈ ચીજ (મૂઝી જાનવર વગેરે) હોય તો એની તકલીફ મને પહોંચે, આપને ન પહોંચે. જેથી સિદ્દીક઼ رضی اللہ عنہ ગુફામાં પ્રવેશ્યા તો ગુફામાં કેટલાય કાંણા જોવા મળ્યાં. આપે આપની ચાદર ફાડી ફાડીને એ દરોને પૂરી દીધાં. બે દરો બાકી રહી ગયાં હતાં તો એ બંનેવમાં પોતાના પગો નાખી દીધા. પછી હુઝૂર ﷺને અર્ઝ કરી કે તશરીફ લાવો. હુઝૂર તશરીફ લાવ્યા તો પોતાનું સર મુબારક સિદ્દીક઼ની ગોદમાં રાખીને આરામ કરવા લાગ્યા, એટલામાં સિદ્દીક઼ના પગો પર દરમાંથી સાપે ડંખ માર્યો જેનાથી સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہને તકલીફ થઈ છતાં હલતા ન હતા કે જેથી હુઝૂર ﷺની ઊંઘમાં ખલેલ ન પડે, ત્યાં સુધી કે સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہનાં આંસૂ હુઝૂર ﷺના ચહેરા મુબારક પર પડયાં. તો હુઝૂરે કારણ પૂછયું. આપે અર્ઝ કરી, હુઝૂર ! મારાં મા બાપ આપના પર કુર્બાન ! મને સાપે કરડી ખાધુ છે ! હુઝૂરે ડંખની જગાએ પોતાનું લુઆબે દહન (થૂક મુબારક) લગાડયું તો સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની સર્વ તકલીફ દૂર થઈ ગઈ.

સહબા સ્થળે હુઝૂર ﷺએ મૌલા અલી رضی اللہ عنہની મુબારક ગોદમાં પોતાનું સર મુબારક રાખ્યુ અને સૂઈ ગયા. અને ગુફામાં હુઝૂર ﷺએ હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની ગોદમાં માથુ મુબારક રાખ્યું અને સૂઈ ગયા, સહબા સ્થળે અલીની ગોદમાં હુઝૂરના સૂવાનો મન્ઝર શાઈરે આ પ્રમાણે વર્ણવ્યો છે :

*ઝમીં પર અર્શે બાલા કે નિશાં માલૂમ હોતે હૈં–અલી કી ગોદમેં દોનોં જહાં માલૂમ હોતે હૈં*

અને ગુફામાં સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہની ગોદમાં સૂવાનો મન્ઝર આ પ્રમાણે વર્ણવ્યો છે :

*યહ હુસ્ન સાથ ઈશ્ક઼ કે ક્યા લાજવાબ હૈ–રખી હૂઈ રહલ પે ખુદાકી કિતાબ હૈ*

કુર્આન મજીદ કુર્આને સામિત (ખામોશ) છે અને હુઝૂર ﷺ કુર્આને નાતિક઼ (બોલતુ કુર્આન) છે. કુર્આન મજીદને કોઈ નાપાક જગાએ રાખવું અતિશય બેઅદબી તથા ગુમરાહી છે. એ જ પ્રમાણે હુઝૂર ﷺને પણ કોઈ નાપાક ગોદમાં માનવું અતિશય બેઅદબી તથા ગુમરાહી છે. જાણવા મળ્યું કે સહબા સ્થળે પણ હુઝૂર પાક પવિત્ર ગોદમાં હતા અને ગારે ષૌરમાં પણ હુઝૂર પાક તથા મુબારક ગોદમાં હતા. જે ગુસ્તાખો હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہના ઈમાન પર મહેણાં મારે છે તેઓ મઆઝલ્લાહ ! પોતાના ઈમાનની ખબર લે !

ગુફામાં સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہને સાપે દંશ દીધો તો સિદ્દીક઼ હાલ્યા પણ નહીં કે જેથી હુઝૂર ﷺની ઊંઘમાં ખલેલ ન પડે, હા ! તકલીફથી આપનાં આંસૂ નીકળી આવ્યાં અને હુઝૂરે જાગીને પૂછયું, "તમને શું થયું ? તમે શા માટે રડો છો ? રડે તમારા દુશ્મન !" (જેથી આજ સુધી રડી રહ્યા છે અને રડતા રહેશે) સિદ્દીક઼ رضی اللہ عنہના પગમાં ઝહેર હતું અને ગોદમાં શિફા ! જેમ કે હુઝૂરે પોતાનું થૂક મુબારક ઝહેરના સ્થળે લગાડયું તો તકલીફ દૂર થઈ ગઈ. આ છે હુઝૂર ﷺનું થૂક મુબારક ! જે રહમત તથા શિફા છે, અને એક આપણુ પણ થૂક છે જે બીમારી તથા વબા છે ! એટલા માટે જાહેર સ્થળે લખવામાં આવે છે કે, "થૂકશો નહીં એનાથી બીમારી ફેલાય છે." આપણા થૂકથી બીમારીઓનું ઝહેર ફેલાય અને હુઝૂર ﷺના થૂક મુબારકથી સાપના ઝહેરની અસર દૂર થઈ જાય ! સરસ ફર્માવ્યું આ'લા હઝરત رضی اللہ عنہએ જ કે :

*જિસસે ખારી કૂંએ શીરએ જાં બનેં–ઉસ ઝલાલે હવાલતપે લાખોં સલામ*

**અર્થાત :** આ'લા હઝરત قدس سرہ એ આ જ બે બનાવો પ્રતિ નિર્દેશ કરતાં ફર્માવ્યું છે કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم એ હુઝૂર ﷺની ઊંઘ પર નમાઝ કુર્બાન કરી આપી અને સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પોતાની જાન ! કે જેને બચાવવી સર્વ ફરજોથી મહત્વનો ફર્ઝ છે. જાન હશે તો અન્ય ફર્ઝો પણ પૂરા કરી શકાશે. આ'લા હઝરત ફર્માવે છે, યા રસૂલલ્લાહ ! ﷺ એમાં શક નથી કે ડૂબેલા સૂર્યને પલટાવીને આપે હઝરત અલીની નમાઝ ફેરવી આપી. અને ડંખના સ્થાને થૂક મુબારક લગાડીને સિદ્દીકે અકબર رضی اللہ عنہને તેમની જાન પરત આપી દીધી, પણ સિદ્દીક઼ તથા અલી رضی اللہ عنہما તો પોતાના તરફથી પોત પોતાની કુર્બાની આપી ચૂક્યા હતા. અલી رضی اللہ عنہએ મુસ્તફા ﷺની સરખામણીમાં નમાઝની પરવા ન કરી અને સિદ્દીક઼ رضی اللہ عنہએ પોતાની જાનની, જ્યારે કે એ બંનેવ ચીજો પણ આ'લા ફર્ઝોમાં દાખલ હતી. તો જાણે એ બંનેવ હઝરાતે હુઝૂર ﷺની મુક઼દસ નીંદ પર એ ફર્ઝોને કુર્બાન કરીને એ સાબિત કરી આપ્યું કે દરેક ફર્ઝ શાખ છે અને : *અસ્લ ઉસૂલ બંદગી ઉસ તાજવર કી હૈ*

**સિદ્દીક઼ બલ્કે ગારમેં જાન ઉસ પે દે ચુકે**
**ઔર હિફ઼્ઝે જાં ફ઼ુરૂઝે ગુરર કી હૈ**

*(હિફ઼્ઝે જાં = જાનની રક્ષા. ફ઼ુરૂઝે ગુરર = સર્વ ફર્ઝોથી મહાન ફર્ઝ)*

**અર્થાત :** એનો નિર્દેશ ઊંઘની તરફ છે. એટલે કે સિદ્દીકે અકબર رضی اللہ عنہએ ષૌર ગુફામાં હુઝૂરે અક઼દસ ﷺની ઊંઘ પર પોતાની જાન કુર્બાન કરી આપી કે ગારે ષૌરના દરો (કાંણા) પોતાનાં કપડાં ફાડી ફાડીને બંધ કરી આપ્યાં, પણ એક કાંણુ બાકી રહ્યું એમાં પગનો અંગૂઠો રાખી દીધો અને હુઝૂર ﷺને બોલાવ્યા. હુઝૂરે એમની જાંગ પર માથુ રાખીને આરામ કર્યો. એ ગુફામાં એક સાપ હુઝૂર ﷺની ઝિયારત (દીદાર)નો મુશ્તાક઼ રહેતો હતો, તેણે પોતાનું માથુ સિદ્દીક઼ના પગો પર ઘસ્યું પણ આપે જાન જાય પણ હુઝૂર ﷺની ઊંઘમાં ખલેલ ન પડે એમ વિચારી પગ ન હટાવ્યો છેવટે તેણે પગમાં કરડી લીધું. દર વર્ષે તે ઝહેર જોશ મારતુ. છેવટે એનાથી જ શહાદત પામ્યા.

જેથી હુઝૂર ﷺની અઝમત સિદ્દીકે અકબર رضی اللہ عنہને પૂછો કે જે માણસ હુઝૂર ﷺના ખાતર મૌતને ગળે લગાડી લીધું, જ્યારે કે જાનની રક્ષાનું ફર્ઝ હોવું એ સર્વ ફર્ઝોથી મહાન ફર્ઝ છે.

**હાં ! તૂને ઉનકો જાન, ઉન્હેં ફેર દી નમાઝ**
**પર વો તો કર ચુકે થે જો કરની બશરકી હૈ**

**અર્થાત :** આંખો મુબારક ખુલી. મૌલા અલી رضی اللہ عنہએ પોતાની નમાઝનો હાલ વર્ણવ્યો. હુઝૂર ﷺએ હુકમ આપ્યો તો તરત ડૂબેલો સૂરજ પલટી આવ્યો, અને અસરનો સમય થઈ ગયો. મૌલા અલીએ નમાઝ અદા કરી પછી સૂર્ય ડૂબી ગયો અને જ્યારે સિદ્દીકે અકબર رضی اللہ عنہનાં આંસૂ ચેહરએ અક઼દસ પર પડયાં તો મુબારક આંખો ખુલી. સિદ્દીકે અકબર رضی اللہ عنہએ હાલ વર્ણવ્યો. હુઝૂર ﷺએ થૂક મુબારક લગાડી આપ્યું તો તરત જ આરામ થઈ ગયો. બાર વરસ પછી એનાથી શહાદત પામ્યા.

તો જુઓ હુઝૂર ﷺની અઝમત કે અલી رضی اللہ عنہની નમાઝના માટે ડૂબેલો સૂરજ પલટાવી આપ્યો અને અબૂબક્ર رضی اللہ عنہની એડી પર થૂક મુબારક લગાડીને તેમની જાનની હિફ઼ાઝત કરી, પરંતું એ બંનેવ વફ઼ાદારોએ તો

પોતાના તરફથી ગુલામીનો હક્ક અદા કરી આપ્યો અને એક ઈન્સાન જે કરી શકે છે તે કરીને બતાવ્યું. એમની વફાદારીમાં શક નથી તો હુઝૂર ﷺની મુશ્કિલકુશાઈનો પણ જવાબ નથી !

**ષાબિત હુવા કે જુમ્લા ફરાઈઝ ફુરૂઅ હૈ**
**અસ્લલ ઉસૂલે બંદગી ઉસ તાજવર કી હૈ**

*(તાજવર = બાદશાહ)*

**અર્થાત :** નબી કરીમ ﷺની બંદગી એટલે કે ખિદમત તથા ગુલામી પણ ખુદાનો જ ફર્ઝ છે, પણ આ ફર્ઝ સર્વ ફરજો કરતાં મહાન તથા મહત્વનો છે. જેમ કે સિદ્દીકે અકબર رضی اللہ عنہ તથા મૌલા અલી رضی اللہ عنہ એ અમલ કરીને દેખાડી આપ્યું અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَ એ એને મકૂબૂલ રાખ્યું.

આ મહાન સહાબાએ કિરામના વર્ણવેલ મામલાઓથી જાણવા મળ્યું કે તમામ ફર્ઝો બાદમાં છે તથા શાખો છે અને સૌથી મહાન પાયાનો ફર્ઝ આકાએ દો જહાં ﷺની નોકરી તથા ગુલામી છે.

**શર ખૈર શોર સૂર શરર દૂદ નાઝ નૂર**
**બુશ્રા કે બારગાહ યહ ખૈરુલ બશરકી હૈ**

*(બુશ્રા = બશારત, ખુશ ખબરી, ખૈરુલ બશર = સર્વ ઈન્સાનોમાં શ્રેષ્ઠ માનવ)*

**અર્થાત :** એટલે કે અહીં હાજર થઈને શર (બુરાઈ) ખૈર (ભલાઈ)માં બદલાય જાય છે અને ગમ તથા પીડાનો શોર, સુરૂર એટલે ખુશીમાં ફેરવાય જાય છે અને ગમ તથા ગુનાહની બુરાઈઓ અદશ્ય થઈ જાય છે. સારાંશ કે નાર (આગ) અહીંની હાજરીથી નૂર બની જાય છે. يُبَدِّلُ اللّٰهُ سَيِّاٰتِهِمْ حَسَنٰتٍ "અલ્લાહ તઆલા એમની બુરાઈઓને નેકીઓમાં ફેરવી દે છે." *(સૂ. ફુર્કાન, ૨૫/૭૦)* મુબારક તમને હે મુસલમાનો ! આ બારગાહ તમારા આકા તથા માનવ વંશના સરદારની બારગાહ છે.

*ચશ્મે અકવામ યહ નઝારા અબદ તક દેખે–રિફઅતે શાન* وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ *દેખે –(ડો. ઈકબાલ)*

**મુજરિમ બુલાએ આયે હૈં 'જાઊક' હે ગવાહ**
**ફિર રદ હો કબ યહ શાન કરીમોં કે દરકી હૈ**

**અર્થાત :** કુર્આને અઝીમમાં છે :–

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

"જો તેઓ ગુનાહ કરે અને હે નબી તારી બારગાહમાં હાજર થઈને માફી ચાહે, અને તું એમની શફાઅત ચાહે તો જરૂર અલ્લાહને તૌબા કૂબૂલ કરનાર મહેરબાન પામે." *(સૂ. નિસાઅ, ૪/૬૪)* તો કુર્આને અઝીમ ખુદ ગુનેહગારોને પોતાના હબીબ ﷺના દરબારમાં બોલાવી રહ્યો છે ! અને કરીમોની શાન નથી કે પોતાના દર પર બોલાવીને રદ કરી આપે.

*દો જહાં કી નેઅમતેં મૌલાસે પાતે આપ હૈં–દેનેવાલા હે ખુદા લેકિન દિલાતે આપ હૈં*
*અપના સદકા અપને હાથોંસે લુટાતે આપ હૈં–અહલે આલમકો ખિલાતે ઔર પિલાતે આપ હૈં*

**બદ હૈં મગર ઉન્હીં કે હૈં બાગી નહીં હૈં હમ**
**નજદી ન આયે ઉસકો યહ મંઝિલ ખતર કી હૈ**

*(બદ = બુરા, બાગી = વિદ્રોહી, ગદ્દાર, નજદી = બદ અક઼ીદા વહાબી, ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીના અનુયાયીઓ, મંઝિલ = સ્થળ, ખતર = ખતરો)*

**અર્થાત** : આપણે (અહલે સુન્નત) ભલે બુરા છીએ, નાફર્માનીઓ કરીએ છીએ, ગુનેહગાર તથા સિયાહકાર ભલે રહ્યા, પરંતું અલ્હમ્દુલિલ્લાહ ! આપણા નબી ﷺના ગદ્દાર નથી, નમક હરામ નથી. પરંતું હે નજદીઓ ! તમારી ઈબાદતો શું કામની ?! કેમ કે તમે તો હુઝૂર ﷺની તાઝીમને જ શિર્ક કહો છો ! એટલા માટે તો તમે કહો છો કે રોઝએ પાકની નિય્યત કરીને મદીના ન જાવ બલ્કે મસ્જિદે નબવીની નિય્યત કરીને જાવ ! જેથી તમારા માટે મદીના પાકનો સફર ખતરાથી ભરેલો ન થાય તો બીજુ શું થાય ?! કુર્આન મજીદમાં મુનાફિક઼ોના બારામાં છે : وَإِذَا قِيلَ لَهُمْ تَعَالَوْا يَسْتَغْفِرْ لَكُمْ رَسُولُ اللَّهِ لَوَّوْا رُءُوسَهُمْ "અને જયારે તેમને કહેવામાં આવે કે આવો રસૂલુલ્લાહ તમારા માટે માફી ચાહે, તો પોતાના માથા ગુમાવે છે અને તેમે એમને જુઓ કે વિચારણા કરતાં મો ફેરવી લે છે." *(સૂ. મુનાફિકૂન, ૬૩/૫, કન્ઝુલ ઈમાન)* કેમ કે એ એમના નામ માત્રના ઈસ્લામની વિરૂધ્ધ છે, પણ કદાચ એઓ નથી જાણતા કે :–

*વો નામે પાક હૈ નામે મુહમ્મદે અરબી ﷺ–બતોરે ખાસ ખુદાને જિસે ઉછાલા હૈ*
*બગૈર ઈશ્કે઼ નબી ઈબાદતેં સબ બેસૂદ–બગૈર હુબ્બે નબી હેચ હર મક઼ાલા હૈ*

**તુફ નજદિયત ! ન કુફ્ર ન ઈસ્લામ સબપે હર્ફ**
**કાફિર ઈધરકી હૈ ન ઉધરકી અધર કી હૈ**

*(તુફ = થૂ થૂ ! લઅનત, અફસોસ, હર્ફ = અયબ, અધર = દરમિયાન, મુનાફિક઼ત)*

**અર્થાત** : લઅનત છે તારા પર હે ગુસ્તાખ નજદી ! તારો કેવો અક઼ીદો છે ?! ન કુફ્ર ન ઈસ્લામ ! કોઈ એક વર્ગમાં તું સામેલ નથી ! તારી હાલત તો એવી છે કે : ન ખુદા હી મિલા ન વિસાલે સનમ ન ઈધર કે રહે ન ઉધર કે રહે !

**હાકિમ હકીમ દાદો દવા દેં યહ કુછ ન દેં**
**મરદૂદ યહ મુરાદ કિસ આયતે ખબર કી હૈ**

*(હાકિમ – સત્તાવાળો, દાદ – ઈન્સાફ, મરદૂદ – લઅનતી, ખબર – હદીષ)*

**અર્થાત** : હાકિમો ફરિયાદીને ઈન્સાફ આપે છે, હકીમ (ડોક્ટર) બીમારોને દવા આપે છે. આ વાતોને વહાબી પણ માને છે પણ હુઝૂરે અક઼દસ ﷺની બાબતે એવો અક઼ીદો રાખે છે કે, "હુઝૂર કાંઈ નથી આપતા !" જો ગૈરે ખુદાથી કાંઈ માગવું શિર્ક છે તો હાકિમ તથા હકીમથી ન્યાય કે દવા માગવું કેમ શિર્ક ન થયું ?! અને જો ખુદાની અતા (આપવાનો) વાસ્તો (વસીલો, ઝરીયો) જાણીને એમની પાસે માગવું શિર્ક નથી તો પછી નબી ﷺથી માગવું શિર્ક કેવી રીતે થયું ?! આ નાપાક ફરક કઈ આયત તથા હદીમાં છે ?!

*–(હદાઈકે઼ બખ્શિશના હાશિયામાંનો ખુલાસો)*

**શકલે બશર મેં નૂરે ઈલાહી અગર ન હો**
**ક્યા કદર ઈસ ખમીરાએ માઓ મદરકી હૈ**

*(શકલે બશર = માનવ સ્વરૂપ, ખમીશ = કીચડ, માઅ = પાણી, મદર = માટીનો ઢેલો)*

**અર્થાત :** નૂરે ખુદા હોવા છતાં હુઝૂર ﷺને બશરી લિબાસ (માનવ સ્વરૂપ)માં એટલા માટે મોકલવામાં આવ્યા છે કે જેથી માનવ જગતને મેઅરાજ તથા બુલંદી નસીબ થાય, નહીં તો માણસ શું ચીજ છે ? પાણી તથા માટીના ગારા વડે તૈયાર થનાર જ તો છે ! જો હુઝૂર ﷺ માનવ સ્વરૂપમાં ન આવત તો وَلَقَدْ كَرَّمْنَا بَنِيٓ اٰدَمَ "અને બેશક ! અમે આદમની ઔલાદને ઈજ્જત આપી." *(સૂ. બની ઈસ્રાઈલ, આ. ૧૭/૭૦)* તથા لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِيٓ اَحْسَنِ تَقْوِيْمٍ "બેશક ! અમે માણસની સારા સ્વરૂપમાં બનાવ્યો." *(સૂ. તીન, ૯૫/૪)*નો મર્તબો માણસને કેવી રીતે મયસ્સર થઈ શકતો હતો.

**નૂરે ઈલાહ ક્યા હૈ મહબ્બત હબીબ કી**
**જિસ દિલમેં યહ ન હો વો જગહ ખૂકો ખરકી હૈ**

*(ખૂક = વરૂ. ખર = ગધેડો)*

**અર્થાત :** અને સાંભળો ! સાંભળો ! ધોકો ન આપો ! નૂરે ખુદા શું છે ? હુઝૂર ﷺની મહોબ્બતનું નામ નૂરે ખુદા છે અને મુસલમાન થઈને પણ જેના દિલમાં રસૂલે પાક ﷺની મહોબ્બત ન હોય તો એ દિલ એના લાયક છે કે વરૂઓ તથા ગધેડાઓનું રહેઠાણ બની જાય.

*જિસ દિલમેં મુહમ્મદ કી મહ઼બ્બત નહીં હોતી–ઉસ પર કભી અલ્લાહકી રહમત નહીં હતી*
*મેરા યહ અક઼ીદા હૈ કે ગર ઝિક્રે ખુદામેં–યહ નામ ન શામિલ હો તો ઈબાદત નહીં હોતી*

**ઝિક્રે ખુદા જો ઉનસે જુદા ચાહો નજદીઓ**
**વલ્લાહ ! ઝિક્રે હક઼ નહીં, કુંજી સક઼રકી હૈ**

*(વલ્લાહ = ખુદાની ક઼સમ, કુંજી = ચાવી, સક઼ર = જહન્નમ, અઝાબ)*

**અર્થાત :** હે નજદીઓ ! ગુસ્તાખે રસૂલ વહાબીઓ ! હુઝૂર ﷺની તાઝીમને શિર્ક કહેનારાઓ ! જો તમે એવું ચાહો કે હુઝૂર ﷺના ઝિક્રને ખુદાના ઝિક્રથી અલગ કરી દેવામાં આવે, તો ખુદાની ક઼સમ ! એવું ઝિક્ર ખુદાનું ઝિક્ર કહેવાશે નહીં, બલ્કે જહન્નમની ચાવી સાબિત થશે અને તમને દોઝખમાં ફેંકીને છોડશે. શું તમે જાણતા નથી કે હિંદુઓના જોગી અને યહૂદી તથા ઈસાઈના પાદરી પણ પોતાના ગુમાનમાં ખુદાની યાદ કરે છે, પણ મુહમ્મદ મુસ્તફા ﷺથી અલગ થઈને કરે છે જેથી તેમની નજાત નથી.

**બે ઉન્કે વાસ્તે કે ખુદા કુછ અતા કરે**
**હાશા ! ગલત ગલત યહ હવસ બેબસરકી હૈ**

*(હાશા = કદાપિ નહીં, હવસ = લાલચ, બેબસર = આંધળો)*

**અર્થાત :** તમારો એ અક઼ીદો કે અલ્લાહ તઆલા હુઝૂર ﷺના વાસ્તા તથા વસીલાને નથી માનતો, અને

વાસ્તા વિના જ અતા કરે છે, એ સો ટકા ગલત છે અને આંધળાઓનો અક઼ીદો છે. નબીઓને મોકલવું જ ખુદ બતાવી રહ્યું છે કે ખુદા તઆલા મખ્લૂક઼ને ઈમાન તથા હિદાયત પણ તેમના જ વસીલાથી આપે છે.

દીનના ઈમામો સ્પષ્ટતા કરે છે કે દુનિયામાં તથા આખેરતમાં, જાહેરમાં તથા બાતિનમાં, શરીરમાં તથા રૂહમાં જે નેઅમત જે બરકતત તથા ખૂબી પહેલા દિવસથી હમેશાં માટે જેને મળી, મળતી રહે છે અને મળતી રહેશે, એમાં વાસ્તો તથા ક઼ાસિમ (વહેંચનાર) મુહમ્મદ ﷺ છે. હુઝૂર ﷺના હાથથી મળે છે અને મળતી રહેશે.

**મક઼સૂદ યહ હૈં આદમ વ નૂહ વ ખલીલ સે**
**તુખ્મે કરમ મેં સારી કરામત ષમરકી હૈ**

*(મક઼સૂદ = હેતુ, તુખ્મ =બીજ, કરામત = ઈજ્જત, ષમર = ફળ)*

**અર્થાત :** અને હે નામ માત્રના ઈસ્લામના ઠેકેદારો ! કાંઈ જાણો પણ છો ? કે આદમ તથા નૂહ તથા ખલીલ عَلَيْهِمُ السَّلَام ને પેદા કરવાનો અને તેમને દુનિયામાં મોકલવાનો મક઼સદ એ જ હતો કે અલ્લાહના મહબૂબ ﷺને આ કાઈનાતમાં જલ્વાગર થવાની વ્યવસ્થા કરવામાં આવે. એટલા માટે તો દરેક નબી علیہ السلام પોતપોતાના દૌરમાં પોત પોતાની ઉમ્મતની સમક્ષ હુઝૂર ﷺની પ્રશંસા કરતા રહ્યા, અને એ વાત તો કોઈ જાહિલ ખેડૂત તથા કોઈ બાગનો માળી પણ જાણે છે કે ઝાડનો હેતુ ફળ જ હોય છે અને ઝાડની હિફાઝત ફળના માટે જ કરવામાં આવે છે. અલ્હમ્દુલિલ્લાહ ! અમે ગુલામાને મુસ્તફા (ﷺ) હજારો અયબોવાળા હોવા છતાં આ હક઼ીક઼તને સમજીએ છીએ, અને આપણો દરેકે દરેક બાળક ખુલ્લમ ખુલ્લા ડંકાની ચોટ પર જાહેરમાં એ વાતને પ્રદર્શિત કરતો જોવા મળે છે કે :

*મુહમ્મદ મુસ્તફા ﷺ કો જાનતા હૂં–મુહમ્મદ મુસ્તફા ﷺ કો માનતા હૂં*
*વસીલેસે મુહમ્મદ મુસ્તફા ﷺ કે–ખુદાકો જાનતા હૂં માનતા હૂં*

**ઉનકી નબુવ્વત ઉનકી અબૂવ્વત હૈ સબકો આમ**
**ઉમ્મુલ બશર ઉરૂસ ઉન્હીં કે પિસર કી હૈ**

*(અબૂવ્વત = બાપ હોવું, ઉમ્મુલ બશર = હઝરતે હવ્વા, સર્વ માનવોનાં મા, આદમ علیہ السلام નાં પત્ની, ઉરૂસ = દુલ્હન, પિસર = પુત્ર)*

**અર્થાત :** ઉલમા ફર્માવે છે કે નબી કરીમ ﷺ મૂળ અર્થમાં સર્વ જગતના બાપ છે કેમ કે સર્વ કાંઈ એમના જ નૂરથી પેદા થયું. એટલા માટે હઝૂર ﷺનું મુબારક નામ અબુલ અરવાહ છે તો આદમ علیہ السلام જો કે જાહેરી રીતે હુઝૂર ﷺના બાપ છે, પણ હક઼ીક઼તમાં એ પણ હુઝૂરના પુત્ર છે. જેથી ઉમ્મુલ બશર એટલે માનવોની મા હવ્વા હુઝૂર ﷺના પુત્ર આદમ علیہ السلام નાં દુલ્હન થયાં. عَلَيْهِمُ السَّلَام *(હાશિયા હદાઈક઼ે બખ્શિશ)*

**ઝાહિરમેં મેરે ફૂલ હક઼ીક઼તમેં મેરે નખ્લ**
**ઈસ ગુલકી યાદમેં યહ સદા અબુલ બશરકી હૈ**

*(નખ્લ = ઝાડ, સદા = પોકાર, અબુલ બશર = માનવોના પિતા, આદમ علیہ السلام)*

**અર્થાત :** એ જ કારણે સૈયદના આદમ علیہ السلام જ્યારે કદી મહોબ્બતમાં આવીને હુઝૂર ﷺને યાદ કરતા તો આ પ્રમાણે કહેતા : یا ابنی صورۃ وابی معنیً "હે જાહેરમાં મારા પુત્ર અને હક઼ીક઼તમાં મારા બાપ !" એનો

ખુલાસો આ શેઅરમાં વર્ણન કરવામાં આવ્યો છે કે સૈયદના આદમ عليه السلام કે જે અબુલ બશર (માનવવંશના બાપ છે) જ્યારે આ ફૂલ (આપણા રસૂલ ﷺને) યાદ કરતા તો આ પ્રમાણે પોકાર કરતા, હે મુહમ્મદ કરીમ ﷺ ! જે જાહેરી રીતે તો મારા ફૂલ છો પરંતું હક઼ીક઼તમાં મારી અસલ તથા જડ છો.

આપ ﷺએ ફર્માવ્યું કે હું એ વખતે પણ નબી હતો જ્યારે હજી આદમ عليه السلامનો ગારો તથા ખમીર પણ તૈયાર થયો ન હતો.

**પહલે હો ઉનકો યાદ કે પાએ જિલા નમાઝ**
**યહ કહતી હૈ અઝાન જો પિછલે પહર કી હૈ**

*(જિલા = સફાઈ, ચમક. પિછલે પહર = પાછલો હિસ્સો)*

**અર્થાત** : બંને હરમ શરીફોમાં તહજ્જુદના સમયથી મોઅઝ઼્ઝિન મીનારાઓ પર જઈને હુઝૂરે અક઼દસ ﷺ પર સલાતો સલામ મોટા અવાજે અર્ઝ કરતા રહે છે. જેથી સવારની નમાઝથી પહેલાં હુઝૂરને યાદ કરવામાં આવે છે જેનાથી નમાઝ ચમક પામે છે, જેવી રીતે ફર્ઝથી પહેલાં સુન્નતો હોય છે. *(હાશિયા હદાઈક઼ે બખ્શિશ)*

આ'લા હઝરત رحمة الله عليه પોતાના દૌરની વાત કરે છે. આ ક્રમ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رحمة الله عليهના દૌરમાં શરૂ થયો (અઝાન પહેલાં સલામ પઢવાનો) જેને દીનના મહાન ઈમામોએ વખાણ્યો. જેમ કે ઉસ્તાઝુલ હરમૈન અલ્લામા ઈબ્ને હજર મક્કી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ એ ખુશ થઈને ફર્માવ્યું : نعم مافعل، جزا الله خير الجزا "આ એણે ખૂબ જ સારું કામ કર્યું છે. અલ્લાહ તઆલા એને જઝાએ ખૈર આપે." *(ફતાવા કુબરા, ૧/૧૨૧)*

ઈબ્ને અબ્દુલ વહહાબ નજદીએ આ ક્રમ બંધ કરાવી દીધો, બલ્કે સલાતો સલામ પઢવાવાળાને શહીદ કરાવી દીધો. (જુઓ અદ્દુર્રુસ્સુન્નિયહ, પેજ–૪૫) આ કેવળ એટલા માટે કે એ લોકોને દુશ્મની છે દુરૂદો સલામથી, નહીં તો જો નવી ચીજ (બિદઅત) સમજીને મિટાવતા તો મસ્જિદની મેહરાબ, કુર્આને પાકનાં એઅરાફ (ઝેર, ઝબર, પેશ વગેરે), મસ્જિદના મીનારાઓ તથા મસ્જિદોમાં આજે જેટલી ચીજો છે, લાઉડ સ્પીકર, ગાલીચાઓ, સફો વગેરે એમાંનું કાંઈ પણ હુઝૂર ﷺના દૌરમાં હતુ નહીં. પણ ચીડ તો કેવળ દુરૂદો સલામથી છે ! પણ યાદ રાખશો તમે જીવતાઓને પઢવા નથી દેતા જ્યારે કે ગુલામાને મુસ્તફા ﷺ તો મૃત્યુ બાદ પણ દુરૂદો સલામ પઢવાની તૈયારી કરીને બેઠેલા છે ! મૌલાના જમીલુર્રહમાન રઝવી رحمة الله عليهનો એક શેઅર છે :

*મૈં વો સુન્ની હૂં 'જમીલે ક઼ાદરી' મરને કે બાદ–મેરા લાશા ભી કહેગા અસ્સલાતુ વસ્સલામ*

એની દલીલ એ છે કે જ્યારે હુઝૂરનું નામ આવે તો દુરૂદ શરીફ પઢવું જરૂરી થઈ જાય છે, તો જ્યારે હુઝૂર ખુદ ક઼બ્રમાં જલ્વાગર થાય તો પછી સલાતો સલામ પઢવું કેટલુ જરૂરી થશે ?!

**દુન્યા, મઝાર, હશ્ર જહાં હૈં ગફૂર હૈં**
**હર મંઝિલ અપને ચાંદકી મંઝિલ ગફરકી હૈ**

**અર્થાત** : ગફૂર પણ હુઝૂર ﷺનું નામે પાક છે. જેવી રીતે તૌરાતમાં નિર્દેશ છે કે ચાંદની ૨૮ મંઝિલોમાંથી પંદરમી મંઝિલનું નામ ગ઼ફર છે.

ફર્માવે છે કે ચાહે દુનિયા હોય કે કબ્ર કે હશ્ર હોય, હુઝૂર ﷺ દરેક જગાએ માફ કરવાવાળા છે. આપણો ચાંદ (માહે તયબહ) તે છે કે જેની દરેક મંઝિલ જ ગફર (માફ કરવું) છે. આ'લા હઝરતના આ શેઅર તારાઓના ઈલ્મ (ઈલ્મે નુજૂમ)થી સંબંધ ધરાવે છે. યાદ રાખશો કે આ'લા હઝરત رحمۃ اللہ علیہને અલ્લાહ તઆલાએ ૫૦થી પણ અધિક ઈલ્મો (વિદ્યાઓ) પર સંપૂર્ણ નિપૂણતા અતા કરી હતી અને દરેક ઈલ્મ પર આપે કિતાબો લખી (જેમ કે "અલ્કલિમતુલ મુલ્હિમહ" તથા "ફૌઝે મુબીન દર રદ્દે હરકતે ઝમીન"માં સાયન્સી સંશોધનો છે) એ જ પ્રમાણે આપ દરેક ઈલ્મથી સંબંધિત શેઅરો પણ કહી લેતા હતા. જેમ કે ચર્ચા હેઠળનો શેઅર ઈલ્મે નુજૂમથી સંબંધિત છે. એ જ પ્રમાણે કેટલાયે શેઅરો તિબ્બી વિદ્યા (મેડિકલ સાયન્સ)થી સંબંધિત છે અને ઘણા બધા શેઅરો મન્તિક (સાયકોલોજી, ફિલોસોફી)થી સંબંધિત પણ છે, જેમાંથી એક આ પણ છે :

*ઝર્રે મહરે કુદ્દસ તક તેરે તવસ્સુતસે ગયે–હદ અવસતને કિયા સુગરા કો કુબરા નૂર કા*

એની ઈમાન અફરોઝ સ્પષ્ટતા આ જ શેઅરની શરહમાં જોઈ શકાય છે.

**ઉન પર દુરૂદ જિનકો હજર તક કરેં સલામ**
**ઉન પર સલામ જિનકો તહિય્યત સજર કી હૈ**

*(તહિય્યત = સલામ, તોહફો, હજર = પથ્થર, સજર = ઝાડ)*

**અર્થાત** : એ આકાએ દો જહાં ﷺની ઝાતે બા બરકત પર કરોડો દુરૂદો થજો જેમને પથ્થર પણ પોકારીને કહે "અસ્સલામુ અલૈક યા રસૂલલ્લાહ ! (હદીષ) અને એ તાજદારે મદીના પર કરોડો સલામ થજો જેમને ઝાડ પણ સલામ અર્ઝ કરે છે.

كان النبى صلى الله عليه وسلم لا يمر على شجر ولا على حجر الا يسلم عليه او كما قال "હુઝૂર ﷺ જે ઝાડ તથા પથ્થર પાસેથી પસાર થતા તે આપના પર સલામ મોકલતો."

**ઉન પર દુરૂદ જિનકો કસે બેકસાં કહેં**
**ઉન પર સલામ જિનકો ખબર બેખબરકી હૈ**

**અર્થાત** : એ આકા પર કરોડો દુરૂદ જે દરેક બેસહારાના સહારા છે અને એમના પર લાખો સલામ જે દરેક બેખબરની ખબર રાખે છે.

**જિન્નો બશર સલામ કો હાઝિર હૈં અસ્સલામ**
**યહ બારગાહ માલિકે જિન્નો બશર કી હૈ**

**અર્થાત** : જિન હોય કે માણસ દરેક હુઝૂર ﷺની બારગાહમાં સલામના માટે હાજર છે, કેમ કે આ બારગાહ તે જાતની છે જે જિન તથા ઈન્સાનના માલિક છે.

**શમ્સો કમર સલામ કો હાઝિર હૈં અસ્સલામ**
**ખૂબી ઉન્હીંકી જૂતસે શમ્સો કમર કી હૈ**

*(શમ્સો કમર = સૂર્ય તથા ચંદ્ર, જૂત = રોશની)*

**અર્થાત :** સૂરજ તથા ચાંદ પણ સલાતો સલામનું નઝરાણુ પેશ કરી રહ્યા છે, કેમ કે આપના જ નૂરથી સૂરજ તથા ચાંદને રોશની મળી.

**સબ બહરો બર સલામકો હાઝિર હૈં અસ્સલામ**
**તમ્લીક ઉન્હીં કે નામ તો હર બેહરો બરકી હૈ**

*(બહરો બર = જમીન તથા દરિયા, સમુદ્રો તથા જંગલો, તમ્લીક = માલિક થવું, માલિક બનાવવું)*

**અર્થાત :** જમીન તથા દરિયા, જંગલ તથા સમુદ્રો આપની બારગાહમાં સલામ પેશ કરવા હાજરી આપી રહ્યાં છે કેમ કે જમીન તથા સમુદ્રો, બહરો બર સૌ આપની જ માલિકીમાં છે. اِنَّاۤ اَعْطَیْنٰكَ الْكَوْثَرَ *(સૂ. કૌષર, ૧૦૮/૧)*

**સંગો સજર સલામ કો હાઝિર હૈં અસ્સલામ**
**કલ્મેસે તર ઝબાન દરખ્તો હજરકી હૈ**

**અર્થાત :** પથ્થર તથા ઝાડ પણ સલાતો સલામ અર્ઝ કરવા માટે હાજર છે. આપની જ ઝાતે બાબરકત પર દુરૂદો સલામના કલામથી એમની જીભો તર છે.

**અર્ઝો અષર સલામ કો હાઝિર હૈં અસ્સલામ**
**મલ્જા યહ બારગાહ દુઆઓ અષરકી હૈ**

*(અર્ઝ = અરજ, દુઆ, ગુઝારિશ. મલ્જા = પનાહગાહ, શરણ સ્થાન. અષર = નિશાન, તાસીર)*

**અર્થાત :** ખુદ હાજતો તથા ગુઝારિશો, માલ તથા સબબો તથા નિશાનીઓ બલ્કે દુઆ અને તેની અસર બારગાહે અક઼દસ ﷺમાં સલામ પેશ કરી રહ્યાં છે. કેમ કે આ જ બારગાહ દુઆની પણ અને એ દુઆની અસરની પણ પનાહગાહ છે.

**શોરીદા સર સલામકો હાઝિર હૈં અસ્સલામ**
**રાહત ઉન્હીં કે ક઼દમોંમેં શોરીદા સરકી હૈ**

*(શોરીદા સર = દીવાના. રાહત = સુકૂન)*

**અર્થાત :** અમારા જેવા પાગલ દીવાના પણ સલામના માટે ઘડાઘડ જઈ રહ્યા છે, કેમ કે આપનાં જ ક઼દમોમાં એ દીવાનાઓ અને બદહાલોના દિલનું સુકૂન અને જાનની રાહત તથા ઈમાનનો સરમાયો છે.

**ખસ્તા જિગર સલામકો હાઝિર હૈ અસ્સલામ**
**મરહમ યહીં કી ખાક તો ખસ્તકા જિગર કી હૈ**

*(ખસ્તા = પરેશાન હાલ. મરહમ = મલમ, ઈલાજ)*

**અર્થાત :** પરેશાન હાલ અને બદહાલ, ઝખ્મી જિગરવાળા દુઃખી પણ સલામના માટે ખિદમતમાં હાજર છે, કેમ કે એમના દિલની બદહાલીનું મલમ, એનો ઈલાજ પણ અહીંની જ ખાકે શિફા છે.

**સબ ખુશ્કો તર સલામકો હાઝિર હૈં અસ્સલામ**
**યહ જલ્વા ગાહે માલિક હર ખુશ્કો તરકી હૈ**

**અર્થાત :** સારાંશ કે દરેક જમીન તથા દરિયાની મખ્લૂક઼ પણ મારા આક઼ા ﷺની બારગાહમાં સલામના માટે હાજર છે, કેમ કે આપની બારગાહ જ તે મહાન બારગાહ છે કે દરેક જમીન તથા દરિયાની મખ્લૂક઼ના માલિકના અન્વાર તથા તજલ્લીઓની જલ્વાગાહ તથા મર્કઝ (કેન્દ્ર) છે.

**સબ કર્રો ફર સલામ કો હાઝિર હૈ અસ્સલામ**
**ટોપી યહીં તો ખાકપે હર કર્રો ફર કી હૈ**

*(કર્ર વ ફર્ર = શાનો શૌક઼ત, રૂઆબ તથા દબદબો)*

**અર્થાત :** પૂરેપૂરા રૂઆબ તથા દબદબા તથા શાનો શૌકતવાળા પણ આપની બારગાહમાં ભીખારી બનીને મહોબ્બતનાં સલામ પેશ કરી રહ્યા છે. આપના જ આસ્તાના પાકની ખાક (માટી) પર એમનાં માથાના તાજ પડેલા છે, બલ્કે આપના દરે પાકની ખાક જ તો એમના માથાનો તાજ છે અને દરેક શાનો શૌકત આપના પગની ખાકથી નસીબ થાય છે.

*ન હો આરામ જિસ બીમારકો સારે ઝમાને સે–ઉઠા લે જાએ થોળી ખાક તેરે આસ્તાને સે*

**અહલે નઝર સલામકો હાઝિર હૈં અસ્સલામ**
**યહ ગર્દ હી તો સુરમા સબ અહલે નઝરકી હૈ**

**અર્થાત :** અહલે નઝર તથા અહલે મહબ્બત પણ સલામ માટે હાજર થઈ રહ્યા છે, કેમ કે આપના માર્ગની ધૂળ જ તો અહલે નઝરની આંખોનો સુરમો છે.

**એક શંકાનું નિવારણ :** કોઈ એવું ન સમજે કે આ સર્વ ચીજો સલામ માટે હાજર છે એનો શો મતલબ થયો, કેમ કે જે મતલબ يُسَبِّحُ لَهٗ مَا فِي السَّمٰوٰتِ وَالْاَرْضِ "તેની પાકી બોલે છે જે કાંઈ આસ્માનો તથા જમીનમાં છે અને તે જ ઈજ્જત તથા હિકમતવાળો છે." *(સૂ. હશ્ર, ૯૫/૨૪)*નો થયો તે જ મતલબ એનો થયો. અલ્લાહ તઆલા ખાલિક઼ તથા માલિક દરેક ચીજનો છે એટલા માટે દરેક ચીજ અલ્લાહની તસ્બીહ કરી રહી છે, ચાહે તે જાનદાર હોય કે નિર્જીવ. અને હુઝૂર ﷺ દરેક ચીજના નબી છે. જેથી આપ પર દરેક ચીજ દુરૂદો સલામનું નુઝરાણુ પેશ કરી રહી છે, ચાહે તે સજીવ હોય કે નિર્જીવ. અને હુઝૂર ﷺ દરેક ચીજના નબી તથા રસૂલ છે જેથી દરેક ચીજ દુરૂદો સલામનું નઝરાણુ પેશ કરી રહી છે. કાંઈક મસ્અલો હલ થયો કે ન થયો. જ્યારે હદીષ શરીફના મુતાબિત્ મોઅલ્લિમે ખૈર પર દરેક ચીજ દુરૂદ તથા દુઆ કરે છે. حتی الحوت فی بحرہ وحتی النملہ فی جحرہ માછલી પાણીમાં તથા કીડી દરમાં, તો પછી મોઅલ્લિમે કાઈનાત (بعثت معلما) મોઅલ્લિમે ઈન્સાનિયતની મહાનતા તથા શાન તો દરેક મખ્લૂક઼ કરતાં આ'લાથી આ'લા છે.

*બઅદ અઝ ખુદા તુઈ કિસ્સા મુખ્તસર*

**આંસૂં બહાકે બહ ગએ કાલે ગુનાહકે ઢેર**
**હાથી ડૂબાઉ ઝીલ યહાં ચશ્મે તર કી હૈ**

*(ઝીલ = નદી, પાણીની ખાડી, ઝરણુ. ચશ્મે તર = ભીની આંખ)*

**અર્થાત :** આપણે આપણા ગુનાહોની બખ્શિશના માટે શું આંસૂં વહાવીશું, આપણા આક઼ા ﷺએ

આપણા ગુનાહોની માફીના માટે એટલા પ્રમાણમાં આંસૂં વહાવ્યાં છે કે આપનાં આંસૂઓના પાણીથી એવાં ઝરણાં બની ગયાં કે જેમાં હાથી પણ વહી જાય, તો પછી આપણા ગુનાહોનાં આંસૂંઓનો અંબાર સરકારના આંસૂંઓના દરિયામાં કેમ ઘાસફૂસની જેમ વહી ન જાય !

**તેરી કઝા ખલીફાએ અહકામે ઝીલ જલાલ**
**તેરી રઝા હલીફ કઝાઓ કદરકી હૈ**

**અર્થાત :** હે રસૂલે હાશમી ! ﷺ આપના આલી ફર્માનો રબ્બુલ આલમીનના હુકમોનાં નાયબ તથા ખલીફા છે, અને એમનામાં દોસ્તીનો એવો પાકો કરાર થઈ ચૂકેલો છે કે આપની રઝા તથા ખુશ્નૂદી અલ્લાહની તકદીરની સાથી બની ગઈ છે. અલ્લાહ તઆલા તે જ કરી આપે છે જે આપની રઝા હોય છે : وَلَسَوْفَ يُعْطِيكَ رَبُّكَ فَتَرْضَىٰ ''અને બેશક ! નજીક છે કે તમારો રબ તમને એટલુ આપશે કે તમે રાજી થઈ જશો.'' *(સૂ. દુહા, ૯૩/૫) ખુદાકી રઝા ચાહતે હૈં દો આલમ–ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ* ﷺ

**યહ પ્યારી પ્યારી ક્યારી તેરે ખાના બાગ કી**
**સર્દ ઉસકી આબો તાબસે આતિશ સકરકી હૈ**

**અર્થાત :** યા સરકાર ! ﷺ આપના રોઝએ અકદસ તથા મિમ્બરની દરમિયાન રિયાઝુલ જન્નતનો હિસ્સો જેને આપે પોતે જ જન્નતની ક્યારી ઠરાવી છે. આપના ઘરનો એવો બગીચો છે જેની શાનો શૌકતની સામે દોઝખની આગ ઠંડી થઈ રહી છે, કેમ કે કોઈ ગમે તેટલો ગુનેહગાર, પણ ત્યાં જઈને બેસી જાય તો યકીનન ! જન્નતમાં બેઠેલો છે.

*જબસે દેખા હૈ 'નિયાઝી' વો રિયાઝુલ જન્નહ–હમ તો ઘર બેઠે હી જન્નતકી હવા લેતે હૈં*

**જન્નતમેં આકે નારમેં જાતા નહીં કોઈ**
**શુકે ખુદા નવૈદ નજાતો ઝફર કી હૈ**

**અર્થાત :** અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના પર ભરોસો કરીને એક દલીલબધ્ધ તમન્ના છે, એટલે કે સહીહ હદીષથી સાબિત છે કે આ મકામ જન્નતની ક્યારી છે અને અલ્લાહ વ રસૂલે કેવળ પોતાના કરમથી મોહતાજોને અહીં જગા આપી, અહીં નમાઝો પઢવાનું નસીબ કર્યું. તો બિહમ્દિલ્લાહિ તઆલા જન્નતમાં દાખલ થયા અને જન્નતમાં જઈને ફરી કોઈ જહન્નમમાં નથી જતો. તો ઉમ્મીદ છે કે હવે અમે નાર (જહન્નમ)નું મોઢું જોઈશું નહીં, ઈન્શાઅલ્લાહુ તઆલા ! *(હાશિયા હદાઈકે બખ્શિશ)*

**મો'મિન હૂં મોમિન પે રઊફો રહીમ હો**
**સાઈલ હૂં સાઈલોં કો ખુશી લા નહર કી હૈ**

**અર્થાત :** અલ્હમ્દુલિલ્લાહ ! હું ગમે તેટલો ગુનેહગાર છું પણ ઈમાનવાળાઓમાંથી છું અને કુર્આનના હુકમાનુસાર આપણા નબી ﷺ ઈમાનવાળાઓ પર મહેરબાન અને રહમ કરવાવાળા છે, અને વળી આપના દરનો સવાલી પણ છું. અલ્લાહ તઆલાએ કુર્આને પાકમાં પોતાના મહબૂબ ﷺને ફર્માવ્યું છે :

وَ اَمَّا السَّآئِلَ فَلَا تَنْهَرْ ﴿۱۰﴾ "અને માગનારને ન ધમકાવો." *(સૂ. દુહા, ૯૩/૧૦)* ન ઝિળકવાનો મતલબ એ જ છે કે મારા ખજાનાઓ ભરેલા છે, આપ એમાંથી લઈ લઈને સવાલીઓની જોળીઓ ભરતા જાવ.

**દામનકા વાસ્તા મુઝે ઈસ ધૂપસે બચા**
**મુઝકો તો શાક જાળોંમેં ઈસ દોપહરકી હૈ**

**અર્થાત** : હે આકા ! ﷺ આપની રહમતની વિશાળતાઓને જોઈ જોઈને એવા નાઝુક મિજાઝનો થઈ ગયો છું કે ઠંડીની ઋતુમાં પણ બપોરનો તડકો સહન નથી થતો. આપના દામને રહમતનો સદકો મહશરની ગરમીમાં તમારી રહમતનો સાયો અતા કરજો, જ્યારે સૂરજ સવા નેજા પર હશે અને દિમાગ હાંડલીની જેમ ખદબદી રહ્યું હશે.

**માં, દોનોં ભાઈ, બેટે ભતીજે, અઝીઝ દોસ્ત**
**સબ તુઝકો સોંપે મિલ્ક હી સબ તેરે ઘરકી હૈ**

**અર્થાત** : હે મારા આકા ! ﷺ ઘરેથી ચાલ્યો છું તો મારાં વૃધ્ધ વાલિદા (મા), મારા બંનેવ ભાઈ, મારા પુત્રો ભત્રીજાઓ અને પ્યારા દોસ્તો સૌને આપને સુપરત કરીને ચાલ્યો છું, કેમ કે અમે તો આપના ખાનદાની તથા વંશ પરંપરાગત ગુલામના પુત્ર ગુલામ છીએ. અમારો આપના સિવાય અન્ય કોણ છે ?!

**જિન જિન મુરાદોંકે લિયે અહબાબને કહા**
**પેશે ખચબર ક્યા મુઝે હાજત ખબરકી હૈ**

**અર્થાત** : યા સરકાર ! ﷺ મારા કેટલાય દોસ્તોએ પોતપોતાની મુરાદો આપની બારગાહમાં પેશ કરવાની મને તાકીદ કરી છે તેને પેશ કરવાની હિંમત કરવાનો ઈરાદો કરું છું, પણ ખયાલ આવે છે કે કદાચ આપની બારગાહની શાનને શોભે એવા શબ્દોમાં પેશ કરી શકુ કે ન કરી શકુ. અને એટલા માટે પણ નથી કરી રહ્યો કે આપને તો સર્વ ખબર છે કે કોણે કઈ તમન્ના તથા આરઝૂ કરી છે, પછી મારે બતાવવાની જરૂરત જ શું છે ?!

*બેખબર હો જો ગુલામોંસે વો આકા ક્યા હૈ !–બંદા મિટ જાએ ન આકા પે વો બંદા ક્યા હૈ*

**ફઝ્લે ખુદાસે ગયબ શહાદત હુવા નહીં**
**ઈસ પર શહાદત આયત વ વહી વ ખબર કી હૈ**

**અર્થાત** : આપ ﷺ પર અલ્લાહ તઆલાનો કેટલો મહાન ફઝ્લ છે : وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَ كَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا ﴿۱۱۳﴾ "જે કાંઈ ગાયબ હતું તે પણ આપની સમક્ષ હાજર કરી દેવામાં આવ્યું." *(સૂ. નિશા, ૪/૧૧૩)*

ان اللّٰہ تعالیٰ قد رفع لی الدنیا فانا انظر الیھا و الی ما ھو کائن فیھا الی یوم القیمہ کانما انظر الی کفی ھذہ

શું કુર્આન મજીદની આયતો, હદીષો તથા સહાબાનાં કથનો આ અકીદા પર ગવાહીના માટે પૂરતાં નથી ?!

**કહના ન કહનેવાલે થે જબ સે તો ઈત્તેલાઅ**
**મૌલાકો કૌલ વ કાઈલ વ હર ખુશ્કો તરકી હૈ**

**અર્થાત :** હે મારા ઈલ્મો ફઝ્લવાળા પ્યારા નબી ! ﷺ આપને તો એ સમયથી ખબર છે કે કોણ શું કહેશે ? (કેટલીય હદીષોમાં છે કે સહાબા ફર્માવે છે કે અમને હુઝૂરે મખ્લૂક઼ની પેદાઈશથી લઈને ક઼યામત સુધીનું સર્વ કાંઈ બતાવી આપ્યું કે કોણ જન્નતમાં જશે અને કોણ દોઝખમાં ? حفظها من حفظها و نسيها من نسها "જેણે યાદ રાખ્યું તેને યાદ રહ્યું, જેણે ભૂલાવી દીધું તેણે ભૂલાવી દીધું. પછી અમે શા માટે કાંઈ કહીએ ! જ્યારે આપણા આક઼ાને દરેક ક઼થન તથા દરેક કહેનારની પણ ખબર છે અને ખુશ્ક તથા તરની (દરેક સ્થળની જમીન, જંગલ, પાણીની) પણ ખબર છે.

**ઉન પર કિતાબ ઉતરી تِبْيَانًا لِّكُلِّ شَيْءٍ**
**તફસીલ જિસમેં مَا عَبَرَ و ما غَبَرَ કી હૈ**

**અર્થાત :** વળી આપ ﷺ ને અલ્લાહ તઆલાએ તે ઈલ્મોનો ખજાનો કિતાબ અતા ફર્માવી કે :–

جميع العلم فى القران لكن۔تقاصر عنه افهام الرجال

તમામ ઈલ્મો કુર્આનમાં મૌજૂદ છે પણ દરેક બંદાની સમજની એના સુધી પહોંચ નથી. હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ફર્માવે છે, જો હું સૂરએ ફાતિહાની તફસીર લખવાનું શરૂ કરી દઉં તો ૭૦ ઊંટો એ તફસીરથી લદાય જાય તેમ છતાં સૂરએ ફાતિહાના ઈલ્મો તથા મઅરિફતો વર્ણન ન થઈ શકે. આ કિતાબ કુર્આને પાકમાં દરેક ચીજનું સ્પષ્ટ બયાન છે : (تبيان بيان مع الدلائل ને કહેવામાં આવે છે) અને એમાં જે થઈ ચૂક્યું એની પણ તફસીલ છે. અને જે ક઼યામત સુધી અને ક઼યામત બાદ થવાનું છે એની પણ તફસીલ છે. જેમ કે હદીષ શરીફમાં છે : فيه نبأ من قبلكم وخبر من بعد كم તેમ છતાં જેઓ ખુદ બેખબર છે તેઓ આપને પણ બેખબર કહે છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે : لو ضاع لى عقال بعير لو جدته فى القران "જો મારા ઊંટની રસ્સી પણ ગુમ થઈ જાય તો હું કુર્આનથી રહનુમાઈ લઈને એને શોધી લઉં છું." તો પછી હુઝૂર ﷺના ઈલ્મોનો આલમ શો હશે ?

**બાબે મદીનતુલ ઈલ્મ અને એક યહૂદી :** હઝરત અલી મુર્તઝા શેરે ખુદા બાબે મદીનતુલ ઈલ્મ ફાતેહે ખયબરે એકવાર એલાન કર્યું કે મારાથી જે પણ સવાલ કરો હું કુર્આનથી જવાબ આપીશ. (હઝરત અલી رضی اللہ عنہની દાઢી મુબારક ખૂબ જ ગાઢ હતી જ્યારે કે એક યહૂદીના દાઢીના અમુક જ વાળ હતા) યહૂદીએ સવાલ કર્યો કે કુર્આનમાં ક્યાં લખેલુ છે કે આપની દાઢી ગાઢ હશે અને મારી પાતળી ? આપે તરત જ કુર્આને પાકની આયત પઢી : والبلد الطيب يخرج نباته باذن ربه "પાક જમીનથી ભરપુર લીલોતરી નીકળે છે." والذى خبث لا يخرج الا نكدا "ઉજ્જડ તથા ખરાબ જમીનથી કોઈ કોઈ તણખલુ નીકળે છે." ફર્માવ્યું, મારા શરીરની જમીન ઈમાનના કારણે પાક છે એટલા માટે દાઢી ગાઢ છે અને તારા શરીરની જમીન ઈમાન ન હોવાના કારણે ઉજ્જડ તથા નાપાક તથા ખરાબ છે એટલા માટે કોઈ કોઈ વાળ છે." હુઝૂર ﷺની હદીષ છે કે :–

انا مدينة العلم وعلى بابها۔انا دار الحكمة وعلى بابها "હું ઈલ્મનો શહેર છું અને અલી તે શહેરના દરવાજા છે."

**આગે રહી અતા વો બક઼દરે તલબ તો ક્યા**
**આદત યહાં ઉમ્મીદસે ભી બેશતર કી હૈ**

**અર્થાત** : જો અતાની વાત કરો છો તે તો માગણી પ્રમાણે છે, જેની તલબ જેટલી વધારે સાચી હશે તેને તેની નિય્યત તથા ખુલૂસના પ્રમાણે એટલુ મળી જશે. પરંતુ હુઝૂર ﷺની આદત મુબારક તો એ છે કે આપની તલબ કરતાં પણ અધિક આપે છે. કે સાઈલે કહેવું પડે છે : *જોલી હી મેરી તંગ હૈ–આક઼ા તેરે યહાં કમી નહીં*

આ'લા હઝરતે શું સરસ ફર્માવ્યું :

*મેરે કરીમસે ગર ક઼તરા કિસીને માંગા–દરયા બહા દિયે હૈ દુર બે બહા દિયે હૈં*

ચાહે તો એક અઅરાબીને આખે આખી વાદી (બે પહાડો વચ્ચેનું મેદાન) બકરીઓથી ભરેલી અતા કરી આપે (જેવું કે હદીષમાં છે) કેમ કે આપનો હાથ ખુદા ન ખત્મ થનારા ખજાનામાં છે, જાહેરમાં ભલી ખાલી હોય :

*દો જહાંકી નેઅમતેં હૈં ઉનકે ખાલી હાથમેં*

**બે માંગે દેનેવાલે કી નેઅમતમેં ગર્ક હૈ**
**માંગે સે જો મિલે કિસે ફ઼હમ ઈસ ક઼ુદરકી હૈ**

**અર્થાત** : જ્યારે મારા કરીમ આક઼ા ﷺ વણમાગ્યે એટલુ આપી દે છે કે દુનિયા તથા આખેરતની હાજતો પૂરી થઈ જાય છે. આપ ફર્માવતા રહ્યા : او غیر ذلک "હે રબીઆ ! કાંઈ અધિક પણ માગી લે !" અને રબીઆ رضی اللہ عنہ અર્ઝ કરે છે ! ھو ذاک یا رسو اللہ ﷺ

*સબ કુછ ખુદાસે માંગ લિયા તુઝકો માંગકે–ઉઠતે નહીં હૈ હાથ મેરે ઈસ દુઆ કે બાદ*

જ્યારે વણમાગ્યે આટલુ બધુ મળી જાય છે તો માગવા પર જે મળશે એનો કોણ અંદાઝો કરી શકે છે ?!

**અહબાબ ઈસસે બઙ્હ કે તો શાયદ ન પાએં અર્ઝ**
**ના કર્દા અર્ઝ, અર્ઝ પે તર્ઝે દિગરકી હૈ**

**અર્થાત** : દોસ્તો ! તમને આ બારગાહથી વધીને પોતાની તમન્નાઓ પૂર્ણ કરવાનો મોક઼ો ક્યાં મળશે ? કે જ્યાં અરજ ન કરવી એ અરજ કરવાનો જ એક અંદાઝ તથા તરીક઼ો છે. એટલે કે અર્ઝ ન કરો તો પણ જોલીઓ ભરી આપે છે, કેમ કે એમની અતા કોઈની દરખાસ્તનો ઈન્તેઝાર નથી કરતી. સુબ્હાનલ્લાહ ! માગવાનો પણ કોઈ અંદાઝ હોવો જોઈએ.

**દન્દાં કા નઅતખ્વાં હૂં ન પાયાબ હોગી આબ**
**નદ્દી ગલે ગલે મેરે આબે ગોહર કી હૈ**

*(દંદા = દાંત, પાયાબ = ઓછી પાણીવાળી ઘાટી, આબે ગોહર = મોતીનું પાણી)*

**અર્થાત** : અને હે અઝમતે મુસ્તફ઼ા ﷺના મુન્કિરો ! (અહમદ રઝા) કોઈ સામાન્ય મોતીની પ્રશંસા નથી કરતો બલ્કે પોતાના આક઼ા ﷺના દાંત મુબારકની પ્રશંસા કરનારો છે અને મારા આક઼ા મને એટલો નવાઝશે કે પોતાના ઈનામોના સમુદ્રના કિનારે નહીં રાખે બલ્કે પોતાના કરમની નદીની વચ્ચે ઉભો રાખશે જ્યાં તેનાં સાચા મોતીઓનું પાણી મારા ગળા સુધી આવશે, એટલે કે મહાન ઈનામો વડે નવાઝવામાં આવશે.

*ઉનકે દરબારસે ગર હૈ લેના તુમ્હેં–તો ફ઼િર અંદાઝે અહમદ રઝા ચાહિયે*

**દશ્તે હરમમેં રહને દે સૈયાદ અગર મુઝે**
**મિટ્ટી અઝીઝ બુલબુલ બેબાલ પર કી હૈ**

**અર્થાત :** હે શિકારી ! આ વાળ તથા પાંખો વિનાના, લાચાર તથા મજબૂર બુલબુલ પર જો તને કાંઈ દયા આવી રહી છે તો મારી એક ખ્વાહિશ છે તે જો તું પૂરી કરી દે તો તારી મહેરબાની થશે. અને તે એ કે મને મદીના પાકના કોઈ જંગલમાં જ મરી જવા દે, કેમ કે અહીં મરીને માટી બની જવું મને હજાર જિંદગીથી અધિક પ્રિય છે. અને તયબહના મેદાનમાં ધ્રુસ્કાં ભરતા રહેવું મને દુનિયાના કરોડો બાગોથી અધિક પ્રિય છે.

*મિટ્ટી ન હો બર્બાદ પસે મર્ગ ઈલાહી–જબ ખાક ઉળે મેરી મદીનેકી હવા હો*

**યા રબ રઝા ન અહમદ પારીના હોકે જાએ**
**યહ બારગાહ તેરે હબીબે અબ્ર કી હૈ**

*(પારીના અગાઉની જેમ = પૂરાણો, અબ્ર = વાદળ અથવા સૌથી વધુ એહસાન કરનાર)*

**અર્થાત :** હે મારા અલ્લાહ ! અહમદ રઝા કોઈ મામૂલી ચોખટ પર તો નથી આવ્યો બલ્કે તારા મહબૂબ ﷺના દર પર આવ્યો છે, શું એ એવી જ રીતે જેવી રીતે ખાલી આવ્યો છે તો ખાલી જ પાછો ચાલ્યો જશે ! આ તારા મહબૂબ, કરમના વાદળનો આસ્તાનો છે, જો અહીંથી પણ આ માગનારાને ન નવાઝવામાં આવ્યો તો પછી કોણ તેનો ભાવ પૂછશે ?!

**તૌફીક઼ દે કે આગે ન પૈદા હો ખૂએ બદ**
**તબદીલ કર જો ખસ્લતે બદ પેશતર કી હૈ**

*(ખૂએ બદ = બુરી આદત. પેશતર = અગાઉની)*

**અર્થાત :** હે અલ્લાહ ! મને તૌફીક઼ અતા ફર્માવ કે આજના પછી મારી અંદર કોઈ અન્ય બુરી આદત પેદા ન થાય, અને જે પહેલેથી મૌજૂદ છે એમને પણ અચ્છાઈમાં બદલી નાખ, કેમ કે તારા જ કરમ તથા તૌફીક઼થી બુરાઈ અચ્છાઈમાં બદલાય શકે છે. બંદામાં એ શક્તિ ક્યાં ?! فاولئک یبدل اللہ سیاتھم حسنات

**આ કુછ સુના દે ઈશ્ક઼ કે બોલોંમેં અય 'રઝા' !**
**મુશ્તાક તબઅ લિઝ્ઝત સોઝે જિગરકી હૈ**

*(સોઝે જિગર = જિગરની ગરમી. તબઅ = તબીઅત. મુશ્તાક = આતુર)*

**અર્થાત :** હે અહમદ રઝા ! (ગદાએ દરે ખૈરુલવરા, ષના ખ્વાને મુસ્તફા, પ્યારા !) (આગલી નઅતમાં આશિક઼ાના રંગની અંદર) હુઝૂર ﷺના ગુલામોને ઈશ્ક઼ના શેઅરો પણ સંભળાવી આપ ! કેમ કે મારી પોતાની તબીઅત પણ જિગરના દર્દ તથા સોઝનો તકાઝો કરી રહી છે.

તો હે આશિક઼ાને મુસ્તફા ! ﷺ હે વાંચકો ! જરા દિલની ખિડકીઓ ખોલી દો અને તસવ્વુરે મદીનામાં ગુમ થઈ જાવ અને આપણા આક઼ાએ નેઅમત, મોહસિનો મુરબ્બી, કુશ્તએ ઈશ્કે઼ રસૂલ (ﷺ), આ'લા હઝરત, અઝીમુલ બરકતથી આગલી નઅતમાં આશિક઼ાના અંદાઝમાં દરબારે રિસાલતની હાજરીનો લુત્ફ ઉઠાવો અને મજાની સાથે પઢો અને બારગાહે આ'લા હઝરતમાં નિયાઝમંદી સાથે કહો :

*મુલ્કે સુખન કી શાહી તુમકો 'રઝા' મુસલ્લમ–જિસ સિમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈં*

## (નઅત શરીફ઼ : ૭૨)

**ભીની સુહાની સુબ્હમેં ઠંડક જિગરકી હૈ**
**કલિયાં ખિલીં દિલોંકી હવા યહ કિધરકી હૈ**

*(ભીની = હલકી હલકી, સુહાની = ખુશ ગવાર અને મન મોહક)*

**અર્થાત :** યા ખુદા ! આ પુર કૈફ઼, ભીની ભીની, ખુશ્બોદાર તથા ઉમદા મન મોહક હવા કઈ જન્નતથી આવી રહી છે જેનાથી જિગરને ઠંડક તથા રૂહને તાજગી નસીબ થઈ રહી છે ! દિલોની બંધ કળીઓ ખીલી ઉઠી છે અને સીનો મદીના બનતો જઈ રહ્યો છે. યક઼ીનન ! એ મદીનાના મહબૂબ ﷺના ગુંબદને અડકીને આવી રહી છે.

**ખબતી હૂઈ નઝરમેં અદા કિસ સહરકી હૈ**
**ચુભતી હૂઈ જિગરમેં સદા કિસ ગુંજર કી હૈ**

*(ખબતી = ચૂભતી, નજરમાં બેસવું, ગમવું. ગુજર = એલાર્મ)*

**અર્થાત :** હે રબ ! આ કેવી સુબ્હ સાદિક઼ તૂલૂઅ થઈ રહી છે કે જેની દિલનવાઝ અદા દિલની દુનિયાને આબાદ કરી રહી છે. અને આ કયા ઘડિયાળનો અવાજ છે જે સીધો આવીને અમારા દિલોને ચૂભી રહ્યો છે. યક઼ીનન ! આ સહર (સવાર) તયબહની સવાર છે અને આ સદા (અવાજ) સદાએ ગુંબદે ખઝરા છે સહરથી સહરીનો સમય, અને ''ખબના''ની મુનાસિબતથી જાદૂઈ અસર, જ્યારે કે સદા કેવળ અવાજના અર્થમાં જેમ કે ઘડિયાળ તથા ગુંજ પણ મુરાદ થઈ શકે છે, જે આશિક઼ાને મુસ્તફ઼ા (ﷺ)ની યા રસૂલલ્લાહ ! (ﷺ)ની સદાઓથી જે ગુંબદે ખઝરા સાથે ટકરાયને પેદા થાય છે. સારાંશ કે શેઅરમાં હક઼ીક઼ત તથા મજાઝ એટલે સામાન્યપણે મજાઝનું ખૂબ જ સરસ સંગમ છે જે આ'લા હઝરતનો જ લાજવાબ કમાલ અને અજોડ હુસ્નો જમાલ છે.

**ડાલેં હરી ભરી હૈં તો બાલેં ભરી ભરી**
**કિશ્તે અમલ પરી હૈ યે બારિશ કિધરકી હૈ**

*(કિશ્તે અમલ = ઉમ્મીદની ખેતી)*

**અર્થાત :** યા અલ્લાહ ! આ કઈ ઋતુનો વરસાદ વરસ્યો છે કે જેનાથી દરેક ઝાડની દરેક ડાળી જન્નતના બાગોના નમૂના પેશ કરી રહી છે અને ચો તરફ઼ હરીયાળી જ હરીયાળી અને લીલુછમ જોવા મળે છે અને ઝાડોની ડાળીઓ અને અનાજ સિઝનના ગુચ્છાઓ (ડુંડાઓ) ફ઼ળો તથા દાણાઓથી લદાયેલા છે. અને જમીનની તરફ઼ ઝુકીને (તાજદારે મદીના)ને સવારની સલામ પેશ કરી રહ્યા છે અને અમારી આરઝૂઓની ખેતી (અમારા આંસૂંઓનાં પાણી આપ્યા વિના) જન્નતની હૂર જણાય રહી છે. એટલે કે વિના માગ્યે તમન્નાઓ પૂરી થઈ રહી છે. યક઼ીનન ! હે અલ્લાહ ! આ તારા રહમતુલ્ લિલ્ આલમીનની રહમતની વર્ષા જ હોય શકે છે.

**હમ જાએઁ ઔર ક઼દમ સે લિપટકર હરમ કહે**
**સૌંપા ખુદાકો તુઝકો યહ અઝ઼મત સફ઼રકી હૈ**

**અર્થાત :** અમે જ્યારે મક્કા શરીફથી મદીના શરીફ જવાનો ઈરાદો કર્યો તો મક્કાના હરમે અમારા ક઼દમોથી લપેટાઈને અમને મુબારકબાદ આપી અને આ શબ્દોમાં વિદાય આપી : હે મને આબાદ કરવાવાળાના ખુશ નસીબ ઉમ્મતીઓ ! જાવ ! ખુદા તમારી ખબર કરે (હિફાઝત કરે) ખૂબ જ મુબારક સફરનો તમે ઈરાદો કરી રાખ્યો છે અને જો ખુદા તૌફીક઼ આપે તો મારી આંખો વડે મારા પ્યારાનો રોઝો જુઓ.

રિવાયતોમાં આવ્યું છે કે કા'બા મોઅઝ઼્ઝમા ક઼યામતના દિવસે અલ્લાહ તઆલાથી હુઝૂર ﷺની ઝિયારતની દરખાસ્ત કરશે. هل جزاء الاحسان الا الاحسان "દુનિયામાં હુઝૂર ﷺએ મારી ઝિયારત કરી, આજે હું એમની કરું છું" જેથી કા'બાને દુલ્હનની જેમ સજાવવામાં આવશે અને મેહશરના મેદાનમાં લાવવામાં આવશે તો હુઝૂર ﷺની બારગાહમાં કા'બા શરીફ અર્ઝ કરશે, અસ્સલામુ અલૈક યા મુહમ્મદ ! (ﷺ) હુઝૂર ﷺ ફર્માવે છે, હું જવાબ આપીશ, વઅલૈકસ્સલામ ! યા બયતુલ્લાહ ! પછી કા'બા કહેશે તમે તમારા ઉમ્મતીઓની ફિકર ન કરશો ! જેમણે મારો તવાફ કર્યો, અને જે ઘરેથી મારી ઝિયારત માટે તો નીકળ્યો પણ પહોંચી ન શકયો, અને જેણે મારી ઝિયારતની તમન્ના પણ કરી, હું એ સૌની શફાઅત કરીશ. *(કિતાબ : શરફે મુસ્તફા ﷺ, અલ્લામા અબ્દુર્રહમાન સફૂરી, તફસીરે અઝીઝી, સૂરએ બક઼રહ, પેજ–૪૬૩, શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી)*

*ક્યૂં હશ્રમેં બિગળી હૂઈ હાલત હોગી–કબ ઉનકે ગુલામોં પે ક઼યામત હોગી*
*ક્યા ખૌફ કરેં નારે જહન્નમસે 'જમીલ'–હમ પર તો વહાં નબીકી રહમત હોગી*

**હમ ગિર્દે કા'બા ફિરતે કલ તક ઔર આજ વો**
**હમ પર નિષાર હૈ યહ ઈરાદત કિધર કી હૈ**

**અર્થાત :** યા અલ્લાહ ! આ કેવો ઈન્કિ઼લાબ આવી ગયો છે કે કાલ સુધી તો અમે કા'બાની આસપાસ ફેરા મારતા રહ્યા અને આજે જેવો મદીના જવાનો ઈરાદો કર્યો છે તો કા'બા અમારા પર મહેરબાન થઈને રહ્યો છે ?! યક઼ીનન ! જે બારગાહનો અમે ઈરાદો કરી રાખ્યો છે એ કોઈ કા'બાથી અફઝલ જ બારગાહ હોઈ શકે છે.

યાદ રાખશો કે આ વિષયે વર્ણન પહેલાં પણ ગુજરી ચૂક્યું છે પણ અહીં ઉમેરા સાથે છે. એક ઈમાનવાળાની અઝમત કા'બા કરતાં વધુ હોવાનું હદીષમાં છે અને હુઝૂર ﷺએ ખુદ વર્ણવ્યું છે. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે એક દિવસે હુઝૂર ﷺએ કા'બાને જોઈને ફર્માવ્યું :–

ما اظمک و مااعظم حرمتک و المومن اعظم حرمة عند الله منه *(તિર્મિઝી શરીફ, ૨/૨૪)*

એ જ પ્રમાણે ઈબ્ને માજહ શરીફની હદીષમાં છે કે હુઝૂર ﷺએ કા'બાનો તવાફ કરતાં ફર્માવ્યું :

ما طيبک واطيب ريحک و اعظم حرمتک والذی نفس محمد بيده لحرمة المومن اعظم عند الله۔ حرمة منک

"હે કા'બા તારી કેટલી શાન છે અને તારી હવા કેટલી પાકીઝા છે, પરંતુ એ જાતની ક઼સમ ! જેના કબજામાં મારી જાન છે મારી ઉમ્મતના એક મો'મિનની હુર્મત તથા ઈજ્જત અલ્લાહને ત્યાં તારા કરતાં કેટલાય ગણી અધિક છે." *(ભાવાર્થ રજૂ કર્યો, પેજ–૨૮૦)* અને હઝરત રાબિઆ બસરિયહ (ઉમ્મતે મુસ્તફાની વલિય્યહ)ના

સ્વાગત માટે કા'બાનું જવું કેટલીય કિતાબોથી સાબિત છે. *(તઝકેરતુલ અવલિયા, પેજ–૫૪, અનીસુલ અરવાહ, પેજ–૧૧૧, હફ્ત રોઝા–ચટ્ટાન, પેજ ૧૩–૨૬, માહનામા સૂફી–લાહોર, જુલાઈ–૧૯૧૩)*

અને એનું શક્ય હોવું કે કા'બા કોઈના સ્વાગત માટે જઈ શકે છે, એ ફતાવા દેવબંદમાં વર્ણવેલુ છે. જેવું કે હઝરત ઈબ્રાહીમ ઈબ્ને અદહમ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَان રાજગાદી છોડીને ફકીરીમાં આવ્યા તો કા'બા જવા માટે એટલા પ્રમાણમાં વ્યવસ્થા કરી કે દરેક ક઼દમ પર બે રકાત નફલ પઢવાનું શરૂ કરી દીધું. જ્યારે કેટલાય વરસો પછી મક્કા પહોંચ્યા તો ત્યાં કા'બાને જ ન પામ્યો. ખયાલ આવ્યો કે કદાચ મારી નિગાહોમાં ખરાબી આવી છે તો તરત જ ઈલ્હામ થયો કે આપની નિગાહમાં કોઈ ખરાબી નથી, અસલમાં કા'બા આજે મારી એક નેક બંદી (રાબિઆ બસરિયહ)ના સ્વાગત માટે ગયેલો છે. તો આપને ખૂબ જ આશ્ચર્ય થયું અને હવે કા'બાના બદલે રાબિઆની ઝિયારતના માટે રવાના થઈ ગયા. જોયું તો એક વૃધ્ધા સ્ત્રી ભરપુર આજીજીની સાથે આવી રહી છે અને એની સાથે કા'બાની પણ ઝિયારત થઈ ગઈ. હઝરત ઈબ્રાહીમે ફર્માવ્યું, અરે ! આ તેં શું હંગામો ખડો કરી રાખ્યો છે ! શું દેખાડે છે કે કા'બા પણ મારા સ્વાગત માટે આવે છે ?! રાબિઆ બસરિયહએ જવાબ આપ્યો કે આ તેં શું શોર મચાવી રાખ્યો છે અને ક઼દમ ક઼દમ પર નફ્લ પઢીને કા'બા આવ્યો છે ?! વાત અસલમાં એ છે કે તમે તમારી મંઝિલને ઈબાદતના જોર પર પસાર કરી છે, અને મેં મારા રબની બારગાહમાં નિયાઝમંદીનું નઝરાણુ પેશ કર્યું છે.

**કાલિક જબીંકી સજદએ દરસે છુળાઓગે**
**મુઝકો ભી લે ચલો યહ તમન્ના હજરકી હૈ**

*(કાલિકે જબીં = પેશાનીની કાળાશ. હજર = હજરે અસ્વદ)*

**અર્થાત :** હજરે અસ્વદ અમને કહી રહ્યો હતો કે હે મદીનાના ઝાઈરો ! મને પણ મદીના સાથે લઈ ચાલો કે જેથી એમના દર પર તમારી જેમ સજદો કરીને પોતાના પેશાનીની કાળાશ દૂર કરી લઉં અને એકવાર ફરીથી પહેલાંની જેમ રોશન તથા મુનવ્વર થઈ જાઉં.

હદીષમાં જે આવ્યું છે કે આપ ﷺએ ફર્માવ્યું, હું એ પથ્થરને આજે પણ ઓળખુ છું. کان یسلم علی قبل ان ابعث "જે મારા એલાને નબુવ્વત પહેલાં મારા પર સલામ પઢતો હતો." *(મુસ્લિમ શરીફ)* નસીમુર્રિયાઝમાં છે, તે હજરે અસ્વદ હતો. *(પેજ–૬૭, ભાગ–૩)*

અને તફસીરે મઝહરીમાં આયત اللہ نور السموت و الارض હેઠળ લખ્યું છે કે જ્યારે હઝરત હલીમા સઅદિયહ હુઝૂર ﷺને લઈને શુક્રાનાનો તવાફ શરૂ કરતાં પહેલાં હજરે અસ્વદને બોસો આપવા માટે હુઝૂર ﷺને ગોદમાં લઈને નજીક થયાં તો હજરે અસ્વદે પોતાની જગાએથી નીકળીને હુઝૂર ﷺને ચૂમવાનું શરૂ કરી દીધું. *(પેજ–૨૮, ભાગ–૬)*

**ડૂબા હુવા હૈ શૌક઼મેં ઝમઝમ ઔર આંખસે**
**ઝાલે બરસ રહે હૈં યહ હસ્રત કિધરકી હૈ**

*(ઝાલે = તેજ વરસાદ. હસ્રત = આરઝૂ)*

**અર્થાત :** આબે ઝમઝમ શરીફ પોકારી રહ્યું છે કે હે મદીનાના ઝાઈરો ! જે પ્યારા ઈસ્માઈલ علیہ السلامની એડીની રગળથી હું વહેતું થયું. આજે તમે એવી હસ્તીના દરબારમાં જઈ રહ્યા છો કે જેના નૂરે, ઈસ્માઈલ

عليه السلامની ગરદન પર છરી ન ચાલવા દીધી. કાશ ! હું પણ તમારી સાથે જાત ! અને આ જ આરઝૂમાં ઝમઝમ તેજ વરસાદની જેમ આંસૂ વહાવી રહેલ છે એને ક઼યામત સુધી વહાવતુ રહેશે. ઝમઝમના ઝરણાના વહેવાને આંસૂ વહેવું ઠરાવ્યું અને તે પણ ભાદરવા મહિનાની જેમ તેજ વર્ષાની જેમ ! કેવી સરખામણી છે ?!

**બરસાકે જાનેવાલોં પે ગૌહર કરું નિષાર**
**અબરે કરમ સે અર્ઝ યહ મીઝાબે ઝર કી હૈ**

*(ગૌહર = મોતી. મીઝાબે ઝર = સોનાનુ પરનાલુ)*

**અર્થાત :** મીઝાબે રહમત બારગાહે ખાલિક઼ે રહમતમાં અરજ કરી રહ્યું છે કે હે માલિક તથા મૌલા ! જરા વરસાદ વરસાવ ! જેથી રહમતુલ્ લિલ્આલમીનની બારગાહમાં હાજરીની નિય્યતથી જનારાઓ પર તારી રહમતનાં મોતી (પાણીના ટીપાંઓ મોતીઓના રૂપમાં) કુર્બાન કરું, કેમ કે જે મદીના શહેર એઓ જઈ રહ્યા છે :

*ઉસ શહર કે ઝર્રે હૈં માહો મહરસે બળ્હકર—જિસ શહરમેં અલ્લાહ કે મહબૂબકા ઘર હૈ*

**આગોશે શૌક઼ ખોલે હૈં જિનકે લિએ હતીમ**
**વો ફિરકે દેખતે નહીં યહ ધુન કિધરકી હૈ**

**અર્થાત :** (હતીમ જે કા'બાનો જ હિસ્સો છે એની ગોલાઈને ગોદ સાથે સરખાવીને આ'લા હઝરત ફર્માવે છે) હતીમે પોતાની રહમતની ગોદ ખોલી રાખી છે અને લોકોને બોલાવી રહી છે કે મારી આગોશ (ગોદ)માં આવી જાવ ! પરંતું યા અલ્લાહ ! આ મદીનાના ઝાઈરો પર ક્યાં જવાની ધુન સવાર છે અને કયો ઉમંગ ચઢેલો છે કે તેઓ હતીમની આ પેશ કશ તરફ ધ્યાનિત જ નથી થતા અને મદીના મદીના કહેતા જઈ રહ્યા છે.

*કિસકા હૈ યહ દીવાના કિસકા હૈ યહ મસ્તાના—હશ્રમેં ભી કહતા હૈ જાના હૈ મદીનેમેં*

**હાં ! હાં ! રહે મદીના હૈ ગાફિલ ઝરા તૂ જાગ**
**ઓ પાઉં રખનેવાલે યહ જા ચશ્મો તરકી હૈ**

**અર્થાત :** (આ શેઅરમાં ઉપરવાળા શેરનો જવાબ છે કે) એ કોઈ મામૂલી જગા પર નથી જઈ રહ્યો, મદીનાના સફર પર જઈ રહ્યો છે અને હે જનારાઓ ! ગફલત છોડો અને ઈશ્ક઼ે રસૂલથી સરશાર (ચૂર) થઈને જાગીને ચાલો આ મદીનાની રાહ પગો વડે ચાલવાની રાહ નથી. ખુદા તૌફીક઼ આપે તો આંખોના વડે ચાલો ! માથાભેર ચાલો ! કેમ કે :—

*ઈસ રાહકે કંકર હૈં યહ બિખરે હૂએ તારે—યહ કહકશાં હૈ કે તેરી ગર્દે સફર હૈ*
*મૈં ગુંબદે ખદ઼રાકી તરફ દેખ રહા હૂં—'કૌષર' મેરે નઝદીક યહ મેઅરાજ નઝર હૈ*

**વારું ક઼દમ ક઼દમ પે કે હર દમ હૈ જાને નવ**
**યહ રાહ જાંફિઝાં મેરે મૌલા કે દર કી હૈ**

*(નવ = નવી. જાં ફિઝા = જિંદગી વધારનાર)*

**અર્થાત :** હું રાહે મદીના પર ચાલી રહ્યો છું અને તમ્મના તથા આરઝૂ દિલમાં મચલી રહી છે કે એક એક

કદમ પર જો અલ્લાહ મને નવી જાન અતા ફર્માવતો રહે તો દરેક કદમ પર એક જાન કુર્બાન કરતો જઉં. (જેવી રીતે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ હુઝૂર ﷺની દાવત કરી અને હુઝૂર ﷺ એમના ઘરે તશરીફ લાવ્યા તો તેમણે પોતાના આકા ﷺના એક એક કદમ પર એક એક ગુલામને આઝાદ કર્યો) કેમ કે આ તે જાન બખ્શ રસ્તો છે જે સીધો મારા આકાના દેશ તયબહ નગર જઈ રહ્યો છે.

*હમ તોળનેવાલે થે મદીનેકે મુસાફિર–જાન આ ગઈ જબ ગુંબદે ખદરા નઝર આયા*
*બે સાખ્તા નઝરોંમેં ખીંચી અર્શકી તસ્વીર–જબ સરવરે કૌનેનકા રોઝા નઝર આયા*

**ઘળિયાં ગિની હૈં બરસોંકી યહ સબઘળી ફિરી**
**મરમરકે ફિર યહ સલ મેરે સીનેસે સરકી હૈ**

*(સબઘળી = મુબારક પળ. સલ = ફેંફસાની એક જીવલેણ બીમારી)*

**અર્થાત :** દયારે મહબૂબની હાજરીના માટે કેટલાય વરસો રાહ જોવી પડી અને એક એક પળ ગણીગણીને ગુજારી ત્યારે ક્યાંક આ સઆદત (નેકનસીબી)ની ઘડી મયસ્સર થઈ કે તયબહ તરફ જઈ રહ્યો છું, વિરહની ભારે ચટ્ટાન (અથવા સલની જીવલેણ બીમારી) મરી મરીને અને ખુદા ખુદા કરીને (મહા મુસીબતે) હવે સીનાથી સરકી રહી છે ત્યારે તો જોતા નથી ! મદીનાની ગલીઓમાં પહોંચવાવાળો છું.

**અલ્લાહુ અકબર ! અપને કદમ ઔર યહ ખાકે પાક**
**હસ્રત મલાઈકા કો જહાં વઝએ સર કી હૈ**

**અર્થાત :** હે મારા મૌલા ! હું ખુદ શરમથી જમીનમાં ધસતો જઈ રહ્યો છું કે તારા નબીના શહેરની પાક માટી અને મારા આ નાપાક કદમ ! આ તો એ પવિત્ર શહેરની ગલીઓ છે કે જ્યાં ફરિશ્તા માથુ રાખવા તરસે છે.

**મેઅરાજકા સમાં હૈ કહાં પહુંચે ઝાઈરો !**
**કુર્સી સે ઊંચી કુર્સી ઈસી પાક ઘરકી હૈ**

**અર્થાત :** હે તયબહ શહેરના ઝાઈરો ! (ઝિયારત માટે જનારાઓ !) જરા વિચારો તો ખરા અને દિલની આંખોને ખોલીને જુઓ અને ઈમાનથી બતાવો, શું મદીના શરીફમાં તમને મેઅરાજનો મન્ઝર નથી નજર આવતો ? મદીના શરીફમાં મારા આકાના ઘર (રોઝએ અન્વર)ની કુર્સી (હુજરા મુકદ્દસના દરવાજા સુધીની ઊંચાઈ જેનાથી ઉપર પછી ફર્શ બાંધે છે) શું તમને આસ્માનવાળી કુર્સીથી ઊંચી નજર નથી આવતી ?!

*ક્યૂં કર ન હો મક્કે સે સિવા શાને મદીના–વો જબ કે હુવા મસ્કને સુલ્તાને મદીના*
*મક્કે કો શરફ હૈ તો મદીને કે સબબસે–ઈસ વાસ્તે મક્કા ભી હૈ કુર્બાને મદીના*
*હોતા હૈ ફલકકા સરે તસ્લીમ યહાં ખમ–અલ્લાહ રે ! બુલંદી તેરી અયવાને મદીના*

**ઉશ્શાકે રોઝા સજદામેં સૂએ હરમ ઝુકે**
**અલ્લાહ જાનતા હૈ કે નિયત કિધર કી હૈ**

*(ઉશ્શાક = આશિકો)*

**અર્થાત** : આ શેઅરના બે અર્થો છે. એક જાહેરી એટલે કે રોઝાના આશિકો઼નો પોતાનો જીવ તો એ ચાહતો હતો કે રોઝએ અત્હરની તરફ સજદાનો હુકમ થાય. પણ શરએ મુતહ્હરાએ એનાથી મના ફર્માવ્યું અને કા'બા મોઅઝ્ઝમા કિ઼બ્લો ઠર્યો. તો આશિકા઼ને રસૂલ હુકમના પાલન હેઠળ કા'બા શરીફ તરફ જ સજદામાં ઝુક્યા. પણ દિલની ખ્વાહિશની ખુદાને ખબર છે તો એ વખતે જાણે દિલની એ હાલત છે જે ૧૭ મહિના બયતુલ મુક઼દસની તરફ સજદાનો હુકમ થવામાં મુસલમાનોની હાલત હતી, કે હુકમના પાલન હેઠળ સજદો કરતા અને દિલમાં ખ્વાહિશ એ જ હતી કે કા'બા મોઅઝ્ઝમાને કિ઼બ્લો કરી દેવામાં આવે. قَالَ اللّٰہُ تَعَالٰی فَلَنُوَلِّیَنَّکَ قِبْلَۃً تَرْضٰھَا આ તક઼દીર પર નિયત એ આકર્ષણ તથા ખ્વાહિશના અર્થમાં છે.

બીજો અર્થ એ કે આશિકા઼ને રોઝાનો સિજદો જો કે જાહેરી સ્થિતિમાં હરમની તરફ છે પણ નિય્યતનો હાલ ખુદા જાણે છે કે તે કોઈ વખતે પોતાના મહબૂબથી જુદો ન થાય, કે કા'બા પણ તેમની તજલ્લીનું એક પ્રતિબિંબ છે, કા'બા પણ એમના નૂરથી બન્યો છે, એમના જલ્વાએ કા'બાને કા'બા બનાવી દીધો તો કા'બાની હકી઼કત તે જલ્વએ મુહમ્મદિયહ છે જે એમાં તજલ્લીફર્મા છે, તે જ કિ઼બ્લાની રૂહ છે અને એના તરફ જ હકી઼કતમાં સજદો છે. એટલુ યાદ રાખશો કે હકી઼કતે મુહમ્મદિયહ આપણી શરીઅતમાં મસ્જૂદ ઈલૈહા છે અને આગલી શરીઅતોમાં તાઝીમી સિજદાની મસ્જૂદ લહા હતી. ફરિશ્તાઓ તથા યાકૂબ તથા યાકૂબની ઔલાદ عَلَیْہِمُ السَّلَامએ એને જ સજદો કર્યો. આદમ તથા યૂસુફ علیہما السلام કિ઼બ્લો હતા. *(ખુલાસો : હાશિયા હદાઈકે઼ બખ઼્શિશ–લાહોર)*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ જે "હદાઈકે઼ બખ઼્શિશ"ના હાશિયા પર આ શેઅરની ઉપર મુજબ સ્પષ્ટતા કરી તો એના પર કોઈકે વાંધો ઉઠાવ્યો જેનો આપે ફતાવા રઝવિય્યહ (૯/૧૯૬,૧૯૭)માં જવાબ આપ્યો. સવાલ તથા જવાબ જોઈ લો.

**સવાલ** : આ શબ્દોથી આ નાકિસુલ ઈમાન તથા ઈલ્મ તથા અક઼લની નાકિસ (અપૂર્ણ) સમજમાં એ આવે છે કે જલ્વએ મુહમ્મદિયહ જ ને હકી઼કતમાં કા'બા કહેવામાં આવ્યો છે. જ્યારે કા'બાની હકી઼કતને જલ્વાગહે મુહમ્મદિયહ બનાવવામાં આવી અને એની તરફ હકી઼કતમાં સજદો કરવામાં આવ્યો. અને હકી઼કતે મુહમ્મદિય્યહને મસ્જૂદ ઈલૈહા કહ્યું તો હકી઼કતે કા'બાનું હકી઼કતે મુહમ્મદિય્યહ હોવું લાઝિમ ઠરે છે.

**જવાબ** : એના જવાબમાં ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہએ લખ્યું :–

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

**نَحْمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِہِ الْکَرِیْمِ**જો તમો સૂર્ય તથા તડકાને જુઓ તો હકી઼કત઼નો ફરક અને તજલ્લીનું એક નાકિસ દૃષ્ટાંત નજરો સામે છે. આફતાબ જાણે કે સૂર્યની હકી઼કત઼ છે અને તડકો એનો જલ્વો. હકી઼કત઼ની સિફતો (ગુણો) ખૂબ જ અધિક હોય છે, અને પોતાની મજાલ (કુદરત, શક્તિ)માં વિવિધ સિફતો વડે તજલ્લી કરે છે. એ સિફતોના લેહાઝથી જે આષાર એ મજાલીના છે તે હકી઼કત઼માં હકી઼કત઼ના છે, અને મામલાઓ એ મજાલીના મજાલીની હૈસિયતથી છે તે હકી઼કતમાં હકી઼કતથી છે. જેમ કે સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَના સંબંધે ફર્માવ્યું : فمن اجبَّھُمْ فبجی احبھم ومن ابغ منھم فیغضی ابغضھم કા'બાની હકી઼કત એ હકી઼કતે મુહમ્મદિયહના સર્વ અકવાનની હકી઼કતની એક તજલ્લી જેમ છે. કા'બાની હકી઼કત એ જલ્વો છે, પણ એ જલ્વો અયન હકી઼કતે

મુહમ્મદિયહ (ﷺ) નથી, બલ્કે તેનાં અસીમ પ્રતિબિંબોમાંથી એક પ્રતિબિંબ છે. જેમ કે આ ક઼સીદામાં છે :
*કા'બા ભી હૈ ઉન્હીં કી તજલ્લી કા એક ઝિલ–રોશન ઉન્હીં કે અકસસે પુતલી હજરકી હૈ*

હક઼ીક઼તે કરીમાએ પોતાની મસ્જૂદિયતે ઈલૈહા વડે આ પ્રતિબિંબમાં તજલ્લી ફર્માવી જેથી કા'બા જેની હક઼ીક઼ત આ જ પ્રતિબિંબ તથા તજલ્લી છે મસ્જૂદે ઈલૈહા બન્યો અને હક઼ીક઼તમાં તે હક઼ીક઼તે અલૈહા મસ્જૂદ ઈલૈહા છે કે એની સિફતની સાથે એના પર તજલ્લીએ એને મસ્જૂદે ઈલૈહા કર્યો. વસ્સલામ.

સારાંશ એ થયો કે : *ઉન સરોંકે યહ સજદે તો કા'બે કો હૈં–ઔર દિલોંકી ઈબાદત મદીનેમેં હૈ*

આ શેઅર (ચર્ચા હેઠળ)ની તશ્રીહ જબલે નૂર લેખક : અબૂન્નૂરમાં આ પ્રમાણે છે :

હઝરત આદમ عليه السلامને ફરિશ્તાઓએ સજદો કર્યો. અને હઝરત યૂસુફ عليه السلامને ભાઈઓએ સજદો કર્યો. પછી તેમના સરદાર હુઝૂર સૈયદુલ મુરસલીન ﷺને સજદો કેમ ન કરવામાં આવે ? જેનો જવાબ એ છે કે , બેશક ! હોવું તો એ જ જોઈએ, પણ સૈયદુલ મુરસલીન ﷺની જ શરીઅતે મુતહ્હરાએ ખુદા સિવાય કોઈ બીજાને સજદો કરવાથી રોકી દીધેલ છે, એટલા માટે એ તમન્ના હોવા છતાં કે આપણે પણ હુઝૂરને સજદો કરીએ, આપણે કદાપિ હુઝૂર ﷺને સજદો નથી કરી શકતા. અને ઈબાદતનો સિજદો તો **શિર્ક** છે અને તાઝીમી સજદાને **હરામ** જાણીએ છીએ. આ'લા હઝરત رحمة الله عليه જ ફર્માવે છે :

*ન હો આક઼ા કો સજદા, આદમો યૂસુફકો સજદા હો !–મગર સદ્દે ઝરાએઅ્ દાબ હૈ અપની શરીઅત કા*

હદીષોમાં આવે છે કે હુઝૂર ﷺની બારગાહમાં જાનવર આવતાં તો હુઝૂરને સજદો કરતાં. આ દશ્ય જોઈને સહાબાએ કિરામે અર્ઝ કરી કે હુઝૂર ! જ્યારે જાનવર પણ હુઝૂરને સજદો કરે છે તો આપ અમને ઈજાઝત આપો જેથી અમો હુઝૂરને સજદો કરીએ. તો સરકાર ﷺએ ફર્માવ્યું, હું એની ઈજાઝત નથી આપતો. જો અલ્લાહના સિવાય કોઈ બીજાને સજદો કરવો જાઈઝ હોત તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સિજદો કરે.

એનાથી જાણવા મળ્યું કે ખ્વાહિશ તો સહાબાની પણ હતી કે હુઝૂરને સજદો કરે, પણ શરીઅતે ઈજાઝત નથી આપી એટલા માટે રોકાય ગયા. વાલિદે માજિદ (લેખકના) ફક઼ીહે આ'ઝમ رحمة الله عليه પોતાના વઅઝમાં ફર્માવ્યા કરતા હતા કે આજે પણ સાચો મુસલમાન તે છે જેનું દિલ ચાહે કે હું હુઝૂરને સજદો કરું પણ કરે નહીં, એટલા માટે કે શરીઅતે રોક લગાડી આપી છે.

તો પછી શું કરે ? પોતાના દિલનો ઉમંગ કેવી રીતે પૂરો કરે ? હજારોવાર રહમતો નાઝિલ થાય આ'લા હઝરતની રૂહ મુબારક પર કે આ મુશ્કેલીને એવા પ્યારા અંદાઝમાં હલ કર્યો કે મર્દે મો'મિન પર વજદ છવાય જાય. જેમ કે એક બીજા ઠેકાણે ફર્માવે છે :

*અય શૌક઼ે દિલ યહ સજદા ગર ઉનકો રવા નહીં–અચ્છા વો સજદા કીજિએ કે સરકો ખબર ન હો*

સમજ્યા કાંઈ તમે શું ફર્માવી ચૂક્યા ?! "અચ્છા વો સજદા કીજિએ કે સરકો ખબર ન હો" કોઈ ગૈરે ખુદા સામે સિજદો તો માથાનો જ મના છે, તો ચાલો અમે એના ઉમંગને પૂર્ણ કરવા માટે માથા વડે કામ જ નથી લેતા ! આ શોખ દિલનો છે તો દિલ જ એ સજદો કરે. એટલે કે : *સર ખુદા કે વાસ્તે દિલ મુસ્તફા વાસ્તે*

એના હેઠળ આ'લા હઝરતે એ પણ ફેંસલો કરી આપ્યો કે **નમાઝ તે જ નમાઝ છે જેમાં એ નમાઝની તાલીમ આપનાર મહબૂબનો પણ ખયાલ રહે.** આપ આ'લા હઝરતનો ઉપરોક્ત શેઅર પઢો અને એ શેઅરના આલિમાના તથા આશિક઼ાના અંદાઝથી કૈફ તથા ખુશી હાંસલ કરો. ગુંબદે ખદરાના આશિક઼ શરીઅતના હુકમાનુસાર કા'બા તરફ જ ઝુકે છે. પણ દિલ ? બસ, એને અલ્લાહ જ જાણે છે કે એ આશિક઼ોનું દિલ કોઈ સમયે પણ મહબૂબના ખયાલથી ખાલી નથી રહ્યું. અને રોઝા મુબારક આશિક઼ો સારી રીતે જાણે છે કે :

*કા'બા ભી હૈ ઉન્હીં કી તજલ્લીકા એક ઝિલ*

કા'બા પણ એમના નૂરથી બનેલ છે. તેમના જલ્વાએ જ કા'બાને કા'બા બનાવી દીધો. તો હક઼ીક઼તમાં કા'બા એ જલ્વએ મુહમ્મદિયહ છે જે એમાં તજલ્લીફર્મા છે. હઝરત 'બેદમ' ફર્માવે છે :

*હમ સબકા રુખ સૂએ કા'બા, સૂએ મુહમ્મદ રૂએ કા'બા*
*કા'બેકા કા'બા રૂએ મુહમ્મદ, સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ*

રોઝા મુબારકના આશિક઼ોનું માથુ તો કા'બા તરફ રહે છે અને નિય્યત બસ એ બાજુની જ હોય છે જે કા'બાનો પણ કા'બા છે. એ જ વાત ફર્માવી છે આ'લા હઝરતે કે :

*ઉશ્શાકે઼ રોઝા સજદામેં સૂએ હરમ ઝુકે—અલ્લાહ જાનતા હૈ કે નિયત કિધરકી હૈ*

જ્યાં ક્યાંક પણ "હદાઈકે઼ બખ્શિશ" પર હાશિયામાં ખુલાસાની નોંધ છે તેને આ શરહમાં સામેલ કરી લેવામાં આવી છે. જેમ કે આ જ નઅતમાં પાછલા અમુક શેઅરોનો ખુલાસો આપે વાંચ્યો. કેમ કે ગાલિબ (અધિકતર) ગુમાન એ છે કે આ હાશિયો આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ જ લગાડયો હશે, એટલા માટે દરેક જગાએ "મિન્હૂ રહ્મતુલ્લાહિ અલૈહ" લખ્યું છે જેથી જ્યારે શાઈર ખુદ પોતાના શેઅરનો ખુલાસો કરશે તો તેને જ અગ્રતા રહેશે.

**યહ ઘર યહ દર હૈ ઉસકા, જો ઘર દરસે પાક હૈ**
**મુઝદા હો બેઘરો કે સિલા અચ્છે ઘરકી હૈ**

**અર્થાત :** લગભગ મક્કાથી ચાલતી વખતે આ શેઅર કહ્યો છે. આ કા'બા મોઅઝ્ઝમા તે રબ્બુલ આલમીનનું ઘર છે (બયતુલ્લાહ) છે અને આ દરવાજો (દરે રહમત) એ ઝાતે બારી તઆલાની તરફ સંબંધિત છે જે ઘરથી પણ પાક છે અને દરવાજાથી પણ પાક છે. એને જરૂરત નથી. એનાથી એ પરિણામ નીકળે છે કે અલ્લાહ તઆલાની તરફથી બેઘરો (મુસાફિરો, હરમૈનની ઝિયારત માટે આવેલા)ને એ ખુશ ખબરી સંભળાવવામાં આવી રહી છે કે આ સારા ઘરવાળા મૌલાએ તમારા માટે સારા બદલાનું એલાન કર્યું છે.

અને એ પણ શક્ય છે કે પ્રથમ મિસ્રા (કડી)માં કા'બાની વાત થાય અને બીજામાં ગુંબદે ખદ઼રાની વાત હોય. કેમ કે આ ખુશ ખબરી હુઝૂર ﷺ એ જ સંભળાવી છે કે જે હજ કરે અને તેમાં ખરાબીથી બચે તો એવો થઈ જાય છે જાણે આજે જ માના પેટથી પેદા થયો છે.

અતા તો અલ્લાહ જ ફર્માવે છે જ્યારે કે દરેક નેઅમતની વહેંચણી હુઝૂર ﷺ કરે છે અને સર્વ બશારતો તથા ખુશખબરીઓનાં એલાનો પણ આપ ﷺ જ ફર્માવે છે.

**મહબૂબે રબ્બે અર્શ હૈ ઉસ સબ્ઝ કુબ્બામેં**
**પહલૂમેં જલ્વગાહે અતીકો ઉમર કી હૈ**

આ જે લીલારંગનો ગુંબદે ખદ્‌રા દેખાય રહ્યો છે, હે તયબહના ઝાઈરો ! કાંઈ જાણો પણ છો કે એમાં કેટલી મહાન મહાન હસ્તીઓ આરામ કરી રહી છે ?! અર્શે મુઆલ્લાના રબના મહબૂબ એમાં આરામ કરે છે જેમના માટે કુલ કાઈનાત સજાવવામાં આવી.

હુઝૂર ﷺના બાજુમાં ખલીફાએ અવ્વલ બિલા ફસ્લ બિત્તહકીક સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે, જે સર્વ સંમતિએ અફઝલુલ બશર બઅદઝ્ અંબિયા (નબીઓ પછી સર્વ માનવોમાં સૌથી શ્રેષ્ઠ) છે. અબૂ બક્રની સાથે સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہની જલ્વાગાહ છે કે જેની ઝબાનથી હક્ક બોલે છે અને શૈતાન જેમના પડછાયાથી પણ ભાગે છે.

**છાએ મલાઈકા હૈં લગાતાર હૈ વુરૂદ**
**બદલે હૈં પહરે બદલીમેં બારિશ દુરૂરકી હૈ**

**અર્થાત :** મઝારે પુર અન્વાર પર ૭૦ હજાર ફરિશ્તા દરેક સમયે હાજર રહીને સલાતો સલામ અર્ઝ કરતા રહે છે. સિત્તેર હજાર સવારે આવે છે તે અસ્ર સુધી રહે છે. અસ્ર વખતે એમને બદલી નાખવામાં આવે છે અને બીજા સિત્તેર હજાર આવે છે તેઓ સવાર સુધી રહે છે. આવું કયામત સુધી ચાલતુ રહેશે. અને જે એકવાર આવે તે બીજીવાર નહીં આવે કે સર્વ ફરિશ્તાઓને અહીંની હાજરીથી મુશર્રફ કરવાનું મંઝૂર છે. જો તેઓ તબદીલ ન થાત તો કરોડો ફરિશ્તા વંચિત રહી જાત. બદલ અહીં તબદીલના અર્થમાં છે અને એનાથી ઈબ્હાબ (અધ્યાહન) રૂપે તારા તથા વાદળની તરફ નિર્દેશ કર્યો, અને આ વાદળમાં 'દુરૂર' એટલે મોતીઓની વર્ષા બતાવી, જેનાથી મુરાદ સતત દુરૂદ શરીફ છે. *(ખુલાસો હાશિયા હદાઈકે બખ્શિશમાંથી)*

સિત્તેર હજાર ફરિશ્તાઓનું દિવસે અને સિત્તેર હજાર ફરિશ્તાઓનું રાતે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થવું અને પોતાની પાંખોને રોઝાએ અકદસ ﷺ પર ઘસવું, અને દરેક બદલી તથા તબદીલીમાં નવા ફરિશ્તાઓની ફોજ આવે છે, અને જે એકવાર આવે છે તે બીજીવાર કયામત સુધી નથી આવતો. *(વિગત માટે જુઓ મિશ્કાત શરીફ તથા જવાહિરુલ બિહાર ફી ફઝાઈલુન્નબીયિલ મુખ્તાર, પેજ–૨૧૪)*

**સઅદૈનકા કિર્આન હૈ પહલૂએ માહ મેં**
**ઝુર્મત કીએ હુએ હૈં તારે તજલ્લી કમરકી હૈ**

*(સઅદૈન = બે ગ્રહો જેને બાબરકત સમજવામાં આવે છે. કિર્આન = એ બે ગ્રહોનો બુર્જ (રાશી). પહલૂએ માહ = ચાંદની પડોશમાં ઝુર્મત = ભીડ. તજલ્લીએ કમર = ચાંદની રોશની)*

અહીં સઅદૈનથી મુરાદ સિદ્દીક તથા ફારૂક رضی اللہ عنہما છે. અને માહ તથા કમર એ રસૂલુલ્લાહ, તથા તારાઓ તે જ સિત્તેર હજાર ફરિશ્તાઓ જેઓ મઝારે પુર અન્વાર પર છવાએલા રહે છે.

એટલે કે સિદ્દીક તથા ફારૂક رضی اللہ عنہما કેટલા ખુશનસીબ છે કે હુઝૂર ﷺના બાજુમાં આરામ કરી રહ્યા છે. હુઝૂર ચાંદ બનીને ચમકી રહ્યા છે અને ફરિશ્તાઓએ તારાઓ બનીને તયબહના ચાંદની આસપાસ વર્તુળ ઉભુ કર્યું છે, અને અલ્લાહની રહમત છમાછમ વરસી રહી છે.

**સત્તર હઝાર સુબ્હ હૈં સત્તર હઝાર શામ**
**યૂં બંદગી ઝુલ્ફો રુખ આઠોં પહરકી હૈ**

**અર્થાત :** સવાર તથા સાંજ સતત સિત્તેર સિત્તેર હજાર ફરિશ્તાઓ રોઝએ અન્વર પર હાજર થઈને આપના રુખે વદુહ઼ા તથા ઝુલ્ફે વલ્લેલની પ્રશંસાનો ફરીઝો ૨૪ કલાક અંજામ આપી રહ્યા છે.

**જો એકબાર આયે દો બાર ન આયેંગે**
**રુખસત હી બારગાહસે બસ ઈસ ક઼દરકી હૈ**

**અર્થાત :** જે ફરિશ્તો એકવાર હાજર થઈ ચૂક્યો તેને બીજીવાર ક઼યામત સુધી હાજર થવાનું નસીબ થશે નહીં. કેમ કે અલ્લાહની બારગાહથી બસ આટલી જ ઈજાઝત છે.

**તળપા કરેં બદલ કે ફિર આના કહાં નસીબ**
**બે હુકમ કબ મજાલ પરિન્દે કો પર કી હૈ**

**અર્થાત :** ચાહે તબદીલી વખતે મહબૂબ ﷺના વિરહના ખયાલમાં કેટલાય તડપતા રહે, અને વળી ફરિશ્તા તો ગુનાહોથી માસૂમ છે. ભલા અલ્લાહના હુકમ વિના મજાલ છે કે આ (પક્ષીઓ પણ પાંખ હલાવી શકે અને) ફરિશ્તા તેના હુકમ વિરૂધ્ધ વર્તન કરી શકે ! لا يعصون الله ما امرهم و يفعلون ما يؤمرون "તેઓ (ફરિશ્તા) અલ્લાહની નાફર્માની નથી કરતા, તે જ કરે છે જેનો એમને હુકમ થયો છે."

**અય વાએ બેકસી ! તમન્ના કે અબ ઉમ્મીદ**
**દિનકો ન શામકી હૈ ન શબકો સહરકી હૈ**

**અર્થાત :** હાય ! કેટલા પ્રમાણમાં બેબસી છે કે તમામ ઉમ્મીદો પર પાણી ફરી વળ્યું કે સાંજે હાજર થવાવાળા દિવસભરની હાજરીની ઉમ્મીદ રાખતા હતા, અને દિવસે હાજર થવાવાળા રાતની પણ હાજરીની તમન્ના કરીને બેઠા હતા. જેઓ હાજરી આપી ચૂક્યા તેમની સર્વ ઉમ્મીદો ખત્મ થઈ ગઈ. એનો ખુલાસો હદાઈક઼ે બખ્શિશમાં આ પ્રમાણે છે.

"જેઓ સાંજે હાજર થવાવાળા હતા તેમને દિવસભર સાંજની ઉમ્મીદ લાગેલી હતી કે ક્યારે સાંજ થાય અને અમે હાજર થઈએ અને જેઓ સવારે હાજર થવાવાળા હતા તેમને રાતભર સવારની આશા બંધાયેલી હતી કે ક્યારે સવાર થાય અને અમે હાજરી આપીએ. જેઓ એકવાર હાજર થઈ ચૂક્યા છે તેમને ન દિવસે એવી સાંજની ઉમ્મીદ છે અને ન રાતે એવી સવારની ઉમ્મીદ છે, કેમ કે હવે બીજીવાર આવવું નસીબ નહીં થાય !

**યહ બદલિયાં ન હોં તો કરોળોંકી આસ જાએ**
**ઔર બારગાહ મરહમત આલમે તર કી હૈ**

**અર્થાત :** જો ફરિશ્તાઓની આ ડયૂટીઓ તબદીલ ન થાય તો કરોડો ફરિશ્તાઓ હાજરીથી વંચિત રહી જાય (કેમ કે ما يعلم جنود ربك الا هو ફરિશ્તા એટલા અધિક પ્રમાણમાં છે કે જેની સંખ્યા ખુદા જ જાણે છે.) અને રહમતુલ્ લિલ્ આલમીનની રહમત એટલી આમ છે કે કોઈને મેહરૂમ રાખવામાં જ નથી આવતો.

**માસૂમોંકો ઉમ્રમેં સિર્ફ એક બાર બાર**
**આસી પળે રહેં તો સલા ઉમ્રભરકી હૈ**

**અર્થાત :** આ ગુનાહોથી માસૂમ ફરિશ્તાઓને તો આખા જીવન (જ્યારે કે એમની ઉમર પણ ઘણી લાંબી હોય છે)માં કેવળ એકવાર મદીના શરીફ રોઝાએ અન્વર પર હાજર થવાની ઈજાઝત છે, અને એક આપણે ગુનેહગાર છીએ કે (ઉમર ટૂંકી હોવા છતાં) આખુ જીવન પણ પડેલા રહીએ તો કોઈ પરવા નથી, ન તો કોઈ રોકવાવાળો છે, બલ્કે આમ ઈજાઝત છે.

**ઝિંદા રહેં તો હાઝરીએ બારગાહ નસીબ**
**મર જાએં તો હયાતે અબદ એશ ઘરકી હૈ**

*(હયાતે અબાદ = હમેશાંની જિંદગી. એશ ઘર = જન્નત)*

**અર્થાત :** જો ત્યાં (મદીનામાં) જીવતા રહીએ તો ત્યાં દરરોજ વારંવાર ઝિયારત નસીબ થાય અને જો ત્યાં મૌત આવી જાય તો હદીષ શરીફના પ્રમાણે શફાઅત નસીબ થશે જેના પરિણામે જન્નતના ઘરની કાયમની એશ તથા આરામ નસીબ થશે. مَنِ اسْتَطَاعَ مِنْكُمْ اَنْ يَّمُوْتَ بِالْمَدِيْنَةِ فَلْيَمُتْ بِهَا فَاِنِّىْ اَشْفَعُ لِمَنْ يَّمُوْتُ بِهَا "જેનામાં મદીના આવીને મરવાની શક્તિ હોય તે અહીં આવીને મરે, હું એની શફાઅત કરીશ."

**મુફલિસ ઔર ઐસે દરસે ફિરે બેગની હુએ**
**ચાંદી હર એક તરહ તો યહાં ગદયહગર કી હૈ**

*(ગદયહગર = ફકીર, માંગનારો)*

**અર્થાત :** દરબારે રિસાલત હોય અને પછી કોઈ માગનારો માલદાર થયા વિના ખાલી પરત આવે અને તેની મુરાદ પૂરી ન થાય ?! જ્યારે કે અલ્લાહનો પોતાના મહબૂબને હુકમ પણ થયો : واما السائل فلا تنهر, પછી દરેક ફક઼ીરની દરેક રીતે દરેક તમન્ના પૂરી કેમ નહીં થાય ?

*યહ દરબારે મુહમ્મદ હૈ યહાં મિલતા હૈ બિન માગે—અરે નાદાં યહાં દામન કો ફેલાયા નહીં કરતે*

*યહ દરબારે મુહમ્મદ હૈ યહાં અપનોંકા ક્યા કહના—યહાંસે હાથ ખાલી ગૈર ભી જાયા નહીં કરતે*

**જાનાં પે તકિયા ખાક નિહાલી હૈ દિલ નિહાલ**
**હાં ! બેનવાઓ ! ખૂબ યહ સૂરત ગુઝરકી હૈ**

*(જાનાં = હે મહબૂબ. તકિયા = તકીયો. નિહાલી = રઝાઈ. નિહાલ = કામયાબ. બેનવા = ફક઼ીર. ગુઝર = ગુજારો)*

**અર્થાત :** હે કરીમ આક઼ા ! આપના દરે અક઼દસની ખાકનો તકીયો કેટલો આરામદાયક છે અને આપના દરબારની માટીની નરમ તથા નાઝુક રઝાઈ કેટલી સુકૂન આપનારી છે કે દિલ દરેક ગમથી આઝાદ થઈ જાય છે અને જાનને સુકૂન નસીબ થઈ જાય છે. દુનિયાના નરમ તથા નાઝુક બિસ્તરોમાં તે લિજ્જત તથા સુકૂન ક્યાં જે આપના દરબારમાં જમીન પર સૂવામાં છે. હે બેસરો સામાનો ! માગનારાઓ ! ગુજારો કરવાની આ કેટલી સરસ રીત તથા પધ્ધતિ છે ?! એ જ કારણે મદીનાવાસી ગમે તેટલા નાદાર તથા મુફલિસ હોય પણ અખ્લાક઼ના પયકર તથા સકૂનના બાદશાહ જોવા મળે છે.

**હૈં ચત્તર વ તખ્ત સાયએ દીવારો ખાકે દર**
**શાહોંકો કબ નસીબ યહ દહજ કરોં ફ઼રકી હૈ**

*(ચત્તર = મોટી શાહી છત્રી. દહજ = શાનો શૌકત તથા શકલો સૂરત. કરોં ફ઼ર = રુઆબ તથા દબદબો)*

**અર્થાત :** મોટા મોટા શાહી મહેલોની મોટી મોટી છત્રીઓ તથા શાહી તખ્તની લિજ્જતો મદીનાની એક દીવાલના છાંયડાનો મુકા઼બલો નથી કરી શકતી. ભલા બાદશાહોના દરબારોને રૂઆબ તથા દબદબાની સજ ધજ ક્યાં નસીબ છે જે દરબારે મુસ્તફ઼ા ﷺના મંગતા (ફકીરો)ને હાંસલ છે, કેમ કે એમના જેવો આકા઼ કોઈને નસીબ નથી.

**ઉસ પાક કૂ મેં ખાક બસર સર બખાક હૈં**
**સમઝે હૈં કુછ યહી જો હક઼ીક઼ત બસર કી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આકા઼ ! આપના દરબારના ખાકસાર તથા ખાક નશીન ફ઼કી઼ર જિંદગીની કામયાબીનું રાઝ પામી ચૂક્યા છે, ત્યારે જ તો આપના દરે પાકની ખાક પર માથુ રાખીને દુનિયાને બતાવી રહ્યા છે કે હકી઼કી઼ જિંદગીની હકી઼કી઼ કામયાબીનું રાઝ આ જ છે, એટલા માટે અમે :

*દરે નબી પર પળે રહેંગે–પળે હી રહને સે કામ હોગા*

**ક્યૂં તાજદારો ! ખ્વાબમેં દેખી કભી યહ શય**
**જો આજ જોલિયોંમેં ગદાયાને દરકી હૈ**

**અર્થાત :** હે દુનિયાના બાદશાહો ! જરા ઈમાનથી બતાવો કે તમે કદી ખ્વાબમાં પણ તે આરામ તથા સુકૂન જોયો છે જે મદીનાના ગદાઓ (ફ઼કી઼રો) બલ્કે સગાને કૂએ મદીના (મદીનાની ગલીઓના કૂતરાંઓ)ને નસીબ છે ? બોલો બોલો ! ચુપ કેમ થઈ ગયા છો ? શું મારા આ સવાલનો જવાબ એ જ નથી કે કદાપિ નહીં ! કદાપિ નહીં ! વલ્લાહ નહીં ! વલ્લાહ નહીં !

**જારૂ કશોં મેં ચેહરે લિખે હૈ મલૂક કે**
**વો ભી કહાં નસીબ ફ઼ક઼ત નામ ભર કી હૈ**

*(જારૂ કશ = ઝાડુ મારનારા. મલૂક = દેશોની બાદશાહી)*

**અર્થાત :** દુનિયાના બાદશાહોનું નામ જો મદીનાની ગલીઓમાં સફ઼ાઈ કરનારાઓની યાદીમાં લખી દેવામાં આવે તો તેઓ એને પોતાની ખુશનસીબી સમજે અને ડયૂટીને નિભાવતાં ખુશી અનુભવે. પરંતુ જેમની ડયૂટી લાગેલી છે એ કામ તો તે ખુશનસીબો જ અંજામ આપી રહ્યા છે. બાદશાહ તો કેવળ સફ઼ાઈ કામદારોમાં નામ લખાવીને ફ઼ખ્ર મેહસૂસ કરી રહ્યા છે કે : *યહ મર્તબા બુલંદ મિલા જિસકો મિલ ગયા*

પરંતુ આ બાદશાહો જેઓ પોતપોતાના દેશોમાં હુકૂમત કરી રહ્યા છે, એ તેમનો પગાર છે, સરકારે મદીના ﷺ તરફ઼થી જે કેવળ નામ લખાવવા પર મળી રહ્યો છે, તો એ ગલીઓની સફ઼ાઈ કરીને ડયૂટી બજાવવાવાળાઓનો પગાર કેટલા પ્રમાણમાં હશે એનો તમે પોતે અંદાઝો કરી લો અને સાથોસાથ મદીનાની ગલીઓની શાન પણ સમજી જાવ.

*મદીનેસે હોતી હૈ તક઼સીમ નેઅમત–વહીંસે બટા કરતી હૈ સારી દૌલત*

*ફ઼િદા ઉસપે હોતી હૈ હર વક્ત જન્નત–બરસતી હૈ દિન રાત વાં હક઼્ક઼ી રહમત*

*અજબ દિલ કશા હૈં મદીનેકી ગલિયાં–મોઅત્તર હૈ યૂં જૈસે ફૂલોંકી કલિયાં*

**તયબહ મેં મરકે ઠંડે ચલે જાઓ આંખેં બંદ**
**સીધી સળક યહ શહરે શફ઼ાઅત નગર કી હૈ**

**અર્થાત :** હે મદીનાના ઝાઈરો ! અહીં મદીનામાં બેઠેલા રહો અને આ જ ચોખટ પર બેઠા બેઠા મરી જાવ અને સંતુષ્ઠ થઈને, આંખો બંધ કરીને અને હુઝૂર ﷺ ના ફર્માનના પ્રમાણે સીધા જન્નતમાં ચાલ્યા જાવ. فادخلی فی عبادی ودخلی جنتی કેમ કે આ જ તે સીધી સડક છે જે હુઝૂર ﷺના શફ઼ાઅતના શહેરમાં જાય છે.

હદીષ શરીફમાં છે : مَنِ اَسْتَطَاعَ مِنْكُمْ اَنْ يَّمُوْتَ بِالْمَدِيْنَةِ فَلْيَمُتْ بِهَا فَاِنِّىْ اَشْفَعُ لِمَنْ يَّمُوْتَ بِهَا "તમારામાંથી જેનાથી થઈ શકે મદીનામાં મરી શકે તો મદીનામાં જ મરે, કેમ કે જે એમાં મરશે હું એની શફ઼ાઅત કરીશ." *(હાશિયા હદાઈક઼ે બખ઼્શિશ)*

**આસી ભી હૈં ચહીતે યહ તયબહ હૈ ઝાહિદો**
**મક્કા નહીં કે જાંચ જહાં ખૈરો શરકી હય**

**અર્થાત :** હે ઈબાદત ગુઝાર ! પાછો હટ ! ગુનેહગારોના ગુનાહોના હિસાબ તથા કિતાબના ચક્કરમાં પડવાની જરૂરત નથી, આ મક્કા નથી જ્યાં દરેક નેકી તથા ગુનાહનો દરજ્જો એક લાખ થઈ જાય, બલ્કે મદીના છે જ્યાં એક ગુનાહ પર એક જ ગુનોહ થશે અને બની શકે છે કે એ પણ ન થાય ! કેમ કે હુઝૂરને પોતાના ગુનેહગાર પણ ખૂબ પ્યારા છે. (તૌબાની તૌફીક઼ મળે ને માફ થઈ જાય.)

**શાને જમાલે તયબહ જાનાં હૈ નફ઼અ મહઝ**
**વુસ્અતે જલાલે મક્કામેં સૂદો ઝરરકી હૈ**

**અર્થાત :** મદીના મુનવ્વરાની શાન એ છે કે ત્યાં મહબૂબ ﷺની શાને જમાલી વરસી રહી છે અને ઝાઈરીનના માટે શરૂથી અંત સુધી લાભ જ લાભ છે, નુકસાનની શક્યતા સુધ્ધાં નથી, કેમ કે ત્યાં કેવળ ગુનાહોની માફીના માટે જ હાજરી થાય છે એટલા માટે એક ગલતીનો એક જ ગુનોહ થાય છે. તે પણ કુર્આની હુકમ : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ--الی اخره ના પ્રમાણે હુઝૂર ﷺના કરમથી માફ થઈ જાય છે જ્યારે કે મક્કા મુકર્રમામાં જલાલે ઈલાહીનું ચલણ છે જેથી લાભની સાથે નુકસાનનો પણ ખતરો છે. એટલા માટે એક ગુનોહ એક લાખ થઈ જાય છે, એ જ કારણે સહાબાએ કિરામ મદીના તયબહમાં રહેવાનું પસંદ કરે છે.

**કા'બા હૈ બેશક ! અંજુમને આરા દુલ્હન મગર**
**સારી બહાર દુલ્હનોંમેં દુલ્હા કે ઘરકી હૈ**

**અર્થાત :** મક્કા મોઅઝ્ઝમા બેશક ! એવી દુલ્હનની જેમ છે તે મેહફિલની રોનકનો દરજ્જો ધરાવે છે. પરંતુ શબે અસ્રાના દુલ્હા હુઝૂર ﷺ એવા દુલ્હા છે કે તમામ દુલ્હનોની સર્વ બહારો આ જ દુલ્હાના ઘરની

બરકતથી છે. અને દુલ્હનનો સાજ શણગાર દુલ્હા માટે જ હોય છે અને તેના ઘરે જઈને તે દુલ્હન બને છે એટલા માટે જો કા'બા મેહફિલની રોનક છે તો મદીના કાઈનાતની મેહફિલની જાન છે, કેમ કે મદીનાનો ચાંદ કાઈનાતની જાન છે જેનું રહેઠાણ ગુંબદે ખદરા છે.

**કા'બા દુલ્હન હૈ તુર્બતે અત્હર નઈ દુલ્હન**
**યહ રશ્કે આફતાબ વો ગૈરત કમર કી હૈ**

**અર્થાત :** જો કા'બા કેવળ દુલ્હન છે તો આ'કાએ દો જહાંની કબ્રે અન્વર નવી દુલ્હન છે, એટલા માટે સવાર તથા સાંજ સિત્તેર સિત્તેર હજાર નવા ફરિશ્તા ત્યાં હાજર થઈને પોતાની પાંખો વડે પોતાના જઝબાતને પ્રદર્શિત કરે છે. જો કા'બા પર સૂરજ રશ્ક કરે છે તો માહે તયબહ (તયબહના ચાંદના) રોઝએ અન્વર પર આસ્માનનો ચાંદ કુર્બાન થઈ જાય છે, અને રોઝાએ પાકના હુસ્નની સામે શર્મિંદો થઈ રહ્યો છે.

**દોનોં બની સજેલી અનેલી બની મગર**
**જો પી કે પાસ હૈ સુહાગન કંવરકી હૈ**

*(સજેલી = શણગાર પામેલી. અનેલી = નિરાળી. પી = પિયા, પતિ. સુહાગન = જેનો પતિ જીવતો હોય. કંવર = શહઝાદ)*

**અર્થાત :** બંનેવ બારગાહો (મક્કા તથા મદીના) હુસ્નો જમાલવાળી તથા ફઝ્લો કમાલવાળી દુલ્હનોની જેમ સજેલી ધજેલી છે અને નિરાળી શાન ધરાવે છે, પણ જે દુલ્હનનો પતિ તેની પાસે છે તે જ શાહઝાદાની રાજકુમારી અને જેનો શહઝાદો પોતાની પત્ની બનાવીને પોતાની પાસે રાખશે તો સુહાગન કહેવડાવવાની તો એ જ હક્કદાર છે અને મદીનાની દુલ્હન તે છે કે જેનો આકા દરેક સમયે તેની પાસે શારીરિક રીતે સાથે હોય.

**સર સબ્ઝ વસ્લ યહ હૈ સિયહ પોશ હિજ્ર વો**
**ચમકી દુપટ્ટોંસે હૈ જો હાલત જિગરકી હૈ**

*(વસ્લ = મિલન, મુલાકાત. સિયહપોશ = કાળો માતમી લિબાસ. હિજ્ર = જુદાઈ. ચમકી = જાહેર થઈ)*

**અર્થાત :** ગુંબદે ખદરા લીલા લિબાસમાં સજેલ દુલ્હનની જેમ છે અને લીલો લિબાસ મિલનની નિશાની છે અને બયતુલ્લાહ શરીફે કાળો લિબાસ પહેરેલો છે જે વિરહની હાલત પ્રદર્શિત કરે છે. તો બંનેવ દુલ્હનોના દુપટ્ટાઓએ તેમના દિલની કૈફિયતને જાહેર કરી આપી છે કે રોઝએ અન્વર, મહબૂબને પામીને ખુશીઓ મનાવી રહેલ છે અને બયતુલ્લાહ, હબીબુલ્લાહની જુદાઈમાં ગમની કૈફિયતમાં સપડાયને પરેશાન છે.

ઉપલા ત્રણેવ શેઅરોનો ખુલાસો સુલ્તાનુલ વાઈઝીન મૌલાના મુહમ્મદ બશીરના કલમથી વાંચો :–

એક બુઝુર્ગને કોઈકે પૂછયું કે મક્કા અફઝલ કે મદીના ? તે બુઝુર્ગે પોતાનું પાકીટ કાઢયું, અને કહ્યું, આની કિંમત પાંચ રૂપિયા છે. એમાં જો લાખ રૂપિયાના હીરા રાખી દઉં તો પછી એની કિંમત વધી જશે અને પાંચ રૂપિયાના બદલે એક લાખ રૂપિયા થઈ જશે. યાદ રાખો ! અલ્લાહ તઆલાના ખજાનાઓમાં સૌથી અધિક કિંમતી વજૂદ હુઝૂર ﷺનું છે. હુઝૂર જો જમીન પર હોય તો જમીન આસ્માનથી અફઝલ. અને જો હુઝૂર આસ્માનોમાં હોય તો આસ્માન જમીનથી અફઝલ. આ નિયમાનુસાર હુઝૂર જો મક્કામાં હોય તો મક્કા મદીનાથી અફઝલ અને જો હુઝૂર મદીનામાં હોય તો મદીના મક્કાથી અફઝલ. ફઝીલતનો સબબ હુઝૂર ﷺના વજૂદ પર આધારિત છે.

હુઝૂર ﷺ મક્કામાં હતા તો ખુદા તઆલાએ મક્કા મોઅઝ઼્ઝ઼મની ક઼સમ યાદ ફર્માવી : لَا اُقْسِمُ بِهٰذَا الْبَلَدِ "મને ક઼સમ છે એ શહેર (મક્કા)ની" કેમ ? એટલા માટે કે એમાં એનું ઘર (કા'બા) છે ? નહીં ! શું એટલા માટે કે એમાં સફા તથા મરવાની પહાડીઓ છે ? નહીં ! શું એટલા માટે કે એમાં ઝમઝમનો કૂવો છે ? નહીં ! તો પછી ખુદાએ એ શહેરની ક઼સમ કેમ યાદ ફર્માવી ? ફર્માવ્યું : وَاَنْتَ حِلٌّ بِهٰذَا الْبَلَدِ "હે મહબૂબ ! તમે એ શહેરમાં રહો છો." જાણવા મળ્યું કે આ શરફ (મહાનતા) મક્કાને આપના ત્યાં રહેવાના સબબે મળ્યો. આ ઉસૂલને લક્ષમાં રાખીને મુહદ્દિષીને કિરામ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُનો ઈમાન અફરોઝ ફેંસલો, એવો ફેંસલો જેના પર સૌની એકમતિ છે, કોઈ એનાથી વિરૂધ્ધ નથી :

وَلَا خِلَافَ اِنَّ مَوْضِعَ قَبْرِهٖ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ اَفْضَلُ مِنْ بُقَاعِ الْاَرْضِ كُلِّهَا بَلْ هُوَ اَفْضَلُ مِنَ السَّمَاوَاتِ وَالْعَرْشِ وَالْكَعْبَةِ

"એમાં કોઈ મતભેદ નથી કે હુઝૂર સરવરે આલમ ﷺની ક઼બ્ર શરીફની જગા આખી પૃથ્વીથી અફઝલ છે, બલ્કે તે આસ્માનો કરતાં, અર્શ કરતાં પણ અફઝલ છે." *(અલ્ખફ઼ાજી ફી શરહિશ્શિફા, જવાહિરુલ બિહાર, ૧/૫૮૫)*

આ છે બુઝુર્ગાને દીનનો ફેંસલો જેના પર તમામ મુહદ્દિષોએ એકમતિ સાધી છે.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمة الله عليهએ આ હક઼ીક઼તને એક અનોખા, નિરાળા અને ખૂબ જ પ્યારા અંદાજમાં વર્ણવેલ છે.

ફર્માવે છે : "ધારી લો કે કા'બા એક દુલ્હન છે. અને ક઼બ્રે અન્વર એક નવી દુલ્હન છે. એ બંનેવ દુલ્હનો હુસ્નો જમાલમાં સમાન છે. પહેલી જો રશ્કે આફતાબ છે તો બીજી ચાંદને શરમાવે છે, એટલે ન તે આનાથી ઓછી ન આ તેનાથી ઓછી. બંનેવ ક઼માલના હુસ્નની માલિક છે, અને બંનેવ પોતાની સજધજમાં એક બીજાથી વધીને છે, પણ આ બંનેવમાંથી અધિક મર્તબો કોનો છે ? કિ઼સ્મત બેહતર કોની છે ? એના જવાબમાં મસ્લકે અહલે સુન્નતના મુતાબિક઼ ફેંસલાના માટે જે નિરાળી રીત આ'લા હઝરતે અપનાવી છે અને જે અનોખો અંદાઝ આપે અપનાવ્યો છે તે સંકડો દાદને પાત્ર છે. ફર્માવે છે :

*જો પી કે પાસ હૈ વો સુહાગન કંવરકી હૈ*

એટલે કે એ જુઓ કે એ બંનેવમાંથી દુલ્હો કોને ત્યાં રહે છે. અને પોતાના પતિની પાસે કઈ છે ? બંનેવમાંથી જે પોતાના પતિની પાસે છે તે જ ખુશબખ્ત અને બીજી કરતાં મર્તબામાં વધીને છે. જુઓ ! આ ફખ્ર તુર્બતે અત્હર (રોઝએ રસૂલ)ને જ હાંસલ છે કે ફખ્રે અંબિયા હુઝૂર સરવરે આલમ ﷺની સાથે હોવું એના જ હિસ્સામાં આવ્યું છે જેથી માનવું પડશે કે એ જ અફઝલ તથા આ'લા અને એ જ મર્તબામાં ઉચ્ચ છે.

પછી એના બાદ પોતાની માન્યતાના સમર્થનમાં કાળા રંગના કા'બાના ગિલાફ અને લીલા રંગના ગુંબદે ખદ઼રાના ગિલાફને અજબના રંગ (અંદાઝ)માં વર્ણન કરે છે.

**સર સબ્ઝે વસ્લ યહ હૈ, સિયાહ પોશે હિજ્ર વહ**
**ચમકી દુપટ્ટોંસે હૈ જો હાલત જિગરકી હૈ**

**અર્થાત** : કેમ કે કાળા રંગનો વિશેષત : સંબંધ વિરહ સાથે છે અને લીલો રંગ મિલન તથા મુલાકાત સાથે

છે, એટલા માટે ફર્માવ્યું કે પ્રથમ દુલ્હન (કા'બા શરીફ) પોતાના પીયાથી દૂર છે અને વિરહમાં છે, એટલા માટે તેનો આ કાળો ગિલાફ જાણે એક કાળો દુપટ્ટો છે જે એણે પોતાના મહબૂબના વિરહમાં ઓઢી રાખ્યો છે. અને બીજી દુલ્હન (રોઝા મુબારક) કેમ કે પોતાના મહબૂબની પાસે છે અને મુલાકાતના શરફથી મુશર્રફ છે, એટલા માટે એનો લીલો રંગ જાણે એક લીલો દુપટ્ટો છે જે તેણે પોતાના મહબૂબના મિલનની ખુશીમાં ઓઢી રાખ્યો છે. આ બંનેવની કૈફિયત તથા હાલત આ બંનેવના વિવિધ રંગના દુપટ્ટાઓ પરથી જાહેર છે કે પ્રથમ વિરહના કારણે કાળા રંગથી ઢંકાયેલ છે અને બીજી મિલન તથા મુલાકાતના લીધે લીલા રંગથી ઢંકાયેલ છે.

જેથી સાબિત થયું કે કા'બા શરીફ કરતાં રોઝા મુબારક જ અફઝલ છે.

**અપના શરફ દુઆસે હૈ બાક઼ી રહા ક઼ુબૂલ**
**યહ જાને ઉન્કે હાથમેં ક઼ુંજી અષર કી હૈ**

**અર્થાત :** આપણને તો દુઆ કરવાનો હુકમ છે અને દુઆ કરવામાં જ આપણી ઈજ્જત છે અને કર્યે જઈ રહ્યા છીએ અને તે પણ હુઝૂરના ક઼દમોમાં ઉભા રહીને ગુંબદે ખદ્રાની સોનેરી જાળીઓની સામે કે એનો હુકમ અલ્લાહે આપણને આપ્યો છે : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ۔۔الی اخرہ હવે ક઼બૂલ કરવું ખુદાની મરજી છે. અને ખુદાની મરજી આ છે. وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ

તો મતલબ એ થયો કે અસલ મરજી હુઝૂર ﷺની જ ચાલે છે કે આપના હોઠ સિફારિશના માટે હાલી જશે તો لوجدوا اللّٰہ توابا رحیما અલ્લાહ પણ ક઼બૂલ ફર્માવી લેશે. નહીં તો ! *ઠોકરેં ખાતે ફિરોગે ઉનકે દર પર પળ રહો*

મતલબ કે ક઼બૂલિયતની ચાવી હુઝૂર ﷺના હાથમાં જ છે.

**જો ચાહે ઉનસે માંગ કે દોનોં જહાં કી ખૈર**
**ઝરના ખરીદા એક કનીઝ ઉનકે ઘરકી હૈ**

*(ઝરના ખરીદા = મફતની)*

**અર્થાત :** બાકી રહ્યો એ મસ્અલો કે શું માગીએ શું ન માગીએ ? શું આપી શકે છે અને શું નથી આપી શકતા ? એ નિરર્થક ચર્ચા છે, કેમ કે બંનેવ જહાનની સર્વ નેઅમતો દરેક સમયે મૌજૂદ છે. (એમના ખાલી હાથોમાં અને સર્વ નેઅમતો આપ ﷺના દરબારની મફતની લોંડીઓ છે, જેને જે ચાહે આપી દે, એમને કોઈ ફરક નથી પડતો, અને ન તો આપ મજબૂર છે કે આપવામાં કોઈ લાચારી હોય, અને અલ્લાહના તરફથી પણ માગનારાઓને નવાઝવાનો હુકમ છે. واما السائل فلا تنهر,

હું અને તમે કઈ ગણત્રીમાં છીએ (કિસ ખેતકી મૂલી હૈં) પરંતું અમે પણ જોઈશું અને તમે પણ જોશો બલ્કે આખુ જગત જોશે કે કાલે ક઼યામતના દિવસે હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ પણ હુઝૂર ﷺની નિગાહે કરમના અભિલાષી હશે. જેમ કે હદીષ શરીફના હવાલાથી આના પહેલાં વર્ણન થઈ ચૂક્યું કે દરેક ક઼યામતના દિવસે મારી જ પાસે આવશે. ત્યાં સુધી કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام પણ.

**રૂમી ગુલામ દિન, હબ્શી બાંદિયાં શબેં**
**ગિનતી કનીઝ ઝાદોં મેં શામ વ સહર કી હૈ**

*(કનીઝ = લોંડી, નોકરાણી. રૂમી = સફેદ રંગનો. હબ્શી = કાળા રંગનો. બાંદીઓ = લોંડીઓ, નોકરાણીઓ. શબેં = રાતો. કનીઝઝાદે = લોંડીઓના પુત્રો. શામો સહર = રાત દિવસ)*

**અર્થાત :** દિવસ તથા રાતની વાત પણ સાંભળી લો ! દરેક દિવસ હુઝૂર ﷺની બારગાહનો રૂમી ગુલામ (ગોરો ગુલામ) છે અને દરેક રાત મારા આક઼ા ﷺની કાળા રંગની લોંડી (હબ્શી બાંદી) છે. તો આ રીતે દિવસ રાતની ગણના તો હુઝૂર ﷺના ગુલામ ઈબ્ને ગુલામ ઈબ્ને ગુલામમમાં થાય છે, જેથી સમયના ચક્રનો ડર રાખવાની જરૂરત નથી, કેમ કે જમાનાની લગામો આપના જ હાથમાં છે, એટલા માટે તો કદી રાતના ચાંદ તોડી રહ્યા છે તો કદી દિવસનો સૂરજ પલ્ટાવી રહ્યા છે.

**ઈતના અજબ બુલંદી જન્નતપે કિસ લિએ**
**દેખા નહીં કે ભીક યહ કિસ ઊંચે ઘરકી હૈ**

**અર્થાત :** હાશિયા હદાઈક઼ે બખ્શિશમાં આ શેઅરનો ખુલાસો આ પ્રમાણે છે : "જન્નત સાતમા આસ્માનથી ઉપર છે જેની છત અર્શે મુઅલ્લા છે. અમુક બારગાહના ગદા (ભીખારીઓ) જો આશ્ચર્ય કરે કે આપણા જેવા નીચ તથા કોડીના માણસ અને આટલી મહાન અતા ?! તો જવાબ બતાવ્યો છે કે આ તમારી લાયકાત તથા કાબેલિયતના કારણે નથી ! બલ્કે આપનારની રહમત તથા અતા છે. જોતા નથી કે ભીખ કેવા ઊંચા ઘરની છે ! તો પછી એની આટલી બુલંદીમાં આશ્ચર્યની શું વાત છે ?!

**અર્શે બરીં પર ક્યૂં ન હો ફિરદૌસકા દિમાગ**
**ઉતરી હૂઈ શબીહ તેરે બામો દરકી હૈ**

*(ફિરદૌસ = સૌથી ઉચ્ચ જન્નત. શબીહ = છબી. બામો દર = છત તથા દરવાજા)*

**અર્થાત :** અર્શે મુઅલ્લાનું દિમાગ જન્નતુલ ફિરદૌસ પર કેમ ગર્વ ન કરે કે એને પણ આપણા આક઼ા સામે એક પ્રકારની નિસ્બતે એટલુ ઊંચુ દિમાગ અર્પણ કરી આપ્યું છે, અને તે એ કે (એક તો મેઅરાજની રાતે તેણે હુઝૂર ﷺના ક઼દમોના બોસા લીધા છે અને બીજુ એ કે આપણા આક઼ા ﷺના આસ્તાના આલિયાની છત અને દરવાજાની તસ્વીર ઉતારીને એણે પોતાની પાસે રાખેલી હશે. અને જેમણે ગુંબદે ખ઼ઝ઼રાનો નઝારો કરી લીધો છે તેઓ કહેતા ફરે છે :–

*સમાએ કૈસે મેરે દિલમેં અર્શ કી રિફઅત–જમાલે ગુંબદે ખ઼ઝ઼રા નઝરમેં રહતા હૈ*
*ગમે ફિરાક઼ે દયારે હબીબકે બાઈષ–હુજૂમે અશ્ક઼ે રવાં ચશ્મે તરમેં રહતા હૈ*

**વો ખુલ્દ જિસમેં ઉતરેગી અબરારકી બરાત**
**અદના નિછાવર ઉસ મેરે દુલ્હા કે સરકી હૈ**

*(ખુલ્દ = જન્નત. અબરાર = નેક લોકો. નિછાવર = ઉતારો, સદક઼ો)*

**અર્થાત :** તે જન્નત કે જેમાં અલ્લાહના નેક બંદાઓની બારાત ક઼યામતના દિવસે રવાના થશે અને તેઓ એમાં

રહેશે. કાંઈ જાણો પણ છો કે એ જન્નત શું છે ? એ જન્નત સામાન્ય સરખો સદકો તથા ઉતારો છે શબે અસરાના દુલ્હા (આપણા આકા ﷺ)ના માથાનો ! હદાઈકે બખ્શિશના હાશિયામાં એનો ભાવાર્થ આ પ્રમાણે છે :

અબરારનો મર્તબો મુકર્રિબીનથી ઘણો જ ઓછો છે, ત્યાં સુધી કે حَسَنَاتُ الْاَبْرَارِ سَيِّاٰتُ الْمُقَرَّبِيْنَ વળી મુકર્રિબીનમાં પણ અગણિત દરજાઓ છે અને તેમને પણ આ'લા, અને આ'લાથી આ'લા જે દરજાઓ મળશે તે પણ સર્વ હુઝૂરનો સદકો છે. એટલા માટે એને અદના નિછાવર કહ્યું, નહીં તો જન્નતમાં અદના કાંઈ જ નથી.''

**અંબર ઝમીન ઉબૈર હુવા મુશ્ક તર ગુબાર**
**અદના સી યહ શનાખ્ત તેરી રાહગુઝર કી હૈ**

*(અંબર = સંદલ તથા મુશ્ક ગુલાબ મિલાવીને એક ખાસ ખુશ્બુ તૈયાર કરવામાં આવે છે. મુશ્કતર = કસ્તૂરીથી પણ ઉપર અથવા તાજી કસ્તૂરી. શનાખ્ત = ઓળખ. રાહગુઝર = માર્ગ)*

**અર્થાત** : મદીના મુનવ્વરાની પાકીઝા અને ખુશ્બોદાર જમીનની મામૂલી સરખી નિશાની એ છે કે જમીન અંબર જેવી છે, હવા મુશ્કે ગુલાબ અને સંદલના મિશ્રિત ખુશ્બુની જેમ છે. અને આપના ગલી કૂચાઓની ધૂળ તથા માટી કસ્તૂરીથી વધીને ખુશ્બોદાર છે. આ મારા આકા ﷺના રસ્તાઓની મામૂલી સરખી ઓળખ તથા પહેચાન છે.

હાશિયા હાદાઈકે બખ્શિશમાં છે : એટલે કે જે રસ્તે થઈને હુઝૂર ﷺ પસાર થાય ત્યાંની જમીન અંબર બની જાય છે, હવા અંબરી બની જાય છે, ધૂળ મુશ્કમય બની જાય છે.''

જ્યારે કેવળ પસાર થવાથી આ હાલ થઈ જાય છે તો જે ગુંબદે ખદ્રામાં હુઝૂર ﷺ સદીઓથી આરામ ફર્માવી રહ્યા છે તેનો મર્તબો કેમ ન અર્શથી વધી જાય ?!

*દિલકી આંખોંસે મુહમ્મદ ﷺ કા મદીના દેખો–ઘૂમ કે ચારોં તરફ આપકા જલ્વા દેખો*
*હજ કિયા હૈ તો મદીનેકી ઝિયારત ભી કરો–હાજીઓ ! આઓ ! ઝરા ગુંબદે ખદ્રા દેખો*

**સરકાર હમ ગંવારોંમેં તર્ઝે અદબ કહાં**
**હમકો તો બસ તમીઝ યહી ભીક ભરકી હૈ**

**અર્થાત** : હે અમારા પ્યારા નબી ! ﷺ ક્યાં આપની બારગાહનો અદબ તથા એહતેરામ (જે અલ્લાહ શીખવે છે) અને ક્યાં અમો ગામડાવાસી, ગમાર, અદબ તથા આદાબથી નાવાકેફ ! અમને તો કોઈએ બતાવ્યું છે કે આપના દરબારથી સૌને સર્વ કાંઈ મળે છે, જેથી અમો ભીખારી બનીને આપની બારગાહમાં હાજર થઈ ગયા. જો કે ભીખ માગનારાઓને આદાબ પણ આવડવા જોઈએ, પણ અમે તો એવા ભીખારી છીએ કે આદાબથી પણ અજાણ છીએ, આપ અમારી બેઅદબીઓને માફ કરો અને અમારા હાલના પ્રમાણે નહીં, બલ્કે તમારી શાનના પ્રમાણે ખૈરાત અતા ફર્માવો. *નઝર ઝુકાકે ચલ અય ઝાઈરે દયારે મદીના–યહાં ફરિશ્તા સદ એહતેરામ કરતા હય*

**માંગેંગે માંગે જાએંગે મુંહ માંગી પાએંગે**
**સરકારમેં ન લા હૈ ન હાજત અગર કી હૈ**

**અર્થાત** : હે અતાએ મુસ્તફાના મુન્કિરો ! ધ્યાનપૂર્વક સાંભળી લો ! આપણે આપણા કરીમ આકા

ﷺથી માગી રહ્યા છીએ, માગતા રહીશું અને સરકાર ﷺ અલ્લાહની અતાથી આપણને મોં માગ્યી મુરાદ અતા કરતા રહેશે. કેમ કે (એની દલીલ એ છે કે) સરકાર ﷺએ કદી "લા" (માગવાવાળાને) એટલે "ના" ફર્માવ્યું જ નથી કે મારી પાસે નથી અથવા નથી આપી શકતો. અને ન કદી અગર મગરની શર્ત રાખી છે, કે જો હશે તો આપી દઈશ. જાહેરી રીતે હાથ ખાલી હોય તો પણ : *દો જહાં કી નેઅમતેં હૈ ઉન્કે ખાલી હાથમેં*

માગનારાને ન મળવાની બે જ સ્થિતિઓ હોય શકે છે : એક એ કે જેની પાસે માગ્યું તે ધડમૂળથી ના પાડી દે એ "લા" થયું એટલે "ના" અને બીજુ એ કે શર્ત પર મૌકૂફ કરે કે જો અમારી પાસે હશે તો આપીશું અથવા જો તેં ફલાણુ કામ કર્યું તો આપીશ. આપ ﷺની સરકારમાં આ બંનેવ વાતો નથી. જેથી જરૂર અમને ઉમ્મીદ છે કે જે આપણે માગીશું તે મળી જશે.

મૌલાના હસન રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :

*જાને ગુલઝારે મુસ્તફાઈ તુમ હો–માલિકે ખુદાઈ તુમ હો*
*જલ્વેસે તુમ્હારે હૈં અયાં–શાને મુસ્તફા આઈનએ ઝાતે કિબ્રિયા તુમ હો*

**ઉફ ! બેહયાઈયાં કે યહ મુંહ ઔર તેરે હુઝૂર !**
**હાં ! તૂ કરીમ હૈ તેરી ખૂ દર ગુઝરકી હૈ**

**અર્થાત :** હે મારા આકા ! ﷺ અમને અમારા કરતૂતો પર ઘણો જ અફસોસ છે. અમે જાણીએ છીએ કે આટલી બેહયાઈઓ તથા બદકારીઓ કર્યા બાદ આપની બારગાહમાં હાજર થવું બેઅદબી છે, પરંતું એ વિચારીને આવી ગયા છીએ કે આપ તો કરીમ છો અને કરીમ પણ એવા છો કે માફ કરવું આપની આદત છે. અમારું કામ જુર્મ કરવું છે અને આપનુ કામ કરમ કરવાનું છે. અમારું કામ ખતા કરવું છે, આપનુ કામ અતા કરવાનું છે. અમારું કામ ગુનાહ કરવાનું છે તો આપનુ કામ દુઆ કરવાનું છે.

*ગાલિયાં દેતા હૈ કોઈ તો દુઆ દેતે હૈં–દુશ્મન આ જાએ તો ચાદર ભી બિછા દેતે હૈં*

**તુઝસે છુપાઉં મુંહ તો કરું કિસકે સામને**
**ક્યા ઔર ભી કિસીસે તવક્કોઅ નઝરકી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ જો આપનાથી પણ મોં છુપાવતો ફરીશ તો પછી કોની સામે પોતાની હાલત લઈને જઈશ ?! શું આપના સિવાય કોઈ જાત એવી કે કે જેનાથી એવી ઉમ્મીદ કરી શકાય કે આપને છોડીને એનાથી અમારી ખાલી જોલી ભરી શકાય ? નહીં ! કોઈ નથી !

**જાઉં કહાં પુકારું કિસે કિસકા મુંહ તકું**
**ક્યા પુરસિશ ઔર જા ભી સગે બેહુનરકી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ હું આપનો દરે અકદસ છોડીને કયા દરવાજા પર જાઉં ? ભલા આપના સિવાય કોણ મને મોં આપે ? અને આપને યા રસૂલલ્લાહ યા રસૂલલ્લાહ ! ﷺ કહી કહીને ન પુકારું તો અન્ય કોને પુકારું ? અને આપનો રૂખે વદુહા ન જોઉં તો અન્ય કોને જોઉં ?! *અબ મેરી નિગાહોં પે જચતા નહીં કોઈ*

હું આપને છોડીને કોઈ અન્ય જગાએ જો જઈશ તો મારા જેવા સગે બેહુનરનો કોઈ હાલ પૂછશે નહીં. મારી અરજ ક઼બૂલ કરી લો અને કરમની ભીખ અતા કરો.

**બાબે અતા તો યહ હૈ, જો બહકા ઈધર ઉધર**
**કૈસી ખરાબી ઈસ નુધરે દર બદરકી હૈ**

*(નુધર = નકામા)*

**અર્થાત :** હે મારા આક઼ા ! બખ્શિશ તથા અતાનો દરવાજો તો આપનો જ છે જે બદનસીબ આપનો દરે અક઼દસ છોડીને આમ તેમ ભટકતો રહ્યો તે બદબખ્ત નકામો દર બદરની ઠોકરો ખાયને જરૂર પોતાની આખેરત બર્બાદ કરી બેસશે.

**આબાદ એક દર હૈ તેરા ઔર તેરે સિવા**
**જો બારગાહ દેખીએ ગૈરત ખંડર કી હૈ**

**અર્થાત :** હે મારા આક઼ા ! મેં મારી આંખો વડે દુનિયાદારોના મોટા મોટા દરબાર જોયા છે અને તમામે તમામ ઉજડેલા જોયા છે. વિરાન તથા નિર્જન ખંડેર પણ તેમને જોઈને શરમાય છે કે આ તો અમારા કરતાં પણ વધુ વિરાન છે. જો કાઈનાતમાં કોઈ બારગાહ અને આસ્તાનો આબાદ છે તો કેવળ આપનો જ મુબારક આસ્તાનો મદીના મુનવ્વરા છે, અને આપથી અરજ પણ એ જ છે કે જ્યારે હું પરત થાઉં તો જ્યાં પણ જાઉં :–

*ગુંબદે ખદ઼રા મીનાર તસવ્વુરમેં રહે–આરઝૂ હર ઘડી વો મન્ઝર સુહાને માંગે*

*દિલ હૈ ક્યા સાદા વ નાદાં કે બસ અપની ધુનમેં–ફિર વહી બઝ્મે રિસાલતકે ઝમાને માંગે*

ચર્ચા હેઠળના શેઅરની શરહ હદાઈક઼ે બખ્શિશમાં આ પ્રમાણે કરવામાં આવી છે : ''અવલિયાએ કિરામની બારગાહો હુઝૂરની જ બારગાહો છે. કેમ કે હુઝૂર ﷺની જ ગુલામીથી તેઓ અવલિયા બન્યા અને વાસ્તો તથા વસીલો બન્યા, ત્યાં સુધી કે અંબિયા પણ હુઝૂર ﷺના જ તુફૈલી અને ફૈઝ અતા કરવામાં હુઝૂરના જ નાયબ છે.

**લબ વા હૈં, આંખેં બંદ હૈં ફૈલી હૈં જોલિયાં**
**કિતને મઝેકી ભીક તેરે પાક દરકી હૈ**

*(લબ = હોઠ. વા = ઉઘાડા)*

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! હે મારા કરીમ આક઼ા ! ﷺ મેં આપના દરબારમાં જે દશ્યો જોયાં એમાંથી એ મન્ઝર પણ મેં જોયો છે કે આપની બારગાહથી માગવાવાળાઓના હોઠ ખુલેલા છે, આંખો બંધ કરીને જોલીઓ ફેલાવીને ઉભેલા છે. યા રસૂલલ્લાહ ! ﷺ આપના દરે અક઼દસ (પવિત્ર દરવાજા)ની ભીખ કેટલી મઝેદાર છે કે આપ આપવાથી નથી થાકતા અને માગવાવાળા માગવાથી નથી હટતા.

**ઘેરા અંધેરિયોંને દ્વાઈ હૈ ચાંદ કી**
**તન્હા હૂં કાલી રાત હૈ મન્ઝર ખતરકી હૈ**

*(દ્વાઈ = ફરિયાદ)*

**અર્થાત** : મને ચો તરફથી અંધારાંઓએ ઘેરી રાખ્યો છે. એક તો એકલો છું, બીજુ રાત કાળી સિયાહ છે અને મંઝિલ ખતરાઓ, આફતો તથા મુસીબતોથી ભરેલી છે. હે તયબહના ચાંદ ! મહબૂબે ખુદા ! ﷺ આપની જ બારગાહમાં ફરિયાદ છે, એક જ જલ્વાથી સર્વ અંધારાંઓને દૂર કરી આપો.

**કિ઼સ્મતમેં લાખ પેચ હોં, સો બલ, હઝાર કુજ**
**યહ સારી ગુથ્થી એક તેરી સીધી નઝરકી હૈ**

*(પેચ = ગુંચવણો, બલ = ચક્કર, કુજ = ટેઢાપણુ, ગુથ્થી = ઉલઝન)*

**અર્થાત** : હે મારા આકા઼ ! ﷺ અમારી કિસ્મતમાં સો પ્રકારની ગુંચો, લાખો ચક્કર તથા હજારો ટેઢ ાપણાઓ ભલે હોય, પણ આપની નિગાહે કરમની સામે તો એ કોઈ સમસ્યા જ નથી ! આપની સીધી નિગાહે કરમથી અમારી કિ઼સ્મતનાં સર્વ ટેઢાપણાં દૂર થઈ જશે.

*કરમકી એક નઝર હમ પર ખુદારા યા રસૂલલ્લાહ ! ﷺ*
*હૂં તુમ્હારા મૈં, તુમ્હારા, તુમ્હારા યા રસૂલલ્લાહ ! ﷺ*

**ઐસે બંધે નસીબ ખુલે મુશ્કિલેં ખુલી**
**દોનોં જહાંમેં ધૂમ તુમ્હારે કરમકી હૈ**

**અર્થાત** : હુઝૂર ! અમને ખબર છે કે આપની બારગાહમાં જો કોઈ બદનસીબ આવ્યો છે ખુશનસીબ બનીને પરત થયો છે. કોઈ કેટલીય મુશ્કેલીઓમાં ફસાયેલો આવ્યો છે તેની મુશ્કેલીઓ હલ થઈ ગઈ છે. હે મારા આકા઼ ! ﷺ બેસહારાને ટેકો કરવો અને મુસીબતના માર્યાઓની મદદ, બેકસો તથા લાચારોની સહાય કરવી આપનું જ કામ છે, જેની ધૂમ બંનેવ જહાનોમાં મચેલી છે.

**જન્નત ન દેં, ન દેં તેરી રૂયત હો ખૈર સે**
**ઈસ ગુલ કે આગે કિસકો હવસ બર્ગો બરકી હૈ**

*(બર્ગોબર = પાંદડાં તથા ફૂલો, રૂયત = દીદાર)*

**અર્થાત** : આ શેઅરનો ખુલાસો હદાઈકે બખ્શિશના હાશિયામાં આ પ્રમાણે છે : જાહીરે રીતે જોતાં જન્નતથી જાણે નિઃઆકર્ષણ જાહેર કર્યુ પણ એ શર્ત પર કે હુઝૂરે અક઼દસ ﷺનો દીદાર ખૈરની સાથે થાય. અને યક઼ીનન ! માલૂમ છે કે જેને હુઝૂર ﷺનો દીદાર ખૈરથી થશે, જન્નત તેના ક઼દમોથી લાગેલી છે. પછી અશક્ય છે કે તેને જન્નત ન આપે. તદ્ઉપરાંત આશિકો કદાપિ પોતાના મહબૂબના સિવાય ગુલ તથા બલબુલ, મધ તથા દૂધની તરફ ધ્યાન નથી કરતા.

**શરબત ન દેં, ન દેં, તો કરે બાત લુત્ફસે**
**યહ શહદ હો તો ફિર કિસે પરવા શકરકી હૈ**

**અર્થાત** : હે મારા આકા઼ ! ﷺ ચાલો ! મને તરસ છીપાવવા શરબત મળે કે ન મળે કોઈ વાંધો નહીં, પણ આપના મીઠા વેણોથી અને પ્યારી મીઠી મીઠી વાતોની લિજ્જતથી તો મેહરૂમ ન ફ઼ર્માવો. જો આપની વાતોની

લિજ્જત નસીબ થતી રહે તો પછી ભલા શહદ (મધ)ની હાજરીમાં ખાંડની કોણ પરવા કરશે !

**મૈં ખાનાઝાદ કુહના હૂં સૂરત લિખી હૂઈ**
**બંદો કનીઝોંમેં મેરે માદર પિદર કી હૈ**

*(ખાનાઝાદ = ઘરમાં પેદા થનારો (ગુલામ). કુહના = પૂરાણો. બંદો = ગુલામો. કનીઝોં = લોંડીઓ)*

**અર્થાત :** હુઝૂર ! હું તો આપનો ખાનાઝાદ તથા પૂરાણો ગુલામ છું. બલ્કે હુઝૂર ! મારાં માબાપનું નામ પણ આપના ગુલામો તથા બાંદીઓમાં લખેલું છે. જેથી આપની બાંદી તથા આપના ગુલામનો પુત્ર થઈને આપનો ખાનઝાદ ગુલામ ઠર્યો. તો પછી હું આપની દુહાઈ ન આપુ તો પછી કોની સામે ફરિયાદ કરું !

**મંગતા કા હાથ ઉઠતે હી દાતા કી દૈન થી**
**દૂરી કુબૂલો અર્ઝ મેં બસ હાથભરકી હૈ**

**અર્થાત :** અને હે ગુલામાને મુસ્તફા ! ﷺ આપણા આક઼ાનો દરવાજો તો તે છે કે જેવો માગનારો હાથ પણ ઉઠાવે છે તો તેની જોલી ભરી દેવામાં આવે છે. બસ, માગવા તથા આપવામાં આ જ એક હાથભર (હાથ ઉઠવા)ના જેટલી વાર લાગે છે.

હઝરત ઈમામ હસન رضی اللہ عنہની પાસે એક સવાલી આવ્યો. તેણે કાંઈક માગ્યું તો આપે તેને માગવાથી અધિક આપ્યું અને માફી પણ માગી કે જો મને જાણ થઈ જાત તો હું તને માગવાથી પહેલાં આપી દેતો અને તારે માગવાની ઝિલ્લત તથા તકલીફ કરવી ન પડતી. એ જ હાલ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہનો પણ હતો. કોઈકે શું સરસ કહ્યું છે : *સિબ્તૈન કી જબ હશ્રમેં આયેગી સવારી–ગુલ હોગા કે વા આતે હૈં ખૂબાને મદીના*

**સુનકી વો દેખ બાદે શફાઅત કે દે હવા**
**યહ આબરૂએં 'રઝા' તેરે દામાને તરકી હૈ**

*(સુનકી = જુનૂની. બાદ = હવા. આબરૂ = ઈજ્જત. દામાને તર = ખૂબ અધિક ગુનાહ મુરાદ છે)*

**અર્થાત :** હે પાગલ, દીવાના તથા સૌદાઈ (ગદાએ દરે ખૈરુલ વરા એટલે ઈમામે અહલે સુન્નત પ્યારા !) અહમદ રઝા ! તારું રૂદન તથા પોકાર સાંભળીને જો શફાઅતની હવા ચાલી પડી છે અને وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. અને આ સર્વ કાંઈ હે રઝા ! તારા ગુનાહોની અધિકતાનો ઈલાજ કરવા માટે થઈ રહ્યું છે. હાશિયા હદાઈક઼ે બખ્શિશમાં છે :

"કોઈના દામનને સૂકવવા માટે હવા આપવામાં આવે છે અને તર દામની ઈસ્તેઆરા છે ગુનાહોથી, એટલે કે તારા તર (ભીના) દામનને હવા આપવા માટે આ જો શફાઅતની હવા ચાલી !"

## (નઅત શરીફ઼ : ૭૩)

## ક઼સીદએ મેઅરાજિયહ : જશ્ને મેઅરાજુન્નબી ﷺ

**વો સરવરે કિશ્વરે રિસાલત જો અર્શ પર જલ્વાગર હુએ થે**
**નયે નિરાલે તરબ કે સામાં અરબ કે મહમાનકે લિએ થે**

*(સરવર = સરદાર, બાદશાહ. કિશ્વર = મુલ્ક. તરબ = ખુશી)*

**અર્થાત :** રિસાલત તથા નબુવ્વતના દેશના સરબરાહ તથા બાદશાહ (નબી અકરમ ﷺ) શબે મેઅરાજના જ્યારે અર્શે મુઅલ્લા પર જલ્વાગર થયા તો અરબના આ મહમાને ઝીશાનની ખુશીના માટે ખુશી ઉપજાવનારા તમામ સબબોને એકત્ર કરી દેવામાં આવ્યા, જેના નિરાલાપણા અને ઉમદાપણાનું વર્ણન નથી કરી શકાતું.

**ક઼સીદા મેઅરાજિયહ લખવાનો સબબ :** હઝરત શાહ તુરાબુલ હક્ક઼ ક઼ાદરી رحمۃ اللہ علیہ લખે છે કે આ'લા હઝરત رحمۃ اللہ علیہના આ ક઼સીદાનો સબબ એક શાઈરનો ક઼સીદો હતો જે મેઅરાજ શરીફથી જ સંબંધિત હતો જેને લઈને તે આ'લા હઝરતની પાસે આવ્યા અને સાંભળવાની દરખાસ્ત કરી. આપે ફર્માવ્યું કે અત્યારે મારી પાસે સમય નથી, તમો અસ્ર બાદ આવજો. જ્યારે અસ્ર બાદ તે આવ્યા તો આપે એ સમય સુધી પોતાનો આ મેઅરાજિયા ક઼સીદો સંપૂર્ણ ૬૭ શેઅરોનો લખી નાખ્યો અને ફર્માવ્યું, પહેલાં મારા પાસેથી કાંઈક સાંભળી લો જે મેં આપના ગયા પછી લખ્યું છે. આપે એની સામે જે પઢયું તો તે અચંબામાં પડી ગયો. અશ્આરની મઅનવિયત, શબ્દોનો ઉતાર ચઢાવ, જુમ્લા (વાક્યો)ની નશિસ્તો બરખાસ્ત અને સફરે મેઅરાજને એ અંદાઝમાં શેઅરોમાં પરોવ્યો કે શાઈર પોતાનો ક઼સીદો સંભળાવ્યા વિના જ પાછો જતો રહ્યો ! એટલે કે પોતાનો ક઼સીદો સંભળાવવાથી માફી ચાહી લીધી. ક઼સીદાએ મેઅરાજ કેવળ સફરે મેઅરાજ, મોઅજિઝાઓ તથા બનાવોનો સંગ્રહ જ નથી, બલ્કે એમાં હુઝૂર ﷺની તારીફ તથા તૌસીફમાં એક પુર વક઼ાર તરીક઼ાથી એવી મન્ઝરકશી કરવામાં આવી છે કે શાઈરોની અક્કલો દંગ તથા હૈરાન છે યક઼ીન જાણો કે ગુજરેલી સદીના શાઈરોના કલામની સામે જો આ'લા હઝરતનો કેવળ ક઼સીદએ મેઅરાજિયહ જ રાખી દેવામાં આવે તો તમામ શાઈરોના સર્વ કલામો પર આ એક ક઼સીદો જ છવાઈ જાય. જેમ કે એના પર બે ઈમાન અફરોઝ બનાવો જોઈ લો.

''પ્યારા આક઼ા ﷺના પ્યારા દીવાનાઓ ! આ તે જ ક઼સીદએ મેઅરાજિયહ છે કે ઉર્દૂના એક મશ્હૂર નઅત ગો શાઈર હઝરત મોહસિન કાકોરવીએ એકવાર પોતાનો ક઼સીદો સંભળાવવા માટે હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની બારગાહમાં બરેલી શરીફ હાજરી આપી. તેમનો ક઼સીદો પણ મેઅરાજિયહ જ હતો, જેનો મત્લઅ છે :

*સિમ્તે કાશીસે ચલા જાનિબે સુથરા બાદલ–બર્ક઼ કે કાંધે પે લાઈ હૈ સબા ગંગાજલ*

ઝોહરની નમાઝ બાદ હઝરત મોહસિન કાકોરવીએ એના શેઅરો સંભળાવવા શરૂ કર્યા. હજી બે જ શેઅરો

પઢી શક્યા કે હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہએ ફર્માવ્યું કે બસ કરો ! અસરની નમાઝ બાદ બીજા શેઅરો સાંભળવામાં આવશે. એ જ ઝોહર તથા અસ્રની દરમ્યાન આપે પોતાનો આ ક઼સીદએ મેઅરાજિયા કહ્યો અને જ્યારે મજલિસ બેઠી તો પ્રથમ ઈમામ અહમદ રઝાએ પોતાનો ક઼સીદો સંભળાવ્યો. તેને સાંભળીને હઝરત મોહસિને કહ્યું, મૌલાના ! હવે બસ કરો. આના પછી હું મારો ક઼સીદો હવે સંભળાવી નથી શકતો.''

મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત મૌલાના સૈયદ મુહમ્મદ અશરફી કછોછવી رحمۃ اللہ علیہ વર્ણવે છે કે લખનૌના સાહિત્યકારો (અદીબો)ની એક શાનદાર મેહફિલમાં આ'લા હઝરતનો ક઼સીદએ મેઅરાજિયા મેં મારા ખાસ અંદાઝમાં પઢીને સંભળાવ્યો તો સૌ ઝુમવા લાગ્યા ! મેં એલાન કર્યું કે ઉર્દૂ અદબની દષ્ટિએ હું અદીબોનો ફેંસલો આ ક઼સીદાની ઝબાન (ભાષા)ના વિશે સાંભળવા ચાહું છું. તો સૌએ કહ્યું : એની ઝબાન તો કૌષર તથા તસ્નીમથી ધોએલી છે.

આ પ્રકારનો એક બીજો બનાવ પણ દિલ્હીમાં ઉપસ્થિત થયો તો ઉપસ્થિત રહેલા શાઈરોએ કહ્યું કે, ''અમને કાંઈ ન પૂછો ! આપ ઉમ્રભર પઢતા રહો અને અમો જીવનભર સાંભળતા રહીશું !

**મેઅરાજનામા** : આ ક઼સીદાએ મેઅરાજિયહના બારામાં જનાબ મિર્ઝા નિઝામુદ્દીન બેગ લખે છે કે રજૂ કરેલ મેઅરાજનામા ક઼સીદાના અંદાઝમાં છે જેના ૧૬૭ શેઅરો છે. એની ટેકનિક અગાઉના સર્વ મેઅરાજનામાઓથી તદ્દન અલગ છે જેમનું નિરીક્ષણ કરવામાં આવેલ છે. એમાં મેઅરાજની રિવાયતોનું વર્ણન નથી બલ્કે એ સૌનું તેહનિયતનામુ છે જેમાં ભરપુર ખુશી તથા ચિંતનોના નગમાઓના બહાવે પૂરા ક઼સીદાને પોતાની લપેટમાં લીધેલ છે.

**બહાર હૈ શાદિયાં મુબારક ચમનકો આબાદિયાં મુબારક**
**મલક ફલક અપની અપની લયમેં યહ ઘર અનાદિલકા બોલતે થે**

*(શાદિયાં = ખુશીઓ. મલક = ફરિશ્તાઓ. ફલક = આસમાન, લય = લહેજો, સૂર. ઘર = ગીત ગાવાનો એક અનોખો તરીક઼ો. અનાદિલનું બહુવચન ઉન્દલીબ = બુલબુલ)*

**અર્થાત** : સર્વ ફરિશ્તાઓ તથા સર્વ આસ્માનો પોત પોતાના સૂર તથા લહેજામાં બુલબુલોના અંદાઝમાં ગીત ગાતાં હતાં અને એકબીજાને કહી રહ્યાં હતાં કે આજે કેવી બહાર (વસંત) છે ?! આજની રાત કેટલી ખુશ્બુઓવાળી રાત છે ?! આજે બાગોમાં કેટલી રોનક છે ?! આજે જન્નતને કેવા અજીબ અંદાઝમાં સજાવવામાં આવી છે ?! આજે દોઝખને કેવી બુઝાવી દેવામાં આવી છે ! આ ખુશીઓ મુબારક થાય અને આ બાગોની આબાદીઓ તથા બહારો મુબારક થાય.

**મેઅરાજ શા માટે કરાવવામાં આવી ?** : હુઝૂર ﷺને મેઅરાજ એટલા માટે જ કરાવવામાં આવી કે મક્કાના કુરૈશીઓનું હુઝૂર ﷺની સાથે દુશ્મનીભર્યું વલણ, તાઈફમાં હુઝૂર ﷺ પર થનારા કાફિરો તરફના સિતમ અને પછી અબૂ તાલિબની વફાતના પછી કાફિરોનું બેહદ તકલીફો પહોંચાડવું. જેમ કે હુઝૂર ﷺએ એક દિવસે આ એહસાસોને પ્રદર્શિત કર્યા કે કાશ ! કોઈ મારો દોસ્ત હોત તો દીનને માટે મારા કામ આવત. કોઈ મારો સાથી હોત તો મારી ગમખ્વારી કરત. કોઈ મારો યાર હોત જે દિલદારી કરતો. હવે તો કાફિરોએ મને તદ્દન

એકલો સમજીને અધિક પરેશાન કરવાનું શરૂ કરી આપ્યું છે. આમ કહ્યું અને હઝરત ઉમ્મે હાનીના ઘરે તશરીફ લઈ ગયા અને અલ્લાહની ઈબાદતમાં વ્યસ્ત થઈ ગયા. બસ, એ જ રાતે જિબ્રઈલે અમીને હાજર થઈને કદમો ચૂમીને અર્ઝ કર્યુ : ان اللّٰہ قد اشتاق الی لقائک یا رسول اللّٰہ હે પ્યારા આક઼ા ! ﷺ અલ્લાહ આપને અર્શ પર બોલાવીને આપને મળવા ચાહે છે, જેથી આપને બતાવે તથા દેખાડે કે જો એ લોકો આપની ઈજ્જત તથા તાઝીમથી આંધળા છે તો આવીને જોઈ લે, આસ્માનના ફરિશ્તા તથા જન્નતની હૂરો કેવી રીતે તારી તાઝીમ કરે છે. જો તેં તાઈફના સફરમાં પથ્થરો ખાધા છે તો આસ્માન પર આવ અને જો કે ફરિશ્તા તારું કેવું સ્વાગત કરે છે અને મસ્જિદે અક઼સામાં આવીને જો કે અલ્લાહના સર્વ નબીઓ કેવી રીતે તારા ઈન્તેઝારમાં ઉભા છે, અને તને પોતાનો ઈમામ માની રહ્યા છે, અને તારી શાનના ખુત્બા પઢી રહ્યા છે.

આપના રુખે અન્વર (ચહેરા મુબારક)ની રોશની એ રીતે જલ્વો દેખાડી રહી હતી કે એની લહેરો અર્શ પર મેહસૂસ થઈ રહી હતી, અને નૂરના ફરિશ્તા પણ આશ્ચર્યમાં હતા કે આજે અમારી નૂરાનિયત કેમ મંદ પડી ગઈ છે. એવું લાગતુ હતું કે અલ્લાહે મેઅરાજની સફરના સર્વ રસ્તાઓ પર નૂરના મુજલ્લા વ મુસ્તફ઼ા આઈના લગાડી રાખ્યા છે, જેના ઝરીયા હુઝૂર ﷺનું નૂર અર્શ તથા ફર્શ પર છવાયેલું છે.

**વહાં ફલક઼ પર યહાં ઝમીં મેં રચી થી શાદી મચી થી ધૂમેં**
**ઉધરસે અન્વાર હંસતે આતે, ઈધરસે નફ઼હાત ઉઠ રહે થે**

**અર્થાત** : એ બાજુ આસ્માનો પર અને આ બાજુ જમીન પર ખુશીઓનો માહોલ હતો અને ધૂમ મચેલી હતી. આસ્માનોથી નૂરવાળા આક઼ાની મેઅરાજની ખુશીમાં નૂરની વર્ષા થઈ રહી હતી. (જેવી રીતે દુલ્હાના આગમન પર ફૂલો વરસાવવામાં આવે છે) અને આ બાજુ જમીન પર ખુશ્બુઓ મહેકી રહી હતી અને ખૂબ ચહલ પહલ હતી, જેવી રીતે શાદીવાળા ઘરમાં હોય છે. કેમ કે હુઝૂર જમીનવાળાઓની જ બિગડી બનાવવાના માટે "આસ્માનવાળાઓ"ની પાસે જઈ રહ્યા છે.

**યહ છૂટ પળતી થી ઉનકે રુખકી કે અર્શ તક ચાંદની થી છટકી**
**વો રાત ક્યા જગમગા રહી થી જગહ જગહ નસબ આઈને થે**

*(છૂટ = આઝાદી, ફુરસત. અમુક જગાએ જ્યોત છે તજલ્લીના અર્થમાં. રુખ = ચહેરો. છટકી = વિખેરાઈ. નસબ = ઉભા કરેલા)*

**અર્થાત** : આપણા આક઼ા તથા મૌલા ﷺના ચેહરાએ અન્વરથી રોશનીઓ ફૂટી ફૂટીને અર્શે મુઅલ્લા સુધી જઈ રહી હતી, જેવી રીતે ૧૪મી રાતના ચાંદને કારણે રાત જગમગી ઉઠે છે, એ જ પ્રમાણે હુઝૂર ﷺના રુખે વદુહાનાં કિરણોથી પૂરો માહોલ રોશન હતો, જાણે ક઼દમ ક઼દમ પર આઈના લગાડી દેવામાં આવ્યા હતા જેથી રોશનીમાં કેટલાય ઘણો વધારો થઈ જાય.

**નઈ દુલ્હનકી ફ઼બનમેં કા'બા, નિખરકે સંવરા સંવરકે નિખરા**
**હજર કે સદક઼ે કમરકે ઈક તિલમેં રંગ લાખોં બનાવકે થે**

**અર્થાત** : મેઅરાજ કેમ કે મક્કા મુઅઝ્ઝમાથી થઈ (من المسجد الحرام الی المسجد الاقصیٰ) એટલા

માટે એ રાતે કાબા જોનારો હતો. એવું લાગતું હતું જાણે દુલ્હનને ખૂબ બનાવ શિંગાર કર્યો છે. એટલે કે *નિખર કે સંવરા સંવર કે નિખરા !*

(તે શબ્દો નથી મળતા કે જેના વડે તર્જુમો કરવામાં આવે એટલે કે રોશન થઈને ખૂબ શણગાર પામ્યો. હુસ્નો જમાલની હદ થઈ ગઈ કે હજરે અસ્વદ જે કા'બા શરીફની કમરમાં તલની જેમ છે, એમાં પણ લાખો ખૂબસૂરતીઓના રંગ ભરેલા હતા જેના લીધે કા'બામાં ઔર પણ નિખાર તથા જમાલ (ખૂબસૂરતી) પેદા થઈ ગયો.

**કા'બાને દુલ્હન અને હુઝૂર ﷺને દુલ્હા કહેવું** : કા'બાને દુલ્હન કહેવું, જમીન તથા આસ્માનનું ખુશીઓ મનાવવું એવું મુહાવરાના રૂપે વપરાયું છે. જેવી રીતે મુબારક હદીષોમાં ફર્માવવામાં આવ્યું : ماست الجنة میسا کما تمیس العروس "જ્યારે હઝરત ઈમામ હસન તથા હુસૈન જન્નતમાં દાખલ થશે તો જન્નત નવી દુલ્હનની જેમ ખુશીથી ઝુમવા લાગશે. (તિબ્રાનીએ રિવાયત કરી મોઅજમે અવસતમાં ઉકબા તથા અનસ رضی اللہ عنہما તથા અવઝાઈમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما) અને હુઝૂર ﷺએ મકામે અસ્કલાનને "અહદિયુલ ઉરૂસૈન" ઠરાવતાં ફર્માવ્યું કે અહીંથી સિત્તેર હજાર વ્યક્તિઓ હિસાબ વિના જન્નતમાં દાખલ થશે. (મુસ્નદે અહમદ અન અનસ رضی اللہ عنہ) કા'બાને ખુદ હદીષમાં દુલ્હન ફર્માવવામાં આવેલ છે. જુઓ કુવ્વતુલ કુલૂબ તથા અહયાઉલ ઉલૂમ. એમાં શું શક છે કે આપણા આકા ! ﷺ અલ્લાહની સલ્તનતના દુલ્હા છે.

જેમ કે મવાહિબે લદુન્નિયહમાં છે :–

هو صلی اللّٰہ علیہ وسلم رای صورۃ ذاتہ المبارکۃ فی الملکوت فاذا ھو عروس المملکۃ

આપ ﷺએ મેઅરાજમાં પોતાને જોયા તો પોતાને સલ્તને ઈલાહિયાના દુલ્હા પામ્યા. આ જ પ્રમાણે દલાઈલુલ ખયરાત, મતાલિઉલ મસર્રાત અને તેના ઉપરાંત ઘણી બધી કિતાબોમાં આપ ﷺના માટે ઉરૂસ (દુલ્હા)નો શબ્દ બોલવામાં આવેલ છે.

અને કાંઈ જરૂરી પણ નથી કે કેવળ તેને દુલ્હા દુલ્હન કહેવામાં આવે જેની શાદી થઈ રહી હોય. કેમ કે સૂરએ રહમાનને કુર્આનની દુલ્હન ઠરાવવામાં આવેલ છે. જેમ કે સહીહ હદીષમાં છે : لکل شیٔ عروس و عروس القران الرحمن *(બૈહકી, શોઅબુલ ઈમાન અન અલી رضی اللہ عنہ)*

હદીષમાં જુમ્આ શરીફને કયામતના દિવસે નવી દુલ્હન ફર્માવવામાં આવેલ છે. *(મુસ્તદરક લિલ્હાકિમ)*

એ જ પ્રમાણે નિહાયહ લિ ઈબ્નિ અષીર, અદુર્રુષ્ષમીનહમાં આ પ્રકારના હવાલા મૌજૂદ છે. العاقل تکفیہ الاشارہ બુધ્ધિશાળીને ઈશારો પૂરતો છે.

**નઝરમેં દુલ્હા કે પ્યારે જલ્વએ હયાસે મેહરાબ સર ઝુકાએ**
**સિયાહ પર્દે કે મુંહ પર આંચલ તજલ્લીએ ઝાતે બહત સે થે**

શબે અસ્રાના દુલ્હા (હુઝૂર ﷺ)ના ચેહરાએ વદુહા પર કાંઈક એ રીતના જલ્વા વરસી રહ્યા હતા કે મેહરાબે પણ હયાના કારણે પોતાનું માથુ ઝુકાવી દીધું જે આજ સુધી ઝુકેલુ છે. અને તેના કાળા પર્દાના મુંહ પર અલ્લાહ તઆલાના ખાલિસ જલ્વાઓમાંથી એક જલ્વાનો નૂરાની આંચલ (છેડો) રાખી દેવામાં આવ્યો. આ રીતે

મેઅરાજની સફરની શરૂઆતથી પહેલાં જ આ આયોજન કરવાનો હેતુ શો હતો ? એ જ હતો કે :

*દિખાની શાન હૈ રૂહુલ અમીન કો–હૈ કરના મુફ઼્તહર અર્શે બરીંકો*

અમીને કા'બા ખત્મુલ મુરસલીન કો–હરમસે અપને મહબૂબે હસીન કો

*કરીબ અપને બુલાયા જા રહા હૈ (મૌલાના ઝિયાઉલ ક઼ાદરી)*

**ખુશી કે બાદલ ઉમડકે આએ દિલોંકે તાઉસ રંગ લાએ**
**વો નગ્મએ નઅતકા સમાં થા હરમકો ખૂદ વજદ આ રહે થે**

*(તાઉસ = મોર)*

**અર્થાત :** રહમત તથા નૂરનાં સર્વ વાદળો ખુશ થઈને ભેગાં થઈ ગયાં અને નૂર તથા રહમત વરસાવવા લાગ્યાં અને દિલોના રંગીન પક્ષીઓ (મોર) પોતાનો રંગ દેખાડીને (કળા કરીને) ઝુમવા લાગ્યાં. સરકાર ﷺની દરેક તરફથી નઅતો પઢવામાં આવી રહી હતી અને કા'બા હુઝૂર ﷺની શાન સાંભળીને તથા જોઈને વજદ કરી રહ્યો હતો, જેવી રીતે કે આપની વિલાદતે બાસઆદત (જન્મ મુબારક)ના સમયે કા'બા મોઅઝ઼્ઝમા ત્રણ દિવસ અને ત્રણ રાતો વજદ કરતો રહ્યો. تزلزلت الكعبة ليلة ولا دته صلى الله عليه وسلم ولم تسكن ثلاثة ايام ولياليهن *(સીરતે હલબિયહ)*

**યહ ઝુમા મીઝાબે ઝરકા ઝુમર કે આ રહા કાન પર ઢલક કર**
**ફૂહાર બરસી તો મોતી ઝિળક કર હતીમકી ગોદમેં ભરે થે**

*(મીઝાબે ઝર = સોનાનુ પરનાલુ, મીઝાબે રહમત. ઢલક કર = ઉપરથી નીચે આવવું. ફૂહાર = ઓછી વર્ષા, ઝિળક કર = પડીને)*

**અર્થાત :** મીઝાબે રહમતના માથાનો નૂરાની ઝુમ્મર એવો ઝુમ્યો કે ઢલકીને કાનની નજીક આવી ગયો. રહમત તથા નૂરની હલકી હલકી વર્ષા થઈ રહી હતી જેનાં ટીપાંઓ મોતીઓની જેમ હતીમે કા'બામાં ઝળતાં રહ્યાં જેનાથી તેની ગોદ (અંદરની દીવાલવાળી જગા) ભરાઈ ગઈ.

**દુલ્હનકી ખુશ્બુ સે મસ્ત કપળે નસીમે ગુસ્તાખ આંચલોંસે**
**ગિલાફ઼ે મુશ્કીં જો ઉળ રહા થા ગઝાલ નાફ઼ે બસા રહે થે**

*(નસીમે ગુસ્તાખ = બેઅદબ સવારની હવા. મુશ્કીં = કાળા રંગનો મુશ્કવાળી ખુશ્બુવાળો. ગ઼ઝાલ = હરણ. નાફ઼ે = હરણની જોલી જેમાં કસ્તૂરી જમા થાય છે.)*

**અર્થાત :** દુલ્હન (કા'બા મોઅઝ઼્ઝમા)ના ખુશ્બોદાર ગિલાફ (મસ્ત કપડોં)થી સવારની હવા ઘણી ચાલાકીની સાથે ખેલકૂદ કરીને (ખુશ્બુ ચોરાવી રહી હતી) ખુશ્બુમાં વસેલો કા'બાનો ગિલાફ વજદમાં આવીને ઝુમી રહ્યો હતો અને હરણો દરરોજ પોતાની થેલીઓ કસ્તૂરીથી ભરી ભરીને લઈ જઈ રહ્યાં હતાં.

**પહાળોંકા વો હુસ્ને તઝઈન વો ઊંચી ચોટી વો નાઝો તમ્કીં**
**સબાસે સબ્ઝામેં લહરેં આઈં દુપટ્ટે ધાની ચુને હુએ થે**

*(તઝઈન = સાઝ શણગાર, સજાવટ. નાઝો તમ્કીન = શાનો શૌકત. સબા = વસંતઋતુની પશ્ચિમથી ચાલનારી હવા. ધાની = હલકો લીલો રંગ, ડાંગર ઓરવા પાત્ર જમીન)*

**અર્થાત** : સુબ્હાનલ્લાહ ! પહાડોની સાંભળી લો. તેમની ખૂબસૂરત તથા ઊંચી ટોચોનો રૂઆબ તથા દબદબો ! વાહ ! વાહ ! શું કહેવું એનું ! ઠંડી હવાએ તેમની લીલોતરીમાં એવી લહેરો પેદા કરી કે મન્ઝર એવો લાગી રહ્યો હતો જાણે તેમણે પીળાશ પડતો લીલો રંગ (ધાની–ડાંગર)ના દુપટ્ટા ઓઢી રાખ્યા છે આ સઘળુ આયોજન મેઅરાજના માટે થઈ રહ્યું છે.

*તૂર હૈ કા'બા હૈ યા અર્શે મુઅલ્લા ક્યા હૈ–રાઝ ખુલતા નહીં યહ ગુંબદે ખઝ્રા ક્યા હૈ*
*શબે મેઅરાજમેં જિબ્રીલ ભી હયરાં થે ઝિયા–કૌન હૈ કસ્રે દનામેં પસે પર્દા ક્યા હૈ*

**નહાકે નેહરોંને વો ચમકતા લિબાસ આબે રવાંકા પહના**
**કે મોજેં છળિયાં થીં ધાર લચકા હિબાબે તાબાંકે થલ ટકે થે**

*(આબે રવાં = વહેતુ પાણી. છળિયાં = કપડાને ગોટોવાળીને લટકાવી ખૂબસૂરત બનાવવું, લાકડીઓ. ધાર લચકા = પાતળો છેડો. હિબાબ = પરપોટો. તાબાં = ચમકદાર. થલ ટકે થે = જગા જગાએ ફૂલો વિખેરાએલાં હતાં (બાક઼ાયદા સિસ્ટમેટીક રાખેલાં હતાં)*

**અર્થાત** : અને નહેરોનો હાલ શું પૂછો છો ! તેમણે પણ ખૂબ નહાઈ ધોઈને વહેતા પાણીનો ચમકીલો લિબાસ પહેરી રાખ્યો હતો. તેના મોજાંઓ ધોધની જેમ અને તેની ધારો બારીક ગોટા (ડિઝાઈનવાળા) જેવી હતી. અને એની ઉપર પાણીના ખૂબસૂરત રંગબેરંગી પરપોટાઓ ચમકદાર તથા રંગીન ફૂલોની જેમ ઠેક ઠેકાણે વિખરાયેલાં હતાં, જેનાથી નહેરોના હુસ્નો જમાલને ચાર ચાંદ લાગી ગયા. આ સર્વ ઈન્તેઝામ કરીને :

*મઅબૂદને મહબૂબકે રુત્બેકો બળ્હાયા–આલમકે લિયે તાજ શફાઅતકા પહનાયા*
*મેઅરાજકી શબ અર્શે મુઅલ્લાપે બુલાયા–ષાની તો કુજા ઉન્કા બનાયા નહીં સાયા*

**પૂરાના પુર દાગ મલ્ગજા થા ઉઠા દિયા ફર્શ ચાંદનીકા**
**હુજૂમ તારે નિગહસે કોસોં ક઼દમ ક઼દમ ફર્શ બાવલે થે**

*(દાગ – ધબ્બો, નિશાન. મલ્ગજા – ન મેલો ન સાફ (માધ્યમ)*

**અર્થાત** : (જેવી રીતે કોઈ મોટા મહેમાનના આગમન પર પૂરાણા ગાલીચા તથા ફર્શ ઉઠાવી લેવામાં આવે છે અને નવા પાથરી દેવામાં આવે છે. મેઅરાજની રાતે કાંઈક એ જ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી કે) પૂરાણુ, દાગોવાળુ અને મેલુ કુચેલુ ફર્શ ઉઠાવી લેવામાં આવ્યું. (એટલે કે ૨૭મી રાતે મેઅરાજ થઈ જ્યારે ચાંદ નજર આવતો ન હતો કેમ કે એની રોશની પૂરાણી થઈ ગઈ હતી, એની જગાએ) નૂરી મખ્લૂક઼ે (ફરિશ્તા, હૂરો, (રિઝવાને જન્નતે) પોતાની આંખોને રસ્તાની ફર્શ કરેલી હતી, જાણે ચાંદની ચાંદનીનું પૂરાણુ ફર્શ ઉઠાવી લીધું અને નૂરાની મખ્લૂક઼ની આંખોનું સોનેરી તથા કિમખ્વાબ (સોના તથા રેશમના તારોથી વણેલા કપડા)નું ફર્શ બિછાવી દેવામાં આવ્યું. કેમ કે જે ખુદ સિરાજમ્મુનીર હોય તે કોઈ ચાંદની ચાંદનીનો હાજતમંદ નથી હોઈ શકતો. *ચમક તુઝસે પાતે હૈં સબ પાનેવાલે–મેરા દિલ ભી ચમકા દે ચમકાનેવાલે*

**ગુબાર બનકે નિષાર જાએં–કહાં અબ ઉસ રહગુઝર કો પાએં**
**હમારે દિલ હૂરિયોંકી આંખેં ફરિશ્તોંકે પર જહાં બિછે થે**

*(ગુબાર – ધૂળ)*

**અર્થાત** : આપણે આપણા આકાની રાહગુઝર પર કુર્બાન થઈ જઈએ પણ હવે એ રસ્તો આપણા હાથ કેવી રીતે લાગે કે શબે મેઅરાજ જે રસ્તે થઈને હુઝૂર ﷺ બારગાહે ખુદાવંદીમાં હાજર થયા અને એ રાહ પર આપણા દિલો બિછાવેલાં હતાં. ન કેવળ આપણા દિલો બલ્કે જન્નતની હૂરોએ પોતાની આંખોને રસ્તાની ફર્શ બનાવી હતી, અને નૂરાની ફરિશ્તાઓએ એ રાહ પર પોતાની નૂરી પાંખોને બિછાવેલી હતી.

**ખુદા હી દે સબ્ર જાને પુર ગમ દિખાઉં ક્યૂં કર તુઝે વો આલમ**
**જબ ઉન્કો ઝુર્મતમેં લે કે કુદ્સી જિનાંકા દુલ્હા બના રહે થે**

**અર્થાત** : હે દીદારે મુસ્તફા ﷺના માટે તડપી તડપીને નિઢાલ થનાર તથા રસૂલુલ્લાહ ﷺના વિરહમાં ગમોથી ભરેલી મારી દુ:ખોની માર્યી જાન ! અલ્લાહ તને સબ્રની દૌલતથી માલામાલ ફર્માવે. હું તને એ મન્ઝર કેવી રીતે દેખાડી શકુ છું ! (તું તો પહેલેથી જ કમજોર છે, ક્યાંક તારી જાન જ ન નીકળી જાય) જ્યારે શબે મેઅરાજ જાને કાઈનાત ﷺને ફરિશ્તાઓની મુકદ્દસ જમાઅત, મારા આકા અને શબે મેઅરાજના દુલ્હા પર ભીડ લગાડેલ હતી અને આપને સર્વ જન્નતોના દુલ્હા બનાવી રહી હતી, તારી અંદર જોવાની તો શું પણ સાંભળવાની પણ શક્તી નથી.

**ઉતાર કર ઉનકે રુખકા સદકા યહ નૂર કા બટ રહા થા બાળા**
**કે ચાંદ સૂરજ મચલ મચલકર જબીં કી ખૈરાત માંગતે થે**

*(બાળા – સદકો. મચલ મચલકર – હઠ કરીને. જબીં – પેશાની)*

**અર્થાત** : (અને એવું લાગી રહ્યું હતું કે અલ્લાહે સર્વ જહાનના નૂરોને હુકમ આપી રાખ્યો હતો કે જો આજે તમારે વરસવું જ છે તો એ નૂરના ઉગમ સ્થાન તથા કેન્દ્રના ચેહરાએ અકદસની નિછાવરથી તમામ નૂરાનીઓમાં નૂરની ખૈરાત વહેંચવામાં આવી રહી હતી. ચાંદ તથા સૂરજનો હાલ એ હતો કે આટલા પ્રમાણમાં પ્રકાશિત હોવા છતાં હઠ તથા આગ્રહ કરીને સરકારે મદીના ﷺની મુબારક પેશાનીની ખૈરાત માગી રહ્યા હતા.

**વહી તો અબ તક છલક રહા હૈ વહી તો જોબન ટપક રહા હૈ**
**નહાને મેં જો ગિરા થા પાની, કટોરે તારોંને ભર લિયે થે**

**અર્થાત** : મેઅરાજની રાત્રે જ્યારે મારા આકા ﷺએ ગુસ્લ કર્યું, તો કાંઈ જાણો છો કે એ ગુસ્લનું પાણી ક્યાં ગયું ? જો ન જાણતા હોવ તો સાંભળો ! આ આસ્માનના તારાઓ તમને જોવા મળી રહ્યા છે ને ! તેમનામાં જે રોશની જગમગતી તથા કાંપતી કાંપતી જોવા મળે છે તેને જરા ધ્યાનપૂર્વક તો જુઓ ! એ તે જ ગુસ્લ મુબારકનું પાણી છે, જેને તારાઓએ પોતાની આંખોના કટોરાઓમાં મેહફૂઝ કરી લીધેલ હતું અને હવે એ પાણી નૂર બનીને રોશની ટપકાવી રહ્યું છે. અને જો કોઈને એમાં અતિશયોક્તિ જણાતી હોય તો તે પોતાની નજરોનો ઈલાજ કરાવીને આનાથી દલીલ કરીને માની જાય કે :

*નૂરને તલ્વોંકો સહલાકર જગાયા ખ્વાબસે–યૂં હૂઈ સરકારકી મેઅરાજે જિસ્માની શુરૂઅ*
*પહલે તો વો હમ રકાબે સરવરે કૌનેન થા–હો ગઈ જિબ્રઈલકી સિદરાસે હયરાની શુરૂઅ*

**બચા જો તલ્વોંકા ઉન્કે ધોવન–બના વો જન્નતકા રંગો રોગન**
**જિન્હોંને દુલ્હાકી પાઈ ઉતરન–વો ફૂલ ગુલઝારે નૂર કે થે**

**અર્થાત** : નબી કરીમ ﷺના મુબારક પગોનું ધોવણ (વુઝૂ કે ગુસ્લ કરતી વેળા જે પાણી પડતું) તેના વડે જન્નતને રંગ રોગન કરીને તેના હુસ્નને વધારવામાં આવ્યું અને જન્નતનાં નૂરાની ફૂલ અને જન્નતના બાગના ફૂલો પોતાની સુંદરતા વધારવા માટે હુઝૂર ﷺના શરીર મુબારકથી ઉતરનારો લિબાસ હાંસલ કરવામાં આગળ આગળ હતો.

**ખબર યહ તહવીલે મહરકી થી રુત સુહાના ઘળી ફિરેગી**
**વહાં કી પોશાક ઝેબેતન કી યહાં કા જોળા બળ્હા ચૂકે થે**

*(તહવીલ = હવાલે કરવું. મહર = સૂરજ. રુત = ઋતુ. ઝેબેનત કરના = પહેરવું)*

**અર્થાત** : આફતાબે નબુવ્વત (નબુવ્વતનો સૂરજ)નું શબે મેઅરાજ જમીનથી આસ્માનની તરફ અને મકાનથી લા મકાંની તરફ જવું (તહવીલે મહર) જાણે પોતાનો એક ગ્રહ છોડીને બીજા ગ્રહની તરફ ચાલવું એ વાતની દલીલ છે કે ઋતુ બદલાનારી છે અને ઉમ્મતના માટે સુહાની તથા પસંદીદા ઘડી આવનારી છે કે જ્યારે લામકાં પર ઉમ્મતની બખ્શિશના ફેંસલા થશે, એટલા માટે તો ત્યાંનો નૂરાની લિબાસ પહેર્યો અને અહીંનાં કપડાં ઉમ્મતના ગુનાહોના બદલામાં સદકો કરી આપ્યાં જેથી ઉમ્મતથી આ સદકાના તુફૈલ ગુનાહોની આફત ટળી જાય કેમ કે الصدقہ ترد البلاء "સદકો મુસીબતને ટાળી દે છે." *(અલ્હદીષ)*

**તજલ્લીએ હક્કકા સેહરા સર પર–સલાતો તસ્લીમકી નિછાવર**
**દો રવૈયા કુદ્સી પરે જમાકર–ખળે સલામી કે વાસ્તે થે**

**અર્થાત** : સરકારે મદીના ﷺના સરે અન્વર પર જલ્વએ હક્કનો નૂરાની સેહરો બાંધવામાં આવ્યો અને જન્નતી હૂરોએ દુરૂદો સલામનાં ફૂલો નિછાવર કર્યાં અને જે જે રસ્તેથી હુઝૂર ﷺની સવારી ગુજરી બંને બાજુ ફરિશ્તાઓએ ઉભા રહીને શબે મેઅરાજના દુલ્હાને સલામી પેશ કરે. الدنیا مزرع الاخرۃ દુનિયા આખેરતની ખેતી છે. દુનિયાના બાદશાહની સવારી પસાર થવાની હોય તો એ જ પ્રમાણે કરે છે કે કોઈ ફૂલ નિછાવર કરે છે તો કેટલાક રસ્તાની બંને બાજુ ઉભા રહીને સ્વાગત કરે છે. કોઈ હટો ખસોની બૂમો પાડી રહ્યો છે અને :

*મેઅરાજકે દુલ્હા આતે હૈં–જિબ્રઈલ મુનાદી કરતા હૈં*

**જો હમ ભી વાં હોતે ખાકે ગુલશન–લિપટકે કદમોંસે લેતે ઉતરન**
**મગર કરેં ક્યા નસીબમેં તો–યહ નામુરાદીકે દિન લિખે થે**

**અર્થાત** : હે કાશ ! કે આપણે પણ ત્યાં હોત તો જે ગુલશનથી સરકાર પસાર થયા એની જમીનની માટી બનીને હુઝૂર ﷺના કદમોથી લપેટાઈ જાત અને અર્ઝ કરતા કે જો તમારુ ધોવણ જન્નતને અતા કર્યું છે તો તમારો ઉતરન (ઉતરેલો લિબાસ) અમને અતા ફર્માવો. આપણા આકા ﷺ જરૂર આપણી વાત માની જાત. અને જો ઉતરન ન પણ મળત તો નઅલૈને પાક મળી જાત જેને આપણે આપણા માથાનો તાજ બનાવી લેત.

*જો સરપે રખનેકો મિલ જાએ નઅલે પાકે હુઝૂર–તો ફિર કહેંગે કે હાં ! તાજદાર હમ ભી હૈં*

પરંતુ આપણા એટલાં નસીબ ક્યાં કે આપણા જેવા નકામા એ નઝારો કરતા ! આપણા નસીબમાં આ જ નાકામીમાં ખાક છાનવાના દિવસ લખેલા છે. ક્યાં તે પાક જાત અને ક્યાં આપણે નકામા !

**અભી ન આયે પુશ્તે ઝીં તક કે સર હુઈ મગફિરત કી સલક**
**સદા શફાઅતને દી મુબારક ગુનાહ મસ્તાના ઝુમતે થે**

*(પુશ્તે ઝીં = સવારીની ઝીન. સલક = ટોપોની સલામી)*

**અર્થાત :** બસ ! પછી શું હતું ? અલ્લાહના મહબૂબ ﷺ સવારી (બુર્રાક) પર સવાર થવાના જ હતા કે ટોપોનો અવાજ આવવા લાગ્યો, જે એ વાતની નિશાની હતી કે આપની ઉમ્મતની બખ્શિશ થઈ ગઈ અને શફાઅતે ખુદ આગળ વધીને હુઝૂર ﷺને મુબારકબાદ આપી કે જે ઉમ્મતના માટે આપ રડી રડીને દુઆઓ કરતા રહ્યા, મુબારક થજો તેનું કામ બની ગયું ! આ બાજુ ઉમ્મતના ગુનેહગારોને જ્યારે એ ખબર પહોંચી તો તેમણે વજદમાં આવીને મસ્તોની જેમ ગુમવાનું શરૂ કરી આપ્યું અને ગુનાહોએ પણ ખુશી મનાવી કે જો ગુનેહગારોની બખ્શિશ ન થાત તો અમારા કારણે આ ગુનેહગાર અઝાબમાં સપડાય જાત, જેનાથી અલ્લાહના મહબૂબ પરેશાન થાત. તો શુક્ર છે કે અમે હુઝૂર ﷺની પરેશાનીનો સબબ બનવાથી બચી ગયા.

**શબે મેઅરાજમાં ઉમ્મતની યાદ :** કોઈ પંજાબી શાઈરે આ રિવાયતનો તર્જુમો કર્યો જેમાં છે કે આપ સવારી (બુર્રાક) પર સવાર થતા પહેલાં અટકયા અને જિબ્રઈલે અમીન علیہ السلامને ફર્માવ્યું : (શેઅરનો અર્થ) : કે આજે હું તો બુર્રાક પર સવાર થઈને અલ્લાહને ત્યાં ચાલ્યો જઈશ, પરંતું કાલે મારી ઉમ્મત મેહશરનો દિવસ પચાસ હજાર વરસનો અને પુલસિરાત ત્રીસ હજાર વરસનો કેવી રીતે પસાર કરશે ? પહેલાં એની વ્યવસ્થા કરો ! જેથી જિબ્રઈલે અમીનને અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મારા હબીબ ﷺને અર્ઝ કરી આપ કે હે મહબૂબ ! પરેશાન ન થા, તારી ઉમ્મત કૃબ્રોએથી બાદમાં નીકળશે પણ સવારીઓ પહેલેથી ત્યાં ઉભી હશે. જેમ કે તફસીરે જલાલૈનમાં આયત : یوم نحشر المتقین الی الرحمن وفدا હેઠળ લખ્યું છે કે હુઝૂર ﷺની ઉમ્મત કૃબ્રોની નીકળીને સવારીઓ પર સવાર થશે અને જન્નતમાં જશે.

وفدا એ واف્‌દ્‌ના અર્થમાં نું راکب ای یخرجون من القبور راکبین حتی یقرعون باب الجنة બહુવચન છે (હાશિયા જલાલૈન)

એટલા માટે હુકમ છે કે કુર્બાનીનું જાનવર અયબદાર ન હોય, કેમ કે એ કયામતના રોજ તમારી સવારી બનશે. તેની દષ્ટિ ખરાબ ન હોય નહીં તો કુર્બાની થશે નહીં. જ્યારે ખરાબ આંખવાળા જાનવરની કુર્બાની નથી થઈ શકતી, તો કાણો દજ્જાલ મિર્ઝા કાદયાની નબી કેવી રીતે થઈ શકે છે ?! જેઓ એવાને નબી માને છે, યકીનન ! એ મુર્તદોનું ઈમાન ખરાબ જ તો છે. વળી જો જાનવર એક આંખવાળુ હશે તો પોતાના સવારને તલાશ કેવી રીતે કરશે કે આ મારો સવાર છે. ક્યાંક એવું ન બને કે આપ એની ખરાબ આંખની સાઈડ પર આવી જાવ અને તે આપની પાસેથી પસાર થઈ જાય. ન તમને ખબર પડે કે આ મારી સવારી છે ન તેને ખબર પડે કે આ મારો સવાર છે !

પંજાબી શાઈરના આગલા શેઅરો આ પ્રમાણે છે : (અર્થ) કે હે મહબૂબ ! ﷺ હવે વાર ન લગાડો, મારી

મહેમાની જોવા માટે અર્શ પર આવો ! જન્નતની ચાવીઓ આપના હાથમાં આપી દઈશ, જેવું ચાહો તેવું કરો, સર્વ જહાન આપના પર કુર્બાન ! જે માગો આપને અતા થશે. *(આ રિવાયત રૌઝતુલ અઝહાર, પેજ નં. ૨૦૯ પર જોઈ શકાય છે)*

હે મુસલમાનો ! વિચારો ! આપણા આક઼ા ﷺ આપણા માટે શું શું કરે છે? ને કેવળ બુર્રાક઼ પર સવારીના સમયે બલ્કે અર્શ પર જઈને પણ આપણને ન ભૂલ્યા. એટલા માટે અલ્લાહ તઆલાએ સૂરએ નજ્મમાં ફર્માવ્યું, ماضل صاحبکم તમારા સાહબ ન ભટકયા ન ભૂલ્યા." યા અલ્લાહ ! એવું કેમ ન ફર્માવ્યું કે મારો નબી, મારો રસૂલ ન બહેક્યો ! કેવળ એટલા માટે કે બોલાવ્યા તો ખુદાએ જ હતા પણ ત્યાં જઈને પણ ગુનેહગાર ઉમ્મતને યાદ કરતા રહ્યા.

એક પંજાબી શાઈર આ પ્રસંગ પર આ પ્રમાણે કહે છે : (અર્થ) હે મુસલમાન ! વિચાર કર ! તારો નબી પેદા થયો તો માથુ સિજદામાં રાખીને رب هب لی امتی "રબ્બે હબ્લિ ઉમ્મતી" કહેતો રહ્યો. "હે અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી આપ !" યુવાન થયો તો ગુફાઓમાં જઈ જઈને રડી રડીને તારા ગુનાહોને બખ્શાવતો રહ્યો, અને એવું દર્દની સાથે રડતો કે ચરવાહાની બકરીઓ ઘાસચારો ખાવાનું ત્યજી દેતી અને પરેશાની થઈ જતી. જેવું કે એક રિવાયતમાં આવ્યું છે. પછી અલ્લાહે મેઅરાજની રાતે અર્શ પર બોલાવ્યા તો ત્યાં શું થયું ?! જ્યારે બુર્રાક઼ પણ નીચે રહી ગયો, જિબ્રઈલ પણ સિદરા પર રોકાય ગયા. ઝુખરફ પણ જવાબ આપી ચૂક્યો તો :

*તહે અર્શ સજદેમેં સરકો ઝુકાયા–બિખરકર કે ઝુલ્ફોંને યહ રંગ લાયા*
*યહ કહ કર ખુદાને નબીકો ઉઠાયા–કે પ્યારે તેરે ગેસૂ ક્યા માંગતે હૈં*
*યહ સુનકર કહા મુસ્તફ઼ાને, ઈલાહી !–યહ કહતી મેરે ગેસૂઓંકી સિયાહી*
*સિયાહ બખ્ત ઉમ્મતકી કર દે રિહાઈ–ઈલાહી ! યહ ગેસૂ દુઆ માંગતે હૈં*
*ખુદાને કહા તૂ ન ગભરા મુહમ્મદ (ﷺ)–મેરે સામને અર્શ પર આ મુહમ્મદ (ﷺ)*
*તૂ ચાહે જૈસે બખ્શવા મુહમ્મદ–કે પ્યારે તેરી હમ રઝા ચાહતે હૈં ﷺ*

જેથી ઉમ્મતી થવાનો તક઼ાઝો એ છે કે હુઝૂર ﷺએ જો એકવાર પણ આપણને યાદ કર્યા હોત તો આપણે આપણા આક઼ાને એકવારની યાદગીરીના શુક્રાનામાં હજાર વાર પણ યાદ કરીને દુરૂદો સલામ પઢતા રહેતા તો ઓછુ નથી.

*જિન કે લબ પર રહા ઉમ્મતી ઉમ્મતી–યાદ ઉન્કી ન ભૂલો 'નિયાઝી' કભી*
*વો કહેં ઉમ્મતી, તૂ ભી કહ યા નબી !–મૈં હાઝિર તેરી ચાકરી કે લિયે*

મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન મૌલાના સરદાર અહમદ رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે અમે નારએ રિસાલત એટલા માટે લગાડીએ છીએ કે હુઝૂરે આપણને પેદા થતાં જ યાદ કર્યા. જો આપણે પેદા થવાથી લઈને મૃત્યુ સુધી હુઝૂર ﷺના આ એકવાર "ઉમ્મતી" ફર્માવવાના જવાબમાં પૂરી જિંદગી યા રસૂલલ્લાહ ! ﷺ કહેતા રહીએ તો આપના એકવાર "યા ઉમ્મતી" કહેવાનો શુક્રિયા નથી અદા કરી શકતા.

આ પરથી એક વાત બેનમાઝી નામ માત્રનો ગુલામીએ રસૂલનો દાવો કરવાવાળાઓના માટે પણ જાણવા મળે છે કે આપણા આક઼ા ﷺ તો તે છે જે પેદા થતાં જ સિજદો કરે છે અને આપણે ૫૦–૫૦ વરસના થઈને

પણ સિજદો નથી કરતા તો એવા ઉમ્મતીને એવા આક઼ા સાથે શું નિસ્બત હોય શકે છે ?! અથવા એવું સમજો કે શૈતાને આદમ عليه السلام ને એક સિજદો કરવાથી ઈન્કાર કરી આપ્યો તો ક઼યામત સુધીના માટે લઅનતી થઈ ગયો અને આપણે જો દરરોજ પાંચ નમાઝોના સર્વ સજદા છોડી દઈએ તો શું તેમ છતાં પણ આપણે મહબૂબ જ રહીશું ?! અથવા આ રીતે પણ કહી શકાય છે કે કેવળ નારાની હદ સુધી તો આપણે કહીએ છીએ કે "ગુલામીએ રસૂલમેં મૌત ભી કુબૂલ હૈ." પરંતું મૌત તો બહુ મોટી આફત છે, એની વાત તો જવા દો, શું "ગુલામીએ રસૂલમાં નમાઝ પણ ક઼બૂલ છે કે નહીં ?!" જ્યારે ગુલામીએ રસૂલમાં દાઢીના અમુક વાળો આપણે આપણા ચહેરા પર નથી સજાવી શકતા અને એ નૂરાની વાળોનો "બોજ" આપણાથી નથી ઉઠાવી શકાતો, તો મૌતની વાત કરવી અને ઊંચા ઊંચા દાવા કરવામાં આપ પોતે જ અંદાઝો લગાડી લો કે આપણે ક્યાં સુધી સાચા છીએ.

હે પોતાની આખેરતને ભૂલી જવાવાળા હુઝૂરના નામ માત્રના આશિક઼ ઉમ્મતીઓ ! જો આ અમુક વાતો વાંચીને તમારા દિલમાં કાંઈક એહસાસ પેદા થયો છે અને હુઝૂર ﷺની ઉમ્મત પર આટલા પ્રમાણમાં મહેરબાની તથા ખૈરખ્વાહીના બદલામાં કાંઈક અમલ કરવાનો જઝબો પેદા થયો છે તો અમુક વાતો મેઅરાજ શરીફના હવાલાથી આપની સમક્ષ રાખી રહ્યો છું. ખુદારા ! સાચા આશિક઼ બનો અને અમલ કરવાની કોશિશ કરીને દોઝખનું બળતણ બનવાથી બચી જાવ, નહીં તો આ મન્ઝરને ન ભૂલશો કે :

*જબ સરે મેહશર વો પૂછેંગે બુલાકર સામને–ક્યા જવાબે જુર્મ દોગે તુમ ખુદાકે સામને*

આ તે બનાવો છે જે થશે તો ક઼યામત પછી પરંતું આપણા ફાયદાના માટે અલ્લાહ તઆલાએ ક઼યામતના બાદવાળા બનાવો હુઝૂર ﷺને મેઅરાજ શરીફની રાતમાં જ દેખાડી આપ્યા, જેથી જ્યારે હુઝૂર ﷺ જમીન પર જઈને ફર્માવશે કે હું ખુદ મારી આંખો વડે આ પ્રકારનાં કામો કરવાવાળા લોકોને આવા આવા અઝાબમાં જોઈને આવ્યો છું, તો પછી કોઈ કાફિર જ હશે જે મહબૂબે ખુદા ﷺની આવી પાકી તથા જોયેલી વાતને નહીં માને.

## ★ મેઅરાજની રાતે ઈબ્રતના (બોધ પાત્ર) કેટલાક બનાવો ★

રજબુલ મુરજ્જબની ૨૭મી રાતે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને મેઅરાજ માટે પોતાનો પાક દીદાર કરાવવા તથા મહાન કુદરતો દેખાડવા તથા મુજરિમોના અઝાબોનું નિરીક્ષણ કરાવવા બોલાવ્યા, જેથી આપની ઉમ્મત તે જુર્મોથી મેહફૂઝ રહીને એ ગુનાહોના ભયાનક અઝાબથી બચે. ખૂબ જ ધ્યાનપૂર્વક વાંચો અને પોતાની જાનો તથા પોતાનાં બીવી બચ્ચાંને દોઝખના અઝાબથી બચાવો.

**બેનમાઝીનો અઝાબ** : શબે મેઅરાજ હુઝૂર ﷺ એક એવી ક઼ૌમ પાસેથી પસાર થયા જેમનાં માથાં પથ્થર વડે ફોડવામાં આવી રહ્યાં હતાં. અને માથાં ફોડી નાખ્યા બાદ તે ફરી પોતાની અસલી હાલત પર થઈ જતાં હતાં, અને આ ક્રમ જરાય બંધ નથી પડતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ عليه السلامએ અર્ઝ કરી, "આ તે લોકો છે જેઓ નમાઝથી ગફલત કરતા હતા !"

**ઝકાત ન આપનારનો અઝાબ** : એક ક઼ૌમ પાસેથી આપ પસાર થયા જેમની શર્મગાહ પર આગળ

પાછળ ચિથડાં લપેટેલ હતાં અને તેઓ જાનવરોની જેમ કાંટાદાર ઝકૂમ અને જહન્નમના પથ્થર ખાય રહ્યા હતા. આપે ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલે અર્ઝ કરી, આ તે લોકો છે જેઓ પોતાના માલોની ઝકાત કાઢતા ન હતા.

**ઝિનાખોરોનો અંજામ** : એક ક઼ૌમ પાસેથી આપ ﷺ પસાર થયા જેમની સામે એક હાંડલીમાં રાંધેલો ગોશ્ત રાખેલો છે અને એક હાંડલીમાં કાચો સડેલો ગોશ્ત રાખેલો છે, અને તેઓ સડેલો ગંદો ગોશ્ત ખાય છે પણ રાંધેલો ઉમદા ગોશ્ત નથી ખાતા. આપ ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે પુરૂષો છે જેમની પાસે હલાલ પત્ની હોવા છતાં બદકાર સ્ત્રીઓ પાસે રાત ગુજારતા, અને તે સ્ત્રીઓ છે જેઓ પોતાના હલાલ પતિને છોડીને બદકાર પુરૂષ સાથે રાત ગુજારતી.

**વ્યાજખોરનો અંજામ** : એક ક઼ૌમ પાસેથી હુઝૂર ﷺ પસાર થયા જે લોહીની નહેરમાં તરતી અને પથ્થર ખાતી હતી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલે અર્ઝ કરી, આ વ્યાજખોર લોકો છે.

તેમજ હુઝૂર ﷺએ વ્યાજખોરોને એ હાલમાં પણ જોયા કે તેમનાં પેટો ઓરડીઓ જેવાં છે જેનામાં સાપ જોવા મળે છે અને જ્યારે એમનામાંથી કોઈ ઉઠે છે તો તરત ગબડી પડે છે.

**બેઅમલ લોકોનો અઝાબ** : એક ક઼ૌમ પર હુઝૂર ﷺ પસાર થયા જેમની જીભો તથા હોઠ લોખંડની કાતરો વડે કાપવામાં આવતા હતા. આપ ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે ફિત્ના પરવર લોકો છે જેઓ લોકોને નસીહત કરે છે અને ખુદ અમલ કરતા નથી કરતા.

**ચુગલખોરનો અઝાબ** : એક ક઼ૌમ પર હુઝૂર ﷺ પસાર થયા જેમના તાંબાના નખો હતા જેનાથી તેઓ પોતાના ચહેરાઓ તથા છાતીઓને ઝખ્મી કરી રહ્યા હતા. આપે ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ ચુગલખોર છે જેઓ લોકોનો ગોશ્ત ખાતા અને તેમની ઈજ્જત બગાડવા ચાહતા હોય છે.

ચુગલખોરોને હુઝૂર ﷺએ એ હાલમાં પણ જોયા કે એમનાં પાસાંઓનો ગોશ્ત કાપવામાં આવી રહ્યો છે અને તેઓ તેને ખાતા જઈ રહ્યા છે. અને તેમને કહેવામાં આવે છે, ખાવ ! જેવી રીતે તમે તમારા ભાઈનો ગોશ્ત ખાતા હતા. આપે ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ લોકોની ગીબત કરવાવાળા ચુગલખોર છે.

**અમાનતમાં ખયાનત કરનાર** : એક શખ્સ પાસેથી આપ પસાર થયા જેણે લાકડીઓનો એક મોટો ભારો ભેગો કરી રાખ્યો છે જેને તે ઉઠાવી નથી શકતો, પરંતુ તેમ છતાં પણ એમાં અધિક લાવી લાવીને રાખે છે. હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આપની ઉમ્મતમાંથી તે શખ્સ છે જેની પાસે લોકોની એટલી અમાનતો છે કે જેને અદા નથી કરી શકતો, પરંતુ તેમ છતાં અધિક ભેગી કરે છે.

**જીભ લાંબી ચલાવનાર (ઝબાન દરાઝ)નો અંજામ** : એક પથ્થર પાસેથી હુઝૂર ﷺ પસાર થયા, જેમાંથી એક બળદ નીકળે છે અને ફરી એ પથ્થરમાં દાખલ થવા ચાહે છે પરંતુ દાખલ નથી થઈ શકતો. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ શું છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે શખ્સનો હાલ છે જે મોઢાથી એવી વાત કાઢે છે જેના પર તેને શર્મિંદથી થાય છે, પરંતુ પછી તે તેને પરત નથી કરી શકતો.

**યતીમનો માલ ખાનારનો અંજામ :** એક કૌમને હુઝૂર ﷺએ જોયી કે તેમના ચહેરા ઊંટની જેમ છે અને તે લોકોએ આગના અંગારા મોંમાં રાખેલા છે જે એમની પાછળથી નીકળે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ યતીમોનો માલ ખાનારા છે. રિયાકારને કૂવાથી ખાલી ડોલ કાઢતો જોયો.

**હરામખોરનો અંજામ :** હુઝૂર ﷺએ જોયું કે એક દસ્તરખાન પર પાકીઝા ગોશ્ત છે અને એક દસ્તરખાન પર બદબૂદાર ગોશ્ત છે, અને કેટલાય લોકો પાકીઝા ગોશ્ત છોડીને બદબૂદાર ગોશ્ત ખાય રહ્યા છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ લોકો છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે લોકો છે જેઓ હલાલ છોડીને હરામ ખાય છે.

**બદકાર સ્ત્રીઓનો અંજામ :** સ્ત્રીઓના એક ગિરોહને હુઝૂર ﷺએ જોયો કે તેણીઓ છાતીઓ ભેર લટકેલી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે સ્ત્રીઓ છે જેઓ પોતાના પતિઓના નિકાહમાં હોવા છતાં (ગૈરથી) વ્યભિચાર કરે છે અને હરામી બાળકોને પોતાની ઔલાદમાં સામેલ કરે છે.

**બેપર્દા સ્ત્રીઓનો અંજામ :** સ્ત્રીઓના એક અન્ય ગિરોહને હુઝૂર ﷺએ જોયો કે માથાના વાળો વડે લટકેલી છે અને તેમની નીચે આગ સળગી રહી છે જે એમનું બદન ખાતી જાય છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે સ્ત્રીઓ છે જે પર્દો નથી કરતી અને પોતાના પતિ સિવાય ગૈર મર્દોના માટે બનાવ શિંગાર કરે છે અને બેપર્દા થઈને તેમને પોતાનો શણગાર તથા સજાવટ દેખાડે છે.

બીજી હદીષમાં છે : "જે સ્ત્રી સુરમો લગાડીને ગૈર મેહરમને દેખાડે છે તેનું મોં અલ્લાહ કાળુ કરશે, અને તેની ક઼બ્રને દોઝખનો ખાડો બનાવી દેશે." વલ્અયાઝુ બિલ્લાહિ તઆલા

**નોહા કરવાવાળી (મૈયત પર હાયપીટ કરનારી) :** સ્ત્રીઓના એક ગિરોહને આપે જોયો કે તેમનો તારકોલ (ડામર)નો લિબાસ છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, આ કોણ છે ? જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ તે સ્ત્રીઓ છે જેઓ પુરૂષો પર નોહા (હાય પીટ) કરે છે.

જૂઠી ક઼સમ ખાનારાઓની જીભો બોચી તરફથી ખેંચવામાં આવી રહી હતી. અસ્તગફિરુલ્લાહ ! વલ્અયાઝુ બિલ્લાહ ! *(તફસીરે રૂહુલ બયાન, નુઝહતુલ મજાલિસ)*

આપે મેઅરાજની રાતે એ પણ જોયું કે કેટલાક લોકોની જીભો લોખંડની કાતરો વડે કાપવામાં આવી રહી છે. આપના પૂછવા પર જિબ્રઈલ علیہ السلامએ બતાવ્યું, આ લોકોને ગુમરાહીમાં ફેંકનારા બદઅમલ વાઈઝ છે.

કેટલાક લોકો દોઝખની આગમાં પોતાના લોખંડના નખો વડે પોતાના શરીરોને ખોતરીને ગોશ્ત ઉતારી રહ્યા હતા. હુઝૂર ﷺએ જિબ્રઈલ علیہ السلامને પૂછયું, આ કોણ લોકો છે ? અર્ઝ કરી, આ તેઓ છે જેઓ દુનિયામાં બીજા લોકોની બેઈજ્જતી તથા આબરૂરેઝી કરતા હતા. જો આપણે આપણી અંદર જો તૌબાનો એક ટકો પણ ધરાવીએ છીએ તો જરૂર આ કામોથી બચવાની કોશિશ કરીશું જેને કરવાના કારણે આ લોકો વિવિધ પ્રકારના અઝાબોમાં સપડાયા. કેમ કે મર્યા વિના તો કોઈ ચારો છે જ નથી.

આમદમ બર સરે મતલબ ! વાત જ્યાંથી શરૂ થઈ ત્યાં જ ખત્મ કરીએ છીએ, કુર્બાનીનાં જાનવર ક઼યામતના દિવસે ઉમ્મતે મુસ્તફાની સવારી બનશે. પરંતું જે વિચારો આખી જિંદગી કુર્બાની કરી જ ન શકયો તેની સવારી

ક્યાંથી આવશે ? તો એને મુબારક થાય, જો ખરેખર તેની પાસે કુર્બાની કરવાની ગુંજાઈશ તથા શક્તિ ન હતી તો તેના તરફથી હુઝૂર ﷺએ ખુદ પોતાના હાથો વડે કુર્બાની કરીને સવારીની વ્યવસ્થા કરી આપી છે. એઓ પોતે કરે છે તો ખુદા જાણે તેમની ક઼બૂલ થાય કે ન થાય, પરંતુ જેના તરફથી હુઝૂર આપ કરીને ગયા છે તેની ભલા કેમ ક઼બૂલ નહીં થાય ! જેમ કે હદીષમાં છે કે હુઝૂર ﷺ દર વર્ષે બે કુર્બાનીઓ કર્યા કરતા એક من محمد صلی اللہ પોતાના તરફથી અને બીજી જે عمن لمن یضح من امتی ઉમ્મતી શક્તિ નથી ધરાવતા ક઼યામત સુધીના તેમના તરફથી છે.

આ મુદ્દો પણ ધ્યાનમાં રાખશો કે મૂસા علیہ السلامએ દીદારના સિવાય પોતાના ઉમ્મતના બારામાં કોઈ માગણી પણ ન કરી, પરંતુ તેમને ફર્માવ્યું, لن ترانی હે મૂસા !

*ન તૂ દેખે ન ચશ્મે અંબિયા દેખે—મુઝે દેખે મુહમ્મદ ﷺકી નિગાહ દેખે*

અહીં આ બાજુ માગણીઓ પર સ્વીકારઈ રહી છે અને દીદાર પણ કરાવવામાં આવી રહ્યો છે. મૂસા علیہ السلام જાગી જાગીને રાહ જોઈ રહ્યા છે અને મહબૂબ સૂતેલા છે તો તેમને ઉઠાડીને દીદારના માટે બોલાવવામાં આવી રહ્યા છે.

સારાંશ કે હુઝૂર ﷺ બુર્રાક પર સવાર થવા લાગ્યા તો આપણે આપણા ત્યાં જોઈએ છીએ કે જ્યારે કોઈ દુલ્હો બનીને ઘોડી પર સવાર થાય છે, તો મા આવે છે સુબ્હાનલ્લાહ ! બાપ આવે છે, માશાઅલ્લાહ ! ચાચા આવે છે ! સુબ્હાનલ્લાહ ! હુઝૂર ﷺ જ્યારે બુર્રાક઼ પર સવાર થવા લાગે તો આપના ન પિતા હતા ન ચાચા ઝિંદા ન દાદા પાસે હતા. હે અલ્લાહ ! સુબ્હાનલ્લાહ કોણે કહ્યું ? ફર્માવ્યું, મારો મહબૂબ સવાર થવા લાગ્યો તો મેં ખુદ ફર્માવ્યું : سبحن الذی اسری بعبدہ لیلا સુબ્હાનલ્લાહ ! હે અલ્લાહ ! તું શા માટે સુબ્હાનલ્લાહ ફર્માવી રહ્યો છે ? ફર્માવ્યું, એટલા માટે કે નબી તો હજારો બનાવ્યા છે પણ આના જેવો કોઈ નથી, આ રાત જેવી કોઈ રાત નથી, આ જાત જેવી કોઈ જાત નથી, અને જે વાત થશે એ વાત જેવી કોઈ વાત નથી.

**અજબ ન થા રખશ કા ચમકના ગઝાલ દમ ખુર્દા સા ભળકતા**
**શુઆઐં બુક્કે ઉળા રહી થીં તળપતે આંખોં પે સાઅકે થે**

*(રખશ = આપનો ચહેરો. ગિઝાલ = હરણ. દમ ખુર્દા = જેણે ગોળની શરાબ પીધેલી હોય.*
*શુંઆઐં = તેજ રોશનીનાં કિરણો, બુક્કે = પ્રકાશના પુંજ. સાઅક઼ે = વીજળીનું પડવું.)*

મેઅરાજની રાતે નબી અકરમ ﷺના અથવા આપ ﷺની સવારી (બુર્રાક઼)ના ચહેરાની ચમક દમક પર આશ્ચર્ય એટલા માટે નથી કે એ સમાં (માહોલ) જ એવો હતો કે ઈશ્ક઼ે રસૂલની શરાબના નશામાં મસ્ત થઈને બુર્રાક઼ છલાંગો મારી રહ્યું હતું અને એ છલાંગો એટલા માટે મારી રહ્યું હતું કે ચો તરફથી તેજ રોશનીઓનાં કિરણોના ફુવારાઓ (પ્રકાશ પુંજ) ફૂટી રહ્યા હતા, અને આંખોમાં વીજળીઓ ચમકી રહી હતી. જાનવરની આંખોમાં તે જ રોશની પડે તો તે ખૂબ ઉછળે કૂદે છે અને અહીં તો વીજળીઓને (બુર્રાક બર્ક઼—વીજળીનું બહુવચન) પણ લગામો ચઢાવી દેનાર સિરાજમ મુનીર ખુદ વીજળીઓ ઉપર સવાર થઈ ગયો તો બુર્રાકને એ શોભતુ હતું કે ફખ્ર તથા નાઝથી નવા નવા અંદાઝ દેખાડતુ ચાલે.

અહીં શરહ કર્તા પોતાની ડાયરીમાંથી મેઅરાજ શરીફ઼ વિશે વર્ણવે છે.

**મેઅરાજની નિશાનીઓ** : કુ઼ર્આન મજીદમાં મેઅરાજુન્નબી ﷺના હવાલાથી ફ઼ર્માવવામાં આવ્યું لنريه من اٰياتنا અમે અમારા ખાસ બંદાને રાતના થોડા ભાગમાં મસ્જિદે હરામથી મસ્જિદે અક઼સા સુધી સૈર એટલા માટે કરાવી જેથી અમે એ ખાસ બંદાને અમારી નિશાનીઓ બતાવીએ. હવે જોવાનું એ છે કે તે કઈ નિશાનીઓ હતી જેને દેખાડવા માટે અલ્લાહ તઆલાએ આટલા પ્રમાણમાં વ્યવસ્થા કરી. તો મેઅરાજના બનાવની વિગત વાંચવાથી જાણવા મળે છે કે કેવળ જન્નત તથા દોઝખ દેખાડવા માટે જ મેઅરાજ નથી કરાવવામાં આવી, કેમ કે આપ ﷺએ હઝરત બિલાલ رضی اللہ عنہને ઈર્શાદ ફ઼ર્માવ્યો કે હે બિલાલ ! તું શું નેકી કરે છે કે હું જ્યારે પણ જન્નતમાં ગયો તારા ક઼દમોની આહટ (પગરવ)ને મારી આગળ પામી (كلما دخلت الجنة) "જ્યારે પણ"નો શબ્દ બતાવે છે કે આપ કેવળ એકવાર જ જન્નતમાં નથી ગયા, બલ્કે કેટલીયવાર તશરીફ઼ લઈ ગયા છે. બલ્કે સલાતે કસૂફ઼ પઢાવતી વેળા આપે જન્નતને આપની સામે પામી અને ફ઼ર્માવ્યું કે મારું દિલે ચાહ્યું કે જન્નતનો ઝુમખો તોડી લઉં જેથી આપ જીવનભર ખાતા રહો, પરંતુ પછી મેં મામલો ગયબનો ગયબ જ રાખ્યો. આપ ﷺએ ફ઼ર્માવ્યું કે મેં કૂતરાનો જીવ બચાવનારી સ્ત્રીને જન્નતમાં જોયી અને બિલાડીને બાંધીને મારનારીને દોઝખમાં જોઈ. કિતાબોમાં મૌજૂદ છે બલ્કે કૂતરાં તથા બિલાડીવાળી હદીષો તો સહીહ બુખારીમાં એક જ સ્થળે આગળ પાછળ આવે છે.

હુઝૂર ﷺ ફ઼ર્માવે છે કે હું હઝરત મૂસા علیہ السلામની ક઼બ્ર પાસેથી ગુજર્યો તો મેં જોયું કે તે ક઼બ્રમાં ઉભા પણ છે અને સલાત પઢી રહ્યા છે. હવે એ અલગ ચર્ચા છે કે સલાતથી મુરાદ નમાઝ છે કે દુરૂદ શરીફ઼, કેમ કે એ અજીબ વાત ગણાશે કે આપના ઘરે મહેમાન આવી રહ્યા હોય તો આપ એના આવતા પહેલાં નફ઼લી નમાઝમાં વ્યસ્ત થઈ જાવ. મહેમાનના માટે તો નફ઼લી રોઝો પણ તોડી શકાય છે અને વળી મહેમાન સૈયાહે લામકાં હોય અને મૂસા علیہ السلامને ખબર પણ હોય કે હુઝૂર ﷺ મૂસા علیہ السلامની ક઼બ્રના રસ્તે થઈને બૈતુલ મુક઼દ્દસ તશરીફ઼ લઈ જઈ રહ્યા છે તો મૂસા علیہ السلام (જેમના પર નમાઝ ફ઼ર્ઝ પણ નથી) હુઝૂર ﷺના આવતા પહેલાં નમાઝમાં વ્યસ્ત થઈ જાય. એટલે માટે અહલે મહ઼બ્બતે ફ઼ર્માવ્યું કે જ્યારે સલાતનો અર્થ દુરૂદ પણ છે તો આ પ્રમાણે પણ હદીષનો અર્થ થઈ શકે છે કે હુઝૂર ﷺ ત્યાં થઈને પસાર થવાના હતા જેથી મૂસા علیہ السلام પોતાની ક઼બ્રમાં ઉભા રહીને હાથ બાંધીને "યા નબી સલામ અલૈક" પઢી રહ્યા હતા, એટલા માટે કે નમાઝની તો ખબર હતી કે એ જ આક઼ાની પાછળ બયતુલ મુક઼દ્દસમાં અદા કરવાની છે.

અહીં એ ગુઝારિશ પણ કરવાની છે કે હુઝૂર ﷺએ બયતુલ મુક઼દ્દસની તરફ઼ જવા માટે મૂસા علیہ السلامની ક઼બરવાળો રસ્તો જ કેમ પસંદ કર્યો ? કોઈ જો કહે કે હુઝૂર ﷺએ થોડો પસંદ કર્યો હતો ? એ તો અલ્લાહે કર્યો હતો. તો પછી સવાલ ઔર વજનદાર બની જાય છે કે فعل الحكيم لا خلو عن الحكمة અલ્લાહે એવું શા માટે કર્યું ? આપણે ત્યાં તો લોકો કહે છે કે ક઼બ્રો પર જવું બિદઅત છે અને આવુ છે અને તેવું છે ! اسرىٰ بعبده અલ્લાહ પોતાના મહબૂબને ખુદ લઈ જઈ રહ્યો છે અને તે પણ હઝરત મૂસા علیہ السلامની ક઼બ્ર પર. સાબિત થયું કે ક઼બ્ર પર જવું હુઝૂર ﷺની સુન્નત છે અને ક઼બર પર લઈ જવું અલ્લાહની સુન્નત. ولن تجد لسنة الله تبديلا અલ્લાહની સુન્નત બદલાયા નથી કરતી.

હવે જો હિંમત છે તો જે જે ફત્વા બીચારા સુન્ની પર લાગે છે તો અલ્લાહ વ રસૂલની તરફ પણ એ ફત્વો લગાડી જુઓ ! પછી જુઓ શું થાય છે ! તે જ થાય છે જે ખુદાને મંઝૂર હોય છે ! હુઝૂર ﷺએ ફર્માવ્યું કે મૂસા علیہ السلام કબ્રમાં ઉભા પણ હતા અને સલાત પણ પઢી રહ્યા હતા. આ હદીષ કોઈ સામાન્ય સરખી કિતાબમાં નથી બલ્કે સહીહ મુસ્લિમમાં છે. હવે બતાવો કે જે મરી જાય, માટી બની જાય, જે મરી ગયા પછી હાથ ન હલાવી શકે, પોતે ગુસ્લ ન કરી શકે, કફન ન પહેરી શકે (જેવું કે મુન્કિરો દલીલ આપતાં કહે છે) તે ભલા હજારો વરસો પછી કબ્રમાં ઉભો કેવી રીતે થઈ ગયો ! અને સલાત કઈ રીતે પઢી રહેલ છે ?! સાબિત થયું કે દરેક મરવાવાળો માટી નથી બની જતો. વિચારો તો ખરા ! જે ઉભો થઈને નમાઝ પઢે તે મુર્દા હોય છે ?

એક મસ્અલો એ પણ જાણવા મળ્યો કે હુઝૂર ﷺ તો કબ્રની બહાર થઈને પસાર થઈ રહ્યા હતા તો આપે કેવી રીતે જોઈ લીધું કે મૂસા علیہ السلام કબ્રમાં ઉભેલા છે અને કાંઈક પઢી પણ રહ્યા છે ! અને તે પણ સલાત જ પઢી રહ્યા છે. ખાસ કરીને જ્યારે રાત પણ અંધારી હોય, સવારી પણ એટલી ઝડપી હોય કે નિગાહના છેડે એનો એક એક કદમ પહોંચતો હોય ! *હૈ સોચનેકી બાત–ઈસે બાર બાર સોચો !*

જ્યારે બદ અકીદા દેવબંદી એવો અકીદો ફેલાવે છે કે "નબીને દીવાલ પાછળની ખબર નથી !" તો પછી એ બદબખ્ત બતાવે કે કબ્રની અંદરનો ઈલ્મ કેવી રીતે થઈ ગયો ? માટીની આડ આપણી નજરને તો રોકી શકે છે પરંતુ અલ્લાહના નબીની નિગાહનો એ આલમ હોય છે કે ઉપર નિગાહ કરે તો અર્શે મુઅલ્લાથી પાર જાય અને નીચે નિગાહ કરે તો તહતુષ્ષરા સુધી પહોંચી જાય.

એ પણ જાણવા મળ્યું કે જ્યારે હુઝૂર ﷺ કબ્રની બહાર રહીને કબ્રની અંદરનું સર્વ કાંઈ જોઈ રહ્યા છે તો કબ્રની અંદર રહીને આજે પણ કબ્રની બહાર પણ સર્વ કાંઈ જોઈ રહ્યા છે. સારાંશ કે આ હદીષ અહલે સુન્નતના અકીદાઓ માટે એક ખજાનો છે.

વળી સર્વ નબી મસ્જિદે અક્સા ભેગા થયેલા છે તેઓ કબ્રોએથી નીકળીને કેવી રીતે આવી ગયો ? વળી પછી કેટલાયે અંબિયાએ કિરામની સાથે આસ્માનો પર મુલાકાત થઈ. કબ્રોથી મસ્જિદે અક્સા પર પહેંચી ગયા પછી આસ્માનો પર ! તો ક્યાંક આ હયાતુન્નબીની સાથો સાથ હાઝિરો નાઝિર હોવાનો અકીદો તો સાબિત નથી થઈ રહ્યો ! (હા ! એવું જ છે !)

જો નઊઝુબિલ્લાહ ! નબી મુર્દા હોત તો મુર્દાને તો નમાઝે (જનાઝા) પઢાવતી વેળા આગળ રાખવામાં આવે છે, આ સર્વ તો પાછળ ઉભેલા છે ! સાબિત થયું કે સર્વ ઝિંદા છે. સર્વ બાખબર છે, પણ *બેખબર બેખબર જાનતે હૈ !*

અમુક રિવાયતોમાં છે કે મેઅરાજની રાતે

نظر عن يمينه راى ربه ونظر عن شماله راى ربه ونظر امامه راى ربه ونظر خلفه راى ربه ونظر فوق راسه راى ربه

હુઝૂર ﷺએ આગળ પાછળ ડાબે જમણે અને ઉપર જોયું તો દરેક તરફ અલ્લાહના નૂરને જલ્વાગર પામ્યું અને અર્ઝ કરી : *તજલ્લી તેરી ઝાત કી સૂ બસૂ હૈ–જિધર દેખતા હૂં ઉધર તૂ હી તૂ હૈ*

الحجاب فی حق المخلوق لا فی حق الخلق પર્દો મખ્લૂકના માટે છે ખાલિકના હકમાં નથી

ان اليهود يقولون الله تعالٰى على العرش او على الكرسى યહૂદીઓએ કહ્યું, "અલ્લાહ અર્શ પર છે અથવા કુર્સી પર !"

અલ્લાહે પોતાના મહબૂબ ﷺને ફર્માવ્યું : ضع قدمک الیمنیٰ علی العرش والیسریٰ علی الکرسی કે, "હે હબીબ ! તારો જમણો પગ અર્શ પર રાખ અને ડાબો કુર્સી પર અને સાથે આવું પણ કહી દે : سبحٰن الذی اسریٰ بعبدہ તેમ છતાં પણ બંદો જ છું." સાબિત થયું કે ખુદા અબ્દ (બંદો) કહીને તૌહીદને બચાવી રહ્યો છે, અને મુલ્લો ફત્વા લગાડી રહ્યો છે !

- ❑ આપણા આક઼ા ﷺ જો કે મેઅરાજની રાતે અલ્લાહની નિશાનીઓ જોવા ગયા હતા પરંતું ઉપરવાળી મખ્લૂક઼ને પોતે પોતાને દેખાડવા પણ ગયા હતા.
- ❑ લોકો કહે છે કે આટલા ઉપર નબી કેવી રીતે ચાલ્યા ગયા ?! હું અર્ઝ કરીશ કે તમે ઉપર જવામાં આશ્ચર્યમાં પડયા છો ?! ઊંચાઈ તો તેમનો મૂળ મક઼ામ છે ! کل شیٔ یرجع الی اصلہ દરેક ચીજ પોતાની અસ્લની તરફ જ પલટે છે.  પાણીમાં માટી નાખશો તો નીચે જ જશે. દડામાં હવા ભરીને પાણીમાં ડૂબાડશો તો ઉપર જ આવશે. આશ્ચર્ય તો એ વાત પર છે કે :

*વો હર આલમકી રહમત હૈ કિસી આલમમેં રહ જાતે–યહ ઉન્કી મહરબાની હૈ કે યહ આલમ પસંદ આયા*

તેમનું ઉપર જવું પણ બેમિષાલ અને નીચે આવવું પણ બેમિષાલ છે. والنجم اذا ھویٰ માં ઉપર જવાની ક઼સમ પણ યાદ કરવામાં આવી અને નીચે આવવાની પણ. નીચે રહમત બનીને આવે છે અને ઉપર ઉમ્મતના માટે બખ્શિશનો સામાન કરવા માટે જાય છે. ઉપર જાય તો મેઅરાજ બને, નીચે આવે તો મીલાદ બને.

- ❑ આપ ﷺએ ફર્માવ્યું કે મેઅરાજની રાતમાં યૂસુફ علیہ السلામવાળા કૂવા પાસેથી પણ પસાર થયા. આજ સુધી પણ એનાથી યૂસુફની ખુશ્બુ આવી રહી હતી.
- ❑ આપે ફર્માવ્યું, એક પથ્થરથી ખુશ્બુ આવી રહી હતી. મને જિબ્રઈલે બતાવ્યું કે આ ઈસા علیہ السلامની પેદાઈશની જગા છે. મેં ત્યાં નમાઝ પઢી.
- ❑ આપે ફર્માવ્યું, એક જગાએથી ખુશ્બુ આવી. મેં પૂછયું, શું જન્નત નજીક આવી ગઈ છે ? તો જિબ્રઈલે અર્ઝ કરી, નહીં ! ફિરઔનની પત્ની હઝરત આસિયાની ક઼બરથી જન્નતની ખુશ્બુ આવી રહી છે.

*હઝરત મૂસાસે સરે તૂર કલામ અપની જગહ હૈ–સરકારે મદીનાકા મક઼ામ અપની જગહ હૈ*
*હૈ સારે રસૂલોંસે સિવા શાને મુહમ્મદ ﷺ–તસ્બીહકે દાનોંમેં ઈમામ અપની જગહ હૈ*

**હુજૂમે ઉમ્મીદ હૈ ઘટાઓ મુરાદેં દેકર ઉન્હેં હટાઓ**
**અદબકી બાગેં લિયે બળ્હાઓ મલાઈકહ મેં યહ ગુલગુલે થે**

*(હુજૂમ = ભીડ. બાંગેં = લગામો, ગુલગુલે = ચર્ચાઓ)*

**અર્થાત** : મેહબૂબ ﷺ બુર્રાક઼ પર સવાર થવા લાગ્યા તો જ્યારે સાઈલોની ભીડ થઈ ગઈ તો હુકમ થયો કે ઉમ્મીદો ઓછી કરો (એટલે કે માંગવાવાળાઓને તેમની માગ પ્રમાણે આપીને ફારિગ કરી દો અને ફરિશ્તા પોકારી રહ્યા હતા કે આદાબને લક્ષમાં રાખીને સવારીને ચાલવા દો.

**ઉઠી જો ગર્દે રહે મુનવ્વર વો નૂર બરસા કે રાસ્તે ભર**
**ઘિરે થે બાદલ ભરે થે જલ થલ ઉમંડકે જંગલ ઉબલ રહે થે**

*(ગર્દ = ધૂળ. રહે મુનવ્વર = રોશન માર્ગ. જલ થલ = ચો તરફ પાણી જ પાણી)*

**અર્થાત :** સૈયદુલ અંબિયા ﷺની સવારી બારી તઆલાની તરફ ચાલી તો એવી નૂરાની ધૂળ ઉઠી કે ચો તરફ નૂર જ નૂર છવાઈ ગયું, જાણે વાદળોએ રસ્તો ઘેરી રાખ્યો છે અને રંગ તથા નૂરની એવી વર્ષા વરસી કે ચો તરફ પાણી જ પાણી થઈ ગયું, બલ્કે જંગલથી પણ પાણીના (નૂરના) ફુવારા ઉભરાવા લાગ્યા. મઆરિજુન્નબુવ્વતમાં છે કે આપની જમણે ડાબે એંસી એંસી હજાર ફરિશ્તા હતા. દરેકની પાસે નૂરની શમ્અ હતી. જ્યારે હુઝૂર ﷺએ પોતાના રુખે અન્વરને જાહેર કર્યું તો આપ ﷺનું હુસ્ન સર્વ નૂરો પર ગાલિબ આવી ગયું (સવાર થઈ ગયું.) જ્યારે કે એક હિજાબ સિત્તેર હજાર હિજાબો (પર્દાઓ)માંથી ઉઠાવ્યો હતો.

**સિતમ કિયા કૈસી મત કટી થી ક઼મર વો ખાક ઉનકે રહગુઝરકી**
**ઉઠા ન લાયા કે મલતે મલતે યહ દાગ સબ દેખના મિટે થે**

*(સિતમ = જુલ્મ. મત કટી = બુધ્ધિ જતી રહી. રહગુઝર = માર્ગ)*

**અર્થાત :** હે ચાંદ ! તારી મતિને શું થઈ ગયું ?! કેટલો સોનેરી અવસર તેં જતો કર્યો ? તને કોઈએ બતાવ્યું પણ નહીં કે શબે અસ્રાના દુલ્હા જે રસ્તે થઈને પસાર થયા છે એ રસ્તાની માટી ઉઠાવી લેત અને એ માટીને તારા ચહેરા પર ઘસતો રહેત પછી જોવત કે તારા દાગ મટે છે કે નહીં.

બીજો ભાવાર્થ એ પણ થઈ શકે છે કે જુઓ યાર ! મારી (રઝાની) બુધ્ધિને શું થઈ ગયું ?! ભલા ચાંદ જે આક઼ાના રસ્તાની ધૂળનું એક રજકણ છે એ રસ્તાની થોડી માટી ઉઠાવી લેત જેથી મારા આમાલનામામાં જે ગુનાહોના કાળા ધબ્બા પડેલા છે તે તો નષ્ટ થઈ જાત. આ ભાવાર્થ મુજબ આ શેઅર પર મૌલાના મુહમ્મદ હસન અષર બદાયૂની સાહબની તઝમીન આ પ્રમાણે છે :

*ચમકતી ક઼િસ્મત નસીબ હોતી ન રહતી તક઼દીર કી સિયાહી*
*મગર યહ ગરદિશ કે દિન થે બાક઼ી કે ચાલ સુઝી ન બાત સુઝી*
*અગર ન કરતા તલબ મેં સુસ્તી અજીબ અકસીર હાથ આતી*
*સિતમ કિયા કૈસી મત કટી થી ક઼મર વો ખાક ઉનકે રહગુઝરકી*
*ઉઠા ન લાયા કે મલતે મલતે યહ દાગ સબ દેખના મિટે થે*

**બુર્રાક઼ કે નક઼્શે સુમકે સદક઼ે વો ગુલ ખિલાએ કે સારે રસ્તે**
**મહકતે ગુલબન મહકતે ગુલશન હરે ભરે લહ લહા રહે થે**

*(નક઼્શે સુમ = ખરીનાં નિશાન. ગુલ ખિલાના = કોઈ બહુ મોટુ આશ્ચર્યજનક કામ કરવું. ગુલબન = લાલ ગુલાબ)*

**અર્થાત :** સરકાર ﷺની સવારી (બુર્રાક)ની ખરીઓનાં નિશાનો પર કુર્બાન જાઉં ! તેણે એવાં એવાં ફૂલો ખિલવ્યાં કે આખા રસ્તામાં લાલ ગુલાબનાં ફૂલ મહેકી રહ્યાં હતાં, બાગો હર્યા ભર્યા હતા અને ચો તરફ હરિયાળી જ

હરિયાળીનું સામ્રાજ્ય હતું, કે આવી બહાર (વસંત) ન પહેલાં કદી જોવામાં આવી (સિવાય વિલાદતની રાત) અને બાદનો તો સવાલ જ ઉભો નથી થતો !

**મેઅરાજના બનાવ પર એક નજર આશિક઼ાના અંદાઝમાં :** મોટામાં મોટા સૈર કરનારો પણ જો સૈર તથા સફર કરશે તો પોતાનું સફરનામુ ખુદ પોતે જ લખશે. ઈબ્ને બતૂતાએ પૂરી દુનિયાની સૈર સફર કરી. શયખ સઅદી رحمۃ اللہ علیہએ પણ અડધી દુનિયાની સફર કરી પરંતું પોતાના હાલાત પોતે જ વર્ણવ્યા. જો વર્ણન ન કરત તો કોઈને શું ખબર પડત કે શું પામ્યુ શું ગુમાવ્યું. પણ સૈયાહે લામકાં, ઈમામુલ અંબિયા صلی اللہ علیہ وسلم મેઅરાજની સફરે તશરીફ લઈ જાય છે તો સફરનામુ ખુદા લખે છે અને આટલા હસીન અંદાઝથી ! سبحن الذی اسریٰ بعبدہ-والنجم اذا ھویٰ કારણ એ છે કે અન્ય સૈર કરનારા કેવળ જમીનની સૈયાહી કરે છે પણ સૈયાહે લામકાંનો કોણ મુક઼ાબલો કરે કે : *ઉઠે બયતુલ હરમસે ઔર ખુદા કે નૂર તક પહુંચે !*

એટલા માટે સૈરની નિસ્બત પોતાના તરફ ફર્માવી, કેમ કે કોઈ માણસ પોતે આટલી મહાન સૈરનો દાવો કરે એ થઈ નથી શકતું, આ કામ અલ્લાહ જ કરાવી શકે છે. અને ફર્માવ્યું કે જો મારો મહેબૂબ કહેત કે મેં સૈર કરી, તો તમે માનત અથવા ન માનત. જ્યારે તેમણે દાવો જ ન કર્યો બલ્કે હું ફર્માવી રહ્યો છું : سبحن الذی اسریٰ بعبدہ તો જવાવાળાને ન જુઓ બલ્કે લઈ જવાવાળાને જુઓ કે તે علی کل شئ قدیر દરેક ચીજ માટે શક્તિમાન છે, તે શું નથી કરી શકતો ?!

કુર્આને પાકનો એક જ પારો શબ્દ સુબ્હાનથી શરૂ થાય છે. જો હુઝૂરની મેઅરાજ ન થાત તો ન એ પારો હોત ન કોઈ તમારુ હોત ન કોઈ અમારુ હોત. કુર્આન પણ હુઝૂરની મેઅરાજના સદક઼ામાં મળ્યું, રમઝાન પણ શબે અસ્રાના વસીલાથી મળી, બલ્કે ખુદ રબ્બે રહમાન પણ હુઝૂર صلی اللہ علیہ وسلمના વસીલાથી મળ્યો, નહીં તો આપણે શું જાણતા કે ખુદા કોણ છે.

કોઈ પંજાબી શાઈરે ખુદા તઆલાનું જિબ્રઈલે અમીન علیہ السلامને હુઝૂર صلی اللہ علیہ وسلمની બારગાહમાં મોકલવું આ પ્રમાણે વર્ણવ્યું છે : (ભાવાર્થ) જિબ્રઈલે અર્ઝ કરી, બારી તઆલા ! ક્યાં જાઉં ? ફર્માવ્યું, મક્કા શહેરમાં ઉતરી જા, ત્યાં એક મહોલ્લો છે જેમાં મારા નબીનો મહેલ છે. એ મહેલમાં મારો મહબૂબ مدثر ابجمالہ પોતાના હુસ્નને છુપાવીને સૂતેલો છે. પરંતું હુસ્ન ક્યાં છુપાય શકે છે ! જિબ્રઈલે અમીન જન્નતમાં ગયા અને અહલે જન્નતની સામે એલાન કર્યું, સ્વાગતની તૈયારીઓ શરૂ કરી દો ! આપણા જલસાઓનું એલાન આપણા જેવા લોકો કરે છે પણ મેઅરાજુન્નબી صلی اللہ علیہ وسلمનું એલાન સૈયદુલ મલાઈકા કરી રહ્યા છે.

*કૌનેન કે દુલ્હા આતે હૈં જિબ્રઈલ મુનાદી કરતા હૈ—આફાક઼મેં શોહરા હોતા હૈ અફલાક઼ પે ડંકા બજતા હૈ*

જન્નતનાં બુર્રાક઼ ખુશ થઈ રહ્યાં છે. દરેક એ ઉમ્મીદ પર છે કે હું હુઝૂરની સવારી બનીશ. રૌઝુલ ઈઝહાર પેજ નં. ૨૦૭ પર છે કે એક બુર્રાક઼ ઘણુ પરેશાન હાલતમાં માથુ નમાવેલ હતું. જિબ્રઈલે પરેશાનીનો સબબ પૂછયો તો તેણે અરજ કરી કે જે મક઼સદ ખુશીઓ મનાવવાવાળાઓનો છે એ જ મારો છે, કેવળ કાર્ય પધ્ધતિ અલગ છે. કોઈ હસીને યારને મનાવી રહ્યું છે કોઈ રડીને. અને મેં સાંભળ્યું છે કે રડવાવાળાનું કામ થઈને રહે છે,

કેમ કે આજીજી અલ્લાહને પસંદ છે. જેની પાસે જે નેઅમત ન હોય તેને પૂછો તે નેઅમતનું તેની પાસે શું મહત્વ છે. બેઔલાદને પૂછો કે ઔલાદ કેટલી મોટી નેઅમત છે. અલ્લાહ તઆલા બેનિયાઝ છે પણ તેની બારગાહમાં આજીજી એટલા માટે પસંદ છે કે આજીજી એના માટે અયબ છે અને બંદાઓના માટે કમાલ છે, જેથી અલ્લાહની પાસે આજીજી નથી. એ જ કારણે અલ્લાહ તઆલા પોતાના અવલિયાએ કિરામને ફર્માવે છે. انا عند المنکسرة قلوبهم "હું આજિઝ દિલોની પાસે મળુ છું." હુઝૂર ﷺએ આજીજી કરી તો અર્શે મુઅલ્લા પર જલ્વાગર થઈ ગયા. હિજરતના મૌક઼ા પર હઝરત અબૂ ઐયૂબ અન્સારીએ આજીજી કરી તો ખુદ હુઝૂર તેમના ઘરે તશરીફ લઈ ગયા. من تواضع لله فقد رفع الله "જે અલ્લાહને માટે ઝુકી જાય, અલ્લાહ તેને સર બલંદ કરી આપે છે." આજીજી વડે બંદો અલ્લાહની તક઼દીરને જીતી લે છે, જેવું કે હદીષમાં છે કે દુઆ ક઼ઝાને બદલી નાખે છે.

જિબ્રઈલ عليه السلامએ અન્ય બુર્રાક઼ોને પૂછયું કે તમે તો જાણો છો કે તમારામાંથી એક જ હુઝૂરની સવારી બનશે પછી સૌ ખુશીઓ શા માટે મનાવી રહ્યાં છો ? તમેણે કહ્યું, એ વાત અમને પણ ખબર છે, પણ સૌ એટલા માટે ખુશ થઈ રહ્યાં છીએ કે આવનાર રસૂલ તો અમારા સૌનો રસૂલ છે ને !

અલ્લાહની નેઅમતની ચર્ચા કરવી અને તહદીષે નેઅમતના ખાતર ખુશીઓ મનાવવી પણ જો કે ખુદાનો હુકમ છે, પરંતુ વાત એ જ છે કે, નમે તે સૌને ગમે." જિબ્રઈલ عليه السلامએ રડવાવાળા બુર્રાક઼ને હુઝૂર ﷺની સવારી બનવાની ખુશખબરી સંભળાવી દીધી.

જિબ્રઈલ عليه السلام બુર્રાક઼ લઈને લાખો ફરિશ્તાઓના ઝુંડની સાથે જમીન પર ઉતર્યા તો અજબ મન્ઝર જોયો કે આખી રાત જાગનારો મહબૂબ આજે વહેલી રાતે સૂઈ ગયો છે. કદાચ એટલા માટે કે મેહબૂબ બેનિયાઝ રહેતા હોય છે. અથવા એટલા માટે કે જોઉં કે જિબ્રઈલ મને કઈ રીતે જગાડે છે ! એટલા માટે દરવાજા પણ બંધ કરી લીધા. જિબ્રઈલે અવાજ ન આપ્યો, દરવાજો ન ખટખટાવ્યો. અલ્લાહના હુકમથી બાકોરુ પાડયું. હવે છસો પાંખોનો માલિક જિબ્રઈલ, જેમની એક પાંખ એટલી કે ફેલાવી દે તો પૂર્વ તથા પશ્ચિમને પોતાની લપેટમાં લઈ લે, પરંતુ બાકોરામાંથી કેવી રીતે પસાર થશે ! હુકમ થયો કે પોતાની હસ્તીને ફના કરીને મારા મહબૂબના ક઼દમ ચૂમી લે, કેમ કે મહબૂબો પાસે જવું હોય તો તકલીફો પણ સહેવી પડે છે. યા અલ્લાહ ! મહબૂબ તારો હોય તો તારા હુકમથી સોયના નાકાથી પણ પસાર થઈ જઈશ. પણ જઈશ કેવી રીતે ? ફર્માવ્યું, قبل قدميه મારા હબીબના બંનેવ પગો ચૂમી લે. અને એકવાર નહીં, ક઼બ્લ બાબે તફઈલ છે જેમાં તકરાર (રીપીટેશન) છે, એટલે કે વારંવાર ચૂમ. હજારવાર ચૂમે તો પણ કમ છે, એટલા માટે કે : *યહ ચૂમનેકી ચીઝ હૈ ઈસે બાર બાર ચૂમ !*

યા અલ્લાહ ! મારા હોઠ કાફૂરના છે. ફર્માવ્યું, મારા નબીના ક઼દમ નૂરના છે, તારા કાફૂરી હોઠ આ જ નૂરી ક઼દમોને ચૂમવાના માટે છે જેથી એક લાખ ચોવીસ હજાર નબીઓનો સહાબી, આસ્માની કિતાબોનો હાફિઝ, બયતુલ મા'મૂરનો ખતીબે આ'ઝમ ઝુકીને હુઝૂરના બંને ક઼દમોને બોસા આપી રહ્યો છે અને સાથે કહી રહ્યો છે :

*ન જન્નત ન જન્નતકી ગલિયોંમેં દેખા—મઝા જો મુહમ્મદ ﷺકે તલ્વોંમેં દેખા*

આપણે અંગૂઠા ચૂમી લઈએ તો ફત્વો લગાડી આપે છે, અહીં સૈયદુલ મલાઈકા કદમ ચૂમી રહ્યા છે. તે મોટા થઈને હુઝૂરના કદમોમાં આવીને નાના બની રહ્યા છે અને આ નાના નાના લોકો મોટા બનવાની ફિકરમાં છે ! (બલ્કે કહે છે કે અમુક વખતે અમલોમાં ઉમ્મતી નબીથી વધી પણ જાય છે. નઊઝુબિલ્લાહ !) સાબિત થયું કે જે નબીના કદમોમાં ઝુકી જાય એને જિબ્રઈલ કહે છે અને જે નબીના મુકાબલામાં અકડાઈ ઉઠે તેને ઈબ્લીસ કહે છે. તો જિબ્રઈલે જ્યારે વારંવાર કદમ ચૂમ્યા તો સરકારે પૂછયું હશે કે શું કરી રહ્યા છો ? તો જિબ્રઈલે એના સિવાય શો જવાબ આપ્યો હશે કે :

*તેરી મેઅરાજ કે તૂ લોહો કલમ તક પહુંચા—મેરી મેઅરાજ કે મૈં તેરે કદમ તક પહુંચા*

જિબ્રઈલને તો કહેવામાં આવ્યું હતું : مدثرا بجماله "તે પોતાના હુસ્નને છુપાવીને બેઠો હશે." પરંતુ જ્યારે જોયું તો કાંઈ ઓર જ નજર આવ્યું જે સઅદીએ વર્ણન કર્યું :–

بلغ العُلی بکماله۔ کشف الدجی بجماله

حسنت جمیع خصاله۔صلوا علیه واٰله

*બલગલ ઉલા બિ કમાલિહી—કશફદુજા બિ જમાલિહી*
*હસુનત જમીઅુ ખિસાલિહી—સલ્લુ અલૈહિ વઆલિહી*

મતલબ એ કે કોઈ કહે છે જિબ્રઈલ લઈ ગયા, કોઈ કહે છે કે બુર્રાક લઈ ગયુ, સઅદી ફર્માવે છે કે બલગલ ઉલા બિ કમાલિહી—કોને લઈ જવાનું છે ? આ સર્વ તો રસ્તામાં જ રહી ગયાં ! હુઝૂર તો પોતાના કમાલથી જ (મેઅરાજની) બુલંદી સુધી પહોંચી ગયા. ત્યારે જિબ્રઈલ અર્ઝ કરે છે :

*તૂને ઝર્રોં કો દેખા તો ઝર કર દિયા—તૂને કતરોંકો દેખા ગોહર કર દિયા*
*તૂને હબ્શીકો રશ્કે કમર કર દિયા—ઉલ્ટા સૂરજ ફિરાના તેરા કામ હૈ*

હે જિબ્રઈલ ! કોના હુકમથી આવ્યા છો અને શો હુકમ લાવ્યા છો ? તો અર્ઝ કરી, ખુદાના હુકમથી અને પયગામ આ છે કે : ان اللّٰه قد اشتاق الی لقائک یا رسول اللّٰه 'અલ્લાહ આપનાથી મુલાકાતનો ઈશ્તિયાક ધરાવે છે.

અહીં એ વાત પણ યાદ રાખશો કે લોકો કહે છે કે વૈજ્ઞાનિકો ચાંદ સુધી પહોંચ્યા, અને એને ઘણો જ મહાન કમાલ સમજે છે. ભલે માટીથી ચાલ્યા અને તેમના કહ્યાનુસાર ચાંદથી માટી જ લઈને આવ્યા ! તો એમાં શું ખાક કમાલ છે ?! જ્યારે કે જિબ્રઈલે અમીન ચાંદથી કેટલાયે ઉપર છઠ્ઠા આસ્માન પર રહે છે (ચાંદ તો પહેલા આસ્માનથી પણ નીચે છે) તે ત્યાંથી નીકળીને હુઝૂર ﷺના કદમોમાં આવીને બતાવી રહ્યા છે કે ચાંદ પર જવું કમાલ નથી બલ્કે ચાંદ જેવા કદમોમાં સર ઝુકાવવું કમાલ છે, અને ચાંદ પર જવું કમાલ નથી પણ આંગળીના ઈશારાથી ચાંદને કદમોમાં લાવવો કમાલ છે. જો ચાંદ પર જવું કમાલ હોત તો હું ચાંદ પર જ રહેત, મારે અહીં આવવાની શું જરૂરત હતી. પણ હું મદીનાની ગલીઓમાં એટલા માટે વારંવાર આવું છું કે અહીં મદીનાનો ચાંદ રહે છે. અને હું જન્નતમાં રહીને તમને મારો અનુભવ બતાવી રહ્યો છું કે મારી વાત માની લો, અને તે આ છે :

*ન જન્નત ન જન્નતકી કલિયોંમેં દેખા—મઝા જો મદીનેકી ગલિયોમેં દેખા*

(મારી આ તક઼રીરને મોહક્કિ઼ક઼ાના અંદાઝમાં જોવાને બદલે આ'લા હઝરત رحمۃ اللہ علیہની આ નઅતની નિસ્બતથી આશિક઼ાના અંદાઝથી વાંચશો તો ઈન્શાઅલ્લાહ ! કોઈ સવાલ દિમાગમાં ઉભરશે નહીં. જે લોકો આ'લા હઝરતની નઅતોનો આશિક઼ાના અંદાઝ સમજે છે તેઓ આ હક઼ીક઼તથી સારી પેઠે માહિતગાર હશે.)

**નમાઝે અક઼્સામેં થા યહી સિર્ર, અયાં હોં મઅની અવ્વલ આખ઼િર**
**કે દસ્ત બસ્તા હૈં પીછે હાઝ઼િર, જો સલ્તનત આકે કર ગયે જો**

*(સિર્ર = રાઝ. અયાં = જાહેર. દસ્ત બસ્તા = હાથ બાંધીને)*

**અર્થાત :** શબે મેઅરાજ મસ્જિદે અક઼સામાં જે હુઝૂર ﷺએ તમામ અંબિયાએ કિરામ તથા રુસુલે એઝામ علیہم السلامને નમાઝ પઢાવી, એમાં એ જ રહસ્ય હતું કે પહેલા તથા છેલ્લાનો ફરક જાહેર થઈ જાય (કે આખરમાં આવવાનો મતલબ એ નથી કે છેલ્લાની શાન તથા અઝમત ઓછી છે) જે અંબિયાએ કિરામ علیہم السلام પહેલાં પોતાની નબુવ્વતોના ડંકા વગાડી ગયા હતા તે સર્વ હાથ બાંધીને ખાતમુન્નબિય્યીન علیہم السلامની પાછળ ઉભેલા છે, તો પછી બતાવો કે શાન કોની વધારે થઈ ?!

**મસ્જિદે અક઼્સાનો મન્ઝ઼र :** મુક઼્તદી તમામે તમામ (અંબિયાએ કિરામ) મસ્જિદે અક઼સામાં પહોંચી ચૂક્યા છે, જ્યારે કે હઝરત મૂસા علیہ السلامને હુઝૂર ﷺ ક઼બ્રમાં સલાત (નમાઝ) પઢતા જોઈને આવ્યા છે, પણ અહીં અંબિયાએ કિરામની સફોમાં તે પણ એડીઓ ઉઠાવી ઉઠાવીને હુઝૂર ﷺની રાહ જોઈ રહ્યા છે. તે એટલા જલ્દી કેવી રીતે પહોંચી ગયા ?! પછી આસ્માન પર પણ હુઝૂર ﷺના પહોંચતા પહેલાં પહોંચી ગયા ! કયાં તો હાઝિર નાઝિર માનવું પડશે અને સાથોસાથ એ પણ માન્યા વિના ચારો નથી કે હુઝૂર ﷺ બુર્રાક઼ પર સવાર થઈને ગયા અને નબી પોતાની નબુવ્વતની પરવાઝ તથા રફતારથી ગયા, અને બુર્રાક઼ કદી નબુવ્વતની રફતાર (ગતિ)નો મુક઼ાબલો નથી કરી શકતુ. વળી સર્વ નબી ડયૂટીઓ પર હતા જ્યારે કે હુઝૂર ﷺ સૈર પર હતા, તો ડયૂટીવાળો જલ્દી જલ્દી જાય છે અને સૈરવાળો તહલતો તહેલતો ધીમે ધીમે જાય છે. જેનું સ્વાગત કરવામાં આવતુ હોય છે તો તમો જોતા હશો જ કે તે છેલ્લે આવે છે અને સ્વાગત કરવાવાળા બે કલાક પહેલાં પહોંચી જાય છે. દરેક નબી પોતાની ઉમ્મતનો ઈમામ હોય છે. દરેક નબીએ વિચાર્યુ હશે કે જુઓ ! કોને ઈમામતનો મુસલ્લો મળે છે ?! કેમ કે ત્યાં સફીયુલ્લાહ પણ છે, નજીયુલ્લાહ પણ છે, રૂહુલ્લાહ પણ છે, ખલીલુલ્લાહ, કલીમુલ્લાહ, ઝબીહુલ્લાહ બધા જ છે. (પરંતુ મિર્ઝા ક઼ાદયાની કાણો દજ્જાલ ત્યાં ન હતો !) અચાનક હુઝૂર ﷺની સવારી પહોંચી તો સર્વ નબીઓએ રુખે વદુહા જોઈને ના'રો બુલંદ કર્યો : فجاء محمد سراجا منیر افصلو اعلیہ کثیرا کثیرا ''હુઝૂર ﷺ સિરાજમ્મુનીર બનીને આવ્યા, તેમના પર ખૂબ ખૂબ દુરૂદ પઢો.)

બયતુલ મુક઼દસમાં નબી કહી રહ્યા છે, આસ્માન પર ફરિશ્તા કહી રહ્યા છે :

*શુક્ર અલ્હમ્દુલિલ્લાહ ! કોઈ આયા હૈ મેહમાન અપના –ખૂને દિલ લખ્તે જિગર ખૂબ હૈ સમાં અપના*

અને સુબ્હાનલ્લાહ !

*નિદા આઈ દરીચે ખોલ દો ઐવાને કુદરત કે–નઝારે ખૂદ કરેગી આજ કુદરત શાને કુદરતકે*

જેથી જિબ્રઈલે અમીને હુઝૂર ﷺને ઈમામતના મુસલ્લા પર તશરીફ લાવવાની દાવત આપી અને અર્ઝ કરી, જ્યાં આપ હોવ ત્યાં અન્ય કોઈ ઈમામ નથી બની શકતું. કોઈ નબીએ મુસ્તફા ﷺની ઈમામત પર વાંધો ન ઉઠાવ્યો. જો જિબ્રઈલ علیہ السلام હુઝૂરને નબીઓના ઈમામ બનાવી દે તો કોઈ નબીને વાંધો ન હોય, અને જો એ જ ઈમામુલ અંબિયા ﷺ ફર્માવી આપે : مروا ابا بکر فلیصل بالناس (અબૂબક્ર પાસે જઈને બતાવો કે તે લોકોને નમાઝ પઢાવે) તો સિદ્દીક઼ની ઈમામત પર કોણ વાંધો ઉઠાવી શકે છે ?!

ફરિશ્તાઓએ આ મન્ઝર જોયો તો અમુક બોલ્યા, કેટલી સરસ ઈમામત થઈ રહી છે ! અને અમુકે કહ્યું, કેટલી સરસ જમાઅત થઈ રહી છે ! અમુકે કહ્યું, આવા ઈમામના માટે આવા જ મુક઼તદી હોવા જોઈએ, ન આખી દુનિયામાં કોઈ આવો ઈમામ હોય શકે છે અને ન તો આખા જહાનમાં આવા મુકતદી હોય શકે છે ! મુક઼તદી જો લાજવાબ તથા બાકમાલ છે તો ઈમામ પણ બેમિષાલ તથા કમાલવાળો છે, હુસ્નો જમાલવાળો પણ છે.

*યૂં તો સારે નબી મોહતરમ હૈં મગર–સરવરે અંબિયા તેની ક્યા બાત હૈ*
*રહમતે દો જહાં એક તેરી ઝાત હૈ–અય હબીબે ખુદા તેરી ક્યા બાત હૈ*

### ★ અંબિયા علیہم السلامના ખુત્બાઓ ★

નમાઝ બાદ જશ્ને મેઅરાજે મુસ્તફા ﷺની મેહફિલ થઈ જેમાં વિવિધ નબીઓએ ખિતાબ કર્યો. જેમ કે સૌ પ્રથમ આદમ علیہ السلامએ ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો અને સૌથી આખરમાં ખાતમુલ અંબિયા علیہ الصلوۃ والسلامએ પછી આદમ علیہ السلام અબુલ અંબિયા علیہ السلام (અથવા ઈબ્રાહીમ علیہ السلام) એ જે ફૈંસલો ફર્માવ્યો તેને વાંચો અને ઈમાન તાજુ કરો.

**હઝરત આદમ علیہ السلامનો ખુત્બો :–**

الحمد للہ الذی خلقنی بیدہ واسجدلی ملا ءکتہ وجعل الانبیاء من ذریتی સર્વ તારીફો અલ્લાહના જ માટે છે જેણે મને પોતાના દસ્તે કુદરત વડે બનાવ્યો અને ફરિશ્તાઓ થકી મને સજદો કરાવ્યો અને નબીઓને મારી ઔલાદ બનાવ્યા.

**હઝરત નૂહ علیہ السلامનો ખુત્બો ::–**

الحمد للہ الذی اجاب دعوتی فنجانی من الغرق بالسفینۃ وفضلنی بالنبوۃ સર્વ તારીફો અલ્લાહના જ માટે છે જેણે મારી દુઆ ક઼બૂલ ફર્માવી અને મને તુફાનમાં ડૂબી જવાથી કશ્તી વડે બચાવ્યો અને મને નબુવ્વત તથા રિસાલતથી સરફરાઝ કર્યો.

**હઝરત ઈબ્રાહીમ علیہ السلامનો ખુત્બો :–**

الحمد للہ الذی اتخذنی خلیلا واعطانی ملکا عظیما واصطفانی بر سالتہ و اخرجنی من النار وجعلھا علی بردا و سلما

સર્વ વખાણો એ અલ્લાહના જ માટે જેણે મને પોતાનો ખલીલ બનાવ્યો. મને ઘણો જ મોટો મુલ્ક અતા કર્યો. મને રિસાલતથી સરફરાઝ ફર્માવ્યો, મને આગથી બચાવ્યો અને આગને મારા ઉપર ઠંડી તથા સલામતીવાળી બનાવી.

**હઝરત મૂસા عليه السلام નો ખુત્બો :-**

الحمد لله الذى كلمنى تكليما واصطفانى بر سالته وانزل على التوراة સર્વ પ્રશંસાઓ તે અલ્લાહ રબ્બુલ આલમીનના માટે છે જેણે મારી સાથે ખૂબ કલામ ફર્માવ્યો અને મને પોતાની રિસાલતથી સરફરાઝ ફર્માવ્યો અને મારા ઉપર તૌરાતને નાઝિલ કરી.

**હઝરત દાઊદ عليه السلام નો ખુત્બો :-**

الحمد لله الذى انزل على الزبور ولين لى الحديد સર્વ તારીફો અલ્લાહના માટે જ છે જેણે મારા ઉપર ઝબૂર નાઝિલ કરી અને લોખંડને મારા માટે નરમ (મીણ) કરી દીધું.

**હઝરત સુલૈમાન عليه السلام નો ખુત્બો :-**

الحمد لله الذى سخر لى الرياح والجن والانس وعلمنى منطق الطير واعطانى ملكا لا ينبغى لاحد من بعدى

સર્વ વખાણો એ અલ્લાહના માટે છે જેણે હવાઓ, જિન્નો, ઈન્સાનોને મારા તાબે કરી આપ્યા. મને પક્ષીઓની ભાષા (બોલી) શીખવાડી અને મને એવો મુલ્ક અતા કર્યો કે મારા બાદ એવા પ્રકારની હુકૂમત તથા માલિકી કોઈને લાયક નથી.

**હઝરત ઈસા عليه السلام નો ખુત્બો :-**

الحمد لله الذى علمنى التوراة والانجيل وجعلنى ابرئ الاكمه والابرص واحى الموتى باذنه

સર્વ વખાણો અલ્લાહના જ માટે છે જેણે મને તૌરાત તથા ઈન્જીલનો ઈલ્મ અતા કર્યો અને મને માદરઝાદ (પેદાઈશી) આંધળા તથા કોઢની બીમારીવાળાઓને સાજા કરી દેવાવાળો બનાવ્યો અને પોતાના હુકમથી મને મુડદાંઓને જીવતાં કરી દેનારો બનાવ્યો.

આ પ્રમાણે સર્વ અંબિયાએ કિરામ عليهم السلام એ પ્યારા પ્યારા ખુત્બા ઈર્શાદ ફર્માવ્યા અને પોત પોતાની વિશિષ્ટતાઓ વર્ણન કરી અને સૌથી છેલ્લે આપણા આક઼ા તથા મૌલા હુઝૂર ખાતમુન્નબિય્યીન ﷺ એ ઘણો જ સમૃધ્ધ, ઈમાન અફરોઝ તથા ઈલ્મો હિકમત તથા અઝમતો ફઝીલતવાળો ખુત્બો આપ્યો. ઝુમીઝુમીને આપણા નબીના મોઢાથી નીકળવાવાળા શબ્દો વાંચો અને દરેક શબ્દ પર દુરૂદો સલામનાં નઝરાણાં પેશ કરતા જાવ.

**ઈમામુલ અંબિયા ﷺ નો ખુત્બો :-**

الحمد لله الذى ارسلنى رحمة للعلمين وكافة للناس بشيرا ونذيرا وانزل على الفرقان فيه تبيان لكل شئ وجعل امتى اخرجت للناس وجعل امتى وسطا و جعل امتى هم الاولون والاخرون وشرح لى صدرى ووضع عنى وزرى وجعلنى فاتحا وسمانى رؤفا رحيما

"સર્વ વખાણો (સર્વ જમાનાઓમાં, સર્વ કરનારાઓનાં) અલ્લાહના માટે જ છે જેણે મને સર્વ જહાનોના માટે રહમત બનાવીને મોકલ્યો અને જેણે મને માનવ વંશને બશારતો (ખુશખબરો) આપનાર અને ડર સંભળાવનારો બનાવીને મોકલ્યો. અને જેણે મારા ઉપર હક઼ તથા બાતિલમાં ફરક કરવાવાળી કિતાબ (કુર્આન મજીદ ફુર્કાને

હમીદ બુર્હાને રશીદ)ને નાઝિલ કરી જેમાં દરેક ચીજનું (દલીલસહ) વર્ણન છે. અને જેણે મારી ઉમ્મતને લોકોની (ભલાઈ)ના માટે બનાવી અને જેણે મારી ઉમ્મતને દરમિયાની (અફઝલ) ઉમ્મત બનાવી, અને જેણે મારી ઉમ્મતને (જન્નતમાં જવાના એતબારથી) પહેલી અને (દુનિયામાં મોકલવાના એતબારથી) આખરી બનાવી. (જેથી ક઼બરોમાં થોડીવાર રહેવું પડે અને જેવી રીતે પહેલાઓના ગુનાહ આ ઉમ્મતની સામે વર્ણન કર્યા, આ ઉમ્મતના ગુનાહ કોઈની સામે વર્ણન ન થાય) અને અલ્લાહે મારા સીનાને ખોલી આપ્યો અને મારા બોજને ઉઠાવી દીધો. અને હું તે છું કે અલ્લાહ તઆલાએ મને ફાતેહ(આલમનો) બનાવ્યો અને મને પોતાનાં નામો (રઊફ, રહીમ) મહેરબાન અને રહમકરવાવાળો અતા કર્યા.''

તમામ નબીઓએ હુઝૂર ﷺનો અઝીમુશ્શાન ખુત્બો સાંભળ્યો. હવે જ્યારે ફૈંસલાની વારી આવી તો સૌની નજરો અબુલ બશર, અબુલ અંબિયા સૈયદના આદમ علیہ السلامની તરફ ઉઠી, જેથી આદમ علیہ السلامએ જે બે શબ્દોમાં ફૈંસલો ફર્માવ્યો એનાથી તમારી આંખોને નૂર અને દિલને સુરૂર (ખુશી) આપો.

**ફૈંસલો** : સર્વ ખુત્બાઓ સાંભળ્યા બાદ અબુલ અંબિયા (આદમ علیہ السلام અથવા જદ્દલ અંબિયા ઈબ્રાહીમ علیہ السلام)એ આ ફૈંસલો આપ્યો કે : بهذا افضلكم محمد رسول الله (صلى الله عليه وسلم) ''હે અંબિયા علیہم السلامના ગિરોહ ! (તમારામાંથી મારા સહિત દરેકે પોતપોતાની ફઝીલતનો નમૂનો પેશ કર્યો અને પછી હુઝૂર ﷺના ફઝાઈલ પણ સાંભળ્યા) મેં સંપૂર્ણ કાર્યવાહીનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કર્યું તો એ નિર્ણયે પહોંચ્યો છું કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ (આપણાથી) નંબર લઈ ગયા છે. લગભગ તે અહદ તથા મીષાક઼નું આજે પરિણામ નીકળી રહ્યું છે જે અલ્લાહે આલમે અરવાહમાં નબીઓથી લીધો હતો કે ثم جاءكم رسول જેથી શબે મેઅરાજના ઈન્તેઝારમાં રહે.

**યહ ઉનકી આમદકા દબદબા થા નિખાર હર શયકા હો રહા થા**
**નજૂમો અફલાક઼ જામો મીના ઉજાલતે થે ખંગાલતે થે**

*(નજૂમ = તારા. અફલાક઼ = આસ્માન. જામ = પ્યાલો. મીના = સુરાહી. ઉજાલના = ઉજળુ તથા સાફ કરવું. ખંગાલના = પાણીથી વાસણને સાફ કરવું)*

**અર્થાત** : શહનશાહે કાઈનાત ﷺનું આગમન હતું એટલા માટે આપના રૂઆબ તથા દબદબાના કારણે દરેક ચીજને ઉજ્જવળ કરવામાં આવી રહી હતી. જેમ કે તારાઓ તથા આસ્માનની એ ડયૂટી લગાડવામાં આવી કે સાગર તથા મીના (ગ્લાસ તથા સુરાહી)ને સારી રીતે ઉજળી તથા સાફ કરો, એટલા માટે તેઓ એ વાસણોને કોષરના પાણીમાં ધોઈ ધોઈને તેમના મેલ કૂચેલને દૂર કરી રહ્યા છે જેથી ઈશ્કે મુસ્તફાની શરાબે તહૂર વડે આસ્માનોવાળાઓને નવાઝવામાં આવે, કેમ કે બાદશાહ જે ઈલાકાના દૌરા પર જાય છે તે ઈલાકાની ભલાઈના માટે કાંઈ ન કાંઈ કરીને આવે છે.(આપણા દુનિયાદાર હાકિમો તો કેવળ એલાનો જ કરે છે !) જ્યારે આપણા આક઼ા ﷺ કામ પણ કરે છે.

**નિક઼ાબ ઉલ્ટે વો મેહરે અન્વર જલાલે રુખ્સાર ગર્મિયોં પર**
**ફલક કો હૈબતસે તપ ચળ્હી થી તપકતે અંજુમનકે આબલે થે**

*(નિક઼ાબ = પર્દો. મહર = સૂરજ. જલાલે રુખ્સાર = ગાલોનો રૂઆબ. હૈબત = પ્રભાવ. તપ =તાવ. તપકતે = ગરમ થવું. આબલે = ફોલ્લા)*

**અર્થાત :** આક઼ાએ દો જહાં ﷺએ (જે નબુવ્વત તથા રિસાલતના આસ્માનના દુનિયાને ચમકાવનારા છે) જ્યારે રુખે અન્વરથી એક પદો સિત્તેર હજાર પર્દાઓમાંથી ઉઠાવ્યો તો આપના ચેહરાએ અક઼દસના જલાલની ગરમી વડે આસ્માનને તાવ ચઢી ગયો અને બીચારા તારાઓના શરીરો પર છાલા (ફોલ્લા) પડી ગયા જેનાથી પાણી (રોશની તથા નૂર) ટપકવા લાગ્યું.

**યહ જોશિશે નૂર કા અષર થા કે આબે ગૌહર કમર કમર થા**
**સફાએ રાહસે ફિસલ ફિસલકર સિતારે ક઼દમોં પે લોટતે થે**

*(જોશિશ = તેજી, જોબન, આબે ગોહર = મોતીઓનું પાણી, સફાએ = સફાઈ, ચમક)*

**અર્થાત :** આપની નૂરાનિયતમાં જ્યારે જોશ પેદા થયો તો મોતી પીગળવા માંડયાં અને એમની પીઠ સુધી પાણી ચઢી ગયાં અને રસ્તાઓને એટલા પ્રમાણમાં મુજલ્લા તથા મુસફ્ફા (સાફ, સ્વચ્છ, ઉજળા) કરવામાં આવ્યા કે તારાઓ સરકી સરકીને હુઝૂર ﷺના ક઼દમો પર પડવા લાગ્યા અને પગોને બોસા દેવા લાગ્યા.

**બળ્હા યહ લહરાકે બહરે વહદત કે ધુલ ગયા નામ રેગ કષરત**
**ફલકકે ટીલોંકી ક્યા હક઼ીક઼ત યહ અર્શો કુર્સી દો બુલબુલે થે**

*(બહરે વહદત = તૌહીદનો સમુદ્ર. રેગ = રેતી. ટીલે = ટેકરીઓ)*

**અર્થાત :** વહદતનો સમુદ્ર પુર જોશની સાથે આગળ વધ્યો ثُمَّ دَنٰی فَتَدَلّٰی فَكَانَ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰی રેતી (આલમે ઈમ્કાન)ની સર્વ રજકણો ફના થઈ ગઈ. આ આસ્માનની ટેકરીઓની શું વાત કરો છો, એ વખતે તો અર્શ તથા કુર્સી પણ બે બુલબુલા (પરપોટા) જણાય રહ્યા હતા !

**વો ઝિલ્લે રહમત વો રુખકે જલ્વે કે તારે છુપતે ન ખુલને પાતે**
**સુનહરી ઝર બફત ઊદી અત઼સ યહ થાન સબ ધૂપ છાંવ કે થે**

*(ઝિલ્લ = સાયો. ઝર બફત ઊદી અત઼સ = ઉમદા રેશમી કપડાં. થાન = કપડાનો ગઠ્ઠો)*

**અર્થાત :** આ બાજુ રહમતે ઈલાહીનો સાયો પેલી બાજુ રુખે વદુહાની તજલ્લીઓ, એવો મન્ઝર બન્યો કે તારાઓ પણ મોં છુપાવવા લાગ્યા. ઉમદા પ્રકારનાં રેશમી કપડાંઓએ થાનના થાન ફર્શ રૂપે બિછાવી દેવામાં આવ્યાં. (રહમતના સાયા અને ચહેરાના જલ્વાઓથી) ધુપ તથા છાંવની જેવી કૈફિયત બની ગઈ છે કે ક્યાંક તેજ ચમક દમક તો ક્યાંક હલકી તો ક્યાંક તદન મધ્યમ. આ રીતે આપ ﷺએ અલ્લાહના કુર્બનો એક ખાસ નઝારો ફર્માવ્યો.

**ચલા વો સરુ ચમાં ખિરામાં ન રુક સકા સિદરહસે ભી દામાં**
**પલક ઝપકતી રહી વો કબકે સબ ઈંવ આંસે ગુઝર ચુકે થે**

*(ચમાં = બાગ, ખિરામાં = નાઝ તથા અંદાઝથી ચાલવું, સિદરહ = બોરડી, સિદરતુલ મુન્તહા, દામાં = દામન, ઈંવ આં = આ તથા પેલુ, નજીક તથા દૂર માટે નિર્દેશ)*

**અર્થાત :** તે સીધા કદ઼વાળો (વહદતના બાગનો સનોબર તથા સરોકદ઼ મહબૂબ) કાંઈક એવા નાઝ તથા અંદાઝથી ચાલ્યો કે સિદરતુલ મુન્તહા (જ્યાં અસંખ્ય ફરિશ્તાઓ કેવળ દીદારના માટે એકત્ર થયેલા હતા. જેને અલ્લાહ તઆલાએ આ પ્રમાણે ફર્માવ્યું : اذ يغشى السدرة ما يغشى) પણ આપનો દામને અક઼દસ થામીને ન રોકી શકયું અને હજી ફરિશ્તા પલકારો મારી રહ્યા હતા કે હુઝૂર ﷺ મકાંથી લામકાં સુધી જઈ પહોંચ્યા.

*માહે અરબકે જલ્વે ઊંચે નિકલ ગયે—ખુરશીદો માહતાબ મુક઼ાબિલસે ટલ ગયે*

**ઝલક સી ઈક કુદ્સિયોં પર આઈ હવા ભી દામનકી ફિર ન પાઈ**
**સવારી દુલ્હાકી દૂર પહૂંચી બરાતમેં હોશ હી ગયે થે**

**અર્થાત :** હા ! (જે ફરિશ્તાઓ સિદરહ પર દીદારના માટે એકત્ર થયા હતા તેમણે કેવળ) એક ઝલકનો નઝારો કર્યો, પછી ત્યાર બાદ કોઈને હોશ ક્યાં હતો કે દામન ક્યાં છે દામનવાળો ક્યાં છે ! દુલ્હાની સવારી ઘણે દૂર નીકળી ચૂકી હતી અને સૌથી મોટો બરાતી (જિબ્રઈલ) અર્ઝ કરી રહ્યો હતો : કે હવે એક વાળ બરાબર પણ આગળ વધીશ તો રબની તજલ્લીથી મારી પાંખો સળગી જશે.

**થકે થે રૂહુલ અમીંકે બાઝૂ, છુટા વો દામન કહાં વો પેહલૂ**
**રકાબ છૂટી ઉમીદ ટૂટી, નિગાહે હસ્રતકે વલવલે થે**

**અર્થાત :** સૈયદના જિબ્રઈલ عليه السلام થાકી ગયા અને સરકારે મદીના ﷺનો દામને અક઼દસ તેમના હાથથી છૂટી ગયો (એટલે કે સાથે ન રહી શક્યા) જાહેર છે કે કુર્બે ઈલાહીની જે ઉમ્મીદ લગાડીને બેઠા હતા (કે હુઝૂર ﷺના કારણે મારું કામ પણ મફતમાં થઈ જશે) તે ઉમ્મીદ પણ તૂટી ગઈ. દિલના અરમાન તથા હસ્રતો દિલમાં જ રહી ગઈ. ક્યાં એમની શાનો શૌક઼ત કે સૈયદુલ મલાઈકા, અને ક્યાં હવે આ હસ્રત (અફસોસ) કે તે સહારો જ ગયો જે અધિક કુર્બે ઈલાહીનો વસીલો બનાવેલો હતો.

**રવિશકી ગર્મી કો જિસને સોચા દિમાગસે ઈક ભભૂકા ફૂટા**
**ખિરદકે જંગલમેં ફૂલ ચમકા દહર દહર પેળ જલ રહે થે**

*(રવિશ = ગતિ. ભભૂકા = શોલો, ભડકો. ખિરદ = બુધ્ધિ. દહર દહર = દરેક જગાએ, દરેક સમયે)*

**અર્થાત :** નબી અકરમ ﷺની ગતિનો હાલ પણ સાંભળી લો ! કે જેણે એ ગતિનો અંદાઝો લગાડવા માટે કેવળ વિચાર કર્યો તેનું દિમાગ પણ એક ધમાકાથી ફાટી ગયું અને એ ધમાકાથી એવો ભડકો ઉઠયો કે બુધ્ધિના જંગલમાં એક નૂરાની ફૂલ પેદા થયું જેણે ફૂલ થઈને જંગલના દરેક ઝાડને સળગાવી દીધું. એટલે રફતારે મુસ્તફાની બુલંદીઓનો આપણી નાની સરખી બુધ્ધિ જો અંદાઝો લગાડવા બેસશે તો તેનું કાંઈ બચશે નહીં એટલા માટે કહે

છે કે : *અક઼લવાલા તેરી દુન્યાસે પરેશાન ગયા–ઈશ્ક઼વાલા તુઝે હર રંગમેં પહેચાન ગયા*

અને મેઅરાજુન્નબી ﷺના તો સર્વ મામલાઓ ઈશ્ક઼ની સાથે જ સંબંધ ધરાવે છે. વળી જુઓ તો રાતના થોડા સરખા ભાગમાં એટલાં કામો થઈ રહ્યાં છે કે જે હજારો વરસોમાં પણ નથી થઈ શકતાં. મક્કાથી ચાલવું, મૂસા علیہ السلامની ક઼બર પાસે થઈને બયતુલ મુક઼દ્દસ આવવું, નમાઝ પઢાવવું, ખુત્બો આપવો પછી જમીનની અગણિત નિશાનીઓનો નઝારો કર્યા બાદ આસ્માન તરફ રવાનગી. એક આસ્માનથી બીજા આસ્માન વચ્ચે ૫૦૦ વરસનું અંતર, વળી જમીનથી આસ્માન સુધીનું પણ એટલુ જ અંતર, વળી દરેક આસ્માનની જાડાઈ પણ એટલી જ. તો સાત આસ્માન તથા સાત અવકાશ સાત હજાર વરસો તો એ જ થઈ ગયાં. પછી જન્નત તથા દોઝખ તથા અન્ય સર્વ મામલાઓ પર વિચારણા કરો તો બુધ્ધિનો જનાઝો કેમ નહીં નીકળે ?! આ જ પ્રકારનો એક મોજિઝો શક્કે સદર (હૃદયનું છેદન) પણ છે જેને ટૂંકમાં વર્ણન કરવાની કોશિશ કરી રહ્યો છું.

**શક્કે સદર (હૃદયનું છેદન)** : ગઝવએ ઓહદમાં હુઝૂર ﷺ ઝખ્મી થયા અને લોહી નીકળ્યું તો કેટલાય લોકો જોર શોરથી એ બનાવનું વર્ણન કરીને નઊઝુબિલ્લાહ ! પોતે પોતાને શબે અસ્રાની જેવા ઠરાવવાની નિષ્ફળ કોશિશ કરે છે. તેમને ગઝવએ ઓહદમાં દાંત મુબારકની શહાદતથી લોહી નીકળવાનું તો દેખાય ગયું અને જ્યારે મેઅરાજની રાતે તથા એના ઉપરાંત પણ બે વાર, કુલ ત્રણ વાર સરકારે મદીના ﷺનો સીના મુબારકને ખોલીને દિલ બહાર કાઢવામાં આવ્યું છતાં હયાત પણ યથાવત રહી અને એક ટીપુ પણ લોહી ન નીકળ્યું ! એ કેમ ભૂલી જાય છે ?! انما انا بشر مشلکم પઢવાવાળા قد جاء کم من اللہ نور કેમ ભૂલાવી દે છે ?! તેમને અલ્લાહના નબી તાઈફમાં પથ્થર ખાતા તો દેખાય છે પણ નાલૈન સહિત અર્શ પર નાઝથી ડગલાં ભરતા નથી દેખાતા !

હઝરત સાહબઝાદા ફયઝુલ હસન શાહ સાહબ આલૂ મહાર શરીફની ખિદમતમાં કોઈએ અર્ઝ કરી કે ફલાણા મોલ્વીએ તૌહીદ વર્ણન કરતાં કહ્યું કે, "ભેંસને પાડે કોણ આપે છે ? બોલો ! અલ્લાહ ! મરગીને ઈંડુ કોણ આપે છે ? બોલો ! અલ્લાહ !" (આ તેમની તૌહીદ હોય છે) આપે એકદમ ફર્માવ્યું, તેને કહો કે આ પણ કહે કે, "મારા નબીને નાલૈન સહિત અર્શ પર કોણ લઈ જાય છે ?! બોલો ! અલ્લાહ !" *(અલ્લામા ઈબ્ને હજર ફત્હુલ બારીમાં ફર્માવે છે)*

સરકાર ﷺ ફર્માવે છે, જ્યારે મારુ હૃદય છેદાઈ રહ્યું હતું તો હું જોઈ રહ્યો હતો. મારા દિલની હાલત આ પ્રમાણે હતી : قلب سدید فیہ عینان تبصران واذنان تسمعان દિલ સીધુ તથા ઉમદા હતું. એમાં જોવાવાળી બે આંખો હતી અને સાંભળવાવાળા બે કાન હતા. ત્યારે જ તો આપ ફર્માવે છે : انی اری ما لا ترون واسمع ما لا تسمعون હું તે જોઉં છું જે તમે નથી જોઈ શકતા અને હું તે સાંભળુ છું જે તમે નથી સાંભળી શકતા. અને ફર્માવ્યું કે હું તમારા ખુશૂઅ (દિલની હાલત)ને પણ જોઉં છું. હું પીઠ પાછળ પણ જોઉં છું. (આ બુખારી શરીફની હદીષો છે) અને ફર્માવ્યું કે હું મારી વાલિદા માજિદાના પેટમાં હતો તો લોહે મેહફૂઝના ચાલતા ક઼લમનો અવાજ સાંભળતો હતો. અને આપે ફર્માવ્યું કે હું જ્યારે જન્નતમાં ગયો (તો મદીનામાં ચાલતા) બિલાલના ક઼દમોના અવાજને સાંભળ્યો. આ રહસ્ય દિલના માદરઝાદ આંધળાઓ તો નથી બતાવી શકતા બલ્કે કોઈ ગૌષે આ'ઝમ رضی اللہ عنہનો દીવાનો જ

બતાવશે, જેના આક઼ા ગૌષે આ'ઝમને પણ એ ફયઝ નસીબ થયો અને આપે ફર્માવ્યું કે મારો મુરીદ પૂર્વમાં હોય અને હું પશ્ચિમમાં હોઉં. અને જો મુરીદનું સતર ખુલી જાય તો હું પહોંચી જઉં છું અને તેની પર્દાપોશી કરું છું. અને ફર્માવ્યું : نظرت الی بلاد الله جمعا۔کخردلة علی حکم اتصال "હું અલ્લાહના સર્વ શહેરોને એવી રીતે જોઉં છું જાણે કે હાથની હથેળી પર રાઈનો દાણો."

સવાલ એ છે કે આજે આટલી પ્રગતિના છતાં પણ દિલનું ઓપરેશન કરવાનુ હોય તો બનાવટી દિલ લગાડયા વિના નથી થઈ શકતુ, નહીં તો ઓપરેશન કરાવનારનું મૃત્યુ થઈ જાય છે બલ્કે લગાડવા છતાં સામાન્યતઃ થઈ જ જાય છે. પરંતું હુઝૂર છે કે ન બેહોશ થયા ન બનાવટી દિલ લગાડયું. ફર્માવ્યું, હું જોઈ રહ્યો હતો અને દિલ છાતીથી બહાર રાખેલું છે. સાબિત થયું કે આપણા આક઼ા દિલના મોહતાજ નથી, જે દિલ વિના જીવંત રહી શકે છે તે રૂહ વિના કેમ નથી રહી શકતો ?! હા ! તો વાત અહીંથી ચાલી હતી કે ઓહદમાં દાંત મુબારકની શહાદત પર લોહી નીકળ્યું અને અહીં છાતી ચીરાઈને દિલ કાઢવા છતાં ટીપુ લોહી ન નીકળ્યું ! એનું કારણ એ હતું કે ત્યાં બશરિયતનો ઝહૂર હતો અને અહીં નૂરાનિયતનો હતો. હુઝૂર ﷺની બંનેવ શાનોને માનવી જરૂરી છે, નહીં તો ઈમાનનો જનાઝો જ નીકળી જશે.

ક઼લ્બે અત્હર (દિલ પાક)ને ઝમઝમ શરીફ વડે ધોવું એટલા માટે ન હતું કે નઊઝુબિલ્લાહ ! કોઈ કમી કે મેલ કુચેલ હતો, બલ્કે ઝમઝમ શરીફની અઝમત વધારવા માટે એવું કરવામાં આવ્યું. ત્યારે જ તો બાવુઝૂ થઈને કિબ્લા રૂ થઈને, ઉભા રહીને વધુથી વધુ એહતેરામની સાથે પીવામાં આવે છે કે આ બાબરકત પાણીને બે નબીઓની નિસ્બત નસીબ થઈ છે. તો આ એ જ પ્રમાણે થયું કે જેવી રીતે વુઝૂ પર વુઝૂ કરવામાં આવે છે જેથી "નૂરુન અલા નૂર" વાળો મામલો થઈ જાય. અને જિબ્રઈલ જેવો ફરિશ્તો ક઼દમોને બોસો આપીને ફખ્ર મેહસૂસ કરે કે આખી કાઈનાતને આ જ ક઼દમોનો સદક઼ો મળી રહ્યો છે અને મળતો રહેશે, અને જ્યારે ફરિશ્તા કહે કે જિબ્રઈલ અમારા ઈમામ છે તો જિબ્રઈલ ફર્માવે, મને એનાથી એટલી ખુશી નથી થતી કે હું તમારો ઈમામ છું જેટલી એનાથી થાય છે કે હું પણ મુસ્તફાનો ગુલામ છું.

**જલૂમેં જો મુર્ગે અક઼્લ ઉળે થે, અજબ બુરે હાલોં કરતે પળતે**
**વો સિદરહ હી પર રહે થે થક કર, ચળ્હા દમ, તયૂર આ ગયે થે**

*(જલૂ = હમરાહી. તયૂર = ચક્કર)*

**અર્થાત** : શબે મેઅરાજ હુઝૂર ﷺની સાથે જે (અક્કલના પક્ષીઓ) ફરિશ્તાઓની મુક઼દ્દસ જમાઅત જઈ રહી હતી એમની હાલત પણ જોવા જેવી હતી. પુષ્કળ ભીડ, તેજ ગતિ તથા થકાવટના કારણે એકબીજાની ઉપર પડી રહ્યા હતા, જાણે કે કુર્બાન થઈ રહ્યા હોય. બાકીનાઓને તો એક તરફ રહેવા દો ખુદ એમના સરદાર (હઝરત જિબ્રઈલ علیہ السلام) પણ થાકીને સિદરતુલ મુન્તહા પર રોકાય ગયા અને બુલંદી તથા કુર્બે મુસ્તફા જોઈને તેમનું માથુ ચકરાય ગયું ! અને આંખની સામે અંધારા જેવું છવાઈ ગયું, જ્યારે કે આ જ તે બુઝુર્ગ છે કે જે અલ્લાહના હુકમથી હુઝૂર ﷺને લેવા માટે આવ્યા હતા.

**મેઅરાજે જિસ્માની અને આયાતે કુર્આની** : ઈર્શાદે બારી તઆલા છે : سبحن الذی اسری بعبدہ لیلا

''પાક છે તે ઝાત જે પોતાના ખાસ બંદા (મુહમ્મદ ﷺ)ને લઈ ગઈ રાતના થોડા સરખા હિસ્સામાં.''

શબ્દ سبحن આશ્ચર્યના મોક઼ા પર બોલવામાં આવે છે. જો કે મેઅરાજે રૂહાની (ખ્વાબમાં) થવું તો આશ્ચર્યની કોઈ વાત જ નથી, ખ્વાબમાં કોઈની પણ સાથે એવું થવું શક્ય છે.

- જ્યારે હુઝૂર ﷺની મેઅરાજ મુક઼દસનું સમર્થન કરવાથી કાફિરોએ ઈન્કાર કરી આપ્યો અને આપના પર એતરાઝ કરવાનુ શરૂ કરી આપ્યું કે જો આપ બૈતુલ મુક઼દસ ગયા છે તો બતાવો એના દરવાજા કેટલા છે, બારીઓ કેટલી છે વગેરે. અલ્લાહ તઆલાએ જિબ્રઈલે અમીનને ફર્માવ્યું કે મારો નબી તો સૈર માટે આવ્યો હતો, કાંઈ દરવાજા તથા બારીઓ ગણવા તો ન આવ્યો હતો ! જલ્દી જા અને બયતુલ મુક઼દસ મારા હબીબની સામે કરી આપ કે જેથી ગણી ગણીને બતાવતો જાય અને કાફિરોનું મોં બંધ થઈ જાય.

પછી તેમણે કહ્યું, સારું ! જો તમે ખરેખર બયતુલ મુક઼દસ ગયા છે તો અમારો એક કાફલો પણ એ તરફ ગયો છે. તો બતાવો એ ક્યારે આવશે ? (ન માનવાનું આ પણ એક બહાનુ હતું, નહીં તો ક઼ાફલાના આવવાનો સમય ન પૂછત, કેવળ એટલું પૂછત કે આપે એ કાફલાને ક્યાં જોયો છે ? કેમ કે જોવા છતાં આવવામાં મોડુ થઈ શકે છે. અથવા આ સવાલથી તેઓ હુઝૂર ﷺનો ઈલ્મે ગયબ તથા ઈખ્તિયાર જોવા ચાહતા હતા.) જેથી આપે તેમનું દરકે હથિયાર નિષ્ફળ કરતાં ફર્માવ્યું કે ફલાણા દિવસે. દા.ત. બુધવારે સૂરજ નીકળતાં જ કાફલો આવી જશે. શક્ય હતું કે મક્કાના કાફિરો શરારત રૂપે ક઼ાફલાને રોકી દેતા જેથી નઊઝુબિલ્લાહ ! હુઝૂર ﷺની વાત પૂરી ન થાય, પરંતું તેઓ જાણતા ન હતા કે :

*તુમ્હારે મુંહસે જો નિકલી વો બાત હો કે રહી–જો દિનકો કહ દિયા શબ હૈ તો રાત હો કે રહી*

અલ્લાહે પોતાના હબીબને ફર્માવ્યું કે આ મામલામાં પરેશાન થવાની જરૂરત નથી, જ્યાં સુધી ક઼ાફલો નહીં આવે સૂરજ ઉગશે જ નહીં ! જેથી બુધની સવારે સૂરજ નીકળતા પહેલાં આશિક઼ાને મુસ્તફા એક પહાડની ટોચ પર ઉભા થઈ ગયા અને મક્કાના કાફિરો બીજા પહાડ પર ઉભા રહીને ઈન્તેઝાર કરવા લાગ્યા. આ બાજુ કાફિરોએ કહ્યું કે સૂરજ નીકળી આવ્યો, તો પેલી બાજુ ગુલામાને મુસ્તફાએ ના'રો લગાડી દીધો કે કાફલો પણ આવી ગયો.

જો એ મેઅરાજ રૂહાની હોત, જિસ્માની (શરીર સાથે) ન હોત તો આ પ્રમાણે હંગામા ખડા ન થાત, બલ્કે આપ કહી આપતે કે ભાઈ ! એમાં આશ્ચર્યની શું વાત છે ! આ પ્રકારનો ખ્વાબ તો તમને પણ આવી શકે છે. અને વળી એનાથી પહેલાં હુઝૂર ﷺને ૩૦ થી વધુ (૩૩) રૂહાની મેઅરાજો થઈ હતી પણ કોઈએ કોઈ વાંધો નથી લીધો. વાંધાઓનું હોવું જ સાબિત કરે છે કે મેઅરાજ શારીરિક હતી.

**એક સવાલનો જવાબ** : કોઈ જો કહે કે હદીષોમાં છે કે હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہاએ પણ શારીરિક મેઅરાજનો ઈન્કાર કરતાં ફર્માવ્યું છે કે મેં આપ ﷺ ગાયબ થયેલ નથી પામ્યું. તો એનો જવાબ એ છે કે આપ (હઝરત આઈશા) કોઈ અન્ય રૂહાની મેઅરાજની વાત કરી રહ્યાં છે, કેમ કે જ્યારે હુઝૂર ﷺને આ મેઅરાજ થઈ છે ત્યારે હઝરત આઈશા رضی اللہ عنہا પણ હુઝૂરના ઘરે આવ્યાં જ ન હતાં. આ મેઅરાજ તો મક્કામાં થઈ, જ્યારે હઝરત આઈશા رضی اللہ عنہاની વિદાયગીરી મદીનામાં જઈને થઈ.

બીજો જવાબ એ છે કે હુઝૂર ﷺ તો જાને કાઈનાત છે. જ્યારે આપ તશરીફ લઈ ગયા તો હસ્તીની નબ્ઝ

રોકાઈ ગઈ અને જે જ્યાં હતુ ત્યાં સ્થિર તથા જામ થઈ ગયું, તો કોઈને શું ખબર કોઈ ગાયબ થયું કે નહીં ?! પરત તશરીફ લાવ્યા ત્યારે સર્વ સ્થિર થયેલ વ્યવસ્થા ચાલુ થઈ. એટલા માટે સાંકળ હલી રહી હતી, પથારી ગરમ હતી, પાણી વહી રહ્યું હતું. જાણે કપડાની મિલ વીજળીના થકી ચાલી રહી હોય અચાનક વીજળી ચાલી જાય તો જે દોરો જ્યાં હતો ત્યાં જ રોકાય જશે. પછી જ્યારે વીજળી આવશે, ભલે કેટલાય કલાકો બાદ આવે તો એ જ જગાએથી ફરીથી કામ શરૂ થઈ જશે.

- ❑ રિવાયતમાં આવ્યું છે કે ઘણા બધા કમજોર ઈમાનવાળા લોકો મેઅરાજના મોજિઝાને અક્કલના ત્રાજવા વડે તોલનારા આ મોજિઝાનો ઈન્કાર કરીને મુર્તદ થઈ ગયા. આ પરથી પણ જિસ્માની મેઅરાજનો સ્પષ્ટ નિર્દેશ મળે છે.
- ❑ કુર્આન મજીદમાં અલ્લાહ તઆલાએ (بعبدہ) "બિઅ્બ્દિહી" ફર્માવ્યું છે, بروحہ (બિરૂહિહી) નથી ફર્માવ્યું. અને "અ્બ્દ" રૂહ તથા શરીરના સંગમને કહે છે. રૂહ ન હોય તો અ્બ્દ નથી કહી શકતા, બલ્કે એને કહે છે કે જનાઝો જઈ રહ્યો છે. અને જો અહીં રૂહ મુરાદ લેશો તો દરેક જગાએ પછી રૂહ જ મુરાદ લેવાશે. ماانزلنا علی عبدنا શું અલ્લાહે હુઝૂર ﷺની રૂહ પર કુર્આન ઉતાર્યું છે ? કે પછી જિસ્મવાળી રૂહ પર ? મૂસા علیہ السلامને ફર્માવવામાં આવ્યું : اسر عبادی "મારા બંદાઓને રાતોરાત લઈને નીકળી જાવ." શું એનો મતલબ પણ એ થશે કે શરીરોને રહેવા દો અને રૂહોને લઈને નીકળી જાવ ! એ જ પ્રમાણે : ارایت الذی ینھی عبدا اذ صلی અને لما قال عبد اللہ کادوا یکونون علیہ لبدا જેવી કુર્આની આયતોને સમજવામાં સખત મુશ્કેલી તથા ઉલઝન પેદા થશે.

**મેઅરાજ શરીફની ત્રણ મંઝિલો** : આ આયતે કરીમાથી મેઅરાજ શરીફની ત્રણ મંઝિલો અને હુઝૂર ﷺની ત્રણ હાલતો વિશે દલીલો કરવામાં આવેલ છે. જેમ કે હઝરત ખ્વાજા નિઝામુદ્દીન અવલિયા عَلَیْہِ الرَّحْمَۃُ وَ الرِّضْوَانُ ફવાઈદુલ ફવાઈદ શરીફ, પેજ નં. ૩૦૮ પર ફર્માવે છે : મસ્જિદે હરામથી મસ્જિદે અક્સા સુધી 'અસ્રા' છે. ત્યાંથી આસ્માનો સુધી મેઅરાજ છે. જેમ કે હદીષમાં : ثُمَّ عُرِجَ بِی અને એનાથી ઉપર قاب قوسین او ادنی સુધી "એઅરાજ" છે.

પહેલી મંઝિલનો સંબંધ આપની બશરિયતથી છે. બીજાનો સંબંધ આપની નૂરાનિયત, રૂહાનિયત તથા માલિકીપણાથી છે. અને ત્રીજાનો સંબંધ આપની હકીકત તથા મુહમ્મદિયતથી છે પણ સર્વ મંઝિલો રૂહવાળા શરીર તરફથી જ પાર પડી. પ્રથમ મંઝિલનું વર્ણન من المسجد الحرام الی المسجد الاقصیٰમાં છે. બીજાનો નિર્દેશ لنریہ من اٰیاتناમાં છે, અને ત્રીજાનો નિર્દેશ : انہ ھو السمیع البصیرના ઇજમાલની તફસીલમાં છે : પ્રથમનો મુન્કિર (નકારનાર) **કાફિર,** બીજાને નકારનાર **ગુમરાહ** અને ત્રીજાને નકારનાર **બદનસીબ** તથા **મેહરૂમ** છે.

**ફ્વી થે મુરગાને વહમ કે પર ઉળે તો ઉળનેકો દમ ભર**
**ઉઠાઈ સીનેકી ઐસી ઠોકર કે ખૂને અંદેશા થૂકતે થે**

**અર્થાત** : વહેમ તથા ખયાલ પણ મુસ્તફા ﷺની ગતિ સુધી નથી પહોચી શકતા, ભલે વહેમ તથા

ગુમાનની પાંખો ઘણી શક્તિશાળી હોય છે. (કેમ કે દરેક બુલંદીની કલ્પના તો કરી શકાય છે) પરંતું થોડીવાર માટે ખયાલોએ ઉડ્ડયન કર્યું પછી એવી ઠોકર ખાધી કે લોહીની ઉલ્ટી થવા લાગી. એટલે કે થાકી હારીને બેસી ગયા.

**સુના યહ ઈતનેમેં અર્શે હક઼્ને કહા મુબારક હોં તાજવાલે**
**વહી ક઼દમ ખૈરસે ફિર આયે જો પહલે તાજે શરફ તેરે થે**

**અર્થાત :** એ જ અરસામાં અર્શે મુઅલ્લાએ એ વાત સાંભળી લીધી અને ખુશ થઈને મચલી ઉઠયો કે લો ભાઈ ! અમારી પણ વાત બની ગઈ છે ! કે તાજે રિસાલત તથા નબુવ્વતવાળા મારા ઉપર નાલૈન સાથે તશરીફ લાવી રહ્યા છે, હું તો ખૂબ બોસા લઈશ ! અલ્લાહ કરે ખૈર તથા આફિયત સાથે મારી પાસે પહોંચી જાય (ક્યાંક જિબ્રઈલ અમીનની જેમ મારી ખ્વાહિશ પણ દિલમાં ન રહે. તેમણે પણ ખ્વાહિશ કરી હતી કે હુઝૂર ﷺની સંગાથે મને પણ કુર્બે ખુદાનો તે દરજો હાંસલ થઈ જશે, પણ સિદરહથી આગળ ન જઈ શક્યા) આપના ક઼દમ મુબારક તો પહેલાં જ મારા માટે શરાફત તથા અઝમતનો તાજ છે, હવે તો તેમની અઝમત મારી નિગાહોમાં ઔર પણ અધિક થઈ ગઈ.

**યહ સુનકે બેખૂદ પુકાર ઉઠા, નિષાર જાઉં કહાં હૈ આક઼ા**
**ફિર ઉનકે તલ્વોંકા પાઉં બોસા, યહ મેરી આંખોંકે દિન ફિરે થે**

**અર્થાત :** અર્શે આ'ઝમ વજ્દમાં આવીને પોકારી ઉઠયો, હે મારા આક઼ા ! ﷺ હું આપના ક઼દમો પર કુર્બાન થઈ જાઉં ! આપ ક્યાં છો ? ક્યારે મારા સીના પર આપની નાલૈન રાખી રહ્યા છો ? જલ્દી તશરીફ લાવો જેથી કરીને હું તમારા પગોને ચૂમવાની સદ્દનસીબી હાંસલ કરું અને મારા નસીબાને જગાડુ. મવાહિબે લદુન્નિયામાં (૨/૨૨)માં છે : لما انتهى الى العرش تمسک العرش باذياله "જ્યારે આપ ﷺ અર્શે મુઅલ્લા પર પહોંચ્યા તો અર્શે મુઅલ્લા આપના રહમતના દામન સાથે બાઝી પડયો."

આપણે હુઝૂરના નામ પર અંગૂઠા ચૂમીએ તો લોકોને દૌરા પડે છે ! જરા અર્શને પૂછો કે આજે એને શું થઈ ગયું છે ?!

**ઈમામ યૂસુફ નબહાની رحمۃ اللہ علیہની મશહૂર રૂબાઈ છે :-**

عَلٰی رَأْسِ هٰذَا الْكَوْنِ نَعْلُ مُحَمَّدٍ    عَلَتْ فَجَمِیْعُ الْخَلْقِ تَحْتَ ظِلَالِهٖ
نَدَی الطُّوْرُ مُوْسٰی نُوْدِیْ اِخْلَعْ وَ اَحْمَدَ    عَلَی الْعَرْشِ لَمْ یُؤْذَنْ بِخَلْعِ نَعَالِهٖ

**(અર્થ) :** હઝરત રસૂલે કરીમ ﷺની નાલૈન મુબારકની શાન એ છે કે જ્યારે આપ મેઅરાજ પર ગયા તો નાલૈન મુબારક સર્વ કાઈનાતની ઉપર હતી અને સર્વ મખ્લૂક઼ એ નાલૈન મુબારકના સાયાની નીચે હતી. અને કોહે તૂર પર હઝરત મૂસા علیہ السلامને નિદા (પુકાર) થઈ કે આપ નાલૈન પાક ઉતારી દો, અને હઝરત અહમદે મુજતબા ﷺને અર્શ નાલૈન પાક ઉતારવાનો હુકમ નથી મળ્યો.

**ઝુકા થા મુજરેકો અર્શે આ'લા, ગિરે થે સજદેમેં બઝ્મે બાલા**
**યહ આંખે ક઼દમોંસે મલ રહા થા વો ગિર્દ કુર્બાન હો રહે થે**

**અર્થાત :** અર્શે મુઅલ્લા ઝુકીને સલામી આપી રહ્યો હતો અને મલાએ આ'લાના ફરિશ્તા શુક્રનો સજદો અદા કરી રહ્યા હતા (કે યા અલ્લાહ ! તારો શુક્ર છે કે તેં અમને ઘરે બેઠાં જ તારા મહબૂબનો દીદાર કરાવી દીધો છે.) અને જેવા હુઝૂર ﷺ અર્શે મુઅલ્લા પર જલ્વાગર તો અર્શ આપનાં મુબારક તલ્વાંને આંખોથી ઘસવા લાગ્યા અને મલાએ આ'લાના ફરિશ્તાઓ આપની આસપાસ નિષાર થવા લાગ્યા અને ઝબાને હાલથી કહેવા લાગ્યા :

*ઉન્હીકી મેહફિલ સજા રહે હેં, ચિરાગ હમારા હે રાત ઉન્કી–ઉન્હીં કે મતલબકી કેહ રહે હેં ઝબાં હમારી હે બાત ઉન્કી*

**ઝિયાંએં કુછ અર્શ પર યહ આઈ કે સારી કંદીલેં ઝિલ મિલાઈ**
**હુઝૂરે ખુરશિદ ક્યા ચમકતે ચિરાગ મુંહ અપના દેખતે થે**

**અર્થાત :** અર્શે મુઅલ્લાથી કાંઈક એવાં રંગબેરંગી નૂરાની કિરણો ફૂટયાં કે તમામ ફાનસોની રોશની મંદ પડી ગઈ અને સિરાજે મુનીર, આફતાબે નબુવ્વત, માહતાબે રિસાલતના નૂરની સામે પોતાના જેવું મોં લઈને રહી ગયા ! ભલા સૂરજની સામે ચિરાગની શું મજાલ છે કે તે ચમકવાનું નામ પણ લે ?! કહેવત મશહૂર છે કે, ''સૂરજને ચિરાગ દેખાડવા જેવી વાત છે.'' આ તે વખતે બોલાય છે જ્યારે કોઈ મોટાના મહાન કામની સામે નાનો શખ્સ મામૂલી કામ કરે, અથવા આજીજીના રૂપે બોલે છે. અને આક઼ાનો દરબાર તો તે છે કે :

*દરે રસૂલપે કુદ્દસી સલામ કરતે હેં–યહ કામ વો હે જો વો સુબ્હો શામ કરતે હેં*
*ષનાએ ખ્વાજાસે અખ્તર તુઝે મિલા યહ મક઼ામ–કે અહ્લે ઈશ્ક઼ તેરા એહતેરામ કરતે હેં*

**યહી સમાં થા કે પયકે રહમત ખબર યહ લાયા કે ચલીયે હઝરત**
**તુમ્હારી ખાતિર કુશાદા હેં જો કલીમ પર બંદ રાસ્તે થે**

**અર્થાત :** એ જ મુબારક ઘડીઓમાં રહમતનો ફરિશ્તો પયગામ લઈને આવ્યો કે હુઝૂર ! તશરીફ લઈ ચાલો ! (દીદારના માટે) જે માર્ગો મૂસા علیہ السلام માટે બંધ હતા, તે સર્વે આપના માટે ખોલી દેવામાં આવ્યા છે. તેમને તૂર પર બોલાવ્યા તો નાલૈન ઉતારવાનો હુકમ આપ્યો, આપ ﷺ અર્શે મુઅલ્લા પર નાલૈન સાથે તશરીફ લાવ્યા, અને દીદારે ખુદાવંદીની લિજ્જત પામ્યા.

નાલૈન સહિત અર્શ પર જવાનું વર્ણન ક઼સસુલ અંબિયા, જવાહિરુલ બિહાર, રૂહુલ બયાન તથા સીરતે અરબીમાં છે. આ'લા હઝરત رضی اللہ عنہએ નાલૈન સહિત જવાવાળી રિવાયતને જો કે બેસનદ ઠરાવી છે પણ મૂળ પ્રસંગનો ઈન્કાર આપના થકી ક્યાંય પણ સાબિત નથી. સઅદી ફર્માવે છે : અર્શ અસ્ત કમીં પાયહ ઝ અયવાને મુહમ્મદ ﷺ

**બળ્હ અય મુહમ્મદ ક઼રીં હો અહમદ, ક઼રીબ આ સરવરે મુમજ્જદ**
**નિષાર જાઉં યહ ક્યા નિદા થી, યહ ક્યા સમાં થા યહ ક્યા મઝે થે**

**અર્થાત :** (જેવું કે મવાહિબે લુદુન્નિયહ પેજ–૨૯ પર રિવાયત છે કે જ્યારે જિબ્રઈલ, બુર્રાક઼ તથા રફ રફ નીચે રહી ગયાં, અને હુઝૂર એકલા રહી ગયા તો એ આલમે નૂરમાં) અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના અવાજમાં નિદા આવી : اُدن یا خیر البریۃ ادن یا محمد، ادن یا احمد لیدن نوا الحبیب۔ (એનો તર્જુમો આ'લા હઝરતે આ શેઅરમાં

કર્યો) હે મારા પ્યારા ! આગળ વધો ! હે અહમદે મુખ્તાર ! હજી નજીક આવો ! હે સર્વ મખ્લૂકના સરદાર ! હજી આગળ આવો ! (અને હવે રોકાઈ જાવ : فدنی الجبار رب العزۃ (બુખારી શરીફ) ثم دنی فتدلّٰی فکان قاب قوسین او ادنی (અલ્કુર્આન) હે મુસ્તફાના આશિકો ! હવે આપ પણ સમજી જાવ. હું કુર્બાન જાઉં એ શું અવાજ હતો, એ શું સમાં હતો અને એમાં શું મજા તથા લત્ફ હશે !

*ઈબ્ને યઅકૂબકો અલ્લાહને સૂરત બખ્શી–ઈબ્ને મરયમકો મસીહાઈકી નેઅમત બખ્શી*
*હઝરત મૂસાકો યદે બયદ઼ાકી દૌલત બખ્શી–મેરે આક઼ાકો બેપર્દા ઝિયારત બખ્શી*

**તબારક્કલ્લાહુ શાન તેરી તુઝહી કો ઝૈબા હૈ બેનિયાઝી**
**કહીં તો વો જોશે લન્તરાની, કહીં તક઼ાઝે વિસાલ કે થે**

**અર્થાત** : હે અલ્લાહ ! તું ઘણો જ બરકતવાળો છે અને તારી શું શાન છે ? ખરેખર બેનિયાઝી તથા સમદિયત કેવળ તારી જ શાનને લાયક છે. અને તારાં કામો પણ કેવાં નિરાળાં તથા વજ્દ આફરિન છે કે મૂસા علیہ السلامને દીદાર તલબ કરવા છતાં ફર્માવી રહ્યો છે, "હે મૂસા ! તું મને હરગિઝ નથી જોઈ શકતો !" અને હબીબે એવી કોઈ માગણી પણ નથી કરી છતાં તેની દરેક માગણી (ઉમ્મતની બખ્શિશ, કયામતના દિવસે સવારીઓની વ્યવસ્થા વગેરે) પણ પૂર્ણ થઈ રહેલ છે, અને મુલાક઼ાતના તકાઝા પણ ان اللّٰہ قد اشتاق الی لقائک یا رسول اللّٰہ۔ બલ્કે હબીબ બિસ્તર પર આરામ કરી રહ્યા છે, તો સૈયદુલ મલાઈકાથી પગોને બોસા અપાવીને ઉઠાડવામાં આવી રહ્યા છે, બુર્રાક઼ પર સવાર કરવામાં આવી રહ્યા છે, મસ્જિદે અક઼સામાં નબીઓના ઈમામ બનાવવામાં આવી રહ્યા છે, અર્શ પર બોલાવવામાં આવી રહ્યા છે અને દીદાર કરાવવામાં આવી રહ્યો છે.

**હઝરત મૂસા علیہ السلام તથા ઈમામ ગિઝાલીનો દિલચસ્પ વાર્તાલાપ** : હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ મુહાજિરે મક્કી رحمۃ اللہ علیہ શમાઈમે ઈમ્દાદિયહમાં ફર્માવે છે, નકલ થયેલ છે કે શબે મેઅરાજના જ્યારે આં હઝરત ﷺ મૂસા علیہ السلامથી મળ્યા, તો હઝરત મૂસા علیہ السلامએ પૂછયું કે عُلَمَاءُ اُمَّتِیْ کانبیاء بنی اسرائیل જે આપે ફર્માવ્યું છે એ કેવી રીતે સહીહ થઈ શકે છે ? હઝરત હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ હાજર થયા અને સલામ કાયદેસર રીતે બરકાતુહૂ વ મગફિરતુહ વગેરે અર્ઝ કરી. હઝરત મૂસા علیہ السلامએ ફર્માવ્યું કે, આ લંબાણ બુઝુર્ગોની સામે કરો છો ?! આપે (ઈમામ ગિઝાલીએ) અર્ઝ કરી, આપને હક્ક઼ તઆલાએ કેવળ આટલુ જ પૂછયું હતું : وَمَا تِلْکَ بِیَمِیْنِکَ یَا مُوْسٰی તો શા માટે આટલો લાંબો જવાબ આપ્યો કે : هِیَ عَصَایَ اَتَوَکَّؤُ عَلَیْهَا وَ اَهُشُّ بِهَا عَلٰی غَنَمِیْ وَ لِیَ فِیْهَا مَاٰرِبُ اُخْرٰی۔الآیه

આં હઝરત ﷺએ ફર્માવ્યું : ادب یا غزالی "અદબ કરો હે ગિઝાલી !" (શમાઈમે ઈમ્દાદિયહ, પેજ–૧૩૪, કૌમી પ્રેસ લખનૌ)

નબરાસના લેખક શારેહે અક઼ાઈદે નસ્ફિયા رحمۃ اللہ علیہ પોતાની વિશ્વ વિખ્યાત કિતાબ નબરાસ શરહે અક઼ાઈદે નસ્ફિયામાં ફર્માવે છે : ઈમામ કુત્બે ઝમાં અબુલ હસન શાઝલી رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે મેં ખ્વાબમાં જોયું કે હુઝૂર ﷺ હઝરત મૂસા علیہ السلام તથા હઝરત ઈસા علیہ السلامની સામે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની સાથે ફખ્ર ફર્માવી રહ્યા છે

કે શું તમારી ઉમ્મતોમાં ગિઝાલી જેવો કોઈ આલિમ છે ?! અમુક લોકો ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہનો ઈન્કાર કરી રહ્યા હતા તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ ખ્વાબમાં તેમને કોરડા લગાડયા. જ્યારે તેઓ જાગૃત થયા તો કોરડાઓનાં નિશાન તેમના શરીર પર હતાં. *(નબરાસ, પેજ–૩૮૮)*

ઈમામ ગિઝાલીના વિશે એ જ બનાવને ઈમામ રાગિબ رحمۃ اللہ علیہએ મુહાદ્દિરાતમાં સૈયદના ઈમામ શાઝલી સાહબ હિઝબુલ બહર رضی اللہ عنہથી આ પ્રમાણે નક઼લ ફર્માવ્યું કે : "હું એકવાર મસ્જિદ અક઼સામાં સૂઈ ગયો. ખ્વાબમાં જોઉં છું કે મસ્જિદે અક઼સાની બહાર હરમની વચ્ચે એક તખ્ત બિછાવવામાં આવ્યો અને ટોળે ને ટોળે લોકોની ભીડ થવાની શરૂ થઈ. મેં પૂછયું કે આ શાની ભીડ છે ? જાણવા મળ્યું કે તમામ રસૂલો તથા અંબિયા علیہم السلام હુઝૂર સૈયદે આલમ હઝરત મુહમ્મદ રસૂલ صلی اللہ علیہ وسلمની ખિદમતે અક઼દસમાં મન્સૂર હલ્લાજની સિફારિશના બારામાં શફાઅતના માટે હાજર થઈ રહ્યા છે. મેં જો તખ્ત જોયો તો તેના પર કેવળ હઝરત મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم રોનક અફરોઝ છે અને સર્વ અંબિયા علیہم السلام બેઠેલા છે. હું ત્યાં રોકાય ગયો અને એ મુક઼દ્દસ હઝરાતે હઝરત મુહમ્મદ صلی اللہ علیہ وسلمને અર્ઝ કરી, હુઝૂર ! આપે ફર્માવ્યું કે عُلَمَاءُ اُمَّتِیْ كَاَنْبِیَاءِ بَنِیْ اِسْرَائِیْل "મારી ઉમ્મતના ઉલમા બની ઈસ્રાઈલના અંબિયાની જેમ છે." તો એઓમાંથી કોઈ આલિમ દેખાડો. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ઈમામ ગિઝાલીને બોલાવીને તેમને એક સવાલ કર્યો. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ એના દસ જવાબો આપ્યા. મૂસા علیہ السلامએ ફર્માવ્યું, જવાબ સવાલના પ્રમાણે હોવો જોઈએ ! એક સવાલનો એક જવાબ આપવાનો હતો, આપે દસ જવાબ શા માટે આપ્યા ?" ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہએ અર્ઝ કરી, હુઝૂર ! (માફ કરજો) અલ્લાહ તઆલાએ આપને પણ એક જ સવાલ કર્યો હતો : وَمَا تِلْكَ بِيَمِيْنِكَ يَا مُوْسٰى "હે મૂસા ! તમારા ડાબા હાથમાં શું છે ?" આપે એના કેટલાયે જવાબો આપ્યા કે આ મારી લાકડી છે, હું એના પર ટેકો લગાડુ છું. અને એના વડે મારી બકરીઓના માટે પાંદડાં ઝાળુ છું. અને એના ઉપરાંત મારાં અન્ય કામો પણ એના થકી થાય છે. જ્યારે કે અલ્લાહ તઆલાના સવાલનો એક જવાબ પૂરતો હતો કે આ મારી લાકડી છે. ઈમામ શાઝલી رحمۃ اللہ علیہ ફર્માવે છે, આ મન્ઝર જોઈને હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلم એકલા તખ્ત પર જલ્વા અફરોઝ થાય છે અને સર્વ રસૂલો તથા નબીઓ ખાસ કરીને હઝરત ઈબ્રાહીમ علیہ السلام, મૂસા કલીમુલ્લાહ علیہ السلام, નૂહ નજીબુલ્લાહ علیہ السلام, ઈસા રૂહુલ્લાહ علیہ السلام જેવા ઉલૂલ અઝ્મ અંબિયા علیہم السلام સૌ હુઝૂર صلی اللہ علیہ وسلمની સામે જમીન પર બેઠેલા છે. કેટલી મહાન અઝમત તથા જલાલતે મુહમ્મદીનું પ્રદર્શન થઈ રહ્યું છે ! હું સોચ વિચારમાં હતો અને મારા દિલમાં (ખ્વાબની હાલતમાં) હુઝૂર صلی اللہ علیہ وسلمની ક઼દર તથા મંઝિલત પર આશ્ચર્યમય હતો એવામાં અચાનક કોઈએ મને પગ વડે ઠોકર મારી જેના ઝટકાથી હું જાગી ગયો. મેં તેને જોયો તો તે મસ્જિદે અક઼સાનો વ્યવસ્થાપક હતો અને એ વખતે મસ્જિદની કન્દીલો રોશન કરી રહ્યો હતો. તેણે મને કહ્યું, શું આશ્ચર્ય કરે છે ? આ સૌ હુઝૂર صلی اللہ علیہ وسلمના નૂરથી જ પેદા થયેલ છે. આ સાંભળીને મારા પર બેહોશી છવાઈ ગઈ. નમાઝ માટે જમાઅત ઉભી થઈ ત્યારે મને રાહત થઈ. મેં તે મસ્જિદના વ્યવસ્થાપકને શોધ્યો પણ આજ સુધી તે નથી મળ્યો. *(રૂહુલ બયાન, ૫/૭૫)*

**સવાલ** : એનો મતલબ એ થયો કે ઈમામ ગિઝાલીએ મૂસા علیہ السلامને (મઆઝલ્લાહ !) લાજવાબ કરી દીધા ?!

**જવાબ** : આ ઈમ્તેહાનની વાત થઈ રહી છે. અને પરીક્ષામાં પરીક્ષકના સવાલોના જવાબોથી પરીક્ષકનું લાજવાબ થવું સાબિત નથી થતુ, બલ્કે વિદ્યાર્થીની ક઼ાબેલિયતની દલીલ હોય છે. અને જવાબનું અધિક હોવું અને વાતને લંબાવવું કેટલાક કારણોસર હોય છે. એમાંથી એક એ પણ છે કે જેથી વાતચીતનો શરફ઼ વધુ વાર સુધી રહે અને કલામની લિજ્જતથી સુકૂન મળતુ રહે. જેમ કે ખુદ મૂસા علیہ السلام એ પણ અલ્લાહ તઆલાથી અસાના બારામાં વાતચીત (કલામ)ને લાંબી કરી.

મુફસ્સિરોએ આનુ પણ એ જ કારણ દર્શાવ્યું છે.

**ખિરદસે કહ દો કે સર ઝુકા લે, ગુમાનસે ગુઝરે ગુઝરનેવાલે**
**પળે હૈ યાં ખુદ જેહતકો લાલે કિસે બતાએઁ કિધર ગયે થે**

**અર્થાત** : બુધ્ધિને કહી દો કે ક્યા વિચારોમાં ડૂબેલી છે ?! નઝારો તારી સમજમાં નથી આવી શકતો, સ્વીકારનું માથુ નમાવી લે. પસાર થનારા પસાર થઈ ગયા અને તારી હવાને પણ ખબર ન પડી શકી અને તેને શું ખબર પડવાની ?! અહીં છએ દિશાઓ માયૂસી તથા પરેશાનીના આલમમાં છે, તેઓ કોને બતાવે કે હુઝૂર કઈ બાજુ ગયા, કેમ કે તેઓ તો એ બાજુ ગયા છે જે બાજુ ન દિશા છે ન તરફ઼, ન મકાન ન મકાનિયત ન જિસ્મ છે ન જિસ્માનિયત.

**સુરાગે ઈં વ મતા કહાં થા નિશાન કૈફ઼વાલી કહાં થા**
**ન કોઈ રાહી ન કોઈ સાથી ન સંગે મંઝિલ ન મરહલે થે**

*(સુરાગ – ખોજ, નિશાન. ઈં – ક્યાં, મતા – ક્યારે, કૈફ઼ – કેવી રીતે. અલા – સુધી)*

**અર્થાત** : કોઈ શું બતાવે કે આપ ﷺ ક્યાં ગયા ? ક્યારે ગયા ? કેવી રીતે ગયા ? ક્યાં સુધી ગયા ? આ સર્વ સવાલોના જવાબો કોઈની પાસે નથી, કેમ કે ન ત્યાં ક્યારે અને ક્યાંની કલ્પના, અને કેવી રીતે ક્યાં સુધીનું નિશાન, ન કોઈ (આપના સિવાય) એ રાહનો મુસાફિર હતો, ન કોઈ આપની સાથે હતું, ન કોઈ મંઝિલનું નિશાન હતું અને ન પડાવ કરવાની જગા. આ સર્વ વાતો આલમે નાસૂત સાથે સંબંધ ધરાવે છે, એ તો આલમ જ કોઈ ઔર હતો.

**ઉધરસે પયહમ તક઼ાઝે આના ઈધર થા મુશ્કિલ ક઼દમ બળ્હાના**
**જલાલ વ હયબતકા સામના થા જમાલ વ રહમત ઉભારતે થે**

**અર્થાત** : પેલી બાજુ (બારગાહે રબ્બુલ આલમીન)થી મુલાકાતના વારંવાર તક઼ાઝા થઈ રહ્યા હતા અને આ બાજુ (નબી અકરમ ﷺના માટે) અલ્લાહ તઆલાના અન્વાર તથા તજલ્લીઓ અને હૈબત તથા શૌકત, રૂઆબ તથા દબદબાના કારણે (અદબ તથા એહતેરામના તકાઝાઓને લક્ષમાં લેતાં) ક઼દમ ઉઠાવવો મુશ્કેલ થઈ રહ્યો હતો, પણ જમાલ તથા રહમતે ખુદાવંદીએ હોસલો વધાર્યો અને મહબૂબે ખુદા ﷺએ પોતાના રબથી મુલાકાતની સદ નસીબી પ્રાપ્ત કરી.

*ઈં સઆદત બઝોરે બાઝૂ નેસ્ત–તા ન બખ્શદ ખુદાએ બખ્શન્દા*

હુઝૂર ﷺ જિબ્રઈલ અમીન સાથે એક પછી એક આસ્માનોના દરવાજા ખોલાવતા આગળ વધે છે જેનું વર્ણન કિતાબોમાં વાંચી શકો છો. લખાણ ટૂંકાવવા અત્રે નથી લખ્યું.

તે જ અંબિયાએ કિરામ જેમને હૂઝૂર ﷺ મસ્જિદે અકસામાં નમાઝ પઢાવીને ગયા હતા, એમનામાંથી કોઈ પ્રથમ આસ્માન પર સ્વાગત માટે ઉભા છે તો કોઈ બીજા પર, આ પ્રમાણે દરેક આસ્માન પર કોઈ ન કોઈ નબીથી મુલાકાત થઈ. (ડયૂટીવાળા પ્રથમ પહોંચી ગયા અને સૈરવાળા નાઝથી સૈર કરતા કરતા પહોંચ્યા) છેવટે સિદરહનો મકામ આવ્યો તો જિબ્રઈલે આ પ્રમાણે કહીને માફી ચાહી કે : જો હું વાળ બરાબર પણ (અથવા આંગળીના બેડકા બરાબર પણ) આગળ જઈશ તો રબની તજલ્લીઓથી મારી પાંખો સળગી જશે. (આગળ તે જ જાય જે એના નૂરથી છે)

**બળ્હે તો લેકિન ઝિઝકતે ડરતે હયાસે ઝુકતે અદબસે રુકતે !**
**જો કુર્બ ઉન્હીં કી રવિશપે રખતે તો લાખ મંઝિલકે ફાસલે થે**

**અર્થાત** : અલ્લાહના હુકમના પ્રમાણે આપણા આકા વ મૌલા ﷺ શર્મો હયાના પયકર બનીને ખૌફે ખુદાનો પોશાક પહેરીને ઘણા જ અદબો એહતેરામની સાથે આગળ વધતા જ ચાલ્યા ગયા. જો અંતર નિયમ મુજબની ગતિ પ્રમાણે ઓછુ હોત તો કદી ખત્મ ન થાત પણ અલ્લાહ તઆલાએ તમામ અંતરોને સમેટીને મહબૂબને قاب قوسین او ادنیٰ (કાબ કૌસૈન અવ અદના)ની નિકટતા અતા કરી આપી.

**પર ઉનકા બળ્હના તો નામકો થા હકીકતન્ ફેઅલ થા ઉધરકા**
**તનઝ્ઝલૂંમે તરક્કી અફઝા દના તદલ્લાકે સિલસિલે થે**

**અર્થાત** : વળી રિસલાત મઆબ ﷺનું આગળ વધતું તો નામ પૂરતુ અને કેવળ શાબ્દિક રૂપે જ હતું, નહીં તો હકીકતમાં આ ફેઅલ અલ્લાહ તઆલાની જ તરફથી હતું. (ثم دنی الجبار رب العزة પછી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જે જબ્બાર છે, નજીક થયો." –બુખારી) કે એ જાતે પોતાની શાનના પ્રમાણે આપ (ﷺ)ની તરફ નુઝૂલ ફર્માવ્યું. જે નુઝૂલ થઈને હુઝૂર ﷺના માટે હજારો તરક્કીઓની પૂર્વ ભૂમિકા સાબિત થઈ (એનો કુર્આનમાં આપને વાયદો કરવામાં આવ્યો : وللاخرة خير لک من الاولی "આપની દરેક આગલી ઘડી પાછલીથી બેહતર છે.") ત્યાં સુધી કે دنی فتدلیٰ فکان قاب قوسین او ادنی ના સિલસિલા સુધી વાત જઈ પહોંચી. હુઝૂરની મેઅરાજ કુર્બે ખુદાવંદી ઠરી અને ઉમ્મતીની મેઅરાજ કુર્બે મુસ્તફામાં છે.

**હુવા યહ આખિર કે એક બજરા તમૂજ બહરે હૂ મેં ઉભરા**
**દનાકી ગોદીમેં ઉનકો લેકર ફનાકે લંગર ઉઠા દિયે થે**

**અર્થાત** : પછી "હૂ"ની કયામતખેઝ લહેરો (અન્વારો તજલ્લિયાત, ઝાતે બારી તઆલાની વીજળીઓ)થી એક ખૂબ જ ઉમદા કશ્તી (તૌફીકે ખુદાવંદની) જાહેર થઈ જેણે આપણા આકાને કુર્બની ગોદમાં બેસાડયા અને ફનાની સર્વ રસ્સીઓ ખોલી દીધી (લંગર ઉઠાવી દીધાં) અને ફનાઈયતના અત્યંત ઉચ્ચ મકામની તરફ લઈ ગઈ.

**કિસે મિલે ઘાટકા કિનારા કિધરસે ગુઝરા કહાં ઉતારા**
**ભરા જો મિષ્લે નઝર તરારા, વહ અપની આંખોંસે ખૂદ છુપે થે**

*(તરારા – છલાંગ મારવી)*

**અર્થાત :** વહદતના સમુદ્રનો ઘાટ કે કિનારો જ નથી, કોઈ શું બતાવે કે નૂરની નાવડી (તૌફીક઼ે ઈલાહી) આપ ﷺને ક્યા ક્યા રસ્તેથી ક્યા સ્થળે લઈ ગઈ અને ક્યાં ઉતાર્યા, અને ઉતર્યા બાદ આપ ﷺએ કેવી રીતે છલાંગ લગાડી અને ન કેવળ અન્યોની નજરથી બલ્કે પોતાની નજરથી પણ છુપાય ગયા, એટલે કે સંપૂર્ણ ફનાઈયત હાંસલ થઈ ગઈ. (છલાંગ લગાડવાનો ભાવાર્થ એ પ્રમાણે છે કે જેવી રીતે નજર એક જ પળમાં આસ્માનને જોઈને એ જ પળે પરત આવી જાય છે. આપણી નજરની ઝડપ તથા સ્ફુર્તિ એ જ પ્રમાણે અથવા એનાથી પણ વધારે જો અલ્લાહ તઆલા પોતાના હબીબના વજૂદને અતા ફર્માવી દે તો કોઈ બાધ નથી, કેમ કે એ ઝાત અલા કુલ્લિ શયઈન ક઼દીર (દરેક ચીજ માટે શક્તિમાન) છે.

**ઉઠે જો ક઼સ્રે દનાકે પર્દે કોઈ ખબર દે તો ક્યા ખબર દે**
**વહાં તો જા હી નહીં દૂઈ કી ન કહ કે વોહી ન થે અરે થે**

**અર્થાત :** (આપ ﷺએ ફર્માવ્યું : لی مع اللہ وقت لا یسعنی فیہ ملک مقرب ولا نبی مرسل ''મારા તથા ખુદાની વચ્ચે એક એવો સમય પણ આવ્યો કે જેમાં ન કોઈ મુક઼ર્રબ ફરિશ્તો આડ થઈ શકે અને ન તો કોઈ નબી રસૂલ.'' દૂઈના ખત્મ થતાં એ જ મુરાદ છે કે મુલાકાતના વખતે કેવળ હું જ હતો, અન્ય બીજુ કોઈ ન હતું. અથવા ખુદાની હસ્તી જ હતી અથવા મુસ્તફાની હસ્તી જ હતી.) કુર્બના મહેલના સર્વ પર્દાઓને ઉઠાવી દેવામાં આવ્યા, હવે આગળ કોણ બતાવે કે શું થયું. દૂઈની તો ત્યાં ગુંજાઈશ જ ન હતી, પણ એ જ સમજ્યું કે આપ ﷺ પણ ત્યાં ન હતા. (દૂઈ ન હોવાનો એ અર્થ નથી) અરે ખુદાના બંદા આપ તો ત્યાં જ હતા. આપના જ માટે તો સર્વ કાંઈ કરવામાં આવ્યું હતું.

**વો બાગ કુછ ઐસા રંગ લાયા કે ગુન્ચા વ ગુલકા ફરક ઉઠાયા**
**ગિરહમેં કલિયોં કે બાગ ફૂલે ગલોંકે તુકમે લગે હુએ થે**

**અર્થાત :** એ ગુલશને વહદતમાં કાંઈક એવો મન્ઝર જોવા મળ્યો કે કલી તથા ગુન્ચો પણ ચમકીને ફૂલ દેખાવા માંડયો. (સૂફિયાની ઈસ્તેલાહમાં એને તવજ્જોહે ઈત્તેહાદી કહે છે જેનું દષ્ટાંત ખ્વાજા બાક઼ી બિલ્લાહ અને રસોયાનો બનાવ બની શકે છે. એનો મતલબ બેનું એક થઈ જવું નથી હોતુ બલ્કે એક જેવા દેખાવું છે જેમ કે બંદા તથા અલ્લાહ તઆલાની સિફતો જાહેરી રીતે શાબ્દિક એતબારથી એક જેવી છે. દા.ત. સમીઅ, બસીર, મો'મિન, ગની..... બંદા પણ છે અને અલ્લાહ પણ છે, તેમ છતાં પણ ક઼દીમ તથા હાદિષ, મુસ્તક઼િલ ગૈર મુસ્તક઼િલ, ઝાતી તથા અતાઈનો ફરક એના સ્થાને યથાવત રહેશે) કલીઓના દામનમાં પણ ફૂલો ખીલી ઉઠયાં અને ગુલશન મહેકવા લાગ્યા અને તેમના ગરેવાનના બટનોની જગાએ પણ ફૂલ જ સજેલાં હતાં.

**મુહીત વ મર્કઝમેં ફ઼ર્ક઼ મુશ્કિલ રહે ન ફ઼ાઝિલ ખુતૂત વાસિલ**
**કમાને હૈરતમેં સર ઝુકાએ અજીબ ચક્કરમેં દાઈરે થે**

**અર્થાત :** દાઈરએ મર્કઝ (વર્તુળનું કેન્દ્ર જ્યાં કાર રાખવામાં આવે છે)માં (આપણા જેવાઓ માટે ફરક઼ કરવો મુશ્કેલ થઈ ગયો) જુદાઈ તથા મિલાપવાળી સર્વ રેખાઓ આપસમાં મળી ગઈ. કમાનો હેરાન થઈને (આશ્ચર્યમાં) માથુ નમાવીને બેઠી હતી અને દાઈરો અજીબ ચક્કરમાં હતો. દાઈરાથી કાઈનાત (સૃષ્ટિ) મુરાદ છે. અને આ શેઅર ઈલ્મે જોમેટ્રી (ભૂમિતિ)ની ઈસ્તેલાહ લેમિટંગ પોઝિશનના ઝરીયા વાત સમજાવવાની કોશિશ કરવામાં આવી છે.

**હિજાબ ઉઠનેમેં લાખોં પર્દે, હરેક પર્દેમેં લાખોં જલ્વે**
**અજબ ઘળી થી કે વસ્લ વ ફ઼ુર્ક઼ત જનમકે બિછળે ગલે મિલે થે**

**અર્થાત :** એક એક પર્દાના ઉઠવા પર લાખો નૂરના પર્દા જાહેર થઈ જતા અને દરેક પર્દાથી લાખો જલ્વાઓ જાહેર થઈ જતા. કેવી અજીબ ઘડી હતી ! એવું લાગી રહ્યું હતું કે જુદાઈ તથા મિલાપ જે દિવસે પેદા થયાં ત્યારથી આજ સુધી આપસમાં સ્પષ્ટ નથી મળ્યાં, અને હવે મુલાક઼ાત થઈ છે તો ખૂબ ગળે મળી રહ્યાં છે ! કેટલો સ્પષ્ટ શેઅર છે કે આ'લા હઝરત તો ફર્માવી રહ્યા છે કે ''વસ્લ વ ફુર્કત જનમ કે બિછળે ગલે મિલે હૈં'' પણ બુરુ થાય પૂર્વગ્રહ તથા સંકૂચિત દષ્ટિનું કે આ'લા હઝરતના દુશ્મનો આપ رحمۃ اللہ علیہ પર ઈલ્ઝામ લગાડે છે કે આ'લા હઝરતે અલ્લાહ તથા રસૂલ صلی اللہ علیہ وسلمને સરખા દર્શાવીને મિલાવી દીધા છે અને અલ્લાહનો જનમ સાબિત કરી આપ્યો છે. نعوذ باللہ، استغفر اللہ. لا حول ولا قوۃ الا باللہ العلی العظیم. لعنۃ اللہ علی الکذبین પણ તેમના પોતાના બુઝુર્ગ (મઆઝલ્લાહ ! નક઼લે કુફ઼ ન બાશદ) ખુદાની ગોદમાં પણ બેસી જાય તો પણ કાંઈ વાંધો નહીં.

*–(જુઓ સવાનેહે ક઼ાસમી, ૧/૧૩૨)*

**ઝબાનેં સૂખી દિખાકે મૌજેં તળપ રહી થીં કે પાની પાએં**
**ભંવરકો યહ ઝોઅફ઼ે તશ્નગી થા કે હલકે આંખોંમેં પળ ગયે થે**

**અર્થાત :** વહદતના દરિયાના મોજાંઓ પણ શુષ્ક ઝબાનની શિકાયત કરી રહ્યાં હતાં અને ભંવર ખુદ એટલાં તરસ્યાં જણાય રહ્યાં હતાં કે તરસની તકલીફના કારણે આંખો પર વર્તુળો પડી ગયાં હતાં અને આંખો ધસતી જઈ રહી હતી. (ધમાકાના લેખક કદાચ આ શેઅર પર એ વિવેચન કરવાનું ભૂલી ગયા છે ! અહીં તો એનો બુરો હેતુ અધિક વધુ આસાનીથી પૂરો થઈ શકતો હતો કે કહી દેતા, ''જુઓ ! અહમદ રઝાએ અલ્લાહની જીભ પણ સાબિત કરી આપી ! ઝબાનનું સૂકાવુ પણ સાબિત કરી આપ્યું, પાણીની ફરિયાદ કરવું પણ સાબિત કરી આપ્યું ! આ રીતે પૂરાં એક ડઝન કુફ્ર સાબિત થઈ જતાં ! استغفر اللہ۔ تعالیٰ عن ذالک علوا کبیرا દીનના દુશ્મનોના આ દુશ્મનીભર્યા રવૈયાની અસર ખત્મ કરવાના માટે પોતાના મીઠા મહબૂબના મધથી વધુ મીઠા નામનો વિર્દ કરો જેથી ઝહેરની અસર ખત્મ થઈ જાય અને મહોબ્બતના માહોલમાં આગલા શેઅરોની શરહ શરૂ કરીએ.

**વહી હૈ અવ્વલ વહી હૈ આખિર વહી હૈ બાતિન વહી હૈ ઝાહિર**
**ઉસીકે જલ્વે ઉસીકો મિલને ઉસીસે ઉસકી તરફ ગયે થે**

**અર્થાત** : અલ્લાહ તઆલા જ અવ્વલ છે, તે જ આખિર છે તે જ ઝાહિર છે તેજ બાતિન છે. અને હુઝૂર ﷺ અલ્લાહ તઆલાનો ખાસ જલ્વો છે. તો ખુદાનો જલ્વો ખુદાને મળવા, જે ખુદા તરફથી જ જમીનની તરફ આવ્યો હતો. (قد جاء کم من اللّٰہ نور) ખુદાની તરફ જ ચાલ્યો ગયો. આ શેઅરમાં ઝમાઈરનો રાજેઅ તથા મરજઅ માલૂમ ન હોવાના કારણે અમુક લોકોએ એના ઉપર પણ ઘણા વાંધાઓ ઉઠાવીને આસ્માનને માથે ઉઠાવી લીધું, પણ અમારી સ્પષ્ટતા પર વાંચકોએ વિચારણા કરી હશે કે એને વાંચ્યા બાદ કોઈ પ્રકારનો સવાલ દિમાગમાં પેદા જ નથી થતો. જો કે શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ અલ્લવ તથા આખિર, જાહેર તથા બાતિન હુઝૂર ﷺની પણ સિફતો બતાવી છે અને દરેકની ખૂબ જ સારી રીતની સ્પષ્ટતા કરી છે. જેવી રીતે રઊફ તથા રહીમ, અલ્લાહ તથા રસૂલ બંનેનાં સિફાતી નામો છે, એનાથી કોઈ ઈસ્તિહાલા લાઝિમ નથી આવતો એ જ પ્રમાણે હુઝૂર ﷺ મખ્લૂકમાં સૌથી અવ્વલ છે. اول ماخلق نوری۔ کنت نبیاو آدم بین الماء والطین આપ સર્વ અંબિયાએ કિરામના આખરમાં તશરીફ લાવ્યા. انا خاتم النبیین

પોતાની અઝમત તથા શાન, મોજિઝાઓ તથા કમાલોના લેહાઝથી એકદમ જાહેર તથા સ્પષ્ટ છે અને પોતાની હકીકતના લેહાઝથી બાતિન છે. یا ابابکر لم یعرفنی حقیقۃ غیر ربی પરંતુ અસલમાં અને હકીકતમાં આ સિફતો અલ્લાહ તઆલાની છે એટલા માટે શેઅરમાં એના પ્રમાણે જ તર્જુમો અધિક યોગ્ય લાગ્યો અને વળી એના પર વાંધો પણ નથી થતો.

**કમાને ઈમ્કાનકે ઝૂટે નુકતો તુમ અવ્વલ આખિરકે ફેરમેં હો**
**મુહીતકી ચાલસે તો પૂછો કિધરસે આયે કિધર ગયે થે**

**અર્થાત** : હે આલમે ઈમ્કાનની કમાનના જૂઠા નુકતો ! તમો તો હજી સુધી અવ્વલ અથા આખરના ચક્કરમાં ફસાયેલા છો, જરા દાઈરાની ચાલથી માલૂમ કરો કે قاب قوسین او ادنیٰ (કાબ કૌસૈન અવ અદના)ના કુર્બવાળો મહબૂબ ફના તથા બકાની મંઝિલો પાર કરવા માટે ક્યાંથી આવ્યો અને ક્યાં ગયો ?! જ્યારે વર્તુળ બની જાય છે તો કોઈને કાંઈ ખબર નથી પડતી કે તેની શરૂઆત ક્યાંથી થઈ છે અને અંત ક્યાં થયો છે. ન એ ખબર પડે છે કે વર્તુળ જમણી બાજુથી ખેંચવામાં આવ્યું છે કે ડાબી બાજુથી ?! ભૂમિતિના નિષ્ણાતો આ વાતોને સારી રીતે જાણે છે. આ'લા હઝરતે આ એક શેઅરમાં પૂરો ભૂમિતિનો ઈલ્મ સમાવી દીધો છે.

**ઈધરસે થી નઝરે શહ નમાઝે ઉધરસે ઈન્આમ ખુસ્રવી મેં**
**સલામો રહમતકે હાર ગુંધકર ગલૂએ પુરનૂરમેં પળે થે**

**અર્થાત** : સરકારે મદીના ﷺની તરફથી નમાઝો, ઈબાદતો તથા આજીજીઓનાં નઝરાણા પેશ કરવામાં આવી રહ્યાં હતાં અને અલ્લાહ તઆલાના તરફથી આપણા આકા ﷺને શાહી ઈનામોથી નવાઝવામાં આવી રહ્યા હતા. દુરૂદો સલામના હારોની માળાઓમાં પરોવીને સરકાર ﷺના નૂરાની ગળામાં નાખવામાં આવી રહ્યા

હતા. હુઝૂર અર્ઝ કરી રહ્યા હતા : التحیات للّٰہ والصلوٰت والطیبات અલ્લાહ તઆલા ફર્માવી રહ્યો હતો : السلام علیک ایھا النبی ورحمۃ وبرکاتہ

**મેઅરાજના તોહફાઓ** : જ્યારે પ્યારા પોતાના પ્યારાઓને મળે છે તો એકબીજાની સાથે તોહફાઓની ફેરબદલી થાય છે અને તોહફો તે જ અધિક પસંદ કરવામાં આવે છે જે પહેલેથી પાસે મૌજૂદ ન હોય. જો તમારા દોસ્તની સાકરની પડીકી મળી હોય અને તમે પણ તેને મળવા જાવ તો દસ કીલો સાકર ઉઠાવીને લઈ જાવ કે આ આપના માટે તોહફો લાવ્યો છું ! તો એક મજાક જ બની જશે. એટલા માટે હુઝૂર ﷺ અલ્લાહની બારગાહમાં એ તોહફો લઈને ગયા જે ખુદા હોવા છતાં તેની પાસે ન હતો, અને તે આજીજી તથા ઈન્કેસારીનો તોહફો હતો. અને જવાબમાં અલ્લાહે પોતાના મહબૂબને શું તોહફાઓ આપ્યા ?

عن ابن عمر رضی اللّٰہ عنہما کانت الصلوۃ خمسین والغسل من الجنابۃ سبع مرات وغسل البول من الثوب سبع مرات فلم یزل رسول اللّٰہ صلی اللّٰہ علیہ وسلم یسأل حتی جعلت الصلوۃ خمسا وغسل الجنابۃ مرۃ و غسل الثوب مرۃ

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે નમાઝો પચાસ હતી, જનાબતનું ગુસ્લ સાત વાર, કપડાને પેશાબ લાગી જાય તો સાતવાર ધોવાનો હુકમ હતો. હુઝૂર ﷺ આજીજી તથા ઈન્કારીના તોહફા અલ્લાહની બારગાહમાં પેશ કરીને સવાલ કરતા રહ્યા ત્યાં સુધી કે નમાઝો પાંચ થઈ ગઈ, જનાબતનું ગુસ્લ એકવાર અને નાપાક કપડાને ધોવું એક વાર પૂરતુ ઠરાવી દેવામાં આવ્યું.

હુઝૂર ﷺને ઉમ્મતથી એટલો પ્યાર છે કે અલ્લાહના અતા કરેલા તોહફા હુઝૂર ﷺએ પોતાની ઉમ્મતને અતા કરી આપ્યા. જ્યારે કે કોઈ પણ કોઈને પોતાના પ્યારાનો આપેલો તોહફો નથી આપતો. જો ઉમ્મત એ તોહફાઓનો સ્વીકાર નહીં કરે તો સરકાર નારાજ થઈ જશે અને સાથે ખુદા પણ નારાજ થઈ જશે. કેમ કે સામાન્ય માણસનો પણ તોહફો કબૂલ ન કરવામાં આવે તો તે નારાજ થઈ જાય છે. પરંતુ **હાય અફસોસ ! આ ઉમ્મતની મોટાભાગની વસ્તીએ હુઝૂર ﷺને અલ્લાહનો આપેલો તોહફો (નમાઝ) કબૂલ ન કર્યો અને આજે ૯૫ ટકા લોકો નમાઝ ત્યજી ચૂક્યા છે.** હજી તો મૂસા علیہ السلામએ મહેરબાની કરી અને નમાઝો પચાસને બદલે પાંચ રહી ગઈ છતાં મસ્જિદોમાં બંદો જોવા નથી મળતો, જો પચાસ રહેત તો શું થાત ?! જ્યારે અલ્લાહે વાયદો પણ ફર્માવી આપ્યો કે મારા હુકમ તબદીલ નથી થતા : لا تبدیل لکلمت اللّٰہ આપની ઉમ્મત પાંચ પઢશે પણ સવાબ પચાસનો જ પામશે, જેથી ન મારો હુકમ બદલાય અને ન તારી ઉમ્મત તકલીફમાં પડે. من جاء بالحسنۃ فللہ عشر امثالھا આનાથી હુઝૂર ﷺની શાન પણ જાહેર થઈ કે આખી દુનિયા જીવનભર ચક્કર લગાડતી રહે તો એક નમાઝનો એક સજદો પણ માફ નથી કરાવી શકતી અને હુઝૂર એક ચક્કર લગાડે તો ૫–૫ નમાઝો માફ થતી જાય !

અને એ મસ્અલો પણ જાણવા મળ્યો કે મૃત્યુ બાદ પણ વસીલો કામ આવે છે. **જે લોકો વફાત બાદ વસીલાના માનનારા નથી તેમણે ૫૦ નમાઝો જ પઢવી જોઈએ,** કેમ કે ૪૫ નમાઝો હઝરત મૂસા علیہ السلامના વસીલાથી માફ થઈ છે ! અને એનાથી વધીને કબરવાળાઓની મદદની શું સાબિતી જોઈએ છે ?!

વળી મૂસા عليه السلام ના અર્ઝ કરવા છતાં પાંચ નમાઝો રહ્યા બાદ હુઝૂરે ફર્માવ્યું કે, નહીં ! હવે મને હયા આવે છે. મને ઉમ્મીદ છે કે મારી ઉમ્મત પાંચ તો પઢી જ લેશે અને જો આ પણ ન હોત તો બંદા તથા ખુદાનો સંબંધ જ ખત્મ થઈ જાત, અને الصلوٰة معراج المومنین "નમાઝ મો'મિનની મેઅરાજ છે"ની મજાઓ ક્યાંથી મળત.

સવાલ એ છે કે મૂસા عليه السلام એ આટલી મહેરબાની આપણા પર શા માટે કરી ? નમાઝો ન તેમને પઢવાની હતી ન તેમની ઉમ્મતને ? અને વળી બીજો સવાલ એ છે કે જ્યારે અલ્લાહને ખબર હતી કે છેવટે પાંચ રહી જશે, તો પહેલાં જ પચાસ ન આપત ! (અમુક લોકો હુઝૂર ﷺની જાત માટે આ સવાલ કરે છે કે જો હુઝૂરને ખબર હોત કે છેવટે પચાસ રહેશે તો પ્રથમ ફેરામાં જ ૪૫ માફ ઠરાવી લેત ! એ પાગલો જાણતા નથી કે આ જ સવાલ હકીકતમાં અલ્લાહ પર પડે છે ?!)

તો સાંભળો ! આ ચક્કરોમાં શું શું મળી રહ્યું છે ? હઝરત મૂસા عليه السلام ની દીદારની તમન્ના પૂરી થઈ રહી છે, અને હુઝૂર ﷺનો મકામ તથા મર્તબો જાહેર થઈ રહ્યો છે કે કોઈ જો પોતાને ઘેર પણ વારંવાર આવે તો ઘરવાળાં કંટાળી જાય છે ! પણ રબની બારગાહમાં મહબૂબ નવ વાર ગયા તો અલ્લાહે દરેક વખતે પાંચ નમાઝો માફ કરીને પોતાના મહબૂબની ઈજ્જતમાં વધારો કર્યો.

હુઝૂર ﷺએ પાંચ જ કરાવી, ત્રણ કે બે ન કરાવી, એનું કારણ એ હતું કે એક નેકીનો સવાબ દસના બરાબર છે, ત્રણ પઢવામાં સવાબ ત્રીસ મળતો અને ચારથી ચાલીસનો. ફર્માવ્યું, એટલી જ ઓછી કરાવું છું જેથી નુકસાન પણ ન થાય. જેથી પાંચ કરાવી કે જેથી સવાબ પચાસનો મળતો રહે.

હુઝૂર જો એવું ચાહત કે યા અલ્લાહ ! મક્કાના લોકો મને મહેણા મારે છે કે મારો પુત્ર મૃત્યુ પામ્યો છે, જેથી એમનું મોં બંધ કરવા માટે પરત થતા સુધીમાં મારા પુત્રને જીવતો કરી આપ. તારી શાન છે : یحیی ویمیت તો અલ્લાહ કૂબૂલ કરી લેત. કોઈ જ વાંધો ન હોત, પણ સરકાર ﷺએ એ ન માગ્યું અને કાફિરોના મહેણાં સહ્યાં અને માગ્યું તો પોતાની ઉમ્મતની બખ્શિશ માગી.

*જિનકે લબ પર રહા ઉમ્મતી ઉમ્મતી–યાદ ઉનકી ન ભૂલો 'નિયાઝી' કભી*
*વો કહેં ઉમ્મતી તૂ ભી કહ યા નબી !–મૈં હૂં હાઝિર તેરી ચાકરીકે લિયે*

**ઝબાનકો ઈન્તેઝારે ગુફતન્ તો ગોશકો હસ્રતે શુનીદ**
**યહાં જો કહના થા કહ લિયા થા જો બાત સુનની થી સુન ચૂકે થે**

**અર્થાત** : જીભ કાંઈક કહેવાની રાહ જોઈ રહી હતી તો કાન સાંભળવાની રાહ જોઈ રહ્યા હતા. પણ જીભ તથા કાનોને હસરત (તમન્ના) જ રહી. જે કહેવું હતું કહી લેવામાં આવ્યું, જે સાંભળવું હતું સાંભળી લેવામાં આવ્યું. અને એ તો વળી ઝબાન તથા કાન છે, અહીં તો હાલ એ હતો કે :

*મિયાને તાલિબો મત્લૂબ રમ્ઝીસ્ત–કિરામન કાતિબીન રાહમ ખબર નેસ્ત*

**વો બુર્જે બત્હાકા માહ પારા બહિશ્તકી સૈરકો સિધારા**
**ચમક પે થા ખુલ્દકા સિતારા કે ઉસ કમર કે કદમ ગયે થે**

**અર્થાત :** બતહ઼ા (વાદીએ મક્કા)ના બુર્જ, માહતાબે આલમ તાબ જ્યારે મેઅરાજની રાતે જન્નતની સૈર કરવા ગયો તો જન્નતના મુક઼દ્દરનો સિતારો ચમકી ઉઠયો કે એમાં માહતાબે રિસાલતના બરકતવાળા ક઼દમો લાગી રહ્યા છે અને જન્નત આપના ક઼દમોને ચૂમીને વજ્દ કરતી કહી રહી છે :

*યહ કહાં નસીબ મેરે કે વો આપ ચલકે આએઁ–કોઈ જઝ્બએ મહ઼બ્બત મેરે કામ આ ગયા હૈ*

**સરવરે મિક઼દમકી રોશની થી કે તાબિશોંસે મહે અરબકી**
**જિનાં કે ગુલશન થે ઝાળફર્શી જો ફૂલ જો સબ કંવલ બને થે**

**અર્થાત :** રિસાલત મઆબ ﷺના આગમન પર રોશનીઓનું પુર આવેલુ હતું અને એ સર્વ રોશનીઓ અરબના ચાંદના ચહેરાએથી ફૂટી રહી હતી. જન્નતી ગુલાબનાં લાલ ફૂલો તો દુનિયાના ઘાસ ફૂસની જેમ દેખાય રહ્યાં હતાં અને અન્ય ફૂલો નિલોફરની જેમ સજેલાં હતાં.

**તરબકી નાઝિશ કે હાં લચકીએ, અદબ વો બંદિશ કે હિલ ન સકીએ**
**યે જોશે ઝદૈન થા કે પૌદે કશાકશે અર્રાકે તલે થે**

*(ઝદૈન = બે વિરોધાભાસી ચીજો. કશાકશ = ખેંચતાણ. અર્રા = આરી, લાકડી ચીરવાનું સાધન)*

**અર્થાત :** ખુશી તથા આનંદનો તકાઝો તો એ હતો કે ખૂબ ઉછરવા કૂદવામાં આવે. જ્યારે અદબ તથા એહતેરામનો તકાઝો એ હતો કે જરા પણ હરકત ન કરવામાં આવે. (જેવી રીતે સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْن હુઝૂર ﷺની સામે એવી રીતે બેસતા કે જાણે માથાંઓ પર પક્ષીઓ બેઠેલાં છે. એટલે જરા પણ હરકત ન કરતા) આ બે વિરોધાભાસી કૈફિયતોના સંગમના કારણે છોડવાઓ બીચારા પરેશાનીના આરા નીચે બેબસ જણાય રહ્યા હતા.

**ખુદાકી કુદરત કે ચાંદ હક઼કે કરોળોં મંઝિલમેં જલ્વા કરકે**
**અભી તહે તારોંકી છાંવ બદલી કે નૂર કે તળકે આ લિયે થે**

**અર્થાત :** ખુદાની શાન જુઓ કે અલ્લાહનો ચાંદ મુસ્તફા કરીમ ﷺ કરોડો મંઝિલો પર પોતાનો જલ્વો દેખાડીને પરત આવ્યો તો હજી એ જ પ્રમાણે તારાઓ ચમકી રહ્યા હતા, તેમના સાયા પણ ન બદલાયા. અને નૂરનો એવો સમુદ્ર વહી રહ્યો હતો કે જાણે સુબ્હ સાદિક઼ થઈ ગઈ છે. (જ્યારે કે હજી સવાર દૂર હતી, કેમ કે એક ઘડી જ તો થઈ હતી ! ગયા અને આટલુ બધુ કરીને પરત પણ આવી ગયા. અને હજી સાંકળ હલી રહી હતી, પથારી ગરમ હતી, પાણી જેનાથી વુઝૂ કે ગુસ્લ કરીને ગયા હતા તે વહી રહ્યું હતું.)

*ઝંજીર ભી હિલતી રહી બિસ્તર ભી રહા ગર્મ–ઈક પલ મેં સરે અર્શ ગયે આયે મુહમ્મદ ﷺ*

**નબીએ રહમત શફીએ ઉમ્મત 'રઝા'પે લિલ્લાહ હો ઈનાયત**
**ઉસે ભી ઈન ખિલ્અતોંસે હિસ્સા, જો ખાસ રહમત કે વાં બટે થે**

**અર્થાત :** હે મારા રહમત તથા કરમ ફર્માવવાવાળા આક઼ા ! અને હે ઉમ્મતની શફાઅત ફર્માવવાવાળા !

આપના દરના ગદા ઈમામ અહમદ રઝા પર પણ ખુદારા ! મહેરબાની થઈ જાય ! અને મેઅરાજની રાતે બારગાહે ખુદાવંદીથી આપને જે ખાસ ઈનામો અતા થયાં એનામાંથી એક રજકણ એને પણ અતા થઈ જાય.

**ષનાએ સરકાર હૈ વઝીફા, કુબૂલ સરકાર હૈ તમન્ના**
**ન શાઈરીકી હવસ ન પરવા રવી થી ક્યા કૈસા કાફિયે થે**

**અર્થાત** : હે મારા પ્યારા નબી ! ﷺ આપની તારીફ તથા તૌસીફ (પ્રશંસા કરવી) મારા ઈમાનનો વઝીફો છે અને એનું આપની બારગાહમાં કૃબૂલ થઈ જવું જિંદગીની સૌથી મોટી ખ્વાહિશ છે, નહીં તો મને શાઈરીનો ન શોખ છે અને ન તો કોઈ લાલચ કે મગજમારી કરતો ફરૂં કે રદીફ તથા કાફિયા (પ્રાસ) કેવા છે ?! બસ આપની મહોબ્બતને પ્રદર્શિત કરવાનો હેતુ હતો જે આપની નઝરે કરમથી સારી રીતે થયો.

## ★ મેઅરાજની હિકમતો ★

૦૧. આપ ﷺની સામે એકવાર આપની ઉમ્મતના અમલો પેશ કરવામાં આવ્યા જેને જોઈને આપ ગભરાય ગયા કે મારી ઉમ્મતમાં આવા આવા ગુનેહગારો છે ! તેઓ ક્યાં જશે ?! અલ્લાહે મેઅરાજ પર બોલાવીને પોતાની રહમતો તથા બખ્શિશો દેખાડી કે તારી ઉમ્મતના ગુનાહોની મારી રહમતની સામે શું હેસિયત છે ?! આપ પરેશાન ન થાવ.

૦૨. અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને શફીએ ઉમમ બનાવ્યા છે અને કયામતનો દિવસ ઘણો ભયાનક હશે. (يَوْمَ يَفِرُّ الْمَرْءُ مِنْ اَخِيْهِ﴿۳۴﴾-- الی اخرہ "તે દિવસે માણસ ભાગશે પોતાના ભાઈથી." સૂ. *અબસ, ૮૦/૩૪*)અલ્લાહે પોતાના મહબૂબને પહેલાં જ બોલાવીને સઘળો નિઝામ (વ્યવસ્થા) બતાવી આપ્યો. કેમ કે મન્ઝર કેટલોય ડરામણો કેમ ન હોય પણ જો એકવાર પહેલેથી જોઈ લેવામાં આવે તો બીજીવાર જોવાનું કાંઈક સરળ થઈ જાય છે. એટલા માટે દરેક જણ નફસી નફસી કહેશે અને હુઝૂર ﷺ ઉમ્મતી ઉમ્મતી કહેશે.

૦૩. બાદશાહ જ્યારે કોઈને પોતાનુ નાયબપણુ આપે છે તો પ્રથમ પોતાની સલ્તનત દેખાડે છે પછી કન્ટ્રોલ આપે છે. હુઝૂર ﷺ કેમ કે અલ્લાહના ખલીફાએ આ'ઝમ છે અને અલ્લાહની હુકૂમત જમીન તથા આસ્માન પર છે એટલા માટે આપ ﷺએ પ્રથમ સઘળી જમીન દેખાડીને સઘળી જમીનનો કન્ટ્રોલ આપવામાં આવ્યો. (فاریت مشارقها ومغاربها۔ او تیت مفاتیح خزائن الارض) પછી આસ્માનની સૈર કરાવી અને આસ્માનનો કન્ટ્રોલ (શફાઅતની ઈજાઝત) અતા કરી.

૦૪. અલ્લાહે ઈમાનવાળાઓની જાનો માલનો જન્નતના બદલામાં સોદો કર્યો. (اِنَّ اللّٰهَ اشْتَرٰى مِنَ الْمُؤْمِنِيْنَ اَنْفُسَهُمْ وَ اَمْوَالَهُمْ بِاَنَّ لَهُمُ الْجَنَّةَ "બેશક અલ્લાહે મુસલમાનોથી તેમના માલ અને જાન ખરીદી લીધા છે એ બદલા પર કે તેમના માટે જન્નત છે. સૂ. *તૌબા, ૯/૧૧૧*) હુઝૂર ﷺ કેમ કે એ સોદાના મહાન વકીલ છે જેથી જે કિંમત લાગી તેને જોવું પણ જરૂરી હતું. જેથી આપને મેઅરાજ પર બોલાવીને જન્નત દેખાડી દીધી કે જે અમે આપના ગુલામોના જાન તથા માલની કિંમત લગાડી છે. તો આપ

જોઈ લો કે શું આપને આ સોદો મંઝૂર છે ? સોદા કરાવનાર બંને પક્ષોની દષ્ટિએ મોઅઝ્ઝઝ્ તથા મોહતરમ હોય છે.

૦૫. જ્યારે અલ્લાહે ફરિશ્તાઓને ફર્માવ્યું કે હું જમીનમાં ખલીફા બનાવનાર છું. તો તેમણે અર્ઝ કરી, શું એવાનો ખલીફા બનાવીશ જે જમીનમાં ફસાદ કરશે, લોહી વહાવશે ?! ફર્માવ્યું, હું જે જાણુ તે તમો નથી જાણતા. મતલબ એ કે તમે ફસાદીઓને જોઈ રહ્યા છો અને મારી સામે તે હસ્તી છે કે જેના માટે મેં સર્વ કાંઈ બનાવ્યું છે અને બનાવવું છે, એટલે કે મુહમ્મદ ﷺ. ફરિશ્તા તે જ દિવસથી હુઝૂર ﷺને જોવાના મુશ્તાક થઈ ગયા, અને દુઆઓ કરવા લાગ્યા કે એ મહબૂબની ઝિયારત થઈ જાય. અલ્લાહે મેઅરાજ કરાવી જેથી ફરિશ્તા પોતાની આતૂરતા પૂર્ણ કરી લે.

૦૬. હુઝૂર ﷺ રહ્મતુલ લિલ્આલમીન છે અને આલમીનમાં આસ્માની મખ્લૂક પણ સામેલ છે. (العالم ماسوی اللّٰہ) જમીનવાળાઓને તો આપની રહમતથી હિસ્સો મળી ગયો. આસ્માનવાળાઓએ અર્ઝ કરી કે હુઝૂર અમારી પાસે પણ તશરીફ લાવે જેથી અમે પણ આપનાથી આપની રહમતનો હિસ્સો વસૂલ કરીએ.

૦૭. જમીન તથા આસ્માનનોમાં આપસમાં મુનાઝરો થયો અને બંનેવ એકબીજા પર પોતાની ઉચ્ચતા દર્શાવવા લાગ્યાં. જમીને કહ્યું, મારી ઉપર નહેરો, બાગો, ઈન્સાનો છે. આસ્માને કહ્યું, તારા ઉપર પાણીની નહેરો તો મારા ઉપર દૂધ, મધ તથા શરાબે તહૂરની નહેરો છે. વાત ચાલતી ચાલતી ત્યાં સુધી પહોંચી કે જમીને કહ્યું, મારા ઉપર અલ્લાહના મહબૂબ જલ્વાગર છે, તો આસ્માન લાજવાબ થઈ ગયું ! અને દુઆ કરવા લાગ્યું કે હુઝૂર એકવાર મારી ઉપર પણ તશરીફ લાવે, જેથી જમીનને કહી શકું કે મેં પણ તેમના કદમોને બોસા આપ્યા છે.

૦૮. સર્વ નબીઓએ અલ્લાહના એક હોવાનું એલાન જિબ્રઈલથી સાંભળીને કર્યું. એટલે કે તૌહીદની શહાદત સમઈ (સાંભળેલી) આપી. કૌમે જ્યારે કદી કોઈ નબીને પૂછયું કે તમને કેવી રીતે જાણ થઈ કે ખુદા એક છે ?! તો દરેક નબીએ એ જ કહ્યું કે અમે જિબ્રઈલથી સાંભળ્યું છે. અને જ્યારે હુઝૂર ﷺએ એલાન કર્યું તો ફર્માવ્યું : الھکم الہ واحد અલ્લાહ એક છે. પૂછવામાં આવ્યું, આપે કોનાથી સાંભળ્યું છે ? તો ફર્માવ્યું, رایت ربی فی احسن صورۃ હું સુની સુનાઈ વાત નથી કહી રહ્યો, જાતે જોઈને આવ્યો છું અને ઘણી સારી સૂરતમાં. અને કેવળ દિલની આંખો વડે જ નહીં, બલ્કે મારા માથાની આંખો વડે જોઈને આવ્યો છું. એટલા માટે આપ ખાતમુન્નબીય્યીન છે કે આટલી પાકી ગવાહી પછી હવે કોઈ ગવાહીની શું જરૂરત છે. તો સરકાર ﷺની ઝાત તે છે કે એક તરફ ખુદાઈ પર નજર જમાવેલ છે તો બીજી તરફ ખુદા પર પણ નજર જમાવેલ છે, જેથી મેઅરાજની આ પણ એક હિકમત ઠરી.

૦૯. અલ્લાહ તઆલાએ કેટલાયે અંબિયાએ કિરામનું નામ લઈને કુર્આન મજીદમાં એમના પર સલામ મોકલ્યા : اسلام علی نوح فی العالمین۔ سلام علی ابرھیم۔سلام علی موسیٰ وھروب سلام علی الیاسین હુઝૂર ﷺના

બારામાં આ તો ફર્માવ્યું : اللّٰہ وملائکتہ یصلون علی النبی પણ એ અંદાઝથી કેમ સલામ ન મોકલ્યા ? એટલા માટે કે એ નબીઓ પર સલામ મોકલ્યા તો એમના કદમ ફર્શ પર હતા, અને પોતાના મહબૂબને અર્શ પર બોલાવીશ, પર્દા હટાવી દઈશ, દીદાર પણ કરાવીશ અને السلام علیک ایاالنبی પણ ફર્માવીશ.

૧૦. આખી કાઈનાતને હુઝૂર ﷺની મોહતાજ અને હુઝૂર ﷺને સૌના માટે મોહતાજ અલૈહ બનાવવામાં આવ્યા.

કોઈ વાંધો ઉઠાવી શકતુ હતું કે હુઝૂર ﷺ પણ અમારી જેમ જમીન પર ચાલતા હતા. જેથી આપ પણ જમીનના મોહતાજ થયા. અલ્લાહ આપને આસ્માન પર લઈ ગયો કે મારો નબી જમીનનો મોહતજ નથી. વળી કોઈ કહી શકતુ હતું કે હુઝૂર આસ્માનોના મોહતાજ ઠર્યા ! તો અલ્લાહ આપને લામકાં પર લઈ ગયો.

વળી સવાલ પેદા થયો કે તમે તો કહેતા હતા કે અમે હુઝૂર ﷺના મોહતાજ છીએ. જો મોહતાજ છો તો જ્યારે આપ આસ્માનો પર ગયા તો આપણે એમના વગર જીવતા રહ્યા ! તો એનો જવાબ એ છે કે અલ્લાહે જ્યારે પૂરો નિઝામ (વ્યવસ્થાતંત્ર) જ રોકી દીધો તો તમારો દાવો સાબિત ન થયો, અને જો આ વાતને ન માનો તો હુઝૂર તો સિરાજમ્મુનીરા છે, અને સૂરજ ક્યાંય પણ હોય પોતાનો ફયઝ પહોંચાડતો રહે છે.

*હૈ ઉન્હીં કે દમ કદમ સે બાગે આલમ મેં બહાર—વો ન થે આલમ ન થા, આલમ ન હોં ગર વો ન હોં*

૧૧. દરેક નબીને તેમના દૌરના પ્રમાણે કોઈ ન કોઈ મોજિઝો એવો અતા કરવામાં આવ્યો કે એ દૌરમાં જેને લોકો કમાલ સમજતા હતા, એ મોજિઝાનું જાહેરી સ્વરૂપ એને મલતુ જુલતુ હોતુ. જો કે લોકોનો એ કમાલ ક્યારેક અયબ પણ હોતો. દા.ત. મૂસા علیہ السلام તથા સુલૈમાન علیہ السلامના દૌરમાં જાદૂનુ જોર હતું અને લોકો તેને કમાલ સમજતા હતા. અલ્લાહે અન્ય મોજિઝાઓની સાથે મૂસા علیہ السلامને અસા (સ્ટીક) અતા કર્યો જેણે જાદૂગરોના જાદૂને ખાકમાં મેળવી દીધો. જાદૂગરો લાચાર બની ગયા.

સાલેહ علیہ السلامની કૌમ પહાડ ખોદીને મહેલ બનાવતી : وتنحتون من الجبال بیوتا فرحین, અલ્લાહે તેમને પથ્થરથી પેદા થયેલી ઊંટણીનો મોજિઝો આપી દીધો. એ જ પ્રમાણે ઈસા علیہ السلامના દૌરમાં તિબ્બ તથા હિકમત (મેડિકલ પ્રવૃત્તિ) ઊંચાઈએ હતી તો અલ્લાહે તેમને અન્ય મોજિઝાઓ ઉપરાંત જન્મજાત આંધળાને દેખતો કરવાનો અને કોઢીને સાજો કરવાનો મોજિઝો પણ આપ્યો. હુઝૂર ﷺના દૌરમાં સાઈન્સને કમાલ સમજવામાં આવવાનો હતો અને લોકોએ ચાંદ પર જવાના દાવા કરવાના હતા, જેથી અલ્લાહે અર્શ પર બોલાવી લીધા કે તમે લાખ તરક્કીઓ કરતા રહો પણ મારા નબીના માર્ગની ધૂળને પણ નહીં પામી શકો.

૧૨. અમુક રિવાયતોમાં છે કે જ્યારે આયતુલ કુર્સી નાઝિલ થઈ તો આપને અલ્લાહ તઆલાની કુર્સી જોવાનો શોખ પેદા થયો. ત્યારે અલ્લાહ તઆલએ આપને મેઅરાજ કરાવી અને આપે કુર્સી પણ જોઈ અને કુર્સીવાળાને પણ જોઈ લીધો.

જેમ કે આપે કુર્સી જોયી જે સોનાની અથવા મોતીઓની બનેલી હતી. તેના પાયા મરવારીદના હતા. જમીન

તથા આસ્માન તેના પર રાખી દેવામાં આવે તો એક વર્તુળ અથવા છલ્લાની જેમ માલૂમ પડે. એના પર નૂરની રેખાઓથી આયતુલ કુર્સી લખી હતી અને એની આસપાસ ચાલીસ હજાર કુર્સીઓ અન્ય રાખેલી હતી. અને દરેક કુર્સીની પાસે એક ફરિશ્તો ઉભો રહીને આયતુલ કુર્સીની તિલાવત કરી રહ્યો હતો અને હુઝૂર ﷺની ઉમ્મતના તે લોકો જેઓ આયતુલ કુર્સીનો વઝીફો કરે છે તેમને સવાબ બખ્શી રહ્યો હતો.

સારાંશ એ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, મારા બે વઝીર આસ્માનો પર છે (જિબ્રઈલ તથા મીકાઈલ) અને બે વઝીર જમીન પર છે (અબૂ બક્ર તથા ઉમર) અને વઝીર બાદશાહોના જ હોય છે, અને ત્યાં હોય છે જ્યાં બાદશાહી હોય. એવું નથી થઈ શકતુ કે હુકૂમત પાકિસ્તાનમાં હોય અને વઝીર ભારતમાં હોય. બીજા દેશોમાં સફીર (એલચી) તો હોય છે પણ વઝીર નથી હોતો. જેથી સાબિત થયું કે હુઝૂરની હુકૂમત કેવળ જમીન પર જ નહીં આસ્માનો ઉપર પણ છે. (ત્યારે જ તો ઈશારો કરીને ચાંદને ટુકડા કરી આપ્યા) તો એમાં આશ્ચર્યની શું વાત છે ? બાદશાહ પોતાના દેશોના દૌરા કરતા જ રહે છે.

## મન્કૃબત દર શાને ગ઼ૌષે આ'ઝ઼મ رحمۃ اللہ علیہ

**વાહ ક્યા મર્તબા અય ગ઼ૌષ હૈ બાલા તેરા**
**ઊંચે ઊંચોં કે સરોં સે ક઼દમ આ'લા તેરા**

**અર્થાત** : (ગ઼ૌષ = રૂહાની દુનિયાનો ઊંચો મક઼ામ જેનો અર્થ મદદ કરનાર છે અને શૈખ અબ્દુલ ક઼ાદિર જીલાનીનો લક઼બ) અય ગ઼ૌષે પાક ! رحمۃ اللہ علیہ આપના મર્તબાનું કહેવું જ શું ? આપનો મર્તબો ઘણો ઊંચો અને બુલંદ છે કે આપના ક઼દમ (પગ) મુબારક ઊંચા ઊંચા લોકોના માથાથી પણ ઊંચા છે. આ શેઅરમાં ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہના ફર્માનની તરફ ઈશારો છે કે આપ બગદાદની જામે મસ્જિદના મિમ્બર પર ઈર્શાદ ફર્માવ્યું, ''મારા ક઼દમ દરેક વલીની ગરદન પર છે.''

**સર ભલા ક્યા કોઈ જાને કે હૈ કૈસા તેરા**
**અવલિયા મલતે હૈં આંખેં વો હૈ તલવા તેરા**

**અર્થાત** : અય અવલિયાના સરદાર ! આપના સર મુબારકની ઉચ્ચતાને કોઈ સમજી શક્તુ નથી કે ખુદા પાકે શું મક઼ામ આપ્યો છે ?! કારણ કે આપના ક઼દમ મુબારક એટલા ઊંચા મર્તબાવાળા છે કે વલીઓ આપના તળીયાને આંખોથી લગાડી બરકતો હાંસલ કરે છે, અને આપના ક઼દમનો મર્તબો ઊંચો કેમ ન હોય કે ખૂદ મુહમ્મદ મુસ્તફ઼ા صلی اللہ علیہ وسلمએ તેને ઊંચો મક઼ામ આપ્યો.

રિવાયતોમાં છે કે મેઅરાજની રાત્રે જ્યારે સરકાર صلی اللہ علیہ وسلم બુરાક પર સવાર થઈ રહ્યા હતા ત્યારે ગ઼ૌષ પાકની રૂહ હાજર થઈ. હુઝ઼ૂર صلی اللہ علیہ وسلم ગ઼ૌષ પાક رضی اللہ عنہના ખભા પર ક઼દમ મુબારક મૂકી બુરાક પર સવાર થયા. હુઝ઼ૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, ''અય અબ્દુલક઼ાદિર ! મારા ક઼દમ તારી ગરદન પર છે અને તારા ક઼દમ તમામ વલીઓની ગરદન પર હશે.''

*–(તફ઼રીહુલ ખ઼ાતિર, ફ઼તવાએ રઝ઼વિય્યા વગેરે)*

**ક્યા દબે જિસપે હિમાયતકા હો પંજા તેરા**
**શેર કો ખતરે મેં લાતા નહીં કુત્તા તેરા**

**અર્થાત** : અય ગ઼ૌષ પાક ! رحمۃ اللہ علیہ જેના માથા પર આપની હિમાયત, તરફ઼દારીનો હાથ હોય, જેને આપનુ પીઠબળ નસીબ હોય તે દુશ્મનોથી શું કામ ડરે અને ગભરાય ?! જ્યારે આપની બારગાહનો કૂતરો પણ વાઘ, સિંહની પરવા નથી કરતો ! ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

મારા મુરીદ (ગુલામ) ડર નહીં ! અલ્લાહ મારો રબ છે તેણે મને ઊંચો મર્તબો અતા કર્યો છે અને હું મારી ઉમ્મીદોએ પહોંચ્યો છું.

ક઼યામતના દિવસ સુધી મારા દોસ્તો, પ્રેમીઓ, અને મુરીદોમાંથી કોઈ ઠોકર ખાશે તો હું તેનો હાથ પકડી લઈશ.

*–(કલાઈદુલ જવાહિર)*

મને ખુદાની ઈજ્જત તથા જલાલની ક઼સમ ! કે મારો હાથ મારા મુરીદો પર એવો છે જેવી રીતે જમીન પર આકાશનો સાયો છે, જો મારો મુરીદ ઊંચા મર્તબાવાળો નથી તો શું થયું, હું તો ઊંચા મર્તબાવાળો છું. (સુબ્હાનલ્લાહ !)

મારો મુરીદ પૂર્વમાં બેપર્દા થાય અને હું પશ્ચિમમાં હોઉં તો પણ હું તેની પર્દાપોશી કરું છું.

*–(બેહજતુલ અસ્રાર, પેજ–૯૯)*

**તૂ હુસૈની હસની ક્યૂં ન મુહિયુદ્દીન હો**
**અય ખિઝર ! મજમએ બહરૈન હૈ ચશ્મા તેરા**

જેનું પેઢીનામુ (વંશ) ઈમામ હુસૈન رضی اللہ عنہ સુધી પહોંચે તેને હુસૈની અને ઈમામ હસન સુધી પહોંચે તો તેને હસની કહેવામાં આવે છે. ગૌષે પાક رحمۃ اللہ علیہનું નસબ વાલિદ સાહબ (બાપ) તરફથી ઈમામ હસન સુધી અને માં તરફથી ઈમામ હુસૈન સુધી પહોંચે છે એટલે કે આપ હસની હુસૈની સૈયદ છે. આ'લા હઝરત ફર્માવે છે, ''અય ગૌષ પાક ! رحمۃ اللہ علیہ આપ હુસૈની અને હસની, મુહિયુદ્દીન (દીનને જીવન આપનાર) અય ખિઝર (ગુમરાહને રસ્તો દેખાડનાર) આપનો ખાનદાન બે સમંદરનો સંગમ છે.''

**કસ્મેં દે દે કે ખિલાતા હૈ પિલાતા હૈ તુઝે**
**પ્યારા અલ્લાહ તેરા ચાહનેવાલા તેરા**

**અર્થાત :** અય મહબૂબે સમદાની ! આપને ચાહનાર ખુદા આપથી એટલી મહોબ્બત કરે છે કે આપને કસમો આપીને ખવડાવે પીવડાવે છે. આ શેઅરમાં ગૌષે પાક رحمۃ اللہ علیہના કૌલ તરફ ઈશારો છે કે અલ્લાહ તઆલાએ ગૌષે પાક رحمۃ اللہ علیہને ફર્માવ્યું, અય અબ્દુલકાદિર ! કસમ છે મારા તે હક્કની જે તારી ઉપર છે તું ખા અને પી !

**મુસ્તફા કે તને બે સાયા કા સાયા દેખા**
**જિસને દેખા મેરી જાન જલ્વએ ઝૈબા દેખા**

**અર્થાત :** અય રસૂલલ્લાહ صلی اللہ علیہ وسلمના લાડલા ! આપને જેણે જોયા તેણે મુસ્તફા صلی اللہ علیہ وسلمના સાયા વગરના બદન મુબારકનો સાયો જોયો અને મુસ્તફા صلی اللہ علیہ وسلمના જલ્વાને આપના મુબારક ચેહરાના દીદારમાં જોયો, કારણ કે આપ હુઝૂર صلی اللہ علیہ وسلمની સૂરત અને સીરતનો આયનો છે.

**ઈબ્ને ઝહરા કો મુબારક હો ઉરૂસે કુદરત**
**કાદરી પાએં તસદુક મેરે દુલ્હા તેરા**

**અર્થાત :** અય ફાતેમા ઝહરા رضی اللہ عنہاના બેટા ! ખુદાએ તાકાત, કુદરત અને ઈખ્તિયારનો સેહરો આપના માથા પર સજાવી દુલ્હા બનાવ્યા છે એ માટે આપને મુબારકબાદી ! કાદરી આપના ગુલામો આપની બારગાહથી ખૈરાત હાંસલ કરે છે અને આપના સદકાથી ફયૂઝયાબ થાય છે.

**ક્યૂં ન કાસિમ હો કે તૂ ઈબ્ને અબિલ્ કાસિમ**
**ક્યૂં ન કાદિર હો કે મુખ્તાર હૈ બાબા તેરા**

**અર્થાત :** કાસિમનો અર્થ વહેંચણી કરનાર છે. હુઝૂર صلی اللہ علیہ وسلمના એક સાહબઝાદાનું નામ કાસિમ છે જેમની તરફ નિસ્બત કરીને અબુલ કાસિમ (કાસિમના બાપ) હુઝૂર صلی اللہ علیہ وسلمની કુન્નિયત છે. મતલબ થયો કે અય વલીઓના સરદાર ! ગૌષ પાક رحمۃ اللہ علیہ આપ વિલાયત અને ફયૂઝાનના કાસિમ (વહેંચનાર) છો કારણ કે આપ તે અબુલ કાસિમ મુહમ્મદ

મુસ્તફા ﷺના બેટા છો જે દુનિયાને નેઅમતો વહેંચે છે. હદીષમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે, અલ્લાહ મને આપે છે અને હું વહેંચણી કરું છું. અને આપ કુદરત તાક઼તવાળા કેમ ન હોય છે ?! કે આપના બાબા (બાપ) જેમની આપ ઔલાદ છો તે જનાબ મુહમ્મદ મુસ્તફા ﷺ મુખ્તિયાર (ઈખ્તિયાર, તાક઼તવાળા) છે.

**નબ્વી મેહ, અલ્વી ફસ્લ, બતૂલી ગુલશન**
**હસની ફૂલ, હુસૈની હૈ મહેકના તેરા**

**અર્થાત :** કોઈ પણ બાગને સુગંધિત થવા માટે પાણી, ઋતુ, જમીન, ફૂલ અને મહેક હોવી જરૂરી છે. ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہ જેમનાથી વિલાયતનો બાગ સુગંધિત છે તેમના વિષે આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, અય ગ઼ૌષ પાક ! رحمۃ اللہ علیہ આપ પર નબવી વરસાદ એટલે કે આક઼ાની રહમતો વરસે છે અને મૌલાએ કાએનાત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની મહેરબાનીઓનો મોસમ આપની સાથે છે. આપ ફાતેમાઝહરા બતૂલના બાગના હસની ફૂલ છો અને આપની જે મહેર સુગંધ છે તે હુસૈની છે. સારાંશ આપ પંજતન પાકના વારિષ છો.

**નબવી ઝિલ, અલ્વી બુર્જ, બતૂલી મંઝિલ**
**હસની ચાંદ, હુસૈની હૈ ઉજાલા તેરા**

**અર્થાત :** બુર્જ આકાશી દુનિયામાં તે જગ્યા છે જેમાં ચાંદ, સૂરજ તારા વગેરે રહે છે અને જે રસ્તા પર ચાંદ ચાલે છે તેને મંઝિલ કહેવાય છે અને જ્યારે સૂરજનો પ્રકાશિત સાયો ચાંદ પર પડે છે ત્યારે ચાંદ ચમકે છે. મતલબ એ છે કે ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہ એવા વિલાયતના ચાંદ છે જેની રોશની આખી દુનિયામાં ફેલાય છે. તેમની ઉપર હુઝૂર પુરનૂર ﷺનો નૂરાની સાયો છે, અને આપનો બુર્જ તે અલી છે જે સર્વ વલીઓના સરદાર છે અને આપ જે રાસ્તાથી દુનિયામાં તશરીફ લાવ્યા છે તે ફાતેમા બતૂલનો નસબ છે અને આપની વિલાયતનો ચાંદ હસની અને તેનો પ્રકાશ હુસૈની છે.

**નબવી ખૂર, અલ્વી કોહ, બતૂલી મઅદન**
**હસની લઅલ, હુસૈની હૈ તજલ્લા તેરા**

*(ખૂર એ ખુર્શિદનું ટૂંકુ સ્વરૂપ છે જેનો અર્થ છે સૂરજ. કોહ એટલે પહાડ.*
*મઅદન = મઅદિન ખાણને કહે છે. લઅલ = કિંમતી લાલ પથ્થર, હિરાના માયનામાં પણ વપરાય છે. )*

**અર્થાત :** મતલબ કે અય ગ઼ૌષે પાક ! رحمۃ اللہ علیہ આપ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم જેવા પહાડ અને ફાતેમા બતૂલની જેવી મઅદનના હસની હિરા કિંમતી જવાહિર છો અને તેનો પ્રકાશ હુસૈની છે અને જેનાથી આ ગ઼ૌષિય્યતનો હિરો ચમકે છે તે આફતાબે રિસાલત ﷺનું નૂર છો. ઉપરોક્ત ત્રણેય શેઅરોમાં હુઝૂર ગ઼ૌષ رحمۃ اللہ علیہના ઉચ્ચ ખાનદાન, ઈલ્મ અને શરાફતનું વર્ણન કરવામાં આવ્યું છે.

**બહરો બર, શહરો કરા, સહલો હઝન, દશ્તો ચમન**
**કૌન સે ચક પે પહોંચતા નહીં દાવા તેરા**

**અર્થાત :** બહરો બર = સમંદર અને સુકી જમીન, શહેર અને ગામડાં. સહલ = એક સરખી જમીન. હઝન = સખત પહાડ. દશ્ત = જંગલ અને બાગ. એવી કઈ (ચક) જગ્યા છે જ્યાં આપનો ઈખ્તિયાર ન હોય !

મતલબ અય ગ઼ૌષ પાક ! رحمۃ اللہ علیہ સમંદર હોય કે ધરતી, શહેર હોય કે ગામડાં, પહાડ, બગીચા કોઈ એવી જગ્યા નથી જ્યાં આપનો તસર્રૂફ (કુદરત) ન હોય. ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہ ખૂદ ફર્માવે છે : હું આખી દુનિયાને એવી રીતે જોઉં છું જેવું કે હથેળીમાં રાયનો દાણો ! બીજી જગ્યા ફર્માવે છે કે, પૂર્વ પશ્ચિમ ઉત્તરથી દક્ષિણ સમંદર, ધરતી, પહાડ બધા જ મારી અઝમતોને માને છે. અને કોઈ વલી એવો નથી જેણે મારી કુત્બિયતને ક઼બૂલ ન કરી હોય. ખુલાસો એ છે કે આખી દુનિયા ખુદાએ ગ઼ૌષ رحمۃ اللہ علیہને તાબે કરી દીધી છે જ્યાં જે હુકમ ચાહે ચલાવી શકે છે.

**હુસ્ને નિય્યત હો, ખતા ફિર કભી કરતા નહીં**
**આઝમાયા હૈ, યગાના હૈ દો ગાના તેરા**

**અર્થાત :** અય ગ઼ૌષ પાક ! رحمۃ اللہ علیہ જો નિય્યત સાફ હોય અને આપની નમાઝ (દો ગાના) (સલાતુલ અસ્રાર) નમાઝે ગ઼ૌષિયા અદા કરે તો કદી નામુરાદ થતો નથી. મારુ અજમાવેલ છે કે દરેક મુરાદ પૂરી થાય છે. આ નમાઝ લાજવાબ છે. જ્યારે કોઈ તકલીફ પડે કે મોટુ કામ પડે દરેક મુરાદ માટે નમાઝે ગ઼ૌષિયા (સલાતુલ અસ્રાર) પઢવામાં આવે છે. આ'લા હઝરત ફર્માવે છે કે સાચી નિય્યત સાથે જો આ નમાઝ પઢવામાં આવે તો દરેક મુરાદ પૂરી થાય છે. આ નમાઝને ઈમામ અબૂહસન નૂરુદ્દીન અલી શતનૂફીએ બેહજતુલ અસ્રારમાં અને શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષે દહેલ્વીએ "અખ્બારુલ અખ્યાર"માં તથા મુલ્લા અલી ક઼ારીએ ગ઼ૌષે પાક رحمۃ اللہ علیہથી રિવાયત કરી છે. વધુ વિગત માટે જુઓ બહારે શરીઅત, ભાગ–૪, પેજ–૨૮.

**અર્ઝ અહવાલ કી પ્યાસોં મેં કહાં તાબ મગર**
**આંખેં અય અબરે કરમ તકતી હૈ રસ્તા તેરા**

**અર્થાત :** અય ગ઼ૌષ પિયા ! رحمۃ اللہ علیہ આપના કરમના તરસ્યાઓને આપની બારગાહમાં હાલત બયાન કરવાની શું તાક઼ત ?! પરંતુ અય કરમના વાદળ ! આખોં આપનો રસ્તો જોઈ રહી છે કે આપ ક્યારે કરમનો વરસાદ વરસાવશો !

**મૌત નઝદીક ગુનાહોં કી તહીં મેલ કે ખોલ**
**આ બરસ જા કે નહા ધો લે યે પ્યાસા તેરા**

**અર્થાત :** અય મારા ગ઼ૌષે આ'ઝમ ! رحمۃ اللہ علیہ મૌતની ઘડ઼ીઓ નજીક છે અને ગુનાહોનો મેલ (ગંદકી) થર પર થર જામીને (મેલ) કવર જેવુ થઈ ગયુ છે. આપ કરમ તથા બખ્શિશનો વરસાદ વરસાવો જેથી હું આપના કરમની વર્ષાથી સ્નાન કરી મારા ગુનાહોના મેલને ધોઈ નાખી પવિત્ર થઈ જાઉં.

**આબ આમદ વો કહે, ઔર મૈં તયમ્મુમ બરખાસ્ત**
**મુશ્તે ખાક અપની હો ઔર નૂર કા અહલા તેરા**

**અર્થાત :** આબ આમદ = તયમ્મુમ બરખાસ્ત (પાણી આવ્યું અને તયમ્મુમ ગયું) ફારસી મુહાવરો છે. જ્યારે માણસ પાણી પર ક઼ાદિર (શક્તિમાન) ન હોય ત્યારે તયમ્મુમ કરી નમાઝ પઢી શકે છે અને જ્યારે પાણી મળી જાય એટલે કે પાણી પર કાદિર થઈ જાય તો તયમ્મુમ તૂટી જાય છે. ખુલાસો એ કે અસલ વસ્તુના મળવાથી બદલ (નકલી) જતું રહે છે. આ શેઅરનો મતલબ એ થાય છે કે અય મારા ગ઼ૌષ આ'ઝમ ! رحمۃ اللہ علیہ આપની મદદ

અસલ મારી મુરાદ છે. જ્યારે આપ કહો કે મારી મદદ આવી ગઈ તો હું કહીશ કે મને કોઈની જરૂરત નથી. અને પછી (મુશ્તે ખાક) મુટ્ઠી માટી એટલે કે (માનવી) હું હોઉં અને આપના નૂરનો વરસાદ, તો મારા ગુનાહ સાફ થઈ જશે.

**જાન તો જાતે હી જાએગી કયામત યે હૈ**
**કે યહાં મરને પે ઠેહરા હૈ નઝારા તેરા**

**અર્થાત** : અય મારા દસ્તગીર ! હું આપના દીદાર (દર્શન) માટે ઉત્સુક છું. પરંતુ (કયામત) મુસીબત એ છે કે આપનો દીદાર મૃત્યુ પછી થશે ! મૌત તો આવતાં આવશે, ખુદા જાણે ક્યારે આવશે ?! ક્યાં સુધી હું બેકરાર રહીશ ?! આપ દીદાર કરાવી મારી બેકરારી મિટાવી દો !

**તુઝ સે દર, દરસે સગ, સગ સે હૈ મુઝકો નિસ્બત**
**મેરી ગરદન મેં ભી હૈ દૂર કા ડોરા તેરા**

**અર્થાત** : અય વલીઓના સરદાર ! આપની બારગાહને આપથી નિસ્બત (સંબંધ) છે તે ઘણી મહાન મર્તબાવાળી બારગાહ છે. અને જે કૂતરાને આપની બારગાહથી નિસ્બત (સંબંધ) થઈ જાય તે પણ આપનો ગુલામ કહેવાય અને હું આપની બારગાહનો કૂતરો (ગુલામ) હોવાની નિસ્બત ધરાવું છું. મારી ગરદનમાં પણ આપની ગુલામીનો પટ્ટો પડેલ છે. બીજી જગ્યાએ આ'લા હઝરત ફર્માવે છે : *કોઈ ક્યૂં પૂછે તેરી બાત 'રઝા'–તુઝસે કુત્તે હજાર ફિરતે હૈં*

**ઈસ નિશાની કે જો સગ હૈં નહીં મારે જાતે**
**હશ્ર તક મેરે ગલેમેં રહે પટ્ટા તેરા**

**અર્થાત** : કૂતરા બે પ્રકારના હોય છે : એક લાવારિષ જેને રખડતો કહેવામાં આવે છે, જે ઘર ઘરની ઠોકરો ખાય છે, જેનો કોઈ માલિક નથી, કોઈ તેને જાળવનાર નથી. બીજો પાલતુ જે માલિકના ઘરે રહે છે, માલિક તેની દેખભાળ કરે છે, તેના ગળામાં નિશાનીરૂપે પટ્ટો પહેરાવવામાં આવે છે જેને જોઈને દરેક વ્યક્તિ ઓળખી લે છે કે આ કોઈ માલિકનો ગુલામ છે. આ'લા હઝરત ફર્માવે છે, અય મારા પીર દસ્તગીર ! મારા ગળામાં આપની ગુલામીનો કાદરી પટ્ટો લગાવેલ છે જેને જોઈ દરેક આંખવાળો ઓળખી લે છે કે હું આપનો ગુલામ છું, હશ્રમાં પણ આ પટ્ટો મારા ગળામાં રહે જેથી મેદાને મેહશરની તકલીફોથી બચી જાઉં.

**મેરી કિસ્મત કી કસમ ખાએં સગાને બગદાદ**
**હિંદ મેં ભી હૂં તો દેતા રહૂં પેહરા તેરા**

**અર્થાત** : અય રોશન ઝમીર ! મને એટલી તાકત આપો કે હું બગદાદથી હજારો કિલોમીટર દૂર હિંદ (ભારત)માં રહીને પણ આપની બારગાહનો ચોકીદાર બની પહેરો આપતો રહું. જ્યારે પણ બાતિલ તાકત આપની અઝમતોના ખિલાફ માથુ ઉઠાવે તો હું તેને કચડી નાખું. જો મારી કિસ્મતમાં આ પ્રતિષ્ઠા લખાઈ જાય તો (સગાને બગદાદ) બગદાદના કૂતરાઓ પણ મારી કિસ્મતની કસમો ખાશે !

આ'લા હઝરતની ઈલ્તિજા કબૂલ થઈ. આપે વલીઓ, નબીઓના દુશ્મન વહાબી, દેવબંદીઓનો મુકાબલો

કરી તેમને બેપર્દા કરી લોકોના ઈમાનને બચાવી લીધા. ખુદા આપની તુર્બત પર હમેશાં રહમતોનો વરસાદ વરસાવે.

**તેરી ઈઝ્ઝત કે નિષાર અય મેરે ગૈરતવાલે !**
**આહ સદ આહ કે યું ખ્વાર હો બુર્દહ તેરા**

**અર્થાત** : યા ગૌષ પિયા ! رحمۃاللہعلیہ આપની ઈજ્જત અને અઝમત પર કુર્બાન જાઉં ! આપ કદી આપના મુરીદને રૂસ્વા જોઈ શકતા નથી. અફસોસ ! હજારો અફસોસ કે વહાબી, દેવબંદીઓ આપના (બુર્દહ) ગુલામને ખોટા ખોટા આક્ષેપો કરી બદ્નામ અને રૂસ્વા કરવા લાગ્યા છે, આપ મારી ઈજ્જતની હિફાઝત કરો ! મારી મદદ કરો !

આ'લા હઝરતની આ ઈલ્તિજા પણ કૃબૂલ થઈ કે અરબ તથા અજમના મોટા મોટા આલિમો, મુફતીઓએ આપને મુજદ્દિદ અને પોતાના માથાના તાજ માન્યા અને આ'લા હઝરત આખી દુનિયામાં છવાઈ ગયા.

**બદ્ સહી, ચોર સહી, મુજરિમો નાકારા સહી**
**અય વો કૈસા હી સહી, હૈ તો કરીમા તેરા**

**અર્થાત** : અય ચોરને વલી બનાવનાર આક઼ા ! હું (બદ્) બુરો, ચોર, મુજરિમ, બેકાર ગમે તેવો છું પણ (કરીમા) અય બખ્શિશ કરનાર ! હું તો તમારો જ ગુલામ છું. આ શેઅરમાં આ'લા હઝરત رحمۃاللہعلیہએ બારગાહે ગૌષમાં આજીજી ઈન્કેસારી દાખવી છે અને એ તરફ ઈશારો છે કે અય મારા દસ્તગીર ! હું જો બુરો, બેકાર, ચોર હોઉં તો પણ શું ?! આપનો જ છું ! આપના દરબારમાં આવનાર ચોર, ડાકૂઓ વલી બની જાય છે.

**મુઝકો રૂસ્વા ભી અગર કોઈ કહે તો યૂહીં**
**કે વોહી ન વો 'રઝા' બંદએ રૂસ્વા તેરા**

**અર્થાત** : અય મારા ગૌષ ! رحمۃاللہعلیہ જો કોઈ મને રૂસ્વા પણ કહેશે તો કહેશે, તે જ છે ને ગૌષનો ગુલામ અહમદ રઝા ! જ્યારે મારી નિસ્બત આપની તરફ થઈ જશે તો મારી બુરાઈઓ દૂર થઈ જશે.

**અય 'રઝા' યૂં ન બિલક, તૂ નહીં જય્યદ, તો ન હો**
**સૈયદે જય્યદે હર દહર હૈ મૌલા તેરા**

**અર્થાત** : અય રઝા ! તું ન ડર ! બેચેન ન થા ! જો તું સારો (જય્યિદ) નથી તો શું થયું ? આખી દુનિયાના સારા લોકોનો સરદાર (ગૌષે પાક رحمۃاللہعلیہ) તો તારો મૌલા અને મદદગાર છે. ઈશારો છે ગૌષે પાક رحمۃاللہعلیہ ના ફર્માન તરફ છે કે જો મારો મુરીદ કમાલવાળો નથી તો શું થયું હું તો કમાલવાળો છું.

**ફખ્રે આક઼ા મેં 'રઝા' ઔર ભી ઈક નઝ્મે રફીઅ**
**ચલ લિખા લાએં ષના ખ્વાનોંમેં ચેહરા તેરા**

**અર્થાત** : અય રઝા ! આક઼ા ગૌષ પાક رحمۃاللہعلیہ ની શાનમાં એક બીજી મન્કૃબત આ'લા પ્રકારની નઝમ લખીને ગૌષ પાક رحمۃاللہعلیہના પ્રશંસકોમાં તારું પણ નામ લખાવી લઈ ફયઝાનથી માલામાલ થઈ જા !

# મન્ક઼બતે હ઼ુઝ઼ૂર ગ઼ૌષે આઝ઼મ رضی اللہ عنہ

**બંદા ક઼ાદિરકા ભી ક઼ાદિર ભી હૈ અબ્દુલક઼ાદિર**
**સિર્રે બાતિન ભી હૈ ઝ઼ાહિર ભી હૈ અબ્દુલક઼ાદિર**

*(ક઼ાદિર = કુદરતવાળો, શક્તિશાળી, અબ્દુલક઼ાદિર = ક઼ાદિરનો બંદો જનાબે ગૌષે આઝમ رضی اللہ عنہનું નામ મુબારક, સિર્રે બાતિન = છુપા હોવાનો ભેદ)*

**અર્થાત :** હુઝૂર ગ઼ૌષેપાક رضی اللہ عنہનું નામ અબ્દુલક઼ાદિર છે જેનો અર્થ કુદરતવાળાનો બંદો થાય છે એટલે કે ગ઼ૌષેપાક ક઼ાદિરે મુતલક ખુદાના બંદા છે અને જ્યારે તે ક઼ાદિરના બંદા છે તો ક઼ાદિર ખુદા પાકે આપને પણ ક઼ાદિર શક્તિશાળી બનાવ્યા છે, અને આપ ઝ઼ાહિર અને બાતિનના ભેદને જાણનાર છે. આ'લા હઝ઼રતે અહિંયા સ્પષ્ટતા કરી છે કે જ્યારે ગ઼ૌષે પાક رضی اللہ عنہ કુદરતવાળા ખુદાના બંદા છે તો પછી તેમના મર્તબામાં શું કમી રહેશે. શેખ અબ્દુલહક઼્ક઼ મુહદ્દિષે દહેલ્વી رضی اللہ عنہનું ફર્માન છે કે હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہની કરામતો બેશુમાર છે જેવી રીતે હુઝૂર નબીએ પાક علیہ الصلوٰۃ والسلامના મોઅજિઝ઼ા બેહદ અને બેહિસાબ છે.

**મુફ્તીએ શરઅ ભી હૈ ક઼ાઝ઼ીએ મિલ્લત ભી હૈ**
**ઈલ્મે અસ્રાર સે માહિર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(મુફ્તીએ શરઅ = શરીઅતના મુફ્તી, મિલ્લત = મઝ઼હબ, ઈલ્મે અસ્રાર = ભેદી જ્ઞાન, માહિર, જાણકાર)*

**અર્થાત :** હુઝૂર ગ઼ૌષે આઝમ رضی اللہ عنہ ઈસ્લામી શરીઅતના મુફ્તી છે અને મઝ઼હબે ઈસ્લામના ક઼ાઝ઼ી–ફૈંસલો કરનાર છે અને ખુદાના ભેદોના જાણકાર છે.

**મમ્બએ ફૈઝ઼ ભી હૈ મજમએ અફ઼ઝ઼ાલ ભી હૈ**
**મેહરે ઈર્ફ઼ાં કા મુનવ્વર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(મમ્બએ ફૈઝ઼ = ફૈઝ઼ જારી થવાની જગ્યા, મજમએ અફ઼ઝ઼ાલ = મહેરબાનીઓનો મજમો, મહેર = સૂર્ય, ઈરફ઼ાન = ઓળખ)*

**અર્થાત :** હુઝૂર ગ઼ૌષેપાક رضی اللہ عنہ રૂહાની ફૈઝ઼ના મમ્બઅ અને ફઝ઼ીલતોના સમૂહ છે અને ઈલ્મે ઈરફ઼ાનના પ્રકાશિત સૂરજ છે.

**કુત્બે અબ્દાલ ભી હૈ મેહવરે ઈર્શાદ ભી હૈ**
**મર્કઝ઼ે દાઈરએ સિર્ર ભી હૈ અબ્દુલ ક઼ાદિર**

*(કુતુબ = એક રૂહાની મર્તબો, વલીઓના સરદાર, અબ્દાલ = એક રૂહાની દરજો, મેહવર = ધરી, ઈર્શાદ = સીધો રસ્તો દેખાડનાર, દાઈરા = વર્તુળ, સિર્ર = ભેદ)*

**અર્થાત :** હુઝૂર ગ઼ૌષેપાક رضی اللہ عنہ અબ્દાલોના સરદાર પણ છે અને વલીઓના મેહવર પણ છે અને ભેદના વર્તુળના કેન્દ્ર પણ છે.

**સિલ્કે ઈર્ફાં કી ઝિયા હૈ યહી દુર્રે મુખ્તાર**
**ફખ્રે ઈશ્બાહ વ નઝાઈર ભી હૈ અબ્દુલ કાદિર**

*(સિલ્કે ઈર્ફાં = ખુદાની ઓળખનો મોતીનો હાર, ઝિયા = પ્રકાશ, દુર્રે મુખ્તાર = પસંદીદા મોતી, ઈશ્બાહ = હમશકલ, નઝાઈર = મિષ્લ, ના જેવા)*

**અર્થાત :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ ખુદાની મારેફતના મોતીઓના હારની ચમક છે અને આપ દુર્રે મુખ્તાર, પસંદ કરેલ મોતી છે, અને આપ દરેક ગૌષ અને કુતુબ માટે ફખ્ર છે. (દુર્રે મુખ્તાર અને ઈશ્બાહ વ ન્નઝાઈર બે કિતાબોના નામ પણ છે)

**ઉસકે ફર્માન હૈ સબ શારેહે હુકમે શારેઅ**
**મઝહરે નાહી વ આમિર ભી હૈ અબ્દુલ કાદિર**

*(શારેહ = શરહ કરનાર, શારેઅ = શરીઅતના ધની, મઝહર = જાહેર થવાની જગ્યા)*

**અર્થાત :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہનાં ફર્માનો શારેઅ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના હુકમની શરહ કરનાર એટલે કે ખુલાસો કરનાર છે અને બુરાઈથી રોકનાર અને ભલાઈનો હુકમ આપનાર પ્યારા નબી صلی اللہ علیہ وسلمના આપ મઝહર છે.

**ઝી તસર્રુફ ભી હૈ માઝૂન ભી મુખ્તાર ભી હૈ**
**કારે આલમકા મુદબ્બિર ભી હૈ અબ્દુલ કાદિર**

*(ઝી તસર્રુફ = ઈખ્તિયારવાળા, માઝૂન = અનૂમતિ પામેલ, મુખ્તાર = ઈખ્તિયાર ધરાવનાર, કારે આલમ = દુનિયાનું કામ, મુદબ્બિર = તદબીર કરનાર)*

**અર્થાત :** હુઝૂર ગૌષેપાક رضی اللہ عنہ પ્યારા નબી علیہ الصلوٰۃ والسلامના તરફથી ઈખ્તિયાર ધરાવનાર પસંદીદા અને અનૂમતિ મેળવેલ છે અને આપ દુનિયાના કામોની તદબીર ફર્માવનાર છે. (આપના ઈખ્તિયાર અને અઝમતની બોલબાલા જોવા મશ્હૂર અને ભરોસા પાત્ર કિતાબ બેહજ્જતુલ અસ્રારનો અભ્યાસ કરો)

**રશ્કે બુલબુલ હૈ 'રઝા' લાલા સદ દાગ ભી હૈ**
**આપકા વાસિફો ઝાકિર ભી હૈ અબ્દુલ કાદિર**

*(રશ્ક = કોઈની નેઅમત જોઈને તેવી નેઅમત પોતાને પણ મળે તેવી તમન્ના, લાલા = એક પ્રકારનું ફુલ, સદ દાગ = બેશુમાર નિશાનવાળુ, વાસિફ = પ્રશંસક, ઝાકિર = ચર્ચા કરનાર)*

**અર્થાત :** અય મારા ગૌષે આઝમ رضی اللہ عنہ અહમદ રઝા નાઅતો પઢવામાં એવો મગ્ન છે કે બુલબુલો પણ રશ્ક કરે છે અને રઝા બેહદ નિશાનો રાખે છે અને આપની પ્રસંશા તથા ચર્ચા ખૂબ કરે છે.

## દર મુનાફ઼હતે અઅ્દા વ ઈસ્તિઆનત અઝ આક઼ા એટલે દુશ્મનોથી બચાવ અને આક઼ા હુઝ઼ૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہથી મદદ માગવાના બયાનમાં

**અલ અમાં કહર હૈ અય ગ઼ૌષ વો તીખા તેરા**
**મરકે ભી ચૈન સે સોતા નહીં મારા તેરા**

*(અલઅમાં = ખુદાની પનાહ, કહર = નારાઝગી,*
*ગ઼ૌષ = મદદ કરનાર, મુરાદ ગ઼ૌષે આ'ઝમ શૈખ અબ્દુલ ક઼ાદિર જિલાની رضی اللہ عنہ, તીખા = તેજ, અસરકારક)*

**અર્થાત :** અલ્લાહની પનાહ ! હે ગ઼ૌષે પાક ! رضی اللہ عنہ આપના ગઝબનો જે શિકાર બની જાય તે મૃત્યુ પછી પણ શાંતિ પ્રાપ્ત નથી કરી શકતો, કારણ કે તે હમેશાંના અઝાબમાં સપડાયેલો થઈ જાય છે.

શૈખ અબ્દુલ ક઼ાદિર ઈરબુલી رضی اللہ عنہ પોતાની કિતાબ "તફ઼રીહુલ ખાતિર"ના પેજ નં. ૩૪, ૩૫ પર લખે છેઃ ગ઼ૌષે પાક હિઝ઼રે મુર્તઝવીનો વઝીફો પઢતા હતા તેના અધિક વિર્દના કારણે આપ પર પ્રારંભિક હાલતમાં જલાલનો ગલ્બો એવો હતો કે જેવી કે મુન્કિરોની ગરદન કાંપનાર તલ્વાર અને દુશ્મનોના જિગરમાં પહોંચનાર તીર, એટલા માટે મુન્કિરીનમાંથી જેણે પણ આપનુ નામ મુબારક વગર વુઝૂએ લીધુ તેની ગરદન સૈફુલ્લાહથી કાપી નાખવામાં આવી. પછી મુકાશફામાં હુઝ઼ૂર નબીએ કરીમ ﷺની ઝિયારત થઈ તો હુઝ઼ૂર ﷺએ ફર્માવ્યું, "તમે ખૂદ સૈફ (તલ્વાર) બની ગયા છો હવે તે વઝીફ઼ાને પઢવાની જરૂરત નથી." *(તફ઼રીહુલ ખાતિર, પેજ : ૩૪, ૩૫)*

**બાદલોં સે કહીં રુકતી કળકતી બિજલી**
**ઢાલેં છંટ જાતી હૈં ઉઠતા હૈ જો તેગા તેરા**

*(બાદલો = વાદળો, કળકતી = કડકતી, બિજલી = વીજળી, ઢાલેં = લોખંડનું તે સાધન જેનાથી દુશ્મનના વાર રોકવામાં આવે છે, છંટ જાતી હૈ = કપાઈ જાય છે, તેગા = નાની તલ્વાર, ખંજર)*

**અર્થાત :** જેવી રીતે વાદળો વીજળીની કડકને નથી રોકી શકતા એવી રીતે આપના ગઝબના વારને દુશ્મનોની ઢાલો નથી રોકી શકતી, જો આપનો તેગો (નાની તલ્વાર) પણ ચાલે તો તો ઢાલોના ટુકડે ટુકડા થઈ જાય છે.

**અકસ કા દેખ કે મુંહ ઔર બિફ઼ર જાતા હૈ**
**ચાર આઈના કે બલ કા નહીં નેઝા તેરા**

*(અકસ = પડછાયો, બિફ઼ર જાતા હૈ = વિફરી જાય છે, ચાર આઈના = બખ્તર, બલ = બળ, નેઝા = ભાલો)*

**અર્થાત :** હે ગ઼ૌષે પાક ! رضی اللہ عنہ આપના દુશ્મનના પડછાયાને જોતાં જ આપનો નેઝો જલાલમાં આવી જાય છે અને દુશ્મનના બખ્તરમાં એટલી તાક઼ત ક્યાં છે કે આપના નેઝાના વારને રોકી શકે !

**કોહ સરમુખ હો તો એક વાર મેં દો પર કાલે**
**હાથ પળતા હી નહીં ભૂલ કે ઓછા તેરા**

*(કોહ = પહાડ મુરાદ પહાડ જેવો પહેલવાન, સરમુખ = (હિંદી શબ્દ) મુક઼ાબલો, દો પર કાલે = બે ટુકડા, ભૂલ કે = ભૂલથી, ઓછા = હળવુ, 'ઓછા હાથ પળના !' ઉર્દૂ મુહાવરો છે જેનો અર્થ વાર હલ્કો નથી પડતો)*

**અર્થાત :** હે ગ઼ૌષે પાક ! رضی اللہ عنہ આપના મુક઼ાબલામાં જો પહાડ જેવો મજબૂત પહેલવાન પણ આવી જાય

તો આપના એક જ વારમાં બે ટુકડા થઈ જાય. કારણ કે આપનો વાર કદી ભૂલથી પણ હળવો હોતો નથી !

**ઈસ પે ક઼હર કે અબ ચંદ મુખાલિફ઼ તેરે**
**ચાહતે હૈં કે ઘટા દેં કહીં પાયા તેરા**

*(ઈસ પે = એવી પરિસ્થિતિમાં, કહર = ગજબ, ચંદ = અમુક, મુખાલિફ઼ = વિરોધી, ઘટા દેં, ઘટાડી દે, કહીં = કોઈપણ રીતે, પાયા = મર્તબો)*

**અર્થાત :** અલ્લાહ પાકે આપને મહાન મર્તબો અતા કર્યો છે, મુન્કિરો પર આપનો કોઈ વાર ખાલી જતો નથી. આવી સ્થિતિમાં પણ અમુક આપના વિરોધીઓ ઈચ્છે છે કે ગમે તે રીતે આપના મર્તબાને ઘટાડી દઈએ.

**અક઼્લ હોતી તો ખુદા સે ન લળાઈ લેતે**
**યે ઘટાએં, ઉસે મન્ઝૂર બળ્હના તેરા**

*(અક઼્લ = બુદ્ધિ, લડાઈ : જંગ, ઘટાએં = ઘટાડે)*

**અર્થાત :** હદીષે કુદ્ષી છે કે અલ્લાહ તબારક વ તઆલા ફ઼ર્માવે છે, "જેણે મારા કોઈ પણ વલીથી દુશ્મની કરી હું તેનાથી એલાને જંગ કરું છું." *(બુખારી શરીફ઼, બયહકી)*

અવલિયાએ કિરામના ગુસ્તાખોમાં બુદ્ધિ હોત તો તે વલીઓથી દુશ્મની કરીને ખુદાની સાથે જંગની દા'વત ન લેત, ગુસ્તાખો તો આપની શાનને ઘટાડવાની કોશિશ કરી રહ્યા છે જ્યારે કે અલ્લાહ તબારક વ તઆલા આપના મર્તબાને બુલંદ ફ઼ર્માવી રહ્યો છે.

બેશક ! જે લોકો અવલિયાએ કિરામના દુશ્મનો છે તે દુનિયા અને આખિતરમાં ઝલીલ થવાના છે. એવા ઘણા વાકિ઼આ છે જેનાથી આ વાત સાબિત થાય છે. વધારે વિગત માટે અલ્લામા ફયઝ અહમદ ઉવૈસીની કિતાબ "ગુસ્તાખોં કા બુરા અંજામ"નો અભ્યાસ કરો.

**وَرَفَعْنَالَكَ ذِكْرَكَ કા હૈ સાયા તુઝ પર**
**બોલ બાલા હૈ તેરા ઝિક્ર કે ઊંચા તેરા**

*(وَرَفَعْنَالَكَ ذِكْرَكَ = કુર્આને પાકની આયત છે. અર્થાત : "હે મહબૂબ ! (ﷺ) અમોએ તમારા ઝિક્રને બુલંદ કરી દીધું", સાયા = પડછાયો)*

**અર્થાત :** હે ગ઼ૌષે પાક ! رضی اللہ عنہ આપના નાના નબીએ પાક ﷺની શાન એ છે કે અલ્લાહે આપના ઝિક્રને બુલંદ કરી દીધું છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના નામની ચર્ચા થયા જ કરશે અને આપ હુઝૂર ﷺના નાયબ છો અને હુઝૂર ﷺના ક઼દમ પર છો તો આપ પર وَرَفَعْنَالَكَ ذِكْرَكَનો સાયો છે અને આપની ચર્ચા પણ થયા જ કરશે, આપની બોલબાલા છે અને આપનું ઝિક્ર પર બુલંદ છે.

હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہ ફ઼ર્માવે છે : "દરેક વલી કોઈ ન કોઈ નબીના ક઼દમ પર હોય છે અને હું તે નબીના ક઼દમ પર છું જે કમાલાતમાં ચૌદમીનો ચાંદ છે." *(ક઼સીદએ ગ઼ૌષિયહ્)*

**મિટ ગએ, મિટતે હૈં, મિટ જાએંગે અઅ્દા તેરે**
**ન મિટા હૈ ન મિટેગા કભી ચર્ચા તેરા**

*(મિટ ગએ = ખતમ થઈ ગયા, અઅ્દા = દુશ્મનો)*

**અર્થાત :** મારા ગૌષે પાક ! رضی اللہ عنہ આપની શાન ઘટાડનાર દુશ્મનો ખતમ થઈ રહ્યા છે અને ભવિષ્યમાં જે થશે તે પણ ખતમ થઈ જશે. (ઈન્શાઅલ્લાહ !) પરંતુ આપની ચર્ચા કાલે પણ હતી અને આજે પણ છે અને ક઼યામત સુધી રહેશે તે કદી ખતમ નહીં થાય.

હદીષે પાકમાં છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે : "મારા ચહીતા અને અવલિયા તે લોકો છે કે મારા ઝિક્રથી તેમની યાદ આવે છે અને તેમના ઝિક્રથી મારી યાદ આવે છે. સારાંશ કે તેમનો ઝિક્ર મારો ઝિક્ર છે અને મારો ઝિક્ર તેમનો ઝિક્ર છે." *(તિબ્રાની મોઅજમુલ કબીર, ૧/૨૦૩, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૪૩૦)*

**તૂ ઘટાએ સે કિસી કે ન ઘટા હૈ ન ઘટે**
**જબ બળ્હાએ અલ્લાહ તઆલા તેરા**

**અર્થાત :** હે મારા પ્યારા ગૌષે આ'ઝમ ! رضی اللہ عنہ આપની શાન કોઈના ઘટાડવાથી ઘટી છે ન કદી ઘટશે જ્યારે કે અલ્લાહ તબારક વ તઆલાએ આપની શાન ઊંચી ફર્માવી દીધી છે, આપ તો વલીઓના સરદાર છો ! જ્યારે કે એક અદના વલીની શાનમાં હદીષે કુદ્સી છે કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : જ્યારે હું મારા બંદા (વલી)થી મહોબ્બત કરવા લાગુ છું તો તેના કાન બની જાઉં છું જેનાથી તે સાંભળે છે અને તેની આંખો બની જાઉં છું જેનાથી તે જુએ છે, અને તેના હાથ બની જાઉં છું જેનાથી તે પકડે છે અને તેના પગ બની જાઉં છું, જેનાથી તે ચાલે છે. જો મારાથી સવાલ કરે છે તો હું તેને અતા કરું છું. *(બુખારી શરીફ, સહીહ ઈબ્ને હિબ્બાન, બયહકી)*

બીજી હદીષોમાં છે જેનો ખુલાસો એ છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلام ફર્માવે છે કે, મારી ઉમ્મતના વલીઓ જમીન પર હમેશાં રહેશે જેમના સદક઼ામાં જમીન (પૃથ્વી) ક઼ાયમ (અસ્તિત્વમાં) રહેશે અને જેમના સદક઼ામાં તમારા પર વરસાદ થશે જેમના સદક઼ામાં પૃથ્વીવાસીઓથી અઝાબ અને બલાઓ દૂર કરવામાં આવશે અને જેમના સદક઼ામાં તમને રોજી આપવામાં આવશે જેમના સદક઼ામાં જમીન અનાજ ઉગાડશે અને જેમના સદક઼ામાં તમારી મદદ કરવામાં આવશે.

*–(તફસીરે ઈબ્ને કષીર, અબૂ દાઊદ ફીલ મરાસીલ, મુસ્નદે ઈમામ અહમદ, તિબ્રાની, હિલયતુલ અવલિયા, મજમઉઝ્ ઝવાઈદ)*

**ષુમ્મે ક઼ાતિલ હૈ ખુદા કી ક઼સમ ઉન કા ઈન્કાર**
**મુન્કિરે ફઝ્લે હુઝૂર આહ યે લિખા તેરા**

*(ષુમ્મ, ષિમ્મ, ષમ્મ = ઝેર (મિસ્બાહુલ્લુગાત) ક઼ાતિલ = મારી નાખનાર, ઈન્કાર = ન માનવું, મુન્કિર = ન માનનાર, ફઝ્લે હુઝૂર = હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ની અઝમત, આહ = અફસોસ, લિખા = લખાણ, તક઼દીર)*

**અર્થાત :** હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની અઝમત અને બુઝુર્ગીનું ઈન્કાર કરવું ખુદાની ક઼સમ ક઼ાતિલ ઝેર છે, આપની અઝમતોના મુન્કિરની તક઼દીર પર અફસોસ કે ગૌષે પાકની દુશ્મનીના કારણે તેની તક઼દીરમાં બરબાદી લખાઈ છે.

હુઝૂર ગૌષે رضی اللہ عنہ પાક ફર્માવે છે : "મારી ફઝીલતનો ઈન્કાર કરવો તમારા માટે ક઼ાતિલ ઝેર છે અને તમારી દુનિયા તથા આખિરતની બરબાદીનું કારણ છે."

**મેરે સય્યાફ કે ખંજર સે તુઝે બાક નહીં**
**ચીર કર દેખે કોઈ આહ કલેજા તેરા**

*(સય્યાફ = તલ્વારનો ધણી, ખંજર = છરો, બાક = ડર)*

**અર્થાત :** હે ગુસ્તાખે અવલિયા ! તને તારા તલ્વારના ધણી હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہના ખંજરનો ડર નથી કે તું એમની શાનમાં બકવાસ કરે છે ! અફસોસ ! કોઈ તારા દિલને ચીરીને જુએ કે અંદર દિલ છે કે પથ્થર ?!

**ઈબ્ને ઝહ્રા સે તેરે દિલ મેં હૈં યે ઝહર ભરે**
**બલ બે ઓ મુન્કિરે બેબાક યે ઝોહરા તેરા**

*(ઈબ્ને ઝહ્રા = હઝરત બીબી ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاના બેટા, હુઝૂર ગૌષે પાક હસની હુસૈની સૈયદ હોવાના કારણે મજાઝન ઈબ્ને ઝહરા કહેવામાં આવે છે, ઝહર = ઝેર, બલ બે = આશ્ચર્યમય શબ્દ, વાહ રે, બેબાક = નીડર, ગુસ્તાખ, ઝોહરા = હિમ્મત)*

**અર્થાત :** ઈબ્ને ઝહરા હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ પ્રત્યે, હે ગુસ્તાખ ! તારા દિલમાં ઝેર અને વેર ભરેલું છે. હે ગુસ્તાખ ! મુન્કિર ! તારી હિમ્મત પર આશ્ચર્ય થાય છે.

**બાઝે અશ્હબ કી ગુલામી સે યે આખેં ફેરની**
**દેખ ઉળ જાએગા ઈમાન કા તોતા તેરા**

*(બાઝે અશ્હબ = સફેદ બાઝ, હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہનો લક઼બ અર્થ મક઼ામે વિલાયતમાં ઊંચે ઉડનાર, આખેં ફેરની, આંખો ફેરવી લેવી, બેધ્યાન થયું, તોતા = પોપટ)*

**અર્થાત :** શહનશાહે વિલાયત હુઝૂર ગૌષ પાક رضی اللہ عنہની ગુલામીથી આંખો ફેરવી લેનાર ! જો જે તારા ઈમાનનો પોપટ ઉડી જશે અર્થ તારું ઈમાન જતુ રહેશે.

**શાખ પર બૈઠકે જળ કાટને કી ફિક્ર મેં હૈ**
**કહીં નીચા ન દિખાએ તુઝે શજરા તેરા**

*(શાખ = ડાળી, જળ = મૂળ, અસલ, નીચા ન દિખાએ = બદ્નામ ન કરે, શજરા = ઝાડ, અને સૂફીઓની પરિભાષામાં સિલસિલએ તરીક઼તનું નસબનામુ)*

**અર્થાત :** ડાળ પર બેસીને તે જ ઝાડની જડને કાપવાની કોશિશ કરે છે કે ક્યાંક તારું આ કાર્ય તને બદ્નામ અને ઝલીલ ન કરે.

પોતાના કહેવાતા દેવબંદી વહાબી મોલ્વીઓના ખલીફા અને મુરીદ બની તરીક઼ત ચલાવે છે અને તરીક઼તના સરદાર હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની ફઝીલતોનો ઈન્કાર કરે છે અને તારું આ કાર્ય તને બરબાદ ન કરી દેશે જે રીતે કોઈ ઝાડની ડાળી પર બેસી થડને કાપે તો તે ઊંધા માથે નીચે પડશે એવી જ રીતે તારી પણ એ જ હાલત થશે.

**હક્ક઼ સે બદ્ હો કે ઝમાને કો ભલા બનતા હૈ**
**અરે મૈં ખૂબ સમઝતા હૂં મોઅમ્મા તેરા**

*(હક્ક઼સે બદ્ હો કે = હક઼ીક઼તમાં બુરો થઈને, ઝમાને કો ભલા = જાહેરમાં સારો, ખૂબ = સારી રીતે, મોઅમ્મા = પહેલી, ઉખાણુ)*

**અર્થાત :** હે ગુસ્તાખે ઔલિયા ! તું ઔલિયાએ કિરામથી દુશ્મની કરીને હક્ક઼થી હટી ગયો છે, હક઼ીક઼તમાં તું મુજરિમ છે અને જાહેર જનતામાં ભલો માણસ બનીને ફરે છે. હું તારી બધી ચાલો સમજી ગયો છું.

**સગે દર ક઼હર સે દેખે તો બિખરતા હૈ અભી**
**બંદ બંદે બદન અય રૂબએ દુન્યા તેરા**

*(સગે દર = ચોખટનો કૂતરો, બિખરતા હૈ = તૂટે છે, બંદે બદન = શરીરનું જોડ, રૂબએ દુન્યા = દુનિયાની શિયાળ, મક્કાર)*

**અર્થાત** : હે ગુસ્તાખો ! હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہના દરબારનો કોઈ કૂતરો ક઼ાદરી ગુલામ તમારા જેવા મક્કાર દુનિયાવી લાલચી શિયાળોને જલાલમાં જોઈ લે તો તમારા શરીરના એક એક જોડ તૂટવા લાગે છે.

**ગર્ઝ આક઼ાસે કરું અર્ઝ કે તેરી હૈ પનાહ**
**બંદા મજબૂર હૈ ખાતિર પે હૈ ક઼બ્ઝા તેરા**

*(ગર્ઝ = મતલબ, વાતનો ખુલાસો, અર્ઝ = વિનંતિ, ખાતિર = દિલ)*

**અર્થાત** : ખુલાસો એ કે હુઝૂર ગ઼ૌષે પાક رضی اللہ عنہની બારગાહમાં વિનંતિ કરું છું કે સરકાર ચારેવ તરફ ઈમાનના લૂટારા બેઠેલા છે, મને આપની પનાહમાં લઈ લો, હું મજબૂર છું મારા દિલ પર આપનો ક઼બ્ઝો છે.

**હુકમ નાફિઝ હૈ તેરા ખામહ તેરા સૈફ તેરી**
**દમ મેં જો ચાહે કરે દૌર હૈ શાહા તેરા**

*(હુકમ નાફિઝ હૈ = હુકમ ચાલે છે, ખામહ = ક઼લમ, સૈફ = તલ્વાર, દમ = ઘડી, દૌર = જમાનો, શાહા = બાદશાહ)*

**અર્થાત** : હે શહનશાહે વિલાયત ! આપનો હુકમ ચાલે છે, ક઼લમ અને તલ્વાર આપના કબ્ઝામાં છે, આપ દમમાં જે ચાહો કરી શકો છો. આપનો જ દૌર ચાલી રહ્યો છે. (વલીઓની અઝમત વિશે ઉપર હદીષો બયાન થઈ ચૂકી)

**જિસકો લલકાર દે આતા હો તો ઉલ્ટા ફિર જાએ**
**જિસકો ચુમ્કાર લે હિર ફિર કે વો તેરા તેરા**

*(લલ્કાર = મુક઼ાબલા માટે બોલાવવું, ફિર જાએ = પાછો જતો રહે, ચુમ્કાર લે = પ્રેમ કરો, હિરફિર = હર તરફ ફરી ફરીને)*

**અર્થાત** : હે મારા સરદાર ! આપ જેને મુક઼ાબલા માટે લલકારો, જો તે આવતો હશે તો આપની લલકાર સાંભળી પાછો જતો રહેશે અને આપ જેને પ્રેમથી બોલાવો તો તે ચારે બાજુ ફરી ફરીને પણ આપની પાસે જ આવશે.

**કુંજિયાં દિલ કી ખુદાને તુઝે દીં ઐસી કર**
**કે યે સીના હો મહ઼બ્બતકા ખઝીના તેરા**

*(કુંજિયાં = ચાવીઓ, ખઝીના = ખઝાનો)*

**અર્થાત** : હે મારા ગ઼ૌષે પાક ! رضی اللہ عنہ દિલની ચાવીઓ અલ્લાહ પાકે આપને આપેલ છે, મારા દિલ પર એવી મહેરબાની ફર્માવો કે તે આપની મહોબ્બતનો ખઝાનો બની જાય.

**દિલ પે કુન્દા હો તેરા નામ કે વો દુઝદે રજીમ**
**ઉલ્ટે હી પાંવ ફિરે દેખ કે તુગરા તેરા**

*(કુન્દા = નક્શી કરેલ, દુઝદ = ચોર, રજીમ = મરદૂદ, તુગરા = શાહી મોહર)*

**અર્થાત** : હે મારા આક઼ા ! આપનું મુબારક નામ મારા દિલ પર અંકિત કરીને લખાયેલ હોય કે મરદૂદ શૈતાન આપના નામની મોહર જોઈને ઊંધા મોઢે પાછો ફરે.

**નઝઅ મેં ગોર મેં મિઝાન પે સરે પુલ પે કહીં**
**ન છૂટે હાથ સે દામાને મોઅલ્લા તેરા**

*(નઝઅ્ = સકરાત, ગોર = ક઼બ્ર, મિઝાન = ત્રાજવું, હશ્રમાં જેનાથી આમાલ તોલવામાં આવશે, સરે પુલ = પુલસિરાત, દામાને મોઅલ્લા = ઊંચો દામન)*

**અર્થાત** : મરતા સમયે, ક઼બ્રમાં, મીઝાન અને પુલસિરાત પર કોઈપણ જગ્યાએ આપનો બુલંદ મર્તબાવાળો દામન હાથથી ન છૂટે.

**ધુપ મહેશર કી વો જાં સોઝ ક઼યામત હૈ મગર**
**મુત્મઈન હૂં કે મેરે સર પે હૈ પલ્લા તેરા**

*(જાં સોઝ = જાનને જલાવનાર, મુત્મઈન = શાંતિમય, પલ્લા = દામન)*

**અર્થાત** : ક઼યામતના દિવસે સૂરજ સવા નેઝાથી દૂરી પર હશે તેની ગરમીથી શરીરો બળવા લાગશે પરંતુ મને ગભરામણ નથી કારણ કે મારા માથા પર આપના દામનનો સાયો છે.

**બહજત ઉસ સિર્ર કી હૈ જો બહજતુલ અસ્રાર મેં હૈ**
**કે ફલકવાર મુરીદોં પે હૈ સાયા તેરા**

*(બહજત = ખુશી, સિર = ભેદ, બહજતુલ અસ્રાર = એક કિતાબનું નામ જે હુઝૂર ગ઼ૌષે પાક رضي الله عنهના પવિત્ર જીવન શૈલી પર લખાયેલ છે, ફલકવાર = આકાશની જેમ)*

**અર્થાત** : ખુશી તે ભેદની છે જે કિતાબ બહજતુલ અસ્રાર (ભેદોની ખુશી)માં લખાયેલ છે કે આપનું ફર્માન છે "મારો હાથ મારા મુરીદો પર એવો છે જેવું કે આકાશ પૃથ્વીની ઉપર."

**નોંધ** : બહજતુલ અસ્રાર હુઝૂર ગ઼ૌષે પાક رضي الله عنهના મુબારક જીવન તથા ફઝીલત અને કરામતોથી ભરપૂર મુસ્તનદ ભરોસાપાત્ર કિતાબ છે. જેને શૈખુલ કુર્રા અબુલ હસન બિન યૂસુફ બિન જરીર શતનુફીએ લખેલ છે. જેઓ મહાન આલિમે દીન હતા, હિ.સ. ૬૪૪માં મિસ્રમાં પેદા થયા અને હિ.સ. ૬૧૩માં વફાત પામ્યા.

અલ્લામા ઈમામ ઝહબીએ તબકાતુલ કુર્રામાં ઈમામ જલાલુદ્દીન સિયૂતીએ "હુસ્નુલ મુહાઝિરા" અને "બકીયતુ વઆત"માં ઈમામ આરિફ બિલ્લાહ અબ્દુલ્લાહ બિન અસ્અદ યાફઈએ "મિર્અતુલ જિનાન"માં અને શૈખ અબ્દુલ હક્ક઼ મોહદ્દિષ દહેલ્વી رحمة الله عليهએ ઝુબ્દતુલ અસ્રારમાં અલ્લામા શતનુફી (લેખક)ની ઘણી પ્રશંસાઓ બયાન કરેલ છે. અલ્લાહ પાક આપની તુર્બત પર કરોડો રહમતની વર્ષા ફર્માવે.

**અય 'રઝા' ચિસ્ત ગમ અઝ જુમલા જહાં દુશ્મને તુસ્ત**
**કરદા અમ મામને ખૂદ ક઼િબ્લએ હાજાતે રા**

*(રઝા = ઈમામ અહમદ રઝા رضي الله عنهનું તખલ્લુસ, ચિસ્ત ગમ = શું ગમ છે, જુમ્લા જહાં = આખી દુનિયા, અર = અગર, દુશ્મને તુસ્ત = તારી દુશ્મન છે, કરદા અમ = મે બનાવી લીધું છે, મામને ખૂદ = પોતાનું ઠેકાણું, કિબ્લએ હાજા તેરા = જરૂરતોનો કિબ્લો, રા = ને)*

**અર્થાત** : હે અહમદ રઝા ! رضي الله عنه આખી દુનિયા તારી દુશ્મન બની જાય તો પણ કોઈ ગમ નથી કારણ કે મેં તો હુઝૂર ગ઼ૌષે પાક رضي الله عنهની બારગાહને પોતાનું ઠેકાણું અને જરૂરતોનો ક઼િબ્લો બનાવી લીધો છે. (આ પૂરો શેઅર ફારસી ભાષામાં છે.)